❖ પરમધામાધિપતી પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ ❖

(૧) અખિલ ભૂમંડલીય સાંપ્રદાયિક મુક્તિ વ્યવસ્થા (૨) કલ્યાણકારી દિવ્ય ઉપદેશ
(૩) શ્રીશ્વેતાયન સ્મૃતિ (૪) શ્રીમહાપ્રભુજીનાં સુવૃત્તાંતો (૫) આધ્યાત્મિક જ્ઞાનરંગ
(૬) આધ્યાત્મિક ભૌતિક યોગ (૭) શરણાગતિ સત્સંગ (૮) વેદસ્તુતિ
(૯) જનક-સુલભા સંવાદ (૧૦) પ્રગટ ભક્તિ પિયૂષ (૧૧) ભગવાન કહે છે.
(૧૨) શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત દિવ્ય ઉપદેશ

વૈષ્ણવવિદ્વતસાર્વભૌમ
દાર્શનિકપંચાનન
ષડ્દર્શનાચાર્ય
ન્યાયવૈશિષિકશાસ્ત્રી
નવ્યન્યાયાચાર્ય
સાંખ્યયોગતીર્થ
વેદાન્તતીર્થ
મીમાંસાતીર્થ
સાહિત્યમનીષી
દાર્શનિકમાર્તણ્ડ
તાર્કિકવાચસ્પતિ
ભારતભૂષણ
મહામહોપાધ્યાય



ભારત મહાગુજરાત
રાજ્ય બહુસન્માનિત,
ઉત્તરપ્રદેશ ભારતરાજ્ય
વિશેષ સન્માનિત,
દેશ-વિદેશના અનેક
વિદ્વાનો દ્વારા
અભિનંદિત,
સંસ્કૃત-ગુજરાતી-
હિન્દી ભાષામાં
કલ્યાણકારી દિવ્ય
૫૭ ગ્રંથ રચયિતા
શ્રીશ્વેતાયન વ્યાસ

❖ શાસ્ત્રોના રચયિતા ❖

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ (M.a., Ph.D., D.Phill., D.Litt)

❖ પ્રકાશક ❖

પ્રગટ શ્રીહરિશરણાગતિ મંડળ, શ્રીશ્વેતાયનબાગ ટ્રસ્ટ
ગાદીસ્થાન તેમજ પરમધામ સ્મૃતિ મંદિર, જૂનાગઢ
શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી **(Mo. 99743 62108)**

❖ પ્રગટ ભગવાન રચિત શાસ્ત્રોની અનુક્રમણિકા ❖

ક્રમ	નામ	પેજ નં.
(૧)	અખિલ ભૂમંડલીય સાંપ્રદાયિક મુક્તિ વ્યવસ્થા	૧
(૨)	કલ્યાણકારી દિવ્ય ઉપદેશ	૯૯
(૩)	શ્રીશ્વેતાયન સ્મૃતિ	૨૩૨
(૪)	આધ્યાત્મિક જ્ઞાનરંગ	૨૯૪
(૫)	શરણાગતિ સત્સંગ	૩૨૬
(૬)	આધ્યાત્મિક ભૌતિક યોગ	૩૩૩
(૭)	શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત દિવ્ય ઉપદેશ	૪૦૨
(૮)	વેદસ્તુતિ	૫૧૬
(૯)	જનક-સુલભા સંવાદ	૫૪૫
(૧૦)	ભગવાન કહે છે.	૫૫૩
(૧૧)	શ્રીમહાપ્રભુજીનાં સુવૃત્તાંતો	૫૮૧
(૧૨)	પ્રગટ ભક્તિ પિયૂષ	૬૯૭

❖❖❖❖❖

❖ દિવ્ય ઉપદેશ ❖

પ્રાત:કાલમાં બ્રાહ્મમુહૂર્તમાં જાગ્રતમાં લાવનારા એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કિશોર નવયુવાન શ્યામસુન્દર શ્વેતમૂર્તિ ભગવાન દિવ્ય પ્રત્યક્ષમૂર્તિને સંભારવા, એમને ધ્યાનમાં જોવા, નમસ્કાર વંદન કરવા, જયશ્રીસ્વામિનારાયણ એમ કહીને સ્નાન શુદ્ધિ વગેરે માનસિક ભજન કરતાં કરતાં આચરીને મિલિત હાજર ઉપચારો તૈયાર રાખીને ભગવાનને સોળ કે અધિક ઉપચારો વડે પૂજવા, માનસ ઉપચારો વડે પ્રેમથી પૂજવા.

ધ્યાન, આવાહ્ન, આસન, ચરણ ધોવાં, પૂજા જળ આપવા - અર્ધ્ય, આચમન, દહીં - દૂધ - ઘી - મધ - સાકર - એ પંચામૃત વડે સ્નાન, જલ વડે અભિષેક સ્નાન, વસ્ત્ર જનોઈ, અલંકાર, ચાંખડી, છડી, ચંદન પૂષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, જળ, તામ્બૂલ, ફલ, દક્ષિણા, આરતી, ફૂલહાર, અંજલી, પ્રદક્ષિણા, નમસ્કાર, સ્તુતિ, દંડવત્, અપરાધ ક્ષમાયાચના, સ્વસ્થાને સિંહાસનમાં પધરાવવા, પોઢાડવા, વિસર્જન કરવા, સમય પ્રમાણે જમાડવા, જળશરબત પાવા-મેવો જમાડવો, પોઢાડવા, વગેરે, તથા બગીચામાં ફેરવવા, હિંચકાવવા, અત્તર છાટવાં, રાજસિંહાસને મહાસભામાં વિરાજમાન કરવા, હાથી વિમાન આદિમાં અસવારીએ વાજતે ગાજતે ફેરવવા, રાસ ખેલાવવા, કીર્તન ધુન્ય ભજન કરી રાજી કરવા, રંગે રમાડવા, સુવિશ્રાન્તિ આપવી, પંખા વડે પવન નાખવા, પગ શરીર દાબવા, અંગોઅંગના થાક ઉતરે એમ ધીરે ધીરે ચરણ પરિચર્યા કરવી, સુજશય્યા આનંદ શય્યામાં સુવારવા, નીરાંતે પોઢાડવા, સમય સમય પ્રમાણે, ઋતુઓ પ્રમાણે, નવા વર્ષ પ્રમાણે, ઉત્સવોના અવસરે, સારી આવક પ્રમાણે, વિવાહ, મેળા, સમૈયા, સમાજ, પારાયણો, બ્રહ્મભોજન, બાળભોજન, અનાથભોજન, ગ્રામભોજન, દાન પુણ્ય વ્રત, પુત્રજન્મ, સારા વ્યાપાર લાભ, સારી ઉપજ, ઉંચા આદર માન સન્માન; સારા અધિકાર, જન્મજયંતિઓ, ધામવાસ તિથિઓ, સત્સંગ, ધુન્ય ભજન મંડળીના પ્રસંગ, વરઘોડા ફુલેકાના પ્રસંગ, નવા ભવનોનાં વાસ્તુ પ્રસંગ, દેવાલયોના પ્રસંગ, સંક્રાન્તિઓના પ્રસંગ, રીતરિવાજોના પ્રસંગ, ભય-નિર્ભયતાના પ્રસંગ, તીર્થયાત્રાઓના પ્રસંગ, મહાપાટોત્સવોના પ્રસંગ, સારા મુહૂર્તોના સમય, વિગેરે વિગેરેમાં, ભગવાનને પોતાના માવતરની પેઠે, તથા પોતાના સાત ખોટના એક પુત્રની પેઠે, સાત ભાઈયોમાં એક બહેનની પેઠે, વ્હાલી દોયલી પત્નીની પેઠે, સાંચવવા, ગુરુની પેઠે, આચાર્યની પેઠે અદબ મર્યાદાએ રાજી કરવા, પોતાના શરીરની પેઠે સમગ્ર રીતે સત્કારવા પૂજવા, સાંચવવા, રાજા પ્રતિ ભૃત્યની પેઠે દીન આધીન રહીને સેવવા. હરેક રીતે વ્હાલા સ્વામી પતિ અન્તર્યામી રક્ષક એવા દિવ્ય ભગવાનને ભજવા.

❖❖❖❖❖

❖ સેવા-ઉપાસના-અનુસન્ધાનો ❖

ભકતજનોએ માનવ જન્મ પૂરેપૂરી રીતે ભગવાન લેખે કરી રાખવો, સાયંકાલે ભગવાનને જમાડીને પ્રસાદી જમવી, જળ પાઈને પ્રસાદી પીવું, સુગન્ધિ અતર આદિ ચર્ચીને પ્રસાદમાં વાપરવું, ચન્દન પુષ્પ સુગન્ધિ શય્યા ભગવાન માટે વાપરવી, અને પ્રસાદી પોતે સેવવી, ભગવાનને અંગ મર્દન કરવું, નખશિખાપર્યન્ત ધીરે ધીરે બે હાથે દાબવા, ભગવાનને ઉંઘ આવી જાય, તો પણ દાબવા, ભગવાનને ઠંડો પવન ઈષ્ટ હોય તો વાળના ભીના પંખાનો ઠંડો પવન નાખવો, ભગવાન વાર્તાલાપ કર્યે રાજી હોય તો વાર્તામાં ભળવું, ભગવાન રમુજમાં રાજી હોય તો રમુજ કરાવવુ, ભગવાનને માટે જળ કળશ ભરી રાખવા, ભગવાનની આજ્ઞાએ સેવા માટે ભગવાનની ઈચ્છા પ્રમાણે ભૂતળમાં સૂઈ જવુ, જાગતા પણ રહેવુ, કાંઈ કામ પડે તે કરવુ, ભગવાન માટે અપેક્ષિત રહવારની સામગ્રીઓ હાજર રાખીને પ્રભાતિયા બોલતા બોલતા ભગવાનને જગાડવા, તુરન્ત મરજી મુજબ શુદ્ધિના જળ આપવાં, ઋતુપ્રમાણે ન્હવરાવવા, પંચદ્રવ્ય શર્કરા મધ ઘી દુધ દહીં વિગેરે વડે તથા અતર તેલ ફૂલેલ સત્વ ચોળીને ન્હવરાવવા, દાતણ પાણી કોગળા કરાવીને કળશ માંજીને કળશે કળશે મસ્તકે પીઠમાં ખંભે ઉદરે જળ સહસ્ત્રધારાઓ કરવી. શરીરને ચોળીને ન્હવરાવીને સારા ગમતા રૂતુ પ્રમાણે અંગલૂછવાં, સારા ઉતમ વસ્ત્રો પહેરાવવા, આભૂષણ સોળ ઉપચારો માયલા દ્રવ પદાર્થો ચન્દન કુંકુમ સુગન્ધિ આપવાં, નૈવેદ્ય મીઠાં સ્વાદિષ્ટ ગરિષ્ટ આનન્દ આપે તેવા ધરવાં, સુગન્ધિ જળ પાંવા, પાન બીડાં મુખવાસ આપવા, આરતી ઉતારવી, પ્રદક્ષિણા દંડવત્ નમન સ્તુતિ કરવા, માળા જપ સ્ત્રોત પાઠ કરવા, પૂજન પૂર્ણ થયે ભગવાનને સિંહાસનમાં પધરાવવા, સેવામાં હાજર રહેવુ, દુધ સાકર આપવા, મેવો ઈષ્ટ હોય તે આપવો, સારી રસોઈ કરીને ખૂબજ ભાવતા ભોજન જમાડવા મધ્યાહને પગ દાબવા, વિશ્રાન્તિ લેવા વખતે ભકતજને વીંજણાવડે સારા પવન આપવા, મેવો મીઠો રસદાર જમાડવો, હારસુગન્ધી ધરાવવાં, ફરવા માટે બગીચામાં જવુ, ત્યાં સારે સ્થળે વિરાજમાન કરી સેવવા, સાયંકાળે સ્નાન શુદ્ધયાદિ કર્યા પછી સન્ધ્યા સમયના પૂજન ભોજન વિગેરે કરાવીને સેવામાં હાજરી રાખી અંગત સેવા કરવી, ભગવાન રાજી થાય તેમ વરતવુ, ભગવાનને કાયમ આત્મામાં દિવ્ય શીતળ તેજના પ્રકાશમાં જોતા રહેવા, મૂર્તિમાંથી બધાં સુખ લેતા રહેવા. રૂા પ્રમાણે આત્મ નિવેદી કે સર્વ નિવેદી વર્તીને દિવ્ય બ્રહ્મ અક્ષર ધામમાં સેવામાં રહેવાનું વરદાન મેળવવુ. ।। શાન્તિઃ ।।

❖❖❖❖❖

❖ પ્રેમ સેવા ભક્તિ (મહાઉપદેશ) ❖

શાશ્વત આનન્દ સુખ પ્રીતિ માટે અનાવરણ શ્રી હરિને સેવવા, રસ પ્રકટ હોવાવાડે ભગવાન પ્રત્યક્ષ દર્શન દે છે, રસદશા મોક્ષમાં અનન્તગણો આનન્દ આપનારી છે, ભગવાનમાં વૃતિનિરોધ તેની કૃપાવડે વર્તે સ્વીય કૃપાવડે જ ભગવાન મળે છે, સાધ્ય ભગવાન છે, કૃપાબળ સાધકનું બળ છે, ભગવાનની મરજીમાં પ્રેમ ભળે છે, પ્રેમ સેવા સર્વોતમ છે, ત્રેમ નિર્ગુણ અપ્રેમય છે, સ્નેહાત્મક પ્રેમ સ્નેહની ઘટ્ટ મૂર્તિ થાય છે, ભગવત્પ્રેમ સાધન છે, તો ભગવાન સાધ્ય છે, પ્રેમીને ભગવાન તુરન્ત ગ્રહણ કરે છે, ભગવાનના પ્રેમમાં વિધિ નિષેધ લીન થઈ જાય છે, પ્રેમમાં મતવાલા થવા માંડવુ, સર્વધર્મતજીને મારા શરણમાં આવો, ભગવાન સ્વેચ્છા વડે વરીલ્યે છે, બીજી ઈચ્છાનોલય કરે છે, પ્રભુમયપ્રેમાં લોકિકતા આડય કરે છે, એટલે દર્શન થતા નથી, સ્વાર્થના અંશો નડે છે, ત્યાં પ્રાર્થના કામ નથી કરતી શ્રૃંગાર રસ ભગવાનમાં મુકત બનાવે છે, સાધનોથી પ્રેમ ઉત્કૃષ્ટ છે, સર્વસ્વ અન્તિમ ફળ પ્રેમે છે, રસબસપણું છે, આન્તર પ્રેમ પ્રવાહ આનન્દ ધન બનતા હૈ, આ ઉદય થયા પછી વધે છે, ઘટતો નથી ભગવાન પતિ બીજી રીતનું સ્વ અસ્તિત્વ લીન જેવુ થઈ જાય છે, રસમયી સેવાની દાસી મુક્તિને જાણવી, ગુરૂકૃપા વડે ભગવાનનો અનુગ્રહ મેળવવો, અને ભગવાનમાં રસબસરસિક વરતવું ભગવાન વડે સંસ્થાપિત સાધુ સાધ્વી દીક્ષાવાળા સન્ત જન કૃપાપાત્ર છે તેની મૂર્તિમા ભગવાન મૂર્તિમાનવિરાજે છે, તેમાં સ્નેહ સેવાવડે ભગવાન કૃપા કરે છે, અને કૃપા વડે મળે છે, માટે આત્મનિવેદી શ્રી હરિશરણાગતિસ્થ ભગવાન વડે દીક્ષીત મંડળના આશ્રયે કૃપાભક્તિ સ્નેહ ભક્તિ પ્રીતિ ભક્તિ ભગવન્મય ભગવતીલીલામાં સમાપ્ત થવુ, ધામમાં પોતાના સિંહાસન ભગવાનસમનમા ભગવાન સાથે રાખશે, ૩૨ અક્ષર ૧૬ અક્ષર અષ્ટાક્ષર મન્ત્રા લેવા, મધ્ય મન્ત્રની ૧ માળા ફેરવવી, કૃપામાં આટલુ હેત ઘણુ થઈ પડે છે, ભગવાન રસવર્ષી થાય છે, પોતે ભકતોની ભક્તિ કરે છે. ભકતોને રસભર્યા આનન્દિત રાખે છે, અનન્ય ચિન્તવન કરનારાઓ સદા આરાધ્ય મૂર્તિમા તલલીન વરતે તેથી કૃપાળુ ભકતમાં વરતે છે, ભગવાનને ન્હવરાવવા શ્રૃંગારિત કરવા જમાડવા, રમાડવા, કૃપાવડે એક થઈને સેવવા, બધાં બંધારણ મૂર્તિમય કરવા, સમર્પિતને પ્રસાદી તરીકે સેવવા, અસમર્પિતને ન સેવવા બધા બંધારણ મૂર્તિમય કરવા, સમર્પિતને પ્રસાદી તરીકે સેવવા, અસમર્પિતને ન સેવવા ભગવાને પ્રસાદી તરીક આપેલ વસ્તુ વાપરવી, સાયુજય મોક્ષ છે તે મોટુ દિવ્યદાન છે, વ્રજાંગનાઓએ આ પ્રેમ લાભ મેળવેલ છે, શરણાગતિ મુક્તાત્માઓએ બ્રહ્મધામમાં નિજઆસન મેળવેલ છે, કૃપાવડે સમાધિમાં જોવા મળે છે, તેમણે કૃપાસવા પ્રેમ રસબીજ શરણાગતને મળે તેમ ભગવાનમાં સમર્પિત પણે રહેવું.

❖❖❖❖❖

❖ પ્રગટ દર્શન ❖

ભગવાનમાં મનોવૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, ભગવાનની મૂર્તિ ધારીને જે ચિન્તવીએ તે પ્રાપ્ત થાય છે, જીવ માયા ઈશ્વર બ્રહ્મ પરબ્રહ્મના દર્શન તથા બ્રહ્મધામ ગોલોક વૈકુંઠ શ્વેતદ્વીપ બદરિકાશ્રમ આદિકના દર્શન જીવલોક ઈશ્વરલોક અને બ્રહ્મલોકની તમામ દિવ્યવિભૂતિઓના દર્શન પણ મૂર્તિની ધારણા ધ્યાનવાળા અભ્યાસીને થવા માંડે છે.

ભગવાનનો ભેટો થયો ત્યારથી આપણે બ્રહ્મમય મુક્ત છીએ, ભગવાનનો યોગ થયો તે યોગસમાધિ છે, તમામ પાપો અને માયા ભગવાન અને સન્તના સત્સંગ વડે ટળી જાય છે, ભગવાન કહે તે ધર્મશાસ્ત્ર સમઝવું, ભગવાન આચરે તે મોક્ષસાધન સમઝવું, ભગવાન કાયમ સાંભર્યા કરે એવી સેવાઓ તન મન ધન શ્રદ્ધા અનુવૃત્તિવડે કરવી, સન્ત ભગવાનની મૂર્તિ છે સન્ત સેવા વડે ભગવાન સેવાય છે, ભગવાનને ખોળે બેસી આત્મનિવેદી થયા હોય તે સન્ત ભગવાન તુષ્ય સુખ આપનારા છે, ભગવાનની મૂર્તિમાં બધાં સુખ આનન્દ બધા ભાગોમાં મળે છે, ઇન્દ્રિયોની ક્રિયાઓ ભગવાન અને સન્તની સેવામાં રાખવી, પ્રત્યક્ષ પ્રગટ ભગવાન મળવાથી પૂર્ણકામ થવાય છે.

ભગવાનથી બધાં સુખ આનન્દ લેવાં, મનુષ્ય જન્મે બધી સેવા થઈ શકે છે, વિધિ નિષેધ તમામ ભગવાનમાં હોમી દેવા, ભગવાનના લીલા સમૈયાના સ્મરણો ધામ પમાડનારાં છે, ભગવાનમાં કુતર્ક કરનારાને એમ સમઝવું જે મને કોઈ પાપ કુર્તક કરાવે છે, હું તો ભગવાનનો આત્મનિવેદી છું, પ્રાણપતિ જીવનપતિ સર્વપતિ એવા ભગવાનમાં કુતર્કનો માગ નથી, ભગવાનમાં કુતર્કની અશુદ્ધિ નથી, માયાના જીવમાં કુતર્કની અશુદ્ધિ હોય, ભગવાનમાં આપણને દેખાતી શરીર આકૃતિ ઇન્દ્રિય આકૃતિઓ સુકી અને લીલી સ્થળીઓ મસ્તક ધડ કેડય હાથ પગના બાંધાઓ તેમાં રહેતી લીલાશ ભીનાશો નાડિકાગ્રન્થિઓ ધોરી નસો દીર્ઘ હ્રસ્વ અસ્થિતત્ત્વો સ્નિગ્ધ શ્વેત રક્ત સુવર્ણ રજત શક્તિભર્યા પ્રવાહો શુક્લ નીલ પીત રક્ત હરિત કપીશ કૃષ્ણ રંગની પેશીઓ ભાતભાતના કેશો પ્રવાહી થેલિઓ જુદી જુદી કુક્ષિઓ ઉજળી સપાટિઓ જમાવટી પિણ્ડો દળદાર પટ્ટિઓ વળાકદાર કિનારીઓ ચળકતા કેશો સૂક્ષ્મ ધારદાર નખો ઝીણી કરચલીઓ સુશોભિત રેખાઓ દરેક નાભિ નેત્ર મુખ આદિ વિવરો મસ્તક ડોક મુખચ્હેરો છાતિ વાંસો ખંભાઓ બાહુઓ કોણીઓ હાથ કાંડા પંજાઓ આંગળી અંગુઠાઓ નાભિ ઉદર જઘન જાંઘ લાંક સાથળ જંઘા ગોઠણ કાંડા પોંચા તળાઓ, સુઘટ આકર્ષક અવયવો, ઝીણી મોટી નળીઓ રોમાવલીઓ એવી આપણને દેખાતી આખી મૂર્તિ તે આપણી

દૃષ્ટિએ તેમ છે પણ મુક્તની દિવ્યદૃષ્ટિએ એક જ સચ્ચિદાનન્દ પરબ્રહ્મ પરમાત્મતત્ત્વ આનન્દઘન સાકરરસ નાળીએરની સમ એક જ તત્ત્વ દિવ્ય છે, આવી દિવ્ય અલૌકિક દૃષ્ટિ વડે ભગવાનને જોવા સાંભળવા સ્પર્શવા ચાખવા સુંઘવા બોલાવવા છાતીમાં ભીડવા પગચરણ સેવવા પંચામૃત તીર્થજળો વડે ન્હવરાવવા પ્રસન્ન થાય રાજી રાજી થાય તેમ આનન્દિત કરવા, સખી સખાભાવે સ્નેહમાં વધારવા, પોતામાં નિવાસ કરાવવા આત્મા અન્ત:કરણ ઇન્દ્રિય દેહમાં વસાવવા પોતે મન્દિર થઈને તેમાં ભગવાનની પ્રતિષ્ઠા કરવી કરાવવી, તેમનો જ વિશ્વાસ, તેમને જ વરવું, તેમાં જ સ્થાપિત થાપણરૂપે થવું, તેનું જ દાસ્ય કરવું, મારામાં તેનું જ કર્યું થાય છે, હું અનુકૂલ જ રહું, તેમને ગમતું જ વર્તન દાખવું, તેમની મૂર્તિમાં રસબસ રહું, મને ભૂલી જાઉં, તેમને જ હુંપણે જાણું, લાલ લોઢાના ગોળાની પેઠે મને તન્મય કરી રહું, આવી સર્વાર્પણ ભક્તિ ભક્તજને શ્રીહરિશરણાગતે ભગવાનમાં કરવી, આવા ભક્તની રીતિ ભગવાને નિભાવવાની હોય છે, ભક્ત સર્વ રીતે ભગવાનમય થઈ જાય છે, ભગવાનને રહેવાની વિશિષ્ટ મૂર્તિ થઈ જાય છે, ભગવાન અને ભક્તિનું એકમયપણું અદ્વૈતપણું વિશિષ્ટાદ્વૈતપણા થાય છે.

સત્સંગ, શાસ્ત્રશ્રવણ, ગુરુસેવન, ઉપદેશગ્રહણ, દીક્ષાગ્રહણ, શરણગ્રહણ, સાધ્યપતિ, પ્રાપ્તિ આ બધાં વિશિષ્ટાદ્વૈતપણામાં ફળીભૂત થાય છે. સમઝણ ભગવાનમય થઈ, આત્માબ્રહ્મ છે, બ્રહ્મ એવા મારામાં પરબ્રહ્મ તદાત્મકપણે એકાત્મપણે વસ્યા છે, માટે હું આત્મબ્રહ્માંડદ્વૈત છું, વિશિષ્ટબ્રહ્માંડદ્વૈત છું, છુટો એકલો નથી, દૂસરો આઘો એકલસૂડો નથી, બીજ્યે અડ્યો નથી, એકમાં જ પરબ્રહ્મમાં જ બ્રહ્મરૂપે હું આત્મા અડ્યો રહ્યો છું એવો મુક્ત થયો છું આવો કેફ રાખવો.

આવા મુક્તાત્માને માયા કાલ કર્મ સ્વભાવ યમ કાનૂન બાધ કરતા નથી, પરાભવ પમાડતા નથી, ભગવાન સર્વોપરિ છે, ભગવાનનું વિશિષ્ટ બ્રહ્માત્મા એવો ભક્ત પણ સર્વોપરિ થાય છે, ભગવાનનો ભક્ત અસર્વોપરિ દાસ છે, તો પણ રાજાની રાણીની પેઠે રાજકુમારની પેઠે રાજાના સિંહાસનની પેઠે રાજાના મુકુટની પેઠે રાજા પ્રમાણે સર્વોપરી જ બને છે, સર્વોપરિપણું અનુભવે છે, ભગવાન સિવાય બીજો તેને વાપરી શકે નહિં, આવી સમઝણવાળો આત્મા નરનારી નાન્યતર જે કોઈ ભક્ત તે શ્રીહરિશરણાગતિ ભક્ત થયો જાણવો, એ આવા ભક્તનું સકામ નિષ્કામપણું ભગવાનમાં જ છે, બધું સમર્પિત છે, માટે જ્યાં બાહ્ય દૃષ્ટિ કરે ત્યાં પણ સમર્પિત જ ઇષ્ટદેવમાં પોતાને દેખે.

બ્રહ્મમાં, ધામોમાં, મુક્તોમાં, મહાપુરુષોમાં, પ્રધાનપુરુષોમાં, હિરણ્યગર્ભોમાં, વૈરાજોમાં, ઈશ્વરોમાં, માયામાં, માયિક તત્ત્વોમાં, તેના ચેતનોમાં, દિક્પાલોમાં,

લોકપાળોમાં, સૂર્ય ચન્દ્ર ગ્રહ નક્ષત્ર તારાઓમાં, ઇન્દ્ર વરૂણ શિવ વિષ્ણુ બ્રહ્મા મહર્ષિઓ પિતૃઓમાં, સુરવૃન્દ માનવવૃન્દ, તિર્યકૃજીવો, ઓષધિજીવો, રાજસ તામસ એવા નાગવૃન્દ, દાનવવૃન્દ, દૈત્યવૃન્દ, ગણવૃન્દ, અપ્સરાવૃન્દ, બાલ્ય કૌમાર્ય આદિ પ્રકૃતિવિકૃતિ પરિવર્તનશીલ અવસ્થાઓ ૠતુઓ રસો ભોજનો પાનપીણાઓ જીવનકણો દાણાઓ શાકપાત્ર મૂળકન્દો વૃષ્ટિઓ અમૃતો મીઠાશો આસ્વાદો ઇષ્ટ ચીજો તમામમાં હું-સહિત ભગવાન વિશિષ્ટબ્રહ્માંડદ્વૈત રહેલા છે, માટે મને તો 'सर्वँखलु हृदं ब्रह्म न इह नाना अस्ति किञ्चन' આમ ભાસે છે, પરિપૂર્ણ ભગવાનને લઈને હું પરિપૂર્ણ થયેલ છું, આવા આસ્વાદુ મીઠા ઓડકારો શ્રીહરિશરણાગતિમાં વર્તતા ભક્તોએ લેવા, ભગવાનને પોતા ભેગા ન્હવરાવવા શ્રૃંગારિત કરવા સુશોભિત કરવા જમાડવા પીવડાવવા રમાડવા સુવાડવા જગાડવા હેરવવા ફેરવવા તન્મય અનાદિ શ્રીકૃષ્ણનારાયણમાં લાભ આનન્દ પમાડવા, આનન્દ સુખ મેળવવા.

લૌકિક એવા વેગોમાં ઘડિક અશાન્તિ જણાય તોપણ અલૌકિક દિવ્યપણે આત્મબ્રહ્મપતિ પ્રાણપતિ સર્વપતિ ધામપતિ એવા ભગવાનમાં અર્પણવા માંડવું, જેથી ભૂલી ગયા તે ખોટ ટળીને સચેતન જાગ્રત સ્વદિવ્ય સ્થિતિમાં અવાય અને ભગવાન અશાન્તિ ટાળે જ, ભજન કરવું, આ શ્રીહરિ શરણાગતિનું દિવ્યફળ મહા શાશ્વત આનન્દ, ભગવાનને રંગ રંગાવું એવી સન્તતા રાખવી, કર્તા થકા અકર્તા સમઝવું, સર્વ કર્તા ધર્તા ભોક્તા રક્ષિતા સ્વામિતા દાસ્ય એ ભગવાનમાં જ ભાવવાં, પોતામાં જે ભગવાન છે તેમાંજ તે છે, એમ મુક્ત રહેવું, ભગવાનના કાયમી સંભારણા માટે અતિ ઇષ્ટ સેવા બજાવવી. 'અનુભવી આનન્દમાં બ્રહ્મરસના ભોગી રે' એ આપણે થવું, એ એષણાઓ પુત્રેષણા ધનએષણા સ્વર્ગએષણા તે બધી ભગવાનમાં જ પૂરેપૂરી મેળવવી અને શાન્ત કરવી, મુક્તિ એષણા વરતાવવી.

❖❖❖❖❖

❖ અખિલભૂમંડલીય સાંપ્રદાયિકમુક્તિવ્યવસ્થા ❖

अनेकविध्युवास्याऽनेकनामस्वरुपिणे ।
अनेकमुक्तिलभ्याय नमोऽस्तु परमात्मने ॥१॥

પરબ્રહ્મ પરમાત્માએ રચેલા આ સંસારને શાસ્ત્રકારોએ સમુદ્રની ઉપમા આપી છે. દરેક મનુષ્યોને સંસારરૂપી મહાસાગર તરવાને અર્થે તથા લોકાન્તરમાં જવાને અર્થે બુદ્ધિ, ઈન્દ્રિય પ્રાણ પ્રભુએ આપેલાં છે તેમાં જેને આત્મા-પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે, તેઓ સંસારસાગરને તરી જાય છે. એવું જ્ઞાન સાધારણ રીતે પ્રાપ્ત થતું નથી; જેઓને શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદગુરુનો સમાગમ થાય છે, તેઓને તેવું જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ ઉદય પામે છે, તે વડે ભગવાનના શરણને પામીને જન્મમરણ થકી રહિત થઈને પરમધામની પ્રાપ્તિ થાય છે. તે પરમાત્માને-

अपारसंसारसमुद्रमध्ये, निमज्जतो में शरणं किमस्ति ।
गुरो कृपालो कृपया वदैतद्विश्वेशपादांबुजदिव्यनौकाम् ॥२॥

આ અપાર સંસારસાગરમાં ગોથાં ખાનારાં જીવોને કિનારે પહોંચાડનાર ભગવાનના પવિત્ર ચરણકમલરૂપી વહાણનું શરણ જ માત્ર તરવાનો ઉપાય છે. શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરનારા વાલ્મીકિ, અજામિલ જેવા પાપીઓ પણ આ ભવસાગરને તરીને ભગવાનના ચરણની સેવાના અધિકારી થઈ ગયા છે. પરંતુ સંસારી મનુષ્યો માયાના મોહવાળા હોવાથી અનંત જન્મો ધારણ કરીને ત્રિવિધ તાપના દુ:ખોને ભોગવ્યા કરે છે. તે દુ:ખની મુક્ત થવાની દરેક મનુષ્યોને ઈચ્છા હોય છે પરંતુ અજ્ઞાની એવા પામર જીવો માયીક પંચવિષયો ભોગવીને મનુષ્યજન્મ વૃથા ગુમાવે છે. તેમાં જો વિષયી પામર અને દુ:ખોથી મુક્ત થાય છે.

મનુષ્યોને જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તેનામાં સત્ય, અસત્યનો વિવેક થાય છે, એ જ્ઞાન પણ ગુરુથી પ્રાપ્ત થાય તો તે સબીજ ગણાય. ગુરુઓ પણ જ્ઞાનની તારમ્યતાએ કરીને શ્રેષ્ઠ, મધ્યમ, કનિષ્ઠ ભેદવાળા હોય છે, અનંતકોટિ બ્રાહ્મણડોના નિયન્તા પરમાત્મા અનાદિ નારાયણ એક જ છતાં ભિન્ન મતવાલા ગુરુઓના ઉપદેશથી ભિન્ન ભિન્ન ભગવાન, ભિન્ન ભિન્ન ધામ, ભિન્ન ભિન્ન વિભૂતિઓ, ભિન્ન મોક્ષ, ભિન્ન ભિન્ન તિલક, ભિન્ન ભિન્ન નામનું ભજન આદિક અગણિત મતભેદો થયા છે.

આ મતભેદો સર્વ દેશોમાં થયા છે. અને તે પ્રમાણે અનેક સંપ્રદાયો ચાલી રહ્યા છે. તેમાં કેટલાંક સંપ્રદાયના આશ્રિત શિષ્યો પોતાના ગુરુના વચનમાં વિશ્વાસ રાખીને

ગુરુજીનો સમજાવેલું જ્ઞાન તે સત્ય અને બીજા બધાઓનું અસત્ય માનીને રાગદ્વેષ ઊતરનારાઓ મોટામાં મોટી ભૂલ કરે છે, કારણકે બીજાઓનો દ્વેષ કરવાથી સ્વયં ભગવાનનો તેઓને અપરાધ લાગે છે, એથી તેવા જીવો અનિષ્ઠ ફળના ભોગવનારા થાય છે અને જેઓ ગુરુના વચનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને ભજે છે; બીજાની સાથે રાગદ્વેષમાં ઊતરતા નથી. સત્યતત્વ જોવાની પ્રવૃત્તિ કરે છે એવા જિજ્ઞાસુઓને અનેક સંપ્રદાયના મોક્ષસ્થાનો કેવી રીતે વ્યવસ્થિત છે ? તે બાબતો જાણવાની ઈચ્છા થાય છે તે સહેલાઈથી જાણી શકાય તે માટે અમોએ મતમતાન્તરનાં શાસ્ત્રો વાંચીને અનુભવ કર્યા બાદ તે સંપ્રદાયના મત એકત્રિત કરીને રચેલું મુક્તિવ્યવસ્થા નામક આ પુસ્તક જનતાની સમક્ષ મૂકવા પ્રયત્ન કર્યો છે.

એ ઉપરાંત પંજાબી ભાષામાં ભારતવર્ષદા ઉપાસક સંપ્રદાય નામના ગ્રંથમાંથી તથા રીલીજિયન્સ ઓફ ધી વર્લ્ડ નામના ઈંગ્લીશ ભાષાના પુસ્તકમાંથી તથા સર્વ દર્શન સંગ્રહ સંસ્કૃત ગ્રંથમાંથી ઘણાં સંપ્રદાયોનું મંતવ્ય આ પુસ્તકમાં એકત્રિત કરેલ છે છતાં જેઓ વિશેષ જિજ્ઞાસાવાળા હોય તેમણે તે ગ્રંથો જોઈ લેવા. આ પુસ્તકમાં લખેલી બાબતો હોય અને અન્ય શાસ્ત્રોનો જેમણે અનુભવ ન કર્યો હોય તેઓને આ પુસ્તક વાંચવાથી સત્ય વસ્તુનું યથાર્થ જ્ઞાન થશે.

આ પુસ્તક કોઈ એક સંપ્રદાયનું પક્ષપાતી નથી. આમાં ભિન્ન ભિન્ન મતો પ્રમાણે લખાણ છે તેથી અમારો મત ખોટો થઈ ગયો કે, બીજાનો મત સાબિત થઈ ગયો. એવી મતિ નહિ ઉપજવા પર લક્ષ રાખીને આ પુસ્તકનો અભ્યાસ કરવો. જે સંપ્રદાયના મતોની જેવી રીતિ હોય તેવું લખવું જ પડે.

કેટલાંક મતવાદીઓ અક્ષરને અનેક માને છે અને વિશિષ્ટાદ્વૈતવાદીઓ અક્ષરના બે સ્વરૂપો માને છે. એ જ પ્રમાણે સ્વામિનારાયણ સંપ્રદાય પણ ઉપનિષદોમાં પણ અક્ષર, બ્રહ્મ, પરમ, ઈત્યાદિક શબ્દો મળી આવે તેને આધારે તેટલી ઉપાસનામાં જ તૃપ્તિ માની લે છે, તેથી પરબ્રહ્મ નથી એવું તો ન જ જાણવું. વળી બ્રહ્મને જ શબળબ્રહ્મ શબ્દથી કહે છે, કેવળબ્રહ્મ શબ્દથી કહે છે, અવ્યાકૃતબ્રહ્મ શબ્દથી કહે છે અક્ષરબ્રહ્મ શબ્દથી કહે છે તે તે શબ્દોના આધાર પર ઉપદેષ્ટા ગુરુઓના ઉપદેશને અનુસારે તેના સ્વરૂપના વર્ણનમાં ભેદ પડેલ છે અને તેના અનુસારે મુક્તિમાં પણ ભેદે પડેલા છે તે દિગ્દરશન કરાવેલ છે.

આ પુસ્તકમાં દસ મુક્તિ જણાવી છે. કોઈ દસ ભિસ્ત, અને દસ ગતિઓ ભિસ્ત, અને દસ ગતિઓ કહે છે તે બધાના ધારક, પ્રેરક, રક્ષક, દર્શક, એક જ પરમાત્મા છે

તે પોતે અનેક રૂપ દ્વારા તે દસ મુક્તિઓમાં અનેક સ્વરૂપે બિરાજમાન છે અને તે ભગવાન અનેક ઐશ્વર્યાદિકના ભેદથી ભક્તોને ઉપાસના કરાવે છે. આ સંસારમાં પોતાના ભક્તોને અસુરો તરફથી સંકટ આવે છે ત્યારે એ ભગવાન અવતાર ધારણ કરે છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।

अभ्युत्यानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે હે અર્જુન ! હું ધર્મના સ્થાપનાર્થે અવતાર ધારણ કરું છું. એ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનનું મૂળ સ્વરૂપ તે સદા દ્વિભુજ જ છે ને પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું તથા સહસ્રભુજપણું જણાવે છે. અને તે જ ભગવાન મત્સ્ય, કચ્છ, વરાહાદિક રૂપને તથા રામકૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે પણ જે એ પોતાનું મૂળ રૂપ છે તેને તજીને એ અવતારનું ધારણ કરતા નથી, તે જ ભગવાન પોતાના અનંત ઐશ્વર્ય અનંત શક્તિ સહિત જ મત્સ્યકચ્છાદિક રૂપને ધારણ કરે છે અને જે કાર્ય નિમિત્તે જે દેહનો ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે છે ત્યારે તે દેહનો ત્યાગ કરે છે. એવી રીતે એ ભગવાન કાર્યવશાત્ અનન્ત અવતારો ધારણ કરે છે. શાસ્ત્રકારોએ પ્રસિદ્ધ છ રૂપે પરમાત્માનું વર્ણન કરેલ છે.

(૧) પર, (૨) વિભવ, (૩) વ્યૂહ, (૪) અર્ચા, (૫) અન્તર્યામી, (૬) સ્વરૂપ.

(૧) પરસ્વરૂપ પોતે પરબ્રહ્મ પરમાત્મા કહેવાય છે.

(૨) વિભવ અવતારોના છ છેદ છે. (૧) અંશ, (૨) અવેશ, (૩) વિભૂતિ (૪) કલા, (૫) પૂર્ણ, (૬) પરિપૂર્ણ.

(૧) અંશાવતાર (અંશ-થોડે થોડે સ્વરૂપે) મરીચ્યાદિક કહેવાય છે.

(૨) આવેશાવતાર (પ્રવેશથી) પરશુરામ કહેવાય છે.

(૩) વિભૂતિઅવતાર (ભારે ઐશ્વર્યો વડે) વ્યાસાદિક કહેવાય છે.

(૪) કલાવતાર (વિશેષ વૃત્તિ વડે) નૃંસિહાદિક કહેવાય છે.

(૫) પૂર્ણઅવતાર (અતિ જાજે રૂપે) રામચંદ્રાદિક કહેવાય છે.

(૬) પરિપૂર્ણઅવતાર (બધેય રૂપે) શ્રીકૃષ્ણપરમાત્મા કહેવાય છે.

(૩) વ્યૂહ અવતારો (૪) છે. (૧) વાસુદેવ (૨) સંકર્ષણ (સંહારક) (૩) અનિરુદ્ધ (ઉત્પાદક) અને (૪) પ્રદ્યુમ્ન (પોષક)

(૪) અર્ચાઅવતાર અનેક પ્રકારની પ્રતિષ્ઠિત પ્રતિમાઓને કહેવાય છે. એ પ્રતિમાઓ આઠ પ્રકારની છે. તેની વિગત અત્રે નીચે જણાવી છે.

૧. ધાતુની - પંચધાતુ તાંબુ, પિત્તલ, કાંસુ, ચાંદી અને સોનું ૨. પાષાણની સફેદ અથવા કાલા આરસ પત્થરની. ૩. કાષ્ઠની લાકડાની ૪. ચિત્રની કાપડ અથવા કાગળ ઉપર રંગથી બનાવેલી. ૫. લીપેલી - ચંદનની તથા ગારાની. ૬. વેલુની-રેતીની. ૭. મણિની-સ્પર્શમણિ, ચંદ્રકાન્તમણિ, નીલમણિ, રક્તમણિ, શ્વેંતમણિ, ૮. મનોમયી પોતાના મનની કલ્પનાથી ભગવાનની મૂર્તિ ધારવી તે.

(૫) અન્તર્યામી જડચેતન સર્વમાં અણુઅણુ પ્રતિ વ્યાપીને રહેલા નિયામક એવા ભગવાનને કહેવાય છે.

(૬) સ્વરૂપ સંત સદ્‌ગુરુ ગુરુરૂપ હરિ કહેવાય છે.

આ પ્રમાણે શાસ્ત્રોમાં ભગવાનના અવતારોને સંક્ષેપમાં વર્ણવેલા છે. સૃષ્ટિમાં પરમાત્માનાં અગણિત સ્વરૂપો પ્રકટ થઈ ગયા છે, એથી કરીને સંપ્રદાયો પણ અનેક થયા છે. એ બધા સંપ્રદાયોમાના પરબ્રહ્મ ભગવાનના અવતારો તથા વિભવ અવતારો તથા પૂર્ણ અવતારો તથા પરિપૂર્ણ અવતારો તથા અંશ અવતારો તથા આવેશ અવતારો તથા વિભૂતિ અવતારો, તથા ભગવાનના ધામના સ્થાનો, આ પુસ્તકમાં દસ મુક્તિમાં ગણાવેલાં છે.

દસમી મુક્તિ પરમધામ અને નવમી મુક્તિ અક્ષરધામ, તે બાબત જેને જેને યોગ્ય લાગે તેમ માનતા હોય તેના મતો લખેલા છે, તેથી ઉપાસનાનો આક્ષેપ વ્યક્તિ પરત્વે શક્તિ કરવાનો નથી. કેટલાક અક્ષરની સભા નોખી છે એમ માને છે અને કેટલાક એમ નથી માનતા, તેનો મત પ્રદર્શન કરેલો છે. તેમણે આ પુસ્તકમાંથી જોઈ લેવું. શાસ્ત્રમાં નિત્યગોલોક અને આદિગોલોક તે બે વસ્તુઓ કેમ કલ્પી ! એવી શંકા કરવી નહીં. કારણકે તે સંપ્રદાયના પ્રવર્તકોનો માનેલો મત જ પ્રદર્શિત કરેલ છે.

એ નિત્યગોલોકનું પ્રતિબિંબ આદિ ગોલોકમાં છે. પરંતુ નિત્યગોલોકનો લય થતો નથી. આદિ શાબ્દનો અર્થ છે કે, કોઈક દિવસે પ્રગટ થયેલું, જેની આદિ શરૂઆત મળે છે. અનાદિ શબ્દનો અર્થ એ છે કે, જેની શરૂઆત, આદિ, આરંભ મળતો જ નથી માટે અનાદિ છે, નિત્ય છે આદિ ગોલોક ઈશ્વરના લોકમાં છે તેનો મહાપ્રલયમાં, આત્યંતિક પ્રલયમાં લય થાય છે, અર્થાત્ મહાવિષ્ણુ પોતાનો ઉપસંહાર કરી લે છે, તેથી દરેક ધામો જ પ્રતિબિંબરૂપે રહેલા છે. તેનો ઉપસંહાર થઈ જાય છે. જેમ વાદળનું પ્રતિબિંબ જળમાં પડે છે; તેમ આદિગોલોકમાં નિત્યગોલોકોનું પ્રતિબિંબ પડેલું છે માટે

એ મૂળબિંબ જે ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર તેમનું પ્રતિબિંબ પણ ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર જ કહેવાય માટે તેમનું નામ પણ તે જ કહેવાય તે બાબતમાં વિરોધ નથી.

એ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને કોઈ મહાપુરુષ કહે, કોઈ પ્રકૃતિપુરુષ નામથી કે મૂળપુરુષ નામથી કહે તો તે ઉપાસકની તેટલી ગતિ હોવાથી તે રૂપે વર્ણવ્યા તેથી તેવા નામમાં પણ વિરોધ નથી. મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અને બળદેવજીની નરનારાયણ, તથા મહાપુરુષ તથા વિષ્ણુ તથા બ્રહ્મનાં બે રોમ કહ્યા છે, વળી વાલ્મીકિ રામાયણમાં શ્રીરામચંદ્રજીને વિષ્ણુનું સ્વરૂપ કહ્યા છે, માટે શાસ્ત્રોમાં જેની જેટલી ઉપાસના એટલું તેનું વર્ણન કરેલ હોય તેથી નામ સ્થાનમાં વિરોધ આપણે આપણી દૃષ્ટિથી જોઈએ તે આપણી ભૂલ ગણાય છે. તેના ઉપાસકોએ તે સ્વરૂપને જેવું વર્ણવ્યું તેનું જ દિગ્દર્શન આ ગ્રંથમાં હોવાથી તે દૃષ્ટિએ વાંચવું.

ભગવાનોનાં સ્વરૂપોમાં મતભેદો દર્શાવતા મહાભારત, પુરાણો વગેરેના શ્લોકો આ ગ્રંથમાં છેવટે આપ્યા છે તે વાંચવાથી ઘણું યથાર્થ જ્ઞાન થશે.

આ સંસારમાં કેટલાક મુમુક્ષુઓ ગુરુને ભગવાન માને છે એથી ગુરુ ભગવાન છે એમ નહીં પણ ગુરુમાં ભગવાન છે, ગુરુદેવ ભગવાનનું સ્વરૂપ છે તે દ્વારા મોક્ષ થાય છે. એ ગુરુઓ જેવું સમજયા હોય તેવું તેમના શિષ્યોને સમજાવે છે. જેથી ઉપદેષ્ટા ગુરુઓના ઉપદેશને અનુસારે ભગવાનના સ્વરૂપના વર્ણનમાં ભેદ પડે છે અને તેને અનુસારે મુક્તિમાં પણ ભેદ પડે. તે ભેદો આ પુસ્તકમાં દિગ્દર્શન કરાવ્યા છે.

કોઈપણ પુરુષાર્થને ઈચ્છનારાઓ ઉપનિષત્ વાળાઓ પરમાત્માને શુદ્ધ બુદ્ધ સ્વભાવ કહે છે. કપિલમત વાળાઓ, સાંખ્યવાદીઓ આદિ વિદ્વાન સિદ્ધ કહે છે. પાતંજલયોગ વાળાઓ શરીરધારી યોગમાર્ગ દર્શક કલેશાદિરરહિત હિરણ્યગર્ભ કહે છે. મહાપાશુપતો નિર્લેપ સ્વતંત્ર કહે છે, શૈવો શિવ કહે છે, વૈષ્ણવો પુરુષોત્તમ કહે છે. પૌરાણિક લોકો પિતામહ કહે છે. યાજ્ઞિકો યજ્ઞપુરુષ કહે છે, બૌદ્ધો સર્વજ્ઞ કહે છે. દિગમ્બરો નિરાવરણ કહે છે, મીમાંસકો ઉપાસ્યકર્મ કહે છે, ચાર્વાકો લોકસિદ્ધરાજા કહે છે.

નૈયાયિકો યુક્તિસિદ્ધ સૃષ્ટિવાળા નારાયણ કહે છે. ખાખીઓ દૈત્યનાશક નરસિંહ કહે છે, સ્મરણ કરનારાઓ ત્રિયુગ કહે છે, દેવો મોહિની કહે છે, તપસ્વીઓ આકાશવાણી કહે છે, તેજસ્વીઓ હિરમ્યપુરુષ કહે છે, ગાયત્રી ઉપસીકો સવિતાતેજ કહે છે, વિઘ્ન દૂર કવરા ઈચ્છનારાઓ ગણેશ કહે છે. સૂર્યોપસાકો સૂર્ય કહે છે, વૈદ્યો ધન્વન્તરિ કહે છે, શરીરધારીઓ અવતાર કહે છે.

સર્વોપરિવાળા અવતારી કહે છે, રસેષ્ટો પારદ કહે છે, સ્થૂલબુદ્ધિઓ વિરાટ કહે છે, કામિનીઓ કામદેવ કહે છે, ગોપીઓ ગોપાળ કહે છે, સ્થૂલબુદ્ધિઓ વિરાટ કહે છે, કામિનીઓ કામદેવ કહે છે, ગોપીઓ ગોવાળ કહે છે, રાજાઓ શાસક કહે છે, દ્વેષીઓ મૃત્યુ કહે છે. યોગીઓ પરતત્વ કહે છે, શીલવ્રતીઓ બ્રહ્મચર્ય કહે છે, ભાગ્યાવલમ્બીઓ પરદૈવત કહે છે, સારગ્રાહકો વિભૂતિરૂપ કહે છે, નિરાકારીઓ તેજધામ કહે છે.

મોટા વૈષ્ણવો મહાવિષ્ણુ કહે છે, યમપુરીવાળા યમરાજ કહે છે, દેવતાઓ વિષ્ણુ કહે છે, જ્ઞાનીઓ ગુરુરૂપ કહે છે, પંડિતો વેદવક્તા કહે છે, કર્મકો અદૃષ્ટ કહે છે. સૂત્રવાળાઓ ભૂમા કહે છે, પુરાણીઓ વાસુદેવ કહે છે. વિશ્વાસીઓ પ્રત્યક્ષસંતરૂપ કહે છે, પતિવ્રતાઓ પતિરૂપ કહે છે, પારસીઓ અગ્નિરૂપ કહે છે, મલેચ્છો અલ્લા કહે છે, ગોરાઓ ઈશાનદેવ કહે છે, બૌધ્ધો બુધ્ધ કહે છે, તાર્કિકો કર્તા કહે છે. પ્રામાણિકો પ્રમાણસિદ્ધ કહે છે.

શાસ્ત્રીઓ સર્વોત્તમતત્વ કહે છે, શિષ્યો આચાર્યો કહે છે. વાંકપાત્રો દંડધર કહે છે, વ્યાસો વ્યષ્ટિસમષ્ટિરૂપ કહે છે, ભય પામેલાઓ મહાકાલ કહે છે, નાણાવટીઓ લક્ષ્મીપતિ કહે છે, વ્રતવાળા ઈષ્ટપૂરક કહે છે, નિયમવાળાઓ સર્વપ્રદ કહે છે, શું વિસ્તારથી કહેવું, જે પરમાત્માને વૃંદલો પણ બહુચરી માતારૂપ કહે છે અને જયોતિષીઓ ભાગ્યરૂપ પ્રારબ્ધ કહે છે. તેઓને તે તે પ્રકારે મળે છે, શું બહું કહેવું ? કારીગર લોકો પણ જેને વિશ્વકર્મા કહે છે. તેવા પર-પરમાત્માના સ્વરૂપનો અંત જ નથી માટે દરેક સંપ્રદાયના આચાર્યોની સમજણ પ્રમાણે પરમાત્માને ઉંચામાં ઊંચા સ્વરૂપે માનેલા હોય છે તે સર્વેનો એક જ માર્ગ છે પણ અજ્ઞાનથી ભિન્ન માને છે.

મોક્ષ એ શાશ્વત પુરુષાર્થ છે, તે શાસ્ત્ર શ્રવણ પછી આત્મા પરમાત્માની ઓળખાણ કરીને ઉપાસના વડે મળે છે, નિત્યાનન્દાસ્થિતિની સંપત્તિ તે પરમ પ્રયોજન છે. બીજા સુખ આનંદ તે અલ્પ સંપત્તિ છે. શ્રુતિઓ નિત્ય આનંદવાલા બ્રહ્મની સંપત્તિ વર્ણવે છે, કર્મઠો નિત્ય સુખસંપત્તિ કહે છે, ક્ષણિકવાદીઓ નિત્યવિમળ વિજ્ઞાનોદય કહે છે, દેહાત્મવાદીઓ જે જે સુખ તે તે કહે છે, ઈન્દ્રિય આત્મવાદીઓ આકર્ષણ આસ્વાદ સુખને કહે છે, અંતઃકરણવાદીઓ પ્રતિબિંબ સુખને કહે છે, સમાધિવાળાઓ પ્રતિબિંબિત આત્મીયસુખને કહે છે, નિરપેક્ષો તૃષ્ણા રહિતપણાને કહે છે.

બ્રહ્મવાદીઓ બ્રહ્મસાક્ષાત્કારને કહે છે, ધર્મ પુણ્યવાલા નિત્યસ્વર્ગને કહે છે, ભક્તો પ્રેમને કહે છે, દાસો કામનાપ્રાપ્તિને કહે છે, મૂર્તિ માનનારાઓ બ્રહ્મસ્વરૂપપણાને કહે છે, સૂત્રકારો પરમાત્મા સાક્ષાત્કારને કહે છે, તાર્કિકો આત્મસત્તાને કહે છે, શાબ્દિકો

સુખ માત્રને કહે છે, ભયવાળા દુ:ખ ન હો તેમ કહે છે, પ્રભાકરો દુ:ખ ન આવે એમ કહે છે, વ્યાપકજનો સર્વબુદ્ધિવ્યાપકતાને કહે છે, ચિંતાવાળા દુ:ખનો અભાવ કહે છે, વિરામવાળા પાપમાત્રના નાશને કહે છે.

ભોગવાળા વાસનાનાશને કહે છે, સંસારીઓ મિથ્યાજ્ઞાનનાશને કહે છે, દણ્ડીઓ અવિદ્યાનાશને કહે છે, પ્રત્યભિજ્ઞાવાળાઓ સ્વસ્ફૂર્તિને કહે છે. અભેદવાળાઓ સ્વપરસ્ફૂર્તિને કહે છે, ત્રિકાણ્ડીઓ લિંગશરીર નાશને કહે છે, સાંખ્યજ્ઞાનીઓ બુદ્ધિસંસર્ગલયને કહે છે. વિવેકીઓ અલિપ્તાત્માને કહે છે, ઉપાસકો ધામમાં પોતાના સુખઆવિર્વભાવને કહે છે, સ્નેહીઓ પ્રિયપ્રભુને કહે છે, સ્વાવલમ્બીઓ જીવાત્મ દેખાવને કહે છે. જૂના ગૌતમો એકવિશ દુ:ખનાશને કહે છે.

પુરાણીઓ ચાર પ્રકારની મુક્તિને કહે છે, નવીનતાર્કિકો છેવટના દુ:ખના નાશને કહે છે, પ્રત્યક્ષવાદીઓ દહેનાશને કહે છે, ત્રિદણ્ડીઓ આત્માના પરમાત્મામાં લયને કહે છે, પ્રત્યક્ષવાદીઓ દહેનાશને કહે છે માધ્યમિકો આત્મધારાને કહે છે, જ્ઞાનવાદીઓ જ્ઞાનધારોદયને કહે છે, આર્હતો આવરણકર્મનાશને કહે છે, શ્રીસંપ્રદાયવાળા ભાગવતપણાને કહે છે, દ્વૈતીઓ ભગવદાન્દને કહે છે, પુષ્ટિમર્ગીઓ ભગવત્લીલાલાભને કહે છે, રસિકો સખીભાવને કહે છે, કાપાલિકો શિવાડર્ધાગનાને કહે છે, સ્ફુર્તિવાળાઓ પૂર્ણાત્માને કહે છે, પારાવાળા દૃઢયુવાપણાને કહે છે, આરાધકો ફિરસ્તા ઓલિયાપણાને કહે છે, વાક્યજ્ઞો પરાવાણી કહે છે. નાસ્તિકો શૂન્યને કહે છે, અમો વિશિષ્ટ મારામાં પરબ્રહ્માન્દાનુભવ સંપતિ કહીએ છીએ.

અલ્પબુદ્ધિવાળાઓ ઉંદરની અંજલિની પેઠે સ્વલ્પમાં તૃપ્તિની રીતે ભૂપાલમાં સ્વરક્ષકમાં બ્રહ્માંમાં, ઈન્દ્રમાં વૈરાટમાં પ્રધાનપુરુષમાં મહાવિણુમાં, પ્રકૃતિપુરુષમાં ભૂમાપુરુષમાં, વાસુદેવમાં, અક્ષરમાં મુક્તમાં મોક્ષસંપત્તિ માનીને વિરમે છે, કોઈ સાકારમાં, કોઈ નિરાકારમાં, તેજમાં, તેજવાળામાં ભોગીમાં, ભોગરહિતમાં, શેષ નારાયણમાં લીલાવાળા અવતારમાં, લીલાશૂન્યમાં, શરીરવાળામાં વ્યાપકમાં નાનામાં મોટામાં, સમષ્ટિમાં જુદામાં એકરસમાં, રસશૂન્યમાં, બધાયમાં, એકલામાં, પોતામાં, બીજામાં, કર્મફળદાતામાં, કર્મફળ અપ્રદાતામાં, સર્જનહાર, સર્જનશૂન્યમાં, અંતર્યામિમાં, નિયામક રહિતમાં, સર્વાનન્દમાં, નિરાનન્દમાં અન્વિયમાં, વ્યતિરેકમાં તત્વગતમાં અતત્વમાં, વિરામ પામીને લખે છે. ગુરુ-ઉપદેશ પ્રમાણે ઉપાસે છે, તેને તે પ્રમાણે પ્રાપ્તિ થાય છે. તેને અનુસારે મુક્તિસ્થાનો નિર્માયા હોય છે, તે પ્રમાણે વર્ણવાય છે.

જ્ઞાનઘન જીવ છે, ઐશ્વર્યધન ઈશ્વર છે, છાયા અજ્ઞાનઘન માયા છે, પ્રકાશઘન બ્રહ્મ છે. આનંદઘન પરબ્રહ્મ છે.

શરીર એ જ આત્મા, મદઘન આત્મા, તૈજરાઓજ આત્મા, પણ આત્મા, ચિદાકાશ આત્મા, ઈન્દ્રિયો આત્માન, જીવશક્તિ આત્મા, સંજ્ઞાચૈતન્ય આત્મા, ક્ષણિકજ્ઞાન આત્મા, નિત્યજ્ઞાન આત્મા, અંતઃકરણ આત્મા, મન આત્મા, અહંકાર આત્મા, રસ આત્મા, બીજ આત્મા, સત્તા આત્મા પ્રતિબિંબ આત્મા, આવરણચિત્ત, આત્મા, અવિદ્યા પ્રતિરૂપ આત્મા, સુખમાત્રા આત્મા, પ્રતિભાસ આત્મા, કર્મપુદગલ આત્મા, પુંણ્ય આત્મા, સ્વપ્નસૃષ્ટિ આત્મા, સ્ફુર્તિ આત્મા, નાદ આત્મા, જ્ઞાતૃત્વશક્તિ આત્મા, પોલીચિત્ત આત્મા, અણુજ્ઞપ્તિ આત્મા, વ્યાપકજ્ઞપ્તિ આત્મા, પરિચ્છિન્ન જ્ઞાપ્તિયું આત્મા, અપરિચ્છિન્ન એકજ્ઞપ્તિ આત્મા, જ્ઞાનવિવૃર્ત અજ્ઞાન આત્મા, બ્રહ્મ પરિણામ આત્મા, મલિનસત્વ વાળીચિત્ત આત્મા, અંતકરણવાળી ચિત્ત આત્મા, બ્રહ્મો આભાસ અવિદ્યામાં આત્મા, અવિદ્યા સંસર્ગી આત્મા, અવિદ્યાંશ આત્મા, માયાવિકાર આત્મા, વૈખરી આત્મા, બ્રહ્મની અજ્ઞાનાવસથા આત્મા, સગુણબ્રહ્મનું સ્વપ્નું આત્મા, ઈશ્વરાંશ આત્મા, ઈશ્વરગુણ આત્મા, બ્રહ્મનાં અણુઓ આત્મા, વિકૃતિનાં વિકારો આત્મા, ચમત્કાર રૂપાન્તર આત્મા, નિર્માણચિત્ત આત્મા, પરમાત્મવાસનાા આત્મા, પરમાત્મેચ્છાપરિણામ આત્મા, પરમાત્મશક્તિ આત્મા, પરમાત્માગુણાંગ આત્મા, પરમાત્માવિકાર આત્મા, સચ્ચિદાનંદ દ્રવ્ય આત્મા, ઈત્યાદિ અનેક મંતવ્યો છે.

આત્માં અંતકરણાદિ અનેક તત્વોનાં ભિન્ન ભિન્ન યોગનું નામ જીવત્વમ્ તેમજ વિભિન્ન કલ્પના માયા, વિભિન્ન ઐશ્વર્ય ચમત્કાર ચેતનરૂપ ઈશ્વર, તેમજ ધામપ્રકાશ લોકસ્થાન આકાશ અવકાશ તેજ આધારપ્રેરક ભૂમિ બ્રહ્મ, પરમ પદ, મોક્ષતત્વ, પૂર્ણ તત્વ, ચિત્સ્તર આદિ અનેકરૂપે બ્રહ્માં માનિનતા છે. તેમજ પરમેશ્વરમાં પણ છે તેથી મોક્ષ ઉપાસના પ્રાપ્તિ જાનાર ભોગ વગેરે ભેદ પડેલા છે તે આ ગ્રંથમાં દર્શાવ્યા છે.

આ સમગ્ર સૃષ્ટિના નિયંતા ભગવાન એક જ છે : એ ભગવાન આ બ્રહ્માંડમાં જ્યાં જેવું કાર્ય હોય તેવા દેહો ધારણ કરે છે.

જેનામાં અસાધારણ છ ઐશ્વર્ય હોય તે ભગવાનની ઉપાસના કરવી

આ જીવને જ્યારે ભરતખંડમાં મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે ત્યારે ભગવાનના અવતાર તથા તેમના સંત પૃથ્વી ઉપર જરૂર વિચરતા હોય તેની જો એને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થઈને તરી જાય છે.

''ऋते ज्ञानान्न मुक्तिः'' । तमेव विदित्वाति-
मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाथ ॥

ભગવાનના જ્ઞાન વિના મુક્તિ થતી નથી. ભગવાનનું સાક્ષાત જ્ઞાન જેને થાય તે મૃત્યુરહિત થાય છે. એ ભગવાન તારતમ્યતાઓ સર્વેમાં અંતર્યામિરૂપે રહ્યા છે. જે મનુષ્યો ઈન્દ્રિયો અંતઃકરણથી પર જે જીવ સત્તા તદાશ્રિત અનુભવ જ્ઞાને કરીને છ ઐશ્વર્ય સહિત ભગવાનને જાણે છે ત્યારે તેમની આત્યંતકી મુક્તિ થાય છે.

ભગવાનના અસાધારણ છ ઐશ્વર્યો -

૧. **સર્વજ્ઞતા :** ત્રિકાળ પ્રત્યક્ષદર્શિપણું તેમને સર્વ જડચેતનનું એક કાળાવચ્છિન્ન પ્રત્યક્ષપણે પોતાની મેળે જાણવાપણું છે.

૨. **તૃપ્તિ :** નિરંતર પોતાના આનંદ વડે સર્વ પ્રકારનું સંતોષપણું છે.

૩. **અનાદિબોધ :** નિત્ય શાશ્વતજ્ઞાન જેને છે.

૪. **સ્વતંત્રતા :** દેશકાળાદિકનાં બંધન રહિત સ્વતંત્ર શક્તિ જેમનામાં છે.

૫. **નિત્યમલુપ્તદૃષ્ટિ :** પ્રત્યક્ષદૃષ્ટિ ક્યારેય લુપ્ત થતી નથી.

૬. **અનંતશક્તિ :** જગત સૃષ્ટિ એ બ્રહ્મલોકની ધારક રક્ષક પ્રેરક સંચાલક આદિ અનંત શક્તિઓવાળા છે.

અનેક કોટિ બ્રહ્માડોની ઉત્પત્તિ કરવી તથા બ્રહ્માંડોનો વિનાશ કરવો. દરેક પ્રાણીના ભૂતકાળની ગતિ, તથા ભવિષ્યકાળની ગતિને જાણનારા. વિદ્યા-બ્રહ્મવિદ્યા આદિક અનંત પ્રકારની વિદ્યાદિકને નિરન્તર જાણનારા, અવિદ્યા-માયાના સર્વ રીતે જાણનારા, આવા નિત્યપ્રત્યક્ષ જ્ઞાનવાળા તે ભગવાન કહેવાય છે. પરાવિદ્યાથી મુક્તિ થાય છે.

(૧) જેના હાથમાં વિદ્યારૂપી દર્પણ છે તેને ત્રિલોકીના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને વિદ્યારૂપી દર્પણ રહતિ પુરુષોને હાથમાં રહેલી વસ્તુ પણ જોવામાં આવતી નથી.

(૨) વિદ્યારૂપી દુરબીનવાળા પુરૂષોને દૂર રહેલી વસ્તુ સમીપમાં આવે છે અને વિદ્યારૂપી દુરબીન રહિત પુરૂષોને સમીપમાં રહેલી વસ્તુ અત્યંત દુર જણાય છે.

(૩) આ લોકમાં વિદ્યા ચિંતામણી રૂપ છે. વિદ્યા કામધેનુ સમાન પણ છે. તેવી રીતે વિદ્યા કલ્પતરું સમાન અનેક શાખાએ યુક્ત છે.

(૪) ખરી રીતે આલોકમાં એવી કોઈ ઉપમા નથી કે જે વડે કરીને વિદ્યાની તુલના કરી શકાય ! જેમ બ્રહ્મ અદ્વિતીય છે તેમ વિદ્યા પણ અદ્વિતીય છે.

(૫) બ્રહ્મવિદ્યા ખરેખર જગતની માતા છે અને શ્રીહરિ એવો ભગવાન તે જગતના પિતા છે. બન્નેની સેવા તે મનુષ્યજન્મનું સાર્થક પણ છે.

(૬) જે હેતુ માટે ધર્મ, અર્થ,કામ અને મોક્ષ ચાર પુરુષાર્થ કહેવાય છે તે પુરુષાર્થનું સાધન વિદ્યા છે માટે ડાહ્યા પુરૂષો ! તત્કાળ એમનું સેવન કરો. કારણ કે, વિદ્યા ઉત્તમ અમૃત જ છે.

(૭) આ વસ્તુગ્રહણ કરવા યોગ્ય છે, અને આ વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય નથી એવું જ જ્ઞાન તે પણ વિદ્યા વડે કરીને પ્રાપ્ત થાય છે. જેનો પ્રભાવ પામીને મનુષ્ય પણ દેવ બને છે.

(૮) વિદ્યારૂપી સૂર્ય વડે અંતઃકરણનો ગાઢ અંધકાર છેદીને શોક, મોહ જરાથી રહિત થઈને પરમપદને પમાય છે.

''ભગવાનને અવતાર ધારણ કરવાનું પ્રયોજન''

આ જગત્ જેમણે ઉત્પન્ન કર્યું છે, જેના વડે તે ધારણ થઈ રહ્યું છે એવા એ ભગવાન આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય કરે છે, તે જીવના કલ્યાણર્થે કરે છે, જીવને વિષયભોગને અર્થે તથા લોકાન્તરને અર્થે તથા જીવના મોક્ષને અર્થે જગતની ઉત્પત્તિ તથા સ્થિતિ કરે છે, અને નાના પ્રકારની સંસૃતિએ કરીને થાક્યા જે જીવ તેના વિશ્રામને અર્થે આ જગતનો પ્રલય કરે છે એ ભગવાન પણ આ પૃથ્વી ઉપર અવતાર શા માટે ધારણ કરે છે ?

તો ભગવાન ધર્મ, અર્થ, કામને વિષે પ્રવર્તે છે; તે ધર્મ, અર્થ, કામ સારું ભગવાને જે જે ચરિત્ર કર્યા હોય, તેનું જ ગાન કરે અથવા શ્રવણ કરે તે સર્વે જીવ સર્વે પાપ થકી મુકાઈને પરમપદને પામે છે. એવા પોતાનાં લીલાચરિત્ર વિસ્તારવા માટે ભગવાન અવતાર ધારણ કરે છે. જો કે ભગવાન અવતાર ધર્યા વિના પોતાના ધામમાં રહ્યા થકા પણ કલ્યાણ કરવાને સમર્થ છે, તેથી લીલાચરિત્રની કોઈ આવશ્યક્તા રહેતી નથી તો અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ?

તો ભગવાનને અવતારર ધર્યાનું મુખ્ય પ્રયોજન એ છે જે ભગવાનને વિષે અતિશય પ્રીતવાળા જે ભક્ત મનુષ્યરૂપે હોય તેની ભક્તિને આધીન થઈને તે ભકતને સુખ દેવાને અર્થે ભગવાન તેના સજાતીય અવતાર ધારણ કરે છે, તે તેને લાડ લડાવે છે. તે ભેળું અસંખ્ય જીવોનું કલ્યાણ પણ કરે છે અને ધર્મનું સ્થાપન પણ કરે છે.

એ ભગવાન અનાદિ શ્રીહરિકૃષ્ણ પુરૂષોત્તમ નારાયણ છે તે તો રાજાધિરાજ છે અને અખંડ મૂર્તિ છે અને પોતાનું અક્ષરધામરૂપી જે વખત તેને વિષે બિરાજમાન છે અને તે અક્ષરધામના ચોથાભાગમાં અક્ષરધામને આશ્રિત અનંતકોટિ બ્રહ્માંડ સૃષ્ટિઓ રહી છે એ ભગવાનનું જે અક્ષરધામ છે તે વ્યતિરેકપણે પ્રકૃતિ પુરૂષ થકી પર છે અને મૂર્તિમાન એવું થકું પુરષોત્તમની સેવામાં છે, અન્વયપણે કરીને તો સર્વે ઠેકાણે છે. એવા પોતાના ધામને વિષે શ્રીપુરૂષોત્તમ નારાયણ સદા બિરાજમાન છે. તે ધામમાં રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડમાં જે જીવને જેમ દર્શન દેવું ઘટે ત્યાં તેને દર્શન આપે છે અને જે સાથે બોલવું ઘટે તે સાથે બોલે છે.

જેમ કોઈ સિદ્ધ પુરૂષ હોય તે એક ઠેકાણે બેઠો થકો હજારો ગાઉ ઉપર દેખાય છે તથા ત્યાં બોલે છે તેમ ભગવાન પોતાના અક્ષરધામમાં રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડોને વિષે જયાં જણાવવું ઘટે ત્યાં તેમ જણાય છે અને પોતે તો સદા પોતાના અક્ષરધામમાં છે અને એક ઠેકાણે રહ્યા થકા જે અનંત ઠેકાણે જણાય છે તે પોતાની યોગકળા છે એવા એ ભગવાન તો અક્ષરાતીત છે અને મનવાણી થકી પર છે અને સર્વેને અગોચર છે, તે સર્વેને પ્રત્યક્ષ દેખાય છે તે તો 'સર્વ જીવ મને જાણો ને દેખો' એવા પોતાના સંકલ્પથી પ્રાકૃત જીવો ભગવાનને જાણે અને દેખે એવા થાય છે.'

અર્થાત્ અક્ષરાતીત અને મનવાણી થકી પર અને અગોચર એવા જે ભગવાન તેજ પોતે કૃપા કરીને એમ ધારે છે કે 'જ્ઞાની અજ્ઞાની એવા જે મૃત્યુલોકનાં મનુષ્ય તે મને દેખો' એમ ધારીને સત્યસંકલ્પ એવા ભગવાન કૃપાએ કરીને મૃર્ત્ય લોકનાં સર્વે મનુષ્ય દેખે એવા મનુષ્ય જેવા સજાતીય થાય છે. જેમ સજાતિ સજાતિમાં હેત થાય છે તેમ એ ભગવાન પોતાના દિવ્ય ભાવનો સંકોચ કરીને પોતાના ભક્તોને પોતામાં હેત થાય તે સારું માણસ જેવા થાય છે પણ દિવ્યભાવ જણાવતા નથી અને દિવ્યભાવ જણાવે તો વિજાતિપણું થાય તેથી ભક્તિને પોતામાં રમણ હેત તથા સુવાણ્ય થાય નહિ, તે સારુ એ ભગવાન મનુષ્યરૂપે થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્યભાવ દેખાડ્યો. દિવ્યભાવે કરીને અર્જુનને સુખ ન થયું અને બહુ વ્યાકુળપણું થઈ ગયું, પછી શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું મનુષ્યપણે દર્શન આપ્યું ત્યારે અર્જુનને સુખ થયું માટે મનુષ્યપણે કરીને ભગવાન વર્તે તો જ મનુષ્યને સાનુકુળ પડે; નહિ તો ન પડે; તે સારુ ભગવાન મનુષ્યપણે વર્તે છે એ મનુષ્યરૂપ ભગવાનના સ્વરૂપનું સાક્ષાત્ દિવ્ય જ્ઞાન થાય ત્યારે જીવનું કલ્યાણ થાય છે.

આ બ્રહ્માંડમાંના અનાદિ કાળથી ચાલ્યા આવતા આ સંસારમાં અજ્ઞાની જીવો

વિવિધ તાપથી બળ્યા કરે છે. એવા જીવોને ભગવાન ને ભગવાનથી સંતની ઓળખાણ થાય ત્યારે એ જીવ માયાના બંધન રહિત થઈને ભગવાનના અક્ષરધામને પામે છે. આ જીવને જયારે ભરતખંડમાં મનુષ્યદેહ આવે છે. ત્યારે ભગવાનના અવતાર અને ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે એવા ભગવાનને શરણે જનારા મુમુક્ષ જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવીને મોક્ષપદમાં લઈ જવા માટે પરમકૃપાળુ પરમાત્મા દયા કરીને પવિત્ર દેશોમાં અવતાર ધારણ કરે છે.

આ પૃથ્વીના સાત દ્વીપ છે અને તેમાં સર્વથી મોટો જમ્બુ દ્વીપ છે. એ જંબુદ્વીપના નવ ખંડ છે. તેમાં ભરતખંડ સર્વથી શ્રેષ્ઠ છે અને બીજા બધા દેશો ભોગ ભૂમિ જેવા છે, અને આર્યાવર્ત એટલે ભરતખંડ એ તો કર્મભૂમિ અને ધર્મક્ષેત્ર છે, આપણે જે પૃથ્વી ઉપર રહ્યા છીએ તે ભરતખંડ કહેવાય છે. આ પવિત્ર દેશ એવા જ ભરતખંડ, તેમાં ભગવાન અવતાર ધારણ કરે છે માટે સર્વોત્તમ છે એવા હેતુથી દેવો પણ આ ભરતખંડમાં મનુષ્યદેહને ઈચ્છે છે કારણકે આ કર્મભૂમિ હોવાથી મોક્ષનું સાધન થઈ શકે છે, માટે ભરતખંડ સૌથી શ્રેષ્ઠ છે. મુમુક્ષુઓ માટે આ ભરતખંડમાં ભગવાન અવતાર ધારણ કરે છે. એ ભગવાન અનેક અવતારો ધારણ કરીને જે જે પ્રદેશોમાં વિચરતા હોય તે તે પ્રદેશોમાં જે જિજ્ઞાસુ જીવોને તે તે ભગવાનના અવતારની ઓળખાણ થાય તો એ જીવ જન્મમરણ થકી રહીત થઈ નિર્ગુણધામને પામે છે. એ ભગવાનનાં નિર્ગુણ-ધામ આ બ્રહ્માંડથી પર ચિદાકાશમાં છે. આવા અનંતકોટિ બ્રહ્માંડો આઠ આવરણે યુક્ત પ્રાકૃત આકાશમાં રહેલા છે. ચિદાકાંશમાં પરબ્રહ્મનાં નિર્ગુણધામ રહેલા છે, એવા તે તે સ્થળોરૂપી મુક્તિનાં સ્થાનો સંક્ષેપમાં આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યા છે તેમાં પ્રથમ આઠ આવરણ યુક્ત ચૌદ લોકનું એક બ્રહ્માંડનું વર્ણન આ પ્રમાણે છે :-

''જીવલોક-આવાગમન''

ચૌદ લોકના બ્રહ્માંડનું વર્ણન

ब्राह्मस्त्रिमू मिको लोकः प्राजापत्यस्ततो महान् ।
माहेन्द्रश्च स्वरित्युक्तो दिवि तारा भुवि प्रजाः ॥

સત્યલોક, તપોલોક, જનલોક, એ ત્રણ બ્રહ્માના લોક કહેવાય છે, મહર્લોક પ્રજાપતિનો લોક કહેવાય છે, સ્વર્ગલોક તે ઈન્દ્રનો લોક કહેવાય છે, તારાઓ સ્વર્ગમાં છે તેથી નીચે ભુવર્લોક અંતરિક્ષ લોક વાયવીય દેવોનો કહેવાય છે, અને ભૂલોક મનુષ્ય આદિનો લોક કહેવાય છે.

(પાતંજબ યોગદર્શનના વ્યાસભાષ્યમાંથી)

(૧) સત્યલોક : જે મેરુ પર્વતનમસ્તકર ઉપર કલ્પેલો છે. તેમાં ચાર પ્રકારની દેવ જાતિ રહે છે. (૧) અચ્યુત દેવો (૨) શુદ્ધનિવાસદેવો (૩) સત્યાભદેવો (૪) સંજ્ઞાસંજ્ઞીદેવો એ દેવોની બ્રહ્માનાં સૌ વર્ષો પર્યન્ત બ્રહ્માંડના સર્ગ પર્યન્ત આયુષ્ય છે.

આપણાં વર્ષ ૮,૬૪,૦૦૦૦૦૦ આઠ અબજ ને ચોસઠ કોટિ થાય ત્યારે બ્રહ્માની અહોરાત્રિ થઈને એક દિવસ થાય છે એવા ત્રીસ દિવસનો એક માસ અને બાર માસનું એક વર્ષ. એવા (૧૦૦) એકસો વર્ષ બ્રહ્મા દેહ રાખે છે. એ સત્યલોકના દેવોની તે બ્રહ્માની જેટલી આયુષ્ય છે.

(૨) તપલોક : સત્યલોકની નીચે ''બ્રહ્માનો તપલોર્ક'' છે જેમ ત્રણ પ્રકારનો દેવો રહે છે (૧) આભાસ્વરા (૨) મહાભાસ્વરા (૩) સત્યમહાભાસ્વરા. તેમાં સત્ય મહાભાસ્વરોનું બ્રહ્માનાં સો વર્ષ પર્યન્ત આયુષ્ય છે; અને તેથી અર્ધુ મહાભાસ્વરો આયુષ્ય છે; અને તેથી અર્ધું આભાસ્વરોનું આયુષ્ય છે; તે ત્રણ પ્રકારના દેવો મહાતપેશ્વરી કહેવાય છે તેવા ઉર્ધ્વરેતસો કહેવાય છે.

(૩) જનલોક : તપલોકથી નીચે બ્રહ્માનો ''જનલોક'' છે તેમાં ચાર પ્રકારની દેવયોનિ છે. (૧) બ્રહ્મપુરોહિત (૨) બ્રહ્મકાયિક (૩) બ્રહ્મમહાકાયિક (૪) અમરા. તેમાં અમરાનું બ્રહ્મ એકસો વર્ષ પર્યન્તનું આયુષ્ય છે, તેથી અર્ધુ બ્રહ્મમહાકાયિકોનું આયુષ્ય છે, અને તેથી અર્ધુ બ્રહ્મકાયિકોનું આયુષ્ય છે, અને તેથી અર્ધું બ્રહ્મપુરોહિતનું આયુષ્ય છે, ''જનલોક તથા તપલોક તથા સત્યલોક'' આ ત્રણે બ્રહ્માની માનસિક સૃષ્ટિ છે. તે ત્રણ લોકમાં ''સ્વયંપ્રકાશ'' છે દિવ્ય વિભૂતિઓ છે.

(૪) મહર્લોક : જનલોકથી નીચે ''મહર્લોક'' છે. જેને પ્રજાપતિનો લોક કહેવાય છે, તેમાં પાંચ જાતિના દેવો છે. (૧) કુમુદ (૨) ઋભુ (૩) પ્રતર્દન (૪) અજનાભ (૫) પ્રચિતાભ આ દેવોનું બ્રહ્માનાં પોણા ત્રણ વર્ષ એટલે સહસ્ત્રકલ્પનું આયુષ્ય છે. તેઓ સ્વેચ્છાધારી છે, તથા તેમના ભોગવિલાસ દિવ્ય છે. મહર, જન, તપ, સત્ય આ ચારે લોકમાં સૂર્યકિરણનો પ્રકાશ નથી. તે ચારે લોક સ્વયંપ્રકાશિત છે.

(૫) સ્વર્ગલોક : મહર્લોકથી નીચે ''સ્વર્ગલોક છે તેમાં ઈન્દ્ર રાજા રહે છે, તેમાં છ પ્રકારની દેવયોનિ છે (૧) ત્રિદશા (૨) અગ્નિશ્વાત્તા (૩) યામ્યા (૪) તુષિતા (૫) અપરાનિર્મિતવશવતિવ (૬) પરિમિતવશવતિ તે છ પ્રકારના દેવો સંકલ્પસિદ્ધ છે. અણિમાદિક આઠ ઐશ્વર્ય સિદ્ધિ તથા નવનિધિવાળા છે, તેમની સર્વ ભોગ્ય વસ્તુ દિવ્ય છે, સ્ત્રી પુરુષનો રમણભાવ છે. અપ્સરા આદિકના સુખનો ભોગવિલાસ છે, તેઓનું સર્વસાધારણ બ્રહ્માના એક દિવસ પર્યન્ત એક કલ્પનું આયુષ્ય છે.

(૬) **ભુવર્લોક :** સ્વર્ગલોકથી નીચે ''ભુવર્લોક'' છે જેને અંતરિક્ષ લોક કહે છે, તેમાં ગ્રહ, નક્ષત્ર, તારાદિક ધ્રુવને આધારે શિશુમાર પર રહે છે, વાયુવેગથી અંતરિક્ષ ગતિવાળા છે. તેમના ભોગવિલાસ દિવ્ય છે, સૂર્ય ચંદ્રાદિક તેત્રીસ કરોડ દેવતાઓનાં સ્થાન છે. એ લોકમાં સૂર્યનો પ્રકાશ છે, સ્ત્રીપુરુષનો રમણભાવ છે જેટલું પુણ્ય તેટલા આયુષ્યવાળા છે અર્થાત પુણ્ય ખુટે એટલે મર્ત્યલોકમાં તેમનું પતન થાય છે. આ છ લોકમાંના દેવોની ઉત્પત્તિ યોનિથી ઉત્પન્ન થતા શરીરો નથી. તેમની યૌવન અવસ્થા નિરન્તર રહે છે. આ છ લોકમાં મુખ્ય તેજતત્વોનાં દિવ્ય શરીરો છે યોગ પ્રકરણમાં જેટલી વિભૂતિઓ જણાવેલી છે તે આ છ લોકમાં સ્વાભાવિક રહેલી છે, તથા તે છ લોકના વાસીઓ યુજાન યોગી કહેવાય છે, અને તે દેવતાઓમાં સત્ત્વગુણ પ્રધાન છે. અર્થાત્ તેમનામાં ''પુણ્યતત્ત્વ'' મુખ્ય છે.

(૭) **ભૂલોક :** ભુવર્લોકથી નીચે ''પૃથ્વીલોક'' છે. તેમાં પૃથ્વી તત્ત્વ પ્રધાન શરીર છે, પાપ પુણ્ય સમાન છે. રજ, તમ, સત્ત્વ એ ત્રણ ગુણ સમાન છે. યોનિજન્ય તથા અયોનિજન્ય એ બે પ્રકારે તથા જરાયૂજ, અણ્ડજ, સ્વદેજ, ઉદ્ભિજજ એ ચાર પ્રકારની શરીરની ઉત્પત્તિ થાય છે. તેમાં (૮૪) ચોરાસી લાખ યોનિઓ છે.

जलजन्तुनवलक्षं दशलक्षं तु पक्षिणाम् ।
त्रिशलक्षं पशनां च, स्थावरा लक्षवितिः ॥
स्वेदादेकादशलक्षं चतुर्लक्षं तु मानवम् ॥

(૧) જળજંતુના નવ લાખ જાતના દેહ છે.

(૨) પક્ષી આદિકના દસ લાખ જાતના દેહહ છે.

(૩) પશુ આદિકના ત્રીસ લાખ જાતના દેહ છે.

(૪) સ્થાવરવૃક્ષ આદિકના વીસ લાખ જાતના દેહ છે.

(૫) પરસેવાથી ઉત્પન્ન થતા અગ્યાર લાખ જાતના દેહ છે.

(૬) મનુષ્યોના ચાર લાખ જાતના દેહ છે.

આ લોકમાં સ્ત્રીપુરુષના રમણથી પ્રજાની ઉત્પત્તિથી થાય છે આ લોકના મનુષ્યોનું આયુષ્ય ચાર યુગને અનુસારે હોય છે.

(૧) સત્યયુગમાં એક લાખ વર્ષોનું આયુષ્ય હોય છે.

(૨) ત્રેતાયુગમાં દસ હજાર વર્ષોનું આયુષ્ય હોય છે.

(૩) દ્વાપરયુગમાં એક હજાર વર્ષોનું આયુષ્ય હોય છે.

(૪) કલિયુગમાં એક્સો વર્ષનું આયુષ્ય છે.

યુગ અને પ્રલય

આપણાં વર્ષ ૬૬૩, છસો અને ત્રેસઠ, ૮ આઠ માસ, થાય ત્યારે બ્રહ્માનો એક લવ થાય, એવા સાઠ લવનું એક નિમિષ, તે આપણાં વર્ષો ૪૦૦૦૦ ચાલીસ હજાર જાય ત્યારે બ્રહ્માનું એ નિમિષ થાય છે, એવા સાઠ નિમિષનું એક પળ, તે આપણાં વર્ષ ૨૪૦૦૦૦૦ ચોવીસ લાખ જાય ત્યારે બ્રહ્માનું એક પળ થાય છે. એવા સાઠ પળની એક ઘડી, તે આપણાં વર્ષો ૧૪૪૦૦૦૦૦૦ ચૌદ કરોડ અને ચાલીસ લાખ જાય ત્યારે બ્રહ્માની એક ઘડી થાય છે, એવી ૩૦ ત્રીસ ઘડીનો એક દિવસ, તે આપણાં વર્ષો ૪૩૨૦૦૦૦૦૦૦ ચાર અબજ અને બત્રીસ કરોડ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે, તે ચાર જુગની એક ચોકડી ગણાય છે.

તેમાં સત્યુગનાં વર્ષો ૧૭૨૮૦૦૦ સત્તર લાખને અઠ્ઠાવીસ હજાર, ત્રેતાયુગનાં ૧૨૯૬૦૦૦ બાર લાખ છન્નુ હજાર દ્વાપરયુગના વર્ષો ૮૬૪૦૦૦ આઠ લાખ ચોસઠ હજાર અને કલિનાં વર્ષો ૪૩૨૦૦૦ ચાર લાખ બત્રીશ હજાર ગણેલાં છે તે મળીને ૪૩૨૦૦૦ તેતાળીસલાખ અને વીસ હજાર વર્ષો એક ચોકડીનાં થાય (મનૂસ્મૃતિમાં અને પુરાણોમાં) દ્વાદશવર્ષસહસ્ત્રાણિ ચાત્ર્યુગ વિદુર્જનાઃ। બાર હજાર દિવ્ય વર્ષ ચાર યુગના છે એમ કહ્યું છે. બાર હજારને ત્રણસો સાઠે ગુણે તો તેતાળીશ લાખને વીશ હજાર થાય છે.

બ્રહ્માનો એક દિવસમાં એક હજાર ચોકડી જાય છે, એક હજાર ચોકડીમાં ૧૪ મનુઓ અને ૧૪ ઈન્દ્રો સમાઈ જાય છે, એક મનુનાવર્ષ ૩૦૮૫૭૧૪૨૮ ત્રીશ કરોડ પંચાશી લાખ એકોતેર હજાર ચારસો અઠ્ઠાવીસ અને ઉપરાંત માસ છ, દિવસ પચીસ, ઘડી બેતાલીશ, પળ એકાવન, નિમિષ પચીસ, લવ બેતાળીશ અને બાર લવનો ચૌદમો ભાગ થાય છે, તેટલો જ બ્રહ્માની રાત્રિનો ભોગ થાય છે તે નિત્યપ્રલય કહેવાય છે.

બ્રહ્મા રાત્રિમાં સ્વર્ગ, મૃત્યુ, પાતાળ એવા દસ લોકનો નાશ થાય છે. સવારે પાછાં નવા થાય છે, આપણાં વર્ષો ૮૬૪૦૦૦૦૦૦ આઠ અબજ ચોસઠ કરોડ થાય ત્યારે બ્રહ્માની અહોરાત્રિ એક દિવસ થાય છે. બ્રહ્માનો લવ પળ ક્ષણ ઘડી પ્રહર ટંક વગેરે બ્રહ્માની સાંજ ત્રિલોકી નાશને નિમિત્ત પ્રલય કહેવાય છે, બ્રહ્માની સૃષ્ટિ સહિત બ્રહ્માના નાશ નૈમિત્તિક પ્રલય કહેવાય છે.

વૈરાજપુરુષ, ભૂમાપુરુષ, પ્રધાનપુરુષ, વગેરે ઈશ્વરોના નાશને પ્રાકૃત પ્રલય કહેવાય છે, પ્રકૃતિની સૂક્ષ્માવસ્થા થઈને ધામમાં લીન થવા પણાને પ્રાકૃતિક આત્યન્તિક પ્રલય કહેવાય છે, અને મોક્ષમાં જાય તેમને માટે મોક્ષાર્થ આત્યન્તિક પ્રલય કહેવાય છે.

જમ્બુદ્વીપ

આ ''ભૂ'' લોક એટલે પૃથ્વીલોક મેરુ પર્વતની પીઠ ભાગમાં કેટના ભાગમાં રહેલો છે. ભૂલોકનું પીઠ (૫૦) પચાસ કરોડ યોજન વિસ્તીર્ણ છે, તેમાં સાત દ્વીપ તથા સાત સમુદ્રો છે અને (૯૯૯) નવસો નવાણું નદીઓ છે. મેરુપર્વત પૃથ્વીનો મધ્યપ્રદેશ તે મેરુપર્વતની ચારે તરફ ''જંબુદ્વીપ'' છે તે એક લાખ યોજનમાં ગોળાકાર વિસ્તારવાળો છે. તે ''જંબુદ્વીપના'' મધ્ય ભાગમાં સોળ હજાર યોજનમાં મેરુપર્વતના પ્રદેશ છે તેની ચારે તરફ નવ ખંડ છે. તે મેરુપર્વત નાભિને ઠેકાણે છે. તેની ચારે તરફ ''ઈલાવર્ત'' ખંડ છે.

(૧) **ઈલાવર્ત :** ખંડ ફરતી દિશામાં છે. એ ખંડમાં ભગવાન સંકર્ષણની ઉપાસના છે અને તેમના મુખ્ય ભક્ત રુદ્ર ભવાની સહિત શંકર છે.

(૨) **કેતુમાળાખંડ :** આ ખંડ પશ્ચિમ દિશામાં છે, ખંડમાં પ્રદ્યુમ્ન ભગવાનની ઉપાસના છે ત્યા લક્ષ્મીજી મુખ્ય ભક્ત છે.

(૩) **રમ્યક ખંડ :** ઉત્તર દિશામાં છે, તેમાં મત્સ્ય ભગવાનની ઉપાસના છે, ત્યાં સાવર્ણિમનું મુખ્ય ભક્ત છે.

(૪) **હિરણ્યમ્ય ખંડ :** ઉત્તર દિશામાં છે, તેમાં કુર્મી ભગવાનની ઉપાસના છે, ત્યાં અર્યમાં મુખ્ય ભક્ત છે.

(૫) **કુરુખંડ :** ઉત્તર દિશામાં છે, તેમાં વરાહ ભગવાનની ઉપાસના છે, ત્યાં પૃથ્વી મુખ્ય ભક્ત છે.

(૬) **ભદ્રાશ્વખંડ :** પૂર્વ દિશામાં છે, તેમાં હયગ્રીવની ઉપાસના છે, ત્યાં ભદ્રશ્રવા નામે મુખ્ય ભક્ત છે.

(૭) **હરિવર્ષખંડ :** દક્ષિણ દિશામાં છે, તેમાં નૃસિંહજીની ઉપાસના છે, ત્યાં પ્રહલાદજી મુખ્ય ભક્ત છે.

(૮) **કિંપુરુષખંડ :** દક્ષિણ દિશામાં છે, તેમાં રામ લક્ષ્મણજીની ઉપાસના છે, ત્યાં હનુમાનજી મુખ્ય ભક્ત છે.

(૯) **ભરતખંડ :** દક્ષિણ દિશામાં છે, તેમાં નરનારાયણની ઉપાસના છે, ત્યાં નારદજી મુખ્ય ભક્ત છે.

ઉપર જણાવેલા નવખંડોની વચ્ચે ''મેરુ પર્વત'' છે તે આખો સુવર્ણ (સોના)નો છે, તેની ઉંચાઈ સત્યલોક સુધી છે, મેરુની ચારે દિશાઓમાં મર્યાદાના બે હજાર યોજનના બીજા (૮) આઠ પર્વતો છે.

(૧) ઉત્તર દિશામાં રમ્યક ખંડમાં નીલગિરિ નામનો પર્વત છે.

(૨) ઉત્તર દિશામાં હિરણ્મયખંડમાં શ્વેતગિરિ નામનો પર્વત છે.

(૩) ઉત્તર દિશામાં કુરુખંડમાં શ્રંગવન્ત નામનો પર્વત છે.

(૪) પશ્ચિમ દિશામાં કેતુમાલખંડમાં માલ્યવાન નામનો પર્વત છે.

(૫) પૂર્વ દિશામાં ભદ્રાશ્વખંડમાં ગંધમાદન નામનો પર્વત છે.

(૬) દક્ષિણ દિશામાં હરિવર્ષખંડમાં નિષધ નામનો પર્વત છે.

(૭) દક્ષિણ દિશામાં કિંપુરુષખંડમાં હેમકૂટ નામનો પર્વત છે.

(૮) દક્ષિણ દિશામાં ભરતખંડમાં હિમાલય નામનો પર્વત છે.

આ (૯) નવખંડયુક્ત ''જંબુદ્વીપ'' એક લાખ યોજનનો વિશાળ છે, તેની ચારે તરફ એક લાખ યોજનના વિસ્તારવાળો સ્થિર ખારો સમુદ્ર છે. આ ખારો સમુદ્ર જે પ્રદેશમાં છે તે બધા દેશો ''જંબુદ્વીપ'' ના નવ ખંડોમાં છે. ''જંબુદ્વીપ'' સિવાયના (૬) છ દ્વીપનુંવર્ણન નીચે જણાવ્યું છે.

આ નવખંડ જણાવ્યા તેમાંના આઠ ખંડોમાં ભોગવિલાસનાં સુખ તો ઘણાં અધિક છે પણ મોક્ષનું સાધન ત્યાં થતું નથી. મોક્ષનું સાધન તે તો એક ભરતખંડમાં જ થાય છે એ હેતુ માટે આ ભરતખંડ સૌથી શ્રેષ્ઠ છે.

આ ભરતખંડમાં દેવો પણ મનુષ્ય દેહને ઈચ્છે છે. એ વિષે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે,

अहा अमीषां किमकारि शोभनं प्रसन्न एषां स्विदुत स्वयं हरिः ।
यैर्जन्म लब्धं नृष भरताजिरे, मुकुंदसवौपायिकं स्पृहाहिनः ॥

જેમાં જન્મ લેવા અમો (દેવતાઓ) પણ ઈચ્છીએ છીએ તે ભગવાનની સેવામાં ઉપયોગી લાગે એવા મનુષ્ય જન્મ ભરતખંડ એવા આર્ય પ્રદેશમાં જેમણે મેળવેલો છે, તેઓના એવાં શાં પુણ્ય હશે ? કે શું સાક્ષાત પરમાત્મા જ તેના પર પ્રસન્ન થયા હશે ?

ભૂલોકના સાત દ્વીપ સાત સમુદ્રના વિસ્તારનું વર્ણન

(૧) જમ્બુદ્વીપનો એક લાખ યોજનનો વિસ્તાર છે, તે ચારે તરફ ફરતો એક લાખ યોજનને ખારો સમુદ્ર છે. તેનું જળ ખારું છે. જંબુદ્વીપમાં નરનારાયણ ભગવાનની ઉપાસના છે.

(૨) **પ્લક્ષદ્વીપ**નો બે લાખ યોજનનો વિસ્તાર છે, તેની ચારે તરફ ફરતો બે લાખ યોજનનો સમુદ્ર છે, તેનું પાણી શેરડીના રસ જેવું છે. પ્લક્ષદ્વીપમાં સૂર્યની ઉપાસના છે.

(૩) **શાલ્મલીદ્વીપ**નો ચાર લાખ યોજનનો વિસ્તાર છે તેની ચારે તરફ ચાર લાખ યોજનો ''સુરોદક'' નામનો સમુદ્ર છે તેનું પાણી સુરા (મદિરા) જેવું છે. શાલ્મલીદીપમાં ચંદ્રની ઉપાસના છે.

(૪) **કુશદ્વીપ**નો આઠ લાખ યોજનનો વિસ્તાર છે, તેની ચારે તરફ ફરતો આઠ લાખ યોજનનો ''પૃતોદક'' સમુદ્ર છે, તેનું પાણી ઘી જેવું છે, કુશદ્વીપમાં જાતવેદા અગ્નિની ઉપાસના છે.

(૫) **કોંચદ્વીપ**નો સોળ લાખ યોજનનો વિસ્તાર છે, તેની ચારે તરફ ફરતો સોળ લાખ યોજનનો ક્ષીરોદ નામનો સમુદ્ર છે તેનું પાણી દૂધ જેવું છે, કૌચદ્વીપમાં વરુણની ઉપાસના છે.

(૬) **સાકદ્વીપ**નો બત્રીસ લાખ યોજનનો વિસ્તાર છે, તેની ચારે તરફ ફરતો બત્રીસ લાખ યોજનનો ''દધ્યુદક'' નામનો સમુદ્ર છે, તેનું પાણી દહીંના ધોળવા જેવું છે, તેમાં વાયુદેવની ઉપાસના છે.

(૭) **પુષ્કરદ્વીપ**નો ચોસઠ લાખ યોજનનો વિસ્તાર છે, તેની ચારે તરફ ફરતો ચોસઠ લાખ યોજનનો ''સુધોદક'' નામનો સમુદ્ર છે તેનું પાણી અમૃતમય છે, પુષ્કરદ્વીપમાં બ્રહ્માની ઉપાસના છે.

આ સાત દ્વીપોની ફરતો લોકાલોક પર્વત છે, જેને પૃથ્વીનું પીઠ હદનો છેડો ''ગઢ'' કહેવાય છે, ''ભૂ'' ભુવઃ, સ્વર્ગ, આ ત્રણે લોકોમાં સુર્યનાં કિરણો પ્રકાશે છે.

'ભૂલોક' પૃથ્વીનાં નીચેનાં સાત લોકોનાં નામ

(૧) **અતલલોક :** આ લોકમા સુર્યનો પ્રકાશ નથી, મણિઓનો પ્રકાશ છે, તેમાં રાક્ષસો રહે છે. તેમાં 'મય' નામના રાક્ષસનો પુત્ર બળ નામનો રાક્ષસ મુખ્ય રાજા છે, તે રાક્ષસે (૯૬) પ્રકારની માયા ઉત્પન્ન કરેલી છે, અને તે લોકમાં ભોગ કરતો થકો પોતે જ ત્યાંનો ઈશ્વર પરમાત્મા કહેવાય છે.

(૨) **વિતલલોક :** જેમાં ''હર હાટકેશ્વર મહાદેવ'' ભવાની સહિત ભવ તથા ભૂતના ગણો રહે છે, તેમાં ભૂત તથા ગણોની વસ્તી છે, ''ભવ'' મુખ્ય ઈશ્વર છે, તેમાં મણિઓનો મુખ્ય પ્રકાશ છે.

(૩) **સુતલલોક :** જેમાં 'બળિરાજા' રહે છે, તથા દૈત્યો, દાનવો, આદિકની વસ્તી છે, તે બલિરાજા ત્યાનો ઈશ્વર છે, તેના લોકમાં ઔષધિઓ તથા હીરામણિઓનો પ્રકાશ છે, એ 'બલિરાજા' પાસે બ્રહ્મા, શિવ, વિષ્ણુ આ ત્રણે દેવો ચાર ચાર માસ સુધી રહે છે.

(૪) **તલાતલોક :** જેમાં 'મય' નામનો રાક્ષસ દાનવેન્દ્ર છે તે જ ત્યાંનો ઈશ્વર છે, ત્યાં માયાવી રાક્ષસો તથા નિશાચરોની તથા દાનવોની વસ્તી છે, અને ઔષધિ તથા મણિઓનો પ્રકાશ છે.

(૫) **મહાતલલોક :** જેમાં નિશાચરો રાક્ષસો વગેરેની વસ્તી રહે છે, તેમાં મણિનો મુખ્ય પ્રકાશ છે.

(૬) **રસાતલોક :** જેમાં નિશાચરો, કુષ્માણ્ડો, વૈનાયકો, વેતાલો, પિશાચો, ડાકણી, શાકણી, વેતાલણીની વસ્તી છે, તેમાં મણિઓનો પ્રકાશ છે.

(૭) **પાતાલલોક :** તેમાં કુહક, તક્ષક, કાલીય, સુષેણ, વાસુકિ, શંખ, કુલિક, મહાશંખ આદિ મહાસર્પો રહે છે. આ પાતાળ લોકના પરમાત્મા અનંત નામના શેષનારાયણ ભગવાન છે. મણિઓનો પ્રકાશ છે.

આ પ્રમાણે ચૌદ લોકનું એક બ્રહ્માંડ થયું, તે આ બ્રહ્માંડની ચારે તરફ દશ દિશાઓમાં ''આઠ આવરણ'' છે.

આઠ આવરણનું વર્ણન (આવરણ લોક)

(૧) **પૃથ્વી :** આ બ્રહ્માંડ પૃથ્વીનું તેથી પ્રથમ આવરણ ૫,૦૦૦૦૦૦૦૦ પચાસ કરોડ યોજન પૃથ્વીનું પીઠ છે, તે ચૌદ ભુવનને વીંટીને રહ્યું છે, તેના દેવતા બ્રહ્મા છે, પૃથ્વીના આવરણમાં (૧) શુકલ (૨) નીલ (૩) પીત (૪) રક્ત (૫) હરિત (૬) કપીશ (૭) ચિત્ર આ સાત રંગો છે, તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ ગુણો છે, આ પૃથ્વીનો ગોળ ચંદ્રની માફક પ્રકાશે છે.

(૨) **જળ :** પૃથ્વીના આવરણ ઉપર બીજું મહાજળનું આવરણ છે તે પૃથ્વીના ચારે તરફ વીંટાયેલું છે, તે પૃથ્વીથી દસગણું અધિક પાંચ અબજ ૫૦૦૦૦૦૦૦૦૦ યોજનનું વિશાળ છે, તેમાં ''શુકલરંગ તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, આ ચાર ગુણો છે, તેના વિષ્ણુદેવતા છે.

(૩) **તેજ :** ત્રીજું તેજનું આવરણ છે. તે જળના આવરણથી દસગણું અધિકપચાસ અબજ ૫૦૦૦૦૦૦૦૦૦૦ યોજનના વિસ્તારવાળું છે. તેમાં ભાસ્વર શુકલ રંગ છે. શબ્દ, સ્પર્શ, રૂપ આ ત્રણ ગુણો છે, તેમાં રુદ્ર દેવતા છે.

(૪) **વાયુ :** તે તેજના આવરણથી દસગણું અધિક પાંચ વૃંદ ૫૦૦૦૦૦૦૦૦૦૦ યોજનના વિસ્તારવાળું, તેમાં શબ્દ, સ્પર્શ આ બે ગુણો છે.

(૫) **આકાશ :** વાયુના આવરણથી દશગણું અધિક પચાસ વૃંદ ૫૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનના વિસ્તારવાળું છે, તેમાં ''શબ્દ'' આ એક જ ગુણ છે.

(૬) **અહંકાર :** આકાશના આવરણથી દસગણું અધિક પાંચ ખર્વ ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનાનું વિસ્તારવાળું છે, તે અહંકારના આવરણને મનનું આવરણ પણ કહેવાય છે, તથા મહા ''તમ'' રૂપ પ્રાકૃત કહેવાય છે, તે મહામાયાના મહાવિકરાળ સંસર્ગો છે, તથા અનેક માયાના વિસ્ફુલ્લિંગો દેખાય છે, તેનો અભિમાન ગુણ છે, સત્ત્વ, રજ, તમ આ ત્રણ ગુણો છે, તેમાં તમોગુણ વિશેષ હોવાથી મૂઢતારૂપ છે.

(૭) **બુદ્ધિ :** અંહકારના આવરણથી દસગણુ પચાસ ખર્વ ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનના વિસ્તારવાળું છે. તે અહંકારના આવરણને મહતતત્વ નામથી કહેવાય છે. તેમાં મહામાયાના અનેક નાદ વિકરાળ પડછંદાઓ થાય છે, તથા ભયંકર દશ્યો દેખાય છે, તેમાં અધ્યવસાય નિશ્ચય ગુણ છે, તથા સત્ત્વ, રજ, તમ એ ત્રણે ગુણ છે. સત્ત્વગુણ વિશેષ હોવાથી સત્ત્વગુણથી પ્રકાશમાન છે.

(૮) **પ્રકૃતિ :** બુદ્ધિ મહત્ત્વની આવરણથી દસગણું પાંચ નિખર્વ ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજના વિસ્તારવાળું છે, આ આવરણનું બીજું નામ ત્રિગુણાત્મક પ્રકૃતિ કહેવાય છે. તથા ગાઢત્તમ કહેવાય છે, તથા મહાઅંધકારમય કહેવાય છે તેનું સ્વરૂપ ધુમાડા જેવું મહાઘોર અંધકારમય છે. કાચોપોચો સમાધિવાળો આ આવરણમાં માયાના મહાવિકરાળ દેખાવોથી જો ડરી જાય છે તો તે પાછો શરીરમાં આવી શકતો નથી, તેમ આગળ પણ જઈ શકતો નથી. પુરૂષોત્તમ પરબ્રહ્માની ઉપાસના હોય તેવા યોગીને ધ્યાન કરેલી ભગવાનની મૂર્તિનું જયારે દર્શન થાય છે, તે મૂર્તિના પ્રકાશના આધારે આઠ આવરણ ભેદીને તેની પાર પડેલા ચિદાકાશમાં પહોંચે છે. ત્યાર પછી તેને પાછો પાડવાનો ભય રહેતો નથી. આ પ્રકૃતિનાં આવરણોને 'પ્રકૃતિ'નો લોક કહેવાય છે.

❖❖❖❖❖

પ્રથમ મુક્તિવ્યવસ્થા
"પ્રથમમુક્તિ - પ્રકૃતિ આવરણાકાશ"

પ્રકૃતિના આઠમા આવરણને માયાનું ધામ કહેવાય છે. પ્રથમ પહેલું મોક્ષનું સ્થાન છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ પાંચ ભૂતમય શરીરને આત્મા માનીને પાંચ ભૂતોની ઉપાસના કરનારા મહાનાસ્તિકો વિરોચનઋષિના ચેલાઓ, બૃહસ્પતિના શિષ્યો ચાર્વાક સંપ્રદાયવાલા લોકાયતિકો તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધએ પાંચ તન્માત્રાને આત્મા માનનારા ચાર્વાક મતવાલા અધમ નાસ્તિકો તથા પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન એ પાંચ પ્રાણને જ આત્મા માનીને પ્રાણની ઉપાસના કરનારા હિરણ્યગર્ભના ઉપાસક મૂઢ નાસ્તિકો તથા દશ ઈન્દ્રિયાને આત્મા માનીને તેની ઉપાસના કરનારા ઘોર નાસ્તિકો તથા મનને આત્મા પરમાત્મારૂપ માનીને મનની ઉપાસના કરનારા 'બેહદ નાસ્તિકો' તથા અહંકારને તથા બુદ્ધિને આલય વિજ્ઞાન તથા પ્રવૃત્તિ વિજ્ઞાનને આત્મા પરમાત્મારૂપ માનીને અહંકાર બુદ્ધિની અને ક્ષણિકવિજ્ઞાનની ઉપાસના કરનારા (૧) વૈભાવિક (૨) સોત્રાન્તિક (૩) યોગાચાર (૪) માધ્યમિક આ ચાર પ્રકારના બૌદ્ધો તેમાં સર્વ શૂન્યવાદી માધ્યમિક બોદ્ધો, તથા બ્રાહ્ય શૂન્યવાદી, યોગાચાર બૌદ્ધો તથા બાહ્યાર્થનુમેયવાદી સૌત્રાન્તિક બૌદ્ધો તથા બાહ્યાર્થ પ્રત્યક્ષવાદી વૈભાષિક બૌદ્ધો, તે સર્વ ગૌતમબુદ્ધના શિષ્યો જેઓ 'બોધીન્દ્ર' બોધીલોક' આમલોક કહેવાય છે, તેઓ તથા 'પારશી સંપ્રદાયવાળા 'અગ્યારી' ઉપાસક, જળ, સૂર્ય, અગ્નિની ઉપાસના કરનારાઓ તથા જાતપથીઆ જાતપાંતતોડક' અજાતસાગર ગ્રંથને માનનારા નાસ્તિકો, એ સર્વે જેટલા ગણાવ્યા તે બધાય આઠમા આવરણ રૂપ' પ્રકૃતિના આવરણના લય પામે છે, આ ઉપર ગણાવ્યા તેઓ મહામાયામાં અનેક સર્ગ પર્યન્ત લય પામે છે.

પ્રકૃતિલય એટલે ઈશ્વરકોટીના એક દેશી પ્રાણીઓ, મુલ પ્રકૃતિ અથવા મહત્તત્વ અહંકાર પંચતન્માત્રા તેમાંથી કોઈ એકને આત્મા માનીને તેની ઉપાસનાથી તથા માયિક સુખોની વાસનાથી વાસિત અંતઃકરણવાળાઓ ષાટકૌશિક શરીરનો ત્યાગ કર્યા પછી બ્રહ્માંડ ભેદીને બાહેર મૂલ પ્રકૃતિમાં અથવા મહત્તત્વમાં અહંકારમાં પંચતન્માત્રામાં જેમાં તેમાં ઉપાસના તેમાં તેમાં લીન થયા થકી ચિત્તમાં વૈવલ્યપટ્ટની સમાન અસમ્પ્રજ્ઞાત સમાધિને અનુભવ કરે છે. તેનો અવધિ વાયુપુરાણમાં નીચે પ્રમાણે કહ્યો છે.

દેહને આત્મા માનનારાઓ સો મનુ સુધી, તન્માત્રાઓને આત્મા માનનારાઓ બસો મનુ સુધી, પ્રાણોને આત્મા માનનારાઓ પાંચસો મનુઓ સુધી, મનને આત્મા માનનારાઓ આઠસો મનુ સુધી, ચિત્તને આત્મા માનનારાઓ નવસો મનુઓ સુધી,

અહંકારને આત્મા માનીને ઉપાસના કરનારા સહસ્ત્ર મન્વન્તર સુધી અભિમાનમાં લય પામે છે. બુદ્ધિને આત્મા માનીને બુદ્ધિની ઉપાસના કરનારા દશ હજાર મન્વન્તર સુધી બુદ્ધેમાં લય પામે છે. અવ્યક્ત પ્રકૃતિની ઉપાસના કરનારઓ એક લક્ષ મન્વન્તર સુધી પ્રકૃતિમાં લય પામે છે અને નિર્ગુણ એવા પરમાત્મા પુરૂષોત્તમની ઉપાસના કરનારાઓ કાળની સંખ્યા રહિત પરમાનન્દરૂપ મોક્ષને ભોગવે છે. બ્રહ્મા વિદેહીઓ તથા પ્રકૃતિલય વાળાઓને અસમ્પ્રજ્ઞાત સમાધિ થાય છે. પરન્તુ ભવપ્રત્યક્ષ-સંસારનું ભ્રમણ તેમને રહે છે વળી આકાશને જ નિરાકાર સ્વરૂપ માનીને ઉપાસના કરનારા ''આકાશ મુખિયા સંપ્રદાયવાળા'' નો પાંચ ભૂતમાં લય થાય છે.

❖❖❖❖❖

द्वितीय मुक्तिव्यवस्था

''आलोकाकाश''

આઠમાં આવરણની ચારે તરફ વિંટાએલો 'ચિદાકાશ' તેને 'આલોકાકાશ' તથા વિરાટ પુરૂષનો લોક કહેવાય છે. વિરાટ પુરૂષનો ચિદાકાશલોક, આઠમા આવરણથી દશગણો અધિક વિસ્તારમાં પચાસ નિખર્વ ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનનો છે. વિરાટ પુરૂષના લોકને આ આલોકાકાશનું એ જ તત્ત્વ કહેવાય છે.

વિરાટ સ્વરૂપથી વિંટાએલા અષ્ટ આવરણ સહિત ગોળાને બ્રહ્માંડ કહેવાય છે, તે બ્રહ્માંડ વિરાટ સ્વરૂપથી ઉત્પન્ન થાય છે. માટે વિરાટ સ્વરૂપ બ્રહ્માંડનું કારણ છે તથા વ્યાપક છે તેથી આ બ્રહ્માંડ વિરાટ સ્વરૂપ અંશરૂપ છે, વિરાટ સ્વરૂપનો લોક તે જ ચિદાકાશ તથા આલોકાકાશ કહેવાય છે, તેમાં મૂર્તિમાન વિરાટ સ્વરૂપ છે, તેમની નાભિમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા થકા બ્રહ્માંડની રક્ષા કરે છે.

વિરાટ સ્વરૂપનાં વર્ણન વિષે પુરૂષ સૂક્તમાં કહ્યુ છે કે,

''सहस्त्रशीर्षा पुरुषः सहस्त्राक्षः सहस्त्रपात्''

''ततो विराऽजायत विराजो अधिपुरुषः''

હજાર મસ્તકવાળા તથા હજાર નેત્રવાળા તથા હજાર ચરણોવાળા એવા જે મહાવિષ્ણુ તે થકી વિરાટ પુરૂષ ઉત્પન્ન થાય છે. મહાવિષ્ણુનું સ્થુલ શરીર (વિરાટ સ્વરૂપ) કહેવાય છે.

કોઈ દસ ઈન્દ્રિયો તથા દેવતા, ચાર અંતઃકરણ તથા દેવતા, ચાર અંતઃકરણ તથા દેવતા, પંચતન્માત્રા એ સર્વે મળીને વિરાટસ્વરૂપ થયેલું છે એમ પણ માને છે, સંસાર પ્રાણીને જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ તુર્યા એ ચાર અવસ્થાઓ છે, તે વિરાટ સ્વરૂપની વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ, પરા આવી ચાર અવસ્થાઓનું કાર્ય છે એ મહા વિષ્ણુના (૧) વિરાટ (૨) સૂત્રાત્મા (૩) અવ્યાકૃત (૪) મહાકારણ એ ચાર શરીરો છે, જેને આ લોકમાં ક્રમથી સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ શરીર કહેવાય છે. તે મહાવિષ્ણુનું સ્થૂલ શરીર વિરાટ સ્વરૂપ છે.

તે વિરાટ સ્વરૂપનાં અનેક નામ છે. વિગત-વિરાટ-નારાયણ, સ્વર્ણવર્ણ પુરૂષ, સહસ્ત્રશીર્ષા પુરૂષ, સહસ્ત્રાક્ષ પુરૂષ, હિરણ્ય પુરૂષ, સુર્વણવર્ણ પુરૂષ, વિરાટ નારાયણ, બ્રહ્મભૂતિ, અનંત ભગવાન અલક્ષ્ય પુરૂષ, અનામય સ્વરૂપ ઈત્યાદિ નામથી વિરાટ નારાયણની ઉપાસના કરનારા બ્રહ્મા આદિક દેવતાઓ તથા 'બ્રહ્મભૂતિ' સંપ્રદાયવાળાઓ, તથા અનંત ભગવાનની ઉપાસના કરનારા 'અનંત' સંપ્રદાયવાળાઓ તથા અલક્ષ પુરૂષની ઉપાસના કરનારા 'અલેખી' સંપ્રદાયવાળાઓ તથા અનામય નામથી અનામય પુરૂષની ઉપાસના કરનારા 'અનામયપંથી' સંપ્રદાયવાળાઓ આ વિરાટ સ્વરૂપને તે તે ઈષ્ટદેવ સ્વરૂપે દેખતા થકા ચિદાકાશમાં જાય છે.

તથા જૈન સંપ્રદાયવાળા 'આદિનાથ' છે. ઉત્પત્તિ જેમની એવા જૈનો અર્હત્ દેવતાને માનનારાઓ તથા તીર્થકરોને માનનારાઓ વિરાટ પુરૂષનો જે 'આલોકાકાશ' રૂપી લોક, તેમાં જાય છે અને તેઓ વિરાટ સ્વરૂપને અહંત્ દેવતાસ્વરૂપ દેખે છે. તેથી તે તેમનું મોક્ષસ્થાન છે તથા ચોવીસ તીર્થકરોને ભગવાનના પાર્ષદરૂપે માને છે તે વિરાટ સ્વરૂપ છે તે જૈન સંપ્રદાયવાળા ભક્તોને તીર્થકર રૂપે દર્શન આપે છે એ (૨૪) ચોવીસ તીર્થકરોના નામ અત્રે જણાવ્યાં છે.

(૧) ઋષભનાથજી અથવા આદિનાથ (૨) આજિતનાથજી (૩) સંભવનાથઝજી (૪) અભિનંદજી (૫) સુમતિનાથજી (૬) પદ્મપ્રભુજી (૭) સુપારસનાથજી (૮) ચંદ્રપ્રભુજી (૯) સુવિદાનાથજી (૧૦) શીતલનાથજી (૧૧) શ્રેયાંસનાથજી (૧૨) વાસુપૂજજી (૧૩) વિમલનાથજી (૧૪) અનંતનાથજી (૧૫) ધર્મનાથજી (૧૬) શાંતિનાથજી (૧૭) કંથુનાથજી (૧૮) અર્હન્નાથજી (૧૯) મલ્લિનાથજી (૨૦) મુનિસુવ્રતજી (૨૧) નેમીનાથજી (૨૨) નેમનાથજી (૨૩) પારસનાથજી (૨૪) મહાવીરસ્વામી આ ચોવીસ તીર્થકરો પૂજનારા તથા અર્હત્ દેવતાને માનનારા વિરાટ લોકમાં જાય છે.

શ્વેતામ્બરી તથા દિગમ્બરી તથા ધરમદાસના ચેલા ઢુંઢિયાપંથી તેરાપંથી વીસાપંથીઓ તેજ તીર્થકરોને પૂંજી માનીને અર્હત્ દેવતાની ઉપાસના કરતા થકા 'આલોકાકાશ' માં જાય છે તથા વેદને અને વેદના વક્તા ઈશ્વરને નારાયણરૂપે ભજન કરીને વેદનારાયણની ઉપાસના કરનારા 'વેદનારાયણી' સંપ્રદાયવાળા વિરાટ પુરૂષના લોકમાં જાય છે.

❖❖❖❖❖

तृतीय मुक्तिव्यवस्था

"निराकार चिन्मयाकाश"

'આલોકાકાશ' લોકથી દશગણું અધિક ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ પાંચ શંખ યોજનનું વિસ્તૃત છે. તેને 'નિરાકાર ચિન્મયાકાશ' કહેવાય છે. તે 'આલોકકાશને વ્યાપક વીંટીને ચોતરફ રહેલું છે તેને જ મહાવિષ્ણુનું સૂત્રાત્મા સૂક્ષ્મશરીર કહેવાય છે. તે મહાવિષ્ણુથી ઉત્પન્ન થયેલા નાદથી વ્યાપ્ત છે, તથા તેમના અહંકારાત્મક નાદરૂપ ધ્વનિથી ગર્જાયમાન, શબ્દાયમાન, મધુરા સ્વરાયમાન વિશાળ શિવલિંગાકાર જ્યોતિ છે. તે પાસે અહંકાર પુરુષ તથા પંચમુખી સ્ત્રી મૂર્તિમાન છે, તે પુરુષ તથા સ્ત્રીની સેવામાં અનેક ઐશ્વર્ય, પરાક્રમ તથા શક્તિઓ રહેલી છે, તથા ગાયત્રી તથા ચાર વેદ મૂર્તિમાન 'લિંગ'ની વંદના કરે છે, તે અહંકાર પુરુષથી સેવાયેલા શિવલિંગને વોયાકરણીલોક વાક્યપદીય દર્શનવાદી શબ્દબ્રહ્મને બ્રહ્મ કહે છે. તથા તેની ઉપાસના કરે છે.

તથા પ્રણવ બ્રહ્મવાદી 'આર્ય સમાજ' દયાનંદના ચેલા વેદવાદી, જેને પ્રણવબ્રહ્મ કહે છે તથા ઓંકાર રુપ કહે છે, પ્રણવ કહે છે, ને તેજ કહે છે. તેથી તે આર્યસમાજી તથા વૈયાકરણીઓનું મોક્ષસ્થાન છે, તથા તે ''લિંગ'' ને મૃત્યુંજય શિવ કહે છે. તેને જ મહાશિવ કહે છે તથા બ્રહ્મશિવ, સદાશિવ, ભોળનાથ, મહાદેવ, ઉમાપતિ, ઈશાનેશ્વર, શંભુ, પિનાકી, ત્રિલોચન, શિવ, વિરૂપાક્ષા, ધૂર્જટિ, ગિરિશ, અનન્ત, એકનેત્ર, એકરુદ્ર, મહારુદ્ર, આદિક ઘણાજ નામથી તેની ઉપાસના કરે છે, તેથીતેજ શિવ, બ્રહ્માંડ, બ્રહ્માંડવાસી, નન્દીશ્વર મહાદેવ કહેવાય છે.

તેને જ 'શેવમતવાદી' વ્યાપક બ્રહ્મ કહે છે, તથા પશુપતિ કહે છે, તથા 'નિકુલીશ' કહે છે, 'મહશ્વર' કહે છે તથા સિદ્ધેશ્વર, સોમનાથ, વિશ્વનાથ, ત્ર્યમ્બકેશ્વર, ત્રિશૂલપતિ તથા ભૈરવેશ્વર કહે છે તથા 'પ્રત્યભિજ્ઞા' દર્શનવાદી શિવ તથા આભજીવ કહે છે, તથા 'રસેશ્વર દર્શનવાદી' માહેશ્વર લોકો શિવને 'રસેશ્વર' રૂપે ભજે છે, તથા તેને ચિન્મયપુરુષ

તથા મહદ્ બ્રહ્મ કહે છે તથા મહાનાદ કહે છે તથા નિરંજન નિર્ગુણબ્રહ્મ કહે છે. તેને કોઈ નિરાકારબ્રહ્મ કહે છે તથા શૂન્યમયબ્રહ્મ કહે છે, તથા તે શિવત્રિગુણનું મૂળ સ્થાન છે.

શ્રી શંકરાચાર્યના અનુયાયી દશનામી સંન્યાસીઓ શંકરાચાર્યને શંકરનો અવતાર માને છે અને શંકરજી સ્વયં ''બ્રહ્મ'' છે માટે શંકરજીની બ્રહ્મરૂપે ઉપાસના કરનારા એવા દશનામી (૧) સુરેશ્વરાચાર્ય (૨) સર્વજ્ઞાત્મા (૩) અસોવમાં (૪) વિમલાદિત્ય એ ચાર આચાર્યના સરસ્વતી, ભારતી, પુરી, તીર્થ, આશ્રમ, ગિરિ, પર્વત, સાગર, વન, અરણ્ય, એવાં છે નામ અંતે જેના એવા દરેક (૧) નિર્વાણી (૨) નિરંજની (૩) અટલ (૪) અભોરી (૫) જૂના (૬) આનંદ (૭) અગન (૮) ભૂતનાથ આદિક અખાડાઓમાં રહેનારા સંન્યાસીઓનું વ્યાપક નિર્ગુણ બ્રહ્મ શિવની ઉપાસના કરનારાઓ વેદ પૂજનારા, બહુદક સંન્યાસીઓનું તથા પ્રણવ જપનારા પરમહંસ સંન્યાસીઓનું તથા ઓમ શિવોઽહમ્ એ જાપ જપનારા અદ્વૈતવાદી વેદન્તીઓનું તે મોક્ષસ્થાન છે.

તથા ગૌણ દશનામીમાંથી ફાંટા પડેલા એવા પરમાનંદી, ઓંકારો, રામચૂલા, ગંગાચકી, નિરંજનચોક, યમુનાકડાઈ, ગોફણગુરુ આદિકોને માનનારા નિરંજનીઆ સંપ્રદાયવાળા જીહાકુપર્વત પર ''કાલાનલ' ના ચેલા શિવના પૂજકનું તે મોક્ષસ્થાન છે તથા વિષ્ણુને શિવનો અવતાર માનીને ભજનારા લક્ષ્મ્યાચાર્ય, હસ્તામલકનું તે મોક્ષસ્થાન છે થતા સૂર્યને શિવનું સ્વરૂપ માનીને ભજનારા 'દિવાકરાચાર્ય' એમ સૂર્યમતવાદીઓનું તે મોક્ષસ્થાન છે.

તથા કર્ણાટક દેશમાં 'જંગમમત' સંપ્રદાયવાળા પોતાના સંપ્રદાયના આચાર્ય 'લિંગાયત જંગમ'ને તથા 'અનંત જંગમમ્ને શિવજીનો અવતાર માનીને તેને પૂજનારા ચાર સંપ્રદાયો જે-

(૧) શીલ જંગમ (૨) મૂલ જંગમ (૩) ડેરુ જંગમ (૪) લિંગાયત જંગમ તે ચાર, શિવ તથા હિંગલાજદેવીને તથા દત્તાત્રેયને માનનારા એવા જંગમવાડી વાળાઓની મુક્તિનું આ સ્થાન છે, તથા લિંગાયત સંપ્રદાયવાળા લિંગપૂજક શિવમતવાદીઓનું આ મોક્ષસ્થાન છે. પ્રત્યભિજ્ઞા દર્શનવાળા શિવઉપાસકોનું તે મોક્ષસ્થાન છે. રસેશ્વર દર્શનવાદી 'પારા'ને રસ માનીને તેના સેવનથી શરીરને તેજસ્વી રાખીને 'પારા'ને શિવરૂપ માનીને શિવની ઉપાસના કરનારાઓનું તે મોક્ષસ્થાન છે.

તથા નારાયણ ભગવાનને શિવનો અવતાર માનીને નારાયણરૂપ શિવની ઉપાસના કરનારા શિવનારાયણી સંપ્રદાયવાળાનું તે મોક્ષસ્થાન છે તથા મલ્લિકાર્જુન શિવના શૈવમતવાદી સંપ્રદાયવાળાનું તે મોક્ષસ્થાન છે, તતા અહં બ્રહ્માઽસ્મિ આપોઆપ પોતાને

ભગવાન નિર્ગુણ બ્રહ્મ માનનારા બાવે બાબાનામદેવ સંપ્રદાયવાળાઓનું આ મોક્ષસ્થાન છે. નિર્ગુણ ભગવાનની ઉપાસના કરનારા ભાભારામ સંપ્રદાયના અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે તથા ગુજરાતમાં નિરાકાર ભગવાન માનનારા નિરાંત પાટીદારના શિષ્યોનું તે મોક્ષસ્થાન છે.

નિરાકાર ભગવાનને માનીને સૂર્યને પૂજનારા કૂંભિપંથીઆ સંપ્રદાયના અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે, તથા નિર્ગુણ મોહનના ઉપાસક ગુરુને સત્ય માનનારા જગમોહનીમત સંપ્રદાયવાળાઓ તે મોક્ષસ્થાન છે, તથા વેદને માનીને નિર્ગુણ પરમાત્માની ઉપાસના કરનારા સત્યસમાજ સંપ્રદાયવાળાનું તે મોક્ષસ્થાન છે, તથા ઓમ નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનારા ખસાપંથીઆ સંપ્રદાયવાળાનું મોક્ષસ્થાન છે.

આ ધામમાં અવધૂત નાગા સંન્યાસીઓ શિવની ઉપાસના કરીને શિવને પામે છે તે અવધૂતોના ભેદ (૧) બ્રહ્મઅવધૂત (૨) શિવઅવધૂત (૩) ભગવત અવધૂત (૪) હંસઅવધૂત (૫) દંગલી ગોંસાઈ, સુખડ, રૂખડ, ઊધડ, ભૂખડ, કુકડ, ધુકડ આદિક અવધૂતો અવધૂત. શિવની ઉપાસના કરવાથી તેઓ શિવને અવધૂતરૂપે મોક્ષદશામાં પામે છે, તથા તપસી, ઊર્ધ્વબાહુ, આકાશમુખી, ડાંડીશ્વરી, પંચધુનીઆ, મૌની, જલસેજી, ધરધારા, કડાલિંગી, ફલભોજ, અલુણીઆ આદિક તપસ્વી અવધૂત સંન્યાસીઓ અવધૂત શિવની ઉપાસનાથી આ મોક્ષસ્થાનમાં અવધૂત શિવને પામે છે.

આ નિરાકાર ચિન્મયાપ્રકાશનો ચોથો ભાગ એક 'યમદ્વીપ' છે, જેને શાસ્ત્રોમાં યમપુરી કહે છે. આ ચૈતન્યલોક હોવા છતાં પંચમુખી સ્ત્રી તથા કાળ પુરુષના પ્રભાવથી ચૈતન્યાંશ આચ્છાદિત રહીને પાપીઓને દંડ દેવાનું યમપુરસ્થાન કહેવાય છે.

એ શંકર શિવલિંગની સેવામાં રહેલી પંચમુખી સ્ત્રીને અનેક સ્વરૂપથી શાસ્ત્રમાં વર્ણવેલી છે, તેને પાર્વતી કહે છે પોતે સ્વયંશાંત છે તથા સત્ત્વગુણમય સ્વભાવ ઉજ્જવલ સ્વરૂપથી શિવસ્વરૂપને ધારી રહેલ છે. તે પાર્વતી હજારો શક્તિઓથી સેવાયેલાં છે. ઘણા મતપંથિયો તે તે શક્તિઓને પાર્વતીનું સ્વરૂપ માનીને તે તે દેવીની ઉપાસના કરે છે.

આ પંચમુખી સ્ત્રી જે તે ભૈરવી, ચંડી, અન્નપૂર્ણા, દુર્ગા, યોગિની, બ્રહ્મચારિણી, સરસ્વતી, ભદ્રેશ્વરી, શાકતેશ્વરી, વીરેશ્વરી, યોગીશ્વરી, ઉમા પાર્વતી, ગૌરી, અંબાજી, હિંગલાજ, વિન્ધ્યેશ્વરી, ભૂતેશ્વરી ભુવનેશ્વરી આદિક અનેક નામથી સંસારમાં પ્રસિધ્ધ છે. તે દેવી તમોગુમી સ્વરૂપોથી માંસ-માદ્યદિકના ભોગ ગ્રહણ કરે છે. તથા અહંકાર પુરૂષ છે. તે પણ યમપુરૂષ તથા કાળપુરૂષ કહેવાય છે. તે તમોગુણના સ્વરૂપોથી પોતાના સેવક તથા શિવના ગણ એવા ભૂત ભૈરવાદિક દ્વારા માંસમદિરાનો ભોગ કરે છે, અને

રજોગુણના સ્વરૂપથી પોતાના ગુણો દ્વારા યમપુરીમાં માંસદિક પંચમકારના સેવનારાઓને કર્મફળ આપે છે.

તે દૈવી અને કાળપુરૂષને ઈષ્ટદેવ માનીને શિવલિંગની ઉપાસના કરતા થકા મદિરાદિકના સેવન કરનારા એવા વામમારગમાં રહેલા પંચ મકારીઓ ૧ મદ્ય (દારૂ) ૨ માંસ ૩ મચ્છ ૪ મૈથુન ૫ મુદ્રા એટલે ભગલિંગાકારના મિષ્ઠાન્ન એ પાંચ મકારને ભોગવનારાઓ તથા શિવાડહમ્, ભૈરવોડહમ્, પાર્વત્યહમ્ ઈત્યાદિક મન્તવ્ય રાખનારા આદિ બીજમારગી તથા મધ્ય બીજમારગી તથા ભૈરવીચક્ર કરીને શિવને ભોગ ચડાવનારાઓ, તથા વીર્યનું પાન કરનાર ચેલીપંથી વામાચારો, તથા શક્તિપંથીઓ શક્તિ ઈશાના શિવદેવી, કાલિ, તારા, ઉમા, દુર્ગા ભવાની સતી અન્નપૂર્ણા ભગવતી, ભુવનેશ્વરી, વાઘેશ્વરી આદિકને શક્તિ માનીને તેને માંસ, મદ્ય (દારૂ) આદિકના ધરાવનારા એવા પદ્માચાર, વીરાચાર, વેદાચાર, વૈષ્ણવાચાર, શિવાચાર, દશનાચાર, વામાચાર, સિદ્ધાન્તાચાર, કોલાચાર, દેવીપૂજામત એટલા ભેદના જે શક્તિપંથીઓ તેઓ સર્વે મરણ પામ્યા પછી કાળપુરૂષ તથા યમપુરૂષથી દૂતો દ્વારા દોરાયા થકી તે લોકમાં કર્મફળને ભોગવે છે.

તથા શક્તવરીકરીમત પંથના શક્તિ ઉપાસકો, ઈન્દુ સંપ્રદાયવાળા, ઈન્દુ તથા મહાકાલીના ઉપાસકો, તથા કર્ણાટક દેશમાં ભૈરવમત પંથના મંત્ર તંત્રવાળા ઓઘડ અઘોરી ભૂતપ્રેતના માનનારા અને શિવની ઉપાસના કરનારાઓ, તથા ઉન્મત્ત ભૈરવમત્ત-વા-કિનારામીયા પંથના ભૈરવના ઉપાસકો, તથા ખપડીયા ખપરીયા, કપડીયા, આદિક શિવભૈરવના ઉપાસકો, તથા કુંડાપંથી મહાઅધમો, મરણ પામ્યા પછી તે લોકમાં જાય છે, અને ત્યાં કર્મફળ ભોગવે છે. વાંદરા, રીંછ નચાવીને ભિક્ષા માંગનારા કાલીના ઉપાસક ચંદુભાટમત સંપ્રદાયવાળાઓ તે કાળીદેવીની પ્રાપ્તિરૂપ મોક્ષસ્થાનમાં જાય છે, તથા શિવજી યોગીશ્વર છે તથા 'સિદ્ધેશ્વર' છે તે કાળપુરુષ રૂપે. સેવામાં રહેલા એવા યોગીઓ તથા સિદ્ધોને યોગાભ્યાસ તથા સિદ્ધોને યોગાભ્યાસનું ફળ આપે છે.

યોગીનાથમત સંપ્રદાયમાં થયેલા નાથ ૧ નાથ પરમહંસ યોગી, ૨ આદિનાથ, ૩ સંભરનાથ ૪ મત્સ્યેન્દ્રનાથ, ૫ ગોરખનાથ, ૬ નાથ કનીયાયોગી ૭ ગોખરૂનાથ ૮ નાથ અઘોરનાથ યોગી ૯ નાથ સિદ્ધાથકર યોગી આ બધાઓ શિવજી કાળી તથા તેના ગણો તથા હનુમાન તથા દત્તાત્રેય ભગવાનને પૂજે છે અને તેની ઉપાસના કરે છે. નેપાલમાં શંભુનાથ તથા પશુપતિનાથની ઉપાસના કરે છે. ગોરખપુરમાં ગોરખનાથ ઉપાસના કરે છે. તેના મહંત પીરલોકો શિવ ભૈરવ હનુમાનની ઉપાસના કરે છે. તેઓને મહાદેવજી પોતાના લોક કૈલાસમાં મોક્ષસ્થાન આપે છે.

યોગીનાથમત સંપ્રદાયમાં (૧૨) ભેદ છે ૧ આયીપંથી ૨ પાવપંથી ૩ હેતપંથી ૪ ગમ્યપંથી, ૫ પાગલપંથી ૬ ગોપાલપંથી, ૭ કંથડપંથી ૮ વનપંથી ૯ વૃજપંથી ૧૦ ચેલીપંથી ૧૧ રાવલપંથી ૧૨ દાસપંથી તે સર્વ ભૈરવ તથાકાળી તથા મહાદેવની મુખ્ય ઉપાસના કરે છે, ને તેમનું મોક્ષસ્થાન શિવલોક છે.

ગોખરૂનાથ યોગીના અનુયાયીઓ શિવલિંગને પામે છે. મત્સ્યેન્દ્રનાથ ભોગીહારયોગી શિવભૈરવને માને છે. કનીયાયોગી ભર્તૃહરિનો મત છે. તે યોગીશ્વર મહાદેવને માને છે તથા અઘોરપંથી, ઘોરપંથી રામપંથી, અલેખીયા, માની, ઠારેશ્વરી, ફીરાદી, દુધાધારી તે સર્વે યોગીશ્વર મહાદેવ તથા કાળીની ઉપાસના કરે છે તથા જોગણીઓ કાળીભૈરવની ઉપાસના કરે છે, તેમનું મોક્ષસ્થાન પણ તે જ છે.

"૮૪ ચોરાસી સિદ્ધોનાં નામો"

૧. ભંગસિદ્ધ	૨. સંગર	૩. સંઘર	૪. મંધર
૫. લંઘર	૬. દંગર	૭. ઉર્મ	૮. ધૂર્મ
૯. કનીફા	૧૦. હનિપા	૧૧. લહુરૂપા	૧૨. હાજીરતન
૧૩. પુરણી	૧૪. નાસન	૧૫. બાબા બિલકી	૧૬. જાલકા
૧૭. ખિથંડા	૧૮. સુરત	૧૯. નૃત્ય	૨૦. કેવલકર્મ
૨૧. સમર્થ	૨૨. ગોંગલ	૨૩. અમરનિધ	૨૪. તહરબૈની
૨૫. રાઈઐની	૨૬. સેવલકરન	૨૭. ઓઘડ	૨૮. પર્વત પીસર
૨૯. ભર્તૃહરિ	૩૦. ભતવૈ	૩૧. કનકા	૩૨. સંતુ
૩૩. અછાદૈત	૩૪. ખલકનિધ	૩૫. પિપલકા	૩૬. સરજ
૩૭. ગિરબોધ	૩૮. સાબિસ	૩૯. કોસકરન	૪૦. ગૈલસા
૪૧. ગૈલધાર	૪૨. મુરલીસર	૪૩. ચલનિલ	૪૪. ચુનબો
૪૫. સુરઐન	૪૬. સંઘસૈન	૪૭. ગિરવર	૪૮. જોતલગન
૪૯. જોતમગન	૫૦. વિમલજ્યોતિ	૫૧. શીતલજલ	૫૨. અધરધન
૫૩. તુલસીયોગ	૫૪. પૂતપૂન	૫૫. અકાળ	૫૬. ભોલસર
૫૭. રામકુંવર	૫૮. કિશનકુંવર	૫૯. બિસનપત	૬૦. શંકરયોગ
૬૧. બ્રહ્મયોગ	૬૨. મીર હુસૈની	૬૩. મીરજંબાલ	૬૪. કંધારી
૬૫. કબવનૈન	૬૬. નવલનૈન	૬૭. સુરસતી	૬૮. ગુર્ધનસૈન
૬૯. ગુફાવાસી	૭૦. અબનાશી	૭૧. કલક સંગી	૭૨. એકસંગી
૭૩. સંભાલકા	૭૪. કર્મનાસી	૭૫. કલવિલાસી	૭૬. મૂલયંત્રી

૭૭. યોગવંતી ૭૮. યોગીરહરમ ૮૦. ક્લેસધુંખી ૮૧. બહરીમયોગી
૮૨. કંદરયોગી ૮૩. યોગવિચિત્રા ૮૪. યોગીસિદ્ધય.

આ ચોરાસી સિદ્ધો સિદ્ધેશ્વર મહાદેવ તથા સતી પાર્વતીની ઉપાસના કરે છે. તેઓના આશ્રિતોને કૈલાસની પ્રાપ્તિ થાય છે.

કૈલાસસ્થાનમાં નિરાકાર ચિન્મયાકાશ ચિદાકાશમાં જેવું મહાદેવનું સ્થાન છે તેવા જ સ્થાનોમાં મહાદેવના ગણ, તથા ભૈરવનાથ તો તે દેવતાઓ પણ પોતપોતાના ઐશ્વર્યસહિત પોતાની સ્થાનોની ઝૂંડ બાંધીને રહેલા છે. તેમાં ગણપતિનું સ્થાન છે. રિદ્ધિ-સિદ્ધિ સહિત લક્ષ-લાભથી સેવાયેલાં ગણપિતની ઉપાસના કરનારા ગણેશ પૂજામત સંપ્રદાયવાળાઓ ગણપતિના લોકને પામે છે.

કૈલાસવાસી રાજભૈરવ, પીર રૂપે આ સંસારમાં પ્રગટ થાય છે, તે પીરની ઉપાસના કરનારા એવા પિરાણામત, નવાકાકા, મતીયા પિરાણાપંથ આદિક પીરની ઉપાસના કરનારા પીરાણાઓનું તે મોસ્થાન છે, તથા ભૈરવનો અવતાર એવા મામદેપીરની ઉપાસના કરનારાઓનું તે મોક્ષસ્થાન છે. તથા મહુવાપીરનાં સ્વરૂપ બનાવીને તેને પૂજનારા મહુવામતી સમ્પ્રદાયવાલાઓનું તે મોક્ષસ્થાન છે. તે સર્વે ભૈરવના લોકને પામે છે.

ખંડોવા નામના શંકરના ગણને ખંડોવા મૂર્તિરૂપે ઉપાસના કરનારા ખંડોવા ઉપાસક જોજરીના મંદિરવાળા સંપ્રદાયના અનુયાયીઓનું તે ખંડોવા દેવસ્થલ કૈલાસ મોક્ષસ્થાન છે, તથા ભૈરવનો અવતાર એવા મામદેપીર રસુલ અલ્લાની ઉપાસના કરનારા સાંયી સંપ્રદાયવાળાઓ લાયિલાહા મુહમદ રસુલ અલ્લાના સ્વરૂપને ભૈરવના સ્થામાં મોક્ષ અવસ્થામાં પ્રાપ્ત કરે છે, તથા ખુશી વિશ્વાસીમતના ખુશી વિશ્વાસી નામના અનુયાયીઓ પીરના ઉપાસના કરીને તે ભૈરવસ્વરૂપને મોક્ષઅવસ્થામાં પ્રાપ્ત કરે છે,

તથા ગુલાબ દાસિયા સંપ્રદાયવાળાઓ ગુલાબદાસને પીરનો અવતાર માનીને ગુલાબદાસની કબરની પૂજા સેવા કરનારા છે, તેઓને ભૈરવ પીરની મોક્ષાવસ્થામાં પ્રાપ્તિ થાય છે તથા સુલતાનિયા સંપ્રદાયવાળાઓ સુલતાનને પીરનો અવતાર માને છે. તે સુલતાન પીરનું નિરાકાર ચિદાકાશમાં સખીસરોવર નામનું સ્થાન છે. તેને જ ધામ કહે છે. તેથી તે સુલતાનની પીર રૂપે સખીસરોવરમાં ઉપાસના કરનારાઓનું તે સુલતાન પીરની પ્રાપ્તિરૂપ મોક્ષસ્થાન છે.

કાળપુરૂષ તથા પંચમુખી સ્ત્રીને જડચેતની ગંથી (ગાંઠ) કહેવાય છે તથા તે પંચમુખી સ્ત્રીને શિવશક્તિ કહેવાય છે, તે શક્તિની સાથે રહેલી જે ગાયત્રી તે અથાહ શ્વેત શીતલ પ્રકાશવાલી છે. અનેક વિભૂતિઓથી યુક્ત છે તથા જ્ઞાનશક્તિને આપવા

માટે આ સંસારમાં ગાયત્રી રૂપે રહેલી છે તથા ચોવીસ હજાર શક્તિઓથી સેવાયેલી છે અને બ્રહ્મવિદ્યાથી ભરપૂર છે તથા દશ મહાવિદ્યાના વાસરૂપ છે. તે ચાર વેદને પોષણ કરી રહી છે તે ગાયત્રી મૂર્તિમાન છે તેના મંદિર, છત્રસિંહાસન તથા આભૂષણાદિક અતિ તોજમય દિવ્ય સ્ફટિક વર્ણના છે.

પંચમુખી સ્ત્રીના (૧) પહેલાં મુખમાંથી બ્રહ્મવિદ્યા પ્રગટે છે. જે ઉપનિષદ્ રૂપે સંસારમાં પ્રગટ થઈ છે. (૨) બીજા મુખમાંથી કર્મ (વ્યવહાર) વિદ્યા પ્રગટે છે, જે સંસારમાં વ્યવહાર જ્ઞાનરૂપે પ્રગટી છે. (૩) ત્રીજા મુખમાંથી અજ્ઞાન વિદ્યા પ્રગટે છે. જે સંસારમાં અજ્ઞાનરૂપે ફેલાણી છે. (૪) ચોથા મુખમાંથી ઘોર નિંદ્રા પ્રગટે છે. જે દરેક પ્રાણીમાં વ્યામ થઈ ગઈ છે. (૫) પાંચમું મુખ સ્વતંત્ર શિવજયોતિનું નિરન્તર ધ્યાન કરે છે. તે પંચમુખી સ્ત્રીના ચાર મુખમાંથી નીકળતી તે તે વિદ્યાઓમાં રાજસ, તામસ, સાત્ત્વિક એ ત્રણ ગુણવાળા પોતાના ગુણોને અનુસારે તે તે વિદ્યાઓને ગ્રહણ કરી લે છે અને તે પ્રમાણે ઉપાસના કરીને તે પંચમુખી સ્ત્રીના સ્થાનમાં મોક્ષ મેળવે છે.

❖❖❖❖❖

चतुर्थ मुक्तिव्यवस्था
"विष्णुलोक (सत्त्वस्वभावाकाश)"

આ લોક 'મહાવિષ્ણનું (અવ્યાકૃત) કારણ શરીર કહેવાય છે. તે નિરાકાર ચિન્મયાકાશ' ને ચારે તરફ વ્યાપીને રહેલું છે. 'નિરાકાર ચિન્મ્યકાશ' થી દસગણું અધિક પચાસ શંખ ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનનું વિસ્તારવાળું છે તેમાં વિષ્ણુ ભગવાનનું સૌમ્ય સ્વરૂપ બિરાજમાન છે, તે લક્ષ્મીથી સેવાયેલું છે, તે વિષ્ણઉને અવ્યાકૃતપુરૂષ કહેવાય છે તથા આનંદકાળ કહેવાય છે તથા પ્રત્યભિમાની કહેવાય છે તથા તે નિજનારાયણ કહેવાય છે તથા વિષ્ણુબ્રહ્મ કહેવાય છે તથા અનીહબ્રહ્મ કહેવાય તથા 'ખુદામાસુસ' કહેવાય છે.

તે આ વિષ્ણુલોકમાં સાત ચૈતન્યના સરોવરો છે, એક એક સરોવર સાત સાત શંખ યોજનના વિસ્તારવાળાં છે તે સાત સરોવરમાં સાત રંગના મહાવિષ્ણુના અમૃત લોકના સાત પ્રતિબિંબો પડે છે. તેમાં આનંદમય અનંતરંગી બેરંગી તેજોમય શીતલ તરંગો ઊઠે છે તથા અનંત અમૃતમય મીઠી તાનો ઊછળે છે તથા મીઠા સ્વરોની રાગરાગિણીઓ થાય છે.

આ વિષ્ણુની સેવામાં સાત શક્તિઓ રહેલી છે.

૧. લક્ષ્મી ૨. સુમંગલા ૩. વાસ્તવિની ૪. અનિર્વચનીયા ૫. તુષ્ટિ ૬. શિવકલ્યાણી ૭. ઉનમુની (હાદા) આ એક એક શક્તિ સહિત એક એક ચૈતન્યમાં રહેલા વિષ્ણુ ભગવાન સાત સ્વરૂપે સાતે ચૈતન્યમાં રહેલા છે, તે સાત શક્તિઓ મહાપ્રબલ તથા સર્વ સંસારના પોષણરૂપ પ્રપંચરૂપ મૂળરૂપ છે તે શક્તિઓની સેવામાં બીજી કરોડો શક્તિઓ રહેલી છે.

૧. લક્ષ્મી : પ્રથમ ચૈતન્યમાં લક્ષ્મીજી સહિત વિષ્ણુ ભગવાન મૂર્તિમાન સૌમ્યમૂર્તિ, ચતુર્ભુજ, શંખ, ચક્ર, ગદા, પ્રદ્મ, મુકુટ, કૌસ્તુભવાળા આદિક આયુધ આભૂષણોથી રમણીય છે, તથા દિવ્ય હીરામણિના સિંહાસનમાં બિરાજમાન છે. તેનો અનંતગણો ઝળઝળાયમાન શીતલ પ્રકાશ પડે છે. તેવા વિષ્ણુ ભગવાનના ઉપાસક વિષ્ણુપંથી સંપ્રદાયવાળાઓને તે ભગવાનની પ્રાપ્તિ થાય છે. તથા પંઢરપુરમાં વિઠ્ઠલમત અથવા 'વૈષ્ણવવીર' સંપ્રદાયવાળા વિષ્ણુથી પ્રગટ થયા એવા પાંડુરંગ-વિઠ્ઠલ ભગવાનની ઉપાસના કરનારાઓનું તે મોક્ષસ્થાન છે, તથા વૈષ્ણવ સંપ્રદાયવાળા વિષ્ણુસ્વામી મતના અનુયાયીઓ વિષ્ણુ ભગવાનની મૂર્તિ પૂજનારાઓનું તે મોક્ષસ્થાન છે તથા હરિઘેલામત સંપ્રદાયના વિષ્ણુઉપાસકોનું તે મોક્ષસ્થાન છે તથા વિષ્ણુ ભગવાનની સમીપે સ્ત્રી-પુરૂષે મળીને નૃત્ય કરીને વણુ ભગવાનની ભક્તિ કરનારા 'સંપસંદદાયક' સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે. તથા 'સોણુભગત' નો વિષ્ણનો અવતાર માનનારા સોણપંથી સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે, તથા શાલગ્રામની પૂજાઉપાસના કરતા તથઆ 'સોહવિષ્ણુ' આ પ્રકારના જાપ જપનારા તથા વિષ્ણુને પરબ્રહ્મ માનીને ઉપાસના કરતા એવા મહાવૈષ્ણોનું તે મોક્ષસ્થાન છે. ત્યાંના મહોલમંદિર ભોગ્ય, સર્વે સામગ્રી ચૈતન્ય હિરામાણેક વગેરેની છે.

૨. બીજા ચૈતન્યમાં સુમંગલશક્તિએ સહિત વિષ્ણુ ભગવાન રહેતા થકા 'પ્રધાન પુરૂષ' કહેવાય છે. તે પ્રધાનપુરૂષ બ્રહ્માંડ સમવેત વિષ્ણુલોક સહિત ચાર મુક્તિના રાજા છે. તે પ્રધાનપુરૂષને પ્રધાન નારાયણ નામથી ઉપાસના કરનારાઓને તે લોકમાં પ્રાપ્તિ થાય છે અને તેમાં પણ ભોગવિલાસ, મહેલ, મંદિર, આદિક દિવ્ય છે.

૩. ત્રીજા ચૈતન્યમાં વાસ્તવિનીશક્તિ સહિત વિષ્ણુભગવાનને ભૂમીપુરૂષ કહેવાય છે. તેના બાગબગીચા વિભૂતિ દિવ્ય છે દિવ્ય વન છે. એ વિષ્ણુ ભગવાનની વાસ્તવિની શક્તિ યુક્ત એવા થકા ભૂમાંપુરૂષરૂપે વિહાર રે છે. આ ત્રીજી ચૈતન્યપ્રભા વિષ્ણુ ભગવાનને ખેલ ખેલવાનો બગીચો છે તે તેને વિષ્ણુની વિહારભૂમિ કહેવાય છે.

૪. ચોથા ચૈતન્યમાં અનિર્વચનીયાશક્તિ સહિત વિષ્ણુ ભગવાન શુદ્ધ સત્વમયરૂપે બિરાજમાન થકી અષ્ટભુજ, ચારમુખ, અષ્ટ ચરણવાળી આકૃતિને ધારી રહ્યા છે. ચાર હાથમાંથી ચાર આયુધને ધારી રહ્યા છે. અને પોતાના મૂળકારણ એવા જે મહાવિષ્ણુની તેની ચાર હાથથી સેવા, પૂજા તથા વંદના કરે છે. આ ચોથી ચેતન્યપ્રભા મહાવિષ્ણુનું મંદિર કહેવાય છે. તેમાં મહાવિષ્ણુની ઉપાસના કરે છે તથા ચાર મુખથી વંદના કરે છે પણ તેના વર્ણનના પારને નહિ પામતા થકા યથાર્થ વર્ણન કરી શકતા નથી તેથી આ શક્તિનું નામ અનિર્વચનીયા કહેવાય છે. આ ચોથી ચેતન્યપ્રભા મહાવિષ્ણુના પૂજનને માટે ઉપયોગી એવા ચંદન, પુષ્પ, ફલફુલાદિકના વનથી ભરપૂર છે.

૫. પાંચમાં ચૈતન્યમાં તુષ્ટિશક્તિ યુક્ત વિષ્ણુ ભગવાન નિરાકાર સ્વભાવથી બિરાજમાન છે તથા તુષ્ટાશક્તિથી નિરંતર સંતોષી એવા થકા ભોગોને ભોગ્યરૂપ ગ્રહણ કરતા નથી. તે વિષ્ણુ ભગવાનને નિરાકાર વ્યાપક સ્વરૂપે ઉપાસના કરનારાઓ નિરાકારી વૈષ્ણવોનું તે મોક્ષસ્થાન છે. તે લોકમાં વિષ્ણુ ભગવાનના ચૈતન્યમાં આનંદને પ્રાપ્ત કરનારા તે નિરાકારી ભક્તજનો વિષ્ણુના સ્વરૂપના દર્શનનો લાભ લઈ શકતા નથી તેથી તેને વિષ્ણુલોકની એકત્વ મુક્તિ પણ કહેવાય છે તે લોકમાં નિરાકાર ઝળઝળાયમાન શીતલ તેજના આનંદનો આનદ માત્ર જ છે.

૬. છઠ્ઠા ચૈતન્યમાં શિવકલ્યાણીશક્તિએ સહિત વિષ્ણુ ભગવાન સાકાર સ્વરૂપે બિરાજમાન છે, તે વિષ્ણુ ભગવાન શિવકલ્યાણી શક્તિને આધારે અનેક રૂપે ધારે છે. શિવકલ્યાણી શક્તિ કુમારિકા છે. તેની સેવામાં હજારો કુમારિકાઓ રહેલી છે ત્યાંની સર્વે વસ્તુઓ દિવ્ય છે. તે સ્થળમાં વિષ્ણુ ભગવાન ઈશાનદેવ નામે પ્રસિદ્ધ છે. તેના ઈશાનદેવરૂપે પ્રાર્થના કરી ઉપાસના કનારા અંગ્રેજ જાતિના સંપ્રદાયના અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે તથા વિષ્ણુભગવાનને ઈસામસીહ પેગમ્બરરૂપે તથા ઈશુખ્રિસ્ત (કિશ્ચિયન) રૂપે ઈસાઈ સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે. વિષ્ણુ ભગવાન ઈશુખ્રિસ્ત રૂપે તેઓને દર્શન આપે છે તથા એદન, આદમ, અબ્રામ, અબ્રાહીમ ઈશમાલ. ઈસાસઈસ્યુ. જેકોબ એ પેગમ્બરો તે વિષ્ણુ ભગવાનની સ્તૃતિ કરે છે, તે પેગમ્બરોની ઉપાસના કરનારા તે અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે. તે પેગમ્બોર તેને દર્શન આપે છે. તે ઉપર જણાવેલા પેગમ્બરો વિષ્ણુ ભગવાનને ખુદારૂપે ભજે છે. તથા કરનલ હૈનરી ઐસઅલકાટ નામથી તે વિષ્ણુ દેવતાને ભજનારા એવા થિઓસોફિકલ મતવાળાની તે મોક્ષપુરી છે. તેમાં તેઓ વિષ્ણુ ભગવાનને કરલન હૈનરી દેવતારૂપે સાક્ષાત્કાર કરે છે.

ચહુદીયા સંપ્રદાયમાં ઉત્પન્ન થયેલા મુસા પેગમ્બરને હિબ્રુજ ઈબ્રાહીમ તથા મુસામુસેસ નામથી ભજનારા યહુદીઆના અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે. તેઓને મુસારૂપ વિષ્ણુરૂપે દર્શન થાય છે. તથા 'પોપ'ના અવતાર રૂપ ઈસાને માનીને ઈસાથી અભિન્નરૂપે પોપને ભજનારા તથા 'પોપ'ના અનુયાયી એવા (૧) પ્રોસ્ટેસ્ટેન્ટલ્યુઅર મત (૨) રોમન કૈથલિક મત (૩) ગ્રીક મત, એ મતવાળા પોપસ્વરૂપે ઈસાને માનનારાઓનું તે મોક્ષસ્થાન છે, તથા ઈસાને ભજનારા વિશ્વાસી અથવા મુક્તિફોજ સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે તથા આ છઠ્ઠા ચૈતન્યને દયાળુદેશ કહેવાય છે. તે શિવકલ્યાણી શક્તિને સત્તા રાધા વિષ્ણુને શિવદયાળુરૂપે માનનારા રાધાસ્વામી સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે.

૭. સાતમાં ચૈતન્યમાં ઉનમુની (હાદા) શક્તિસહતિ વિષ્ણુ ભગવાન ખુદારૂપે બિરાજમાન છે. તે લોકને સાતમો આસમાન કહેવાય છે. તેમાં પણ કરોડો પેગમ્બર વિણુની સેવામાં રહેલા છે તથા કરોડો શક્તિઓ વિદ્યમાન ચે તે ઉનમુનાશક્તિનું બીજું નામ 'હાદાશક્તિ' છે તથા મુખ્ય મહંમદ પેગમ્બર છે. મહંમદ પેગમ્બરને વિષ્ણુ સ્વરૂપે માનીને ભજનારા (૧) અસરાફિલ ફિરસ્તે (૨) અજરાહિલ ફિરસ્તે (૩) જવરાહિલ ફિરસ્તે (૪) મેકાઈલ ફિરસ્તે આ ચાર મુખ્ય ફિરસ્તેનું તથા તેના અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે, તથા મોમેનનો અક્સનું મોક્ષસ્થાન છે. તેને સાતમો આસમાન કુરાનમાં કહેલો છે. તથા તેને મક્કા, મદીના, આરબની ભિસ્ત તથા મહંમદ પેગમ્બરની ભિસ્ત તથા મલકૂતિની ભિસ્ત કહેલી છે.

એવા એ સાતમાં આસમાનમાં એક લાખ એંસી હજાર (૧,૮૦,૦૦૦) પેગમ્બરો પેગમ દેનારો તથા હુકમ બજાવનારાઓ ચૈતન્યમય નુરાના શરીરને ધારણ કરીને નૂરના મંદિરોમાં અદ્‌ભુત અગણિત દિવ્ય વિભૂતિઓ વડે તેના માસુમ (ખુદા)ની ઉપાસના કરે છે. તે અસમાનમાં સાતમો મોક્ષ કહેવાય છે. તેમાં આરબના મક્કામદીના હુકમ ફરમાવ્યા પ્રમાણે ચાલનારાઓની પ્રાપ્તિ કહી છે. તેને જ રસુલ અલ્લાની અક્સ તથા તમામહુરમોની અક્સ તથા ખાતુનજીન્ન બીબી ફાતમાની અક્સ તથા હસનહુસૈન આદિકના નુરની અક્સ કહે છે તે સર્વે વિષ્ણુ તથા ઉનમુની શક્તિને ખુદા મહમદ તથા હાદા રૂપે ભજે છે, તેથી તેઓને સાતમાં આસમાનની પ્રાપ્તિ થયા છે.

તથા મદીના શહેરમાં 'અબદુલ અલ્લા' ખુદા પ્રગટ થયા, 'દીન ઈસલામ' નામના પેગમ્બરે આપેલા ઉપદેશને ગ્રહણ કરીને અબદુલ અલ્લારૂપે ભજનારા એવા અનેક મુસલમાની દેશો અરબસ્તાન, અફગાનિસ્તાન, તુર્કસ્તાન, બલુચિસ્તાન, સિંધ, ઈરાન, તેરાણ, કાબુલ આદિક દેશના મુસલમાનોમાં (૧૬૪) એકસો ચોસઠ સંપ્રદાયોના અનુયાયીઓનું સાતમું અસમાન મોક્ષસ્થાન છે.

તે સંપ્રદાયોના નામ :-

૧. અલબીયા, ૨. અબદીયા, ૩. સમીયા, ૪. અસહાકીયા, ૫. જબદીયા, ૬. અમામીયા, ૮. નાદશીયા, ૯. મતનાસાખીયા, ૧૦. લાઈતીયા, ૧૧. રાજીવા, ૧૨. મસ્તફીયા, ૧૩. અરજફીયા, ૧૪. રિઆસીઆ, ૧૫. તાલબીયા, ૧૬. ખાજમીયા, ૧૭. ખલીફીયા, ૧૮. કોજીયા, ૧૯. કનજીયા, ૨૦. મોતજીયા, ૨૧. મૈમુનીયા, ૨૨. મહુકમીયા, ૨૩. સરાજીયા, ૨૪. રખનીયા, ૨૫. મુજતરીયા, ૨૬. ઈસઆઈયા, ૨૭. માઅઈયા, ૨૮. તારકીયા, ૨૯. બખતીયા, ૩૦ મહીમતીયા, ૩૧. કિનાઈનીયા, ૩૨. જેનીયા ૩૩. ખોકીયા, ૩૪. ફિફરીઆ, ૩૫. જીસમીયા, ૩૬. હુજનીયા, ૩૭. કદરિયા, ૩૮. અહદીયા, ૩૯ કિઆનીયા ૪૦. સતોબીયા, ૪૧. સહતાનીયા, ૪૨. સરકીયા, ૪૩. મુબહમીયા, ૪૪. રોઈદીયા, ૪૫. નાકસીયા, ૪૬. મુતબરીયા, ૪૭. કાસતીયા, ૪૮. નિજામીયા ૪૯. મતુલકીયા, ૫૦. જહેમીયા, ૫૧. મુયતબીયા ૫૨. મતસબસીયા, ૫૩. મતરાકબીયા ૫૪. બારદીવા, ૫૫. હરકીયા, ૫૬. મખલુકીયા, ૫૭. અબરીયા, ૫૮. ફાનીયા, ૫૯. જનાદકીયા, ૬૦. ઈબરીયા, ૬૧. દાદકીયા, ૬૨. નકતીયા, ૬૩. મરજીયા, ૬૪. તાજકીયા, ૬૫. સાઈલીયા, ૬૬. રાજીયા, ૬૭. માકીયા, ૬૮. નહમીયા, ૬૯. અમલીયા, ૭૦. મનકુસીયા, ૭૧. મુસતુસીયા, ૭૨. અસુરીયા, ૭૩. સબદીયા, ૭૪. મુસતબીયા ૭૫. હસબીયા ૭૬. મનસુરીયા, ૭૭. નિઆમીયા, ૭૮. નિયારીયા, ૭૯. સાલમીયા, ૮૦. ખતાબીયા, ૮૧. મગમરીયા, ૮૨. કાસમીયા, ૮૩. કલાબીયા, ૮૪. સિસતનીયા, ૮૫. ખોરજીયા, ૮૬. અસહીજલીયા, ૮૭. તરફીયા, ૮૮. નિસારીયા, ૮૯. તમીમીયા, ૯૦. હાજમીયા, ૯૧. અજાબીયા, ૯૨. જજલીયા, ૯૩. જારોબીયા, ૯૪. મજલીયા, ૯૫. સાલીયા, ૯૬. જુરસીયા, ૯૭. હજલીયા, ૯૮. ટેરીયા, ૯૯. સુફીયા, ૧૦૦. બહાબીયા ૧૦૧. કરાસીયા, ૧૦૨. હાલીયા, ૧૦૩. બાતનીયા, ૧૦૪. અબાહીયા, ૧૦૫. બરાહમીયા, ૧૦૬. અસઅરીયા, ૧૦૭. સફીસતનીયા, ૧૦૮. ફીલાસફીયા, ૧૦૯. સમીનાયા, ૧૧૦. મહબસીયા, ૧૧૧. મદારિયા, ૧૧૨. સહરબરદીયા, ૧૧૩. કાદરીયા, ૧૧૪. ચિસતીયા, ૧૧૫. નાકુસબંદિયા, ૧૧૬. કલંદરીયા, ૧૧૭. ગલીપેગમ્બર, ૧૧૮. સદાસુહાગ, ૧૧૯. બેનવા ૧૨૦. પાકરહમાની, ૧૨૧. કરીનીયા, ૧૨૨. અજીજીયા, ૧૨૩. જલાલીયા, ૧૨૪. આલીયા, ૧૨૫. ફરનાલીયા, ૧૨૬. હસીનીયા, ૧૨૭. કરાબતીયા, ૧૨૮. મુબારકીયા, ૧૨૯. સાતમતીયા, ૧૩૦. ઈમારીયા, ૧૩૧. મખતુરીયા, ૧૩૨. મોસીયા, ૧૩૩. સિલેમાનીયા, ૧૩૪. તિબરીયા, ૧૩૫. નિપામીયા, ૧૩૬. યાકુબીયા

૧૩૭. સામરીયા, ૧૩૮. યુનાનીયા, ૧૩૯. બુખારીયા, ૧૪૦. ગીલાનીયા, ૧૪૧. સબીયા, ૧૪૨. હનીફીયા, ૧૪૩. મુઆબીયા, ૧૪૪. મુરાસીયા, ૧૪૫. જબાનીયા, ૧૪૬. રાસામીયા, ૧૪૭. સાફીયા, ૧૪૮. માલકીયા, ૧૪૯. જબોલીયા, ૧૫૦. હિંદીયા, ૧૫૧. દાઉદી બહોરા, ૧૫૨ ઈમલીપંથ, ૧૫૩. મેઘાદીયા, ૧૫૪. મોરેસંલામ, ૧૫૫. ખોજીયા, ૧૫૬. ઈસમાઈલીયા, ૧૫૭. ગોખા, ૧૫૮. પિરાણાપંથીયા, ૧૫૯. ખોજીયા, ૧૫૯. મેમનીયા, ૧૬૦. ઘાંચીયા, ૧૬૧ પીંજારીયા, ૧૬૨. સીપાઈયા, ૧૬૩. હોરિયા, ૧૬૪. સંધીયા.

એકસો ચોસઠ સંપ્રદાયોનો ખુદા એક છે પણ પેગમ્બરો અનેક છે તેથી તે સંપ્રદાયને ચલાવનારાઓને તો પેગમ્બરોને પૂજયતા પૂર્વક ખુદાને માનનારા તે સંપ્રદાયવાળાઓનો આ સાતમો મોક્ષ છે, તેવી જ રીતે અન્ય તેથી ભિન્ન એવા કેવળ ખુદાને માનનારાઓનું પણ તે જ મોક્ષસ્થાન છે. તેવા તે ધામમાં 'હાદાશક્તિ' તથા વિષ્ણુખુદાના શરીરમાંથી શીતલ તેજ લીલા રંગની રોશની (તેજ) નીકળે છે. ખુદા તખ્ત ઉપર બિરાજમાન છે તે લોકને કુરાનમાં અનંતરૂપે કહેલા છે, તેવા સાતે ચૈતન્યમાં (અસમાનમાં) જનારા મુક્તો તેતે અસમાનના અંતને લેવા સમર્થ થતા નથી. વિષ્ણુ ભગવાન તથા તેમની સાત શક્તિઓના પ્રભાવથી તે તે લોકને અનંત તથા અમાપરૂપે જ જાણવામાં આવે છે.

❖❖❖❖❖

પંચમી મુક્તિવ્યવસ્થા

"મહાવિષ્ણુ લોક (અમૃત મહાકાશ)"

આ લોક 'સત્વરસ્વભાવાકાશ' લોકનું વ્યાપક છે તેની ચારે તરફ વિંટીને રહેલું છે અને તેનાથી દશગણું અધિક પાંચ પદ્મ ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનના વિસ્તારવાળું છે તેને મહાવિષ્ણુનું ચોથું મહાકારણ શરીર કહેવાય છે. તેમાં મહાવિષ્ણુ ભગવાન મૂર્તિમાન બિરાજમાન છે, તથા લક્ષ્મીજીતી સેવાયેલા છે ત્યાંની લક્ષ્મીજીને મહાકારામાયા કહેવાય છે. તે માયા અનંતકોટિ ઐશ્વર્ય તથા શક્તિઓથી સેવાયેલી છે. મહાવિષ્ણુ ભગવાન પોતાની લક્ષ્મીજીને સહિત સંસારમાં ભગવાનના અવતારરૂપે પ્રગટ થાય છે. તે મહાવિષ્ણુસોળ કળાથી સંપૂર્ણ છે.

ત્યાંના લોકના સર્વ વિભૂતિઓ તથા સિંહાસનો, મહેલ, મંદિરો દિવ્ય છે. જેમ બીલોરી કાચની પૃથ્વી, વૃક્ષ, સમુદ્રાદિક હોય અને તેમાં સ્વર્ગવાસી તારા જેટલાં સૂર્યચંદ્ર

હોય, તેનો જ પ્રકાશ ઝળહળે તેવ ઝળઝળાયમાન પ્રકાશ તે 'અમૃત મહાકાશ' ભૂમિનો તેજ તેજનો પુંજ છે તથા સુધારસ નિર્ઝરાયમાન છે, તેવા દિવ્ય સ્થાનમાં દિવ્ય હીરામોતીથી જડાવ, વિભૂતિઓથી વિભૂષિત રમણીય મહામંડપ છે. તેમાં તેવું જ દિવ્ય સિંહાસન છે, તેમાં ભગવાન બિરાજમાન છે, ત્યાંના મુક્ત પુરૂષોના તેજોમય શરીરો છે. તેમની કિશોર અવસ્તા સદાય રહે છે તે લોકને 'સત્યસ્વરૂપ અમૃતમાયકાશ' તથા અમૃતલોક કહેવાય છે તેમાં (૨૫) પચીસ દ્વીપ છે એક એક દ્વીપ (૨૦) વીસ વીસ શંખ ૨૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનનો વિસ્તારવાળો છે.

ચોવીસ દ્વીપમાં મહાવિષ્ણુ ભગવાનના (૨૪) ચોવીસ અવતારોર સ્વરૂપે પોતપોતાની શક્તિએ સહિત બિરાજમાન છે. ભગવાનના અવતારનાં નામ તથા ધામ નીચે પ્રમાણે છે.

૧. પ્રથમ દ્વિપ ધામ 'આદિગોલોક' નામથી કહેવાય છે. આદિગોલોકમધ્યે દિવ્ય સિંહાસનમાં મહાવિષ્ણુ લક્ષ્મીજી સહિત બિરાજમાન છે તેને આદિપુરૂષ આદિનારાયણ પ્રકૃતિપુરૂષ કહેવાય છે. તેમજ એ જ સ્વરૂપને કેટલાક શ્રીકૃષ્ણરૂપે કહે છે. ગોડસંપ્રદાય મતાનુયાયીઓ કૃષ્ણ ચેતન નામના ભક્તને કૃષ્ણ ભગવાનનો અવતાર માને છે બંગાળના કૃષ્ણ ચેતન ભક્તે ચલાવેલા સંપ્રદાયમાં ઉત્પન્ન થયેલા (૧) વિશ્વરૂપ (૨) વિશ્વંભર (૩) ગૌરાંગહરિ (૪) શંકરિન આલોકો ગૌરાંગને શ્રીકૃષ્ણનો અવતાર માને છે તેની ઉપાસના કરનારોઓનું તે મોક્ષસ્થાન છે.

(૧) રૂપ (૨) સનાતન (૩) જીવ (૪) રઘુનાથભટ્ટ (૫) રઘુરામદાસ (૬) ગોપાલભટ્ટ એ છ ગૌસાંઈઓ તથા શ્રીનિવાસ, શ્રીસ્વરૂપ, ગદાધર, હરિદાસએ અનુયાયીઓ ગોવિંદ ભગવાનને તથા મદનમોહન ભગવાનને તથા દામોદર ભગવાનને તથા રાધારમણ ભગવાનને ઉપાસ્યપણે ભજે છે, તથા મહાપ્રભુ નામના ભક્તને કૃષ્ણરૂપે ભજે છે, તથા ચેતનસમ્પ્રદાય, બાઉલમત્ત, ક્ષાત્રા, સહેજી, ગુરૂવાદી, દરવેશસાંઈ એ સંત્પ્રદાય શાખાના અનુયાયીઓ મહાવિષ્ણુરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને માનીને ભજે છે, તથા જે 'મહાપુરૂષમત' કૃષ્ણચેતન તથા દેવલીયા ભક્તે ચલાવેલો છે, તેના અનુયાયીઓ પણ તે સ્વરૂપને માને છે.

રામકૃષ્ણમિશનના અનુયાયીઓ રામકૃષ્ણ પરમહંસને કૃષ્ણનો અવતાર માને છે તથા સઘના પંથિયા સંપ્રદાયવાળાઓ 'સંઘના' નામના ભક્તને કૃષ્ણનો અવતાર માને છે તથા 'ગુરવાદિયા' સંપ્રદાયવાળાઓ ચેતન ભક્તને કૃષ્ણાવતાર રૂપે ભજે છે. ઉપર જણાવ્યા તે બધા સંપ્રદાયવાળાનું તે મોક્ષસ્થાન છે. ઉદાદેશમાં ઉકિયા સંપ્રદાય વાળાઓ શાલિગ્રામથી ઉત્પન્ન એવા શ્રીકૃષ્ણ ભગવાનને તથા જગન્નાથની મૂર્તિને ભજે છે. તેઓ

વિષ્ણુને માને છે. માટે તેમનું તે મોક્ષસ્થાન છે.

તેની ચાર શાખાઓ (૧) બિન્દુધારી (૨) કવિરાજ (૩) નિરહંગ (૪) કલંદી આ ચારે શાલિગ્રામ સ્વરૂપ કૃષ્ણવિષ્ણુને એકરૂપે ભજે છે, તેથી તેઓનું તે મોક્ષધામ છે, તથા 'ચૂડહપંથી' સંપ્રદાયવાળાઓ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણને 'શ્રીનાથ' સ્વરૂપે ભજે છે, તેથી તેઓનું તે મોક્ષસ્થાન છે, તથા લક્ષ્મીપતિ શ્રી હરિ નામે ઉપાસના કરનારા હરિશ્ચંદ્ર પાદુમ સંપ્રદાયના અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે, તથા તે જ કૃષ્ણનું શ્રી હરિ નામથી ભજન ઉપાસના કરનારા 'શીખજીસાધુ' મતવાળાઓનું તે મોક્ષસ્થાન છે. જેઓ કૃષ્ણ ભગવાનને સજારૂપે ભજે છે તે સર્વ ભક્તજનોને રાજારૂપે વિષ્ણુભગવાન લક્ષ્મી સહિત દર્શન આપે છે, તેઓનું તે મોક્ષસ્થાન છે.

જે પરબ્રહ્મ અનાદ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન તે સ્વયં અક્ષરાતીત એવા થકા આ સંસારમાં વારંવાર અવતાર લેતા નથી, પણ મહાવિષ્ણુ લક્ષ્મીસહિત (૨૪) ચોવીશ અવતારો ધારણ કરે છે. કોઈ સમયે મહાભક્તને પોતાના ઐશ્વર્ય આપીને મોકલે છે, તે મહાવિષ્ણુની સુરતા કહેવાય છે. તે સુરતવાલા ભક્તોને ભગવાનના અવતાર કહેવામાં આવે છે, તેથીતે ભક્તરૂપ ભગવાનને ઉપાસના કરી ભજનારા ઉપર જણાવેલા દરેક સંપ્રદાયવાળાઓનું તે જ મોક્ષસ્થાન છે, તેમાં જેવી જેની ઉપાસના તેવા ભગવાનના સ્વરૂપને દેખે છે, અને ભગવાનના સુખે સુખિયા રહે છે અને તેને ભોગ વિલાસ સર્વે દિવ્ય પ્રાપ્ત થાય છે. ત્યાં દિવ્ય યમુનાજી નદીરૂપે વહે છે. બાગબગીચા, ફળનાં વન આદિક અનેક પ્રકારની વિભૂતિઓને ભક્તજનો ભોગવે છે.

૨. બીજા દ્વિપમાં મહાવિષ્ણુ તથા લક્ષ્મીજી સીતારામ ચંદ્ર સ્વરૂપે બિરાજમાન છે. તેને વૈકુંઠલોક કહેવાય છે. તે રામચન્દ્ર ભગવાનની સેવામાં હનુમાનજી તથા કપિશ્વરો આદિક કરોડો ભક્તજનો નિરન્તર હાજર રહે છે. અનંત કોટિ ઐશ્વર્યોથી સેવાયેલા ભગવા દિવ્ય મહેલમાં દિવ્ય સિંહાસનમાં બિરાજમાન થકા ભક્તનાં મંડલોથી ઘેરાયા થકા સૌમ્યસ્વરૂપનાં દર્શન આપે છે, તેમની મૂર્તિમાંથી અમૃતની શીતલ ધારાઓ ઝરે છે. પુખરાજનાં મોટા મોટા પહાડ તથા વનસ્થલીઓમાં દિવ્ય સરયૂનદી વહે છે. તેના કિનારામાં દિવ્ય રામ ચંદ્ર ભગવાનની અયોધ્યા નગરી છે. તેની શોભાના વર્ણનનો પાર પામતો નથી. તે રામચંદ્ર ભગવાનને ભજન ઉપાસના કરનારા રામસનેહી સંપ્રદાયવાળાની શાખાના (૧) દરિયાઈ (૨) રામદાસશાખ (૩) રામદ્વારા એ ત્રણેના અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે, તથા રામનિવાજીઆ મતના રામચંદ્રના ઉપાસકોનું તે મોક્ષસ્થાન છે.

તતા રામાનંદ સ્વામીના શિષ્ય હરદાસ બ્રહ્મચારી રામાનંદસ્વામીના શાપથી ચમારને ઘેર જન્મ પામીને રોહીદાસ નામે પ્રગટ થઈને તેણે સંપ્રદાય ચલાવ્યો. સ્વદાસિયા સંપ્રદાયના અનુયાયીઓનું તે મોક્ષસ્થાન છે, તથા સીતારામના ઉપાસક એવા 'રામવલ્લભ' સંપ્રદાય વાળાઓનું તે મોક્ષસ્થાન છે, તથા શ્રીરામની ઉપાસના કરનારા 'રામ પ્રસાદિયા' સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે તથા રામચંદ્રજીની મૂર્તિના પૂજક એવા 'નિરાકારિયા' 'સતનિરાકાર' સંપ્રદાય વાળાઓનું તે જ મોક્ષસ્થાન છે. તથા જલારામિયા મતવાળાઓનું, સતધારિયાનું તથા ભગતિયાઓનું 'રામબોધ' નામના ભક્તને રામચંદ્ર ભગવાનનો અવતાર માનીને રામરૂપે ઉપાસના કરનારા સમરથ સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે.

તથા 'સતરામ' નામના મહાત્માને રામચંદ્રજીનો અવતાર માનીને રાજરૂપે ઉપાસના કરનારા સંતરામમત સંપ્રદાયવાળાઓનું પણ તે વૈકુંઠ મોક્ષસ્થાન છે. તેઓ ત્યાં સંતરામરૂપે રામચંદ્ર ભગવાનનું દર્શન કરે છે તથા દુધેરજીયા આણંદીયા મતનું તે મોક્ષસ્થાન છે, તથા રામ રામ ઈત્યાકારક જાપ જપનારા રામચંદ્રજી તથા સીતાશક્તિની ઉપાસના કરનારા એવા 'દાદુપંથીયા' તથા તેના અનુયાયી એવા ૧ કબીર, ૨ કમાલ, ૩ જમાલ, ૪ વમલ, ૫ બધન, ૬ દાદુ એ છ શાખાઓના અનુયાયી એવા રામભક્તોનું તે વૈકુંટ મોક્ષસ્થાન છે. કબીર પંથમાં (૧૮) અઢાર શાખાના (૧૮) પંથ છે તે તેના નામ નીચે પ્રમાણે છે.

૧. કબીરપંથી ૨. યોગીપંથી ૩. મૂળપંથી ૪. જીવનપંથી ૫. તકસરીપંથી ૬. શ્રીગોપાળપંથી, ૭. નામકબીરપંથી ૮. જ્ઞાનીપંથી ૯. દવનપંથી ૧૦. સમયપંથી ૧૧. નારાયણપંથી ૧૨. વંશધરાણાપંથી, ૧૩. કમાલપંથી, ૧૪. હંસકબીરપંથી, ૧૫. દાનપંથી ૧૬. મંગલ કબીરપંથી ૧૭. ઉદામત કબીરપંથી, ૧૮.ગરીબદાસિયા તતા સત સાહેબિયાકબીર આ સર્વે રામચંદ્રભગવાનની પરબ્રહ્મરૂપે ઉપાસના કરે છે, માટે તેમનું વૈકુંઠરૂપ મોક્ષસ્થાન છે. વૈકુંઠમાં ચાર ચૈતન્ય છે. એક એક ચૈતન્યમાં સૌ સૌ કરોડો સખીયો (કબીરમતમાં) હંસરૂપે રહેલી છે, કબીરપંથમાં તે સખીયોને હંસ કહેવાય છે, તે હંસરૂપે રામચંદ્ર ભગવાનની ઉપાસના કરે છે, અને તે વૈકુંઠમાં 'દશ સુરત' છે. તેમાં સાત સુરતમાં સાત પ્રકારના ભક્તો રહે છે.

આઠમી અને નવમી સુરતમાં લક્ષ્મીનાં ધામ છે. લક્ષ્મીના ઉપાસકો સખીઓ થઈ ત્યાં મોક્ષને પામે છે. દશમી સુરત મહાવિષ્ણુની તથા વૈરાગી સંપ્રદાયવાલા 'રામાનંદ સ્વામીના શિષ્યવર્ગ અયોધ્યાવાસી એવા ૧ રામાનંદી ૨. દેવાનંદી, ૩. હરિઆનંદી, ૪. રાઘવનંદી, ૫. સંતોષી ૬. બળભદ્રીએ, ૭. ટાટમ્બરી, ૮. દિગમ્બરી, ૯. બંદગીદાર,

૧૦. કુરદંગી, ૧૧. અખાડમલા, ૧૨. અતીતબાવા ૧૩. સિદ્ધબાવા ૧૪. લરાકરીસંપ્રદાયી, આદિક શાખાવાળાઓ, તે સર્વે રામાનંદ સ્વામીના રામરૂપે માને છે તથા સીતારામની ઉપાસના કરે છે, તેઓનું વૈકઠું મોક્ષસ્થાન છે. તે સર્વે શાલીગ્રામ તથા વિષ્ણુ ભગવાનને રાધાકૃષ્ણને તથા સીતારામને પૂજે છે. તે સવેસ્વરૂપોને એક જ સમજે છે પરંતુ રામચંદ્રજીને મુખ્ય માને છે. તેથી તેઓને વૈકુંઠ ધામમાં ઉપાસના અનુસાર શ્રીરામચંદ્ર ભગવાન શાલિગ્રામ તથા 'વિષ્ણુ' તથા 'કૃષ્ણરૂપે' દર્શન આપે છે તથા વૈકુંઠધામમાં 'રામાનંદાચાર્ય' તથા રાજપીપા, રવદાસ, સુખાનંદ, સુરેશ્વરાનંદ, ભુવાનંદ, ધના, સૈન, મહાનંદ, પરમાનંદ, સિરાયાનંદ, રામસખે વેરાગી આદિક રામાનંદ સંપ્રદાયના આચાર્યો ત્યાં રામ ભગવાનની સેવામાં રહેલા છે.

'મલુકદાસ' ભક્તન રામનો અવતાર માની તેને ભજનારા તથા રામની ઉપાસના કરનારા મલુકદાસિયાપંથવાળાઓને આ વૈકુંઠ મળે છે. તથા રામચંદ્ર ભગવાન ઉપાસના કરનારા રવિભાણમત પંથવાળાઓનું તે જ મોક્ષસ્થાન છે.

તથા બાવા લાલાગુરૂ મતના અનુયાયી રામચંદ્રજીની ઉપાસના કે છે તેઓનું તથા રામજીના ઉપાસક એવા પાપદાસિયા પંથના વેરાગીઓનું તથા રામજીને નિર્ગુણ બ્રહ્મરૂપે ભજનારા પલટુદાસિયા પંથવાળાઓનું તથા રામકૃષ્ણના ઉપાસક એવા જાનકીદાસિયા પંથવાળાઓનું તથા રામ, હનુમાન, જાનકીના ઉપાસક એવા ગોદડપંથિયા મતવાલાઓનું તથા ગરૂડજીની મૂર્તિને પૂજતા અને રામજીના નિર્ગુણ ભજનને કરતા એવા રામ ગરૂડ મતવાળાઓનું તથા રામજીને બ્રહ્મરૂપે ભજનારા એવા આપાપંથી સંપ્રદાયવાળાઓનું તથા સગુણ રામચંદ્રજીની ઉપાસના કરનારા એવા આનંદસભા પંથવાળાઓનું આ વૈકુંટ મોક્ષસ્થાન છે.

તથા ગુજરાતમાં ગોપીનાથ નામના નાગરને રામચંદ્રજીનો અવતાર માનીને ભજનારાઓ ગોપીનાથ સંપ્રદાયવાળાઓનું આ મોક્ષ સ્થાન છે. તેઓને રામની મુખ્ય ઉપાસના હોવાથી રામચંદ્રજી ભગવાનનું સ્વરૂપ ગોપીનાથ નાગરરૂપે દેખે છે. આ પ્રમાણે સંપ્રદાયના ભક્તોને પોતપોતાની ઉપાસનાને અનુસારે તે તે આભૂષણ દિવ્ય વિભૂતિઓ સહિત અખંડ દર્શન આપે છે.

૩. શ્વેતદ્વીપ : આ ત્રીજા દ્વીપમાં શ્વેત એવા શેષનારાયણ ભગવાન તે જે તે શેષજીના શરીર ઉપર લક્ષ્મીજી વડે સેવાયેલા થકા બિરાજમાન છે. પોતાના શરીર ઉપર શેષજીની સહસ્ત્ર ફેણો છત્રરૂપે છે. તે શ્વેતદ્વીપમાં ચૈતન્મય સુધાના પાણીનો સમુદ્ર ભર્યો છે, ત્યાં સર્વ વસ્તુ દિવ્ય છે, શેષનારાયણ ભગવાનની ઉપાસના કરનારા (૧૮) અઢાર કરોડ નાગનાગણીઓ દિવ્ય રૂપે તે લોકમાં ભગવાનની સેવા કરે છે, તથા નિરન્નમુક્તોના

મંડળથી વિંટાળેલા ભગવાન નિરન્નમુક્તોને તપેશ્વર રૂપે દર્શન આપે છે.

૪. બદ્રિકાશ્રમ : આ ચોથા દ્વીપમાં બોરડીઓના વૃક્ષનાં વન છે તેમાં હરિનામે ભગવાનના અવતારની ઉપાસના કરનારા ભક્તજનો પહોંચે છે. તે બદ્રિકાશ્રમમાં બોરડીના વન વચ્ચે પુષ્પોની કુંજોમાં શ્રી નરનારાયણ ભગવાન બિરાજમાન છે. તેમાં દિવ્ય ઔષધિઓ તથા ફુલફુલો છે. તે જમીને ઉપવાસ તથા તપશ્ચર્યા કરતા એવા અનેક ઉપવાસી તપેશ્વરો સેવામાં રહેલા છે.

આ સિવાયના બીજા દ્વીપોમાં વામન, પરશુરામ, વ્યાસ, કપિલજી, ઋષભદેવ, દત્તાત્રેય, બુદ્ધ, કલ્કિ, યજ્ઞાવતાર, નૃસિંહ, હયગ્રીવ, હંસાવતાર, ધનવંતરિ, મત્સ્ય, કૂર્મ, વારાહ, વામન, નારદ, હરિ, સનકાદિક એ આદિક ભગવાનના અવતારોના વીશ દ્વીપોમાં સ્થાનો છે તે બધા અવતાર મહાવિષ્ણુમાંથી થાય છે. તે તે અવતારોના ભક્તોને જેવી જેને ઉપાસના હોય છે તેને તેવા સ્વરૂપનું પ્રથમ દર્શન થાય છે, એ ભગવાનનું મૂળ સ્વરૂપ છે. એતો કોટિ કામદેવો પણ લજ્જા પમાડે એવું છે. તે સ્વરૂપ સદા દ્વિભુજ જ છે. સાકાર ઉપાસકોને સાકાર દિવ્ય દર્શન થાય છે. ભગવાનને નિરાકાર સ્વરૂપ માનનારાને નિરાકારરૂપે દર્શન થાય છે.

આ ઉપર જણાવ્યા અવતારો, તે અંશ વિભૂતિ, કળા એ આદિક રૂપે ધારણ કરેલા છે, અને તે જ ભગવાન અવતાર ધારણ કરે છે પણ જે તે પોતાનું મૂળરૂપ છે તેને તજીને એ અવતારનું ધારણ કરતા નથી. તે જ ભગવાન પોતે અનંત ઐશ્વર્ય, અનંત શક્તિ સહિત મચ્છકચ્છાદિક રૂપોને ધારણ કરે છે. પોતાના નિરાકારવાદી ભક્તને પોતાના મૂળસ્વરૂપ સચ્ચિદાનંદ બ્રહ્મરૂપનું નિરાકાર તે જ સ્વરૂપેપ દર્શન આપે છે. (૨૫) પચીસમાં દ્વીપમાં વિષ્ણુ ભગવાનને નિરાકાર સ્વરૂપે ઉપાસના કરનારાઓને કેવળ શીતલ શ્વેતવર્ણનો પ્રકાશ ઝળહળાયમાન દેખાય છે. તેમાં કોઈઆકાર ભાસતો નથી. તે પ્રકાશને જે ભગવાનનું સ્વરૂપ માનીને ત્યાંના ભક્તજનો આનંદ પામે છે.,

આ ઉપર પ્રમાણે ૨,૩,૪,૫ મુક્તિઓ રૂપી શરીરો તે મહાવિષ્ણુના અન્વયભાવે કરીને વર્ણવેલા છે, તે મહાવિષ્ણુ વ્યતિરેક ભાવે કરીને ચારથી ઉપરવટ વર્તે છે.

''मूलप्रकृति व्यष्टि'' ''महाविष्णु नौ व्यतिरेक स्थिति'' ''हिरण्यमयकोश'

મહામાયા મૂળ પ્રકતિ ''अजामेकां लोहितशुक्लकृष्णां ઈત્યાદિ વાક્યોથી વર્ણન

કરેલી નિત્યમાયા તે નિત્ય ગૌલોકધામના એક દેશમાં મૂર્તિમાન રહેલી છે. સૃષ્ટિના સમયમાં ''स ऐक्षत '' बहुस्यां प्रजामेय'' ભગવાને અક્ષરબ્રહ્મ સામે જોયું ત્યારે અક્ષરધામમાંથી એક પુરૂષ ઊભો થયો તે પ્રકૃતિ સાથે જોડાયો ત્યારે પ્રકૃતિએ ભગવાનની ઈચ્છા, સૃષ્ટિ રચવાની જાણીને પોતામાંથી એક મહાતમરૂપ (૫૦) પચાશ પદ્મ ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનનો વિસ્તૃત ગોળો ઉત્પન્ન કર્યો. તે ગોળાને મહામોહમય મહાશૂન્ય કહેવાય છે. તથા અજા ત્રિવરણી ઘોર નિંદ્રાનું મંડળ કહેવાય છે તથા બ્રહ્મરુપિણી માયા કહેવાય છે.

તે ગોળાનું ઋગ્વેદ સૂક્ત ૧૨૯ મંત્ર ૧૦માં तम आसीतसम् गढमग्रं સૃષ્ટિના આદિ સમયમાં ગાઢતમરૂપે વર્ણન કરેલ છે, તે માયા ગોળામાં મહાવિષ્ણુને ગર્ભરૂપે ધારણ કરતી હતી. ઋગ્વેદ સુક્ત ૧૨૯ મંત્ર ૩ માં हिरण्यगर्भ समवर्तंताग्रे भूतस्यजातः पतिरेक आसीत, ભૂતપ્રાણીમાત્રના પતિરૂપ એવા હિરણ્યગર્ભ મહાવિષ્ણુ માયાવેષ્ટિત અંડમાં ઉત્પન્ન થતા હતા. ત્યારે તે ગોળાને ''હિરણ્યમયકોશ'' કહેવાયો છે તથા તે સમષ્ટિ-વ્યષ્ટિ પણ કહેવાય છે. તે ગોળારૂપ માયા આસપાસ દશેદિશ વિષ્ણુને વ્યાપીને રહેલી છે. તેવી જરીતે પચાસ પદ્મ યોજનના વિસ્તારવાળા અનંતકોટિ ગોળાઓને ઉત્પન્ન કરતી થકી અનંતકોટિ મહાવિષ્ણુઓને ગર્ભમાં ધરાતી થકી અનંત બ્રહ્માંડોની સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. તે નાળિયેરના ટોપરાના ગોટાને જેમ કાચલી વીંટાએલી છે. તેમ માયા મહાવિષ્ણુને વિંટાયેલી છે. પ્રાકૃત પ્રલય સામે તે તે હિરણ્યમયકોશનો સંકોચ કરી લ્યે છે, ત્યારે પાંચે મુક્તિના લોકોનો ભય થાય છે. ત્યારે મહાવિષ્ણુ વ્યાતિરેકસ્વરૂપે વર્તે છે.

એ વ્યાતિરેકસ્વરૂપી મહાવિષ્ણુ માયાના પ્રભાવથી માયાના પારને પામતા નથી પરંતુ આત્યન્તિક પ્રલય સમયે તે ''પાંચમુક્તિ'' માં રહેલા ભગવાનના અવતાર તથા જીવપ્રાણીમાત્રને સંકોચીને મહાવિષ્ણુ ભવગાન વૈરાટ તથા બ્રહ્મા, શિવ, વિષ્ણુ વગેરેને લઈને નિત્ય ગોલોકમાં જઈને બિરાજમાન થાય છે. એ વિષ્ણુ ભગવાનનાં ચાર સ્વરૂપો રૂપાન્તરથી પણ શાસ્ત્રમાં કહ્યાં છે-

प्रथमो महुतः सृष्टिः, द्वितीयस्त्वऽस स्थितः ।
तृतीयः सर्वभूतस्यो वैकुण्ठस्वस्तवाऽपरः ॥

પ્રધાનાત્મક મહત્ત્વ મહામાયાના સૃષ્ટિરૂપ મહાવિષ્ણુ તે વિરાટ સૂત્રાત્મા અવ્યાકૃત મહાકારણ સમષ્ટિરૂપે પ્રથમ મહાવિષ્ણુ છે. આ બ્રહ્માંડરૂપી ગોળામાં વસતા વિષ્ણુ તે

બીજા મહાવિષ્ણુ છે. સર્વ જીવપ્રાણીના હૃદયમાં રહ્યા છે તે ત્રીજા મહિવિષ્ણુ છે. મહાવૈકુંઠવાસી રામચંદ્રજી ભગવાન તે ચોથા મહાવિષ્ણુ છે.

તે ચાર વિષ્ણુથી મોટા હિરણ્યમય કોશવાસી મહાવિષ્ણુ (પ્રધાનપુરૂષ) મોટા છે. કારણકે તેમને આધીન પાંચ મુક્તિ છે. આ પાંચ મુક્તિના લોકમાં જે જે અવતારનાં સ્થાનો આવ્યાં તે આત્યંતિક મુક્તિનાં સ્થાનો નથી તેથી તે અત્યંતિક મુક્તિ નથી કારણકે તે પાંચ સ્થાનો સુધી માયાની હદ છે. તે પાંચ મુક્તિની ઉપર માયાની હદ નથી. તે છઠ્ઠી મુક્તિમાં જણાવવામાં આવશે. એ છઠ્ઠી મુક્તિ નિરંજન બ્રહ્મલોકમાં આરંભીને શાશ્વતી મુક્તિ છે :-

यद्वत्वा न नवतन्ते तद्धाम परमं मम ।

જે ધામમાં મુક્તિને પામીને પુનરાવૃત્તિને (પાછા) પામતા નથી, જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી. એવું મારું ધામ છે. (આ માયાના કોશથી ઉપરથી બ્રહ્મલોકમાં પણ પ્રદેશ, સંખ્યા તથા પરિમાણ અમારા મતથી તો અસંભવિત છે પરંતુ તે તે ઈષ્ટદેવના ઉપાસકો તથા તત્ તત્ સાંપ્રદાયિક આચાર્યોએ તે તે ધામ તથા બ્રહ્મલોકને પોતાના મતમાં પરિચ્છિત માનેલ છે માટે તેને અનુસારે ચાર શરીર તથા તત્પરિમાણ તતા સંખ્યા આગળ પ્રદર્શિત કરેલ છે.

❖❖❖❖❖

षष्ठी मुक्तिव्यवस्था

"नित्यगोलोकः निरंजन ब्रह्मलोक"

હિરણ્યમય કોશની ચારે તરફ દશે દિશાઓમાં વ્યાપ્ત વીંટીને રહેલો, ચૈતન્યમય, અખંડ અવિનાશી તથા સત્ ચિત્ આનંદ એ ત્રણ અંશથી યુક્ત લોક છે. તેને નિત્યલોક કહેવાય છે. તેને પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનની રંગભૂમિ કહેવાય છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની (૧૧) અગિયાર વર્ષ (૫૨) બાવન દિવસના સ્વરૂપની વ્રજલીલા અખંડ વર્તમાન છે તથા રાસલીલા વર્તમાન છે.

આ નિત્યગોલોક હિરણ્યમય કોશથી દશગણો અધિક (૫) પાંચ સાગર ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજન વિસ્તૃત છે, તેમાં અનંત કરોડ સૂર્યચંદ્રની સમાન શીતલ પ્રકાશ છે તથા સર્વ સામગ્રીઓ, વિભૂતિઓ દિવ્ય છે. અનેક શક્તિઓ તથા અનેક ઐશ્વર્યા નિત્ય તથા દિવ્ય છે. ત્યાં કાળની ગતિ નથી. તેથી તેનો લય થતો નથી અને નિત્યગોલોક છે તે અક્ષરધામનું સ્થુલ શરીર છે તેને નિરંજન બ્રહ્મ કહેવાય છે.

એ ગોલોક પરમશ્રેષ્ઠ ધામ છે. આ ગોલોક વૈકુંઠલોક થકી (૫૦) પચાસ કરોડ યોજન ઊંચો છે અને કૈલાસ થકી પણ (૫૦) પચાસ કરોડ યોજન ઊંચો છે એ ગોલોક ભગવાન કૃષ્ણચંદ્રે પોતાની ઈચ્છાયે કરીને દર્શાવ્યો છે. એમાં સ્ફાટિકમણિ, મરકતમણિ કૌસ્તુભમણિ, રૂચકમણિ તથા મોતી, માણેક, હિરા આદિક રત્નોની અનંત ખાણો છે. અને તે ખાણો શ્યામમણિ, શુકલમણિ, નીલમણિ, રક્તમણિઓની પંક્તિએ કરીને શોભે છે.

એ ગોલોકને વિષે શતશ્રૃંગ સુંદર પર્વત છે. તે પર્વતની ઉંચાઈ (૧) એક કરોડ યોજનની છે. અને તેની લંબાઈ (૪૦) કરોડ યોજનની છે, તે પર્વતના શિખરો (૪૦) ચાલીસ કરોડ યોજનમાં વિસ્તારવાન છે. તે પર્વતની ઉપર ગઢને આકારે (૧૦૦૦) એક હજાર યોજનમાં રાસમંડળને ફરતાં ૧૦૦૦૦૦ એક લાખ યોજનના બગીચા છે. તેની ચારે તરફ બેવડી હારમાં (૧) એક કરોડ મંડપો છે, તેમાં કરોડો ગોપકન્યાઓ રહે છે, તે કન્યાઓ, રાસમંડળમાં વિચરે છે તે કન્યાઓએ રાસમંડળને ચંદન અગર, કસ્તૂરી, કુમકુમ તેના રસે કરીને છાંટેલ છે. અને તે ગોપકન્યાના સમૂહો તે રાધિકાજીની આજ્ઞાએ કરીને તે રાસમંડળની રક્ષા કરે છે. અને તે રાસમંડળને ફરતા જળક્રીડાના જે લાક બગીચાઓ તે લાખ જળહોજ તેણે યુક્ત છે, તે હોજની ફરતા બગીચાઓમાં કોટનકોટિ કુંજોની કુટીઓ છે, અને કુંજકુટીઓમાં પુષ્પની શય્યાઓ અને રત્નના દીવા છે, રત્ને જડિત ચમ્મર છે. અરીસા છે. આ સામગ્રીએ યુક્ત 'શતશ્રૃંગ' પર્વતને વિષે રાસમંડળ છે.

આ નિત્યગોલોકમા વિરજા નદી ગોળાકારે પાંચ સાગર યોજન ફરતી છે. તે નદી એક લાખ યોજન પહોળી છેને એક હજાર યોજન ઊંડી છે અને પાંચ સાગર યોજન લાંબી છે. તે વિરજાનદીને ગોળાકારે અંદર ગાળે ફરતાં આઠ (૮) વનો છે, તે એક એક પચાસ પચાસ પદમ્ યોજનનાં લંબાઈવાળાં છે. બાકીની સીમાભૂમિઓ છે.

(૧) વૃંદાવન (૨) ચમ્પકકુસુમવન (૩) અશોકવન (૪) કલ્પલતાવન (૫) ચિંતામણિવન (૬) પારિજાતવન (૭) મધુવન (૮) ચંદન વન આ આઠે વનોમાં દિવ્ય મહાપ્રતાપી આઠ શક્તિઓ છે. આઠ પટ્ટરાણીઓ સાથે શ્રીકૃષ્ણ ભગવાનનાં એક એક કરોડ યોજનના વિસ્તારવાળા અખંડ ચૈતન્યના હીરામાણેકથી જડાવ રંગમહોલો (આઠ વનમાં) આઠ છે, તેમાં હીરામણિઓનાં શીતલ પ્રકાશ છે તથા ભગવાન કૃષ્ણચંદ્રની મૂર્તિમાંથી શીતલ તેજની તરંગો તથા મીઠારાગના સ્વરોની ધારાઓ ઉપજે છે. તે કિરણોનું પાન કરતાં કરોડો મુક્તજનો, સખીઓ ગોપગોપિકાઓ તે રંગમહેલોમાં મંડળો ભરાઈને બેઠેલાં છે.

શ્રીકૃષ્ણ મહોલની પડખે એક-એક વનનમાં શહેરમાં બબ્બે પટરાણીઓનાં સ્વતંત્ર બબ્બે રંગમહોલો લાખ લાખ યોજનમાં છે તેને સ્વતંત્ર સોળ સોળ ગઢ, ફરતા બગીચાવાળા અને ગોપગોવાળોની વસ્તીવાળા છે.

૧. વૃંદાવન

આ વૃંદાવનમાં રંગમહોલમાં રાધિકાજી તથા સત્યા પટરાણી સહિત ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર બિરાજમાન છે. આ વૃંદાવનમાં ગાયો તથા વાછરડાં છે. પુષ્પના એક હજાર બગીચાઓ છે. આ વૃંદાવનનું કૃષ્ણ શહેર એક અબજ યોજનના વિસ્તારવાળું છે અને રત્નના ગઢે કરીને યુક્ત છે. તે શહેરને (૧૦૦) સો દરવાજાઓ છે.

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની સેવામાં શ્રીકૃષ્ણ સરખું છે રૂપ જેમનું એવા પચાસ કરોડ ગોવાળિયાઓ છે અને રાધિકાજીની તથા સત્યાની સેવામાં પચાસ પચાસ કરોડની દાસીઓ છે. શહેરમાં તેમના ઘર સ્ફાટિક મણિએ યુક્ત છે. એ શહેરની બહાર પૂર્વમાં મનોહર એવા એક અક્ષયવડ છે તે વડ પાંચ હજાર યોજનમાં તો વિસ્તારવન છે ને તેની ઉંચાઈ (૧૦) દસ હજાર યોજન છે ને તે વડને એક હજાર થડ છે ને અસંખ્ય ડાળીઓ છે ને તે વડની નીચે ફરતા ઘેરાવામાં રત્નની બેઠક છે તેવડ નીચે શ્રીકૃષ્ણ સમાન રૂપે જેનામાં એવા બાળક ગોવાળિયાઓ રમે છે

અને તે કૃષ્ણમહોલની બાજુમાં રાધામહોલ અને સત્યામહોલો લાખ લાખ યોજનમાં છે તેને સોળ સોળ અતિશય મનોહર દરવાજાઓ છે તથા ચારે તરફ કલ્પવૃક્ષો એ પુષ્પોના સો સો બગીચાઓ છે. રાધા મહોલ અને સત્યામહોલને વીંટાએલો મણિઓનો ગઢ છે તે આઠ દરવાજાવાળો છે તેની બાહેર ક્રમથી બીજા પંદર ગઢો છે, તે સ સર્વે આઠ આઠ દરવાજાના છે, તેમાં મુખ્ય રાજપથના સોળ દરવાજાઓ ક્રમથી આવે છે, તેના સોળમાં બાહેરેલા ગઢના દરવાજાથી વર્ણન કરેલ છે.

૧. એ ગઢોમાંથી પહેલા ગઢના રાજપથના પહેલા ગોપુરને વિષે વીરભાનું નામે ગોપ પાર્ષદ દ્વારપાળ છે. તે ભગવાન શ્રીકૃષ્ણ ચંદ્રની આજ્ઞાએ કરીને તે રત્નના સિંહાસન ઉપર બેઠો છે, તેણે રત્નનાં આભૂષણો (દાગીના) પહેર્યો છે, પીતાંબર વસ્ત્ર પહેર્યા છે, મસ્તક ઉપર રત્નનો મુકુટ ધારણ કર્યો છે. એ વીરભાનુની વસ્તી પચાસ અબજ ગોપે યુક્ત છે.

૨. બીજા ગઢના ગોપુરને વિષે ચંદ્રભાનુ નામે ગોપ પાર્ષદ દ્વારપાળ છે, તે રત્નના સિંહાસન ઉપર બેઠો છે. તેની વય પન્નર વર્ષની છે. અને શ્યામ છે. એના હાથમાં સુવર્ણની છડી છે. તેણે રત્નના આભૂષણો પહેર્યાં છે તથા પીતાંબર વસ્ત્રો પહેર્યાં

છે. મસ્તકની ઉપર રત્નનો મુકુટ ધારણ કર્યો છે. એ ચંદ્રભાનુની વસ્તી પીસ્તાળીસ અબજ ગોપે યુક્ત છે.

૩. ત્રીજા ગઢના ગોપુરને વિષે સૂર્યચંદ્ર નામે ગોપ પાર્ષદ દ્વારપાળ છે, તેણે એક હાથમાં મોરલી ધારણકરી છે. અને બીજા હાથમાં રત્નજડિત સુવર્ણની છડી ધારણ કરેલી છે. એ સૂર્યચંદ્રની વસ્તી ચાળીસ અબજ ગોપે યુક્ત છે. તેણે રત્નમાં આભૂષણો પહેર્યા છે તથા પીતામ્બર વસ્ત્રો પહેર્યાં છે, મસ્તક ઉપર રત્નનો મુકુટ ધારણ કર્યો છે.

૪. ચોથા ગઢના ગોપુરને વિષે વસુધાન નામે ગોપ પાર્ષદ દ્વારપાળ છે, તે રત્નના સિંહાસન ઉપર બેઠો છે. તે કિશોર અવસ્થાએ યુક્ત છે. તેણે રત્નનાં આભૂષણ પહેર્યા છે અને મસ્તક ઉપર મોરમુકુટ ધારણ કર્યો છે એ વસુધાન પાત્રીશ અવાજ ગોપે યુક્ત છે.

૫. પાચમાં ગોપુરને વિષે દેવભાનું નામે ગોપ પાર્ષદ દ્વારપાળ છે. તે રત્નના સિંહાસન ઉપર બેઠો છે. તેણે રત્નનાં આભૂષણો પહેર્યા છે. તથા પીતાંબર વસ્ત્રો પહેર્યા છે. અને મસ્તક ઉપર મોર મુગટ ધારણ કર્યો છે. અને કંઠમાં રત્નની માળાઓ પહેરી છે કાન ઉપર કદમનાં ફૂલ ધારણ કર્યા છે અને ચંદન, કસ્તૂરી તેણે કરીને સર્વે અંગ ચર્ચ્યા છે, એ દેવભાનું વીસ અબજ ગોપે કરીને વિંટાણો થકો બેઠો છે.

૬. છઠ્ઠા ગઢના ગોપુરને વિષે શકભાનુ નામે ગોપપાર્ષદ દ્વારપાળ છે. તે દ્વાર પાંચેથી અધક સુંદર છે.તેને હીરાની ભીંતો છે. અનેક પ્રકારની તેમાં રચનાઓ છે દસ અબજ ગોપયુક્ત છે.

૭. સાતમાં ગઢના ગોપુરને વિષે રત્નભાનું નામે ગોપપાર્ષદ દ્વારપાળ છે. તે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને અતિશય વહાલો છે. ને તે રત્નભાનું પાંચ અબજ ગોપે યુક્ત થકો રાજાની પેઠે સિંહાસન ઉપર બેઠો છે અને તે મંદ મંદ હાસ્ય કરે છે અને હાથમાં સુર્વણની છડી લઈને બેઠો છે.

૮. આઠમાં ગઢના ગોપુરને વિષે રવિભાનું નામે ગોપપાર્ષદ દ્વાર પાળ છે. તે ચાર અબજન ગોપેયુક્ત થકો બેઠો છે.

૯. નવમાં ગઢના ગોપુરને વિષે સુબલ નામે ગોપપાર્ષદ દ્વારપાળ છે. તે ત્રણ અબજ ગોપે યુક્ત થકો બેઠો છે.

૧૦. દસમાં ગઢના ગોપુરને વિષે સુદામા નામે ગોપપાર્ષદ દ્વારપાળનો તે ભગવાન શ્રીકૃષ્ણ તુલ્ય છે તે બે અબજ ગોપે યુક્ત થકો બેઠો છે.

૧૧. અગિયારમાં ગઢના ગોપુરને વિષે શ્રીદામા નામે ગોપ પાર્ષદ દ્વારપાળ છે. તે એક અબજ ગોપે કરીને યુક્ત થકો મોટા રાનીજા પેઠે રત્નના સિંહાસનને વિષે બેઠો છે ને તે રાધિકાજીના પુત્ર તુલ્ય છે. તેણે રત્નનાં આભૂષણો પહેર્યાં છે તથા પીતામ્બર વસ્ત્રો પહેર્યાં છે. કાને કુંડલ ધારણ કર્યાં છે. ને મસ્તક ઉપર રૂડા રત્નનો મુકુટ ધારણ કર્યો છે.

૧૨. બારમાં ગઢના ગોપુરને વિષે એક અબજ ગોપીની ચોકી છે.

૧૩. તેરમાં ગઢના ગોપુરને વિષે એક અબજ ચોકી છે.

૧૪. ચૌદમાં ગઢના ગોપુરને વિષે એક અબજ ગોપીની ચોકી છે.

૧૫. પંદરમાં ગઢના ગોપુરને વિષે એક અબજ ગોપીની ચોકી છે.

૧૬. સોલમાં ગઢના ગોપુરને વિષે રાધિકાજી વગેરે બત્રીસ સખીઓ રહે છે તે સખીઓની એક એક કરોડ દાસીઓ તથા પચાસ પચાસ કરોડ બીજી ગોપી છે. એ બત્રીસ સખીઓના નામ નીચે પ્રમાણે છે.

૧. સુશીલા, ૨. શશીકલા, ૩. યુમના, ૪. માધવી, ૫. રતિ, ૬. કદંબ માલા, ૭. કૃંતિ, ૮. જાહ્નવી, ૯. સ્વયંપ્રભા, ૧૦. ચંદ્રમુખી, ૧૧. પદ્મમુખી, ૧૨. સાવિત્રી, ૧૩. સુધામુખી, ૧૪. શુભા, ૧૫. પદ્મા, ૧૬. પારિજાતા, ૧૭. ગૌરી, ૧૮. સર્વમંગલા, ૧૯. કલિકા, ૨૦. દુર્ગા, ૨૧. ભારતી, ૨૨. સરસ્વતી, ૨૩. ગંગા, ૨૪. અંબિકા, ૨૫. મધુમતી, ૨૬. પંચવર્ણા, ૨૭. સુંદરી, ૨૮. કૃષ્ણપ્રિયા ૨૯. સતિ, ૩૦. નદિની, ૩૧. નદના ૩૨. આનંદા, રાધિકાજીની બત્રીસ દાસિઓ આ સાતમા દ્વારને વિષે રહે છે.

એથી આગળ રાધિકાજી અને સત્યાજીના મહેલો છે, તે ઘણાંક મંદિરની મધ્યે છે એ મહેલોની ભીતો સ્ફટિક મણિની છે અને મણિઓના થાંભલા છે અને મહેલોની અંદર એક સિંહાસન છે, તે ત્યાંના એકસો ધનુષ્ય પ્રમાણ યુક્ત છે. તે સિંહાસનને વિષે કોટાનકોટિ સૂર્ય સરખો તેજનો સમૂહ છે, તે સિંહાસન ઉપર સાત તાડ જેટલો ઊંચો છે અને સાત તાડ પ્રમાણે ચારે પાસ વિસ્તારવાન છે, એ જ તેજમાં ભગવાનની કાળભૈરવસ્વરૂપ શક્તિ છે તથા રાધિકાજીની ભૈરવી દાસી છે. એ બન્નને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને અર્થે શ્રીકૃષ્ણ ભગવાને રાખ્યા છે. અને તે મહોલમાં બીજે રૂપે ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર રહે છે, તે અતિશય મનોહર છે, સજળ મેઘ સરખા શ્યામ છે, મંદમંદ હાસ્યુક્ત તેમનું મુખારવિન્દ છે. મકરાકર કુંડલ પહેર્યાં છે, રૂડા રત્નનાં બે નૂપુર ધારણ કર્યા છે અને હાથમાં મોરલી છે. લાલ એવા હોઠ છે. અને પ્રસન્ન નેત્રે કરીને

ભક્તોને અનુગ્રહ કરવા માટે પોતાના ભક્તો સામું જુએ છે. તે સિંહાસનમાં રાધિકાજી પણ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની સેવામાં હાજર રહ્યા છે.

એ રાધાજી, પોતાને હાસ્યથી જોતા એવા ભગવાન શ્રીકૃષ્ણચંદ૩ તેમને વાંકે નેત્રે કરીને જુએ છે. એ રાધાજી કેવા છે ? મોતીની પંક્તિ જેવા જેમના દાંત છે અને થોડાક હસવાએ કરીને પ્રસન્ન એવા શરદ ઋતુની પૂર્ણિમાના ઘણાક ચંદ્રમાના શોભાને લજજા પમાડે એવું જેમનું મુખારવિન્દ છે. પગમાં મંજીર તથા ઝાંઝર પહેર્યાં છે. મહારિતની કટિમેખલા પહેરી છે. રૂડા રત્નના ભુજબંદ બાંધ્યા છે. રુડા રત્નનાં કંકણ પહેર્યા છે. કંઠમાં કૌસ્તુભમણિઓની માળાઓ પહેરી છે પરિજાતિના ફુલોની માલાઓ ધારણ કરેલી છે. આંગળીઓમાં રત્નની વીંટીઓ પહેરી છે ને હાથને વિષે હિરારત્નજડિત કંકણ પહેર્યા છે એ રાધિકાજી જયારે રથમાં બેસીને બહાર જાય છે ત્યારે બત્રીશ કરોડ ગોપીઓ સહિત રથમાં બેસે છે તે કેવો છે.

તો રત્નમાં સાર એવાં જે રત્નો તેણે જડેલ છે અને તેનું કોટિ સૂર્ય સરખું તેજ છે. ને રત્નનાં ત્રણ કરોડ કળશે યુક્ત છે, ને તે રત્નની નીચે એક લાખ ચક્કરો છે. અને તેના સોળ હજાર સ્તંભ છે. તે રથનો મનનો સરખો વેગ છે તે કેટલાંક સ્થંભમાં રત્નના કરેલા સિંહ છે. ને સિંહ ચાર લાખ છે ને તે રથમાં રત્ને કરીને નિર્મિત એવા અનેક મંદિરો છે. અને તે મંદિરના દરવાજા રત્નમણિઓથી જડિત છે, અને તે મંદિરોમાં રત્નની શય્યાઓ છે, તેમાં રત્નનાં પાત્રો છે, તે રથ દોઢસો યોજન ઊંચો છે, અને એક્સો યોજન પહોળો છે.

આ લોકના રાજાઓને રહેવાના મહેલોને એકથી બીજા સ્થાનમાં જઈ શકે તેવી યંત્રકળાઓ ગોઠવેલી હોય છે તથા બાગબગીચાઓ વગેરેના સ્થાનો પાંચ-પચ્ચીસ માઈલના વિસ્તારમાં હોય છે તો પછી આ જગતનિયંતા પરમાત્માને ત્યાં આ લોક કરતાં તો અનંત દિવ્ય વૈભવો હોય એમાં નવાઈ ન જ ગણાય ?

આ રથમાં પારિજાત, મોગરો, કણિયેર, ચંપો, નાગચંપા, ચમેલી જાઈ, જુઈ, ગુલદાવદી, કદંબ અને હજાર પાંખડીવાલા કમળ એ સર્વેની કોટાનકોટિ જે માળાઓ, તેણે કરીને યુક્ત છે. અને તે રથને વિષે નાના પ્રકારના સુગંધીવાન જે પદાર્થો તેને શ્રેષ્ઠ વાયુ વહે છે. અને અતિ રૂડાં જે ઝીણાં વસ્ત્રો તેના સમૂહે કરીને રથ માફાદાર ઠાંકેલ છે અને તેમાં લાલરત્નોના પલંગો છે, અને શ્વેત ચમર છે. એવી રીતની શોભાએ યુક્ત છે.

આ વૃંદાવનના નિજ કૃષ્ણ શહેરમાં તથા રાધા સત્યા શહેરમાં રાધિકાજી તથા સત્યા પટરાણી સહિત ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર બિરાજમાન છે. રાધિકાજીની સેવામાં એક ખાસ 'બ્રહ્માણી' નામની મહાપ્રબળ શક્તિ છે. તેથી સાથે બીજી ચોવીસ હજાર શક્તિઓ રહેલી છે તથા ઓંકાર' નિત્યસ્વરૂપે ભગવાનની સ્તૃતિ કરે છે તેને પ્રણવબ્રહ્મ કહે છે તેને ભગવાનનું નામ કહેવાય છે તો 'બ્રહ્માણી શક્તિ' મૂર્તિમાન સ્વરૂપે સેવામાં છે અને નિરાકાર વ્યાપક સ્વરૂપે ચોકી કરીને ગોલોકના કોઈપણ મુક્ત જીવ ઈશ્વરાદિકને ઉપરના શબલ બ્રહ્મલોકમાં જવા દેતી નથી. કારણકે તે સીમારૂપ છે તથા જ્ઞાનશક્તિ વિષ્ણુગાયત્રી કારણસ્વરૂપ મૂર્તિમાન ભગવાન સમીપે રહેલી છે તથા નિત્ય સાકારસ્વરૂપ ચાર વેદો ભગવાનનું વંદન કરે છે.

આકાર માત્રા 'ઋગ્વેદ' યુક્ત બ્રહ્મદેવતા છે, અગિયાર યતિ છે, તથા ઉકાર માત્રા 'યજુર્વેદ' યુક્ત વિષ્ણુ દેવતા છે, તથા મકાર માત્રા 'સામવેદ' યુક્ત મહારુદ્ર દેવતા છે, તથા અર્ધમાત્રા બિંદુ અથર્વવેદ યુક્ત ઈશ્વર દેવતા છે, તથા ચોવીસ હજાર દિવ્ય મહાશક્તિઓ તથા દશ મહાવિદ્યાઓ તથા બ્રહ્માવિદ્યા તે નિત્યુમુક્ત સાકાર સ્વરૂપે રાધિકા તથા સત્યા પટરાણીની સેવામાં છે.

આ ધામમાં હરસાસજી, હરવસનજી, વ્યાસજી, ગૌતમ ઋષિ, શુકજી, પુરૂષ સનાતન, નિત્યાનંદ ભારદ્વાજ, મધુસુંદર આ મહાન ભક્તો તથા ઉદ્ધવજી તથા ગોપગોપીઓ ગાયો આદિક અનેક આત્માઓ તથા વસુદેવ દેવકી, અર્જુન દ્રૌપદી સુદામા, કુબજા ભિલડી આદિક અનંત ભક્તજનો ભગવાનના ધામમાં મગ્ન છે.

આ નિત્ય ગોલોક શુદ્ધાદ્વૈત' મતવાદી પુષ્ટિમાર્ગના 'વલ્લભ સંપ્રદાય'ના અનુયાયી સર્વે તથા 'ગોપીનાથજી' ગુંસાઈના સેવકોનું તે મોક્ષસ્થાન છે. તથા 'વિઠ્ઠલનાથજી' તથા 'ગોપીનાથજી' ગુંસાઈના સેવકોનું તે મોક્ષસ્થાન છે. તથા 'રાધાવલ્લભી' સંપ્રદાયવાલાઓનું તે મોક્ષસ્થાન છે. તથા રાધાકૃષ્ણના ઉપાસક એવા 'વિહાર વૃંદાવન રાધાસ્વામી' મતવાળાઓનું તે મોક્ષસ્થાન છે. તથા નિમ્બાર્ક સંપ્રદાયવાળા 'દ્વૈતા-દ્વૈત મતવાદી' રાધાકૃષ્ણની ઉપાસના કરનારાઓનું તથા 'નિઆડા' મતના રાધાકૃષ્ણની ઉપાસનાવાળાઓનું તે મોક્ષસ્થાન છે.

શ્રીકૃષ્ણ ભગવાનની સખીભાવે ઉપાસના કરનાર 'સખીભાવ સંપ્રદાય' વાળાઓનું તથા શ્રીકૃષ્ણનું ઉપાસક 'બાઉલપંથી' વાળાઓનું તે મોક્ષસ્થાન છે. તથા ચરણદાસ ભક્તને શુકદેવજીનો અવતાર માનીને રાધાકૃષ્ણની ઉપાસના કરનારા 'શુકદેવિયા' મતવાળાઓનું તે મોક્ષસ્થાન છે. તથા માધવ સંપ્રદાયના અનુયાયીઓ 'મઠવાચાર્યના'

ઉપાસ્ય મૂર્તિ રાધાકૃષ્ણ ગૌરસ્વરૂપને ભજીને આ ધામને જ પામે છે ત્યાં દિવ્ય તુલસીનાં વન છે, પુષ્પહાર, તુલસી આદિકથી ભગવાન અહોનિશ પૂજા કરવામાં સખીજન મગ્ન રહે છે.

(૨) चम्पककुसुमवन

૨ આ બીજા 'ચમ્પકકકુસમ' વનમાં મધ્યસ્થ એક કરોડ યોજનના વિસતૃત રંગમહોલમાં દિવ્ય હીરામોતી પુખરાજના પલંગ પર બિરાજમાન શ્રીકૃષ્ણ ભગવાન શ્વેત વર્ણથી દીપાયમાન છે એ રંગ મહોલમાં ભગવાનની ચારે તરફ અનંત મુક્તમંડળ સખીઓ તથા ગોપગોપિકાઓનો સમૂહો બેઠેલાં છે અને ચોવીશ હજાર દિવ્ય શક્તિઓ બ્રહ્મવિદ્યાઓ અનેક પ્રકારનાં પુષ્પના વનમાંથી પુષ્પો લાવીને ભગવાનને ચડાવે છે તથા રાગરાગણીઓથી ગાન કરી ભગવાનને રાજી કરે છે.

'અમૃતસ્રોતસ્વિની' મુખ્ય શક્તિ છે તે અમૃત વરસાવે છે. અમૃતના તરંગોમાં બિરાજમાન રુકમણીજી તથા નાગ્રજીતિ હાથમાં ચમ્મર લઈને શ્રીકૃષ્ણ ભગવાન ઉપર ઢોળે છે. એ ભગવાન ક્યારેક ચતુર્ભુજ દર્શન આપે છે. તથા ઋક્મણી લક્ષ્મીજી રૂપે દર્શન આપે છે. ત્યારે લક્ષ્મીનારાયણ તથા વાસુદેવનારાયણ પણ કહેવાય છે. તે લક્ષ્મીનારાયણ સ્વરૂપ તથા વાસુદેવનારાયણના સ્વરૂપને ભજનારા તથા ઉપાસના કરનારા રામાનુજ વિશિષ્ટદ્વૈતસંપ્રદાયવાળા લક્ષ્મીનારાયણની પરબ્રહ્મ સ્વરૂપે ઉપાસના કરે છે. તથા તિંગલ બડગમ શાખાવાળાઓનું તે જ મોક્ષસ્થાન છે. તોતાદ્રી શ્રીરંગ ક્ષેત્રમાં વિષ્ણુકાંચી આદિકમાં રહેનારા લક્ષ્મીનારાયણની ઉપાસના રામાનુજ આચાર્યોનું તે મોક્ષસ્થાન છે.

કેશવ, પુષ્પરાક્ષ, ઋષિકેશ, પદ્મનાભ, માધવ મધુસુદન, પુંડરીકાક્ષ, વિશ્વકસેન જનાર્દન, ગોવિંદ, પુરંદરા દિકની ઉપાસનાર કરનાર ભક્તજનોને આ વનમાં તે તે સ્વરૂપે શ્રીકૃષ્ણ ભગવાન દર્શન આપે છે. તથા શ્રીનાથજી સ્વરૂપે શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના કરનારાઓને પણ આ ધામમાં શ્રીનાથજી સ્વરૂપે ભગવાન દર્શન આપે છે. તેથી તેઓનું પણ તે જ મોક્ષસ્થાન છે.

(૩) अशोकवनं

૩ આ ત્રીજા અશોક વનમાં મધ્યભાગમાં એક કરોડ યોજનના વિસ્તારવાળો રંગમહેલ છે. તેના મધ્ય ભાગમાં દિવ્ય સિંહાસન છે. તેમાં સત્યભામાં પટરાણી તથા પ્રિયવિન્દા સહિત શ્રીકૃષ્ણ ભગવાન બિરાજમાન છે.તો ભગવાનની ચારે તરફ ગોપગોપિકાઓના મંડળ ભરાઈને બેઠેલાં છે. અને નારદજી વીણા બજાવે છે. ગોપિકાઓ

ગીત ગાય છે તથા ભગવાનની ઈચ્છા પ્રમાણે અનેક પ્રકારની સેવાઓ કરે છે. સત્યભામાં તથા પ્રિયવિન્દાની સેવામાં અનેક દિવ્ય શક્તિઓ રહેલી છે. તથા ચિદ્રિભાસિની મુખ્ય શક્તિ છે તે ચૈતન્યાશોના તરંગોના કિરણો વરસાવે છે. તેમાં મુસ્કુરાયમાન શ્રીકૃષ્ણ ભગવાનને માટે વનદેવતાઓ વનમાંથી દિવ્ય ફળફુલ લાવીને ભગવાનને અર્પણ કરે છે.

ભગવાન નેત્રના શીતલ તેજથી સર્વેને તૃપ્ત કરે છે. ત્યાંની શોભા અપરંપાર છે. ભગવાનનું કરુણાસાગર રણછોડરાય નામથી નારદજી તથા તુંબરૂ ગાન કરે છે. કુબેરમત તથા મીરાબાઈપંથી રણછોડરાયની ઉપાસના કરીને આ ધામમાં ભગવાનની સેવામાં રહેલા છે તથા જગન્નાથ તથા ગોપીનાથ એ ભગવાનની ઉપાસના કરનારા ભક્તજનોને આ વનમાં તે તે સ્વરૂપે ભગવાન દર્શન આપે છે તેથી તેઓનું તે મોક્ષસ્થાન છે.

(૪) कल्पलतावन

આ ચોથા 'કલ્પલત્તા' વનના મધ્યમાં રહેલા રંગમહોલમાં દિવ્ય સુવર્ણ હીરામય ચોકી ઉપર ભગવાન વિરાજમાન છે. જામ્બવંતી પટરાણી ભગવાનની ડાબે તરફ વિરાજમાન છે. અને તેમની સેવામાં આનંદ ચક્રવર્તિની શક્તિ મૂર્તિમાન રહેલી છે. તે આનંદના તરંગોના કિરણો વરસાવે છે તથા અસંખ્ય દિવય્ શક્તિઓ તથા ઐશ્વર્યા ભગવાનની સ્તુતિ કરે છે. ભક્તજનો જે જે વસ્તુથી ભગવાનની સેવા કરવા ધારે છે તે તે વસ્તુઓ કલ્પલતાઓમાંથી હાજર થાય છે. જામ્બવતી શ્રીકૃષ્ણની ઉપાસના કરનારા ગોપગોપિકાઓને આ ધામની પ્રાપ્તિ થાય છે અને એ કલ્પલતાઓના વનમાં ભગવાન ગોપગોપિકાઓ સાથે રાસમંડળના ખેલ ખેલે છે.

(૫) चिंतामणिवन

આ પાંચમા 'ચિંતામણિ' વનમાં ચિંતામણિના મોટા મટા પર્વતો છે તથાઅનેક જાતના ફળ, ફુલ, બાગ, બગીચા, કુંજ, નિકુંજ, ગુફા નદીઓ વગેરે દિવ્ય વસ્તુઓ છે. ચિંતામણિના રંગમોહોલમાં, ચિંતામણિના સિંહાસનમાં ભગવાન કાલિન્દી સાથે બિરાજમાન છે. એ કાલિન્દી પટરાણીની સેવામાં શંભાસ્વારી નામની મુખ્ય શક્તિ છે. તે સુખમય તરંગોના કિરણોને વરસાવે છે. તથા બીજી શક્તિઓ ભગવાનની સેવામાં છે. ભગવાનની કાલિન્દી કૃષ્ણરૂપે ભજન ઉપાસના કરનારાં ગોપગોપિકાઓ મુક્તિ પામીને આ ધામમાં ભગવાનની સેવામાં રહે છે. આ વનમાં ભગવાનને જળક્રીડા કરવાના અનેક ચિંતામણિઓના કુંડ તથા ઘાટ છે.

(૬) પારિજાતવન

આ છઠ્ઠા 'પારિજાત' વનના મધ્ય ભાગમાં એક કરોડ યોજનના વિસ્તારવાળા રંગમહોલમાં મધ્યસ્થલે મોટા પારિજાતના વૃક્ષની ડાળે બાંધેલા દિવ્ય હિંડોળામાં શ્રીકૃષ્ણ ભગવાન મિત્ર વિન્દા પટરાણીની સાથે બિરાજમાન છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર મસ્તક ઉપર મુકુટ ધારણ કર્યો છે અને કાનમાં મકરાકાર કુંડળ પહેર્યા છે, તથા ભગવાન પિતામ્બર વસ્ત્ર ધારણ કરીને પારિજાતકની નીચે હિંચકે છે. હિંડોળા ઉપર સુદર્શનચક્ર રાખેલું છે. તેનું શીતલ તેજ પડે છે. હિંડોળાને ચલાવનારી બ્રહ્મવર્ચસિની નામની મહાપ્રબળ શક્તિ છે. તે શક્તિની સેવામાં ચોવીસ હજાર દિવ્ય શક્તિઓ રહેલી છે, તેમજ તે શક્તિઓ નિરંતર દિવ્ય વિભૂતિઓથી ભગવાનની સેવા કરે છે. મિત્રવિન્દાકૃષ્ણની ઉપાસના કરનારા ભક્તજનોનું તે મોક્ષસ્થાન છે.

(૭) મધુવન

૭ આ સાતમાં 'મધુવનમાં એક કરોડ યોજનનો વિસ્તૃત રંગમહેલ છે. તેના મધ્યભાગમાં વિશાળ ચબૂતરો છે. તેમાં દિવ્ય ઔષધિઓનું તેજ ઝળઝળાયમાન છે. ભગવાન મોરમુકટને ધારણ થકા હાથમાં બંસીને બજાવે છે. તેનો મીઠો સ્વર નીકળે છે તે સ્વર સાંભળીને ગોપીજનો મુગ્ધ થાય છે. હાથમાં વિંઝણો લઈને ભદ્રા પટરાણી પવન નાખે છે, તથા નિરંજના શક્તિ મુખ્ય છે. તેની સેવામાં મૂર્તિમાન અનંત રાગરાગણીઓ રહેલી છે. તે મીઠે સ્વરે તાન મેળવે છે અને નિરંતર ભગવાનની સેવામાં છે. ભદ્રાકૃષ્ણની ઉપાસના કરનારા ભક્તજનોનું તે મોક્ષસ્થાન છે.

(૮) ચંદનવન

૮ આ આઠમાં 'ચંદનવન'માં અગુરચંદનના કાષ્ઠનો એક કરોડ યોજનનો વિસ્તૃત વિશાળ રંગમહેલ છે. તેમાં ચંદનના સિંહાસનમાં ભગવાન બિરાજમાન છે. એ ભગવાનની સેવામાં લક્ષ્મણા પટરાણી છે તથા રોધિની નામની મહાપ્રબળ શક્તિ છે. લક્ષ્મણાપટરાણી યુક્ત શ્રીકૃષ્ણ ભગવાનને ગોપગોપિકાઓ વિંટાઈને બેઠેલાં છે. તથા આ વનમાં જે રાક્ષસોને શ્રીકૃષ્ણ ભગવાનના સમ્બન્ધથી પવિત્ર થઈને મુક્તિ મળી છે તે સર્વેને રોધિની શક્તિએ પોતાના વનમાં વાસ આપેલો છે. તે ભક્તજનો ભગવાનનું મલ્લેશ્વર તથા દૈત્યમર્દન સ્વરૂપે દર્શન કરે છે. લક્ષ્મણાકૃષ્ણની ઉપાસના કરનારાઓનું આ મોક્ષ સ્થાન છે.

આ ઉપર જમાવેલાં આઠે વનમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની જેવા સ્વરૂપની ઉપાસના કરે તે ભક્તોને તેવા રૂપે દર્શન આપે છે. નિત્ય ગોલોકનું યથાર્થ વર્ણન કરવાને કોઈ સમર્થ નથી. તથા તેની વિભુતિઓનું વર્ણન કરવા પણ કોઈ સમર્થ નથી. આ નિત્ય ગોલોકને વિષે ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર મહારાજાધિરાજપણે બિરાજમાન રહેલા હોવાથી, અનેક બ્રહ્માંડોના અધીશ્વરો જે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, નારાયણ, શેષજી એ આદિક સર્વે ભગવાનનાં દર્શને આવે છે તથા મહાલક્ષ્મીજી, સરસ્વતીજી, પાર્વતીજી, સાવિત્રી આદિક જે દેવીઓ તે પણ દર્શન આવે છે.

ભગવાન વૈકુંઠવાસી શ્રીનારાયણ કોઈ સમયે વિષે મણિ તથા હીરાજડિત એવા જે ઉત્તમ રથ; તે ઉપર લક્ષ્મીજી તથા સરસ્વતીજી જે પોતાની બે પત્નીઓ તેણે સહિત બેસીને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના દર્શન કરવા આવે છે તે રથ કેવો છે ? તે લાખ શ્વેત ચમ્મરને દશ હજાર દર્પણ તેણે કરીને શોભાયમાન છે. માફાનું ઝીણું કાષાયવસ્ત્ર તેણે શોભિત છે. અને તે રથ ઉપર સાચા રત્નનના સુર્વણમય (૧૦૦૦) એક હજાર કળશ છે, અને શ્રેષ્ઠ પાર્ષદ યુક્ત છે તે રથ સુવર્ણ (સોનાનો)નો છે. તેનું એકસો સૂર્ય સરખુ તેજ છે.

એવો જે રથ તે ઉપર નારાયણ બેઠા છે, તે કેવા છે ? તે શ્યામ છે, મનોહર છે, અતિ સુંદર છે. તેમણે શંખ ચક્ર, ગદા, પદ્મ તે ચારે હાથમાં ધારણ કરેલ છે, અને પિતામ્બર વસ્ત્રો ધારણ કર્યા છે. મસ્તક ઉપર હીરાજડિત મુકુટ ધારણ કરેલ છે તથા વનમાળાઓ ધારણ કરી છે. અને તેમના લલાટમાં ચંદન, અગર કસ્તૂરી અને કુંકમ તેણે કરીને ચર્ચિત છે. તેમનું મુખારવિન્દ હસતું છે. ભક્ત ઉપર દયાવાલા છે. અને મણિમાં સાર એવા મણિ તેના આભૂષણો ધારણકરેલ છે. તે નારાયણને પડખે, શુકલવર્ણવાળી વેણુની વીણા કે જેમના હાથમાં એવા વિદ્યાની અધિષ્ટાત્રી દેવી જ્ઞાનસ્વરૂપ એવાં સરસ્વતીજી બેઠેલાં છે. અને તેમના જમણે પડખે સુવર્ણ સરખો જેમના શરીરનો વર્ણ છે. એવા મહાલક્ષ્મીજી બેઠાં છે. એવા છે નારાયણ તે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની મૂર્તિને વિષે લીન થઈ જાય છે.

અને વિષ્ણુ ભગવાન સુર્વણના (સોનાના) રથ ઉપર બેસીને લક્ષ્મીજીએ સહિત ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના દર્શન કરવા આવે છે. તે વિષ્ણુ કેવા છે ? તે જગતના પતિ છે ને (૪) ચારભુજા (ચાર હાથ) એયુક્ત છે. ને વનમાળાઓ તેમણે ધારણ કરેલ છે. પીતામ્બર વસ્ત્ર ધારણ કર્યા છે. જેમનું મુખારવિન્દ હસતું છે. ભક્ત ઉપર દયાવાળા છે, આભૂષણો ધારણ કરેલા છે. એવા જે વિષ્ણુભગવાન તે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને વિષે લીન થઈ જાય છે.

શુદ્ધ સ્ફટિક મણિના સરખી છે કાન્તિ જેની એવા સંકર્ષણ ભગવાન તે શ્રીકૃષ્ણચંદ્ર ભગવાનની સ્તુતિ કરે છે. અને શ્રી નરનારાયણ ભગવાન પણ એ ગોલોકને વિષે ભગવાન શ્રીકૃષ્ણ ચંદ્રના દર્શન કરવા આવે છે. બદ્રિકાશ્રમવાસી શ્રીનરનારાયણ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને વિષે લીન થઈ જાય છે. વળી (૧૦૦૦) એક હજાર જેમનાં રથની નીચે ચક્કરો છે અને મનના જેવો વેગવાળોને મધ્યાહન કાળના સૂર્યના સરખું જેને તેજ છે, અને (૮) આઠ યોજન પહોળો અને (૧૦) દસ યોજન ઊંચો અને સૂર્ય સરખાં (૧૦૦) એક્સો મંદિર તેણે યુક્ત એવા રથમાં બેસીને પોતાના પુત્રો જે શ્યામકાર્તિક તથા ગણેશ (ગણપતિ) તેમણે સહિત પાર્વતીજી; ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના દર્શન આવે છે, અને તે રથ ઉપરથી ઉતરીને સિંહના વાંસા ઉપર બેસીને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના દર્શન કરવા આવે છે. અને મહાદેવશિવજી પણ નંદીશ્વર જે પોઠિયો તે ઉપર બેસીને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના દર્શન કરવા આવે છે.

અને ધર્મદેવ મૂર્તિઓ સહિત રથ ઉપર બેસીને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના દર્શન કરવા આવે છે. પોતપોતાનાં વાહનોને બગીચાઓમાં મેલીને, પગે ચાલીને, મહેલમાં સમીપે આવે છે. તે નિત્યગોલોકમાં રહેલી મહાપ્રબળ બ્રહ્માણી શક્તિ તે આઠ વનયુક્ત ગોલોકને વ્યાપીને રહેલી છે તે અક્ષરબ્રહ્મના સ્થૂલ શરીરની સીમારૂપ છે.

❖❖❖❖❖

સપ્તમી મુક્તિવ્યવસ્થા

"શબલ બ્રહ્મલોક"

આ સાતમી મુક્તિને 'અક્ષરબ્રહ્મ' નું સૂક્ષ્મ શરીર કહેવાય છે. તેનું નામ શબલબ્રહ્મ છે. તેને અખંડ, અવિનાશી, અજર, અમર, નિત્ય કહે છે. તો 'શબલ બ્રહ્મલોક' નિત્યગોલોકતી દસગણો અધિક પચાસસાગર ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનનો વિસ્તારવાળો છે. તેમાં (૨) બે દ્વીપ છે. એક એક દ્વીપ પચીસ સાગર યોજનનો વિસ્તારવાળો છે એક દ્વીપમાં (૧) મહાભાસ્કરા (૨) બ્રહ્મસ્વરૂપિણી (૩) રૂદ્રભાસ્તવી (૪) આનંદકાન્તા (૫) ધારાલકાંરિણીઆ પાંચ શક્તિઓ પ્રબળ છે. તેમાં ચાર શક્તિઓના ચાર પાયા છે પાંચમી શક્તિ જેમ પલંગમાં સુતરની પાટી હોય છે તેમ પાંચમી શક્તિ પાટી છે તથા પાંચ શિવ છે.

(૧) નંદનશિવ, (૨) સદાશિવ (૩) સદબ્રહ્મશિવ (૪) પ્રણવશિવ (૫) સુદર્શનશિવ તેમા ચાર શવ જેમ પલંગને ચારે બાજુની ચાર ઈસુ ઉપળા હોય છે, તેમ પલંગરૂપ ચાર ઈસ ઉપળા રૂપે છે. તે પલંગરૂપ છે, તેમાં સુધાસ્ત્રાવિણી શક્તિ બિછાના ગાદલારૂપે છે.

તેમાં શબળબ્રહ્મ વિરાજમાન છે. અને પાંચમા સુદર્શનશિવ નામના શબળબ્રહ્મની ચોકી કરે છે. તે શબળબ્રહ્મ સત્યસ્વરૂપબ્રહ્મ કહેવાય છે તથા ચિન્મય પરમપુરૂષ કહેવાય છે. તેમનું અદ્વૈત સાકાર બ્રહ્મરૂપ વેદરુચાઓ ગાન કરે છે. તેથી સાકાર અદ્વૈત બ્રહ્મના ઉપાસકોનું તે મોક્ષસ્થાન છે.

આ લોકમાં દિવ્ય વિભૂતિઓ છે. દિવ્ય ઐશ્વર્યો છે, એક અબજ અને તેત્રીસ કરોડ શક્તિઓ તે છ શક્તિઓની સેવામાં છે. સર્વ બાગબગીચા, ફુલ, ઔષધિઓ, હીરામાણેક સર્વ વસ્તુ ચૈતન્યનાં છે, નિત્ય છે. તે લોકમાં દિવ્ય વનોના મધ્ય ભાગમાં એક અરબ (દસ કરોડ) યોજનનો એક રંગમહેલ ચૈતન્યનો છે, તેના મધ્ય ભાગમાં તે પલંગ ઉપર શબળબ્રહ્મ વિરાજતા થકા અનંત શક્તિઓ વડે સેવેલા છે. તેમના જમણા પગના અંગુઠામાંથી શીતલ મિઠ્ઠી અમૃતમય તેજની ધારો નીકળે છે. તે ધારાથી તે રંગમહેલ ઝળઝળાયમાન છે.

રંગમહેલમાં શબળબ્રહ્મની ચારે તરફ (૪) ચાર અબજ (ચારસો કરોડ) હંસરૂપ મુક્તનાં મંડળો શબળબ્રહ્મના મુખદર્શનનો લાભ લઈ રહ્યા છે. તથા આઠ પહોર ચૌદ ઘડી સેવાપૂજાનો લાભ લઈ રહ્યા છે. તે શબળબ્રહ્મના રંગમહેલમાં (૩૩) કરોડ દિવ્ય શક્તિઓથી સેવાયેલાં શબળબ્રહ્મને નિરંજન તથા અકાળ પુરૂષ કહે છે.

સતશ્રીઅકાલ સ્વરૂપ કહેવાય છે. તેનું ભજન કરનારા એવા પંજાબમાં ગુરૂનાનક સાહેબના સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે. તથા ગુરનાનક સાહેબને તે 'અકાળ સ્વરૂપનો અવતાર' માને છે. પરંતુ મુખ્ય ઉપાસના 'અકાળ પુરૂષ'ની કરે છે, તેથી નાનક ગુરૂના સંપ્રદાયની શાખા ખાખી નિર્વાણસંત નાનક શાહી પંથીઓનું તથા ગુરુઅરદી ઉદાસી બખસ, સંગત સાહેબ, ઉદાસી બખસ, રામદાસ બખસ, લખતમલ બખસ, સોઢી બખસ, અજીતમલ બખસ, મિયાં સાહેબ બખસ, આ સાતે 'બખસ'ના સેવકોનું તથા રામરચિયાપંથ' બાવાઓનું તથા થાનસિખ પંથીઓનું તથા અકાલ પુરૂષની ઉપાસના કરનારા ખંડનસાહી સેવાપંથી તથા અમૃતધારી તથા સહજધારી તથા અડણસાહી તથા જિજ્ઞાસુ આદિક સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે.

અકાળસત્ બ્રહ્મની ઉપાસના કરનારા 'શીખ' સંપ્રદાયના અનુયાયી એવા ગુરૂ નાનકદર્શન અકાળુપુરુષ પંથીઓનું તથા ખાલસા પંથ વાળાઓનું તથા શ્રીગુરુસીખસભા મતવાળાઓનું તથા સતનામી પંથીઓનું, તથા સત્યચ નામની ઉપાસના કરનારા સુથરાસાહીમત વાળાઓનું તથા સત નામની ઉપાસના કરનારા મતકરતાર સંપ્રદાયવાળાઓનું તથા નિરંજન કરતાર સત્નામ ભજનારા હિંદાલીયા તથા નિરંજનીયા

પંથવાળાઓનું તથા વાહગુરૂ સત્યનામનું ભજન કરનારાઓનું તથા કુકેરામપારી પંથવાલાઓનું તથા શીખ સિદ્ધ ખાલસ અકાલી પંથવાળાઓનું તથા ગુરુખાલસા, ગંગુસાહી તથા ગહીર ગંભીરીયા તથા દિવાના તથા નિરમલા તથા નિરકારીયા તથા નિરહંગા પંથ તથા વિહારવૃંદાવની તથા તત્વખાલસા તથા વંદે ખાલસા તથા દર્શન ખાલસા તથા ભાઈ બહીલો ભક્ત તથા ભાઈ ભૂલામત તથા રામનિવાજી તથા શ્રીચંદ્રજીના શિષ્યો ઉદાસીનમત આદિ નાનક સાહેબના બનાવેલા ગુરૂગ્રંથ સાહેબને પૂજતા તથા સત્યનામ સત્ શ્રી અકાલ નામે ભજન ઉપાસના કરતા એવા તે નાનક પંથીઓનું તે મોક્ષસ્થાન છે, તે સર્વેનું અકાળ પુરૂષ સ્વરૂપે શબળબ્રહ્મ દર્શન આપે છે.

આ શબળબ્રહ્મ નામથી ઉપાસના કરનાર ઉપનિષદવાળાઓનું તે મોક્ષસ્થાન છે. સત્યનારાયણનાં ભક્તોનું પણ આ મોક્ષસ્થાન છે. આ શબળબ્રહ્મના દર્શને માયાના પરાભવે રહિત એવા નિત્ય ગોલોક નિરંજન બ્રહ્મલોકના વાસી મુક્ત આત્માઓ પણ આવી શકતા નથી કારણકે ત્યાંની મહાપ્રબળ બ્રહ્માણી શક્તિ ત્યાંની સીમારૂપ છે, તે નિરોધ કરનારી છે. તે શબળબ્રહ્મના બન્ને દ્વીપમાં ગતિવાલી મહાસમર્થ 'બ્રહ્મતરગંભજિની' નામની શક્તિ છે. તે શબળ બ્રહ્મરૂપ સૂક્ષ્મ શરીરની સીમા (હદ) રૂપ છે. જેથી શબળ બ્રહ્મવાસી મુક્તજનો ઉપરના કેવળબ્રહ્મ લોકમાં જઈ શકતા નથી.

આ ઉપર જણાવેલી વિગત પ્રથમ દ્વીપની છે (૨) બીજા દ્વીપમાં શબળ બ્રહ્મનું વ્યાપક સ્વરૂપ નિરાકર છે તે તેજોમય અમૃતનાં સુધાનાં તરંગમય કિરણોથી તુમૂલાયામાન બિંબસ્વરૂપ એક રસ ચૈતન્ય ઝળઝળાયમાન છે. જેમાં વન, વેલી, મહેલ, મંદિર સ્વરૂપનો કંઈપણ આકાર ભાસતો નથી. તેથી અનિર્વચનીય નિરાકાર શબળ બ્રહ્મ એ છે. તે શબળ બ્રહ્મની નિરાકારસ્વરૂપ ઉપાસના કરનારા અનેક વેદાન્તીઓનું તે મોક્ષસ્થાન છે. અનેક સંપ્રદાયોના અનેક નિરાકાર બ્રહ્માપાસકોને આ નિરાકાર શબળ બ્રહ્મ મહાતેજની પ્રાપ્તિરૂપ મોક્ષસ્થાન છે. આ મોક્ષાવસ્થામાં જીવાત્માઓ એકરસ ચૈતન્યમમાં મળી ગયા હોય એવા થકા રહે છે, તેને કનિષ્ઠ મુક્તિ તથા લય મુક્તિ કહેવાય છે.

❖❖❖❖❖

अष्टमी मुक्तिव्यवस्था

"કેવલ બ્રહ્મલોક"

આ આઠમી મુક્તિનો લોક શબળ બ્રહ્મને ચારે તરફ વીંટીને રહેલું વ્યાપક એવું કેવલબ્રહ્મ છે. તે અક્ષર બ્રહ્મનું કારણ શરીર છે. શબલ બ્રહ્મથી દશગણું અધિક (૫) અન્ત્ય ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ યોજનના વિસ્તારવાળું છે,તે કેવલ

બ્રહ્મલોક કહેવાય છે. તે લોકમાં ચૈતન્યમાં સમૂહો ભરેલાં છે, દિવ્ય તેજની તરંગો ઉછળે છે. ત્યાંના વન, વૃક્ષ, વેલી, ફલફુલ, હીરા, માણેક સર્વ વિભૂતિઓ નિત્ય નિર્વિકાર છે. કરોડો શબલિક બ્રહ્મના તેજના સમૂહો આ ધામમાં એક દેશમાં લીન થાય તેવું પ્રકાશિત છે.

અક્ષરબ્રહ્મના કારણ શરીર તરીકે રહેલ કેવલબ્રહ્મને અક્ષરબ્રહ્મ નામથી પ્રણામી સંપ્રદાય ઓળખાવે છે, તે કેવલબ્રહ્મને રહેવાના રંગમહેલનું પ્રણામી ખીજડાપંથી સંપ્રદાયવાળાઓ વર્ણન કે છે, જે કેવલ બ્રહ્મને રહેવાનો પાંચ અરબ (પચાસ કરોડ) યોજનનો વિસ્તારવાળા ચૈતન્યમય હીરામાણેકનો રંગમહેલ છે. તેને (૯) નવરૂપ ચોકીઓ છે તેમાં (૯) નવનિધિ, અષ્ટસિદ્ધિ મૂર્તિમાન બિરાજમાન છે તથા (૯) નવ 'બ્રહ્મદર્શન' ચક્રો છે, તેનાથી સપ્તરંગી કિરણોમય શીતલ તેજી નીકળે છે.

તે મહેલના મધ્ય ભાગમાં (૧) એક લાખ યોજનનો વિસ્તારવાળો મણિમય ઘુમટ છે. તેમાં (૯૦૦) નવસો કમાનો છે, તેમાં નવસો ખંડ છે, તેના મધ્યમાં ચૈતન્યની (૧૦) દશ ભૂમિકમાં અમૃતનો સિંધુ ભર્યો છે, તેના મધ્યમાં બ્રહ્મદ્વીપ છે. તે દ્વીપમાં નવસો થાંભલાની ગોળાકાર બેવડી પંક્તિ (હાર) છે તેના મધ્યભાગમાં (૬૪) ચોસઠ થાંભલાનો ચબૂતરો છે, તે ઉપર હીરા, માણેક, મોતીનું જડાઉ દિવ્ય સિંહાસન છે. તેમાં 'કેવલ બ્રહ્મ' પુરૂષ સાકાર મનોહર મૂર્તિ બિરાજમાન છે. સાથે આનંદયોગમાયા નામની મહાશક્તિ બેઠેલી છે. તેનું બીજા નામ પ્રતિબિંબ શ્યામાજી કહેવાય છે. શ્યામાજીની સાથે મહાપ્રબળ (૧૨) બાર હજાર દિવ્ય સખીઓ રહેલી છે, તથા બીજી અનંત શક્તિઓ રહેલી છે તે સર્વે વનદેવતાઓ કહેવાય છે. તે વનદેવતાઓના (૭) સાત વન છે.

(૧) કમલવન, (૨) નવરંગવન, (૩) કલ્પવન, (૪) નંદનવન (૫) મધુરવન (૬) સુરભિવન, (૭) કનકકુંજ વન, એ વનદેવતાઓ જાતજાતનાં પુષ્પો તથા નવરંગવનમાંથી લીલા મેવાના ફલ તથા કલ્પવનમાંથી હીરામણીઓ તથા નંદનવનમાંથી અર્ધ્ય : મધુરવનમાંથી ભોજયઃ સુરભિવનમાંથી સુગંદી દ્રવ્યઃ કનકકુંજવનમાંથી આભૂષણો લાવીને ભગવાન કેવલ બ્રહ્મની સેવાપુજા કરે છે. તે ભગવાન જેવા સ્વરૂપની ઉપાસના કરે છે, તેવ ાસ્વરૂપે દર્શન આપે છે. શ્યામશ્યામાનાં ભજન કરનારા પ્રણામી ખીજડાપંથી સંપ્રદાયવાળાઓ તથા તેની શાખાઓ 'પન્નાશહેર'ના ધામીલોકો તથા છજુ પંથી, મિહરાજ પંથી વગેરે પ્રણામીઓ સુંદર સાથ જેઓ 'શ્રીપ્રાણનાથ સ્વામી'ને પૂર્ણ બ્રહ્મ સમજીને ઉપાસના કરે છે, તે સર્વેને શ્રીપ્રાણનાથસ્વામી આઠમી મુક્તિ આપે છે.

'પ્રણામી સંપ્રદાયવાળા' એ કેવલ બ્રહ્મલોકરૂપી અક્ષરના લોકમાં સખીરૂપે રહેવું, તેને મુક્તિ માની છે. એ પ્રણામી સંપ્રદાયવાળા કેટલાક ભક્તો કેવલ બ્રહ્મને અક્ષરાતીત પુરૂષોત્તમનું સ્વરૂપ કહે છે અને પુરૂષોત્તમને પ્રાણનાથ સ્વામી સ્વરૂપે માને છે. તથા શ્યામાજી પટરાણીની બાર હજાર સખીઓ તે પ્રાણનાથજીની સ્ત્રીઓ છે,તે પત્નીઓ શ્રીપ્રાણનાથજી અક્ષરાતીત પુરૂષોત્તમની જ સેવા કરે છે. બીજી તમામ મુક્તિ પામીને સ્ત્રીરૂપે થનારી સખીઓને શ્રીપ્રાણનાથ સ્વામી અક્ષરના લોકમાં કેવલ પદ્મનાં પ્રદેશમાં રાખે છે પરમધામમાં રાખતા નથી. તમામ મુક્તિ પામનારા સાથી ભાઈઓ આ અક્ષર પ્રદેશમાં જ સખીરૂપે રહે છે. તેઓનું આ મોક્ષસ્થાન છે.

અક્ષરાતીત પુરૂષોત્તમના પરમધામમાં સ્ત્રીપુરૂષરૂપે રમણ કરવું તથા સંખ્યામય સ્ત્રીઓ રહેવી તે ઉપનિષદો વર્ણવતા નથી. તેથી સખીરૂપે મુક્તિ સ્થિતિ તે અક્ષરધામના આ કેવલબ્રહ્મ પ્રદેશમાં સ્ત્રીપુરૂષ રમણાર્થે મુક્તિ પ્રણામી સંપ્રદાયને ઘટે છે. કેવલબ્રહ્મ લોકમાં સખીરૂપે થઈને ભગવાનની સેવા કરવારૂપી મુક્તિ માનનારાઓનું તથા વેદોમાં અને ઉપનિષદોમાં કેવલબ્રહ્મની ઉપાસના જણાવી છે, તે ઉપાસકોનું આ મોક્ષસ્થાન છે.

આ કેવલબ્રહ્મલોકનાં આનંદયોગમાયા શક્તિ ચોકીદાર છે. તે પોતાના પ્રભાવથી કેવલબ્રહ્મના લોકના મુક્તોને તથા સખીઓને ઉપરના લોકમાં જવા દેતી નથી, પણ ભગવાન આંહી પધારે છે. આ કેવલબ્રહ્મના મુક્તોને કેવલ બ્રહ્મલોક અનંત અપારરૂપે જણાય છે. આ કેવલ બ્રહ્મલોકમાં અક્ષરાતીત ભગવાનના ઉપાસક સખીભક્તો તથા મુક્તોને ઉપાસના પ્રમાણે પતિ તરીકે પધારીને અક્ષરાતીત ભગવાન મનોરથ પૂર્ણ કરે છે. પણ ઉપનિષદ પ્રતિપાદ્ય અક્ષરબ્રહ્મલોકમાં પરમધામમાં મુક્તાની-મુક્તના યુગલભાવને સ્વીકારતા નથી જેથી ત્રિલિંગવિકૃતિશૂન્ એવા અક્ષરધામમાં પરમધામ પ્રદેશો છે. તે અનેક શાખાવાળા વેદાન્તે વર્ણવેલ છે.

❖❖❖❖❖

નવમી મુક્તિવ્યવસ્થા

"અક્ષરબ્રહ્મલોક"

કેવલબ્રહ્મથી પર ચારે તરફ વીંટીને વ્યાપક 'અક્ષરબ્રહ્મ'લોક છે. તે મહાકારણ શરીર સ્વરૂપ છે. તેને 'અક્ષરધામ' કહેવાય છે. તે અનંતઅપાર છે. બીજાં બધા ધામોની હદ છે. પરંતુ અક્ષરધામની હદે નથી. દસે દિશામાં વ્યાપ્ત છે. સત્ ચિત્ આનંદએ ત્રણ અંશથી ભરપૂર છે. સચ્ચિદાનંદ એ ત્રણ અંશથી યુક્ત અક્ષરધામમાં એક વૃંદ યોજનના વિસ્તારવાળો બ્રહ્મ મહેલ છે. તેને આઠ રૂપ ચોકી છે, તેમાં નિત્ય દિવ્ય અષ્ટ સિદ્ધિ રહેલી છે.

એ બ્રહ્મ મહેલના બરાબર મધ્યભાગમાં 'બ્રહ્મછત્ર' રહેલું છે. તેની નીચે દિવ્ય હીરા, મણિ માણેક, તેજોમય રત્ન આદિથી જડાવ સિંહાસન છે તેમાં મૂળ અક્ષરબ્રહ્મ વિરાજમાન છે. તેમના ચરણના અંગુઠામાંથી તેજની મીઠી શીતલ તરંગો નિકળે છે, તે તેજથી ઝળઝળાયમાન મહેલમાં મુક્ત મંડલો અક્ષરબ્રહ્મનાં દર્શનનો લાભ લઈ રહ્યાં છે. તે મુક્તમંડળ અક્ષરબ્રહ્મની ઈચ્છાનુસાર દિવ્ય બગીચાઓમાંથી ફુલફુલાદિક ઉપચારોથી પૂજા કરે છે. ત્યાંની યાવત્ સામગ્રી નિર્વિકાર તથા નિત્ય છે.

એ બ્રહ્મમહેલની ચારે તરફ આઠ રૂપ ચોકીની સામે દિવ્ય હીરામાણેક તથા પુખરાજના પર્વતો છે, તથા બ્રહ્મમહેલની ચારે તરફ ચૈતન્યની ગોમતી (ઉન્મત ગંગા) નદી ગોળાકારે છે. તેને કિનારે પર્વતોની તળેટીઓમાં દિવ્ય વનસ્પતિ ઔષધિઓમાં વન છે. તે સર્વે વનસ્પતિઓ મુક્ત સ્વરૂપ છે. તે અક્ષરબ્રહ્મ ચારે તરફ મુક્તોને સન્મુખ દર્શન આપે છે. તે અક્ષરબ્રહ્મને પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન માનીને ઉપાસના કરનારા 'બ્રહ્મસમાજ' તથા 'પ્રાર્થના સમાજ' નામના સંપ્રદાયવાળાઓનું તે મોક્ષસ્થાન છે તથા ઉપનિષદોએ પણ બહુધા આ અક્ષરબ્રહ્મને જ ભગવાનરૂપે વર્ણન કરી બતાવ્યાં છે. પરંતુ અક્ષરાતીત ભગવાનની ભિન્નરૂપે વર્ણન કરી બતાવેલા નથી. એવા જે ઉપનિષદ્ સંપ્રદાયના ઉપાસકો તેને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, અને તેઓનું તે મોક્ષસ્થાન છે. તે નવમી મુક્તિના સ્વામી અક્ષરબ્રહ્મ સાકાર સ્વરૂપે પોતાના મહેલમાં બિરાજતા થકી નિરંતર અક્ષરાતીત પુરૂષોત્તમ ભગવાન પરબ્રહ્મની સેવા પૂજા કરવા જાય છે. આ અક્ષરબ્રહ્મ પુરૂષ પોતાની સમષ્ટિના વ્યષ્ટિસ્વરૂપ છે. આ અક્ષર બ્રહ્મનું સ્વતંત્ર ધામ છે. અક્ષરપંથી એવા તમામ સંપ્રદાય વાળાઓનું આ મુક્તિસ્થાન છે. અક્ષરને અક્ષરાતીતની સમાન ભજનારાઓનું આ મુક્તિસ્થાન છે.અક્ષર ભગવાનની ઉપાસના કરનારા અક્ષરમાં પુરૂષોત્તમભાવને સ્વીકારનારા પુરૂષોત્તમપંથીઓનું આ મોક્ષસ્થાન છે. અક્ષરકોટિયુને માનીને તેમાં જવા ઈચ્છતા એવા ભક્તોનું આ મોક્ષસ્થાન છે તથા પોતે અક્ષર થવા ઈચ્છતા એવા ઉપસાકોનું આ મોક્ષસ્થાન છે. તથા અક્ષરસમાજના પંથવાળાઓનું આ મોક્ષસ્થાન છે તથા સાકારબ્રહ્મના ઉપાસકોનું આ મોક્ષસ્થાન છે.

❖❖❖❖❖

दसमी मुक्तिव्यवस्था

"निराकार तेजोमय अक्षरब्रह्मधाम"

આ દસમી મુક્તિનું નામ નિરાકાર તેજસ્વરૂપ અક્ષરબ્રહ્મ છે. ઉપનિષદોએ આ ધામને પરમબ્રહ્મલોક વર્ણવ્યો છે. તે વ્યાપક છે. કેવલ તેજોમય છે. સચ્ચિનંદાસ્વરૂપ છે. તેન ચિદ્ઘન તેજ તથા અક્ષરધામ કહેવાય છે, તેમજ પરમધામ કહેવાય છે.

એ ધામમાં કેવલ શીતલ અને શાંત તેજ સર્વત્રા વ્યાપી રહ્યું છે અને તેમાં અખંડઆનંદ અપરંપાર રેલાયેલ છે. એવો જે નિરાકાર અક્ષરબ્રહ્મ ધામના તેજનો સમૂહે તે અધોઉધર્વ તથા ચારેકોરે પ્રમાણ રહિત છે ને અનંત છે, એવું જે નિરાકાર અક્ષરબ્રહ્મધામ છે. તેતો એ દિવ્યમૂર્તિ પ્રકાશમય ને સુખરૂપ એવા શ્રી પરબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિની તેજ છે' જીવસૃષ્ટિ ઈશ્વરસૃષ્ટિ અને બ્રહ્મમુક્તિ એ સર્વેમાં આ અક્ષરધામરૂપી તેજ વ્યાપીને રહ્યું છે.

માટે સર્વત્ર બ્રહ્મ છે એમ શ્રુતિઓ કહે છે, તે આ ધામ શ્રી પુરૂષોત્તમ પરબ્રહ્મને રહ્યાનું ધામ છે, પરબ્રહ્મના સુખથી ભરપૂર છે. પરબ્રહ્મનું સર્વ સુખ આ ધામમાં છે, ઊંચામાં ઊંચા ભક્તો, મુક્તો, યોગીઓ, સિદ્ધો આ ધામમા જાય છે. એ અક્ષરધામનું સુખ કેવું હશે તેની ઉપમા આપી શકાતી નથી. એ અક્ષરધામનું સુખ બીજા ધામો કરતાં સર્વથી અતિ અધિક છે.

જેમ પશુના સુખથી મનુષ્યને અધિક સુખ છે. તે કરતાં રાજાનું સુખ તથા એનાથી ચક્રવર્તી રાજાનું સુખ અધિક છે. તેથી સ્વર્ગદેવતાઓનું અધિક છે અને તેથી ઈન્દ્રનું અધિક સુખ છે અને તેથી બૃહસ્પતિનુઅને તેથી બ્રહ્મના લોકનું અને તેથી વૈકુંઠ લોકનું અને ગોલોકનું સુખ તે અતિ અધિક છે. અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ સર્વથી અતિ અધિક છે. એ અક્ષર પરમધામના મહેલ, બાગબગીચા, સિંહાસન, આભૂષણાદિક વિભૂતિઓનું પૂર્ણ વર્ણન કોઈનાથી થઈ શકતું નથી. એ ભગવાનનું અક્ષરધામ કેવું હશે ?

એ ભગવાનનું જેવુ ધામ છે તેવું સ્થાનક અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈ નથી, જે જેની ઉપમા એને આપીએ, તથા ઈન્દ્ર વરુણ, કુબેર તથા શિવ, બ્રહ્મા, વૈરાટ તથા પ્રધાનપુરૂષ, પ્રકૃતિ પુરુષાદિઢ તેમનાં જે સ્થાનક તથા બીજા ઘણાંક ભગવાનનાં સ્થાનક છે, પણ એ માહિલું એક એવું સ્થાનક નથી જે જેને ભગવાનના અક્ષરધામની ઉપમા દઈએ. એ ભગવાનનું ધામ સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, અખંડ છે. જેમ પર્વત, વૃક્ષ, પશુ, પક્ષી, મનુષ્યાદિક જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે બીલોર કાચની હોય અને આકાશને વિષે સમગ્ર તારા છે તે સર્વે સુર્ય હોય તેને તેજે કરીને સમગ્ર આકૃતિએ સહિત બીલોરી કાચની પૃથ્વી જેવી પ્રકાશમાન થાય તે કેવી શોભે ? તેની શોભાયેયુક્ત અક્ષરધામ છે. એવું નિરાકાર એક રસ ચૈતન્યમય નિરાકાર તેજ અક્ષરબ્રહ્મ તેમનાં બે સ્વરૂપો છે.

(૧) સાકારમૂર્ત (૨) નિરાકાર અમૂર્ત

(૧) સાકાર સ્વરૂપે કરીને પુરૂષોત્તમ નારાયણની હજુરમાં પાસે રહીને નિરન્તર સેવા, પૂજન તથા નવ પ્રકારની ભક્તિ કરે છે, પુરૂષોત્તમ પરબ્રહ્મ સમાન મૂર્તિ છે.

(૨) નિરાકાર એકરસ ચૈતન્ય છે તે અનંતકોટિ બ્રહ્માંડોમાં વ્યાપી રહેલા છે. તેને દહરાકાશ, બ્રહ્માંડકાશ, આવરણાકાશ, આલોકાકાશ, કૈલાશચિન્મયાકાશ, સાત્ત્વસ્વભાવાકાશ, અમૃતમહાકાશ, હિરણમયકાશ, નિરંજનબ્રહ્માકાશ કેવલબ્રહ્માકાશ, અક્ષરબ્રહ્માકાશ, બ્રહ્મલોકાકાશ, પરમબ્રહ્મલોક, પરબ્રહ્મચિદાકાશ તથા અક્ષરપરમધામ અને બ્રહ્મમહોલ કહીએ તે અતિ પ્રકાશવાન છે, અને તે અનાદિ છે.

એ અક્ષર બ્રહ્મ તો જેમ સુર્યનું મંડલ છે તે સૂર્ય જ્યારે મધ્યબિન્દુએ આવે ત્યારે સૂર્યને યોગે કરીને દશે દિશાઓ કલ્પાય છે તેમ અક્ષરધામમાં પરબ્રહ્મને લઈને ઉપર નીચે ચારે પડખે સર્વ વિભાગો કલ્પાય છે, તેમાં મુક્તોની કોટિઓ છે અને એ અક્ષરધામમાં સર્વેથી મધ્યબિન્દુએ એક મોટો તેજનો ઘાટો સમૂહ છે. વિસ્તૃત તે તેજને પરમધામરૂપ પ્રકાશ જાણવો. એ તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું દિવ્ય સિંહાસન છે. તે સિંહાસનમાં સાકાર દિવ્ય અક્ષરાતીત પુરૂષોત્તમ પરબ્રહ્મ ભગવાન વિરાજમાન છે. અને તે સિંહાસનને ચારે તરફ અનંતકોટિ મુક્ત પુરુષો બેઠા થકા તેમનાં દર્શનરૂપ અમૃતપાન કરે છે જેથી તેઓને ક્ષુધા (ભૂખ) તૃષા (તરસ) કાંઈપણ જણાતાં નથી. એ ભગવાન સંબંધી સુખનો અનુભવ અહીંના ભક્તોને ક્યારે થાય છે ?

તો એ મૂર્તનું ધ્યાન કરનારા ભક્તને જ્યારે ભગવાનની કૃપાથી નિર્વિકલ્પક સમાધિ થાય ત્યારે તે સમાધિને વિષે તેનાં દર્શન થાય છે તથા તદાત્મકભાવરૂપ યોગ થાય છે, ત્યારે તેણે કરીને ક્ષણમાં પણ એવું સુખ જણાય છે, જે મેં હજારો વર્ષ પર્યંત સમાધિને વિષે સુખ ભોગવ્યું.

એવી રીતે ભગવાનના સ્વરૂપસંબંધી નિર્ગુણ દિવ્યસુખ તે સમાધિને વિષે અપાર જણાય છે. જે મુક્તોને ભગવાનની મૂર્તિનાં દર્શનાદિક થાય છે, તેમને આ લોકનાં માયિક સુખ નરક જેવાં જણાય છે. એ ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે એટલું સુખ તો અનંતકોટિ બ્રહ્માંડના વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની પણ બરાબર થાય નહીં.

એ અક્ષરધામના મુક્ત પુરૂષો ભગવાનના સાધર્મ્યપણાને પામેલા હોવાથી તેમનાં રૂપ, સમૃદ્ધિ, ઐશ્વર્ય, સ્થાન, ભોગ તથા સુખ એ સર્વે ભગવાનના સમાન છે. જેમ કોઈ રાજાધિરાજ પોતાની ઈચ્છા મુજબ સુખ ભોગવે છે તે જ પ્રમાણે તે મુક્તો પણ પોતાની ઈચ્છા મુજબ ભગવાનનાં સુખ ભોગવે છે. એ મુક્તના પુરુષોના દિવ્ય ચૈતન્યમય મૂર્તિના એક રોમમાંથી કોટિ કોટિ સૂર્યનો પ્રકાશ નીકળે છે. એવા ચૈતન્યમય તેજોમય નવલકિશોર સોળ વર્ષની વયમાં કોટિ કોટિ ચંદ્રના સમાન શીતલ તે મુક્તનાં સ્વરૂપો,

ભગવાનની ઈચ્છા વડે આત્માઓ પોતે સાકારરૂપે પ્રાર્વિભૂત કરેલ છે. તે મુક્ત સ્વરૂપોમાં સ્ત્રી, પુરૂષોના કામાદિ વિકારો નથી.

એ મુક્તો ભગવાનનાં સાધર્મ્યપણાને પામેલા હોવાથી દિવ્ય આકારે, પુરૂષોત્તમ ભગવાનના સરખા જ છે. અને તે મુક્ત પુરૂષો સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રતાપ, ચમત્કાર, સર્વજ્ઞતા, સુંદરતા આદિક અનંતગુણો વડે રાજાધિરાજ સમાન હોવા છતાં ભગવાનના દઢ દાસ રહી ભગવાનનું અનેક પ્રકારે સેવન, કીર્તન ભજન કરે છે.

એ મુક્તો બ્રહ્મસ્વરૂપ થયા છે તથા ભગવાનના સાધર્મ્યપણાને પામેલા છે તો પણ સેવકપણે કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે સ્વામીસેવક બન્નેની ઈચ્છાનુસારે સખાભાવે, દાસભાવે, સેવકભાવે તથા દિવ્ય પદાર્થોરૂપે, સિંહાસનરૂપે, વીણારૂપે, પંખારૂપે, ચાંખડીરૂપે, વસ્ત્રઆભૂષણરૂપે વૃક્ષરૂપે અનેક પ્રકારના પુષ્પોના હારરૂપે, તમામ વસ્તુ અને સેવાયોગ્ય મૂર્તિરૂપે, યોગ્ય સેવ્ય મૂર્તિઓ થાય છે. તેઓ અનેક સ્વરૂપો ધારણ કરીને ભગવાનની નવ પ્રકારની સેવા ભક્તિ કરે છે અને સર્વ પ્રકારના ભોગને ભોગવે છે.

ઉપનિષદ બ્રહ્મસૂત્રો અને પરબ્રહ્મના અભ્યાસી ઉપાસકોએ બ્રહ્મલોકમાં સ્ત્રી-પુરૂષોના સાપેક્ષ રૂપોનાં અસ્તિત્વોને અપનાવ્યા જ નથી. તેમ ઉપનિષદ્ વગેરેમાં બ્રહ્મલોકમાં સ્ત્રી-પુરૂષોનું વર્ણન કરેલ નથી. સ્વામીનારાયણ સંપ્રદાય કેવલ પરબ્રહ્મસ્વરૂપ મુક્તોનું જ દ્વિભુજ અસ્તિત્વ સ્વીકારે છે.

ગર્ગસંહિતામાં ચોવીશ અવતારોની હયાતીમાં અવતારોમાં મોહ પામેલી પ્રમદાઓએ ભગવાનના યોગને માગ્યો, ત્યારે ભગવાનોએ 'શ્રી કૃષ્ણનારાયણના અવતારમાં તમોને મારો યોગ આપીશ' આ વરદાન આપે. તે મુજબ પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણરૂપે અખૂટ વીર્ય એવા પ્રકટ થઈને અસંખ્ય પ્રમદાઓને પોતાનો યોગ આપી મોક્ષમાં મોકલી તે રીતિને અનુસરીને બ્રહ્મલોકમાં પણ શ્રીકૃષ્ણનારાયણને અસંખ્ય લક્ષ્મીઓ, મુક્ત ભક્ત દાસીઓ સેવે છે, એ હિસાબે ભક્તસ્ત્રીઓ શ્રીકૃષ્ણનારાયણની પત્નીઓ થાય છે. તે મતને અનુસાર ભજનારાં નરનારીઓને દસમી મુક્તિમાં શ્રીકૃષ્ણનારાયણ પતિરૂપે મળે છે, તેથી તેઓનું તે મોક્ષસ્થાન છે. તેના મતે મુખ્ય ભગવતીઓનાં નામ શ્રીમદ્ભાગવતના સ્કંધ (૩) અ. (૨૫) શ્લોક (૩૭)માં વર્ણવતાં ભગવાન કપિલદેવે કહ્યું છે કે,-

अथो विभूति मम मायाविनस्ताभैश्चंयमष्टांगगमनुप्रवृत्तम् ।
श्रियं भागवती वा स्पृहन्ति भद्रां परस्य में तेऽश्नुवते तु लोके ॥

મારા ધામનો અધિકારી થયા પછી મારો મુક્ત ભક્ત જે તે, યોગમાયાનો નિયંતા એવો હું તે મારી બ્રહ્મલોક સુધીની સંપત્તિ તથા દિવ્ય અણિમાદિક અષ્ટસિદ્ધિઓ તથા દિવ્ય એવી મારા ધામની ભાગવતી સંપત્તિઓએ આદિક સ્વરૂપે જેવી જેવી ઈચ્છાવાળો થાય છે, તેવી તેવી રીતે મારા સર્વ સંપત્તિઓને, મારા ધામમાં ભોગવે છે.

न वयं साध्वि साम्राज्यं स्वाराज्यम् भौममप्युत ।
वैराग्जयं पारमेष्ठयं वा अनन्त्यं वा हरेः पदम् ॥
कामयामह एतस्य श्रीमत्पादरज : श्रियः ।
कुचकुंकुमगन्धाढयम् मूर्ध्ना वोढं गदाभूतः ॥

''હે સાધ્વિ ! અમો પૃથ્વીનું સામ્રાજય તથા ઈન્દ્રનું રાજય, ભૂમા પુરૂષનું રાજય, વૈરાજનું રાજય, બ્રહ્માનુપદ, અનન્ત નામના શેષનારાયણનું સ્થાન, અનંત એવા મહાવિષ્ણુના રાજય તેને નથી ઈચ્છતા. અમે તો લક્ષ્મીજીની છાતીના કુંકુમમિશ્રિત એવી તમારા ચરણારવન્દની રજને નિરન્તર મસ્તકમાં રાખવા ઈચ્છીએ છીએ''

આવી રીતે જેઓ ભગવાનનો મહિમા જાણે છે તેઓ ભગવાન સંબંધી સુખ સિવાય બીજું કંઈપણ ઈચ્છતા નથી. જે ભક્તોને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનો સમાગમ હોય છે તથા સત્શાસ્ત્રનો અભ્યાસ હોય છે, તેઓને સંખ્યાજ્ઞાન સિદ્ધ થાય છે, જેથી આ લોકના માયિક પદાર્થો નાશવંત અને દુઃખરૂપ જણાય છે. એવા ભક્તોને ભગવાનના સ્વરૂપનો મહિમા સમજાય છે. તથા ભગવાનનાં ચરણોની રજનો મહિમા સમજાય છે. તેઓ અક્ષરબ્રહ્મ ધામમાં જાય છે અને ભગવાનની સેવાએ કરીને જ સુખિયા વર્તે છે.

શ્રી ઉદ્ધવીય સંપ્રદાય શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આક્ષિત ભક્તો સત્શાસ્ત્ર, સત્યપુરુષ, સદ્ધર્મ, સત્ ભગવાનનો સમાગમ કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિરૂપ સાધન દ્વારા સાધ્ય ભક્તિ વડે અક્ષરધામ પરમબ્રહ્મલોકમાં અક્ષરાતીત પરબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાપ્ત કરીને તેમની સેવા-પૂજા આદિ નવધા ભક્તિ કરે છે. આ પરમધામમાં 'ઉદ્ધવીય સંપ્રદાય'ના અનુયાયીઓનું મોક્ષસ્થાન છે. અને તેઆ તેજોમય અક્ષરબ્રહ્મધામમાં મુક્તિ પામીને અક્ષરાતીત પુરૂષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના કિશોરવય સમાન સાકારરૂપે સેવા પૂજા વગેરે ભક્તિ કરે છે, અને ભગવાનનાં તમામ સુખો મેળવે છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતોનું આ મોક્ષસ્થાન છે તથા ઉપનિષદ્ વિદ્યાઓ દ્વારા પરબ્રહ્મને સાકાર દિવ્ય સમજી ઉપાસના કરનારાઓ સાકાર વેદાન્તીઓનું આ મોક્ષસ્થાન છે. પુરુષોત્તમ તરીકે ઉપાસના કરનારાઓનું તે મોક્ષસ્થાન છે.

ગીતામાં કહ્યું છે જે :-

यस्मात् क्षरमतीते ऽहमक्षरादिप चेत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरषोत्तम ॥

હું ક્ષર, અક્ષરથી પર પુરુષોત્તમરૂપ, લોકમાં અને વેદમાં પ્રસિદ્ધ છું. એવા ભગવાનને સર્વ અવતારથી પર, સર્વ વિભૂતિઓથી પર, સર્વ શક્તિથી પર,સર્વ અક્ષરમુક્તોથી પર, અક્ષરધામથી પર, સર્વ સુખમય, સર્વ આનંદમય, સર્વજ્ઞ, સ્વતઃપૂર્ણ, દિવ્યમૂર્તિ, સર્વોત્તમ, સર્વકારણ, સર્વનિયંતા, સર્વાધાર, સર્વશિક્ષક, સર્વપ્રેરક, સર્વકર્તા, સર્વાન્તર્યામી, સર્વ સાક્ષી, સર્વવ્યાપક, સર્વોપાસ્યમૂર્તિ સર્વરસમય, સ્વતન્ત્ર અખંડ મૂર્તિ, નિદોષમૂર્તિ, સર્વઐશ્વર્યભાજન, સર્વલાવણ્યતાભાજન તથા દિવ્યકર્તૃત્વશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, લયશક્તિ, ધારકશક્તિ, નિરંકુશશક્તિ, નિત્યાડલુપ્તશક્તિ, મહામનોહરશક્તિ, અચિન્ત્યશક્તિ, નિર્વિશેષશક્તિ, ઉદારશક્તિ એવી અનેક દિવ્યશક્તિ યુક્ત મહાઐશ્વર્ય યુક્ત, તથા અનેક કલ્યાણ ગુણયુક્ત, દિવ્યમૂર્તિની ઉપાસના કરનારાઓને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા દિવ્ય ભગવાનની પ્રાપ્તિ થાય છે, તે તેઓનું મોક્ષસ્થાન છે.

આ અક્ષરપરમધામ સર્વત્ર વ્યાપક છે, દશમુક્તિ તથા અષ્ટ આવરણ અને સર્વે બ્રહ્માંડોમાં સર્વત્ર છે. જેમ એક મોટો ગોળો સફેદ (ધોળો) કાચનો હોય, તેમાં તેથી નાનો ગોળો લીલા કાચનો હોય, તેમાં તેથી નાનો ગોળો પીળા કાચનો હોય, તેમાં તેથી નાનો ગોળો લાલ કાચનો હોય, તેમાં તેથી નાનો ગોળો વાદળી કાચનો હોય, તેમાં તેથી નાનો ગોળો કાળા કાચનો હોય, હવે તે ગોળાને સૂર્યના તડકામાં મૂકવાથી તે સૂર્યનો પ્રકાશ ધોળા કાચનો ધોળો, તેથી નીચે પીળો, તેથી નીચે લાલ, તેથી નીચે વાદળી, તેથી નીચે કાળો પ્રકાશ જોવામાં આવશે. તે તે કાચના ગોળાની અંદર રહેનારા જીવો પોતપોતાના કાચના રંગના પ્રકાશને દેખી શકે છે પણ શુદ્ધ શ્વેત (સફેદ-ધોળો) તેજના પ્રકાશન દેખતા નથી, તેમ પરમધામ સર્વત્ર વ્યાપક છે પણ પરબ્રહ્મલોકમાં પરબ્રહ્મવિશિષ્ટ પ્રકાશ છે.

તેથી નીચે અક્ષરબ્રહ્મધામમાં અક્ષરબ્રહ્મની શક્તિ વિશિષ્ટ પ્રકાશ છે. તેથી નીચે કેવલબ્રહ્મની શક્તિ વિશિષ્ટ પ્રકાશ છે. તેથી નીચે શબળબ્રહ્મની શક્તિ વિશિષ્ટ પ્રકાશ છે. તેથી નીચે મહામાયા વિશિષ્ટ પ્રકાશ છે. તેથી નીચે વૈરાટશક્તિ વિશિષ્ટ પ્રકાશ છે. તેથી નીચે અષ્ટાવરણ વિશિષ્ટ પ્રકાશ છે. તેથી નીચે બ્રહ્માંડવિશિષ્ટ પ્રકાશ છે. તેથી નીચે પૃથ્વિ્યાદિ વિશિષ્ટ પ્રકાશ છે. આ સર્વ પ્રકાશ અક્ષરાતીતનો છે, પણ તે પ્રકાશમાં કેટલાક ઉપર જણાવેલા દશ પ્રકારની મુક્તિ અષ્ટાવરણની માયાના ભેગ ભળતાં ભળતાં આ

લોકમાં પહોંચતા તે પ્રકાશ મિશ્રિત થયો, જે સૂર્ય, ચંદ્ર, વિદ્યુતનો પ્રકાશ કહેવાય છે તે બધો પ્રકાશ પુરૂષોત્તમનો છે. પણ અનેક માયાકૃત મિશ્રણથી સૂર્યચંદ્રના પ્રકાશને લૌકિક ઝાંખા પ્રકાશને મેળવીએ છીએ, પણ શુદ્ધ પ્રકાશને મેળવી શકતા નથી. જેને માયાનું આવરણ ટળી ગયું છે તેને પરમધામનો જે શુદ્ધ પ્રકાશ તે સર્વત્ર દેખાય છે. એવા ભક્તને અક્ષર પરમધામ છેટું નથી, તેમજ ભગવાન પણ છેટા નથી, સમીપમાં જ. અહીં જ અક્ષરધામ, પરમધામ, બ્રહ્મલોક દેખાય છે.

એ ભગવાનનો મહિમા ક્યારે જાણવામાં આવે છે ? તો સાંખ્ય, યોગ, ન્યાય, વૈશષિક, વેદાન્ત, મીમાસા એ છ (૬) શાસ્ત્ર દ્વારા અને ચાર વેદ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અર્થવવેદ એ ચાર વેદ દ્વારા જાણવવામાં આવે છે તથા એકાન્તિક સદગુરૂ સંત દ્વારા જાણવામાં આવે છે.

સંતશાસ્ત્રને જાણનાર હજારોમાં એકાદ જ્ઞાની હોય છે, તેવા હજારો જ્ઞાનીમાં એકાદ સિદ્ધ હોય છે, તેવા હજારો સિદ્ધોમાં કોઈક વિરલો હેતાળ ભગવદ્ભક્ષ મળી આવે છે, તેવા હજારો સિદ્ધોમાં કોઈક વિરલો હેતાળ ભગવદ્ભક્ત મળી આવે છે, તેવા લાખો ભક્તોમાં ભગવાનના સતસ્વરૂપની દઢ ઉપાસનાવાળો એકાદ મળી આવે છે, તેવા ભક્તો પણ ભગવાનના સ્વરૂપને યથાર્થ વર્ણનમાં લાવી શકતા નથી ! તો સાધારણ પ્રાણી તો ભગવાનના સ્વરૂપનો મહિમા ક્યાંથી જાણી શકે ?

જે મુમુક્ષુઓને આત્યંતિક મુક્ત મેળવવાની ઈચ્છા હોય, તેઓ શેષના શેષી, મનોહરમૂર્તિ, અક્ષરાતીત પરબ્રહ્મ પુરૂષોત્તમ સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના કરશે તો તેઓને અક્ષર પરમધાનની પ્રાપ્તિ થશે અને જો નવ મુક્તિના વાસી ભગવાનનાં સ્વરૂપોની ઉપાસના કરશે તો તેઓના ધામની પ્રાપ્તિ થશે.

આ દસમી મુક્તિના અક્ષરપરમધામની કેવા ભક્તોને પ્રાપ્તિ થાય છે ? તો જેઓને પરબ્રહ્મ પુરૂષોત્તમ અક્ષરાતીત પરમાત્મા પરમેશ્વર સ્વામીનારાયણ ભગવાનના સ્વરૂપની દઢ ઉપાસના હોય, તથા નૈહિક બ્રહ્મચર્યનું પાલન કરતાં હોય, ભાગવત ધર્મોનું પાલન કરતાં હોય તથા સદ્‌ગુરૂના સમાગમ વડે તેમજ સત્તાશાસ્ત્રના અભ્યાસ વડે સાંખ્યજ્ઞાને કરીને સાંખ્યયોગી ધર્મનું પાલન કરતાં હોય, તથા સત્સંગ વડે ભગવાનના કૃપાપાત્ર થયા હોય, તથા અક્ષરધામ પરમધામના મુક્તોના કૃપાપાત્ર થયા હોય.

તથા એકાન્તિક સદ્‌ગુરૂ સંતના સેવક હોય, તથા પ્રત્યક્ષ ભગવાન અને સંતની સેવા વડે નિર્ગુણ સ્થિતને પામ્યા હોય તથા ભગવાન અને સંત માટે સર્વસ્વાર્પણ કરી શરણાગિત લીધી હોય, તથા ભગવાન અને સંતને રંગે રંગાઈ ગયા હોય, તથા તમામ

જડચેતન તત્ત્વસહિત સંત અને ભગવાનમાં સમર્પિત થઈ ગયા હોય, તથા જેને સર્વદા ભગવાન અને સંત આત્મારૂપી ખજાનામાં ભાસતા દેખાતા હોય. તથા ભગવાન અને સંતમાં શુભાશુભસર્વક્રિયા, પ્રવૃત્તિ, વ્યવહાર, કામકાજ, વર્તનસ્થિતિ વગેરેમાં દિવ્યભાવ અને હેતાભર્યા લક્ષણ હોય, તેઓ અક્ષરપરમધામમાં શ્રીપુરૂષોત્તમ નારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાનને પ્રાપ્ત કરે છે અને તેમના સુખે સર્વ રીતે સુખિયાં આનંદિત થાય છે.

❖❖❖❖❖

મનુષ્યોની આત્યંતિકી મુક્તિ માટે વિવેક

બ્રહ્માએ પાલન કરેલા અંડ (ગોળા)નું નામ બ્રહ્માંડ કહેવાય છે. આ બ્રહ્માંડના તેમજ અનંતકોટિ બ્રહ્માંડોના સંસારના જીવોએ કેટલા જન્મો ધારણ કર્યા છે એવું પરમાત્મા સિવાય કોઈથી જાણી શકાતું નથી. આ સંસારચક્રમાં પોતે ઉપાર્જન કરેલા કર્મોને વશ થઈ વારંવાર ભમતા જીવોને માયક પંચવિષયોની અનેક પ્રકારની વાસનાઓ ઉત્પન્ન થાય છે એથી કોઈથી કહી શકાતું નથી કે એણે આટલા જ અવતારો ધારણ કર્યા હશે છે. એવા હેતુથી કહેવાય છે કે, જેટલું સમુદ્રનું પાણી છે, તેટલું એ જીવ પોતાની માતાનું દૂધ ધાવ્યો છે, દરેક જીવો ચોરાસી લાખ જાતના દેહો ધારણ કરે છે, તેમાં સર્વથી મનુષ્યદેહ શ્રેષ્ઠ છે.

એ મનુષ્યદેહની ક્યારે પ્રાપ્તિ થાય છે ? તો ચોરાસી લાખ જાતના દેહોમાં જન્મ ને મરણ પામતા જયારે સાડી ત્રણ કોટિ કલ્પ પ્રાકૃત પ્રલય થઈ જાય છે ત્યારે તેને એક જ વખત મનુષ્યદેહની પ્રાપ્તિ થાય છે. એવા મનુષ્યદેહ વડે જેઓ પોતાના આત્માની મુક્તિ મેળવી શકતા નથી, તેઓને શાસ્ત્રકારો આત્મઘાતી કહે છે. એ વિષે શ્રીમદભાગવતમાં કહ્યું છે કે,

नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।
मयानुकूलेन नभस्वतेरितं, पुमाभन् वाब्धिं न तरेत्स आत्महा ॥

આ મનુષ્ય દેહ, અતિ દુર્લભ છે, પણ અનેક જન્મોને અંતે અતિ પુણ્યે કરીને સુલભ પ્રાપ્ત થયો છે. ભવસાગર તરવાને દઢનૌકા જેવો છે અને સાધુરૂપી ગુરુ કર્ણધાર એટલે ખેવટિયા છે, અને ભગવાનરૂપી હું અનુકુળ વાયુવડે પ્રેરાયેલો છું. એવો મનુષ્યદેહ પામીને જે દેહધારી પોતાના આત્માની મુક્તિને નથી કરતો, તે આત્મઘાતી આ બ્રહ્માંડમાં અસંખ્ય જીવો છે. તેમાં આસ્તિક તેમજ નાસ્તિક એમ બે વિભાગો છે.

(૧) આસ્તિક (૨) નાસ્તિક

૧. આસ્તિક જીવો તે હોય છે, જે આત્મા, પુણ્યઅપુણ્ય, કર્મફળ, ભોગ, આત્મા, પરમાત્મા, શાસ્ત્રવિધિનિષેધ, મોક્ષસાધન, મોક્ષ વગેરેને માને છે. અને પરમાત્માને કાળ, કર્મ, માયાના નિયંતા તથા પ્રેરક સમજીને પરમાત્માના સ્વરૂપની ઉપાસના કરે છે તથા અન્તર્યામીનો વિશ્વાસ રાખીને ભાગવતધર્મ પાળીને મોક્ષ મેળવે છે.

૨. નાસ્તિક જીવો તે હોય છે જે 'પરમાત્મા છે' એવું માનતા જ નથી. પરંતુ કાળ, કર્મ અને માયાની કુદરતથી આ જગત ઉત્પન્ન થાય છે. પુણ્ય કર્મ કરનારા જીવોને સુખ પ્રાપ્ત થાય છે અને પાપ કર્મ કરનારા જીવોને દુઃખ પ્રાપ્ત થાય છે. કુદરતથી દરેક પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને મરે છે. આવા વચનો નાસ્તિકો કહે છે, પરંતુ એ કુદરતનો રચનાર તથા નિયંતા કોઈપણ તત્વ હોવું જોઈએ એવું તેઓ સમજતા નથી, જેથી અજ્ઞાત દશાથી એવા વચનો કહે છે. એવા અજ્ઞાન દશાના જીવોને જ્યારે અતિશય દુઃખો પડે છે ત્યારે સર્વાર્થથી પરમાત્માને સંભારે છે અને તેમની પ્રાર્થના કરે છે. એથી સમજાય છે કે આ જગતના નિયંતા પરમાત્મા છે. એ પરમાત્મા આ જગત્ શા માટે સૃજે છે ? તો દરેક જીવોનાસુખને અર્થે અને દુઃખની નિવૃત્તિને અર્થે સૃજે છે. એ વિષે શ્રીમદ્ભાગવત સ્કંધ (૧૦)અ. ૮૭ શ્લોક (૨)માં કહ્યું છે કે,

बुद्धीन्द्रियमनः प्राणान् जनानामसृज प्रभुः ।
मार्गार्थं च भावार्थं च ह्यात्मने कल्पनाय च ॥

દરેક મનુષ્યોને બુદ્ધિ, ઈન્દ્રિય, મન, પ્રાણ ભગવાને શા માટે સૃજ્યાં છે ? તો જીવને વિષયભોગને અર્થે, તથા લોકાન્તરમાં જવાને અર્થે તથા મોક્ષને અર્થે સૃજ્યાં છે. મનુષ્યોએ પૂર્વજન્મને વિષે જેવાં કર્મો કર્યા હોય છે તેવી આ જન્મમાં બુદ્ધિ થાય છે. એ વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે कर्मायतं फलं पुंसां बुद्धिः कर्मानुसारिणी જેવા કર્મ તેવી બુદ્ધિ થાય છે અર્થાત્ આ જન્મમાં પણ જેવા કર્મો કરે તેવી તેઓની બુદ્ધિ થાય છે. આ મર્ત્યલોક કર્મભૂમિ કહેવાય છે, જેથી મનુષ્યો જેવાં કર્મો કરે તેવી તેમની બુદ્ધિ થાય છે. દરેક ત્રય ગુણોનો સંયોગ છે.

(૧) સત્ત્વગુણ (૨) રજોગુણ (૩) તમોગુણ

૧. શુદ્ધ સત્ત્વગુણ વર્તે ત્યારે જ્ઞાન, તપ, ભક્તિ, એવા કરવામાં રુચિ થાય.

૨. શુદ્ધ રજોગુણ વર્તે ત્યારે રાગરંગ, કામ્યકર્માદિકમાં રુચિ થાય.

૩. શુદ્ધ તમોગુણ વર્તે ત્યારે ક્લેશ, ખોટાઈ, વ્યસનાદિકમાં રુચિ થાય.

આ ત્રણ ગુણની પ્રવૃત્તિ થાય છે. જેઓ આ જન્મમાં સત્ત્વ ગુણી કર્મો કરે તેઓ મરણ પછી સ્વર્ગાદિકને પામે; રજોગુણી કર્મો કરે તે આ મર્ત્યલોકને પામે; તમોગુણી કર્મો કરે તો પાતાલાદિક લોકને પામે. છતાં પણ એવા ત્રણ ગુણવાળા જીવોને ભગવાન અથવા ભગવાનના સંતની ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે, પૂર્વ કર્મની બુદ્ધિને અનુસારે ચાર પ્રકારના મનુષ્યો કહેવાય છે.

(૧) જીવન મુક્ત (૨) મુમુક્ષુ (૩) વિષયી (૪) પામર

(૧) જીવનમુક્ત - માયિક પંચ વિષયોના બંધનથી રહિત થઈને ભગવાન સંબંધી પંચવિષયો ભોગવે છે. તેની વિગત :-

૧. તે શ્રવણ વડે અખંડ ભગવાનની કથા સાંભળવા ઈચ્છે.

૨. ત્વચા વડે ભગવાન તથા સંતના ચરણનો સ્પર્શ કરવા ઈચ્છે.

૩. નેત્ર વડે ભગવાન તથા સંતનાં દર્શન કરવા ઈચ્છે.

૪. રસના વડે ભગવાનના પ્રસાદના સ્વાદને ઈચ્છે.

૫. નાસિકા વડે ભગવાનને ચડ્યા જે પુષ્પ, તુલસી તેની સુગંધને ઈચ્છે.

આવી રીતે પંચવિષય ભગવાન સંબંધી હોય, જેથી ભગવાન વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહીં. એક ભગવાનની મૂર્તિના સુખને ઈચ્છે તેને જીવનમુક્ત જીવ જાણવો.

(૨) મુમુક્ષુ - આત્મા પરમાત્માના સ્વરૂપને જાણવા સદ્‌ગુરૂનો સમાગમ કરે તથા સતશાસ્ત્રનો અભ્યાસ કરે. આવો થઈને મોક્ષ માટે ઈચ્છા ધરાવે તથા પ્રયત્ન કરે તે મુમુક્ષ જાણવો.

(૩) વિષયી - વિવેક સહિત માયિક પંચવિષયોને ભોગવવામાં આનંદ માને. વિષયો તરફ વધારે વલણવાળો હોય તેને વિષયી જીવ જાણવો.

(૪) પામર - મૂઢપણે સારાસારના વિચાર વિના માયિકિ વિષયોને ભોગવે. તેમાં ધર્મ, અધર્મ, પાપ, પુણ્ય, ન્યાય, અન્યાય, નીતિ, અનીતિ કંઈ પણ જાણે નહિ તો પામર જીવ જાણવો.

ઉપર જણાવેલા ચાર પ્રકારોમાના 'જીવનમુકત' સિવાયના ત્રણ પ્રકારના મનુષ્યો શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનો સમાગમ તથા તેની તન, મન, ધનથી સેવા કરે ત્યારે તેઓની મુક્તિ થાય છે.

મનુષ્યોને કુસંગનો પાસ લાગવાતી તેમનામાં રજોગુણ તથા તમોગુણ વૃદ્ધિ પામે છે. સત્ત્વ, રજ, તમ આ માયાના ત્રણ ગુણો મિશ્રિત હોય છે તેમાં કોઈ એક ગુણ પ્રધાન હોય છે એથી મોહ પૂર્વક તેવાં કર્મમાં પ્રવર્તે છે.

ત્રણ ગુણવાળાની રીતિઓ :-

સત્ત્વગુણીને સંતપુરૂષનો સમાગમ વિરામવૃત્તિ, શાંતિ તૃપ્તિ સંતોષ અન્તવૃત્તિ, સદ્‌ભાવ, પરોપકાર, દિવ્ય, દૃષ્ટિ, ગુણગ્રાહીપણું, દેવપૂજના, ભજનાભક્તિ, નિર્દોષભાવના, શીલવ્રત બળપણું, સ્થિરપણું મીઠીભાવના, સુખીપણું, પ્રકાશ, જ્ઞાન, વિજ્ઞાન, પ્રીતિ, ધ્યાન, ધારણા, અપરિગ્રહ કથાવાર્તા, લીલાચરિત્ર, સદ્‌ગુણગ્રહણ પુણ્યસ્થિતિ, પવિત્રતા, સત્કર્મ, આશીર્વાદપાત્રતા, પ્રસન્નતા, પવિત્ર વ્યવહાર, દૈવીપણું, બ્રહ્મનિષ્ઠતા, તિતિક્ષા, ઉપરામ, ભોગવૈરાગ્ય, આત્મનિષ્ઠા, શાસ્ત્રતત્ત્વવિવેક, કલ્યાણ પ્રવૃત્તિ, નિર્જનવાસ, નિર્વિષપણું, નીતિનો ઉદ્યમ, નિષ્કામ ભાવના, ભાગવતપણું, મોક્ષાર્થ સમ્પત્તિની વપરાશ અમાયિક વર્તન, નિખાલસ દિલ, વિશ્વાસી, સત્યતા, મિષ્ઠ પ્રશંસા નિઃસ્વાર્થિપણુ, સહનાશક્તિ, ગંભીરતા, હૃદયમાં ઠંડક, પ્રગલ્ભપણું, આશ્રયદાતાપણું, અવૈરિતા, સરલપણું, લાભહાનિસમવૃત્તિ, ઈત્યાદિ ગુણિયલપણું એ સત્ત્વગુણી વ્યક્તિની રીતિ છે.

રજોગુણીને ઉજળાઈમાં તાન, રાગરંગમાં વૃત્તિ, પ્રવૃત્તિમાં પ્રયાસ ઉદ્યમમાં ફુલણજીપણું માનમોટાઈની વૃત્તિ, ઈન્દ્રિયોના લાડ લડાવવા, કાર્યશીલની મિત્રતા, કાર્યશીલપણું, ગ્રહણનું વલણ, નવરાશ ન હોવી, રાગવૃદ્ધિ, બાહેરવૃત્તિ, ખર્ચાળપણું, વૃથાવ્યય, સ્વાર્થભાવ, માનીદૃષ્ટિ, પોતાની પ્રશંસા, દેવની માનતા, રિદ્ધિ-સિદ્ધિમાં તાન, લોકભક્તિ, વેગીપણું, ભોગભાવના, સંગ્રહ, દુઃખદ પ્રવૃત્તિ, અપુણ્ય વલણ, દુર્ગુણગ્રહિતા, ચંચળતા, દ્વારહિતપણુ, સ્વાર્થ નીતિ, અસહ્ય ઉદ્યમ, ખેંચતાણ, પોતાનો કક્કો સાચો, આગેવાની ગડબડિયા મંડલી સ્થિતિ, વિષય વિચાર, સ્વાર્થી ઉદ્યમ, સકામભાવ, સ્વકીય મુખ્યતા, આવગમનમાં રૂચ, અટપટી પદ્ધતિ. વ્યર્થ વપરાશ, વધારે ખોટાઈ, સારું સારું તમન્ના, સારી ગાંદળી મારી, વધારે હિસ્સો મારો, તેજસ્વી ખર્ચા, ઊંચી સ્થિતિની દોડ્ય, લૌકિક અભ્યુદય, લોમવૃત્તિ, પ્રમાદ ઠા નહિ, ઉડાઉગીરપણું, સત્તારુચિ, આશાવાદ વષમાસ્વાદ વલણ, મનગમતી વાત, મોળપનો અણગમો, બેઅદબદીપણું મર્યાદાત્યાગ, અધરિયાપણું, મૌડીપણુ, અસભ્યતા, સાચા ખોટાં ટીખળ, સાદાઈની અરુચિ, ભભકો. આકર્ષણ, ઊંભરો, દોડધામ, લઉં લઉ, લાવો લાવો, મને મને, સારું બધુંય, મનોરથ, ફુલેકાં માંડવા. ઘોડા મેળા ખેલ, જમાત ધામધૂમ, ગાનતાન,

નાચ, ઢોંગઢંગ, ભૌતિક ચઢતી, અધિક ઉપાર્જન, વિષયપ્રસંગ, ફજેતી, ટાપટીપ, કાંટછાંટ ઓળવણી, પરિશ્રમ સરૂપતા, તૃષ્ણા, લોલુપતા, સાગરપણું, ઈત્યાદિક રજોગુણી વ્યક્તિની રીતિ છે.

તમોગુણીને ઉકળાટ, ઉદ્વેગ, ક્રોધ, રોષ, જુસ્સો, ક્રૂરતા, દંભ, ગર્વ, અભિમાન કરડાઈ, મોહભૂંડપ્ય, કાર્યધ્વંસ, બગાડ. વિનાશશીલતા, કલેશમૂળતા બળતરા અસહનતા, પરભંજિતા, અધર્મવાસ, અપમાન, અભક્ષ્યરુચિ, સર્વભોગિતા, કુટુંબક્લેશ, પતન, તિરસ્કાર, દુષ્ટતા, કઠોરતા, દુઃશીલતા, ડર, મિલનતા, દબાણ, બહારવટા, શત્રુભાવ, તોડફોડ, નાસ્તિકતા, અશુદ્ધિ અજ્ઞાન, તામસપણું, મહામોહ, અન્ધત વૈર પક્ષ, હેરાનપુણું, તડફડ, અવિવેક, લોહી ઉકાળો, મારામારી, ભંગાણ, વ્યસનીપણું, તોરીપણું, આડાઈ અવળાઈ. શ્રેયોહાનિ સમય ચ્યૂચતા, અહંમમત આડોડાઈ, વિપરીત ભાવ, મારકૂટ, લૂંટચ, ચેરી, ઘાતકીપણુ, ખટખટ, ચાડીચુગલી, મંત્રઘાત, વિવેકહીન, સાહસ, દ્વેહ, હિંસા, અપરાધ, કનડગત, દુઃખદપણુ, ભૂખમરો, તાણાંખેંચી, અપમાન, તિરસ્કાર હલકાઈ, નિર્લજજપણું, અન્યાય મદ. ધૂમાડિયાપણું, મેલાઈ કપટ, દંભ, છેતરપીંડી, ઓળવવું, દબાવવું, લડવું, કાપકૂટચ, વિનાશ પ્રવૃત્તિ, અંધાધુંધી પરાજાય, ભાંગતોડ, વેડફી નાંખવું, છીંતરબીંતર અધર્મ, ભ્રષ્ટતા, અનાસ્થા, અવિશ્વાસ, અનીતિમય, સ્વાર્થ, હાનિ ત્રાંસાઈ, વિશ્વાસઘાત, આત્મઘાત, મોક્ષધ્વંસ, દેવદ્વેષ, ગુરુઘાત, મા બાપ હત્યા, સર્વઘાત, કાર્યધ્વંસ, નિષ્ફળરુચિ, દંડપદ્ધતિ, અવળી ચાલ ખોટામંડાણ, પોલં પોલ, કાંટાભાવ, સર્વભક્ષકતા, દાવાનળરૂપતા, નરસાઈ હરામીપણું, ગુંડાઈ, લૂંડવૃત્તિ, બળત્કારાદિ, તમોગુણી, વ્યક્તિની રીતિઓ છે.

આવા દુર્ગુણો રાખવા માટેના સૃષ્ટિના સર્જનહારના ઉપકારનો વિચાર કરવો ભગવાન અને સંતના કૃપાપાત્ર થવા વલણ કરવું, નાસ્તિક્તા રાજસના તમસતા તજવી અને નીચે પ્રમાણે વિચારવું, તે પ્રમાણે મહિમા ઉપાસના સંતસમાગમ કરવા માંડવું, તેણે કરીને મોક્ષદ્વાર ઉઘાડું થાય છે.

આ સૃષ્ટિની ઉત્પત્તિ કરવાની પરબ્રહ્મ ''સોડકામયત'' ઈચ્છા કરી ત્યારે ''સઈક્ષા ચક્ર'' ''સ એક્ષત'' ''બહુ સ્યામ પ્રજાયેય'' ભગવાને અક્ષર સામું જોયું, ત્યરે અક્ષરધામમાંથી એક પુરૂષ ઊભો થયો તે પ્રકૃતિ સાથે જોડાયો. ત્યારે અક્ષરાતીત ભગવાનના સૃષ્ટિ રચવાના સંકલ્પને જાણીને પ્રકૃતિને અનંત મહાત્તમ રૂપ (૫૦) પચાસ પદ્મ યોજનના વિસ્તારવાળા ગોળાઓ ઉત્પન્ન કર્યા. ગાઢ અંધકારમય ગોળામાં મહાવિષ્ણુ ગર્ભ રૂપે ધારણ કર્યા ત્યારે ''હિરણ્યગર્ભઃ સમવર્તતાગ્રે'' તે હિરણ્યમયકોશ કહેવાયો. તેમાં સૂતેલા મહાવિષ્ણુમાં પ્રવેશ કરીને જાગ્રત કર્યા ત્યારે તેમના ચાર શરીર થયા.

૧. મહાકારણ ૨. અવ્યાકૃત ૩. સૂત્રાત્મા ૪. વિરાટ.

૧. મહાકારણ ૨. કારણ ૩. સૂક્ષ્મ ૪. સ્થુલ.

આ ચાર શરીરોમાં અનેક ધામોની રચના કરી. આ ચતુર્થ શરીર રૂપે ''तस्मादेव सनुत्तस्थौ भूत्वा नारायणः स्वयम्'' સ્વયંવિરાટ નારાયણ સ્વરૂપે પ્રગટ થયા. પરંતુ તે વિરાટ સ્વરૂપ માયાહત પરાભવથી હલન ચલન કરવા સમર્થન ન થયા, જ્યારે મહાવિષ્ણુ ભગવાને જ્ઞાન શક્તિથી પ્રવેશ કર્યો ત્યારે વૈરાટના તત્ત્વોમાંથી બ્રહ્માંડો બન્યા, તેના રક્ષણ, સંહાર, જનિકર્તા, વિષ્ણુ, શંકર, બ્રહ્મા આ ત્રણે દેવતાઓ થયા, જેઓ આ સંસારને ચલાવે છે.

આ સંસારમાં મનુષ્યોને દેવતાઓની ઉપાસના છે; તેવી જ રીતે દેવતાઓને બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઉપાસના છે. તે ત્રણને વૈરાટની ઉપાસના છે. વૈરાટને શિવલિંગ જ્યોતિની ઉપાસના છે. શિવ જ્યોતિને વિષ્ણુની ઉપાસના છે. વિષ્ણુને મહાવિષ્ણુની ઉપાસના છે. મહાવિષ્ણુને નિરંજન બ્રહ્મની ઉપાસના છે. નિરંજન બ્રહ્મને શબલૂબ્રહ્મની ઉપાસન છે. શબલબ્રહ્મ કેવલ બ્રહ્મની ઉપાસના છે. કેવલ બ્રહ્મને અક્ષર બ્રહ્મની ઉપાસના છે. અક્ષરબ્રહ્મને પૂર્ણ પૂરુષોત્તમ પરબ્રહ્મ ભગવાનની ઉપાસના છે.

સંસારી જીવોને જ્યારે જ્યારે સત્પુરૂષનો સમાગમ માય છે ત્યારે તેઓને આવો ભગવાનના સ્વરૂપનો મહિમા જણાય છે; આ સંસારમાં અનેક સત્પુરુષો, યોગીજનો, તપસ્વીઓ, વૈરાગ્યમાન, બ્રહ્મચારી અને પરાક્રમો મહાત્માઓ પ્રગટ થયા. તેઓનો ઉપદેશ ગ્રહણ કરીને તે તે દેશવાસી લોકો સેવક થયા. એ દરેકોના સૂમહો મોક્ષને લક્ષ્ય કરીને સંપ્રદાયોરૂપે પ્રગટ થયા. તેના નેતાઓએ ''मुण्डे मुण्डे'' मतिभिना'' એ ન્યાયથી સ્વ સ્વ વિચાર અનુસાર વેદાન્તના દ્વૈત, શુદ્ધાદ્વૈત, કેવલાદ્વૈત વિશિષ્ટાદ્વૈત, શક્તિવિશિષ્ટાદ્વૈત, વિશિષ્ટબ્રહ્માદ્વૈત, અદ્વૈત એવા સિદ્ધાન્તોના ભાષ્યો તથા સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા દર્શનો તથા રામાયણ વચનામૃત, ગુરુવાણી, કુલજ્ઞુમસ્વરૂપ કબીર કસોટી. ગોરખગોષ્ટિ, દાદુદુનિયા આદિક ગ્રંથો કર્યા. તે પૂજનીય દર્શનીય શ્રવણીય ગણાયા.

સંપ્રદાયોના ઉત્તેજન માટે તિલક, કંઠી, માળા, પરમહંસ બ્રહ્મચારી, યતિ, આચાર્ય, આદિક સ્થાપન કર્યા, જેથી સંપ્રદાયો અવિચ્છિન્ન ચાલ્યા. જેમાં તેમના આશ્રિતજનોની ઉપાસના પ્રમાણે મુક્તિ થાય છે. જેઓને બ્રહ્મનિષ્ઠ સંતપુરુષનો સમાગમ થાય છે, તેઓની આત્યન્તિકી મુક્તિ જરૂર થાય છે. એવા બ્રહ્મનિષ્ઠ સત્પુરૂષો દરેક સંપ્રદાયોમાં હોય છે જે, શરણાગત આશ્રિત જિજ્ઞાસુ મુમુક્ષુ મનુષ્યોને સત્શાસ્ત્રના અભ્યાસ દ્વારા

સંતોના કલ્યાણકારી ત્રીસ ગુણો અનુલક્ષીને ઓળખેલા બ્રહ્મનિષ્ઠ સંતોના સમાગમથી જ આત્યન્તિકી મુક્તિ થાય છે, સંત સ્વરૂપ ભગવાનમાં જેણે સર્વ પ્રકારે હેત બાંધ્યું તેને આત્યન્તિક કલ્યાણ હથેળીમાં જ છે.

મુક્તિદાતા બ્રહ્મનિષ્ઠ સંતના કલ્યાણકારી ત્રીસ ગુણો

૧. **દયાળુતા** - (પરપીડા ટાળવાની વૃત્તિ-દયા) દરેક પ્રાણી ઉપર દયાવાળા અને પરનું દુઃખ દેખીને દુઃખી થનારા, પોતાને બંધન ન થાય તેવી દયા કરનારા.

૨. **ક્ષમાશીલતા** - (અપરાધ પચાવવાની વૃત્તિ-ક્ષમા) મહા અપરાધી જીવ ઉપર ક્ષમા રાખનારા. અર્થાત્ અપકાર કરનારનો ઉપકાર કરનારા. દુષ્ટ બુદ્ધિના જનો ગાળો દે, અથવા તાડન કરે તો પણ ક્ષમા રાખીને તેનું હિત ઈચ્છનારા.

૩. **તિતિક્ષા** - (અપરાવ સહેવાની વૃત્તિ) દેહાદિકના સુખદુઃખને સહન કરનારા.

૪. **અનસૂયા** - (દેખીને દાઝે નહીં તેવી વૃત્તિ) બીજાના ગુણોમાં દોષ નહી જોનારા.

૫. **અનીર્ષ્યા** - (દાઝીને દાઝે નહીં કરવાની વૃત્તિ) પોતાના સમાન બીજાનો ઉત્કર્ષ સહન ન કરી શકે તે ઈર્ષ્યા. તેના અભાવવાળા.

૬. **નિર્વૈરતા** - (દબાવે નહીં એવી વૃત્તિ) શત્રુ કે મિત્રની ઉપર સમાન ભાવ રાખનારા.

૭. **નિર્માનતા** - (પોતાનો અગ્રભાવ લાવે નહીં તેવી વૃત્તિ) કે વિદ્યાદિક ગુણના અભિમાન રહિત અને પોતાના સ્વાર્થ વિના અપમાન સહન કરનારા.

૮. **વિમત્સરતા** - (સમૃદ્ધિ લેવાદેવામાં અરાજીપણ રહિત વૃત્તિ) સ્વસમાન કે અસમાનતા સર્વના સમુત્કર્ષ ન સહન થાય તે રૂપ મત્સરે રહિત. અર્થાત્ કોઈ લે અને દે તેમાં રાજી થવા રૂપ, મત્સરે સહિત.

૯. **માનદતા** - (મોટાઈ આપવાની વૃત્તિ) સ્વાર્થ વિના સર્વેને માન આપનારા.

૧૦. **નિર્દંભતા** - (છાનું ઊંડાણ ન રાખવાની વૃત્તિ) જેવી વાણી તેવું જ વર્તન રાખનારા, પરંતુ દંભે કરીને બીજાને નહીં ઠગનારા.

૧૧. **શૂચિતા** - (સ્વચ્છ વૃત્તિ) બાહ્ય અભ્યંતર શૌચ સંપન્ન અર્થાત્ મન આદિક તેમજ દેહને શુદ્ધ રાખનારા.

૧૨. **દન્તતા** - (ઈન્દ્રિયોની નિયમિત વૃત્તિ) પંચ જ્ઞાનેન્દ્રિયો વશ રાખીને કર્મેન્દ્રિયોથી નિયમિત રહેનારા.

૧૩. **ઋજુતા** - (સત્યમાં સરલતા વૃત્તિ) મન, વાણીથી ને શરીરથી એક રૂપવાળા. અર્થાત્ જેવું મનમાં એવું જ વાણીમાં અને એવી જ ક્રિયા કરનાર; પરંતુ મનમાં કંઈક હોય, બોલે કંઈક, અને ક્રિયા કરે કંઈક એવા નહિ.

૧૪. **જિતેન્દ્રિયતા** - (વિષયમાં ઈન્દ્રિયો ન જવાની વૃત્તિ) પંચ જ્ઞાનેન્દ્રિયને જીતનારા.

૧. શ્રોત્ર - કાન વડે ભગવાનની કથા, વાર્તા, કીર્તન, સાંભળનારા.
૨. ત્વક્ - ત્વચા વડે ભગવાન તથા સંતનો સ્પર્શ કરનારા.
૩. ચક્ષુ - આંખ વડે ભગવાન તથા સંતનાં દર્શન કરનારા.
૪. રસના - જીભ વડે ભગવાનનાં ચરિત્ર લીલારસ ચાખનારા.
૫. ઘ્રાણ - નાક વડે પ્રભુને ચડેલાં તુલસીપુષ્પની સુગંધ લેનારા.

૧૫. **નિર્દ્વન્દ્વતા** - (વિરોધી જોડલાંઓની વૃત્તિ રહિત વૃત્તિ) શીત ઠંડી અને ઉષ્ણગરમી, સુખ-દુઃખ, માન-અપમાન, શત્રુ-મિત્ર, આ જોડલામાં હર્ષશોકને નહીં પામનારા. તેમજ મહાન આપત્કાળમાં ધૈર્ય રાખનારા.

૧૬. **આસ્તિકતા** - (ભગવાન આદિ છે એવી વૃત્તિ) આત્મા-પરમાત્માની પ્રાપ્તિના સાધનોમાં દૃઢ વિશ્વાસવાળા અને શ્રુતિસ્મૃતિઓનાં વચનોમાં દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધાવાળા.

૧૭. **દૃઢવ્રતતા** - (સર્વ વિધિ પાળવાની વૃત્તિ) ભગવાનની યથાર્થ આજ્ઞાનું પાલન કરવામાં દૃઢ વ્રત રાખનારા અર્થાત્ સ્વધર્મમાં સ્થિર બુદ્ધિવાળા.

૧૮. **ક્ષમાવતા** - (અનિષ્ટાદિ પચાવવાની વૃત્તિ) દરેકનાં તિરસ્કારયુક્ત વચનો પાછળથી અથવા પ્રત્યક્ષ સાંભળવા છતાં પ્રસન્ન મુખ રાખીને મૌન થકા સહન કરનારા.

૧૯. **નિદ્રાજિતતા** - (ઘોર ભાવરહિત વૃત્તિ) રાત્રીના બે પ્રહાર ગયા પછી એક અથવા દોઢ પ્રહર નિદ્રા લેનારા.

૨૦. **આહારજિતતા** - (વિકારશૂન્ય વૃત્તિ) ધાતુપાત્ર સિવાયના કાષ્ટાદિક પાત્રમાં જમવાની વસ્તુઓ એકઠી કરીને, તેમાં પાણી મેળવીને એક જ સમય આહાર કરનારા.

૨૧. **આસનજિતતા** - (ચાંચલ્યશૂન્ય વૃત્તિ) યોગોપકરણથી પરિપૂર્ણ આસન જીતનારા.

૨૨. **તપ** - (નિરુધ્ધવૃત્તિ) કૃચ્છ્ર ચાંદ્રાયણદિક વ્રતો કરીને માયિક પંચવિષયોમાંથી વૃત્તિઓથી પાછી વાળનારા.

૨૩. **સત્ય** - (યથાર્થ વૃત્તિ) પ્રિય અને નમ્રતાયુક્ત સત્ય વચન બોલનારા.

૨૪. **સંતોષ** - ('બસ ઘણું' એવી વૃત્તિ) માયિક પદાર્થો પામવા માટે રાંકપણું જેમનાથી નથી અર્થાત્ સાધારણ પદાર્થ પ્રાપ્ત થાય તેમાં જ આનંદ પામનારા.

૨૫. **શ્રુતતા** - (જ્ઞાનભંડાર વૃત્તિ) સર્વ શાસ્ત્રના અર્થોને યથાર્થ જાણવા વાળા તેમજ સત્શાસ્ત્રના અભ્યાસના વ્યસનવાળા તથા ગ્રામ્યવાર્તાનો ત્યાગ કરનારા.

૨૬. **ષડ્રિપુજિતતા** - (વેગશૂન્ય વૃત્તિ) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માન. આ છ શત્રુઓને જીતીને તેનાથી પરાભવને નહિ પામનારા.

૧. કામ - (કામદેવ) તે ન હોવો, નિષ્કામ-બ્રહ્મચર્યનું પાલન કરનારા.
૨. ક્રોધ - (જવલનભાવ) પોતાનું અનિષ્ટ કરનારા ઉપર શાંત રહેનારા.
૩. લોભ - (લાવ લઉં બુદ્ધિ) તે ન હોવી, નિર્લોભ-ભગવાન સંબંધી સુખના લોભ સિવાય અન્ય લોભનો ત્યાગ કરનારા.
૪. મોહ - (મારું મારું બુદ્ધિ) તે ન હોવો, નિર્મોહ-રમણીય
૫. માન - (હું જ મોટા બુદ્ધિ) તે ન હોવી, નિર્માન-અપમાન થવા છતાં આનંદમાં રહેનારા.
૬. સ્વાદ - (મીઠાશ બુદ્ધિ) તે ન હોવી, નિઃસ્વાદ- સ્વાદરહિત આહાર કરનારા, પોતાના હાથે રસોઈ કરીને ભગવાનને ધરાવેલું, નૈવેદ્ય જમનારા.

૨૭. **વ્યસનરહિતતા** - (પાયમાલી ન હોવાની બુદ્ધિ) કોઈપણ જાતના ખાવા પીવાનાં કેફી પાદાર્થો કેફી પદાર્થો સમયે પ્રાપ્ત ન થાય તો તન અને મનથી દુઃખી થવાય તેવા વ્યસનો નહીં કરનારા, જૂગટાં વગેરેથી પણ રહિત.

૨૮. **હિંસારહિતતા** - (દ્રોહ ન થવાની વૃત્તિ) મન, કર્મ, વચને કરીને કોઈ પણ પ્રાણીનો દ્રોહ નહીં કરનારા.

૨૯. **સુક્રિયા** - દેહ, ઈન્દ્રિયોના વ્યાપાર ભગવાનમાં જેમના છે, કહેતાં ભગવાનની કથા, વાર્તા, કીર્તન, નામીએ સહિત ભગવાનનું નામ સ્મરણ કરનારા તેમજ ધ્યાન, ધારણા આદિક ભગવાન સંબંધી ક્રિયા વિના એક ક્ષણમાત્ર સમય નકામો નહિ નિર્ગમન કરનારા.

આવા કલ્યાણકારી ગુણોવાળા સન્તમાં સમર્પિત થયેલો આશ્રિત કોઈપણ માનવજાતિ દિવ્યભાવને પામીને મોક્ષ ગતિમાં જાય છે.

આવા કલ્યાણકારી ગુણેયુક્ત સંતનો સમાગમ થાય છે ત્યારે તેમની સાથે આત્મબુદ્ધિ થવાથી શરીરના અવયવો ફરી જાય છે. કહેતા ઈન્દ્રિયોની વૃત્તિઓ પવિત્ર થાય છે, ત્યારે

અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે, અને આત્મા-પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. એથી એની ઈન્દ્રિયો દિવ્યભાવને પામી જાય છે. જેમ કટી મટીને ભમરી થાય છે તેમજ સંતના સંગસમાગમથી સંતના ગુણો પ્રાપ્ત થાય છે.

સંતના સમાગમથી સંસારરૂપી ભવસાગર તરી જવાય છે. તેમજ તેમની કૃપાદૃષ્ટિથી મુમુક્ષને ભગવાન સંબંધી નિર્ગુણ સુખ પ્રાપ્ત થાય છે, એથી જ પુરાણ આદિક શાસ્ત્રોમાં સંતનો મહિમા જણાવેલો છે. માટે મુમુક્ષ જનોએ અંતરની આંખ્યથી-જ્ઞાનચક્ષુના અનુભવથી સાચા સદ્‌ગુરુ સંતને ઓળખવા જેથી કરીને જન્મમરણ થકી રહિત થઈ શકાય.

જે મુમુક્ષઓને સત્ય અસત્યનું વિવેકરૂપ જ્ઞાન હોય છે તેઓને જ સાચા સંત ઓળખાય છે અને એવા સંતની સાથે આત્મબુદ્ધિ થાય તો ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિ ઉદય થાય છે. એવા વિવેકજનોએ સાચા સંતની સાથે આત્મબુદ્ધિ કરવી.

આ પુસ્તકમાં ''દસ તુક્તિ''ઓ જણાવેલી છે તેમાં દરેક સંપ્રદાયના આશ્રિતોની મુક્તિનાં સ્થાનો જણાવ્યાં છે. એ સ્થાનોની પ્રાપ્તિની ઈચ્છા કરનારાઓએ સત્‌શાસ્ત્રનો અભ્યાસ કરવો તેમજ સંતસમાગમ કરવો, માયિક પંચવિષયોતી વિરક્ત થવું, અને ભગવાનની નવધા ભક્તિ કરવી, જેથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણોની પણ પ્રાપ્તિ થાય. એવી કરીને માયિક વાસનાઓ નાશ પામે ત્યારે પોતાના દેહના સંબંધીમાં જેવી આત્મબુદ્ધિ છે તેવી જ કલ્યાણકારી ત્રીસ ગુણવાળા સંતને વિષે આત્મબુદ્ધિ થાય છે ત્યારે તેમની કૃપાથી ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિ ઉદય થાય છે એથી કરીને આ સંસારના મનુષ્યોની આત્યંતિકી મુક્તિ થાય છે.

માયિક સુખની વાસનાવાળા ભક્તોને અનંત જન્મો ધારણ કરવા પડે છે, પરંતુ તેમની દુર્ગતિ થતી નથી, કલ્યાણને ઈચ્છનારો, કોઈપણ ભક્ત શ્રદ્ધાથી યોગ કરે છે, તેવા યોગમાંથી ભ્રષ્ટ થયેલો પુરુષ : અશ્વમેઘાદિક યજ્ઞ કરનારા પુરુષોના પવિત્ર લોકમાં જાય છે અને ત્યાંના વૈભવો ભોગવ્યા પછી આ મર્ત્યલોકમાં જન્મ ધારણ કરે છે.એવા ભક્તની બ્રહ્માકાર થયેલી બુદ્ધિથી પૂર્વ જન્મના જ્ઞાનને સંપાદન કરે છે. અને તે પોતાની મુક્તિની પ્રાપ્તિ માટે અધિક અધિક પ્રયત્નો કરતો રહે છે એથી કરીને એવા ભક્તોની અનેક જન્મે કરીને આત્યંતિકી મુક્તિ થાય છે. પરંતુ એવા તીવ્ર શ્રદ્ધાવાન ભક્તને બ્રહ્મનિષ્ઠ સંતના સમાગમથી પોતાના દેહના સંબંધીને વિષે જેવી આત્મબુદ્ધિ સંતને વિષે થાય તો આ જન્મમાં જ તેને ભગવાનની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે અને આત્યન્તિકી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

જેને આત્યંતિકી મુક્તિની ઈચ્છા હોય તેમણે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનારા બ્રહ્મનિષ્ઠ સંતોનો સમાગમ કરવો અને તેમની સાથે આત્મબુદ્ધિ કરવી કારણકે, તેમને પોતાના ઈષ્ટદેવ ભગવાનને વિષે પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિની ઉપાસના રાખવી.

સંપ્રદાયના આશ્રિતોએ પોતાના ઈષ્ટદેવની ઉપાસના દૃઢ રાખવા પોતાની સંપ્રદાયના શાસ્ત્રોનું નિરંતર અધ્યયન કરવું.

જેને આત્યંતિક મુક્તિની ઈચ્છા હોય તેમણે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનારા બ્રહ્મનિષ્ઠ એવા સંતમાં કલ્યાણકારી ત્રીસ ગુણો હોય તેમનો સમાગમ કરવો. અને પોતાના ઈષ્ટદેવની ઉપાસના દૃઢ રાખવી. આ બે સાધનોથી આત્મા-અનાત્માના વિવેકરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે, એથી ભગવાનનો મહિમા જાણવામાં આવે છે ત્યારે તેને અ લોક અને પરલોકના માયિક સુખ નાશવંત અને દુ:ખરૂપે ભાસે છે. જેથી કરીને ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિ ઉદય થાય છે, અને ત્યારે જ આ સંસારના મનુષ્યોની આત્યંતિકી મુક્તિ થાય છે.

❖❖❖❖❖

અનાદિશ્રીકૃષ્ણનારાયણે રચેલા પરિવર્તનશીલ સંસારમાં સાત્ત્વિક રાજસ તામસ પરિવર્તનો ઓછાં વત્તા પ્રમાણે યુગાનુકૂલ અનિવાર્ય ગોઠવેલાં હોઈ, રાજા પ્રજા ઉપાધ્યાય આદિકમાં અસ્તિત્વ ધરાવી અનહદ સ્વરૂપોને પકડી, ક્રમશ: સુખોત્તર સુખાભાસ દુ:ખાભાસ દુ:ખ અવનતિ પતન આચારાભાસ દુરાચાર અમર્યાદા અધ:પતનમાં છેવટે ભાવિ શ્રેયના અત્યન્તાભાવમાં સામ્રાજ્યો જમાવતા થઈ જાય છે, આવા અન્ધતામિસ્રમાં તેમનો હ્રાસ અને પ્રેય: શ્રેયનો વિકાસ ઇષ્ટવિષય માની કૃપાળુ દૈવશક્તિઓ રાજકીય પ્રજાકીય નીતિ નિયમ ધાર્મિક પોષણ સુમૂર્ત સ્વરૂપે આવિર્ભવે છે, શાસક સત્તાઓ મનુઓ અવતારો મહર્ષિઓ આચાર્યો ગુરુજનો સંયમીજનો પરમેશ શક્તિઓ, જ્ઞાન શક્તિ બળ ઐશ્વર્ય વીર્ય તેજ નામક ભગસહિત જ નિજ ફરજો બજાવે છે, યુગચતુષ્ટયમાં ભગવાનના વિશેષ કાર્યો ઇતિહાસો પુરાણસંહિતાઓ વર્ણવે છે, કલિમાં અસાત્ત્વિક પરિવર્તનો ઉપરા ઉપર અનેક વિભાગોમાં વધી પડે છે, આ ચાલુ યુગમાં ઘણાં દુષ્પરિવર્તનોના સુપરિવર્તનો સાત્ત્વિક ધાર્મિક મહાપુરુષોએ સ્થાપ્યા પોષ્યા, રાજાઓમાં જ વિપરીત પરિવર્તનો જામી પડે ત્યારે પ્રજાઓમાંથી સાત્ત્વિક દૈવી મહાપુરુષ પ્રગટ થઈ સાત્ત્વિક ધાર્મિક વ્યવસ્થા સ્થાપે છે, ભારતમાં આચાર્યો દ્વારા સંસ્થાપિત ધર્મોને પણ બે શતાબ્દિઓ પહેલાના સત્તાધીશો દ્વારા હ્રાસકોટિમાં ઓરાવું પ્રવેશવું પડ્યું, તેમાં

શાળક ન થવા માટે કન્યાહત્યા, એસ આરામ માટે મદ્યમાંસાદિના વધારે પ્રયોગ, ધન સમ્પત્તિ માટે લૂંટફાટ, અનેક ન છાજે તેવાં વ્યસનો, શીલવ્રતની અરક્ષા, ષટ્કર્મોનો પરિત્યાગ, આરાધનાના પ્રવાહોમાં ઝપાઝપી, સતીવર્ગને અછાજતો ત્રાસ, જમાતોની ગામો પર જબરદસ્તીઓ, અસામયિક અત્યાચારો, એ આદિ વધી પડતાં, પ્રભુએ અનેક મહાપુરુષોના સ્વરૂપોમાં અંધાધૂંધી બંધ કરાવી સાત્ત્વિક પ્રેય: શ્રેય: આરાધનાના પોષણોના ઉપદેશ વર્તન તપ ત્યાગ ભક્તિ વિગેરની વિશિષ્ટ હૃદયંગમ સ્થાપનાઓ કરી કરાવી, આવા ઘણા મહાપુરુષો મહાત્માઓ સન્તપુરુષોની ગણત્રીમાં એક પરમપુરુષ પરમેશ્વર સ્વયંપ્રભુ છપૈયા પુરમાં સરયૂપારીણ વિપ્ર કુટુમ્બમાં ધર્મદેવ ભક્તિદેવી દ્વારા વિક્રમ સંવત ૧૮૩૭ ચૈત્ર શુક્લ નવમીએ રાત્રિએ દસ વાગ્યે પ્રાગટ્ય સ્વીકારી ત્યાં ઘનશ્યામ શ્રીહરિ ૧૧ વર્ષ ત્રણ માસ એક દિવસ રહીને ગૃહત્યાગ કરીને ધાર્મિક રક્ષણાર્થ વિક્રમ સંવત્ ૧૮૪૯ અષાઢ શુક્લ દશમીએ અયોધ્યાની ઉત્તર સરયૂકિનારે પ્રાત:કાલે જઈને હિમાલયના વનોમાં, પૂર્વ દક્ષિણ પશ્ચિમ ભારતમં, તે તે તીર્થોમાં, સાત વર્ષ એક માસ અગ્યાર દિવસો વિચરણ કરી વિક્રમ સંવત્ ૧૮૫૬ના શ્રાવણ વદ ષષ્ઠીએ સોરઠ દેશના લોજપુર ગામમાં મુક્તાનન્દસ્વામીને મળીને રોકાયા.

સંવત્ ૧૮૫૬ના જ્યેષ્ઠ વદી દ્વાદશીએ પીપળાપણામાં નરસિંહ મહેતાને ભવને શ્રીરામાનન્દસ્વામીને મળ્યા, સંવત્ ૧૮૫૭ના કાર્તિક શુક્લ એકાદશીએ શ્રીરામાનન્દસ્વામીથી ત્યાગી મહાદીક્ષા ગ્રહણ કરી, નારાયણમુનિ સહજાનન્દસ્વામી નામધારી થયા, વિ.સં. ૧૮૫૮ના કાર્તિક શુક્લ એકાદશીએ જેતપુર નગરમાં ઉન્નડરાજાના દરબારમાં રામાનન્દસ્વામીદ્વારા વૈષ્ણવી ધર્મધુરા સ્વીકારી, ગઢપુરમાં રહેઠાણ રાખીને ૨૮ વર્ષ, ૫ માસ ૨૭ દિવસો પર્યન્ત સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત વિગેરેમાં સતત વિચરી ડોળાઈ ગયેલા માનવ ધર્મની સાથે મોક્ષ ધર્મનો ઉપદેશ ચમત્કારો સાથે આપતા હતા, ગરાસદાર રાજાઓમાં દૂધપીતી કન્યાઓની હત્યાઓ બંધ કરાવી, દારૂ પરમાટી ચોરી અવેરી તજાવ્યાં, લૂંટારાઓના ધાડા ચમત્કારો વડે વશ કરી લૂંટવના ક્રૂર કર્મો તજાવ્યાં, કાઠી રાજાઓ ક્ષત્રિઓ કરડા વર્ણો યવન વિભાગો હરિજન સમૂહો અને અન્ય અન્ય બ્રહ્મણાદિ વર્ણોને નિજ આશ્રિતો કરી વૈષ્ણવધર્મો પળાવ્યા, વડોદરા સરકાર સયાજીરાવજી, ઉદેપુર રાણા, ગોંડલ દરબાર દેવાજી, તથા નાના મોટા રાજાઓને આશ્રિતો કરી વૈષ્ણવધર્મો પાલતા કર્યા, અંગ્રેજ ગવર્નર સર માલકમ તથા રેસીડેન્ટ સાહેબ વિગેરેને પોતાની મુલાકાત આપી, તેઓના રાજાઓ આદિના અન્યાયના માર્ગો બંધ કરાવવા બાબતના સંતોષવાળા ધન્યવાદો સાંભળી તેઓના અક્ષત નિર્વિઘ્ન રાજ્યના આશીર્વાદો આપી,

પોતે ધારેલા પ્રજામાં સુધારાઓના કાર્યો સવેગ કરવા લાગ્યા, પ્રજાઓમાંથી દુર્વ્યસનો કઢાવી ભગવદુપાસના ભક્તિવાળા ભાગવતધર્મો દરેક વર્ણોમાં સ્થળે સ્થળે સ્થાપિત કર્યા, અધ્યાત્મજ્ઞાન માટે સુધાસિન્ધુગ્રન્થ અને ભક્તિ તથા ધાર્મિક વર્તન માટે ધર્મશાસ્ત્ર સત્સંગિજીવન રચાવ્યું, તેમાં શિક્ષાપત્રીનામક સ્મૃતિશાસ્ત્ર રચી સર્વેને તે પ્રમાણે વર્તાવી હિન્દના ધર્મોમાં સુધારાઓ કરી પ્રજામાં વૈદિક નવચેતન રેડ્યું,

શિક્ષાપત્રીમાં_જગદારાધ્ય લક્ષ્મીજી રાધાજી સહિત શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણરૂપ મંગળકરી પ્રજાના હિતાવહ આશીર્વાદો આપી અહિંસાધર્મનું વ્યાપક ફરમાન કર્યું, હિંસારહિત યજ્ઞધર્મ આચરવા કહ્યું, આત્મઘાત ન કરવા કહ્યું, સુરા મદ્ય માંસ આદિ ન ગ્રહણ કરવા કહ્યું, ચોરી વ્યભિચાર દ્યૂત ભાંગ્ય ગાંજા તજવા કહ્યું, અશુદ્ધ અન્ન જલ ન ગ્રહણ કરવા કહ્યું, મિથ્યા અપવાદ, નિન્દા ન કરવા કહ્યું, શિવાલયાદિ દેવદર્શન કરવા કહ્યું, માનવ યથોચિત ધર્મ પાલવા કહ્યું, ભક્તિ ધર્મ સાચવવા કહ્યું, કૃતઘ્ની દ્રોહી લાંચિયાં વ્યસની કપટી ન થવા કહ્યું, ભગવદ્ અવતારમાં શ્રદ્ધા રાખવા કહ્યું, જલ દૂધ ઘી રસ ગાળીને વાપરવા કહ્યું, શુદ્ધ ઔષધ લેવા કહ્યું, અશુદ્ધિ ત્યાગની દિશા બતાવી, શંકિત માર્ગે ન ચાલવા કહ્યું, નર નારી રાજાના વિવાદમાં ન પડવા કહ્યું, કોઈનું અપમાન ન કરવું, ધર્મ કરવો, વિદ્યા ભણાવવી, દર્શનાર્થ સભેટ જવું, અંગ દૃશ્ય અમ્બર ન ધારવું, ધર્મસહિત ભક્તિ કરવી, મન્દિરમાં નર-નારીઓએ પરસ્પર ન અડવું, તુલસીમાલા મંગળતિલક ચન્દ્ર રૂદ્રાક્ષ ધારણ, નારાયણ શંકરની એકતા કરી, આપદ્ધર્મોમાં છૂટછાટ, પ્રાત: સ્નાન ષોડશોપચાર પૂજન નામ મન્ત્ર જપ ધ્યાન આત્મનિવેદીભક્તિ સ્તોત્ર કીર્તન પાઠ પ્રસાદ ગ્રહણ મન્દિરગમન ઉત્સવકરણ, શાસ્ત્રાભ્યાસ, ભૃત્યપોષણ, શ્રેષ્ઠનું સન્માન, શ્રેષ્ઠસમીપે નમ્રતા, અવિવાદ નિર્વાહ, ગુરુ આચાર્ય રાજા પ્રધાનનું સન્માન, અધર્માચરણ અગ્રહણ, ગુપ્ત હકીકત અપ્રકાશન, પૂજ્યપૂજાનો અવ્યતિક્રમ, ચાતુર્માસના નિયમો, એકાદશ્યાદિ વ્રતો, ભગવાનના ઉત્સવ મહોત્સવો, તીર્થ યાત્રાઓ, વિષ્ણુ શિવ ગણેશ પાર્વતી સૂર્ય એ પંચદેવોની પૂજા માનિનતા, હનુમન્મન્ત્રજપ, ગ્રહણસ્નાન, જન્મમરણસૂતક પાલન, વિપ્રગુણ, ક્ષત્રિયગુણ, વૈશ્યગુણ, ચતુર્થવર્ણગુણ, ઉદ્યમ સંસ્કાર શુદ્ધિ પ્રાયશ્ચિત, સત્શાસ્ત્રોની ઇષ્ટતા, ધર્મસહિતભક્તિ કરણ, જીવ ઈશ્વર માયા બ્રહ્મ પરબ્રહ્મ પાંચ ચેતન તત્ત્વ ભેદ તથા અન્યતત્ત્વોના નિર્દેશ, સત્સંગકરણ, પરમેશધ્યાન સ્મરણ, આત્માનું અનુસન્ધાન, વિરાગવૃત્તિ, આચાર વ્યવહાર પ્રાયશ્ચિત નિર્દેશ, વિશિષ્ટાદ્વૈતની માનિનતા, આદિકના ઉપદેશો, આચાર્ય અને આચાર્યાણીઓના વર્તન રતિઓ, દીક્ષાવિધિઓ, મન્દિરોમાં અવતાર અવતારીના

પ્રતિષ્ઠાપનો, દેવસેવાઓ, અતિથિ અભ્યાગત અનાથ નિરાશ્રિત ગરીબ રૂગ્ણ મા-બાપ ગુરુ વૃદ્ધોની સેવાઓ, અન્નાદિ દાન, પાઠશાલાસ્થાપન, વિદ્યા અધ્યયન વિધિ, ગૃહસ્થોના જોજમી એકાન્ત નિવાસ નિષેધ, ગૌમાતા આદિની સેવા, લેવડદેવડના સસાક્ષિલિખિત વ્યવહારો, ઉપજ કરતાં ઓછા ખર્ચનું અનુસન્ધાન, દશાંશ વિશાંશના ધર્મકાર્ય, વ્રતકરણ ઉદ્યાપનવિધિઓ, શ્રાવણમાં મહાદેવપૂજન, પુરુષોત્તમમાસ તીર્થકરણ, કરજ ન કરવું, પરાન્ન ન ખાવું, મજૂરી પ્રમાણે વળતર આપવું, ઉપદ્રવિત સ્થળ ત્યાગકરણ, વિષ્ણુયાગ રૂદ્રયાગ આદિ કરાવવા, રાજધર્મોમાં મુખ્ય પ્રજાપાલન, સ્વરક્ષણ કુશળતા, પ્રજા અને દેશના અભ્યુદય ધર્મ અભ્યુદય આ લોક પરલોક સુધરે એવા સુધારા શાસનો, વિગેરે તથા અધવા વિધવા સતી સાધ્વીઓના શ્રેય:પ્રદ ધર્મ ઉપદેશ, તરૂણ સ્વતંત્રતામાં ઉત્શ્રૃંખલતા ત્યાગ, સાધ્વી સતી વ્રતીઓના વ્રતોપવાસ, તપ દેવારાધન નિર્વાહ પૂરતી મિલકતનાં રક્ષણ, કામનાઓના નિયમન, શીલવ્રત રક્ષણ, શારીર અશુદ્ધિતા નિયમન, બ્રહ્મચારિ સાધુઓના નિયમ, વિવિધ બ્રહ્મચર્યસંરક્ષણ પ્રકાર, પર પ્રાણ રક્ષણ, રાજસ તામસવેગોના અપરાભવ, સ્નાન સન્ધ્યા ગાયત્રીજપ વિષ્ણુપૂજન વૈશ્વદેવાદિ સત્કર્માચરણ, ત્યાગિવર્ગે ઇન્દ્રિય જય કરવો, અઘટિત વ્યવહાર ત્યાગ, ભગવદ્ભક્તિ વિના સમય ન ગાળવો, જડભરતજી સમાન પરમહંસવર્તન, ક્ષોભક વાર્તા ત્યાગ, પલાણ્ડુ લશૂન તમાકુનો અનુપયોગ, શ્રાદ્ધ કરણ, નિષ્કપટ વર્તન, ક્ષમાશીલન, શ્રેયો માર્ગ પ્રધાનતા, આદિ આદિ અનેક ધાર્મિક વર્તનના શૈથિલ્યને તજાવ્યાં, ભવ્ય સત્સંગની સ્થાપનાઓને વિકસાવી.

વેદ શાસ્ત્ર ઇતિહાસ પુરાણ સંહિતાઓ આદિકના પ્રામાણિક સન્માર્ગાનુસાર પરબ્રહ્મ બ્રહ્મ નારાયણ વિષ્ણુ અવતારો શિવ સૂર્ય સાત્ત્વિકદેવીઓ આદિકના મંદિરો કરાવી ઉપાસના ભક્તિઓ વિશેષ ચાલુ કરાવી, આવા સત્કાર્યો શ્રીસહજાનન્દસ્વામી અવતારી પરમપુરુષે સફળ વિકસાવ્યા, હજારો દીક્ષિતો લક્ષાતિલક્ષ આશ્રિતોમાં સત્યવૈદિક ધાર્મિક માનવતા પ્રકાશિત કરી.

શ્રીસ્વામિનારાયણ ભગવત્પ્રોક્ત (વચનામૃતો)માં તત્ત્વ પદાર્થો

(૧) દ્રવ્ય પદાર્થો - ૧. પરબ્રહ્મ, ૨. મૂલાઽક્ષરબ્રહ્મ, ૩. મુક્તબ્રહ્મ, અવતારો અને ધામો, ૪. ઈશ્વરાત્માઓ ૫. જીવાત્માઓ, દેવો, આચાર્યો, ૬. મૂલમાયા, ૭. પ્રધાનમાયા ૮. મહત્તત્વ-બુદ્ધિ; ૯. અહંકાર, ૧૦. ચિત્ત, ૧૧. મન, ૧૨. દસપ્રાણ, ૧૩. શ્રોત્ર, ૧૪. ત્વક્, ૧૫. ચક્ષુ, ૧૬. રસના, ૧૭. ઘ્રાણ, ૧૮. વાક્, ૧૯. હાથ, ૨૦. પગ, ૨૧. કામદેવની ઈન્દ્રિયો, ૨૨. શબ્દ, ૨૩. સ્પર્શ ૨૪. રૂપ, ૨૫. રસ,

૨૬. ગંધ, ૨૭. આકાશ, ૨૮. વાયુ, ૨૯. તેજ, ૩૦. જળ, ૩૧. પૃથ્વી, ૩૨. વિભૂતિયો-ભૂમિઓ, ૩૩. કાળ, ૩૪. દિશાઓ, ૩૫. નિદ્રા.

(૨) **દ્રવ્યગુણાત્મક પદાર્થો** - ૧. સાત્ત્વગુણ, ૨. રજોગુણ, ૩. તમોગુણ, ૪. જ્ઞાન, ૫. કામના, ૬. ચમત્કાર, ૭. અધર્મ-પાપ, ૮. પ્રીતિ-હેત, ૯. આકર્ષણ-ખેંચાણ, ૧૦. ઉપાસના.

(૩) **કેવલગુણ પદાર્થો** :- ૧. રૂપ, ૨. રસ, ૩. ગંધ, ૪. સ્પર્શ, ૫. સંખ્યા, ૬. પરિમાણ-માપ, ૭. પૃથકપણું-જુદાઈ, ૮. સંયોગ, ૯. વિભાગ, ૧૦. પરત્વ-મોટાપણું-આઘાપણું, ૧૧. અપરત્વ-નાનાપણું, પાસેપણું, ૧૨. ગુરૂત્વ-વજન, ૧૩. દ્રવત્વ-પિંગળવું, ૧૪. સ્નિગધતા-ચિકાશ, ૧૫. શબ્દ, ૧૬. સુખ, ૧૭. દુઃખ, ૧૮. ઈચ્છા, ૧૯. દ્વેષ ક્રોધ, ૨૦. પ્રયત્ન-પ્રવૃત્તિ નિવૃત્તિ અને જીવનવૃત્તિ-જીવવાની તાકાત, ૨૧. સંસ્કાર ભાવના, વાસના, વેગ અને સ્થિતિ વલણ, ૨૨. શક્તિઓ, સામર્થ્યો સ્થૈર્ય હલન-ચલન ન થવું.

તત્ત્વજ્ઞાનમાં_ પરબ્રહ્મની સાકારતા, બ્રહ્મની સાકારતા નિરાકારતા, આત્માની સચ્ચિદાનન્દતા, ઈશ્વરોની સૃષ્ટયધિષ્ઠાતૃતા, કર્મઠોની સંસારિતા, સકામ સાધનો વડે સ્વર્ગીયતા, નિષ્કામસાધનો વડે મુક્તિ મળવી, અષ્ટાંગયોગની યોગ્ય ઉપયોગિતા, સાંખ્યજ્ઞાન ગ્રાહિતા, વેદાન્તસમન્વયવાળી વિશિષ્ટાદ્વૈતતા, ન્યાય વૈશેષિક પ્રદર્શિત - પરમેશ્વરમાં સર્વકર્તૃતા, ઉપનિષદોની આત્મજ્ઞાનિતા, પૌરાણિક કથાવાર્તા, સંહિતાઓની પ્રમાણાચારતા, સતીઓની ધાર્મિકતા, મહાપુરુષોની દિવ્યભાવના, યતિમુનિઓની નિર્લેપતા, મોક્ષાર્થિઓની ઉપાસના, અજ્ઞઅનાશ્રિતોને શરણાગતપ્રદાતૃતા, સૃષ્ટિના કાર્યોમાં ઉપાદાન સહકારી નિમિત્ત કારણતા, સર્વજ્ઞાનવિજ્ઞાનોનાં પ્રમાણમાં સત્સમુચ્ચયખ્યાતિતા, સર્વં સાકારમ્-સૂક્ષ્મન્યાયિતા, ગુણકર્મવિભાગજન્યચાતુર્વર્ણ્ય વ્યવસ્થા, સર્વં સાક્ષાદિતિ દિવ્યદૃષ્ટિમત્તા, આદિ આદિ શાસ્ત્રીય સિદ્ધાન્તોના ઉપદેશો વડે આશ્રિત યોગ્યવ્યક્તિઓમાં વિદ્યાઓ પણ વિકસિત કરી.

સિદ્ધાન્તો _ ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી, ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતે આડું આવીને આવરણ કરે તે માયા જાણવી, બ્રહ્મમૂર્તિમયમુક્તિ ઇચ્છવી, સત્સંગ કરવો, સન્તના અનુગ્રહે પાપ ટળે છે, ભગવાન સિવાય અન્યત્ર વૈરાગ્ય રાખવો, ઉર્ધ્વગતિપ્રદ મહોત્સવો સંભારવા, સ્પર્ધા કરવી, ઇર્ષ્યા ન કરવી, વિદ્યાઓ વડે ભગવાનને રાજી કરવા અને રાજાપ્રજાને મદદગાર થવું, દેશનું હિત કરવું, સ્વકીય ગુણદોષના માહિતગાર થાવું, સ્થૂલ સૂક્ષ્મ હારણ મહાકારણ શરીરો, જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ તુર્યા

અવસ્થાઓ, વિરાટ સૂત્રાત્મા અવ્યાકૃત મહાકારણરૂપ બ્રહ્માંડસૃષ્ટિઓ, સત્ત્વં રજ: તમ: અને નિર્ગુણતાની સ્થિતિઓ, વાસનારહિત ભાગવદભાવનાવાળા એકાન્તિક થવું, છવ્વીશ તત્ત્વોને સલક્ષણ જાણીને ભગવાનને ભજવા, સંસારથી ઉદાસીન રહેવું, સર્વદા યા મતિ: સા ગતિ: સમજીને ભગવન્મતિ કરવી, સત્ અસત્ જડ ચેતનનો વિવેક કરવો, ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ શરણાગતિ પ્રપત્તિ આત્મનિવેદિતા વિગેરે ભગવત્પ્રસન્નતાના સાધનો છે, રજ જેટલો પણ માયિકપદાર્થનો ડાઘ ન લાગવા દેવો, ભ્રષ્ટ માનવીનો સંગ બુદ્ધિભ્રષ્ટ કરનારો થાય છે, મહાન્ સત્પુરુષનો પ્રસંગ બુદ્ધિ નિર્મલ કરનારો છે, કુપાત્રની સોબત પડતી દશા લાવે છે, આત્મદૃષ્ટિનો અભ્યાસ કરવો, આત્મામાં પરમાત્માને જોવા, વિક્ષેપોને ટાલતા રહેવું, અર્ચિમાર્ગે જવાય તેવી તૈયારી કરી રાખવી, જ્ઞાનપ્રલયમાં માયા હોમી દેવી, પરબ્રહ્મમાં બ્રહ્મરૂપ નિજાત્માને હોમવા શીખવું, પૂર્ણકામપણું અને સમાધિસ્થિતિ અનુભવવા શીખવું, ષટ્ચક્ર વિંધી બ્રહ્મરન્ધ્ર તરફ જવા શીખવું, ક્ષિપ્ત મૂઢ વિક્ષિપ્ત વૃત્તિઓને જીતીને એકાગ્ર કરી નિરોધમાં પહોંચવા શીખવું, નિર્વિકલ્પક સમાધિમાં જઈને પરબ્રહ્મના સ્વરૂપમાં જોડાઈ જવા શીખવું, લૌકિક રસિકતા તજીને ભગવાનમાં રસિકતા કરવી, શૂન્યભાવમાં પણ સામર્થ્ય વડે ભગવન્તમૂર્તિ જોતાં શીખવું.

ભગવાનના માહાત્મ્ય જ્ઞાનીના હૃદયમાં ભગવાન પ્રકાશ કરે છે, સત્ય સન્તમાં ભગવાન પૂર્ણરીતે વરતે ત્યારે સન્ત સૃષ્ટિના આધાર અવતાર અંશ આવેશ આદિમાં ગણાય છે, સારા દેશ કાળ ક્રિયા સંગ સમાજ આદિ વડે આત્મામાં ભક્તિનું બળ વૃદ્ધિ પામે છે, સત્સંગ વડે મલિનતા લીન થાય છે, સંકલ્પ જીવતા શીખવું, અન્યમાં દોષદૃષ્ટિ તજનારને નિર્દોષતા પ્રકટે છે, પરોપકારી ભગવદ વૃત્તિવાળાને સર્વ ઇષ્ટસિદ્ધિઓ થાય છે, વિશાળ બુદ્ધિ વડે કરેલો આરંભ સફળ થાય છે, મોટાપુરુષનો આશ્રય ઘણો ફલપ્રદ નીવડે છે, સ્વાર્થ અને અભિમાનથી કરેલા આરંભમાં ફલસિદ્ધિ વ્યભિચરિતપણાને પામે છે, રાજ્યનિયમ સમાજનિયમ કુટુમ્બનિયમ અને સ્વનિયમો મેળવીને કામ કરનારને અવશ્ય ફળસિદ્ધિ થાય છે, ઐહિક તૃષ્ણાઓ કલ્યાણના માર્ગથી ખસેડી મેલે છે, અહંમમતા માન અને બડાઈનો ડોલ સ્વચ્છતાનો વિરોધી જ છે, અવિદ્યા અજ્ઞાન અને અસત્ના ચિન્તનમાં જિન્દગી ગાળનારને આગળ પણ તેનું તેજ હાજર થાય છે, કંગાળ કોઈનું ભલું કરી શકતો નથી, આત્મા અને આત્મીયતામાં પહોંચે તો પરમાત્મીયતા નજીક થાય છે, જગત્ અને પરમેશ્વરની કોરનું નામું સંભાળનારને ખોટ જાતી નથી, પરમપુરુષીય કોટિના દૈવીપુરુષનો આશ્રયી ઉધ્ધરી જાય છે, ઈશ્વરાર્પણીને ખોટ્ય આવતી જ નથી, હરેક જીવમાં બ્રહ્મ રહ્યા છે તે સાક્ષી છે, તેને પૂછીને કરનારને વિઘ્ન આવતું નથી, પાત્ર જોઈને કામ કરનારને પાછું પડવું પડતું

નથી, ઈશ્વર તરફથી જેવો અધિકાર સાંપડ્યો તેની ફરજ બરાબર બજાવવી, બધુંય નિજ ઘર મનાય ત્યાં વિવાદ ન થાય, આત્મીય દેશ અને સમાજને માટે શું શું ન થાય, બધું ફનામકાં પણ કરાય, ભક્તિવાળા પરોપકારી ત્યાગીની ચરણરજને ઈશ્વર પણ માથે ચઢાવે છે, કુતર્કીને સ્થિરતા થતી નથી, મનમાં મોટા યોગેશ્વરપણું રાખવું, વિશાલદૃષ્ટિવાળાને સંકુચિતનો સહજ અયોગ ઉપસ્થિત રહે છે, બાહ્યદૃષ્ટિએ પણ સુખીમાં સૌહૃદદૃષ્ટિ દુ:ખીમાં દયાળુતાદૃષ્ટિ ધર્મિષ્ઠોમાં ઉત્સવદૃષ્ટિ, અન્યાયિમાં ઉદાસીનતા-દૃષ્ટિવાળો આત્માકરણસહિતનિજમાં પુનીતતા ભરેલો હોય છે, સ્થૂલ સૂક્ષ્મ અણુ પરમાણુ જડ ચેતનમાં સંચાલક ચેતન થરની સો ટકા સમઝણ વાળો ક્યાંઈ છેતરાતો નથી, સુખદુ:ખની અસરવાળાને વિધિનિષેધ અપનાવવાની જરૂરત છે જ, બ્રહ્મ યોગીને નિર્લેપતા નૈસર્ગિકપણે વર્તે છે, જેમાં ધારણા ધ્યાન સમાધિરૂપી સંયમ વર્તે ત્યાં તણાવું પડે, કાંઈ ન ઇચ્છવું પણ પ્રભુ તો ઇચ્છતા જ રહેવા, ચૈતન્યશક્તિ અભ્યાસ વડે વ્યાપક બ્રહ્મતા પણ અનુભવાય, દેશહિત સાથે આત્મહિત કરતા રહો, માનવની આંખ્યો સામે આંખ્યો મેળવે તેને માનવના તમામ ભાવો પ્રમાણે પરિવર્તનની અસરનું નાટક ભજવવું પડે છે, માટે દૃષ્ટિનું સામીદૃષ્ટિ સાથે મેલન થવા ન દેવું, પરબ્રહ્મની મૂર્તિનું જે તેજ તે અન્તર્યામી વ્યાપક સચ્ચિદાનન્દ બ્રહ્મ સર્વકર્મફલપ્રદાતૃ છે તેના વ્યાપ્ય ઈશ્વરો અને જીવાત્માઓ છે, ઈશ્વરોની સૃષ્ટિ શુદ્ધ સાત્ત્વિક અને જીવાત્માઓની સૃષ્ટિ અશુદ્ધ ગુણપ્રધાન છે, પરબ્રહ્મનું વ્યાપ્ય બ્રહ્મ, બ્રહ્મનું વ્યાપ્ય ઈશ્વર મંડળ, ઈશ્વરોનું વ્યાપ્ય જીવાત્મા મંડળ, માયા અને કાલ પરમેશ્વરની શક્તિઓ છે, તે વડે ઈશ્વરો અને જીવાત્માઓ સૃષ્ટિ પ્રવાહમાં જોડાયેલા રહે છે, પોતાના આત્મામાં બ્રહ્મસ્વરૂપ ભાવનાવડે માયા કાલને ઉલ્લંઘીને પરબ્રહ્મના સમીપમાં આવિર્ભૂતદિવ્યસુમૂર્તિ આત્મા મુક્ત અવસ્થામાં સર્વકામપરિપૂર્ણ નિત્યતૃપ્ત વરતે છે.

ભારતીય શાસ્ત્રોમાં પરબ્રહ્મોપાસના બ્રહ્મોપાસના ઈશ્વરોપાસના આત્મોપાસના અને તે વડે મોક્ષસ્થિતિ એ પ્રધાનપણે વર્ણિત હોય છે, આ જ્ઞાન અનેકતત્ત્વો લઈને વ્યવસ્થિત રીતે દર્શનોમાં સમાવિષ્ટ કરાયું છે, તે પ્રક્રિયાઓને અવલમ્બીને આચાર્યોએ ઉપદેશી દ્વારા તે તે જ્ઞાનપ્રવાહના સમ્પ્રદાયો વિશાલ શાખાઓ કરીને ફેલાવ્યા છે, સાવલમ્બી આપણે તે તે સામ્પ્રદાયિક રીતિમાં પરોવાએલા હોઈએ છીએ, પણ ઉપાસનાઓના પરિપાક વડે પ્રાવિર્ભૂત પ્રાતિભ સાર્વજ્ઞ્ય વિમલ વિજ્ઞાનોદયી સ્વયમ્ અવતારી પુરુષ તરીકે લોકોદ્વારા ખ્યાતિપાત્ર થાય છે, દૃઢ સંસ્કારોના પરિવર્તન થતા નથી કિન્તુ દીર્ઘસમયે હ્રાસ કે નાશ થયા પછી નવા સંસ્કારો નવીન યુગને અનુસરીને દૃઢ થાય છે, તે હાલના સ્વરાજ્યને પોષણમાં અનુસૂત રહે છે, હવે પછીના થશે તે નવીન યુગના

આચારોમય હશે, માટે દેશ કાળ ક્રિયા સંગ મંત્ર શાસ્ત્ર દીક્ષા ધ્યાન પ્રમાણે પલાય તે ધર્મ સુખદ નીવડે છે, દ્રોહ કરનારને પરથી ભય આવે જ છે, પરોપકાર કરનારને પરથી રક્ષણ મળ્યા કરે છે, બદલાતા સમય રાજા પ્રજામાં વિવિધ નવીનાચાર માગી લ્યે છે તે રોક્યા રોકાતા નથી, તેને સામેપૂર ન ચાલે તેને દૈવ પણ શાબાશી આપે છે, એકનું ધાર્યું થતું નથી, ઈશ્વર વિજ્ઞાન અદૃષ્ટ ભાગ્ય ઉદ્યોગ સાધન અનુકૂલતા અવિરોધ ધારણા ઇષ્ટતા આવશ્યકતા પાત્રતા એકત્રિતતા એ બધાં જ્યાં પિણ્ડીભાવને ધારણ કરે ત્યાં કાર્ય અવશ્ય થાય જ છે, જ્યાં જેની ખામી ત્યાં તેનું પ્રતિદ્વન્દ્વિપણું હાજરી છોડતું નથી જ્ઞાન શબ્દ અને ચેષ્ટાઓમાં ચેતન સૃષ્ટિ વ્યવહાર રચે છે, પણ તેના દ્વાર કરણ ઉપકરણ સંસર્ગ ઉત્તેજક પરિપાક પૂર્વક્ષીણતા નવીનસંયોજિતા ન હોય તો તે તે વ્યવહાર અટકી જાય છે, બધી પ્રજા એકમત થાય તો ભારત વૈકુંઠ બની જાય, સર્વેને ઇષ્ટ સુખ આનન્દ તો છે જ પણ અનુકૂળતાઓ અનેક પ્રકારની હોવાથી ઇષ્ટ પણ અનિષ્ટતામાં પરિપર્તન લે છે.

દૈનિક એક પ્રકારના વર્તમાન શાસ્ત્રો છે બોધ આપે છે તે બોધ જ્યાં સુધી વ્યભિચરિત ચાલુ રહે ત્યાં સુધી શાસ્ત્રીય શાસન અસ્તિત્વની બલિષ્ઠતાને નથી અપનાવતું, તેમ અનસ્તિત્વને પડતું મેલે છે, ઉભયભ્રષ્ટતા પરસ્પર કલેશમાં પરિણતતાની સ્થિતિને મેળવી લે છે, તેથી સ્વરાજ્યમાં વચ્ચે આકાર છે તે આકારમાં જ ખદબદ્યો રહે છે, નિર્દય ભૂખ્યો બીજાને તૃપ્ત કરી શકે નહીં, અવિચારિત દ્વેષિલી વૃત્તિ સદ્વૃત્તિમાંથી વંચિત જ રહે છે, તેથી વર્તાવનાર અને વર્તનાર વંચિત રહેવાનો જ, "થતું હશે તેમ થશે મારું તો સાધી લઉં" તેવા તરંગીને કોઈ સિદ્ધિ વરીને રહેતી નથી, વિપુલા પૃથ્વીમાં અબ્જો માનવોમાં દીર્ઘસમય માટે જે કાંઈ સેવામાં અર્પવું હોય તો તે અર્પકેચ્છુકે નિજમાં તેટલી વિપુલતા અબ્જતા દીર્ઘદર્શિતાની પ્રાવિર્ભાવતા ગંભીરગહનતા અને ઉર્ધ્વાન્વયિતા કેળવવી જોઈએ, સાગર સમ થાય તો પૃથિવી પલાળીને સુસ્મૃદ્ધ બનાવી શકે, ઈશ્વરસમ થાય તો માનવસૃષ્ટિને ઐશ્વર્ય શાલિતાનો લાભ અર્પી શકે, પોતે સુધરે તો બીજાને સુધારી શકે, ગરમ સૂર્ય સ્વેટર ને શેક આપે છે, શીતળ ચન્દ્ર સ્વેટરને પીયૂષ આપે છે, સમય સમયભેદે બન્ને ઉપયોગીતો છે જ, તે પ્રમાણે ઉપયોગિતા વહેંચનારને જગન્નિયન્તાથી પણ આવકાર પાત્રતા અર્પાય છે, ઐહિકને ઉચિત રીતે અપનાવીને પારલૌકિકની તૈયારી કરનારને જયકાર આતિવાહિકદેવતારૂપે સેવે છે. જુદી જુદી ઔષધીઓ ભેગી કરવાથી ફાયદો માધ્યમ અથવા વિનાશને ઓરનારી થાય જ, ઘણા દેશોના પ્રાણ હવામાન આદિની પણ એવી જ પ્રક્રિયા જણાય છે, આવે સ્થળે અપરોક્ષ સાક્ષાત્કારી કારણ કાર્ય પ્રત્યક્ષદર્શી હોય તો સંસાર પણ શાશ્વતસ્વર્ગતામાં જ ચળકતો

રહે, ત્રિકટુ કામ તો કરે જ પણ દરદીની જેવી યોગ્યતા તેવું ફળ આપે, ઐતિહાસિક બુદ્ધિમાં ઘડાયેલાને પણ નિજીય માસિક સંયમની આવશ્યકતા રહે જ, અને તે પ્રમાણે પ્રસાદપાત્ર પણ મળે જ, સમિતિઓ મુસદ્દો ઘડે પણ મતિઓ વિભિન્ન દિશાઓમાં જતી હોય તો ફલોને જન્મ પહેલાં જ મરણ લાગી ગયેલ થાય છે, બુદ્ધિવાળાએ સંસાર સુધારા સાથે આત્મસુધારો કરવો, જગત્ તરફ સૂતા રહેવું મોક્ષ તરફ જાગ્રત રહેવું, જનકલ્યાણાર્થ પણ સાવધાન રહેવું, સર્વેમાં પરમેશ્વરની શક્તિઓની હાજરી હોવાથી પરમેશ્વર દૃષ્ટિ કરીને પુરુષાર્થપરાયણ રહેવું, લૌકિક પુરુષાર્થે શુષ્ક પુરુષાર્થ જાણવો, ભગવાનવડે જગત્ રચાય છે ભગવાનવાળા વ્યક્તિઓ વડે જગતનું સંચાલન થયા કરે છે પણ કાલશક્તિ વડે સંહાર થાય છે, નિજકામમાં પ્રભુને આગળ રાખે તો સંહારનું પરવારું ટાણું ન આવે, સાધન સ્નેહ પ્રીતિ ભક્તિ વિના ઈશ્વરના વલખા મારનારો ભૂલો પડ્યો જાણવો. દેશના હિતમાં ઉદ્યોગી પણ આપ ડાહ્યો હોય તે યશસ્વી થઈ શકતો નથી, તમામ કૃતિઓમાં ત્રિવેકી અને ઉદ્યમી યશસ્વી નિવડે છે.

આત્મનિવેદી દેશભક્ત દ્વારા સર્વધર્મનું પોષણ થાય છે, સત્ય સન્તના પ્રસંગદ્વારા મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે, અતિ આપત્કાલમાં પણ ધૈર્યથી ન ડગે તેને ઈશ્વરની સહાયતા સાંપડે, પ્રજાનો દ્રોહ એ મોટું પાતક છે, ધર્મ દ્રોહ અતિપાપ છે, સત્સંગ અને ભક્તિનો દ્રોહ તો શાશ્વત અન્ધતામિસ્ર નિરય છે, નિરભિમાની વિનીત આત્મદર્શી દ્વારા કોઈપણ થતું કાર્ય ભલાઈમાં જ પરિણમે છે, સેવા વડે મળેલી આશિષો સ્વર્ગીયસમ્પત્તિ લાવી આપે છે, ઉપાસના વિના કોઈ વાતની સિદ્ધિ થતી નથી, ભગવાનમય દૃષ્ટિવાળાને ભૌતિકતત્ત્વો પણ વિશેષ અનુકૂલ થઈને સેવે છે, નિજની તથા નિજસમ્બન્ધિની ભાવના એ જીવાત્માઓ પ્રતિ મદદનીશને દત્તાત્રેયની પેઠે પૂજ્યતા વરે છે, અતિ નિખાલસ માણસને કોઈને કોઈ સ્વરૂપે ઈશ્વર મળી આવે છે, આખા દેશનું પ્રારબ્ધ બદલવું હોય તો તેવા ઇચ્છુકને ઘણી મોટી તપશ્ચર્યાની જરૂરત છે, દાસભક્તિવાળાના તમામ વિકારો લય પામે છે, પ્રત્યક્ષગુરુ સ્વરૂપ હરિમાં શ્રદ્ધાવાળાને સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય છે, અતિમોટા સમર્થ પુરુષને પ્રતાપે દેશ કાળ સારા થઈ જાય છે, ઈશ્વરીય મહાપુરુષો સ્મશાને પણ મન્દિર બનાવે છે, સમર્થ વૈદ્ય ઔષધ દ્વારા કાયાકલ્પ કરી શકે છે, રાજ્યના કાયાકલ્પમાં પણ એમ જ છે. સાચા યત્નશીલને ક્યારેક તો સત્યફલ જરૂરને જરૂર ઉપસ્થિતિ આપે છે, આત્મબલી સાગરસમ ઉપાધિઓનાં પણ પાન કરી જાય, ક્યારેય પણ અવિચલિત માનસવાળાને ધોખો ખમવો પડતો નથી, પ્રભુમય જીવનવાળામાં સર્વ સદ્ગુણો વસે છે, દેશના માવતર તરીકે કામ કરનારને ઈશ્વર ભેળા ભળે છે, કોઈપણ દેવની કે વ્રતની બાધામાં પરમેશ્વરને ધારીને ઉપાસના ચાલુ કરનારને અંગ પ્રત્યંગ ઉપાંગ સહકારીમાં ખામી રહિતને પૂર્ણ ઇષ્ટસિદ્ધિ મળે છે.

પૃથ્વી ઉપર બાર મહાયુદ્ધો થયાં પ્રજા સ્વતંત્ર થઈ, અંધાધુન્ધીમાં ઓરાઈ ગઈ, ફરીથી એકછત્ર શાસન સ્થાપિત કરવાં પડ્યાં હતાં, વાયુ પુરાણ અધ્યાય ૯૬માં _

૧-નારસિંહ:, ૨-વામનીય:, ૩-વારાહીય:, ૪-અમૃતમન્થન:, ૫-તારકાસુરીય:, ૬-આડીબકીય:, ૭-ત્રિપુરાસુરીય:, ૮-અન્ધકાસુરીય:, ૯-ધ્વજીય:, ૧૦-વાર્તીય:, ૧૧-હાલાહલીય:, ૧૨-ઘોર કોલાહલીય:,

૧-હિરણ્યકશિપુર્હત:, ૨-બલિર્બદ્ધ:, ૩-હિરણાક્ષો હતા:, ૪-પ્રલ્હાદોજિત: ઇન્દ્રેણ, ૫- વિષ્ણુના વિરોચનો હત:, ૬-વિષ્ણુના હતસ્તારકાસુર:, ૭-ત્ર્યમ્બકેણ ત્રિપુરાસરો હત:, ૮-ઇન્દ્રેણ અન્ધકાસુરો હત:, ૯-ઇન્દ્રેણ વિપ્રચિતિર્માારિત:, ૧૦-પ્રજા યુદ્ધમ્, ૧૧-રજિ: દેત્યાન્ અહનત્, ૧૨-યજ્ઞેન ષણ્ડામર્કૌ જિતૌ, ૧૩-મહાભારતીયયુદ્ધમ્, ૧૪-સ્વારાજ્યાર્થયોધનમ્.

આવા સંગ્રામો પહેલાં કે પછી અન્ધાન્ધુન્ધીઓ વર્ણવેલી છે, અન્યાયની બે હદે કોઈ દૈવી શક્તિ જાગે તે અંશ આવેશ વિભૂતિમાં ગણાય છે, તેમની મર્યાદાને પ્રજા સાંચવે છે, લાંબે કાળે તેની પાછલી પ્રજા સાચવતી નથી, ધર્મગ્લાનિ, સારાને પીડા, દેવોના અસત્કાર, પૂજ્યપૂજા વ્યતિક્રમ, સ્વતંત્રવર્તુલોના પરિબલ, નિર્બલોનું ચૂષણ, બલિષ્ઠોના સામ્રાજ્યો, આસ્તિકયનો લય, કોઈ કોઈનું નહીં, આવી પરિસ્થિતિએ ધાક્નાખનારાઓની હાય સાંભળી નવીન અવતારી પુરુષો પ્રકટે છે, અશાન્તિ ટળે છે શાન્તિ સ્થપાય છે, સત્યયુગ સર્વસાધન સમ્પૂર્ણ થઈ સુખકર થાય છે, સત્યયુગી મહાપુરુષો સમયાનુસાર ઘણી ઘણી નવી સ્થાપનાઓ કરે છે, વર્તમાન યુગમાં ઘણાં પરિવર્તનો થયાં, પણ આત્મશાન્તિ પ્રજાશાન્તિ અન્ત:કરણશાન્તિ, લૌકિકશાન્તિ હજુ ઉદ્ભવી નહીં, ભડકાઓ વધતા જાય છે, પછીથી અમૃત વૃષ્ટિનો થર જરૂર આવવાનો, અન્તર્યામી પોતે જ ઉપરયામી થઈ યોગ્ય વ્યવસ્થા કરશે, આવી ભાવના વડે તેવા તેવા યોગ્ય વિકાસોમાં ઉદ્યમી રહેવું પ્રજાની ફરજ છે, અત્યારે મરણ મહાકાલના દડાઓ આવિષ્કૃત થયા છે, પણ સુખી જીવન આપનારા દડાઓઓના આવિષ્કારો બાકી છે, જે મૃત્યુમાંથી મરેલને જાગતા કરે, આ બાબત માટે ઈશ્વર પ્રયત્નમાં તો હશે જ, પણ સંહાર અને સર્જન ક્રમ માગે છે, અવરોધોનો લય માગે છે, પ્રભુ ઇચ્છા બલીયસી.

મહાગુજરાતમાં સહજાનન્દસ્વામી સત્સંગિજીવનને આધારે સમાજસુધારક અને ભવસુધારક તરીકે બાર વર્ષની ઉંમરે બ્રહ્મચારી તપસ્વી યાત્રી તરીકે ઘરથી નીકળી અયોધ્યાયની સરયૂમાં શરીર તણાતું મેલી ચાર માઈલો હેઠવાસ બહાર નીસરી હરિદ્વાર તરફ પધારી હિમાલયનાં અરણ્યોમાં વિચરી મુક્તનાથ પધાર્યા, તપ કર્યું, સૂર્યનારાયણ

નિમિત્તે સિદ્ધિઓ વિકસાવી, પછી ગોપાળ યોગીના આશ્રમમાં એક વર્ષ રોકાયા, કુદરતી અષ્ટાંગ યોગાભ્યાસ સુસમૃદ્ધ સફળ બનાવ્યો, યોગીનો મોક્ષ થયો, ત્યાંથી આદિવારાહ, ત્યાંથી સીરપુર, સિદ્ધવલ્લભને સેવક કરી માંત્રિકોનો પરાભવ કરી તૈલંગવિપ્રને સુપુણ્યશાળી બનાવી બાળવા કુંડ પધાર્યા.

ત્યાંથી **આસામમાં** _કામરૂપ કામાક્ષીનાં તીર્થો કર્યાં ત્યાં માંત્રિકોને ચમત્કારો વડે જીતી બ્રહ્મપુત્રામાં શરીર તણાતું મેલી ગંગાસાગરસંગમમાં નિકળી કપિલાશ્રમમાં પધાર્યા, ત્યાંથી જગન્નાથપુરી પધાર્યા ત્યાં સત્તર હજાર આસુરિઓનો સંહાર થયા બાદ, સ્વયં આદિકૂર્મ પધાર્યા, માનસપુરના સત્રધ્વજ રાજાને આશ્રિત કરી, વેંકટાદ્રિ શિવકાંચી વિષ્ણુકાંચી શ્રીરંગ સેતુબંધ કન્યાકુમારી, સુન્દરરાજ વિષ્ણુ તીર્થ કરી, મહાવનમાં વિચરી ભૂતપુરી પધારી આદિકેશવ થઈ મલયાચલમાં વનમાં વિચરી સાક્ષિગોપાળ પધારી પંઢરપુર વિઠ્ઠલનાથજી દર્શન કરી, દંડકારણ્યમાં નાસિક પધારી ત્ર્યંબકેશ્વર તીર્થ કરી, નર્મદા મહી સાબરમતી તીર્થ કરી ભાલમાં થઈ ભીમનાથ તીર્થ કરી ગોપનાથ પધારી માંગરોળ અને સંવત્ ૧૮૫૬ના શ્રાવણમાં લોજ ગામ પધાર્યા હતા, શ્રી રા. સન્તોમાં રહ્યા હતા, પીપળાણામાં ૧૮૫૬ના જ્યેષ્ઠમાં રામાનન્દસ્વામીના દર્શન કર્યા હતા, ૧૮૫૭ કાર્તિક શુક્લ એકાદશીએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી સહજાનંદ સ્વામિ અને નારાયણ મુનિ નામ ધારણ કર્યાં હતા રામાનન્દસ્વામી થકી જેતપુરમાં ગાદીગ્રહણ કરી હતી. ૧૮૫૮ માગસર શુક્લ તેરસના રામાનન્દસ્વામી સ્વધામ પધાર્યા પછીથી ફણેણી ધોરાજીમાં ભાગવત ભક્તિ અને ઐહિક પારલૌકિક ધર્મોના ઉપદેશો સાથે ચમત્કારો ચાલુ કર્યા હતા તથા પરબ્રહ્મનું અનાદિ નામ સ્વામિનારાયણ જાહેર કરી તે નામે ભજન ચાલુ કરાવ્યું હતું.

માંગરોળમાં વાવ્યનું ભર્યું કર્યું અને યોગાસિદ્ધિઓ વડે અલૌકિક દિવ્યતાના પ્રભાવે જનતામાં ધર્મવર્તન પ્રવર્તાવ્યાં હતા, આર્હત ગાણપ્રત્ય સૌર શાક્ત શૈવ વૈષ્ણવ જૈન યવન આદિને તેમનાં ધર્મોમાં વિશેષ શ્રદ્ધાઓ ઉપજાવી હતી, સકલધર્મ સારરૂપ નારાયણગીતા ઉપદેશી હતી, પિપ્પલાણા આખા ગ્રામ સમીપે ઓજત તીરે મહાન્ વિષ્ણુ યાગ કર્યો હતો, કાળવાણીમાં ૫૦૦ સાધુઓ કર્યા હતા. એક સાથે દીક્ષિત કર્યા હતા, માણાવદરમાં જન્માષ્ટમી મહોત્સવ કર્યો હતો, દોષમૂલ અધર્મ સર્ગને ક્ષીણ કરવાનો ઉપદેશ આપ્યો હતો, પંચાળા ભાડેરમાં ઉપદેશ આપી દરબારો તથા પ્રજામાંથી દેવીપૂજનમાં કરાતી હિંસા તજાવી હતી, અને તે પ્રજાને વૈષ્ણવ ધર્મ પાળવામાં આશ્રિત કરી હતી, અલયા મોડા ગામોમાં આસુર આચરણો તજાવ્યા હતાં, કચ્છભુજમાં હિંસાવાળા યજ્ઞ ન કરવા રાજાપ્રજાને ઉપદેશ્યા હતા, વૈષ્ણવધર્મ પાલતા કર્યા હતા, શરધાર ગઢપુર

લોયા નાગડકા કારિયાણી આદિકમાં વિચરી વિષ્ણુયાગ આદિ કરાવ્યા હતા, ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિના ઉપદેશો આપ્યા હતા, ચાતુર્માસના વ્રત નિયમો ધરાવ્યા હતા, સાધુઓને ધાર્મિકોપરેશાર્થ ચારે દિશાઓમાં વિચરવા મોકલ્યા હતા.

રાજકોટના અંગ્રેજ ગવર્નરશ્રીએ ધર્મરક્ષક ઓલિયા મહાપુરુષ સમજીને નિજ શિબિરમાં રાજકોટમાં બોલાવી મુલાકાત લીધી હતી, અને રાજ્યને જે કરવું ઘટે તેવા સુધારા કરતા શ્રીસ્વામિનારાયણને ઘણા ધન્યવાદ સાથે પ્રશંસા અને અંગ્રેજ રાજ્યમાં વિચરવા ઉપદેશવા અનુમતિ આપી હતી, મછીયાવના સુરસિંહજી રાજાને વૈષ્ણવ બનાવ્યા હતા, સિદ્ધપુર પધારી તીર્થ શ્રાદ્ધ વિધિ ઉપદેશ્યા હતા, વડનગર વિશનગરમાં ચાતુર્માસ તથા કાર્તિકના વ્રતો વર્ણવ્યા હતા, અને નિયમો આપ્યા હતા, સ્નાન વિધિ ફળ બતાવ્યા હતા, અમદાવાદમાં ધર્મોપદેશ આપ્યો, ૮૪ જ્ઞાતિઓને બ્રહ્મભોજ કરાવ્યા, જેતલપુર તળાવે રૂદ્રયાગ વિષ્ણુયાગ કરાવ્યા હતા, શાકત કૌલ મતનું બલ વિનષ્ટ કર્યું હતું, ડભાણમાં મહાવિષ્ણુ યજ્ઞ કરાવ્યો હતો, શ્રીમદ્‌ભાગવતાદિ પુરશ્ચરણો કરાવ્યા હતા, સુરતમાં ભક્તિના ઘણાં ઉપદેશો આપ્યા હતા, ત્યાંના અમાત્ય અરદેશરજી પારસીઓ વૈષ્ણવ થયા હતા, નિજ રાજ્યભવનમાં પધરાવ્યા હતા, ધર્મપુર રાજ્યમાં વિષ્ણુધર્મ સ્થાપના કરી હતી, ત્યાંના રાણી કુશળકુંવરબાઈ ભાગવતી ભક્તિ કરી દિવ્યદૃષ્ટિવાળા થઈ મોક્ષમાં ગયા હતા, બાર મહિનાઓના ધાર્મિક ભક્તિવાળા ઈશ્વરીય મહોત્સવો કરી જનતાને આત્મકલ્યાણાર્થ દોરી હતી, દોષો તજાવ્યા હતા, પુરાણો ઇતિહાસોની કથાઓ વાર્તાઓ ઉપદેશો કાયમ અપાતા હતા.

સત્ અને અસત્ એવા દેશ, કાળ, ક્રિયા, સંગ, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મન્ત્ર, આદિના ફળ વર્ણવી જનતાને ઉપદેશી હતી, બ્રહદ બ્રહ્મચારી વ્રત પાળવા પળાવવા ઉપર ઘણો ભાર મેલ્યો હતો, વિદુરનીતિ ગીતા આદિનો પ્રચાર કર્યો હતો, નરનારીઓના શીલ વ્રત ધર્મોપદેશ પ્રવર્તાવી નિષ્કામિવ્રતને પુષ્ટિ આપી હતી, વડતાલમાં લક્ષાવધિ માનવોનો સમાજ મહોત્સવ કર્યો હતો, જોબનપગી વિગેરે લૂંટારાઓને વૈષ્ણવો બનાવ્યા હતા, ગુજરાત સૌરાષ્ટ્રમાં વિચરી ઉપનિષદોના બ્રહ્મવિદ્યાઓના ઉપદેશો ચાલુ રાખ્યા હતા, દૈનિક ધાર્મિક આચાર વિચારો ખૂબ વર્ણિત થતા હતા.

વડતાલ અમદાવાદ ગઢપુર ધોળેરા જુનાગઢ ભુજ મૂળી ધોળેરા આદિ સ્થળોમાં ભગવાન તથા તેમના અવતારો અને વિભૂતિઓ તથા પંચદેવતાઓના મહામન્દિરો રચાવ્યા હતાં, તે અંગે ધર્મભક્તિમાં ઓતપ્રોત સત્સંગ મહાસત્સંગ સમૂહાત્મક જનતા બોળાઈ ગઈ હતી, વડોદરામાં સયાજીરાવસરકારે શ્રીસ્વામિનારાયણને પધરાવી આશ્રય

કર્યો હતો, શિક્ષાપત્રી લખી ઉપદેશ પ્રવૃત્ત કર્યો હતો, બે આચાર્યગાદીઓ સ્થાપી દીક્ષા માર્ગ પ્રવૃત્ત કર્યો હતો, ગૃહસ્થ, સધવા વિધવા આચાર્ય પાર્ષદ બ્રહ્મચારી સન્ત એવા વિશેષ સમૂહોના ધર્મો મૂર્તરૂપે પ્રવૃત્ત કર્યા હતા, સાંખ્ય યોગ વેદાન્ત પૌરાણિક પદ્ધતિઓના ઉપદેશો વડે તથા વૈષ્ણવી રીતિઓ પ્રમાણે પૂજન પુરશ્ચરણ ષટ્કર્મ દૈનંચર્યા આધ્યાત્મિકચર્યા વિગેરે સારી રીતે દેશોમાં પ્રવૃત્ત કરી દીધા હતા, પંચમહાયજ્ઞ, પંચદેવપૂજન શ્રૌતસ્માર્ત સત્કર્મ નિરૂપણ, ષોડશ સંસ્કાર પ્રવર્તન, સ્મૃતિસારોના પાલન, રોગી, વૃદ્ધ, આદિના સેવન, મહાપૂજન, જ્યોતિષ આધારે શુભ કામ મુહૂર્તાદિ અવલમ્બીને સત્કાર્યારમ્ભ, વિપ્રાદીના સદાચાર, સર્વપ્રજાના વિશેષ આચાર, રાજનીતિ રાજધર્મના ઉપદેશ, આશ્રમી આદિના કર્તવ્ય ધર્મ, સન્યાસના ઉદેશો, પ્રાયશ્ચિત્તોના વિધિઓ, પ્રેય: અને શ્રેયસ્કર સત્સંગ સ્થાપનાઓ, કરી હતી, સંવત ૧૮૮૬ સુધીમાં ઘણાં શાસ્ત્રો રચાવ્યાં, પછી પણ શ્રીસ્વામિનારાયણ પ્રભુના આશ્રિત વિદ્વાન ત્યાગી સંતપુરુષો દ્વારા અનેક શાસ્ત્રો રચાયાં. હાલમાં પણ ન્યાયવૈશેષિક વેદાન્ત સાંખ્યયોગ મીમાંસા સાહિત્ય અન્યાન્યદર્શન પુરાણ ઇતિહાસ આદિના પ્રકાણ્ડવિદ્વાનો જન સમૂહને સામ્પ્રદાયિક અને રાજકીય મિશ્રિત પ્રણાલિકાઓમાં ઉપદેશી રહ્યા છે, શ્રેય: માર્ગને સાંચવી રહ્યા છે. ભારત આફ્રિકા ઇંગ્લેન્ડ અમેરિકા આદિની જનતામાં પણ વર્તમાનિક યોગ્ય શ્રેયસ્કર ધર્મ પ્રચાર શ્રીસ્વામિનારાયણ સમ્પ્રદાયના આશ્રિતો કરી રહ્યા છે.

શ્રીસ્વામિનારાયણસમ્પ્રદાયના સ્થાપક વડા, તત્ત્વપ્રચારક, વિવેચક, અને ઉપદેશક _

સ્વયં સહજાનન્દસ્વામી પ્રતિદિન સભાઓમાં મોક્ષ અને લૌકિક ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ માટેના ઉપદેશો આપતા, પ્રશ્નોત્તર કરતા કરાવતા, આવો ॥શ્રીહરિવાક્યસુધાસિન્ધુ-સંસ્કૃતગ્રન્થાતે જ ગુજરાતીમાં ॥વચનામૃતો। નામે પ્રસિદ્ધ સંપ્રદાયમાં સર્વત્ર બોધ માટે વંચાય છે _ તેમાં ઘણાં તત્ત્વો પૃથક્ પૃથક્ સ્પષ્ટ વર્ણવ્યા છે _ તે વિ. સંવત્ ૧૮૭૭થી ૧૮૮૬ પર્યન્તના ૨૬૨ પ્રકરણોમાં લખાયેલ છે, સંસ્કૃત લેખક શતાનન્દ સ્વામી છે, તે ગ્રન્થ શ્રીશુકાનન્દમુનિ, શ્રી બ્રહ્માનન્દમુનિ, શ્રીનિત્યાનન્દમુનિ, શ્રીગોપાલાનન્દમુનિ, શ્રીમુક્તાનન્દમુનિ, એ પાંચ વિદ્વાનોએ સંશોધિત પ્રામાણિક છે, શ્રીસ્વામિનારાયણપ્રભુએ ૧-પરબ્રહ્મ, ૨-બ્રહ્મ, ૩-માયા, ૪-ઈશ્વર, ૫-જીવાત્મા _ એવા પાંચ મુખ્ય તત્ત્વ સપ્તમતરંગમાં દર્શાવ્યાં છે.

૧. પરબ્રહ્મ-સચ્ચિદાનન્દ આનન્દઘનમૂર્તિ દિવ્યગુણૈશ્વર્ય સામર્થ્ય શક્તિ ચમત્કાર સાર્વજ્ઞ્યસંકલ્પાદિમાન બ્રહ્મલોકસ્થ અનન્તમુક્તસેવિત ઉપાસિત સર્વાવતારધર્તા અવતારી સ્વતંત્ર ઔપનિષદ પરમપુરુષ **આનન્દઘનતત્ત્વમૂર્તિ** વર્ણવ્યા છે.

૨. બ્રહ્મતત્ત્વ-સાકાર નિરાકાર ઉભયસ્વરૂપે વર્તનારૂં, બ્રહ્મતત્ત્વ છે, સુમૂર્ત **પ્રકાશઘન** પરબ્રહ્મ સમ સેવક મૂર્તિ, છે, વ્યાપક પરબ્રહ્મના પ્રકાશરૂપ બ્રહ્મલોક નિરાકાર પ્રકાશ સર્વધાર્માન્વિત 'યસ્ય ભાશા સર્વમિદં વિભાતિ' એવો બ્રહ્મલોક વર્ણવ્યો છે.

૩. માયાતત્ત્વ-ત્રિગુણ સામ્યાવસ્થા, સાત્ત્વિક રાજસ તામસ ભાવાન્વિત, મૂલપ્રકૃતિ, નિત્યા જડા મહત્તત્ત્વાદિ ચોવિશતત્ત્વોદ્ભાવિકા, પરબ્રહ્મ અને બ્રહ્મના શરીરરૂપી તથા જીવેશ્વરગર્ભક વ્યષ્ટિસમષ્ટયુપાદાન દ્રવ્ય વિવિધાશ્ચર્યસંભૃત સુખદુ:ખમોહાત્મક પ્રકાશપ્રવૃત્તિનિયમનાત્સક સૂક્ષ્મસ્થૂલ કારણકાર્યાત્મક **તમોઘન સ્વરૂપં** પરમેશશકત્યાત્મક વર્ણવેલ છે.

૪. ઈશ્વરતત્ત્વ-અનન્તઈશ્વરો માયાધિષ્ઠાતાઓ પ્રધાનપુરુષ મહાવિષ્ણુ ભૂમપુરુષ વૈરાજપુરુષ મહત્તત્ત્વાદિના અભિમાની ઈશ્વરો સૃષ્ટિસંચાલકો આધિદૈવિકસ્વરૂપો **ઐશ્વર્યઘન** મૂર્તિઓ અસંખ્ય વર્ણવ્યા છે.

૫. જીવાત્મતત્ત્વ-જ્ઞાનપ્રભાયુક્ત જ્ઞાતૃસ્વરૂપ, કર્મફલભોક્તૃ સગુણ સૂક્ષ્માણુસ્વરૂપ સૂલસક્ષ્મકારણ- શરીરસ્થ જ્ઞાન કૃતિ ઈચ્છા સુખદુખ વાસના ભાવના આદિ અનેક ગુણાશ્રય દ્રવ્યતત્ત્વ અસંખ્ય **જ્ઞાનઘન** સ્વરૂપમાં વર્ણવેલ છે.

પરબ્રહ્મ-આનન્દઘનમૂર્તિ:, **બ્રહ્મ**-પ્રકાશઘનમૂર્તિ: અમૂર્તિ ચ, **માયા** - રજસ્તમોઘન મૂર્તિ: **ઇશ્વરો** - ઐશ્વર્યઘનમૂર્તિ:, **જીવાત્માન;** જ્ઞાનઘનમૂર્તિ આ પ્રમાણે પાંચ તત્ત્વો મુખ્ય વર્ણવ્યા છે, જીવ જીવ ઈશ્વરો ઉપાસના વડે બ્રહ્મમાં વાસ કરનારા થાય છે, બ્રહ્મમુક્તો પરબ્રહ્મને સેવે છે, **સેવા મુક્તિ** સ્વીકારી છે.

તે અંગે શંકા સમાધાન ખુલાસાઓ વર્ણવાયેલ છે, 'અસ્માલ્લોકાત્ સમુત્થાય પરંજ્યોતિરૂપસમ્પદ્ય સ્વેન રૂપેણાભિનિષ્પદ્યતે, સોઽશ્નુતે સર્વાન કામાન સહ બ્રહ્મણા વિપશ્ચિતા' 'સ એકધા ભવતિ દ્વેધા પંચધા શતધા સહસ્રાધા અનન્તધા ભવતિ' ૧-સાલોક્ય, ૨-સાયુજ્ય, ૩-સારૂપ્ય, ૪-સાર્ષ્ટિ, મુક્તિપ્રકારોની સમ્પત્તિઓ વર્ણવેલી છે.

મુક્તિસાધન ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ શરણાગતિ કહ્યાં છે, **ધર્મ** _ લૌકિકધર્મસહિત પરમભાગવત-ધર્મ નિષ્કામસેવા ધર્મ: ભગવત્પ્રસન્નતાત્મકધર્મ મુક્તિસાધન કહેલ છે, **જ્ઞાનમ્** - પંચતત્ત્વજ્ઞાનમય, આત્મજ્ઞાનં પરમાત્મજ્ઞાનં જડચેતનતત્ત્વજ્ઞાન, તેના સાધર્મ્યવૈધર્મ્યજ્ઞાન, વિવેકજ્ઞાન, ઉપાસનાજ્ઞાન, સ્મરણમનનનિદિધ્યાસનજ્ઞાન, પરમાત્મવિજ્ઞાન મહાત્મ્યજ્ઞાન બહુધા વર્ણિત છે - 'સ ઐક્ષાત બહુ સ્યાં પ્રજાયેય', 'સ: સચ્ચ ત્યચ્ચ સર્વમ્ અભવત્' 'તત્સૃષ્ટાવ તદનુ પ્રાવિશત્' 'રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ' 'સર્વભૂતાન્તરાત્મા ભૂતે ભૂતે વ્યવસ્થિત:' 'યોઽક્ષરે તિષ્ઠન આત્મનિ તિષ્ઠન પૃથિવ્યાં તિષ્ઠન' 'યસ્યાઽક્ષરં શરીરં

યમયતિ, યં ન વેદ' 'સ તે અન્તર્યામી આત્મા' 'યસ્ય શાસને સર્વમિદં વિધ્રુતં તિષ્ઠતિ' 'સ: સર્વરસ: સર્વગન્ધ:, રસો વૈ સ:, રસં હયેવાડયં લબ્ધ્વા આનન્દી ભવતિ, 'અણોરણીયાન મહતો મહીયાન' 'સર્વકારણકારણમ્' જ્ઞાનશક્તિબલૈશ્વર્યવીર્યતેજાંસ્યશેષત;' 'સત્યકામ: સત્યસંકલ્પ:' 'હિરણ્યવર્ણો હિરણ્યકેશો હિરણ્યશ્મશ્રુ:' આપ્રણખાત્ સર્વ એવ સુવર્ણ:' તસ્ય કપ્યાસં પુણ્ડરીકમિવાડક્ષિણી' 'ય: સર્વજ્ઞ: સ સર્વવિત્ યસ્ય જ્ઞાનમયં તપ:' 'યચ્છકિતર્મહાકાલ:', 'પરબ્રહ્મશક્તિર્માયા' કાલમાયામુક્તેશ્વરજીવાદ્યા યસ્ય શકતય: શરીરાણિ _ આ પ્રકારે ઘણો વર્ણન વિસ્તાર છે.

વૈરાગ્યમ્- સૃષ્ટિઓના વિભવ વિષય ભોગોનો વિરામ ગુણવૈતૃષ્ણ્ય વૈરાગ્યમ, રાગ ન હોવો તે વિરાગને વૈરાગ્ય ગણેલ છે.

ભક્તિ-નવધા પણ યથેષ્ટ વિશેષ સ્વરૂપા, સાધનરૂપા, સાધ્યરૂપા, સ્નેહ પ્રીતિ રતિ સુખ આનન્દપ્રવાહ સર્વક્રિયાકલાપ ભગવદર્થ સાધનરૂપા, સાધ્યરૂપ તો ભગવાનેવ સ્વયં પ્રસાદિત: પ્રસન્ન: મુક્તિદાનમાં ઉપયોગી થાય તે.

જ્ઞાનમ્ _ વિવેક આત્મચૈતન્યશુદ્ધિરૂપ, સ્વપ્રકાશ, ભગવત્પ્રદત્તપ્રકાશ વડે નિજસ્વરૂપદર્શી ભગવન્મૂર્તિદર્શી થાય, આત્મનિવેદિતા દ્વારા શરણાગતિ કરવી, તેમાં 'વિશ્વાસો વરણં ન્યાસ: કાર્પણ્યં ચ સ્થિરા મતિ:' આનુકૂલ્યસ્ય સંકલ્પ: પ્રાતિકૂલ્યવિવર્જનમ્' એમ છ પ્રકારે શરણાગતિ, દેહ ધન ધામ ધરા દારા પતિ પુત્ર પુત્રી પરિવાર રાજ્ય સમ્પત્ સ્મૃદ્ધિ સર્વસ્વ સમર્પણ મોક્ષપ્રદ છે. નિષ્કામ નિર્લોભ નિર્માન નિ:સ્વાદ નિ:સ્નેહ આદિ મહાવ્રતો વર્તમાનધર્મો પ્રભુપ્રસન્નતા દ્વારા મોક્ષપ્રદ છે, સારા સત એવા દેશ કાલ ક્રિયા સંગ મંત્ર ધ્યાન દીક્ષા શાસ્ત્રો સત્સ્વરૂપે ભગવત્પ્રસન્નતાકર થયા થકાં મોક્ષપ્રદ છે.

સત્સંગ _ સાધુસત્સંગ, સતી સાધ્વી સત્સંગ, બ્રહ્મિષ્ઠ સત્સંગ, બ્રહ્મવર્ત સત્સંગ કથાવાર્તા પરિચર્યા આજ્ઞા પાલનરૂપ, તથા ભગવાન તેના અવતાર આદિ ભાનવાળો શાસ્ત્રદ્વારા સત્સંગ ભક્તિશાસ્ત્ર પરિશીલન સત્સંગ સર્વાર્પણરૂપ ધર્મવ્રત નિર્ગુણ સત્સંગ તથા આસ્તિકતા સેવા સત્સંગ, ઉપાસના સત્સંગ, સત્સંગવડે કામ ક્રોધ લોભ મોહ મદ તૃષ્ણા ઇર્ષ્યા વાસના અંહમમતા આદિ પરિવર્તન પામીને સ્નેહ શાન્તિ ઔદાર્ય ઉદાસીનતા વિનય તૃપ્તિ પરિપૂર્ણતા ભાવના ઉપાસના ભગવદર્થતા આદિ દિવ્યગુણોદય થાય છે, પવિત્ર સંત ગુરુ આચાર્ય તીર્થ દેવ આદિ ભગવાનની દીક્ષિત મૂર્તિઓ મોક્ષમાં પહોંચાડે છે.

જીવ ઈશ્વર માયામાં અન્વયિ અન્ત:સ્થિત બ્રહ્મ છે, બ્રહ્મમાં અન્ત:સ્થિતિ અન્વયિ પરબ્રહ્મ છે, જેથી 'જીવેશમાયાવિશિષ્ટબ્રહ્મવિશિષ્ટ પરબ્રહ્મ એક' આવા વિશાળ સમાવેશને સમ્બોધતો 'વિશિષ્ટાદ્વૈત' સિદ્ધાન્ત શ્રીસ્વામિનારાયણપ્રભુએ 'મતં વિશિષ્ટાદ્વૈતં મે' શિક્ષાપત્રીશ્લોકમાં કહેલ છે, તે વાસ્તવિક વિશિષ્ટબ્રહ્માદ્વૈત જ છે.

ખ્યાતિ-અપ્રામાણિક ભ્રાન્તિ સ્થળોમાં પણ 'છીપનીમાં રૂપાનું જ્ઞાન' તે પણ અધિષ્ઠાન છીપની અધિષ્ઠાન છે, આછા અવયવે રૂપાનો ખ્યાલ તે પીઠર છે, અને ફલ તેના પ્રતિ ગમન અર્થ ક્રિયા આદિ થાય છે, તેવે ટાણે તે જ્ઞાનમાં ત્રણ મિશ્રણો થવાથી સમુચ્ચયિત સત્સમુચ્ચય ખ્યાતિ બતાવેલ છે, સ્થૂલ રૂપાનો કટકો હાથ નથી લાગતો, ઝાંઝવાના જલમાં ખોબો ભરાતો નથી એવા સ્થલોમાં પણ સૂક્ષ્મ અંશે તે તે સૂક્ષ્મ તત્ત્વાંશો છે માટે સત્ખ્યાપન છે, અસત્ ખ્યાપન નથી, આવો ખ્યાતિવાદ વિશાળ રીતે સ્વીકારેલ છે.

ઉપાસનાબલમ્-ઉપાસના સત્સંગ સ્વરૂપ સાધુસમાગમ ભગવત્કૃપા આ બધા ઉત્તરોત્તર પુષ્ટ તત્ત્વો નિજજ્ઞાનદ્વારા મૂર્ત્યુપાસના દ્વારા સેવામુક્તિમાં પહોંચાડે છે, સાંખ્યજ્ઞાનવડે દેહ આત્માનો જુદાઈ વિવેક, યોગાભ્યાસ વડે ચિત્તવૃત્તિનિરોધ અને આત્મવૃત્તિવડે બ્રહ્મ તથા પરબ્રહ્મદર્શન અપરોક્ષસાક્ષાત્કાર, તથા ન્યાયવૈશેષિકતર્કો વડે જડ ચેતન તમામ તત્ત્વજ્ઞાન, તથા મીમાંસા વડે યાગક્રિયાઓદ્વારા તમામ દેવતોપાસના દેવપ્રસન્નતા દેવાધિદેવકૃપા આત્મનૈર્મલ્યમ્, મોક્ષયોગ્યતા, વેદાન્ત વડે નિત્યતૃપ્ત આત્માને પરમાત્મામાં હોમવા રૂપી વિજ્ઞાનિતા અને પ્રેમભક્તિબલિવડે મોક્ષગતિ કરી.

પંચરાત્રશાસ્ત્રદ્વારા ભાગવતી મહાદીક્ષા સન્તસ્થિતિ તથા મહાશરણાગતિ વર્ણિત કરી, અવતારી અવતારો મહેશ્વરો મહર્ષિઓ મહાચાર્યો મહાત્માઓ સદ્ગુરુઓ માવતરો અંશ આવેશ કલા વિભૂતિ ઐશ્વર્ય આદિની ઉપાસના સેવાઓ વડે આતિવાહિકો તે પરબ્રહ્મમાં પહોંચાડે છે એ પ્રમાણે વિશદ વર્ણનો કર્યા છે.

૧-સત્પુરુષસત્સંગ, ૨-ભગવાનમાં વૃત્તિસ્થિરતા, ૩-ભગવદ્હૃદયાનકરણ, ૪-ભગવત્પ્રેમવૃદ્ધિ, ૫-ભગવન્મહિમાબોધ, ૬-ભગવન્નિશ્ચયપ્રાધાન્ય, ૭-સમ્પક આત્મપરમાત્મતત્ત્વજ્ઞાન, ૮-ભગવદ્ભકતાનુસેવન, ૯-માયિકનિરાસ, વોસનાલય, દુર્ગુણવિલીનીકરણ, ભગવન્તમૂર્તિસ્મરણાભ્યાસ, પ્રતિલોમ વૃત્તિ, એકાગ્રતા, નિરોધ વૃત્તિસ્થિરીકરણ, આદિ ઉપદેશોમાં મુખ્ય છે.

તત્ત્વપદાર્થો - (દાર્શનિક પદ્ધતિ વડે)

દ્રવ્યતત્ત્વ- પરબ્રહ્મ, મૂલાક્ષરબ્રહ્મ, મુક્તબ્રહ્મ, અવતારો, ધામો, ઈશ્વરો, જીવાત્માઓ, દેવો, આચાર્યો, મૂલમાયા, પ્રધાનમાયા, બુદ્ધિ:, મહત્તત્ત્વમ્, અહંકાર:, ચિત્તમ્, મન:, પ્રાણ:, શ્રોત્રમ્, ત્વક્, ચક્ષુ:, રસના, ઘ્રાણમ્, વાક્, પાણી, બે પાદ, પાયુ, ઉપસ્થ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ, તન્માત્રાઓ વિષયો, આકાશ વાયુ તેજ જલ પૃથિવી વિભૂતિ કાલ દિક્ અન્ધકાર નિદ્રા, વિગેરે ભૂતો તથા શક્તિસ્વરૂપો.

દ્રવ્યગુણો મિશ્રિત-સત્ત્વં, રજ:, તમ:, જ્ઞાનં, કામના, ચમત્કાર:, ધર્મ:, અધર્મ:, પ્રીતિ:, આકર્ષણમ્, ઉપાસના.

કેવલગુણો-રૂપં રસ: ગન્ધ: સંખ્યા પરિમાણ પૃથક્ત્વં સંયોગ, તાદાત્મ્યમ્ વિભાગ:, પરત્વમ્, અપરત્વમ્, ગુરુત્વમ્, દ્રવત્વમ્ સ્નિગ્ધત્વમ્, શબ્દ:, સુખમ્, દુ:ખમ્, ઇચ્છા દ્વેષ:, પ્રયત્ન:, સંસ્કાર:, વિલક્ષણશક્તિઓ, સ્થૈર્યમ્.

ક્રિયાઓ-સ્પન્દ, કમ્પ, ગતિ, આસ્ફોટન, લીનીકરણ, આદિ.

જાતિપદાર્થ-સાજાત્યં, વૈજાત્યં, સામાન્યં, અવાન્તરમ્, ઉપાધિ:

વિશેષપદાર્થ-સૌલક્ષણ્યં, વૈલક્ષણ્યં, વ્યાવર્તકત્વં તત્ત્વત્વં ચ.

સમ્બન્ધપદાર્થતાદાત્મ્યં, સુયોજ્યત્વમ, સંસિદ્ધત્વં, વૃત્તિત્વં, સ્વરૂપ:, વૈશિષ્ટ્યં, સમવાય:, પર્યાપ્તશ્ચ.

અભાવપદાર્થ-પ્રાગભાવ:, પ્રધ્વંસાભાવ:, અન્યોન્યાભાવ:, અત્યન્તાભાવ:, અચિરાડભાવશ્ચ.

એકાન્તિકતા, આત્મનિષ્ઠા, ધર્મનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, સાધનનિષ્ઠા, તપોનિષ્ઠા, સ્વાધ્યાયનિષ્ઠા, ગુરુપસત્તિનિષ્ઠા, સાંખ્યનિષ્ઠા, યોગનિષ્ઠા, બ્રહ્મનિષ્ઠા, લોકહિતાર્થ પ્રતિપાદિત છે.

ધર્મ અર્થ કામ મોક્ષ પુરુષાર્થો કહ્યા છે, પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા, સ્મૃતિ, નામક, ચિંત્ત વૃત્તિઓ કહી છે, સામ દાન ભેદ દણ્ડ ચાર ઉપાયો કહ્યા છે, પ્રારબ્ધં સંચિતં ક્રિયમાણં ભોગ્યં કર્મો કહ્યા છે.

યથાર્થજ્ઞાનમ્, અયથાર્થજ્ઞાનમ્, પ્રત્યક્ષં, અનુમાનં, ઉપમાનમ્, શાબ્દબોધ: અર્થાપત્તિ:, અનુપલબ્ધિ:, સંભવ:, ઐતિહયમ, ચેષ્ટા, સામાન્યજ્ઞાનપ્રમા, અપ્રમા, ભ્રમ, તર્ક, સ્મરણ, અન્વયવ્યતિરેકવ્યાપ્તિ, સહેતુઓ, સદ્ધેત્વાભાસો, ફલ, કથા, વાદ, સિદ્ધાન્તો, કામના, ચમત્કારો, અનુષ્ઠાનકાંડ, દૃષ્ટાન્તો, હેતુ, ઉદાહરણ, ઉપનય, નિગમન પ્રયોગો, નિગ્રહસ્થળો, અસદુત્તરસ્થળો કહ્યા છે.

વાક્યપ્રયોગ :- પ્રશ્નવાક્ય, શંકાવાક્ય, કૃપાવાક્ય, પ્રેર્યપ્રેરકવાક્ય, મૌનિશ્લોકવાક્ય, અપ્રતિભાવાક્ય, અસદુત્તર, નિરર્થકોત્તર, ભ્રમિત્તોતર, લાક્ષણિક પદપ્રયોગ, વ્યંજના શ્લેષ અલંકાર વાક્યો, રસવાક્યોમન્ત્ર, નામધેય અર્થવાદવાક્ય, પ્રવર્તકવાક્ય, નિવર્તકવાક્ય, ભયપ્રદ, રોચક, નિરૂપકવાક્યો, ગુરુશિખ્યવાક્યો, સમ્બન્ધક સંગતિકરવાક્યો, શ્રુતિ સ્મૃતિ પુરાણ ઇતિહાસ સૂત્ર ભાષ્યાદિ પ્રામાણિક વાક્યો, વર્ણનવાક્યો, આદિ વડે ઉપદેશ આપ્યા અપાવ્યા છે.

સાહિત્યકારો-શતાનન્દસ્વામી, શુકાનન્દસ્વામી, ગુણાતીતાનન્દસ્વામી, ગોપાલાનન્દસ્વામી, બ્રહ્માનન્દસ્વામી, અચિન્ત્યાનન્દસ્વામી વાસુદેવાનન્દસ્વામી વિગેરે સાહિત્યકારો થયા.

કવિઓ-પ્રેમાનન્દ, ભૂમાનન્દ, મુક્તાનન્દ, બ્રહ્માનન્દ, નિષ્કુલાનન્દ, કૃષ્ણાનન્દ, નાનાલાલભાઈ આદિ કવિઓ થયા.

સંસ્કૃતકવિ તરીકે - નિત્યાનન્દસ્વામી, અચિન્ત્યાનન્દબ્રહ્મચારી, વાસુદેવાનન્દબ્રહ્મચારી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી થયા.

નિત્યાનન્દસ્વામીએ શ્રીહારિદિગ્વિજ સંસ્કૃતગ્રન્થ રચ્યો.

અચિનત્યાનન્દજી મહાકવિએ શ્રીહરિસંભવમહાકાવ્ય, તથા શ્રીહરિલીલાકલ્પતરૂ તથા શ્રીહરિલીલાપ્રદીપ રચ્યાં.

શુકમુનિએ સુધાસિન્ધુ ગ્રન્થ રચ્યો.

વાસુદેવાનન્દ બ્રહ્મચારીએ શ્રીસત્સંગિભૂષણગ્રન્થ રચ્યો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ શ્રીલક્ષ્મીનારાયણસંહિતા સવાલાખ શ્લોકોમાં રચી, બીજા અંદાજે ચાલીશેક હજાર શ્લોકોના વાર્તા ઉપદેશ આદિ ગ્રન્થો રચ્યાં.

ષટશાસ્ત્રી- તત્ત્વજ્ઞાની શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃતમાં ન્યાય વૈશેષિક સાંખ્ય, યોગ, વેદાન્તમીમાંસા આદિગ્રન્થો પર ભાષ્યો તથા ટીકાઓ લખી, ખ્યાતિવિમર્શ, પ્રામાણ્યવિમર્શ, તત્ત્વપ્રભાવલી લોજીક મહાગ્રન્થ, શ્રુતિતાત્પર્યનિર્ણય:, સાકારત્વવિમર્શ:, શ્રીહરિસ્વરૂપનિર્ણયસત્સંગ ભાષ્યમ્, શ્રીસ્વામિનારાયણદર્શનમ્, સર્વસાકારતા સૂત્રો, સર્વપ્રત્યક્ષસૂત્રો, અખિલભૂમંડલીયસામ્પ્રદાયિકમુક્તિવ્યવસ્થા, સુધાસિન્ધુબ્રહ્મરસાયન મહાભાષ્યમ્, આદિ આદિ ગ્રન્થ રચ્યા છે.



❖ અખિલભૂમંડલીય સાંપ્રદાયિકમુક્તિવ્યવસ્થા અંતર્ગત કલ્યાણકારી દિવ્ય ઉપદેશો ❖

✣ ઉપદેશ-૧ ✣

ગૃહસ્થાશ્રમ ઘણી વિટંમણાવાળો છે, તેમાં રાત દિવસ કાયમ અનેક પદાર્થોના યોગ થયા જ કરતા હોય છે તેમજ અસંખ્ય ઘાટ સંકલ્પો ઉપજતા જ રહે અને વિક્ષેપો હાજર રહ્યા કરે, તથા ઉપાધિઓ વળગ્યા જ કરે, તેમાંથી છૂટવું તો બહુ જ મુશ્કેલ થઈ રહે છે, તેવા ગૃહસ્થે મોક્ષ માટે શું કરવું ? ગૃહસ્થે પોતાના જીવાત્માના કલ્યાણ માટે શું કરવું ? ગૃહસ્થે આલોકમાં સુખી રહેવાય તેમજ પરલોકમાં પણ ભગવાનના ધામમાં રહી મહાસુખીયા થવાય તે માટે શું કરવું ?

ભગવાનને પ્રસન્ન કરવા સર્વે સાધન કરી લેવા, આ જન્મને છેલ્લો જન્મ કરી લેવો. ફરીવાર દેહ ન ધરવો પડે તેવું જ્ઞાન અને બળ તથા ભજન ભક્તિ સેવા કરી લેવા. શ્રીહરિ પોતે પ્રત્યક્ષ જ છે, તેમાં જીવાત્મા અર્પણ કરી રાખવો અને પ્રત્યક્ષ સદ્‌ગુરુ સંતમાં જીવ જોડી દેવો, તો મોક્ષમાં ખામી રહે નહિં. સર્વ સાધન સંતમાં છે, પ્રત્યક્ષ ભગવાન અને ભગવાનના એકાન્તિક સંતને રાજી કરવામાં પાછા પડવું નહિં અને ઉત્તમ શ્રદ્ધા રાખીને રાજી કરતા જ રહેવા, તેમના રાજીપામાં તમામ ધર્મ, કર્મ અને સાધનો આવી જાય છે.

સૂર્ય, ચંદ્ર, અગ્નિ વગેરે પ્રત્યક્ષ ભગવાન અને સંતને રાજી કરીને પ્રકાશવાળા થયા છે, તેમ આપણે પણ સેવા વડે રાજીપો મેળવીને મોક્ષ માટે વૃત્તિઓ પરોવી દેવી; અને બ્રહ્મસ્થિતિયે વર્તતા શીખવું. પ્રત્યક્ષ ભગવાનના આ સંત સદ્‌ગુરુ દિવ્ય છે, તેના સમાગમ વડે કરીને માયિક અને ભૌતિક પદાર્થો પણ દિવ્ય થઈ જાય છે અને તેનાં સ્પર્શમાં આવતા જીવોને મોક્ષના અધિકારી બનાવે છે. પોતાને સમૃદ્ધિ ન હોય તો હાજર ચીજો વડે પણ ભગવાન અને સંતને રાજી કરીને પ્રસન્નતા મેળવી લેવી, તકે રાજી કર્યા હોય તો મોટા અભ્યુદયને આપે છે, પારકા સાધનોની વાટ જોનારને તક ગયે હાનિ જ રહે.

ભગવાન અને સંત કહે તેમ વર્તે તથા 'અહોહો ધન્ય ભાગ્ય' માને તે જીત્યા જાણવા, કુતર્ક કરનારને હાર્યા જ જાણવા. ભૌતિક પદાર્થો ચીજો તે નાશ થવાના જ છે, અવિચળ રહે તેમ નથી ભગવાને જે જે આપણને કાંઈ આપેલ છે, તે પદાર્થો વયા ગયા પહેલાં ભગવાન અને સંત લેખે વાપરીને સેવાવડે રાજીપો મેળવી લેવો જેથી અક્ષરધામનું સુખ આવવા લાગે, પરમ આનંદ પ્રાપ્ત થાય, મોક્ષમાં દૃઢ પાયો થઈ જાય. ભગવાન ને સંતો વડે

શાસ્ત્ર રચાયાં છે, ભગવાન અને સંતનાં વચનો તે શાસ્ત્રો છે, તે વચનોને ચિંતામણિની પેઠે પાળી લેવાં, શાસ્ત્રવાળો રહી જાય અને અનુવૃત્તિવાળો તરી જાય.

ભગવાન અને સંતમાં હેત વધતું જાય એ રીતે રહેવું, હેતવાળાની ખબર અને સંભાળ રાખશે, જરૂર તેડવા આવશે, ઠેઠ ધામમાં લઈ જશે અને હજૂરમાં સેવામાં રાખશે માટે હેત વધારવું. સ્વર્ગો આડા નડતર કરે તેવી ઉપજને ન વળગી રહેવું, પણ અક્ષરધામમાં જવાય તેવી ઉપજ મેળવી લેવી, ભગવાન અને સંત વિના આત્યંતિક મોક્ષનો ન્યાય કોઈ આપી શકે તેમ નથી, જ્યાં ત્યાં રોકાઈ રહેવાનો ઢાળ મેલીને ભગવાન અને સંતમાં રોકાવાનો ઢાળ પાડવો, ભગવાન અને સંત સિવાય અધૂરાપણાને પૂરું કરનારા કોઈ નથી, માયિક ભાવની છાયાથી ભડકીને ભગવાન અને સંતને પડ્યા ન મેલવા.

ભગવાન અને સંત રાતદિવસ સાંભરે એવું દિવ્ય સાધન સાધી લેવું, ખબરદારી સિવાય ભૂલકણામાં ભળી જવાય, ભગવાન અને સંત વિના કોઈ ભગવાન ભજાવવાનો આગ્રહ કરે તેવા નથી. વાસના ટાળી નાખે દુઃખ મટાડી દે અને કાયમી સુખિયા કરી દે એવા તો ભગવાન અને સંત બે જ છે. ભગવાન જેવા ચમત્કાર બીજામાં હોતા નથી, તેમ કોઈ ભગવાન થવા જાય તો ભગવાન થઈ જવાતું નથી, જેટલી જેની ભક્તપણાની યોગ્યતા હોય તેટલું તેને સત્પુરુષપણું અને દિવ્યપણું હોય છે, તથા શાસન પણ તે પ્રમાણે જળવાય છે, ઓછા અદકું જળવાતું નથી.

✣ ઉપદેશ-૨ ✣

ભગવાન અને સંત પોતાને રાજીપા સાથે સંભારતા આવે એવી સેવાવડે કૃપા મેળવી લેવી અને રાજી થકા આપણને ધામમાં તેડી જાય તેવું સોંપાઈ જાવું. સંસાર અને સંસારીઓના સુધારા થવાના જ નથી. ભગવાન અને સંતના આશ્રય વડે પોતાનો સુધારો જરૂર કરી લેવો, જાગ્યા ત્યારથી સવાર, સમજ્યા ત્યારથી વિવેક, આશર્યા ત્યારથી તેના, ઊપડ્યા ત્યારથી યાત્રા, વિરામ ત્યારથી શાંતિ, ઓળખાણ ત્યારથી હેત, સંબંધ ત્યારથી પોતાપણું, અર્પણ ત્યારથી સ્વરાજ્ય, માહાત્મ્ય સાથે નિર્ભયતા ત્યારથી ભગવાન તથા સંતનો આનંદ, આ પ્રમાણે વર્તી લેવું, થોડા રાગવાળા પદાર્થ પોતે જીતવા, ઝાઝા રાગવાળા પદાર્થને ભગવાન અને સંતને આશરે કરીને પણ જીતી લેવા.

ભગવાન અને સંતને સાંચવ્યા તેનું બધૂંય સચવાય ગયું, તે બેને મેલીને જે સચવાયું તે કાંઈ સચવાયું નથી, અજ્ઞાનથી બીજું કમાય પણ સાચું કમાવા વિવેક શીખતાં નથી, આ જીવ કાદવની બાઘડચ થઈને કાદવમાં પડ્યો રહે છે, પણ હંસ થઈને મહાસરોવર રૂપી ભગવાન અને સંત તરફ જતો નથી, જીવ બીજે ઢરડા કરે પણ ભગવાન ને સંતની વાતમાં અટકીને ઊભો રહે છે, ખરા લાભને ઓળખતો નથી.

આ લોક બહુરંગી છે તેમાં ભગવાનના ભક્તને તો વિચારવું જે કેટલુંક મૌનમાં સુખ, કેટલુંક ઉદ્યમ પૂરતું જ સુખ, કેટલુંક ફળ પૂરતું જ સુખ અને કેટલુંક ધ્યાન દેવા પૂરતું જ સુખ, પણ આત્યંતિક સુખ તો ભગવાન અને સંતમાં છે, આ પણ વિવેક સમજી રાખવો, બધા સુખ ઇચ્છે છે પણ ભીડો ખમે નહીં, ભીડો ખમે તો સુખી થાય, બંધુય ભગવાનનું છે, પણ જીવ પોતાનું કરીને પચાવી પાડે છે, ભગવાનને પણ ન આપે તો બીજાને શાનો આપે, એવા અહંમ મત્વવાળાને શ્રેયોમાર્ગ સૂઝતો નથી, ખેડું અધવારૂ કરે તે ઉપજય લઈ લ્યે, બાકી બંધુય મેલી દે, તેમ કરવું પણ વળગી ન રહેવું, પારકામાં અવરાઈ ન જવું,

ભગવાને વ્હાલામાં વ્હાલી ચીજો આપી છે, તે ભગવાનની જ છે, માટે ભગવાનને અર્પીને પ્રસાદી ગ્રહણ કરવી. અન્ન, જળ, વસ્ત્ર, વાહન, સાધન વગેરે ભગવાનના છે, હું તો તેનો આજ્ઞાંકિત સેવક સંભાળનારો છું, એમ માનીને આજ્ઞાંકિત દાસપણું પાળવું, ભગવાન પોતે દાસને સદાસુખિયા રાખે છે, ક્યારેય પણ દાસને ભુલતા નથી, ભગવાનના આત્મનિવેદી ભક્ત થાવું, જેટલું નિવેદન ન થાય તેટલું આત્મનિવેદીપણું ઓછું, તે પ્રમાણે ભગવાનનો રાજીપો પણ ઓછો વર્તે. જ્યાં સ્વાર્થ માન્યો ત્યાં બંધુય ફના કરી નાખે, પણ ભગવાનને આપવામાં પાછો પડે, તે જ અજ્ઞાન. સંતનો આશીર્વાદ લઈ લ્યે, ફળ પણ મેળવે છતાં રાજી કરતાં ન આવડે, બીજેય વળી જાય, સાચાને મેલી દે, તેથી અંતે બધુય જાય, હાથી ગંગામાં ન્હાય તો પણ માથે ધૂળ ઉડાડે, આ જીવ ભગવાન અને સંતસમાગમમાં શુદ્ધ થાય તો પણ ધૂળ ઉડાડવાનો સ્વભાવ રાખે, શ્રીહરિ માટે બંધુય કરી રાખ્યું હોય તો પણ ખરું ટાણું આવે ત્યારે પાછો પડી જાય, વાપરી શકે નહિં, એવી બાધિતાનુવૃત્તિ વળગેલી રહે છે.

✣ ઉપદેશ-૩ ✣

તીર્થોમાં પાપ ધોઈને માણસો પાવન થાય છે, તે તીર્થો પાપોને બાળવા સંતના ચરણની ધૂળમાં આળોટે છે, તથા સંતના ચરણોના જળમાં ન્હાય છે, પ્રત્યક્ષ ભગવાન અને તેના પ્રત્યક્ષ સંતજન તે તમામ પાપોના બાળનારા છે, કથાવાર્તા અને ગુરુદેવ દ્વારા સંત તથા ભગવાનમાં માહાત્મય જ્ઞાનપૂર્વક ગરકાવ રહેવું, તથા સમજણ વિશેષ વધારવી, સમજણવડે અણસમજણ, અજ્ઞાન અને ઉપાધિઓ અસર કરતાં નથી, જ્ઞાન મેળવતાં મેળવતાં મૂર્તિનું ધ્યાન કરતાં જ રહેવું, ધ્યાન કરવા વડે ભગવાન હાજર થશે. જ્ઞાની બાહેરવૃત્તિથી જ જિંદગી કાઢી નાખે, તેને ભગવાન અંતરમાં નથી દેખાતા, ભગવાનમાં વૃત્તિ રાખનારા સંતપુરુષને તન, મન, ધનથી સેવવા માંડે તો રાજી થઈને ભગવાન ધ્યાનમાં દેખાવા માંડે. સંતમાં રહેતા એવા ભગવાન ભક્તની રાહ જુએ છે જે મારા સંતને દિવ્યભાવે કોઈ સેવે છે કે કેમ ! જો સેવે તો હું તેને મળું, એવો લાભ જરૂર લઈ લેવો.

માણસ પોતાના દેહની જેટલી ટેલ ચાકરી કરે છે તેથી અરધી પણ જો ભગવાન અને સંતની ટેલ ચાકરી કરે તો મોક્ષમાર્ગ ખુલી જાય છે. આ જીવને દેહ, ઇન્દ્રિયો અને વિષયને સુખે સુખિયા થવાનો ઢાળો છે, તે દેહ ઇન્દ્રિયોના સુખ માટે તો આભ જેવડો સંસાર માથે ઉપાડે છે, પણ ભગવાનને સુખે સુખિયા થાવા આદર સરખુય કરતો નથી, આદર કરે તો ક્યારેક ફળ પામે, માટે ભગવાનના સુખનો આદર તથા અભ્યાસ તથા અર્પણપણું જરૂર સિદ્ધ કરી લેવા.

ભગવાન અને સંત મળે કે તુરત જ તેની આજ્ઞા થાય તેમ પોતાને વર્તનમાં વર્તાવીને એવી તૈયારી કરી રાખવી જે સર્પ કાંચળી ઉતારે તેમ આ દેહને ઉતારી મેલવો અને બ્રહ્મલોકમાં જવા પ્રસ્થાનું સ્થાપી દેવું, તેની ઝંખના કરવી અને લઈ જાય ત્યારે ડંકો દઈને બ્રહ્મધામમાં પહોંચી જવું.

જેમ જેમ ભક્તિ વધતી જાય તેમ તેમ કાળ, કર્મ, માયા અને તેના સંસારમાં કાપ મેલાતો જાય છે, જેને ભગવાનની દયા અને સંતની લાગણી થાય તેને આ વાત સમજાય છે. સંત અને ભગવાનને પોતામાં વસાવવામાં બાહેરલા લોક આડા આવતા હોય તો અંતરમાં ખાનગી ખજાનામાં વસાવીને સુખ લેવા શીખવું, જેણે અંતરમાં ભગવાન અને સંતને વસાવ્યા તેનો સદાય વિજય છે, તેને કોઈ બીજા દબાવી શકશે નહિં, સાધારણ માણસ પણ પોતે પોતાને બીજા કરતાં ઘણો જ ડાહ્યો ગણે છે, તેમ જેણે પોતાં કરતાં ભગવાન અને સંતને ડાહ્યા ગણ્યા તો તેને બધો મુદ્દો હાથમાં આવ્યો,કારણ કે તે પોતે સંતથી મોક્ષનું ડહાપણ લેશે અને જીતી જશે.

બધાને માટે સૂર્ય સરખો ઊગીને દિવસ અર્પે છે, પણ તે દિવસ ભગવાન અને સંતના સંગ વિના જો ગયો તો વાંઝિયો જ ગયો, જેણે ભગવાન અને સંતને સંભાર્યા સેવ્યા તે દિવસ વાંઝિયો ન ગયો એમ જાણવું. પોતાના રહેઠાણને સ્મશાન ન રાખી મેલવું અને દેહને શબ ન કરી રાખવું તેમાં ભગવાન અને સંતને પધરાવીને મંદિર કરી રાખવું, જે જીવ ભગવાન અને સંતના સમાગમમાં નથી આવતો તે જીવ પાપોના સાગરમાં પડ્યો છે, જો ભગવાન અને સંતના સમાગમમાં આવી જાય તો તે શાશ્વત એવા પુણ્યના દિવ્ય સ્વર્ગમાં એટલે ધામમાં વસેલો છે, એમ જાણવું.

✣ ઉપદેશ-૪ ✣

જેટલા ભોગ છે તે રાગ, સ્વાર્થ અને પાપથી ભરેલા છે, ભગવાન અને સંતને અર્પણ કરાય તો તે નિષ્પાપ, નિર્ગુણ તથા દિવ્ય થઈ જાય છે, ભગવાનના ભક્તે તો તેવા નિર્ગુણ નિષ્પાપ દિવ્ય એવા ભોગ ગ્રહણ કરવા, સર્વે અંજવાળા માટે સૂર્યની વાટ જુએ છે,

પણ ખરા અજવાળાવાળા ભગવાનની વાટ જોતા નથી, એવી આ જીવની અવળાઈ છે, આવી અવળાઈવાળો જીવ અંધારામાંથી કઈ રીતે નીકળે ? માટે સાચા અંજવાળાવાળા સંતને વળગવું.

છતી આંખ્યે ખાડામાં જઈ પડે તે આંધળો, છતે ભગવાને અને સંતે સંસાર સાગરમાં જઈ પડે તે તેના જેવો ગણાય, છતે ચિંતામણિયે ભૂખ્યો મરે તે પ્રારબ્ધહીન જાણવો, સંત અને ભગવાન માટે પોતાનું જે કાંઈ કામમાં આવ્યું તેટલું જ પોતાનું સારાપણું જાણવું, બાકી બધુંય કુબડાપણું છે. કસ્તુરીને મૃગે ન ઓળખી, કારણ કે તે પશુ છે. માણસે ભગવાનને ન ઓળખ્યા, કારણકે તે પશુ જેવો છે, જે પદાર્થ ભગવાન અને સંતને માટે કામમાં આવ્યું તે અમૃત બાકી તો બધો ઉકરડો છે, ખાતરમાં મોલ સારો પાકે, આ માયાનો સંસાર ખાતર છે, તેમાં ભગવાન અને સંતરૂપી સારો ફળરૂપ માલ પકાવતા શીખવું, અહીં એક દિવસ સેવા કરે તેના પુણ્યે કરીને પરલોકમાં અનંત સ્વર્ગના સુખોને પામે છે, સેવાથી જો રાજીપો મેળવી લ્યે તો તે બ્રહ્મલોકનાં અનન્તગણા સુખોનો અધિકારી થઈ જાય છે.

આ જીવ એવો છે જે ભગવાનને પડ્યા મેલે છે અને લક્ષ્મીજીને વળગે છે, પણ ભગવાન વિના લક્ષ્મીજી શાના રહે ? આપણે તો ભગવાનને કાયમ રાખતા શીખવું એટલે લક્ષ્મીજી એની મેળે રહે. આ જીવ જમાડવાની તાણ્ય બહુ જ કરે,કારણ કે તેમા સાથે પોતાનો પણ સ્વાર્થ છે, પણ કોઈ ત્યાગ ઉપવાસની તાણ્ય ન કરે, કારણકે તેમાં તો પોતાને આકરું પડી જાય, તેમ આકરું પડે ત્યાંથી ભાગે, ભગવાન અને સંત આકરા પડે છે, કારણકે માયાની મીઠાશને મેલાવે અને નિયમમાં વર્તાવે, પણ અંતે તો નિયમવાળાનો જય છે. સર્વે જીવો સમૃદ્ધિ મેળવવાની માનતાઓ કરે, પણ સમૃદ્ધિ વઈ જવાની માનતાઓ કોઈ ન કરે, એવો સ્વાર્થનો ઢાળો છે, સાચો સ્વાર્થનો ઢાળો તો ભગવાન અને સંત મળવાનો પાડવો, સર્વે જીવો માયા મેળવવાના મેળાવડા કરે પણ ભગવાન મેળવવાના ન કરે, કારણ કે માયામાં વધારે રાગ છે, ભગવાનનો મેળાવડો કરે તો પણ તેમાં માયા મેળવવાનો સ્વાર્થ રાખ્યે જ જાય, જો માયાનો સ્વાર્થ મેલી દે તો તે અક્ષરધામનો મુક્ત છે, એમ જાણવું.

✤ ઉપદેશ-૫ ✤

ભગવાનની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખનારને ચિંતવ્યા પ્રમાણે સર્વ કામનાઓ ફળીભૂત થાય છે, સંત જેના ઉપર કૃપા કરે તેનાં સર્વે પાપ બળી જાય છે. જે સંતનો તથા સત્સંગનો ગુણ લ્યે છે, તે પુણ્યના ઉદયને પામીને પરમપદ પામવાને લાયક થાય છે. જેમ જેમ સંત અને ભગવાનનો સત્સંગ કરતો જાય તેમ તેમ દિવ્ય થતો જાય છે અને બ્રહ્મલોકનો વતની

થઈ જાય છે. ભગવાન અને ભગવાનના ભક્તનો ગુણ ગ્રહણ કરતો જાય તેને દિવસે દિવસે ભગવાનની દયા થાતી જાય છે અને તે સિદ્ધિઓ પ્રાપ્ત કરીને મોક્ષ ગત્તિને પામે છે, જે દેહ ઇન્દ્રિયોની ક્રિયાઓ ભગવાન તથા ભગવાનના ભક્તની સેવાને વિષે રાખે તેના અનન્ત જન્મોનાં પાપ બળી જાય છે અને તે શુદ્ધ થઈને ભગવાનમાં અસાધારણ પ્રીતિ પામીને મોક્ષમાં જાય છે.

પ્રત્યક્ષ ભગવાન અને સંતમાં અતિ હેત સહિત નિષ્ઠાવાળાને ભગવાન પોતાનું ધામ ઐશ્વર્ય અને પોતે એ બધૂંય દેખાડે છે અને મોક્ષ આપે છે. ભગવાન વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખવી અને પોતાને બ્રહ્મસ્વરૂપ માનીને એકાન્તિક ભક્ત થાવું. તત્ત્વજ્ઞાન, વિવેક અને ભક્તિ વડે ભગવાનના ધામમાં જવાય છે, આ દેહને કર્મ કરવા સારાં લાગે છે, તે બધાં કર્મો ભગવાન લેખે કરી લેવા અને સંતને તો પોતાના જીવમાં ભગવાન સાથે જરૂર રાખવા શીખવું.

ગૃહસ્થાશ્રમમાં રહેલા ભક્તને દેહનાં કામકાજ પોતામાં ન માનવાં, ઉદાસ જેવું રહેવા શીખવું અને તાણ તો ભગવાન તથા સંતની ખૂબખૂબ રાખવી, પેટ ભરીને સેવા કરી લેવી, જે સેવાના અમીના ઓડકાર આવ્યા કરે તેવી તેવી વધારે વધારે સેવા કરી લેવી, ગમે તેટલાં દુઃખ આવે તોપણ સંતની સેવામાંથી અને ભાગવત ધર્મમાંથી આડું અવળું ડોલવું નહીં, સાચો લાભ સંતનો સમાગમ મળ્યો તે જ છે. ભગવાનના દાસરૂપે વર્તીને એમ નીકરી રાખવું જે મારું કલ્યાણ થઈ ચૂક્યું છે. હિમ્મતવાળા બઢિયા ભક્ત ઉપર ભગવાન જલ્દી રાજી થાય છે.

પરમેશ્વર અને પરમેશ્વરના સંતને યોગે કરીને સારી સ્થિતિ થાય છે તથા ભગવાન અને સંતના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને ગ્રહણ કરીને શુદ્ધ થવાય છે અને તેને ભગવાનની અખંડ સ્મૃતિ રહે છે, ભગવાનના ભક્તો સંતના સમાગમે કરીને એવું બળ મેળવવું જે કોઈપણ પ્રકારની ઉપાધિ વળગે નહીં અને બ્રહ્મસ્વરૂપે વર્તાય, ભગવાનના એકાન્તિક ભક્તની સેવા સમાગમે કરીને એકાન્તિક થાવા શીખવું, આળસ તજીને પોતાના જીવાત્મામાં ભગવાન અને સંતને જોતા રહેવા, એવા દર્શન થાય તેને આત્મદર્શન ગણી લેવું.

સર્વ ક્રિયામાં ભગવાનને જોતા રહેવા અને ભગવાનનું અતિશય મહાત્મય જાણવા માટે સંતનો સંગ નિરન્તર રાખવો. દેહના સગાસંબંધીને ભગવાનને સોંપી દેવાં. દિવ્ય મોક્ષ આપે તેવાં કરી રાખવાં તો જરૂર અક્ષરધામમાં જવાય. હાલતાં, ચાલતાં, ખાતાં પીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, જેથી

કાયમ મૂર્તિમાં રહેવાય અને ધામમાં પણ સ્થિર રહેવાય, કાયમ ભગવાનના ભજનારાને વાદળ જેવા દુઃખમાંથી પણ ભગવાન ઉગારી લે છે.

✤ ઉપદેશ-૬ ✤

પોતાના ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય તો પણ જો ભગવાન અને સંતને નિર્દોષ સમજવા લાગે તો તે સ્વભાવ ટળી જાય છે અને દિવ્ય થઈ જાય છે. જેની બુદ્ધિ શાપિત હોય તેને પ્રત્યક્ષ ભગવાન અને સંતમાં દોષ સુઝે, જેના પૂર્વના પુણ્ય તથા આશીર્વાદો જાજા હોય તેને ભગવાન અને સંતમાં દિવ્ય ભાવ આવે, તેથી પોતે પણ દિવ્ય મોક્ષમાં જાય, શુદ્ધ ભાવનાવાળા ભક્તના ઇન્દ્રિયોના વિષયના તમામ વેગ ભગવાનમાં તથા ભગવાનના ભક્તના સંગમાં વિરામ પામી જાય છે. અતિ હેત કરીને ભગવાન અને સંતમાં વૃત્તિયો જોડાઈ જાય તો સર્વે નિરોધ સમાધિ થઈ ગઈ જાણવી.

પ્રત્યક્ષ ભગવાન અને સંતમાં જેને પૂર્ણ કામપણું મનાણું તેના મોક્ષનાં સર્વે સાધન સધાઈ ગયા જાણવા. રસિક થઈને તમામ દેહ ઇન્દ્રિયો અંતકરણના રસ ભગવાનમાંથી અને સંતમાંથી મેળવવા શીખવું. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિમાં જેને ભગવાનમાં તથા સંતમાં જ રસ છે તે અક્ષરધામનો મુક્ત છે, તેમાં કાંઈ સંશય નથી.

ભગવાનનું માહાત્મ્ય સમજનારાના અંતરમાં ભગવાન સદા સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે તેવી સેવાથી ભગવાનની સેવાનું ફળ થાય છે. અતિ સમર્થ થકા પણ જરણા કરનારા સંતમાં બધાય તત્ત્વો ભગવાનનાં જ છે. સંતનાં દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, ચૈતન્ય, શક્તિયો, આત્મા વગેરેમાં પોતે શ્રીહરિ રહે છે અને ભક્તોને બધી રીતે સુખ આપે છે, ભક્તજન એવા સંતને ઓળખીને ભગવાનનું સુખ લે તેને અક્ષરધામમાં જે ભગવાનનું સુખ છે તે સર્વે આંહી મળે છે, કારણકે તેવા સંતની સેવા કરનારાનાં પરમાણે પરમાણું દિવ્ય થઈ જાય છે અને તે સેવક સંત સમાન સિદ્ધ સમર્થ થઈ જાય છે, માટે તેવા નિઃસંશય સેવા કરવાના પાત્ર થવું, આઠે પહોર જેના હૃદયમાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે તે અતિશય મોટયપને પામીને ધામમાં જાય છે.

દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, ધ્યાન, દીક્ષા, શાસ્ત્ર એ બધાં જેને સંત દ્વારા મળ્યા તેને પોતાને દિવ્યપણું પ્રાપ્ત થયું સમજવું અને બીજાને પણ દિવ્ય બનાવે તેવા સમર્થ સમજવા શીખવું, અતિ શુદ્ધ ભાવે કરીને પ્રસન્ન થયા જે ભગવાનના એકાન્તિક સાધુ તેના વરદાને કરીને જે રૂડી બુદ્ધિ થાય તેને ભગવાનની કૃપા જાણવી, તે સાથે રૂડા સાધુનો સંગ કરે તો તે સંસારને તરી જાય છે.

✤ ઉપદેશ-૭ ✤

સત્સંગે કરીને તમામ ઘાટ સંકલ્પ બંધ થઈ જાય છે અને તે બીજાના પણ ઘાટસંકલ્પ મટાડી દે છે અને પોતે સંત આંહી થકા ધામમાં છે અને ધામમાં થકા આંહી ભેગા છે અને ભગવાનની ઓળખાણને ઢાંકી રાખે છે તે પણ મોટી સાધુતા છે માટે તેવા સંત તો સાધુરૂપે ભગવાન છે એમ જાણવું, જેણે તેનો સંગ કર્યો તે મોક્ષને પામી ગયા છે, તેને બીજું કાંઈ સાધન કરવું પડે તેમ નથી, આ વાત તે એમ જ છે, એવા ભગવાન અને સંતની સેવા કરે છે તે ધામમાં જ સેવા કરે છે એમ જાણવું. ભગવાનના સંત તે સદા કલ્યાણકારી જ છે, તેવા મોટા સંતની મોટયપ તે પ્રત્યક્ષ ભગવાનના સર્વોપરિ નિશ્ચયે કરીને જ છે, પ્રત્યક્ષ ભગવાન અને સંતને ઓળખનારા તો આ સમયમાં ઘણાં મુક્તો છે.

સ્થૂલ મૂર્તિનું ધ્યાન કરીને તેમાંથી ભગવાનનું દિવ્ય સ્વરૂપ તારવી લેવું, તેનું ધ્યાન કરવું, પછી તેમાંથી જ દિવ્ય એવા બોલતા ચાલતા ભગવાનને પ્રત્યક્ષ જોતા રહેવા અને પછી સર્વભૂત પ્રાણિ માત્રમાં તે જ ભગવાન અન્વયપણે રહ્યા છે તેને જોતા રહેવા, આવો અભ્યાસ કરનારને દિવ્યપણું થઈ જાય છે અને પાંચભૂત વગેરે આછાં થઈને જીતાય જાય છે અને ભગવાન સર્વત્ર દિવ્યમૂર્તિ મુખ્ય થઈ જાય છે, પછી ધીરે ધીરે આ લોક અને અક્ષરધામની એકતા થઈ જાય છે અને અક્ષરધામ જ સર્વત્ર ભગવાન તથા મુક્તો સહિત જ દેખાયા કરે છે, ત્યારે તમામ સમાધિઓ સધાઈ રહી જાણવી અને તમામ ધામો પ્રાપ્ત થઈ રહ્યા જાણવા અને તમામ અલૌકિકપણું વર્તવા લાગ્યું જાણવું અને અસંખ્ય જીવોના કલ્યાણ કરવાનું સામર્થ્ય વસ્યું જાણવું અને ભગવાનમાં ગરકાવ સહેજે જ રહેવાય માટે આવો અભ્યાસ પણ કરવો જ.

ભગવાનના સંતોનાં તમામ તત્ત્વોમાં ભગવાનનાં તત્ત્વો જ વસે છે. માટે સંતરૂપી દિવ્યભૂમિમાંથી ભગવાનને ફલરૂપે પ્રાપ્ત કરી લેવા. ભક્તજને પોતારૂપી આત્માને મુક્ત માનીને તેમાં ભગવાનને પધરાવીને અખંડ સેવા કર્યા કરવી. ભગવાન પોતે દૃઢ આશરા રાખનારા ઉપર અતિ રાજી થાય છે, સમજણથી હેતથી કે વેગથી આશરો તો ભગવાનનો જ કરી લેવો, પરમેશ્વરના ભક્તને પરમેશ્વરમાં જ હેત અને વેગવાળી સમજણ દૃઢ કરવી, પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ કરતાં બીજો કોઈ મોટો લાભ કે મોટો આનંદ નથી. જે પોતાના કલ્યાણના અર્થે સંતસમાગમ કરીને ભગવાનમાં તન, મન, ધનથી ગરકાવ વર્તે છે, તેણે સર્વ સાધન સાધી લીધા જાણવાં, શાંતિપૂર્વક નિર્માનીપણે નિખાલસ થઈને અઢળક ઢળી જતો એવો ભક્ત ભગવાન અને સંતમાં અર્પણ થયો થકો વર્તે તે અહીં જ અક્ષરધામમાં ભગવાનને સુખે સુખીયો થઈ ગયો જાણવો.

✤ ઉપદેશ-૮ ✤

ભગવાનના ભક્તને અક્ષરધામ તે પોતાનો દેશ છે, શ્રીહરિ તે પોતાના માવતર છે, મુક્તો તે પોતાના બાંધવો છે, તેમાં પ્રીતિ, શાંતિ, તૃપ્તિ, સંતોષ, સુખ, વિરામ, આનંદ, ઉત્સવ એ બધું કુટુંબ છે, તેમની સેવાભક્તિ તે કાયમી સત્કાર્ય છે, ત્યાં જવું આવવું તે યાત્રા છે, તેમાં લીન ભાવે વર્તવું તે વિશ્રાન્તિરૂપી જાગ્રન્નિદ્રા છે, આવા ભક્ત માથે કાળ, કર્મ, માયા, વગેરેનો હુકમ નથી. ભગવાનના દિવ્ય સાકારપણાની નિષ્ઠાવાળા સંતના ચરણોની રજમાં તો ભગવાન આળોટવા લાગે છે તથા તેવા સંતને ભગવાન સદા ઇચ્છે છે, તેવા સંતો ભગવાનની સમાન મૂર્તિ થઈને અક્ષરધામમાં બિરાજે છે, માટે તેના દર્શન તે ભગવાનના દર્શન તુલ્ય છે, તેવા સંતના દર્શન કરીને અનંત પતિત જીવના ઉદ્ધાર થાય છે.

દરરોજ ભગવાનને પ્રાર્થના કરવીઃ હે મહારાજ ! મારી ભૂલો ક્ષમા કરજો અને સંતની સેવા કાયમ આપજો અને સંતના ઉતારા મારા ઘેર કાયમ હોજો અને સંત સાથે તમે ભગવાન કાયમ મારે ઘેર રહેજો અને મારું ઘર તે અક્ષરધામ બનાવજો અને અમને પોતાના કરી ગણજો અને અમારી નાની મોટી, સારીનરસી ટહેલચાકરી અંગીકાર કરજો અને ભૂલચૂક કે સ્વાર્થીપણું તે ગણકારશો નહીં, તમારામાં અમોને ભેળવી લેજો અને તમારી પ્રસાદી જ જમાડજો પીવરાવજો અને તમારો બ્રહ્મરસ પાજો અને તમો અમારામાં જ ત્રણે અવસ્થામાં અને ત્રણે શરીરમાં વસજો અને તમારે સુખે સુખિયા કરજો, એમ ભગવાન તથા મોટાં સંતને પ્રાર્થના કરવી. ગૃહસ્થે દેહે કરીને વ્યવહાર કરવો પણ અંતઃકરણે કરીને ત્યાગી રહેવું અને યોગેશ્વર જેવું વર્તવું અને એવા ભગવાન જેવા સંતની અનુવૃત્તિમાં રહેવા માંડવું, જેથી તમામ ખોટા ઘાટસંકલ્પ ટળી જાય અને ધામમાં રહેતા હોઈએ તેવું સુખિયું થઈ જવાય. ઘરમાં રહેતા ગૃહસ્થે પોતાનું તમામ પ્રગટ ભગવાનને સોંપી દીધું એટલે તે બધુંય નિર્ગુણ થઈને ધામમાં વસ્યું છે તેમાં કાંઈ સંશય નથી.

જેણે ભગવાન અને સંત રાખ્યા તેણે અક્ષરધામ પોતાને ઘરે વસાવ્યું જાણવું અને બધી સિદ્ધિઓ, સમૃદ્ધિઓ, લક્ષ્મીઓ તથા વિભૂતિઓ ત્યાં જ વસે છે તેમાં કાંઈ સંશય નથી. જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિરતા થઈ ગઈ તે અક્ષરબ્રહ્મસ્વરૂપે થયો થકો નિર્વિકલ્પ સમાધિમાં વર્તે છે એમ જાણવું. મને પ્રગટ ભગવાન અને તેના સંત મળ્યા તેથી બધૂંય મળી ગયું, કોઈ ખામી નથી એમ બળ રાખવું અને ભગવાન તથા સંતના સુખે સુખિયા વર્તવું, અક્ષરધામમાં મુક્તો અનંતસ્વરૂપો ધારણ કરીને ભાતભાતની સેવા કરે છે તેમ અહીં સેવા કરવી અને રાજી કરી લેવા અને અખંડ સેવા માગવી અને તેઓનું તમામ સુખ લેવું, આવા

સુખિયા જે બ્રહ્મસ્વરૂપભક્તજન તેને જે સેવા કરવી તે જ વિધિ જાણવો, ભગવાન અને સંત વિનાનું બીજું સર્વે તે નિષેધ જાણવો.

✣ ઉપદેશ-૯ ✣

તમામ શાસ્ત્રો પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતને રાજી કરવાનું બતાવે છે. ભગવાન અને સંતના ભક્ત ઉપર તમામ દેવતાઓ રાજી થાય છે. ભગવાન સંઘાથે ગોપીઓ કામબુદ્ધિયે પ્રીતિ કરીને માયાને તરી ગઈ અને ગુણાતીત થઈ અને નિર્ગુણ એવા ધામને પામી માટે તેવા નિર્ગુણ થવા શીખવું. ગમે તેવો પાપી જીવ હોય તે જો ભગવાનનો પ્રસંગ કરે તો પરમપવિત્ર થઈને પરમપદને પામે છે. કેવલ ભગવાનની સેવા ઈચ્છવી, તેમાં બધૂંય આવી ગયું, સેવાને નિષ્કામ ભક્તિ જાણવી, નિષ્કામ ભક્તિ એટલે ભગવાનની મરજી મુજબ પરિચર્યા કરવી, તેવા ભક્તની સેવા ભગવાન અંગીકાર કરે છે અને પોતાની સેવામાં રાખે છે, ભગવાન બળાત્કારે કરીને તે ભક્તને પોતાનાં એશ્વર્ય સુખ આપે છે.

પ્રત્યક્ષ ભગવાન અને તેના સંતની નિષ્કામ સેવા કરવાં ઈચ્છતા ભક્તજનને અજ્ઞાની લોકો નિંદે છે તે ન ગણકારીને પણ સેવી લેવા. અહંમમત્વ તજીને ભગવાન ભજતા એવા સંતને અને પુરુષોત્તમ ભગવાને કાંઈ છેટું રહેતું નથી. ભગવત્ ધર્મનિષ્ઠા પ્રધાન રાખીને પણ કામઢાં માણસે ભગવાન અને સંતની સર્વપ્રકારે સેવા કરી લેવી અને પરમભાગવત ભક્ત થઈને અક્ષરધામમાં જવું. ભાગવતધર્મનિષ્ઠા તથા બ્રહ્મસ્વરૂપ આત્મનિષ્ઠા, ભગવાનમાં વિરામરૂપ વૈરાગ્યનિષ્ઠા અને અતિપ્રીતિરૂપ મુક્તિનિષ્ઠા પ્રાપ્ત કરીને મુક્તતા મેળવવી, જેથી પરમ ભાગવતપણું સહેજે જ વર્તવા લાગે. કાયમ બાહેર અને અંદર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું. સંતમાં ભગવાનની મૂર્તિ સાથે હળીમળીને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, આત્મા વગેરેને સક્રિય એવા આનંદિત કરી રાખવા અને દિવ્યતા માનવી તો તેને માયામાત્ર ટળી જાય છે. પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તનારાને દિવ્ય સમજણવાળો જાણવો.

ભક્ત એવા આપણે ભગવાનની ભક્તિ અને સંતની સેવાના વારસદાર છીએ તો ભક્તિ અને સેવાવડે કરીને ભગવાન તથા સંતને રાજી કરી લેવા અને મોક્ષ મેળવવો તથા બીજાને પણ ભક્તિ અને સેવાનો વારસો આપવો તેથી તેનું પણ કલ્યાણ થાય. યુગ પ્રમાણે બધુંય ફરી જાય પણ ભગવાનની સ્મરણભક્તિ અને સત્પુરુષની સેવા એ નહીં ફરે કારણકે છેવટે તે બેમાંથી બધુ મળશે અને જીવોને બધુયં જોઈએ છીએ, તેથી તે બે સાધન તો કોઈનાં મટાડ્યા નહીં મટે, પણ વધારે વધશે અને જાજે દાખડે જે સિદ્ધ થવાનું હશે તે થોડે દાખડે તે બે વડે સિદ્ધ થશે, અત્યારે પણ તે બે વડે જાજામાં જાજું સાધી લેવું, જાજામાં જાજું આંહી જ અક્ષરધામનું સુખ અને દેહ મળ્યા પછી તો અસંખ્યગણું સુખ તોતે બેથી જ છે, ભૂલ્યેચૂક્યે પણ જે તે બે સાધનને વળગશે તેને અલૌકિક સુખ પરાણે આવશે.

બધુંય ઘરકુટુંબ ભગવાન અને સંતના સેવાભક્તિના વાતાવરણવાળું અને દિવ્ય સેવાવાળું હોય તો તેને અક્ષરધામ ઘરમાં જ છે અને સંત તથા મુક્તો ભગવાન સાથે તેને ત્યાં કાયમ વસે છે, તેનું કુટુંબ બધુંય મુક્ત જ છે, જેની સર્વે ક્રિયા ભગવાન અને સંતોને રાજી કરવા માટે જ છે, માટે તે બધુંય ભગવાનનું સર્વસ્વ કુટુંબ છે.

જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા તેની મૂર્તિ સામું અંતરમાં કે બાહેર જોઈ રહેવું એ અંતર્દષ્ટિ છે, તે વિના તો ગોલોકાદિ ભગવાનના ધામ સુધી દેખાય તો પણ તે અંતર્દષ્ટિ નહિં, ભગવાન અને સંતના જ સંબંધવાળા સુખમાં જ સાવધાન થઈને વર્તે છે, તે જ તે ભક્તને જીવન છે અને તે જીવન તે તેની જાગ્રત અવસ્થા છે, તે વિનાની બીજી બધી અવસ્થાઓ તો તામસ ભરેલી અંધારિયાવાળી જાણવી અને માયાવાળી જાણવી, પૂર્વે જેણેજેણે પોતાના માયિક દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પદાર્થો વડે કરીને ભગવાનને સેવ્યા છે તથા દિવ્યદર્શન કર્યા છે તેણે તેણે ભગવાનના સંબંધ વડે કરીને દેહ ઈન્દ્રિયો અંતઃકરણને દિવ્ય બનાવેલાં છે અને પછી તેણે કરીને સેવ્યા છે.

✣ ઉપદેશ-૧૦ ✣

જો પોતાને ભગવાન ન મળે તો સંતની સેવા કરીને દિવ્ય થઈને સંતની કૃપા દ્વારા ભગવાનને મેળવીને પણ સેવવા, આવો શુદ્ધ શ્રદ્ધાવાળો જે થાય તેને કોઈને કોઈ અજાણ્યા સ્વરૂપમાં ભગવાન મળી જાય છે, દિવ્ય બનાવી દે છે. પછી દિવ્ય દેહ, ઈન્દ્રીયો, અંતઃકરણ વડે જાણવામાં આવે છે જે મને ભગવાન તો મળી ગયા પણ ત્યારે મને મહિમા ન સમજાણો અને ખબર ન પડી પણ હવે તો મને ભગવાન મળ્યાનું જરૂર ની થયું, આમ તેના સાક્ષી એવા જ ભગવાન તે તેને સુઝાડે છે, આવું સુઝે ત્યારે ફરીથી ભગવાનને પ્રત્યક્ષ મળવાની તાણ થાય છે અને ભગવાન તો અલમસ્ત સ્વતંત્ર છે, તે ધારે તો આવે અને ન ધારે તો ન આવે, પણ જો ભક્તની શ્રદ્ધા વધતી જાશે અને ભગવાન વિના ઝૂરવા લાગ્યો, તો જરૂર પાછા ફરીથી આવશે તેને આવવાને માટે આપણે વળગી રહેવું જોઈએ, હારી જાય કે નિરાશ થાય તો ધાર્યું ફરીથી ન ઉતરે કૃપાથી જે આવ્યા તે હવે તો ભક્તના ભાવથી આવવાના થયા છે, તે ભાવ ટકે તો આવે એમ કરતાં ન જ આવે તો અંતે પણ આવીને ધામમાં ભેગાને ભેગા રાખશે, છૂટા નહીં રાખે, આંહી જે ભક્ત જેવા હશે તેવા ભાવે તેવાને તેવા જ ધામમાં લઈને સુખ કરશે.

એવા શ્રીહરિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રત્યક્ષ સ્વામિનારાયણ કૃપા કરીને જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીમાં આવીને સર્વેને પ્રત્યક્ષ દર્શન આપે છે ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને સેવે છે અને મહિમા સમજે છે તેના દેહ,

ઇન્દ્રિયો, અંતઃકરણપૂર્વક કુટુંબ વગેરે પુરુષોત્તમ સ્વરૂપ થઈ જાય છે. પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય પ્રત્યક્ષ ભગવાન અને કાં તેના સંત વતે થાય છે અને દિવ્યદર્શન પણ પ્રત્યક્ષ વતે જ થાય છે, પ્રત્યક્ષ ભગવાન મળે ત્યારે જ તેમાં સર્વરીતે ગરકાવ થઈ જવાય છે, પ્રત્યક્ષ ભગવાનમાં તેની મેળે જીવપ્રાણીમાત્ર તણાય તે તેનું પ્રગટપણું છે, તેમનું ક્યારે દર્શન કરું, ક્યારે સેવન કરું, ક્યારે મળું, ક્યારે તેની અલૌકિક દયા મેળવું, ક્યારે તેની આરતી ઉતારું, ક્યારે તેને હૃદયમાં લઉં, ક્યારે તે મને મળે, એવા આકર્ષણ જેને થાય તેને વિના મળ્યે, વિના ભેટ્યે ભગવાન મળી ચૂક્યા છે, કારણકે તેને ભગવાન વિના ક્ષણ પણ ચાલતું નથી, માટે તેની ભેળા જ ભગવાન છે, તેણે તેનાં દેહ, ઇન્દ્રિયો અંતઃકરણમાં અને ચૈતન્યમાં તથા જીવમાં ઓતપ્રોત તરીકે ભગવાનનો વસવાટ કરી લીધો જ છે, કેવળ બાહેરથી પોતા જેવા થઈને મળવાની આશા છે તે જરૂર પૂરી કરશે, ભગવાન અને મોટા સાધુનો ગુણ લેવા માંડે ત્યારથી આ જીવાત્મા બળને પામવા માડે છે અને સેવાભક્તિનું અંગ વૃદ્ધિ પામવા માંડે છે. સંત પોતાના કેફમાં કે ભગવાનના કેફમાં ગમે તે સ્થિતિમાં વર્તતા હોય તેને દિવ્ય તરીકે ગ્રહણ કરીને એકાંતિક થવા શીખવું.

✣ ઉપદેશ-૧૧ ✣

શંકરજી ભગવાનના મોટા ભક્ત અને ભગવાન જેવા નિર્ગુણ બ્રહ્મ છે તો તેના ચમત્કારો શાસ્ત્રો વર્ણવે છે અને તેના ગુણો વગેરે પણ દિવ્ય નિર્ગુણ થકા સમગ્ર જગતમાં પુજાય છે અને તેનું મોક્ષ રૂપી ફળ ભક્તને આપે છે. માટે ભગવાનના સંબંધે રહીને માયિક બધુંય અમાયિક થઈ જાય છે. ભગવાનના સંબંધવાળા સંત પણ દિવ્યનિર્ગુણ છે તેથી તેના સંબંધે કરીને પણ માયિક વસ્તુ તે અમાયિક થઈ જાય છે અને પાવન થઈ જાય છે અને ધામમાં રહેવાને યોગ્ય થઈ જાય છે આવી સમજણ રાખવી. જેવો આ જીવને પોતાના સંબંધીને વિષે દઢ પ્રસંગ છે, તેવોને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો આ જીવને ભાગવતધર્મનું પોષણ થાય છે અને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે, કોઈ મોટા ભગવાનના ભક્તોનો દ્રોહ થઈ ગયો હોય તો આ જીવને નડે છે તેણે કરીને એની બુદ્ધિ મલિન રહે છે, તે જો મોટા પુરુષની સેવામાં ખબરદાર થઈને રહે તો એના પાપ બળીને ભસ્મ થઈ જાય છે અને પવિત્ર થઈ જાય છે.

પોતાને અસંગી માનનારો જ્ઞાની બ્રહ્મસ્વરૂપે વર્તે છે તથા ભગવાનના નિશ્ચયવાળો તથા ભગવાન વિના બીજી કામના રહિત છે અને એ ભક્તના હૃદયને વિષે પ્રકટ પ્રમાણ એવા જે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તે પ્રસન્ન થઈને જ કાયમ નિવાસ કરીને રહે છે. ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને નમસ્કાર આદિ કરે તથા તેમની

સેવાચાકરી કરે તો તમામ દુર્ગણ ટળીજાય છે અને પ્રેમલક્ષણા ભક્તિયે કરીને ભગવાન તથા સંત તેને વશ થઈ જાય છે. સંતને ગમે તેટલી પૂજાપ્રતિષ્ઠા થતી હોય પણ બાળકની પેઠે માનરહિત વર્તે એવા સંત તે ભગવાન જેવા છે, એમ જાણીને સેવવા.

ભગવાનની ઉપાસનાના બળે કરીને સિદ્ધ થવાય, સર્વજ્ઞ થવાય, દેવતા થવાય અન્ય પ્રકારની મોટાઈ પમાય અને પરમપદ પણ પમાય છે. ઈષ્ટદેવના બળ વિના કોઈ સાધન સિદ્ધ થતાં નથી, ગોપીયું ના જેવી પ્રેમલક્ષણા ભક્તિવાળાને તો સર્વે સાધન સંપૂર્ણ થઈ રહ્યાં છે. બીજા સાધનના બળને ત્યજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું. ગમે તેવો પાપી હોય તે અંત સમયમાં જો 'સ્વામિનારાયણ' નામનું ઉચ્ચારણ કરશે તો સર્વ પાપ છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરશે આવું માહાત્મ્ય સમજવું, હેત તો જેમ દેહના સંબંધી સંગાથે છે તેવું ભગવાનને વિષે હેત કરવું, મહાત્મ્યપૂર્વક હેત તો બીજી જ રીતનું છે, તે તો હેતનો સાગર ઉછળે તેવું છે, જેવું ભાઈ વગેરેમાં મનુષ્યને હેત છે તેવું જો ભગવાન અને સંતમાં હોય તો ભૂંડા સ્વભાવ તત્કાળ ટળી જાય.

અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય, તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે, રાંક હોય તો રાજા થાય, ભૂંડા પારબ્ધ હોય તો રુડા થાય, તેને માથે ગમે તેવું વિઘ્ન આવનારું હોય તે મટી જાય, તેવા મોટા સંતને રાજી કરવા નિષ્ટકપટપણે વર્તવું, સર્વ દોષ તજે સંતનો ગુલામ થઈને રહે, નિર્માની થઈને રહે, દેહ કરીને નમતો રહે, સેવા કરે તો મોટા સંત રાજી થાય છે, રાજી કરવાની અનુવૃત્તિ આવડવી જોઈએ, અલ્પસેવાથી પણ રાજી થઈ જાય છે.

મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય અને અતિ મોટા પુરુષને નિષ્કામી, નિર્લોભી, નિક્રોધી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજનારો પોતે પણ સર્વ વિકારથી રહિત થઈ જાય છે અને જો તે પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહેવા માંડે તથા દાસાનુદાસ થઈને રહેવા માંડે તો તેના સર્વે વિકાર ટળી જાય છે અને તમામ શુભ ગુણ વૃદ્ધિ પામે છે.

✣ ઉપદેશ-૧૨ ✣

જેને પ્રત્યક્ષ મળ્યા એવા ભગવાનમાં દૃઢ ભગવાનપણાનો નિશ્ચય હોય, તથા આ ભગવાન સર્વે ધામોના પતિ છે તથા સર્વેના કર્તા હર્તા છે અને સર્વેના અંતર્યામી છે, એમ અસાધારણ સમજણ હોય તેને અસાધારણ પ્રીતિનું બળ વર્તે અને તે બળ ઓળખાય છે, તે પણ તેવા અતિ સમર્થ સત્પુરુષને સંગે કરીને બળ ઓળખીને તેવું થવાય છે માટે એવા એકાન્તિક થાવું, તેવા એકાંતિક ભાગવત ધર્મવાળા દિવ્ય સંતને યોગે કરીને એકાન્તિક

દિવ્ય થવાય છે, માટે તેવા સંતને સેવતા જ રહેવા તેવા સંતને સાથે રાખીને ભગવાનનો દૃઢ આશરો રાખનારને અંત સમયમાં ધામ સુધી પહોંચાડવામાં કોઈ વિઘ્ન આવતું નથી, તેને સિદ્ધિઓ નડતી નથી અને ભગવાન પોતે સાથે ચાલે છે, તેની ભક્તિરૂપી દોરીએ કરીને ભગવાન બંધાય છે. તે ભગવાન અને ભક્ત પરસ્પર એકબીજાને ભજે છે, માટે ભક્તજને ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને ભગવાનના દાસ થઈને રહેવું. એવા ભક્તના પ્રેમદોરાથી બંધાએલા ભગવાન છૂટવા સમર્થ થતા નથી. ભગવાન પોતાની કસણીમાં ભક્તને વધારે વધારે રાખતા જાય તેમ તેમ ભક્ત વધારે વધારે ભક્તિમાં ગરકાવ થાતો જાય છે, તેને ભગવાન અતિવશ થઈ જાય છે અને ધામમાં પોતાની સેવામાં રાખે છે, માટે આંહી સેવા કરીને ધામમાં રહેવા જવા તૈયાર થાવું.

ભગવાનના નિશ્ચયવાળા હેતાળ સંતમાં ભગવાન પોતે વસે છે, તેથી ભગવાનના તમામ ગુણ, ઐશ્વર્ય, ચમત્કારો, દિવ્યતા, સિદ્ધિઓ, ભગવાનપણું પણ તે સંતમાં અવતરે છે, માટે સર્વ રીતે ભગવાનના સંબંધવાળા સંતમાં ભગવાનના તમામ ગુણ આવે છે, પછી ભગવાનની સમાન સર્વ પ્રકારે નિર્બન્ધ થઈને ચાહે તે કરવા સમર્થ થાય છે, તેનો ભક્ત પણ તે પ્રમાણે જ અતિસમર્થ થાય છે, તેવા ભક્ત થવા માટે દાદાખાચર જીવુબા, લાડુબા જેવા ભક્ત થાવું, પર્વતભાઈ જેવા ભક્ત થાવું, આત્મનિવેદી સર્વનિવેદી ભક્ત થાવું,

ભગવાન અને સંતમાં જેને અવગુણ આવવા માંડ્યો તથા ભૂંડા ઘાટ થવા લાગ્યા તેને તેથી મોટી કાંઈ બીજી પડતી દશા નથી, તેના અભ્યુદયના દ્વાર બંધ થઈ ગયા જાણવા, માટે તેવા ન થવું પણ મારે તો આ પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ ભગવાન મળવાથી સર્વે પ્રાપ્તિ થઈ રહી છે તથા આંહી જ અક્ષરધામ છે, આંહી જ આ સંત સર્વે મહામુક્તો વિરાજે છે અને આંહી જ આ સર્વે મારું મુક્ત કુટુંબ વિરાજે છે, મારે ત્યાં ધામ ભગવાન અને મુક્ત કુટુંબ છે અને હું મારા કુટુંબ સહિત તેમાં વસું છું, મારે કાંઈ કરવું બાકી નથી એવા આનંદવાળાને છતે દેહે સર્વ પુરુષાર્થની સિદ્ધિ થઈ ચૂકી જાણવી. એવા મોટા એ ભગવાન પોતાનું સામર્થ્ય, ઐશ્વર્ય, સમાવીને આપણા જેવા થઈને આપણી ભેગા આપણી રીતે વર્તે છે, એવી સમજણ જેને થઈ તેને કાળ, કર્મ, માયા કોઈ બંધન કરવા સમર્થ નથી, આવી રીતે તાત્ત્વિકપણે ભગવાનને સમજવા શીખવું,

✣ ઉપદેશ-૧૩ ✣

આ દેહધારી મચ્છર, મક્ષિકા, માંકડ, ચાંચડ, જૂ, ટોલા વગેરેને ખસેડવા દાખડો કરે છે, તેટલો દાખડો જો વ્યસન અને દોષ તજવાનો કરે તો શુદ્ધ થતાં વાર ન લાગે તથા ઉદરપોષણ વાસ્તે જેટલું ભણતર કળાઓ વગેરે શીખે છે, તેટલું જ જો મોક્ષ માટે શીખે તો

આ ને આ જન્મે મોક્ષમાં જાય અને લોકના તિરસ્કાર તથા ભીડા જેટલા સહે છે તેટલો જ સાધુનો ભીડો સહન કરે તો સંત જેવો થઈને પરમપદને પામે. આ જીવ કર્મવશ થઈને દરિદ્રતાના કષ્ટને ભોગવે છે પણ જો ભગવાનને રાજી કરવા ત્યાગવૃત્તિથી વ્રતનિયમના સહજ કષ્ટને સહે તો ભગવાનના રાજીપાથી પરમપદનો અધિકારી થઈ જાય. વળી વિવાહ વગેરેમાં જેટલો ઉત્સાહ ધરાવે છે, તેટલો જો ભગવાન અને સંતની સેવામાં ઉત્સાહ રાખે તો દિવ્ય ભાવ પ્રગટ થઈ જાય અને મહાસુખમાં વરતે.

વેપારી વેપાર માટે દુકાનમાં દિનરાત ઘરાકની જેટલી વાટ જુએ છે, તેટલી વાટ ભગવાનની જુએ તો જરૂર ને જરૂર કોઈક દિવસે ભગવાન આવે. યંત્રોના વાહનોવાળાઓ કમાણી માટે ટાઢય, તડકો, વરસાદ, ભૂખ, તરસ, ન ગણીને દિવસરાત દોડધામ કર્યા કરે છે તેથી અડધી પણ દોડધામ જો ભગવાન ખોળવા કરે તો સામે ચાલીને ભગવાન જરૂર આવે. પોતાના ગભરુ બાળકને સાચવવા માતા જેટલી જતન રાખે છે, તેટલી ઘરમાં પધરાવેલા ભગવાનની જતન રાખે તો મૂર્તિમાંથી પ્રગટ થઈને ભગવાન તેની સંભાળ જરૂરને જરૂર લ્યે.

આ જીવને જ્યાંથી પોતાનું મન ખડી જાય ત્યાંથી પાછો વળી જાય છે, સંસારમાંથી મન ખેડવવું અને ભગવાનમાં તથા સંતમાં મન લગાડવું, ખડવા ન દેવું, લોઢાનોગોળો તપાવ્યે જ અગ્નિ સાથે એકમેક થઈ જાય છે, આ દેહધારી સંતમાં જો એકમેક થઈ જાય તો સંતપણુ આવી જાય અને સંતપણુ આવ્યા પછી ભગવાનને રંગે રંગાઈ જાય તો તેને ભગવાન પોતાના જ ભેગો ભેળવી લ્યે, છૂટોછવાયો ન રખડવા દે, પોતાનો બધો કારભાર ભગવાન તેવા સેવકને સોંપી દે છે, સિદ્ધિઓ આપવાનું સંપત્તિ આપવાનું તથા મોક્ષ આપવાનું પણ સોંપી દે છે. રાજા પોતાના વિશ્વાસપાત્રને ખજાનચી, સેનાપતિ, પ્રધાન અને દિવાન બનાવે છે તેમ ભગવાન પોતાના વિશ્વાસપાત્રને દિવ્ય સમ્પતિઆનો ખજાનચી તથા મુક્તભક્તોનો સેનાપતિ તથા પોતાના કામકાજમાં પ્રધાન તથા માયિક અને અમાયિક રાજ્યો ચલાવવામાં દિવાન કરી દે છે. ભગવાનના સંબંધવાળાએ ભગવાનને તમામ ગુણ એશ્વર્યો આવ્યા પછી પણ કોબીમૂળાના શાકની પેઠે પોતાની વાસ્ય ન રાખી મેલવી.

ભક્તજને પોતાના સંતના અને ભગવાનના દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ સ્વભાવ વગેરેને સરખા ન ગણાય, શાસ્ત્ર દ્વારા ભગવાનના સર્વ પ્રકાર દિવ્ય કલ્યાણકારી સમજીયે. પછી સંતના પણ દિવ્ય કલ્યાણકારી સમજવા અને તેવાને સેવીને પોતાના પણ દિવ્ય કલ્યાણકારી કરી મૂકવા. ભગવાનના પરિપક્વ નિશ્ચયવાળાને કોઈક દિવસ પ્રારબ્ધને યોગે કરીને કાંઈક વર્તવામાં ફેર પડી જાય તો પણ તેનું અકલ્યાણ ન થાય.

✣ ઉપદેશ-૧૪ ✣

અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન જીવના કલ્યાણને અર્થે કૃપાએ કરીને પૃથ્વીને વિષે મનુષ્ય જેવા જણાય છે, તેને જ સદા દિવ્ય મૂર્તિમાન જાણીને ઉપાસના ભક્તિ કરે છે તે તો એ ભગવાનના સાધર્મ્યપણાને પામે છે અને અનંત ઐશ્વર્યને પામે છે અને બ્રહ્મરૂપ મુક્તપણે વર્તતો થકો શ્રીપુરુષોત્તમ નારાયણની સેવામાં વર્તે છે, પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિને પ્રતાપે તથા યોગે કરીને માયિક પદાર્થમાત્ર અમાયિક પ્રત્યક્ષ દિવ્ય થઈ જાય છે, ભગવાનના યોગમાં પોતાના તમામ પદાર્થોને મેલીને દિવ્ય અક્ષરધામનાં બનાવી લેવાં જેમાંથી લૌકિકપણું અને માયા ટળી જાય.

મોટા સત્પુરુષમાં દિવ્ય દેવતાબુદ્ધિ કરીને તેના કહ્યા પ્રમાણે વર્તવા માંડે તો તે સંતના તમામ ગુણ તેવા મુમુક્ષુ સેવકમાં આવે છે, સત્પુરુષની એકેય ક્રિયા જેને નથી ગમતી તેવા જીવને સદ્‌ગુણો આવતા નથી તેથી મોટી ખોટમાં પડેલો જાણવો, પરમેશ્વર અને મોટા સમર્થ સત્પુરુષ જ્યાં ઇચ્છા થાય ત્યાં પ્રવેશ કરે છે અને દર્શન દે છે, તથા સેવા અંગીકાર કરે છે, માટે મહામુક્ત એવા દિવ્યસંત પોતાની મૂર્તિમાં પણ પ્રેમી ભક્તના પ્રેમને અનુસારે હાજર વર્તે છે, માટે પ્રત્યક્ષ ભગવાન અને ચમત્કારી સંતની મૂર્તિને સર્વપ્રકારે અદબમર્યાદાથી સેવવી, ભગવાન સાથે સેવક તરીકે તે મૂર્તિમાં રહીને તેઓ બધુંય જુએ છે, જમે છે, પોઢે છે, જાગે છે જળ પીયે છે, હારતોરાના સુગંધ લ્યે છે, ઉત્સવ સમૈયાને દેખે છે તથા કરેલી સેવાને સ્વીકારે છે, માટે પતિવ્રતા સાધ્વી જેમ પતિની સેવા કરે છે તેમ ભક્તજને પતિવ્રતા ભક્તિથી પ્રત્યક્ષ ભગવાનને સેવી લેવા અને ચમત્કારી સંતને પણ દાસની પેઠે સેવી લેવા.

જે ભગવાન અને મોટા સત્પુરુષ દિવ્ય દર્શન આપે છે, જાગ્રત તથા સ્વપ્નમાં તમામ સેવા સ્વીકારે છે, તથા જાગ્રત અને સ્વપ્નમાં તમામ મનોરથો પૂરે છે, તથા આજ્ઞા ઉપદેશ આપે છે, તથા જમે રમે છે, તે ભગવાન અને સંતપુરુષ જરૂર પ્રત્યક્ષની માફક જ તેની છાપની ચિત્રામણીની કે એવી આઠ પ્રકારની મૂર્તિઓમાં વસે જ છે, માટે સમજણમાં અને સેવામાં કાંઈ કસર ન રાખવી, દેહ ઇન્દ્રિયો અંતઃકરણને ભગવાનસ્વરૂપ કરી દેવા અને મુક્તિ સ્થિતિ વર્તાવવા અને ભગવાન તથા મોટા પુરુષની સેવામાં જોડી દેવાં, આવા સંત સ્વરૂપ જ થઈ જવું તે ઘણું દુર્લભ છે, પણ ખરા ખબરદારને માટે સુલભ છે માટે સુલભ કરતાં શીખવું.

✣ ઉપદેશ-૧૫ ✣

આ લોકમાં જે કુસંગીના શબ્દો મા બાપ વગેરે છે, તેને ભગવાન અને સંતમાં વાપરીને દિવ્ય અક્ષરધામના પરાવાણી રૂપ કરી નાંખવા અને વિજયી થવું. અંતરમાં વસેલા સંત અને બાહેરના સંતોને એક કરીને પોતે સંત થઈને સંતના મંડળમાં વસવુ, પોતાના કુટુંબને સંતસ્વરૂપ બનાવી દેવા અને બળિયા થાવું, આવા ભક્તની સહાયમાં ભગવાન તથા સંત રહે છે, તેવા થઈને બેફિકર રહેવું, કોઈ ચિંતા ન રાખવી. ભગવાનને એમને એમ અધિક ભજયા કરવા અને સંતનો સમાગમ અધિક અધિક રાખ્યા કરવો અને એવો દિવ્ય સત્સંગ તે પોતાના પરમમોક્ષને માટે કરતો જ રહેવો. લૌકિક ઈચ્છાઓને પડતી મેલીને અલૌકિક કરીને સંતોમાં ભળીને સેવી લેવા, પણ માયિકભાવ અને તૃષ્ણા તે ન કરવા, આવો સત્સંગ તે જે તે જીવાત્માના પરમ કલ્યાણને અર્થે જ કરવો.

ભગવાનનું, સંતનું અને સત્સંગનું ખંડન તે મોટો અપરાધ છે, તે ન કરવો. ભગવાન તથા મુક્ત સંત કૃપાયે કરીને જીવોને કલ્યાણને અર્થે પૃથ્વીમાં પ્રગટ થાય છે ત્યારે જે જે તત્ત્વોને અંગીકાર કરે છે તથા ક્રિયાઓ કરે છે, તે સર્વે બ્રહ્મસ્વરૂપ છે, તેના યોગમાં આવેલા કુટુંબ પરિવાર અને તેના તત્ત્વો પણ બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે, તે મોક્ષ આપનારાં થાય છે.

ભગવાન જે ઘરમાં વસે છે, તે ગાર્ય માટીનાં ઘર તે પણ અક્ષરધામ સ્વરૂપ થાય છે તથા પરિવાર, સેવક, ગાય, ભેંસ, વૃક્ષો, સામગ્રીઓ, અન્ન, વસ્ત્રો, વાહન વગેરે જે જે પ્રત્યક્ષ ભગવાન અને મુક્ત સંત પુરુષને માટે સેવામાં ઉપયોગી થાય છે, તે તે દિવ્ય સ્વરૂપ થાય છે અને ધામમાં પણ તે દિવ્ય સ્વરૂપ થઈને વસે છે અને ભગવાન તેવા સેવકમંડળને પોતા ભેળા ભેળવે છે, માટે પ્રગટ પ્રમાણ ભગવાનના સેવક તે પૃથ્વી પર અક્ષરધામ સહિત શ્રીહરિમાં જ વસેલા છે એમ સમજવું આવી સમજણવાળા બળિયા ભક્તનું કાળ, કર્મ, માયા ભુંડું કરી શકતા નથી અને એવા ભગવાન તથા સંતમાં આવી સમજણ નિષ્ઠાના ફેરફારવાળા હશે તો તેવાનું ભગવાન રુડું કરવાનું ઈચ્છે તોય પણ રુડું થતું નથી.

ભગવાન જીવના કલ્યાણ માટે પ્રત્યક્ષ મનુષ્ય સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે મનુષ્યના જેવી જ સર્વ ક્રિયા કરે છે, તેને દેખીને ભગવાનનો ભક્ત હોય તો તે દિવ્ય લીલાચરિત્ર જાણે છે અને ગાય છે, માટે વિલાસ, રમુજ, ભોજન, ખેલ, લીલા વગેરે સર્વે મનુષ્યના જેવા જ ચરિત્ર ભગવાન કરે છે. હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, ઈર્ષ્યા, અહંમમત્વ, પરિગ્રહ, ચેષ્ટા વગેરે માયિક જેવાં જ ભગવાન પોતામાં દેખાડે છે તો જીવના કલ્યાણને અર્થે છે, તેને ભક્તજન દિવ્ય લીલાચરિત્ર

તરીકે ગાઈને પરમપદને પામે છે, જીવને સેવા કરવાનો યોગ આવે તે માટે મનુષ્ય જેવડા તેના જેવાં જ થાય છે, તે માટે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ સ્વરૂપે જેવા જેવા ચરિત્ર કરે છે તો તે સર્વે ગાન કરવા યોગ્ય છે, પણ એમ ન સમજવું જે'ભગવાન થઈને આમ શું કરતા હશે ? માટે પ્રત્યક્ષ ભગવાનના સર્વે ચરિત્રમાં કલ્યાણકારીપણું જ સમજવું.

✣ ઉપદેશ-૧૬ ✣

ભગવાન તો રાજાસ્વરૂપે, વિપ્રસ્વરૂપે, સાધુસ્વરૂપે વ્યાસ સ્વરૂપે હોય, જે તેઓના ચિન્હોથી શાસ્ત્રે વર્ણવ્યા હોય છે, તે વડે નિશ્ચય કરીને પ્રગટ પ્રમાણ મનુષ્યરૂપ ભગવાનમાં દિવ્યપણું જ સમજવું અને સંશય ન કરવો જે ''ભગવાન થઈને આવા મોટા થઈને આમ કેમ કરતા હશે'' કારણકે પોતે પ્રગટ પ્રમાણ અનાદિ શ્રીહરિકૃષ્ણ પરબ્રહ્મ ભગવાન સંતરૂપે વ્યાસરૂપે સંતના મધ્યે જન્મ લઈને પૂર્ણ ઉપાસના પ્રવર્તાવવા માટે વિચરતા હોય છે, તેના શરણાગતોની ઓળખાણ વાળાઓની પણ મનોકામના પૂર્ણ કરતા તે તે સેવા સ્વીકારે છે, માટે ભક્તજને દિવ્યપણું સમજવું.

ભગવાન અને સંત જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય છે તેની જો એ જીવને ઓળખાણ થાય તો પરમ પદ ને પામી જાય, માટે અંધારામાં ન રહેવું, ઓળખી લેવા, તેની ઓળખાણ અને દર્શન જે દિવસથી થવા લાગે તે દિવસથી મારું કલ્યાણ થઈ ચૂક્યું છે, જે જીવ મારું દર્શન કરે કે વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો હું કૃતાર્થ થયો છું, એમ સમજવું અને પોતે સમાધિમાં જાતો હોય તો પણ પ્રત્યક્ષ ભગવાન અને તેના સંતને પોતાથી અધિક માનવા, સેવવા અને રાજી કરવા, તે સંત સ્વરૂપમાં મારા પ્રત્યક્ષ ભગવાન જ વર્તે છે, એમ સમજવું. સેવવામાં નડતી લોકલાજ, આબરૂ, મોટાઈને માયાજાણીને ખસેડી મેલવી.

અતિ મોટા પુરુષની ક્રિયાઓ કળ્યામાં આવે નહિં તો પ્રત્યક્ષ ભગવાનની ક્રિયાઓ તો ક્યાંથી કળ્યામાં આવે ? પણ બુદ્ધિમાન હોય તો આ ભગવાન જ છે એમ પ્રસંગે જાણી જાય, તેનાં જે અખૂટ બળ સામર્થ્ય તે ભગવાન સિવાય બીજામાં હોય નહિં, તેવા ભગવાનને ઓળખીને સેવનાર તરી જાય છે, તેવા મોટા પુરુષમાં પણ જો નિર્દોષ બુદ્ધિ રાખે છે તો તે સર્વ દોષ થકી રહિત થઈ જાય છે અને દિવ્યપણાને પામી જાય છે, કારણકે તેને પ્રત્યક્ષ મૂર્તિમાં અતિ દિવ્ય દૃઢ નિશ્ચય થયો અને લેશમાત્ર અન્તરાય રહ્યો નહીં તેથી તેમાં કોઈ વાતની કસર રહે નહીં, આપણે તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દાસ છીએ, તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું અને આ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ચરણારવિંદ વિના બીજે ક્યાંઈ પ્રીતિ રાખવી નહિં, એવા આ પ્રગટ પ્રમાણ ભગવાન શ્રીહરિને આધીન રહીને નિરન્તર આનંદમાં રહેવું,

ભગવાનના ભક્તમાં જેને હેત હોય તેનો સંબંધી હોય કે બીજા કોઈ હોય તેનું સર્વેનું કલ્યાણ થાય છે, વળી જેને પ્રત્યક્ષ ભગવાનનો આશરો હોય તેમાં ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે, પ્રત્યક્ષ ભગવાન કે સંતપુરુષનો મન, કર્મ, વચને કરીને સંગ કરનારને ભગવાનના કે સંતના સરખી ચમત્કારી સ્થિતિ પ્રાપ્ત થાય છે. પ્રભુની સર્વ ક્રિયા કલ્યાણને અર્થે છે, તેમ સંતની પણ સર્વ ક્રિયા કલ્યાણને અર્થે છે. તેવા સદ્‌ગુરુ સંત કે ભગવાનને ઓળખે અને તન, મન, ધન ફના કરી દે તેવા ભક્ત તે ધામમાં જ છે, એમ જાણવું ભગવાન તેની જરૂર રખેવાળ લે છે.

✣ ઉપદેશ-૧૭ ✣

ભગવાનને કે સંતને રાજી કરવા હોય તેણે તે કહે તેમ કરવું પણ પોતાનું ધાર્યું કરાવવું નહિં, ભગવાન ભલે પરાધીન દેખાય પણ તેનો આધીન જ બધુંય છે, તેવા ભગવાનનો કોઈ એમ માનતા હોય જે તે તો નિર્બલ જેવા છે, તો તે કહેનાર નિર્બલ થાય છે. ભગવાન તો બળવાળા જ છે જેણે ભગવાનને ઓળખ્યા નથી અને ભગવાનની મોટાઈ, કીર્તિ, વખાણ સાંભળીને જિંદગીભર દાઝ્યા જ કર્યો છે, તેને તે પાપે કરીને અંતે માલ મિલ્કતમાં તૃષ્ણા વધે છે અને તે પોતાના અભિમાન વડે કરીને અસદ્‌ગતિ કે જે અધોગતિ તેમાં જ જાય છે, આ વાત એમ જ છે.

પ્રત્યક્ષ સંતમંડળના દિલમાંથી જે એવો અભાવ લેનાર તે નીકળી ગયો છે. પછી ભલે તે ભભકો રાખતા હોય અને લોકહિતને દેખાડતા હોય તો પણ તે જીવતો નરકમાં જ છે અને મર્યા પછી પણ નરકમાં જ છે એમ જાણવું, એવા પ્રકારના ઘણા આડંબરી જીવો જગતને ભભકા દેખાડતા રહે છે, તે અસુર સ્વભાવવાળા જ છે, એમાં કાંઈ સંશય નથી, એવા ભભકાવાળાના સમૂહો પણ ભભકાવાળા અને દોષદર્શિઓ તથા દ્વેષીઓ જ હોય છે, તેથી જાણવું જે તે કેવી વાણ્ય મેલે છે અને કેવું ઝેર રેડે છે અને પોતાના સંગીને કેવા અભાવ ઘાલી દે છે, એવા નકલીને પણ ઓળખી રાખવા તેના સંગથી કુદૃષ્ટિ અને ઝેર જ વ્યાપે અને અભાવ તથા અવગુણ લેવાની ટેવ પડી જાય, તેથી શરણે જવાનું અવળું ફળ મળે.

ઉદ્ધરવાનું તો એક કોર રહી જાય, જ્યાં તરવાનું છે, ત્યાં જ ડુબવાનું પકડાવી દીધું અને ફૂલણજી થઈને ડુબવાનું પકડી લીધું, મોટા જોઈને મોહી જવાયું અને ડોળા જોઈને દબાઈ જવાયું અને આસીંગ મેલવાને લાયક થવાયું અને આટાટોપ જોઈને ઘેરાઈ જવાયું અને ડોળમાં સારું મનાઈ જવાયું પછી મારા જેવો કોઈ નહિં, આવા અભ્યાસમાં ઊતરી જવાયું અને આટાટોપીની છાયમાં 'અહો રૂપમ્, અહો ધ્વનિ' લાગી ગયું, તેને ઉગરવાનો ઉપાય જે ક્યાંથી લાવવો ? માટે ભગવાન શુદ્ધ બુદ્ધિ સુઝાડે તે રીતે અંદરના સાક્ષી કહે તે

પ્રમાણે શાસ્ત્ર અને સંત દ્વારા સમજાય તેવું ઉત્તમ સ્વકલ્યાણ કરી લેવું, કલ્યાણદાતા પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષના સંતને સાચવી લેવા.

વિવેકથી વિજય થાય છે, એકરંગા દાસભક્ત થાવું, બહુરંગા વેષ ન કરવા, એકરંગા એટલે જીવન આખું એક જ રંગ, તે પણ ચઢતો ને ચઢતો રંગ, તે રંગ એક સર્વોપરી ઉપાસનાનો, એક સર્વ અવતારોના અવતારીપણાની સમજણનો, એક કાયમ નભી શકે તેવી ભજનસેવા ભક્તિનો, એક નિઃસંશય અનુવૃત્તિ પાળવાનો, એક સર્વ ક્રિયાઓમાં દિવ્ય ભાવનાનો, એક મોક્ષમાં જ છીએ અને ધામમાં જે બેઠા છીએ એવા બળનો, એક પોતાના ગુરુ સંપ્રદાય દિન ચર્યા વગેરેનો આવા સાત રંગ તો ચઢતા ને ચઢતા રાખવા, તેમાં ભજનસેવા ભક્તિ, દિનચર્યા વગેરે તો દરરોજ નિયમથી દસ માળા તો ફેરવવી જ, સ્નાન કરીને પૂજા કરવી જ, દશ દંડવત્, દશ પ્રદક્ષિણાઓ કરવી જ, એક કે બે વચનામૃતો આદિ વાંચવા જ, મંદિરે એક વાર કે બે વાર દર્શને જાવું જ, નામ ધર્માદો, રસોઈ યથાશક્તિ આપવા જ, પ્રત્યક્ષ ગુરુસ્વરૂપ ભગવાનની સેવા તો કરવી જ, પોતાના કુટુંબને આત્મનિવેદી સેવક કરી રાખવું, તેવી સમજણ કથાવાર્તા કર્યા કરવા જ.

✣ ઉપદેશ-૧૮ ✣

કાંઈ ન કરી શકે પણ જો એટલું જ જો સમજતો હોય કે ગુરુસ્વરૂપ હરિને શરણે તરી જવાય તો તેને જરૂરને જરૂર ગુફામાં વસેલા શ્રીહરિ તારે છે, પધરાવેલી મૂર્તિઓમાં રહ્યા થકા તારે છે તો સંત એવા ગુરુસ્વરૂપ મૂર્તિમાં રહ્યા થકા કેમ ન તારે ? જરૂર તારે, જે ભગવાનને શરણે વસ્યા છે તે તરવા માટે જ વસ્યા છે, માટે તે તરતાં તરતાં આશરે આવેલાને જરૂર તારશે, કારણકે ગુરુદેવ સાચા તારનારા મોટા તરૈયા એવા ભગવાનને ગ્રહણ કર્યા છે, પ્રત્યક્ષ ભગવાન પ્રત્યક્ષ ગુરુ તે તારે જ છે, પ્રત્યક્ષ ગુરુ તે સાચા શરણાગતને તારે જ છે આ રીતે એક રંગા રહેવું, તેમાં પણ ભક્તિ, સેવા, ભજન, માળા, દંડવત્ વગેરે વધારતા જાવા, શ્રદ્ધા પ્રમાણે વધારવું પણ પાછા ન પડવું, આવા જે ભક્તો તેઓ સંસારી જીવોના તારનાર થઈ જાય છે અને ભગવાનની સંપત્તિઓ તરીકે સ્વીકારાઈ જાય છે.

આ પ્રત્યક્ષ ભગવાન તે મારા આત્મામાં અખંડ બિરાજમાન છે અને તે મને આ પ્રત્યક્ષ મળ્યા છે, તેમ સમજીને તેમાં સર્વ પ્રકારે સ્નેહ ભક્તિ કરી લેવી. એવી પ્રીતિવાળા અનન્ય ભક્તની ખબર પોતે ભગવાન જ રખાવે છે, ભક્તને બધી ચિંતા મટી જાય છે, એવા ભક્તને સદા ભગવાન નવીનના નવીન જ લાગતા જાય છે અને સ્નેહ પ્રીતિ વધતાં જ જાય છે, માટે એકધારા એ પ્રત્યક્ષ ભગવાનમાં અને તેના સંતમાં વરતવું, આવા ભક્તની ઉપર ભગવાનને નવીનને ને નવીન હેત રહે છે અને ભક્તને પણ ભગવાનમાં નવીન ને

નવીન આકર્ષણવાળું હેત રહે છે. વચન, મન, દેહ, સંપત્તિ કુટુંબ વગેરે એ સહિત પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિમાં વર્તનારાની ઉપર ભગવાનને તથા મોટા સંતને અધિક ને અધિક સ્નેહ વધતો જાય છે. અતિશય શ્રદ્ધા માહાત્મ્યે સહિત પ્રત્યક્ષ ભગવાન તથા પ્રત્યક્ષ સંતને સેવાચાકરી કરનાર ભક્તને જ પરમ ભાગવત્ ભક્ત કહેવાય છે, તે પ્રત્યક્ષ ભગવાન તથા પ્રત્યક્ષ સંતમાં દર્શન, સેવન મનન, નિદિધ્યાસન, નિરન્તર ઉત્સાહ અને હેત કર્યા કરનારને ચાલુ સાક્ષાત્કારના ફળરૂપ દિવ્ય અલૌકિક સાક્ષાત્કાર થાય છે.

પ્રત્યક્ષ ભગવાનના દર્શન, સ્પર્શ, ભજન, સેવા એવા કરવાં કે ભૂલ્યા ભૂલાય નહિં અને તે વિના બીજું ગમે નહિં, તેવી સ્થિતિ થાય ત્યારે જાણવું, જે હવે મારું બ્રહ્મપણું સાચું, કારણ કે પરબ્રહ્મના સંબંધ સિવાય બીજું કાંઈ ગમતું જ નથી, સંતના સમાગમ વડે આવું નૈમિષારણ્ય ક્ષેત્ર થાય ત્યાં જે આવે તેમનું કલ્યાણ થાય છે, જેને પ્રત્યક્ષ ભગવાનમાં તથા સંતમાં અતિશ્રદ્ધા અને દઢ વિશ્વાસ તથા દિવ્ય ભક્તિ હોય તે છતે દેહેજ બ્રહ્મરૂપ થઈ જાય છે, આવા ભક્તમાં અક્ષરધામ અને પરબ્રહ્મ શ્રી હરિ પ્રત્યક્ષ વર્તે છે, આવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું, આવી ભાવનાવાળાને ભગવાન જેવું સ્વતંત્ર સામર્થ્ય તે ભગવાનની કૃપાએ કરીને આવે છે અને એક ઘડી મૃત્યુ આડે હોય તે વખતે પણ, પ્રત્યક્ષ ભગવાનને વિષે અતિશય વૃત્તિ જોડાઈ જાય તો ભગવાનના ધામમાં પહોંચી જાય છે.

✤ ઉપદેશ-૧૯ ✤

પ્રત્યક્ષ ભગવાન અને સંત જે વડે રાજી થાય તેનું નામ ભક્તિ, તેનું નામ ધર્મ, તેનું જ નામ જ્ઞાન તેનું જ નામ વૈરાગ્ય, તેનું જ નામ વ્રત, તપ, નિયમ, યોગ, યજ્ઞ, દાન, પુણ્ય તે બધુંય તેના રાજીપાના સાધનમાં આવી ગયું માટે તેની રુચિ ઓળખીને અનુવૃત્તિ પાળીને રાજી કરી લેવા, તેનો રાજીપો તો અણધાર્યો છે, લાખ વર્ષ તપ કર્યે રાજી ન થાય પણ હેતનો ચીંટોણીયો ગાલે ભર્યે રાજી થઈ જાય, રંગે રમાડોને રાજી થઈ જાય, આંખ્યે કાજળ આંજો અને રાજી થઈ જાય, સુગંધીવાળા ફુલ-હાર પહેરાવો અને રાજી થઈ જાય, ઝીણી એવી સેવા ટેલ્ય, ચાકરીથી રાજી થઈ જાય, રાજી થાય તો વિના સાધને અક્ષરધામમાં લઈ જાય, આપણા દેહના સ્વભાવને તથા ઈન્દ્રિયોનાં વલણને તથા અંતઃકરણના વેગને શ્રીહરિમાં હોમવાં.

સર્વક્રિયા શ્રી હરિમાં હોમવી, જમવું ત્યારે શ્રીહરિના મુખને આપણા મુખ સાથે એક કરીને મહારાજે મુખ ઉઘાડ્યું અને મે તેમાં કોળિયો મેલ્યો અને મહારાજે ગળે ઉતાર્યો એમ કરવું, તે મહારાજને જમાડ્યા કહેવાય, એ રીતે જળ પાવું, એમ પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ

ધારીને પોતામાં તેની ક્રિયા લેવી એવી રીતે ભગવાનનો સંબંધ તે દિવ્ય સંબંધ થઈ ગયો કહેવાય, આમ ભગવાનને ભેગા રાખવા અને લાડ લડાવવા.

પરમેશ્વર ગમે તેવા ચરિત્ર કરે પણ શાસ્ત્રથી બાહેર હોય જ નહિં, આવા નિશ્ચયવાળાનું જરૂર કલ્યાણ થાય છે, આ પ્રત્યક્ષ અને ભગવાન અને તેના સંત એવા સમર્થ છે, જે તે ઈચ્છે તો જડ હોય તે ચેતન થઈ જાય અને ચેતન હોય તે જડ થઈ જાય, માયા પણ ધામરૂપ થઈ જાય અને અશુદ્ધિ તમામ વઈ જાય, ભગવાનનો સંબંધ એવો અલૌકિક છે. આપણે પ્રૌઢા ભક્તિ કરવી, કેવલ ભગવાનના જ ગમતામાં રહેવું, પોતાના સ્વાર્થની કાંઈપણ યુક્તિ આડી રાખવી નહિં, કેવલ ભગવાનને જ રાજી કરવા ઈચ્છવું, ભગવાન રાજી થાય તે રીતે જ પોતે રાજી રહેવું, પોતાની બરાબરીના ભક્ત ઉપર ઈર્ષ્યા, ક્રોધ કરવા જ નહિં, માન વગેરેનો ત્યાગ કરીને ભગવાનની સેવામાં સાવધાન રહેવું. ક્યારેય પણ મન, કર્મ, વચનાદિકનાં આચરણમાં ભગવાન કુરાજી થાય તેવું થવા જ દેવું નહિં, આવી તમામ રીતે ભગવાન વિના બીજું કંઈપણ ગમે જ નહિં આવા ઊંડા મૂળની પ્રીતિ વધારતી જ જાવી.

પોતાના અનન્ય દાસ ભક્તને માટે ભગવાન નિરન્તર પહેરો ભરે છે તે ભગવાન કૃપાયે કરીને ભક્તના માયારૂપી અંતરાય રાખીને ઢૂંકડાને ઢૂંકડા રાખે છે અને સેવામાં રસબસ કરી દે છે. સંતનો સમાગમ કરીને રસબસ થવાની રીત શીખવી તથા સમજણ શીખવી જે મોટા પુરુષ જે જે સ્વભાવ રાખે છે, તે સર્વ જીવના કલ્યાણને અર્થે છે, મોટા પુરુષ તો નિર્દોષ છે, એમ સમજીને રસબસ થવા શીખવું, ગુણાતીત સ્થિતિમાં વર્તવું અને ભગવાનના રસમાં એકતાન ઝબોળાઈ જવું, સર્વ પ્રકારે જીવના હિતને અર્થે પ્રવર્તેલા ભગવાન કૃપા કરીને જેમ પ્રવર્તાવે તેમ પ્રવર્તવું, આડા અવળું બધુંય સવળું જ ગણવું. જેમ પોતાના દેહનેવાળે તેમ તેના થઈને વળવું, જેમ સેવે તેમ સેવાવવું, તો રસબસ થઈને દિવ્ય થવાય છે અને ભગવાનને આકારે થઈ જવાય છે, ત્યારે ભગવાન પોતે રખાવે તે મર્યાદા અને તજાવે તે અમર્યાદા પિતવ્રતાની પેઠે જાણવી.

✣ ઉપદેશ-૨૦ ✣

તપ વડે કાર્તિક સ્વામી તથા ઋભુરાજાની પેઠે શરીરના લોહી સૂકવી નાંખવા કરતાંય ભગવાનને અર્થે વાપરવાં ઉત્તમ છે, ભગવાન માટે વપરાય તેનું નામ દમન જાણવું. ભગવાનને સેવવા તે સધવાપણું અને ભગવાનને પડ્યા મેલવા તે વિધાવાપણું સમજી લેવું, ભગવાન ન ભજાણાં તો નિર્વંશ જાણી લેવું, અક્ષરધામમાં જવાણું તો વંશવિસ્તારવાળાપણું અને અખંડસૌભાગ્યપણું જાણી લેવું.

આ લોકમાં ભગવાનને વિષે અતિશય પ્રીતિવાળા જે ભક્ત તેની ભક્તિને આધીન થઈને તે ભક્તને સુખ દેવા માટે જેવી ભક્તની ઈચ્છા હોય તે પૂર્ણ કરવા ભગવાન તેવા સ્વરૂપને ધારણ કરે છે અને ભક્તના મનોરથ પૂરા કરે છે, ભક્તને લાડ લડાવે છે, પોતાની સામર્થી છીપાડીને પુત્રભાવે, સખા સખી ભાવે, મિત્રભાવે, સગાભાવે વર્તે છે, મર્યાદા આડચ ન કરે તે રીતે ભક્તના મનોરથો પૂરે છે, તે સાથે બીજા અસંખ્યનું પણ કલ્યાણ કર્યે જાય છે, માટે ભગવાન અર્થે સર્વસ્વ વાપરી લેવું, પ્રત્યક્ષ ભગવાને તો પોતાનો દેહ પણ પોતાના ભક્તને અર્થે શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો હોય છે, તો ભક્તે પણ તેમજ કરી રાખવું, તેવા ભક્તનું જ બધુંય ભગવાનને ગમે છે. ભક્ત વિના તો બ્રહ્મા, ઈન્દ્ર, વૈરાજ, ભૂમા પુરુષ, મહાવિષ્ણુ જેવાનું પણ કાંઈ પદાર્થ ભગવાનને ગમતું નથી; આમ સમજવું.

આ પ્રત્યક્ષ ભગવાન માયિક પદાર્થે કરીને વિકાર પામતા નથી એવી જે દૃઢનિષ્ઠા તે તેને આત્યન્તિક કલ્યાણ કહેવાય તેણે કરીને સિદ્ધ દશા પમાય અને જેટલું ભગવાન દેખે તેટલું દેખે તેવો સમર્થ થાય છે, મનુષ્ય જેવા ભગવાન ઈશ્વરો જેવા પણ વર્તે અને કંગાલ જેવા પણ વર્તે આવી સમજણવાળાને કાળ, કર્મ અને માયા બંધન કરવા સમર્થ થતાં નથી, ભગવાનના સંબંધને પામ્યા એવા જ પશુપક્ષી વૃક્ષ, વેલી, સર્વે દેવતુલ્ય દિવ્ય જાણવાં, આપણે તો એક જન્મ બે જન્મ સુધી પણ ભગવાનને જ રાજી કરવા છે, જીવનું કલ્યાણ તો ભગવાનને સર્વ કર્તાહર્તા જાણવામાં જ થઈ જાય છે અને રાધિકાજી તથા લક્ષ્મીજીની પેઠે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિયે કરીને ભજવા, ભગવાનના ગમતામાં જ રહેવું, ભગવાનનું હેત ઊતરવા ન દેવું, તો ભક્ત અને ભગવાનને પરસ્પર એકબીજા વિના રહી શકાય નહીં, તેમ ભગવાનમાં સમાઈ જવું એ જ કરવાનું છે.

✣ ઉપદેશ-૨૧ ✣

આપણે અનાદિ એવા શ્રીકૃષ્ણનારાયણ એવા પરબ્રહ્મ જે આ પ્રત્યક્ષ ભગવાન તેના ઉપાસક છીએ એવા આ પ્રત્યક્ષ ભગવાનને ગમે તેવી શુભ-અશુભ ક્રિયાને કરતાં દેખીને ભ્રમ થાય નહિં અને નિશ્ચય જાય નહિં અને આ ભગવાન પોતે કહે જે હું ભગવાન નથી, તો પણ નિશ્ચય જાય નહિં, ભગવાનપણું શાસ્ત્રીય ચિન્હો, ઐશ્વર્યો, ચમત્કારો, સત્યકામ, સત્યસંકલ્પ, અજિતપણું વગેરેથી નક્કિ જ છે, તે કોઈનું હઠાવ્યું હઠે જ નહિં. આ ભગવાનના જ સંસર્ગવાળા એમ કહે જે ''આ ભગવાન નથી'' તો પણ નિશ્ચયમાં ડગમગાટ ન કરે એવા ભક્તને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયજ્ઞાનવાળો જાણવો, તેને આ ભગવાન જરૂર પોતાના ધામમાં લઈ જાશે.

આ પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ ભગવાન શુભ અશુભ સર્વ ક્રિયાઓને કરતાં થકા આકાશની પેઠે નિર્લેપ છે, એમના ઐશ્વર્યોનો પાર નથી, હાડમાંસમાં દૂધ ઉપજાવવું અનેક સ્વરૂપે દર્શન દેવું, બ્રહ્મ સ્વરૂપ કરી મેલવા, ભક્તની તમામ કામનાઓ પૂર્ણ કરવી, એવા અસંખ્યાત ઐશ્વર્યો છે, અનંત સૃષ્ટિઓના કારણોના કારણ છે અનેક ધામોના ધામના સ્વામી છે, અનંત મુક્તોના પતિ છે, અનંત દેહીના સ્વામી છે, એમ સમજીને તે આ ભગવાનના ભક્તની પણ સેવાચાકરી કરે અને આનંદમાં મગ્ન રહે અને આ પ્રત્યક્ષ ભગવાનના ભક્તને મોક્ષ સિવાય પોતાનું કોઈ કામકાજ કરાવે નહિં તે આવો ભક્ત બીજાને પણ મૃત્યુનાં ભયથી મુક્ત કરે છે, આવા પ્રત્યક્ષ ભગવાનના ખરાવિશ્વાસીને મૃત્યુનો ભય નથી, બ્રહ્મસ્વરૂપપણામાં વર્તતા એવા બાળીયાને મૃત્યુનો ભય નથી તથા પતિવ્રતાના બળવાળાને પતિના રાજીપાના બળથી મૃત્યુનો ભય નથી, મનુષ્ય સ્વરૂપે વર્તતા એવા આ પ્રત્યક્ષ ભગવાનને મૃત્યુના પણ સર્જનારા સમજે છે તેથી ભક્તને મૃત્યુનો ભય ટળી જાય છે.

જેને આ પ્રત્યક્ષ ભગવાન ઓળખાણા તે ભગવાનને અર્થે અને તેના ભક્ત એવા સંતને અર્થે શું શું કરે ? લોકલાજને તજે કુળ, કુટુંબને તજે રાજયસુખને તજે ધનને તજે પરસ્પર સ્ત્રી-પુરુષ પણ એકબીજાને તજી દે છે અને ભગવાન જેમ કહે તેમ કરે તેનો કેફ વર્તે અને ગમે તેવું લોકમાં તેને અવળું આવી પડે તો પણ તેને તે બધું સવળું જ છે એમ ગણે અને તેને માટે અક્ષરધામમાં વાસા તે આંહીથી જ છે, જરૂર બ્રહ્મમહોલમાં પહોંચે.

✤ ઉપદેશ-૨૨ ✤

આ પ્રત્યક્ષ ભગવાન તો સર્વે ગુરુઓના ગુરુદેવ છે અને સર્વે યોગીઓના યોગેશ્વર છે, તે તો એકાંતિક ભક્તને દેખવામાં આવે છે, આવા એકાંતિક સેવકને આ ભગવાન આ આપણા જેવું આવું તે શું કરતા હશે ? એમ કુતર્ક થાય જ નહિં, પણ એમ જ થાય જે મારા જેવા સકામ ભક્તના મનોરથ પૂરવા માટે મને ગમે તેવું જ વર્તે છે તે ઠીક કરે છે, મારે માટે જ આમ વર્તે છે, માટે મારું તો કામ થઈ ગયું, એમ દિવ્ય લીલા સમજે, આવા ભક્ત માયાને તર્યા કહેવાય અને જે ધનદોલતનો લોભી ભક્ત હોય તે ભગવાન પાસે સ્વાર્થ સધાવવા જાય અને ભગવાન તેનો સ્વાર્થ ન સાધે ત્યારે ઝાંખો પડી જાય, તો જાણવું તે ભક્ત નથી, કારણકે તેનો ધાર્યો લાભ આપે તો હેત રાખે અને ન આપે તો વિખૂટો પડી જાય તે તો સ્વાર્થી વ્યાપારી જાણવા તેવા સ્વાર્થી તો જીંદગીભર ભગવાનને પોતાનું ગમતું કરાવે અને લૌકિક લાભમાં જ ભગવાનના દિવસો કઢાવે અને ભાડૂત સાથી જેવા ગણી ભૂતભવિષ્યની બધી ભગવાન પાસેથી જાણવાનો વેપાર કર્યે રાખે અને તેના સ્વાર્થમાં

નવરા જ ન થવા દિયે અને ઓણ વરસાદ કેવો થાશે ? ઓણ શું પાકશે ? ઓણ શું વાવવું ? ઓણ ભાવ કેવાક આવશે ? ઓણ કેમાં લાભ છે ? આવો જ ભગવાનનો ઉપયોગ કર્યા કરે, તેવા તો સાચા ભગવાનના ભક્ત નથી, પણ સ્વાર્થી વ્યાપારી છે એમ સમજવું, જો ભગવાન એવાં કામ કર્યા જ કરે તો જીવપ્રાણી માત્રને પ્રારબ્ધને અનુસાર કર્મફળ ભોગવાં પડે છે તે સાવ ઊડી જાય પછી પોતાના પ્રારબ્ધને તો એકકોર જ મેલી દીધા અને ભગવાન વડે જ મોજ માણવાં માંડ્યા અને છે કેવલ સ્વાર્થી તે કેમ પાર્ય પડે ? ન જ પડે, માટે તેવા વેપારી ભક્ત ન થાવું,

ભગવાનને સ્વતંત્રપણામાં આડખીલી ન કરવી, તેવાને તો ભગવાન પોતે સંભારતા પણ બંધ થઈ જાય છે અને નડતરિયા રૂપે ગણી લ્યે છે અને સાવ પડતો મેલી દે છે. પછી સામુંય જોતા નથી, પછી તે જીવ પોતાના સ્વાર્થીપણાના દોષે કરીને માયામાં ને માયામાં જ રખડે છે, આ વાત પણ સમજવા જેવી છે. ભક્તને ગમે તેવો ભૂંડો દેશકાળ હોય તો પણ ભગવાનને હેરાન કરવા નહિં અને પોતે મુંઝાવું નહિં, ભગવાનને આવડે તેવું કોઈને આવડતું નથી, બારોબાર કામ કઢાવી નાંખવાની કળા વાપરે અને ભક્તની રક્ષા કરી લ્યે માટે આશરો મોટી વાત છે.

✣ ઉપદેશ-૨૩ ✣

શ્રીહરિ કહેતા જે અમે દત્તાત્રેય અવતારમાં સર્વમાંથી ગુણ જ લીધા, કપિલ અવતારમાં આત્મા અનાત્માના વિવેકજ્ઞાનથી વર્ત્યા, શેષનારાયણના અવતારમાં યોગી તરીકે વર્ત્યા, શ્રીકૃષ્ણાવતરામાં વિધિનિષેધને ન ગણીને સર્વે ક્રિયાઓ કરી, બુદ્ધ અવતારમાં ધર્મ કર્મને ન ગણકાર્યા, હંસ અવતારમાં જ્ઞાન જ કર્યું, વામન અવતારમાં કૃપાપૂર્વક છેતરપિંડી પણ કરી, રામાવતરામાં દયાળુ પણ રહ્યા અને રાક્ષસો પણ માર્યા, સનકાદિકસ્વરૂપમાં સાધુતા જ રાખી, પરશુરામાવતારમાં ભયંકર કાપાકાપી કરી, નારદ અવતારમાં ભક્તિ પણ કરી અને ખટપટો પણ કરતા રહ્યા, પૃથુરાજા સ્વરૂપમાં સામ, દામ, ભેદ, દંડ વાપર્યા, વ્યાસાવતારોમાં શાસ્ત્રો જ રચતા આવ્યા છીએ, આચાર્યરૂપે અવતારોમાં સંપ્રદાયો બાંધતા આવ્યા છીએ અને આ વખતે અમારા અવતારીપણાની જ પરબ્રહ્મવિદ્યા વાપરીએ છીએ અને સંતોને અમારા સ્વરૂપે ગાઈએ છીએ અને તમામ શરણાગત જીવોનો સેવા વડે જ સંત દ્વારા ઉદ્ધાર કરીએ છીએ અને અધર્મી જીવનવાળા મોટામાં મોટા અસુરોને પણ શરણમાં લઈને રક્ષા કરીને પણ તેણે કરેલા ઉત્પાતોને શમાવી દઈએ છીએ, તેથી પૃથ્વીના તમામ જીવો અમોને વિશ્વંભર, શરણાગતરક્ષક, કરુણાસાગર ક્ષમા વારિધિ, મોક્ષદાતા, સાધુજન પ્રતિપાલ એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વરૂપે વર્ણવે છે.

અમો તો જેના તરફ દૃષ્ટિ દઈએ તેનો મોક્ષ જ છે, એમ જાણી લેવું, તેના કાળ, કર્મ, માયા, વાસના વગેરે હઠી જાય છે, અમારી એવી કૃપા છે, આ પ્રમાણે પ્રત્યક્ષ ભગવાને કહ્યું છે તે સમજવું અને આ પ્રત્યક્ષ ભગવાનનું સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ રટણ કરવું અને મોટા સંતને પણ સાથે સંભારવા તેથી શાશ્વતી નિરાંત થઈ જાય છે. અમારાં દિવ્ય લીલાચરિત્ર ગાવાં સાંભળવા અને વર્ણવવા, તેથી મોટી શાંતિ મળશે એમ પોતે શ્રીહરિએ કહ્યું છે કે, જે સર્વમાં અંતર્યામી છે, જે ધામોના ધામી છે, જે અવતારી છે, જે આનંદ આપનારા છે તે જ આ પ્રત્યક્ષ ભગવાન છે એમ જાણનારને પૂર્ણજ્ઞાની કહેવાય.

પોતાનું શરીર, ઇન્દ્રિયો, અંતઃકરણ વગેરે બહુ જ ચંચળ હોય તો તેને સદા ભગવાનમાં જોડી દેવાં અને સેવા કર્યા જ કરવી, તેણે કરીને ચંચળતા ટાળવી, મોટા સંતની સેવા કરીને આશીર્વાદ મેળવીને પણ ચંચળતા ટાળવી, દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ જેટલે વેગે દોડતા હોય તેટલે વેગે પડકારીને ભગવાનમાં લગાડતાં જ રહેવા, જેથી ભગવાન પોતે તેના વેગ ટળી જાય ત્યાં સુધી, તેને પોતામાં ખેંચી લેશે, પછી તો ભગવાનનો વિયોગ થાય તો પ્રાણ જાવા જેવું થઈ જાય, ત્યારે ભગવાન તેને પોતાના બળે કરીને જીવાડે છે અને પોતાના સ્વરૂપે બ્રહ્મસ્વરૂપ કરી મેલે છે, પછી ભક્ત બધાને વિઘ્નોથી ઉપરવટ વર્તે છે અને સિદ્ધ એવી દિવ્ય દશાને પામી જાય છે અને પોતાને યોગે કરીને બીજાને પણ સિદ્ધ દિવ્ય દશા પમાડી દે છે.

આ બધુંય સંત વતે પણ થાય છે, તેવા મોટા સંતને પોતાના આત્માને ઠેકાણે સાચવે અને ભગવાનને પોતાના આત્માના આત્મા કરીને રાખે તો પણ તે સિદ્ધ એવી દિવ્ય દશાને પામી જાય છે, આવા ભક્તને માયા પણ મુક્તાણી થઈને મદદ કરે છે માટે પોતાને જે આ પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેને વિષે જ પતિવ્રતાની ટેક રાખવી. ભગવાન મારામાં અને બીજામાં રહ્યા થકા જ સર્વે ક્રિયાના કરનારા છે, છતાં નિર્લેપ છે આવી નિર્વિકલ્પ સમજણ કાયમ રાખવી અને સંતને સેવવા, એવી સેવાવાળો તે અક્ષરધામને જ પામી રહ્યો છે.

✣ ઉપદેશ-૨૪ ✣

ભગવાનને ભૂલીને બીજે માલ મનાય તેને મોહિની નડી એમ જાણવું. ભગવાનને ન ભૂલે તો તેને સર્વમાં શ્રીહરિ પ્રત્યક્ષ ભગવાન અનુકુળ છે એમ જાણવું, એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણને લઈને આપણે બધા આંહી પણ મુક્ત અને મુક્તાણી સ્વરૂપમાં છીએ, એમ દિવ્યભાવમાં વર્તવું અને ભગવાન વિના કાંઈ પણ નથી, એમ સમજી ભગવાનમાં તે તે સ્વરૂપમાં ગરકાવ રહેવું અને આ પ્રત્યક્ષના કથા કીર્તન, લીલાશ્રવણ વગેરે ઉત્સવ સહિત કરવા.

આમ સર્વમાં મને રાખે, દેખે સેવે તેને પૂરો આત્મદર્શી જાણવો કારણકે આવા ભક્ત તે આત્મા છે, આ અક્ષર છે અને આ અક્ષરાતીત શ્રીહરિ છે, તે જ આ પ્રત્યક્ષ મારે ત્યાં આવ્યા છે આવી રીતે સ્પષ્ટ દેખે છે, માટે તેને સર્વ મુદ્દો હાથ આવ્યો જાણવો, સર્વ પ્રકારનું માહાત્મ્ય સમજાણું જાણવું, એને કોઈ ક્રિયા બંધન કરશે નહિં તેને કયો એવો પદાર્થ છે જે ભગવાનમાંથી પાડે ? ભગવાનનો પાડ્યો પણ ન પડે, ભગવાનના સંતનો પાડ્યો પણ ન પડે.

જેને પ્રત્યક્ષ ભગવાનનું અને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો મોક્ષનો પાયો અચલ છે. તેની કામનાઓ ભગવાન પૂરે છે, તેના સર્વે ધામો પોતાના અવતારો સંપત્તિયો, સામર્થ્યો વગેરે દેખાડે છે, માટે ભક્તિવાળાઓએ ઉપર કહ્યા પ્રમાણે પરમ ભાગવત એકાંતિક ભક્ત થાવું, ભગવાનને અખંડ રાખવા, ભગવાનના સંતને સંભારીને એકાંતિક ભક્તિ સતત રહેવા વધવાની પ્રાર્થના કરવી અને એવા મુક્તોમાં ભળવાની ઈચ્છા રાખવી અને ભગવાન કહે તેમ કરવું તથા સેવીને ભગવાન અને મોટા સંતપુરુષનો રાજીપો મેળવવો તથા મુક્ત સ્થિતિએ વર્તવું, દેહ દશાએ ન વર્તવું, દિવ્ય દશાએ વર્તવું.

સંપૂર્ણ સુખ ભગવાનમાં રહ્યું છે, અતિ સંબંધવાળાને સર્વ સુખ મળે છે, ભગવાનનો અતિશય સંબંધ રહે તેવો ઉપોય કરવો, ઝાઝી બુદ્ધિવાળાને આ વાત સમજાય છે અને ઉપાય ગોઠવે છે અને અતિ સુખ લઈ લ્યે છે, આવી બુદ્ધિવાળો પોતાની બુદ્ધિનો ઉપયોગ મોક્ષને માટે લઈ લ્યે છે, માટે દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણને પ્રત્યક્ષ ભગવાનમાં જોડી દેવા અને ભગવાનનું પ્રત્યક્ષ અલૌકિક સુખ લઈ લેવું, પોતાને ક્ષેત્રજ્ઞ ચેતન માનીને ભગવાનને વિષે હેતભક્તિ કરવી, ભગવાનના સુખની ઉપમા ભગવાનના સુખ વિના બીજે ક્યાંઈ નથી.

✤ ઉપદેશ-૨૫ ✤

ભગવાનનાં મનુષ્યસ્વરૂપને અને અક્ષરધામના દિવ્યસ્વરૂપને એક જાણીને સેવનારને કોઈ જાતની કસર રહેતી નથી, કામ, સ્વાદ, સ્નેહ, હાવ-ભાવ, ચેષ્ટા, ક્રિયા વગેરે ભગવાનના અલૌકિક અને અજેય છે, તે બુદ્ધિમાનના જાણ્યામાં આવે છે, એવા ભગવાન અને તેના સંતની પ્રાપ્તિ કૃતાર્થપણું જ છે, માટે દાસપણે વર્તવું અને સર્વે અવતારોમાં જે જે ચમત્કારો છે તે આ પ્રત્યક્ષ મને મળ્યા એવા ભગવાનમાં છે એમ જાણીને સેવવા, સંતના વચને કરીને માયિક દૃષ્ટિ ટાળવી, ભગવાન મરજી આવે તેવા ભોગ ભોગવે છે અને ભક્તને પૂર્ણકામ કરે છે માટે પ્રગટ પ્રમાણ ભગવાનને સેવવા. આ તમામ વાર્તા પ્રગટ પ્રમાણ ભગવાનમાં સમજવી,

તમામ પદાર્થોમાંથી વૃત્તિ તોડીને પ્રત્યક્ષ ભગવાનમાં રાખવી, જે જે વિષયમાં મોહ ખેંચતો હોય તે તે વિષયને પ્રત્યક્ષ ભગવાનમાંથી પ્રાપ્ત કરવા એવા પ્રયત્ન કરનારને સર્વ પ્રકારનો મોહ શાંત થઈ જાય છે, કારણકે ભગવાનના સ્વરૂપમાં અનન્તગણા સર્વ વિષયોના દિવ્ય સુખો રહ્યા છે તે મળે છે, તેથી ભક્તજન પૂર્ણ તૃપ્ત થઈ જાય છે, એવી પતિવ્રતાના અંગવાળો ભક્ત ભગવાનને અતિશય વ્હાલો છે, જેને ખપ હોય તેણે પતિવ્રતાને અંગે સેવા કરવી, ભગવાનના જ વિષયમાં સુખિયો થાય તો સિદ્ધ દશાને પામીને કૃતાર્થ થયો જાણવો, આવા ભક્તને ભગવાનના સુખનો અખૂટ સાગર મળે છે અને બીજાને પણ આપી શકે છે.

સાચો રસિક ભક્ત રસિયો એવા ભગવાનની મોજ માણે છે, લૂખા લૂખાને મોજ મળતી નથી, લૂખો ભક્ત ભગવાનને ગમતો નથી. ગોપીઓએ રાધા, લક્ષ્મી, જયા, પાર્વતી, સરસ્વતી, સાવિત્રી, પ્રભા, સંજ્ઞા, ગાયત્રીની પેઠે રસિક થઈને ભગવાનને સેવ્યા તે તરી ગઈ. ભગવાન અને ભગવાનના ભક્ત તીર્થ છે, તેનાં યાત્રાળું જરૂર તરી જાય છે, માટે પોતાના જીવાત્માને બ્રહ્મ સાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી સેવકભાવે ભક્તિ સેવા ઉપાસના, અનુવૃત્તિ બજાવવી.

✣ ઉપદેશ-૨૬ ✣

જેને પ્રકટ ભગવાન મળ્યા હોય અને ઓળખાણા હોય તેણે તો ભગવાન રાજી હોય તેમજ કરવું એ ઠીક છે, એમ કરતાં કરતાં મોટી પદવીને પમાય છે. ભગવાન તેવા સેવકને પોતામાં રસબસ કરીને તૃપ્ત કરી દે છે, પણ પોતે ભગવાન તો નિર્લેપ જ રહે છે, ભક્ત જો પતિવ્રતા થાય તો ભગવાન પત્નીવ્રતવાળા થાય જ. પતિવ્રતા પોતાના પતિનો જ પક્ષ રાખે છે તેમ પત્નીવ્રતવાળા ભગવાન પતિવ્રતા ભક્તનો જ પક્ષ રાખે છે, તે ભક્ત જો મોટા પુરુષની આજ્ઞામાં વર્તવા લાગે તો પણ કલ્યાણ થાય છે, તો ભગવાનના પતિવ્રતવાળો જે થાય તેને શું શું ન મળે ? તે સર્વ વસ્તુના આનંદને મેળવે છે.

આભલાનો સ્વભાવ છે, જે તેમાં સામે આવે તે દેખાય, તેમ ભગવાનનો સ્વભાવ છે, જે સામે આવે તે ભગવાનમાં દેખાય, ભગવાનના ગુણવાળો થાય. પરમેશ્વર કૃપા કરે અને અતિશય મોટા સંતની સેવા કરે તો સેવકમાં તમામ દિવ્યપણાના ગુણો આવે છે. દેહે કરીને સેવવા તે સેવાયજ્ઞ, ઇન્દ્રિયો વડે કરીને અનુભવમાં લેવા તે વૃત્તિયજ્ઞ, અંતઃકરણ વડે અંદર ઉતારવા તે ધારણયજ્ઞ, ચૈતન્યમાં જોવા તે ધ્યાનયજ્ઞ, જીવાત્મામાં પધરાવવા તે સમાધિયજ્ઞ કહેવાય, સર્વોપરી સમજવા તે જ્ઞાનયજ્ઞ કહેવાય, હેતથી જોડાવું તે યોગયજ્ઞ કહેવાય, આત્મનિવેદી થવું તે સમર્પણ યજ્ઞ કહેવાય, ભગવાન સાથે રમવું તે ઉત્સવયજ્ઞ

કહેવાય, ભગવાનને ગમે તે કરવું તે તપયજ્ઞ, ભગવાન બાબત જ વર્ણવવું તે સ્વાધ્યાયયજ્ઞ કહેવાય, ભગવાન અને તેના સંતોને આપવું તે દાનયજ્ઞ કહેવાય, ભગવાન અને સંતો માટે ખમવું તે વ્રતયજ્ઞ કહેવાય, ભગવાન અને સંત માટે ખર્ચવું તે દ્રવ્યયજ્ઞ કહેવાય.

ભગવાન, સંત અને સત્સંગના કેફમાં રહેવું તેને આધ્યાત્મિકયજ્ઞ કહેવાય, ભગવાનના પ્રસાદ જમવા પીવા તે સોમયજ્ઞ કહેવાય, હાથી, ઘોડા, રથ, વિમાન વગેરે ભગવાન અને તેના સંત લેખે વાપરવા તે અશ્વમેધ યજ્ઞ કહેવાય, દૂજાણું દૂધ, દહીં, ઘી વગેરે ભગવાન અને સંત માટે વાપરવા તેને ગોમેધયજ્ઞ કહેવાય, પુત્રપરિવારને ભગવાન અને સંતની સેવામાં જોડવા તેને નરમેધયજ્ઞ કહેવાય, પોતાના કુટુંબના જીવનનો તાંતણો ભગવાન અને સંતમાં બાંધવો તેને સૌત્રામણીયજ્ઞ કહેવાય, ઉપજ, કમાણી, લાભ તે ભગવાન અને સંત લેખે કરી રાખવાં તે કારીરીયજ્ઞ કહેવાય.

જે કાંઈ કરવું તે ભગવાન અને સંત માટે જ કરવું તેને પ્રભુમાં હવનહોમ કહેવાય, મોક્ષ મેળવવો તેને પરમપદયજ્ઞ કહેવાય, ભગવાનના સંબંધવાળી તમામ પ્રવૃત્તિઓને નિર્ગુણયજ્ઞ કહેવાય, પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિમાં તમામ યજ્ઞો સમાઈ જાય છે અને તે જ પરમયજ્ઞ છે, પોતાના બ્રહ્મસ્વરૂપમાં પરબ્રહ્મ ભગવાન પ્રત્યક્ષ દેખાય તે સર્વ યજ્ઞનું ફળ છે.

✣ ઉપદેશ-૨૭ ✣

દેશ-વિદેશમાં રહેલી પ્રિયા-પત્નીને જેમ પ્રિય પતિનું સ્વરૂપ જ ભાસ્યા કરે છે તેમ પ્રત્યક્ષ ભગવાનને નિહાળ્યા કરવા, પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનું બળ, મહારક્ષા કરે છે, તેવા બળવાળાને એકાન્તિક ભક્ત કહેવાય, તેવા બળવાળાનો આશરો કાયમ રાખવો, ભગવાનની સ્વરૂપનિષ્ઠા સર્વથી અધિક કરી રાખવી, ભગવત્સ્વરૂપનાં બળવાળો પાકા સત્સંગી એકાન્તિક ભક્ત જાણવાં, ભગવાનમાં અતિશય પ્રીતિવાળાને કંઈ કરવું બાકી રહેતું નથી, એકાન્તિક પ્રીતિમાં સર્વ સાધન સમાઈ ગયા, આ વાત સારમાં સાર છે.

પરબ્રહ્મ એવા આ પ્રત્યક્ષ ભગવાન તે પોતાની બ્રહ્મસ્વરૂપ જે અંતર્યામી શક્તિ તેણે કરીને સર્વમાં વ્યાપક છે, તેમાં અંદર આના આ પ્રત્યક્ષ પરબ્રહ્મ રહ્યા છે તેના બંને સ્વરૂપમાં દૃઢ નિશ્ચયવાળાને અક્ષરધામની પ્રાપ્તિ જ છે, ભગવાન સર્વ રીતે ભોગ કરતાં થકા પણ અભોક્તા છે અને તેના સંત સર્વ સેવા ગ્રહણ કરતાં થકા પણ નિર્લેપ છે, એમ સમજીને નિર્લેપ, અકર્તા, અસંગી સમજીને તેનો યોગ રાખવો, સર્વગુણે સંપૂર્ણ નિર્દોષ સર્વ સુખ નિધાન ભગવાનને લક્ષ્મીજી વર્યા તેમ આપણે પ્રત્યક્ષ ભગવાનને વર્યા છીએ આનું નામ વિવાહયજ્ઞ જાણવો, પ્રાકૃત ચરિત્રમાં પણ દિવ્યપણું જાણનાર સાચો ભક્ત કહેવાય, ગોપીઓની પેઠે આવા ભક્તોને ભક્તિયજ્ઞ જાણવો.

અનેક જન્મનાં સુકૃત જેને હોય તેને કદમ્બલીલા જેવા ચરિત્રોમાં તથા કુબ્જાવિહાર જેવી લીલામાં દિવ્ય નિર્ગુણ નિર્લેપ અને અકર્તાપણાની સમજણ ઉદય થાય છે એવા ચરિત્ર અને લીલામાં નિઃસંશય સેવાનો લાભ લ્યે એવી જ ભક્તિ તે જ પરમપદ છે, આવી રીતની ભક્તિ તો જ્ઞાન વૈરાગ્ય થકી અધિક છે, આવી ભક્તિવાળાને પ્રીતિમાં શું બાકી છે ? ભગવાન વયા ગયા પછી ધામમાં મળવાના છે, માટે હાજર હોય ત્યારે પણ પરમપદ માણી લેવું, લોકલાજ મેલીને ગોપીઓએ માયા આડી ન આવવા દીધી અને સેવી લીધા, મનુષ્યો જેટલી ક્રિયાઓ કરે છે તે બધી જો પ્રત્યક્ષ ભગવાનમાં કરે તો ભક્તિસ્વરૂપે થઈને મોક્ષને માટે થાય છે, તેમાં લોકલાજ રૂપી માયાની નડતર ન રાખવી.

✣ ઉપદેશ-૨૮ ✣

ભગવાનના ભક્તો જો સંતમાં નિષ્કપટપણે વર્તે તો તે પણ તરી જાય છે, ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે કેવલ ભગવાન અને ભગવાનના ભક્તની સેવા અર્થે જ કરે છે, માટે હરિભક્તની સર્વે ક્રિયા ભક્તિરૂપ છે અને નિષ્કામ કર્મ જ છે, જેને પરમપદ પામવું હોય તેણે ભગવાન અને સંતમાં સર્વ સમર્પણ યજ્ઞકરવો, આ પુરુષ પ્રયત્નરૂપી સાધન સર્વે સાધનોમાં મોટું સાધન છે, તમારે તો આટલું જ સમજવું.

જે આ પ્રત્યક્ષ ભગવાન તે જ અક્ષરધામમાં બીજા ધામોમાં અને સર્વ સૃષ્ટિઓમાં છે, અંતર્યામી છે તે આંહી આપણી ભેગા આપણા જેવા થઈને રહ્યા છે, તે જયાં જયાં છે ત્યાં ત્યાં આપણે પણ છીએ અને તે આ ભગવાનની સાથે જ પરમધામ છે, તેમાં આ આપણે મુક્ત છીએ અને તેને વર્યા છીએ તેના છીએ, આપણે સર્વે ભગવાનને લઈને દિવ્યવર્તીએ છીએ, જેમાં અસંખ્ય જીવોનું કલ્યાણ સહેજે જ થઈ જાય છે.

આ પ્રત્યક્ષ ભગવાન જયાં બિરાજયા તે જગ્યા પણ નિર્ગુણ છે, વસ્ત્ર, અલંકાર, વાહન, પરિચર્યા કરનારા સેવક, ખાનપાન નિર્ગુણ છે, આવા પ્રત્યક્ષ ભગવાનની રીતિ તો અલૌકિક છે, આમ સમજનાર ભક્ત સર્વ સાધનના અંતને પામ્યા છે, આ વાર્તા શાસ્ત્રમાં છે. પણ પ્રત્યક્ષ ભગવાન અને સંત દ્વારા સમજાય તેને જ દૃઢ આશ્રય છે, આ વાત જીવનદોરી છે, સર્વ વાતમાં આ વાતનું બીજ લાવવું.

આ પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણાં ઈષ્ટદેવ છે, એકસાથે જ છીએ તે પરમપદમાં જ છીએ. સ્વરૂપનિષ્ઠમાં પરિપૂર્ણપણું વર્તે છે, તેથી સર્વે સાધનની સમાપ્તિ થાય છે, પતિવ્રતા પતિનો ગુણ જ લ્યે છે, સર્વ ક્રિયાને સારી જ માને છે, રાસ રમવામાં ગોપીઓએ બધી ચેષ્ટા સારી જ માની, તેમ જેને ભગવાન અને સંતનું તમામ કામકાજ સારું જ લાગે તેવા સ્થિતપ્રજ્ઞને બીજું કાંઈ સમજવાનું

રહેતું નથી, કારણકે પોતાના ઈષ્ટદેવ જે આ પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તેમાંથી કોઈ રીતે બુદ્ધિ ડગતી જ નથી અને અનાદિ શ્રીકૃષ્ણનારાયણને વિષે નિર્ગુણ ભક્તિ મટતી જ નથી, તે સિદ્ધ ગતિમાં જ વર્તે છે.

શાસ્ત્રોમાં ભગવાનનાં ચરિત્ર કાં ભગવાનના સંતના ચરિત્રો છે, તેમનું માહાત્મ્ય સમજનારને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહિં, આ વાત સમજ્યે જ છૂટકો છે, નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવજી પણ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનો જ કલ્યાણના દાતા બતાવે છે અને તેનું જ માહાત્મ્ય બતાવે છે, આવા દૃઢ નિશ્ચયવાળાને સર્વે મુદ્દો હાથ આવ્યો, બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ, પરાશર, આદિક સકામ એવા મોટામોટાઓ પણ પ્રત્યક્ષ, ભગવાન અને પ્રત્યક્ષ સંતના માહાત્મ્ય સહિત નિશ્ચયવાળા હોવાથી કલ્યાણ માર્ગમાં વિજયને જ પામ્યા, તેમ પ્રત્યક્ષની ઓળખાણ કરી આશ્રયવાળા કલ્યાણમાં વિજય જ પામે છે.

✣ ઉપદેશ-૨૯ ✣

સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી, ભગવાનના પ્રતાપ જેવો જ સાધુનો પણ પ્રતાપ છે, ભગવાનને પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય સામર્થીને પામે છે, એવા સંતે ભગવાનની મૂર્તિસ્વરૂપી ચિંતામણિ હાથમાં રાખી છે, માટે તેમના હાથમાં સર્વે વાતની સિદ્ધિ છે અને તેથી જ પ્રત્યક્ષ ભગવાન જેટલું જ પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય છે, એવા સંત તે ભગવાનની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થમાં લોભાતા નથી, આવા પ્રત્યક્ષ ભગવાનના સંતની સેવા કર્યાનું જેને વ્યસન પડે તેને સંત વિના એક ક્ષણમાત્ર રહેવાય નહિં, એવા સંત આગળ કંગાલની સમાન પ્રિતીયે મુક્ત થકો દીન આધીન રહે, પોતામાં ભગવાનનાં જેવાં ઐશ્વર્ય આવે તો પણ ટહેલચાકરી કરતો રહે, પિતરાઈ દાવો બાંધે નહિં અને બરોબરિયાપણું કરે નહિં એવા ભક્ત ઉપર ભગવાન અતિશય પ્રસન્ન થાય છે.

આવી પ્રસન્નતા મેળવવા ભગવાનના ભક્તે ભગવાન અને ભગવાનના ભક્તને ગમતું જ કરવું, અંતરાય કરનારનો ત્યાગ કરવો, આત્મજ્ઞાન, વૈરાગ્ય અને ધર્મપણ જો અંતરાય કરતાં હોય તો તેને પણ પાછા પાડીને ભગવાનની સેવા ભક્તિનું જ મુખ્યપણું રાખવું તે જો સહાયરૂપ થતાં હોય તો જ ઠીક છે, સવળું લેનારા ઉપર ભગવાન અને સંતને અતિ હેત થાય છે, ત્યાગ થોડો રહેશે પણ ઉપાસના સર્વોપરી રહેશે તો અસંખ્ય જીવનાં કલ્યાણ થાશે, જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું, જેનું રૂડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે.

પ્રત્યક્ષ ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન, કર્મ, વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે, જેને ભગવાનના ભક્તનો સંગ છે અને ભગવાનનો રાજીપો છે તે જો મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે, કેમ કે જે સંતની સેવા કરે છે અને ભગવાનના ગમતામાં છે. અમારે તો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજન્મ ભગવાનના ભક્તની સેવા જ કરવી છે, આ વાર્તા સર્વેને જીવનદોરીરૂપ છે.

મારું રૂપ માયાથી મુક્ત અને પર એવું જે બ્રહ્મ તે છે, આવા મનન સહિત બ્રહ્મનો સંગ કરે તેને બ્રહ્મના ગુણ આવે છે અને માયાની ઉપાધી ટળી જાય છે. બ્રહ્મસ્વરૂપ થવાનું કારણ તથા ધામમાં જવાનું કારણ તો પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન, કથા, લીલાચરિત્ર, સ્મરણ, આદિક છે, એમ કરનારાનો જીવાત્મા ભગવાનના ધામને જરૂર પામે. જેને અનેક જન્મનાં સુકૃત ઉદય થયાં હોય તેને ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહે છે, જ્યારે બીજામાંથી હેત તૂટે છે અને ભગવાનમાં હેત થાય છે ત્યારે તેની ભગવાનમાં અખંડવૃત્તિ રહે છે, તેને કાંઈ કરવું રહ્યું નથી, તે તો કૃતાર્થ થયો છે, કારણ કે તેનો જીવ ભગવાનમાં બંધાયો છે તેથી તેનો ભગવાનમાં પ્રવેશ થાય છે. ભગવાનના ભક્તની મને, વચને, દેહે કરીને જે સેવા બની આવે તેણે કરીને જેવું આ જીવનું રુડું થાય છે અને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને થતું નથી.

✣ ઉપદેશ-૩૦ ✣

ભગવાન અને ભગવાનના ભક્તની સેવાચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવાભક્તિએ કરીને જ કરવી, તે સેવા અને ભક્તિ તથા પ્રીતિ ગુણાતીત બ્રહ્મસ્વરૂપ થઈને કરવી, તેને બ્રહ્મસ્વરૂપ કહી છે. ભગવાન અને ભગવાનના ભક્ત રાજી થાય એવું કાર્ય કરે તો આને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે, તેનાં ભૂંડા કર્મ નાશ થઈ જાય અને પરમપદને પામે.

ભગવાન અને ભગવાનના સંત જે જે પ્રકારે આપણી ઉપર રાજી થાય અને કૃપા કરે તેમજ આપણે વર્તવું. ભગવાન અને ભગવાનના સંતને રાજી કરીને અગ્નિ, ચંદ્ર, સૂર્ય વગેરે પ્રકાશને પામ્યા છે અને દેવલોક તથા મૃત્યુલોકમાં જે જે સુખિયા છે તેણે સર્વેએ ભગવાન અને ભગવાનના સંતને રાજી કર્યા છે, તેણે કરીને સુખિયા છે, માટે ભગવાન અને ભગવાનના સંત રાજી થાય એ જ ઉપાય કરવો, ભગવાન અને ભગવાનના સંતનો ગુણ ગ્રહણ કરવાથી ભગવાનના ધામમાં નિવાસ થાય છે, સાધુ જેમ વઢીને કહે તેમ તેમ ગુણ લેવો. ભગવાનના સ્વરૂપનું જેને અખંડ ચિન્તવન થાય છે તે તો કૃતાર્થ થયો છે, તેને કાંઈ કરવું બાકી રહેતું નથી.

શ્રીજી મહારાજે કહ્યું જે 'આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી, તો પણ અંતરમાં એમ વિચારીએ છીએ કે જે-જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો એમ જ ઇચ્છીએ છીએ' આવા પ્રત્યક્ષ ભગવાન ઓળખીને જેઓ આ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપના દર્શન કરનારા છે અને ચિન્તન કરનારા છે તે કાળ, કર્મ, માયા આદિ સર્વેના બંધન થકી છૂટીને અભયપદને પામે છે.

સત્પુરુષની આજ્ઞામાં વર્તે છે તે જ આત્મસત્તા સ્વરૂપે વર્તે છે. ભગવાનના ખરેખરા સત્પુરુષ તો અલૌકિક દૃષ્ટિએ યુક્ત જ વર્ત્યા કરે છે, જેને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ છે તેને ગુણ જ આવે. ભગવાનના ભક્તને ભગવાનને વિષે પ્રીતિમાં વિઘ્ન કરે એવું કોઈ પદાર્થ વહાલું રાખવું નહિં. પરમેશ્વર વિના બીજું જે જે પદાર્થ અધિક જણાય તેનો અતિશય ત્યાગ કરવો તે ત્યાગ ખરો.

✣ ઉપદેશ-૩૧ ✣

પ્રત્યક્ષ એવા આ ભગવાનના લીલાચરિત્ર ચમત્કારના ગ્રંથ કરવા, વાંચવા, વંચાવવા એ સાચા ભક્તનું કર્તવ્ય છે, પ્રત્યક્ષ ભગવાન અને સંત એ બે જ કલ્યાણકારી છે, ભગવાનના સાધુ તો બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. આ જીવને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ તે ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે અને પ્રત્યક્ષ ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે, માટે ભગવાનના સંત સાથે તો સ્ત્રી, પુત્ર, મા-બાપના હેત કરતાં વધારે હેત કરવું તેણે કરીને કૃતાર્થ થઈ જવાય છે.

ભગવાનના ભક્તનો જે પક્ષ રાખે તેના પંચમહાપાપ સર્વે મટી જાય છે, જેને ભગવાનનો અને ભગવાનના ભક્તનો પૂરો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય, પોતાનું સર્વસ્વ ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. જેમ પત્ની પતિનો પક્ષ રાખે, તેમ પક્ષ રાખે છે, પોતાના ઈષ્ટદેવ આજ્ઞા આપે જે પરમહંસથા તો તત્કાળ પરમહંસ થઈ જાય. એક ઘડી કે અર્ધી ઘડી પણ જો ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે.

જેને પોતાના કલ્યાણની ઇચ્છા હોય તેને પોતાનાં દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર સર્વને પ્રત્યક્ષ ભગવાનની સેવામાં જોડી દેવાં, અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો, એવો જે ભગવાનપરાયણ વર્તે તે ગૃહસ્થાશ્રમી હોય તો પણ ભગવાનના ધામમાં પરમમોક્ષને પામે છે. જેની પતિભાવે ભગવાનમાં વૃત્તિ જોડાણી છે તે ધામમાં જ વર્તે છે. ગમે તેવો પામર અને પતિત જીવ હોય તો પણ ભગવાન અને ભગવાનના ભક્તનો આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ

જાય છે. માટે જેને ભગવાનના ભક્તની સેવા પ્રાપ્ત થઈ હોય તેણે તો નિધડક રહેવું. જીવને બળ પામવાને અર્થે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.

પ્રત્યક્ષ ભગવાન કે ભગવાનના સંતનું જ્યારે દર્શન થાય છે ત્યારે સર્વે દુઃખનો નાશ થઈ જાય છે. ભગવાનના ભક્ત છે તે તો કેવલ બ્રહ્મની જ મૂર્તિયું છે. ભગવાનના ભક્તની જે સેવા કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી, પોતાના જીવને બળવાન કરવા સારું ભગવાનના ભક્તને મન, કર્મ, વચને કરીને શુદ્ધ ભાવે સેવવા.

✣ ઉપદેશ-૩૨ ✣

આ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ તે રસિક છે, ત્યાગી છે, જ્ઞાની છે, રાજાધિરાજ છે, કૃપાળુ છે, યોગી છે અને વિજયી છે, એવા ભગવાનનો અલ્પજીવ એમ જાણે જે મેં મોહમાં નાખ્યા પણ તે તો મોહથી નિર્લેપ છે. એવા ભગવાનના એક આશ્રયે કરીને જ કલ્યાણ છે, સાધનો તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે. મુક્તદશામાં, યોગદશામાં, સિદ્ધદશામાં, બ્રહ્મદશામાં પણ પ્રત્યક્ષ ભગવાનનાં ગુણચરિત્ર ગાવાં અને પ્રત્યક્ષ ભગવાનને સેવવા એ જ કર્તવ્ય છે. મોક્ષમાં પણ એ જ ભગવાનને રમાડવા છે, ભગવાન લેખેના ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે, સ્વામીસેવકપણાનો નાતો ધામમાં છે તે આંહી પણ સિદ્ધ કરવો, જેટલો ભગવાનનો પ્રતાપ સમજે તેટલો તેવો દિવ્ય પોતે થાય છે.

પ્રત્યક્ષ ભગવાનના અવિચળ નિશ્ચયને નિર્વિકલ્પ સમાધિ જાણવી. નારદજી, શુકજી, સનકાદિક, દત્તાત્રેય, કપિલ, પૃથુ, ઋષભ, વામન, પરશુરામ, રામચંદ્રજી, મોહિની, શંભુ, વિષ્ણુ, બ્રહ્મા, સૂર્ય, લક્ષ્મીજી, રાધિકાજી, જયા, લલિતા, પાર્વતી, ગંગાબા, લાડકીબા, કુશળ કુંવરબાઈ, મોટીબા, લાડુબા, જીવુબા, પ્રભા, સંજ્ઞા, સરસ્વતી, ભક્તિમાતા વગેરે આવી નિર્વિકલ્પ સમાધિવાળાં જ જાણવાં, તેઓએ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા આ પ્રત્યક્ષ શ્રીહરિના સ્વરૂપના નિશ્ચયે કરીને નિર્વિકલ્પ સમાધિની સ્થિતિ રાખી છે તેમ તમારે રાખવી, આવી પ્રત્યક્ષની સમજણ તે પ્રત્યક્ષ ભગવાનને રાજી કરવાનો ઉપાય છે, આવી સમજણવાળા ઉપર ભગવાન બહુ જ રાજી થાય છે.

જે ગોપીઓને રાસક્રિડામાં ન જવા દીધી, તે દેહ મૂકીને શ્રીકૃષ્ણનારાયણ પાસે ગઈ, આવી અસાધારણ ભક્તિ કરવી, આ ભક્તિ મોટા પુરુષની સેવાયે કરીને આવે છે, તેમની સેવા મન, વચન, કર્મ વડે કરવી, એવા સંતનો સંગ મન, કર્મ, વચન વડે કરવો, તે સંગમાં સર્વે કલ્યાણનાં સાધન આવી જાય છે. ભગવાન અને સંતને અર્થે પણ ખર્ચ કરીને સેવા કરે તે આને આ જન્મે ઉત્તમ ભક્ત થાય છે. જે જે ભગવાનના સંબંધને

પામ્યા તે સર્વેનું કલ્યાણ થયું છે. પ્રત્યક્ષ ભગવાનમાં વૃત્તિ રાખતાં લીન થાય તેજ યોગીને નિદ્રા કહી છે. એક ક્ષણમાત્ર ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ તે હજારો વર્ષો પર્યન્તના સુખ આપનારી છે.

✣ ઉપદેશ-૩૩ ✣

સાધુસ્વરૂપે પ્રત્યક્ષ ભગવાન તો અહિંસાપરાયણ વર્તે, અખંડિત બ્રહ્મચર્ય રાખે, શરણાગતને આત્મજ્ઞાન આપે, દિવ્યતા પ્રગટાવે અને શરણાગતોને કૃપાયે કરીને તારે તેવા ભગવાનને ઓળખીને તથા તેવા સંતને ઓળખીને આશ્રય કરવો તે થકી જીવનું કલ્યાણ થાય છે. પ્રત્યક્ષ ભગવાનના અવતારને મળેલા સંત સાથે અતિશય પ્રીતિ થાય એ જ આત્મદર્શનનું તથા પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું સાધન છે. મનુષ્ય સ્વરૂપ પ્રત્યક્ષ ભગવાનના પ્રસંગવાળો બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય છે, તેને મતે તો પ્રત્યક્ષ ભગવાન મળ્યા તે દિવસથી મારું કલ્યાણ થઈ ચૂક્યું છે અને જે મારું દર્શન કરશે કે મારી વાત સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામશે એવું કૃતાર્થપણું નક્કી થાય છે. આ પ્રત્યક્ષ ભગવાનના યોગને પામીને વૃક્ષ પણ પરમપદનું અધિકારી થાય છે.

ભગવાનની સાધુ સ્વરૂપ મૂર્તિનાં દર્શન કરનારાનાં ઇન્દ્રિયો, અંતઃકરણ તણાઈ જાય છે અને સમાધિ થઈ જાય છે. જે જે સમયમાં ભગવાનના અવતાર હોય તે તે સમયમાં ભગવાનની મૂર્તિમાં એવા ચમત્કાર જરૂર હોય છે તેથી ભગવાન ઓળખાય છે. દૂર શ્રવણ, દૂર દર્શન, દિવ્ય દર્શન દેવા વચનસિદ્ધ સત્યસંકલ્પ વગેરે ચમત્કાર જરૂર હોય છે.

પ્રત્યક્ષ ભગવાન એક ઠેકાણે રહ્યા થકા અનેક ઠેકાણે દર્શન આપે છે તેવી તેમની વ્યાપકતા છે. સત્પુરુષનો આશરો કરે તે અતિ પવિત્ર થઈને સમાધિમાં જાય છે. મોટા સત્યપુરુષ જેના ઉપર રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે, માટે જે રીતે ભગવાન અને ભગવાનના ભક્ત રાજી થાય તેમ કરવું.

ભગવાન પોતે અલમસ્ત સ્વતંત્ર વર્તે છે, તે આ લોકના જીવને દેખવામાં આવે એવા આડંબરમાં ઊતરતા નથી. પોતાના ધાર્યા પ્રમાણે જ વર્તે છે, લોકોને ગમે તેમ લાગે, ભગવાન બેફિકર બેપરવા વર્તે છે, તેમના સંતનું વર્તન પણ ઘેલાના જેવું હોય, આ લોકમાં મળતું આવે તેવું ન હોય. તેને બંધન જ નથી, પણ ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાં જોડાવું તેવી ભક્તિ કરે છે.

આ પ્રત્યક્ષ ભગવાનમાં તમામ અવતારો, ઈશ્વરો, દેવો, આચાર્યો અને વ્યાસો સમાઈ ગયા છે એવો દૃઢ નિશ્ચય કરી રાખવો, આવા ભગવાનને જે જે પ્રકારે ભજશે

તેને નિર્ગુણપણું થઈ જાશે, બધો મુદ્દો આમાં આવી ગયો. આ જીવને જયારે ભરતખંડમાં મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય છે, તેની જો એ જીવને ઓળખાણ થાય અને ભગવાનનો પાર્ષદ થાય તો અતિસુખિયો થઈ જાય. આ ભગવાનની મૂર્તિમાં ધ્યાન કરનારને ઉત્તમ દિવ્ય સિદ્ધ દશા થાય છે, આવા ભક્ત ભગવાનની પેઠે સ્વતંત્ર થકા દેહ ધરે છે અને અદશ્ય થાય છે. વડની વડવાઈ જેટલા પણ પ્રત્યક્ષ ભગવાનમાં વળગશે તેને અક્ષરધામનું જીવન મળશે.

જેને હેતનું અંગ હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના કે સંત વિના ઘડીયે ચાલે નહિં. સર્વે સાધનનું ફળ પ્રત્યક્ષ સત્સંગ છે, સત્સંગે કરીને ભગવાન અતિશય વશ થઈ જાય છે. સારા સંસ્કાર સત્પુરુષને યોગે કરીને જ થાય છે, એવા સત્પુરુષોની આ સભા તે અક્ષરધામની સભા છે. ગોલોક વૈકૂંઠાદિકની સભા કરતાં અધિક છે, આવું અલૌકિક દિવ્યપણું સમજવું. પરોક્ષના કરતાં વધારે પ્રત્યક્ષ ગુરુસ્વરૂપ શ્રીહરિમાં પ્રતીતિવાળાને સર્વ અર્થ પ્રકાશે છે. દેહ મૂકીને જે પામવા છે તે દેહ છતે જ મળ્યા છે, તેજ પરમપદ અને મોક્ષ છે, આ વાત અતિ ઝીણી છે.

✣ ઉપદેશ-૩૪ ✣

જેને પ્રત્યક્ષ સંત અને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે, તેને દેહ છતે જ અક્ષરધામની પ્રાપ્તિ છે અને દિવ્ય ત્યાંની સેવા મળી ગઈ છે. માટે ફરીથી જન્મ ધરવો પડશે નહિ ધામમાં જ છે, જૂનો ડગલો ઉતારવા પૂરતું જ કામ બાકી છે, આવી ઝીણવટ સમજવી. ભગવાન અને ભગવાનના ભક્ત તથા પોતાનું દિવ્ય મહાત્મ્ય સમજનારાને માયા ટળી ગઈ છે, બ્રહ્મમુક્ત થઈ જવાયું છે અને મુક્તમંડળમાં પ્રીતિવાળા થવાયું છે અને સર્વે ભગવાનના દયા આદિ ગુણવાળું થવાયું છે અને તેને દિવ્ય વ્યવહાર જ છે, માયિક વ્યવહાર નથી, સંસારી દૃષ્ટિવાળા તો તેને બાધિતાનુંવૃત્તિ ગણે છે, પણ મુક્ત તો તેને પરબ્રહ્માનુવૃત્તિ વર્ણવે છે, અને તે મુક્ત ભક્ત પોતે તો તેને બ્રહ્મસ્વરૂપાનુવૃત્તિ જાણે છે અને લૌકિક દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ તેને છે નહિ કિન્તુ બધાં દિવ્ય અક્ષરધામનાં છે, જેથી મુક્તોની જ ભાષાનાં વ્યવહાર કરે છે અને ત્યાંના જ શબ્દો આંહીની રીતમાં મેળવે છે. માટે માતા-પિતા, પુત્રપરિવાર, પત્ની, બાંધવ વગેરેના દિવ્ય અર્થો છે, આંહીના નાતજાત કુટુંબના રચેલા શબ્દો કે અર્થો નથી, વ્યવહાર અને ક્રિયાઓ, સ્થિતિઓ તે બધું ધામનું છે અને સમાધિનું તથા સ્વલીલાનું સ્વતંત્ર છે એમ જાણવું, એમ જ છે એમાં કાંઈ ફેર નથી.

આવી દિવ્ય સમજણ અને મહાત્મ્ય સહિત પરાભક્તિ તે શાશ્વત ફળવાળી જાણવી. તેવી પરાભક્તિ મોટા મોટા સત્પુરુષની સેવા અને પ્રસંગથી જ ઉદય પામે છે, આવા નિષ્કામ દિવ્ય સમજણવાળા ભક્ત બહુ જ મોટામાં મોટા એવા દિવ્યસુખને અક્ષરધામમાં આના આ જ પ્રત્યક્ષ ભગવાનની સમીપે પામે છે, તથા આના આ પ્રત્યક્ષ દિવ્યમૂર્તિ એવા ભગવાન તે ભક્તમાં આંહી અને ત્યાં સર્વે ઠેકાણે તે ભક્તમાં પોતાનું સર્વસ્વ અવતરણ કરીને વસે છે, તેથી ભગવાન જ કેમ જાણે હોય તેવા આનંદ, સુખ, ઐશ્વર્ય, દિવ્યતા, સિદ્ધિઓ ચમત્કારોવાળા થાય છે. આ કથા વંચાય છે તે પરાવાણી અક્ષરધામની છે, તમો પણ મુક્ત છો.

જેને પોતાના જીવનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન અને ભગવાનના સંતથી ઉપરાંત બીજુ કાંઈ જગતમાં સુખદાયી નથી, તેના જ પક્ષમાં વર્તે, તેમ રહેવામાં જીવાય કે મરી જવાય તો પણ આવો ભક્ત અક્ષરધામમાં અને આંહી પણ આ પ્રત્યક્ષ ભગવાનની સેવામાં જ છે અને કાયમ સેવામાં જ રહે છે તથા રહેશે તેને આ ભગવાન ભેળો જ રાખે છે બીજે ક્યાંય રહેવા દેતા નથી. તેથી તેવો ભક્ત છતે દેહે જ ભગવાનના અક્ષરધામને પામી રહ્યો છે.

✤ ઉપદેશ-૩૫ ✤

મરીને ધામમાં જવું એમ નથી. જો બેપરવાઈ રહેવાય તો તે આ ભગવાન સાથે રહેવામાં નડે માટે સર્વકાર્ય સિદ્ધિ થયા પછી તમામપણું મેળવ્યા પછી બેપરવાઈપણું તે મોટું વિઘ્ન છે. કારણ કે બેપરવાઈપણાનું નામ જ આશ્રયભંગ એટલે સંબંધહાનિ તેથી કઈ પડતીમાં ઓરાશે તેની સીમા નથી, માટે સ્વામીસેવકપણું છે તે જ સ્વામી સાથે રહેવાની કડી છે, દાસપણું તે સ્વામીથી છૂટા પડવા જ ન દે, આ શાશ્વતિ સમજણ જાણવી.

એકાંતિક ભક્ત એવા સંતજન તે આવી સમજણમાં જ રહીને પોતે સ્થિર કરેલ રહેઠાણરૂપી જે અક્ષરધામ તેમાં પરબ્રહ્મ એવા સ્વામીને સેવે છે અને શતાવધાની તથા સહસ્રાવધાનીની પેઠે અનંત પ્રકારના સર્વજ્ઞપણા વડે લૌકિક, અલૌકિક તમામ કારખાનાં ચલાવ્યે જાય છે, ધામમાં જેમ અસંખ્ય સ્વરૂપ ધારણ કરીને સેવે છે તેમજ અક્ષરધામમાં, બીજા ધામોમાં, ઈશ્વરસૃષ્ટિઓમાં, જીવનસૃષ્ટિઓમાં યોગ્ય એવા અસંખ્ય મૂર્તિ સ્વરૂપે થઈને તે તેની રીત પ્રમાણે સુરત દઈને વર્ત્યા કરે છે, ક્યાંય ન્યુનતા કે ભૂલ દેખાતી નથી, આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ભક્તોએ આ પ્રત્યક્ષ ભગવાન અને તેના પ્રત્યક્ષ સંતની સર્વ પ્રકારની સેવામાં રહીને અતિશય સાવધાની રાખવી, તમામ પદાર્થો કે

બહારના કે અંદરના જે જે ઉદ્‌ભવે તે ભગવાનની સેવામાં મેલી દેવા, નિર્ગુણ કરી દેવાં, પ્રત્યક્ષ ભગવાનમાં દઈ દેવાં, તે સાવધાનપણું સાચવવું. ભગવાનના સંબંધવાળી માયા, બ્રહ્માંડ, મનુષ્ય વગેરે દિવ્ય અને શાશ્વત થઈ જાય છે, એમ છપૈયા વગેરેનું શાશ્વતપણું જાણવું.

પોતાના દેહના જતન માટે જેટલી આત્મબુદ્ધિ તથા પ્રીતિ રહે છે તેટલી પ્રત્યક્ષ ભગવાન અને ભગવાનના સંતમાં રહે તો નિર્વિકલ્પ સમાધિ કરતાં પણ વધારે શાંતિ સદાય વર્તવા લાગે, અને એવો ભક્ત તે ભગવાન કે ભગવાનના ભક્ત થકી ક્યારેય વિખૂટો થાય નહિ. જાનકીજીની સમજણ જેવી સમજણવાળા એવા ભક્તના સંગમાં રહેવું, અને ભગવાન તથા ભગવાનના સંતમાં અતિશય હેત રાખવું, અને ભગવાનને ગમતું હોય તેમ જ રહેવું. ભગવાનની ઇચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે, માટે ભગવાનથી કાંઈ જુદું નથી એમ વર્તવું અને અનેક પ્રકારની સેવાચાકરી, દાસીપણું, પતિવ્રતાપણું વગેરે ભક્તિમાંથી જે રુચિ વડે ભગવાનમાં હેતથી જોડાવાય તે ભક્તિ કરીને ભગવાનને વશ કરી લેવા શીખવું.

✣ ઉપદેશ-૩૬ ✣

આ પ્રત્યક્ષ ભગવાનમાં દૃઢ વિશ્વાસે રહે, તેની જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરું છું. જે આ પ્રત્યક્ષ ભગવાન અને ભગવાનના ભક્તની પ્રીતિથી સેવા કરે, દેહ દાબે, ખાધા-પીધાની ખબર રાખે અને પોતા પાસે પોતાને મનગમતી વહાલી વસ્તુ હોય કે નવી આવે તે સંતને અર્પીને પછી પોતાના કામમાં વાપરે એવી રીતે મન, કર્મ, વચને કરીને જે વર્તે તેના અંતરમાં ભગવાન અને સંતનું માહાત્મ્ય પૂરેપૂરું હોવાથી તેનામાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.

અતિશય મોટા સત્પુરુષ તો જીવ પર દયાયે કરીને બાહ્યરીતિયે વર્તતા હોય છે. તેઓ અસંખ્ય જીવોને મુક્ત કરી મેલે છે. ભક્તજને તો પોતાની રુચિ પડતા અંગની જ ભક્તિ પ્રધાન રાખવી એ સિદ્ધાંત વસ્તુ છે. પતિવ્રતાને સ્વપતિમાં જ સર્વસ્વપણું છે, તેમ સ્વામિવ્રતવાળા ભક્તને સ્વસ્વામી એવા ભગવાનમાં જ પ્રીતિ ટેક અને સર્વસ્વપણું છે. તેથી પોતાના પ્રત્યક્ષ ઇષ્ટદેવ જે આ ભગવાન તે વિના તેના જે બીજા અવતારો હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, કેવલ જે આ પ્રત્યક્ષની પ્રાપ્તિ થઈ છે તેમાં જ પ્રીતિ રહે અને તેની મરજી પ્રમાણે વર્તે તેને ટેક કહેવાય.

હનુમાનજીને રામચંદ્રજીમાં જ ટેક છે, તેવી ટેકભક્તિ આ પ્રત્યક્ષમાં રાખજયો. જડભરતે બ્રાહ્મણજન્મમાં જાણી જોઈને ભગવાનમાં જ સ્નેહ રહેવા ગાંડાઈ રાખી, તેમ

આ પ્રત્યક્ષ ભગવાનમાં જ સ્નેહ રાખવા વર્તવું. સત્પુરુષનો સમાગમ કરતાં કરતાં દેહભાવ ટળીને પ્રત્યક્ષ ભગવદ્‌ભાવ વધવા લાગે છે અને ભાવનામય થઈ જાય છે. ખરા ભક્તજને તો ભગવાનમય થઈ જવું. ભગવાનના સંબંધવાળી ક્રિયા, સત્કર્મ, ધર્મ વગેરે ભાગવતધર્મરૂપી ભક્તિ જ છે, તેજ આ પ્રત્યક્ષ ભગવાનનો ઉપદેશ છે, આવા ભાગવતધર્મ વડે અક્ષરધામ પમાય છે.

ભગવાનનો ભક્ત ગમે તેવા વાંકમાં આવે તો પણ ગુણ જ લેવો, કારણ કે તે અક્ષરધામનો અધિકારી છે, આ પ્રત્યક્ષ ભગવાનને ભજે છે, માટે નિર્ગુણ છે, અને અનાદિ શ્રીકૃષ્ણનારાયણના અક્ષરધામમાં ભેળું જ રહેવું છે. દેહ તો પુરુષનો કે સ્ત્રીનો ગમે તે હોય પણ દેહ મૂકીને ભગવાનના ધામમાં જ્યારે જાય છે ત્યારે જેવી ભગવાનની મરજી હોય તેવો મૂર્તિસ્વરૂપ થઈને તથા એ ભક્તને જેવી સેવાનો અવકાશ આવે તેવો ચૈતન્ય સ્વરૂપે થઈને ભગવાનની સેવા કરે છે, માટે રુચિ પ્રમાણે સેવવા, ધામમાં પણ રુચિ પ્રમાણે સેવા છે તે સમજી રાખવું.

આ સેવાએ કરીને ભગવાન રાજી થાઓ એટલી ઈચ્છા તો રાખવી તો પણ તેને નિષ્કામ ભક્તિ કહી છે. ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે માયાને દબાવીને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે છે. તેમને મનુષ્ય જેવા કે દેવ જેવા ન જાણવા. માટે જેને કલ્યાણનો ખપ હોય એવા પુરુષે એવા સંતની તથા સ્ત્રીવર્ગે એવી સાંખ્યયોગી સાધ્વીની સેવા કરવી. એવા સેવકને માયા બંધન કરતી નથી. ભગવાનમાં સર્વ વિષયનાં સુખ એક કાળે પ્રાપ્ત થાય છે, માટે પ્રત્યક્ષ ભગવાનમાં અને તેના સંતમાં જોડાવું, જેમ સંત કહે તેમ વર્તવું, પોતાના મનનું ગમતું કરવું નહીં.

✣ ઉપદેશ-૩૭ ✣

ભગવાનની પ્રસન્નતાને અર્થે ભક્તિ કરનારાને બ્રહ્મર્ષિ જાણવા, સર્વ રીતે નિષ્કામ ભાવનાવાળા સંતને ભગવાન સાથે સાક્ષાત્ સંબંધ છે, એવા સંતને વચને કરીને આ ભગવાનમાં જોડાવું. એવા સંતમાં જેને જેને હેત હોય તે સર્વેનું કલ્યાણ થાય છે, સાક્ષાત્ સંબંધે કરીને બધાં સુખ લેવાં શીખવાં, કેવલ વાર્તાએ કરીને પૂર્ણ સુખ નથી મળતાં, માટે સાક્ષાત્ સેવવા તો સુખિયા થવાય.

નિષ્કામ ભક્ત ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે, જેને ભગવાન તથા સંત જીવન થઈ ગયા છે તેને તેનું સુખ મળે છે. પ્રત્યક્ષ ભગવાન તથા મોટા સંત સાથે પૂર્ણ હેતથી વર્તે તેની મરજી પ્રમાણે વર્તે તે ભાગવતધર્મમાં જ વર્તે છે અને ભગવાનમાં અર્પણ થએલ જ છે. માટે તેમ જ રહેવું. ભગવાનને રાજી કરવા જ બધું કરે તેને આ પ્રત્યક્ષ ભગવાનનો અતિ રજીપો તથા શાબાશી મળે છે.

અક્ષરધામમાં વિરાજમાન એવા પ્રત્યક્ષ ભગવાન તમારી સર્વેની દૃષ્ટિગોચર સાક્ષાત્પણે વર્તે છે, બન્નેમાં લગાર પણ ભેદ નથી. બન્નેનાં સ્વરૂપ, અવસ્થા, ઊંચાઈ, પુષ્ટતા, રોમ, પરમાણું એક જ છે, ગુણાતીત છે એમ દિવ્ય દૃષ્ટિવાળા થવાય છે. તેને ભગવાન વિના બીજો કોઈ ઈશક રહેતો નથી. જેને મોટા સાધુ સંગાથે હેત થયું હોય તેને તો આ લોકનું કોઈ પદાર્થ અંતઃકરણમાં ટકવા પામે નહિ, તો આ પ્રત્યક્ષ ભગવાનમાં હેતવાળાની તો શી વાત જ કહેવી? જેમ ભગવાનનું ગમતું હોય તે પ્રમાણે જ વર્તવું અને ભગવાનના ભક્તને રાજી કરવા. સંતના હૃદયમાં ભગવાન સાક્ષાત વિરાજે છે, તેની સેવાથી ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે.

પ્રત્યક્ષ ભગવાનને ઓળખવા તથા પ્રત્યક્ષ ભગવાનના સાધુનો સંગ કરવો તે મોટામાં મોટું કલ્યાણનું સાધન છે, તે સાથે ઉપાસના સર્વોપરિપણાની રાખવી, તો આત્મા બ્રહ્મ અને પરબ્રહ્મ એ સર્વે પ્રત્યક્ષ દેખાવા લાગે છે અને પ્રત્યક્ષ ભગવાન તથા ધામના ભગવાનને એક સમજી રાખ્યા હોય તો તેનું બહુ જ રુડું થાય અને જરૂર કલ્યાણ થાય છે. ભગવાનમાં પ્રીતિવાળા સાધુનો સંગ થજયો એમ ભગવાન પાસે માંગવું. પરબ્રહ્મ આ શ્રીહરિને સર્વ કર્તાહર્તા સમજયા એમાં સર્વે સમર્પણ આવી જાય છે કાંઈ બાકી રહેતું નથી, આવી વાત સિદ્ધ કરીને જીવાત્મામાં મૂર્તિમાન રાખવી અને જગ પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા પરબ્રહ્મને ભજવા.

મોક્ષ આપે તેવા પરમભાગવત ધર્મ પાળનારને સાચું નાણું જે તત્ત્વજ્ઞાન કરીને પણ સંત સાથે ભગવાન લેખે જ કરી રાખવું. આ પ્રાણી સંસારનો મૃગલો જો મોક્ષ ન સાધે તો પાછળ કાલરૂપી પારધિ લાગ્યો છે અને આગળ સગાસંબંધી, રાજા, પ્રજા વગેરે નારડા વાટ જુએ છે તેમાંથી છૂટી શકવાનો નથી. આખી પૃથ્વીનું રાજય મળે તો પણ આ જીવ તૃપ્ત થયો નથી અને થવાનો નથી માટે પરબ્રહ્મમાંથી સાચી તૃપ્તિ મેળવી લેવી.

પોતાના તથા બીજાના જીવાત્માને મોક્ષદાનરૂપી અભયદાન આપવું અપાવવું. મોક્ષદાન તે મોટામાં મોટું, દિવ્યમાં દિવ્ય, શાશ્વતમાં શાશ્વત અને છેલ્લામાં છેલ્લું અખૂટ અને અસીમસુખ આનંદનું દાન છે, તેને આપનારા અને લેનારા બંને મહાસુખિયા થઈ જાય છે, ભગવાનમાં પ્રીતિવાળો, ભગવાનમાં તૃપ્તિવાળો, ભગવાનમાં સંતોષવાળો થાય તેને કાંઈ કરવું બાકી રહેતું નથી. રાગદ્વેષરહિત થઈને ભગવત્પરાયણ એવો શરણાગત જીવાત્મા ભગવાનના માહાત્મ્યજ્ઞાનવાળો થઈને ભગવાનમાં લગ્ન થયે સતે લગભગ ભગવત્પણાને પ્રાપ્ત થાય છે.

✣ ઉપદેશ-૩૮ ✣

આ દેહ અને તેના પૃથ્વી, જળ, તેજ,વાયુ, આકાશ તે ભગવાનનાં છે. આ ઇન્દ્રિયો અને તેના વિષયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ગ્રહણ, ગતિ, વાચા, સર્ગ, આનંદ તે પણ ભગવાનનાં છે. અંતઃકરણ અને તેની વૃત્તિઓ પણ ભગવાનનાં છે. ચૈતન્ય આત્મા અને તેનાં ગુણ, ધર્મ વગેરે ભગવાનનાં છે, આવો પરબ્રહ્મમાં પ્રવેશ પામેલો ભક્તજન સદા મુક્ત જ છે. એમ સમજવું. ખરો ભગવાનનો યોગી થાય તો આખા જગતને ભગવાનના યોગી બનાવીને સુખિયું કરી દે. ભગવાન જેનામાં વિશેષ રહ્યા છે તેવા ભક્તો તો જગતને તારનારા છે.

આપણે ભગવાનને ગમી જઈએ એવા થાઈએ તો ભગવાન હસતા હસતા આપણે ત્યાં આવે. ભગવાનમાં વર્તનારો ભક્ત જગત આખાને પવિત્ર કરી મેલે છે. સારી અવસ્થા, આચાર, વિદ્યા, ધન, રૂપ, વંશ, મોટાઈ વગેરે જો ભક્તિ સાથે હોય તો બધાંય ભગવાનનો રાજીપો લેવામાં ઉપયોગી થઈ ગયા જાણવાં. જેને માયિક પદાર્થો, હર્ષશોક નથી ઉપજાવી શકતા તે મોક્ષમાં જ છે.

સર્વ પ્રકારનાં કર્મો અને ફલોનો ભગવાનમાં અર્પનારને મોક્ષપદ પ્રાપ્ત જ છે. સર્વે સંકલ્પ વિરામ પામેલાને ભગવાનમાં જ સંતોષી સ્થિતિ થાય છે. ભગવાન મળે એટલે બીજા બધા રસ નિરસ થઈ જાય છે. ભગવાનને ઓતપ્રોત કરીને જે થાય તે અધ્યાત્મ પ્રસાદ રૂપે જ થાય છે. અહંકાર અને મમકાર મટી ગયા એટલે શાશ્વતી શાંતિની હાજરી થઈ ચૂકી જાણવી. બ્રહ્મસ્થિતિવાળો પરબ્રહ્મપદમાં હિલોળા માણે છે. કામકાજ તો બધા અસંગી થઈને અણગમાપૂર્વક કરવા.

ભગવાનને માટે કામકાજ કરનાર સંત જ છે અને મુક્ત જ છે. ભગવાનમાં આસક્તિવાળો ભગવાનને જ પામે, બીજાનો પણ મોક્ષ થાય તેવા નિર્ગુણ કર્મ તો બીજાને શિખવાડવા અને કરતા રહેવા, પરમ ભાગવતધર્મમાં જ રહીને મરણ પ્રાપ્ત કરવું એ ઉત્તમ છે. મારું બધુંય દિવ્ય સમજનાર દિવ્ય થઈ જાય છે. મારા પરાયણ થઈને મારા આશરામાં જ્ઞાની એવો આત્મવેત્તા મારા જેવો પાવન થઈ જાય છે. મને જો અકર્તા અભોક્તા જાણે તો તે પણ બંધનરહિત થાય છે.

ગમે તે કાર્ય કરો પણ ફળસંકલ્પ ન રાખો તો સર્વ સમજણ મળી ચૂકી જાણવી. નિત્ય તૃપ્તિવાળો ફળકર્મ નથી ઇચ્છતો તેથી ગમે તે કરે તો પણ અકર્તા જ છે. પાપીમાં પાપી પોતાને ઓળખતો હોય પણ મારામાં ભળી જાય તો મારા સ્વરૂપે વખણાઈ જાય. દુઃખનો સાગર જ્ઞાનસ્વરૂપી વહાણવડે તરાય છે અને ભવસાગર સંત વડે તરાય છે, અને માયા મહાજાળ તો ભગવાનના ભજન વડે કપાય છે.

✤ ઉપદેશ-૩૯ ✤

જેને આત્માનું જ્ઞાન અને પરમાત્માનું વિજ્ઞાન બરાબર ઉદય પામ્યું તેને મોક્ષસ્થિતિની શાંતિ અનુભવાય છે, અંતઃકરણના રાગદ્વેષ મટ્યા એટલે સાધુતા આવવા માંડે છે. અને પ્રવૃત્તિનિવૃત્તિ બંને ભાગવત્પરાયણ થઈ જાય છે અને આત્મામાં પરમાત્મા ભાસવા માંડે છે ત્યારે ભગવાનનો સાચો લેપ આત્મામાં લાગ્યો ગણાય અને બીજા બધા લેપ નિવૃત્ત થાય છે.

ભગવાન પરાયણ, ભગવાનમાં નિષ્ઠાવાળા, ભગવાનમાં આત્માવાળા, ભગવાનમાં ધ્યાન આદિક અભ્યાસવાળા સર્વજ્ઞ જેવા થઈને અક્ષરધામસ્વરૂપી મોક્ષપદમાં જાય છે. જે પોતે ચૈતન્યસ્વરૂપી પુરુષોત્તમમાં જ સમથળ થઈ વર્તવા લાગ્યો તેને સૃષ્ટિ જીતાઈ ગઈ, બ્રહ્મસત્તા પ્રાપ્ત થઈ અને પરબ્રહ્મમાં જ સ્થિત થઈ છે, મોક્ષમાં કાંઈ બાકી નથી. બાહ્ય વિષયોને તજીને આત્મસુખે વર્તતો એવો બ્રહ્મરૂપ થયેલો યોગી જેવો ભક્ત અક્ષય સુખને પામે છે.

જેને અન્તર્યામી એવા પરબ્રહ્મમાં સુખ, આરામ, પ્રકાશ અને આનંદ છે તે સહેજે જ યોગી થઈ ગયો છે તેની બ્રહ્મમુક્ત દશા છે જ, નવી મેળવવી પડતી નથી જેને સર્વત્ર પોતાના ઈષ્ટદેવ એવા પરમાત્માના દર્શનની વૃત્તિ થઈ ગઈ છે તેની માયા ટળી ગઈ અને બ્રહ્મસત્તાએ વર્તતા થકા પરબ્રહ્મને પ્રાપ્ત કર્યા જાણી લેવા, ભલે દેહધારી છે અને જ્ઞાન, ઈચ્છા, પ્રયત્ન, ક્રિયાવાળો છે પણ તેને નિર્વિકલ્પ સ્થિતિમાં જ રાખે છે સવિકલ્પ સ્થિતિમાં જવા નથી દેતો એવો આત્મવેત્તા, બ્રહ્મવેત્તા, સંયમી, પરબ્રહ્મની મુક્તિવાળો સદા મુક્ત જ છે.

✤ ઉપદેશ-૪૦ ✤

સર્વેમાં રહેલા ભોગોને ગ્રહણ કરતા એવા મને પરમાત્માને જો વળગી રહે તો મારી મહાશાંતિને પામે છે. કાયમ પ્રથમ નેત્ર બંધ કરવા વૃત્તિ રોકવી માનસને મારામાં જોડવું અને જીવાત્માને મારામાં એકમેક કરી મેલવો, એવો જે થાય તે મારી શાશ્વતી શાંતિને પામે છે. કલ્યાણ માટે યોગ્ય થયો તે અક્ષરધામની ગતિને પામે છે. કદાચિત્ ભોગની ઈચ્છાવાળો હોય તો અનંત એવી દિવ્યસૃષ્ટિમાં ફરતો હરતો ભોગવતો થકો તૃપ્ત થઈને જરૂર ક્યારેક ને ક્યારેક પોતાના માનેલા આત્માઓ સહિત મારા ધામને પામે છે. મારામાં બધૂંય પરોવાયેલું છે. હું સર્વથી પર છું. મારા સમાન કે પર કોઈ નથી, તેથી મારે શરણે આવ્યો તે મારા સિવાય બીજું જે કાંઈ તેને તરીને મારે ચરણે વસી જાય છે. એક જ મારી ભક્તિવાળો મને સંભારતો થકો આંહીથી ઊપડે છે ત્યારે મારે સ્વરૂપે

થઈ જાય છે. મને સંભારતા થકા જ મને પામી જાય છે. મારામાં ચિત્ત રાખીને મને જ સાંભરે છે તેને તો હું સુલભ છું.

મારી પ્રાપ્તિરૂપ પરમસિદ્ધને પામેલા સિદ્ધપુરુષો આવા વિકારવાળા આવાગમનને નથી પામતા. પ્રકૃતિ પુરુષ સુધી આવાગમનવાળા થાય છે પણ મને પામ્યા તેને આવાગમન રહેતું નથી. પરમ અક્ષરધામને પામીને પાછો આવાગમનને ન પામે, પણ સ્વતંત્ર થકો વિચરે તો ભગવાન તેને નિર્લેપ રીતે વિચરવા દ્યે છે. હેતવાળી ભક્તિ વડે જ આ પ્રત્યક્ષ એવા તમારા ઈષ્ટદેવ અક્ષરાધિપતિ તે પ્રાપ્ત થયા છે, અને પ્રાપ્ત થાય છે. તમામ સુખભોગરૂપ ફલોને ઉલ્લંઘી ગયેલો ભક્ત પરમદિવ્ય એવા મારા સ્થાનને પામી જાય છે.

ભલે આચારવિચાર વિનાનો હોય, પણ જો મને જ ભજે છે તો તે ઠીક જ કરે છે. માટે સંત જ છે, મુક્ત જ છે તે મારી મહાશાંતિને પામે છે. પાપી એવા મલેચ્છ જેવા જીવો તે પણ મારા આશ્રય વડે સ્ત્રી, શુદ્રો વગેરે પરમગતિને પામી જાય છે. મારા સ્વરૂપને જ સર્વત્ર મારા અંશને જ સર્વત્ર દેખનારો ભક્ત તે મને જ દેખીને મને જ પામે છે. માટે દિવ્ય આંખ્યો વડે મને જોતા રહેવું.

મારી અનન્ય હેતાળ ભક્તિ વડે મને ઓળખે, દેખે અને મારામાં પ્રવેશ કરે, મારા પરાયણ કામકાજવાળો ભક્ત સર્વમાં મને જોનારો મને જ પામે છે. અક્ષરધામમાં મને પરબ્રહ્મને દેખે તેના આત્મામાં હું દેખાઉં છું, તેથી તે મને જ પામે છે. મારામાં અંતઃકરણ અને ક્રિયાઓ અર્પણ કરનારને મારામાં જ વાસ આપું છું. જ્ઞાનથી ધ્યાન શ્રેષ્ઠ છે, ધ્યાનથી કર્મફળનો ત્યાગ શ્રેષ્ઠ છે, જે સર્વ કર્મ મારામાં અર્પીને મારામાં ધ્યાનપરાયણ થાય છે તેનો ઉદ્ધાર કરીને હું પ્રત્યક્ષ ભગવાન મારામાં જ વાસ કરી દઉં છું.

✤ ઉપદેશ-૪૧ ✤

પોતે એવું થવું કે પોતાને જોઈને જીવપ્રાણીપાત્ર રાજીરાજી થતા રહે, હર્ષ અને શોકની અસર ન થાય, જેને કાંઈ ન જોઈએ, કાંઈ નવો આરંભ ન કરે, શુભ-અશુભ બંને વાના તજે, માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોકમાં લેવાય નહિ, કોઈપણ પ્રકારનો સંગ લાગે નહિ, નિન્દા સ્તુતિની ઓળખાણ પણ રાખે નહિ, સદા સંતોષી રહે, ક્યાંય બંધન પામે નહિ એવો મારી ભક્તિવાળો મને અતિ વ્હાલમાં વ્હાલો છે.

મારા મોક્ષશાસ્ત્ર સાંભળીને પણ એમ જ વર્તવા લાગે તો જરૂર મૃત્યુને તરી જાય છે. હું પરમાત્મા સર્વેમાં છું એવા મને જ સર્વેમાં જોતો થકો અદબમર્યાદામાં રહે તે ખરો દેખતો જાણવો. પરબ્રહ્મ એવા અમારાથી આ સર્વ પ્રકટ થયું છે એમ જેની દૃષ્ટિ પહોંચી

તે બ્રહ્મદૃષ્ટિવાળો થયો જાણવો. માયાને, આત્માઓને, ધામને, મુક્તોને અને મને ઓળખીને મોક્ષમાં વળે તે મને પામે જ છે. મને જ સર્વ કર્તાહર્તા જાણે, જડચેતનમાં મને જાણે તે મારા ભાવને પામી જાય છે.

ત્રણ ગુણ અને તેના ધર્મોને ઓળખીને તેથી નિર્લેપ વર્તે તે અમૃતપદને ભોગવે છે. આત્મનિષ્ઠાવાળો, પ્રિય અપ્રિય ભેદ તજનારો, સારું નરસું નહિ ગણકારનારો, મિત્ર શત્રુભાવ રહિત એવો જે મારી જ ભક્તિવાળો ગુણાતીત સ્થિતિમાં વર્તે તે બ્રહ્મરૂપ થઈને મારા ધામમાં મને પામે છે. બધુંય તેજ મારે લઈને છે માટે તેવા તેજ વડે તેજસ્વી થયો તેને અક્ષરબ્રહ્મના તેજ સિવાય શાંતિ થતી નથી અને પરબ્રહ્મના તેજ સિવાય સ્થિતિ થતી નથી, ત્યાં જ પહોંચે છે.

ભોગબુદ્ધિ, દ્વેષબુદ્ધિ અને પરિગ્રહની કંજુસાઈબુદ્ધિ તો એક જાતની ખાઈઓ છે, તેમાં ન પડવું. નિત્યતૃપ્તિ ભગવદ્‌ભાવના અને જરૂરતરહિતપણું તો ઉદયનાં શિખરો છે, તેમાં જઈને મોક્ષમાં પહોંચવું. દેહધારીએ કામકાજ તો કરવું પડે પણ ફળ મને અર્પે તો ત્યાગ થયો કહેવાય. એવો ત્યાગ સાંચવનાર સત્કર્મવાળો ભક્ત તે મારી પ્રસન્નતા વડે મારા ધામને પામે છે. બધાનો પ્રેરક એવા મને ઓળખે તો મને જ પામે, મારામાં જ દેહ, ઇન્દ્રિય, અંતઃકરણ, ચૈતન્ય આત્માની શરણાગતિ લેનારને મોક્ષમાં કાંઈ બાકી રહેતું નથી.

ભગવાને રચેલું અને આપેલું વાપરવું, પણ ભગવાનને આપીને વાપરવું અને નિર્લેપ રહેવું, ન આપેલ હોય તો તેને વાપરવાની ઇચ્છા પણ ન ધરાવવી. બ્રહ્મવિદ્યા વડે પરાવિદ્યામાં સમર્પિત થઈને પરબ્રહ્મમાં ઉપાસના સાથે પહોંચી ચૂકવું. નેત્રમાં જોનારા, કાનમાં સાંભળનારા, વાણીમાં બોલનારા, મનમાં મનન કરનારા, પ્રાણમાં જીવનરૂપ એવા ભગવાનને પોતાનામાં લઈને અમૃતપદમાં જાવું. જેને ભૂખતરસ મટી ગયાં તે મોક્ષમાં મોદપ્રમોદ માણે છે. આત્મામાં બેઠેલા મને ખોળે તો તેને હું ધામમાં લઈ જાઉં છું.

✣ ઉપદેશ-૪૨ ✣

હું ઝીણામાં ઝીણો છું. મોટામાં મોટો છું, સર્વત્ર મારી પ્રસન્નતા વડે મને જોવા શીખવો તો તેને મારું સ્વરૂપ કરીને તેમાં સદા વસૂ છું. બાહેરવૃત્તિવાળા ઇન્દ્રિયો અને અંતઃકરણને આત્માનો આત્મા એવો જે હું તે મારામાં ઉતારે તો મારા ધામમાં મને પામી જાય. જેવી ચીજો તેમાં તેવો થઈને રહું છું, તેમાં રહીને ભિક્ષુક આત્માની ભિક્ષા પૂરું છું. મને ભિક્ષાપૂર્વક સમજે તો તેને કોઈ બાબતમાં ભૂખ્યો ન રહેવા દઉં, હૃદયમાં

ઊગતા મનોરથોને મેલી દે તો બ્રહ્મસ્વરૂપ થઈને અમરપદના સુખને પામી જાય છે. અંતઃકરણમા અનેક ભોગ માટેની ગ્રંથિઓ છે, તેને ભેદીને મને જ કર્તાહર્તા તરીકે રાખે તો અક્ષરધામમાં પહોંચાડી દઉં.

કરોળીયો જાળ રચીને તેમાં વિચરે છે અને મોહ પામેલી માખી તેમાં બંધાય છે. તેમાં કરોળિયાનો જીવ કરોળીયાનું શરીર, તેની જાળ અને માખી એ ચાર તો છે જ, તેમ પરમેશ્વર જીવને ઠેકાણે રહ્યા થકા માયારૂપી કરોળીયામાંથી સંસારસૃષ્ટિરૂપી જાળાને રચે છે તેમાં માખીરૂપે જીવાત્માઓ મોહ પામીને બંધાય છે, તેને સંત મળે તો સંસારની જાળમાંથી કાઢે. માણસના શરીરમાં રોમ ઊગે છે તે છે તો જડ પણ ચેતનના સંબંધે કરીને ચેતન જેવાં શરીરમાં ચેતનની પેઠે વધે છે, તેમ પરમેશ્વરે પોતાના જડ એવા માયારૂપી શરીરને ચેતન જેવું બનાવીને તેમાંથી ચોવીસ તત્ત્વો તથા ચોરાસી લાખ ખાણ્યો તથા બીજી સૃષ્ટિઓ ચેતન જેવી બનાવી છે. તેમાં ચેતનપણું ચલાવનારા પરમેશ્વરનો વાસ સર્વત્ર છે એમ જો સમજી જવાય તો આ જીવાત્મા જે નાનો ચેતન અર્થાત્ જડ ભેગો જડ જેવો અજ્ઞાની થઈ ગયેલો પણ સાચો જ્ઞાતા ચેતન થઈને પરમપદને પામી જાય.

આવી બ્રહ્મદૃષ્ટિ કરવી, કારણ કે આ જીવાત્મા પણ પોતાનું ધાર્યું કાંઈ કરી શકતો નથી. ઊંઘમાં જાવું અને જાગવું તે પણ પોતાના હાથમાં નથી તેથી જડ જેવો જ છે, પણ જ્ઞાનરૂપ છે માટે ચૈતન્ય ભરેલો છે. તે પરમેશ્વરની ઉપાસના વડે સર્વજ્ઞ એવો ચેતન થઈ શકે, અને મોક્ષપદને પામે, અને જડજેવાપણું મટી જાય અને નિત્ય ચેતનપણું જે સાચું ચૈતન્ય તે કાયમી પરબ્રહ્મના સંબંધ વડે વર્તે, આવી પ્રાપ્તિ માટે પરબ્રહ્મની ઉપાસના ભક્તિ કર્યા જ કરવી. કાળી, કરાળી, વિકરાળી, લાલચોળ, ધૂમાડિયા તિખારાવાળી, વિશ્વભર્ખી આ સાત જીભુ પડે અગ્નિ જગતને બાળીને ખાઈ જાય છે, તેથી બચવા માટે પરમેશ્વર ભજી લેવા.

✣ ઉપદેશ-૪૩ ✣

પરમેશ્વરની ઉપાસના વિના બીજાં સાધનોમાં પંડિતપણાનો ઉપયોગ કરનારા અખતરડાયાઓ તો આંધળા પાછળ આંધળાની પેઠે ખાડામાં જ પડવાના જાણવા. કેવલ કર્મો વડે બંધન છે, નિષ્કામ કર્મ વડે મોક્ષ છે. નિષ્કામ કર્મનું રૂપ સમજવા બ્રહ્મવેત્તા ગુરુનો સત્સંગ કરવો, અને સાચી સંત સ્થિતિ મેળવવી, નરનારી ગૃહસ્થે પણ સંત સ્થિતિએ વર્તીને મોક્ષ મેળવવો. આગળ-પાછળ, ઉપર-નીચે, અડખે-પડખે, અંદર-બહાર બ્રહ્મ વ્યાપેલું જ છે, તેને જોવું તો માયિકભાવ ટળી જાય અને બ્રહ્મસ્વરૂપ થવાય

પછી પરબ્રહ્મ પમાય, આ પ્રત્યક્ષ ભગવાન અને સંતની સ્થિતિએ વર્તવા લાગે તો સર્વ અર્થ સિદ્ધ થાય છે.

આ શરીરમાં જીવાત્મા અને તેના અંતર્યામી એવા બંને સખા રહ્યા જ છે, તેમાં અંતર્યામી ભગવાન સંકલ્પશક્તિ વડે જીવાત્માને જ્ઞાનક્રિયામાં પ્રેરે છે, તેથી કર્મ કરતો જીવાત્મા કર્મફળને પામે છે અને ભગવાન કર્મફળ પમાડે છે, દેખરેખ રાખે છે, મોહ તજીને જો તે અંતર્યામીને સેવવા માંડે તો સર્વદર્શી થઈને નિષ્કામ સ્થિતિમાં રહીને કર્મફલને તથા માયાને વળોટીને અંતર્યામીની સમાન સ્થિતિવાળો થઈ જાય છે, ત્યારે દિવ્ય ચળકતા સુંદરમૂર્તિ એવા ભગવાનના દર્શન કરતો થકો ભગવાનની વિશેષ નિવાસરૂપી મૂર્તિ થઈને પોતાને વરેલા એવા ભગવાનની સાથે તેના અક્ષરધામ સ્વરૂપી બ્રહ્મમહોલમાં નવીન દિવ્ય નામનિશાનીવાળો થઈને પતિવ્રત માટે ચાલ્યો જાય તે ત્યાં પતિ એવા પરબ્રહ્મની સાથે તમામ દિવ્ય ભોગોને ભોગવતો થકો નિરવધિક પરમ આનંદને સર્વ કામનાઓને મસ્તાની સાથે ભોગવે છે.

આવા પરબ્રહ્મને સત્ય એવા આ પ્રત્યક્ષ ભગવાનને ઓળખનારા તે સંત કહેવાય છે અને સર્વ રસરૂપી તે પરબ્રહ્મને રસ તરીકે ચૂસીચૂસીને આનંદિત અતિતૃપ્તિવાળો થાય છે. બ્રહ્મસૃષ્ટિ, અવતારસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ અને જીવનસૃષ્ટિના તમામ આનંદોને ભોગવતો એવો પતિવ્રતવાળો ભક્ત પોતાના પતિના બળે કરીને પતિ સિવાય બીજા કાળ, કર્મ, માયા આદિકથી ડરતો નથી, એવો બળિયો બ્રહ્મસ્વરૂપ મહામુક્ત પુરુષોત્તમ સમાન સુખિયો થઈ જાય છે, એવા થયે છુટકો માનવો.

✤ ઉપદેશ-૪૪ ✤

રૂકમણીજી કાયમ શાંતિની સ્થિતિમાં મનમોહન એવા શ્રીકૃષ્ણનારાયણની સર્વે પ્રકારની સેવા પોતે જાતે જ કરતા તેવા આત્મનિવેદી થવું. આ સંસારમાં પહેલાં ગુંચવણ અને પછી ઉકેલ એમ તમામ વ્યવહારમાં રહ્યું છે, તો માયાની ગુંચવણ કાઢીને મોક્ષ માટે ઉકેલ લાવવો. પાપીમાં પાપી મનુષ્ય પણ પોતાના સ્વાર્થ માટે ગામના તમામ માણસો સાથે મેળ રાખે છે, તેમાં કોઈ સાત્ત્વિક પુણ્યશાળી ભક્ત સાથે પણ મેળ હોવાથી સારાને સંગે સારૂ પરોપકારનું કામ પણ થઈ જાય, તેથી પુણ્યનું બીજબળ થાય, તેથી શુભ ક્રિયામાં પ્રવર્તે, તેથી શ્રદ્ધા શાંતિ સુખિયો થાય, અને અંધારું ઓછું થાય, પ્રકાશ જણાય, હૃદયમાં શુભ વિચારો આવે, વધારે સારા કાર્યો કરે, સત્સંગ વધારે થાય, બુદ્ધિ નિર્મલ થાય, તેમાં કલ્યાણ ભાસે, અને સંત-સમાગમ તથા ભગવાનની ભક્તિ વધે, મોક્ષમાં પણ જાય, આ પ્રમાણે પાપી પણ ક્રમે કરીને મુક્ત થાય છે.

પુરુષપણા કે સ્ત્રીપણાની ભાવના ભૂલીને નિર્મલ સચ્ચિદાનંદ આત્માસ્વરૂપ બ્રહ્મની ભાવના કરવી. એવા બ્રહ્મમાં પરબ્રહ્મને પધરાવવા અને સંતસમાગમ કરવો. આ આખું જગત ધૂળનું છે, ધૂળમાં બધૂંય નીપજે છે. તેમાંથી જોઈએ એવી સારી ચીજ સર્વે ગ્રહણ કરી લ્યે છે. તો સારામાં સારી ચીજ સંત અને પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ છે. તે ગ્રહણ કરી રાખવા. ટાઢચ ખૂબ લાગે ત્યારે અગ્નિ પાસે જાય દુઃખી બહુ થાય ત્યારે દુઃખહર્તા એવા ભગવાન પાસે જાય. જો પહેલેથી જ જાય તો દુઃખ જ ન આવે.

બધા જીવ પ્રાણીમાત્ર ઓથમાં નભે છે, જો ભગવાનનો ઓથ મુખ્ય રાખે તો તેને કોઈ વિઘ્ન ન નડે, તેમ કોઈ પરાભવ ન કરી શકે. બહુ મુંઝાય ત્યારે અગ્નિમાં પડે, કાં પાણીમાં પડે, કાં ગળે ટૂંપો ખાય, પણ મૂંઝવણ ટાળનારા એવા ભગવાનમાં ન પડે. જો ભગવાનમાં પડી જાય તો ભગવાન ઊગારી લ્યે કારણ કે શરણાગત તારણહાર ભગવાન છે. દુકાનદાર ઘરાક માટે વાટ જોતા હોય છે, તેટલી ભગવાનની વાટ જુએ તો ભગવાન જરૂર આવે. માણસો મેહની વાટ જુએ તેટલી વાટ ભગવાનની જુએ તો મેહ પણ આવે અને ભગવાન પણ આવે.

યજ્ઞ થાય ત્યાં માણસો અગ્નિમાં નાળિયેર, ઘી વગેરે અતિહેતથી અને શ્રદ્ધાથી હોમવા જાય છે, તેવી શ્રદ્ધા અને હેત જો રોજ રોજ ભગવાનની મૂર્તિમાં અને સંતમાં રાખે તો આને આ જન્મે જરૂર પ્રત્યક્ષ ભગવાન મળે. જીવ હરેરીને પાછો પડે ત્યારે બેસે, પણ પ્રથમથી જ પાછી વૃત્તિ રાખવાનો અભ્યાસ રાખે તો સહેજે માયા જીતાય અને ભગવાનમાં વળગાય પછી મોક્ષમાં જવાય. બધા સુખની પાછળ દોડતા ફરે છે પણ સુખ દેનારાની પાછળ નથી દોડતા એટલી ખામી ગણાય.

સુખ દેનારા પાછળ ફરતા રહે તો તે અઢળક સુખ આપે. આનંદ જોઈતો હોય તો આનંદ દેનારાને સંઘરવા શીખવું. જેટલું બીજું બીજું જોવાનું તાન હોય તેટલું જ તાન ભગવાન અને સંતની નાની મૂર્તિને સાથે રાખીને જોવાનું રાખવું. જેટલો વિષય તરફ ઢાળો છે તેટલો જ ઢાળો ભગવાન અને સંત તરફ રાખવો.

✣ ઉપદેશ-૪૫ ✣

સમગ્ર પૃથ્વીમાં અન્નક્ષેત્રવાળા જાનશ્રુતિ નામના રાજાની કીર્તિ સાંભળીને દેવતાઓ હંસસ્વરૂપે જોવા આવ્યા અને પરસ્પર વાતો કરવા લાગ્યા કે જાનશ્રુતિનું પુણ્ય તો અંતે નાશવંત છે પણ આ ગાડાખેડુ રૈકવની પરમેશ્વરની ઉપાસનારૂપી કમાણી અને બ્રહ્મસ્વરૂપ વર્તન તે શાશ્વત છે, તેથી જાનશ્રુતિ કરતાં રૈકવ શ્રેષ્ઠ છે કારણ કે મોક્ષપદને પામશે અને જાનશ્રુતિ તો સ્વર્ગો ભોગવીને પણ આવાગમનમાં રહેશે. માટે ભગવાન મેળવવા એ

ઉત્તમોત્તમ છે. આ દેહધારી જીવાત્મા શરણાગતિ લ્યે, ત્યાગી થાય, બ્રહ્મરૂપ વર્તે, દેવોને ઋષિઓને પિતૃઓને ભક્તિ કરાવે અને આગળ જતાં ઈશ્વરોને મોટાંઓને પણ પરબ્રહ્મનો સંબંધ ધરાવતા થકા મુક્તોમાં ભળીને અક્ષરધામમાં શ્રી પુરુષોત્તમનારાયણ પાસે પહોંચે તે દિવ્ય અર્ચિમાર્ગ સમજવો.

ભગવાન અને સંતને પડ્યા મેલીને એકલો પુણ્યોપાર્જનરૂપ કર્મમાર્ગ તે અનેક ચઢિયાતાં સ્વર્ગ ભોગવીને પાછા મધ્યમ અને ઉત્તમ આવાગમનમાં ફરે તે ધૂમ્રમાર્ગ જાણવો, અને પાપકર્મો વડે યમપુર તથા કનિષ્ઠ ગન્દા જન્મમાં જ ફર્યા કરે, અસદ્ગતિમાં મલિન પ્રેતોમાં સડાના કીડા વગેરેમાં ફરે તે નારકીમાર્ગ જાણવો અને કેવલ જગત્ કલ્યાણાર્થ પરબ્રહ્મની રીતે વિચરતા એવા બ્રહ્મપુરુષોનો માર્ગ તે કર્મફળરહિત એવાથી કેવલ બ્રહ્મમાર્ગ જાણવો. આપણે નારકીમાર્ગનાં જીવોને ધૂમ્રમાર્ગમાં ખેંચવા અને ધૂમ્રમાર્ગના જીવોને અર્ચિમાર્ગમાં ખેંચવા અને અર્ચિમાર્ગના આત્માઓને બ્રહ્મમાર્ગમાં પહોંચાડવા, એટલા માટે આ પ્રત્યક્ષ પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું આલોકમાં પ્રકટપણું છે, તે અપનાવીને આ પ્રત્યક્ષને સેવવા.

આ જીવાત્મા સૂવે છે ત્યારે અંતર્યામી એવા સાચા સાક્ષીના ખોળામાં પડ્યો હોય છે, સાક્ષી આની રક્ષા કરે છે, એ પ્રમાણે જાગ્રતમાં પણ જો સાક્ષીના ખોળામાં વર્તે તો બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે. તે પ્રત્યક્ષ ભગવાનમાં સર્વત્ર રીતે વર્તવું તો સાક્ષીમાં વર્તાણું જાણવું, એમ કરે તો બ્રહ્મમુક્ત જાણવો. ભગવાનમય આહાર લેવો, ભગવાનમય સાત્ત્વિક થવું, ભગવાનમય ચૈતન્ય રાખવું, ભગવાનમય આત્મા કરવો, ભગવાનમય સાક્ષી જોવા અને ભગવાનમય થઈને પરબ્રહ્મમાં આરપાર ગતિવાળા થવું.

પરબ્રહ્મને પતિ તરીકે વરીને આ ભક્ત જયારે આગળ વધે છે ત્યારે તેના સંકલ્પ પ્રમાણે પિતૃલોક અને માતૃલોક, બહેનોનાં લોક, સખિઓનાં લોક, પત્નીઓનાં લોક, દાસદાસી, ગંધપુષ્પ, અન્નપાન, ગીતવાજિંત્ર આદિક જે જે સંકલ્પ થતા જાય તે તે પ્રમાણે તેઓ હાજરી આપતા જાય તેને અંગીકાર કરીને તેનાં કલ્યાણ કરતા કરતા અક્ષરધામમાં તેને સર્વેને સાથે લઈને જાય અને પરબ્રહ્મને અનેક કામના પ્રમાણે સેવે, તે પરમપુરુષ એવા પુરુષોત્તમ અનાદિ શ્રીકૃષ્ણનારાયણને સાથે લઈને ધામમાં જમતાં, પીતાં, ક્રીડા કરતાં રમતાં મુક્ત સ્વરૂપ મૂર્તિઓ સહિત યાન-વાહન-વિમાન વગેરે વડે ગરકાવ રહે છે.

✣ ઉપદેશ-૪૬ ✣

યાજ્ઞવલ્કય ઋષિએ પોતાની મૈત્રેયી અને ગાર્ગી નામની બન્ને પત્નીઓને કહ્યું : મારે મોક્ષ માટે ભગવાન જ ભજવા તમારાથી છૂટું થવું છે માટે તમોને સમૃદ્ધિના ભાગલા કરી દઉં. ત્યારે પત્નીઓએ કહ્યું : અમારે માયાનાં બંધનવાળી સમૃદ્ધિ લઈને શું ફાયદો થવાનો છે ? કાંઈ નહિં માટે અમોને પણ મોક્ષ થાય તેવું આપો ! ત્યારે ઋષિએ કહ્યું : આપણે પરસ્પર પ્રિય થાઈએ છીએ તે અંદર આત્મામાં પરમાત્મા રહ્યા છે તે વડે પ્રિય છીએ. તે બંને જો નીકળી જાય તો શબમાં પ્રિયતા નથી, માટે જયાં જયાં પ્રિયપણું છે ત્યાં ત્યાં આત્મા અને પરમાત્મા છે, તે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ, પગ, હાથ, નીચલાં બંને ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, સત્ત્વ, રજ, તમ, ચૈતન્ય, આત્મા-આ સર્વેમાં એ પ્રિય એવા પરમાત્મા રહ્યા છે.

તે બધુંય કર્તાહર્તા, દેખતા, ખાતા-પીતા, વિહરતા, ફરતાં, ભોગવતાં, ઉંઘતા, જાગતા, ધ્યાન રાખતા, સાફસૂફ બનાવતા, સાચવતા, પ્રેરતા, નિવૃત્ત કરતા અને બધી યાત્રાને પાર પાડતા એવા એ જ પરમાત્મા છે. ઝીણામાં ઝીણાં, મોટામાં મોટા, દેખાય નહિ પણ ક્યારેક દેખાય, હૃદયમાં તો ઝાંખા દેખાય, હા-ના, વગેરેની સલાહ આપ્યા કરે એવા છે, માટે તેના તરફ વધારે ધ્યાન દઈને વળગો તો પૂર્ણ રીતે દેખાશે પછી મોક્ષસ્થિતિ થાશે, શાશ્વત આનંદ મળશે, તેના હુકમમાં સૃષ્ટિઓ, અજવાળાઓ, વિભૂતિઓ, સાગરો, સ્વર્ગો, ભૂમિકાઓ, જડચેતનો, નિયમસર વર્તે છે અને મહાકાલ, ઋતુઓ, યુગો પણ બરાબર તેની આજ્ઞાથી જ કામ કરે છે. તમો અમો બધા તેની હાજરીથી જ જીવતાં છીએ. આમ સમજો.

સ્વપ્નસૃષ્ટિમાં પુણ્યપાપના બળને અનુસારે સંકલ્પવિકલ્પરૂપીજ્ઞાન નામના તત્ત્વમાંથી માનસવૃત્તિ પ્રમાણે બધી ચીજો દશ્યપણામાં દાખલ થાય છે તેને મન દેખે છે, માટે સ્વપ્નસૃષ્ટિ બધી માનસ પ્રત્યક્ષ માયલી હોય છે. તેમાં સંસ્કારો પણ થાય અને સ્મરણો પણ થાય, તેનો વિરોધ નથી, સર્જનહાર ભગવાન જાણવા. ભગવાન જે અંતર્યામી શ્રીહરિ તેના સંકલ્પ અને શક્તિથી પ્રેરાયેલા એવા આત્માના જ્ઞાનભાગો સંસ્કારજન્ય સ્મરણો તે રૂપરૂપાંતરને પકડે છે અને આત્મા ભોગવે છે, તેને જેવું સાચૂં માનીને આત્મા જેટલો વળગે છે તેટલોજ સાથોસાથ અંતર્યામી એવા સાક્ષી સ્વરૂપ આત્મનિવાસી શ્રીહરિને વળગે તો સ્વપ્ન અને સુષુપ્તિ પણ નિર્ગુણભાવવાળી થઈ જાય છે પછી તુર્યા અવસ્થામાં પોતે દિવ્ય દૃષ્ટિવાળો થઈને દિવ્ય સત્ય સ્વરૂપ સુંદરમૂર્તિ એવા ભગવાનને દેખે છે, આનંદ માણે છે.

માટે આ પ્રત્યક્ષ ભગવાન અને સાક્ષી સ્વરૂપ ભગવાન અને ધામમાં જે ભગવાન તે એક જ છે એના જાગ્રતમાં, સ્વપ્નમાં, સુષુપ્તિમાં, તુર્યામાં સેવા લાભ આનંદ વગેરે લેવા, આવો આત્મનિવેદી એકાંતિક ભક્ત તે તુર્યાતીત એવા અક્ષરાતીતને સુખે સુખિયો રહે છે તથા બીજાને પણ પોતાના સંગ વડે તેવા જ સુખિયા બનાવી દે છે, આવા ભક્ત તો છતે દેહે અક્ષરધામમાં જ છે. મરીને જવું એવું અઘરું નથી, કારણ કે બ્રહ્મસ્વરૂપ દશામાં જ વર્તે છે અને પરબ્રહ્મને પામેલ છે, પરબ્રહ્મને ભોગવતો થકો અમૃતપદના આનંદને પૂર્ણ રીતે માણે છે, જેમ પતિ-પત્ની એક જ કાર્યમાં એક જ ઇચ્છાવાળા પ્રવર્તે છે તેમાં સુખિયા જ થાય છે, તેમ સ્વામી અને સેવક, ભગવાન અને ભક્ત પણ પરસ્પર એક જ ભાવમાં આનંદિત અને સુખવાળાં જ હોય છે.

✣ ઉપદેશ-૪૭ ✣

ભગવાન પોતે જ સાધ્યસાધનરૂપે આપણે મેળવીએ તો બધાં પ્રારબ્ધ સમાપ્ત થઈ જાય છે. તમો પ્રભુ પોતે જ મારા તમામ ઉપાયરૂપે છો એમ પ્રત્યક્ષ ભગવાનને જ વળગી પડવું. સમયની વાટ જોયે અધૂરું રહી જાય માટે આ ક્ષણે, આ ટાણે ભગવાનને વળગી પડવું. તીર્થો વગેરે જડ કરતાં ચેતન એવા સંતના દર્શન, સ્પર્શ, સેવા વગેરે કાયમ કરતા રહેવા, જેથી ખોટમાં ન રહેવાય. સંત તો ભગવાનનું કામ કરે છે, જીવાત્માનાં બંધનો તોડી નાખે છે, દિવ્ય બનાવીને ધામનાં સુખ આપે છે અને ભગવાન પાસે પહોંચાડી દે છે.

જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત થઈને અંતર્યામી એવા સાક્ષીમાં અર્પણ થઈને રહે ત્યારે નિર્વિકલ્પ સમાધિમાં જઈને બ્રહ્મલોકનો પામ્યાનું સુખ ભોગવે છે, માયાના તમામ પદાર્થોમાં તૃષ્ણારહિત થાય તેને વશીકાર નામનો વૈરાગ્ય વર્તે. પછી ગુણોની સૃષ્ટિનો તૃષ્ણાહીન એવો થકો ગુણ વૈતૃષ્ણ્ય સ્થિતિમાં આત્મા પરમાત્માનો જોનારો થાય છે. તીવ્ર શ્રદ્ધાળુને જલદી ભગવાન મળે, ભગવાનના ધ્યાનમાં ખૂબ ખૂબ જ ઊતરવું, તેથી આત્મા પરમાત્મા મળે અને પ્રસન્નતા વર્તે, મોટા સત્પુરુષના ચિત્તમાં ચિત્ત મેળવે તો જલ્દી સિદ્ધ થાય છે, તેમાં સત્ય ભરેલી જ પ્રજ્ઞા વર્તે છે, અજ્ઞાન ટળે છે, અને આત્મા મોક્ષ સ્થિતિનો થાય છે.

અને (૧) સર્વ જાણવાનું જાણી લીધું, (૨) તજવાની માયા તજી દીધી, (૩) ચૈતન્યવિજ્ઞાનનો ઉદય થઈ ચૂક્યો, (૪) તત્ત્વોનો વિવેક શાશ્વત વર્તવા લાગ્યો, (૫) ચિદંશના યત્નનું ફળ મેળવાઈ ગયું, (૬) આત્યન્તિક પ્રલય થઈ ચૂક્યો, (૭) બ્રહ્મસ્વરૂપે પરબ્રહ્મમાં પહોંચી ગયો - આવી સાત ભૂમિકાઓની સ્થિતિઓ તે

આત્માના મોક્ષની સ્થિતિઓ એટલે મહાશાંતિઓ જ્ઞાનના શાશ્વત ઉદયો થઈને વર્તે છે. આ જીવ કથાવાર્તામાં ભગવાનનો અભ્યાસ રાખે છે, તો તેને ઈષ્ટદેવ એવા ભગવાનનો વધારે વધારે યોગ સંયોગ થતો જાય છે અને સમાધિમાં વર્તવા લાગે છે, નરનારી ભગવાનને સંભાર્યા જ કરે તો આ સ્થિતિ જાણવી.

હઠ યોગીજન બ્રહ્મરન્ધ્રમાં જઈને સિદ્ધ પુરુષોનાં દર્શન કરે છે, નર-નારી ભક્તિવાળા કર્મયોગીજનો આવા સાધુનાં દર્શન કરે તે સિદ્ધોનાં દર્શન કરતાં વધારે છે અને આ પ્રત્યક્ષ ભગવાનનાં દર્શનસેવન કરે તો સિદ્ધોના સિદ્ધ સિદ્ધેશ્વર એવા પ્રભુ પામવા હતા તે પમાઈ ગયા, સર્વ સાધનોનો ઇતિ આવી ગયો એમ જાણવું, આવા ભક્તને તો દેવો ઈશ્વરો વગેરે પોતાને ઘેર લઈ જવા આમંત્રણ આપે છે, પણ તેમાં બંધાવું નહીં, પોતાને આશ્ચર્ય માનવું નહીં, અને મોક્ષની પૂર્ણ સ્થિતિમાં વર્તવું. આ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતના સંગના કેફમાં જ વર્તવું, જેથી આનો વિયોગ ન થાય અને બીજે ક્યાંય ગુંચવાઈ ન જવાય. ભગવાનની ઇચ્છાથી ભલે તમો અનેક સ્વરૂપે વર્તો પણ બીજા માટે નહિ ભગવાન માટે જ વર્તો.

✣ ઉપદેશ-૪૮ ✣

આ સંસાર આંધળો અને લંગડો ભેગા થઈને ચાલ્યા તેવો છે, માયા જડ છે તે આંધળી છે પણ પગવાળી છે, આત્મા ચેતન છે તે લંગડો છે પણ જ્ઞાનસ્વરૂપી આંખોવાળો દેખતો છે, માયા આંધળી પગવાળી લંગડા દેખતાને ખભે બેસાર્યો અને લંગડો દેખતો બતાવતો જાય તે પ્રમાણે આંધળી પગવાળી આગળ આગળ ચાલતી જાય સૃષ્ટિ સરજતી જાય, તે પ્રમાણે દેહાદિક જડ કર્મના પગવાળા છે તેમા લંગડો આત્મા દેખતો જ્ઞાનવાળો છે, તે બે મળીને સંસારના માર્ગે ચાલ્યા જાય છે. માયા અને આત્મા બંને સંસારના કેડાનો પાર લેવા ચાલ્યા, પત્ની અને પતિ સંસારના પાર માટે ચાલ્યા, માયા પત્ની પોતાના ભોગને ઇચ્છે છે, આત્મા પતિ ભોગ પછી છૂટો થવા ઇચ્છે છે. બંને લાંબે કાળે પૂર્ણકામ થઈ ગયાં ત્યારે વિવેકથી છૂટા પડી ગયાં, અને આંધળી લય પામી ગઈ, દેખતો પરમાત્મા તરફ વળ્યો, તેથી ખાટી ગયો. વાછડાને માટે આંચળમાંથી દૂધ સરવા માંડે છે, તેમ આત્માને ભોગ દેવા માયા વિકારો ઉપજાવવા માંડે છે, તૃપ્તિ થયા બાદ છૂટો પાડી દે છે ત્યારે મોક્ષમાં વળે છે.

નર્તકી નાચ દેખાડીને નાટકમંડપમાંથી નિવૃત્તિ પામી જાય છે, તેમ માયા જગતને નાચ દેખાડીને નિવૃત્તિ પામી જાય છે, જો આત્મા વિવેકથી જોઈ લ્યે તો પછી ઓઝલવાળીના જેવી માયા ફરીથી મોઢું દેખાડતી નથી, સર્વરીતે નિવૃત્તિ પામી જાય છે, અને આત્મા

પરમાત્મામાં ખેંચાઈ જાય છે. માયા પોતે જ બંધનવાળી એ જીવને બંધનમાં રાખ્યો હતો, માયાએ છૂટાછેડા લીધા એટલે જીવ નવરો થયો જેથી મોક્ષભાગી થયો. પત્ની, પતિ બંને નકામાં થયાં પછી ઉદાસપણાને પામીને અતિશય વિયોગી થયાં અને પરલોકને માર્ગે વયાં ગયાં, તે અક્ષરધામનું સુખ પામી ગયાં, આ રીતે પણ સમજીને નિર્લેપ રહેવું તથા ધામમાં જાવું.

આ પ્રત્યક્ષ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અને તેના ઉપાસક એવા નિર્ગુણ બ્રહ્મસ્થિતિના દિવ્ય મહામુક્ત સંતને સેવીને માયાનો લય કરીને અક્ષરધામમાં અમારી પાસે પહોંચી જાવું. આ પ્રત્યક્ષ સેવા બધાં યોગ, બધાં વેદાન્ત, બધાં આનંદ મળી ગયા એમ સમજવું. તમોને મળ્યા એવા આ પ્રત્યક્ષ ભગવાનમાં તમામ બીજા અવતારો, તેમના ચમત્કારો, તેમના ભક્તોની ભક્તિઓ વગેરે આવી ગયા એમ સમજીને આ પ્રત્યક્ષને ભજી લેવા.

✣ ઉપદેશ-૪૯ ✣

આ પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણનારાયણની જ્ઞાનપ્રભાશક્તિ તે સર્વેમાં જાણવી અને સર્વ સૃષ્ટિના પ્રલયના અંત સુધી ક્રિયાની પારવતી એવી સંકલ્પશક્તિ તે આરપાર વ્યાપીને સર્વેમાં રહેલી જાણવી, અને ભક્તોમાં દિવ્ય પરાવાણી તે સરસ્વતી જાણવી. અને ભગવાનની સર્વોપરી સત્તા તે જયા જાણવી, અને ભગવાનની સર્વે દિવ્ય લીલા તે લલિતાશક્તિ જાણવી, અને માણિકી વાહન તે ભગવાનની ધારણશક્તિ તે જાણવી, અને બંસી તે ભગવાનની પ્રેમશક્તિ રાધા જાણવી, અને સંપત્તિ તે લક્ષ્મીશક્તિ જાણવી, અને સુદર્શન તે ચમત્કારી માળાના રૂપમાં જાણવું.

અને ભગવાનનો વેશ, આભૂષણો, આયુધો, ચમત્કારો, ઐશ્વર્યો, ચિહ્નો વગેરે અસંખ્ય મુક્તો જાણવા. અને ધર્મ તે ભગવાનના ક્રિયા વર્તન જાણવાં, અને ભક્તિ તે ભગવાનમાં સ્નેહહેત જાણવું, અને શાસ્ત્ર તે ભગવાનની આજ્ઞા જાણવી, અને ભજન તે ભગવાનના મૂળ સ્વરૂપને તમોને વહાલું લાગે તેવા નામથી કરવું. સર્વે નામોના નામી ભગવાન જ છે. માણસો ચોરે ચૌટે ગપ્પામાં મગજ ખર્ચ્યા કરે તેટલું જો ભગવાનમાં ખર્ચે તો ભગવાન જરૂર સંભાળ લ્યે. જેના તેના સામા જોઈને દિવસ કાઢતા હોય છે, તેટલું જો ભગવાનની મૂર્તિ સામું જોઈને દિવસ સાર્થક કરે તો પ્રત્યક્ષ ભગવાન મળે.

જીવને વિષયમાં ઢાળ છે અને તૃષ્ણા છે, તેથી વિષયોનો અભ્યાસ અને વિષયોનું આલોચન થયા જ કરે છે, તેટલું જ જો ભગવાનનું આલોચન કરે તો કલ્યાણ જરૂર થાય. એકલી શ્રવણશક્તિ માટે વાટ જોયા જ કરે પણ તેટલી તકમાં ભગવાનને હૃદયમાં જોયા

કરે તો ભગવાનની કૃપાયે કરીને સમાધિ સિદ્ધિ પણ થઈ જાય. જેટલો આ જીવ વિનાશી પદાર્થો માટે મહેનતમાં પડે છે તેટલો જ જો અવિનાશી મોક્ષ મેળવવા પ્રયત્ન કરે તો આ જન્મે જ મોક્ષ થાય. જગતના જીવોના તિરસ્કાર જેટલા સહે છે અને મનમાં મનમાં ઓસવાય છે, તેટલું અંતઃકરણમાં જો ભગવાનનું સ્મરણ કરે તો મુક્ત સ્થિતિ થઈ જાય.

✤ ઉપદેશ-૫ ✤

નરનારીઓને સુખના સ્વાર્થ માટે જેટલું સુખના સાધનમાં ધ્યાન ગયા કરે છે તેને બદલે ભગવાનમાં પણ તેવું જ ધ્યાન રાખ્યા કરે તો પણ નિર્ગુણ સ્થિતિને પામી જાય, અમથા અમથા તરંગો થાય અને નિરર્થક બકવાસ કર્યા કરે તેને બદલે મૌન સાચવીને જોઈતું બોલે બાકી ભગવાનનું ભજન કર્યા કરે તો તેને આને આ જન્મે પરમ કલ્યાણ મળે જ, આ સમજીને વિવેકમાં વર્તે તો મોક્ષની સીમમાં પહોંચ્યો જાણવો. ઘરનું કામકાજ, સીમનું કામકાજ, બાળબચ્ચાનું કામકાજ, ઢોરઢાંખરનું કામકાજ, પોતાનું કામકાજ જો ભગવાનના સ્મરણ સોથાસાથ કર્યા કરે તો તે કામ કરનારા નર કે નારી નિર્લેપ જ છે અને ભગવાનને બોલાવવા માટે ભજન કરવાનું જ બાકી રહે તે જો ભજન પણ કરે તો તે પોતાની મેળે ભગવાન આવે અને તેડી જાય, આવી કૃપા આ પ્રત્યક્ષ ભગવાનની છે, તેની કિંમત અનંતગણી છે. લાભ લેવા માંડે તો કમાણી જબરી છે પણ નરકચોરાશીની અરરેટી નથી વીતી માટે ભૂલી જાય છે, મરણ પર્યન્ત ભગવાન ભજતા જ રહેવા.

અંતઃકરણમાં રાળરાળ થઈને ભક્તિ કર્યા કરવી, જયાં ભક્તિ દેખાશે ત્યાં સંત આવશે અને ત્યાં ભગવાન પધારશે. સંતસમાગમમાં ભગવાન મુખ્ય વર્તે છે અને મળી પણ જાય છે. સંતના સમાગમથી મારાં લીલાચરિત્ર, ચમત્કારો જાણવા મળે અને હેત વધવા માંડે તેથી ખરી ભક્તિ ઉપજે. ભગવાનના સંતના સમાગમનું તો ક્ષણમાત્રનું ફળ પણ આખા સ્વર્ગ સ્વરૂપી ફળથી વધારે છે. સંતોના નામસ્મરણથી ઘરખોરડાં પાવન થઈ જાય છે તો તેમનાં દર્શન, સ્પર્શ, સેવા, પગ દાબવા, ચરણજળ પીવા વગેરેમાં શું શું ન થાય ? તીર્થ તથા મૂર્તિઓ કરતાં સંત વહેલેરા વહેલેરા સમાગમીને પાવન કરી દે છે.

જળમાં ડૂબતાને વહાણ તારે તેમ ભવસાગરમાં ડૂબતાને સંત તારે છે, અને અભયપદમાં મોકલી દે છે. સંત સાચી મોક્ષની આંખો આપીને દેવોથી પણ વધારે પરોપકાર કરે છે, માટે સંતને મારા આત્મા માનું છું. અને મારા સ્વરૂપે માનું છે. ભગવાનનાં સંતના સમાગમમાં રહેતા દેહધારીઓ પોતાના પુત્ર મિત્ર, સ્ત્રી, કુટુંબથી પણ વધારે ભગવાનને સંભારવા ભજવાનો લાભ લ્યે છે. એવા સંતોના ચરણરજથી ન્હાવું અને ચરણજળ પીવું તેથી તમામ અનર્થો ઊડી જાય છે.

✣ ઉપદેશ-૫૧ ✣

મચ્છરના ભયથી બંગલો ન મેલી દેક્ત તેમ સંસારના આવરણોથી ભગવાનને ન મેલી દેવા. બ્રાહ્મણ વર્ણથી, જન્મથી, સંસ્કારથી ઉત્તમ છે જ, પણ જો બ્રહ્મનો જાણકાર થાય તો તો શું બાકી રહે ? પણ જો બ્રહ્મને સાવ ભૂલી જાય તોતો તેના કરતાં બ્રહ્મભક્ત એવા ભક્તિવાળો દાક્વર્ણ કે તેથી પણ નાનો વર્ણ તે ભક્તિવડે ઉત્તમ ગણાય જાય છે. કારણ કે તે બીજાને પણ ભક્તિ વડે પાવન કરે છે. જ્યારે ભગવાનથી વિમુખ એવો ઉત્તમવર્ણ તે બીજાને પાવન નથી કરી શકતો તેવો ઉત્તમ વર્ણ તો કેવલ ઘરગૃહસ્થીરૂપી આંધળા કૂવામાં પડેલા છે એમ જાણવું.

મધુરમાં મધુર કલ્પલત્તાથી વધારે ઉત્તમ ભગવાનની પ્રાપ્તિ કરાવે એવું અમથાં અમથાં પણ લીધેલું ભગવાનનું શ્રીકૃષ્ણનારાયણ એવું નામ તે જરૂર તારે છે, એવા નામ લેનારાને ઓચિંતા વિચરતા સંતો મળે છે અને ભગવાન ભેટાવે છે અને શ્રી સ્વામિનારાયણનું ભજન કરી ડંકો દઈ ધામમાં જાય છે.

માતાઓ તે જ સાચી માતાઓ છે જે પોતાના પુત્રને કલ્યાણકારક બોધ આપે- બેટા ! તું શરીરમાં રહેલો આત્મા બ્રહ્મસ્વરૂપ છો, અજ્ઞાન તો ખોટું વળગ્યું છે, સાચું તો જ્ઞાન છે, માટે માયા તજ અને શોકમોહ કરીશ નહિ, નામ તો ઘડી બેઘડી વ્યવહાર માટે પાડવું પડે છે, આ દેહ પણ નક્કી તારું નથી પણ સાચવવું પડે છે, તેમાં બંધાઈશ નહિ, ત્રણ ગુણના વેગ પોતામાં ન માનવા, શરીરની હાનિપુષ્ટિ થાય છે, તુ આત્મા તો ભજન વડે પુષ્ટિ પામીશ.

આ દેહ તો ડગલો છે તે ઉતારીને બ્રહ્મધામનો મોક્ષ મેળવવો, માયાનો સંગ તો બિલકુલ તજી જ દેવો, ન તજી શકાય તો સાથોસાથ સંતનો સંગ કરતો જ જાવો, સંતનો સંગ છે તે મોટું ઔષધ છે, સંસારરોગને ટાળે અને ભગવાન મેળવાવે. સંકલ્પ ન થવા દેવા, પરાણે થતા હોય તો તે સાથે ભગવાનના સંકલ્પો કરતાં જાવ તેથી બીજા સંકલ્પો અટકી જાય, ભગવાનની આરાધના કરનારને ભગવાન ભાસવા માંડે છે. દરરોજ આરાધના સ્તુતિ પ્રાર્થના કરવી.

સંત સમાગમ વડે જીવાત્મામાં સુખ અને આનંદનો કેફ વર્તવા લાગે તો બધાં સ્વર્ગો આવી ગયાં સમજવા, સંતપુરુષના રાજીપા વડે સ્વર્ગ અને મોક્ષ બન્ને મળે છે, તે જો સારો યોગ હોય તો રાજીપો લઈ લેવો. માવતરની સેવા, સંતની સેવા, ગુરુની સેવા, પતિની સેવા, ભગવાનની સેવાભક્તિ આ પાંચ મોટા યજ્ઞો છે, આ સેવા કરનારને સ્વર્ગના સુખ તે આંહી જ છે અને મોક્ષના સુખ પણ તૈયારીમાં જ હાજર રહે છે.

✣ ઉપદેશ-૫૨ ✣

જીવનો સ્વભાવ કીડીના જેવો અવળો હોય છે, આંગળી અડાડે એટલે કીડી અવળી ભાગે, તેમ જીવને સંત સવળે માર્ગે દોરે ત્યારે અવળો ચાલે, તે જો પોતાનું હિત સમજે તો લાભ લઈ લ્યે. મકોડો કડ્યેથી તુટી જાય તોય બટકું મેલે નહિ, જીવ ઢરડો કરીને તુટી જાય તોય માયા મેલે નહિ, સમજીને મેલે તો મેલાય. સર્પે દેડકો પકડ્યો, દેડકાને મોઢે માખ આવી તેને ખાવા દેડકે મોઢું પહોંળું કર્યું. પણ પોતે કાળના મોઢામાં છે તે નથી જોતો. જીવ મરવાની અણીએ પણ માયાનાં જંજાળને નથી તજતો. કેતકીનાં ફુલ ડોળાપાણીમાં નાંખવાથી ડોળ કપાઈ જાય, તેમ સંતનો ઉપદેશ હૃદયમાં બેસવાથી માયાનાડોળ કપાઈ જાય.

સ્વચ્છ ધોળા વસ્ત્રમાં જેવો રંગ ચઢાવવો હોય તેવો ચઢે, સ્વચ્છ હૃદયવાળામાં જેવો સંસ્કાર પાડવો હોય તેવો પડે. માટે આત્યન્તિક કલ્યાણના સંસ્કાર પાડવા તે કાયમ ટકે. મોરનાં પીછડાં બધી રીતે રૂપાળાં આંખવાળા પણ દેખવાની ખામી, તેથી સીમમાં કાઢી નાખે અને પડ્યા રહે, શરીરધારી બધી રીતે રૂપાળો આંખવાળો પણ મોક્ષમાર્ગને દેખવાની ખામી, તેથી માયાની સીમમાં કાઢી નાંખ્યો થકો માયામાં જ પડ્યો રહે છે.

પીંછડાની સાવરણી કચરો ભેગો કરે, માયાનો જીવ પાપ ભેગાં કરે, મયૂરપીંછ મુકુટમાં કામ આવી જાય તો તેનો મોરલો પણ મોક્ષને પામી જાય. મનુષ્યદેહ પ્રત્યક્ષ ભગવાન કે સંત લેખે કામ આવી જાય તો તેનો જીવાત્મા જરૂર મોક્ષને પામી જાય. મનુષ્યદેહ પ્રત્યક્ષ ભગવાન કે સંત લેખે કામ આવી જાય તો તેનો જીવાત્મા જરૂર મોક્ષને પામી જાય. દેહધારીને ઘરડું થાવું નથી ગમતું, પણ કાળ પરાણે ઘરડો કરી દે છે, જો સમજીને ઘરડો થાય તો કાળથી ઉપરવટ વયો જાય, માટે સમજીને મોક્ષ સાધી લેવો.

નરસા દેશ, સમય, સંગ, ઉદ્યમ વગેરેના બળથી જીવાત્મા અનેક પ્રકારના દોષ, ભૂલ, પાપ, અપરાધ કરતો હોય છે. તે જો જરાક જરાક સ્તુતિ કરતો રહે, તો તે તે દોષોને ટાળવામાં ખપી જાય, ભગવાન પ્રસન્ન કરીને મોક્ષને માટે તો કમાણી બાકી રહી જાય, આ કમાણી માટે બમણા, ચારગણા વધારે વધારે ભગવાન ભજવા તો તે વધારાની કમાણી મોક્ષમાં લઈ જવા કામ આવે. પગ ધોઈને કાદવમાં બોળે, પાછો ધોવે પાછો કાદવમાં બોળ એમ કર્યા જ કરે તો પીવા માટે તો બાકી જ રહી જાય માટે વધારે વધારે પાણી મેળવવું અને કાદવથી આઘુ રહેવું. માયામય સંસાર તે કાદવ જ છે, તેથી આઘું રહેવું અને સંતસેવારૂપી અમૃતજળ પીતાં રહેવા, તો ભગવાનની પ્રાપ્તિરૂપી મોટી તૃપ્તિ થાય, આ પોતાનું કામ સમજણપૂર્વક કરી લેવું.

સટ્ટાનો વ્યાપાર ખેલવા માંડે તો તેનું સમૂળું જાય માટે સાચા નફાનો વ્યાપાર ખેલવો, સટ્ટાનો વ્યાપાર એટલે જગતની કોર ઝંપલાવવું, નફાનો વ્યાપાર એટલે સંત અને ભગવાનની કોર ઝંપલાવવું, તેમાં જીવાત્માને બ્રહ્મસ્વરૂપ થવાનો તથા શાશ્વત આનંદની કમાણીનો લાભ જ મળે. ચાર ફેરા ફરીને પત્ની પતિ એકબીજાને અર્પણ થઈ જાય છે, તેમ ચાર પ્રદક્ષિણા કરીને ભગવાનમાં દરરોજ અર્પણ થયા કરવું. પરવશ થઈને રાજા વગેરે કહે તેમ કરવું પડે છે, તો સ્વતંત્ર શાંતિથી સંત કહે તેમ કરવા માંડવુ, તેથી કાયમની પરતંત્રતા મટી જાશે અને ભગવાન જેવા ઐશ્વર્ય આવવા માંડશે.

✣ ઉપદેશ-૫૩ ✣

દરેક દેહધારી પોતાને રાજા જેવો જ ગણે છે, જો ભગવાનને ભજવા માંડે તો ભગવાનની કૃપાથી થોડાં જ સમયમાં સાચો રાજા જ થઈ જાય, બધાનું ઓશિયાળાપણું મટી જાય. લાલચુ, લોભી અને તપસ્વી એ વધારે વધારે દુઃખ સહન કરે છે. પણ ભક્તિવાળો થઈને ભગવાનનો લાલચું, લોભી અને તપસ્વી થઈ જાય તો શાશ્વત સુખનો ખજાનચી બની જાય. જાણી જોઈને ખરાબામાં વાસ કરે તેને ચોખ્ખાઈ ક્યાંથી રહે ? જાણી જોઈને માયામાં ખાબકે તેને શુદ્ધતા ક્યાંથી જળવાય ? પણ શુદ્ધ પાવન એવા આ પ્રત્યક્ષ ભગવાન અને સંતમાં જો વસે તો બ્રહ્માંડોને પણ પાવન કરે એવો પાવનોનો પણ પાવન થઈ જાય.

સ્મશાનમાં મિત્રને બાળવા જાય ત્યારે ઘડીક બેચેની થઈ જાય, ત્યારથી જો ભગવાન ભજવા માંડે તો માયાની બેચેની મટી જાય અને ઉદ્ધરી જાય. ઉપકારને બદલે અપકાર મળે ત્યારે વૈરાગ્ય થઈ જાય, ત્યારથી જો ભગવાનમાં વિરામ લેવા માંડે તો ભગવાન બધો બદલો વાળીને અનંત સુખનિધિ આપે. તારોડિયો ખરે તેનું અજવાળું જોઈને રાજી થાય પણ પોતાનું શું થશે તેનો વિચાર કરી લ્યે તો તો જરૂર ભજવા જ માંડે માટે વિચારીને ખૂબ ખૂબ ભજવા.

આ પ્રત્યક્ષ ભગવાનને ઉદ્ભિજ એવી વનસ્પતિ, તમામ લીલી સૃષ્ટિ રસદાર, સુગંધદાર બનાવી અને સ્વેદજ, જરાયુજ, અંડજ એવી સૃષ્ટિ દુર્ગંધવાળી બનાવી, તે વૈરાગ્ય વાસ્તે બનાવી છે, માટે તેમાં નિર્બન્ધ રહેવું અને ભગવાન ભજી લેવા. જો વૃક્ષ, વેલી, તૃણ આદિ દુર્ગન્ધીવાળા બનાવ્યા હોત તો જીવોને શું ગમત ? માટે તે પણ શ્રીહરિની દયા જાણવી. કન્યાનું સગપણ થયા પછી પોતાની વૃત્તિ પતિમાં પહોંચી જાય છે અને ત્યાં તેને પોતાનું ઘર મનાય છે, કારણકે બધા સૌભાગ્ય પતિને લઈને છે, તેમ જીવને શરણાગતિ લઈને ભગવાનને ત્યાં સર્વપ્રકારે વૃત્તિ તથા ઘર તથા સૌભાગ્ય મનાવા

લાગે તો ભગવાન ઉદ્ધારી લે છે, પણ સાથે રહેવા જેવી કે ટૂંકી નોકરી જેવી વૃત્તિ રાખે તો પાછો ફેરો માથે રહે છે.

ગાયું, ભેસુ, બકરાં, ઉંટિયા, અશ્વ, હાથી, વૃષભ વગેરે વાહન તરીકે ધણીની લગામ પ્રમાણે વર્તવામાં બરાબર ધ્યાન રાખે છે તેમ ભગવાનની લગામમાં સુરતા રાખે તો જન્મમરણ ઊતરી જાય. જડચેતન તમામ સૃષ્ટિ પરમેશ્વરના નિયમમાં પસાર થતી જાય છે, તેમ આ જીવ પોતાનું ધાર્યું મેલીને પરમેશ્વરના નિયમમાં પસાર થઈ જાય તો અક્ષરધામમાં જરૂર જાય.

✣ ઉપદેશ-૫૪ ✣

ભગવાને તો બધૂંય તૈયાર કરીને આપ્યું છે તેમાં જીવ બેઠો બેઠો રાજય કરે છે એટલો મહિમા ભગવાનનો સમજે અને ભગવાનને કરવેરો ભરે તો જમપુરીમાં ન જાવું પડે, તે કરવેરો દેહવડે, ઈન્દ્રિયો વડે, અંતઃકરણવડે, ભક્તિભાવવડે, સમયવડે, ઉદ્યમકમાણી વડે, ધનદોલત વડે, સગાકુટુંબ વડે અને આત્માવડે જાણવો. પોતાના નિર્વાહ કરતાં વધારો બધો પ્રભુનો એમ કરવેરો ભરતો રહેવો, પોતાના નિર્વાહમાં પણ પ્રભુનો ભાગ જ છે એમ નિર્ગુણ કરવેરો સમજણથી માનવો.

જંગલમાં રહેતા એકલા જંગલી માણસને પણ એટલું તો ભાન હોય છે કે હું કોઈકના રાજયમાં છું જ, તેમ જીવે પણ ભગવાનના રાજયમાં છું એવું અનુસંધાન વધારે પુરતું રાખવું જેથી બીજાનાં રાજયમાં અવરાવા ન જાવું. કાળ, માયા, કર્મ, વગેરેના રાજય તે છેતો પરમાત્માનાં જ રાજય, પણ જીવ જો ભગવાનનું રાજય ભૂલી જાય તો બીજાઓ બળ વાપરી બેસે અને હેરાન કરે માટે ગલપટ્ટો કમ્મરપટ્ટો ભગવાનનો તો રાખવો જ તે શું ? તો કંઠી, માળા, તિલક, ચાંદલો વગેરે અને નામ પણ તેનું જ ભજવું.

અજ્ઞાનથી બીજે વળગાય છે પણ સમજણથી સંતમાં વળગાય તો સંસારના વળગાડ ટળી જાય. જેને જેને અજ્ઞાનમાં સુખરૂપે માન્યા છે તે તે જ્ઞાનદશામાં દુઃખરૂપ જ જણાય છે. સંસારનો સંગ સાવ તજી દેવો પણ ન તજી શકાય તો ભેગો ભેગો સંતનો સંગ કરતો જાવો. કામના સાવ તજી દેવી પણ જો તે ન તજી શકાય તો ભગવાનમાં મોક્ષની અને સંતમાં નિર્ગુણપણાની કામના કરતી જવી. જેમાં સારી ભાવના થાય તે શુભમાં ગણાય. જેમાં નરસી ભાવના થાય તે અશુભમાં કલ્પાય. માટે ભાવના સારી હોય તો સારૂં ઉપાર્જન મળે તેણે કરીને સદ્‌ગતિમાં જવાય.

સજીયો જેમ કેશને કાપે છ ચર્મને નથી કાપતો કારણકે કારીગરના હાથમાં છે તેમ આ આત્મા મોક્ષ માટે કારીગર થાય તો જ્ઞાનરૂપી સજીયા વડે માયાનાં બંધનોને કાપી

નાખે અને મોક્ષરૂપી બખતરને સાચવી લ્યે. કલમ પોતાની અણી પ્રમાણે જ અક્ષરો ચીતરે છે, જીવાત્મા પોતાના કર્મ પ્રમાણે જ શરીરોને પ્રાપ્ત કરે છે. શ્યાહી ખલાસ થાય તો તો અક્ષર ચિતરાતા બંધ થાય, કર્મ ખલાસ થાય તો શરીર ચિતરાતા બંધ થાય.

✣ ઉપદેશ-૫૫ ✣

મંદિર, સંત કે કથા ન ગમતા હોય તો તમે પોતે મંદિર, સંત કે કથા જેવા પવિત્ર થઈને પણ પોતામાંથી મેળવવાનું કરો, પોતે થઈ શકો નહિ અને મંદિરો વગેરેને મેલી ઘો તો બેય કોરથી લટકાય તેમ ન કરવું, બન્ને કરવું પણ એક તો જરૂર કરવું. વ્યાપાર અને લાભ માટે કેવા દુઃખ વેઠીને દુર દેશાન્તર જાય છે, તેવા દુઃખ વેઠીને ગુરુ એવા સત્પુરુષનાં દર્શને જાય તો બ્રહ્મયજ્ઞ (વિષ્ણુયાગ) ફળ મળે, ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનાં ફળ બ્રહ્મવેત્તા સંતને દર્શને જવામાં થાય છે. કારણકે મોક્ષરૂપી બક્ષીસ સંત પાસેથી મળે છે, આ બક્ષીસ તો અસંખ્ય અશ્વમેધો કરતાં અધિક અશ્વમેધોનું ફળ સ્વર્ગ અંતવાળું છે. મોક્ષરૂપી ફળ અનંત છે. માટે સમજણથી બ્રહ્મવેત્તાના દર્શને જવું.

કમાનારો શું કમાય ? જ્યાં કાલે આજે નહિ, પછી અને જાવ એવા શબ્દોએ ઘર ઘાલ્યું હોય. કમાનારો તો તે કમાય, જ્યાં આજ જ, હમણાં જ, ચાલો શબ્દોએ સ્થિરતા કરી હોય. માટે માયાના ફંદામાં ન આવવા તો કાલ, પછી, જાવ, એવા બાનાઓ ગુણરૂપ છે, પણ મોક્ષના કામમાં તો એવા બાનાઓ દોષરૂપ જ છે. માટે મોક્ષમાં ગુણરૂપ એવા આજ જ, હમણાં જ, ચાલો એવી પરાવાણી સહિત ઉત્સાહ રાખવો, સમુદાયના કામમાં બીજાની વાટ જોવી પણ મોક્ષના કામમાં બીજાની વાટ ન જોવી, જેટલું આવડે તેટલું આદરી જ દેવું. બીજાનો સત્સંગ થાય ત્યારે આદરેલમાં વધારો કરવો અને ઉત્તમ મોક્ષમાર્ગે ચાલવું. જે ઘરનું કામકાજ પુરૂ ન કરે તો તે પરનું શું કરશે ? માટે ઘરનું એટલે આત્માનું અને પરનું એટલે મોક્ષનું તથા પરમાત્માનું કામકાજ જે ભગવાન અને સંતની પ્રસન્નતા તે તો સાધી જ લેવી. વાડવાળે છૂટ આપી હોય તો નીકનો સાંઠો લેવો, દેશકાળાદિ કે સારી નવરાશરૂપી છૂટ આપી હોય તો ભગવાન અને સંતનો રાજીપો તે નીકનો સાંઠો ગણીને લઈ લેવો.

ગણેશજીનાં બે દિકરા શુભ અને લાભ, ભગવાન અને સંતનો શુભ આશ્રય કરવો તથા મોક્ષનો લાભ મેળવવો, તેમાં વિઘ્નો ન નડે, તે સિવાયના શુભ અને લાભ પણ વિઘ્નોના ભાઈઓ જ છે, તે સાથે જ હોય, માટે સાચો પ્રયત્ન આત્યન્તિક શુભ અને લાભ માટે કરવો. વેચનારો ત્રાજવે બીજી ચીજને તોલે અને ગજથી માપે પણ પોતાને કાળ તોળી રહ્યો છે તથા માપી રહ્યો છે તેનું અનુસંધાન ન રાખે, જો આવું અનુસંધાન રાખે તો ભગવાન ભજી જ લેવાય.

સર્વે સુખિયા થવા કામધંધા કરે છે, આત્યન્તિક સુખિયા થવા માટે સત્સંગ ભજનભક્તિરૂપી કામધંધો પણ કરતો જાવો. તાજું પાણી પાયેલી રીંગણીને હિમ ન લાગે, તાજા સત્સંગ રેડેલા હરિભક્તને કાળની ચોટ ન લાગે. આંબલવાણું પીધેલ વ્યક્તિને લૂક ન લાગે તેમ બ્રહ્મરસ પીધેલાને ત્રિવિધ તાપ ન લાગે, સંત પાસેથી બ્રહ્મરસ પીતો રહેવો.

✤ ઉપદેશ-૫૬ ✤

મનુષ્યોને ધન, દોલત, મિલ્કત, જમીન, રોકડ, વગેરેમાં અતિ મમતા બંધાયેલી હોવાથી તેને ઓછી કરવા દાનધર્મ સોંપ્યો છે, તેથી મમતા ઓછી થાય અને પરોપકાર તથા ભગવાન લેખે વપરાય તે નિમિત્તે પણ સદ્ગતિએ જાય. દેવોને કેવલ ભોગવિલાસ જ પ્રધાન હોવાથી તેમને દમન એટલે ઈન્દ્રિયનિગ્રહ સોંપ્યો છે, તે જો નિગ્રહ પાળે તો જરૂર સદ્ગતિનો આપનાર ભક્તિવાળો ઉત્તમ જન્મ મળે અને મોક્ષગતિ મેળવે. દાનવોને ક્રુરતા વધારે જેથી હિંસા કર્યા કરે તેથી તેમને દયા સોંપી છે જેથી કાંઈક પાછા વળે અને સદ્ગતિનો માર્ગ દેખે તો રૂડું થાય, આવા દાન, દમન અને દયા જો મનુષ્યો ભગવાન લેખે કરવા માંડે તો જરૂર મોક્ષમાં જાય આમ અનુસંધાન રાખવું.

હજામત કરાવવા બેસે ત્યારે રાજા પ્રજાને જેમ માથું ફેરવાવે તેમ ફેરવે તેટલું જો ભગવાન અને સંત પ્રતિ વિનયથી ફેરવે તો તો મોક્ષમાં જ પહોંચી જવાય. અતિશય ગઢપણ અને રોગમાં તમામ સહન કરવું પડે તેટલું જો ભગવાનને રાજી કરવા સહન કરે તો શુદ્ધ થઈ જવાય અને મોક્ષમાં જવાય. સ્વાર્થ માટે ઊંઘ, નાણાં, આરામ વગેરે ફનામકા કરી દ્યે છે, તે જો ભગવાન અને સંત અર્થે સમજીને કરે તો મોક્ષમાં જરૂર જાય.

ગંદા શરીરની સેવામાં પરાણે રહેવું પડે છે, તેટલી જો ભગવાન અને સંતની સેવામાં હાજરી રાખે તો અંતકાલે ભગવાન અને સંત તેડવા આવે. બધું ખોટું ખોટું છે એમ અભ્યાસ કરતાં એક દિવસ ખોટું થઈ જશે તો બ્રહ્મસ્થિતિ મળી જશે આ વાત એમ જ છે. દરરોજ ખોટું ન હોય પણ જેદી અણગમો થાય અને ન જ જોઈએ તે દી ખોટું થઈ જાય તો ધામમાં ચાલ્યું જવાય.

બધું સાચું માનનારાને પણ કોઈક દિવસ તો ખોટું કરવું જ પડશે. આખી જિંદગી ઝેરની જ છે, તેને સાકર માની બેઠા છે, જો ભગવાનના સંબંધમાં આવી જાય, સાચી સાકરનો લાભ લઈ જાય તો આ જીવ ખાટી જાય. નાક કાન કપાવવા સારા ન લાગે પણ વિંધાવવા તો સારા લાગે, કેમ જે બધાયને તે ગમ્યું, તેમાં ઘરેણાં પહેરવાનો આનંદ માન્યો, તેમ વિષય નાશ કરવા તો સારા ન લાગે, પણ વિષયોને ભગવાન વડે વિંધવા

જો સારા લાગી જાય તો દિવ્ય ચમત્કારનાં ઘરેણાં પહેરાઈ જાય અને જો સાચી શોભા મેળવાય માટે સહેતાં સહેતાં પોતાના દેહ, ગેહ, ધન, ધામ, સંપત્તિમાં ભગવાન અને સંતરૂપી ઘરેણાં પહેરી લેવા.

એક કરોડનો ખર્ચ કરે તોય ભગવાન રાજી ન થાય અને એક હાવભાવથી રાજી કરી લે, આ પણ ધ્યાનમાં લેવા જેવું છે. મોટા સમ્રાટ કરોડોગણી ધામધૂમથી પણ ભગવાનને રાજી ન કરી શકે અને કુબ્જા જેવા ભક્ત ગાલે મીઠો ચીંટીયો ભરીને ભગવાનને રાજી કરી લે અને જો મોક્ષ સાધી લ્યે માટે જે વડે ભગવાન રાજી થઈ જાય તે અમૂલ્ય ચીજ જાણવી. અને જે વડે રાજી ન થાય તે નકામી ચીજ જાણવી. છપ્પનભોગ વડે રાજી ન થાય પણ તાંદુલ વડે રાજી થઈ જાય. રાવણે આખો કૈલાસ ધુણાવ્યો તોય શંકર રાજી ન થાય અને ડરીને પાર્વતીજી શંકરના ખોળામાં પેસી ગયા અને શંકર તરત જ રાજી રાજી થઈ ગયા. છેવટની ઘરડી અવસ્થામાં જયારે બધાય નકામા ગણે ત્યારે વરસ, બે વરસ જેટલું જીવે તેટલું રાત દિવસ ભગવાન ભજવા માંડે તો આખી જિંદગીનું સાટું વળી જાય અને છેડો સુધરી જાય.

✤ ઉપદેશ-૫૭ ✤

ભાગવતધર્મ, માહત્મ્યજ્ઞાન, આંતરિક હેત, અનુવૃત્તિવાળી સેવાભક્તિ, હૃદયમાં વિશ્વાસ, મૂર્તિનું ધારણ, ભગવત્કૃપા, સંતનો ઓથ આ આઠમાંથી એક પણ હશે તો મોક્ષમાં પહોંચાશે જ. રોગ, અકર્મીપણું, સંશય, પ્રમાદ, આલસ્ય, રાગ, ભ્રાંતિભાવ, અસ્થિર લક્ષ્ય, અનવસ્થિતપણું, ઉદ્વેગ, નવરાશ ન હોવી, આવા ચિત્તના વિક્ષેપોનો દાબીને ભગવાનમાં એકાગ્રતા કરવી. અશાન્તિ, અશ્રદ્ધા, અવિશ્વાસ, અનેક ચિંતાઓ, મનભંગપણું, ફફડાટ, ભય, દમનો ઉત્પાત, કાયમ માણસોનો ઘેરાવો, મોટો કારભાર, માનમાં ફુલણજીપણું, કામવાસના, દ્વેષભાવ, કાયમી પ્રવૃત્તિ, ઉપાર્જનની તૃષ્ણા, સારું દેખી ન ખમાય, પારકા દોષ જોવાની ટેવ, શેખચલ્લી જેવા વિચારો, સદા અધૂરિયાપણું, મોટો મોહ, અંધાધૂંધીનો વર્તાવ, લઉ લઉં વૃત્તિ, અતિ ક્રોધ, અતિ ઈર્ષ્યા, બળાણિયાપણું, કદર્યપણુ, એદીપણું, વાયડાપણું, ગાંડાપણું, મૂર્ખતા, નાસ્તિકતા, વિરોધી વલણ, ખરાબ વ્યસન અનીતિ પરાયણતા એશઆરામમાં પડ્યું રેહવાપણુ, સ્વાર્થીપણું, ખરાબ ઉપદેશ, ખરાબ સંગ, ખરાબ દેશ, ખરાબ કાળ, ખરાબ ક્રિયા, ખરાબ મંત્ર, ખરાબ ધ્યાન, મલિન દીક્ષા, હિંસા, દ્રોહ વગેરે પાપ, ખોટાઈ, ડગલે અને પગલે ચોરપણું, કેવલ દેહાત્મબુદ્ધિ, મિથ્યા ડહાપણ, ક્રુરતાં, આરોપી સ્વભાવ, અડબંગાઈ, અડોડાઈ, કાસળિયાપણું, અતિ ઉંઘણશીપણું, અછકલાઈ, ઝેરી વૃત્તિયું આ વિક્ષેપોના છપ્પન સાથીદારોને જીતીને ભગવાનમાં વૃત્તિયો રુન્ધવી અને સંતસમાગમમાં રહેવું.

જેની બધા પ્રકારની ભાવના ભગવાનમાં થઈ તેની વાસના ટળી જ જાય છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશના આ પાંચ ભૌતિક સ્થૂળ દેહમાં ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એવા પાંચ વિષયરૂપી સૂક્ષ્મદેહ પણ રહ્યો છે તે બંનેને ભોગવવા કાન, ત્વચા, આંખ, જીભ, નાસિકા, વાણી, હાથ, પગ, મળની ઇન્દ્રિય અને મૂત્રની ઇન્દ્રિય એવી દસ વૃત્તિઓની સેડ્યો વહ્યા કરે છે, તથા મન, બુદ્ધિ, ચિત્, અને અહંકાર એવા ચાર અંતઃકરણોના જ્ઞાનના પ્રવાહો રૂપી વૃત્તિઓ તે પણ નીપજ્યાં જ કરે છે, અને એક જીવવાની પ્રાણની વૃત્તિ અને એક જીવમાં ચૈતન્યભાવની જ્ઞાનવૃત્તિ, આ સોળ વૃત્તિઓ આત્મામાંથી જ ઊપજતી રહે છે, આ સોળ પણ સૂક્ષ્મ શરીરમાં જ ગણાવેલ છે.

આવા મિશ્રિત સૂક્ષ્મ અને સ્થૂલ મળી એકવીશ તત્ત્વો અને સત્વ, રજ, તમ એવા ત્રણ ગુણો મળી ચોવીસ તત્ત્વો તે જીવાત્માને પાંચ ભૂતના દેહમાં તથા વિષયોમાં તથા પદાર્થોમાં રાગ ઉપજાવીને વાસનાવાળો કરીને રોકે છે, જન્મજન્માતર લેવરાવે છે. તેવાં ચોવીસ તત્ત્વોને જો પરમાત્મામાં અને સંતસમાગમમાં વર્તાવવા લાગે તો તે તત્ત્વો રાગરહિત થઈને નિર્વાસનિક કરાવીને શ્રેયગતિમાં લઈ જાય છે. તે ચોવીસ તત્વો જો સ્વતંત્ર સંસારી પદાર્થોમાં જ રાખે તો જન્મમાં ખેંચી જાય છે. તે ચોવીસ તત્ત્વો જીવને સુખદુઃખમાં વર્તાવે છે. જ્ઞાન, અજ્ઞાન, મોહમાં વર્તાવે છે તથા વાસના અને ભાવના ઉપજાવે છે. જીવને ગર્ભમાં વાસ આપવા લઈ જાય તે વાસના નામનો સંસ્કાર જીવમાં છે.

✣ ઉપદેશ-૫૮ ✣

ભગવાન અને સંતની ભાવના વધવા માંડે તો વાસના નાશ પામવા માંડે. આ વાસના લીન રહી થકી ગતિ કરાવે છે તેથી ''લિંગ શરીર'' કહેવાય છે. ભાવના વડે લિંગ શરીર ટાળવું, વાસના અને દુઃખ ભેળા જ હોય છે, જો ભાવના થાય તો સુખી થવાય. જીવ અજ્ઞાની છે, તે અજ્ઞાન કારણ શરીર છે. જ્ઞાન શરીર વડે અજ્ઞાનને ટાળવું, જ્ઞાનને તુર્ય શરીર ગણાય, જ્ઞાન વડે અજ્ઞાન ટળે, આત્મા-પરમાત્મા અને સંતનું જ્ઞાન તથા આત્મા પરમાત્મા અને સંતની ભાવના થાય તો વાસના નાશ પામે છે, માટે જ્ઞાન સાધન શરીર છે.

શાસ્ત્ર અને સદ્‌ગુરુ દ્વારા જો જ્ઞાન-વિજ્ઞાન થાય તો સ્નેહભક્તિ થાય અને મોક્ષમાં જવાય માટે જ્ઞાન-વિજ્ઞાન મેળવવું, તે જ્ઞાન-વિજ્ઞાનરૂપી પ્રકાશમાં માહાત્મય સહિત હેત ઉપજે જ છે, બીજેથી હેત મટી જાય છે. હેત મટવું તે વૈરાગ્ય, હેત થવું તે ભક્તિ. માહાત્મય સમજવું તે જ્ઞાન-વિજ્ઞાન અને આત્મનિવેદીપણાની ક્રિયાઓ તે ભાગવતધર્મ. આ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચારે સાધનો પૂર્ણ વર્તવા લાગે તો

મોક્ષ જેવું સુખ વર્તવા લાગે અને અક્ષરધામમાં જવાય, આ ચાર સાધન ભગવાન સંબંધી ક્રિયાઓ તે પણ નવધા ભક્તિરૂપ જ છે. ભગવાનના જ્ઞાન-વિજ્ઞાનવાળી માહાત્મય સમજણ તે પણ નવધા ભક્તિમાં જ છે, વૈરાગ્ય તે પણ ભગવાનમાં જ પ્રીતિ, નવધા ભક્તિમાં જ છે, અને સ્નેહ સેવા ભક્તિ તે પણ નવધા ભક્તિમાં જ છે, આવી ચાર સાધનની પિંડરૂપી એકલી ભક્તિ તે મોટું સાધન છે.

ભક્તિવાળામાં ભગવાન વસે છે અને સાક્ષાત્ મળે છે, તેથી તેવા ભક્તનાં દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, પ્રાણ અને ચૈતન્ય એ સર્વે નિર્ગુણપણાને તથા દિવ્યપણાને તથા ભગવત્પણાને પામી ગયેલા જાણવા, એવા ભક્તમાં માયા નથી, કાળ નથી, તેથી વાસના પણ નથી, તેવો ભક્ત છતે દેહે જ અક્ષરધામમાં વર્તે છે અને મુક્ત જ છે, આવા ભક્તના યોગે કરીને સંસારી દેહધારી જીવ નિર્ગુણપણાને પામીને મુક્ત થઈ જાય છે એવા નિર્ગુણ દિવ્ય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મસ્વરૂપ ભગવાન જેવા સંતનું વિચરણ કામકાજ સર્વે જે કાંઈ તે બધૂંય જીવોના મોક્ષ માટે જ હોય છે, આવા ભગવાનના ભકતના યોગે કરીને અસંખ્ય જીવના જીવો તરી જાય છે.

સાધવા યોગ્ય જે ભગવાન અને સંત તેમને જ સાધન કરી લેવા, તેથી કરીને તરવામાં વીમો નહિ, તેના દર્શન, સ્પર્શ, નમન, પરિચર્યા, ચાકરી, પૂજન, ભોજન, અંગમર્દન, જળપાન, વસ્તુદાન, સંતસમાગમ, દાસભાવ, અનુવૃત્તિપાલન, દિવ્યચિંતન, પ્રસન્નતાકારણ, શરણ, વિશ્વાસ, સોંપણી, દીનભાવ, ચઢતી સમજણ, અનુકુલવર્તન, આજ્ઞાપાલન, સર્વસમર્પણ, સ્નેહપ્રીતિ - આ ચોવીસ પ્રકારમાંથી એકપણ કરવા માંડે તેને ભગવાન અને સંત નજીક નજીક થવા માંડે, તે રાજીપાનો સાગર મેળવીને અક્ષરધામમાં ભગવાનની સેવાવાળો વસવાટ મેળવે છે, આ સમજણ તે સાંખ્યયોગ, વેદાન્ત, ન્યાયતર્ક, કાવ્યપુરાણ, ઇતિહાસ, સૂત્ર, ધર્મશાસ્ત્ર વગેરેના સારરૂપ સમજણ છે, જેમાં સાક્ષાત્કાર વર્તવા લાગે અને અગણિત આનંદમાં ગરકાવ રહેવા માંડે છે.

✣ ઉપદેશ-૫૯ ✣

સાકરના રસનું નાળિયેર, જેમ એક સાકર જ તત્ત્વ છે, તેમ ભગવાન શ્રીહરિ પણ અક્ષરધામમાં સચ્ચિદાનંદમૂર્તિ સાકાર, સુંદર, કિશોરસ્વરૂપ એક જ તત્વ પોતે જ દિવ્યમૂર્તિ છે, તેમના મુક્તો પણ સચ્ચિદાનંદ જે આત્મા તે રૂપી જે ચૈતન્ય તે ભગવાનની જેવા જ સ્વરૂપસત્ દિવ્યજ્ઞાનન્દમૂર્તિ થઈને ધામમાં હજૂરમાં વર્તે છે, જળનો બરફ થાય છે, તેમ ચેતનાત્મ જ્ઞાન ચૈતન્યની મૂર્તિ રૂપે સાકારપણે ભગવાનની સેવા કરે છે. અક્ષરધામની સીમના વિભાગમાં અસંખ્ય ધામો વસેલાં છે, તેમા અવતારોને દિવ્યસ્વરૂપે ભગવાન

તેના તેના ઉપાસકોને મળે છે. ભગવાન જેવી જ સારૂપ્ય આકૃતિની ઇચ્છાવાળાઓને તેવો મોક્ષ મળે છે. સખાભાવ, દાસભાવ, પ્રીતિરીતિ, આનંદભાવવાળા એવા ભક્તોને તેવો મોક્ષ અને આનંદ મળે છે.

પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પોતાના તમામ ભક્તમંડળોને તેની ઇચ્છા મુજબ સુખ આપે છે, ભક્તજને પોતાને જેવા સુખની ઇચ્છા હોય તેવા ભાવ વડે ભજવા તથા તેવા ઇષ્ટસ્વરૂપને પામવાની ઇચ્છા રાખવી. ભગવાન કહે છે જે જેઓ જેવી ભાવનાથી અમોને પામવા ઇચ્છે છે અમો તેને તેવા થઈને મળીએ છીએ અને તેના મનોરથ પૂરીએ છીએ.

તમામ સેવાભક્તિમાં પતિવ્રતાભક્તિ વધે છે. સ્વામીમાં પતિવ્રતાને સ્નેહની હદ હોતી નથી તેથી ભગવાન પણ તેવો જ આનંદ આપે છે. ગોલોક, વૈકુંઠ, અવ્યાકૃત, અમૃત, શ્રીપુર વગેરે ધામોમાં તો તે પ્રમાણે જ ભક્તાત્માઓને સુખી કરે છે, તે ભક્તોને પૂર્ણકામપણું વર્તે છે. અસારૂપ્ય મુક્તિવાળાઓ જ્યારે સારૂપ્યમુક્તિ ઇચ્છે ત્યારે પોતાને સ્વરૂપે નિષ્પન્ન આવિર્ભાવવાળા કરી દે છે, આવી પ્રત્યક્ષ ભગવાનની ઉદારતા છે.

નાભિના કન્દને બોંતેર હજાર નાડિઓનું મૂળ કહેવાય છે, પ્રાણાયામો વડે તે કંદના મુખના છિદ્રને પહોળું કરે, પછી તેમાં પ્રવેશ કરીને યોગી જીવાત્મા સમગ્ર શરીરમાં વિચરે, ત્યારે પિંડમાં જ બધું બ્રહ્માંડ દેખે છે, પણ જો ભગવાન અને સંતને માટે પ્રાણ પાથરે તો તેને કૃપાવડે મૂર્તિ દેખાવા લાગે છે અને મૂર્તિમાં સૃષ્ટિ આખી જોવા ઇચ્છે તો દેખાવા લાગે છે, તેથી બીજું કાંઈ જોવું બાકી રહેતું નથી, માટે આ વાત ઉત્તમ છે.

✣ ઉપદેશ-૬૦ ✣

મન ભગવાનમાં એકાગ્રતાને ન પામતું હોય અને ઘાટસંકલ્પ બહુ જ થતા હોય, તેને તે જ ક્ષણમાં બંધ કરવા હોય તો તુરત જ પ્રાણાયામ કરવો. પ્રાણ રોકવાથી મન, ઇન્દ્રિયો અને અંતઃકરણની સ્ફુરણાઓ લીન થઈ જાય છે, જેમ અગ્નિનો સખા વાયુ છે, વાયુ મળે ત્યાં લગી અગ્નિ ઝબકે અને જવાળાઓ થાય, પણ કોઠીમાં નાંખીને ઢાંકણું દઈએ તો તુરત જ ઓલાઈ જાય, તિખારાઓ પણ નીકળે નહિ, જો પવન જરાક પણ મળે તો ઝળકવા માંડે, પવન ન મળે તો મુંઝાઈને ઓલાઈ જાય, તેમ ઇન્દ્રિયો અંતઃકરણની વૃત્તિઓરૂપી સ્ફુરણાઓ એટલે ઘાટસંકલ્પો વગેરે જે જ્ઞાનના પ્રવાહો નવા નવા તરંગો તે બધા પ્રાણ બંધ કરવાથી તરત જ બંધ થઈ જાય છે, જે બે-ચાર મિનિટ પ્રાણ બંધ થાય તો તો જ્ઞાન સ્ફુરણાં જીવનવૃત્તિ અંતઃકરણની વૃત્તિઓ અને ઇન્દ્રિયોની વૃત્તિઓ તે તમામ મૃત્યુવશ થઈ જાય છે, નિપજતી જ નથી, જીવાત્મામાં સંસ્કારરૂપે લીન પડી

રહે છે, અને જો ઘાટસંકલ્પોની ધારા વહેતી હોય તો તે બંધ થઈ જાય છે એટલે લીન થઈ જાય છે અને વધારે પ્રાણ બંધ રહે તો જીવાત્મા પણ બ્રહ્મરન્ધ્ર તરફ ઊપડવા તૈયારી કરે છે, અને જો પુણ્યશાળી યોગી બ્રહ્મવેત્તા પુરુષ હોય તો તો બ્રહ્મરન્ધ્રમાં કે નેત્રોમાં કે મુખમાંથી વિદાય લેવા તત્પર થઈ જાય છે. અને જો પુણ્યશાળી સિદ્ધપુરુષ ન હોય તો તે તેને નાડીઓમાં નીચલા ભાગોમાં ઊતરવાનું થાય છે અને અસદ્ગતિમાં જવાય છે, માટે પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિની ધારણા અને ધ્યાનનો અભ્યાસ કરવો.

પ્રત્યક્ષ શ્રીહરિ અનિર્દેશમાં આઘા હોય પણ તેની ચિત્રાપ્રતિમાં પ્રત્યક્ષ આગળ પધરાવીને ધારણાધ્યાનનો અભ્યાસ કરવો. પૃથ્વીમાં ભગવાન પરદેશમાં કે સ્વદેશમાં આઘા હોય તો પણ મૂર્તિમાં અભ્યાસ કરવો, તે અભ્યાસ વધવા માંડે તો મન સ્થિર થાય અને મનને પકડવાનું બળ પણ વધે, એમ ચારેય અંતઃકરણને પકડવાનું બળ આવવાથી ઘાટસંકલ્પોને બંધ કરી શકાય છે. તથા સિદ્ધદશા અનુભવાય છે. આ અભ્યાસ લાંબે કાળે જરૂર સિદ્ધફળવાળી દૃઢતાને પામે છે, માટે તુરંત ઘાટસંકલ્પો બંધ કરવા હોય તો પ્રાણાયામ કરવા માંડવું, ધીરે ધીરે પ્રાણને નિયમમાં કરવો, અને મૂર્તિમાં ધારણાધ્યાનનો અભ્યાસ કરવો એ બે પ્રકાર જો ન બની શકે તો મોટા સંતની પ્રસન્નતા મેળવવી, તેણે કરીને શાંતિ વળી જાય છે અને ઘાટસંકલ્પો બંધ થઈ જાય છે.

ભગવાનના ભક્તે તો દરેક પદાર્થોમાં તથા વિક્ષેપો અને ઉપાધિયોમાં પણ ભગવાનની મૂર્તિને ઓતપ્રોત કરતા રહેવું, સારી નરસી બધી સ્થિતિઓમાં તથા જાગ્રત, સ્વપ્નાદિક અવસ્થાઓમાં તથા પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં સર્વે વ્યવહારોમાં ભગવાનની મૂર્તિને સાથોસાથ રાખતા રહેવું, તમામમાં શ્રીહરિના રૂપને ઉપસ્થિત કરતા રહેવું. તમામ વિષયોમાં ભગવાન સંબંધી વિષયોને ઉત્તમ કરીને સંભારતા રહેવા તથા વખાણતા રહેવા, આવો સબીજ અભ્યાસ કરવા વડે ઉપાધિવાળા ગૃહસ્થને પણ ભગવાનમાં લાંબે કાળે કરી એકાગ્રતા થવાથી સિદ્ધદશા થાય છે. અને મહાશાંતિ મેળવીને, નિરોધ પામીને સિદ્ધદશાનો તથા મોક્ષસ્થિતિનો અનુભવ થવા લાગે છે, માટે તેવા પ્રત્યક્ષ શ્રીહરિનો અન્વયપણાનો અભ્યાસ કરતા શીખવું.

✣ ઉપદેશ-૬૧ ✣

માણસને ખાવા શેર બશેર જોઈએ છીએ, પણ કમાવાનું તો પચીસ, પચાસ કે સોગણું હોય છે, તે વધારાનું બંધુય જયાં ત્યાં વ્યવહારમાં કે ફોગટમાં વેડફાઈ જાય છે, જો તેને ભગવાન કે સંત અર્થે ઉપયોગમાં લઈ લ્યે અને તેની પ્રસાદી કુળકુટુંબ માટે સારી પેઠે વાપરે, તો તે નિર્ગુણક્રિયા વડે કરીને આ ને આ જન્મે મોક્ષ મેળવી જાય, કરવાનું

તો એમ જ છે પણ ભુલાઈ જવાણું છે અને અણસમજણથી બીજે માલ મનાઈ જવાયો છે, તેથી કામનારો પણ વધારાની મિલકત સાથે વેડફાઈ જાય છે, પોતાની મેળે તો ભવસાગરમાંથી નીકળી શકતો નથી, તેને ભગવાન અને સંત કાઢે છે, તેના થવું જોઈએ.

ભગવાન સન્તપતિ એવા દયાળુ છે, જે પોતાને શરણે આવેલા જીવ જેવા થઈને તેની સાથે ભળીને તેનું ધાર્યું કરીને તેની મરજી સાંચવીને તેને રાજી કરીને તેને પોતામાં હેતાળ કરાવીને તેની ગમતી વાતૂં પુરી કરીને તેના ઢાળમાં ભેગા ભળીને તેના જેવા પ્રાકૃત રીતે વર્તીને તે જીવના હરખને પૂરો કરાવીને તેની રીતને પોતે સ્વીકારીને, તેની રમત-ગમતમાં, ખેલખેલવણમા, રાસરમણમાં, ખાનપાનમાં, તાનજાનમાં, ભોગવિલાસમાં, મોજમઝામાં, હાસવિલાસમાં, સંસારવિહારમાં, કામકાજમાં, મોદપ્રમોદમાં, આનંદઉત્સવમાં, માનસન્માનમાં, લાજઆબરૂમાં, યાત્રાવિહારમાં, વિનોદપ્રમોદમાં, આહારવિહારમાં, રાગરંગમાં, વિવાહજમવામાં, જાગતાઉંઘતામાં, બેસવાફરવામાં, કામનાઝંખનામાં, દાનધર્મમાં, વ્રતતપમાં, હારજીતમાં, જ્ઞાનવિજ્ઞાનમાં, ભજનભક્તિમાં, સેવાચાકરીમાં, લેવડદેવડમાં, આપલેકરવામાં, સમૂહએકાન્તમાં, પ્રસિદ્ધઅદબમાં, સારકુસારમાં, સંપત્તિવિપત્તમાં, રહેણીકેણીમાં, રહસ્ય-અરહસ્યમાં, શાસનસહનમાં, નીતિરીતિમાં, એકમેકપણામાં, છૂટછાટયમાં, નિયમબંધનમાં, અદબમર્યાદામાં, કઠિનકાર્યકઠિનઆચારમાં, વેવલાઈભોળાઈમાં, ક્લેશકજિયા, પોકારપોકારણમાં, બળનબળાઈમાં, લૂંટયલાટયમાં, છેદભેદમાં, દંડદમનમાં, રક્ષાપરીક્ષામાં, પોતાના પારકામાં, પક્ષવિપક્ષમાં, મતિસમ્મતિમાં, વાદવિખવાદમાં, તોડફોડયમાં, રાખનાસાંચવવામાં, ડૂબવાતરવામાં, ચડતીપડતીમાં, ભક્તની તમામ અવસ્થાઓમાં ભક્તના ભેળા ભળીને ભક્તને સ્વરૂપે સ્વરૂપ થઈને પોતામાં આકર્ષિત કરીને અનન્ય સેવક બનાવીને બ્રહ્મસ્થિતિયે વર્તાવીને છેવટે પોતામાં ખેંચી લ્યે છે, પોતાના જેવા નિર્લેપ કરી નાંખે છે તમામ સુખઆનંદના સાગરો સોંપી દે છે અને બ્રાહ્મી સ્થિતિમાં સંઘરી લ્યે છે. ભગવાન વ્હેલી સંભાળ લ્યે કે મોડી સંભાળ લ્યે પણ ભક્તે તો ભગવાન માટે કુરબાની કરી નાખવી જોઈએ.

✤ ઉપદેશ-૬૨ ✤

ભગવાન આંહિના સુખના રાગવાળાને જલદી દેખાતા નથી, પણ રાગ પડ્યો મેલીને જયારે ભગવાન માટે તલખવા લાગે ત્યારે ભગવાન તેને પોતાના આશ્રયમાં લઈને ઈષ્ટ પ્રાપ્ત કરાવી દ્યે છે. ભક્ત ભગવાન માટે ઝુરે છે, તો ભગવાન ભક્ત માટે

ઝુરે છે. ભગવાન ભક્ત વિના રહી શકતા નથી, ભક્તે ભગવાન માટે પોતાના દેહ વગેરેને ચડાવી દેવા.

પત્ની પતિ માટે મરી મટે છે, તો પતિ પણ પત્ની માટે મરી મટે છે, તેમ ભગવાન પણ તેવા ભક્ત માટે મરી મટે છે. આત્મનિવેદી ભક્ત થાવું, તે શું ? તો આ ઉપજને ભગવાન વાપરો, આ સમૃદ્ધિને ભગવાન વાપરો. આ દેહનો ભગવાન વાપરો, આ ઇન્દ્રિયોને ભગવાન વાપરો, આ અંતકરણોને ભગવાન વાપરો, આ પ્રાણને ભગવાન વાપરો, આ ચૈતન્યને ભગવાન વાપરો, આ આત્માને પણ ભગવાન વાપરો, હું અને મારું જે કાંઈ મનાણું છે તે બધૂંય ભગવાન વાપરો આવા આત્મનિવેદી ભક્તથી ભગવાન આઘા રહેતા નથી, માણસોએ આવા ભક્ત થાવું. જે આવો ભક્ત નથી થયો તેને ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન જ નથી.

કદાચ થોડુંક માહાત્મય જાણતો હોય તો તે પણ ખેડુતને દરબારના માહાત્મ્ય જેવું હોય, બધૂં માહાત્મ્ય ન જ હોય. ખેડૂતની દાણાની ઊપજમાં દરબારનો છઠ્ઠો ભાગ, પણ બધી સમૃદ્ધિમાં નહિ તેમ કનિષ્ઠ ભક્તની બધી સમૃદ્ધિમાં ભગવાનનો ભાગ નહિ, તેવા ખેડૂત માટે દરબારને કાંઈ પડી નથી, તેમ તેવા ભક્ત માટે ભગવાનને પણ કાંઈ પડી નથી, પછી ભક્ત ધોખો કરે, તે સમજણ વિનાનો ધોખો શા કામનો ? ધોખો તો પતિવ્રતાનો સાચો, જે પતિ માટે કુરબાન થઈ ચૂકી છે. એવી કુરબાનીવાળાને ધોખાનું ટાણું જ આવતું નથી. કારણકે સમર્થ એવા પતિરૂપ ભગવાનના ધ્યાન બહારું કાંઈ હોતું જ નથી. તેથી ભક્ત માટે ટાણે ટાણે તૈયાર જ હોય છે. ભક્તની સાથોસાથ રહે છે, પોતે જ ભક્તમાં રહીને ભક્તને બદલે બધી રીતે વર્તે છે, તેમાં ઓળખાણા અને સેવાણા તો તો ધાખો જ ન કરવો પડે. સાકર તમામને મીઠી જ લાગે છે, સંતની મીઠાશ લેવી. સાચા સંતપુરુષમાં ભગવાન પોતે જ વર્તે છે, તે સંતને સ્વરૂપે ભગવાન સર્વ ક્રિયા વગેરે કરે છ, તેવા સંતની સેવા કરનારાને અનેક રીતે ભગવાન વર્ષે છે, તેવા લાભ લેવા તેવા ભક્ત થાવું.

✣ ઉપદેશ-૬૩ ✣

એક ભગવાન, બીજા ભગવાનના સંત, ત્રીજા આત્મનિવેદી શરણાગત ભક્ત, ચોથા એવા ભક્તની તમામ સંતતિ, પ્રજા, પરિવારો, પાંચમાં તેમના નોકર-ચાકર, દાસ-દાસીઓ, આ પાંચને ભગવાનનું પંચાયતન જાણવું. ભક્તિમાં પાંચેયનું એકવ્રત હોવાથી પરસ્પર સ્નેહસેવા દ્વારા એકપણું છે. તેથી પંચાયતનપણું છે, આવું પંચાયતનપણું અક્ષરધામમાં ભગવાન, અક્ષરધામ, અક્ષરમુક્તમંડળો, અવતારો અને સમાધિવાળાઓનું

છે, વળી શ્રી હરિ પોતે, તેમના દિવ્ય ગુણો, દિવ્ય ચિન્હો, દિવ્ય આભૂષણો અને દિવ્ય વેષ આવું પંચાયતન છે. શ્રી હરિનું પંચાયતન દિવ્ય ચેતન મુક્તોમય જ છે, ગોલોકમાં ભગવાન, પત્નીઓ, ગોપ, ગોપીઓ અને ગૌમાતાઓ વગેરેનું પંચાયતન છે, વૈકુંઠમાં ભગવાન, લક્ષ્મીજી પાર્ષદ, પાર્ષદાણીઓ અને ગરૂડજી વગેરેનું છે, આ બ્રહ્માંડોમાં અને પૃથ્વીમાં પણ જયાં જેવું ઘટે ત્યાં તેવું પંચાયતન હોય જ છે, જેમની ક્રિયા, સ્થિતિ, મૂર્તિ, સમ્પત્તિ, કુટુંબ, અદબ મર્યાદાવાળા એકમેક હોય, તે તેનું પંચાયતન કહેવાય છે, આપણે સમજીને પંચાયતનમાં ભળવા શીખવું.

આ પૃથ્વીમાં પણ અક્ષરધામનો પ્રકાશ જ વર્તે છે. તે પ્રકાશ જળમાં છે, તેજમાં છે, વાયુમાં છે, આકાશમાં છે. આ અક્ષરધામમાં પ્રકાશવડે તમામ ચીજો સારા રૂપને પામે છે. વીજળી વડે શબ્દ વિશાળતાને પામે છે, તેમ અક્ષરધામરૂપી પ્રકાશ વડે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ તથા તેના શરીરો તથા તેના પદાર્થો સુંદર વિકસિત સ્થૂલ અવસ્થાને પામે છે, તેવી જ રીતે શબ્દ, સ્પર્શ, રૂપ,રસ, ગંધ પણ વિકાસપણાને પામીને આકર્ષક થાય છે અને મન, અહંકાર, ચિત્ત, બુદ્ધિ, જ્ઞાન,ચૈતન્ય તથા આનંદ વગેરે પણ વિકસિત થયાં થકા તૃપ્તિ આપનારા વિશાળ થાય છે, માયા પણ અક્ષરધામરૂપી તેજ વડે વિકાસ પામતી થકી પુરુષના યોગે કરીને સૃષ્ટિની સ્થૂળ દશામાં મોહક એવા પરિણામોને પામે છે, સર્વે જડચેતન પદાર્થો અક્ષરરૂપ પ્રકાશ વડે પ્રકાશિત થાય છે અને ચૈતન્યભાવને પામેલા થાય છે, સક્રિય થાય છે, આત્માઓને ભોગવવા યોગ્ય થાય છે અને અક્ષરબ્રહ્મના તેજનાં સંકોચ વડે પાછું સંકુચિત થઈ જાય છે, આમ સર્વે વસ્તુઓમાં અક્ષરધામ રહેલ છે, તે અક્ષરધામ સર્વના આધાર રૂપ છે. તે અક્ષરધામના બ્રહ્મલોકના વિભાગમાં મુક્તો અને મુક્તપતિ પરબ્રહ્મ શ્રીહરિ બિરાજે છે.

આ અક્ષરધામ બધી સૃષ્ટિની હદ કરતાં ત્રણ ગણાં વિશાળરૂપે છે. અને પ્રકૃતિ પુરુષની સૃષ્ટિમાં શુદ્ધસાત્ત્વિકહદવાળા પ્રદેશોરૂપી વિભાગમાં ઈશ્વરોની સૃષ્ટિઓ વસેલી છે અને અક્ષરધામનાં સંબંધવાળી પ્રકૃત્તિ પુરૂષની સૃષ્ટિની હદમાં પણ અક્ષરધામના હકવાળા પ્રદેશોના સીમાડારૂપી વિભાગોમાં અનેક બીજા ધામો વસેલા છે અને વૈરાજ પુરુષના શરીરમાંથી થયેલાં ત્રણ ગુણોના વધારે જોરવાળી સૃષ્ટિના નાના નાના બ્રહ્માંડોમાં જીવાત્માઓની સૃષ્ટિઓ વસેલી છે, તેથી જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ અને બ્રહ્મસૃષ્ટિમાં અન્વયપણે અક્ષરધામ સર્વત્ર છે, તેથી સર્વ ચીજોવાળું અક્ષરધામ છે, તેમાં વ્યાપીને મૂર્તિમાન ભગવાન સર્વત્ર રહ્યા છે જ, તે અક્ષરધામ તે શ્રી પરબ્રહ્મ એવા શ્રીહરીનું તેજ છે, આ તેજ મૂર્તિસ્વરૂપે કાયમ પરબ્રહ્મને સેવે છે અને બીજે વ્યાપક એવા પ્રકાશરૂપે એટલે તેજરૂપે સર્વત્ર વર્તે છે, તેથી સર્વ સૃષ્ટિવાળું (વિશિષ્ટ) અક્ષરધામ છે અને

અક્ષરધામમાં પરબ્રહ્મ બિરાજે છે, અક્ષરધામને શ્રીહરિનું દિવ્ય શરીર ગણાય છે, એટલે અક્ષરધામાં વિશિષ્ટ પરબ્રહ્મ બિરાજે છે. તેથી સર્વતત્ત્વ વિશિષ્ટબ્રહ્મ અને વિશિષ્ટપરબ્રહ્મ છે, આ રીતે સર્વ વિશિષ્ટબ્રહ્મ વિશિષ્ટપરબ્રહ્મ છે, તેથી સર્વવાળા (વિશિષ્ટ) બ્રહ્મમાં અદ્વૈત (એક) પરબ્રહ્મ જ દેખવા, સમજવા, સેવવા અને માનવા. પૃથ્વીમાં બ્રહ્મ અને તેમાં પરબ્રહ્મ. જળ, તેજ, વાયુ આકાશમાં બ્રહ્મ અને તેમાં પરબ્રહ્મ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધમાં બ્રહ્મ અને તેમાં પરબ્રહ્મ. ઈન્દ્રિયો, અંતઃકરણ, પ્રાણ, જ્ઞાન, ચૈતન્ય વિગેરેમાં બ્રહ્મ અને તેમાં પરબ્રહ્મ. જીવાત્માઓમાં, ઈશ્વરોમાં, મુક્તોમાં બ્રહ્મ અને તેમાં પરબ્રહ્મ. માયામાં બ્રહ્મ અને તેમાં પરબ્રહ્મ, જડચેતન સર્વેમાં બ્રહ્મ અને તેમાં પરબ્રહ્મ વસેલા જ છે, તે પરબ્રહ્મ પોતાના બ્રહ્મ સહિત જ સર્વત્ર છે.

✤ ઉપદેશ-૬૪ ✤

પરમાત્માના કિરણો અક્ષરધામ છે અને આત્માઓનાં કરમો અંતઃકરણોની તથા ઈન્દ્રિયોની વૃત્તિઓ છે, તેથી અક્ષરધામ સર્વત્ર પ્રકાશે છે, તેમજ આત્માઓ જ્ઞાનરૂપે સર્વત્ર પ્રકાશે છે. જ્ઞાન છે તે દીવાઓ છે, આ દીવાઓ અક્ષરબ્રહ્મરૂપી મહાદીવાને લઈને કાયમી અખૂટ જ રહે છે, માટે અક્ષરબ્રહ્મરૂપી દીવો તે પણ અખૂટ જ છે, અક્ષરબ્રહ્મરૂપી પ્રદીપ અસંખ્ય દિવ્ય ગુણવાન છે, સગુણ છે.

તમામ ગુણો તમામ તત્ત્વો તે અક્ષરબ્રહ્મરૂપી પ્રકાશને વળગ્યા છે, તેથી તમામ તત્ત્વોવાળું તે બ્રહ્મ છે, તે બ્રહ્મને તત્ત્વો વળગ્યા છે અને તે તત્ત્વોને તેના ગુણો વળગ્યાં છે. તેથી તત્ત્વોનાં ગુણો તત્ત્વોમાં વસે છે, પણ બ્રહ્મમાં વસવાટ નથી કરતા, તેથી માયિકગુણો બ્રહ્મમાં પરબારા ગુણ તરીકે વસેલા ન હોવાથી બ્રહ્મને નિર્ગુણ તથા તેવા માયિક તત્ત્વરહિત પણ કહ્યા છે, આ બ્રહ્મમાં એટલે બ્રહ્મધામરૂપી પ્રકાશમાં સગુણનિર્ગુણપણું, સાકારનિરાકારપણું, તત્ત્વસહિત તથા તત્ત્વરહિતપણું અન્વય વ્યતિરેકપણું તે તમામ પણાં તો પરબ્રહ્મનાં આપેલા છે, તે બ્રહ્મ સચ્ચિદાનંદ છે. પરબ્રહ્મ પણ સચ્ચિદાનંદ છે, બ્રહ્મ તે પ્રકાશરૂપે છે અને પરબ્રહ્મ તે આનંદરૂપે વધારે છે અને આત્મા પણ સચ્ચિદાનંદ છે તે ચિત્ જે જ્ઞાન તે રૂપે વધારે છે, માટે આત્મા જે સચ્ચિદાનંદ હું તે સચ્ચિદાનંદ એવા જે બ્રહ્મ તેની જાતનો છું, તથા સચ્ચિદાનંદ એવા જે પરમાત્મા તેની જાતિનો પણ છું. અને ઈશ્વરો પણ વધારે ઐશ્વર્યવાળા ઉત્તમ ઐશ્વર્યો સ્વરૂપે છે. તેઓ પણ સચ્ચિદાનંદ તો છે જ, તેથી ઈશ્વરો પણ આત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મના સજાતિય છે એમ વર્ણન પણ થાય, પણ તે ચારેયનાં સ્વરૂપો જ વધારેપણું તે માયલા ગણાય છે.

આત્મામાં જ્ઞાનનું વધારેપણું તેથી જ્ઞાનસ્વરૂપી આત્મા, ઈશ્વરોનું ઐશ્વર્ય વધારેપણું તેથી ઐશ્વર્યસ્વરૂપી ઈશ્વર, બ્રહ્મનું પ્રકાશ વધારેપણું તેથી પ્રકાશસ્વરૂપ બ્રહ્મ અને પરબ્રહ્મનું આનંદ વધારેપણું તેથી આનંદસ્વરૂપ પરબ્રહ્મ આ ચાર ચેતન તત્ત્વો સજાતીય છે, પણ સાવ વિજાતીય માયા છે, તેમાં સચ્ચિદાનંદપણું કે ચેતનપણું નથી, માયા તો સત્ત્વ રજ અને તમ સ્વરૂપે છે, સુખાત્મક સત્ત્વગુણ, દુઃખાત્મક રજોગુણ અને મોહાત્મક અંધાધૂંધી સ્વરૂપ તમોગુણ એ ત્રણ સ્વરૂપે મિશ્રિત તત્ત્વ તે જડ માયા છે, તે ચાર ચેતનોથી વિજાતીય છે, માટે હું માયાથી વિજાતીય છું અને બ્રહ્મનો સજાતીય એવો બ્રહ્મ છે, મુક્તોનો સજાતીય એવો મુક્ત છે, મુક્તતત્વ પણ ચૈતન્યની સ્વરૂપ મૂર્તિઓ છે અને પ્રકાશ વધારે છે, માટે તેઓ મુક્ત બ્રહ્મ છે, તેવા મુકતોનો સજાતીય છું, નિર્લેપ છું, પોતાને આનંદે અને પરમેશ્વરને આનંદે તથા બ્રહ્મને આનંદે પણ આનંદી છું, આ દેહ, ગેહ, ઈન્દ્રિયો અંતઃકરણ, સગાકુટુંબી, પરિવાર, મિલકત એ તો તમામ ભગવાનના આનંદ વડે આનંદિત છે.

✣ ઉપદેશ-૬૫ ✣

ભગવાન, બ્રહ્મ અને આત્મા ન હોય તો તમામ નિરાનંદ એવું શૂન્ય થઈ જાય છે, આત્મા દેહમાં હોય તો આંખ્યું અજવાળું કરે અને સૂર્ય-ચંદ્ર દિવો ઉપયોગી થાય, જો આત્મા ન હોય તો પાણીની પેઠે શબ પણ દેખાવાપણું વગેરે કરી શકતું નથી, માટે દ્રષ્ટા તેના દ્રષ્ટા અને તેના દ્રષ્ટા એમ ત્રણેયની જરૂર સર્વત્ર છે, સર્વત્ર પરબ્રહ્મ સહિત બ્રહ્મની સત્તા વડે સારાંવાના છે, તેણે કરીને આપણે સારા લાગીએ છીએ, સંતજન એ ત્રણનું વસવાનું શુભ સ્થળ છે.

સંતના નેત્રમાં ભગવાન જોનારા છે, સંતના કાનમાં ભગવાન સાંભળનારા છે, સંતની જીભમાં ભગવાન બોલનારા તથા જમનારા છે, સંતની ત્વચામાં ભગવાન અડનારા છે, સંતના હાથમાં ભગવાન ગ્રહણ કરનારા છે અને અભયદાન દેનારા છે, સંતના પગમાં ભગવાન ચાલનારા છે. સંતના દેહમાં ભગવાનની મૂર્તિ છે અને સંતના તમામ ઈન્દ્રિયો અંતઃકરણોમાં ભગવાનના ઈન્દ્રિયો તથા અંતઃકરણો છે, સર્વે ઈન્દ્રિયોમાં ભગવાનની ઈન્દ્રિયો કામકાજ કરે છે, સંતના મનમાં સંકલ્પ મનન કરે છે, અહંપદ ધરાવે છે, ચિંતન કરાવે છે, નિશ્ચય કરાવે છે, પ્રાણમાં જીવન ચલાવે છે અને ચૈતન્યમાં ભગવાન પોતે જ સંભાળ રાખે છે, એવા સંતને સેવવાથી ભગવાનને સેવ્યા એમ જાણવું.

શ્રીહરિ સંતોને બાથ ભીડીને ભેટતા તથા હૃદયમાં ચરણારવિન્દો આપતા. ભગવાન અને ભગવાન જેવા સંતને ભેટે, મળે તેના હાથ મસ્તક ઉપર ધરે, ચરણરજ લ્યે, ચરણ

ધોયેલાં જળ પીયે, પ્રસાદી જમે, પરિચર્યા ચાકરી કરે, અંગ દાબે, અનુવૃત્તિ પાળે, કહે તેમ કરે, પોતાને ગમતી રીતે રાજી કરે તેવા ભક્તના દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, પ્રાણ, ચૈતન્ય, દ્રવ્યગુણ, સાધન વગેરે તમામ તત્ત્વો પાવન અને બ્રહ્મરૂપ નિર્ગુણ થઈ જાય છે, અણુએ અણું દિવ્ય થઈ જાય છે.

✣ ઉપદેશ-૬૬ ✣

આ જીવને કાળનો, ભય, યમરાજનો ભય, રાજાનો ભય, પ્રજાનો ભય વગેરે હોવા છતાં તેને નહિં ગણકારીને અવળે માર્ગે જાય છે, ભગવાનનો ભય તો જરાય રાખતો નથી, જો ભગવાનનો ભય રાખે તો બીજા બધાય ભય મટી જાય, સૂર્ય ચંદ્રને ગ્રહણ લાગે પણ પાછા શુદ્ધ થઈ જાય છે, ભગવાનના ભક્તને વ્યવહાર વળગે, પણ નિર્લેપ અને શુદ્ધ જ થઈ જાય છે, આ જીવ પોતાનું કહ્યું સંતને કરાવે છે, પણ જો પોતે સંતનું કહ્યું કરવા માંડે તો સંત જેવો શુદ્ધ નિર્દોષ થઈ જાય છે, ભલે લંગડો હોય પણ જો ભગવાનના માર્ગે ચાલે તો તે પગવાળો છે, એમ જાણવું.

રાજા રાજયગાદી ભોગવે પણ તેને છેવટે જમના દૂતો લઈ જાય તો તેણે રાજય કરીને શી કમાણી કરી ? પુણ્ય કરીને ઇન્દ્રાદિક દેવોના સ્વર્ગને પામ્યો, પણ અંતે લક્ષ ચોરાશીમાં ફરવાનું રહ્યું તો દેવ થઈને પણ છેવટે ક્યો લાભ મેળવ્યો ? સાધુ, સત્સંગી, હરિભક્ત થયા અને ભગવાન સંભાળ લેવા ન આવે તો કઈ કમાણી કરી ? બીજાનું જોવા માંડ્યો અને પોતાના લાભને ન જોયો તો જોઈ જોઈને શું કર્યું ? અંતે ભગવાન અને સંત દેખાય તે સાચી કમાણી જાણવી.

ગમે તેવો તરીયો હોય પણ ભમરીમાં પડી ગયો તે ડુબ્યા વિના ન રહે, સંસાર તરવા નીકળ્યા અને વાસનાવાળી ભમરીયુમાં પડી જવાણું તો નીકળાય નહિં, માટે ખબરદાર થઈને ભમરીવાળા પૂરમાં ન પડવું. કેડયે દોરડું બાંધ્યું હોય તો કોઈક તાણીને પણ તારે, તેમ જીવમાં સંત બાંધ્યા હોય તો ભગવાન તાણીને પણ તારે, મોલના પાકની તૈયારી હોય પણ હીમ પડે તો બળી જાય, તેમ મોક્ષના પાકની તૈયારી હોય પણ માયા વળગે તો મોક્ષ ટળી જાય.

આ જીવાત્મા તે સચ્ચિદાનંદ એવો પ્રહ્લાદ છે, પણ તેણે રજોગુણરૂપી હિરણ્યકશિપુને પોતાનો બાપ કર્યો તથા મૂળમાયાને કયાધૂની પેઠે માં કરી, તેથી જન્મ લઈને કાયાધવ-શરીરનો સ્વામી થઈને રહ્યો છે, વાસનારૂપી હોળિકાને બહેન કરી છે અને રાગદ્વેષીરૂપી ષણ્ઢ તથા અમર્કને ગુરુ કર્યા છે, તે જીવાત્મા સાચો પ્રહલાદ ભક્ત થઈને ભક્તિ કરવા માંડે તો ભગવાન પોતે ભગવાનની ઉપાસના બળરૂપી નરસિંહ રૂપે

કરીને હિરણ્યકશિપુરૂપી રજોગુણી સંસારનો લય કરી નાંખે, કયાધૂરૂપી માયાને ખસેડી મેલે, વાસનારૂપી હોળિકાને બાળી મેલે, રાગદ્વેષીરૂપી ષંઢામર્કની આસુરી અવિદ્યા પેસવા ન દે, અહંમમતાદિક ભાઈઓને મટાડી દે અને ખરી રક્ષા કરી ધામમાં લઈ જાય, એમ સમજીને ખરા ભક્ત થાવું.

✤ ઉપદેશ-૬૭ ✤

આ જીવાત્મા તે ધ્રુવ છે, તે પાંચ વર્ષે એટલે પૃથ્વી, જળ, તેજ, વાયુ, અને આકાશરૂપી પાંચના પિંડમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધરૂપી પાંચ વર્ષની અવસ્થાવાળો છે, તેના બાપ ઉત્તાનપાદ-એટલે ઊંચા બ્રહ્મલોકમાં જેના પાદ એટલે પગ રહેલા છે એવા પરમેશ્વર છે, રાજયના સકામ એવા જીવરૂપી ધ્રુવને ભગવાન પોતાને ખોળે બેસવા દેતા નથી, કારણકે ધ્રુવ માયાના મહારાજયની કામનાવાળો છે, તેને નિષ્કામ ભાગવતધર્મરૂપી મોટોભાઈ પણ સોતેલોભાઈ, તે વારસદાર તરીકે હક્ક ધરાવનારો છે, તે આડો છે, ભગવાને પોતાને ખોળે ન બેસવા દીધો તેથી મોટામાં મોટા રાજય માટે તપ એટલે સંયમવાળી પ્રેમભક્તિ કરવા લાગ્યો, તેથી અંતર્યામી એવા ભક્તવત્સલ ભગવાન દિવ્યરૂપે આવ્યા અને ભગવાને સકામ જીવરૂપી ધ્રુવને વરદાન માગવા કહ્યું ત્યારે ધ્રુવે મોટું સકામ રાજય માંગ્યું, ભગવાને ધ્રુવનો તારોડીયો જે સૌથી મોટું રાજય તે તેને આપ્યું તેમાં રોકાઈ ગયો, જયારે નિષ્કામભક્ત થઈને મોક્ષ માંગશે ત્યારે ભગવાન મોક્ષ આપશે, જો પ્રથમથી મોક્ષ માગે તો જલદી મોક્ષ આપે, પોતે પણ આ વાત સમજવી.

આ જીવ શરીરનો અમ્બરીષ રાજા છે, તે ખરી ભક્તિ કરવા માંડે તો ભગવાન પોતાના સુદર્શન વડે દુર્વાસાથી રક્ષા કરે, મહાકાલરૂપ દુર્વાસાને તગડી મેલે અને પોતાના દેહ-ઇન્દ્રિયો અંતકરણરૂપી સામ્રાજયમાં ભૂલા ન પડે તેવી સંભાળ રાખે, છેવટે ધામમાં લઈ જાય, માટે કાયમ આત્મનિવેદી થવું, પોતાનો તમામ ઉદ્યમ વ્યવહાર ભગવાનમય કરી રાખવો, અને ભગવાનના સંતમાં ઓતપ્રોત થઈ જવું, સંતોનું જ બધું છે, મારું કાંઈ નથી, સંતો ભગવાનના છે. માટે સંતરૂપે તે ભગવાન અને ભગવાન તે મારા સ્વામી અને સ્વામી તે મારા આત્માના રક્ષક અને રક્ષક તે જ તે જ મારા આત્માના સુખદાતા અને સુખદાતા તે જ મારા આત્મામાં બ્રહ્મસ્થિતિ લાવનારા અને તે જ પરબ્રહ્મમાં મને સોંપનારા, એવી રીતે સોંપણી સુધીના બધાં નિવેદનો ભગવાનમાં અને તેના સંતમાં રાખવા તેથી સંત થઈને બ્રહ્મ થાય અને પરબ્રહ્મનાં આનંદને ભોગવે.

શ્રી હરિએ દ્રવ્યો અને ગુણો વડે તમામ સૃષ્ટિઓ રચેલી છે, જે દ્રવિત થાય પીગળે કે પીગળેલ જ રહે તે દ્રવ્ય કહેવાય, દ્રવ્યોની અવસ્થાઓ આછીપાતળી થયા કરે માટે

દ્રવ્યો કહેવાય, જુઓ મૂળપ્રકૃતિ તથા મહાકાળ તથા જીવાત્માઓ, ઈશ્વરાત્માઓ તથા મુક્તાત્માઓ તથા અક્ષરબ્રહ્મ અને બ્રહ્મધામ તથા પરબ્રહ્મ અને અક્ષરધામથી નીપજતા પદાર્થો તથા જ્ઞાનવિજ્ઞાન આ પદાર્થો દ્રવ્ય નામથી ઓળખાય છે તેઓમાં મૂળપ્રકૃતિ જે મહામાયા, તેની અવસ્થાઓ સૂક્ષ્મ અને સ્થૂલ થાય છે, તેમાંથી મહતત્ત્વ, અહંકાર, મન, પ્રાણ, ઈન્દ્રિયો, વિષયો, પાંચ ભૂત તથા શરીરો વગેરે સ્થાવર જંગમ સ્થૂલ થાય છે અને પાછા સૂક્ષ્મ થઈ જાય છે અને લીન પણ થઈ જાય છે.

✣ ઉપદેશ-૬૮ ✣

મહાકાળ પોતે પૂર્વાર્ધ, પરાર્ધ, દ્વિપરાર્ધ, કલ્પ, યુગ, વર્ષ, માસ, દિવસ, ક્ષણ એવા વિભાગોવાળો ગણાય છે, સૂર્યની ગતિને સહારે વિભાગો પડે છે, તેથી સૂર્યની ગતિ અને વિભાગો તે અવસ્થાઓ છે, જીવાત્માઓને સુખીદુઃખીપણું, જ્ઞાની અજ્ઞાનીપણું, ઈચ્છા અનિચ્છાપણું, પ્રવૃત્તિનિવૃત્તિપણું, ભાવના અભાવનાપણું, બાળયુવાનવૃદ્ધાપણાની ભ્રાંતિ, માનીતાપણું વગેરે જ્ઞાન આદિમાં અવસ્થાઓ છે. ઈશ્વરાત્માઓને પણ વૈરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત શરીરવાળું, અભિમાન, થોડું ઐશ્વર્ય, ઝાઝું ઐશ્વર્ય, નકામાપણું રાજાધિરાજપણું અવસ્થાઓ છે. મુક્તોને પણ મરજી પ્રમાણે પોતાનાં સ્વરૂપ બદલીને ભગવાનની સેવામાં વર્તાવાપણું વગેરે અવસ્થાઓ છે. અક્ષરબ્રહ્મને પણ સાકારનિરાકારપણું, ધામપણું, સેવકપણું, સગુણપણું, નિર્ગુણપણું એવી એવી અવસ્થાઓ છે, પરબ્રહ્મને પણ તમામ સૃષ્ટિઓરૂપી સ્થૂલશરીરવાળાપણું તથા ધામની સૃષ્ટિ સહિત દિવ્યશરીરવાળાપણું તથા દિવ્યસ્વરૂપનિજમૂર્તિપણું તથા અન્વયિપણું તથા વ્યતિરેકપણું અવતારસ્વરૂપપણું તથા અવતારિસ્વરૂપપણું, આનંદમૂર્તિપણું, આનંદદેવાપણું, સર્વજ્ઞપણું, સર્વકર્તાપણું, સર્વકારણપણું, સર્વકાર્યપણું એ અવસ્થાઓ છે. અક્ષરધામ સ્વરૂપે જે જે નિષ્પન્ન થતી ચીજ સામગ્રીઓ તે તે અવસ્થાઓને વેષને બદલે છે માટે અવસ્થાઓવાળી છે.

જ્ઞાન અને વિજ્ઞાનની અવસ્થાઓ તથા સંકોચ અવસ્થાઓ થયા જ કરતી હોય છે. આ પ્રમાણે અવસ્થાવાળા પદાર્થો તત્ત્વો દ્રવ્યો કહેવાય છે. જડ અને ચેતનો જેને આધારે સૃષ્ટિ થયા કરે છે તેઓ દ્રવ્યો તરીકે ઓળખાવ્યાં છે, બીજી રીતે પણ દ્રવ્યો ઓળખાવ્યાં છે જેઓ કારણસ્વરૂપે રહીને કાર્યસ્વરૂપે પણ થતાં હોય, કાર્યના સ્વરૂપમાં પોષણ કર્યા કરતાં હોય તે પણ ઉપાદાનકારણનામે દ્રવ્ય કહેવાય છે. ચોરાશી લાખ ખાણયના શરીરો પૃથ્વીમાંથી, જળમાંથી, તેજમાંથી, વાયુમાંથી થાય છે અને તેમાંથી જ પોષણ પામે છે અને અંતે તેમાં ભળી જાય છે, માટે પૃથ્વી, જળ, તેજ વાયુ એ ઉપાદાનકારણો છે.

ઉપ એટલે સાથે ભેગા ભળીને, આદાન એટલે ખાવાનું, પોષણ આપે તે ઉપાદાનકારણ કહેવાય છે, બધાં દ્રવ્યો પોતાની ઉપજાવેલી ચીજોને પોષણ કરે છે, દ્રવિત થઈને તેમાં પ્રવેશ કરતાં રહે છે, માટે પહેલું જ સ્વરૂપ હતું તે તેના બીજા સ્વરૂપને પોષણ કરનારું થયું, તેથી પહેલું સ્વરૂપ કારણ કહેવાય છે, જેમ લોટના પિંડાથી રોટલી થઈ, તેથી રોટલીનું પહેલું સ્વરૂપ લોટનો પિંડો, તે પિંડો રોટલી સ્વરૂપી કાર્યનું ઉપાદાન કારણ કહેવાય છે, એવી રીતે મહામાયા તે આ સૃષ્ટિનું સ્વરૂપ ઉપજાવવામાં પિંડા તરીકે ઉપયોગી છે અને તે માયામાં અક્ષરબ્રહ્મ રહ્યા છે અને અક્ષરબ્રહ્મમાં પરબ્રહ્મ રહ્યાં છે, તેથી બ્રહ્મ પરબ્રહ્મ અને માયા એ ત્રણેયના સમુદાયને જગતનું ઉપાદાનકારણ વર્ણવાય છે, આવી જે સમજણ તે યથાર્થ સમજણ છે, કારણસ્વરૂપે તથા કાર્યસ્વરૂપે પરમાત્મા છે જ, આવી રીતે સર્વે જગત ભગવાનમય છે, ભગવાન સ્વરૂપે છે એમ જોવા શીખવું તે બ્રહ્મદૃષ્ટિ કહેવાય છે.

✣ ઉપદેશ-૬૯ ✣

આપણે બે જણા એકબીજાને પગે લાગીને કહીએ છીએ 'જય સ્વામિનારાયણ' હે સ્વામિનારાયણ ભગવાન ! તમો જય પામો આવો તેનો અર્થ છે કારણકે 'જય' એ તે વ્યક્તિનું ક્રિયાપદ છે અને સ્વામિનારાયણ એ નામ સંબોધન વિભક્તિવાળું છે, હે સ્વામિનારાયણ ! તમે જય પામો' આવો અર્થ થાય છે, બન્ને જણાએ સામ-સામા એકબીજામાં ભગવાનને જોયા અને તેને જયકાર કહ્યો,આવી રીતે તમામમાં શ્રીહરિને જોવા શીખવા એનું નામ બ્રહ્મદૃષ્ટિ છે, બધા શાસ્ત્રો આવી સમજણ કરાવવા મહેનત લઈ રહ્યા છે.

આવી સાચી વાત સમજવા શીખે તેને મૂર્તિઓમાં, સંતોમાં, મા-બાપમાં, પતિમાં, પત્નીમાં, એકાન્તિકમાં સત્સંગીઓમાં, સ્થાવરજંગમમાં ભગવાન ભાસવા લાગે, તેમ કરતાં કરતાં પ્રત્યક્ષ મૂર્તિમાન દેખાય ત્યારે બધા વિધિઓનો અવધિ આવી રહ્યો એમ જાણવું, આવો અવધિ આવે એટલે ''જીક્ક·ઢ ¶ભ્દ·દ્દ ખ્કતક્કિ'' એમ થઈ જાય અને અપરોક્ષ સાક્ષાત્કાર થઈ જાય છે, અને અક્ષરધામ પણ આંહી જ દેખાવા લાગે છે અને ભગવાન પણ અહીં જ મળી જાય છે, માટે પ્રત્યક્ષ એવા ભગવાનના પ્રત્યક્ષ ચમત્કારી એવા સંત સ્વરૂપમાં પ્રત્યક્ષ ભગવાનના જોનારાને તમામ વિધિનો અવધિ આવી રહ્યો એમ જાણવો, તેના સર્વે પુરુષાર્થો સિદ્ધ થઈ ગયા જાણવા, તેનું તમામ કામકાજ આત્મનિવેદીની રીતિવાળું થઈ ગયું જાણવું, પ્રત્યક્ષ ભગવાનને ઓળખવામાં આ શાસ્ત્રનો નિયમ કામ લાગે છે.

આ લોકમાં માબાપના શરીરથી દીકરાદીકરીઓ જન્મે છે અને દૂધ વડે પોષણ પામે છે, તેમાં ચેતન જીવાત્માઓ અને બ્રહ્મસહીત પરબ્રહ્મ સાક્ષી અંતર્યામી કર્મફળ પ્રદાતા તથા નિયન્તા તરીકે વસેલા જ છે, તેથી તે તમામનો સમૂહ તે પુત્રસ્વરૂપે કાર્ય ગણાય અને માતાપિતા સ્વરૂપે કારણ ગણાય પણ બધાને પૃથ્વી જળ પોષણ આપે છે તેમાં પણ બ્રહ્મ અને પરબ્રહ્મ રહ્યાં છે, તેથી પૃથ્વી, જળ, બ્રહ્મ અને પરબ્રહ્મ તે પોષણ કરનાર સમૂહ, તે ઉપાદાન કારણ અને પોષણ પામનારાં બાળકો તે ઉપાદેય કાર્ય આવા વ્યવહારો શાસ્ત્રોએ બતાવ્યા, તેનું ફળ મારામાં અને તમામમાં તમામ જડચેતનમાં ભગવાન છે છે ને છે જ આમ શિખામણ થાવી એ જ ઉપાદાન માયલું એકાદૂં મરી ટળી જાય કે નીકળી જાય તો કાર્ય ખોટકાઈ જાય, કાં તો નાશ જ પામી જાય.

✣ ઉપદેશ-૭૦ ✣

શરીરોમાંથી જીવ નીકળી જાય તો બધૂં બગડી જાય, મહામાયાની સૃષ્ટિમાંથી બ્રહ્મ અને પરબ્રહ્મ નીકળવા લાગે ત્યારે તમામ સૃષ્ટિ સંકેલાઈ જાય છે, મૂળમાયા સૂક્ષ્મદશામાં રહે છે, તેનું નામ મહાપ્રલય ગણાય અને કાળે કરીને જયારે મુક્ત પુરુષનો પ્રવેશ થાય ત્યારે મહાસૃષ્ટિ થાય તે પ્રમાણે સૃષ્ટિના પોષક પુરુષ, બ્રહ્મ અને પરબ્રહ્મ છે આપણામાં પણ તે રહ્યા છે આ વાત ભૂલવી નહિ,ને ભૂલવી એટલે બ્રહ્મનિષ્ટ સ્થિતિએ રહેવું, જો ભૂલી જવાય છે, તો દેહનિષ્ટ સ્થિતિ થઈ જાય છે, આત્મનિષ્ઠા પણ નથી રહેતી, માટે દેહનિષ્ઠામાં આત્મનિષ્ઠા, આત્મનિષ્ઠામાં બ્રહ્મનિષ્ઠા અને બ્રહ્મનિષ્ઠામાં પરબ્રહ્મનિષ્ઠા આ નિષ્ઠાઓ પાકી કરી લેવી. દેહનિષ્ઠા મોળી પાડી દેવી, વળી એવીને એવી બીજી નિષ્ઠાઓ શીખવી-જેમકે હું નિષ્ઠામાં સંત નિષ્ઠા અને સંતનિષ્ઠામાં શ્રીહરિનીષ્ઠા રાખવી, વળી મારી ચીજોમાં સંતની ચીજો અને સંતની ચીજોમાં ભગવાનની જ ચીજો આવી ચીજનિષ્ઠા પણ રાખવી, વળી ધર્મનિષ્ઠામાં જ્ઞાનનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠામાં વૈરાગ્યનિષ્ઠા અને તેમાં પ્રેમભક્તિનિષ્ઠા રાખવી, વળી કામકાજ નિષ્ઠામાં નિર્લપ્પા નિષ્કામનિષ્ઠા અને નિષ્કામનિષ્ઠામાં ભગવત્કામનિષ્ઠા કે સંતસેવાનિષ્ઠા અને આત્મનિવેદીનિષ્ઠા રાખવી, વળી ભોગનિષ્ઠામાં નિર્ભોગનિષ્ઠા અને તેમાં ભગવાન ભોગનિષ્ઠા રાખવી, તેવી જ રીતે રોગનિષ્ઠામાં સંતરાગનિષ્ઠા અને સંતરાગમાં ભગવદ્‌રાગ નિષ્ઠા રાખવી, વળી કંઠી બાંધવાની નષ્ટામાં ગુરુનિષ્ઠા અને તેમાં ભગવાનની નિષ્ઠા રાખવી, વળી કન્યાનિષ્ઠામાં વિવાહનિષ્ઠા અને વિવાહનિષ્ઠામાં ઘરબારીનિષ્ઠા અને તેવી ઘરબારી નિષ્ઠામાં સત્સંગસેવાનિષ્ઠા અને સત્સંગસેવાનિષ્ઠામાં ભગવાની સેવાનિષ્ઠા રાખવી.

વળી કુમારીનિષ્ઠામાં વિવાહિનષ્ઠા, વિવાહિતનિષ્ઠામાં સંપતિનિષ્ઠા, પતિનિષ્ઠામાં ભગવાનપતિનિષ્ઠા રાખવી વળી બાળકનિષ્ઠામાં માવતરનિષ્ઠા અને માનવતરનિષ્ઠામાં ભગવાનની નિષ્ઠા રાખવી, વળી કુમારનિષ્ઠામાં વિવાહિત નિષ્ઠા બાકી અને વિવાહિતનિષ્ઠામાં પત્નીવ્રતાપણાની નિષ્ઠા અને પત્નીવ્રતનિષ્ઠામાં ભગવાનના બ્રહ્મશીલવ્રતની નિષ્ઠા અને બ્રહ્મશીલવ્રતમાં ભગવાનની નિષ્ઠા રાખવી, વળી ઉદ્યમનિષ્ઠામાં ઉપાર્જનલાભનિષ્ઠા અને લાભ થયેલમાં વપરાશનિષ્ઠા, વપરાશનિષ્ઠામાં ગુરદેવભાગનિષ્ઠા અને તેમાં ભગવાનભાગનિષ્ઠા રાખવી, વળી સુખનિષ્ઠામાં આનંદનિષ્ઠા અને આત્માની આનંદનિષ્ઠામાં પરમાત્માની આનંદનિષ્ઠા રાખવી.

વળી ઘરબારનિષ્ઠામાં મંદિરનિષ્ઠા, મંદિરનિષ્ઠામાં ધામનિષ્ઠા અને ધામનિષ્ઠામાં મુક્તમંડળ સહિત ભગવાનનિષ્ઠા રાખવી, વળી સગાસંબંધીનીનિષ્ઠામાં હરિભક્તનિષ્ઠા, હરિભકતનિષ્ઠામાં સંતપણાની નિષ્ઠા અને તેમાં ભગવાનપણાની નિષ્ઠા રાખવી, ગાયુ ભેંશુ વગેરેમાં દૂધનિષ્ઠા અને દૂધની નિષ્ઠામાં ભોજનપાનનિષ્ઠા, તેમાં ભગવાનના થાળનીનિષ્ઠા અને તેમાં પ્રસાદીનીનિષ્ઠા અને તેમાં પાવનપણાની દિવ્યનિષ્ઠા અને પછી મોક્ષ દેનારી નિષ્ઠા રાખવી, વળી મારામાં સંત અને સંતમાં ભગવાન એમ નિષ્ઠાઓ સમજી સમજીને અભ્યાસ કરે તેમને ધીરે ધીરે સર્વત્ર ભગવાન ભાસવા લાગે, છેવટે સાક્ષાત્કાર થવા લાગે અને ધામના મુક્તની સ્થિતી થઈ જાય, વિકારોનો તો આત્યન્તિક પ્રલય થઈ જાય, આ નિષ્ઠાઓ શીખવા જેવી છે. સદ્‌ગુરુદ્વારા, શાસ્ત્રદ્વારા, મનનદ્વારા, સેવાભક્તિદ્વારા પણ નિષ્ઠાઓ શીખવી, આવી નિષ્ઠાઓ શીખી લીધી અને એવું વર્તાવા લાગ્યું ત્યારે બ્રહ્મનિષ્ઠા ફળીભૂત થઈ જાણવી.

આવી રીત બ્રહ્મનિષ્ઠા બ્રહ્મવેત્તા સંતમાં અને બ્રહ્મમુક્તોમાં હોય છે, ભગવાનતો તે પોતે ભગવાન જ છે, તેમને તો પરબ્રહ્મનિષ્ઠા જ છે, છતાં પણ હેતથી ભગવાન પોતે ભગવાન નિષ્ઠાને અક્ષરનિષ્ઠામાં અક્ષરનિષ્ઠાને મુક્તિનિષ્ઠામાં અને મુક્તિનિષ્ઠાને ભક્તનિષ્ઠામાં ભેળવીને પોતાના ભક્તમાં પોતાનું સર્વસ્વ સ્થાપી અને વર્તે છે, એ પણ ભગવાનની નિષ્ઠા સમજવા જેવી છે, આ નિષ્ઠા ભગવાને પોતાના ભક્તમાં વસાવી છે અને ભક્તને ભગવાનપણું આપે છે, તેવા મોટા ભગવાનને લઈને તેના કૃપાવાળા તેપણ ભગવાન કહેવાય, આવી નિષ્ઠા તે પણ દિવ્યનિષ્ઠા છે.

✣ ઉપદેશ-૭૧ ✣

મહાકાલ એ પણ ભગવાનની શક્તિસ્વરૂપે સમર્થ તત્ત્વ છે, માયાને ક્ષોભ પમાડીને સૃષ્ટિ કરાવે છે. ઋતુઓ લગાડીને તમામમાં ફુલ, ફળો પ્રગટાવે છે, ચોમાસું તે આકાશમાં ક્ષોભ કરીને વાદળા ઉપજાવીને વરસાદ પાડે છે, વરસાદ વડે વૃક્ષ, તૃણ, વેલી વગેરે ક્ષોભ પામીને પાંદડા, ફુલ, ફળોવાળાં થાય છે, મહામાયાને મહાકાલ ક્ષોભ પમાડે ત્યારે સૃષ્ટિ થાય છે, મહામાયા સમભાવમાં ત્રણ ગુણવાળી હતી તે વિષમભાવના ગુણોવાળી થઈને સૃષ્ટિસ્વરૂપે થઈ, તેમાં મહાકાલે સહાય આપી એટલે મહાકાલને સહકારી કારણ વર્ણવ્યા છે, આ મહાકાલ સ્વરૂપી પરમેશ્વરની શક્તિ તે પરમેશ્વરની મહામાયા સ્વરૂપી શક્તિમાં ભળી અને સ્થૂલ સૃષ્ટિઓ થઈ, તે બે શક્તિઓમાં ભગવાન તો છે જ, તેથી જેમ માયા સહિત ભગવાન ઉપાદાનકારણ ગણાયા, તેમજ મહાકાલ સહિત ભગવાન સહકારી કારણ પણ ગણાયા, ભગવાને પ્રેરેલો મહાકાલ તે માયાને સહારો આપે છે, તેથી ભગવાન જ સહકારી કારણ છે, આ મહાકાલ અને મહામાયા તે બન્ને શક્તિઓ ભગવાનના સંકલ્પને આધીન છે, તેથી ભગવાનના સંકલ્પ પ્રમાણે જ કામકાજ કરે છે, ભગવાનના સંકલ્પ પ્રમાણે જ સૃષ્ટિ થાય અને સૃષ્ટિનો લય પણ થાય તેથી ભગવાનનો સંકલ્પ તે આ સૃષ્ટિ ઉપજવામાં નિમિત્તકારણ થયો, ભગવાને સંકલ્પને બહાનું બનાવ્યું છે, જે બહાનું છે તે નિમિત્ત કહેવાય, ભગવાનના સંકલ્પને બહાને મહાકાલ તે મહામાયનો ક્ષોભ કરે છે, એટલે ભગવાનનો સંકલ્પ તે નિમિત્ત કારણ ગણાયો, સંકલ્પવાળા ભગવાન જ નિમિત્ત કારણ થયા.

આવી સમજણવાળાને માયા, કાળ, કર્મ, સ્વભાવ, સંકલ્પ તે બધાં ભગવાન વતે જ થાય છે આવું જ્ઞાન થવું, તે સાક્ષાત્કાર પ્રમા, યથાર્થજ્ઞાન, સાચી સમજણ કહેવાય છે, મહામાયા તથા મહાકાલ તથા સ્વસંકલ્પ એ ત્રણ કારણોમાં રહેનારા પરબ્રહ્મ તે સર્વકારણ છે.

અક્ષરધામ અનેક સ્વરૂપે વર્તે છે તથા મુક્તો અનેક સ્વરૂપે વર્તે છે તથા ભગવાનના આભૂષણો, વેષ, ચિન્હો, ઐશ્વર્ય, ચમત્કારો વગેરે અનેક સ્વરૂપે પ્રગટે અને વર્તે તથા પોતે અનેક સ્વરૂપે વર્તે તથા પ્રકટે, તે અવતરણો કે અવતારો તરીકે વર્ણવાય છે, માયામાં તથા ઈશ્વરોમાં તથા જીવાત્માઓમાં ભગવાન વિશેષપણે વર્તે તો તે પણ અવતરણો કે અવતાર ગણાય છે, તે સર્વેમાં શ્રીપુરુષોત્તમ નારાયણ વસેલા છે જ માટે અવતારી કહેવાય છે, શરીરી કહેવાય છે, સાક્ષી અંતર્યામી નિયન્તા પ્રભુ એમ કહેવાયા છે, તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીસ્વામીનારાયણ શ્રીહરિકૃષ્ણ, શ્રીકૃષ્ણ, શ્રીહરિ,

શ્રીનીલકંઠ, શ્રીનારાયણ, નારાયણ સ્વામી, નારાયણમુનિ, સહાજાનંદ સ્વામી, ધર્મપુત્ર શ્રીજી મહારાજ પરમાત્મા જ અવતારી પોતે છે. તેના પ્રેરાયા થકા બ્રહ્મના મુક્તોના, ઈશ્વરોના, જીવોના દિવ્ય વેષભૂષા, આયુધ, ગુણ, ચમત્કાર ચિન્હો વગેરેના અવતરણો થયા જ કરે છે. વાસુદેવનાં, ભૂમાપુરુષનાં, મહાવિષ્ણુનાં, મહાપુરુષનાં, વૈરાટનાં, બ્રહ્માનાં વિષ્ણુનાં, શિવનાં, તત્ત્વાભિમાની દેવતાઓનાં, રાધાલક્ષ્મી આદિ શક્તિઓનાં પણ અવતરણો થયાં જ કરે છે, જ્યાં જેવી જરૂરત ત્યાં તેવું અવતરણ કરે કરાવે છે, તેથી પરબ્રહ્મ અવતારી ગણાય છે, આ વાત પૂર્ણ રીતે સમજી રાખવી.

✣ ઉપદેશ-૭૨ ✣

સર્વોપરી સર્વના ઉપરી એક જ પરબ્રહ્મ છે, તેવા પરબ્રહ્મને પોતા પાસે રાખવાનું બળ જે ઉપાસના તે સર્વોપરી ઉપાસના કહેવાય છે, આવી ઉપાસના તો મોટામાં મોટા છેવટના મોટા હોય તેની કરવી, તેવા પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રત્યક્ષ અનાદિ અક્ષરાતીત શ્રી સ્વામિનારાયણ પરબ્રહ્મ પરમાત્મા જ છે, એવી મોટાઈનું જ્ઞાન તે માહાત્મય જ્ઞાન કહેવાય, માયા મોટી છે તેમાંય મોટા ભગવાન. જીવો ઘણી જાતની મોટાઈવાળા છે, તે બ્રહ્મા સુધી તમામમાં મોટામાં મોટાં વસેલા ભગવાન, ઈશ્વરો ઘણી મોટાઈવાળાઓ છે, પણ તેમાં વસેલા મોટામાં મોટાં ભગવાન, અવતારો ઘણે પ્રકારે મોટા છે, પણ તેમાં સ્વરૂપે પ્રેરક એવા મોટામાં મોટા ભગવાન, મુક્તો અનેક પ્રકારે છે, તેમાં પણ વસેલા મોટામાં મોટા ભગવાન, અક્ષરધામ વ્યાપક અને અનેક પદાર્થોરૂપે છે, તેમાં પણ વસેલા મોટામાં મોટા ભગવાન, ભગવાનના વેશ-શણગાર, આયુધો, આભૂષણો, ચિહ્નો, સામર્થ્યો, ગુણો વગેરે જે કંઈ તે બધુંય ભગવાનને લઈને છે અને ભગવાનને લઈને શોભે છે માટે તે તમામમાં રહેલા મોટામાં મોટા ભગવાન, આ રીતે પોતે પણ પોતામાં મોટામાં મોટા એવા ભગવાન શ્રીહરિ તેની સમજણ તે આ માહાત્મ્યજ્ઞાન કહેવાય છે, તથા માયા અને તેના તત્ત્વોની સૃષ્ટિયું, સ્થિતિયું, સ્વર્ગાદિકની સ્થિતિયું, બ્રહ્માંડોની સ્થિતિયું, સૂર્ય, ચંદ્ર, ધ્રુવ, તારા, ગ્રહ, નક્ષત્ર, સમુદ્ર, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશની સ્થિતિયું, એકમાંથી બીજું જન્મવું એવી કળા, સજાતીયમાંથી સજાતીય થવું સૂક્ષ્મમાંથી સ્થૂલ થવું, વાયુના આધારે કરોડો બ્રહ્માંડોનું ધારણ વગેરે તેમાં વસેલા ભગવાનને લઈને છે, આવી સમજણ તે માહાત્મ્યજ્ઞાન કહેવાય છે.

આપણે જે આ કથા વાંચીએ છીએ તેમાં ભાષાના વાક્યો ગોઠવ્યાં છે, તેના શબ્દો બોલાય છે તે કાનમાં પહોંચે છે, તેમાં અર્થો પદાર્થો ચીજો ભાસી આવે છે, આવી ભાસ થવાની અભિધાશક્તિ, અર્થશક્તિ તથા તેની વ્યંગ્ય, ઇંગિત, અભિપ્રેત, શ્લેષ

વગેરેવાળા અર્થોની શક્તિવાળી લક્ષણાઓ તથા તેના ભાન વગેરેમાં પરબ્રહ્મ તેવે તેવે આશ્રયને સ્વરૂપે તેવે તેવે સ્વરૂપે તેમાં રહ્યા છે, એવી જે મોટાઈની સમજણ તે માહાત્મ્યજ્ઞાન કહેવાય. સૂઈ જાય તેને જગાડે, ન હોય ત્યાંથી લઈ આવે, શૂન્યમાંથી ચીજો ઉપજાવે, અણુ જેવા જીવમાં આખું જગત વસાવે, હજારો યુગે પણ કરેલાં કર્મ ફળને પહોંચાડે, આખી સૃષ્ટિને સદા દેખે, જેને જેટલું જેવુ જ્યાં જેવી રીતે જોઈએ તેવું જ કરી આપે, ન જોઈએ તેવાને તારવી નાંખે, આવી અદ્‌ભુત કળા તે પરમાત્માની જ છે, માટે એવી જ્ઞાનમાં મોટાઈ, અંતર્યામીપણાની મોટાઈ, વ્યાપવાની મોટાઈ, દિવ્ય સુંદરતાની મોટાઈ, કારણના કારણપણાની મોટાઈ, કર્મફળ આપવામાં ભૂલ ન થાય તેવા પણું એવી મોટાઈ, આવરદાઓના નિયમિત સમયના નિર્ણયો કરનાર, આવી બધી મોટાઈઓનું જ્ઞાન તે માહાત્મ્ય જ્ઞાન ચિંતવવું, તે ઉપાસનામાં વર્ણવાય છે.

એવા મોટા ભગવાન સર્વ ધામોના ધામી કહેવાય છે. ધામી એટલે ધામવાળા સર્વે ધામો જે શ્રીકૃષ્ણ ભગવાનનું ગોલોક, શ્રીલક્ષ્મીનારાયણનું મહાવૈકુંઠ, શ્રીરામચંદ્રજીનું સાકેતવૈકૂંઠ, શ્રીવાસુદેનારાયણનું અમૃતધામ, ભૂમાપુરુષનું અવ્યાકૃતધામ, શ્રી મહાલક્ષ્મીનું શ્રીપુરધામ, મહાવિષ્ણું શબલિકધામ, મહાવૈરાટનું હિરણ્યમયધામ, શ્રીવિષ્ણુનું વૈકુંઠધામ, શિવજીનું કૈલાસધામ, શેષનારાયણનું ક્ષીરસાગરધામ, શ્રીવાસુદેવનું શ્વેતદ્વીપધામ, શ્રીધૃવનારાયણનું ધ્રુવવૈકૂંઠધામ, શ્રીનરનારાયણનું બદ્રિકાશ્રમધામ તથા અવતારોનાં તે તે ધામો તથા મહાપુરુષનું ધામ, શુદ્ધસત્ત્વધામ, તે આ તમામ ધામો દિવ્યરૂપે તો મોટા એવા અક્ષરબ્રહ્મધામમાં વસેલા છે, માટે તમામ ધામોનું વ્યાપક અક્ષરધામ છે, તેવા ધામવાળા ધામી શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. સર્વ ધામોમાં જે મોટું ધામ તેના ધણી એવા ભગવાન તે સર્વે ધામોના ધામી એવા આ પ્રત્યક્ષ શ્રીજી મહારાજ છે.

✤ ઉપદેશ-૭૩ ✤

આ શ્રીહરિના ગુણો અસંખ્ય છે, તેમ શ્રીહરિને લઈને સંતના ગુણો પણ અસંખ્ય છે. અક્ષરધામના અને મુક્તોના ગુણો પણ અસંખ્ય છે. તેમાં મુખ્ય બ્રહ્મશીલવ્રત, હેત, પ્રેમ, પ્રીતિ, સંતોષ, આનંદ, સુખ, તૃપ્તિ, બળ, વીર્ય, તેજ, શક્તિઓ, કૃપા, દયા, કરૂણા, રાજીપો, પ્રસન્નતા, મિલનભાવ, સહૃદય, કોમળતા, શરણગતરક્ષા, ભક્તની સંભાળ, શીતળતા, ઐશ્વર્ય, સર્વજ્ઞપણું, નિત્ય પ્રત્યદર્શિતા, વત્સલપણું, ઉદારપણું, દાતારપણું, સરલપણું, પરોપકાર, આકર્ષણ, મીઠાશ, સૌમ્યભાવ, મંદહાસ્ય, સુરૂપ સર્વપ્રિયપણું, વ્હાલપ, અપરાધ સહનપણું, શુદ્ધિ, દિવ્યતા, તાપસ્વિતા, સત્યવ્રતઆશ્રયદાતાપણું, ભક્તેચ્છાપૂરકપણું, સમ્માનદેવાપણું, સ્વાગતકરવાપણું,

રમૂજપણું, ઉત્સવ, સત્કાર, સાત્વિકપણું, સર્વરસ, સર્વગંધ, સર્વરૂપ, સર્વરતિ, સર્વસારપ્ય, સર્વ કીર્તિ, યશસ્વીપણું, શુભસંકલ્પ, સત્યકામ, સત્યસંકલ્પ, સારી ઇચ્છા, મિત્રતા, સોહાર્દ, પ્રતિભા, ચતુરતા, મતિમત્તા, કુશળતા, ગંભીરતા સેવા, અનુગ્રહ, પૂજન,ભજન, ઉપદેશ, ગુરુપણું, કલ્યાણ, નિઃશ્રેયસ, સદ્ધર્મ, વૈરાગ્ય, શમ, દમન, ઉપરતિ, તિતિક્ષા, સ્વતંત્રતા,આજ્ઞાકારિતા, પાંડિત્ય, બુદ્ધિમત્તા, નિર્વિકારિતા, નિષ્કામિતા, નિર્લોભિતા, નિર્માનિતા, નિઃસ્વાદિતા, નિઃસ્નેહિતા, નિર્મોહિતા, નિર્ગુણરહિતા, સદ્‌ગુણિતા, વિજયીપણું, રાજાધિરાજપણું, સાદાઈ, પુણ્યસમૃદ્ધિ, આસ્તિકતા, પ્રશંસા, હિતકારીપણું, અભયદાન, વિવેકીપણું, આત્મતૃપ્તિ, સ્વામિપણું, પતિપણું, આશીર્વાદ, સૌભાગ્ય, બ્રહ્મસ્થિતિ, શોકરહિતપણું, સાવધાનપણું, સૌમનસ્ય, પ્રામાણિકતા, સદાસંભારણું, અધ્યાત્મવિદ્યા, ઉન્નતિ, શુભ કળાઓ, કાર્યકારણયોજકતા, વિશ્વાસ, કૃતજ્ઞતા, સહાયદાતાપણું, સંભાળલેવાપણું, અતિથિસત્કાર, સત્સંગ, સત્કર્મકારિપણું, ધ્યાન દીક્ષા, નિદિધ્યાસન, નિર્ગુણપણું, દિવ્યગુણવાળાપણું, ઉજળાપણું, સ્થિરતા, વિશારદપણું, આચાર્યપણું, ગુરુસદ્‌ગુરુપણું, યોગકળાવાળાપણું, સિદ્ધિવાળાપણું, પ્રેરકપણું, નિવારકપણું, જીવનદાનપણું, પોષણકર્તાપણું, અર્વિભાવ, તિરોભાવ, દશ્યઅદશ્ય સૂક્ષ્મસ્થૂલભાવ, સદ્‌ભાવના, ગુણગ્રહિતા, ઉત્કર્ષ દેવાપણું, નિભાવનાપણું, ઉદ્ધારવાપણું, ભલાઈ, મુનિપણું, ત્યાગ, અનાથનાનાથ- ગરીબનિવાજપણું, નિરાધારના આધાર, માવતરપણું, સમાપણું, ભગવાનપણું, વ્યાપકપણું, સદાચારપણું, સદ્વિચારવાળાપણું, સારીમંત્રણા, નિશ્ચિતસિદ્ધાંતવાળાપણું, તર્કીપણું, તત્ત્વવિવેચન, નિષ્કપટપણું, અનિગ્રહિતપણું અપ્રધૃષ્યતા, ઔદાસીન્ય, નિર્લેપતા, ભૂલ ન થાય તેવા ખરબદારપણું, એકાન્તિકભાવ, સર્વમંગળનિવાસ, સર્વસંપત્તિવાળાપણું, નમ્રતા, વિનય, સ્વસ્થતા, થાકરહિતપણું, મનોરથ પૂરકતા, ઇંગિતજ્ઞતા અભિપ્રાય, જાણવાપણું, પતિતપાવનપણું, અંતકાળના બેલીપણું, ઉકેલદેવાપણું, ફળદેવાપણું આવા અનેક ગુણો પરમેશ્વરમાં રહ્યા છે તે જ ગુણો સંતમાં હોય છે અને આત્મનિવેદી ભક્તમાં પણ તે ગુણો આવે છે. આવી સમજણ હોય તેને બ્રહ્મસ્થિતિ વર્તે છે.

✣ ઉપદેશ-૭૪ ✣

ગુણો પણ માયાના હોય તો તે બંધન કરે છે. સત્ત્વગુણ તે સુખ કરે, પણ રજોગુણ સાથે જ હોવાથી તેનો દુર્ગણ જે દુઃખ તે પણ ઊપજે અને તમોગુણનો મોહ તે પણ ઊપજે, જેથી માયાના ત્રણ ગુણો એકલું સુખ નથી આપતા, એટલે જ માયા અને તેના ગુણો ત્યાજય છે. જીવો અને ઈશ્વરોમાં માયાના ગુણોનું જોર હોય છે, જીવોમાં સુખ

ઓછું, દુઃખ જાજુ અને મોહ તો છેડા વિનાનો હોય છે, ઈશ્વરોમાં સુખ જાજુ, દુઃખ થોડું અને ઐશ્વર્યાનો મોહ હદ વિનાનો હોય છે. સાત્ત્વિક જીવોના ઢાળ સદ્‌ગતિ મોક્ષ તરફ હોય છે, રાજસી જીવોનો ઢાળ ભોગવિલાસ સંપતિ તરફ હોય છે, તમોગુણી જીવોના ઢાળ મારકુટ, કલેશ, કજિયા તરફ હોય છે. ઈશ્વરોમાં પણ એમ જ હોય છે, કોઈ સાત્ત્વિક ઈશ્વરો વિષ્ણુ વગેરે, કોઈ રાજસી ઈશ્વરો બ્રહ્મા વગેરે, કોઈ તામસી ઈશ્વરો રુદ્ર વગેરે હોય છે, તેમની પ્રજા પણ તેવી જ હોય છે, ત્યાં ત્રણ ગુણના વેગો સુખ દુઃખ ને મોહ ભરેલા હોવાથી તેને મોક્ષસ્થળો નથી કહ્યા પણ તેને કલેશવાળા નરકતુલ્ય કહ્યા છે. ભગવાન, ભગવાનનું ધામ, ભગવાનના મુક્ત, ભગવાનના ભક્ત, ભગવાનના સંત, ભગવાનના આશ્રિત અને ભગવાનના સંબંધ વિના બધૂંય માયિક જ ગણાય છે.

પ્રત્યક્ષ ભગવાનનો સંબંધ જેને જેને થયો હોય તે જડ કે ચેતન હોય તો પણ નિર્ગુણ થઈ જાય છે અને મોક્ષ આપનાર થઈ જાય છે. ધનસંપત્તિ, જમીન, વાહન, મહેલ, કુટુંબ, પુત્રપરિવાર, સ્ત્રી, પુત્રી, દાસ-દાસી, નોકર-ચાકર, વસતિ તમામ મારા પ્રગટ પ્રમાણ ભગવાનું છે અને તેના એકાન્તિક દિવ્ય સંતની સેવા માટે જ છે, તેમાં યોગ્યપણે સંતની સેવાવડે અક્ષરધામમાં જરૂર જવાય છે, સંત અને પ્રકટ પ્રમાણ ભગવાન તેડવા આવશે, બીજા કોઈ આવવાના નથી.

જમના દૂતો ન આવે અને પ્રગટ ભગવાન તથા તેના સંત અંતકાળે લેવા આવે તેવી આત્મનિવેદી નિર્ગુણ ભક્તિ કરવી, જેને અભાવ લેવાની ટેવ હોય દુર્ગણ ગ્રહણ કરવાની ટેવ હોય તથા દોષ જોવાની ટેવ હોય તે રાજી ન કરી શકે અને પોતાના જીવને નિર્મલ ન કરી શકે અને મહિમા વિનાની સ્થિતિમાં જીવન કાઢે તેથી ભગવાન કે સંત તેડવા ન આવે, આપણે તો પ્રગટ ભગવાન અને પ્રગટના સંત સંભાળ લ્યે એમ રહેવું, આ લોકમાં અને પરલોકમાં બધેય સ્થળે આપણી સંભાળ લીધા કરે તો ઉદ્ધરી જાઈએ, માટે સર્વસ્વ તેમનું કરી રાખવું. કોઈપણ રીતે પ્રગટ પ્રમાણ ભગવાન અને પ્રગટના સંત રાજી થયા તો બધાં કાર્યો સિદ્ધ થયાં જાણવા.

✣ ઉપદેશ-૭૫ ✣

ગંધ, સુગંધ ભગવાન લેખે વાપરવા. મધુર રસ, ખાટામીઠાં પદાર્થો ભગવાન લેખે વાપરવા. મધુર, ખાટો, ખારો, તીખો, કડવો, તૂરો એવા રસો સ્વાદવાળા જણાય તે પ્રગટ પ્રમાણ ભગવાનના થાળમાં ધરવા, પ્રગટના સંતોને જમાડવા અને પ્રસાદી કુટુંબે જમવી. આ છ રસ પૃથ્વીમાં છે પણ પાણીમાં એકલો મધુર રસ છે. મધુરમાંથી બીજા રસો પૃથ્વીના પાક પામીને થાય છે, નાળિયેરમાં મધુર, કેરીમાં ખાટો, મીઠામાં

ખારો, કારેલામાં કડવો, હિમેજમાં તૂરો, મરચામાં તીખો એવા રસોમાં મધુરતા તો હોય જ છે, તે મધુરતાને સ્વાદ કહેવાય છે, તે પ્રગટ પ્રમાણ ભગવાનને તથા તેના સંત ભક્તને જમાડીને જમવા, વળી રૂપ ધોળું, લાલ, પીળું, લીલું, કાળું, ભુરૂં, કાબરૂં એવા હોય છે, તે બધા પૃથ્વીમાં તો છે જ, પાણીમાં ધોળું રૂપ છે, જળના રૂપમાં અજવાળું કાન્તિ નથી હોતી, પણ તેજના ધોળા રૂપમાં પ્રભા કાન્તિ અંજવાળું હોય છે, તેવી રૂપવાળી ચીજો હીરા, મોતી, પ્રદીપ, રૂપાળી ચીજું જે કાંઈ પોતાને ગમે છે તે બધી રૂપવાળી ચીજો પ્રગટ પ્રમાણ ભગવાન અને પ્રગટના સંતને અને પ્રગટ ગુરુ સદ્‌ગુરુને અર્પણ કરવી અને નિર્ગુણ કરીને પોતે ઉપયોગમાં લેવી તે મોક્ષ આપનારી થાય છે.

જેટલું રૂપાળુંપણું છે તે ભગવાન છે, જેટલો પ્રકાશ અને ઉજળાપણું છે તે અક્ષરબ્રહ્મનું છે, જેટલો આનંદ છે તે શ્રીહરિનો છે અને જેટલી તૃપ્તિ છે તે આત્માની છે, અને જેટલી તૃષ્ણા છે તે માયાની છે, જેટલું સુખિયાપણું છે તે સંતપુરુષોના આશીર્વાદો છે, જેટલા સારાવાના છે તે માવતરની સેવાવડે છે, જેટલી બરકત છે તે સત્ય વડે છે, જેટલું નિર્વિઘ્ન થાય છે તે ઘરની સતીને પ્રતાપે થાય છે, જેટલી સંપત્તિ છે તે ઘરમાં સંપ વડે છે, જેટલી વિપત્તિ છે તે કુસંપ વડે છે, જેટલા ઉદ્વેગો છે તે અન્યાય વડે છે, જેટલી શાંતિ છે તે ન્યાય વડે છે, જેટલું નિરોગીપણું છે તે નિર્વ્યસ છે. જેટલા રોગ છે તે વ્યસનવડે છે. જેટલું નિર્ભયપણું છે તે ધર્મ વડે છે, જેટલો ભય છે તે અધર્મ વડે છે, જેટલા રાગ છે તેટલો સામા પક્ષમાં દ્વેષ હોય માટે દુર્ગુણો તજવા.

ઘરકુટુંબમાં હેત પ્રીત તે સાચું સ્વર્ગ, ઘર કુટુંબમાં અણબનાવ તે પ્રત્યક્ષ નરક કહેવાય, જ્યાં દરરોજ ઝઘડા ત્યાં પ્રત્યક્ષ જમપુરી, જ્યાં દરરોજ ઉત્સવ આનંદ ત્યાં સદા અક્ષરધામ, જ્યાં પ્રગટ પ્રમાણ સદ્‌ગુરુનો રાજીપો ત્યાં પ્રગટ પ્રમાણ ભગવાન, જ્યાં નિખાલસપણું ત્યાં અંજવાળું. જ્યાં કપટપણું ત્યાં અંધારુ, જ્યાં નિર્દોષબુદ્ધિ ત્યાં ઉજજવળતા, જ્યાં દોષબુદ્ધિ ત્યાં મલિનતા, જ્યાં વાસના ત્યાં જન્મ-મરણ સંસાર, જ્યાં નિર્વાસનિકપણું ત્યાં મુક્તપણું. જ્યાં ભક્તિ ત્યાં ભગવાનની હાજરી, જ્યાં આસંકિત ત્યાં મહાકાળની હાજરી, જ્યાં સત્સંગ ત્યાં આત્મસંપત્તિઓ, જ્યાં કુસંગ ત્યાં કાળના ઝપાટાઓ, જ્યાં અંતર્વૃત્તિ ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર, જ્યાં બાહેરવૃત્તિ ત્યાં માયાનું ક્ષેત્ર, જ્યાં સંત અને ભગવાન ત્યાં સર્વે પુરુષાર્થ છે.

✣ ઉપદેશ-૭૬ ✣

ભગવાન અને અક્ષરધામના અંજવાળા વડે તમામ સૃષ્ટિઓ અંજવાળાવાળી છે. સૂર્ય, ચંદ્ર, તારા, વીજળી, અગ્નિ, મણિ, ઔષધિઓ વગેરે પરબ્રહ્મ, અને બ્રહ્મનાં અજવાળા વડે અંજવાળા છે, તેથી આપણે પણ રૂપાળા છીએ, આપણામાં જેટલું ભગવાનું રૂપ છે તેટલા રૂપાળા છીએ તે વિના બાકી તો કાળાપણું જાણવું. માયાનું કાળાપણું કાઢી નાંખવું. બધૂંય ભગવાનનું અંજવાળું વસાવવું. ભગવાનનું અજવાળું મીઠા, શીતળ, આનંદ, આકર્ષક સ્પર્શવાળું છે, તેવો સ્પર્શ લેવો, ભગવાનમાં અને સંતમાં દિવ્ય તેવો સ્પર્શ છે, બાકીમાં તો માયિક સ્પર્શ છે, તે માયિક સ્પર્શ પવનમાં, તેજમાં, જળમાં અને પૃથ્વીમાં છે. ટાઢો, ઉનો, મધ્યપણાનો કોમળ, કઠિન, લુખો, ચીકણો, સુંવાળો, આકરો એવા સ્પર્શો તે માયાના છે, પણ પ્રગટ પ્રમાણ ભગવાન ને પ્રગટના સંતના સ્પર્શો તે દિવ્ય અને નિર્ગુણભાવને પમાડનારા તથા મહાશાંતિ આપનારા હૃદયના ઘાટ સંકલ્પ બંધ કરાવનારા તથા મોક્ષ આપનારા છે.

શબ્દ નામનો ગુણ તે ભગવાનની કથાવાર્તા, કીર્તન, ધૂન, ભજન, ઉપદેશ, નામરટન, ગાયન, મૂર્તિવર્ણન વગેરેના હોઈ તે મોક્ષ આપનારા છે, બાકીના શબ્દો ભગવાન અને સંતના સંબંધ વિનાના જે જે તે સર્વે વ્યવહારના અને સંસારના બંધનવાળા વૈખરીવાણીમાં ગણાવેલા છે, ભગવાન સંબંધી વાણીના શબ્દો તે પરાવાણીમાં ગણેલ છે, માટે ધ્વનિ પડછંદા, રાગ-રાગણીમાં, વાજાં, સ્વર, વ્યંજન, અક્ષર, પદ, શબ્દ, વાક્ય, શ્લોક, કડી, કીર્તન, અધ્યાય, ગ્રંથ વગેરે ભગવાન અને સંતના સંબંધવાળી પરાવાણીના શબ્દોનો અભ્યાસ કરવો, પ્રલ્હાદે તેવો અભ્યાસ કર્યો હતો.

શબ્દોમાં પ્રભુએ મેલેલી શક્તિ અભિધા તે વડે અર્થોના બોધ થાય છે, જે અર્થો શબ્દાર્થને અડખે પડખે મળતા આવે તે લક્ષ્યાર્થ ગણાય છે, જેમ કે ખેતરમાંથી ઢોરને તગડજે તેમાં ખેતરનો અર્થ ધૂળ ખેતર તેની સાથે અર્થ ઉભો લીલો મોલ તે લક્ષ્યાર્થ છે, ખેતર એટલે ખેતરનો લીલો મોલ, તેમાંથી ઢોર એટલે ઢોર જાનવર મૃગલા રોજડાં પંખી ચોર જે મોલ ખાઈ જાય, તે બધાંય લક્ષ્યાર્થ કહેવાય, તગડજે એટલે મોલમાં પેસવા ન દઈશ, મોલને ખાવા ન દઈશ, આ લક્ષ્યાર્થ કહેવાય છે, એમ સીધા સાક્ષાત અર્થમાં જે વધારે અર્થોનો સમાવેશ થતો હોય તે બધાય લક્ષ્યાર્થો હોય છે.

આવા લક્ષ્યાર્થો પણ ભગવાન સંત અને ભક્તના લીલાચારિત્રોમાં ઉપયોગી હોય તે ગ્રહણ કરનારને મોક્ષમાં ઉપયોગી થાય છે, જેમ કે વચનામૃતો, સ્વામીની વાતો વગેરે ગ્રંથો ભગવાન, સંત અને ભક્તોના કથનવાળા જ હોય, માટે મોક્ષશાસ્ત્રો કહેવાય

છે. તે વાંચવા, સાંભળવા અને શાંતિ મેળવવી, અધૂરું બોલાય પણ અર્થ વિશાળ નીકળે તે લક્ષ્યાર્થો ગણાય છે. શક્યાર્થના સમ્બન્ધો તે લક્ષણાઓ અને લક્ષણાઓવાળા અર્થો તે લક્ષ્યાર્થો, આ રીતે તમામ નામવાળી ચીજોમાં ભગવાન રહ્યા જ છે, તેથી વેદાન્તશાસ્ત્ર શક્યાર્થ સાથે લક્ષ્યાંર્થ બતાવે છે. જીવાત્મામાં પરમાત્મા છે, ઈશ્વરાત્માઓમાં પરમાત્મા છે, માયા અને માયાના તત્ત્વોમાં પરમાત્મા છે, મુક્તોમાં પરમાત્મા છે, અક્ષરમાં પરમાત્મા છે, આવી રીતે તે તે શક્યાર્થોમાં પરમાત્માને લક્ષ્યાર્થ તરીકે લઈ જ લેવા, આવો બોધ તે બ્રહ્મબોધ, સદ્વિદ્યા કહેવાય છે, તે કરવો રહેવો.

✤ ઉપદેશ-૭૭ ✤

બધા તત્ત્વો ભેળાં રહે છે જ, તેનાં સંબંધો હોય જ. ભગવાન સાથે બધા તત્ત્વોને અપૃથકસિદ્ધ સંયોગ, તાદાત્મ્ય, અભેદ, શરીરીપણું, વ્યાપકપણું, અન્વયવ્યતિરેકપણું, આશ્રયઆશ્રિયિપણું, આધારઆધેયપણું, કાર્યકારણપણું, ગુણગુણીપણું, જન્યજનકપણું, સમૂહપણું, સમવાયપણું, સ્વરૂપપિંડપણું, સૂક્ષ્મસ્થુલપણું, અંદરબાહેરપણું, સ્વામીસેવકપણું, નિયામ્યનિયામકપણું, વિશેષણવિશેષ્યપણું, એકપણું, વિશિષ્ટપણું, ભેગાવડાપણું, ભેળસેળપણું, ઓતપ્રોતપણું, જ્ઞેયજ્ઞાતાપણું, ભોગ્યભોક્તાપણું, અહંમમત્વપણું એવા અનેક પ્રકારના સમ્બન્ધો છે, તે બધા ભગવાન સાથે જ કરી રાખવા, આવી સંસર્ગવાળી રીતને સમજે તો જરૂર સંગ, સત્સંગ, સંયોગ, સમૂહ, સમૈયા, સમાગમ, સેવા, સ્વભાવ, સ્વકીયપણું એવા નામના સંબંધો ભગવાનમાં અને તેના સંતમાં થવા માંડે તે ભવસાગરને તરી જાય છે. સાચી સગાઈ, સાચો સંબંધ, સાચા સંબંધી સાચા પોતાના – આ બધું ભગવાન અને સંતમાં થઈ જાય, તે ભગવાનનું કુટુંબ ગણાય છે, આવા આત્મતનિવેદી થાવું.

શક્તિઓ તમામ તત્ત્વોમાં છે. પરમાત્મામાં તમામ સૃષ્ટિઓની સંચાલન શક્તિઓ, અક્ષરબ્રહ્મમાં સૃષ્ટિઓ ધારવાની શક્તિઓ, ઈશ્વરોમાં સામ્રાજ્યો સાચવવાની શક્તિઓ, માયામાં તત્ત્વો ઉપજાવવાની શક્તિઓ, જીવાત્માઓમાં ક્રિયાની શક્તિઓ, તથા તમામ ચેતનવર્ગમાં જ્ઞાનની શક્તિઓ તથા જડવર્ગમાં તેના ગુણોની શક્તિઓ તથા સામર્થ્યો રહેલાં જ છે, તે શક્તિઓ પરમેશ્વરે તમામમાં મેલી છે, સંતમાં ભગવાની શક્તિઓ આવે છે, તેવા સંતની આંખમાં જોનારા ભગવાન છે, તેવા સંતના કામમાં સાંભળનારા ભગવાન છે, તેવા સંતની જીભમાં બોલનારા તથા ચાખનારા ભગવાન છે, તથા તેવા સંતના પગમાં ચાલનાર ભગવાન છે, તે સંતના દેહાઈન્દ્રિયો અન્તઃકરણના તમામ પ્રકારની ક્રિયાઓમાં કામ કરનારા ભગવાન છે, તેમાં રહીને ભગવાન તમામ સેવા

અંગીકાર કરે છે, આવી શક્તિઓ, પ્રગટ પ્રમાણ ભગવાન અને તેના પ્રગટ સંત માટે કરી રાખવી જે નિર્ગુણભાવને તથા દિવ્યતાને તથા નિર્લેપતાને પમાડીને મોક્ષમાં લઈ જનારી થાય છે.

આકર્ષણો, ચમક જેવા ખેંચાણો, વિદ્યુત-સામર્થ્યો, તાણતાન અને એકતાનતા વગેરે પણ ભગવાન લેખે કરી રાખવાં, ભગવાનમાં અને સંતમાં જે તાન લાગ્યું તે મોક્ષ આપે છે, જેને ભગવાનમાં તાન લાગે છે, તે સાધુ ત્યાગી શાંત યોગી થઈને મોક્ષમાં ચાલ્યા જાય છે, પ્રગટ પ્રમાણ ભગવાનનું તાન અને તેના પ્રગટ સંતનું તાન તો માયાને ભુલાવી બધેથી ખોટું હેત તેડાવી રાગને મટાડી અને ભગવાનની મૂર્તિમાં તથા સંતમાં જોડે છે, આ પ્રમાણે ધામમાં પહોંચી જાય છે, સેવકોએ આ પ્રમાણે આત્મિનિવેદીપણું સિદ્ધ કરવું.

આવું તત્ત્વજ્ઞાન થાય તેથી વિવેકજ્ઞાન વધે અને આત્મા પરમાત્મા સંત અને મુક્ત મંડળમાં સાક્ષાત્કાર થવા લાગે, માટે વિવેકજ્ઞાનમાં જે ત્યાજ્ય લાગે તે તે તજી દેવાં અને ગ્રાહ્ય લાગે તે તે ગ્રહણ કરવા, ગ્રહણ કરવા યોગ્ય તો ભગવાન અને સાધુ બે જ છે, દર્શન કરવા યોગ્ય પણ ભગવાન અને સંત બે જ છે, સેવવા યોગ્ય પણ તે બે જ છે, આ પ્રમાણે બધા શાસ્ત્રો પણ કહે છે તત્ત્વજ્ઞાન કરો, પછી ફળમાં ભગવાન અને પ્રગટ સંતને ગ્રહણ કરો, તેમાં પણ પરોક્ષ નહિ પ્રત્યક્ષ પ્રમાણ એવા ભગવાન અને પ્રગટ સંતને ગ્રહણ કરો, તેને નિષ્કપટ ભાવે સેવો, તેને સોંપાઈ જાઓ, તેના સત્સંગમાં સમર્પણ થઈ જાઓ તેઓ જરૂર જરૂર જરૂર મોક્ષમાં લઈ જાશે.

✤ ઉપદેશ-૭૮ ✤

પોતાનું અજ્ઞાન તે આત્માનું અંધારું છે, તે નડે છે. અજ્ઞાન એટલે સંશય થાય તે. અજ્ઞાન એટલે અભાવ આવે તે. અજ્ઞાન એટલે લૌકિક કલ્પના આવે તે. અજ્ઞાન એટલે કુતર્ક કરે તે. અજ્ઞાન એટલે વિપરીત વર્તે તે. અજ્ઞાન એટલે ભ્રાન્તિમાં પડે તે. અજ્ઞાન એટલે ન મનાય તે. અજ્ઞાન એટલે પોતાનું અભિમાન. અજ્ઞાન એટલે પોતાપણાની મમતા. અજ્ઞાન એટલે નાસ્તિકતા. અજ્ઞાન એટલે નરસી દૃષ્ટિ, નરસું મનન, નરસા ભાવ અને બધી નરસી સમજ, તે મોટાં અજ્ઞાનો છે, તે મોટા અંધારાં ગણાય છે, તે કાઢી નાંખવા, પોતે દીવો થાવું, પોતે જ મશાલ થાવું, પોતે જ વિજળી થાવું, પોતે જ વડવાનલ થાવું, પોતે જ મહાતેજ થાવું, પોતે જ અક્ષરબ્રહ્મ તેજ થાવું, તો બધા અજ્ઞાન અંધારા ઊડી જાય, પોતે જ સૂર્ય થયો તેને અંધારૂ ન હોય.

અંધારૂં એટલે શું ? તો છતે પ્રગટ પ્રમાણ ભગવાન મળ્યે સતે અને પ્રગટના સંત મળ્યે સતે પણ તેવા પ્રગટમાં તુચ્છબુદ્ધિમાં કરવી, તે તુચ્છબુદ્ધિ જ અજ્ઞાન છે, સંસારી જીવ પોતા જેવા દેખે તે અજ્ઞાન, પોતા જેવી ક્રિયા કલ્પે તે અજ્ઞાન, પોતા જેવા દુબેલા ચિંતવે તે અજ્ઞાન, પોતા જેવા મળ-મૂત્ર, તાવ, ઉધરસ, ગૂંમડા વા રોગ અશક્તિ કલ્પે, દેખે, ચિંતવે, માને અને હલકી દૃષ્ટિ વાપરે તે અજ્ઞાન માટે એવા અજ્ઞાનરૂપી અંધારાં પ્રગટમાં ન કલ્પવાં. તે ખરા આત્મનિવેદી ગણાય.

પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણાં ગીધ, ગણિકા, કપિવૃંદ કોટિ,
વૃજતણી નાર્ય વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી.

આ રીતે પ્રગટ ભગવાન મળે તો અંધારૂં ન રાખવું. શ્રીકૃષ્ણ કહી કહીને સમામ પણ થઈ ગયા તોય યાદવોએ ભગવાન ન માન્યા. શ્રીહરિ કહી કહીને ધામમાં પહોચી ગયા તોય જગતના જીવોએ ભગવાન ન માન્યા. પ્રગટ હોય પણ કોઈ ન જાણે રમાપતિની રીત પણ જગત આંધળું ભીત, માટે ભક્તે ઓળખીને ભજી લેવા, સેવી લેવા ને મોક્ષ મેળવી લેવો.

અંધારી રાતનું અંધારું પણ એક દ્રવ્ય તત્ત્વ છે, તે તમામને આવરણ કરે છે, પ્રકાશ જ ન થવા દે. અંધારું સમગ્ર સૃષ્ટિમાં છે, તેમાં નિંદ્રા વધારે રહી છે, પણ અંધારે એને નિંદ્રામાં ભગવાનને રટવા સંતને સંભારવા, જેથી અંધારું અને નિંદ્રા પણ ભગવાન લેખે થઈ જાય. અંધારે ધ્યાન, ભજન, માળા વગેરે સેવાઓ થાય તે કરવી. ઊંઘમાં આંતરિક સ્મરણ, સ્વપ્નમાં સેવા, ઉદ્યમ વગેરે જે જે થાય તે કરવાં. આવી રીતે અંધારાને અને ઊંઘને પણ પ્રગટ પ્રમાણ ભગવાન લેખે તથા પ્રગટના સંત લેખે આત્મનિવેદી કરી રાખવા તેવા ભક્ત કાયમ અક્ષરધામમાં બેઠા છે જ. આવા તો અક્ષરધામના મુક્તો છે અને આંહી પરમ એકાન્તિકો છે, બાકીનાનો તો વિશ્વાસ નહિ. કારણકે પાત્ર થયા નથી, અંતરની આંખ્ય ઉઘડી નથી, તેનું અંધારું ટળ્યું નથી માટે તેને અંધારી રાત મટતી જ નથી.

જેમાં લોક જાગે છે તે ભલે દિવસ હોય પણ સંયમી ભક્તો તેમાં સૂતા જ છે. અને સંયમીઓ જેમાં જાગે છે, તેમાં જગત સુતુ જ છે. માટે સંયમી ભક્તોને બધું અજવાળું છે. માયા ટળી ગઈ છે, બ્રહ્મસ્થિતિએ વર્તે છે, બધું પુણ્યમય જ કરી રાખ્યું છે, ભગવાનની પ્રસન્નતા રૂપ જ કરી રાખ્યું છે, તેઓ આંહી જ અક્ષરધામ અને પરબ્રહ્મના આનંદને ભોગવે છે. ધન્ય છે દાદા ખાચરના કુટુંબને કે જેણે ભગવાન અર્થે અને સંત અર્થે બધું કરી રાખ્યું, એકલા બ્રહ્મભાવમાં વર્ત્યા અને ભગવાનને રાજી કર્યા.

✣ ઉપદેશ-૭૯ ✣

જ્ઞાનો ઘણાં પ્રકારે છે, ઇન્દ્રિયો વડે જ્ઞાન તે પ્રત્યક્ષ જ્ઞાન, પ્રત્યક્ષ પછી અદૃશ્યનાં જ્ઞાનો તે અનુમાનો દાખલાદલીલો સાદૃશ્યવાળા જ્ઞાનો તે ઉપમાજ્ઞાન, શબ્દો વડે તે જ્ઞાન તે શાબ્દબોધ, આક્ષેપથી જ્ઞાન તે અર્થાપત્તિ ન હોય એવું જ્ઞાન અનુપલબ્ધિ, સંભવે એવું જ્ઞાન સંભવ, જૂના કહેતા એવું જ્ઞાન ઐતિહ્ય, સાનચેષ્ટાવાળું જ્ઞાન તે ચેષ્ટાત્મક અને સંસ્કારો વડે સાંભરે તે સ્મરણજ્ઞાન, અને દેખીને સાંભરે તે પ્રત્યભિજ્ઞાન અને કલ્પનાવાળું થાય તે સાર્વકલ્પિક, કલ્પના ન રહે તે નિર્વિકલ્પ, પહેલું થાય તે નિર્વિકલ્પ, પછી ધારા ચાલે તે સવિકલ્પક જ્ઞાન, ખોટી કલ્પનાં તે વિકલ્પજ્ઞાન અને ચીજ વિના ખોટા દેખાવ તે વિપર્યય મિથ્યાજ્ઞાન, સ્વપ્નજ્ઞાન તે નિંદ્રાજ્ઞાન અને લાવાજંખા તે મુર્છા અથવા ગાંડપણજ્ઞાન, ચીજનો ખોટો દેખાવ તે ભ્રાંતિજ્ઞાન, સાચૂં ખોટું ભેગૂં થાય તો સંશયજ્ઞાન, એક જ નિર્ણયજ્ઞાન તે સાચૂં જ્ઞાન, જડ ચેતન જુદાઈ જ્ઞાન તે વિવેકજ્ઞાન, પરમાત્માસ્મરણ તો ઉપાસનાજ્ઞાન, આત્માનું અનુસંધાન તો માનસસદ્વૃત્તિજ્ઞાન, નક્કીપણું તે બુદ્ધિનિશ્ચયજ્ઞાન, અંધાધુંધી જેવું તે મોહજ્ઞાન, સાવ અજ્ઞાન તે તમ આ બધાં જ્ઞાનો ભગવાનમાં વાપરવા, જેથી સાક્ષાત્કાર ફળ મળે.

બધા સકામ ભક્તો માનતા કરે થોડી અને માંગે ઝાઝું, તેથી તો ભગવાન આઘા રહે છે, પણ દયાળું છે તે શરણાગતનું રુડું કરે છે, ભગવાનના ભક્ત થઈને સંસારના સુખ ન માંગવા, સેવાના અને મોક્ષના માંગવા, મોક્ષ આપે એવું જ્ઞાન તે વિદ્યા, સંસાર આપે એવું જ્ઞાન તે અવિદ્યા, તાત્કાલિક સૂઝ પડે તે પ્રતિજ્ઞાજ્ઞાન, જરાક દેખાય તે આભાસ, ભુલ ન પડે તે અભ્યાસ, મનમાં જ ઘડાય તે માનસજ્ઞાન મનન, યોગી મહાપુરુષો મુક્તો દેખે તે દિવ્ય સાક્ષાત્કાર, ભગવાન દેખે તે નિત્યપ્રત્યક્ષજ્ઞાન, બધૂંય દેખે તે સર્વજ્ઞપણું, ક્યારેક દેખે તે સમાધિજ્ઞાન, આ જ્ઞાનો વડે આત્મનિવેદી થઈને મોક્ષ સાધી લેવો, સાચી કમાણી કરીને જ્ઞાનોને ભક્તિમાં ઉતારી દેવા.

સર્વ ક્રિયાઓમાં ભાગવતધર્મ કરી લેવો અને બ્રહ્મસ્થિતિના મુક્તો થઈને વર્તવું. તે સત્સંગનું, જ્ઞાનનું, વૈરાગ્યનું સમજણનું ફળ છે. દિવ્ય, નિર્દોષ દૃષ્ટિ કરવી. દિવ્ય નિર્દોષ નિશ્ચય કરવો. દિવ્ય નિર્દોષ વર્તન કરવું. દિવ્ય નિર્દોષપણે સંત સેવવા. દિવ્ય નિર્દોષપણે સત્સંગ કરવો અને દિવ્ય મોક્ષ મેળવવો. ધામમાં ભગવાન પામવા, આંહી ભગવાન માટે તમામ કરી ચૂકવું. જેથી ધામમાં આનંદથી જવાય.

સર્વે જ્ઞાનમાં વિષય તરીકે વસ્તુ હોય, તેમાં પરમાત્મા હોય, તેનો સમુચ્ચય જે પિંડો તે સાચો છે, માટે તમામની ખ્યાતિ પિંડા રૂપે છે, પણ ભગવાન બ્રહ્મ આત્માવાળો

પિંડો છે, માટે સમુચ્ચયસત્ છે, તે સમુચ્ચય સત્ખ્યાતિ કહેવાય છે. જડચેતન તમામમાં સમુચ્ચયમાં સત્ એવા પરમાત્મા પ્રખ્યાત છે એમ સમજવું.

✣ ઉપદેશ-૮૦ ✣

સર્વે જ્ઞાન, વિજ્ઞાન, અજ્ઞાન, વગેરેમાં વસ્તુ, અવસ્તુ અને વ્યાપક પરમાત્મા તો ભાસમાન વિષય તરીકે હોય જ, માટે સાચા ખોટા પિંડીભૂત પદાર્થમાં સમુચ્ચયમાં પરમાત્મા તો છે જ, માટે જે કાંઈ છાનુંછપરૂ જીણું-મોટું તત્ત્વ પદાર્થ તે પોતાને અંશે સાચું હોય જ, માટે સમુચ્ચયસત્ પદાર્થ પ્રખ્યાત ગણાય, એ રીતે 'સમુચ્ચય સત્ ખ્યાતિ' નામક સ્વતંત્ર સિદ્ધાંત સમજી રાખવો એટલે તમામમાં પરબ્રહ્મ સમુદાય એટલે પરબ્રહ્મ બ્રહ્મ અને જડ કે ચેતન સાચી ખોટી વસ્તુ છે જ, ધામમાં પણ સમુદાયથી સૃષ્ટિમાં પણ સમુદાયથી છે, શરીરીરૂપે છે, માટે તેવી સમજણ તે સમુચ્ચયખ્યાતિ, જે વિવેકજ્ઞાન, મહાત્મયજ્ઞાન, તે મોક્ષનું સાધન છે, આ પણ સમજણ રાખવી.

અનુમાનવાળા જ્ઞાનમાં તેનાં ઉપજાવનાર સાચા કારણજ્ઞાન તે ત્યાં હાજર હોવાં જ જોઈએ. નદીનાં પૂરથી ઉપર વરસાદનું જ્ઞાન થાય, ઊંચે ધૂમાડાથી તળાટીમાં અગ્નિનું જ્ઞાન થાય, અનુમાન ચીજની સાથે તેના કારણનું સાહચર્યપણું હોય જ, તે સહચર્ય સાથે રહેવાપણું, તે એકેય અંશે ભાંગેલું ન હોવું જોઈએ. ૧. જે કારણ સાથે જ હોય, ૨. વિરોધ ન કરતું હોય, ૩. બીજા સામાવડિયા અવળા કારણની હાજરી ન હોય, ૪. પહેલાથી તે કારણ સિદ્ધ હોય, ૫. પછીથી બાધ એટલે ઊડી જવાપણું ન હોય, તો પાંચ પ્રકારે મજબૂત સાચાં કારણો-હેતુઓથી સાચું અનુમાન જ્ઞાન ઉપજે.

જો સાહચર્ય ન હોય તો તેને સાચું કઈ કારણ ન કહેવાય. ૧. તેવું ખોટું કારણ વ્યભિચરિત કારણાભાસ કહેવાય, ૨. વિરોધમાં ઊભું રહે તે વિરોધી કારણાભાસ, ૩. કારણ અવળી સાબીતિ કરનારું હાજર હોય તો સશત્રુ કારણાભાસ કહેવાય, ૪. પહેલાં સિદ્ધ ન હોય તો તે અસિદ્ધ કારણાભાસ કહેવાય, ૫. પછીથી ઊડી જાય તો તે બાધિત કારણાભાસ કહેવાય, આવા પાંચ દોષ માંયલો દોષ કારણમાં હોય તો કારણરૂપી સાધક હેતુ તે દૂષિત હેતુ કહેવાય, તેવા દૂષિત અને અદૂષિત હેતુઓ પણ અભ્યાસથી સમજી રાખવા જોઈએ તો સ્વર્ગના અનુમાન ઈશ્વરોના, અવતારોનાં, મુક્તોનાં, મોક્ષનાં, પરમાત્માનાં અનુમાનો સાચા કહેવાય તો તે શાસ્ત્રો સાચા સર્વમાન્ય થાય. પરમાત્માની વાણી, જે જે શાસ્ત્રો તે સાચાં જ હોય છે, પણ અલ્પ બુદ્ધિવાળાઓને ઉકેલતાં આવડે નહીં.

✣ ઉપદેશ-૮૧ ✣

શાસ્ત્રોની સમજણમાં શબ્દોમાં-વાક્યોમાં ૧. શબ્દોના બરાબરપણા, ૨. અર્થોના સામસામે બરાબરપણા, ૩. આઘૂં પાછૂં લખાયેલ બોલાએલ હોય તો પણ તેમાં જેને જે સાથે મળતું આવે તેવા શબ્દોને તે સાથે જોડાણ કરીને પછી અર્થ લેવા એવી પરંપરા આકાંક્ષા, ૪. બોલવા લખવામાં પાસે પાસે હાજરી, ૫. પ્રકરણ પ્રમાણે, ૬. પ્રસંગ પ્રમાણે, ૭. અવસર પ્રમાણે, ૮. નિર્વાહ પ્રમાણે, ૯. ટાણાં પ્રમાણે જે સંકલના જોડણી તે સમીપતા, આ નવ તો જરૂર જાણવા જોઈએ, ૧૦ વ્યવહાર તો મુખ્ય કારણ છે, ૧૧. અર્ધુ બોલેને આખું સમજાય એવી પ્રતિભાશક્તિ પણ અવશ્ય જોઈએ, આટલાં વાનાં એટલે અગિયારવાનાં વાંચનાર સાંભળનારને અભ્યાસમાં હોય તો સાચો અર્થ સમજી સમજાવી લખી લખાવી શકાય તે સિવાય તો લેખક, ઉપદેશક, શ્રાવક, શ્રોતા વગેરે અર્થ-અનર્થમાં ડૂબકાં મારતા હોય છે, તેથી આવા ઉપાયોના સાધનોના અભ્યાસ કરવા જોઈએ.

૧ સર્વ શાસ્ત્રમાં મળતી વાત એ સર્વતંત્ર સિદ્ધાંત, ૨. પોતાનાં ઘરનાં શાસ્ત્રમાં જ હોય, બીજે ન હોય તે સ્વતંત્ર સિદ્ધાંત, ૩. સામાના શાસ્ત્રમાં જ મળતી વાત હોય તે પ્રતિતંત્ર સિદ્ધાંત કહેવાય, ૪. જે ચાલુ વાતનું અધિકરણ હોય તેમાં જ લાગુ પડે બધેય ન લાગુ પડે તે અધિકરણ સિદ્ધાંત કહેવાય, આ પ્રમાણે ચાર સિદ્ધાંતો જાણવા જરૂરી છે.

તર્ક-૧. અવતારી ન હોય, ૨. તે પોતામાંથી અવતારો ન દેખાડી શકે, ૩. પોતામાંથી અવતારો દેખાડે છે, ૪. માટે અવતારી છે, આવા ચાર ભાગલાવાળા તર્કો હોય છે. પહેલાં બે ભાગલામાં નિષેધ કલ્પાય અને પછીના બે ભાગલામાં તે નિષેધને ઉડાડીને વિધાનની રીતે સિદ્ધિ કલ્પાય, એટલે સાબીતિ કલ્પાય, આવું તર્કનું રૂપ જાણવું. મૂળમાંથી ઉડાડી દે એવા પણ તર્કો હોય છે. જેમ કે અજ્ઞાની ભગવાન છે ! અજ્ઞાની હોય તે ભગવાન નહીં, ભગવાન હોય તો અજ્ઞાની નહિં, બંને ભેગા હોય જ નહીં. માટે અજ્ઞાની ભગવાન છે એ વાક્ય જ ખોટું, પોતે ઊડી ગયું, એવા બે કોટિ ત્રણ કોટિ ચાર કોટિમાં પણ છેડે પોતાને જ પોતાની સિદ્ધિમાં હાજરી આપવી પડે તો પોતે જ અસિદ્ધ ઉડી જાય, માટે તેવા સૂક્ષ્મવિચારો આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનીઓએ સારી રીતે વર્ણવ્યા છે, સાધારણ વાંચતા વાંચતા અભ્યાસથી આ સમજવું સરલ થઈ પડે છે, આવી સમજણની ખાસ જરૂર હોય છે.

કેટલાંક વાક્યો વ્યંગ અર્થવાળા, કેટલાંક ગુપ્ત અર્થવાળાં, કેટલાંક બીજી રીતે જ અર્થ જણાવનારા પોતાનો ચોખો અર્થ ન કહેતાં હોય પણ બીજા અર્થને પુષ્ટિ કરતાં હોય

અને કાં તો ટાળી દેતાં હોય, તેવા વાક્યોને અર્થવાદ કહેવાય છે, તેના અર્થો ખેંચતા શીખવું જોઈએ. જેમકે, આજ સાતમ થઈને, આજે આઠમ થઈને, અર્થાત્ આઠમ-નોમના ભગવાનના જન્મના ઉત્સવો કરવાનાં છે તેવો અર્થ બતાવે છે. અન્ન, ભોજન, વિષય વગેરે તજવા જોઈએ એવો અર્થ બતાવે છે, સાતમનો અર્થ નથી, કૃષ્ણાષ્ટમીનો અર્થ છે, આઠમનો અર્થ નથી, રામનવમી હરિજયંતીનો અર્થ છે, અવ્યવહિતોત્તરત્વસમ્બન્ધી એવો લાક્ષણિક અર્થ પણ રહેલો છે, આ સૂક્ષ્મવસ્તુઓ બુદ્ધિમાં તો છે જ પણ અભ્યાસની જરૂરત છે.

✤ ઉપદેશ-૮૨ ✤

પૃથ્વીથી દશગણું જળ, તેથી દશગણું તેજ, તેથી દશગણો વાયુ, તેથી દશગણો આકાશ છે, આવી દશોત્તરાધિકરણ પ્રક્રિયા જાણવી અને પંચીકરણ પ્રક્રિયા તે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચે સરખા માપના છે, તેના બબે ભાગો કર્યા એટલે દશ અરધિયાં થયા, તેમાંથી પાંચના પાંચ અરધિયા એમ ને એમ રાખ્યાં, અને બાકીના પાંચ અરધિયાના એક એકના ચાર ભાગો કર્યા, તે પૃથ્વીનાં ચાર ભાગ, બીજા ચાર અરધિયાને આપ્યા, જળના ચાર ભાગ તે જળ વિનાના છે જે ચાર અરધિયાને તેને આપ્યા, તેમ તેજનાં ચાર ભાગો તે તેજ વિનાના જે ચાર અરધિયાને આપ્યા, તેમજ આકાશના ચાર ભાગો તે આકાશ વિનાના બીજા ચાર અરધિયાઓને આપ્યા એટલે પોતે અરધામાં અને સામે અરધાને ઠેકાણે ચાર એક-એક પાવલાં મળીને ચાર ભૂતના ભાગો અર્ધામાં, તે મળીને આખી પૃથ્વી જેટલું, આખા જળ જેટલું, આખા તેજ જેટલું, આખા વાયુ જેટલું, આખા આકાશ જેટલું તત્ત્વ થયું, પાંચેય તેમના તેમ હળી મળી ગયા, પોતે અરધું અને બીજા સામે ચાર ભાગ, એ રીતે આ પૃથ્વી, જળ, તેજ વાયુ અને આકાશ રહેલાં છે તેની સૃષ્ટિયો થાય છે.

શરીરમાં પિતાના ત્રણ ભાગ સ્નાયુ, અસ્થિ, મજ્જા, માતાના ત્રણ ભાગ રોમ લોહિત માંસ, આ પ્રમાણે ષાટ્કૌશિક શરીર કહેવાય છે.

જ્ઞાની જીવાત્મા પોતાના જ્ઞાનને લઈને જે ભગવાનની મૂર્તિમાં ઊતરી જાય અને મૂર્તિ પ્રમાણે જે જ્ઞાન સહિત જ્ઞાનીઓ આકાર, પિંડ, મૂર્તિમાન, ચૈતન્ય, બ્રાહ્મી તનુ તે રૂપ થાય છે, તે મુક્તરૂપે મૂર્તિમાન ગણાય છે. જ્ઞાન જ્ઞાની એક જ તત્ત્વ છે, તે એક જ તત્ત્વ ભગવાનની મૂર્તિને આકારે મૂર્તિસ્વરૂપ થઈને મુક્ત તરીકે ધામમાં રહે છે, તેમાં તમામ ઐશ્વર્ય ગુણ વિભૂતિયો ચમત્કારો જ્ઞાન-વિજ્ઞાનો ભગવાન પોતે વિકસિત કરે છે.

વાજું અને તબલાં સાથે અવાજનો સ્વર લે છે, વાજાનો સ્વર કાયમી તેનો તે જ રહે છે, તેને ચઢાવવું પડતું નથી. તબલાને ચડાવવું પડે છે, વાજાના સ્વર સાથે મેળવવું પડે છે, આ જીવાત્મા તે કાયમી સચ્ચિદાનંદ એવો ભગવાનનો એકરગો ભજન કરનારો ભક્ત છે, પણ દેહ તબલા જેવો છે, તેનો સ્વર ચઢાવવો પડે તેવો છે માટે દેહ ઇન્દ્રિયોના તાનને આત્મા સાથે મેળવતા રહેવું અને ભગવાન ભજાવતાં રહેવું, નહીં તો ભગવાન ભજવામાં તથા સેવા વગેરેમાં ઢીલ થઈ જાય.

સંત, સાંખ્યોગી, ભક્ત ને એકાન્તિક ભક્તને બ્રહ્મરૂપદૃષ્ટિ થઈ હોય છે, તેથી તેમને બધુંય બ્રહ્મરૂપ ભાસે છે, આ જીવાત્માએ તેના સમાન કે તેવા થવા શીખવું.

વેદોઓ બ્રહ્મરૂપ થવા સારરૂપે માહાવાક્યો કહ્યાં છે, યજુર્વેદનું બૃહદારણ્યક ઉપનિષદમાં હું આત્મા તે બ્રહ્મસ્વરૂપ છું, પરબ્રહ્મનો ભક્ત છું. સામવેદના છાંદોગ્ય ઉપનિષદમાં તૂં શિષ્ય આત્મા બ્રહ્મસ્વરૂપે છો, પરબ્રહ્મનો ભક્ત છો, અથર્વવેદના માંડુક્ય ઉપનિષદમાં આ ત્રીજો આત્મા પણ બ્રહ્મસ્વરૂપે છે, પરબ્રહ્મનો ભક્ત છે. ઋગ્વેદમાં આ સર્વ સંસારના આત્માઓ બ્રહ્મસ્વરૂપ છે, પરબ્રહ્મના ભક્તો છે. આ રીતે પોતે બ્રહ્મરૂપ અને બ્રહ્મનો છું, એમ સમજવા લાગે તો તે પૂર્ણ જ્ઞાની, અપરોક્ષ જ્ઞાની થયો થકો ભક્તિયે કરીને ભગવાનના ધામને પામે છે. બીજા પણ મહાવાક્યો તારવેલાં છે, પ્રજ્ઞાન સ્વરૂપ આત્મા તે બ્રહ્મસ્વરૂપ છે, પ્રજ્ઞા કાયમી છે તે બ્રહ્મસ્વરૂપ આત્મા છે, વિજ્ઞાન અને આનંદ સ્વરૂપ માટે આત્મા વિજ્ઞાન સ્વરૂપ છે આનંદવાળો બ્રહ્મસ્વરૂપ છે, આ આત્મા સત્યજ્ઞાન અને બ્રહ્મસ્વરૂપ છે, તે આ પુરુષ બ્રહ્મસ્વરૂપ છે, એક જ પોતે બીજું કોઈ નહિ એવો આ આત્મા જ બ્રહ્મસ્વરૂપ છે, તે જે બ્રહ્મપુરુષ આ દેહધારી પુરુષમાં છે તે જ સૂર્યમાં પણ છે, તે પરમ પુરુષ એક જ છે, તે પરમ પુરુષ સ્વરૂપી પરમાત્મા તારા અંતર્યામી છે, આ મહાકાવ્યો એટલે આત્માને બ્રહ્મપણાનો ઉપદેશ દર્શાવનારાં વૈદિક ગૌરવતા ભરેલા વાક્યો છે.

✣ ઉપદેશ-૮૩ ✣

૧-દેહાદિક જડ અને ચેતનાત્મા બે જુદાં તત્ત્વ છે, એમ સમજવું તે સાંખ્યજ્ઞાન, ૨-પછી ચેતનમાં અંતર્યામી ભગવાન રહ્યાં છે. તેની ઉપાસના કરવી, એ યોગજ્ઞાન, ૩- પછી ચેતનાત્મા હું બ્રહ્મ છું અને અંતર્યામી તે પરબ્રહ્મ છે એમ સમજવું તે વેદાન્તજ્ઞાન, ૪- પછી તે બન્ને એકબીજાને દેખે છે માટે સાકાર એવા પરબ્રહ્મ સમજવા તે પંચરાત્રાશાસ્ત્રજ્ઞાન, ૫- પછી હું પરબ્રહ્મ સાકાર પરમાત્માની ભક્તિ કરું એવું દાસપણાનું જ્ઞાન તે ભક્તિશાસ્ત્રજ્ઞાન, ૬- પછી તે પરબ્રહ્મ પોતે જ આ પ્રત્યક્ષ ભગવાન અહીં છે

તેને એક મૂર્તિ સમજી સેવવા એ અપરોક્ષ સાક્ષાત્કારજ્ઞાન એટલે પ્રત્યક્ષગુરુશાસ્ત્રજ્ઞાન આવી રીતે છ શાસ્ત્રે કરીને સમજે તેને પૂર્ણજ્ઞાની જાણવો. તમામ સંપ્રદાયોના શરણાગતોને આ છ જ્ઞાનની જરૂર પડે છે જ, તે દ્વારા ઉદ્ધાર થાય છે.

પ્રત્યક્ષ ગુરુસ્વરૂપ હરિ દ્વારા સંપ્રદાય પરંપરાઓમાં શરણાગતિ પામેલાઓનો જરૂર ઉદ્ધાર થાય છે, તેથી સર્વસિદ્ધિ ગુરુ દ્વારા જ છે, તેમાં દિવ્ય ભાવનાથી છ એ જ્ઞાન કલ્પતરુની પેઠે મૂર્તિમાનપણાને પામે છે, માટે છદ્કા શાસ્ત્ર પ્રમાણે જરૂર તન, મન, ધન, ગુણ, સંપત્તિભાવ, ક્રિયા, આચાર, વિચાર, અર્પણ, હેત વગેરે વડે ટાણે ટાણે સેવી લેવા,રાજી કરી લેવા, તેની સેવા તે ધર્મ, તેનો રાજીપો તે ભાગવતધર્મ, તેમાં સર્વસ્વ અર્પણ તે દિવ્યધામમાં ગતિ, તેમાં પરોવાઈ જાવું તે ભગવાન સામે નિવાસ. પછી તન્મય થઈ જવાય છે, કાંઈ બાકી ન રહે એવી બ્રહ્મસ્થિતિ મુક્તસ્થિતિ આંહી જ વર્તવા લાગે છે, આ પણ કરવા જેવું છે.

જીવાત્માઓ અણુ સૂક્ષ્મ સરખા જ છે, જે શરીરી થઈને સંપત્તિ માટે પ્રયત્ન કરે તે સંપત્તિવાળો ધનદોલત, બંગલાબંગલી રાજયવાળો થાય, જ્ઞાન મેળવવાની સંપત્તિ માટે પ્રયત્ન કરે તો બૃહસ્પતિ સમાન થાય, આધ્યાત્મિક યોગ વગેરે કરે તો દિવ્ય મુક્ત થાય, તે બધાને દેહ છતાં તો આહાર, નિદ્રા, ભય, મૈથુન, ધર્મ વગેરે સમાન જ હોય છે, પણ મિલકતવાળો મલકાય, જ્ઞાની કેફમાં વર્તે અને યોગી મસ્તાનીમાં વર્તે, પરમેશ્વરને રાખે તો તે બધાનો વિરામ મોક્ષમાં થાય, તે વિના તો તે બધાને ખાવું, પીવું, ઊંઘવું, મળમૂત્ર તજવા વગેરે છોડતાં નથી માટે ઉત્તમ કમાણી કરી લેવી તેનું નામ ભગવાનની આરાધના, ઉપાસના, ભક્તિ, સેવા વગેરે અને તે સંતના સહારામાં રહીને કરવા તો વિશેષ ફળીભૂત થાય.

✣ ઉપદેશ-૮૪ ✣

અનાદિકાળનું અજ્ઞાન સ્વરૂપ કારણ શરીર બીજને ઠેકાણે છે તેને લઈને વાસનારૂપી લિંગ શરીર અંકુર કાંટારૂપે થાય છે, અંકુરસ્વરૂપ વાસનામાં બે પાંદડાંરૂપી રાગ અને દ્વેષ પ્રગટે છે, એવા બે પાંદડાંરૂપ રાગદ્વેષમાંથી સારીનરસી પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપી ગાંઠો ગ્રંથિયો પ્રગટે છે, તે ગ્રંથિયોમાંથી પુણ્યપાપરૂપી કાતળિયું જામે છે, તેમાંથી અહંમમતાવાળો જે જન્મ તે રૂપી સરીયો નીકળે છે, તેમાંથી સુખદુઃખરૂપી દાણા ફળ જામે છે, તેનો ભોગ અને સાક્ષાત્કાર થયા જ કરે છે, આવો આ બીજથી આરંભીને ભોગ સુધીનો આખો સંસાર ચકાવાતશકે ચાલૂ જ રહે છે.

તેને ટાળવા આત્મા પરમાત્માના જ્ઞાનવિજ્ઞાનવિવેકરૂપી બીજ કારણ શરીરને મેળવવું, તેનાથી ઉપાસના ભાવના અંકુર થાય, તે વડે સ્નેહ વૈરાગ્ય બે પાંદડા થાય, તેથી આકર્ષણ અને નિષ્કામ સેવારૂપી ગ્રંથિયો થાય તે વડે કૃપા અને પ્રસન્નતારૂપી કાતળીઓ થાય તેથી સેવકપણું અને પરમભાગવતપણું તે રૂપી સરીયો પ્રગટે, ત્યારપછી ડુંડું જે ગુણાષ્ટકઅવિર્ભાવ તથા બ્રહ્માનંદ વધે અને પરમેશ્વરના સાક્ષાત્કાર સર્વ કામનાનું અશન, ભોજન અને મહાતૃપ્તિ મળે, માટે આ રીતે સાધનમાં ખબરદાર થવું, જે અનંતકાળ સુધી શાશ્વત રહે.

સારાં ફળ લેવા જતા નીચે કૂતરા (ખડના) ન ચોંટી જાય તે ધ્યાન રાખવું, આંબાને ખાખડી ચોંટી રહે તો પાકે અને મીઠી થાય મૂલ્ય વધે અને તે રસમાં ઘીસાકર ભળે, પણ જો ખાખડી જુદી પડી જાય તો મીઠું ભળે અને ખવાઈ જાય, પણ હલકી રહે, ખોટી રહે, બહુમુલ્ય ન થાય. માટે મોટાપુરુષને ચોંટી રહેવું તો મુક્તપણાની મીઠાશ આવે. લીંબડાની લીંબોળી પણ લીંબડાને ચોંટી રહે તો તે અંતે મીઠી થાય છે, જે ગુરુસ્વામી સંતને વળગશે તો જરૂર મીઠાશ આવશે. આ જગતમાં સર્વે સારું ઈચ્છે છે, સારું સારું વાપરે છે, સારું સારું લ્યે છે, સારું સારું સંઘરે છે, તો મોક્ષ માટે જ સારું સારું હોય તે ઈચ્છવું તે જ વાપરવ, તેવું જ લેવું અને તેવું જ સંઘરવું, તેથી ખાટી જવાશે.

પાણીમાં કમળનું પુષ્પ નાળામાં અને નાળ નીચે જમીનમાં ચોંટ્યું હોય ત્યારે સૂર્ય સુકવી ન શકે, જળ સોડવી ન શકે, વાયુ ઉડાડી ન શકે, અગ્નિ બાળી ન શકે, પૃથ્વીનો અને નાળનો સંબંધ મેલી દે તો જળ સોડવે, સૂર્ય સૂકવે, અગ્નિ બાળે, વાયુ ઉડાડે, તેમ આ જીવાત્મા ભગવાન સ્વરૂપી પૃથ્વીમાં તથા સંત સ્વરૂપી નાળમાં ચોંટ્યો રહે તો તેને કાળરૂપી સૂર્ય, જળરૂપી માયા, તેજરૂપી કર્મ, વાયુરૂપી વિષયો અસર-પરાભવ ન કરી શકે. માટે ભગવાનને અને સંતને મેલવા નહીં. બધાને પાનખર ઋતુ આવે જ છે તે પહેલાં ભગવાનમાં અને સંતમાં ગલગલિયાં માણી લેવા, ફળ નિંઘલવાની વાટ ન જોવી, સત્સંગરૂપી ભોજનપાન વડે તૃપ્તિ કરી લેવી, ઉદર બગડ્યા પછી પરાધીનપણામાં એટલે કલિકાળના દોષો અને રોગો વડે પરાભવની દશામાં પેટ ભરીને જીવી શકાશે નહિ, સારી સ્થિતિમાં બધુંય સારૂં કરી લેવું.

✤ ઉપદેશ-૮૫ ✤

ભગવાન પૃથ્વી છે, સંત જળ છે, શરણાગતિ બીજ છે, સત્સંગ અંકુર છે, સેવાચાકરી પાંદડાં છે, હેત છે તે દિવ્યગ્રંથિયું છે, અનુવૃત્તિ પાળવી તે કાતળિયું છે, આનંદ લેવો તે મીઠો રસ છે, નવધા ભક્તિ તે સરીયો છે, રાજીપો તે પુષ્પો છે, મોક્ષ

મેળવવો તે ફળ છે, માટે તે બધા સાચવવા શીખવું. ભગવાન અને સંતમાં પ્રવેશ થાય તેની માયા ટળી જાય, સંસાર ઊતરી જાય, કર્મફળ ઊડી જાય અને ધામનો વારસદાર થાય. મોક્ષરૂપી સ્વાર્થ સાધવો, બીજા સ્વાર્થ પડ્યા મેલવા. પરાણે પડ્યા મેલવા પડે તે કરતા પ્રથમ જ સમજણથી પડ્યા મેલવા, સમજણ સંત પાસેથી લેવી. જે કાંઈ ક્રિયા કરો કરાવો તેમાં ભગવાન રાખવા.

આવાગામન તે જન્મમરણ, દેવલોક, પૃથ્વીલોક વગેરેમાં જવું. કનિષ્ઠમુક્તિ તે વૈરાટ વગેરે ઈશ્વરોમાં જવું. મધ્યમમુક્તિ વૈકુંઠ, કૈલાસ વગેરેમાં જવું. ઉત્તમમુક્તિ તે બ્રહ્મલોકમાં જવું અને ભગવાનના તમામ આનંદો સેવા વડે ભોગવવા.

ભગવાનનો ભક્ત ધામમાં જવા તૈયાર થાય છે. ત્યારે તેની ભક્તિ અને ઉપાસના પ્રમાણે મુક્તો તથા શ્રીહરિ તેડવા આવે છે, તેઓ અક્ષરધામમાં સમાન કિશોર દિવ્યસ્વરૂપે છે પણ આંહી આવે ત્યારે ભક્તને ઓળખાણ થવા માટે જેમાં હેત હોય એવા સદ્‌ગુરુ વગેરે સ્વરૂપે દેખાય છે, એક મુક્ત વિમાનરૂપે થાય છે, બીજા મુક્તો તેના કળશરૂપે થાય છે, અમુક મુક્તો તેના તોરણોરૂપે થાય છે. હાર, ચંદ્રવા, માફા, છત્રો, ચામરો, ચાંખડિયો, વેષ-આભૂષણો, કોમળ બિછાનાઓ, ગાદીઓ, તકિયાઓ, ખુરશિયો, પંખાઓ, ધ્વજો, વાંજિત્રો, પાત્રો, કલ્પતરુઓ, વેલિયા, ફળ, વૃક્ષો, આસ્તરણો, સ્તબકો, આસનો, પલંગો, દર્પણો, મણિઓ, હીરાઓ ઉદ્યાન બગીચાઓ, સેવકવર્ગો, રાજાધિરાજના તમામ ચિહ્નો, સાધનો, સેનાઓ, બીજા વિમાનો, ઉપકરણો, અસંખ્ય દિવ્ય વસ્તુઓ વગેરે અનંત મુક્તો અક્ષરધામના મુક્તો શ્રીહરિ સાથે તેવા તેવા વેષાન્તરે થઈને ભગવાનની પ્રસન્નતા અને આજ્ઞામાં રહ્યા થકા પધારે છે.

તમામ કિશોર અને તરૂણતા ભરેલા ભગવાનસમા રૂપાળા ભરપૂર મૂર્તિઓ સમાન શોભવાળાઓ દિવ્ય તેજોના ઝળકળાઓ સાથે દર્શન આપે છે, ધામમાં જવા તૈયાર થયેલા ભક્તના પ્રતિ અતિ હેત જણાવે છે, અતિ સ્વાગતઆદર જણાવે છે, અંતે પ્રસન્નતા વર્ષાવે છે. અતિરાજીપા વડે 'સેવક, ચાલો ધામમાં' એમ કહે છે, તે ભગવાન અને મુક્તોની વાણી મીઠી મધુર, શીતળતા, સુખ ભરેલી, આકર્ષણ કરતી, આનંદના ફુવ્વારા વરસાવતી, સારા તાનોના ઝરમરો ઝરાવતી સર્વ પ્રકારનાં મીઠાં સુખો આપતી, આંતરિક આહ્‌લાદને ઘનભાવ પમાડતી એવી છે.

તેમના શબ્દો મીઠા, મધુર, સન્માન ભરેલા, આદરવાળા, કોમળ, આનંદતત્ત્વને સ્વસ્વરૂપમાં દર્શાવતા, સર્વ વિષયોનાં દિવ્યસુખ ભરેલા છે, તેમના સ્પર્શો અડનારા ભક્તને મીઠાં, આકર્ષણ કરનારા, સુંવાળા, લીસા, ચમક ભરેલાં, કમકમાટી લાવનારા,

સ્નિગ્ધતાના ભંડાર સ્વરૂપ પુલકિતભાવ રોમ ઊભાં થઈ જાય તેવાં સુખ આપનારા, આનંદના ઉત્તેજનવાળા, વિયોગને નહિ અપનાવનારા એવા ચિરાકાંક્ષા ઉપજાવનારા હોય છે.

તેમના રૂપો સૌમ્ય, સૌંદર્ય, મંદ હાસ્ય, ચળકાટ, સુઘટ્ટતા, સુજોબન, તરુણપણાના ભરેલા, અંશેઅંશમાં ઠીકો-ઠીક ભરાવદાર, અંગોઅંગમાં ઉજળાઈ, રક્તતા ગુલાબરંગપણું સુરક્તધવલપણું, પ્રભાપ્રસરતાપણું, જયાં જેટલું જોઈએ તેવું કૃષ્ણ, પીળાશ, ચિત્રાપણું, ખીલતા રંગ, ભાતભાતની આછી પાતળી આકરી છાયા. ઝાંયવાળું રૂપ, ચઢતી કળાવાળું રૂપ એવાં તો એ મુક્તોનાં રૂપ હોય છે, આ રૂપને જોવામાં નેત્રા મટકુ ન ભરે અને વૃતિ થાકે નહિં અને આકર્ષણની શાંતિ વળે એવા રૂપવાળા મુકતો હોય છે, તેમના મુકુટમણિઓ કુંડળ, કલગી, હીરાઓ, સુવર્ણના ચળકાટવાળા હાર, આભૂષણો, વિંટીઓ, કડાંઓ, કંદોરાઓ, વેષ, અલંકારો તેમના દ્રવ્યપદાર્થો સુપુષ્પહાર માળાઓ, કંઠીઓ, કૌસ્તુભો, ચિંતામણિઓ અતિ અતિ રૂપ ભરેલાં હોય છે, અંગેઅંગમાં એક એકને ભૂલી જવાય તેવી અંગોભરપૂર મૂર્તિઓ શોભતી હોય છે, તેમના સ્વરૂપોમાં અનેક રીતે મિષ્ટ રસો ભરેલા છે. મીઠા રસો જેવા જેવા ફૂલો અને દુગ્ધ, દહીં, ઘૃત, માખણ, શેરડી, સાકર, ખાંડ, મધ, મીઠાં શરબતો, અનેક પ્રકારનાં પક્વરસો જેવા રસો તેમની મૂર્તિઓમાં ભરેલા છે.

✣ ઉપદેશ-૮૬ ✣

ભગવાનમાં જેટલાં રસો છે તેટલા રસો મુક્તોમાં છે, તેમાં તમામ રસો રસ લેનારાને અનુભવાય છે. થજીકધ જશ્વ·કશ્ચરુધ ઉઁખ્ધર્ંક્ત્કલ્ટર્દ્ધિ. કક·બ્ભઃ ત્ત ભગવાન રસમૂર્તિ છે. તેના રસ વડે મુક્તો આનંદ ભર્યા રહે છે, સુગંધસૌરભ મુક્તોમાં ભર્યા છે, ચારેકોર સુગંધની લહેર્યો પ્રસરતી હોય છે, તેમની મૂર્તિઓ અનેક મીઠા સુવાસોથી ભરેલી છે, તેમની મૂર્તિમાં સર્વાંગો સુસાર એવા આનંદોને ઉપજાવનારા છે.

એવા મનોહર મુક્તોનાં દર્શન કરવા ઈશ્વરો, દેવો, ઋષિઓ, પિતૃઓ વગેરે જેમાં જેમનાં સ્થાનો અને સ્વર્ગો વગેરે તે તે માર્ગોને બન્ને તરફ અકડાઠઠ ઊભા રહીને વાટ જુએ છે, જ્યારે મુક્તો નીકળે ત્યારે તેમને પૂજે છે, વધાવે છે, દર્શન કરે છે, સ્વાગત ધામધૂમ કરે છે અને રાજી કરે છે. આ બધુંય જોતો થકો આ ભક્ત જીવાત્મા વિમાનમાં બેસીને, હાથીએ બેસીને અક્ષરધામમાં જાય છે. તે અક્ષરધામમાં પહોંચતા જ તેને બ્રહ્મધરામાં સ્નાન કરતાં જ જ્ઞાનની મૂર્તિ જ પ્રગટે છે.

આત્મા પોતે જ્ઞાતા અને ચારેકોર મૂર્તિમાન જ્ઞાનતત્ત્વનું પોતાનું તાદાત્મય એવું સ્વરૂપ જે ધર્મભૂત પ્રસરતું જ્ઞાન સ્વરૂપી શરીર તે ઘટ્ટ ભાવને પામતું થકું તરત જ શ્રી પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં પ્રવેશ કરીને મૂર્તિસ્વરૂપે થઈને સારૂપ્યભાવમાં, અર્વિભૂત સ્વરૂપ થઈને શ્રીહરિ સમાન રૂપાળી મૂર્તિ મુક્તમંડળોમાં વસે છે. તે જનારા મુક્તને આંહીની પ્રતિભામાં આવતા એવા મુક્તોનાં સ્વરૂપો તે શ્રીહરિ ઓળખાવે છે અને તુરન્ત તે દિવ્ય પ્રતિભામાંથી આખા અક્ષરધામને તેના મુક્તોને અને શ્રી પુરુષોત્તમને તથા પોતાને દેખે એવો અપરોક્ષ સાક્ષાત્કાર કાયમીને માટે નિત્ય સાક્ષાત્કાર અર્વિભાવ પામે છે અને સર્વજ્ઞ થાય છે તે મુક્તને શ્રીહરિ પોતાની ઉપાસના ભાવના પ્રમાણે દર્શન આપે છે.

✣ ઉપદેશ-૮૭ ✣

શ્રીજી પોતે આનંદઘન ઘાટો ઘાટો આનંદ સચ્ચિદાનંદ સ્વરૂપસત્ એવા પિંડસાકર નિત્યદિવ્યસાકાર સુરૂપાળા રમણીય મૂર્તિ છે. તે પોતે એકજ સચ્ચિદાનંદ તત્ત્વ છે, તે સાકરના રસના નાળિયેરની પેઠે એક જ રસમય છે, તેમાં ગુણો અનંત છે, અનંત ઐશ્વર્યો, અનંત સામર્થ્યો, અનંત વિભૂષણો છે, અનંત સારાવેષો, અનંત પૂજાની સામગ્રીઓ તે બધા મુક્તો જ છે. છડી, છત્ર, ચાંખડી, મોજડી, સિંહાસન, માણેક, હીરામોતી, માળાઓ, હાર, પુષ્પો, બગીચાઓ, વૃક્ષો, વેલીઓ, વાહનો, સાજસમાજ, વાજિંત્રો જે કાંઈ અણુથી લઈને મહાન સુધી તે તમામ મુક્તો, મુક્તો અને મુક્તો જ છે.

આ મુક્તો પ્રકાશ વધી જવાથી પ્રકાશ ઘનભાવને અપનાવે છે. અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની અનંતરૂપે સેવા કરે છે. કોઈ સુગંધરૂપે, કોઈ રસરૂપે, કોઈ સાધનરૂપે, કોઈ શોભામય પદાર્થોરૂપે એમ અક્ષરધામમાં જે કાંઈ ભાસે છે, કરોડો ચીજો ભાસે છે, તે તમામ મુક્તો જ છે. અક્ષરધામના પ્રકાશ સ્વરૂપી ચૈતન્યના થરોમાં અનંતમુક્તો અનંતશક્તિઓ, અનંતસ્વરૂપો ધારી ધારીને ભગવાનને ભજે છે, સેવે છે, રાજી કરે છે, આનંદ માણે છે.

ભગવાન પણ પોતાની ઈચ્છા વડે તેઓને તેવા સ્વરૂપોપણે સમ્મત થાય છે અને સેવાઓ અંગીકાર કરે છે. આ લોકમાંથી જ્યારે ભક્તિમાતા કે એવા કોઈ ભગવાનનાં ધામમાં દિવ્યરૂપે પધારે ત્યારે તેમના સન્માન પૂરતા ત્યાંના મુક્તો શ્રીહરિની આજ્ઞા લઈને દાસીઓ, સખીઓ, કિશોરીઓ, મુક્તાણીનીઓ રૂપે થઈને તેમના સ્વાગત કરે છે અને પાછા કિશોર મુક્તોમાં મૂળ વેષસ્વરૂપમાં ફેરવાઈ જાય છે, આ રીતે રાધિકા, લક્ષ્મીજી વગેરે શક્તિઓ જયાં, લલિતા વગેરે મુક્તો પણ કવચિત્ કદાચિત્ તેવા પ્રસંગો માટે જ ભગવદિચ્છાથી યથેષ્ટ સ્વરૂપે ધારીને સેવે છે. કાયમ માટે મુક્તાનીઓ,

પાર્ષદાનીઓના અનંતકોટિ મંડલો નથી, તેમ ભગવાન મોહિનીસ્વરૂપ કે શ્રીજી બીજાસ્વરૂપે ધામમાં થતાં નથી, એવી રીતે વર્તતા નથી, તેમ તેવી મંડળીની તેમને કાયમ માટે જરૂરત જ નથી. ઉપનિષદો છે તે બ્રહ્મલોકમાં એવી મુક્તોની મંડળોની સ્થિતિ કે વિભાગને કહેતા વર્ણવતા નથી, વળી અક્ષરધામના પ્રકાશસ્વરૂપ, અખંડિત અસીમ જે લોક દિવ્યલોક તે હોવાથી બીજી કોઈ વિભૂતિ જમીનની ત્યાં જરૂરત નથી. શ્રીહરિને તથા મુક્તોને તેવી જમીનના દેહ લેવા પડતા નથી અને તેવા દેહ ત્યાં તૈયાર કરવાની આવશ્યકતા રહેતી જ નથી, તેવા મુક્તોના અવકાશ માટે જ યથેષ્ટ સ્વરૂપ ફેરવવા પૂરતું જ ભગવાનનું ગમતું છે, આવા મુક્તોને-નિત્યપ્રત્યક્ષજ્ઞાન અનેક પ્રકારના થાય છે.

✣ ઉપદેશ-૮૮ ✣

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે વર્ણવેલ છે જે - ધામમાં આંહીની ઉપાસના પ્રમાણે સાક્ષાત્કાર થાય છે, પ્રથમના બારમામાં ભગવાનનું ધામ વર્ણવીને પછી એવું જે ભગવાનનું ધામ તેને ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે અને દેહ મુક્યા પછી છે તેજોમય જે ભગવાનનું ધામ તેને પામે છે. પ્રથમના વીશમામાં કહ્યું છે જે - જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જ્વલ ને પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશના મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે.

એકવીસમામાં લખ્યું જે - અક્ષરના બે સ્વરૂપ છે, એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે, તેને ચિદાકાશ કહિયે, બ્રહ્મમહોલ કહિયે અને એ અક્ષર બીજે રૂપે કરીને શ્રી પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે અને એ અક્ષરધામને વિષે અનાદિ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ તે સદા વિરાજમાન છે અને તે અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંતકોટિ મુક્તો રહ્યા છે, તે સર્વે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે અને પુરુષોત્તમનારાયણ તે સર્વેના સ્વામી છે અને અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે માટે આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે - આપણે પણ એ અક્ષર સ્વરૂપ જે મુક્તો તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજુર રહેવું છે.

પ્રથમના ત્રેવીસમામાં લખ્યું જે - ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર તથા ચૈતન્યરૂપ એવા પોતાના સ્વરૂપને માને અને તે પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનનું ભજન કરે, પછી ત્રણ અવસ્થાથી અને ત્રણ શરીરથી પર જે

પોતાનું સ્વરૂપ તેને અતિશય પ્રકાશમાન ભાળે, અને તે પ્રકાશને વિષે ભગવાનની મૂર્તિ જેવી પ્રગટપ્રમાણ છે, તેવી અતિશય પ્રકાશેયુક્તભાસે. પ્રથમના ચોવીસમામાં લખ્યું છે જે - અને એવી સ્થિતિ થાય છે તેને એકરસચૈતન્ય ભાસે છે, અને તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે, અને ક્યારેક તો પ્રકાશમાં ભગવાનની મૂર્તિ પણ દેખાય નહિ એકલો પ્રકાશ જ દેખાય છે અને ક્યારેક તો પ્રકાશ પણ દેખાય અને ભગવાનની મૂર્તિ પણ દેખાય.

વળી પ્રથમના છવ્વીશમાં કહ્યું છે જે - પછી એવા શૂન્યને વિષે ભગવાનની મૂર્તિને જોતાં જોતાં પ્રકાશ થઈ આવે છે અને તે પ્રકાશમાં ભગવાનની મૂર્તિ દેખાય છે. પ્રથમના ચાલીસમામાં કહ્યું છે જે - અક્ષરબ્રહ્મનાં સાધર્મ્યપણાને પામીને કેવલ ભગવાનની મૂર્તિને વિષે જે નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળા કહીયે. પ્રથમના તેતાળીશમામાં કહ્યું છે જે-ભગવાનનો ભક્ત કેવલ ભગવાનની સેવાને જ ઇચ્છે છે.

પ્રથમના એકાવનમાં લખ્યું છે જે - માટે એ પુરુષની દૃષ્ટિએ કરીને જોઈએ તો એ મહા માયા નથી એકલો એ મહાપુરુષ જ છે અને એ મહાપુરુષ, પુરુષોત્તમ ભગવાનનું ધામ જે અક્ષર તેના એકદેશમાંથી ઉપજે છે માટે એ અક્ષરની દૃષ્ટિ કરીને જોઈએ તો એ મહાપુરુષાદિક સર્વ નથી, એક અક્ષર જ છે અને તે અક્ષર થકી પર અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન તે છે, માટે એ સર્વના કારણ એવા જ પુરુષોત્તમ ભગવાન તે છે,માટે એ સર્વેના કારણ એવા છે પુરૂષોત્તમ નારાયણ એની દ્રષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરૂષોત્તમ ભગવાન વિના બીજું કોઈ ભાસે જ નહિં.

✤ ઉપદેશ-૮૯ ✤

પ્રથમના ચોસઠમામાં કહ્યું છે જે - જ્યારે બ્રહ્મ અને તેથી પર જે પરબ્રહ્મ તેનું સાક્ષાત્ દર્શન થાય છે અને જ્યારે સમાધિ થાય છે અને તેમાં બ્રહ્મનું દર્શન થાય છે, બ્રહ્મભાવને પામેલા એવા પોતાના આત્મા વડે પ્રેમપૂર્વક આદરસહિત શ્રી પુરુષોત્તમનારાયણની સેવામાં વર્તે છે. પ્રથમના તોંતેરમામાં કહ્યું છે જે - એમ વિચારે જે હું આત્મા છું, સચ્ચિદાનંદ છું.

તથા સારંગપુરના ત્રીજામાં કહ્યું છે જે - જેવું શ્રવણ, મનન અને નિદિધ્યાસ ન કરાય તેવો જ 'ઈદં દેખાય આવે' તેને સાક્ષાત્કાર કહેવાય, આત્માનો તથા ભગવાનનો પણ જેવા શ્રવણ મનન નિદિધ્યાસ કર્યા હોય તેવો સાક્ષાત્કાર થાય છે, માટે ભગવાનનું દર્શન કરીને તથા વાતો સાંભળીને જો તેનું મનન અને નિદિધ્યાસન નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય. સારંગપુરના સોળમામાં કહ્યું છે જે - ભક્તજનના હૃદયને

વિષે ભગવાનની ઈચ્છાયે કરીને જણાતું જે અક્ષરબ્રહ્મભાવ તેજ તેને વિષે સાક્ષાત્ એવા જે શ્રીકૃષ્ણભગવાન તેનું દર્શન થાય છે. સારંગપુરના સત્તરમાં કહ્યું છે જે - ભજનના કરનારા જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો પછી જેમ જેમ ભજન કરતાં કરતાં આવરણ ટળતું ગયું તેમ તેમ પ્રકાશ વૃદ્ધિ પામ્યો અને સુખ પણ વૃદ્ધિ પામ્યું, એવા ખદ્યોતથી લઈને મહાતેજ પર્યન્ત મુક્તના ભેદ છે, જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા તેમ તેમ મુક્તપણામાં વિશેષપણું આવતું ગયું. તેમ માયારૂપી આવરણ ટળીને જેમ જેમ ભગવાનને ઢુકડું થવાય છે, તેમ તેમ ભગવાનની અતિ અપાર મોટયપ જણાતી જાય છે. અને ભગવાનને વિષે દાસપણું અતિદૃઢ થાતું જાય છે.

કારિયાણીના સાતમામાં કહ્યું છે જે - આત્યન્તિક કલ્યાણ કોને કહિયે ? તો પ્રકૃતિના કાર્યો સહિત પ્રકૃતિ તે પુરુષમાં લીન થઈ જાય છે અને પ્રકૃતિપુરુષ પણ અક્ષરબ્રહ્મના તેજમાં અદશ્ય થઈ જાય છે અને પછી એકલું સચ્ચિદાનંદ ચિદ્‌ઘન તેજ જ રહે છે. તે તેજને વિષે દિવ્યમૂર્તિ એવા પુરુષોત્તમ ભગવાન અખંડ વિરાજમાન રહે છે, તેજ પોતે દિવ્યમૂર્તિ થકા જીવના કલ્યાણને અર્થે મનુષ્યાકૃતિએ કરીને પૃથ્વીમાં સર્વ જનને નયનગોચર થકા વિચરે છે, એ એક જ સ્વરૂપે છે, વિકાર પામતા નથી, એવી પ્રત્યક્ષ પુરુષોત્તમમાં જે દૃઢ નિષ્ઠા તેને આત્યન્તિક કલ્યાણ કહિયે. આવી સિદ્ધદશાવાળાને પિંડબ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ બિરાજમાન રહે છે. તે મૂર્તિને સ્થાવર જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહિં એ સિદ્ધદશાનું લક્ષણ છે.

લોયાના ચૌદમામાં કહ્યું છે જે - અને આવી રીતે તો અમારે ઉપાસના છે જે, સર્વેથી પર એક તેજનો મોટો સમૂહ છે તે અધોઊર્ધ્વ ચારેકોર પ્રમાણે રહિત છે, અનંત છે. તેના મધ્યભાગમાં એક મોટું સિંહાસન છે તે ઉપર દિવ્યમૂર્તિ એવા શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન બિરાજમાન છે. તે સિંહાસનને ચારેકોર અનંતકોટિ મુક્તો બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે. એવા મુક્તો સહિત શ્રીનારાયણ તેને અમે નિરંતર દેખિયે છીએ અને તે તેજનો સમૂહ તો નિરન્તર દેખાય છે પણ ભગવાનની મૂર્તિના દર્શન કરીને જ અતિશય સુખ થાય છે.

✣ ઉપદેશ-૯૦ ✣

લોયાના પંદરમામાં કહ્યું છે જે - સામાન્યપણે અને વિશેષપણે આત્માનું દર્શન થાય છે, જેને અક્ષિવિદ્યા છે તેને નેત્રદ્વારા જીવનું દર્શન થાય છે અને તેને વિષે ભગવાનની મૂર્તિને પણ દેખે છે - કાચના પૂતળામાં તેજ ભર્યું હોય તો તેવો મૂર્તિમાન

તેજસ્વી સ્વરૂપે જીવ દેખાય છે. પણ જ્યારે નિરાવરણ દૃષ્ટિ આત્માકારે થાય ત્યારે જેવો આત્મા છે તેવો જણાય છે, જેની નિરાવરણ દૃષ્ટિ થાય છે તેને ઇન્દ્રિયોના ગોલક ઇન્દ્રિયો દેવતા અને જે અંતઃકરણ તેના ભેદે કરીને જણાતા જે જીવના પ્રકાશના ભેદ તે દૃષ્ટિમાં નથી આવતા, અને જેવો જીવ છે તેવો યથાર્થ જણાય છે. તે સર્વમાં રહ્યો તો મૂર્તિમાન છું તે ઇન્દ્રિયોમાં, મનમાં, અંતઃકરણમાં અને જીવમાં રહ્યો છું. જીવ પુરુષ અને અક્ષરમાં પુરુષોત્તમરૂપે રહ્યો છું, જેને એ ભગવાન કૃપા કરે તેને કૃપા વડે જ દિવ્યસ્વરૂપવત્ એવો દિવ્યદેહ પ્રગટે છે, ત્યારે તે સર્વદર્શી થાય છે અને- આ હું છું આ મુક્તપુરુષ છે, આ અક્ષર છે અને આ વિલક્ષણ એવા પુરુષોત્તમ છે. એવી રીતે સર્વેને પૃથકપણે દેખે છે તેના પ્રકાશોને પણ પૃથક દેખે છે માટે એ ભગવાન સૂઝે એ સ્વરૂપે કરીને રહ્યા છે પણ પોતે જ રહ્યા છે.

મધ્યના આઠમામાં કહ્યું છે – એવી રીતે હોમતાં હોમતાં જેમ યજ્ઞ કરનારાને ભગવાન દર્શન આપે છે તેમજ એ યોગયજ્ઞના કરનારાનાં અંતરને વિષે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ જે શ્રીપુરુષોત્તમ તે પ્રકટ થઈ આવે છે. પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેમાં પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્ દેખાય છે, આવા પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે પરમપદ છે. મધ્યના તેરમામાં કહ્યું છે જે - અને તે હૃદયાકાશને વિષે અતિશય તેજ દેખાય છે, તે એકલું તેજ વ્યાપી રહ્યું છે. તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે, અતિ તેજે કરીને શ્વેત જણાય છે, તે મૂર્તિ દ્વિભુજ છે, તે મૂર્તિને બે ચરણ છે, તે મૂર્તિ અતિ મનોહર છે, અતિ સૌમ્ય છે, અને મનુષ્યના જેવી આકૃતિ છે અને કિશોર છે, તે એ મૂર્તિ ક્યારેક તો ઊભી બેઠી, હરતી, ફરતી દેખાય છે, તે મૂર્તિને ચારેકોર મુક્તોના મંડળો ભરાઈને બેઠા છે તે સર્વે મુક્તો એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે, તે મૂર્તિને અમે પ્રકટપ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને અનાદિકાળથી દેખતા આવીએ છીએ અને આ ત્યાં બેઠા થકા જ બોલીયે છીએ, તમો સર્વે પણ ત્યાં જ બેઠા છો એમ હું જાણું છું અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો અને એ જે એકરસ તેજ છે તેને આત્મા બ્રહ્મ અને અક્ષરધામ કહીયે, એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ તથા પરબ્રહ્મ પુરુષોત્તમ કહીએ, તેજ આ ભગવાન મનુષ્ય જેવા જણાય છે, પણ મનુષ્ય જેવા નથી તે તો અક્ષરધામના પતિ છે.

એ મૂર્તિના ધ્યાનના કરનારાને એ મૂર્તિ તેજોમય એવા અક્ષરધામને વિષે કૈવલ્યસ્વરૂપે ભાસે છે અને ધ્યાન કરનારો જીવ માયાને તરીને પરમપદને પામે છે. આવા ભગવાનના સ્વરૂપને દૃઢ કરીને સમજ્યા પછી કલ્યાણમાં કાંઈ વિઘ્ન થાતું નથી.

સર્વ અવતાર શ્રીપુરુષોત્તમના સ્વરૂપમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમના સ્વરૂપમાં લીન થાય છે, આવી ભગવત્ સ્વરૂપ સમ્બન્ધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજવામાં આવે છે. પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી સમજાતી નથી અને જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો, અક્ષર સ્વરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે એમ પણ જાણજો, તો તમારે મારે વિષે હેત રહેશે અને તમારું પરમકલ્યાણ થાશે, સર્વે વાતોમાં આ વાર્તાનું બીજ લાવજો, દેહ તજીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે, જે તે તેજને વિષે મૂર્તિ છે તે જ આ શ્રીજી મહારાજ પ્રત્યક્ષ પ્રમાણ છે.

✣ ઉપદેશ-૯૧ ✣

મધ્યના એકત્રીશમામાં કહ્યું છે જે - આ જીવ એમ સમજે છે જે - મારું સ્વરૂપ તો માયાથી મુક્ત અને પર એવું જે બ્રહ્મ તે છે, એવું મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો બ્રહ્મનો ગુણ જીવમાં આવે અને પોતાના પ્રકાશક જે બ્રહ્મ તેનો મનન દ્વારા સંગ કરે ત્યારે સુષુપ્તિરૂપી માયાનો સમ્બન્ધ ટળી જાય. ઉપાસના વડે તો વૈરાજપુરુષ પણ બ્રહ્મસ્વરૂપ થાય છે. ભગવાનના અવતારોની ઉપાસના કરે તો પણ બ્રહ્મસ્વરૂપ થાય.

મધ્યના બાસઠમામાં કહ્યું છે જે - એ જીવને વાસના લિંગ દેહનો નાશ થાય છે અને આત્માનો વિચાર જ્યારે જીવ સંઘાથે ભળે છે ત્યારે જીવના હૃદયને વિષે પ્રકાશ થાય છે અને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે અને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું દર્શન થાય છે, અને દર્શનના કરનારાને એમ અનુભવ થાય છે જે - હું આત્મા છું અને મારે વિષે પરમાત્મા અખંડ રહ્યા છે. મધ્યના છાસઠમામાં કહ્યું છે જે - ત્રણ અવસ્થાઓથી પર એવો જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્કાર દર્શન થાય છે અને દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે, પોતાના અનન્ય ભક્ત હોય તે સર્વેને ભગવાન એવી પ્રાપ્તિ કરાવે છે. ભગવાનના ભક્ત કાળ, કર્મ, માયાથી રહિત થાય છે અને અખંડ ભગવાનની સેવામાં રહે છે, એવી દેહ મેલ્યા કેડયે પ્રાપ્તિ થાય છે.

મધ્યના સડસઠમામાં કહ્યું છે જે - ભગવાનના ભક્તે જેવા ભગવાનને જાણ્યા હોય જે આટલી સામર્થિયે યુક્ત છે, આટલી શોભાયે યુક્ત છે, આવા સુખસ્વરૂપ છે એવી રીતે જેટલો ભગવાનનો મહિમા જાણ્યો છે તથા જેવા પ્રતાપે યુક્ત જાણ્યા છે તે ભક્ત

દેહ મુકીને ધામમાં જાય ત્યારે સ્વરૂપ તથા સામર્થ્ય વગેરે એ ભક્તના પણ તેવા જ થાય છે. એ ભક્ત એમ જાણે છે જે - મેં જેટલો પ્રતાપ જાણ્યો હતો અને સુંદરપણું જાણ્યું હતું તેટલું ઐશ્વર્ય અને તેટલું સુન્દરપણું તો મને પણ ભગવાને આપ્યું છે તો પણ ભગવાનનું ઐશ્વર્ય અને ભગવાનનું સુંદરપણું તો મને પણ ભગવાને આપ્યું છે તો પણ ભગવાનનું ઐશ્વર્ય અને ભગવાનનું સુન્દરપણું તે તો અતિશય અપાર દેખાય છે. તે ભગવાનને ભજીને અનંતકોટી વૈષ્ણવ ભગવાન સરખા થયા છે, જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તો પણ ભગવાનના દઢદાસ થઈને ભગવાનનું ભજન કરે છે, એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સામર્થ્યપણાને પામે છે તો પણ સ્વામીસેવકપણું રહે છે.

✣ ઉપદેશ-૯૨ ✣

વરતાલના બીજામાં કહ્યું છે જે પંચરાત્રશાસ્ત્રમાં પ્રતિપાદન કર્યા છે જે - અનાદિ શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ ભગવાન છે તે પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્યસાકાર મૂર્તિમાન રહ્યા છે. વરતાલના ચોથામાં કહ્યું છે જે - નખશિખાપર્યન્ત સમગ્ર મૂર્તિનું ભેળું જ ચિંતવન કરે તે મૂર્તિને નાસાગ્રે ભૃકુટિમાં હૃદયમાં, સાક્ષિમાં તથા કેવલ ચૈતન્યમાં જોવે તો યોગકળા કહેવાય.

વરતાલના આઠમામાં કહ્યું છે જે - પાંચ ભૂતનું પ્રધાનપણું મટીને વૃત્તિ નિર્ગુણ થાય ત્યારે અતિશય પ્રકાશે યુક્ત જણાય અને ભગવાનના સ્વરૂપને આકારે થાય છે, ત્રણ દેહથી પોતાનું સ્વરૂપ ન્યારું જાણીને કેવલ આત્મા સ્વરૂપ થઈને પરમેશ્વરના સ્વરૂપને વિષે વૃત્તિ રાખવી, એમ રાખતાં રાખતાં ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય એ ધ્યાન કરનારા યોગીને નિંદ્રા કહી છે. વરતાલના અગિયારમામાં કહ્યું છે જે - સત્પુરુષને વિષે દઢપ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે, અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. જે જે સમયમાં ભગવાનના અવતાર હોય તે તે સમયમાં ભગવાનની મૂર્તિને વિષે એવા ચમત્કાર જરૂર હોય તે જે શ્રદ્ધાએ કરીને દર્શન કરે તેના ઇંદ્રિયો સર્વે ભગવાન સામા તણાઈ જાય અને તત્કાળ સમાધિ થાય, તેવા ભગવાન અક્ષરધામમાં રહ્યાં થકાં જ અનંતકોટિ બ્રહ્માંડોમાં ભાસે છે.

વરતાલના અઢારમામાં કહ્યું છે જે - અક્ષરધામમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ રહ્યાં છે તે દ્વિભુજ છે અને કરોડો સૂર્ય સરખા પ્રકાશમાન છે તથા શ્યામસુંદર છે, અનંત મુક્તો અને પાર્ષદોએ સેવ્યા છે એવા રાજાધિરાજપણે બિરાજમાન છે, તેમને દિવ્યગુણવાળા અને નિર્ગુણ કહેવાય. તેમને શુદ્ધ સત્ત્વાત્મક જે કહે તેને ભાગવતનું પૂર્વાપર જ્ઞાન જ

નથી. ગોપીઓ કામના વડે પણ નિર્ગુણ થઈ ગઈ, તો તે આ પ્રગટપ્રમાણ એવા શ્રીકૃષ્ણનારાયણને શુદ્ધ સત્ત્વાત્મક ન જ કહેવાય, તે આ ભક્તિધર્મના પુત્ર તમારાં ઈષ્ટદેવ ગુરુરૂપ અમે છીએ.

વરતાલના વીસમામાં કહ્યું જે - નિર્વિકલ્પ સમાધિ થાય અને આત્મદર્શન થાય. અંત્યના ત્રીજામાં કહ્યું છે જે - સર્વે ઉપાધિનો નાશ થઈ જાય છે અને કેવલ બ્રહ્મસત્તામાત્ર રહે છે. સર્વ માયિક ઉપાધિ થકી ચૈતન્ય જુદો થઈ જાય છે અને કેવલ સત્તામાત્ર રહે છે. જ્ઞાન વૈરાગ્યે કરીને સર્વ માયિક ઉપાધિ નિવૃત્તિ પામે છે ત્યારે એ જીવાત્મા છે તે કેવલ બ્રહ્મસત્તામાત્ર રહે છે. સર્વ માયિક ઉપાધિનો સંગ ટળી જાય અને પોતાનો જીવાત્મા બ્રહ્મ સ્વરૂપ થાય છે.

✣ ઉપદેશ-૯૩ ✣

અંત્યના નવમામાં કહ્યું જે - પાણિયારીએ કુવાના કાંઠા ઉપર પગ મૂક્યો હોય ત્યાં પાણી સીંચે ત્યાં વૃત્તિયો રાખે છે. અસવાર પેગડામાં, લગામમાં, વાડ્ય, ખાડા, પથ્થર, ટેકરામાં પણ વૃત્તિયો રાખે છે, તેમ બહુ પ્રકારની વૃત્તિઓ વડે આ સર્વ સાધુઓ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે અને દેહની ક્રિયા પણ કરે છે અને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી, આ વાતની અતિશય સાવધાની રાખવી. (ધામમાં મુક્તો પણ એ પ્રમાણે જ દર્શન સાક્ષાત્કાર સેવા વગેરે કરે છે) અન્ત્યના બાવીશમામાં કહ્યું છે જે - ભજનનો કરનારો જે જીવાત્મા તે પુરુષ પણ નથી અને સ્ત્રી પણ નથી, એ તો સત્તા માત્ર ચૈતન્ય છે, તે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે જેવી ભગવાનની મરજી હોય તેવો તેનો આકાર દિવ્ય સ્વરૂપ મૂર્તિ પ્રગટે છે, એ ભક્તને જેવો સેવાનો અવકાશ આવે તેવો સ્વરૂપ મૂર્તિ થઈને ભગવાનની સેવા કરે છે. અન્ત્યના ચોવીસમામાં કહ્યું છે જે - ભગવાનનો ભક્ત અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહે છે.

અન્ત્યના એકત્રીશમામાં કહ્યું છે જે - કરોડો કરોડ ચંદ્ર, સૂર્ય, અગ્નિના જેવો તેજનો સમૂહ છે તે સમુદ્ર જેવો જણાય છે એવું બ્રહ્મસ્વરૂપ તેજોમય ભગવાનનું ધામ છે તેને વિષે પુરુષોત્તમ ભગવાનની આકૃતિ સ્વરૂપ મૂર્તિ રહી છે, તેમાં ભગવાન અવતાર સ્વરૂપે આવે છે, એ ભગવાન ક્ષર-અક્ષરથી પર, સર્વ કારણના કારણ, અક્ષર સ્વરૂપ અનંતકોટિ મુક્તોએ સેવેલાં છે, ચરણારવિન્દો જેના, એવા એ ભગવાન તમારી દૃષ્ટિ આગળ વર્તે છે, માટે ધામમાં રહી જે મૂર્તિ અને આ મૂર્તિમાં અતિશય સાદૃશ્યપણું છે, તેવી પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ અને ધામની મૂર્તિ તે બેમાં લગીર પણ ફેર ન જણાય,

તે મૂર્તિ અને આ મૂર્તિના સ્વરૂપ સૌંદર્ય, અવસ્થા, ઊંચાઈ, પુષ્ટતા બરાબર જણાય છે, તેમાં અને આમાં એક રોમનો પણ ફેર ન જણાય, અતિશય એકપણું જણાય તે મૂર્તિ અને આ મૂર્તિને એક જ છે, તેનું ધ્યાન કરતાં કરતાં નેત્ર આગળ તથા કીકીમાં તથા કંઠથી નીચે તથા હૃદયમાં તથા બુદ્ધિમાં તથા જીવમાં તે મૂર્તિ દેખાય છે, તથા જીવથી પર જે કોટિ કોટિ સૂર્ય, ચંદ્ર, અગ્નિના તેજના સમૂહમાં એ મૂર્તિ જણાય છે, તથા ગુણાતીત એવા અક્ષરધામને વિષે એ મૂર્તિ છે તે જ આ પ્રગટ પ્રમાણ પ્રત્યક્ષ છે, આવી સ્વરૂપનિરૂપણ વાર્તા કહી છે.

અન્ત્યના બત્રીશમામાં કહ્યું છે જે - જે ભગવાન તે તેજોમય એવું તે પોતાનું અક્ષરધામ તેને વિષે સદા સાકરમૂર્તિ થકા બિરાજમાન છે. સર્વનાકારણ છે, સર્વના નિયન્તા છે, સર્વના અંતર્યામી છે, અનંતકોટિ બ્રહ્માંડોના રાજાધિરાજ છે અને અલૌકિક દિવ્ય સુખમય મૂર્તિ છે અને માયાના ગુણોથી રહિત છે. અન્ત્યના તેત્રીશમામાં કહ્યું છે જે - આ દેહથી નોખો જે આત્મા તે હું છું અને હું પ્રકાશમાન સત્તારૂપ છું અને તે મારા સ્વરૂપને વિષે પ્રત્યક્ષ ભગવાન અખંડ બિરાજમાન છે.

✣ ઉપદેશ-૯૪ ✣

અન્ત્યના પાંત્રીશમામાં કહ્યું છે જે - છ લક્ષણેયુક્ત સંતમાં ભગવાન સદા વાસ કરીને રહે છે, એક-તો અક્ષરધામમાં જે સાકાર છે, તે જ આ સાકાર પ્રત્યક્ષ સ્વરૂપ ભગવાન છે, બીજું -નિષ્કપટ ભક્તિ વડે પ્રસન્નતા મળે છે, ત્રીજું-કુસ્વભાવ તજીને પણ ભક્તો મધ્યે નિવાસ કરવો, ચોથું-ભક્તોને ઉત્તમ ઉત્તમ પદાર્થ આપવા, પાંચમું-કોઈની પરીક્ષા ન કરવી અને સરલ સ્વભાવે રહેવું, છઠ્ઠું-કુસંગમાં અરૂચિ, આવા છ લક્ષણવાળા સાધુના હૃદયમાં સાક્ષાત ભગવાન બિરાજમાન છે, આવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે.

અન્ત્યના છત્રીશમામાં કહ્યું છે જે - બ્રહ્મજ્યોતિમાં રહેલા સાકાર એવા આ ભગવાનનો આશ્રય કરવો, તેમની ભક્તિ ભાગવતધર્મ સહિત કરવી તેની ભક્તિવાળા સંતનો સમાગમ કરવો. તેમની ઉપાસના વડે આત્મા સ્વરૂપી બ્રહ્મનાં દર્શન થાય છે. અન્ત્યના સાડત્રીશમામાં કહ્યું છે જે - ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કહીએ છીએ જે - ભગવાન દિવ્યમૂર્તિ આકારે છે. ભગવાન જેવા તો એક ભગવાન જ છે, ભગવાનના સ્વરૂપમાં કાળ અસમર્થ છે, ધામમાં રહેલા મુક્તો પણ ભગવાન જેવે જ આકારે છે, ભગવાન પોતે સ્વામી દિવ્યમૂર્તિ છે. ભગવાનનું ધ્યાન કરનારા નિર્ગુણ દિવ્ય થાય છે, ભગવાન એક ઠેકાણે છે, તેમજ અંતર્યામી સ્વરુપે સર્વ ઠેકાણે છે અને સર્વેનું જીવન છે,

એક દેશમાં રહ્યાં થકા સર્વત્ર સર્વ ઇન્દ્રિયોના કર્તા છે, જીવ સ્વરૂપથી ભિન્ન વિલક્ષણ એવા તે ભગવાન છે તે જ ભગવાન મનુષ્યાકારે થયા છે. અન્ત્યના આડત્રીસમાં કહયું છે જે - જામના મુકતોના સ્વરૂપાકારો તથા મૂર્તિ એવા ભગવત્સ્વરૂપાકાર દિવ્ય છે, સ્વપ્રકાશ છે, દ્વિભુજ છે, સચ્ચિદાનંદ છે, દિવ્ય મુક્ત પુરુષોએ સેવ્યા છે, મુક્તોને આનંદ દેનાર છે, તે જ આ ભગવાન તમારાં નેત્રના ગોચર છે, તમારા ઈષ્ટદેવ છે, તમારી સેવાને અંગીકાર કરે છે, આંહી આ મૂર્તિમાં અને અક્ષરધામમાં જે મૂર્તિ તે બંનેના સ્વરૂપમાં ભેદ નથી, અક્ષરાદિકના નિયંતા, સર્વેશ્વરોના ઈશ્વર, સર્વ કારણના કારણ, સર્વોપરી, સર્વે અવતારોના અવતારી તમારા સર્વેના ઉપાસના કરવા યોગ્ય તે આ પ્રત્યક્ષ પ્રગટપ્રમાણ ભગવાન છે.

અન્ત્યના ઓગણચાલીસમામાં કહ્યું છે જે - આત્મનિષ્ઠાનું બળ રાખવું તે હું આત્મ સ્વરૂપ દેહથી પૃથક છું, દુર્ગુણ જાત નાતથી રહિત છું, તેજસ્વી જ્ઞાતા અમર એવો આત્મા છું અને ભગવાન અનંતબ્રહ્માંડોના રાજાધિરાજ છે, અપ્રાકૃત દિવ્યસુખના સાગર (રાશિ) છે, સુષુપ્તિમાં પણ જીવોને મહાવિરામ પમાડીને આનંદ દેનારા છે, દેવો ઈશ્વરો વગેરે જેના ચરણની રજને માથે ચઢાવે છે, વિચિત્ર સૃષ્ટિનું ચતુરપણું તેમનામાં છે, બીજ નિર્માણ કરીને તેમાં તેનો વંશ તેવો જ ઉપજાવવાની કળાઓ તે તેમાં જ છે, આવી આ પ્રગટ પ્રમાણ ભગવાનમાં સમજણવાળો તે સાચો સત્સંગી છે.

✤ ઉપદેશ-૯૫ ✤

ચઢતી દશાવાન નમતી દશાઓનું અનુસંધાન રાખે તો છેતરાય નહિં. પુણ્યકાર્યોમાં હર્ષવાળા પરોપકારમાં સહાયતા આપનારા એરણ્ય અને મોભના સમાન ઘા ઝીલનારા પરદુઃખભંજન વ્યક્તિ, પ્રભુ કૃપા વડે અવશ્ય શાશ્વતસ્વરૂપોના પાત્ર થાય છે.

જેઓ મહાપુરુષોની મર્યાદાને જાળવી રાખે છે, વૃદ્ધ, માવતર, યોગી, યતિ, પતિ, સાધ્વી, નિરાશ્રિત, નિર્ધન, સ્વાશ્રયી, નિઃસાધન, કાર્યોથી ગુરુ, ગરીબ, શરણાગત, ભિક્ષાર્થી, અતિથિ, અનાથ, બાલક, ધાર્મિક, શીલવ્રતી, પતિવ્રતા, ધર્મપ્રેમી, પ્રજાહિતેચ્છુ, લોકશુભેચ્છુ, નિર્વ્યસની, આપત્તિમાન, અને અંગરૂપી, વ્યક્તિઓનું ભલુ કરવારૂપી સેવનમાં વર્તે છે, તેઓને પરમેશ્વર દૂર નથી.

દેખતાં થકા પડતી દશામાં વહી જનાર, પ્રજારક્ષણના શુભકાર્યમાંથી ખસી જનાર, ભાવિ આવવાના દુઃખોને આમંત્રણ આપનાર, પોતાની અક્ષમા વડે ક્લેશ ઉપજાવનાર, પરસંપત્તિમાં દાઝીને અંતર્દગ્ધ થનાર, મહાપુરુષોમાં અપયશને યોજનાર, દેવતા, ઋષિ, મુનિ, શાસ્ત્ર, કથા, કીર્તન, ભજન, ભક્તિ, દાન, વિદ્યા, વાવણી, સત્કાર, સમારંભ,

ઉત્સવ, વ્રત, ભેટચ, ભિક્ષા, શિક્ષા, દીક્ષા, પરીક્ષામાં વિઘ્નરૂપ થનાર ક્યાંઈ પણ પ્રશંસાપાત્ર થતો નથી.

આત્મસંયમ, માનસનિગ્રહ, ઈન્દ્રિયનિયમન, મોક્ષ માટે સાવધાન, સ્વપરમાં સમભાવના, વહેંચણીમાં ઔદાર્ય, પરસંપત્તિની અનિચ્છા, સ્વસંપત્તિમાં સંતોષ, સ્વાશ્રયિનું પોષણ, નીતિવર્જિતનું વર્જન, ન્યાયોપાર્જિતનું સ્વાગત, ઉદ્યમી હોવા છતાં ઈશ્વરદત્તમાં તૃપ્તિ, ઉત્તરોત્તર ભાગ્યવર્ધક પ્રયત્ન, આત્મશાન્તિનો લાભ, આવા ગુણો સુખસામ્રાજયનો ભાગીદાર બનાવનારા છે.

બીજાને આપીને વાપરે તેવા દયાળુ વિરલા હોય છે, જેને ક્લેશ નથી, ખમીખાવાની શક્તિ છે, અલાભે સ્થિરતા છે, લાભમાં છલકવાપણું નથી, આવકમાં દાતાપણું છે. ઉંઘમાં અફસોસ નથી, જાગ્રતમાં ઉદ્વેગ નથી, સમાજમાં તિરસ્કાર નથી, પદાર્થોમાં આસક્તિ નથી, મહત્ત્વાકાંક્ષા શમી ગયેલી છે, કલ્યાણકારી ભાવનાઓ સુપુષ્ટિમાં છે; સંત દિલમાં છે, તીર્થ બુદ્ધિમાં છે, ભગવાન સર્વમાં છે, એવા પવિત્રદર્શી જનને પરમાત્મા હાજરોહાજર રહે છે.

બધી ચીજો ભગવાનની છે, ઘણી ચીજોમાં ઘણાના ભાગ સમજનારને, પોતાના ઉપાર્જનમાંથી પણ બીજાને આપનારને, પરાયી ચીજોમાં જરાક પણ વૃત્તિ નહીં બગાડનારને, પારકી અને પોતાની બગડતી સ્થિતિને સુધારનારને, અન્ન જળ ઔષધ વસ્ત્ર રસ ફળ ફૂલ ભૂષણ સાધન સામગ્રી આશ્રય ઉત્સાહ ઉન્નતિ ઉદ્યોગ ઉમંગ ઉત્કૃષ્ટતા આંતરિક વિવેકદૃષ્ટિ આપનારને પરમેશ્વર બધી સિદ્ધિઓ આપે છે.

નિત્ય નિત્ય દૈવી આત્માઓને સંભારવા, નમસ્કાર કરવા, દિલમાં જોવા, કીર્તનમાં ગાવા સમાજમાં સજીવન રાખવા, તેમની રહેણીકેણી અપનાવવી, તમન્નાઓ ટાળવી, પાછીવૃત્તિ કરવી, સચ્ચિદાનંદમાં વિશેષ રહેવું, વ્યવહારમાં ઉપલક રહેવું, આત્મજ્ઞાનમાં ન્હાવું, ભક્તિમાં ભીંઝાવું, ભગવાનમાં ઓતપ્રોત થવું, આવતા રખડપાટોને વેગળા કરવા, ઈશ્વરીય સભામાં સામેલ થવું, યમરાજને ધાક બેસાડવી, મુક્તિનો વિજય ડંકો વગાડવો અને બ્રહ્મલોકનો માર્ગ મેળવવો, આ કરવા જેવાં છે તે કરવા.

ઈશ્વરનું કામ અવતારી પુરુષો કરે છે, તેમનું કામ દૈવી પુરુષો કરે છે, તેમનાં કામો ધાર્મિક રાજવીઓ કરે છે, તેમનાં કામો સાત્ત્વિક પ્રજાજનો કરે છે, તેમનાં કામો સર્વપ્રિય મહાત્માઓ કરે છે, તેમાં સામેલ થનાર ક્રમે ક્રમે ઉચ્ચ સ્થિતિ મેળવતાં મેળવતાં ઈશ્વરનો બક્ષિસ આત્મા થવા પામે છે, આમ કરવાથી તરી જવાશે.

કોઈની આંતરડી દૂભાવનારાનો ક્યાંઈ ક્યારેય ઉદ્ધાર થતો નથી, પ્રાણિઓની આંતરડી ઠારનારની ખબર અંતરાત્મા (પરમાત્મા) રાખે છે.

સમયાનુસાર એવું સારું વાવો જેનો હજારો ગણો બદલો આવે. નિષ્કામભાવે સેવશો તો અનંતશ્રણામાં સ્થાન લેશો.

✤ ઉપદેશ-૯૬ ✤

મરતી વખતે પરમેશ્વરના પાર્ષદો સંભાળ લે તેવું જીવન કેળવવું. જે મળ્યા પછી વયું જાય છે તે સાચું નાણું નથી, જે કમાયું થકું ભેળું જાય છે તે સાચુ નાણું છે, આસુરી નાણું આવતા યુગમાં દુઃખદાયી થાય છે, દૈવી નાણું ભાવિયુગમાં સુખદાયી થાય છે, આત્મીય દૈવી નાણું સાચુ સાથે રહ્યું થકું બ્રહ્મલોકમાં પહોંચાડે છે, તે નાણું ભગવત્ આરાધના, સંતસેવા, શાસ્ત્રીયવિવેક, વૃદ્ધાદિકનો રાજીપો, ગરીબોના આશીર્વાદો અને પોતાની નિર્દોષ સ્થિતિ રૂપે છે, તે કમાવું.

એક તરફ પ્રશંસા કરે, બીજી તરફ નિંદા કરે, તેના સરવાળા બાદબાકી શૂન્યમાં પરિણમે છે. ચોરી કરીને ધર્મ કરનાર બંનેનો ભાગીદાર પણ અનધિકાર રૂપીમહાદોષમાં ઓરાઈ જાય છે માટે તે દેવની કૃપાનો પાત્ર થતો નથી.

પોતાના જીવનને જોયા સિવાય પારકાનેજ જોયા કરે છે તે નારકીય ગતિમાં જ છે.

કુટુંબમાં, પાડોશમાં, જ્ઞાતિમાં, મહોલ્લામાં, ગામમાં અને દેશમાં કુસંપવાળાને ઘરે જ યમપુરી વસેલી જાણવી.

સંતનો મહિમા સમજનાર સંતનો પૂજારી સંત થઈ સર્વત્ર કલ્યાણ પ્રાપ્ત કરનાર થાય છે.

સત્સંગ, કુસંગત્યાગ, ન્યાયવર્તન, એ ત્રણ દૈવીસંપત્તિ વધારનારાં છે. સદ્બુદ્ધિ, સંયમ, સત્કુલમાં વાસ, સત્શાસ્ત્રમંથન, સત્કાર્યબળ, મિતભાષિતા, ઉપકારજ્ઞાતાપણું, શક્તિપ્રમાણે મીઠીવાણી, ઠંડાપાણી, એ માનવને શોભાવનારાં છે.

અકળાઈ ન જવું, ઉદ્યમી રહેવું, કુદૃષ્ટિ કરવી નહિ, આપીને રાજી થવું, સહી લેવું, વાણી નિયમિત વાપરવી, પંચમાં હિતકારી સત્ય બોલવું, શ્રીહરિનું નામ રટતું સંભારતું રહેવું, હારીને રાજી થવું, કુસંગી થાય તેવું ન કરવું, આવા ધૈર્યધારી માનવને વગર જિત્યે શત્રુઓ જીતાએલા જ છે.

નિર્વિવાદી, વિરોધરહિત, કોમળ, હૃદયપણું, મધુરવચનશીલ, પ્રિયદૃષ્ટિમાન, દેવવિશ્વાસી, સમાનવ્યવહારી, ગુણીયલને માનપ્રદ, અનર્થનો ત્યાગી, શુદ્ધભાવનાવાન, અદબમર્યાદાશીલ, ગંભીરતાવાન, ગુણગ્રાહી મનુષ્ય, સર્વને પ્રિય થાય છે.

સારું કાર્ય પણ પ્રભુની મરજી વિના થઈ શકતું નથી તોપણ ગ્લાનિ ન કરવી, વારંવાર સત્યકાર્ય કરતાં રહેવા, દેવસ્થાનોને નિભાવવા, પોતાના શરીરથી પણ વધારે વ્હાલા કરવા, અંતર્યામી સાક્ષી ના પાડે તે ન કરવું, અંતર્યામી હા પાડે અને સૂઝાય પડે તેવું કરવું, હાનિ લાભમાં દૃષ્ટિ પહોંચે તે માનવ તે કાર્ય કરવાનો અધિકારી છે.

પૃથ્વી, ભવન, બગીચા, સંબંધિ, બાંધવ, ધન, સંપત્તિ ક્ષણિક છે. હેરફેર સ્વભાવવાળા છે, તેની મગરૂરી કરવી નહિં. પાચન પ્રમાણે સંગ્રહાય તે સુખકારી થાય, પાકેલા ફળથી ઘણા લાભો થાય છે, કોલસા કરવામાં ઘણી હાનિઓ જોવાય છે. લાલચુ, લોભી, કપટી, સ્વાર્થી માનવ કોલસામાં ખપે છે. શુભેચ્છુ ઉદાર નિખાલસ પરોપકારી માનવ મિષ્ટફળમાં ગણાય છે.

નિર્બલ હોડે હાડ્યે દોડે તોપણ વિનાશમાં ઓરાઈ જાય છે, પવનનો ઝપાટો ખોટી મેઘ ઘટાને ઉડાડે છે, તેમ ખોટાઈ દેખાવડા માણસને ઉડાડે છે, ધાર્મિક જ્ઞાની ભક્તના તમામ મનોરથો મૂર્ત રૂપ લ્યે છે, ખન્ત વિનાનો માનવી પોતાના આરંભેલા કામોમાં સંકોચને અનુભવે છે, ઉત્સાહી પરોપકારી માનવને કાર્યો સ્વયં વિકસિત સ્વરૂપે ફલદ થાય છે.

✤ ઉપદેશ-૯૭ ✤

માતા, પિતા, ગુરુ, પતિ, સાધ્વી, પુણ્યશાલી, રાજા, પણ્ડિત, સંત અને હિતેચ્છુના વચનો ગ્રહણ કરનારને વિઘ્નો હેરાન કરતા નથી, રાજકીય પુરુષોએ પ્રજારૂપે રહીને સર્વેનું હિત ચિંતવવું, પ્રજાના હિતવડે યશસ્વી નીવડે, તેને માટે રાજશબ્દ સત્યાર્થમાં શોભે છે, નમ્રતા વડે વર્તનારને ઘા ઝીલવા પડતા નથી, નિર્લેપને સંસાર પોતાની મેળે જ અડતો નથી, કાદવવડે પગ ધોનારને બમણો કાદવ વળગે, ભોગ વડે સંસાર ખસેડનારને બમણો સંસાર વળગતો જાય.

સર્વે 'હું' માનીને બધું વાપરતો રહે છે, હું ઝીણામાં ઝીણો જ્ઞાની પ્રકાશી અને આનંદી છે, તેમાં તેના સ્વરૂપમાં વપરાશી ચીજો અણીં જેટલો પણ ફાયદો વધારો કરનારી નથી, તોપણ મલકાય છે, તે તો દારૂડીયા જેવું છે.

લાલચો ઘણી આપે, પણ સમય આવ્યે દાંત દેખાડીને ખસી જાય તે અસત્પુરુષનું લક્ષણ છે. આંખ્યો વીંચાણા પહેલાં જગતનો ભાર માથે લીધેલ હોય છે, પણ વીંચાણા પછી કર્મોનો ભાર ઉપાડવો પડે છે, બોજા વિનાનું કર્મ શ્રીકૃષ્ણાર્પણરૂપે નિષ્કામકર્મ છે તે મુખ્યત્વે સદા કરતું રહેવું, તે વિનાનો કુલવાન પણ નકુલજ છે. સંત સર્વેના સહાયક છે. તારનારા છે પણ અસંત તારવા તરવાનો યત્ન કરવાં છતાં ડૂબતા ડૂબાડતાં જાય છે, જે ભૂમિમાં સંત પ્રકટે તે ભૂમિ પણ તારનારી તીર્થરૂપ છે, પૂર્ણ ભોજનનું સુખ તો

ભૂખ્યાને મળે છે. પૂર્ણ તીર્થનું ફળ તો તરવાની શ્રદ્ધાવાળાને મળે છે, સંત સમીપે પ્રભુ સંભારીને યાચના કરનારની યાચનાઓ સફળ થાય છે, સંતને દેખી માનસ નિર્મળ થાય છે માટે સંતને જોતા રહેવા.

ઘણી જાતનો મદ હોય છે, પરાધીન થાય ત્યારે બધા મદ ઊતરી જાય છે, અંતર્યામીને આધીન વર્તીને નિર્મદ રહેવું, માનસ નિર્મદ થયે પરલોકનું ધન મેળવવાનો અવસર મળે, તેવું ધન હજારો વાર પ્રભુનું રટણ કરવું તે છે, મન જીત્યા સિવાય બીજાને જીતવા ઈચ્છે છે તે હારેલો જ છે, પોતાના અપરાધોને તજીને પારકા પરોપકારોને વિકસાવવા ઉત્સાહિત જન વિકાસ પામીને પ્રભુના ચરણમાં જવાનો અધિકારી થાય છે.

સારથિ સાવધાન થઈ રથ ચલાવે તો માર્ગના પારને પામે, ઘરધણી દેખતો વરતીને જીવન ચલાવે તો તે ગૃહિપણાના પારને પામે, વ્યવહારુ માણસ પણ પ્રભુ રાખીને વ્યવહારો કરે તો ભવના પારને પામે, જન્મ પછી પુણ્યપ્રતાપે સંતયોગ થયે તારણજ્ઞાન પામીને ગૃહી પણ ભક્ત સંતરૂપે વર્તીને સર્વાત્મદૃષ્ટિએ ભવસાગરને તરે છે, તથા બીજાને તારે છે, ભૂમિરૂપી આશ્રય કે આશ્રમને પણ બ્રહ્મલોકમય બનાવે છે, તેનો મહિમા સમઝનાર તે રૂપે થાય છે.

ફૂટેલા ઘડામાંથી જળ સ્રવિ જાય છે, ફૂટેલા માનવમાંથી નીતિ સ્રવિ જાય છે, ખોખરા ઘડાની આવરદા જોખમમાં હોય છે, ખોખરા માણસનો મનુષ્યજન્મ લાભ પણ જોખમ ભરેલો જ છે, પણ તે જો પ્રભુને રાખવા માંડે તો અમૃત પીનારો થાય છે, જેનામાં ઘૃણાની ભાવના નથી, તે ઈશ્વરીયભાવનાનો ઓળખનાર ગણાય છે, આત્માનો મિત્ર આત્મા છે, પોત પોતાનું કાર્ય પાર પાડી શકે, બીજાનો આધાર લેનાર આધારની સ્થિતિપ્રમાણે ફળ પામે, પરમેશ્વરનો આધાર, સંતનો ઓથ, આત્મ સ્વરૂપનું અનુસંધાન, ઈશ્વરમૂર્તિઓની ભક્તિ સમાજનો ઉપકાર એ ઉત્તમ આધારો છે, તેમાં વર્તમાન માનવ જરૂર પરમેશ્વર પાસે જશે.

પાપ કરનારો, નિઃશ્વાસા લેનારો, ઘાતકી, બૂરાઈઓનો ભરેલો, પરને દુઃખી કરનારો, ધર્મને વિઘ્ન કરનારો, સત્કાર્યોનો નિંદક, શત્રુઓમાં ભળનારો, સદા પાપીઓનો સોબતી, તથા બધાનો વૈરી, તે વિના મોતે મરેલો જ છે.

દૈવી વિભૂતિઓનો અપરાધી માણસ, અભાગીઓ અને બુદ્ધિહીન થઈને પાપમાં પુણ્યને દેખીને અન્યાયમાં પ્રવર્તે છે, તેજ તેને મૃત્યુનું નોતરું છે, માયાવી પોતે પોતાના પાશમાં બંધાય ત્યારે તેને આરાધિત દેવો પણ છોડાવતા નથી. ચાડીયો, ઈર્ષ્યાળુ, મિત્રદ્રોહી, વિશ્વાસઘાતી, ચોર, શીલહીન, શરણાગતઘાતક, મૂળછેદક, ગૃહભંજક,

પાર્શ્વતાડનકૃત, દુરાગ્રહી, અભિમાની, અતિમાની, સદા કલહકાર, અન્યોનો તિરસ્કાર કરનાર માણસ સદા આપત્કાળોથી ઘેરાએલો રહે છે, મિત્ર તરીકે કોઈપણ તેની રક્ષા કરતો નથી.

✣ ઉપદેશ-૯૮ ✣

શુભ આચરણવડે દૈવપ્રદત્ત ઉદ્યમવડે લક્ષ્મીજી આવે છે, ધર્મવડે લક્ષ્મીના મૂળ ઊંડા જાય છે, તેના દાન, પુણ્ય, સત્કાર, સદ્વ્યય સહાયતા, વ્રત, ઉત્સવ, યજ્ઞ, ગ્રામસેવા, દેશસેવા, લોકસેવા, વિદ્યા, મિલ્કત, ઉન્નતિ, અભ્યુદય, સારી ઉપજ, આવક, જલ સ્થળના બંધારણ, ધર્મશાળા, છાત્રાલય, ઔષધાલય, નિરાશ્રિતાલય, અનાથરક્ષણ, નારીવર્ગને ઉપકાર, વ્રત, તપ, ઉત્સવ, સમૈયા, સપ્તાહપારાયણ, શ્રમયજ્ઞ, ભૂમિ, કેળવણી, વૃક્ષારોપણ, ધાન્ય ઉદ્ભવ, ગો અશ્વ ભેંસ અન્ન આદિ પશુ ધન રક્ષણ, દુર્ગસીમાસીમરક્ષણ, વિવાહદાન સામગ્રી દાન, અભયદાન, સમયોચિત ભોજન, પાનદાન વાહન દાન, છાંયાપ્રદાન, વસ્ત્રદાન, જ્ઞાનદાન આદિ સત્કર્મ જેને ત્યાં થતાં હોય તેના પણ સ્વર્ગમાં આંહી અને દિવ્યલોકમાં ઊંડા મૂળ થાય જ છે.

શાસ્ત્રાભ્યાસ વડે પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠા વડે સત્ય લજ્જા, સત્ય વડે ધર્મ, ધર્મ વડે વૃદ્ધ, અને વૃદ્ધ વડે સભા, સભા વડે પ્રજા, પ્રજા વડે રાજયસત્તા, રાજય વડે દેશની શોભા છે. ઉત્તરોત્તર શોભાશાળી પરલોકમાં પણ શોભાશાળી થાય છે.

અપકૃત્ય ઢાંકવાં છતાં હજારો ઠેકાણે ખુલ્લું થાય છે. વિજયી વિનયી વિદ્યાશીલ સંપશીલ ધર્મશીલ નિયમશીલ સંયમી સરલ કલ્યાગરો કુશળ સંતોષી સેવક સુવર્ણ પુષ્પિતપૃથ્વીને તથા સ્વર્ગને મેળવે છે.

અપરાધ કરનારનો અપરાધ કરવો નહિ, અપમાન કરનારનું અપમાન કરવું નહિ, રોષે ભરાવું નહિ, વાગ્બાણ મારવાં નહિ, હૃદયશૂલ પરોવવાં નહિ, વિવાદના ક્લેશ ઢોવા નહિ, અસાધુમાં ભળવું નહિ. દેવદર્શન કરે એવા સંતને સેવવા, નિવૃત્તિમાં વર્તવું ઘટે તેટલું વર્તી પ્રભુપ્રવૃત્તિમાં ગુલતાન રહેવું જે સદાને માટે કેફ આપશે. પવિત્રતા વિનાનો માણસ શબસમાન મલિન છે.

બીજાઓ સાથે અંગ મેળવીને બીજાના દુઃખના ભાર ઉપાડનાર જનો મહત્તા મેળવે છે. બીજાનાં દુઃખો ટાળવા, નિત્ય દેવદર્શન નમસ્કાર કરવા, મહાપુરુષને જોવા, તીર્થભૂમિનું માહાત્મ્ય સમજવું, આશાઓના દાસપણામાં ન રહેવું, આશ્રયમાં રહેતા પ્રાણીઓના અમી ઓડકાર ઉપજાવવા, અર્થિને સંતોષવા એવા ઉત્તમ સ્વભાવના જનો સર્વલોકમાં ઈન્દ્રસમાન સત્કાર મેળવે છે.

સુખ-દુઃખ, વિજય-પરાજય, લાભ-નુકસાન, વૃદ્ધિ-ક્ષય દેહ સાથે જડાયેલાં છે. તે આવે, વધે તોપણ આત્મામાં ન ઉતારવા. આત્મામાં ભગવાન અને સદ્‌ગુરુ સંત બેસાડવા, ભક્તિ જ્ઞાન વસાવવા જેથી મુક્તિ ભાગી જવાય.

મનુષ્યો વાણી વ્યવહારના સ્થળો છે, તેમાં જો વાણી સંયમ વર્તે તો ક્લેશ ક્યાંયથી ઉદ્‌ભવે નહિં, શબ્દને આકાશમાં જવા દે તો કાન દ્વારા ક્લેશ ન ઉપજાવે, જ્ઞાતિ ભેદીને અમૃત શય્યામાં પણ ઊંઘ ન આવે, ભેદી જનને સુખ-શાંતિ મળતાં નથી, તે ભયમાં ને ભયમાં ખપી જાય છે. પરસ્પર મળીને ઉન્નતિ સાધે તેનું પતન ક્યારેય થતું નથી, પરસ્પર હિત કરનાર, મળીને રહેનાર, અન્યોન્ય આશ્રય રાખનાર, આપીને રાજી થનાર જળમાં કમળની વેલીની પેઠે વૃદ્ધિ પામે છે.

આકાશને મારનાર, ઇન્દ્ર-ધનુષ્યને પકડનાર, કિરણને તગડનાર, કુપાત્રને સંઘરનાર, તામસીનું માનનાર, કુત્સિત કર્મમાં રમનાર, શત્રુને માથું સોપનાર, બલિષ્ઠમાં વર કરનાર, ઘાતકી નારીમાં વિશ્વાસ કરનાર, વહુવર્ગની હાંસી કરનાર, સદા વિઘ્ન ઉપજાવનાર, ઘરજમાઈ થઈને માની વર્તનાર, ખેરીયાતમાંથી ખાનાર, વિશ્વાસુ પડાવી લેનાર, ઘરનું ઉડાડનાર, આકરાને આડો આવનાર જલદી ખલાસ થાય છે.

ગુરુજનોને ન ગણકારે, અસુર સવારને ન ઓળખે, એકલો રખડે, બહાર ચલ્લો ચાલે, રખડુનો સંગ કરે, છાનાં આંટા મારે, શિકાર ખોળતો ફરે, ક-સ્થાને વિચરે, જળ અગ્નિનો વિશ્વાસ કરે, પરમિલ્કતનું મન કરે, રાજાનો દ્રોહ કરે, કુટુંબને વગોવે, પ્રતિષ્ઠિતને નિન્દે, મોટાની મર્યાદા ભાંગે, સમયમાં નિરૂપયોગી રહે, જેને તેને દાંતિયાં દેખાડે, કોઈનું ભલું ન દેખી શકે તેવો માણસ જલદી વિનાશ પામે છે.

બાહુબળ, પડખાંબળ, કુલબળ, લોકબળ, રાજબળ, બુદ્ધિબળ, દૈવબળ અને ધર્મબળ સાથે આશીર્વાદનાં બળો મેળવનારને દેવતાઓ પણ બલિષ્ઠ ગણે છે.

સ્ત્રી, સર્પ, રાજા, મન, રિપુ, લોભી નોકર, આવરદા, ભોગ, વિલાસ, અગ્નિ, સિંહ, ચોર, બહુખર્ચાળ, વિજયી, દૈત્ય, કપટી, સ્વાર્થી, અજાણ્યો, તૂટેલી દિવાલ, ભડકણ વાહન, મરણીયો માણસ, ખોટાડો, નિર્લજ્જ, વિષ, દારૂડિયો, ખોખરું ગાડું, બુભુક્ષિત, કંગાલ, કપટવેષી, બહારવટિયો, દીપડો, નિર્દય, નિમકહરામ, ધૂતારો, અતિલોભી, અતિકામી, અતિક્રોધી, અતિમુગ્ધ, અતિમાની, અતિવેગી, અતિઅછકલો, અતિમૂર્ખ, ભૂત, પ્રેત, પલિત, છિદ્રખોળનાર, ત્રિદોષ, ધનુર્વા, ક્ષયરોગ, ફૂટલો પ્રધાન, નદીનું ઘોડાપુર, સમુદ્રની વેળ, છુટું પશુ, રણનું વાવાઝોડું, ગાંડો હાથી, મધ્યોત્તર રાત, સ્ફોટક પદાર્થો, ખૂલ્લાં શસ્ત્રો, યુદ્ધભૂમિ, છૂટો ઘા, ગાંડો માણસ, પરગંધીલું માણસ,

ખોટું તાળું, પેઢિયો, વીતેલો ખજાનાલ આટલા ઠેકાણાં વિશ્વાસ કરવા યોગ્ય નથી. વિશ્વાસુ તેના આવેલ ભય વડે નષ્ટભ્રષ્ટ થાય છે.

✣ ઉપદેશ-૯૯ ✣

સંતોનાં જન્મ શુભકુલમાં હોય છે, ક્ષમાશીલ ભક્તસંતો મહાન હોવા છતાં નાના થઈને વર્તે છે, તેજને છુપાવીને રહે છે, ચમત્કારો શ્રદ્ધાળુઓ ઉપર વરસાવે છે, માનતા કરનારાઓના મનોરથો પૂરે છે.

ગુપ્તમંત્ર, ગુપ્તવિવેક, ગુપ્તઆરંભ, ગુપ્તધન, ગુપ્તનિકાલ, ગુપ્તગોઠવણ, ગુપ્તવિહાર, ગુપ્તશક્તિ એવો ગુપ્તગુણી જન જગતના સમાજનું ઘણી રીતે કલ્યાણ કરી શકે છે. પ્રકાશિત ફળ, પ્રકાશિત કીર્તિ, પ્રકાશિત લાભ, પ્રકાશિત ઉત્તરકાળ એવી સ્થિતિનો જન કાર્યસિદ્ધિનો પાત્ર જ છે.

ગાદી મળ્યા પહેલાં જે વિચારો હોય તેને પછીથી મૂર્તિરૂપ બનાવે તો તે ગાદીપતિ પ્રજાના આશીર્વાદનો પાત્ર થઈ શાશ્વત સ્થળનો ભાગીદાર નીવડે છે.

આંખ્યો ઓડે ગયેલો પણ અંધની ગણત્રીમાં જઈને વિનાશમાં ઓરાઈ જાય છે.

જન્મભૂમિનું કલ્યાણ કરનાર દેવતાઈ પુરુષ જાણવો. તીર્થ, સંતભૂમિ, કાયમી જલાશય, નદી, બગીચા, ઝાડી, પર્વતોની શોભા, વિપ્ર સમુદાય, ભણેલા કવિઓ, ન્યાયાલય, રાજકીય રક્ષક, ફળદ્રુપ જમીન, વૃદ્ધોનાં વ્યાખ્યાનો, શાસ્ત્રોના જાણકાર, વૈદ્યો, સેવકવર્ગો, સંબંધીજનો, દેવમંદિરો, ધર્મશાળાઓ, વ્યાપારીઓ, ખેતીવિકાસ, ધોરી સારા માર્ગો, ગૌચર બીડની જમીનો, દૂધવાળી જ્ઞાતિઓ, ઓજારના કારીગરો, બાંધકામના જાણકારો, વિષહર વ્યક્તિઓ, વિદ્યાશાળાઓ, પરોપકારી ધાર્મિકો, સારા ધનાઢ્યો, કિલ્લા સીમાડા સરહદ ગોપુરના રક્ષકો, મીલમશીનો, સારા વાહનો, પશુધનવાળાઓ, રાત્રીના રક્ષક પ્રાણીઓ, મલિન અનુપદ્રવો, શુદ્ધિના સાધનો, ઉન્નતિશીલ કુટુંબો, કર્મકાંડી ગોર દેવતાઓ, ચારણો, ભજનાનંદી વૃદ્ધો, મર્યાદાવાળો નારીવર્ગ, આસ્તિક માનવો, મેળાના સ્થાનો, શરીરસેવક-ફળીસેવક-શેરીસેવક-માર્ગસેવક-ગ્રામસેવક-પાદરસેવક-વર્તુલસેવક-સીમસેવકો, વાતચીતયંત્રો, પ્રકાશકર પ્રદીપો, જળયંત્રો, સમાચારયંત્રો, અન્ન કપાસ રસ સ્નિગ્ધ પદાર્થોના યંત્રો, વગેરે જે ગામ પુર નગર શહેર રાજધાનીમાં હોય ત્યાં વસવાટ, તેવી વસ્તિની છાયા, પુરીઓમાં નિવાસ પ્રેયઃ અને શ્રેયઃ કરનાર છે. પોતાના વસવાટી ગામને તેવી સમૃદ્ધિવાળું કરવામાં યત્ન કરનાર ગામવસ્તીજન સદા પ્રેયઃ અને શ્રેયઃના ભાગીદાર થાય છે. તન-મન-ધન સહાય, વચન પ્રયત્ન, કષ્ટ વડે પણ તેવી સમૃદ્ધ ભૂમિકાઓ બનાવો, આ રાજયોન્નતિ ગણાય છે,

આવા રાજયદ્વારી માનવો નીપજો. દિગંતકીર્તિવાળા જનો જન્મભૂમિના આભૂષણો સૂર્યો સર્વને સુખી કરનારાઓ હોય.

શાસ્ત્રલેખકો શાશ્વતજીવીઓ છે, જેનો બુદ્ધિ વડે સમગ્ર પૃથ્વીને આકર્ષણ કરનારા છે, થાળી જેવડો સૂર્ય જગતના નેત્રોને દેખતા કરે છે, થાળી જેવડો ચંદ્ર જગતને શીતળતા સાથે અમૃતભરેલ અજવાળું આપે છે, તેમ સૌરાષ્ટ્રભૂમિના ત્યાગી ગૃહી મહાપુરુષો જગતને અજવાળા આપનારા થયા છે, તેના પ્રવર્તિત માર્ગમાં ટેકો આપનારા હો, સૌરાષ્ટ્રભૂમિના મહાપુરુષોને સંભારો જેથી તમારામાં દૈવી પરિવર્તન થવા લાગશે. લિધા વિના પણ સન્યાસ વર્તવા લાગશે, ભણ્યા વિના પણ સાંખ્ય સમઝણ થશે, સાધ્યા વિના પણ યોગસિદ્ધિ આવશે, માગ્યા વિના પણ કલ્યાણ મળશે.

ઉદ્ભવેલા કામોમાં હરિને મુખ્ય રાખી પ્રજાના લાભને ટેકો આપનાર અને ગેરલાભને દૂર કરનાર, અવનતિને ટેકો નહિ આપનાર માનવ તે સાચો સંત છે, તેવા ભક્તો સંતો સૌરાષ્ટ્રમાં ઠેકઠેકાણે સર્વેમાં થયા છે, થતા જાય છે અને થશે. આ સૌરાષ્ટ્રભૂમિ પરમેશ્વર શ્રીકૃષ્ણના મણિરૂપે છે, પાવન છે, તેમાં રહેલા લાયક પ્રજાઓ હો.

उपैतु मां देवसखः कीर्तिश्च मणिना सह ।
प्रादुर्भूतः सुराष्ट्रेऽस्मिन् कीर्तिमृद्धिं ददातु मे ॥ (श्रीसूक्तं-७)

(ગર્ગસંહિતા-દ્વારકાખણ્ડે ૬-અધ્યાય ૯માં સૌરાષ્ટ્ર પ્રાવિર્ભાવની કથા છે. તે વાંચવી.)

સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા, વિવેક, શમ, અહિંસા, શીલ, દાન, પાઠ, સરલતા, સંતોષ, ગુરુસેવા, નિવૃત્તિ, સમાલોચના, મૌન, આત્મવિચાર, અન્નાદિવિભાગ, આત્મદેવતાદૃષ્ટિ, કથા, કીર્તન, સેવા, પૂજા, વંદન, દાસપણું, શુદ્ધહૃદય, સમર્પણ, પૂર્વાપર સ્મરણ, તૃષ્ણા ત્યાગ, આ ત્રીસ (૩૦) પ્રકારના માનવધર્મવાળા ઉપર પરમાત્મા સર્વાત્મા રાજી થાય છે.

✣ ઉપદેશ-૧૦૦ ✣

કર્મોના સાક્ષી દેવો –

પૃથ્વીના જળના તેજના વાયુના દેવતાઓ, સૂર્ય, ચંદ્ર, ગ્રહો, દિવસરાત્રીની દેવીઓ, ગામના દેવો, સીમના દેવો, ક્ષેત્રપાળો, પ્રાણીઓના સાક્ષીઓ, યમરાજના કર્મચારીઓ, ધર્મદેવ, અધર્મદેવ, અરણ્યદેવતાઓ દૈવીવૃક્ષોની દેવીઓ, ભૂતયોનિના દેવો, ઐશ્વર્ય શાલીદેવો, સૂરાપુરાઓ, દેવાલયોના દેવો, કુલદેવીઓ, વાસ્તુદેવો, યજ્ઞદેવો,

સ્મશાનદેવો, કાલીચતુદર્શીના દેવો, રુદ્રો, વિષ્ણુઓ, બ્રહ્માઓ, પિતૃદેવતાઓ, સ્થાપનાના દેવતાઓ, સાધેલ દેવતાઓ, પાવળીયાના દેવો, અવગતિયા પ્રેતો, છટ્ઠી, ચણ્ડી વગેરે દેવીઓ, શસ્ત્રોની દેવતાઓ, સન્ધ્યાની દેવતાઓ, માનતાના દેવો, અભિચાર દેવો, મંત્રોના દેવતાઓ, ન્યાયના દેવતાઓ, પ્રારબ્ધ કર્મના દેવતાઓ, ઇન્દ્રીયો અંતઃકરણના દેવતાઓ, તીર્થદેવો, પર્વતના દેવો, નદીયોના દેવો, સરોવરના દેવો, સાગરના દેવો, દીવાના દેવો, મુહૂર્ત ચોઘડીયાના દેવતાઓ, પ્રજાપતિ દેવતાઓ, આકાશના શબ્દદેવતા, માનસદેવતા, જોગણીયો, દિગ્દેવતાઓ, મહાકાલ, શંકરના ગણો, વિષ્ણુના પાર્ષદો, વિજળીદેવતા, ઋતુદેવતાઓ, સંવત્સરના દેવતાઓ, યુગ દેવતાઓ, મન્વંતરદેવો, ત્રિકાળદર્શી ઋષિદેવતાઓ, સિદ્ધયતિદેવો, સમાધિસ્થાનોના યોગીદેવો, દુર્ગાદેવીઓ, ગાયત્રીદેવી, લક્ષ્મીદેવી, દણ્ડદેવતા, ઇન્દ્રાદિદેવો, શકુન-અપશકુનના દેવતાઓ, ગણો, વિઘ્નો, આસુરી માયાઓ, પનોતીઓ, અરણ્યોના દેવતાઓ, મેઘદેવતા, રણભૂમિના અધિષ્ઠાનદેવો, હોમહવનોના અગ્નિઓ, કામદેવતા, સતીદેવિયો, ઓજારના દેવતાઓ, શ્રાદ્ધદેવો, શ્રવણદેવો, દિગ્પાળો, રોગોના દેવતાઓ, વિષની દેવીયો, અમૃતની દેવીયો, વૈશ્વાનરદેવ, વ્યાહૃતિદેવો, આહુતિદેવો, સંહારના દેવતાઓ, આત્મા પોતે આત્માનો સાક્ષી દેવ, વ્યાપકબ્રહ્મ, ઐશ્વર્યદેવતાઓ, સિદ્ધદેવો, યોગિજનો, મુક્ત પુરુષો, અવતારી પુરુષો, ભગવાન અવતારો, લોકપાળો અને પરમાત્મા, આટલાં તત્ત્વો ચૈતન્યો જીવપ્રાણીના કર્મના જાણકાર છે, માટે તેમના ગુન્હેગાર ન થવાય તેમ શાસ્ત્રમર્યાદા, દેવમર્યાદા, લોકમર્યાદા, સમાજમર્યાદા, આત્મમર્યાદામાં રહી સત્કર્મો કરવા, નિષ્કામ કર્મવડે પરમાત્મા પાસે પહોંચાય છે, તે થાય તેમ કરવું.

દેવાલયમાં દેવદર્શન, સંતદર્શન, માબાપ દર્શન, પતિદર્શન, સતીદર્શન, ગાયદર્શન, ધાર્મિકદર્શન, પુણ્યકથાદિ ઉત્સવદર્શન, માંગલિક પદાર્થ દર્શન, ગુરુદર્શન, કન્યાદર્શન, સુવર્ણભૂષાદર્શન, તીર્થદર્શન, મહાપુરુષદર્શન, ભાગ્યશાલિદર્શન એ આત્માને પાવન કરનારાં છે.

સમગ્ર પૃથ્વીનું રાજ્ય, પૃથ્વીના ભાગો, પૃથ્વીની શક્તિઓ વગેરે મળે તોપણ તૃષ્ણા ટળે નહિ, તે જ્ઞાને કરીને, સંતોના આશીર્વાદોએ કરીને ટળે છે, તે માર્ગ સદા ભજવવો.

સમજણ-વિવેકવડે અવિવેક અજ્ઞાન માયા ટળે છે, બ્રહ્મવિદ્યા બધી અવિદ્યાનો નાશ કરનારી છે. ગોદાન, સંતોને ભોજન, વિપ્રના પૂજન અતિથિના સત્કાર, અનાથને પરોપકાર બ્રહ્મલોક સુધી પહોંચાડનારાં છે, તેને પાળવાં.

ધર્મ, આત્મા અને પરમાત્મા એ ત્રણ ભેળા જાય એવો ઉદ્યમ કરો, અધર્મ મન અને યમદૂતો ભેગા ચાલે તેવો ઉદ્યમ તજીદો.

કામના, રસના, ભોગ્યતા, જન્મપ્રાપ્તિ, સંસાર આવૃત્તિ ન થાય તેવા નિષ્કામી, નિઃસ્વાદી, નિર્લેપ, નિરંજન આવાગમનરહિત દિવ્ય પુરુષ થવામાં વર્તન કરો. તીર્થભૂમિને સાર્થક કરો, સત્સંગ કરો, કીર્તન કરો. વૃદ્ધ, જ્ઞાની, યોગી, યતિ, સંયમી, વ્રતી, નિયમી, નિર્લેપ, સાધુ, સાધ્વી, સતી, મુક્તની પંક્તિમાં લેખાય છે, તેવા સ્વરૂપમાં જાવા શીખો. ઘર બધાં સ્મશાનો જ ગણાય, તેમાં સંતોને પધરાવવા અને મંદિર કરીને રહેવા શીખવું. દિવસ બધા વંધ્ય જ કહેવાય તેમાં પૂજાપાઠ દેવદર્શન કરીને સફળ બનાવવા શીખવું, બધાં ભોજન અપાવન જ છે, તે દેવાર્પણ દ્વારા પ્રસાદી કરીને જમવા શીખવું, બધાં કર્મો વાસના ભરેલાં જ છે,તે કૃષ્ણાર્પણ કરીને નિર્લેપ થવા શીખવું, બધાં સગાં ધન દોલત બંધન જ છે, તે ભગવાન લેખે કરીને નિર્ગુણ થવા શીખવું, બધાં રટણ ગાંગરવા જેવા જ છે, તે ભગવાનનાં કીર્તનરટણ કરીને મુક્ત થવા શીખવું, બધાં માનવીને શુદ્ધ થવાનો અને મુક્ત મેળવવાનો અધિકાર છે, તેવા થાઓ પ્રભુ રાજી થાય તેમ કરો, આ તીર્થભૂમિ સૃષ્ટિ રહે ત્યાં સુધી તીર્થોત્તમ થતી જાય તેવા શુભ ઉત્સવ કરતા રહો.

બ્રહ્માના ચાર પુત્રો નૈષ્ઠિક બ્રહ્મવ્રતવાળા સાધુઓ સનક, સનત, સનાતન, સંનંદન નામના સંતોએ ભક્તિ જ્ઞાનશીલ ત્યાગ વગેરેમાં રહીને સમગ્ર જગતને પાવન કર્યું છે, તેવા નૈષ્ઠિક બાળબ્રહ્મચારી સંતોને ભાવથી દેખો પૂજો સંભારો તેણે કરી તે સંત સાથે નારાયણ સંભારનારના હૃદયમાં પ્રકટ થશે અને મુક્તિ આપશે.

ગૃહપરોપકાર, કુટુંબપરોપકાર, જ્ઞાતિપરોપકાર, સમાજ અને ગ્રામ દેશના પરોપકારો આત્મા પરમાત્માના રાજીપામાં સમાયેલ છે, તે રાજીપો જનસેવા વડે મળશે, જનસેવા શ્રદ્ધાવડે થશે, શ્રદ્ધા ભાવના ભરેલી થશે, ભાવના શુભપુણ્યોદયથી થશે, પુણ્યોદય આશીર્વાદોથી થશે, આશીર્વાદો સર્વેની આંતરડી ઠરવાથી થશે, ભલું કરીને આંતરડી ઠારવા શીખો, જેની આંતરડી ઠરી તેનો આત્મા ઠર્યો, અને સાક્ષીસહિત પરમાત્મા ઠર્યા ગણાય છે, તેવા ભક્તને બધાં સાધન પૂરાં થયા.

✣ ઉપદેશ-૧૦૧ ✣

કબાડીના પોઠિયા તો આખું જગત છે, બોજા ઉપાડ્યા કરે છે અને ઢરડા ઢરડ્યા કરે છે. ભગવાનની પ્રસન્નતા અને સંત સેવા સિવાય બધા ઢરડા ખસેડો, સાચા મોક્ષના યત્ન કરો જેથી મોક્ષમાં ગયા થકા પણ તમારા અવશેષો મોક્ષના આપનારા થશે.

ભગવાનની દિવ્યમૂર્તિના દર્શન સ્મરણ ધ્યાન આરાધન વિગેરે કરતા રહો. દિવ્યચમત્કારી મહાપુરુષોની છાયામાં નમનારને પણ તે પુરુષો દિવ્યલોકમાં જવાના ભાગીદાર બનાવશે. તેવા થવા કરવા શીખો.

અન્નદાન આ ભૂમિમાં ચાલુ રાખો, પૂર્વજો કરી ગયા અને પુણ્યશાળી સ્વર્ગોમાં ગયા, તે પ્રમાણે કરતા રહો.

લોમશઋષિના આ આશ્રમને સજીવન રાખવો, સંત ઋષિ મુનિ ત્યાગીઓના આશ્રમો બંધાવો, પરોપકાર ચાલુ રાખવો, ભગતની જગ્યાઓ મંદિરો દેવસ્થાનો ત્યાગિ સ્થાનો તીર્થો કાયમી સજીવન રહો. સંહિતાઓના કહ્યા પ્રમાણે દિવ્યભૂમિ કાયમી ચાલુ રહો, લોમશઋષિનું મંદિર બાંધો, મોટું તીર્થ છે તે પ્રખ્યાતિમાં આવશે દુનિયા દર્શને આવશે.

કેટલાકને ડાહ્યાપણાનો ગંડવા ઉપજે છે, પોતા સામું જોવું પડ્યું મેલીને ડહાપણીઓ થઈને બધેય માથું મારતો થકો વિના પ્રયોજને ખબરું લેતો લાટે છે, પોતાની કરણીનો હિસાબ જ કરતો નથી આવો ઉપર છલ્લો બોલ્યે વરતાય, મેલી માખી હાથી સામી સોંઢ ઉંચી કરે, કાળ કરોળીઓ વાટ જોતો હોય છે, વેલી વૃક્ષનો આશરો લઈ વૃક્ષને ઘેરીને વૃક્ષની માં થવા માંડે એવો ઘેલો ધન તૃષ્ણાલુ જીવ જણાઈ આવે, બધી રીતે મેલો, કોઈના મેલ ન ધોવે.

સંત અને ભગવાનના ભક્તોને સેવીને કોઈ જીવાત્માઓ સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર આદિ દેવપણાને પામ્યા છે.

સદ્‌ગુરુ સંત અને ભાગવત ભક્તોના સમાગમ વડે માયિક અને ભૌતિક પદાર્થો પણ દિવ્ય થઈને બીજાને પણ મોક્ષના અધિકારી બનાવે છે.

સંત અને ભક્તોનાં વચનો એ મોક્ષના ન્યાય આપનારાં છે, ભૂલવણીમાં ભૂલકણામાં ભૂલાઈ ન જવું, પોતાનો સુધારો કરી લેવો, સંત ભક્ત અને ભગવાન લેખે જે જે જનતાને અપાયું તે સાચું ધન કમાયા, તે વિના તો ધન હોવા છતાંય નિર્ધનપણું છે.

તમામ પરમેશ્વરની સમ્પત્તિઓ છે પણ જીવોએ પોતાની કરીને બથાવી પાડી છે તે સંત લેખે વાપરીને પ્રભુને આપવા શીખો.

ભાગવતધર્મ, મહિમાજ્ઞાન, હાર્દિકહેત, કહ્યાગરી સેવા, પૂર્ણવિશ્વાસ, ગુરુનું દર્શનને ધ્યાન, ભગવત્કૃપા, સંતનો આશ્રય, આમાંથી એક પણ હશે તો મોક્ષમાં પહોંચાશે.

✣ ઉપદેશ-૧૦૨ ✣

ભગવાનને ભજવાની વાતો બધા કરે પણ ભજે નહિં, ખાવાપીવા ઓઢવાં સૂવાં ફરવાના વ્યસનોમાંથી નવરા થતા નથી, ક્યારે ભજે, ભગવાનના સંતોને ભજશો તોપણ તમારો ઉદ્ધાર થશે, ગામોગામમાં કોઈને કોઈ રૂપમાં સંત હોય છે જ, સતી પણ હોય છે જ, માન મેલીને હૃદયમાં કબૂલાત થાય તેવા સંત સતીના આશીર્વાદ લ્યે તેનું પણ કલ્યાણ થાય. તમો સંત થાઓ તો તો જન્મભૂમિના કલ્યાણ કરી શકો.

વિક્ષેપોને ઓળખો ટાળો અને સંત થાઓ. મનના રોગો, અકર્મીપણું, સંશય, પ્રમાદ, આલસ, રાગ, ભ્રાન્તિ, અસ્થિરતા, અવ્યવસ્થિતતા, ઉદ્વેગ, અનવરાશ, અશાન્તિ, અશ્રદ્ધા, અવિશ્વાસ, ચિંતાઓ, મનભંગ, ફફડાટ, ભય, દમ, માણસોનો ઘેરાવો, કારભાર, ફૂલણજીપણું, કામના, દ્વેષ, વાસના, જંજાળ, તૃષ્ણા, અદેખાઈ, દોષદૃષ્ટિ, શેખચલ્લીવિચાર, અછકલાપણું, મુગ્ધતા, અંધાધૂન્ધી, લઉં લઉં વૃત્તિ, ક્રોધ, ઈર્ષ્યા, બળતરા, કદર્યતા, એદીપણું, વાયલપણું, ગાંડાઈ, મુર્ખતાઈ, નાસ્તીકતા, વિરોધી સ્વભાવ, વ્યસન, અન્યાય, એશ-આરામ, સ્વાર્થ, હલકી વાણી, નીચસંગ, રજોગુણીઠેકાણું, તામસીસમય, હલકીક્રિયા, અયોગ્ય મંત્રણા, અનીતિધ્યાન, મલિનઆશ્રય, દ્રોહ, કથણી, ખોટાઈ, ચોરી, મિથ્યા ડહાપણ, પરભોગવૃત્તિ, શીલવ્રતભંગ, ક્રૂરતા, આરોપ, અડબંગાઈ, આડોડાઈ, કાસળીયાપણું, અછકલાઈ, અતિઉંઘ, ઝેરીમાનસ, અધર્મ, આવા ૭૧ (એકોતેર) સ્વભાવ વિક્ષેપોને ટાળવા શીખો. સંતસમાગમાં રહો, મોક્ષ મેળવવામાં તત્પર રહો. નિત્ય દેવાલયને નમો, સૂર્યને નમો, સંતોના સ્થાનોને નમો, પ્રભુ સંભારો.

જેટલો સમય નિરર્થક જાય છે તેટલો પવિત્ર સંતભૂમિમાં બેસીને અંતરમાં વૃત્તિ કરીને અથવા સંતોની કે ભગવાનની મૂર્તિ સામું જોઈને પસાર કરો તો તમારા પુણ્ય ઉદય થતા રહેશે, આત્મા શાંતિ પામશે, પરિતાપો મટશે, ભગવાનમાં ચિત્ત જાશે અને સંતતા આવશે. માટે મંદિરો પુણ્ય દેવાલયો તીર્થો સંતોના આશ્રમો પાવન સ્થળોમાં શાંતિથી ધ્યાનમાં બેસો.

વાસના જાય તો દુઃખ જાય, ભલી ભાવનાઓ વડે સુખી થવાય, સમઝણ વડે અજ્ઞાનને મોહને તૃષ્ણાને ટાળવાં, સંતની સમીપે બેસી ભગવાનને સંભારો, નામરટણ કરો જેથી આત્મકલ્યાણનો પ્રવાહ આવવા માંડે, હેતભક્તિ વધવા માંડે, અતિ સુખિયા થવાય, ભક્તિ કરનારનાં તત્ત્વો ભગવાનમાં ભળે છે, દિવ્ય થાય છે.

જે માનવી પોતાના ગુરુ સંત ભગવાનને નમે છે,તેના દર્શન, સ્પર્શ, પરિચર્યા, ચાકરી, પૂજન, ભોજન, અંગમર્દન, જલપાન, વસ્તુદાન, સમાગમ, દાસભાવ,

અનુવૃત્તિપાલન, દિવ્યચિન્તન, પ્રસન્નતાકરણ, શરણ, વિશ્વાસ, સોંપણી, દીનભાવ, શુભ સમજણ, અનુકુલવર્તન, આજ્ઞાપાલન, સર્વસમર્પણ, તાદાત્મ્યપણું સ્નેહપ્રીતિ આવા સદાચાર પાળવા માંડે છે તેનો ભગવાન અને સંત નજીક થવા માંડે છે, આંહી જ બ્રહ્મલોકના સુખો આવવા માંડે છે.

જળવડે ન્હાવું અને જ્ઞાનવડે પણ ન્હાવું, શરીર વડે દંડવત્ નમન કરવાં તેમ હૃદય વડે પણ કરવા, પગે ચાલીને મંદિરે જવું તેમ હેત વડે આગળ ધપીને પણ ભગવાનની સમીપે જવું.

પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા સાક્ષાત્ પ્રગટ પૂર્ણ પુરુષોત્તમનારાયણ પોતાના તમામ ભક્તમંડળોને તેમની ઇચ્છા મુજબ સુખ આપે છે, ભક્તજનોએ પોતાની જેવી સુખેચ્છા હોય તેવા ભાવ વડે ભજવા, અને તેવા ઇષ્ટસ્વરૂપને પામવા ઇચ્છવું.

ભગવાન આઘા નથી, તમારામાં છે, ચિત્રપ્રતિમામાં મૂર્તિમાં હૃદયમાં મનમાં પણ રહ્યા છે, મૂર્તિમાં અભ્યાસ કરવો, લાંબે કાળે દિવ્યપ્રભુ જરૂર દેખાશે.

ગૃહસ્થાશ્રમની ઘણી વિડંબનાઓ સંત પાસે આશરો લેનારને દૂર થઈ જાય છે, ભગવાન અને સંતની મૂર્તિમાં ઓતપ્રોત વર્તવા શીખવું, સર્વે કામોમાં મૂર્તિને સાથે રાખવા શીખવું, પ્રત્યક્ષ શ્રીહરિના અન્વયભાવે અભ્યાસ કરતા રહેવું, જીવ પોતાની મેળે ભવસાગરમાંથી નીકળી શકતો નથી, તેને ભગવાન અને સંતો કાઢે છે, ભગવાન વહેલી મોડી સંભાળ લેશે, ભગવાન લેખે કુરબાની કરી નાંખવી.

ભક્ત ભગવાન માટે ઝૂરવા માંડે તો ભગવાન ભક્ત માટે ઝૂરવા માંડે છે. સંતની મીઠાશ લેવી, સાચા સંતપુરુષ રૂપે ભગવાન પોતે જ વર્તે છે, સંતસ્વરૂપે સર્વક્રિયાઓ કરે છે, તેવી સંતસેવા વડે ભગવાન અનેક રીતે વર્ષે છે, ભગવાન રાજી થયે બ્રહ્મતેજ તમારામાં વધવા માંડશે, દિવ્યદૃષ્ટિ થવા લાગશે, સર્વત્ર બ્રહ્મદર્શન થશે, મુક્તિના સુખને પામશો, નરનારી બાળબચ્ચાં ગાયો ભેંસો વૃક્ષવેલીમાં બ્રહ્મદર્શન થવા લાગશે, સુખનો સાગર થાશે.

બ્રહ્મ સચ્ચિદાનંદ છે તમો આત્મારૂપે સચ્ચિદાનંદ છો તેમાં સચ્ચિદાનંદ પરમાત્મા વિરાજેલા છે, ભગવાનના આનંદ વડે જ દેહ ગેહ ઇન્દ્રિયો અંતઃકરણ પદાર્થો કુટુંબ પરિવાર મિલ્કત આનંદિત છે, ભગવાન બ્રહ્મ અને આત્મા ન હોય તો બધુંય નિરાનન્દ શૂન્ય થઈ જાય. સર્વદૃષ્ટા પરમાત્મા, આત્મદૃષ્ટા બ્રહ્મ, સૃષ્ટિદૃષ્ટા આત્મા આ ત્રણની સત્તા વડે બધાં પદાર્થો સારા છે, તે વિના તો શબ સમાન છે.

✣ ઉપદેશ-૧૦૩ ✣

સંતના નેત્રવડે ભગવાન જોનારા છે, સંતનાં કાનમાં ભગવાન સાંભળનારા છે, સંતના મુખમાં ભગવાન જમનારા છે, સંતની જીભમાં ભગવાન બોલનારા છે, સંતમાં ભગવાન વસ્યા છે, એવા સંતને સેવવા વડે ભગવાન સેવાય છે, ભગવાન યુક્ત ભક્તનાં તત્ત્વો પાવન કરનારાં છે.

બધા તીર્થો પાપીઓના પાપોને ધોઈને લઈ લ્યે છે, તે પાપોને બાળવા માટે સંતોનાં ચરણનાં જળમાં તીર્થો પોતે ન્હાય છે, તીર્થ કરનારા સંત છે, સંતમાં રહેતા ભગવાન ભક્તિ કરનારની રાહ જુએ છે - જે મારા સંતને દિવ્યભાવે કોઈ સેવે છે ? જો સેવે તો તેને મળું. એમ ભગવાન મળે છે.

જેમ જેમ ભક્તિ વધતી જાય તેમ તેમ કાળ, કર્મ અને માયા ઉપર કાપ મેલાતો જાય છે, જેણે અંતરમાં ભગવાન અને સંતને વસાવ્યા તેને કાળ કર્મ માયા તજી દે છે, તેનો વિજય છે.

સર્વે જીવો સમૃદ્ધિ મેળવવાની માનતાઓ કરે, પણ સમૃદ્ધિ ચાલી જવાની માનતાઓ ન કરે, ભક્તજને ભગવાન અને સંત મેળવવાની માનતા કરવી, લોક ભોગથી છૂટા પડવાની માનતા કરવી, આ જીવ પોતાનું કહ્યું સંતને કરાવે છે પણ જો પોતે સંતનું કહ્યું કરવા માંડે તો તે સંત થઈ જાય છે, માનવ જન્મને અંતે ભગવાનનું તેડું ન આવે તો કમાઈ કમાઈને કઈ કમાણી કરી, ભગવાન અને સંત અંતે આવે એવી સ્નેહભક્તિની કમાણી કરવી.

ખેતર વરસાદે મોલ આપ્યા, અન્ન કણ ફળ આપ્યાં, તેણે નાણાં આપ્યા, તે ભગવાન માટે વાપરવા, પરોપકાર કરવા, બાળકો જમાડવા, વિદ્યાદાન આપવા, તીર્થો વસાવવાં, અશ્વપટ્ટ સરોવર બંધાવવું, દેવાલયો કરાવવાં, કુંકુમવાપી સજીવન ચલાવવી, સંતપુરુષોનાં વસવાટમાં તીર્થો સજીવન કરવાં, શાસ્ત્રોમાં લખેલા તીર્થોને મૂર્તિમાન કરવા. આ પ્રમાણે ધન વાપરવો.

જેટલી ઉજળાઈ છે તે બ્રહ્મની છે, જેટલો આનંદ છે તે પરબ્રહ્મનો છે, જેટલી તૃપ્તિ છે તે આત્માની છે, જેટલી તૃષ્ણા છે તે માયાની છે, જેટલું સુખીયાપણું છે તે સંતતા વડે છે, જેટલાં સારાવાનાં છે તે માવતરોના આશીર્વાદો વડે છે, જેટલી બરકત છે તે સત્ય વડે છે, જેટલું નિર્વિઘ્ન છે તે ગૃહસતી વડે છે, જેટલી સંપત્તિ છે તે સંપ વડે છે, જેટલી વિપત્તિ છે તે કુસંપ વડે છે, જેટલા ઉદ્વેગો છે તે અન્યાય વડે છે, જેટલી શાન્તિ છે તે ન્યાય વડે છે, જેટલું નીરોગીપણું છે તે નિર્વ્યસન વડે છે, જેટલું નિર્ભયપણું છે

તે ધર્મવડે છે, જેટલો ભય છે તે અધર્મ વડે છે, જેટલો રાગ છે તે વાસનાવડે છે, સર્વત્ર હેતપ્રીત તે સાચું સ્વર્ગ, અણબનાવ તે નરક છે, ઝઘડા ત્યાં જમપુરી, જયાં ઉત્સવ આનંદ ત્યાં બ્રહ્મલોક છે. જયાં સંતમૂર્તિઓ ત્યાં ભગવાન છે, જયાં નિખાલસપણું ત્યાં અજવાળું છે, જયાં કપટ ત્યાં અંધારું છે, જયાં નિર્દોષબુદ્ધિ ત્યાં ઉજજવલતા, જયાં દોષબુદ્ધિ ત્યાં મલિનતા, જયાં વાસના ત્યાં સંસાર, જયાં નિર્વાસના ત્યાં મુક્તતા, જયાં આસક્તિ ત્યાં મહાકાલ, જયાં ભક્તિ ત્યાં ભગવાન, જયાં સત્સંગ ત્યાં દૈવબળ, જયાં કુસંગ ત્યાં મૃત્યુબલ, જયાં અન્તર્વૃત્તિ ત્યાં નૈમિષારણ્ય, જયાં બાહેરવૃત્તિ ત્યાં નાટકીયક્ષેત્ર, જયાં સંત અને ભગવાન ત્યાં સર્વપુરુષાર્થ, જયાં શક્તિઓ છે ત્યાં શક્તિશાળી સંત અને સંતેશ્વર પરમાત્મા છે જ.

નિદ્રામાં પણ ભગવાનને રટતા રહેવા, અંદરની આંખ્ય ઉઘડે તો અંધારું ટળે, અંતરની આંખ્ય ઉઘડ્યા વિના અંધારી રાત મટતી નથી. અજવાળું કરતાં શીખો.

अहं ब्रह्माऽस्मि,	- હું બ્રહ્મ છું.
तत् त्वम् असि,	- તૂં તે બ્રહ્મ છો.
अयम् आत्मा ब्रह्म,	- આ (ત્રીજો) આત્મા પણ બ્રહ્મ છે.
सर्वं खलु इदं ब्रह्म,	- આ બધું નક્કી બ્રહ્મ જ છે.
प्रज्ञानं ब्रह्म,	- સાચું જ્ઞાન બ્રહ્મ છે.
प्रज्ञा प्रतिष्ठा प्रज्ञानं ब्रह्म,	- પ્રજ્ઞાનપ્રતિષ્ઠિત સ્થિર છે તે પ્રજ્ઞાન બ્રહ્મ છે.
विज्ञानम् आनन्दं ब्रह्म,	- વિજ્ઞાન એ આનંદ છે, આનંદ એ બ્રહ્મ છે.
सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म,	- બ્રહ્મ સત્ય છે, જ્ઞાન છે, અનંત અપાર છે.
स एवमेव पुरुषो ब्रह्म,	- એવી રીતે જ તે પુરુષ બ્રહ્મ છે.
एकम् एव अद्वितीयं ब्रह्म,	- બ્રહ્મ એક જ છે તેવો બીજો નથી.
स यश्चाऽयं पुरुषो यश्चाऽसौ आदित्ये स एकः,	- તે આ જે આ પુરુષમાં અને જે સૂર્યમાં છે તે એક જ પુરુષોત્તમ છે.
एष ते आत्मा अन्तर्यामी अमृतः,	- તે તારો અન્તર્યામી અમૃત આત્મા પરમાત્મા છે.

આમાંથી એકાદ સમઝાય તો ઘણું સમઝાય અને મોક્ષમાં જવાય.

એકાદ સમઝાય તો સર્વમાં કુટુમ્બભાવના પ્રગટે, બ્રહ્મભાવના થાય અને મોક્ષમાં જવાય.

સંતસમાગમે તો શાપિતબુદ્ધિ નાશ થઈને દિવ્યબુદ્ધિ પ્રગટે છે, જેને વિરામભાવ થવા લાગે તેને સર્વસિદ્ધિઓ મળી એમ જાણવું.

તીર્થમાં દેવાલયમાં પવિત્ર સ્થળોમાં બાળકોને પતાસાં સાકર પેંડા આદિ જમાડનારાને બાળકો આશીર્વાદ આપે છે તેની સંપત્તિ દિવ્યદેવી થઈને પરોપકારીને લક્ષ્મી વધારાવે છે, નારાયણ અપાવે છે અને પરલોકમાં પહોંચડાવે છે. આ રીતે પણ સત્કર્મો કરતા રહો, ઘરમાં ભગવાન સંત ભક્તોની છબીઓ રાખો, દર્શન કરો, શુભ ચિન્તવો, શુભ થયા કરશે.

✣ ઉપદેશ-૧૦૪ ✣

પ્રથમ સાંખ્યજ્ઞાન દૃઢ કરવું - પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચ ભૂત, પાંચ ભૂતના પદાર્થો આ આપણો દેહ, ખાન, પાન, કુટુંબ, વાહન, સમૃદ્ધિ, બધી સામગ્રી ભગવાને માયામાંથી ઉપજાવી છે, માયાની છે, પણ ભગવાન માટે વાપરવામાં ભુલવું નહિ.

આંખ, ત્વક્, કાન, જીહ્વા, નાસિકા, હાથ, પગ, વાણી, મૂત્રેન્દ્રિય, મલોત્સર્ગ ઇન્દ્રિય, આ દસ ઇન્દ્રિયો તથા ૧૧મી નાભિ અને બારમું બ્રહ્મરન્ધ્ર, આ બારેય ભગવાને સૂક્ષ્મ સાધન સર્જી આપ્યાં છે, માયામાંથી સર્જી આપ્યાં છે, ઇન્દ્ર જે આત્મા તેને ભોગ ભોગવવાની શક્તિયું તરીકે ઇન્દ્રયો આપ્યાં છે, તે છે માયાના, પણ ભગવાન માટે ઉપાસના, સેવા, ભક્તિ, દર્શન, કથા શ્રવણ, મૂર્તિસ્પર્શ, પ્રસાદીરસ, મૂર્તિના સુગંધ ગ્રહણ, હાથ જોડવા, પ્રદક્ષિણા ફરવી, મૂર્તિને ભેટવું, મૂર્તિમાંથી આનંદ સુખ લેવાં, અને વિઘ્ન કચરાને તજવા આવી રીતે ભગવાન શ્રીહરિ માટે ઉપયોગી કરવામાં ભૂલવું નહિ.

મન, બુદ્ધિ, ચિત્ત,અહંકાર, એ ચારેય માયાનાં જ છે, ભગવાને અંદરના વ્યવહાર માટે જીવાત્માને આપ્યાં છે તે વડે ભગવાનનું મનન કરવું, ભગવાનના બોધ પાઠ શીખવા, ભગવાનનું ચિંતવન કરવું, ભગવાનમાં અહં-મમત્વ ભાવ રાખવા, આવી રીતે ભગવાન માટે ઉપયોગી કરવામાં ભૂલવું નહિ.

જ્ઞાનવિજ્ઞાન, સ્નેહ, પ્રીતિ, હેત, રતિ,વિલાસ, આનંદ, સુખ, વ્હાલપ, વત્સલતા, પ્રેમ, પ્રયત્ન, વેગ, ભાવના, સંસ્કાર, ઇચ્છા, શાન્તિ, તૃપ્તિ, મોજમજા, ઉત્સવ-મહોત્સવ, રંજનપણું, આકર્ષણ, બળ, સામર્થ્ય, વિનય, અનુવૃત્તિ, વિરામ, વિશ્રાન્તિ, ધૂન્ય લાગવી,

મેળ કરવો, વલણ રાખવું, કામકાજ, યોગ, સંયોગ, સત્સંગ, રાસરમણ, શોભા, શણગાર, મધુરતા, હાસ્ય, રાજીપો, કામના, મીઠાશ, ભેટવું, સ્ફુરણ, સ્મરણ, અલંકાર, સ્વચ્છતા,વગેરે આત્માના આપણા ગુણો, અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એવા માયાના ગુણો તે બધા ભગવાને આપણા માટે સર્જી આપ્યાં છે, તે બધાને ભગવાન માટે ઉપયોગી કરવામાં ભૂલવું નહિ.

સારું શીખવું, સારું વાપરવું, સારું દેવું, સારું કરવું, સારા એવા ભગવાનમાં અર્પણ થઈને જીવન વધારે ગાળવું, સારું કમાવું, સારામાં રહેવું, સારા એવા ભગવાનમાં ચોંટવું - આ બધી સમઝણ સાંખ્યજ્ઞાનનો ભાગ છે.

સાંખ્યમાં જે જે સમઝાયું કહ્યું બતાવ્યું તેને તેને માયાનું ટાળીને ભગવાનનું કરવું, દેહ ઇન્દ્રિય અંતઃકરણ ગુણ વિગેરને ભગવાનમય કરી રાખવાં, દિવ્ય કરી રાખવા દિવ્ય રીતે ઉપયોગમાં લેવા, દિવ્ય સ્થિતિ કરવી દિવ્ય ભાવનાઓ ભજવવી, છતે દેહે દિવ્ય ધામમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણની સેવાભક્તિ કરીએ છીએ એમ દિવ્યતા દૃઢ કરવી, આવા માયાના સંસારને ભગવાનના ધામરૂપ બનાવીને મુક્તપણે નિર્લેપપણે વરતવું તે સાંખ્યજ્ઞાનને દિવ્યબ્રહ્મજ્ઞાનમાં ફેરવ્યું કહેવાય, આવા સાંખ્યયોગી આત્મનિવેદી થાવા શીખવું.

હવે પછી યોગ ક્રિયા દૃઢ કરવી - ચિત્ત જાગ્રતમાં બહિર્વિષયમાં જ ભળેલ છે, નિદ્રામાં મૂઢતા ભરેલ હોય છે, સુષુપ્તિમાં સંકેલાઈને પોતાને રહેવાના ગોલકના તળામાં રૂંઢ મૂંઢ પડી રહે છે, આવી ત્રણે અવસ્થાઓમાં સંસારી જ ગણાય છે, કેવલ આત્મામાં જ ચોંટે ત્યારે એકાગ્રતામાં વર્તનારું થાય છે, ચિત્ત અને આત્મા બંને પોતામાં બિરાજેલા પરમાત્મામાં જ પરોવાય ને રોકાઈ જાય, આગળ જવાનું કાંઈ નથી. જેથી પરમાત્મામાં જ નિરોધવાળું થાય ત્યારે આત્મા પણ પરમાત્મામાં નિરોધાઈ રહે, આત્મા નિરોધાણો અને ચિત્તને રોકી રાખે, નીકળવા ન દે, આવી સ્થિતિમાં ચિત્ત આત્મા અને પરમાત્મા એકપિણ્ડ જેવા વરતે ત્યાં સુધી નિરોધ ગણાય છે, એકાગ્રતા એટલે એકાગ્ર સમ્પ્રજ્ઞાત સમાધિ, અને નિરોધ એટલે નિરોધ અસમ્પ્રજ્ઞાતસમાધિ, એકાગ્રતામાંથી નિરોધમાં જવાય, અને નિરોધમાંથી મોક્ષમાં જવાય, મોક્ષમાં જવાય ત્યારે ચિત્તને અને ચોવીસ તત્ત્વોને વળાવી મેલે જીવાત્મા બ્રહ્મ સાથે પરબ્રહ્મ પાસે ઉપાસનાના બળવડે મૂર્તિમાન થઈને પરબ્રહ્મની સેવામાં રહી જાય, આવી રીતે યોગશાસ્ત્રે ચિત્તમાયાનો લય અને બ્રહ્મરૂપના ધામમાં સ્થિતિ થવી, ભગવાન સેવવા, આ યોગજ્ઞાન, યોગવિજ્ઞાન, યોગની સમઝણ યોગનું ફળ બતાવ્યું છે, આવા યોગજ્ઞાનને ભગવાન શ્રી હરિના યોગની

સમઝણના ચૈતન્યના દિવ્ય પ્રકાશમાં ફેરવ્યું કહેવાય, આવા યોગી યતિ આત્મનિવેદી થાવા શીખવું.

હવે પછી વેદાન્તની સમઝણને દિવ્યસમઝણ બનાવવી - વેદાન્ત કહે છે - જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અને પરબ્રહ્મ એ પાંચ જણ તમો ભેગા જ રહો છો. સ્થૂલશરીર, સૂક્ષ્મશરીર, કારણશરીર, અને વિષયો વાસનાઓ દોષો એ બધા તો સાક્ષાત્ અનુભવાય એવા માયારૂપ કુટુંબો છે તે યોગે સુખદુઃખવાળો જીવન ચલાવનારો જીવાત્મા ચેતન પણ સાક્ષાત્ જેવો જ અનુભવાય છે, તે ડ્રાઈવરનું કામ કરે છે, ડ્રાઈવર ઉપર ધ્યાન રાખનાર ગાર્ડ તે ઈશ્વર હિરણ્યગર્ભ આદિક છે, કર્મો સિગ્નલો ગતિ રોકટોક કરનારા છે, કર્મરૂપી સિગ્નલોના બરાબર નિયમન સત્તાવાળા બ્રહ્મ જે સાક્ષી તે સ્ટેશન માસ્તર છે, અને માસ્તર સાક્ષી તે નિયામક સર્વનિયમનસત્તાવાળી સમિતિ જે પરબ્રહ્મ તેને આધીન છે, જેને જેટલે જવું હોય તે આત્મા તેનો ટેકો લ્યે તો જાય, તે ઈશ્વર બ્રહ્મ કે પરબ્રહ્મનો ઉપાસનારૂપી ટેકો લેતો જાય તે પ્રમાણે આગળ જતો જાય, ઈશ્વરોમાં જાય કે બ્રહ્મમાં જાય કે પરબ્રહ્મના ચરણમાં જાય, કર્મ અવિદ્યા અજ્ઞાન માયા તેના પિણ્ડોને ખોટા ગણીને તજો, ઈશ્વરોને મોટા અધિકારીઓ સમઝીને તેમને પણ તજો, સર્વત્ર સાક્ષીરૂપે રહેલા બ્રહ્મને સમઝીને તેમના જેવા પોતાના સ્વરૂપમાં બ્રહ્મપણાના ભાવોને વિકસાવીને બ્રહ્મની ભાઈબંધાઈ કરીને પરબ્રહ્મ પાસે જવાના અધિકારી થાઓ, હું બ્રહ્મ છું અને પરબ્રહ્મનો સેવક છું એમ સમઝણ દૃઢ કરીને અંતિમ મુક્તિસ્થિતિ મેળવો, આવા વેદાન્તી આત્મનિવેદી થાવા શીખવું.

હવે પછી પૌરાણિક સમઝણને દિવ્ય સમઝણ બનાવવી - પુરાણો કહે છે - પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર, પરનારાયણ, પરવાસુદેવ એવા સગુણ, સાકાર સુમૂર્તિ, સર્વાત્મા, સર્વનિયામક, સર્વોપાસ્ય, દિવ્યમાનવમૂર્તિ સમાનાકાર, નવલકિશોર નવયુવા, મહાપ્રભુ, પરમધામાધિપતિ અક્ષરબ્રહ્મલોકમાં વિરાજે છે, તે પરમાત્મા બ્રહ્મને, મુક્તોને, ઐશ્વર્યોને, ગુણોને, ઉપકરણોને, આયુધોને, આભૂષણોને, અપર વાસુદેવોને, ઈશ્વરોને, સમર્થ આત્માઓને, સમર્થ ભગોને, સમર્થશક્તિઓને સૃષ્ટિઓ ચલાવવા અસંખ્ય વિભાગીય સૃષ્ટિઓમાં પૃથક્ પૃથક્ રીતે પ્રગટ સત્તાવાળા સર્જીને મોકલે છે, તેઓના ધાર્યા મુજબ માયા-આત્માઓ અનંત-સૃષ્ટિઓ રૂપે વિકસે છે, તેમાં તેઓની મેળવેલી પરબ્રહ્મે આપેલી શક્તિઓ વડે લોકપાળો, દિકપાળો, સ્વર્ગપાળો, ભૂપાળો, ઋષિઓ, પિતૃઓ, દેવતાઓ, માનવો, દાનવો વગેરે અંશોના અંશો એમના અંશો તેમના એમ સંસારીઓ થયા જ કરે છે, તેમાં જે જોવામાં આવે કે આ મહાવિભૂતિ છે તો તેમના આશ્રય લઈને તે તે દ્વારા ઉંચે ઉંચે જવા શીખો, ભક્તિ વડે તે લઈ જાશે, અને ઉપર પહોંચાડશે. બદરિકાશ્રમ,

શ્વેતદ્વીપ, અવ્યાકૃતધામ, અમૃતધામ, સાકેતધામ, મહાકૈલાસ, વૈકૂંઠ, મહાવૈકૂંઠ, ગોલોક, બ્રહ્મપુર આદિ આદિ સ્થળે પહોંચાડશે માટે તેમને યોગે કરીને તેમો દિવ્ય થઈને દિવ્યસ્થાનને મેળવશો, આવા પૌરાણિક ઉપાસક આત્મનિવેદી થવા શીખવું.

હવે પછી ગુરુદેવમાં શરણાગતિને દિવ્યતામાં સમજવી - પરમેશ્વરે નિજજ્ઞાન અવતારો, ઈશ્વરો, દેવતાઓને આપેલ છે તેમનાં શરણે પડો, નામમંત્ર લ્યો, જનોઈ, કંઠી, મંત્ર, સૂત્ર આશ્રિતતા લઈને તેના દાસદાસી બનીને તેને સેવી રાજી કરીને, ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તરીકે માનીને ભાવનાપૂર્વક તેના બતાવ્યા પ્રમાણે ભજીને ધર્મને શિરસાટે સાંચવીને ગુરુઆજ્ઞામાં વર્તીને ગુરુમૂર્તિમાં રહેલા-આત્માઓ પરમાત્માને ભજીને સેવીને માયા ટાળીને સમાયિક એવા પરમાત્મા પાસે પહોંચો, આવી ગુરુભક્તિરૂપી સમ્પ્રદાયોની પ્રણાલીઓને ગુરુબ્રહ્મ ગુરુપરબ્રહ્મની સમઝણમાં વિશેષપણે દ્રઢ કરીને ભગવાનને પ્રાપ્ત કરો એવા સગરા સગુરુ શિષ્ય થઈને સર્વ સ્વામીને મેળવનારા આત્મનિવેદી થાવા શીખો.

સાર : પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ મહારાજમાં ઘટાડવો - દેહ ઇન્દ્રિયો અંતઃકરણ ગુણ ક્રિયા સમઝણ વ્યવહાર કુળકુટુંબ પરિવાર ઉપજ નીપજ ગૌ મહિષ હાથી અશ્વ વાહન અજા વ્યાપાર ખેતી વાડી ભવન ગ્રામ અન્ન જળ પવન પ્રદીપ પંખા શયન સાજ સમાજ ઉપકરણ આય વ્યય ખાનપાન જાહોજલાલી ધન સત્તા સાહિત્ય રસકસ કણ ફલફૂલ મશાલા માયા મિષ્ટાન્ન પાગરણ શ્રૃંગાર આભૂષણ અમ્બર અવસ્થા અસ્તિત્વ ઉદ્યોગ કારણ કાર્ય દ્વારા કળાઓ કારીગરીઓ વિકાસો વિદ્યાઓ વિલાસો મજૂરી રોજગાર મોલ મોલાતો બાલ્ય યૌવન વાર્ધક્ય અવસરો પ્રસંગો ઉત્સવો વરાઓ યંત્રો ઉપજ લાભ અહંમમતા સુખ આનંદ ભાવના ઉપાસના સેવા ભક્તિ વગેરે વગેરે પોતાને મળ્યા 'એવા જે પ્રત્યક્ષ ભગવાન' તેમાં આત્મનિવેદી સર્વસ્વનિવેદીપણે સમર્પિત કરી સમર્પિત થઈને શ્રીજીમહારાજના ચરણોમાં આંહીની પેઠે અક્ષરધામમાં દિવ્યપણે સેવામાં રહો એ મુખ્ય વિધેય છે.

✣ ઉપદેશ-૧૦૫ ✣

કપિલજીએ માતાજીને કહ્યું - જે સ્નેહ પુત્ર સ્ત્રી અને દેહમાં છે તેવો સ્નેહ સંતમાં ભગવાનમાં કરે તેના મોક્ષના દ્વાર ઉઘાડાં થાય છે.

મદાલસા સંન્યાસિનીએ નિજપુત્ર અલર્કને કહ્યું - બેટા, જેટલું રાજ્ય કારભારમાં ધ્યાન દે તેટલું ધ્યાન સંતસેવામાં દઈશ તો તારો મોક્ષ થઈ જાશે.

શ્રીહરિએ ભક્તિમાતાને કહ્યું - સંતના ચરણોમાં તીર્થો રહ્યા છે, તેના દર્શન સ્પર્શ નમન પરિચર્યા સેવન ભોજન પૂજન કરવા વડે બહુ જન્મોના પાપોના પુંજો નાશ પામે છે, સંત શ્રીકૃષ્ણનું હૃદય છે, તેના પ્રસંગવડે મુમુક્ષુઓને ધર્મ અર્થ કામ મોક્ષ સહેલા થઈ જાય છે.

શુકજીએ પરીક્ષિતને કહ્યું - અગ્નિની પેઠે મહાસંતજનો પણ નિજપ્રસંગવડે પાપોને ભસ્મ કરી નાખે છે, નિર્લેપ છે, યોગિજનોને કોઈપણ કર્મ બાધ કરતું નથી તો જગત્પતિ ભગવાનને ગોપિકાઓના સંગનો પાશ લાગે જ કેમ ? ન જ લાગે, ભગવાન પતિતતપાવન છે. તેજસ્વીઓના ચરિત્રો નિર્લેપ છે.

વ્યાસજીએ કહ્યું - ગોપિઓ કામબુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણને જાર-વ્યભિચારી ગણીને સંભોગ લઈ દઈને પણ નિર્ગુણના યોગવડે નિર્ગુણ થઈને તરી ગઈઓ.

શ્રુતિઓએ કહ્યું - નિર્ગુણ કે સગુણ એવા ભગવત્સ્વરૂપમાં અમો વિરામ પ્રાપ્ત કરનારી અનાદિ અનંત એવા શ્રીકૃષ્ણનારાયણમાં લીનતાને પામીએ છીએ.

ધામવાસી પરમાત્માને આત્માવાસી અન્તર્યામી તરીકે સ્વીકારાય છે, તમામને સાક્ષીની હા પડે છે, પણ માનવાદિવેષમાં પરમાત્માને ઓળખવામાં ઘણા તરીકાઓમાં એક વિશ્વાસુ તરીકો શાસ્ત્રમાં વર્ણિત ચિન્હો મુખ્ય છે, પગતળામાં ઉર્ધ્વરેખાઓ કમળ ગોપદ ચક્ર આદિ હોય તો ભગવાન છે, એને તેવા જ કરકમળોમાં પણ ચિન્હો સ્વસ્તિક ધનુષ્ય ધ્વજ આઠ ચક્રો ત્રિશૂલ વજ્ર વિગેરે હોય તો ભગવાન છે, એમ લખાણો વડે ચમત્કારો વડે દિવ્યદર્શનો વડે પરચાઓ વડે ઓળખાણ પડે એવી પ્રણાલીઓ સત્યપણેજ મનાએલી છે.

નિત્યાનન્દ સ્વામીએ હરિદિગ્વિજયમાં ભગવાનને બે ચાર પાંચ દસ સોળ આદિક ચિન્હો હોય છે જે, એમ પદ્મપુરાણનો ટેકો લીધેલ છે, માર્કન્ડેયનું વચન પણ દર્શાવેલ છે.

વિષ્ણુપુરાણમાં લેખ છે, બ્રહ્માએ પૃથુના જમણા કરમાં ચક્રચિન્હો જોઈને તેને વિષ્ણુ અવતાર કહેલ છે, તથા અક્રૂરના મસ્તક ઉપર શ્રીકૃષ્ણભગવાનને ધ્વજ વજ્ર કમળ ચિન્હવાળો હાથ મેલ્યો એમ કહેલ છે, વામનપુરાણમાં, ધનુષ બાણ ચક્ર ધ્વજ ચિન્હવાળા પૃથુ ભગવાનના અવતાર લખ્યા છે, વિષ્ણુપુરાણમાં - શેષની ફેણ ઉપર સ્વસ્તિકના ચિન્હો હતા એમ કહેલ છે.

અધ્યાત્મ રામાયણમાં શિવજીએ કહેલ છે, શ્રીરામચન્દ્રજીના ચરણોમાં વજ્ર આદિ ચિન્હો અને હૃદયમાં શ્રીવત્સની રેખા તથા કૌસ્તુભમણિ અને વનમાળાના ચિન્હો હતા, પદ્મપુરાણમાં શ્રીકૃષ્ણભગવાનના ચરણોમાં વજ્ર ચક્રના ચિન્હો હતાં, એમ કહેલ છે.

ભાગવતમાં - શ્રીકૃષ્ણના ચરણોમાં કમળ જવ અંકુશ, વજ્ર, ધ્વજ ચિન્હો જાણી ધૂળમાં જોઈને ગોપીઓ ખોળતી ગઈ, પદ્મપુરાણમાં - પ્રભાસમાં પીપળે ઓંઠીંગણે બેસીને શ્રીકૃષ્ણ ભગવાને પગ ગોઠણ ઉપર લાંબો રાખ્યો તેનાં પગતળાંમાં ચક્ર, વજ્ર, ધ્વજ, અંકુશ આદિ ચિન્હવાળા પગને ભીલે વિંધ્યો.

સામુદ્રિકમાં શિવજીએ કહ્યું - હથેળીમાં કે પગતળામાં અંકુશ, કમળ, ચક્ર, ધ્વજ, વજ્ર, છત્ર, શંખ, પદ્મ આદિ ચિન્હોવાળા માનવ શ્રીપતિ પુરુષોત્તમ છે એમ જાણવું, હાથમાં મત્સ્ય, કમળ, ધનુષ, તલવાર, અષ્ટકોણ, શંખ, ચક્ર, ધ્વજ, માલા, ત્રિશૂલ, શક્તિ, તોમર, બાણ, ચક્ર, ધ્વજ, અંકુશ, કુંડળવાળા હરિ અવતાર હોય છે.

આ બધી બાબતો ગોપાળાનંદસ્વામીની ત્રિપ્રકરણ હિન્દી વાર્તાના પરિશિષ્ટ પ્રકરણમાં - અધ્યાય શ્લોકાંક સહિત વર્ણવેલી છે.

✣ ઉપદેશ-૧૦૬ ✣

માનવવેષ દિવ્યમૂર્તિ ભગવાન ઓળખાણા પછી તેમાં ઉપાસના સેવા ભક્તિ વગેરે કરવાનાં દાખલાઓ પુરાણોમાં ઘણાં છે. સુધાસિન્ધુમાં પણ લગભગ પ્રત્યક્ષભગવાન એવા શ્રીહરિ માટે જ ભક્તોના વર્તનો કહ્યા છે, ચમત્કારો વચનામૃતો વિશ્વાસ આશ્રય કહ્યા છે.

ભગવાનની મૂર્તિ ચિન્તામણિ છે, તેમાં જે જે પદાર્થો ચિન્તવે તે તે પ્રાપ્ત થાય છે, ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી, તે તે જીવ ઈશ્વર માયા બ્રહ્મ, વૈકુંઠ ગોલોક બ્રહ્મમહોલ આદિક જે જે જોવાને ઇચ્છે તે તે પણ દેખે છે.

ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે તે સંભારી રાખવી.

શ્રીકૃષ્ણનારાયણનું ધ્યાન કરવું, એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.

શ્રીકૃષ્ણનારાયણને અન્તર્યામી નિયન્તાપણું એ અન્વયપણું છે.

ઇન્દ્રિયોની ક્રિયા શ્રીકૃષ્ણનારાયણ અને તેના ભક્તની સેવામાં રાખે તો અન્તઃકરણ શુદ્ધ થઈ જાય છે, અને અનંતકાળના પાપોનો નાશ થઈ જાય છે, ભગવાનમાં અસાધારણ પ્રીતિ થાય છે.

જે પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે, તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે, તેને ભગવાન પોતાના ઐશ્વર્યો અને મૂર્તિઓ પરાણે દેખાડે છે.

જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે, તેની તો ભગવાન રક્ષા કરે છે. ભગવાનના દાસ થયા છે. તેને કાંઈ કરવું નથી, દાસ હોય તે પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ, તેનું કલ્યાણ થઈ ચૂક્યું છે.

ભક્તને પરમેશ્વરને વિષે તો કોઈ અવગુણ ભાસે જ નહિ.

જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જ્વલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા શ્રીપુરુષોત્તમ ભગવાનની મૂર્તિને જુએ છે.

રાસક્રીડામાં શ્રીકૃષ્ણભગવાનને વિષે શુકજીને કોઈ જાતનો સંશય થયો નહિ.

ભગવાનને વિષે એકેય દોષ નથી, ભગવાનને અતિશય નિર્દોષ સમઝે તે અતિશય નિર્દોષ થઈ જાય છે.

રસિકભક્ત ભગવાનસંબંધી પંચવિષય હોય તેમાં અતિશય પ્રીતિમાન થાય, જે ભગવાન સ્વપ્નમાં દેખાયા તે તો સાચા છે, કેવલ ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ હોય એ પતિવ્રતાની ભક્તિ છે.

અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેના કર્યા જ થાય છે.

અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે, તે અમે કૃતાર્થ થયા છીએ.

ભગવાનના દૃઢ આશરા વડે ભગવાન રાજી થાય છે, તે મૂઢપણું પ્રીતિ અને સમઝણે કરવો.

ભગવાન મનુષ્ય દેહને ગ્રહણ કરીને સમર્થપણે અથવા અસમર્થપણે વર્તે તેમાં ભ્રાંતિ થાય નહિ.

ગૃહસ્થે દેહે કરીને વ્યવહાર કરવો, મન વડે ત્યાગીની પેઠે રહેવું, વ્યવહાર ભગવાનને વચને કરીને કરવો.

પરમાત્મા શ્રીકૃષ્ણ સંઘાથે વ્રજની ગોપિયોએ કામબુદ્ધિયે પ્રીતિ કરી તોપણ સર્વે માયાને તરી ગઈઓ, ગુણાતીત થઈને અક્ષરધામને પામીઓ, પાપી પણ ભગવાનનો પ્રસંગ કરે તો પરમપવિત્ર થઈને અભયપદને પામે.

જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે, તેની મૂર્તિ સામું જોઈ રહેવું તે અંતર્દૃષ્ટિ છે, અંતરમાં કે બાહેર મૂર્તિ સામું જોઈ રહેવું.

ભગવાન સર્વે મનુષ્યને પ્રત્યક્ષદર્શન આપે છે ત્યારે જીવના ઇન્દ્રિયો અંતઃકરણ પુરુષોત્તમ રૂપે થઈ જાય છે.

કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ એ જ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે.

જેને ગોપિયોના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયાં છે, ભગવાન તો બ્રહ્મમહોલના પતિ છે અને મનુષ્ય જેવા જણાય છે તે તો ભક્તોના સુખને અર્થે જણાય છે, મનુષ્ય તેની સેવા કરે છે, ધામમાં તો રાધિકા લક્ષ્મીએ નિરંતર સેવ્યા એવા એ ભગવાન છે.

ભગવાનનું માહાત્મ્ય જાણીને જે હેત થાય છે, તે તો બીજી જ રીતનું છે.

અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો - (શરણાગતપણું), તેજ કામમાં આવે છે.

સર્વને કરતા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે, તે સંબંધ કહેવાય.

જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમધામ છે, તે ભગવાન જીવોના કલ્યાણ અર્થે મનુષ્ય જેવા થાય છે, સેવા કરી શકે એવું રૂપ ધારણ કરે છે, મનુષ્યની પેઠે વર્તે છે, જીવાત્મા પ્રેમે સહિત ભગવાનની સેવામાં વર્તે છે.

કર્મફળના ભોગવનારા પરમેશ્વર જીવને કર્મફળ ભોગવાવે તેને જ ભોગવી શકે છે.

ભગવાનનો નિશ્ચય પોતાના જીવના કલ્યાણ અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઇચ્છાએ કરીને ન કરવો, સાજો થાઉં, દિકરાવાળો થાઉં, ધનવાન થાઉં, આવી ઇચ્છાઓ ન કરવી.

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન કૃપાએ કરીને જીવોના કલ્યાણ કરવા પૃથ્વીમાં પ્રગટ થાય છે, તે જે જે તત્ત્વોને અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વો બ્રહ્મરૂપ છે, સ્થૂળ સૂક્ષ્મ કારણ એ ત્રણ દેહ જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ દશ ઇન્દ્રિયો પાંચ પ્રાણ એ સર્વે બ્રહ્મ છે. અને તે ભગવાન પોતાના ભક્ત મનુષ્ય હોય તેવી જ સેવાને અંગીકાર કરે છે, તે દિવ્યરૂપ થાય છે.

ભગવાન જીવોના કલ્યાણને અર્થે દેહ ધરે છે ત્યારે મનુષ્યના જેવી જ સર્વે ક્રિયા હોય, તેને ભગવાનના ભક્ત દિવ્યચરિત્ર કહી જાણે, શુકજીએ કહ્યું, ભગવાને કામદેવનો ગર્વ ઉતાર્યો, ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ, મનુષ્ય જેવાં જ ચરિત્ર કરે છે, હારવું, જીતવું, ભય, શોક,કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, ઈર્ષ્યા આદિક માયિક સ્વભાવ દેખાડે છે તે પણ જીવોના કલ્યાણ અર્થે છે, ભગવાન મનુષ્ય જેવા

અસમર્થ જણાતા હોય, મનુષ્ય જેવી મૂર્તિ ધારીને જેવાં જેવાં ચરિત્ર કરે છે તે સર્વે ગાન કરવા યોગ્ય છે, પણ એમ ન સમઝવું જે ભગવાન થઈને આમ શું કરતા હશે.

ભગવાન સારી નરસી ક્રિયા કરે, હારે જીતે ભાગે, શોક કરે તે બધી જીવોના કલ્યાણ અર્થે છે.

જ્યારે ભગવાન મનુષ્ય દેહ ધારણ કરે છે ત્યારે મનુષ્યની પેઠે સર્વે વ્યવહાર કરે છે અને અલૌકિક સામર્થ્યને પ્રગટ કરે નહિ.

મને તો તે ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે માટે હું તો કૃતાર્થ થયો છું એમ આનંદમાં રહેવું.

ભગવાનના ભક્તના દેહ ઈન્દ્રિયો અન્તઃકરણ પ્રાણ ભગવાનને આકારે થઈ જાય છે, દિવ્ય થઈ જાય છે.

ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન તો ભક્તને લાડ લડાવવા રૂપી છે, ભગવાનના ભક્તો માટે દેહ કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે, સ્થાવર જંગમમાં બ્રહ્મદૃષ્ટિવાળાને સર્વમાં ભગવાન સાક્ષાત્કારપણે દેખાય.

રાધિકાજી લક્ષ્મીજી પ્રેમલક્ષણા ભક્તિએ ભગવાનમાં ભાવ રાખે છે તેવો ભાવ રાખે તે તરી જાય છે, રાધિકાજી તથા લક્ષ્મીજીની પેઠે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભજવા.

ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનને ગમતું હોય તેમ જ રહે.

ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ ભેળી જ જાય છે.

જેણે પોતાને ભગવાનનો નિશ્ચય કરાવ્યો તે જ એમ કહે જે 'એ ભગવાન નથી' તો તેને એમ જાણે જે એનું માથું ફર્યું છે, તેને ઉત્તમ જ્ઞાનવાળો કહીએ.

પ્રત્યક્ષમૂર્તિ ભગવાનને આકાશની પેઠે અતિશય અસંગી સમજે પ્રત્યક્ષ જે શ્રીકૃષ્ણનારાયણ તે શુભ અશુભ ક્રિયાને કરતા થકા આકાશની પેઠે નિર્લેપ છે એમ સમઝે.

ભગવાનના માહાત્મ્ય સહિત નિશ્ચયવાળાને ભગવાન અર્થે શું શું ન થાય, બધું ત્યાગ કરે.

ભગવાન સમર્થ છે તે જે કરતા હશે તે ઠીક કરતા હશે, ભજન કરવું, મુંઝવણ આવવા દેવી નહિ.

અને જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું. અને પોતાને ભગવાનની મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની ટેક રાખવી.

✣ ઉપદેશ-૧૦૭ ✣

ભગવાન સર્વ ક્રિયાને કરે છે તો પણ અકર્તા જ છે, શુકજીએ કહ્યું, શ્રીકૃષ્ણ તો અગ્નિની પેઠે તેજસ્વી છે, તે જે જે શુભ અશુભ ક્રિયાને કરે છે તે સર્વે ભસ્મ થઈ જાય છે, ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો અક્ષરમાં રહ્યો થકો ભગવાનને ભજે છે.

એ નારાયણ જેવા તો એક જ છે, બીજા તો એ નારાયણને લઈને ભગવાન કહેવાય, કામી સ્ત્રી કામી પુરુષને જેવું હેત હોય તેવું હેત ભગવાનમાં આપણને હોય તો ઠીક.

હું તમારી પાસે રહ્યો છું, પણ દેખાતો નથી, તે તો તમારી ચિત્તવૃત્તિનો મારામાં નિરોધ કરવા વાસ્તે, પણ રહ્યો તો મૂર્તિમાન છું, ભગવાન સુઝે તે રૂપે પોતે જ રહ્યા છે.

જીવોને અર્થે ભોગ અને ભોગના સ્થાનક તે ભગવાને રચ્યાં છે, પણ ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઈને વિષે નથી. માટે ભગવાનનો સંબંધ અતિશય નજીક રહે તેમ ઉપાય કરે. આ બુદ્ધિવાળાને જાણ્યામાં આવે, માટે ભગવાનનું સુખ લેવું.

પોતાને ક્ષેત્રજ્ઞ ચૈતન્યરૂપી માનીને ભગવાનને વિષે હેતભક્તિ કરવી.

ભગવાનમાં કામ વિલાસાદિ માનવ જેવા નથી પણ દિવ્ય છે, છતાં દિવ્યભાવ છૂપાવીને મનુષ્યો સાથે વરતે છે, ઉતાવળા થાય તો દિવ્યભાવ પણ જણાવી દે, પણ ભક્ત સહન કરી શકે નહિ. માટે ભગવાનમાં દિવ્યભાવના આગ્રહ ભક્તો ન કરવા, અર્જૂનને દિવ્યભાવ જોઈને સુખ થયું નહિ.

અક્ષરધામમાં જેવું ભગવાનનું સ્વરૂપ અનન્ત ઐશ્વર્ય તેજે યુક્ત છે તેવું ને તેવું જ પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનને વિષે જાણવું. સર્વના કારણ દિવ્યસાકાર એવા પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં સાકરના રસના નાળિયેરની પેઠે ત્યાગભાગ સમઝવો નહિ.

ભગવાનના સ્વરૂપમાં એક વિષયમાં પાંચે વિષયોનું સુખ ભેળું આવે છે અને ભક્ત પૂર્ણકામ થાય છે.

જેને પ્રગટ ભગવાન મળ્યા તેને તો ભગવાન રાજી થાય તેમજ કરવું ઠીક છે, દૂર હોય ત્યારે ભગવાને આપેલાં સુખ સંભારવા, મૂર્તિનું અખંડ ચિન્તવન કરવું, લીલાચરિત્ર સંભાર્યા કરવાં.

જેને જેને ભગવાનનો સંબંધ થયો તે નિર્ગુણ છે, ભગવાન સંબંધી ક્રિયા કરે તે પણ સર્વે નિર્ગુણ છે, જેને ભગવાનનો સંબંધ થયો છે તેના ભાગ્યનો પાર આવે નહિ, અનેક જન્મોનું સુકૃત ભેળું થાય ત્યારે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ થાય છે.

ભગવાનના વચનમાં પોતાની સામર્થિ પ્રમાણે રહેવાય તેટલું રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું. દિવ્યસાકાર ભગવાન મને પ્રાપ્ત થયા છે, તેને બીજા અવતાર જેવા ન સમઝવા, અવતારી પોતે જ છે એમ સમઝવા. ભગવાનના સ્વરૂપનું લેશમાત્ર બળ પણ મોટા ભયથી રક્ષા કરે છે, ભગવાનમાં નિષ્ઠા અને આશરો ક્યારેય તજવા નહિ આ સારમાં સાર છે.

બ્રહ્મ છે તે પુરુષોત્તમ ભગવાનની કિરણ છે, હું બ્રહ્મ છું ભગવાનનો દાસ છું, મારા બધાં સુખ ભગવાનરૂપ પતિમાં છે. તે બધાં સુખ આપે છે, છતાં નિર્લેપ છે.

લક્ષ્મીજીએ સર્વગુણપૂર્ણ સર્વસુખનિધાન ભગવાનને વરમાળા પહેરાવી, એમ અતિપ્રેમે વરવું. ભગવાનના પ્રાકૃત ચરિત્રોમાં પણ દિવ્યતા જાણવી, અનેક જન્મે આવી દિવ્યતા ભક્તિ ઉદય થાય છે.

ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે ભગવાનની સેવા અર્થે કરે છે, તે ક્રિયા ભક્તિ રૂપ છે.

ભગવાન મનુષ્યદેહ ધારણ કરે છે. તે પણ ધામની મૂર્તિ છે જ્યાં બીરાજે તે જગ્યા, વસ્ત્ર, અલંકાર, પરિચર્યાના સેવક ખાનપાન તે સર્વે નિર્ગુણ છે, એમ સમઝે તેને કાંઈ કરવું રહ્યું નથી. ભગવાન તે ભગવાન, એમાં ભાગ ત્યાગ કર્યાનો માગ નથી, ભગવાન કુબ્જાને ઘેર ગયા, ઉદ્ધવજી ભેગા હતા, તેને સંશય થયો જ નહિ,ભગવાન નિર્વિકાર છે, ભક્તની ઈચ્છા પૂરનારા છે, આમ સમઝનારાને સ્થિતપ્રજ્ઞ જાણવો.

પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણનારાયણ તેની પ્રેમભક્તિમાંથી કોઈ રીતે ડગવું નહિ, પતિવ્રતા જેવી ભક્તિ કરવી. શ્રીકૃષ્ણનારાયણની પ્રતિમાની પૂજા સામગ્રીઓ વડે કરવી. સીતા અને રૂક્મિણીના જેવી તથા નારદજી જેવી થતા ગોપીયો જેવી ભક્તિ કરવી.

વર્ણાશ્રમના ધર્મોનું ફળ ધર્મ અર્થ કામ પરક છે, પ્રત્યક્ષ ભગવાનની દાસ્યભક્તિ પ્રત્યક્ષ-નિશ્ચય તે કલ્યાણ કરનારાં છે. ભગવાન આગળ કાળ કર્મ માયાનું બળ ચાલતું નથી. ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિરૂપી ચિન્તામણિમાંથી બધું મળે છે.

ભગવાનનો જેમ રાજીપો હોય તેમજ મન કર્મ વચન દેહે કરીને કરવું આ વાર્તા જીવનદોરી છે.

પુરુષોત્તમભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન ધ્યાન કીર્તન કથા અંગત સેવા વડે માયા તરીને અક્ષરધામને પામે છે.

જેને અનેક જન્મોનાં સુકૃત ઉદય થયાં હોય તેને ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહે છે, ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી.

જ્યાં પ્રગટ પુરુષોત્તમનારાયણની મૂર્તિ છે તે અક્ષરધામનું મધ્ય છે.

ગુણાતીતપણે ભગવાનમાં પ્રીતિ તે બ્રહ્મરૂપ છે.

ભગવાન અને ભગવાનનાં સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય તો તેના ભૂંડા કર્મ અને પ્રારબ્ધનો નાશ થાય અને પરમપદને પામે છે, સૂર્ય ચંદ્ર અગ્નિ વગેરે તેમના રાજીપાથી પ્રકાશને પામે છે.

ભગવાનના અવતારો પોતાના એકાન્તિક ભક્તોના ભાગવતધર્મ પ્રવર્તાવવા અને તેમને લાડ લડાવવા થાય છે.

ભગવાનની મૂર્તિના અંગેઅંગનું ચિંતન કરનાર કાલ કર્મ માયાથી મુકાયો છે, તેના માબાપ પણ કૃતાર્થ થયા જાણવા, એથી ઉપરાંત મનુષ્ય દેહનો બીજો લાભ નથી. એ ભક્તને બધા વિષયો ભગવાન સંબંધી જ હોય છે, તમારે પણ એમ જ ચિન્તવન કરવું.

લક્ષ્મીપતિ ભગવાન ચરિત્રમાં દોષ દેખે છે તે મૂર્ખોનો રાજા જાણવો, ભગવાનને વિષે પ્રીતિમાં કોઈ વિઘ્ન કરે તે વ્હાલું રાખવું જ નહિ.

✣ ઉપદેશ-૧૦૮ ✣

જેને પોતાના કલ્યાણની ઇચ્છા હોય તેને પોતાનું દેહ ધન ધામ કુટુંબ પરિવાર સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં, ભગવાનની સેવામાં કામ ન આવે તેને તજી દેવા.

ભગવાન ભક્તજનની ભક્તિને અંગીકાર કરવા પંચવિષયને સારી પેઠે ભોગવે છે, તે જોઈને સંસારી અખતર ડાયાઓ પરમેશ્વરમાં દોષ પરઠે છે.

ભગવાન વતે જ કલ્યાણ છે, અને સાધન છે, તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે.

જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય છે તેને નિર્વિકલ્પ સમાધિ જ છે. શાસ્ત્રે કહ્યા પ્રમાણે જે ભગવાનની મૂર્તિ છે તેને અભગવાન ગણીને પડતી મેલે છે તે ભગવાનનો દ્રોહી છે, વ્યાસજી ભગવાન છે તેના વચનોનું ખંડન કરનારા નાસ્તિક છે, વ્યાસજીને ભગવાન નહિ કહેનારા નારકી છે, વ્યાસજી વેદના આચાર્ય છે અને પોતે ભગવાન છે.

બાહેરની ભગવાનની મૂર્તિનો વૃત્તિ અંતઃકરણ અને ચૈતન્યમાં તથા જીવમાં ભગવાનને ધારવાની યોગકળા શીખવી.

ભગવાનને યોગે ભક્તો પણ માયા ઉપરવટ વરતવું, તે મુક્ત માયાને તર્યો છે, મામેકં શરણં વ્રજ' શ્રીહરિશરણાગતિવાળો ભક્ત અનન્યભક્ત કહેવાય, તે ભગવાનથી બધાં સુખ ઇચ્છે છે.

જ્યારે ભગવાન એવો સંકલ્પ ધારીને પ્રગટ થાય છે જે - 'આ દેહે કરીને તો પાત્ર કુપાત્ર જે જે જીવને મારી મૂર્તિનો યોગ થાય તે સર્વેનું કલ્યાણ કરવું છે, ત્યારે એકલું પરમેશ્વરનું સામર્થ્ય જ રહે છે. સાધનોનું નહિ, યોગ એ જ સાધન છે.'

ભગવાન માયામાં તત્ત્વોમાં આવે ત્યારે માયા અને તત્ત્વો અક્ષરધામરૂપ અને બ્રહ્મરૂપ થઈ જાય છે, પરમેશ્વરના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તે ભક્તની નિદ્રા જાણવી.

પરમેશ્વરને ઓળખીને શરણે થાવું, ભક્તિ વડે કલ્યાણ થાય છે.

જે વૃક્ષતળે ભગવાન બેઠા હોય તે વૃક્ષને પણ પરમપદનું અધિકારી જાણવું.

જે જે સમયમાં ભગવાનના અવતાર હોય તે તે સમયમાં ભગવાનની મૂર્તિને વિષે ચમત્કાર જરૂર હોય, તે જે શ્રદ્ધાએ યુક્ત ભગવાનના દર્શન કરે તેના ઇન્દ્રિયો સર્વે ભગવાન સામાં તણાઈ જાય અને સમાધિ થઈ જાય.

પરમેશ્વરના સ્વરૂપના ધ્યાને કરીને તથા જ્ઞાનવિજ્ઞાને કરીને ઉપશમદશાને પામેલ હોય તેને પંચવિષય બાધ કરતા નથી અને જન્મમરણના હેતુ થતા નથી.

સંત કે ભગવાનનો સમાગમ મળ્યો, તે દેહ મુકીને જેને પામવા હતા તે તો દેહ છતેજ મળ્યા છે, જેને પરમપદ કહીએ મોક્ષ કહીએ તે છતે દેહેજ પામ્યો છે.

ભગવાનના ચરણમાં મનોવૃત્તિ રાખે તે છતે દેહેજ ભગવાનના ધામને પામી રહ્યો છે.

ભક્તજને કૂવા ઉપરની પાણી સીંચનારીની પેઠે ચારે તરફ ધ્યાન રાખીને પણ પરમેશ્વરમાં ધ્યાનવૃત્તિ રાખવી, કારખાનાઓના કામ કરતા થકા ભગવાનને સંભારવા.

ભગવાન અને ભગવાનના ભક્તોનો દ્રોહ કરે તેનો જીવ નક્કારો થઈ જાય છે.

ભક્તે અકળાઈ જાવું નહિ, તેની રક્ષા ભગવાન પોતે જ કરે છે. અંતરમાં ધર્મનો ભંગ થતો જ નથી, મોટા તે જીવો ઉપર દયા કરીને બાહ્યદૃષ્ટિએ વરતે છે.

પતિવ્રતાને નિજપતિમાં જ ટેક છે, તેમ ભક્તને ભગવાનમાં જ ટેક હોય છે. બીજા અવતારમાં પણ પ્રીતિ થાય નહિ.

માનસીપૂજા તથા બાહેર સામગ્રી વડે ભગવાનની મૂર્તિની પૂજા નિત્ય પ્રતિ કરવી, મૂર્તિ વડે તેનું કલ્યાણ જ છે, જે જે કરવું તે 'મારા ઉપર ભગવાન રાજી થાય' એવી ઇચ્છાથી કરવું.

જે પ્રત્યક્ષ ભગવાનની ઉપાસના સાક્ષાત્ સેવા કરે છે એવા સંત કે ગૃહસ્થ તેને મનુષ્ય કે દેવોથી ઊંચા જાણવા.

પુરુષોત્તમ ભગવાનની મૂર્તિના દર્શન વિગેરે એક એક સુખમાં એક જ સમયે બધાં સુખ મળે છે.

પ્રત્યક્ષપુરુષોત્તમ ભગવાન અને અક્ષરધામમાં રહ્યા જે ભગવાન તે બે સ્વરૂપ એક જ છે, તેમાં કાંઈ પણ ભેદ નથી, તે આ કારણના કારણ સર્વોપરિ અવતારોના અવતારી છે, ભગવાન સંબંધી સુખ અલૌકિક અવિનાશી દિવ્ય અખૂટ છે.

ભગવાન તો એ એક જ સર્વના સ્વામી અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે, આટલી સમઝણ દૃઢ કરી તેને સર્વે વાત સંપૂર્ણ થઈ, કાંઈ કરવું બાકી ન રહ્યું, આમ ઓળખીને ભજવા, સંતસમાગમ કરવા, શાસ્ત્ર વાંચવા, દિવ્ય વર્તવું અને મંદિર વગેરે કરવા-સેવવા અને ડંકો વગાડીને ધામમાં જાવું, પ્રત્યક્ષ ભગવાન તેડવા આવશે, ધામમાં લઈ જાશે.

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ (गीता १८-६)

❖❖❖❖❖

❖ શ્રીશ્વેતાયન સ્મૃતિ (આધુનિક સમયનું ધર્મશાસ્ત્ર) ❖

(અધ્યાય-૧ થી ૧૪નું સંસ્કૃત શ્લોકોનું ગુજરાતી ભાષાંતર)

❖ અધ્યાય-૧ ❖

ઓં પરબ્રહ્મ વિશ્વાત્મા અન્તર્યામી ધર્મમુર્તિ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમસ્કાર.

યુગોના ભેદથી, પ્રજાઓના ભેદથી, દેશોના ભેદથી, સ્વભાવોના પૃથક્કપણાથી, તે તે સમૂહોના ધર્મોભિન્ન છે, તેમજ વ્યક્તિઓના પણ ધર્મો ભિન્ન છે.

પુરૂષોના, નારીઓના, બાલકોના, કિશોરોના, જોડલાના, યુવાનોના, નપુંસકોના, વૃદ્ધોના, રોગિ-અશક્તોના ધર્મો પૃથક્ છે.

શિષ્યતાના, ગુરૂપણાના ટાઢચ, તડકા, વર્ષાઋતુઓના ભેદથી, મહામેળાઓ પ્રસંગોના ભેદથી, નીચા ઊંચા વૈભવોના ભેદથી પણ ધર્મો ભિન્ન છે.

ઉંઘવું, જાગવું, પીવું, ખાવુ જળ વડે પ્રક્ષાલન શુદ્ધિ, વસ્ત્ર, ભીંત વિગેરેની આડશ, આવી દેહના યોગવાળી બાબતો જે આચારો, તે જેટલા જયાં ઉચિત હો તેટલા પાલવા.

દરેક માનવોના આચારો તથા વિચારો વડે પ્રાપ્ત કર્તવ્યો, તથાં ઘણા પ્રકારની ગૌણ-ક્રિયાઓ તથા પુણ્ય થાય તેવા સત્કર્મો તથા પરોપકારો તથા વિઘ્ન, દુઃખ, નડતરોના દૂરીકરણો તથા સુખશાન્તિ અનુકૂલતાઓ, આવા આવા તમામ ઈષ્ટ સંયોગો તે તમામના સમાન ધર્મો ગણાય છે.

કેવલ માનવ વર્ગ માં જ આધારવાળા પશુધનં, પક્ષીધનને આધારે જીવનવાળા, વનસ્પતિ પરાયણ નિર્વાહ વાળા, તપ યજ્ઞશીલ વ્રત વિગેરેના અવલમ્બન પરાયણ નિર્વાહવાળા.

અસ્થિર આજીવિકાવાળા, ભાગ્ય દેવતાના આધારે જીવનવાળા, નોકરી ચાકરી દાસતા પરાશ્રયતા, ફરતા ફરતા ઉધ્યમોવાળા, જે જે માનવો, તેમના ધર્મો પૃથક છે, એક પ્રણાલીએ ટકતા નથી.

જરૂરત પુરતા જ સ્વીકારાએલા, અનુકૂલતા માટે સમાનભાવે ગ્રહણ કરેલા, લોકમાં અમુક સમય માટે પ્રયોજનવાળા, પછીથી ન રાખવા યોગ્ય એવા ધર્મો તે પૃથક્ પૃથક્ જાણવા.

અને ક્યારેક પરને આધીન થઈને સ્વેચ્છાને આધીન થઈને તુરન્ત માં પોતાને ગમતી વાત રૂપે થયા એવા તથા નિર્વાહ માટેના કાર્ય સાધવા માટેના પ્રયોજન પૂરતા, એવા પણ ધર્મો, તે પૃથક પૃથક જાણવા.

અકસ્માતના ધર્મો જુદા છે, સ્નેહના ધર્મો જુદા છે, મનોરંજનના ધર્મો જુદા છે. નાટક ખેલ જાદું મંત્રો ના ધર્મો જુદા છે, વેષના સતાના ઉપાધિઓના ધર્મો જુદા છે, મહાઆપત્કાલના ધર્મો જુદા છે.

ભય સાથે સ્વીકૃત બલ પ્રબલતા સાથે અપનાવેલા, બલાત્કાર જબરદસ્તી બલજબરીના ધર્મો જુદા છે, અશક્તિ અવસ્થાઓના ધર્મો જુદા છે, અને અદબ મર્યાદાના ધર્મો જુદા જુદા છે.

સમૂહોના કે એકલાના ખૂલ્લા ધર્મો જુદા છે,દેહધારીઓના છાનાં ધર્મો જુદા છે, ઈંગિત ધર્મો, હૃદયના જ્ઞાપક ધર્મો, અને છલના ધર્મો જુદાજ છે.

ઉદ્યમો, રચનાઓ, ગૂંથણ, વણતર, કેળવણી, ફરજ, શિક્ષણ, વૃધ્ધો નું અનુવર્તન, કુટુમ્બના ચારિત્ર, પરમ્પરાઓમાં આવતા વર્તનો, એવા ધર્મો પૃથક છે.

દેશના જ્ઞાતિના વેષો આભૂષણો પહેરવાના વસ્ત્રો, તિલક ચન્દ્રક કાજલ દ્રવચન્દ્રન આદિ પરિચાયકો, કેશ રોમધારણ તથા અધારણ, શસ્ત્ર સાધન હાથ પગ મસ્તક વિગેરેના વિશેષતા બોધક ચિન્હો, ધર્મ પ્રયોજનવાળા પરિવેષો વિગેરે ધર્મ રીતે હોય તે પણ પૃથક પૃથક ધર્મો છે.

એકલા વ્યક્તિના, સાધુસન્તોના, આચાર્ય ગુરૂઓના, વૈદ્યમહાવૈદ્યના, સૂતકમાં ઘેરાએલાઓના, અભ્યાસોમાં પ્રવિષ્ટ થએલાઓના, સન્યાસમાર્ગસ્થ વિરક્તોના તથા યોગિ યતિઓના ધર્મો પૃથક છે.

સંહાર ઘાત લાગી કૃષિ અરણ્ય બગીચા આદિના પાલકોના, અતિવિજ્ઞાનિવિદ્વાનોના, ઐશ્વર્યશાલિ તેજસ્વિઓના, ભાગ્યશાલી તથા દેવતા સાધકોના, વૈમનસ્ય પામેલા સહવાસિઓના અને સૌમનસ્ય થએલા વિવાસિઓના પણ ધર્મો જુદા જ છે.

નમ્રતાભર્યા ધર્મો, કઠોરતાભર્યા ધર્મો, સાત્વિકરીતિના, રાજસરીતિના, તામસરીતિના દણ્ડપાત્રદેહિઓના અને આતતાયિ જોખમ ખેડનારાઓના ધર્મો જુદા જ છે.

પ્રાતઃ દિવસે રાત્રે જલ આદિ વડે શરીર શુદ્ધિઃ, દેવતા ઈષ્ટદેવતા આદિના પૂજન સત્કાર, ગુરૂ માવતર વૃદ્ધ રોગી અનાથ અશક્ત ગરીબ વિગેરેની સેવા, પરમેશ્વરનું ધ્યાન સ્મરણજપ નૈવેદ્યાર્પણ આદિ સત્કાર અપરાધ ક્ષમા કરવા, ઉપયોગીદાન આપવા, યોગ્ય સમ્પતિ અર્પણ કરવી, આશ્રિતોની રક્ષા કરવી, આવા ધર્મો શુભકારક પુણ્યપ્રદ છે.

કોઈપણ લોકોને દુઃખી ન કરવા, દેહધારીઓને સુખી થાય તેમ કરવું, અભયદાન દેવું, ક્લેશ નજ કરવો, આ ઉત્તમ ધર્મો કહ્યા છે.

ઈશ્વરભક્તિ મોટામાં મોટી ભાગવત ધર્મ છે, દેવ દેવીઓના વન્દન નમન પૂજનાદિ પણ મોટા ધર્મસમાન ધર્મ છે, ગુરૂવર્ગની સેવાઓ તથા ધર્મશાસ્ત્ર, જ્ઞાનશાસ્ત્ર ભક્તિશાસ્ત્રાદિના શ્રવણ મનન પણ મોટા ધર્મ સમાન ધર્મ છે.

સર્વસ્વ અર્પણ શ્રી હરિમાં કરવું એ પરમ ભાગવત ધર્મ છે, પોતે જ સમર્પણ થવું તે પમ પરમ ભાગવત ધર્મ સમાન ધર્મ છે, પોતાનું ગણાતું અર્પણ કરવું તે પણ શ્રી હરિમાં અર્પણ એવો ભાગવત ધર્મ છે.

ભાગવત ધર્મ શ્રી હરિકૃષ્ણભગવાનના ચરણોમાં વાસરૂપી મોક્ષ આપનારો છે, મધુરમિષ્ટ આદિ રસ દુગ્ધ આદિ રસ મધુ આદિ રસ, સુવર્ણ રજત આદિ દ્રવ્ય ધાન્ય શાકાદિ દ્રવ્ય, ભવન ગુફા ઝૂંપડી આદિ ગૃહ, વન ઉદ્યાન વીડી ક્ષેત્ર આદિ તથા સરોવર નદી તળાવ કૂપ આદિ જલ વિગેરેના ભગવાનને કે ભગવાનના ભક્તને દાન દેવા વડે તે દાનરૂપી ભાગવત ધર્મ મોક્ષપ્રદ થાય છે.

ગૌમાતા ભેંસ અજા હાથી અશ્વ વિગેરેના દાન, પુત્ર પુત્રી દાસ દાસી પરિવારના ભગવાનમાં શરણાગતિ લેવા તરીકે દાન, કણ્ઠી માલા છબી દીક્ષા બ્રહ્મવિદ્યા આદિના ભગવાનમાં તથા ભાગવત સંત ભક્તોમાં આપવારૂપી દાન તે ભાગવત ધર્મ મોક્ષ આપનારો છે.

મંદિર બંધાવવા, ઉપવીતદિમાનવ સંસ્કાર કરાવવા, વાડી બગીચાદિ રચાવવા, પાર્થિવ જલીય ગગનીય વાહનો આપવા, યન્ત્રો, અગ્નિયન્ત્રો, વિદ્યુતયન્ત્રો, વરાળયન્ત્રો, ગેસયન્ત્રો, તેલયન્ત્રો આદિ આદિના ભગવાન લેખેના દાનો આપવા તે પણ ભાગવત ધર્મ મોક્ષ આપનારો છે.

સ્થૂલ સૂક્ષ્મ કારણદેહના વ્યાવહારો, તથા ઈન્દ્રિયોના જુદા જુદા વિષયોમાં વ્યવહારો શ્રીકૃષ્ણનારાયણમાં અર્પણ થયા થકા તે ભાગવત ધર્મો મોક્ષ આપનારા થાય છે.

મન બુધ્ધિ ચિત અહંકાર ના વ્યાપારો મનન બોધન ચિન્તન અહંમમત્વ તથા વૃત્તિ ગ્રાહ્ય વિષયો વૃતિધાર્ય વિષયો મતિમાં ઉતારેલા વિષયો, અને આત્મામાં ભોગ્ય એવા તે વિષયો આ બધા શ્રી કૃષ્ણનારાયણમાં અર્પણ કરાયા થકા તે ભાગવત ધર્મો મોક્ષ આપનારા થાય છે.

પૃથિવ્યાદિક પદાર્થોનું જ્ઞાન, આન્તરિક ચેતનોનું તથા તેના તત્વો અને ગુણાદિકનું જ્ઞાન, તથા ચિત્તૈતન્યનું પરોક્ષ અપરોક્ષ પ્રતિભ સર્વવિધ ધર્મમેઘજ્ઞાન, સાર્વજ્ય કલ્પ સમાધિમાં વિજ્ઞાન, સાક્ષાત્કારરૂપ દિવ્યજ્ઞાન, તે બધાં શ્રી હરિમાં વિષયિ કર્યા થકા તે ભાગવતજ્ઞાનો મોક્ષ આપનારાં થાય છે.

શાસ્ત્રોના અર્થોના ચિન્તવન, ભગવાનના લીલા ચરિત્રોનું પ્રબોધન, બધી વાણીમાં વાચાઓનું શ્રીહરિમાં પર્યવસાન, એ આદિ ભાગવત ધર્મ મોક્ષ આપનાર થાય છે.

કથાઓ, પારાયણો, ગાયનો, કીર્તનો, દેવપ્રતિષ્ઠાઓ, દેવોના મહોત્સવો, વિવિધ પ્રકારના યજ્ઞો, વેદાવલમ્બિકર્મો, શ્રીકૃષ્ણમાં સમર્પિત થયા થકા તે ભાગવત ધર્મો મોક્ષ આપનારાં થાય છે.

પરમેશ્વર અને ઈશ્વરોના આજ્ઞા વચનો, સર્વે વિધિઓ અને નિષેધો, સંગ્રામો તથા ભોગ વિલાસો, શ્રીહરિમાં સમર્પિત કર્યા થકા તે ભાગવત ધર્મો થયા થકા મોક્ષ આપનારા થાય છે.

ભગવાનને જે પ્રિય લાગે, સંત પુરૂષો ને જે પ્રિય લાગે, તે પ્રિય પ્રીતમને આપ્યું અને આચર્યું થકું દિવ્ય થાય છે માટે તે ભાગવત ધર્મ થઈને મોક્ષ આપનાર થાય છે.

કોઈપણ પ્રવૃત્તિ, કે કોઈપણ નિવૃત્તિ, લૌકિક હોય કે લોકથી વિપરીત હોય, પણ ભગવાનને પ્રિય હોય તો એવું વર્તન તે ભગવાન શ્રી હરિમાં સમપ્યું થકું ભાગવત ધર્મ રૂપે મોક્ષ આપનાર છે.

જીવનદશાની ક્રિયાઓ, તથા મૃત્યુ પછીની ક્રિયાઓ, તથા જે જે ભાગવાનનાં સંબંધવાળી અને ભગવાનની આરાધનાવાળી, ક્રિયાઓ તે તે સર્વે ભાગવત ધર્મ થઈ થકી મોક્ષની આપનારી છે.

જે કોઈ માનવ પૃથ્વીમાં જે કોઈ સ્થળે નિજ ઈષ્ટદેવના અવલમ્બનવાળી કોઈપણ ક્રિયા કરે છે, તે તે ઈષ્ટદેવમાં અર્પણ થવાથી તે ભાગવતી ક્રિયા થઈને મોક્ષ આપનારી થાય છે.

વાસના વડે ભોગમાત્રના સમ્બન્ધવાળી, અને ભગવાનના યોગ વિનાની, અનર્પણરૂપે રહેલી, સર્વે ક્રિયાઓ સંસાર આપનારી તથા બન્ધનાત્મક ફૂલ આપનારી થાય છે.

દિવસના કામકાજો રાત્રિના કામકાજો સન્ધ્યાઓના કામકાજો મધ્યે અર્ધવિશ્રાન્તિના કામકાજો, એ બધા શ્રીકૃષ્ણમાં સમર્પણ કરવાથી ભાગવત ધર્મો થયા થકા મુક્તિ આપનારા થાય છે.

જે જે થઈ શકે તેવા ઉદેશેલા કામકાજોમાં જ્યાં જ્યાં જેમાં જેમાં અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ શ્રીહરિ લક્ષ્યમાં રાખેલા હોય તો તે તે કામકાજો ભાગવત ધર્મ થાય છે, તે વડે શ્રીહરિકૃષ્ણ ની પ્રસન્નતા થાય છે, તેથી તે મોક્ષ આપનારાં થાય છે.

જે જે ભાગવત કાર્ય કરાય તેમાં સર્વત્ર શ્રીકૃષ્ણ સંભાર્યા હોય અને પ્રસન્નતા માટે પ્રાર્થના કરાએલા હોય તો તે કાર્ય દિવ્ય ગણાય છે અને મોક્ષફળ આપનાર થાય છે, આપણાં આ જન્મને છેલ્લો જન્મ કરનાર થાય છે.

શ્રી હરિમાં સમર્પણ કરવા વડે, તે તે શ્રીહરિનું કાર્ય ગણાય છે માટે તે કાર્યસદા શુદ્ધ છે, માયિકી તમામ અશુદ્ધિઓ ભગવાનનાં કાર્યમાં ગણાતી થકી શુદ્ધિ સ્વરૂપમાં પરિવર્તન પામે છે.

સર્વ માનવોએ ભાગવત ધર્મો નિજ જીવનમાં આખું જીવન કરતા રહેવા, આ ભાગવતધર્મ મુખ્યધર્મ છે, કારણ કે તે જન્મની સફલતા કરનારો છે.

લોકમાં ઉપયોગી ક્ષુદ્ર આચારો ક્ષણિક કાર્યરૂપે દેખાતાં છતાં પણ, તે શ્રીકૃષ્ણનારાયણમાં સમર્પિત કરવાથી દિવ્ય અલૌકિક થઈ જાય છે.

સકામ ઐહિક ફલ માટે આચરેલા, તથા અલ્પફલવાળા કે ફલરહિત એવા પણ વર્તનો તે શાશ્વતબ્રહ્મના સમ્બન્ધવાલા થવાતી નિષ્કામ સ્વરૂપમાં સત્ય ફલ આપવાના સ્વરૂપમાં અને શાશ્વત નિત્ય અવિનાશી ફલ આપવાના સ્વરૂપમાં મોક્ષ અર્થ આપનારા થાય છે.

આવી સમર્પણ બાબતો હૃદયમાં વિચારીને પોતાની ચર્ચાઓ શ્રીપતિ એવા પરમેશ્વરમાં કાયમ સમર્પિત કરતા ધારતા જવું. તે વડે અત્યારે અને અંતે પણ ધર્મોનું ફલ આંહી શ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીહરિની પ્રાપ્તિ, અને મોક્ષમાં તે શ્રીહરિની પ્રાપ્તિ જરૂર થાય. આવો આ વિધિ વાક્યોનો મહાન મુખ્ય સાર આદિ અધ્યાયમાં કહ્યો.

✣ અધ્યાય-૨ ✣

ભાગવત ધર્મ નિત્ય છે, શ્રીહરિની મૂર્તિમાં વસે છે, ભક્તોમાં મૂર્તિભેળો વસે છે, તે ભગવાનમાં અર્પણ કરાયો થકો ભગવાનની પ્રસન્નતા દ્વારા તમામકર્તવ્યાર્થોના ફલોનો પૂર્ણપણે સાધક થાય છે.

પોતાની ઈચ્છા વડે ભાગવતધર્મ સુમૂર્ત એવો થઈને જીવાત્માઓમાં ઈશ્વરાત્માઓમાં તથા બ્રહ્મમુક્તાઓમાં તો વિશેષ સ્વરૂપે કરીને વસે છે.

શ્રીહરિની શરણાગતિ ગ્રહણ કરવાથી ભક્તિના અધિકારી ભક્તને ભગવાનની પ્રસન્નતા વડે ભક્તની ઈચ્છા મુજબ જલ્દી કે ધીરે રહીને ભગવાન પાસેથી પોતાના ફળને અપાવનાર થાય છે.

શરણાગતિ પ્રાપ્તિ પછી શ્રીહરિની સમીપમાં રહેવાનો અધિકારી થાય છે, એવા અધિકારી સેવામગ્ન ભક્તને સ્વેચ્છાની ભેળી ભગવાન એવા નિજ સ્વામીની ઈચ્છાનું એકમેક પણું થાય છે.

આંહી ભક્તો સાથે રહીને આખું જીવન ભગવાનની સેવા કરે અથવા ધામમાં જઈને સેવા કરે, સંતોના વર્તનવાળો થયો એવો એ ભક્ત તે સર્વ જગતનો ઉદ્ધાર કરવામાં સમર્થથાય છે.

આવા ભક્તના આત્મામાં શ્રીહરિ વિશેષપણે, રહે છે, તેના હૃદયમાં અહંકારમાં, ચિતમાં, અને માનસમાં શ્રીહરિ વિશેષપણે રહે છે, તેના ઈન્દ્રિયોમાં તેના શરીરોમાં તેના કામકાજોમાં શ્રીહરિ વિશેષપણે વરતે છે. સંતસ્વરૂપે શ્રીહરિ પોતે જ કર્તા પોષક અને હર્તા છે.

બ્રહ્મમયી ભાગવત સભા, બ્રહ્મમયી ભાગવતકથાઓ, બ્રહ્મમય મહોત્સવો, સન્તોની પ્રિય ક્રિયાઓ, બ્રહ્મમય દ્રવ્યયજ્ઞો, બ્રહ્મ વિદ્યાઓ, અને તદાત્મક બ્રહ્મ એવા શ્રીહરિ પરબ્રહ્મને સદા સેવવા.

સર્વોમાં બ્રહ્મદૃષ્ટિ રાખવી, સાથ સથવારા કુટુમ્બી મડંલસહવાસી દેહધારીઓમાં પણ બ્રહ્મવૃતિ રાખવી, બ્રહ્મવૃતિ વડે સાવચેત એવા વર્તનવાલાને બ્રહ્મપ્રાપ્તિ જલ્દી થાય છે.

બ્રહ્મવર્તનશીલ આત્માએ જેટલું યોગ્ય હોય તેટલું બ્રહ્માર્થ ગ્રહણ કરવું પોતાને અયોગ્ય જણાય કે વિપરીત દેખાય તે દૂર રાખવું, ગ્રહણ કરનારો ગ્રાહ્ય ને યોગ્યતા પ્રમાણે સ્વીકારનારો આત્મા તે બ્રહ્મરૂપ થયો છે માટે બ્રહ્મની પેઠે તમામ ભૂમિકાઓને જીતનારો થાય છે.

એક વિદ્વાન, સર્વજ્ઞકલ્પ, ભાગવત ભક્ત, ધર્મધારી સાધુ, તે ધર્મપ્રકરણમાં માન્ય થાય છે, માટે તેનાથી સંતધર્મો ત્યાગધર્મો અને લોકધર્મોને તથા સામાન્ય વિશેષ ધર્મોને ખૂબ જ શીખી લેવા.

સત ઉતમ કર્મો વડે માનવો શ્રેષ્ઠ ગણાય છે, મધ્યમ કર્મો વડે મધ્યસ્થા ક્ષત્રિયો ગણાય છે, નિપજના કર્મોવડે નિમ્ન પણ વૈશ્ય ગણાય છે, હલકાં કર્મો વડે અધોજન ચોથા વર્ણ તરીકે ગણાય છે. દેવ અનેદૈવી યોગો વડે દેવતાઈજનો થાય છે, રક્ષણ આશ્રય આપવા વડે માધ્યમ થાય છે.

ખેતીવાડી વ્યાપારસીલ માનવો નિમ્નસ્થિતિના ગણાય છે, અને ભૂત્યપણું દાસદાસીપણું હલકાં કાર્ય પરાયણપણું, એ બધું અધોવર્ગમાં ગણત્રીલાવે છે, તેમાં પણ વધારે અપવિત્રામાં અવરાએલાજ હોય એવા માનવો તે છેલ્લી કોટિમાં ગણત્રિ લ્યે છે.

ખોળો ભરવાનો સંસ્કાર, બાળક જન્મનો સંસ્કાર, નામ પાડવાનો સંસ્કાર, અન્ન ખવડાવવાનો સંસ્કાર, ગર્ભ કેશ મુંડન સંસ્કાર કરાવવા.

જનોઈ સૂત્ર કંઠી આભૂષણ વિવાહ આદિના જે સંસ્કાર કાર્યો, તે શુદ્ધિ કરનારા અને મેધાશક્તિ વધારનારા ગણેલા છે, માટે કરવા.

આખું જીવન ઉપયોગી થતીરહે તેવી વિદ્યા નું ઉત્કૃષ્ટ અધ્યયન કરવું, જીવનનિર્વાહને ઉપયોગી થાય તેવી હાથ કલાઓ તથા બુદ્ધિકલાઓનું ઉત્તમ અધ્યયન કરવું, જેથી કુટુમ્બીજનોનો પણ નિર્વાહ થાય તેવા ઉદ્યોગો પણ ખીખવા, તથા પોતાની શારીર ચર્યાઓના કાર્ય કુશળતાના અભ્યાસો કરવા, અને ભવિષ્યમાં જે જે સમૂહમાં રહેવાનું થવાનું હોય તેના તેના ઉપયોગી તમામ કાર્યોસ્વપરમ્પરાના કામકાજો પણ સારી રીતે શીખી લેવા.

ગુરૂદેવ માવતર વૃધ્ધ રાજા શિક્ષક સ્વામિ વિગેરે ઉપદેશક વૃધ્ધોએ શિષ્ય પુત્ર બાલક પ્રજા શિષ્ય સેવક વિગેરે ઉપદેશ્ય વર્ગ નેપોતપોતાના આચાર વિચાર ઉપચારો આળસ ન રાખીને શીખવાડવા, અને જે વડે ઘેર ગૃહસ્થાશ્રમ તથા ત્યાગાશ્રમમાં નિર્વાહ થાય તેવા કામો બાળકોને જરૂર શીખવાડવા.

શુદ્ધિના સદાચારો પવિત્રાનાઆચારો, શુભ મર્યાદાઓની સ્થિતિઓ, દેવતાસમ્બન્ધી સત્કર્મો પણ શીખવાડવા, અને અઘટિત નિષિદ્ધ હોય તે ન આચરવાનો બોધ કરવો.

વૃદ્ધોને પગે લાગીને, પ્રાતઃ દેવાદિકના પૂજન વન્દનાદિ કરીને, જપ નિયમ કરીને, શરીરપોષણ વિધિ લઈને, ઉદ્યમ માટે પ્રવૃત થવું.

સવારથી બપોર સુધી ઉદ્યમ કરવો, મધ્યાન્હે ભોજન અને વિશ્રાંતિ લેવા, બપોર પછી યોગ્યક્ષણમાં ઉદ્યમે ચઢવું સાયંકાલસુધી હિત થાય તેવી રીતે ઉદ્યમ કરવો.

જે ઉદ્યમમાં પશુપક્ષી આદિકનો ઉપયોગ હોય તેવા ઉદ્યમ માટે તે તે પશુપક્ષીઓને તૃણ નીરણ આદિઆદિક વડે તૃપ્ત કરવા જલપાન કરાવવાં, પછી તેને યોગ્ય સાંતી વાહન આદિ સાધનોમાં જોડવા.

ભૂખ્યા તરસ્યા માનવો પશુઓ પક્ષિઓ આદિક ફલભર્યો ઉદ્યમ આપી શકતા નથી, દૂધ રસ આપનારાઓ પણ ભૂખ્યા તરસ્યાં તે તેધાર્યા ફલો આપી શકતા નથી.

ઘરના માણસોની પેઠે જ પશુઓ વિગેરેને પાલવા સંભાળવાં, સ્નેહ વડે જોવા સાચવવા અને દુઃખપ્રદ વિઘ્નરૂપ પવન વૃષ્ટિ શીત તાપ મક્ષિકા ડાંસ કીટ વિગેરેથી તેમનું રક્ષણ કરવું.

સ્ત્રી વર્ગ, બાલ વર્ગ, પશુ પક્ષિ વર્ગ, જ્યા માનપૂર્વક રક્ષણ કરાતા હોય છે, ત્યાં લક્ષ્મીઓ શ્રિયો ઉપજો દોલતો વંશો વિગેર તેઓના આત્માઓના શુભ ભાવો વડે તથા આશીષો અને રાજીપણા વડે સ્વયં આવે છે.

યજ્ઞમાં દેવોની તૃપ્તિઓ વડે પૂજન નૈવેદ્યાદિવડે પુષ્કલ વૃષ્ટિઓ થાય છે અને કુટુંબી માનવો પશુઓ પક્ષીઓ આદિકની તૃપ્તિઓ વડે મોલમોલાત ધાન્ય અન્નકણ ઉપજ આપવામાં અતિ ઉત્કર્ષવાળા થાય છે.

યાત્રાળુઓ અતિથિઓ પૂજયજનો વિગેરેના સત્કારો વડે ગૃહદેવતાઓ દિવ્ય તથા ભૌતિક દેવતાઓ ખુશી ખુશી રહે છે, તેઓ સમૃદ્ધિ વધારનારી થાય છે.

જે ઘરમાં કુટુમ્બિઓમાં કલેશ હોય, તથા એક ઘરમાં બધાં નોખું નોખું ખેંચતા હોય મન મેળ ન હોય, તે ઘરની સમૃદ્ધિઓ દાઝી જાય છે, ધન વિગેરેનો બરક્તો લય પામતી જાય છે.

મરેલાના આત્માઓને સંભારીને જલ રેડવું પ્રદીપદાન દેવું, અન્નદાન દેવું, વસ્ત્ર ઓઢણું દેવું, ઘોર કબર સમાધિ એવાં રીવાજ પ્રમાણે સ્થળીઓ આપવી, તેથી તેઓ શાન્તિવાળા થાય છે, ઘરકુટુમ્બીઓને હણતા મારતા નડતા નથી.

સંસારમાં પોતા પાસે જે ચીજ ન હોય, તેને મેળવવા રાજા પ્રજા એકલસૂડા માણસો વિગેરે સર્વે ભિક્ષુકોજ છે, બીજાથી તે તે ચીજો ધન કણ વિગેરે લઈને પોતાના સ્થાનોને ચલાવે છે.

સર્વ દેવતાઓ પણ માનતા બાધા આદિની ચીજો મેળવવા માટે આશા પાશો વડે પરાભૂત જ છે, માનતાની ચીજો મળે તો જ તેઓ શરણાગતોના કાર્યો સાધી દે છે.

માટે તૃષ્ણાવાળાઓને ઈષ્ટ આપીને પણ તેની તૃષ્ણા પૂરવી. એવા દેવ માનવ આધિપારકા જનો સાથે ક્લેશ કજીઓ ન કરવા, શાન્તિ ઈચ્છનારે તેમનું ઈષ્ટ આપીને સુખે રહેવા શીખવું.

સ્વરાજયમાં તન્ત્રિત એવા નામ વડે સ્વતંત્રતા વડે, આ કાલ પણ વિકરાલતાને પામેલો છે, માટે તેમાં પોતાની વિકરાળ કફોડી સ્થિતિ ન થઈ જાય, તેરીતે કાયમ વર્તવા શીખવું.

બીજાનું કઠોરપણું સહન કરવું, દેહાધારિઓનું હિત ચિન્તવવું, શ્રીહરિના આશરામાં આદરકરીને શાન્તિ વરતે તેમ સદા રહેવા શીખવું.

આ યુગમાં બાહેરથી માણસો સૌમ્ય સુન્દર લાગે અંતરમાં માલિન્ય કુડ કપટ ભરેલા લાલચૂજ ઘણે ભાગે હોય છે, તેઓથી ચેતીને પોત પોતાના કુટુંબનું રક્ષણ કરવું.

ધન ધાન્યોના ઉપાર્જન ઉદ્યમો વડે કરવા, ખર્ચ વિચારીને કરવો, આવક અને જાવક બન્નેનો હિસાબ રાખવો, આવી નજરવાળો દુઃખી થતો નથી.

પથ્ય હિતકર અગ્નિ વડે પરિપક્વ ભોજન નિજ સમૃદ્ધિને અનુસારે કરવું, આવી રીતે કુટુમ્બનું પોષણ કરનાર રોગી કે દુઃખી થતો નથી.

ન્યાય નીતિમા રહી ધર્મને પાલતો થકો કાર્યમાં ઉદ્યમી રહેનારો જન સારા ફલને મેળવે છે, તેનો ધર્મ પોતેજ ધર્માત્મા એવા પ્રભુ રૂપે પોષક દાતાર અને રક્ષક થાય છે.

પરના દ્રોહ કરનારને પરએવું તત્વભય પમાડે છે, અને પરના ઉપકાર કરનારાના ભયને પર એવું તત્વ નિવારણ કરે છે.

માટે જનોએ સદા સર્વેને સુખ આપે એવા ધર્મો પાલવા. સાત્વિક ધર્મો સુખ કરનારા છે, હિત કરનારને સુખદ થાય છે જ.

પરના આત્માઓને સુખ કરે એવા ધર્મો તે સાત્વિક ગણવા, આવા સાત્વિક ધર્મો સ્વ પર સર્વેને સુખ કરનારા જ છે, માટે તેમાં શ્રીહરિની ઈચ્છા ભેળવીને શ્રીહરિનીમરજીને અનુસંધાને તે પાળવા.

ધર્મમાં રહેનારા શરણાગત ભક્તને શ્રીહરિ પોતે જ અકસ્માતોના દુઃખોની ઝપટમાંથી બચાવે છે, તેવા ભક્ત સાથે જ સ્વામી રહે છે, તેવા સમર્થ પ્રભુ સર્વવિઘ્નોને નિવારે છે.

ભગવાન, દેવતાઓ, ભાગ્ય, પુણ્ય, ભાગવત ધર્મ, આશીર્વાદો, મોટાની સેવા, સંતોનો સત્સંગ અને લોકચાહના એ બધાં, સમય સમયમાં આપતમાં રક્ષણ કરનારાં છે.

યજ્ઞ યાગ હોમ હવન શ્રાદ્ધ વ્રત બલિ નૈવેદ્ય સેવા ભક્તિ ધુન્ય ભજન તથા પરોપકારો વડે સત્કાર પામેલા દેવો, તથા મહોત્સવોમાં, મહાપૂજાઓમાં, કથાપારાયણોમાં, તહેવારોમાં પાવન તિથિઓમાં, જયન્તીઓમાં, નિર્વાણદિનોમાં, કર્મકાણ્ડોમાં, ગૃહ ગામ, સીમ, અરણ્યોમાં પણ પૂજા પામેલા દેવતાઓ, તથા ભૂત ભૌતિક ઈન્દ્રિય અન્તઃકરણઆત્મા યોગવિશેષ વડે સાધ્ય એવા દેવો, પણ ઉપાસના કર્યા પ્રમાણે રક્ષા કરનારા છે.

સમર્થ રાજા, સમર્થ ગુરૂદેવ, એશ્વર્યશાલી સન્તજના, માવતર, છઠી દેવી, વિશ્વાવસુઆદિગન્ધર્વો એસર્વે ઉપાસના કરાયા થકા રક્ષા કરે છે.

તૂલસી આદિ દૈવીવૃક્ષોના અધિદેવાતઓ ધૃત વિગેરેના દેવાર્પિતદીવાઓ, સન્ધ્યા દેવો, મન્ત્ર દેવો, ધર્મના પુત્રો વિશ્વેદેવતાઓ, તથા લોકપાલો દિકપાલો વિગેરે સત્કાર કર્યા થકા દેહધારીઓની રક્ષા કરે છે.

પરમાત્માને ભજનારા, શીલવ્રતાવાળા, બ્રહ્મસમ્બન્ધવાળા, વ્રતાતપસાંયમ નિયમપાળનારા, શ્રીહરિના આશ્રયવાળા, ધારણા ધ્યાન સમાધિવાળા યોગિજનો, બ્રહ્મચારી યતિજનો, જ્ઞાનવિજ્ઞાન વડે શુદ્ધ તેજસ્વીજનો, મહાપુરૂષોવચનસિદ્ધો ઐશ્વર્યસિદ્ધો, તેઓ આશ્રયમાં આવેલા જનોનું રક્ષણ કરે છે.

પ્રસન્નતા કરાવવાનું ફલ સામેથી પ્રસન્નતા આપનારૂ ઉત્તમ જ છે, માટે કોઈપણ આત્માઓને શુભ સત્કર્મો વડે પ્રસન્ન કરતા રહેવા.

ગો, મહિષી, અશ્વ, ઉષ્ટ્ર, હસ્તિ, શ્વાન, આદિક સુરક્ષિત પ્રસાદિત સ્નેહી પશુઓ પણ નિજ ગોવાળ સ્વામી માલિકનું રક્ષણ કરે છે, સુરક્ષિત ધર્મ વિગેરે પણ નિજ રક્ષકનું રાત્રિ-દિવસ રક્ષણ કર્યા કરે છે.

શ્રીહરિની શરણાગતિ વડે શ્રીહરિ એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણે સુરક્ષિત કરેલા, તથા શુદ્ધ હૃદયથી અર્પિત થએલા, તથા સન્ત સ્થિતિવાળા, એવા ભક્તો, કોઈપણ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રાજય શત્રુઓ તથા વિઘ્નો થી પરાભૂત થતા જ નથી.

નિત્ય, આત્મસાક્ષી અન્તર્યામીનું વન્દન કરવું, દેવો દેવેશ્વરો મહેશ્વરો તથા પરમેશ્વરનું વન્દન કરવું, માતા પિતા વૃદ્ધ જયેષ્ઠ શ્રેષ્ઠજનોનું વન્દન કરવું. ગુરૂ સદ્‌ગુરૂ શિક્ષક આચાર્ય અધ્યાપક તથા બોધદાતાનું વન્દન કરવું, તથા તારનારા પવિત્ર તીર્થ મન્દિર અને યાજ્ઞાસ્થળોનું વન્દન કરવું, આવા પાંચ વન્દન તો નિત્ય કરવા.

ભગવાનોના મન્દિરો ધર્માલયો આશ્રમો મઠો સભા મંડપો કરાવવા, તેમાં ભક્તિઓ કરવાની ગોઠવણો કરાવીને ભક્તિઓ પ્રવર્તાવવી તથા દેવોની પ્રતિષ્ઠાઓ કરાવવી, તેમના પૂજાપાઠજીવિકાઓ બંધાવવી, તથા પોતાનું શ્રેયઃ થાય તેવા દિવ્ય આચાર વિચારો પાળતા પળાવતા રહેવા.

સર્વ નરનારી માનવ સમાજને મોક્ષ આપે એવો ભાગવત ધર્મ નિત્ય અનિત્ય એવો વિભિન્નરૂપે સ્વરૂપે કહ્યો, સર્વ અર્થ આપનાર શ્રીહરિ છે તેમાં સમર્પિત કરાતો થકો આ ભાગવત ધર્મ આલોક પરલોકમાં સુખ આપનારો થાય છે.

✣ અધ્યાય-૩ ✣

આત્મહિત કરનારા, જન્મનું ઉત્તમ ફલ આપનારા, માટે શ્રેષ્ઠ અને પ્રથમ નમ્બરના, સન્ત અને ભક્તોના ખાસ આવશ્યક કરવા જ જોઈએ તે ધર્મો પ્રથમ જ કહ્યા.

હવે લૌકિક ધર્મો કે જે વ્યવહારપરક સ્વીકારાય છે અને દેહધારીઓને સહ્ય તથા આવશ્યક છે તે આંહી કહેવાય છે.

ગર્ભ માટે ઋતુદાન થી આરંભી ને મરણબાદ બારમાના દ્વાદશાહ સુધીના અને શ્રાદ્ધાદિ વિગેરે પછીના પણ જે પ્રયોજનવાળા માનેલા છે, તે પણ નિજ દેશ કુલ આચાર વડે વિભિન્નરીતિના હોય છે, પણ સર્વને અવશ્ય કરવા પાળવાજ પડે છે.

સોળ સંસ્કારો સ્વીકારાયા છે, ૧. ગર્ભાધાન, ૨. પુંસવન, ૩. સીમન્ત, ૪. જાતકર્મ, ૫. નામકર્મ. ૬. બાહેરનિષ્ક્રમણ, ૭. અન્નપાશન, ૮. ચૌલ-કેશવપન, ૯. કર્ણવેધ, ૧૦. વ્રતાદેશ-જનોઈ, ૧૧. વેદારંભ, ૧૨. વેદસમાપ્તિ, ૧૩. વેદસમાવર્તનસ્નાન, ૧૪. વિવાહ, ૧૫. વિવાહાગ્નિ ગ્રહણ, ૧૬. ત્રેતાગ્નિ ગ્રહણમ્ અગ્નિહોત્રમ્, એમાથી યોગ્ય ચાલુ રહ્યા હોય તેટલાજ કરવાના. ૪/૫/૬ બાળકીને કર્ણવેધ સુધી નવ અને દસમો વિવાહ એટલા માન્ય છે, કન્યા કુમારના વિવાહ વેદમન્ત્રો વડે થાય, ચોથાવર્ણને પૌરાણીકશ્લોકો બોલીને વિવાહ થાય. આ જમાનામાં સીમન્ત, જન્મકર્મ, નામકરણ, અન્નપાશન, કેશવપન, કર્ણવેધ, ભણતર આદેશ, કંઠી શરણાગતિ મંત્ર, ગુરૂમંત્ર, જનોઈસૂત્ર, વિવાહ, આટલા ચાલૂ છે.

સુખે નિદ્રા આવે, સ્વપ્નમાં પણ ભય ન દેખાય, સુખપૂર્વક ફફડાટ વિના જગાય, અને શાન્તિથી લોક ભેગું રહેવાય, એવા ધર્મો માનવે શીખવા.

વેદો-વેદાંગો, શિક્ષા, કલ્પસૂત્ર, વ્યાકરણ, છન્દ પ્રબન્ધવ્રત, જયોતિષ, વૈદ્યક, રેખાવિદ્યા, કાવ્ય, કથા, વ્યાખ્યાન, ગાયન. શાસ્ત્રો-ન્યાય, વૈશિષિક, વેદાન્ત, મીમાંસા, સાંખ્ય, યોગ, સાહિત્ય, દર્શનશાસ્ત્રો, ચોસઠકળાઓ, લેખન, ગણન, વિભજન, વણાટ, શિલ્પ, ચિત્ર, યન્ત્રજ્ઞાન, સાંતિ ખેતી, બગીચા, રસોઈ, વેષ, કારીગરી કોતરણી, ગૂંથન, ભરતકામ, ઘડતરકામ, ચણતરકામ, આભૂષણકામ, વાસણકામ કપાસ રેશમ રસ માવો મેંદો ગૂંદ જન્યચીજો, યન્ત્ર, રસાયણ, શારીરજ્ઞાન, ભૂસ્તરજ્ઞાન, મોલ છોડ વૃક્ષ ઉછેર, પશુ રક્ષણ, બીજ રક્ષણ, ખાદ્ય રક્ષણ પ્રદાન, આદિઆદિક શીખવી. વૃતિ-ઉદ્યમ કામકાજ આજીવિકાની સર, ભૃત્યતા સેવા વિગેરે શીખવા. જીવન-જીવવાનું સ્વાસ્થ્ય પરિશીલન, વિઘ્નોનું ભાન, રોગ પ્રતિકાર વિગેરે અધ્યયન-ભણતર દેશી વિદેશી પ્રવાસોમાં ઉપયોગી, રાજ્યમાં પ્રજામાં વિદ્યાશાળાઓમાં ઉપયોગી, વેધશાલોપયોગી, વાયુમંડલ

જ્ઞાન, ભાષાજ્ઞાન વિગેરે. નિયમો કાયદાઓ, નીતિઓ રીવાજો, વિગેરે શીખવા. આજીવિકા માટે તો જે કાંઈ પણ શીખવું. આ લોકમાં ઉપયોગી તથા પરલોકમાં ઉપયોગી એવી વિદ્યાઓ સુખ કરનારી જરૂર શીખવી.

પિતાનું બીજ ગર્ભાશયમાં જાય તે પિતાથી ધાતુરૂપે જન્મ એક, પછી નવ માસ બાદ બાળક થઈને માતાથી જન્મ બીજો, બાળકને જનોઈ કે કંઠી મંત્ર કે દીક્ષા, વેદ દીક્ષા ત્યાગ દીક્ષા, વિવાહ દીક્ષા, એ પવિત્રતાનો જન્મ કે વ્યવહારૂં જન્મ, કે વિદ્યા માટે જન્મ, કે જનોઈ વડે જન્મ, કે ત્યાગિ દીક્ષા વડે જન્મ, આ બધા તૃતીય જન્મમાં ગણાય. આ ચાલૂ જમાનામાં તે પ્રમાણે છે.

મા બાપ, ભણાવનાર આચાર્ય માસ્તર, દીક્ષામંત્ર જનોઈ આદિ આપનાર ગુરૂ, તથા રક્ષક પોષણ કરનાર, તેઓ પિતૃતુલ્યોપણ પિતૃ ગણાય છે, તેને શ્રી હરિની ભાવનાએ માનવા સેવવા.

એ વૃદ્ધ માવતરોની મર્યાદાઓ જેવીસારી મનાતી હોય તેવી રાખવી, વૃદ્ધપણામાં અશક્તિમાં રોગપણામાં પરાધીનપણામાં તેઓમાં ભગવદભાવના રાખીને સેવા કરવી.

માતા, બહેન, ભાભી, ગુરૂપત્ની એ આદિ જે મોટાં નારી વર્ગ પુજ્યવન્દ્ય કોટીના હોય તેમને માતા પિતા ગુરૂની પેઠે જે ધર્મ મર્યાદામાં રહીને માનવા સેવા વડે રાજી કરીને આશિર્વાદ લેવા.

વિષ્ણુપત્ની લક્ષ્મીજીના, શંભુપત્ની સતીના, બ્રહ્માપત્ની, સાવિત્રીના સૂર્યપત્ની સંજ્ઞાના, આશીર્વાદો સમાન પૂજ્ય ગુરુવાણી નારીઓના આશીર્વાદો સેવા કરનારને ફળે છે.

પોતાથી નાના કોઈપણ રીતે હોય પણ તે પાંસે હિતકારી સદ્‌ગુણ હોય તે શીખી લેવો. શ્રેષ્ઠથી તો શીખવો જ, અને શીખવા માટે શુશ્રુષા પણ કરવી.

ગૃહસ્થાશ્રમ પહેલાની સ્થિતિમાં એવું શીખવું જે આખા જીવન માટે ઉપયોગી થાય, એવા યોગ્ય સાધન શીખ્યા પછી જ વિવાહ કરવો, અથવા એકપણે જ રહેવું કે ત્યાગાશ્રમ લેવો.

કુટુમ્બીભવનમાં સાથે રહ્યા થકા પણ સાધુતાનો આશ્રમ પાળી શકાય છે, ગૃહસ્થો સાથે કે ગૃહસ્થપણે પણ સાધુ વર્તને વરતાય તો તે સાધુપણું જ ગણાય, નિયમો પાળવા વડે સાધુતા વખણાય છે, ગૃહસ્થાશ્રમમાં પણ વૃતિની શાન્તિ થવાથી તેમાં પણ સાધુતા શ્લાધ્ય છે.

નારી પણ શીલવ્રતવાળી ગૃહસ્થધર્મવાળી પણ સતીસમાન સાધ્વીજ છે, પતિની પ્રસન્નતાપાત્ર હોવાથી સાધ્વી છે, તે પતિવ્રતા વ્રતવાળી છે. સાધ્વી સતીઓના ધર્મોમાં રહેવાથી તે ગૃહસ્થાશ્રમની સ્ત્રી પણ શ્રી હરિની પ્રસન્નતાપાત્ર પ્રિયા ગણાય છે.

નરનારી પરણેતર જોડલું સાધુવ્રતવાળું છે તે સાધુધર્મોમાં જ રહેલ છે, શ્રી હરિ તથા ગુ, ની કૃપા વડે ગાર્હસ્થ્યધર્મ પાલતું થકું તે આત્મામાંતૃપ્તિવાળૂં હોવાથી અધિક ભક્તિ વડે ભાગવતધર્મમાં જ રહેલું જાણવું.

ગૃહસ્થાશ્રમીથનાર, નિજમાં ભાવના ભરેલીસ્નેહ ભરેલી મનને ગમે તેવી યૌવન પ્રાપ્ત થએલી હોય તેવી કુમારીને પરણે. અને કુમારિકા પણ સુરૂપવાળો યુવાન હૃદયને ગમી જાયતેવો સારા સદ્‌ગુણોવાળો વર્ણ કામકાજ ઉદ્યમ કલા સ્વભાવ ગુણ હરેકમાં પોતાના જેવો જ કે વધારે જાણકાર હોય તેવો યુવાન જોઈને પરણે પરીક્ષા કરીને વિવાહનો સમ્બન્ધ કબૂલવો, તેમાં સાક્ષી રાખવા, વૃદ્ધોના આજ્ઞાવચનો પ્રમાણે તે સમ્બન્ધ કરવો, જે સમ્બન્ધ ઈચ્છતા બંને, તેમણે પોતાના ધન વૈભવ સમૃદ્ધિ કલા રહેણી કહેણી સમુદાય વિગેરે એક પ્રકારના હળતા મળતાં બાળપણથી શિક્ષામાં શીખાએલાં હોય તેવાઓએ વૈવાહિક સંબંધ કરવો, જેથી એકજ શીલ વ્રત ધર્મ કલા કામકાજ વલણ ઉદ્યમ ભવન ભૂમિ વિગેરે બંનેને સુખીયા કરનારાં થાય છે.

પૃથ્વીપર સર્વત્ર દેશવિદેશ પરદેશોમાં માનવ નરનારી સર્ગ એકજ પ્રકારનો છે, કોઈપણ નરનારીથી નર કે નારીની સૃષ્ટિ થાય છે માટે માનવ સર્ગ એક વિધજ છે. છતાં, સમાન ક્રિયા કલા ઉદ્યમ ગુણ સ્વરૂપ કામકાજ સ્વભાવ આદિ હળતાં મળતાં જ વિશેષ હોય તેમણે વિવાહિત થવું.

ભણેલાને ઘેર બોલાવીને કન્યાદાન આપવું-તે બ્રાહ્મ વિવાહ- ૧. યજ્ઞ કરીને તેમા વરરાજાને કન્યાદાન ન કરવું તે દૈવ વિવાહ - ૨. વર પાસેથી બે ગૌમાતા લઈને તે બદલે કન્યાદાન આપવું તે આર્ષ વિવાહ - ૩. બંને ગૃહિધર્મ પાલો એમ આશિષો આપીને કન્યાદાન આપવું તે પ્રાજાપત્ય વિવાહ - ૪. વર તરફથી દ્રવ્ય લઈને બદલામાંકન્યાદાન આપવું તે આસુર વિવાહ - ૫. વર અને કન્યા સ્વેચ્છાએ વિવાહિત થાય તે ગાંધર્વ વિવાહ - ૬. કન્યાને પરાણે ઉપાડી જઈને વિવાહિત થવું તે રાક્ષસ વિવાહ - ૭. ઉંઘમાં સુતેલી ઘેનવાળીનો સંભોગ કરી લેવો તે પૈશાચ વિવાહ-૮. આવા આઠ પ્રકારો વિવાહના છે, તેમાં પહેલા ચાર ઉત્તમ છે, પાંચમો, છઠો મધ્યમ છે, સાતમો કનિષ્ઠ અન આઠમો અધમ છે.

અમુક સમય જોડલું રહેશું, પછી નહિ એકાલબંધ નવમો વિવાહ ગણાય. સાડલો ઓઢાડવો ઈત્યાદિ ઘરઘરણું તથા દેરવટું વાળવુ વિગેરે દશમો વિવાહ ગણાય. તે સિવાય અગ્યારમાં નંબરમાં ૧. રખડું, ૨. દૂતી, ૩. કુટુની, ૪. દાબનારી સૈરન્ધ્રી, દાસી, નોકરાણી, ગણિકા, રૂતુમાં પીડાતી, ષણ્ઢી, ભિક્ષુકી, કાષાયવતી, નિરાધાર આદિકના છાનો ભોગો, વ્યભિચારો ગણાય છે.

છ વિવાહો વર્ગોમાં માન્ય છે માટે લોકમાન્ય ગણાયા, સાતમો ક્ષત્રિઓમાં બલિષ્ઠોમાં સ્વીકારાયો છે, આઠમા, અગ્યારમાં વ્યભિચારો છે, દસમો ધરધરણું છે. પછી દેશરીતિ પ્રમાણે વ્યવહાર, અને વ્યવહાર પ્રમાણે માનિનતા હોય છે. આવી રીતિઓ પણ જોડલા તરીકે અપનાવાય છે.

વિવાહિતોનાઔરસ પુત્ર, ગુરૂનો નિયમિત શીષ્ય, ખોળે બેસારેલ પુત્ર, ન્યાયવડે અધિકારી, જે જે ગણાય તે તે વારસાના અધિકારી જાણવા.

પુત્ર કે પુત્રી માવતરની મિલ્કતના સમ ભાગીદાર જાણવા. ઘણા દેશોમાં એ પ્રથા છે. રાજય કાયદો પ્રજા કાયદો જ જે હોય તે પ્રમાણે તે માનેલ છે.

નારી ના ઋતુઓની ગર્ભાધારણ શક્તિ સોળ રાત્રિઓ સુધી રહે છે, રજસ્વલાપણાનીચાર રાત્રિઓ ગયા પછી સ્નાન, અને પાંચમી સાતમી નવમી અગ્યારમી તેરમી પંદરમી રાત્રિ ઋતુગર્ભદાનમાં લેવાય તો બાળકી જનમે, છઠી આઠમી દશમી બારમી ચઉદમી રાત્રિ ગર્ભઋતુદાનમાં લેવાય તો દિકરો જન્મે. નારીને જમણે ભાગે ગર્ભાશયમાં દાન મળે તો પુત્ર જન્મે. ડાબે ભાગે દાન વડે પુત્રી જન્મે.

જયાં નારી વર્ગ સન્માન સત્કાર વેષ આભૂષણ ભોજન દાન આદિ વડે સુખી રહેતી હોય છે. ત્યાં ઘણી લક્ષ્મીઓ અને સમૃદ્ધિઓ વસે છે, જે વધે છે જ, તેના ઉણપ-હાસ થતા જ નથી.

નર વડે નારી, અને નારી વડે નર, જયાં સન્તોષી સુખી છે, ત્યાં શ્રી પોતે સંતોષ પામીને રહે છે. જમાઈ અને પુત્રી જયાં સંતોષ પામે છે ત્યાં તે ઘર સમૃદ્ધિ ભરેલું વધે છે.

પાપકર્મો વડે, દેઃખિયાઓના નિઃશ્વાસાઓ વડે, દેવ ગુરૂ માવતર વૃદ્ધો આદિકના અપમાનો વડે, નાસ્તિકતાપૂર્વક દ્રોહ વડે, અનાચારો વડે, તથા કુટુમ્બના શોધકો વડે, કુલ કુટુમ્બ અને ગૃહસમૃદ્ધિના નાશ થતા જાય છે.

માનવોને પાંચ સ્થલોમાં પાતકો અજાણ્યા પાપો પણ થતા હોય છે. ચુલ્લાના અગ્નિઓમાં, ઘણ્ટી દળાવતી વખતે, સાવરણી વાળતી વખતે, અનાજ ખાંડતી વખતે, પાણીના પાણીયારાઓ સ્થળે, તેનું નિવારણ અમુક દાનયજ્ઞો વડે થાય છે.

અગ્નિ દેવને ઘી ચોખા રોટલી, દેવોને થાળ નૈવેદ્ય ભોજન, ભૂત જે ગૌ શ્વાન કીડિ મકોડી પક્ષિ વિગેરેને ખાણ દાણા ફોતરી રાંધેલ અન્ન લોટ વિગેરે, અતિથિને અન્ન જલ આદિ, પિતૃઓને જલતર્પણ શ્રાદ્ધાદિ, આવાં હવિષ્યાન્નો, ભગવત્પ્રસાદી અન્ન જલો,આપે તો પાંચો પાપો નિવૃત થાય છે.

રૂષિઓ, પિતૃઓ, દેવો, પશુ પક્ષી કીટ વૃક્ષવેલીઓ, અતિથિઓ, રાજા, અને કારીગર વર્ગ, અનાથ, અનાશ્રિત, અપંગ, ગૃહીતર માનવો વિગેરે ગૃહાશ્રમિઓથી ભોજયપેયની આશા રાખે છે માટે ગૃહસ્થે કમાઈને એવો સર્વેને આપવું, અને પોતે વાપરવું, તેથી શાંતિ સુખ, અવિઘ્ન અદુઃખ સારવાનં સદા રહે છે.

સમય સમય પ્રમાણે શ્રાદ્ધ, દુગ્ધપાક પુરી શાક ઓદન ઘૃત મૂળ ફળ રસ વિગેરે વડે કરાવવાં, ક્રૂર તામસ આત્માઓને તૃપ્તિ કરાવવી નિરોધકરનારાઓની નડતરો નિવારવા, જે માગે તે, તથા નાત જાત કુલ આચારવિચારને અનુસારે યોગ્ય, ઉચિત હોય તે, આપવું.

આગન્તુકને આસન જલ અન્ન મધુપર્ક મીઠીવાણી સત્કારમાં યોજવી, અને કાંઈક આપીને હાથ જોડીને જતી વખતે નમન કરવું સ્વાગત આવજો એમ પણ કહેવું.

ખેરીઆત ખાતાનાં અન્નભોજી ગૃહસ્થ પોતાના પુણ્યનો નાશક થાય છે, ભગવન્નૈવેદ્યનો સ્વલ્પપણ કણિકો જમનાર માનવ નિજ પાપોનો નાશ કરનારો થાય છે.

દેવો, રૂષિઓ, પિતૃઓ, માનવો, ઘરના દેવો, બાળબચ્ચાઓને જમાડીને ગૃહસ્થે દેવોની શેષ અન્ન જળફળ રસચૂર્ણ ભોજન એવી હવિષ્ય પવિત્ર પ્રસાદી જમવી.

શ્રાદ્ધમાં ભૂખ્યાઓને, અનાથોને, બાલક બાલિકાઓને, ધર્મ અને દેવોને ભજતાઓને પવિત્ર માનવોને, સંતો, વિદ્વાનો, અને દ્વિજોને જમાડવા.

નાનાને, મામાને, ભાણેજને, સસરાને, ગુરૂને, જમાઈને, પુત્રીપુત્રને, ફઈ, મામામાસીના પુત્રો બંધુઓને, અને શિષ્યોને શ્રાદ્ધમાં જમાડવા.

વાયુની પેઠે અદૃશ્યપિત્રીઓ શ્રાદ્ધમાં જમનારાઓમાં હાજર થાય છે, પાત્ર પ્રમાણે પિતૃઓ જમે છે.

રજસ્વલાપણા વડે નારીઓ શુદ્ધ થાય છે, અગ્નિની પેઠે નારીઓ મેધ્ય પાવન ગણવામાં આવેલ છે, તેમણે ભર્તારનું વચન પાળવું, તે સ્ત્રીઓનો ઉત્તમ ધર્મ છે.

સાતઋષિઓનાથી પિતૃઓ થયા છે, બ્રહ્માનો મનુ, મન, ના ઋષિઓ, તેમા, વિરાટના પુત્રો સોમસદો, તે સાધ્યદેવોના પિત્રીઓ કહ્યા છે, મરીચિના પુત્રો અગ્નિષ્વાતાઓ, તે દેવતાઓના પિત્રીઓ કહ્યા છે, અત્રિના પુત્રો બર્હિષદો, તેઓ દૈત્ય દાનવ યક્ષ ગંધર્વ સર્પ રાક્ષસ ગરૂડ અને કિન્નરોના પિત્રીઓ કહ્યા છે, બ્રાહ્મણોના પિત્રીઓ - સોમપા નામના છે, ક્ષત્રિઓના પિત્રીઓ હવિર્ભુજ નામના છે, વૈશ્યોના પ્રિઓ-આજયપા નામના છે, શુદ્રોના પિત્રીઓ-સુકાલિન નામના છે, ભૃગુઋષિના પુત્રો સોમપા નામના પિત્રીઓ છે, અંગિરાના પુત્રો હવિષ્મન્ત નામના પિત્રીઓ છે, પુલસ્ત્યના પુત્રો, આજયપા નામના પિત્રીઓ છે, વસિષ્ઠ પુત્રો સુકાલિન નામના પિતૃઓ છે, પિતૃના પુત્રો દેવો અને માનવો છે, દેવો વડે સર્વ જગત સ્થિર અનેચર ઉપજયું છે.

માનવો મિષ્ટાનો વડે તૃપ્ત થાય, દેવો તેના રસો વડે તૃપ્ત થાય, પિતૃઓ તેના સુંગંધ વડે તૃપ્ત થાય, પિતૃઓ તેના સુગંધ વડે તૃપ્ત થાય છે, માટે રસોઈમાંથી તે બધાને ભોજય મળે છે.

સાક્ષાત માનવ સમૂહો, અને પરોક્ષ અદશ્ય સમૂહો, તે મહા ઉત્સવ આનંદમાં જમાડવા જેણે કરીને ઈચ્છાઓની શાંતિ થાય, તેણે કરી કાર્ય કર્યું તેની પ્રશંસા થાય.

મધ્યાન્હ પછીનો સમય, દર્ભ, શુદ્ધ લીપેલી ભૂમિ, શુભ, તલ, સુમિષ્ટ એવા અન્ન, પવિત્ર બ્રાહ્મણો, ધ્વિજો, સત્પાત્ર, આ બધા શ્રાધ્ધની સંપતિઓ છે.

પુત્ર થએ પિતૃ ઋણ ઉતરે, વિદ્યા ભણે તો ગુરૂ ઋણ ઉતરે, યજ્ઞદાન પુણ્ય કરેતો દેવ ઋણ ઉતરે, ઋણ ઉતરે તો મોક્ષભાગી થવાય.

માંસ સુરા અને મદ્ય અશુધ્ધજ છે, તે ન ખાવાં ન પીવાં, તો મોક્ષ પરાયણ થવાય.

મલ પોતે જ દુર્ગન્ધિવાળું છે, શબ પણ દુર્ગન્ધિવાળું છે. મલ, શબ, અને માંસ આદિ સદા વર્જવાં, ન ખાવાં ન પીવાં.

સુગંધિત સુપક્વ સ્વભાવથી ઉતરી ગએલું વિકાર પામી ગએલું અન્ન જલ રસ પણ માનવોએ તજી દેવાં.

કાગડા વિગેર અશુધ્ધ પ્રાણીનું અડેલું, કેશ કચરાવાળું, કીડી વિગેરે જંતુ ચઢી ગએલું, તથા અયોગ્ય જણાતું, એવું અન્ન જલ અનેરસ વિગેરે તજી દેવાં.

કોઈનું એઠું સુતકીનું અન્ન, ચામડાનું પાત્ર કે હાડકાનું પાત્ર અડલું, તથા ભ્રષ્ટપાત્રમાં રાંધેલું હોય, તો તેવું અન્ન ન ખાવું.

દુધ, છાશ, દહીં, શેરડી વિગેરે રસો, જલ ફલોનાં રસો, ઘી, માખણ, મધ, શરબત ગોળનું પાણી, આમ્બલવાણું, આદિક પીણાં વસ્ત્રાદિ આદિક પીણાં વસ્ત્રાદિ વડે ગાળીને શુધ્ધ કરીને જ પીવાં.

પાત્રો વાસણોની શુદ્ધિ મૃતિકા રાખ વારિ વન્હિતડકો પવન વિગેરે વડે થાય છે, જેને જે યોગ્ય હોય તેવા વિવેક વડે શુદ્ધિઓ કરવી.

ધોવા વડે ઘંસી નાખવા વડે રાખ વડે વાળવા વડે જેરીતે મલિનતા નાશ પામે તે વડે તેવી શુદ્ધિ કરવી.

સાવરણી કાઢવા વડે ભૂમિ શુધ્દિ, ઉના જળ વડે ચિક્કણ ભાગની શુધ્ધિ, રજ વડે, ધૂળ વડે, ક્ષાર વડે, તથા સૂપડા વડે, પણ શુધ્ધિ યથા યોગ્ય કરવી.

જલ પ્રોક્ષક વડે, ઉપર ઉપરથી કાઢી નાખવા વડે, ઉપર લિમ્પવા વડે, ઉપર અગ્નિ ફેરવવા વડે, વૃષ્ટિ વડે, લાંબા કાળ વડે, ઉપર થર ચોડવા વડે, છોલવા વડે, પણ શુદ્ધિ થાય છે.

જલ વિજળી અગ્નિ ગેસ કિરણ વાયુ ભુમિ એ સાદ પાવન જ છે, તેમાં થએલાં અશુચિભાગને દૂર કરવા.

રજ વાયુ અગ્નિ ભૂમિ આદિકના દ્રવણુક ત્રસરેણું તેમને અનિવાર્ય હોવાથી અશુચિતાનું નિવારણ કરવું જરૂરત નથી.

માખી મચ્છર કીડી કંસારી ચકલાં આદિ જન્તુઓ અશુધ્ધિઓ શુધ્ધિના સાંકર્ય કરનારાં છે, છતાં પરાણે અનિવાર્ય બનેલા અશુધ્ધ તેઓ પણ લોકમાં ગણકારતાં નથી. તેવી અશુધ્ધિઓ ધ્યાનમાં લેવાતી નથી.

મલોના, ઉકરડાનાં, નાલિકાઓ ગટરોના, સડેલી ચીજોનાં, વિકૃતગૂમડાં વિગેરેના, પશુ-પક્ષિના સડેલ મડદાનાં, મૂત્રોનાં અપાનવાયુંના દુર્ગન્ધો પરવશ થઈ ને સહન કરવા પડે છે, એ શુધ્ધ તો નથી જ.

જયાં અવશ્યક લાભ જ ગણાતો હોય, એવી અશુદ્ધિઓ પણ શુદ્ધિ તરીકે અપનાવવી પડે છે, સૂતકોને પણ અસૂતક ગણવાં પડે છે, બાળક જન્મ સમય, છઠીનો સમય, ગાયનો વત્સ જન્મ સમય, તથા અકસ્માતના સમય, રણસંગ્રામના, દેશ વિપ્લવના, પ્રાણક્ષણના, આતતાયિ, અવસરો, બાળકનું શુદ્ધિપણું કરતાં માતૃવર્ગ, વૈદરાજ,

અપવિત્રગૃહગટરો, ખાતર, એ આદિક પણ પરાણે શુધ્ધિની સહનતામાં આવકરાવા પડે છે.

ગૌશાળા મૃગખલી યજ્ઞકુંડભૂમિ દેવનિવાસ સ્થળી ગુરૂચરણ અને વનસ્પતિ ઉભ્દિજજ ખનિ સદા પવિત્ર મેધ્યજ રહે છે.

બુદ્ધિ જ્ઞાન, વિજ્ઞાન અને હૃદય તથા શાસ્ત્રોનું વાંચન એ સદા મેધ્ય છે, તે વડે પવિત્ર વિજ્ઞાન મેળવવું, જે વિજ્ઞાન લાકમાં અને મોક્ષમાં પુષ્ટિપ્રદ છે.

વિષયો અને પદાર્થોને ભોજન પાનરૂપે દેહમાં હોમવાના હોય છે પણ રૂપરસાદિ વિષયો ઇન્દ્રિયોમાં હોમવાના હોય છે, ઈન્દ્રિયોને રૂંધીને ક્રમથી અન્તઃકરણોમાં હોમવા, પ્રાણોને બુદ્ધિમાં હોમતા રહેવા, પ્રાણ અને બુદ્ધિને ચેતનમાં હોમતા રહેવા, ચેતનને સાક્ષિમાં હોમવો સાક્ષિ બ્રહ્મને પરબ્રહ્મમાં હોમતા રહેવું, આવો હવન તે સંતપુરૂષો યોગિપુરુષોનો છે, માટે ગાર્હસ્થ્યમાં પમ નરનારીઓએ સંતસતી રીતે હવન કરતા રહેવું, આમાં બધા હોમહવનો ચરિતાર્થ થાય છે જેથી, મોક્ષફળભાગી થવાય છે.

આવકમાં ધન ધાન્ય રસ ઉપકરણ સાધન આદિ જે કાંઈ લાભો થાય તે વડે યથાશક્તિ યાગ-દાન ઉત્સવોકરવા નિજ આધારે રહેતા પ્રાણીઓ ને તેમને યોગ્ય ચીજોનો વિભાગ ભોજનપાન સ્થળ રક્ષણ વિગેરે આપવા.

મલમૂત્ર થૂંકવુંઆદિ તે તેના યોગ્ય સ્થલોમાં કરવું, જલો વડે સ્થલોની અને શરીર ની શુદ્ધિઓ કરવી, ક્ષાર સાબૂ આદિ વડે, મૂતિકાવડે, મલિનતા બિલ્કુલ ન રહે તેવી શુદ્ધિ કરવી.

ગાંડાઓ ક્રોધિ સંગ્રામીઓને તથા પશૂઓને ભારવાહીને બલિષ્ઠ અને ઉત્તમ માનવને માર્ગ આપીદેવો પોતે વિનયથી પડખે કે દૂર થઈ ચાલવું, જેમાં વિઘ્ન ન થાય અને શોભે તેમ કરવું.

સંઘને સમાજને શબવાહીઓને અધિકારીઓને યોગિઓને, રોગીઓને, અશક્તોને નારીવર્ગને ક્રૂર પ્રાણીઓને પણ સ્વહિતેચ્છુએ માર્ગ આપી દેવો.

ભૂતપ્રેતોના રહેઠાણો તજવા, વિઘ્નોવાળાં નિવાસો ભૂમિકાઓ તજવા, પ્રાણ સન્દેહવાળા અવસર પ્રસંગો પ્રવાસો વાસોતજવા, અને દુઃખ ક્લેશ કાયમી જેનાથી થતા હોય તેને તજી પોતે સુરક્ષિત રહેવું.

ભય શક્તિ પ્રવાસમાં એકલાન જવું રાત્રિએતો એકલા જવુંજ નહિ, ભયસ્થાનોમાં પ્રવેશવું નહિ, શૂન્ય સ્થળકે ઘરતેમાં એકલા સુવું નહિં.

સ્વઘરમાં સ્મ્પતિ ધન, ગૃહજનમાં અણબનાવ ક્લેશ, તથા સ્વભાવ ચરિત્ર, તેના બીજા પાસે વર્ણન ન કરવાં, અધર્મ અન્યાય અનીતિવ્યાધિ અને ઉપાધિઓના અડ્ડા જેવા સ્થળો માં વધારે વસવાટ ન કરવો તેમની ઝપટમાં ન અવાય તેમ ખસી નીકળવું.

જયાં પ્રાણ રક્ષણમાં સન્દેહ જણાતો હોય તેવા વાહન ઉપર કે યન્ત્રમાં ન બેસવું, નહિ પહોંચાડી શકે તેવા સન્દિગ્ધ વાહનમાં, તથા વિઘ્નવાળા જળમાં તથા સ્થળમાં અકસ્માતિ જગ્યાઓમાં બેસવું ઉભવું પણ નહિં.

કોઈને તાડન કરવું, કોઈનો તિરસ્કાર ન કરવો, ક્રોધકે માનકે સતાવડે પણ જેમાં શત્રુતા ઉપજે કે વધે તેમ ન કરવું પણ આવેલા ભયને હઠાવવા પ્રયત્ન કરવો.

જયાં રસ્તાઓ અટકાવ્યા હોય, છિન્ડુ હોય, બંધ હોય, ત્યાં ચાલવું નહિં, અગ્નિની ભટ્ઠીઓને કૂદીને ઉલ્લંઘવી નહીં, હિંસક પ્રાણીમાં વિશ્વાસ કરવો નહિં.

પરસ્ત્રીયો માં બલજબરી થી ભય આપીને સંભોગ કરનારાઓને ધર્મ દેવના તથા બીજા વહ્નિ સૂર્ય આદિ સાક્ષિઓના અને માનવોના ક્રોપથી તથા શાપથી આયુષ્ય કપાતું જાય છે.

ઉદ્યમ કરવા ઉપર ફળ ન દેખાય તો પણ આત્મામાં શોક કરવો નહિં, ફરીથી ઉદ્યમ કરવો, સારો વ્યવસાય જરૂર ફલ આપનારો થાય છે.

સત્ય પ્રિય બોલવું, તે પણ હાનિ કારક જણાય તો નબોલવું નિરર્થક નિરસ આક્ષેપ કારક કે કલંક પ્રદ ન જ બોલવું.

હાથ ધોઈને જ પવિત્રકામ કરવું, બધાં શુદ્ધિવાળાં કાર્યો દેવ સમ્બન્ધી કર્યો, તથા રસોઈના તમામ કાર્યો, ધોએલા શુદ્ધ હાથ વડે કરવા.

હીન નિમ્ન માણસોને તિરસ્કારવા નહિં, પ્રકૃષ્ટ માણસને ઉતારી પાડવા નહિં, અયોગ્ય ને મસ્તકે ઉંચા ચઢાવવા નહી, નિર્ગુણ થોડી બુદ્ધિના માણસોને કાઢી મેલવા નહિં.

આખીરાત્રિ ધુન્ય ભજન મહોત્સવ એવા એવા રાત્રિધર્મ પણ જો પ્રજાલોકોને ન ગમતા હોય અને આવકાર ન પામતા હોય તો તેવા ઉપાધિકારક ધાર્મિક આચારોને બંધ રાખવા અને તે લોક ને માન્ય થાય તેવા ધર્મદિન-મહોત્સવ આચરવા.

લોકહૃદય અને શાસ્ત્રમાં મળતી વાત હોય તે ઉતમ રીતે આચરવી, પણ તેવી વાત ન હોય તો તે તજવી, અને સુખી થવું.

બીજાએ કરેલા અપમાન તિરસ્કાર સહેવા, પણ વિપરીત થઈને સામા તિરસ્કાર ન કરવા ક્ષમા રાખવી સાધુતા નમ્રતા રાખવી, આવા આચારવાળો પૃથ્વીપર વિજયી થાય છે.

લોકમાં જે દાન અપાય છે, તે દાનનું ફલ તે ચીજ ભવિષ્યમાં મળે છે માટે પોતાને જે જોઈએ તે યથાશક્તિ ગૌ ભેંસ અશ્વ હાથી વૃષભ ક્ષેત્ર વાટિકા બગીચા રસ અન્ન જળ અમ્બર આભૂષણ ભવન ઉપકરણ ધન સુવર્ણ રૂપુંવાસણ વાહન કન્યાદાન જનોઈદાન શય્યાદાન ઓષધદાન જ્ઞાનદાન આદિક આપવા.

ઈશ્વરેચ્છા વડે જે કાંઈ તેની મેળે પ્રાપ્ત થાય તે ગ્રહણ કરવું, માનવોથી આત્માર્પણ તથા આત્મીયાઅર્પણ જે કાંઈ અયાચિત પ્રાપ્ત થાય તે ગ્રહણ કરવું, દેવાર્પણ બુદ્ધિથી સ્વીકારવું, તે સુખપ્રદ થાય છે.

આ બધી સામાન્ય આચાર ચર્યા તે સુખકારક છે, અતિ વિસ્તાર નથી કર્યો, આ યુગ વિસ્તાર નથી માગતો, માટે જનોથી પળે તેટલી જ ચર્યા મેં શ્વેતાયન વ્યાસે કહી છે.

✣ અધ્યાય-૪ ✣

અથ પાટોત્સવના મહાન ઉત્સવમાં વિજ્ઞાની સંત વિપ્રોએ આદરથી શ્રીશ્વેતાયન વ્યાસને દેહધારિઓના વિશેષ ધર્મો પૂછ્યા.

હે પ્રભો ! વિશેષપણે શું શું આપવું ! વ્રત કેવું કેમ પાલવું, વર્ષમાં શું શું કરવું, ગુરૂમાં દેવમાં શ્રી હરિમાં પણ ક્યા વિધિથી રહેવું.

હે સંત વિપ્રો તમોએ પૂછયું તેનું હાર્દ મારાથી સાંભળો, મનુની માનવ સૃષ્ટિમાં વેદો બ્રહ્મા અને મહર્ષિઓ ધર્મ નિયમના આયોજન કરનારા છે.

પરમેશ્વરે પૃથ્વી જળ વહ્નિ પવન તેના યોગમાં વનસ્પતિઓ સફળસપત્ર સપુષ્પ એવા રચ્યાં, ગૌ આદિ દુગ્ધ અમૃતવાળા રચ્યાં, તથા મધુર આદિ રસો રચ્યા.

પ્રભુએ બધું રચીને વિશ્રાંતિ માટે સુખપ્રદ રાત્રિઓ દિવસો ઋતુઓ વેલીઓ કંદમૂળો ફળો ગાય ભેંસોનારીઓ વિગેરે માનવવર્ગને માટે રચી આપ્યા.

તે તે દેહધારીઓને નિજ નિજ જ્ઞાતિઓની સૃષ્ટિઓ પૃથક પૃથક સર્જીને તેમાં તેને યોગ્ય સ્મૃતિઓ નર માદાઓ ભોજયપાનાદિ રચી આપ્યા અને પરસ્પર સુખી થાય એવી રચના કરી. જેને બીજા કોઈ લઈ લૂંટી ન જાય.

પ્રભુએ એવી મોટી કૃપા કરી છે, કે બધી ખાણ્યોમાં જુદું જુદું રચ્યું છે. હંસો કોકિલાને ન અડે, સિંહો ગાયને ન ભોગવે, વાણીને બીજી બીજી જાતિ ન સમઝે.

તેમાં તેમાં વિશેષતા તમામમાં તો એ કે પોત પોતાનાં ટોળામાં કુટુંબમાં વંશ વિસ્તાર વધે, હરિણ વાનર કબુતર મક્ષિકા કીટ મધમાખી ભ્રમણ વિગેરેને નિજ વંશમાંજ વિલાસિતા વિગેરે છે. વૃક્ષ વેલીઓને પણ નિજમાંથી જ ઉપજ્યો ગોઠવી, બીજમાંથી વંશો ગોઠવ્યા.

માનવોની સૃષ્ટિ નાત જાત જુદા પણાવાળી તે ધર્મને માટે આદરવાળી કરી છે, તેથી દંપતી ધર્મો અદંપતી વિગેરે ધર્મ અર્થ કામ અને મોક્ષ માટે નિયમિત રચ્યું છે.

માટે તે તેના ધર્મોને પાલે તો સ્વર્ગમાં અને મોક્ષમાં જઈ સુખી થાય, સર્વે વર્ગો વેદશાસ્ત્રની આમ્નામાં વરતીને પરલોકના ભાગી થાય છે.

નારી પતિવ્રતા ધર્મ વડે પતિને સેવીને અને પતિ પત્નીને રાજી રાખીને પરલોકમાં સુખમયી ગતિવાળા થાય છે.

તમામને પોતાની સ્થિતિની પાત્રતા પશંસનિય છે, પાત્રમાં સેવા ઉપકાર દાન સાહાય્ય વિગેરે સુખદાયી થાય છે. અપાત્રમાં સેવા વિગેરે કરવાથી કરેલ પણ ન કરેલ હોય તેવી વિકૃતિ ને પકડે છે.

પોતાનો ઘાત કે બીજાના શરીરનો ઘાત ન કરવા તથા દેવતાને માટે પણ કોઈનું હનન ન કરવું, તેમજ કોઈપણ દેહીના અંગછેદન ન કરવાં.

ક્યાંઈપણ ચોરી ન કરવી, જુગટું ક્યારેય રમવું નહિ, કોઈને કલંક ન દેવું, કોઈ સન્માર્ગે ને નિન્દવા નહિં.

દેવમન્દિરોમાં જઈને દર્શન દંડવત નમન વિગેરે કરવાં, કોઈનું કામ કરવા માટે તેનાથી લાંચ ન લેવી.

કપટિમાણસો ના ખરાબ સંગ ન કરવા, ક્લેશ અને ક્લેશોના મુલહેતુઓ પણ દૂર જ રાખવા.

જનોનું અપાન ન કરવું સન્ત સંગત કરવી, દર્શનાર્થ જવું ત્યારે ભેટ લઈને જ જવું.

ભગવાન પતિ અને ગુરૂની સેવા કરવી, સાવધાનપણે અક્ષતપણે ભગવદદર્શન કરવું.

જપ માટે માલા રાખવી, સુખી રહેવા શીલ વ્રત રાખવું, દાન અને વપરાશ માટે નાણું રાખવું, વિશ્રાન્તિ માટે ઘરબાર રાખવાં.

વિરક્ત આત્મનિવેદિભક્તનાં તમામ કામકાજ ભગવાન વાસ્તેજ હોય છે, શ્રી હરિ શરણાગતિ મંડળ સન્તો ભક્તોએ પોતાના વૈભવોવડે ગુરૂએ સમર્પિત એવા સ્વરૂપને સેવવું.

વૃદ્ધ પૂજ્ય ગુરૂ શ્રીહરિ કે રાજા વિગેરેને સન્માન આપવું, વિનયવડે ઉભા થઈને સારી સ્વાગત વાણીવડે સન્માનવા.

શ્રીહરિની મૂર્તિ ધારનારા ગુરૂદેવ સર્વેદાન વડે સેવવા, મોટાઓના પણ સમ્માન કરવા, સમ્માનનો ભંગ ન કરવો.

સદા આત્મકલ્યાણ માટે નિયમો પાળવા, કે કથા કરવી સાંભળવી, કીર્તન કરવું, જપ કરવો, પૂજા કરવી સ્તુતિ બોલવી, પ્રદક્ષિણા કરવી, દંડવત પ્રણામ કરવા, નૈવેદ્ય ધરવું જલફલ અર્પવાં પુષ્પહાર તુલસીપત્ર આરતી તથા ભક્ત સમૂહભોજનાદિ કરવા કરાવવા.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ નું પુજન કરવું, તેમના ચરણકમલોનું પૂજન કરવું, તેમની ચિન્હકથાચરિત્રોનો અભ્યાસ કરવો, આબધું આનંદથી કરવું.

એકાદશી શિવરાત્રી રામજન્મદિન શ્રીકૃષ્ણજન્મદિન, શ્વેતાયનહરિ વ્યાસરૂપ દિન વગેરેના વ્રત કરવાં તેમાં મહોત્સવો કરવા દુધ જલ ફલ હવિષ્યાન્ન યથાયોગ્ય ગ્રહણ કરવું.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા શ્રી બાલકૃષ્ણ પ્રભુનુ વ્રત આશ્વિન કૃષ્ણાષ્ટમી માં કરવું, ભગવાનને અન્નકુટ ધરાવવા ભક્તોએ પ્રસાદ જમવા,

શક્તિ અને રૂચિપ્રમાણે તીર્થયાત્રાઓ કરવી, શિવસતી ગણેશ સૂર્ય વિષ્ણુ એ દેવોને આશ્રયપ્રમાણે પૂજવા.

પ્રેત પિશાચડાકણી ભૂતોના વળગાડમાં હનુમન્મન્ત્ર તથા નારાયણ ક્વચ જપવા, વળગાડ જાય અને શાન્તિ થાય ત્યાં સુધી જપવા.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રી બાલકૃષ્ણપ્રભુ સોળવર્ષસમમૂર્તિ નિજબ્રહ્મલોકમાં સ્વરાટ પ્રભુ વ્યતિરેક સ્વતન્ત્ર મૂર્તિ વિરાજે છે તે શ્રી હરિ ઈશ્વરોમાં માયામાં અને જીવોમાં જડચેતન સર્વે માં કાયમ મળીને જ શરીરી એવા વિશિષ્ટયુક્તજ રહ્યા છે, કોઈ પણ તત્વમાં બ્રહ્મ તો છે જ અને બ્રહ્મમાં પરબ્રહ્મ રહ્યા છે, આવી રીતે તમામ સૃષ્ટિઓમાં જીવઈશ્વર અને માયામાં બ્રહ્મ અને બ્રહ્મમાં પરબ્રહ્મ એમ વિશિષ્ટ બ્રહ્માડ્વૈત છે, આપણું શરીર માયા, માયામાં જીવ, જીવમાં બ્રહ્મસાક્ષી અને બ્રહ્મમાં પરબ્રહ્મ એવી રીતે વૈરાજ શરીરમાં વૈરાજનારાયણ ઈશ્વર તેમાં બ્રહ્મ અને બ્રહ્મમાં પરબ્રહ્મ આમ-જડચેતન-માયા જીવ ઈશ્વર વિશિષ્ટબ્રહ્મ અને બ્રહ્મમાં પરબ્રહ્મ એકજ અદ્વૈત, રહ્યા છે, તે જડચેતન વિશિષ્ટ બ્રહ્માદ્વૈત અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે, સ્થૂલ સૂક્ષ્મ તમામમાં છે છે ને છે, આવા અનેક હોવા છતાં ભેગા વિસેષણો સહિત વિશેષ્ય એક જ છે એમ વિશિષ્ટ બ્રહ્માદ્વૈત એક મેવાડદ્વિતીયં બ્રહ્મ, એ શ્રુતિને કહેલ છે.

શ્રીહરિની શરણાગતિ વડે જીવો અને ઈશ્વરો ના મોક્ષ થાય છે, ભક્તિ તે ભગવાનને રાજી કરવાનો હેતુ છે, જ્ઞાન તે ભગવાનના સ્વરૂપનું દર્શન કરાવવામાં હેતુ થાય છે, વૈગરાગ્ય વડે બંધન તૂટે છે, ધામમાં શ્રીહરિના ચરણમાં નિવાસતે મોક્ષ છે, સેવા તે પ્રેમભરેલા રસ-ઝરણાવાળી, વિવિધ સ્વરૂપ રૂપ ધરી ધરીને ભગવાનને રાજી કરવા રૂપી ફળવાળી છે.

આત્મા, પોતે ચેતન છે, જડને પ્રવર્તાવે તેવો છે, સત્સ્વરૂપ છે, ચિતજ્ઞાન સ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, ચૈતન્ય જ્ઞાનવાન છે, આનંદ સુખવાન છે, નિત્ય તૃપ્તિ સંતોષ પ્રીતિ વિગેરે ગુણવાળો છે, તેની અંદર અણુમૂર્તિ સાકાર દિવ્યમૂર્તિ શ્રી હરિ નિજ ઘર માનીને વિરાજે છે, જ્ઞાન દ્રવ્ય વડે ભરેલો છે, જ્ઞાન સ્વરૂપ છે, અંદર વિરાજતા શ્રીહરિની મૂર્તિ સમ સારૂપ્ય મૂર્તિ માન એવો છે, સાકાર દિવ્ય શ્રી હરિના નિત્યયોગથી દિવ્ય સાકાર અને શ્રી હરિ ભેળો યોગબળ વડે પ્રકાશવાન દર્શનીય સ્વરૂપ છે, પરબ્રહ્મ એ બ્રહ્મ સમાન રૂપ વાળો છે જ્ઞાન ઈચ્છા પ્રયત્ન શાંતિ વાળો છે ધર્માદિ ભાવનાવાળો છે, સગુણ છે, સુખાદિ અવસ્થાવાળો છે.

આત્મા ઐશ્વર્ય અને સિદ્ધિઓ વાળો છે, ધામમાં ધામની પેઠે ધામના ધામીના યોગથી સેવક છતાં સ્વામી ના સ્વરૂપે. સ્વરૂપવાન નિત્ય એક સ્વરૂપી સાકરના રસના નાળીએરની પેઠે એક ચેતન તત્વ જ્ઞાન દ્રવ્ય આત્મા છે, બ્રહ્મના ગુણોને ભોગવે છે, ધામમાં તેને બ્રહ્મ ગુણોનો પ્રાવિર્ભાવ થાય છે. આ સૃષ્ટિમાં તો કર્મફલોનો પુણ્યાદિક ને ભોગવે છે સુખાદિકને ભોગવે છે.

સર્વ જ્ઞાનવા, વિધારણાદિ શક્તિમાન, સર્વપ્રકારના બલવાન, અનંતૈશ્વર્યવાન, અખુટ વીર્યવાન, અતિ તેજવાન સર્વરીતે આ આત્મા વર્તે છે. તેમાં માયા ચોંટેલી નથી અંધારારૂપી પાપ નથી, તેને શોક દુઃખ નથી, ગઢપણ વિકાર નથી, મરણ નાશ નથી, ભૂખ કે તરસ નથી, સત્યકામનાવાળો છે, સત્ય સંકલ્પવાળો છે, ભગવાન સાથે નિજ સ્વરૂપે આવિર્ભુત સાકાર મૂર્તિ છે.

ઈશ્વરાત્માઓ હિરણ્યગર્ભ, વૈરાજપુરૂષ, મહાવિષ્ણુ, ભૂમાપુરૂષ, મહાપુરૂષ, અનિરુદ્ધ પ્રદ્યુમન સંકર્ષણ આદિક સૃષ્ટિના નેતાઓ તે સચ્ચિદાનંદ છે, સાકાર છે, દિવ્ય છે, શુધ્ધ સત્વમય મૂર્તિઓ છે એશ્વર્યધન સાકાર સદગુણ સિધ્ધિવાળાઓ છે, અસંખ્ય શક્તિઓ વાળા છે, સૃષ્ટિમાં સુકુટુમ્બીઓ છે અને ધામમાં મોક્ષમાં ભગવત્સારૂપ્યમાં ભગવદગુણોવાળા ભગવત્સ્વરૂપવાળા મુક્તો છે, સેવા કરે છે, ભગવત્સ્વરૂપે સ્વરૂપાવિર્ભાવમાં નિષ્પન્ન છે.

સત્વરજઃ તમ એવા ત્રણ ગુણોવાળી માયા તે જીવોના યોગવાળી છે, શુદ્ધ સત્વધર્મ વાળી, તે ઈશ્વરોના યોગવાળી છે, માયા સ્વયં જડ તત્વ છે રજોઘ ના અંધકારઘના છે, પણ ઈશ્વરોના આવેશવાળી હોવાથી જડચેતના છે ઈશ્વરોના યોગ વડે મહતત્વ અહંકાર ચિત મન શ્રોત્રત્વક ચક્ષુ રસના ઘ્રાણ વાક હાથ પગ પાયુ ઉપસ્થ શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ આકાશ અનિષ્ટ અનલ સલિલ અવનિરૂપે તત્વાવસ્થામાં વર્તે છે, મૂળ માયાનો પતિ પુરૂષ છે, તે બન્ને પ્રકૃતિ પુરૂષ ગણાય છે, એકલો પુરૂષ, તે ભગવદિચ્છા વડે અને બ્રહ્મદ્વારા પ્રેરણા વડે તે મુક્ત માયાનો સ્વામિ થઈ ને પ્રધાન પુરૂષો તથા મહતત્વાદિકોને ઉપજાવે છે પ્રધાન પુરૂષો ઈશ્વરોની સૃષ્ટિઓને રચે છે વૈરાજ પુરૂષો બ્રહ્માદિકની સૃષ્ટિઓને રચે છે, જીવોમાં ઈશ્વરોમાં માયામાં મુક્તોમાં તત્વોમાં બ્રહ્મ સાક્ષી છે તે વ્યાપક છે, અને બ્રહ્મ માં પરબ્રહ્મ રહ્યા છે, એક પરમાણુ પણ ખીલી નથી એવી રીતે મળેલા તત્વો છે, તેમને વિશિષ્ટ તત્વો વર્ણવાય છે, તેમાં બ્રહ્મ છે અને બ્રહ્મમાં પરબ્રહ્મ છે, આવા વિશિષ્ટ બ્રહ્મમાં અદ્વૈત એકજ બે નહીં એવા ભગવાન રહ્યા છે. મોક્ષમાં ધામમાં સર્વે બ્રહમુર્તિ ઓ મુક્તો છે, અને માયા નિજ સ્વામીમાં લીન આત્મશક્તિ સૂક્ષ્મ રહી જાય છે. સૃષ્ટિ થાય ત્યારે વિષમ સ્વરૂપે બાહેર આવે છે અને સર્જન આદરે છે.

મુક્તજનો બ્રહ્મ સ્વરૂપ છે, પરમેશ્વર એવા શ્રીહરિને સ્વરૂપે છે, સદા સોળ વર્ષના ભરપૂર ભરાવવાળા દિવ્ય તેજસ્વીઓ છે, નિજસ્વામિસમાન સુરૂપ સારૂપ્યા વાળા છે ભગવાનની ઈચ્છાભેળી પોતાની ઈચ્છા વડે સેવક સેવિકાના અનેક સ્વરૂપ ધારીને સેવાકરનારા છે, ભગવાન સુખે અને બ્રહ્મસુખે તથા નિજ આનન્દે સુખીયા છે. તે બધા તેજોધન મૂર્તિઓ છે, બ્રહ્મસમાન ઔશ્વર્ય વાળા છે, સચ્ચિદાનન્દ છે, સર્વ પ્રત્યક્ષદર્શીઓ છે.

બ્રહ્મતત્વ બે સ્વરૂપે છે, પોતે એક જ બે સ્વરૂપે ભગવાનની ઈચ્છા વડે સેવા અને આધાર એમ બે માટે વર્તે છે, સ્વામીએવા શ્રીહરિની સેવામાં શ્રીહરિસમાન સુરૂપ સોળ વર્ષ ની મૂર્તિ વર્તે છે. અને તેનું બીજું સ્વરૂપ પ્રકાશ ધામ સર્વાધાર વ્યાપક છે, તે ઉજજવલ અક્ષર બ્રહ્મલોક છે સર્વને પ્રકાશિક્ત કરે છે, સર્વત્ર વ્યાપક છે, ભગવાનના વ્યાપ્ય છે બધા તત્વોમાં વરતે છે, તે ચિદાકાશ દિવ્યાકાશ બ્રહ્માકાશ બ્રહ્મલોક અસીમ છે સર્વત્ર છે માટે સર્વે બ્રહ્માત્મક એમ વર્ણવાય છે, ભૂમ-તત્વ છે સચ્ચિદાનન્દ ચેતન તત્વ છે, સર્વનું આધાર છે, સર્વમાં અન્વિત છે, પ્રકાશધન મૂર્તિ અને પ્રકાશધન વ્યાપક એમ રહે છે, તે શ્રીહરિની મુર્તિનું સમસ્તતેજ બ્રહ્મ અક્ષર ધામરૂપે અને સેવકસ્વરૂપે છે.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન સર્વસ્વામી સર્વપતિ એવા પ્રભુ છે, સ્વયં મુક્તોને અને ભક્તોને પ્રત્યક્ષ એવા આનન્દધન દિવ્યમૂર્તિ છે, સર્વોપાસ્ય સોળ વર્ષની મૂર્તિ છે,

તે ઉત્તમ પ્રાણપતિ છે, તે સર્વ અવતારોના ધર્તા છે અવતારી ભગવાન છે, તે આંહી ભૂમંડળમાં અને ધામમાં પણ તે એકજ છે, ભજવા યોગ્ય પૂજવા યોગ્ય ધ્યાન કરવા યોગ્ય સેવવા યોગ્ય તે છે, તે સર્વાત્મા છે સર્વેમાં અન્વયી તે છે સ્વરાટ રાજાધિરાજ સાક્ષાત્ દર્શનીય છે તે પરમેશ્વર અવતારી છે. અક્ષરધઆમમાં મુક્તોએ સેવેલા છે, તે પરમાઽક્ષરધામમાં આપમે પામવા યોગ્ય છે, તેમના આભુષણો વેષોઃ સાધનો ચિન્હો ગુણો ઐશ્વર્યો સામથ્ર્યો શક્તિઓ વિગેરે મૂર્તિમાન મુક્ત સ્વરૂપે થઈ શ્રીહરિને સેવે છે, મુક્તો વડે તે સેવાએલા છે, ત્યાં મુક્ત મક્તાનિકાઓએ સેવેલા છે તેજ શ્રીહરિ ભગવાન આંહિ પણ છે, તે ભગવાન સર્વત્ર નર નારીઓએ પતિભાવે સખી ભાવે સ્વામીભાવે સેવવા યોગ્ય સ્વતંત્ર પુરૂષોત્તમ છે.

સારી સ્થિતિમાં માણસ બધા ધર્મો સાચવી શકે, કફોડી સ્થિતિમાં તો જેવડે પોતાનું રક્ષણ થાય તે ધર્મો ગણાય પોતના અને પારકા સ્વાસ્થ્યો જે વડે સંચવાય તેઓને ધર્મો અપનાવી લેવાય.

સ્વલ્પ વ્યય વડે નભવું, પણ કરજ ન કરવું, કામનાઓના વેગમાં વિવેકિજનો નિન્દ્ય કાર્ય ન આચરવું.

સ્વકુટુંબી નારીઓ સાથે એકાંતમાં ન રોકાવું, ધન અનાજ જલ બળતણ કડબ વિગેરેનો જથ્થો રાખવો.

દેવા લેવાના વ્યવહારો, તતા વિવાહાદિકના સંબંધવાળા સર્વ વ્યવહારો, દ્રવ્ય આદિ લેવડ દેવડમાં સાક્ષિ રાખીને કરવાં.

આવજ જાવક લખવી, દશાંશથી ઉપરના ભાગ શ્રીકૃષ્ણ નારાયણ માટે વાપરવા. વ્રતોની ઉજવણીઓ સમય પ્રમાણે કરવી કરાવવી.

કામ કરનારાઓને મહેનતાણું કહ્યું હોય તે પ્રમાણે આપવું, મહોત્સવોમાં પોતાના ધન ધાન્ય વસ્ત્ર વાહનાદિક આપવાં.

સતાવાળાઓએ પ્રજાને, નિજાશ્રિત માનવાદિકને, પુત્રની પેઠે પાલવા, નિરાધારોએ પોતાનું જીવન રક્ષમ થાય તેમ જીવીકાઓ વડે વરતવું.

અનાથ સ્ત્રીઓએ ધર્મથી જીવન નિર્વાહ કરવો, પણ નિંદ્ય કર્મ વડે નિર્વાહ ન કરવો.

દેખ્યું પણ મનને ક્ષોભ ન કરે તો ચક્ષુનો જય જાણવો, મનનમાં લીધું પણ વિપરીત વિકાર ન કરે તો માનસજય જાણવો. રસદાર ચાખ્યું પણ રસાલતા ન જણાણી તો રસના જીતિ જાણવી. કામના સાંભરી પણ ભોગવૃતિ ન થઈ તો કામ જીત્યો જાણવો.

બીજા ઘ્રાણ સ્પર્શના વિજય તો સહેલા છે, તે તેમાં મોક્ષભાગી હોય તો તે આત્મા સંત જ હોય, નિર્વાહ પૂરતો જ વ્યવહાર હોય તો તે સર્વે ઈન્દ્રિયનો જય જાણવો ઉદાસ થઈ જાય તો જગત જીત્યું જાણવું.

વાસનારહિત જગતમાં સ્નેહરહિત, ભગવાનમાં ભક્તિ, પરાયણ, તે વિજયવાળો જ છે, તે નિર્બન્ધન છે મુક્તાત્મા છે, આંહી જ ધામવાસી છે, શ્રીહરિને માટે જ સર્વ સત્ક્રિય છે.

ભક્ત જને અહંકાર મમકાર તજવા, વિષય તરીકે વસ્તુ વૃતિ તજવી, શારીર સુખ તજવું, શ્રીહરિની મૂર્તિનું સુખ લેવું.

રાજા અને ધનવાળાઓએ ધર્મશાલાઓ મંદિરો સારાં અન્ન ક્ષેત્રો કરાવવાં, ઔષધની વ્યવસ્થાઓ,જલની વ્યવસ્થાઓ વૃક્ષોની છાયાંઓ વિશ્રાંતિના આશ્રયો, દેવપ્રતિષ્ઠાઓ, યજ્ઞશાલાઓ, ભણતરની પાઠશાલાઓ, વિદ્યાલયો અને ગ્રંથો રચાવવા.

ગૃહી ઘરમાં રહીને ગૃહધર્મોને સાત્વિક રીતે પાલે વૈરાગ્યવાન ત્યાગધર્મોને પણ સાત્વિકરીતે પાળે યતિ સન્ત સાધુધર્મોને શાન્તિપ્રદ એવા પાળે, તેમાં તામસભાવ ન આવે એ વિશેષતા ઉપર ધ્યાન રાખવું.

સઘવા પોતાના પતિના લગતા ધર્મો પાળે, વિધવા તો ભગવાનના ધર્મો પાલે, કુમારિકા વિદ્યાના ધર્મો પાલે, તે તે વિશેષ પણે ખાસ ઉપયોગી હો તેવા પાળે, પતિની આજ્ઞાઓ તે પતિ ધર્મો ગણાય, શ્રીહરીની આજ્ઞાઓ તે શ્રીહરિના ધર્મ ગણાય, ગુરવાણીની આજ્ઞાઓ તે વિદ્યાધર્મો ગણાય, અને જ્ઞાન આપનારા ધર્મો તે સર્વ સમ્મત પણ ગણાય.

✤ અધ્યાય-૫ ✤

પવિત્ર ચીજો દાનમાં આપેલ લઈ લેવી, બધાને જમણમાં ઉપકારી થાય તે લેવાય, અન્નપિષ્ટ જલ તુવેર મગઅડદ શાક ભાજી ઘી મશાલો જીરૂ તજ લવિંગ મેથી રાઈ આદિ રસોઈ માટે ગ્રહણ કરવાં પાત્ર દુધ દહીં તેલ લવણ હળદલ શૂંઠ મરચાં આદુ કોથમીર રાઈ કંદ મૂળ પાન પુષ્પ ફૂલ મોર છાશ માખણ મધ સાકર, ગોળ, ખાંડ આદિક જે પાવન અને ભોજનમાં ઉપયુક્ત એવા પદાર્થો ગ્રહણ કરી લેવા, દાન આપે તો લેવાં, પ્રોક્ષણવડે પાવન ગણાય છે.

દીપ, યાન, ઘર, ધાન્ય, કણ, શય્યા અમ્બર, સુવર્ણ, ભૂમિ, ધરા, રૂપું, ત્રાંબું, પિતળ, અંગરખી, કડીયું, પાઘડી, કમ્બલ રજાઈ, પલંગ, ખૂરશી, ટેબલ, સાવરણી, ઘટ, થાળી, તપેલી ડબરા વાટકા, કળશા, ચમચા, તાવેથી, ડવલા, ભૂમિયાનશકટ,

જલયાનવહાણ, વાયુયાન વિમાન. ગૌ, બકરી ભેંસ, હાથી, અશ્વ, પોઠિયો કોઠી, પેટીપટોરો દર્ભ, ધાણા, ગન્ધ સુગન્ધ, મણી મોતી, આભૂષણ પછેડી સાડી ઓઢણાં, પારા, માળા, કંઠી આદિઆદિક જે પોતાને સાધનોની જરૂરત હોય તેવા પાવન પદાર્થો જરૂર દાતાર પાસેથી લેવા.

એવી રીતેજનતા સાથે સાપેક્ષજીવી, જનસમાજના આશીર્વાદ પરાયણ, જનતા માટે પ્રયોજન અને સહાયલેનાર, માનવ જરૂર સ્વર્ગ મેળવે છે, નિત્ય વૃદ્ધોનો સેવક, નિજ પશુ પક્ષીના પોષણ કરનાર, બાળક અનાથ અનાશ્રિત નિરાશીનો પોષક આધારરૂપ, જરૂર સ્વર્ગ મેળવે છે, વિભાગ કરીને વાપરનાર આપનાર, મિષ્ટ બોલનાર, ઘરનું રક્ષણ કરનાર, નારીવર્ગનાં આશીર્વાદ લેનાર, ન્યાયવાળો, જરૂર સ્વર્ગને મેળવે છે.

કુટિલતા ચૌર્યાદિરહિત, સંકુચિત વૃતિરહિત દેવોની અદશ્ય તત્વોની આસ્થાવાળો, ધર્મ તરફ ઢાળવાળો, સાત્વિક ધર્મોના રક્ષણપરક, ઉદાર માનવ, તે સ્વર્ગમાં જાય છે. લોકોના કલ્યાણ કરનારો, વિનીત, સર્વેને આશ્રય આપનાર, સર્વેને આવકાર આપનાર, માન આપનાર, નિર્માની વૃત્તિ વાળો, સારા સદગુણોવાળોઃ બ્રહ્મ સંબંધવાળો, તે સ્વર્ગ મેળવે છે. ઉપકારક શાલાઓ કરાવનારો, વાડા ક્ષેત્ર બગીચા તળાવ નદી નદ નાલિકા રચાવનારો, નલજલ આપનારો, ગ્રામ્ય નગરનો ઉપકારક, અને રક્ષક, તેવો માનવ સ્વર્ગને પામે છે, સીમ સીમાડો જમીનો ગૌચર બીડ ધાર ઘાસ સ્થળીઓનો રક્ષક, રોગી અને અપંગને દયાવડે આધારરૂપ પરદુઃખ હરનરા, બધાને સ્વાગત વડે પ્રસન્ન કરનારો, શ્રધ્ધાવાળો, એવો માનવ સ્વર્ગ મેળવે છે.

ઈર્ષ્યાદિ દોષરહિત, અસૂયાદિ રહિત, દ્વેશરહિત, ભાંગફોડમાં ન ભળે તેવો આંખ્ય હાથ, પગ, જેના અકર્મ નથી કરતાં એવો માનવ સ્વર્ગાધિકારી છે.

નિત્ય પોતાની સમીપે આવનારાઓને વિશ્વાસ કરવા યોગ્ય, જેનાથી ભય ન ઉપજે તેવોઃ ત્રાસ ન ઉપજે તેવો, આશ્વાસન આપનારો, માન સત્કાર આપનારો, આવનારનું ઈષ્ટ કરી દેનારો, ન્યાય આપનારો, શંકારહિતપણે પાસે જવા લાયક હોય તેવો, પ્રસન્ન હૃદયવાલો, ધ્યેયમાં ધ્યાન આપે તેવો, નિર્ણય લાવનારો, બહુજનોએ સંમત કરેલમાં ભળેતેવો, તિરસ્કાર ન કરે તેવો, મતિસૂઝ આપનારો, મોટો હોય પણ આવનારની સમકક્ષામાં વર્તનારો, મોટા કે ઉગ્ર કર્તવ્યમાં સંતોષ થાય તેવું ચીંધનારો, શુદ્ધ રીતે સહાય કરનારો, નક્કી કરેલ ને પણ બહુમતે પરિવર્તન કરે તેવો બુદ્ધિવાળો, બહુમાન્ય માનવ તે જરૂર સ્વર્ગને પામે છે.

આપત્યકાળમાં બંધુ તરીકે ઉપયોગી, નિર્ધનમાં ભાઈની સમાન વર્તનાર, પરાભૂતિમાં બલ દેનાર, જીવનમાં ઉપકારક, મોટા ખર્ચાળ પ્રસંગમય અવસરમાં અનુગામી, પોતાનું માનીને પૂરૂં કરનાર, વિઘ્નોનો ટાળનાર, ઘણાની કટુવાણીને સહન કરનાર, અપમાનને પી જનાર, સર્વ સહનાર, સર્વને રાજી કરનાર, સર્વમાં નિજવત જોનાર, વર્તનાર, સર્વની પ્રસન્નતાનો પાત્ર બ્રહ્મદૃષ્ટિપરાયણ, દેશના ભંગાણમાં તથા પ્રેતોના સ્મશાનમાં તથા ભયસ્થલમાં, દુષ્કાળમાં, બીજાથી પીડાતા જનોમા, તજેલ, લુંટેલ, કુટુંબિમાં સ્વાત્મવત જે રક્ષણ કરનારો થાય છે તે માનવ સ્વર્ગમાં જનારો થાય છે.

સ્વર્ગમાં દેવો દેવીઓ પોતાના પુણ્યોને ભોગવે છે, આંહી જે પુણ્યધનવાળો હોય તે પુણ્યધન વડે સ્વર્ગમાં જાય છે, આ ધર્મો વિશેષપણે કહ્યા છે. તેને ભગવાનમાં અર્પીને આચરનારો તો ભાગવતભક્ત થઈને બ્રહ્મલોકમાં આનંદકરનારો મહાન મુક્ત થાય છે.

વિપ્રોએ વેદ શાસ્ત્રો વેદાંગ તથા રાજ્યશાસ્ત્રો ભણાવવા. જે કોઈ કામકાજ ઉદ્યમ વડે નિજ જીવિકા નિર્વાહ થાય તેવા કામકાજો યુગને અનુસારે નજિ ક્ષેમ રક્ષણ માટે કરવાં. દેવતાઓ તીર્થો શાસ્ત્રો મંદિરો ધર્મો દ્વિજો માં હળીમળીને રક્ષણ કરવા અને સેવવા.

ક્ષત્રિયોએ પ્રજાઓના કામકાજ ઉદ્યમો નિભાવવા સાંચવવા અને વધારવા, યજ્ઞો કરાવવા અને નિભાવના કામકાજ મા, પ્રજાને ટેકા આપવા, માનવ પશુ પક્ષી પ્રાણધારી કીટ પતંગ વિગેરેની રક્ષાઓ કરવી, શરણાગતની રક્ષા કરવી, યજ્ઞો વડેરાજીથાય તે દેવો કહેવાય, શરણાગતની રક્ષા કરનારા ક્ષત્રિયોગણાય, અન્નધનના દાનેશ્વરો વૈશ્યો ગણાય, કામકાજ મજૂરી કરનારા સેવકો ભૂત્યો ગણાય, ભિક્ષુકો બધા સંત સાધુઓ ગણાય, લુંટે આંચકે તે ચોરજાતિ કહેવાય, ઉદારતા રાખે તે ઈશ્વરો ગણાય, પ્રમદાઓ તમામ ભૂમિક્ષેત્રો ગણાય, ષંઢ વ્યંગ ગાંડા રખડુઓ બધા પશુઓ ગણાય, સર્વેની પ્રાણયાત્રા વૈશ્યને આધારે છે માટે વૈશ્યવર્ગ તમામનો પ્રાણવર્ગ છે.

સેવા, દાસતા, ભૃત્યતા, શિષ્યતા, ઉપકારિતા, દિવસેમજુરિતા, કર્મકારિતા, ભારવાહિતા અનુષ્ઠાનવતા સીમરક્ષિતા નગરી સાફસૂફીમત્તા, આવી રીતે ગરીબવર્ગને નોકરી માયલાં કર્મો હોય છે. તેઓ પોતાના કર્મ કરતા રહે, પરમેશ્વર બુધ્ધિ વડે નિભાવ કરે, ન્યાયનીતિ વડે વરતે, ધર્મબુધ્ધિ વડે અનુચરપણું સાંચવે, તો તેઓ સ્વર્ગગામી થાય છે. અને તેઓ ભક્તિ વડે ભગવાન તથા સંતની સેવા કરે, ભાગવતી દીક્ષા લયે, તો જરૂર બ્રહ્મને પામે છે.

પશુઓના શબ લઈ જનારા સ્મશાનભૂમિના રક્ષક ચામડાના સાધનો બનાવનારા કચરા મલ હરનારા (૩૯) ડમરૂ વિપંચી મુરજ ઢોલનગારૂં વગાડનારા, તંત્રી ઝાંઝ મોટા

ઢોલ બીગલ વગાડનારા ગાલ સાથળ બાહુ વગાડનારા, નૃત્ય હાસ્ય વિલાસ તાલ કરનારા, નેણ ઉછાલનારા, નારી વેષ ધારનાર ભાંડભવાયા નટ તથા કાંસીયા ઢોલકાં મયુર તંબુરા આદિ વગાડનારા, શસ્ત્રો વડે ખેલ કરનારા તથા દેખાડનારા, કૌતુક રચનારા આવા લોકો પણ નીતિ ધર્મવાલા હોય તો, સ્વર્ગમા જનારા છે.

લોકમાં દુરાચારી હોય છે, તે જો મને પરમેશ્વરને ભજે તો, અનન્ય ભજનારાઓને સન્ત ગણાય છે અને બ્રહ્મધામને પામે છે, મલિન રહેતા હોય, આચારોમાં પણ મલિન હોય, પણ જો મારા ભક્ત થાય અને મારામાં બધુ અર્પણ કરનારા થાય તો મારા યોગ સંયોગથી તેઓ પણ મારા ધામમાં અને અનાદિ શ્રીકૃણનારાયણને પામે છે, આ માનવ જન્મ તે સંસારમાં અંતિમ છે, તે મારી પ્રાપ્તિને માટે મેં રચ્યો છે, તેમાં મારા આશ્રયવાળા થાય એવા મારા ભક્ત કોઈપણ હોય તો પણ મારા અક્ષરધામને પામે છે, નારી કે નર મારામાં સ્નેહલગ્નિત થઈને મારામા સર્વસ્વ સમર્પિત કરનારા થાય તો મારી પ્રસન્નતા પાત્ર થયા થકા તે મારા અક્ષરધામમાં મને પામે છે. (૪૬) જે માણસો મને ઉદ્ધાર કરનારા જાણે છે, અને મારો આશ્રય કરે છે તથા મારામાં સર્વાર્પણરીતે વરતે છે તો તે મારા અક્ષરધામને પામે છે, ગાનારા, વગાડનારા, શીલવ્રત નહી પાળનારા, એવા બીજાઓ પણ જો મને ઓળખીને મારો આશ્રય કરે તથા મને મોક્ષ આપનારા સમઝે તો તે ગૃહસ્થ મરા ધામને પામે છે, હું શ્વેતાયન વ્યાસ અનાદી શ્રીકૃષ્ણનારાયણ છું, તો મને ભજીને પ્રસન્ન કરીને આહી જ મત્પરાયણ થાય તે મારા ધામમાં જાય છે, હું શાસ્ત્ર દ્વારા જ્ઞાન આપનારો છું તથા સર્વેનો ઉધ્ધાર કરનારો છું, મારા આશ્રય વિના બીજા સાધન સમ્પતિ ન હોય તો પણ મારા આશ્રયથી હું શરણાગતનો ઉદ્ધાર કરનાર છું.

આ મેં મારૂં હાર્દ સ્પષ્ટ કહ્યું આવા હાર્દવાળા થએલા મારભક્તોએ મારૂં હાર્દ પાળીને મારા અચ્યયુત પદમાં જવું.,

✤ અધ્યાય-૬ ✤

પવિત્ર માનવે અમેધ્ય દુર્ગન્ધી એવા કન્દ કે પીણાં વિગેરે ખાવા પીવા નહિ મળના સડામાં જ સાક્ષાત થએલા કન્દમૂળાદિ ખાવા નહિ, મદ ગાંડાઈ અને મૂર્છા લાવે તેવા તથા ધાતુ અને લોહીને ફાડી બગાડી નાખે તેવા ચાંટણ નાસ્તા વિગેરે લેવા નહિં.

ઘેટીનું દૂધ ઊંટડીનું દૂધ, એકડાબલાવાળા પ્રાણી ગર્દભી આદિકનું દુધ, નારીનું દૂધ, મૃગ, સેમર, રોજ, હાથણી, ભૂંડણ, વિગેરે ના દૂધ ન પીવા ન ખાવા તેના દહિ વિગેરે પણ ન ખાવા શ્વાન માર્જાર વાનર આદિજાતના દૂધ ન ખાવા ન પીવાં.

જે માનવ પશુઓના વધના ક્લેશો નથી ઉપજાવતો તથા પ્રાણીઓને બંધનમાં નથી રૂંધતો, તે સર્વેનો હિતકારી છે અને નિત્ય સુખી રહે છે, આજ્ઞા આપનારા, કાપનારા,

પ્રાણલેનાર, વેચાતું લેનાર અને વેચનાર, રાંધનાર, પીરસનાર, અને ખાનાર, એ બધા મારનારા ગણાય છે, તેવા ઘાતકીઓને મોટું હત્યાનું પાપ લાગે છે, કારણકે તેમાં પ્રાણીના પ્રાણ ને છુટા પડાય છે, અને પોતાને કોઈ પ્રાણ છુટા પાડે ત્યારે જે દુઃખ તડફોડા અને શાપ નીકળે છે, તેવાજ પ્રાણીના પણ દુઃખ તડફોડા અને શાપ નીકળે છે, માટે ન ખાવું.

જે અશુદ્ધિ માંસ આદિ નથી જ ખાતો, ઘી દુધ ઘઉં ચોખા વિગેરે દેવની પ્રસાદી ને જ ખાય છે, નિત્ય કંદમૂળ ફળ આહારવાલો પાવન છે, તથા દેવતાને ધારક પૂજક છે, તે સ્વર્ગમાં જાય છે.

ગૌમાતા વત્સ સહિતા આપવી, જાજા દુધવાળી સત્વ સ્વભાવા, શાંત સ્વભાવા સોઝી ગાયનું દાન આપવું, તેણે કરીને દાતા ઉતમ સ્વર્ગને પામે છે.

ભેંસ કન્યા વિત ભવન અને ગૃહ સામગ્રી ના દાન આપનાર નિરામય એવા સ્વર્ગમાં જાય છે.

જ્ઞાનદાન દેનાર પરમેશ્વર સમ્બન્ધવાળી દીક્ષા આપનાર વસ્ત્રઆપનાર કમ્બલ આપનાર શાશ્વત સ્વર્ગમાં બ્રહ્મલોકમાં જાય છે, ગામ આપનાર, અરણ્ય આપનાર, અખાત સરોવર આપનાર, મોલાતવાળી ભૂમિ આપનાર, ખેડ્ય વિનાની બીડભૂમિ આપનાર તે નિરામય સ્વર્ગમાં જાય છે, બાગ ઉદ્યાન બગીચા આપનાર, ફૂલ પુષ્પઆદિના રૂતુનાપ્રદાતા, ઘાંસવાળી સ્થળી દાતા, તૈયાર લાણી પડે એવા ક્ષેત્રદાતા, શાશ્વત સ્વર્ગમાં જાય છે.

ગૃહસ્થ ધર્મી થવામાં બધી ચીજોના દેનાર, તથા મધ્યની ચીજોના આપનાર, તથા ગુપ્તદાન દેનાર શાશ્વત સ્વર્ગમાં જાય છે, માનવોને જે વડે તુરન્ત તૃપ્તિ મળે એવા રસ કસ પાન ભોગ્યના દાન આપનાર, હૃદયમાં શાંતિવળે એવી ચીજ પ્રદાતા, તેવા સુખકારી દાનો વડે જરૂર શાશ્વત ધામ રૂપી સ્વર્ગમાં જાય છે.

દાન એ બહુ મોટું વ્રત છે, સર્વ કાંઈ આપી દેવું તે તો ત્રિલોકી માં વખણાય છે, આવા વ્રતવાળો ભગવાનની પ્રાપ્તિ મેળવે છે, અને સાધુજનોનો સેવક થઈને બ્રહ્મલોકને પામે છે.

પુત્રદાન દેનારી, કન્યાદાન કરનારી, પોતાનું દાન કરનારી, સર્વપ્રકારના દાન આપનારી, શ્રીહરિને પામીને બ્રહ્મલોકમાં સુખી થાય છે. જે દાન વડે દુઃખીઓના દુઃખ મટી જાય, અને સુખી થાય તેવા દાન લેનારની તૃષ્ણાનિવૃતિ માટે વિવેકથી આપવા.

આસન, ભૂમિના પથરણા ગલીચાઓ, મોટા બૂંગણો, આકાશના ઉલ્લેચો, પડખાના પટ આવરણો દિવાલો, મણ્ડપ, તમ્બૂઓ, ગાદલાં વિગેરે આપવા, લાંબી રાવટીઓ ડેરીઓ સભાના ઢાંકણ, દીર્ઘ તાકાઓ, દાનમાં આપવા, થાકેલાને દાબવા, દેવોના પૂજન કરાવવા, રોગીની સેવાઓ કરવી કરાવવી, ગુરૂના વસ્ત્રો ધોવા, ઠામ ઉટકવા, માર્ગમાં યાત્રાળુઓ અને પ્રવાસિઓને વિશ્રાન્તિ ગૃહો કરાવવા આવા ધર્મ પુણ્યપ્રદ કાર્ય કરાવનારને સ્વર્ગ મળે છે. દેવ ગુરૂ, માતા પિતા, આશ્રિત કુટુમ્બ, પશુ આદિકને સદગતિ માટે વ્રતોનાં પુણ્યનું દાન આપવું, પણ પોતાને ભોગવવા માટે પુણ્ય મોક્ષમાં આડું આવતું હોય તો તે ઈષ્ટદેવને અર્પણ કરી દેવું અને મોક્ષમાં જવું, પુણ્ય ભોગવવા ક્યાંય રોકાવું નહિ.

સર્વ દાનોમાં શ્રેષ્ઠ ભગવાન ઓળખી ઓળખાવીને ભજાવવા, ભગવાન આપવા, આ દાન અતિ ઉત્તમ છે, બ્રહ્મદાન જ્ઞાન વડે આપવું, આવો બ્રહ્મદાતા આ માનવના એક જ જન્મ વડે બ્રહ્મલોકને પામે છે.

પાંદડા, પુષ્પ, ફળ, જલ, કાષ્ઠ, છાણાં આદિ દાનમાં આપનાર પણ સ્વર્ગને પામે છે. મીઠું, સાવરણી ઠામવાસણ, કડબ પૂળા, સાંઠીયું, બોયાં, સાંઠાવાંસબરૂં શેરડી, કુંવળ, ઢુંસા, બરી, તલસરા, કાચાપાત્ર, મૃત્પાત્ર, આદિના દાન આપનાર પણ સ્વર્ગમાં જાય છે (૨૫) કાંકરી રેતી, ચુનો આદીના દાન આપનાર પણ સ્વર્ગમાં જાય છે, કેતકી તેનાં દંડા, દોરડાં, નાડા, સીંચણીયાં, દોરી, રાંઢવાં, કપાસ, રૂ, પૂણી, દોરા, ભીંડી, શણ, રેશમ, હીરાગળ, વડછાલ, વલ્કલ, તજ, જાવંત્રી આદિકના દાન આપનાર પણ શાશ્વત સ્વર્ગને પામે છે.

દેહપુજાર્થે,અતિથિ સન્ત માટે, નોકરચાકર અનાથ માટે, ગૌ, હાથી, કબુતર આદિક માટે દાન ગ્રહણ કરી લેવું, તે પાછું ન વાળવું, નિષેધ કરવો નહિ.

માનવો માટે દાન વિગેરે કહ્યા, દેવો અને પિતૃઓને માટે શ્રાધ્ધ દાન, નૈવેદ્યદાનાદિ કહ્યા છે. બપોર પછી પિતૃઓને શ્રાદ્ધમાં અન્ત જલ, ફલ, રસ આદિ આપવા. બધી શ્રાદ્ધસામગ્રીઓ હાજર હોય તો પુણ્યકાળ માં સૂર્ય સંક્રાન્તિઓમાં દૈવી મહોત્સવોમાં, પુત્ર જન્મદિનમાં, પોતાને રૂચિ થાય ત્યારે પણ શ્રાદ્ધો કરાવવા. ભાદરવાના પિતૃ પક્ષમાં, સ્વર્ગવાસીની મરણતિથિમાં તીર્થમાં, પવિત્રલાભ વિપ્રસન્ન મળે ત્યારે નારાયણબિલ મહાશ્રાદ્ધ પણ કરાવવું, યજ્ઞયાગમાં, અમાસમાં, સૂર્યચન્દ્રના ગ્રહણમાં, પ્રેતની મુક્તિ માટે પણ શ્રાદ્ધ કરાવવું. ભૂતપિશાચના ઉપદ્રવોમાં તેની સદગતિ માટે શ્રાદ્ધ નારાયણબલિ શ્રાદ્ધ કરાવવું.

જેટલી શક્તિ હોય તે પ્રમાણે સર્વે શ્રાદ્ધો કરાવવાં, તે વડે તૃપ્ત થએલા પિતૃઓ, આયુષ્ય, પરીવાર, ધન, વિદ્યા, સ્વર્ગ, રાજ્ય આદિ આપે છે.

વસુદેવતાઓ રૂદ્રદેવો, ધન્વન્તરી, અશ્વિનકુમારો, ગણેશો, કાર્તિકસ્વામી, હનુમાન, વિષ્ણુ, કુલદેવો, કુલદેવીઓ, માતૃકાઓ, જોગણીઓ, વસન્ત આદિ ઋતુઓ, કામદેવો, રતિપતિઓ, શ્રવણદેવો, અર્યમા આદિ પિતરો વહ્નિગણો, ઈશાન આદિ દિકપાળો, સિધ્ધિઓ, નિધિઓ, મનુઓ, મરૂત દેવો, નદીઓ, વાલખિલ્યો, નદો, મેઘો, વિધુતો, યક્ષો, સાધ્યદેવો, વિશ્વદેવો, નાગદેવો, લોકપાલો, ભૂતો, પ્રેતો, પરેતક, આ તમામને નૈવેદ્ય આપ્યાં હોય, તે શ્રધ્ધાએ આપેલા જમીને તૃપ્ત થઈને શ્રાદ્ધ કરનારાઓને તેના તેના ઈષ્ટ પદાર્થો આપનારાઓ થાય છે. દાતારને ત્યાં સમૃધ્ધિઓ અખૂટ રહે છે.

માનવ બલયુવા વૃદ્ધ વિવાહિત અવિવાહિત વિગેરેનું મરણ થયે તેની પાછળ વૃક્ષમાં દુધહાણ્ડી, જળહાણ્ડી, ટાંગવી, તેને તૃપ્તિ થવા તે અપાય છે. બારમે દિવસે દહાડામાં અન્નાદિ ભોજન આપવા. (૩૮) વચ્ચેના દિવસોમાં શ્રાદ્ધોમાં વિપ્રહાથે યોગ્ય દાનો, શ્રાદ્ધો અપાવવા, શય્યા, પાત્ર, વસ્ત્રો, વેષ, મોજડી, આદિ અપાવવા. અવિવાહિતને માટે વાછડા, વાછડીના નીલ પરણાવવા, લાલ રંગના ધોળાં ટબકાવાળા વત્સને નીલવત્સકહેલ છે. તેને વિધિ પ્રમાણે પૂજવા, પુચ્છે પાણી રેડવા, ખાવાનું આપવું અને આશીષ લીધા પછી, કર્મ પુરૂં થયે, છોડી મેલવા.

ગરૂડ પુરાણ બેસારવું, તે વડે જ્ઞાન દ્વારા પ્રેતને શાન્તિ થાય છે, અને પ્રેતને આપવાનું તે દ્વારા જાણવા મળે છે, અપાતું જાય છે, તથા પ્રેતનું શરીર બધાય તે પણ જાણવા મળે છે. ભાગવત પુરાણ સપ્તાહ વંચાવવું, તેણે કરીને પ્રેતનો મોક્ષ થાય છે. ધુન્ય ભજન કીર્તન ભોજન પાન કરાવવા.

પ્રથમ પ્રથમ પ્રેતાત્માઓ ક્ષેત્ર વાડી ઉધાન વિગેરેની ઉપજમાં હાનિ કરવા માંડે છે, એક દશકા પછી બીજા દશકામાં ગાય, ભેંસ, બળદ, આદિ પ્રાણીઓની હાનિ કરવા લાગે છે, પછી ત્રીજા દશકામાં ગર્ભ અર્ભક, બાળ, કિશોર, આદિ નાના વર્ગની ક્ષીણતા કરવા માંડે છે, અને ચોથા દશકામાં સાવ નિર્વશ કરી નાખે છે. તેવી પીડા મટાડવા માટે પ્રેતોને શ્રાદ્ધ આપી મોક્ષમાં મોકલવા.

જો શક્તિ ન હોય તો, તીર્થ તો જળકળશ ભરીને જળમાં જળ રેડવું, આ જળ વડે, તથા કદલી ફળ વડે દર્ભ વડે ભાત પાંદડા વડે પાંખડી વડે શાકભાજી વડે પુષ્પ વડે બોર વડે, પણ શ્રાદ્ધ કરવું. આકાશમાં હાથ ઉંચા કરીને તાલી વગાડીને ફળ દળ આપીને શ્રાદ્ધ કરવું. (૪૭) તીર્થમાં જલમાં સ્થળમાં દેવમંદિરમાં પવિત્ર ઘરમાં પણ પ્રેતના નામ લઈને

પોતાની થોડી શક્તિ છે એમ બોલીને સૂક્ષ્મ થોડું પણ શ્રાદ્ધ આપવું, એવા જળપત્ર દળ પુષ્પ આદિ વડે પ્રેતો તૃપ્તિ પામે છે, હું અસમર્થ છું. છતાં આવા સાદા જળ પત્રાદિ અર્પવામાં સમર્થ છું, તમો મારા ઉપર ક્ષમાવાળા હો. તે વખતે પૂર્વજોના નામ લઈને કહેવું, હે પિતામહાદિ, આમ બોલીનેકોઈ સત્પાત્રને કેળું કે ફળ જળ વિગેરે આપવાં, ગોમાતાને ઘાંસ આપવું. આ પ્રમાણે શ્રાદ્ધ કરનાર ક્યારેય વિનાશને પામતો નથી.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણ શ્રીહરિ, શ્રીપ્રભુ, શ્રીરામ, શ્રીસ્વામી, શ્રીનારાયણ, શ્રીપતિ, શક્તિપતિ, ભક્તિપતિ પરબ્રહ્મ તથા બ્રહ્મમાં વ્યાપકમાં શ્રદ્ધા રાખીને આપવું, શ્રીશંભુમાં શ્રી વિષ્ણુમાં શ્રીબ્રહ્મામાં, શ્રીઈશ્વરોમા, શ્રદ્ધાવડે આપવું. (૫૨) દેવતાઓ ગુરૂવર્ગો, ભિક્ષુકવર્ગો, બધા પિતૃઓ સમાન છે, જે જે તૃષ્ણાવાળા તે તે આ લોકમાં પિતૃઓની સમાન પિતૃઓ છે, તેઓને આપવું, એવું આપવું કે જે વડે આશીર્વાદો મળે, તથા તેઓને સારી તૃપ્તિ આપે, અને તૃપ્તિ પછીના આશીર્વાદો તેસ્વર્ગમાં દાતારને સુખ આપનારા થાય જ છે. સર્વ દાનનું ફલ સુખ શાન્તિ છે.

✤ અધ્યાય-૭ ✤

આત્મા માનવશરીરમાં પોતાના તમામ પુણ્યાદિને ભોગવીને શરીરથી રવાના થાય ત્યારે પ્રેત થયો ગણાય છે, અને પ્રાણથી વિયોગ પામેલ શબ મૃત્યુપાત્ર થયું કહેવાય છે.

જાગ્રતમાં કે સ્વપ્નમાં વારંવાર મૃત્યુના ચિહ્નો સાક્ષાતકાળનું આમંત્રણ કરનારા દેખાય છે. (૨)

સમીપે જે કૃષ્ણસર્પ ડાબીકોર જાય, એમ માર્ગમાં આડો ઉતરેતે, તથા માથા ઉપર કાગડો બેસીને ઉડી જાય, તે મૃત્યુનો ભય જણાવનાર છે.

ઘુડ અને ચીબરી આકામાં માથા ઉપર ક્ષણમાત્ર સ્થિર થઈને બોલીને આવવાની દિશામાં પાછા જાય તે, તથા તેનું એવું અકસ્માત દર્શન થાય તે, મૃત્યુનો ભય જણાવે છે. શિયાળ સામે આવીને દાંત દેખાડીને તિરસ્કાર કરે, વડસકું ભરતી અથવા છેટેથી જ પાછી જાય, તો તે મૃત્યુનો ભય જણાવનાર છે. હોલો માથા ઉપર કે ખંભે પડીને ભાગી જાય કે માથે મોભારે એવે સ્થળે બેસીને બોલે તે મૃત્યુ ભયનું સૂચક છે.

ફીયાવડી પોતે પડખામાં અને ઉપરિભાગે અવકાશમાં નજીકમાં આવીને વારંવાર શબ્દ કરીને ચકાવો નાખતી રાતે અંધારે ઉડતી જાય તે મૃત્યુભય આપનારા છે.

અતિ આકરો તપસ્વીનો શાપ, યમદુતોનું સાક્ષાત દર્શન, યમદૂતની છાયાં કે અંધારામાં આકાર દેખાવ, કે ઘર ઉપર ઉતરવું એવું જોવાય, તે મૃત્યુનો ભય કરનાર છે.

નરને શરીરના ડાબા અંગો, નારીને શરીરના જમણા અંગો, વારંવાર ફરકવામાંડી પડે, પગ હાથ ની ગળાની અને નાક કાનની નાડીઓ ખેંચાવા માંડે કેઠરડાઈ જવા લાગે, ધનુર્વા ઉપડી જાય તો, તથા હાથ પગ મુખભાગો માં જલ્દી સોજો થાય એને માટે એવી સ્થિતિ મૃત્યુની સૂચક છે.

શરીરને અડખે પડખે જોવામાં દૃષ્ટિ ટૂંકી થતી જાય, અડખે પડખે ઉડતા તારાઓ દેખાય, વૃક્ષ વેલીઓની છાયા સચ્છિદ્રા વચ્ચે વચ્ચે પીળી કાળી દેખાય, પોતાની છાયા ન જ દેખાય, પગની પાછળની એડીઓ ભૂમિને ન અડે, તથા ધૂળમાં અર્ધા પગલાંજ પડે, ફેફસાની ગતિ અતિ ઝડપવાળી, કાં અતિ મન્દતા વાળી ઉપરા ઉપર જણાય, તથા વારંવાર રેબઝેબ પરસેવાઓ, ઉની વરાળો, તમસ, અન્ધારાઓ આવે, તે મૃત્યુના ચિન્હો છે.

અરણ્યમાં ભૂત પ્રેત પિશાચ, પિશાચણી ચૂડેલ ના અંધારે દર્શન થાય તો તે જલ્દી મૃત્યુ ઉપજાવનાર છે.

અધીરતા કંપારો, ધ્રુજારો, ત્રાસ, પ્રાણનો ફફડાટ, ફેફસાનો ઘડઘડાટ, શક્તિઓનો લય, બલરહિતતા, શરિરના અવયવોના ખળભળાટ મારામારીને ખળભળાવ, કાલરૂપધારી કોઈની વડઝ મૂર્છાનો આવેશ, શૂનકારની આપતિ, આ બધાં ઉતાવળીયાં ઉપડે, તો મૃત્યુભય દેનારા છે.

શસ્ત્રો મૃત્યુનો ભવનો છે, ઝેર મૃત્યુનું ઘર છે, ત્રિદોષ સાહસ કર્મ અને વૈર તે મરણની શય્યાની સોઢ જેવાં છે.

સ્વપ્નમાં રાત્રિને છેડે બકરાના રથમાં અકાશમાં દક્ષિણ દિશા તરફ જાય, તેને મૃત્યુભય આવે છે. ગર્દભ ઉપર અવળે મોઢે બેસીને, ઉંટ ઉપરઅવળે મોઢે બેસીને દક્ષિણ દિશામાં જાય, શિયાળને રીંછને, સિંહને, વાનરાને, મઘરને, બીલાડાને ગામ ભુંડને પાડાને, શબને, વાહન કરીને કે આગળ આગળ હાંકીને કે પૂછ પકડીને દક્ષિણ દિશા તરફ જનારને તથા તેવું જોનારને જલ્દી મૃત્યુભય આવે છે.

નગ્ના નારી દેખાય, લાલ વસ્ત્રવાળીનો ભોગ કરાય, બથમાં ભેટાય, સળગેલી ચિતા દેખાય, ભૈરવ ભૂત, યમદૂત ડાકિની રાક્ષસી, સર્પિણી, ખાલી કબર, પોતાનું શબ, મારામારી, મરણસ્થિતિ, કાલો પુરૂષ ઉગ્ર દેખાય, ભેંશનું પુચ્છ પકડીને નદી તરે, વચ્ચે મુકાઈ જવાય, પુરમાં તણાય, મુણ્ડીયા દેખાય, પ્રેતના વાહનો દેખાય, શબને લઈને જાતા દેખાય, માંસ ખાનાર પક્ષી ગીધ, ગરજા, બાજ ઉપર બેસીને જાય, શત્રુઓ વડે ઘેરાય, પાછળથી ઝપટાય, વૃક્ષ ભીંત પર્વત ભવન ઉપરથી પડે, અગ્નિમાં પડે, વાહનથી પડે, આવા સ્વપ્ના, મૃત્યુ ભયના સૂચક છે.

સ્વપ્નમાં પૂર્વે મરેલા બાહેર માર્ગમાં વાટમાં જતાં સામા મળે અને ક્યા જાઓ છોકેમ છે ? , એવું પૂછે,તે હવે પછી ભય કરનારા છે. જલ પીવા મુખમાં ધાક કરી તે હોઠને અડ્યા વિના જ ગૂમ થઈ જાય, આ બાબત અદૃશ્ય પિતૃઓ દ્વારા થાય છે, તેનું ફળ ભયવાળું પિતૃદ્વારા ભય આવનારૂં, હોય છે. સ્વપ્નમાં મારવા માટે મરેલા તથા શત્રુઓ આવતા દેખાય તો મારી નાખે તો મૃત્યુનો ભય આવનારો જાણવો.

સ્વપ્નમાં કોઈ પડતા મકાન વૃક્ષ કિલ્લા આદિમાં પડતી વખતેદબાઈ જવાય કે પ્રાણનો નાશ થાય તેવો યોગ્ય સ્વપ્નમાં દેખાય તો મૃત્યુ ભય આવવાનો છે એમ જાણવું. સળગતા ઘરમાં પૃથ્વીના ખાડાઓમાં કે ચિરાડમાં પડી જવાય તો મૃત્યુ ભય આવવાનો જાણવો.

કોઈ પુલ ઉપરથી પડાય, બંગલા ઉપરથી પડાય, વૃક્ષથી પડાય, સ્વપ્નમાં વિમાનથી પડાય તો મૃત્યુ ભય જાણવો. દરરોજ સ્વપ્નમાં ઘરે થી સરસામાન સહિત ગાડા વડે, રેલ વડે, બીજે રહેવા જવાય તો જન્માન્તર માટે મરણભય આવશે એમ જાણવું. અન્ય દેશમાં નિવાસ માટે જવાય, બધા ઉચાપા સાથે જવાય, તો દેહાન્તરે મળે તેવો મૃત્યુ ભય આવે એમ જાણવું. (૩૩) અરણ્યમાં વનમાં રણમાં પર્વતમાં ખીણમાં ક્યાંઈ રખડપાટમાં ચઢી જવાય તો તથા રોગી દશા ખાટલાવશ પરવશ અશક્તિવાળી સ્વપ્નમાં સ્થિતિ જણાય તો મૃત્યુભય થશે એમ જાણવું.

તેવા સમયમાં તેને ભયના નિવારણ માટે કરેલી ભગવદ્ભક્તિ તથા યજ્ઞ મહોત્સવાદિ પુણ્યધર્મો વિગેરે તે તે ભયના નિરોધક થાય છે.

તેવા સમયમાં તેને ભયના નિવારણ માટે કરેલી ભગવદ્ભક્તિ તથા યજ્ઞ મહોત્સવાદિ પુણ્યધર્મો વિગેરે તે તે ભયના નિરોધક થાય છે.

સ્વપ્નમાં પોતાના મુખમાં ચૂનો કાજળ મેશ ડામર ચોપડીને નીચે તો, તથા નાક, કાન, કપાવીને આનન્દ માને તો તેને મૃત્યુ આવે.

અરણ્યમાં પોતાને દાવો મધ્યે ઘેરાએલો જુએ, વાઘ, સિંહ, દીપડા, નારડા આદિ ક્રુર પ્રાણીના મંડળમાં અવરાએલા જુએ, પોતાના માંસને ખાતો જુએ, વીજળીના વજાને પડતું જુએ, કાનનો નાદ ન સાંભળે, જિભનું ટુંકાપણું જણાય ગોટા વળવા લાગે, સ્વપ્નમાં પોતાને ઠુંઠો લંગડો કડય ભાંગલો દેખે, પોતાના વાહનને ભાંગતું પડતું જુએ, તેને મૃત્યુનો ભય છે એમ જાણવું.

સ્વપ્નમાં સ્મશાનનું દર્શન, ચિતાનું દર્શન, શબ ઉભું થયું એવું દર્શન, તે મૃત્યુનો ભય આપનારા છે, કોઈ જેલખાનામાં પડવું, પગમાં બેડી પડવી, હાથમાં હાથકડી

પડવી, ગલામાં ફાંસો પડવો, એ દેખાવ મૃત્યુનો ભય લાવનારાં છે. શરીરનું સજ્જડપણું લાકડા કે પાણા કે લાકડી જેવું થઈ જવું, એવું દેખાય તો મૃત્યુનો ભય આવનાર જાણવો.

સ્વપ્નમાં પક્ષઘાત થવો, મસ્તકકપાવું, ઘરમાં શિયાળીઆનો પ્રવેશ થવો, તે મૃત્યુના સૂચક છે.

સ્વપ્નમાં ગર્ભપાત થવો, વેતાલસ્ત્રીને ભોગવે તેવો દેખાવ, ગગનથી ગ્રહોનું પડવું ઉલ્કાપાત દેખાવા, તારા મંડળ ખરતું દેખાય, રૂધિર વર્ષા થાય, ધૂલનો વરસાદ આકાશમાં ફેલાય, પૂરમાં તણાઈ જવાનો દેખાવ થાય, આ બધાં મૃત્યુ ભયના કરનારા છે.

જે મૃત્યુભયને ઓળખીને પોતાના કલ્યાણ કારીકામ કરે છે ભગવાનની ભક્તિ સમ્પન્ન થઈને સર્વાપર્ણ કરે છે તે અક્ષરધામને પામે છે, દિવસે રાત્રિએ સર્વથા અનાદિ શ્રી કૃષ્ણનારાયણભગવાનને અર્પણ થઈને તન્મય થએલોભક્ત થાય તોતેનો ભય ટળે છે અને પરમગતિ રૂપ મોક્ષ થાય છે.

✣ અધ્યાય-૮ ✣

શ્રેષ્ઠ વિદ્વાનપ્રસિદ્ધ નીતિજાણકારબહુશ્રુતડાહ્યા એવા માણસથી ન્યાયગ્રહણ કરવો ડોલીયાથીસુકા ક્રુર માણસથી, ક્યાંઈ પણ ન્યાય ન લેવો. કાયદા અને ન્યાયની રીતિનો જાણકાર, દેશકાળ સમય સમૃધ્ધિ મિલ્કતનો જાણકાર, અવસ્થા સ્થિતિ અને વ્યવસ્થાનો જાણકાર હોય તેને ન્યાયપ્રદ સ્વીકારેલો છે. બધી પ્રજાના બધા ધર્મો ને આન્તરિક રીતરિવાજો ને જે સાક્ષાત અને અનુભવ વડે જાણતો હોય, તથા છુપા માણસો વડે સભાઓ સમિતિઓ અને વ્યક્તિદ્વારા પણ જાણી રાખતો હોય, તે પોતે ન્યાય આપનાર માનેલો છે, નારીઓના તથા નરોના વ્યવહારોનો પૂર્ણ અભ્યાસી હોય, તેની સ્થિતિઓનો જાણકાર હોય, ગુપ્તવાતોનો પણ સમઝણ વાળો હોય, દયાવાળો રક્ષાપરાયણ અને યશ સંચવાય તેવા વલણનો હોય, તથા જે ન્યાયવડે આગલાનું અનિષ્ટ ન થતું હોય, તેવો ન્યાય પ્રયોજીને ધર્મ દૃષ્ટિ અને કુલ દૃષ્ટિ તથા વ્યક્તિ દૃષ્ટિ મુખ્ય રાખીને ન્યાય કરે તેવો ન્યાય આપનાર ઉત્તમ માનેલો છે.

શત્રુ અને મિત્રને ભેગા લઈને તથા તેવા પક્ષોના જાણકારને માન આપીને મન્ત્રણા કરનાર, તથા બધું આદ્યન્ત ધ્યાનમાં લઈને, તે ઉપર વિચાર કરીને શિક્ષ્ય વર્ગમાં ન્યાય આપવો, કન્યા વર્ગમાં કોમળ ન્યાય યોજવો, કુમારવર્ગમાં સુખ આશય ભરેલો ન્યાય યોજવો, અનાથ અપતિક નારી રોગી નિરાશ્રિત ઈત્યાદિકમાં મૃદુ, હળવો ન્યાય પ્રેરવો, નિર્ધન, ભિક્ષુક, ભક્ત, પવિત્ર, વિરાગી, સાધુ, વશવર્તી, શિષ્ય, ચાકર, વહુવર્ગ, વૃદ્ધ, ઈત્યાદિકમાં સાત્વિક ન્યાય શાન્તિપ્રદ ન્યાય યોજવો. ક્રુર, ક્લેશકર્તા, તીખો, આકરો, લુંટારો, બધાને દુ:ખ કર્તા, ગર્વભરેલો, હિંસક, ચોર, શીલ રહિત,

નિન્દક, દ્રોહી, બલજબરીવાળો, બધાના નાશને ધ્યાનમાં રાખતો, ધર્મહીન, પરસમ્પતને ખેદાન મેદાન કરવાના સ્વભાવવાળો પ્રાણિનો નાશક, અગ્નિદેનારો, ઝેર દેનારો, અસત્ય, છલ ટૂચકા ગોઠવનાર, આવા માનવોમાં દણ્ડ અને ન્યાય અતિ કઠિન વાપરવો, તો પ્રજાધર્મનું રક્ષણ થાય.

બહુકાયદા સાંભળ્યા હોય બહુવિદ્યાઓના જાણકાર હોય તે દણ્ડ દેવાના અધિકારી બને છે. સાધુસ્વભાવવાળા હોય, સરલસ્વભાવના હોય, ભગવાનને આગળ રાખીને ન્યાય જોનારા હોય, સર્વે કાર્યોને ઉન્નતિમાં નજરવાળા પાછા ન પડે તેવા, લાંચ ન ખાય, સર્વ કાર્યોની ઉન્નતિની દૃષ્ટિવાળા હોય, તે પ્રજારાજ્યમાં પ્રધાન થવા યોગ્ય છે, બધાને બધું આપીને પણ પ્રજાના હિત કાર્યોમાં તત્પર હોય, લોકરીતિ, પ્રજારીતિ, ધર્મરીતિના ન્યાયપરાયણ, ક્ષમાવાળા, તથા નીતિશાસ્ત્રોના પૂરા અભયાસવાળા, લોભ તૃષ્ણારહિત હોય સન્તોષી હોય, જ્ઞાન સમ્પતિ અને સાચી રીતે ન્યાય આપે એવા ન્યાયકર્તાઓ જાણવા.

અપરાધી જનની આવી વિકૃતિઓ થાય છે, આમતેમ આંટામારતો ભાગતો ફરે, એક ઠેકાણે ન ટકે, વારંવાર જિભવડે હોઠના ખુણાઓ ચાંટે, લલાટમાં પરસેવો આવી જાય, મુખ કાળું ફીકું કે વિવર્ણ થઈ જાય, ભાંગતી તુટતી બેડોળવાણી બોલે, સમ્બન્ધ વિનાનું જેમ તેમ રાળે, ઉતર ન ાપે, બીજાની આંખ સાથે પોતાની આંખને ન જોડે હોઠ સુકાવા લાગે, પગ હાથ માથામાં કમ્પારો ધ્રુજારો થઈ જાય, ગામમાં થી ગુમ થઈ જાય, ભયભીત જણાય, મુખ પડી ગએલું થાય, આવી રીતે દોષવાળો ઓળખાય, પછી તેને માટે ન્યાય યોજવો.

પગની આંગળી વડે ભૂમિખોતરે, હાથની આંગળી વડે માથું ખંજોળે, બીજાને છાનું ધનદાન દે અને કુંટ સાક્ષિપણું રચે, મૂછમાં હાથ નાખીને અકક્ડપણું દાખવે, બોલામાં ગર્વ દેખાડે, ત્યાં દોષિત પણું હોય. અન્તર્યામિ સાક્ષિએ પ્રેર્યુ એવું મન તેવા માણસમાં દોષનો સંશય ઉપજાવે છે, પછી દોષ કળાઈ આવે છે.

સાધુ, પતિવ્રતા સાધ્વી વિરક્ત વૃદ્ધાતિવૃદ્ધ, માતા, પિતા, ગુરૂ, સ્વઆચાર્ય, નાનો બાળ, અપંગ, રોગી, ગર્ભીણી, રાજ માતા, તાજી પરણેલ નારી, કન્યા, બાલકી, કિશોરબાલક, દશવર્ષથી નીચેનો માનવ, સર્વસ્વ અર્પણ કરનાર, ધર્માર્થ મસ્તક આપનાર, યોગાભ્યાસી, તપસ્વી, એશ્વર્યશાલી, પ્રખ્યાત ચમત્કારી, રાજા, અતિપૂજયવર્ગ, ભિક્ષુક, વેદશાસ્ત્રાતજ્ઞ વિદ્વાન, દેવ પૂજારી, આવા આવા માનવને ઠપકો આપવો, તુંકારાથી બોલાવવો, સમ્માન ન કરવું, જા હવે આમ ન કરીશ એમ પંચમધ્યે કહીને જવા દેવો, આવા શિક્ષણને દણ્ડ ગણવામાં આવે છે.

જેને ધન દણ્ડ યોગ્ય હોય તો તેને દેહ દંડ કરવો, સમાજે કહેલ પ્રાયશ્ચિત કે જે રોષિત માનવમાગે તેવો દણ્ડ તેને માટે જાણવો, શિષ્ય વર્ગમાં સામ્પ્રદાયિક ધર્મ દણ્ડ હોય છે તે ફરીથી ધર્મપાળવામાં જોડવાનો હોય છે તે ઉપદેશવડે કરવો, અને તે ભૂલ કરનારની મરજી પ્રમાણે દંડ કરવો, આશ્રિત જનો પણ સાવધાન થઈને ધર્મપાલન કરતા ન હોય. તેમને સાવદાન થવા ફરીથીધર્મયોગ ફળ પળાવવું સર્વમાનવોમાં ઉપદેશ સમઝાવટ તે મિક્ષ્ટદણ્ડ જ છે : તે ઘણું પરિવર્તન લાવે છે, તે ન લાગૂ પડે ત્યાં દામનો દણ્ડ વપરાય, પણ બુદ્ધિમાં સારી ધડ્ય બેસારવી આસ્તિક્તા માનીનતા ઉતારવી તે જ્ઞાનભેદી દણ્ડ ગણાય છે, સમઝાવટ થી જગતને જીતાય છે, તે ન થઈ શકે ત્યાં દેહજ દંડ પ્રયોગવા પડે છે અતિ અનાડી માનવો દેહજ દંડથી કુણાં થાય છે, લોકમાં હિત કરવા માટે ક્રમદંડો માયલાં શિક્ષણો છે તે પણ કરવા પડે છે, દોષ અપરાધના ક્લેશ તો હોય જ અને દણ્ડનો આકરો ક્લેશ પડે તો અતિ દુ:સહ થઈ પડે તે કરતાં સ્વારાજ્ય કલિયુગ ઘણાં પ્રકારની સ્વતંત્રતા અને ઘણી છુટ છાંટો ને વિચારીને, ક્લેશ ઘટે તેમ તેવી રીતિના પ્રયોગ કરવા.

માનવો અને તેની રીતિઓનું તેમના નિયમોનું નવું નવું વિધાન ઘડાતું જાય છે, લોક વડે ધર્મોનું પણ પરિવર્તન કરાતું જાય છે, અધર્મ મનાતો હતો તે ધર્મરૂપે મનાવા લાગ્યો, અન્યાય હતો તે ન્યાયનું રૂપ લેવા લાગ્યો, દુર્ઘટ રીતિઓ પણ સુઘટતામાં પરિવર્તિત થવા લાગી, શાસ્ત્રોમાં દઢ કહેલા ધર્મો પણ વ્યવહાર આગળ તે અદઢ અને નિર્બલ થઈ પડ્યા, અશુદ્ધ વસ્તુ શુદ્ધ થઈ વપરાવા લાગી, માનવોએ યન્ત્રો નાં ઉપોયગી વડે બધું સ્વીકૃતિમાં અપનાવા માંડ્યું નળનું જલ ઘરમાં હાજરી આપે કલ્પનલ ધાર્યું કામ આપે માટે તે શુદ્ધ, નલપણ શુદ્ધ, ભલે અશુદ્ધિની વચ્ચે પડ્યો હોય સેળભેળ સાંકર્ય કરનારામોટાં લાંબા યંત્ર વાહનો પણ નિ:શંક અસંકરતામાં મનાતા થયાં અશુધ્ધિવાળો માનવપણ શુધ્ધતામાં જ રહેલ સમઝાવા લાગ્યો, તેથી ઠેર ઠેર અશુદ્ધ તે શુદ્ધ કલ્પના વિક્ષય થઈ પડ્યું અભક્ષ્ય વસ્તુ ગુણ આપનારી જણાણી થકીભક્ષ્ય માં ગણાતી થઈ અશુદ્ધ પીણું લાભકારક હોવાથી ઉજજવલ ચોખ્ખું ગણાવા લાગ્યું, સંસાર જનરકમય છે પણ તેનું નારકિપણું લીન થવા લાગ્યૂં, શુદ્ધવર્ગની કિમ્મતમાં ગણાવા લાગ્યું, ઘોરરૂપ એવો માર્ગ પણ કલિના યોગ વડે કલ્પનાઓમાં પેસીને અઘોર-નિષ્પાપ ઘડાવા માંડ્યો.

દઢ ધર્મ મારોગમાં કલ્પના ધર્મ ઘુસી ગયો, તે પોતાનું પોણોસો ટકા બલ વધારીને ધર્મબલને પચીસ ટકામાં ભગાડવા માંડ્યો.

અબલા અબુદ્ધિ એવી નારી જો પ્રબળ સતાધારી થાય તો પુરૂષસમાન, ધરસતાવડે, નિજ ડહાપણ વડે, હત્યામાં પણ પાછો પગ ન રાખે અને નર નિષ્ઠુર થાય તો હત્યાઓ કરવામાં પાછો પગ ન રાખે, નિષ્ઠુર નર પણ તેમજ હત્યા કરનારો થાય છે, લાંચ રૂશ્વત બધી ક્રિયાઓમાં માણસે માણસે પગકરી ગઈ છેઃ તે સમ્પતિમાં ગણાવા લાગી છે પ્રાણનું જુટહું સર્વત્ર ખેલાવા લાગ્યું છે, પ્રાણ રક્ષા પણ સન્દેહમાં પડેલી થવા લાગી છે કોઈનામાં વિશ્વાસ નામક નીતિધર્મ, તે ઉતાવળીઆ કામોમાં તોકોઈને પણ રહ્યો નથી. વાણીથી સત્યક્રિયાફળ, તે નિષ્ફળતામાં ઉતરી પડેલું છે અને લિખિત સસાક્ષિક બન્ધન તે પણ અર્ધ નિષ્ફલભાવને ભજવનાર થવા લાગ્યું છે, ગાંડો, ગર્વવાલો, વ્યસનવાળો, મુર્ખબાળ, ભય પામેલો, દુઃખી અને રોગી, તેમા ક્ષત પામેલો વ્યવહાર નાશજ પામશે એમ જાણવું. માટે વ્યવહાર જોઈ પરીક્ષા કરીને યોગ્ય સાચા માણસને સોંપવો.

સત્ય જો અસત્યનું રૂપ લઈ લે ધર્મ અધર્મના રૂપને પામે, જે રક્ષક હોય તે ભક્ષક થઈ જાય, ન્યાય તે અન્યાયના રૂપને ભજે, નીતિ તે અનીતિ સમાન થાય, નકારમાં પોલંપોલ હોય, તો ત્યાં પુણ્ય કર્યાથી મળે, ષણ્ઢમાં બીજ ન હોય, તેવા વ્રતમાં પુણ્યજ હોય, સાક્ષી જયાં અસાક્ષી અવળો થાય, બચાવનારા જ મારનારો થાય, જનની જ મારનારી થાય, દેવ તે અસુર થઈ ને ઉભો રહે, જે ઘરમાં વ્યભિચારકરે, તેનું રક્ષણ કરનાર કોણ ક્યાંથી લાવવો માટે સત્ય આધારે એવો નહિ બદલતો ઈશ્વર સાચો રક્ષક સમઝીને ધર્મને પાળવો.

આવી રીતે અંતર્યામીને સાથે રાખીને મર્યાદાઓ પાળે તો તેનું પ્રાર્થ્યસર્વ પદાર્થ ફલદ થાય છે, સર્વકર્તાહર્તા પરમાત્માને સમઝીને સર્વ નીતિ કાર્યો કરવાં.

અસત્ય સત્યના વિવેક માટે દોષશંકાગ્રસ્ત માનવ સત્યતા માટે શપથમાં ઉતરે છે. અસત્ય કરતો બોલતો હોઉં તો મારૂં અનિષ્ટ થાય, હું ખોટું બોલતો હાઉં તો મારી આંખ્યો ફુટે, મેં જોયું હોય તો પણ મારી આંખ્યો ફુટે, કોઢ થાય, જો હું ખોટું બોલતો હોઉં તો મારો દિકરો મરી જાય, જો હું ખોટું બોલતો હાઉં તો મારા ઉપર વિજળી પડે, જો ખોટું બોલતો હાઉં તો મારૂં પુણ્ય ધોવાઈ જાય, આવું આવું બોલીને પુત્રને માથે વહુ ને માથે, હાથ મેલે, દેવને મૂર્તિના પગમાં હાથ મેલે, બાપના પગે, ગુરૂના પગે હાથઅડાડીને સમ ખાય, જારના દાણા ચોખાના દાણા હાથમાં લઈને એકી બેકી સાત સંખ્યા આદિ કલ્પીને સમ ખાય, અને દોષને ગોતે, કાગળમાં લખીને ચીઠી દેવ આગળ ફેંકી ને ઉપાડે, જો હું અસત્ય બોલું તો મારૂ કલ્યાણ ન થાય.

આ કલિમાં માનવોમાં અસત્ય તો હોય છે, જેથી દૈવી દિવ્ય પ્રયોગો સમાન ભાર ત્રાજવે તોળાવું, ઘડા સાથે ત્રાજવે તોળાવું, પાણીમાં ડૂબી રહેવું, તીર પકડીને બીજ આવે ત્યાં સુધી અગ્નિ ગોળો ઉપાડવો, વિગેરે કરતાં જ નથી. (યાજ્ઞવલ્કયમિતાક્ષરામાં કહ્યા છે.)

આ કલિમાં અસત્ય મટાડવા ધર્મપુસ્તક ઉપડાવાય છે, શપથ ખવરાવાય છે. પણ ફળ તો દેવના હાથમાં છે, તુરત ફળદેખાતું નથી, ડખો મટવા પૂરતું થાય છે.

કોઈ સ્થળે શપથ માટે ખંભા ઉપર ગળા ઉપર, જપમાલા ઉપડાવે છે, કોઈ જ્ઞાતિ સારા ઉત્સવમાં અણિદાર શસ્ત્ર ગાલમાં હૃદયમાં હુલાવે છે, સત્યતા દેખાડવા માટે કરાય છે.

માનવ પોતે દેવતુલ્ય થાય તો તેમાં દેવો જેવી જ સત્યતા વસે છે, તેને પોતા માટે શપથ કે સાક્ષિની જરૂરત બીજાને દેખાડવી પડતી જ નથી.

તેવો માનવ પોતે જ ઈશ્વર જેવો કર્તાહર્તા પાવન કરનારો થાય છે, અને ભાગવત ધર્મો વડે પાવન કરણતા દેવો જેવી ઉદભવે છે.

✤ અધ્યાય-૯ ✤

નિજકુલમાં વૃધ્ધધોની ઉપાર્જિત મિલ્કતમાં વિભાગ પાડીને નજિ ભાગનું ભોગવવું, એમ કરવાથી વિભાગ કરનારને કોઈ નિઃશ્વાસો આપતા નથી, સારા આશીર્વાદો મળે છે, અને પુણ્યવૃદ્ધિ પામે છે. મુખ્ય માણસે પોતાના નવા ઉદ્યમોમાં જે મળે તેમાં વધારે સંતોષ માનવો, આયુગ એવા છે કે - પિતાની સયારી મિલ્કતમાં પુત્રો, પુત્રીઓ સરખા ભાગીદાર થાય, માતાઓ પિતાઓ તથા મૃત પતિની પત્નીઓએ પોતાના સુખ માટે પોતાના પુત્રાદિ માટે પોતાના નિર્વાહને ઉપયોગી જીવિકાઓ જૂદી કરી લેવી, નારીઓને મા-બાપ સાસુ, સસરા, ભાઈ વિગેરે તરફથી ઘરેણાં કે ધન મિલ્કત મળ્યાં હોય તો તે તેને આગવાં છે, તેમાં કોઈનો ભાગ નથી, તેમના વારસદારોનો તે ભાગ થાય.

કોઈ કમાવવા પછાત હોય. કોઈ મધ્યમ, અને કોઈ વધારે હોય તો દાય ભાગના વિભાગો સંપ સલાહથી તે પ્રમાણે કરી શકાય, જે સમર્થ હોય તે ભાગ ન લ્યે તો પણ પિતાએ કાંઈક ભાગ તરીકે આપવું, જેથી તેના પુત્રોને દાયભાગ લેવાની મરજી કે તેવું ટોણું મારવાનું ન રહે, પિતાએ થોડા મધ્યમ અને વધારે એવા વિભાગ કરીને પુત્રોને આપ્યા હોય તો તે ધર્મથી માન્ય ગણવા, માવતરના સ્વર્ગવાસ પછી પુત્રોએ સમાનપણે વિભાગ કરી લેવો, મિત્રથી, વિવાહથી અને નિજ મહેનતનું સ્વતંત્ર મળેલ હોય તેમાં ભાગ ન પાડવો, ખેતરવાડી ગાયું ભેશું ઉટ અશ્વ વિગેરેમાં સરખા ભાગ કરવા, પુત્રના પુત્રો થોડા જાજા હોય તો પણ પુત્રોના દાયભાગ સરખો જ થાય, જો મોટાભાઈ સમર્થ

હોય કમાતો - હોય તો તેણે પોતાના ભાગ્ય ઉપર આધાર રાખી કમાવું, દાય ભાગ ન લેવો, ભાઈએ ભાગ પાડ્યા પછી નવા પત્નીને પુત્ર જન્મે તો, હવે પછી પિતાની મિલ્કતનો અધિકારી થાય, જૂના ભાઈ ભાગોમાં નહિ, તેમ જૂનાઓને તે નવામાં ભાગ પણ નહિ, પિતાના મરણ પછી ભાઈએ ભાગ થતા હોયતો એક ભાગ માતાનો પણ ન્યાયી છે, પછી તેની સેવા કરનાર દિકરો, દિકરી જે હોય તેને મળે, સેવક કોઈ ન હોય તો પુત્રો સંપથી વહેંચી લ્યે, અથવા તેની પાછળ ધર્મકાર્યમાં વાપરે.

માતાજીના દેહાન્ત પછી પુત્રોએ માતાજીની મિલ્કત ધર્મકાર્યમાં વાપરવી, અને મરણ પછી કોઈ છાની મિલ્કત ઘણી મળી આવે તો વારસા પ્રમાણે વહેચવી, પરક્ષેત્રમાં સંપથી આજ્ઞાથી ઉપજાવેલ પુત્ર કૃતપુત્ર ગણાય છે, પોતાની પત્નીમાં પોતે ઉપજાવેલ પુત્ર તે ઔરસ પુત્ર ગણાય છે, પુત્રીનો પુત્ર ખોળે લેવાય તો અંક પુત્ર ગણાય છે, પુત્રી પોતે ખોળે બેસારાય તો તે પુત્રપણી ગણાય છે, પોતાની પત્નીમૌ દેવર દ્વારા ઉપજે તે ક્ષેત્રજ પુત્ર ગણાય છે, ઘરઘરણામાં જન્મ પામે તે પૌનર્ભવ પુત્ર ગણાય છે, માવતરે આપેલો દીધેલો તે દતકપુત્ર ગણાય છે, વેચાથી લીધેલો કીતપુત્ર ગણાય છે. - અને બીજાનો છોકરો કૃત્રિમ તરીકે રાખ્યો તે શિષ્યપુત્ર ગણાય છે. આ દિકરાઓ પરણેતરના દિકરા જેવાજ માનીને દાયભાગના અધિકારીઓ જાણવા. ગર્ભિણીને પરણ્યા પછી જન્મે તે પણ દાયભાગી ગણાય છે. કન્યામાં જન્મે તે કાનીન ગણાય, પણ માતાએ તજી દીધેલ જેણે ગ્રહણ કરી લીધો તેનો તે દાયભાગી ગણાય છે. આ બધા પુત્રો પિણ્ડદાનના અધિકારી છે, પૂર્વ પૂર્વ શ્રેષ્ઠ છે, દાસીથી થએલ પુત્ર પણ પુત્ર છે તે દાયભાગનો અધિકારી થાય, જો બીજા કોઈ પુત્ર તરીકે ન હોય તો રાજિપાથી આપેલા પૂરતો અધિકારી ગણાય, પૂર્વેના ન હોયતો ઉતર ઉતરને દાયભાગમાં અધિકારી ગણવામાં આવે, જજી સ્ત્રીઓના પુત્રો સવર્ણાઓના પુત્રો ભાઈઓ ગણાય, તેવી જ રીતે ઘણાં શિષ્યો સેવકો ગુરૂભાઈઓ ગણાય, તેઓ આજીવન સમર્પિત હોયતો દાયભાગના અધિકારી છે.

જેની પાછળ કોઈ વારસદાર ન હોય તો પંચમળીને માન્ય કરે તે તેનો વારસદાર ગણાય. તેવો અધિકારી લઈને પણ ધર્મનામના પુણ્યને અધિકારી ગણીને વાપરે. રાજ્ય પણ અધિકારી ગણાય. દેવ મંદિર આશ્રમ પણ અધિકારી ગણાય તેનું દાન વિદ્યામાં ઔષધ વિગેરેમાં આપે. વાનપ્રસ્થ યતિ કે બ્રહ્મચારી સ્થિતિમાં હોય, તે જયાં રહેતા હોય, ત્યાં આચાર્ય તથા સુશિષ્યો અથવા ધર્મભાઈ તેનો દાયભાગી ગણાય આગૃહી ગુરૂના દ્રવ્યાદિકના સતીર્થ્ય શિષ્યો અધિકારી છે, દાયભાગવડે ડાહ્યામાણસે અનાથોનું ભરણ કરવું, બાલકો, નારીઓ સાધ્વીઓ ઘરના માણસો વિગેરેનું પોષણ કરવું, પત્ની ના મરણ બાદ પતિ અધિકારી છે જો પુત્ર ન હોય તો. પણ પુત્ર પુત્રી હોય તો તે પુત્ર

પુત્રીને આપવું. વાગદાન બાદ કન્યા મરણ પામે તો તેનું ધન જેણે આપ્યું તેને મળે, પમ કન્યાના વાગ્દાન પછી જે ખર્ચ થયો હોય તે વાળીને પછી લેનારે લેવું.

જીવતી નિરાધાર નારીનું ધન કોઈએ લઈ લેવું નહિં, તેને પુત્ર કે પતિ નથી માટે તેનું નાણું કે જીવન જીવિકા માટે રાખવું, ખડની ઝુંપડીમાં રહેનારનું કાંઈપણ ને લેવું, સર્વે માનવોના જે જે જીવિકાઓના સાધનો હોય હથિયાર સાંતી વિગેરે તે ન લઈ લેવા. તે લીધા વિના વધારે વાંક હોય તો બીજે કાઢી મેલવા, તે દણ્ડ ગણાય અને રહેવું હોય તો ધન દણ્ડ લેવાય, ખેતર વાડી ગાડાં વિગેરે ન લઈ લેવાં. જીવિકાવાળાંઓની જીવિકાઓ ઉદ્યોગો નાશ ન કરવાં. ઉદ્યમ રોકવા નહિ, દંડકરનાર બુદ્ધિવાળે સર્વસ્વ નાશના દંડ ન દેવા, શિક્ષક વિદ્યાર્થી વિગેરેના પુસ્તક ન હરી લેવાં, યન્ત્રવાળાઓના યન્ત્રા ન હરી લેવાં, ફરીથી પાછો પગ ભેર થઈ શકે તે પ્રમાણે દણ્ડ કરવો, ચીજ લેવી, તેના કુટુમ્બના નાશનો સમય ન આવે તેવી શિક્ષા કરવી,

પોતાની સ્મૃધ્ધિઓ વડે પોતાની રક્ષાની માફક સ્વીય ભાવના વડે સ્વમાનવ કુટુમ્બની રક્ષાઓ કરવી. ઘર, મકાન, વાડી, ઉદ્યાન, પડતરભૂમિ, ક્ષેત્ર, આદિક જીવિકાઓમાં પણ રહેમ રાખીને આપવું, અનાથ નિરાધાર અબલા અપંગ વિગેરે નિજકુટુમ્બીઓને તેમજ સામાન્ય જનતાને પૂરતી જીવિકા આપવી, દયા રાખીને સર્વેની રક્ષા કરવી, એ ધર્મ શુભ કરનારો છે, જલપાણી પીયાવાઓ, ફલફૂલ, બગીચાઓ, ભવનો, આરામ સ્થળ, આશ્રમ, વૃક્ષસ્થળીઓ, બાળ અનાથ અબળાને સુખ માટે નિર્વાહરૂપે આપવી, ક્વા, ખેતર, તળાવ, ભૂમિ, ઉંચાણ ધારૂં ખેડેલ ભાગ, દુકાન, રથ, વાહન, ગૌ બળદ આદિ નિર્વાહ માટે ઉપયોગી થાય તેવા આપવા. ભક્ત હોય તેવા દીક્ષિત દ્વિજને દેવમંદિર પૂજા આપવા, કારીગર વર્ગને નગરમાં ગામમાં આજીવિકાનો અધિકાર માપું વિગેરે આપવા. નદી કાંઠા, સરોવર કાંઠા, સમુદ્ર કાંઠા, કે જેમાંથી કાંઈ ઉપજ મળી આવે તેવા બીડ મોલ ખડવાળી જમીનો કાષ્ઠ બળતણ વિગેરે વાળી સ્થળીઓ જીવિકા માટે અનાધાર નાના વર્ગોને આપવી.

સર્વસ્વદાનમાં પણ પત્ની, પોતે, પુત્ર, જીવન, જીવિકા, માતા, અને વિષ, આ દાનો તો નજ આપવા.

મહોત્સવોમાં ઉપસ્થિત થએલા સર્વેને મહોત્સવપૂર્ણ થયે, પૂજા સન્માન સત્કાર દાન પ્રસાદિ વિગેરે વડે રાજી કરીને મુખ્ય પ્રમુકે તેને તેને વળાવવા. કામકાજ કરનારાઓને તથા સ્વયં સેવકોને તેના તેના કામકાજોના પ્રયાસોને અનુસારે મહેનતાણું પરિતોષિક ઈનામ એવી એવી ચીજો મુખ્ય પ્રમુખે સર્વદ્રષ્ટાએ સભામાં અથવા સમાજમાં આપવી,

દ્રષ્ટાઓ ચોકીઆતો નેતાઓ વ્યવહાર કરનારાઓ ધર્માર્થ કામ કરનારાઓને મુખ્ય સમિતિ યોગ્ય ધન, સન્માન, અને જીવિકાઓ વિગેરે પણ આપવી.

જીવનનો અંત આવે ત્યારે આજીવિકાઓ પડી રહે છે. તે આજીવિકાઓ કુલમાં દેવી અને રક્ષણ કરવી. ત્રણ વર્ષથી નાના બાળકના શબને જમીનમાં દટાય, તેથી ઉપરનાને લૌકિક અગ્નિ વડે દાહ થાય, જનોઈ આપ્યા પછી ના નેબધુંય ઔર્ધ્વદૈહિક કર્મ કરાય, જલદાન, દુધ દાન અપાય, પાણી ઢોળ કરાય, તે વડે પેતાત્માને શાન્તિ થાય છે. દાન્તન ઉગ્યા હોય તેવા ગત બાળકને માટે દાટ્યા પછી સ્નાન કરીને શુધ્ધિ થાય, તેથી ઉપરના ને ગત થએલ ને ગર્ભકેશ ઉતરાવવા સુધીમા એક દિવસનું સૂતક રખાય, જનોઈ આપવા સૂધીના ગત થએલાને ત્રણ દિવસનું સુતક રખાય, જનોઈ પછીનાને માટે દશ રાત્રિ સૂતક રખાય, દાંત ન આવેલી કન્યા ગત થાય તો તેનું એક દિવસ સૂતક રખાય, વિવાહિતા, પિતાને ઘેર ગત થાય તો પિતાને ત્રણ દિવસ સૂતક રખાય, બીજા બન્ધુઓને એક દિવસ રખાય.

ત્યાગિ વર્ગના મરણમાં સાંજે તારા દર્શન સુધી સવારે તારા દર્શન સુધી સૂતક મનાય છે. માતા પિતાના મરણમાં ત્યાગિ વર્ગે સ્નાન કરવું. ગુરૂના મરણમાં યતિયે સ્નાન કરવું. પહેલા સૂતકમાં બીજું સૂતક ભેળવીને શુધ્ધિ, જન્મમાં જન્મનું મરણમાંમરણનું એમ, શુદ્ધિ કરી લેવી. યજ્ઞમાં દાનમાં, યાત્રામાં, વિવાહમાં, રણસંગ્રામમાં, દેશભંગમાં, સૂતક ન લાગે, પણ જળ મળે ત્યારે સ્નાન માત્ર કરવું, શાન્તિ સ્થિતિમાં સૂતક છે, કફોડી સ્થિતિમાં નથી, જન્મ સૂતક બધાને દશરાત્રિ પાળવું, પહેલે, છઠે, દશમે દિવસે દાન દેવા માટે સૂતક નડતું નથી. આ રીતિઓ માનવો એ દેશના ભેદથી ભિન્ન ભિન્ન પણ છે.

રાજાને કે રાજાનું સૂચક મનાતું નથી, સ્નાન માત્રની જરૂરત ખરી, બીજો ગાદીએ આવે તે તેને દાહ આપે, માટે આ બાબત છે, અશુધ્ધિઓની જે પ્રકારે શુધ્ધિ થાય તે પ્રકારે અશુધ્ધિ નિવૃતિ પામે છે. ક્રિયા, અગ્નિ, મૃતિકા જળ, તપસ્યા, જ્ઞાન વિજ્ઞાન, મન, પવન, સમય, ઉપવાસ, પશ્ચાતાપ, સન્યાસ, રોગિતા, પ્રાયશ્ચિત, જપ, સત્યવ્રત, દણ્ડ, યોગાભ્યાસ, આ આચાર તત્વો શુદ્ધિ કરનારા છે. વરરાજા યોગવડે નારીની શુદ્ધિ થાય છે. યજ્ઞાન્તે અવભૃથસ્નાન વડે તમામ શુદ્ધિઓ થાય છે. પાટોત્વોના અભિષેકોના જળાડમૃતો વડે તથા, દેવપ્રસાદ જમવા વડે તથા તીર્થો કરવા વડે, તથા અપવિત્રતાને કાઢવા વડે તમામ શુધ્ધિઓ થાય છે.

દેહ અને આત્માને ભિન્ન ગણી તેને અનુસારે સ્થિતિવાળા જ્ઞાનીને (દત્તાત્રેયની પેઠે) અશુધ્ધિ જ હોતી નથી. અહન્તા અને મમતા એ બે મોટી અશુધ્ધિઓ છે, તે જયાં

નથી ત્યાં તેને સદા શુધ્ધિ જ છે. જેની ચરણ રજો વડે માનવો દેહધારીઓ સદા પવિત્રજ થાય છે. તેવા આત્માની શુધ્ધિવાળા દૈવી માનવોના યોગમાં સત્સંગમાં અશુધ્ધિઓ રહેતી જ નથી તેવાને શરણે જઈને સેવાવડે પૂર્વના પાપ પણ નિષ્પાપ પુણ્યરૂપ થઈ જાય છે, તેવા શ્રીકૃષ્ણના યોગવડે અશુધ્ધિઓ બધી શુધ્ધિ સ્વરૂપને ધારણ કરે છે. શ્રીકૃષ્ણનો દેહ કે દેહના ભાગો અવયવો એકેય પણ અશુધ્ધ નથી. તેના સર્વે તત્વો શુધ્ધ જ છે, શ્રીહરિની મૂર્તિમાં ભાગીદાર તત્વો સદા શુધ્ધ વર્તે છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પરમાત્મા માનવરૂપમાં પણ સદા પાવન છે, જેટલી જેવી ભક્તિ હોય તે પ્રમાણે ભક્ત જને આદર સત્કાર વડે તે શ્રીકૃષ્ણને સેવવામાં ઉપયોગી થવું, તેજ શ્રીકૃષ્ણ પિતા, માતા, હરિ, બન્ધુ, ભ્રાતા, પુત્ર, પતિ, પ્રિયમિત્ર, ભોક્તા, ભોગ્ય, મોક્ષ અને આનંદ આપનારા ભગવાન સદા પવિત્ર જ છે.

તે ભગવાનનું ધામ તેના મુક્તો તેના સન્ત સાધુઓ સાધ્વીઓ સદા તેના સમ્બન્ધ વડે પાવન નિર્ગુણ છે માટે તે સર્વે સત્સંગ વડે સેવવા, સેવા વડે મોક્ષ મેળવવો, તેમની આગળથી તમામ લોકોની જગતની અશુદ્ધિઓ ભાગી જાય છે. માયા પણ ભગવાન ગ્રહણ કરે તો નક્કી અમાયા એટલે બ્રહ્મ થઈ જાય છે.

✣ અધ્યાય-૧૦ ✣

મનુષ્યો ઘઉં, જાર, બાજરા, જમનારા, ભાત, તલ, કઠોળ, જમનારા, શાક, પાંદડા, પાંખડી, ભાજી, ફલફૂલ જમનારા, એ સર્વે કુટુંબ કુલ પરમ્પરાએ પાવન ગણ્યા છે. ખાંડ સાકર, ગોળ, મધ વિગેરે રસો, જમનારા, દુધ, દહીં, ઘી, માખણ, વિગેરે જમનારા, સાત્વિક કન્દ મૂળ દલ વિગેરે જમનારા, યજ્ઞના પવિત્ર કણ સાંબો, રાજગરો, સાબૂદાણા, આદિ જમનારા, મગ, અડદ, ચણા, મઠ, દાળ વિગેરે જમનારા, હવિષ્યાન્ન જમનારા, એ સર્વે પાવન શુભ ગણ્યા છે.

જો તે પાવન માનવો પણ અશુધ્ધિ અપવિત્રતાવાળી ચીજો ખાવા લાગે, નિષિદ્ધાહાર કરવા લાગે, પશુપક્ષી જલજન્તુરક્ત, ચરબી, અંડા આદિ ગેરઆહાર વડે તેના તે મલિનપણામાં વર્તાતા થઈ જાય છે.

ગીધ ગરજાં દુર્ગન્ધિ ચીજ ખાનારા છે. શબ ખાનારા છે, માટે શબ ભોજી બધાં કાગડા ગીધડાની પંક્તિ ના માનવો લોકમાં વધતા જાય છે, સંસારમાં તેઓનું પોતાનું, પશુ, પક્ષિ પેઠે આત્મપતન જ થયા કરે છે, તેઓનું ચોરાશી લાખના ચક્રાવામાં ભ્રમણા થયા કરે છે. સંસારમાં દુઃખ બહુ જ છે, તેમાં વધારે દુઃખી થાય છે. તે જ પાછા ધાત્ય અને ભક્ષ્ય થાય છે. તેઓને આ પૃથ્વી જ યમપુરી ભૂમિ છે, આ યુગમાં માનવો સૂતકમાં અભક્ષ્યમાં, વર્ણ ધર્મમાં નાસ્તિક છે, રીત રિવાજમાં દેવતાઓમાં, ભાગ્યમાં, સમ્પ્રદાયમાં,

નિયમમાં, દીક્ષામાં યતિમુનિમાં સ્વર્ગમાં મોક્ષમાં, પરલોકમાં, કર્મકાંડમાં, યજ્ઞમાં, અશુધ્ધિમાં, મર્યાદામાં, ઢાંકવાની અદબમાં અડવામાં પાપમાં પણ નાસ્તિકવાળા છે. માટે તેઓના પોતાના દોષો વડે તેઓને જન્મ મરણમાં આવવું જવું થયા જકરે છે. તેઓને રહેણી કહેણી કલ્પિત ધર્મ વાળી અનુકૂલ રહે છે, આર્ષ, ધર્મ, કે શાસ્ત્રીય ધર્મ તેમને રૂચતો જ નથી.

જીવિકાની સર્વઆપતિઓમાં, તથા પ્રજાઓની રાજાની સર્વઆપતિઓમાં, તથા યુધ્ધની આપતિઓમાં, તથા દેશભંગાણની ગ્રામ ભંગાણની આપતિઓમાં, ધર્મ રીતિ વિચારો આચરો, તે બધાં જે રીતે નિજ પ્રાણરક્ષા થાય તેવું વર્તન ગ્રહણ કરીને વરતવું તે ધર્મ ગણાય. ભાગ્યવશાત તેવે સમયે બલજબરીના વર્તનો પાલવાં પડે છે. તેથી તેવે સમયે તે સમાજમાં પોતાને પરાણે ખેંચી જાય છે,અને તે સમાજ પોતાની રીતિ પ્રમાણે નર નારીઓને વર્તાવે છે, તેથી તેવો તે ધર્મ વરતવો જોઈએ. બલિષ્ઠો દ્વારા માનવોનાં અપહરણો થાય છે, ત્યાં તેના સમાજ કુલ જ્ઞાતિમાં પેસવું પડે છે, તેથી તેનો ધર્મ તે નિજ ધર્મપણે વરતવો પડે છે, તેવે સમયે તો પોતાના ધારેલ ઈષ્ટની પ્રાપ્તિ માટે હૃદયમાં પોતાના પરમેશ્વરને સંભારવા જોઈએ. તે વખતે હૃદયમાં શ્રીહરિ શરણાગતિ જ ધર્મ છે, અને બાહેર તો બાહ્ય લોકોમાં તન્મય ભળી જવું તે ધર્મ છે, તેવું પોતાનું પ્રારબ્ધ કે કાંઈ પણ દેશકાળનું વિષમ પણું આવ્યું માનીને શ્રીહરિની શરણાગતિ રૂપી આશ્રયમાં હૃદય વડે વરતવું.

આપત્કાલમાં બલિષ્ઠજનો નિર્બલોમાં અનેક વિપ્લવો ઉપજાવે છે. તે વખતે કલ્પિત ધર્મો આચરવા પડે છે. હૃદયમાં તો શ્રીહરિનો આશ્રય તેસત્ય ધર્મ છે. આપત્કાલમાં અન્ન્ જલ ભૂખ તરસ મટે તેટલા પૂરતુ ઉપાડી જવામાં દોષ નથી.

આપતિવાળા દુઃખભર્યા સમયમાં સાધુતાવૃતિ રાખવી, માન, અપમાનમાં તુલ્ય વૃત્તિ રાખીને ભિક્ષા વડે નિર્વાહ કરવો, કાંટા વડે પીડા ન માને ચંદનવડે સંતોષ ન માને એવી રીતે વૃતિઓને નિરોધમાં રાખીને જીવનને વરતાવે. બધા પ્રાણીઓના હિતમાં રહે, દેહયાત્રાને ચલાવ્યે રાખે, ઈન્દ્રિયદમન તથા આન્તર શમન ને પાલે રાગ, દ્વેષને ન ઉગવા દે, સંસારની ગતિઓને કલેશમય વિચારે, સારા નરસા પરિણામોને જુએ, ધરણા ધ્યાનનો યોગ વધારે, અને ચેતનમાં આત્મસ્થિતિ તદાત્મકપણે રાખે, જેરીતે પોતાનો મોક્ષ થાય એવી રીતે પોતે આત્માને ચિન્તવન આપે, અને સાક્ષી બ્રહ્મ તથા પરબ્રહ્મ જે મોક્ષ આપનારા છે તેને સંભાર્યા કરે, એવી સ્થિતિએ આપત્કાલે વરતે.

આત્મામાં મોક્ષપ્રદાતા પરમેશ્વર રહ્યા છે, પ્રકાશ ભરેલો આત્મા પ્રકાશ ફેલાવતો થકો હૃદયમાં રહ્યો છે તેના જ્ઞાન પ્રકાશાત્મક અસંખ્ય કિરણો શરીરોમાં પ્રસરે છે, તેમાંથી એક કિરણ સુષુમ્ણા દ્વારા બ્રહ્મરન્ધ્રમાં જઈને ત્યાંથી સૂર્ય રશ્મિમાં ભળીને ઉર્ધ્વજતું થકું બ્રહ્મલોક સાથે સમ્બન્ધ પામે છે, તેણે કરીને આત્મા બ્રહ્મ ધામને પામે છે, બીજા સો કિરણો વડે દેવ લોકોમાં જવાય છે, કોમળ કિરણો વડે પૃથ્વી આદિકમાં જવાય છે. શુદ્ધસત્વશાલી, ધ્યાન શાલી ભક્તાત્મા, પ્રભુમૂર્તિ ને ધારીને ધ્યાન કરીને અમૃતપદમાં જાય છે. સેવાવડે સન્તને રાજી કરીને બ્રહ્મરૂપ થવાય છે, ચાન્દ્રાયણ વ્રતવડે સર્વ પાપોની શુધ્ધિ થાય છે. ભક્તિ અને સેવાવડે શરણાગતજીવ મોક્ષને જ પામે છે.

ચાન્દ્રાયણ કોઈપણ માસમાં કરાય, ૧. કૃશમધ્યંપિપીલિકા ચાન્દ્રાયણ અને મધ્યસ્થૂલં જવ ચાન્દ્રાયણ કહેવાય. પૂનમના ૧૫ કવળ, વદ ૧, ૧૪ એમ એક એક ઓછો કરવો, અમાસનો ઉપવાસ આવે, અને પડવેથી એક એક વધારવો તે પૂનમના ૧૫ થાય, તે વ્રત પૂર્ણ પિપીલિકા ચાન્દ્રાયણ ગણાય. મધ્યસ્થૂલ-શુદ પડવાથી ૧ ક્વલ, એમ પૂનમનાં ૧૫ થાય, પછી વદ પડવાથી ૧૪ એમ ઘટે અમાસે ઉપવાસ થાય એ જવ ચાન્દ્રાયણ ગણાય. ૩૦ દિવસોનું, કે એકત્રીશ દિવસોનું ચન્દ્રાયણ થાય. કાર્તિકમાં આશ્વિન પુનમથી કાર્તિક પુનમ સુધી થાય. ચાન્દ્રાયણ ૨૪૦ કોળીયા લેવાય, દરરોજ આઠ કોળીયાથી પણ મહિને ૨૪૦ કવળ થાય તે યતિ ચાન્દ્રાયણ કહેવાય, સવારે ચાર અને સાંજે ચાર ક્વલ લેવાય તેને શિશુ-ચન્દ્રાયણ કહેવાય, આ પ્રમાણે ચાન્દ્રાયણ સર્વના પાપનાશક છે. ૧૨૦ કોળીયા લેવા જોઈએ, બે પક્ષના એટલે એક મહિનામાં ૨૪૦ કવળ થાય. વધે નહિ, ઘટે નહિં, અને એક ઉપવાસ, તે પહેલે, અથવા મધ્યે અથવા છેડે, કરવો, ૩૧ દિવસોની અંદરમાં આવવો જોઈએ, આ પહેલે, અથવા મધ્યે અથવા છેડે, કરવો, ૩૧ દિવસોની અંદરમાં આવવો જોઈએ, આ ચાન્દ્રાયણ વ્રત ગણાય. પડવાનો ચન્દ્રમા ન દેખાય માટે ન દેખાય તે દિવસ ઉપવાસ આવે એવો નિયમ અનુકૂલનથી. અથવા થોડા જાજા ગમે તેટલા ક્વળ સાથે જમો, અને વચ્ચે ઈચ્છા પ્રમાણે બબ્બે ત્રણ ઉપવાસ કરો. તો પણ ૩૧ દિવસોમાં એક ઉપવાસ અને ૨૪૦ કવળ તે નિયમ બરાબર થાય, ઉલ્લંઘન ન થાય, તે અનુકૂલ ચાન્દ્રાયણ ગણાય છે. એમ પણ થાય. આ ઉતમવ્રત સર્વ પાપનાશક દોષનાશક શુધ્ધિ પ્રદ છે, ભક્તિ સહિત કરાય તો મોક્ષફલ આપે એવું ગણાય છે. ૩૨ દિવસો હોય તો છેવટે કે મધ્યે એક ઉપવાસ વધારે કરી લેવો. ૩૦ દિવસો હોય તો છેવટના જેટલા કવળ બચી જાતા હોય તે ૩૦મેં દિવસે લેવા, અથવા ગૌમાતાને ખવરાવી દેવા. એકાદશીઓ બે ફલાહારના કવળો વડે વ્રતમાં લેવી. અથવા આખું ચાન્દ્રાયણવ્રત ફલાહારના તેના તે કહેલા ક્રમિક કવળો વડે કરવું. ગરમી થાય તો સાકરનું પાણી, છાશ, ધોળવું લઈ શકાય.

ચાલુ વ્રતમાં, ઔષધ, ફલ, જળ, પાંદડું, દુધ, સાકર, ખાંડ, મધ, રસ, પ્રસાદિકણિકા, ગુરૂવચન વિપ્રવચન, છાશ, ધોળવું લઈ શકાય એ વ્રતનો ભંગકરનારાં નથી. પ્રાણની કે મૂર્છાની રક્ષા માટે છે. એક બ્રહ્મકૂર્ચવ્રત પણ શ્રેષ્ઠ પ્રાયશ્ચિત છે. ખેર, ખાખરો, ઉંબરો તેના પાન, દાભડો, તુલસી, જરાક મીઠું, આટલાં શેર પાણીમાં ઉકાળવાં, તે અર્ધો કે પા, પાણી ભાગેરેહે, તે કાઢો દરરોજ એકવાર કે બે વાર પીવો, સાત દિવસ પીવો, ઉદરને જોખમ જેવું જણાય તો પાંચ દિવસ, કે ત્રણદિવસ પીવો. જરા જરા સતપ હોય તેવા પીવો, આ શરીર તથા ઈન્દ્રિયોની શુધ્ધિ માટે ભારે ઉત્તમ વ્રત છે. બ્રહ્માર્પણ કરીને પીવાથી આત્મામાં મલિનતા હોય તો તે પણ ટળી જાય છે. સર્વે ઈન્દ્રિયોને તેના વિષયો ન આપવા એ દમન વ્રત પણ સર્વ વ્રતોમાં ઉત્તમ છે. ભક્તિ કરવી માળા ફેરવવી જપ કરવો તે સર્વે દોષોનું શોધક વૃત છે.

એકટાણું ભોજી સદા ઉપવાસી છે. બારેય માસ એક ટાણું ભોજનવ્રત પાળવું, સાયંકાળ, પ્રાતઃકાળ પ્રાણરક્ષણ માટે દુગ્ધજળ કાડો વિગેરે લેવાય. વિકાર ન થવો તે શીલવ્રત જબરૂ છે. વિકાર વ્રતઘાતક છે. નિર્વિકાર રહે તેને સાધુતા દઢ જાણવી, તે સાધુ ભગવાનનો ભક્ત હોય તો મુક્ત જ છે. ભગવાનની મૂર્તિ વિના અન્યત્ર જેનું મન અતિ અતિ નદોડતું હોય, ચિતમાં શાન્તિ હોય, બુધ્ધિ માં સમઝણ માં વિરામ હોય, તે મુકતજ છે. જેને બ્રહ્મમા સ્થિતિ હોય, પરમાત્મામાં સર્વ સમર્પણપણું હોય, ઈન્દ્રિયો અને વિષયોમાં ન ભળતો હોય તે શુધ્ધપ્રજ્ઞ ગણાય છે પ્રજ્ઞ શુધ્ધિ થયેસતે અન્તઃકરણમાં જીવમાં રહેલા પરબ્રહ્મ દેખાવા લાગે છે. અને આગળ અડખે પડખે હરતા ફરતા દર્શન આપતા રહે છે, આવો ભક્ત તે મોક્ષમાં વર્તે છે, એમ જાણવું.

જેને પરમેશ્વરની ભક્તિ નથી વ્રત નથી ધર્મક્રિયા નથી, તેને ઘરમાં કુટુમ્બમાં અશુધ્ધિ પણું અવશ્ય હોય છે જ. સાતપેઢીના સપિણ્ડોને દશ દિવસની મરણ અશુદ્ધિ લાગે, સાત ઉપરના ને તો સાત દિવસે ની અશુધ્ધિ લાગે, ત્રણ દિવસની લાગે, અને દૂર દૂર હોય તો એક દિવસની અશુધ્ધિ લાગે, આ બાબતો મનુ આદિકે ઘણી વર્ણવેલ છે, તે આદરણીય હોય છે. મનની મલિનતા અપસોસ હોય તો તે અશુધ્ધિ જ છે જો મનમલિન ન હોય તો તેવામાં અશુધ્ધતા પણ નથી.

પત્ની પતિ, ભાઈઓ, બન્ધુઓ, વિગેરેએ મન નિર્મળ રાખવું, રાગ દ્વેષ બે દોષ ટાળવા તો કામ ક્રોધ, લોભ, મોહ, માન એ દોષો ટળે, અને મદ મત્સર આશા તૃષ્ણા અહંકાર ઈર્ષ્યા એવી અશુધ્ધિઓ ટળી જાય, અને ધર્મ ભક્તિ તથા જ્ઞાનવાળાપણું થાય, સહેજે વૈરાગ્ય નિર્લેપતા અલોલુપતા જળકમળવત અસંગિતા વરતે, અશુધ્ધિ ન રહેવા

પામે. ભર્તારના બધા ધર્મોમાં નારીના ધર્મો સમાય છે, સત્કર્મોમાં યુગલને સાથે પણું નિયમિત છે, એટલે, બન્નેમાંથી એક કરેલાને ભાગ મળે છે, જેથી નર નારીએ સારા કર્મ આચરો વડે મોક્ષભાગી થવાય તેમ કરવું. વિદ્યાભ્યાસ વડે ઋષિઋણ ઉતરે, પુત્ર થવા પિતૃઋણ ઉતરે, યજ્ઞદાન પરોપકાર ધર્મો વડે દેવઋણ ઉતરે, અને ભક્તિ વડે બ્રહ્મઋણ ઉતરે, તેથી સંસારને તરી જવાય છે, લોકોની શુભ આશિષો મેળવીને મુક્તિ માટે જવા તૈયારી રાખવી, તેવા માનવો બ્રહ્મયોગિગણાય છે, તેને માટે તેજોમય બ્રહ્મલોક તૈયાર હોય છે.

❖ અધ્યાય-૧૧ ❖

માણસે બધા કાર્યો પતાવ્યા પછી નિવૃતિ લેવી. ભક્ષ્ય, ભોજય, લેહ્ય, ચોષ્ય, એવા બધી પ્રકારના ખાવા પીવા ચુસવાની ચીજોને ધીરે ધીરે ઓછી કરવી, ઈષ્ટને અનિષ્ટ કરતી જવી, મનપાછું વાળતું જવું, દશ્ય સ્પૃશ્ય આસ્વાદ્ય સુંઘવા યોગ્ય સાંભળવા યોગ્ય, પણ ધીરે ધીરે ઓછા કરવાં, ગ્રાહ્ય ગમ્ય ભોગ્ય વાચ્ય આદિ ઓછાં કરવાં, વસ્ત્રવેષ પાન વિગેરેમાંથી આદર ઓછો કરવો. જરૂરત પુરતુંજ દેહ નિભાવવા માટે ગ્રહણ કરવું, દેહના અહંકાર મમકાર તો ફોતરાં, છાલ, ખોભળા, વિનાના બીજેવાં ચોખા જેવા કરીને નિર્વાહ લઈ લેવો, માનવ સમાજમાં પણ તરૂસમાજ કે ગોસમાજ માં હોય તેમ મળતું રાખે, સર્વ ભૂત પ્રાણિ માત્રને અભયદાન દેનારો માનવ તે પ્બ્રહ્મરૂપ થયો છે તેને કાલનો ભય નથી. જેની દિનચર્યા તથા રાત્રિચર્યા તથા વરતન બ્રહ્મભરેલું છે, જેના આચારો વિચારો બ્રહ્મરૂપ છે. તેને શાશ્વત આત્માને કેનાથી ભય હોય ! ન જ હોય.

સર્વેમાં સમ ભાવના, ભિક્ષા સમાન અન્ન વડે તૃપ્તિ, જીવનમાં તથા મરણમાં ધ્યાન રહિત, આવા વ્યક્તિ મૂર્તિમાન મુક્ત આંહી છે. દૃષ્ટિદ્વારા ફરવાપણું ચાલવાપણું પવિત્ર જેને છે, ગાળેલા પવિત્ર જળનું પાન કરે છે, વાણીમાં મૌન ભાવને સાંચવે છે, અને માનસ સદા નિર્મળ છે તેમુનિજન ગણાય છે. કોઈના બોલવા તરફ કાન ન માંડે, અપમાનને ગણકારે નહિં, દેહનેનિમિતે કોઈ વૈર ન ઉપજાવે, એમ સન્તાસ્થિતિએવરતનાર સન્ત છે, ક્રોધ કે વઢવેડ ન કરે, કોઈ ઉત્પાત માં મન ન લગાડે, કોઈ ની ગરજમાં ન પડે, સાધુશીલ વ્રત માં વરતે,તે સન્ત મુક્ત છે, શબ્દ સ્પર્શાદિ પંચ વિષયની માત્રાઓની રસની આસક્તિ રહીત રહે, પૂજાકે સત્કારની તૃષ્ણા નરાખે, જન્મ મરણનું અનુસન્ધાન જાણવા પૂરતું રાખે, એવો જન તે સાધુકીર્તિ વાળો સન્ત મુક્ત જ છે.

બુદ્ધિ માં નિત્ય શ્રીહરિને સંભારે, ઈન્દ્રિયોની વૃતિઓમાં શ્રીહરિની મૂર્તિને વસાવે, વિષયોમાં અન્તરાત્માને જોયા કરે તો મુકતાતાને પામે છે. બ્રહ્મ ને આત્મા અને આત્માને બ્રહ્મ એમ દર્શન કરવાની આતુરતાવાળા ના બન્ધનો નિવૃત થાય છે, અને તેથી સાક્ષાત બ્રહ્મની પ્રાપ્તિ વડે, પર એવા અક્ષરધામમાં બ્રહ્મને પામે છે સુખ દુ:ખ રૂપી દ્વન્દ્વ હતા પણ તેનાથી મુક્ત એવો આત્મા બ્રહ્માત્મા જ બને છે. તેથી તે હું બ્રહ્મ છું એમ પોતાનો સાક્ષાત્કાર કરીને પોતે પરબ્રહ્મને પામે છે. સાધુ એવા નેતારુપ આત્મા બ્રહ્મભાવે વર્તે છે, ત્યારે જગતને પણ બ્રહ્મભાવપણામાં દેખે છે. પ્રજાને બ્રહ્મસ્વરૂપિણી કરતો થકો બ્રહ્મવ્યસની થાય છે, તે પોતે જ બ્રહ્મપ્રજાને સાથે લઈને બ્રહ્મલોકમાં જાય છે, લોકોમાં રીત છે કે માર મારનાર સમર્થ હોય તો મારખાનાર ભાગે છે, એટલે અસમર્થમાં બધા શૂરવીર બને છે, આ સમઝીને અસમર્થને દુ:ખન દેવું. માયા તજે તે યોગબળવડે ઉચે સ્થાને વરતે છે.

માયાવી માનવ એમ સમઝે છે. મને અન્તરીક્ષસ્થ કોઈ દેખતો નથી, પણ દિવ્ય ચક્ષુવાળા દેવો તેને દેખે છે, અને અન્તરાત્મા એવા પરમ પુરૂષ ભગવાન તો દેખે છે જ.

જે જે ઠેકાણે જે જે લૌકિકકે દૈવી કાર્યો થાય છે, તે તે ઠેકાણે તેના તેના નિયામક એવા પરમપુરૂષ કોઈ જરૂર તેને દેખે છે. ભિન્ન ભિન્ન વ્યક્તિઓના હૃદયમાં રહેલા અભિપ્રાયો ને જે બેકોરથી સમઝીને બન્ને ને સમઝાવે છે. તેજ તેવી જ રીતે તમામમાં રહીને તમામને સમઝાવે છે, અને તમામનું આન્તરીક જાણે છે. જડમાં વેતૃતા નથી, ચેતનોને વેતૃતા છે, માટે તે બે ચેતનોમાં જ્ઞાતૃ જે વ્યાપ્ત છે, તે બધામાં વ્યાપ્ત એકજ જ્ઞાતૃ છે તે બધાનું વેતૃ છે. એકજ છે, બે નથી, અદ્વિતીય જ છે, બધામાં છે તે તે એકજ છે બીજા તો તેને રહેવા ના સ્થાનરૂપ છે, તો તે તેનો જાણકાર છે, બધાનો જાણકાર હોય તે વ્યાપક હોય વ્યાપક એક જ જ્ઞાતા હોઈ શકે, બીજા તો અવ્યાપક જ્ઞેય જ હોય શકે, તે બ્રહ્મ બધું દેખે છે, અન્તમાં તેમાં તેમાં રહીને સર્વમાં સર્વેપણાને દેખે છે, તે સર્વાત્મક હોય તે સર્વને દેખે. માટે તે બ્રહ્મ જ્ઞાતૃ છે. સામાન્ય રીતે ઉપરછળું પણ જ્ઞાતૃ છે, અને અન્દરમાં પ્રત્યેક અણુ અણુનું પણ વિશેષ પણે જ્ઞાતૃ છે. જેથી બધા માં રહીને બધું દેખે છે પ્રયોજન, ફળ, સ્વરૂપ, પરિવતૃન, નવાં રૂપ સ્વરૂપ, ગુણ, ક્રિયા, સ્વભાવ, ધર્મ, વિકાર, સ્થિરતા, વિલય, કારણતા, કાર્યતા, સંસર્ગ, નિમિત, સહકારી, તમામનું જાણકાર વ્યાપક વેતૃ બ્રહ્મ છે, માટે તે દેખવામાં પોતાની આંખ વાળું છે, પોતે આંખ્ય છે, સૂર્ય ચન્દ્ર દુનિયાની આખોં છે, તેમ આ જીવને પ્રકાશકને શાશ્વત સૂર્ય ચન્દ્ર સ્વરૂપ છે, સ્વ પ્રકાશ છે, પરપ્રકાશક છે, આવા બ્રહ્મનેજ જોનારો થાય, તેની દીધેલી આંખ્યો

વડે તેને જોનારો થાય, તો તેના યોગથી જોનારો, આ, જોવા લાયક પણ, આ બન્ને એકમેક થઈને સર્વદ્રષ્ટા જગદ્દષ્ટા દિવ્યદ્રષ્ટા બની જાય છે, અને મોક્ષને અનુભવે છે.

મહાતત્વ એવા તેજસ્તત્વમાં પ્રતિબિમ્બ પકડવાનો સ્વભાવ છે, તેમજ સૂર્ય, ચન્દ્ર, ગ્રહો, નક્ષત્રો, તારાઓ, વિજળીઓ, પ્રદીપો વહ્નિ અગ્નિઓ તિખારાઓ, આંખ્યો, કિરણો, તે બધાના સૂક્ષ્માંશો, પ્રભારૂપ અંજવાળાઓ, પરમાણું, દ્રયણુકો, સ્વચ્છ ચમકીલાપણાં, ઉજળાપણાં સોનું રૂપું વિગેરે તમામ ધાતું પદાર્થો, તમામ જલો, ભૌતિક ચળકતા પદાર્થો, સ્વચ્છ તાણેલાં તારો, સ્વચ્છ ચિરોડી, ચકમક, પાષાણો, કરા બરફ વિગેરે જળો, ચોકખા કાચ, આભલાં, ઘોળા ચિકણાં આરસા ચિરોડી પતરી વિગેરે પાષાણમાં, તથા મધ સાકર વિગેરે રસોમાં, વાદળ ઝાકળ વિગેરે ઓછા જળોમાં, ઝાંઝવાના જળ કિરણોમાં, રસાયનનાં બનેલા કચકડા વિગેરે ખોખાઓમાં રાસાયનિક પટ્ટીઓમાં, જેમાં જેમાં તેજનાં અંશો છે, ત્યાં ત્યાં સર્વત્ર ચારેકોરથી ''૩૦'' પ્રતિબિમ્બો ગ્રહણ કરવાની શક્તિ સ્વાભાવિકજ છે, તે શક્તિ બ્રહ્મની છે, બ્રહ્મમાં આ બધુ જગત દેખાય છે, આકાશમાં અન્ધારામાં વાયુંમાં જલોમાં પૃથ્વીના સ્વચ્છ ભાગો મીઠું ખાર કડપલી પતરી રેતી વિગેરેમાં તેજ વ્યાપેલું જ્યાં સર્વેમાં હીરામોતી પારા છીપની શંખિયા દાંત વિગરેમાં તેજ ભાગમાં પ્રતિબિમ્બો પડે છે. તે તેજના યોગ વડે જ તેમાં તેમાં બીજા પદાર્થો ના આકારોની ગ્રાહકતા રૂપ પ્રતિબિમ્બ થાય છે. ગ્રાહકપણું છે આત્મામાં ત્યાં જ્ઞાતત્વ પણ છે, તે દિવ્ય તેજોની સ્વભાવ છે, આવુ લોક અલોકમાં સર્વત્ર ગ્રાહકતા અને જ્ઞાતૃતા તે શાશ્વત તેજ એવા બ્રહ્મની છે, તેથી બ્રહ્મ તેજ સર્વત્ર રહેલ છે, તે બ્રહ્મ તેજ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તેમાં ચિદબ્રહ્મ તો સદા જ્ઞાતૃ છે, પ્રતિબિમ્બ ને જાણે છે સાક્ષાત્કારે છે, તે બ્રહ્મ તેજ શાશ્વત સર્વાત્મક છે, તેના આત્મા તે પરમાત્મા છે, બ્રહ્મના આત્મા પરબ્રહ્મ છે તે પરમાત્મા છે, તે બ્રહ્મસહિત સર્વેના જ્ઞાતા છે, તે પરમપ્રભુ સર્વના સાક્ષાત દ્રષ્ટા છે, ભગવાન અને ભગવાનનું તેજ બ્રહ્મ બન્ને સાક્ષાત દ્રષ્ટા છે, તે બ્રહ્મ જે અક્ષર બ્રહ્મ છે, તે સર્વત્ર વ્યાપ્ત છે તેનામાં મુક્તિ સ્થાનો અને સૃષ્ટિઓ છે માટે સર્વમાં તે બ્રહ્મ છે. આછા પાતળું તે બ્રહ્મ તેજ રૂપે છે, ચર અચર જડ ચેતન તમામમાં છે, મુક્તોમાં ઈશ્વરોમાં આત્માઓમાં માયામાં સત્વમાં જે બ્રહ્મ છે, તે તેજ છે, તે તેજ દ્રષ્ટા છે, સ્વભાવેજ તે આંખ્યરૂપે છે, આંખ્યોમાં બ્રહ્મ તેજ છે, મનમાં બ્રહ્મ તેજ છે, જીવાત્મામાં બ્રહ્મ તેજ છે, આવો બ્રહ્મદર્શી સર્વદર્શી બ્રહ્મને સમઝે બ્રહ્મરૂપ પોતાને સમઝે તો બ્રહ્મમાં એકમેક થયો થકો બ્રહ્મની આંખ્યે બધુ દેખે, તે બ્રહ્મ થયો પરબ્રહ્મ સમાન થયો. બ્રહ્મ સ્થિતિ ના મોક્ષમાંજ છે.

આ કલિયુગમાં યુવાનો અને યુવતી અવસ્થાવાળાઓને ભગવાનના નામ કીર્તન જળ વડે શુધ્ધિ થાય છે. ઋતુમતી પણાની અશુધ્ધિ સ્નાન તેમજ ૧ ઉપવાસ વડે તથા નામજપના નિયમિત સમય વડે તદ્ન શુધ્ધિ થાય છે, રાજયના કાયદા મુજબ વિવાહ અઢાર વર્ષ પછી નિર્ણીત કરાયેલ હોવાથી તે તે અશુધ્ધિ દૂર કરવા માટે તપ વ્રથ ચાંદ્રાયણાદિકને માટે આ યુગ માનવસમાજ અક્ષમ અને નિર્બલ છે, તેને ભકિતવડે તીર્થમાં જઈ ન્હાઈ લેવા વડે ગુરૂદ્વારે, દેવદર્શનાદિ વડે, સંતોની સેવા વડે, એક ઉપવાસ વડે, શુદ્ધિ પૂરી માનેલી છે, સો માલા ફેરવવા વડે, પ્રસાદિ અભિષેક ના જળ પાન વડે, ચાર દિવસોમા, પૂરતા ફલાહાર વડે, તીર્થના જલના ચાર દિવસ ઉપયોગ વડે, મંદિરની રજ વાળીને શરીરમાં ચોળવા વડે, મેં શ્વેતાયન વ્યાસે તત્કાળ શુધ્ધિ માનેલી છે, મહાપૂજાઓ કરાવવા વડે ઉતમ એવી પાપશુધ્ધિ થાય છે, મંદિર ની સેવા કરવા વડે, સાવરણી કાઢવી, ગાર કરવી, ચુનો દેવરાવવો, ઠામ વાસણ ઉટકવા, દાણા સાફ સૂફ કરવા વડે માનવને સર્વ પ્રકારે શુદ્ધિ થાય છે. પાણી ગોરમટી લીપવા પુષ્પહાર ગુંથવા વડે, ઠાકોરજીને ચંદન કેસર અર્પણ કરવા વડે, વેષ શણગાર આભૂષણો અર્પણ કરવા વડે, નૈવેદ્ય દુધ કોરા, થાળ, પૂરી વિગેરેના પ્રબંધો બાંધી દેવા વડે, તથા જળના ફુવારા જળની સગવડના નળ, મશીન આપવા વડે, તથા ફૂલવાડી બગીચા કરાવી દેવા વડે, ફળકંદ પત્ર આદિ અર્પણ વડે, જીરૂ રાઈ મેથી મરચાં હળદર મીઠું વિગેરે મશાલા અપૂણ કરવા વડે ભાતભાતના અથાણાઓ અર્પણ કરવા વડે પાપડ વડી મઠીયા મગજ આદિ અર્પણ કરવા વડે, ધૃત તેલ ગોળ સાકર આદિ અપૂણ કરવા વડે, શાકભાજી આદિ આપવા વડે, કુમાર અને કુમારીઓ યુવાવસ્થામાં આવી આવી સેવાઓ વડે તત્કાલ શુધ્ધિવાળાં થાય છે, પૂર્વકાલમાં યૂગોમાં જે દોષો કહેવાયા છે, તે કલિકાળમાં સેવાભક્તિ વડે નાશ પામે છે, સેવા ભક્તિવાળા નરનારીઓ ભક્તો છે માટે દેવતાઓ કરતાં પણ ઉત્મ દેવતાઓ સમાન છે, અને બ્રહ્મરૂપે માનવા વડે બ્રહ્મમુક્તો ગણાય છે, એ સર્વે ઘરમાં રહ્યા છે, તો પણ સંત જ છે પૂજય છે માન્ય છે આદરણીય છે, આ મારો શ્વેતાયન વ્યાસનો મત છે.

ચાલૂ જમાનાના ન્યાયને, રાજયને, સમાજને વ્યક્તિને બળને, ધનને, ઉત્સાહને, ખમવાપણાને, જોઈને, બહુશ્રૃત ડાહ્યો માણસ ધર્મવર્તૃન આપે, દેશ, કુલ, સાધન, યોગ્યતા, માનવની સ્થિતિ સ્વાતંત્ર્ય, પારતંત્ર્ય સ્વભાવ, રીતિ, અને સમય, જોઈને ધર્મવર્તન આપે, વેપાર, ઉદ્યોગ, ધંધો, ધનની આવક, શરીરની ચાલુ અવસ્થા, સ્થિતિ, સ્વાસ્થ્ય, ગામ, નગર, વાયુહવાની અનુકૂલતા આદિ જોઈને ધર્મ વર્તન આપે, તથા નિશાળમાં બાળકોને શિક્ષક જેમ સાદાઈથી શિક્ષણ શિક્ષા દંડ આપે છે, તથા પ્રજાનો

પાલન કરનારો પાલ્ય ધ્યાનમાં રાખીને ધર્મવર્તન શિક્ષણ આપે છે, તથા લોકસમાજનો નેતા, તથા ગુરૂઓ સમાજમાં મળે તેવું ધર્મવર્તન આપે છે, તે પ્રમાણે જોઈને ધર્મ વર્તન આપવું. પર કેવી ક્રિયા કરે છે ? કેવો આચાર વિચાર છે ? કેવું ધન છે, કેવા ઘરબાર છે, કેવા ભોજન પાન છે ?, કેવી સમૃદ્ધિ છે ? કેવું વલણ છે ?, તે પ્રમાણે જોઈને ધર્મવર્તન આપવું, આ કલિયુગ અતિ અનિષ્ટની હાજરી આપનારો છે, તેમાં માનવોને સરલ પડે વિખવાદ ક્લેશ ન થાય, ઈષ્ટવ વસ્તુ પાર પાડી શકે, પાલી શકે, શાંતિ મેળવી શકે, તે પ્રમાણે ડાહ્યા માણસો ધર્મ વર્તન-બતાવવું, શ્રીકૃષ્ણદ્વેપાયન વ્યાસ ભગવાને સર્વથી અધિક ભક્તિ આપસંશોધીકા વધારે વર્ણવી છે, શ્રી હરિના સંબંધવાળી તેવી ભક્તિ સુખ દેનારી અને મોક્ષ દેનારી થાય છે એમ વર્ણવેલી છે, તેવી ભક્તિ આ જમાનામાં સર્વરીતે દંડરૂપે, નીતિરૂપે, શુદ્ધિરૂપે આ લોક પરલોકમાં સુખી રહેવા જવાના સાધનરૂપે વર્ણવી છે, માટે પાપ નાશ કરવા અને મોક્ષ લેવા તેવી ભક્તિવાળું ધર્મવર્તન આપવું.

ભાગવત ધર્મમાં બધાં પ્રાયશ્ચિતો સમાઈ જાય છે. કલિયુગમાં પણ સ્વરાજ્ય યુગમાં વિશેષ પણે ભક્તિ બતાવવી, ધર્મકાર્ય માટે, દેશ હિતકર કાર્યો માટે પરોપકારો ની મદદો માટે ભાગવત ધર્મ રૂપે ધર્મવર્તન દણ્ડ વધારે ધ્યાન પર લેવો, એમ હું શ્વેતાયન વ્યાસ ભલામણ કરૂ છું. દોષિત માનવોને પણ જે દણ્ડ પાળવામાં શાન્તિ થતી જાય તેવો ધર્મ-વર્તન દણ્ડ આપવો ક્રૂર માનવો ને પણ એવો દણ્ડ આપવો કે જે ભવિષ્યમાં ક્રુરતા ન આચરે. બધા દણ્ડ સંશોધક છે, તો પણ પ્રાણ દણ્ડ તો ન જ આપવો. માનવપણું અને પાવનપણું બન્ને વરતે તેવો દણ્ડ ઉતમ છે. ક્રોધથી દ્વેષથી દાંત કટાકટી કરે એવોદણ્ડ ઉતમ નથી, પાપનો નાશ થાય અને આત્મામાં શાન્તિ થાય એવો દણ્ડ ઉતમ છે. છ એમ હું શ્વેતાયન વ્યાસમાનું છું ભક્તિ થાય તેવો દણ્ડ અપાય.

✣ અધ્યાય-૧૨ ✣

પ્રાણથી મારી નાખવા ઝપટે તે આતતાયી શત્રુ ગણાય છે, તેનાથી તો હાજર તે હથિયાર વડે પોતાના શરીરનું રક્ષણ કરવું, પોતે રક્ષણ કરવા માટે ઝપટતા શત્રુને મારી નાખનાર દંડનો પાત્ર મનાતો નથી. દેવ માનવ કે રાજા કે શ્રેષ્ઠ માનવ પૂજ્ય જનો હોય, પણ તે આતતાયી શત્રુ તરીકે આવી ચઢે તો પોતાના રક્ષણ માટે તેને મારી નાખવો જોઈએ. અગ્નિ લગાડનાર, ઝેરદેનાર, ધન લૂંટનાર, શસ્ત્ર વડે મારવા દોડનાર, પત્ની વાડી વિગેરે નો હરનાર, એ આતતાયી શત્રુઓ ગણાય છે, જલ અંજળી ભરેલ હાથ ઉંચો કરી શાપ આપવાને તૈયાર, મન્ત્ર નાખીને મારનાર, સર્વસ્વ લૂંટનાર, છિદ્રાન્વેષી, તે

આતતાયી શત્રુઓ છે, હણવા માટે તેને હણવો, તે આતતાયી જ છે, તે ટાણાંના હાજર હથિયારો વડે ઉપાયો વડે નિજ પ્રાણ બચાવવો.

કૂવામાં ફેંકી દેનાર, ઉંચેથી પાડનાર, દોરડે બાંધનાર, પુત્ર પત્ની, પુત્રી આદિને મારનાર, એવાનેતો શસ્ત્રો વડે જલ્દી ઠાર કરવો, કુલના કુટુમ્બના અને સ્ત્રીઓના દબાવનારા પકડનારા, પરાણે સ્ત્રીભોક્તા, આતતાયીજ છે, તે તો ઠાર કરવા લાયક જ છે.

જેવો પોતાનો દેહ તેવીજ પોતાની સર્વ પ્રકારના કુપ્રસંગોથી સુરક્ષિત રાખવી, પત્ની ધાર્મિક પ્રજા અને ધર્મ માટે છે, પત્ની વિના અન્યા સ્ત્રી ગૃહીધર્મ માટે ઉપયોગી નથી, ધર્મ રક્ષામાં ઉપયોગી પત્નીનું રક્ષણ કારણ છે, પત્નીના રક્ષણ વડે વંશનું, ધર્મનું, આત્મા-નિજનું કુલનું સ્વગર્ભનું પુત્રનું યશનું દ્રવ્યનું સમૃદ્ધિઓનું અન્નનું જળનું દેવપૂજનનું અને ગૃહિ જીવનનું રક્ષણ તે પત્નીનાં સંરક્ષણ વડે છે, પૃથ્વીમાં સ્વર્ગમાં ઋષિલોકમાં પિતૃલોકમાં, અતલ, સુતલાદિ, પાતાલોમા, સર્વ સૃષ્ટિઓમાં લોક લોકાંતરમાં, જનવર્ગે યત્નપૂર્વકનિજ પત્નીઓનાં તથા સ્ત્રીવર્ગના રક્ષણ કરાય છે.

નારીવર્ગને બળજબરીથી દબાવીને શીલવ્રત વિગેરેમાં તેઓ સુરક્ષિત રાખી શકાતી નથી, પણ કામકાજોમાં લગાડી દીધેલ હોય તો તે અવલંબને પોતે જ સુરક્ષિત રહી શકે છે, ઘરમાં ઘન તેમને રક્ષા કરવા સોંપી દેવું, ખર્ચમાં અને આવકમાં નજર રાખવા સોંપવું, ન્હાવું ન્હવરાવવું, ઘરની ચોખ્ખાઈ કપડાની ચોખ્ખાઈ રખાવવાનું, ભળાવી દેવું, મેલા કપડાં વિગેરે ધોવરાવવાનું કે ધોવાનું સોંપવું, ચીજોનું બજારમાંથી લેવું, ખરીદવું, સોંપવું, રસોઈનું કામકાજ તેમને જ માથે રાખવું, જળ ભરવાનું, ઘર વાળવા લીમ્પવા વિગેરેનું તથા વાસણ ઉટકવાનું વસ્ત્રો ગાદલાં ગોદડા રજાઈ, ઓછાડ, ઓશિકાં વિગેરેનું સુરક્ષણ રાખવાનું તેમને સોંપવું, સવાર સાંજ ગણેશજી શંભુ નારાયણ લક્ષ્મીજી આદિકની ભક્તિ કીર્તન નૈવેદ્ય જળ ધરવાનું તથા તે માટે ચીજ સામગ્રી ગોઠવવાનું તેમને સોંપવું, દાણા સમા કરવાનું, ફુલમાળા પરોવવાનું, રૂમાલ ગૂંથવાનં, અલંકાર, શણગાર શોભા કરવાનું, તેમને સોંપવું, કામકાજ ના ભાર તેમને સોંપવાતી તેમાંને તેમાં તેમનો વખત વીતે અને પોતે જ પોતાની મેળે ઘરમાં સુરક્ષિત રહી શકે છે, વ્રત કરવામાં ગૌ વાછડાંની સંભાળ રાખવામાં, ગૌને દોહવામાં, દૂધ, દહીં કરવામાં, બળતણ છાણાં કાષ્ઠ રાડાં મેળવવામાં, છાસ વલોવવામાં, દહીંથી માખણ મેળવવામાં, શય્યા આસન સંજેરો પાગરણ વિગેરેના સંકેલવાના કામકાજમાં તેમને સોંપણી કરાય, આવી ચિંતા એક પછી બીજું કામકાજ તેમાં મન લાગેલું રહેવાથી સુખ સાથે નારઓનાં સ્વયે રક્ષણ થયા જ કરે છે.

જે સ્ત્રીઓ પોતે પોતાને રક્ષામાં રાખે તે સ્વયં સુરક્ષિત રહે છે. સ્ત્રીને બીજા માનવની ભોગ્ય હું શું કામ થાઉં ! ન જ થાઉં, આવી ભોગ્યતા બાબતની અભડાવાની જો ઘૃણા હોય તો, તથા પોતાની નીચે પતિત થવાની અરૂચિ હોય તો જ, નિજ દેહને અને ધર્મને રક્ષમ કરી શકે છે. પોતાના ગુપ્તભાગને દેખાડવાની અતિ લજ્જાવાળી હોય તે તથા યમપુરીના દંડના ભયવાળી હોય તથા સગર્ભાથઈ જવાના ભયવાળી હોય તો તથા લોકાપવાદ તિરસ્કારથી અતિ ડરતી હોય તો તથા ખરાબ થવાથી વિવાહ ભાંગી પડશે એમ નજરવાળી હોય તો તથા કાઢી મેલશે એવા ભયવાળી હોયતો ધણી સમ્બન્ધી કોઈ મારી નાખશે એવા ભયવાળી હોય તો નારી વર્ગપોતાની મેળે ભયમાંને ભયમાંજ શીલ વ્રતમાં સુરક્ષિત રહી શકે છે.

સતી સાધ્વીશીલ રક્ષણના પુણ્યવાલી નારીઓના પ્રતાપે ઘરમાં ધન, ધાન્ય, પુત્રપુત્રી સમૃદ્ધિ યાનવાહન જિવિકાઓ, ભોગ આભૂષણ દિવ્ય વસ્ત્રો શ્રૃંગાર સામગ્રીઓ, જે ખૂટે જ નહિ તેવી સદા વસે છે, અનેક કુલ કુટુમ્બમાં ઘણી શાન્તિ વરતે છે ધર્મવાલી સ્ત્રીના ઘરમાં અને તે સ્ત્રીમાં સુરૂપતા, પુષ્ટિ, ખાન, પાન રસદાર ચીજો, ઘૃત માખણ, ગુંદ્ર, શાકભાજી મિઠી ચીજો રસભરેલી ચીજ, સતી નારીઓનાં ભવનમાં કાયમી સુખકારી રહે છે, ખૂટતાંજ નથી ''૨૩'' પકવાન્ સાકર, ખાંડ, ગોળ, મધ, વિગેરે વડે સત્કારો, આવેલા ને જમાડવા શરબત પાવા મધુપર્ક આપવા વિગેરે શુભ કાયમી સત્કારો થાય છે. જ્યાં શીલવ્રત વાળી સ્ત્રીઓ છે ત્યાં અતિથિઓના સત્કારો ઉપર કહ્યા પ્રમાણે જ થાય છે. જો યુવતી નારીના વિવાહન થયો હોય તો ક્યારેક યૌવનના બળવડે કામદેવના જવર વડે પીડિત થઈ થકી તે કોઈ વખત પાસે એકાન્તમાં રહેલા થોડા એવા પરિચિત નરને નારી પોતે પોતાની જડતા વડે સેવવાનું વર્તન અપનાવી લ્યે છે.

માટે નર વર્ગે નારવર્ગને પર પ્રસંગ વડે વ્યભિચારિપણાને ન પામે તે રીતે રક્ષણમાં રાખવી. એવી સતીઓ એજ શ્રીવર્ગ છે. સ્ત્રીઓને ઘરે આગન્તુક મેમાન આવે તો સત્કારધર્મ સાચવવો જ પડે, સત્કાર ધર્મવાલી કમળાઓ ગણાય છે, તે જ કુલ અને સન્તાનની પોષણ કારિણીઓ છે, નારી ક્ષેત્ર ભૂમિ છે, બીજ પુરૂષમાં રહે છે, પુરૂષ બીજને નારીમાં વાવે છે, જેવું બીજ તેવો વંશ ઉપજે છે, બીજના લક્ષણો વંશમાં વિસ્તાર પામે છે. ભૂમિ માં વિજાતિય બીજો વાવ્યાં હોય તે પોત પોતાના સજાતીય અંકુરો ઉપજાવે છે, બીજમાં સ્વભાવહોય તેવા સ્વભાવનો પુત્ર થાય છે, માટે જ ચોકખું બીજ વાવવું. સ્વામીએવા પતિદેવે ઉતમ બીજ તે, અસાંકર્યે પાળેલ પોતાની સતીના શુધ્ધ ક્ષેત્રમાં ગર્ભાશયમાં વાવવું ''૩૦''.

વિવાહીત નારીઓને આપતકાલ અનિષ્ટ કરનારા થાય છે, તે સમયમાં પણ સુખદ વ્યવહારો કહું છું, પતિદેવ ધન આદિ કમાણી માટે પર રાજ્ય પરદેશમાં ગએલ હોય, તેની પરણેલી પત્નીએ આવવાની રાહ જોવી, કારણ કે તે ગૃહિધર્મ વડે સ્વામી પતિ છે, સ્વામી ગૃહ ક્લેશથી ચાલ્યોગએલ હોય, કે પત્ની ગૃહક્લેશથી ચાલી ગઈ હોય, તો તે બન્નેના ક્લેશો દૂર થાય તેવી સમઝાવટ કરવી કરાવવી, અથવા તો તદન છુટાછેડા કરવા કરાવવા, આખા જીવનમાં સંવાસ કે સંયોગનો પ્રસંગ તજાવાય, અને તેવો સંબંધ છોડાવાય, કાગળમાં લેખ લખીને છુટાછેડા ની સંમતિ સુખપ્રદા કરવી, કરાવવી, રોગ વડે, પીડાતા હોય તો સેવા કરવી, સહન કરવું, એકબીજાનો ત્યાગ ન કરવો, યુગલપણું સાંચવવું, વિવાહકારિત દંપતીપણું બન્નેએ નિભાવવું, તે સ્વર્ગઆદિ પરલોકનું આપનારૂ છે.

દાંપત્ય સંબંધ ધર્મથી છે માટે આજીવન પાળવો, પણ પ્રાણત્યાગ કરવા જેવું દુઃખ દેનારો થાય તો, તે કરતાં છુટાછેડા સારા ગણાય, છુટાછેડા કરીને જીવશે તો જરૂર કલ્યાણાર્થધર્મ વિશેષ પાળશે, નપુંસક કે નપુંસકીનો અનપુંસક કે અનપુંસકીનો પરસ્પર સંબંધ તે ધાતુવાળા નર કે રજોવાળી નારીને દુઃખદાયી જ છે, માટે તેવા કજોડલાને તો છુટાછેડા લેવા સુખદાય છે, અથવા સધાતુક પુરૂષે બીજી પત્ની કરાય તો નપુંસકીને પાળવી તે ધર્મ છે, પણ પુરૂષ નપુંસક હોય તેને ઠેકાણે બીજી પતિ તો નજ થઈ શકે, ત્યાં છુટાછેડા યોગ્ય છે, ગુપ્ત રીતિ કરી શકાય, પણ તે ધર્મવિરોધી ન હોય તો કરાય, જેમ કે દેવર અવિવાહિત હોય તો સગા મોટા નપુંસક ભાઈની પત્નીદેવરને સેવે, પણ તે બંનેના માવતરો અને નપુંસક પતિ સંપીને ધર્મની રીતે અમારી આજ્ઞાઓથી પતિપત્ની પણે વરતો એમ જો ગતિ કરે તો અનૂકૂલતા હોય તો, અને વિવાહિત પણાનો ક્લેશ શમી જાતો હોય તો બંનેના પક્ષના માનવોમાં જો અનુમતિ મલતી હોય તો દેવરની પત્ની થવામાં ધર્મ-પતિધર્મ જ પળાય છે તે સુખદ થાય છે, તેમ અનુકૂલ ન પડે તો છુટાછેડા સારા ગણાય, પછી શ્રેયસ્કર કાર્ય થાય. પણ છુટાછેડાનું સાહસ ન કરવું, વિચારીને યોગ્યમાં દંપતીપણું તે ધર્મ ગણેલ છે.

ગુપ્તઅંગોમાં ધાતુ કે રજો ભાગનો બગાડ થએલ રોગ હોય, તો નરનારીએ પરણેતર ગૃહિધર્મ સાચવવા તે ધર્મ નિભાવવો. ન નિભાવી શકાય તો ભોગવિલાસ માટે ફરીથી દંપતીપણું નવું કરવું, બેમાંથી એકનું મૃત્યું થયે, ફરીથી દામ્પત્ય કરાય તે સુખ માટે થાય છે, નારી વન્ધ્યા જ રહેતી હોય તો બીજી નારી પુત્ર માટે કરવી, તેમાં ધર્મ સંચવાય, ક્લેશ ઉપજે તો સુખ થાય તે પ્રમાણે ત્યાગ પણ કરાય, તેમાં કુલ સમ્મતિ લેવી, તે ધર્મ છે. નારીએ પણ પોતે તજાયા પછી બીજો પતિ કરવો. નારી કે કન્યા ઋતુધર્મ વાળી લાંબો કાળ રહે અને ધર્મથી જ પતિને ઈચ્છે, ઉતાવળ ન કરે, પણ નીરાશા

જ થતી હોય તો તેણે સ્વયંવર પધ્ધતિ થી પતિ ધર્મરક્ષણ માટે સ્વાકારી લેવો, તેમા સતી ધર્મ સુરક્ષિત રહી શકે. પુરૂષ પણ લાંબે કાલે નિરાશ થયો હોય તો, કુટુમ્બિજનો તેના વિવાહ ન કરાવતા હોય તો, સ્વયંવરિણી પદ્ધતિથી યોગ્ય પત્ની કરી લે.

દમ્પતીપણું સર્વ પ્રયત્નો વડે રક્ષિત રાખવું, એ આમરણાન્ત ઉતમ ધર્મ છે, દમ્પતીઓને ધર્મ અર્થ કામ અને મોક્ષ આપે એવો દામ્પત્ય ધર્મ છે. દમ્પતી ન હોય એકલા હોય તેણે તો સાધુધર્મ સાધ્વીધર્મ શીલવ્રત રક્ષક એવા વ્રત તે પાળવા, શીલવ્રત વડે બધુ જીતાય છે, તે શ્રેષ્ઠ ધર્મ છે, શીલવ્રત સંતોની સમ્પતિ છે, બ્રહ્મવ્રત શીલવ્રત છે અને જયપ્રદ છે, જે શીલવ્રતમાં કામનાઓ ભોગો કે તેનાથી જન્ય ક્લેશો થતા નથી. ધર્મ ધન વિના ધન છે શીલવ્રત મોટું ધન છે જઠરાગ્નિ અને ભોજનપાન તે પણ ધન છે, ભાગવત ધર્મ મહાન ધર્મ છે, આવા ધનો વડે જે ધની છે, તેને પુત્રધન તારનાર છે તથા શિષ્ય ધન તારનાર છે,તે કરતાંય શ્રી હરિની ભક્તિનો મહામોટું ધન છે, આવા ધનોમાં કોઈનો ભાગ નથી, આવાધનો વડે સ્વર્ગજીતાય છે, બ્રહ્મલોક પણ જીતાય છે, માટે ડાહ્યાજને આવા ધનો મેળવવા.

દશ પ્રકારે ધન દ્રવ્ય મેળવવું તે ધર્મ છે, વિદ્યા વડે, શિલ્પકળા વડે, ખેતી વડે, નોકરી વડે, ગૌ પશુરક્ષણ વડે, વ્યાપાર વડે, ચાકરી વડે, ભિક્ષા વડે, શૂરવીરતા કે ધૈર્ય વડે, વ્યાજવટાવડે, મળે તે મેળવવા યત્ન કરાય, સાત પ્રકારે મળે તે પણ ધર્મ ભરેલું છે, વારસમાં મળે, નફો મળે, જીતી ને મળે. ખરીદી વેચાણે આદિ વડે મળે, લેવડ દેવડના વ્યાજથી મળે, કામકાજ ધંધાવડે મળે, ખેતી વડે મળે, સારા માણસે મેળવેલમાંથી આપે એ ધાર્મિકી છે, ધર્મશિલ માનવ આવા ઉપજીવકો વડે જીવે, આપતિમાં ભિક્ષા ઉતમ છે. રાજા પ્રજા તમામ બીજાપાસેથી નાણા ઈચ્છે છે, માટે અદલાબદલાની સતાની કામ કરીને લેવાની, એવી એવી ભિક્ષુકતા તમામમાં છે.

✣ અધ્યાય-૧૩ ✣

કલિયુગમાં દાન મુખ્ય ધર્મ છે, દાન વડે ધન અન્ન ઉપજની શુદ્ધિ થાય છે, વિકારોની શુદ્ધિ થાય છે. કલિમાં સર્વે વર્ણો જાત મહેનતને વધારે માને છે, તેઓને ભિક્ષા, માગવું, તે રૂચતું નથી, ચાકર થવું પણ રૂચતું નથી, કલિમાં તમામ માનવોને, મફતનું ખાવા માં અકર્મિપણે મેળવવામં રૂચિ હોતી નથી, વિપ્રોનો ભિક્ષાધર્મ છે તે પણ તેમને સારો લાગતો નથી, સાધુઓ તતા આધાર મઠ વિનાના માણસો તથા અનાથો બાવાઓને પણ ભિક્ષા માગવી સારી લાગતી નથી. તેમ તેઓને તપ કે વનવાસ માં સન્યાસ માં કે ગુરુકુલ માં નિરોધ માં રહેવું ગમતું નથી, તથા અન્ય ક્ષેત્રોમાં પણ મફતીયા ઉદ્યમ વિનાના લાભ રૂચતા નથી. દેવ પૂજાવડે પૂજારી પણે કે ભણવા વડે કે

ભણાવવા વડે કે માધુકરી ભિક્ષાનીવૃત્તિ વડે કે લોટ માગવા વડે જીવન બિલકુલ ગમતું નથી. વિપ્રબાલક હોય કે સાધુ હોય કે અનાથ હોય કે રસ્તામાં પડખે રખડતો હોય તો પણ માગવું ભિખવું તેને ગમતું જ નથી, કારણ કે તેમાં તિરસ્કારો બહુ રહ્યા છે.

પુત્રવધુએહેતથી આપેલો અન્ન રોટલો પણ કલિમાં રૂચતો નથી, કુટુમ્બ કે પુત્રે આપેલ અન્ન રૂચતું નથી, આ કલિકાલ એવો જ છે જેમાં ઘરે ઘરે અન્દર અન્દરમાં ક્લેશ, અન્ન, જલ, વસ્ત્ર, આભૂષણ, ભૂમિ, ભાડવડે નિવાસ, લાંચ રૂશ્વત, કાર્યસિદ્ધી કરવા, પોતાનું ધાર્યું કરાવવા, તેવું ફળ લેવા, પરસ્પર ઘરે ઘરે ઘરમાં જ ક્લેશ, કન્યા માટેના ક્લેશો, પુત્ર માટે, તેને ભણાવવા માટેના ક્લેશો, ઉદ્યમ મલવા માટે ક્લેશો, ખર્ચ બહુ થાય તેના ક્લેશો, સ્વતંત્ર છુટ છાટનાં રખડવાનાં બોલવનાઃ અમર્યાદાનાઃ ક્લેશો, અપમાનનાં તથાસતા માટેનાં ક્લેશો, તો કલિકાલમાં માણસે માણસેવ્યાપેલાં છે. રોગના ક્લેશો, નિર્બલતા ક્ષીણતાનાં ક્લેશો અશક્તિઓના એક્સીડંટ અકસ્માતના ક્લેશો, મનના ક્લેશો, તત્વ પ્રકોપના, ધન મેળવવાના તેના રક્ષણના પણ માણસે માણસે મહા ક્લેશો કલિમાં છે.

દેખવા વડે ઘણા ક્લેશો છે, સાંભળવા વડે ઘણા ઉદ્વેગો છે, કામના વડે ઘણી ઝંખનાઓ થાય છે, તે વડે અનર્થો થાય છે, છેતરપિણ્ડી, કપટ, ચોરી, ધોખો દેવો, અપહરણ કરવું, આદિક ઘણા ભલા ક્લેશો ઘાત કરનારા પણ નીવડે છે, ભયના ક્લેશો દેશાન્તરમાં ભાગવું પડે, દુકાળ પડવાથી કુટુમ્બ વિખુંટું પડી જાય, વેચાઈ જાય તેવા ક્લેશો, તથા તાડન મારપીટ વિગેરે ક્લેશો, સર્વે પ્રજામાં આ ક્લેશો ઘેર-ઘેર છે. આ ક્લેશો શમાવવા માટે જે જે દણ્ડ પ્રયોગો થાય તેમાં પણ ઓળખાણના અન્યાયો ધનાર્પણ ના અન્યાયો ભળામણના અન્યાયો અન્દરમાં છાનાં થતા જ હોય છે તો પછી કલિયુગમાં ક્યાંથી શુદ્ધિ થાય, દેહધારીઓને સરલ રીતે સુખી કેમ થવાય આ બાબત સરલ તો દાન જેવી કલિમાં કોઈ નથી, દ્રવ્ય ઠાલવવું, ગૌ ભેંસ અશ્વ બકરી, પટારા, કબાટ, તિજોરી, પલંગ ગાલીચા વાહન ભૂમિ આદિ અપાય તો ધાર્યું સુખ મેળવાય, માટે દણ્ડકાર્ય સર્વ પ્રકારના દાન સ્વરૂપે સરલ અટપટું ન પડે તે પ્રમાણે ઉપયોગી શુદ્ધિ કરનારૂં માનેલું છે. દાન શક્તિ ન હોય તો દેહ વડે સેવા શક્તિ વાપરવી, દેવીના મહાપૂજન કરવા, આ પાવન સત્કર્મ તે પણ ભૂલોના પાપના નિવારક છે.

મોટા પુરૂષનો અનુગ્રહ તે મોટું પુણ્ય છે. સર્વે દોષોનું નિવારક છે, દુર્બલમાં અનુગ્રહ કરવો, તેને જપ કરવાનું પ્રાયશ્ચિત તે ધર્મ છે, પાપ છાનું થયું બહાર ન પડેલ હોય તે દોષનું નિવારણ કરવા પોતે જ પ્રાયશ્ચિત કરી લે, જપ જપી લેવા, તેની પાપની

શાંતિ થાય છે તે ધર્મ છે, એક વિદ્વાન સાત્વિકને પૂછીને કહે તેમ કરી લેવું તે પણ ધર્મ માનલે છે, તે પાપનો સંશોધક છે, સદગુરૂએ થોડું એવું બતાવ્યું હોય તે પમ મહાપાતક નાશક જાણવું, અજાણ માનવો હજારો ભેગા થાય તે વિચારસભા ન ગણાય, ધર્મોનો બહુ જાણકાર એકજ વિદ્વાન પણ સભા ગણાય છે, પાંચ કે ત્રણ ધર્મજાણકાર વિદ્વાનો પણ સભા ગણાય છે, આત્વેતા બ્રહ્મનિષ્ઠ દિવ્ય દૃષ્ટિવાળો એક જ સંત પણ સભા ગણાય. માણસે પોતાના સમસ્ત કિલ્બષો ગુરૂદેવ રૂપ અગ્નિમાં હોમવાં ગુરૂ પોતે જ અગ્નિ છે તે પોપોના બાળનારા છે, ધમી નાખનારા પ્રભુ સમર્થ છે, ગુરં સંત મહાવિદ્વાન માનવ કાંઈક ખેલરુપમાં બોલી જાય તો પણ તે તેની વાણીરૂપી ધર્મ છે, શુધ્ધિઓનો કરનાર છે, સુખ શાંતિ ફળ આપનારો છે, રાજા દેવાલયમાં પણ દેવસમીપે પ્રાયશ્ચિત અપાવે, દોષિત હોય તે જપ કરે ધાર્મિક વ્રત કરે ગાયત્રી જપે ૐ એવા નામ જપે, તે શુધ્ધિ કરનારાં છે, ગૌમાતાની સેવા સંતની સેવા પિતૃ માવતર વૃધ્ધોની સેવા દેવતાઓની પૂજા એ પ્રાયશ્ચિત ભારે શુધ્ધિ કરનાર છે, પરમેશ્વરનું માનેલ છે.

ફૂલાહાર, એકટાણાં, આદિવ્રત વડે, ચાંદ્રાયણ, કૃચ્છાદિ વડે ઉપવાસ વડે તીર્થસ્નાન, ભગવદ ધ્યાન, સંધ્યા, ગાયત્રી જપ, દેવપૂજન, આદિ વડે, પુણ્ય કરવા વડે, પાપો ઠેલાય છે ધોવાય છે ભાગે છે અને બળે છે. જપ, દાન, હોમહવન અને ગુરૂની આજ્ઞાઓ પાળવા વડે પાપો નાશ પામે છે, માનવ શુધ્ધ થાય છે, માનસ પશ્ચાતાપ તે પણ પ્રાયશ્ચિ ધર્મ પાપ શોધક છે. મનસ્તાપ કે અંતઃકરણ અત્માની શુદ્ધિ થાય છે અને ઉપવાસો વડે શરીરની શુદ્ધિ થાય છે એક પળી ગોમૂત્ર, અંગુઠાના ટેરવાં જેટલું ગોછાણ, સાત પળી દૂધ, ત્રણ પળી દહિં એક પળી ઘી, તથા એક પળી ડાભડાનું પાણી, પળી એટલે ચાર રૂપિયા ભાર, વધારે પડતું જણાય તો બધૂ અર્ધુ કરી નાખવું, તે બધાંને ભેળવીને આછે વસ્ત્રે ગાળીને જરા સતપ કરી ને ઠંડુ એવુ અગ્નિમાં થોડુ હોમીને, પછી ગાયત્રી જપ સાથે કે ભગવાનના નામના જપ સાથે પીવું, હોમ વડે દેવપ્રસાદી ગણાય તે પીવું, પાપના બંધન વળગેલામાનવ આ બ્રહ્મકૂર્ચ તો પવિત્ર થાય છે, એક દિવસ, પાંચ દિવસ, સાત દિવસ રૂચિ પ્રમાણે, સદવા પ્રમાણે પીવાય.

જે તે કાંઈ મોટાં કે નાના પાતકો તે, સાધુ દીક્ષા લેવા વડે સર્વ પ્રકારે ભસ્મી ભૂત થાય છે. નારી પણ સાધ્વી દીક્ષા લે તો તેના સર્વ દોષોની શુધ્ધિ થઈ જાય છે. દીક્ષા માયા ટાળનારી છે ધામમાં મુક્તિ આપનારી છે. તે દીક્ષામાં શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ તથા સેવા તે શ્રીહરિના ચરણ યુગલમાં વાસ આપનારી છે. સંસાર જ પાપાત્મક છે. તેમાં અવિદ્યા તે પાપણી છે, તે માયા કે અવિદ્યા ને ભક્તિ

અને સેવા વડે ટાળવી, ભગવાનની પ્રસન્નતા થાય તેને ગમતો હોય તેવો ધર્મ જે ભાગવત ધર્મ તે પાળવો. ગુરૂદેવ રૂપી ભગવાનની ભક્તિ સેવા કૃપા મૂર્તિમાન કરવાં તે પ્રસન્નતા આપનારાં છે, ભગવાન સન્તનો સાક્ષાત સત્સંગ તે બ્રહ્મરૂપ બનાવનારો છે. મારામાં અર્પો, મારામાં આસક્તિ રાખો, મારામાં સર્વ ક્રિયાઓ કરો અને મસર્પો જડ ચેતનનો સ્વામિ એવા મારામા સાક્ષાત મૂર્તિમતી, સેવાઓ કરો, હું સાચી માતા છું સત્ય પિતા છું, સાચો ભાઈ છું, સાચી બ્હેન છું, સર્વે લોકોનો સત્યપતિ છું, મારી સેવા તે શુધ્ધિ અને મુક્તિ આપનારી છે, રૂકમણિની પેઠે સેવો, આ જગત તો નશ માં ઓરાતું જાય છે, કલિનો પણ હ્રાસ છે, કલિમાં બધાનો હ્રસ છે, મારા આશ્રયમાં કાલ માયા કર્મો નો પાપોનો હ્રાસ છે, મારા આશ્રય વડે સૃષ્ટિ મેલાઈ જશે, મારો ભાગવત ધર્મ હ્રાસ નથી પામતો, માટે માનવ મારા ભાગવત ધર્મ ને સેવે.

એક હજાર, બે હજાર, ત્રણ હજાર, ચાર હજાર, વર્ષો ચાર યુગોનાં છે. યુગોનિ સન્ધિઓના બસો ચારસો છસો અને આઠસો ગણાય છે. તે બધાં મળી બાર હજાર વર્ષો ચાર યુગોનાં એક ચોકડી તરીકે ગણાય છે, કલીના એક હજાર દ્વાપરના બે હજાર, ત્રેતાયુગના ત્રણ હજાર, સત્યુગના ચાર હજાર, આવરદા વર્ષો છે, સત્યુગ અને ત્રેતા વચ્ચે સાંધાના વર્ષો બસો છે, ત્રેતાયુગ અને દ્વાપરની સન્ધિના વર્ષો ચારસો છે. દ્વાપરયુગ અને કલિની સન્ધિના વર્ષો છસો છે. કલિયુગ અને સતયુગની સન્ધિના વર્ષો આઠસો છે. બધાં મળી બાર હજાર ચાર યુગની ચોકડીમાં ગણાય છે. પ્રાચીન પ્રક્રિયા એ પ્રમાણે નિર્ણીત ચાલી આવે છે (મનસ્મૃતિ, ભાગવત, મહાભારત,માં)તેમાં ઘંસારા થતાજ આવે છે. આદિ સત્યુગમાં સંકલ્પ સૃષ્ટિ હતી, ત્રેતામાં દૃષ્ટિ સૃષ્ટિ હતી, દ્વાપરમાં સ્પર્શ સૃષ્ટિ હતી, કલિમાં મૈથુન સૃષ્ટિ થઈ. તેમાં પણ હ્રાસ-ઘંસારા તો આવે જ છે. તેથી સૃષ્ટિ તત્વોને ક્ષીણતાલાગુ પડે છે, હાલમાં સંકલ્પ સૃષ્ટિ ઓ સ્વપ્નામાં સમગ્ર જગતમાં છે, મન્ત્રો વડે તથા ક્રિયાઓમાં માનસસૃષ્ટિઓ છે, મનવડે સંકલ્પ થાય પછી બાહેર ક્રિયાઓ થાય, એ બધી સંકલ્પ સૃષ્ટિ છે, દૃષ્ટિ સૃષ્ટિ દેખવા પડે પોપૈયાં નરને દેખીને પોપૈયાંનારી વર્ગ ફળે છે, ડાકણ નારી દૃષ્ટિવડે દેખીને વળગે છે, એ દુ:ખદ સૃષ્ટિ ગણાય, સ્પર્શસૃષ્ટિ તે વિકાર રૂપી કાર્યો કરે છે, સગર્ભા નારી પગવડે આશોપાલવને લાત મારે તેથી આશોપાલવ ફળે છે, મૈથુની સૃષ્ટિ સંસારમાં સર્વત્ર વ્યાપ્ત છે, તેમા બલ આયુષ્ય કદ મેધા શ્રધ્ધા સદગુણા આદિના તથા ધર્મોના હ્રાસ થતા જાય છે. માટીમાંથી નાના શરીરો, અતિબલમાંથી અલ્પબળ, લાંબા જીવનમાંથી સ્વલ્પ જીવન એવા હ્રાસ સારા થતા જ જાય છે.

કલિમાં ૧૦૦ વર્ષ નું આયુષ્ય છે, પણ ઘંસારો થતાં થતાં સોળ વર્ષમાં વૃધ્ધતા અંત આવશે, બાર વર્ષમાં યુવતાનો અંત આવશે, પાંચમે વર્ષે બાળકતાનો અંત આવશે, આ પ્રમાણે કલિમાં આવરદાન અંત ટુંકાણમાં ગણાશે, શાસ્ત્રો નહિ રહે, આવરદાનો કાળ પણ ટુંકો થશે, શાસ્ત્રો અને વિવાહ પધ્ધતિઓ તથા દેવાલયો ધીરે ધીરે નાબુદ થશે, ગ્રામો અને માનવભાવનાઓ અસ્તવ્યસ્ત થશે, સાંસલાઓની પેઠે ભેખડમાં ઓથમાં ઢુંવામાં બખોલમાં ગુફામાં માનવો રહેવા લાગશે, નદીઓ વેતંપાણીની રહેશે, માનવો એક હાથ માત્ર ઉંચાઈમાં જ રહેશે, ગૌપશુઓ ગોંઠણથી નીચા રહેશે, શ્રી હરિના નામ ભક્તિ વડે કલિમાં માનવો તરશે, માનવોનો પશુધર્મ પળાશે, અરણ્ય વનની ચીજો ખાઈને નભશે, ઘોર કલિને છેડે અનેક ઉત્પાતો થશે, વાનરોની પેઠે ઝુંટવી લઈને ખાઈ જાશે, દેડકાં કુદકે તેમ વરસતા કુદકા મારતો ક્યાં ક્યાંઈ પડશે, દાણાના વાવેતરબંધ થશે, બીડ અને ઝાડી થઈ જશે, પાંદડા ખાઈને જીવશે, આવા કલિમાં ધર્મ ગરઢો થઈ જશે, પૃથ્વી દુઃખી દુઃખી થઈ લઢી થાશે, પછી શ્રી કૃષ્ણ નારાયણ પોતે જ કલ્કિ સ્વરૂપ સત્યુગ સ્થાપવાકલિને કાઢવા પ્રગટશે, ભગવાનના વાયુના સ્પર્શ વડે ભૂતશુધ્ધિ માનવશુધ્ધિ આત્મશુધ્ધિ થશે, ધર્મનુ જીવન ઉદભવશે, બધી શુધ્ધિઓ ધીરે ધીરે થશે, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ હું પોતે કલ્કિરૂપે બધી વ્યવસ્થા પૂર્વક સત્યુગ સ્થાપી ને અદશ્યપણાને પામીશ, આ ધર્મસ્મૃતિ મેં શ્વેતાયન વ્યાસે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સંતરૂપે સ્વયં લખી છે, સ્વારાજયયુગાનુંસાર કલિકાલ આ માનવોમાં હિતકારી એવી આ ધર્મપ્રણાલીઓ સાવધાનતાથી પાળવી, તેનું રહસ્ય તો ભગવદભક્તિ, ભગવત્સેવા સંત સમાગમ સત્સંગ શુધ્ધિ તત્વજ્ઞાન અને મોક્ષમાં જવાય એ છે, તે આ સ્મૃતિ તમારું મંગળ કરો, ૐ પરબ્રહ્મને શ્રી હરિને નમો નમઃ

✣ અધ્યાય-૧૪ ✣

કલ્યાણ ઈચ્છનારા માનવોએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ઐશ્વર્ય, એ ચાર સાધનો, જરૂર રાખવાં. બધાનો ધારણ કરનારો ધર્મ છે તે તમામને પાલે છે માટે પાલક છે, તે સર્વેનું રક્ષણ કરે છે માટે રક્ષક છે, રક્ષણ કરાએલો ધર્મ તે રક્ષકોનું પણ રક્ષણ કરે છે, ધર્મ સદા સુખ કરે છે, સ્વર્ગ આપે છે, સ્મૃધ્ધિઓ આપે છે. વંશ વિસ્તારનાસુ સુખ આપે છે, માટે સમય પ્રમાણે ધર્મ રાખવો જ.

જ્ઞાન તો સમઝણ રૂપે છે, જીવ ઈશ્વર, માયા, બ્રહ્મ, અને પરબ્રહ્મ એ પાંચ તત્વોની સમઝણ રાખવી, હું જીવાત્મા કર્મ ભોગવું છું છતાં ભક્તિવડે, મોક્ષભાગી થઈ શકું છું. વૈરાજ વિગેરે ઈશ્વરો તથા મહતત્વાદિક તત્વોના અદિષ્ઠાતાઓ ઈશ્વરો છે.

ત્રિગુણવાળી માયા છે તે જડ છે બન્ધન કરે છે, તે જ્ઞાન અને ભક્તિ વડે તે જાય તો ઉપાસનાના બળવડે મોક્ષ જરૂર થાય.

ધામ, પ્રકાશ, બ્રહ્મ શ્રી સ્વામિનારાયણ પ્રભુની મૂર્તિનું તેજ તે બ્રહ્મ છે અમૂર્ત છે, અનેસુમૂર્ત છે, સુમુર્ત છે તે અક્ષરબ્રહ્મ તરીકે સેવક છે. આ ભક્ત જીવાત્મા બ્રહ્મરૂપ છે. નિર્લેપ છે, સેવક પણ છે, આભક્તથાય તો ધામમાં વાસ કરે, અને સાકારમૂર્તિ રૂપે તે શ્રી હરિનો સેવક થાય છે, આભક્તથાય તો ધામમાં વાસ કરે, અને સાકારમૂર્તિ રૂપે તે શ્રીહરિનો સેવક થાય છે. દિવ્યમુક્તપુરૂષોએ સેવાકાંડ વડે પરબ્રહ્મ સેવાય જ છે,તે સેવારૂપી કર્મકાંડો મુખ્ય ભાગવત ધર્મો ગણાયા છે, તે સેવા કરનારા મુક્તો જ બ્રહ્મલોકમાં પરબ્રહ્મ નોમમહિમા સમઝયા છે, જયાં તેવા અનાદિ અસંખ્ય અનન્ત સાધ્ય ભગવાન જેવા સુરૂપી દિવ્ય મુક્તો કાયમ વસે છે જ.

તેઓ પરમેશ્વરને ભજે છે, નિજ સ્વામી એવા પરમેશ્વરને સેવે છે, સ્વામિનારાયણ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણને સદા સેવે ભજે છે. સર્વ એશ્વર્ય અને અનન્ત દિવ્ય ગુણવાળા આનન્દ ઘન મૂર્તને તે પરમાત્મા છે, સોળવર્ષ ના હોય તેવા દર્શનીય પરમ પુરૂષ ભગવાન મૂર્તમાન શોભે છે. તેની ઉપાસના વડે તેની સમીપે સેવા કરવાની મળે છે, અને મુક્તોના મંડળો માં સર્વસખુપ્રદ એવો નિવાસ ભળે છે.

માયિક રાગોથી રહિતપણું તે વૈરાગ્ય કહેવાય છે. સ્વામી એવા ભગવાનમાં તો આસક્ત રહેવું જ જ્ઞાન સહિત વૈરાગ્ય મોક્ષસાધન થાય છે, જ્ઞાન પણમાહાત્મ્ય વડે સહાયક થઈને મોક્ષરૂપી અર્થ આપે છે. તે પણ પરમાત્માના વિશેષ વિશિષ્ટજ્ઞાનસહિતે થાય તેમગુરૂ પાસેથી સાધવું જેથી મોક્ષની તૃપ્તિ થવા લાગે પ્રેમ પૂર્વક સેવા કરવી તે ભક્તિ ગણાણી છે, અને શ્રીહરિને સન્મુખ રહી ચરણ સેવા કરવી તે મોક્ષ આનંદપ્રદ મોક્ષ છે.

ભક્તિ ન હોય તે અભક્ત ગણાય, વૈરાગ્ય ન હોય તે રાગી ગણાય, જ્ઞાનરહિત હોય તે અજ્ઞાની ગણાય, ધર્મ વિનાનો અધર્મીમાં ખપે, તેવા દોષો વડે માયામાંથી નિકળાય નહિ, અને ભગવાનની પ્રસન્નતા મેળવાય નહિ, શ્રીહરિ ની કૃપા પણ થાય નહિ, અને મુક્તિનો પરમ આનંદ પણ મળે નહિ માટે વિજ્ઞાનમાં નડતાંજાળાઓને તજીને ભગવાનમાં સદા જોડાવું એવો આ શ્વેતાયનસ્મૃતિનો સાર આ યુગ માટે મેં માનેલો છે.

આમાં કહેલું ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ એવાં ચાર સાધનો પાળવા, સાક્ષાત પ્રગટ શ્રીહરિમાં આત્મનિવેદનો વડે મોક્ષમાં જરૂર જાઓ, પરનારાયણ એવા શ્રીહરિમાં સ્મૃતિ

અર્પણ કરેલી છે, તે શ્રીહરિ પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન તમોને વ્હાલું બધું આપો, અને કલ્યાણ કરો.

આ શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય વ્યાસમુનિની શ્વેતાયનસ્મૃતિ શક્તિને અનુસારે જરૂર પાળવી અને પોતાનું મન મારા ચરણોમાં અર્પણ કરવું તમારા ઉપર કૃપાવશ એવો હું તમોને દેહાન્ત સમયે જરૂર ધામમાં લઈ જવારૂપી પરમ કલ્યાણ કરીશ જે અક્ષરધામમાં સેવવા છે તે જ સ્વયં શ્રી હરિકૃષ્ણ ભગવાન સાક્ષાત પ્રગટ પ્રમાણ આંહી તમોને સેવાવિધિ વડે સાધ્ય થયા છે અને થશે તે જ હું પ્રત્યક્ષ આહિં છું.

આ પ્રમાણે શ્રીશ્વેતાયન સ્મૃતિનો ચાર સાધન અને કૃપા બતાવતો ચૌદમો અધ્યાય થયો.



❖ આધ્યાત્મિક જ્ઞાનરંગ ❖

ઓમ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ, બ્રહ્મલોકસ્થ શ્રીહરિને નમઃ, મારા આત્મસ્થ શ્રીહરિને નમઃ, સર્વેના આત્મસ્થ શ્રીહરિને નમઃ જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય, તેજ જીવાત્માને આપનારા એવા આત્મેશ્વર પરમેશ્વરને નમઃ, સાક્ષાત્ પ્રગટ થયેલા તે દિવ્યમૂર્તિ ભગવાનને નમઃ, સર્વજ્ઞ પરમાત્માને નમઃ, સચ્ચિદાનંદ પ્રકાશઘન બ્રહ્મને નમઃ, સચ્ચિદાનન્દ જ્ઞાનઘન જીવાત્માને નમઃ ॥

પરમાત્મા શ્રીહરિ સદા દિવ્ય સાકાર કિશોરમૂર્તિ અનન્તદિવ્યગુણોવાળા, અનન્તદિવ્યશક્તિઓવાળા અનન્તદિવ્યઐશ્વર્યોવાળા એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ દ્વિભુજમૂર્તિ અક્ષરધામમાં વિરાજે છે, તે સ્વયં અસંખ્ય દિવ્ય મુક્તો વડે સેવાએલા છે, અક્ષરધામ દિવ્યમૂર્તિ શ્રીહરિની સેવામાં છે, અસંખ્ય સાધનો દિવ્યમૂર્તિમાન છે તે શ્રીહરિની સેવામાં રહે છે, તે તમામને રૂપરૂપાન્તરમાં આવિર્ભાવ થવામાં સ્વતંત્રતા છે,

સ એકધા દ્વેધા શતધા સહસ્ત્રધા અનન્તધા ભવતિ ।। - તે મુક્તો અનેકરૂપે થઈને ભગવાનને સેવે છે,

સઃ અશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતા ।। તે મુકતો પોતાના સ્વામીની સાથે અનેકરૂપ ધારીને સર્વકામનાઓને ભોગવે છે." સ્વામી સેવક-ભાવ સુખ-આનંદ આપ્યા જ કરે છે.

આંહી જીવાત્મા અણુસમાન સૂક્ષ્મ છે, તેમાં મૂર્તિમાન શ્રીહરિ બિરાજ્યા છે, તેથી શ્રીહરિની મૂર્તિ સમાન મૂર્તિ થયેલો શ્રીહરિના સારુપ્યમાં જ વર્તે છે. ભગવાનની ઇચ્છાએ તે જેવો પોતાને સેવક તરીકે ઇચ્છે તેવો તે તે અવસ્થાઓને પ્રગટ કરીને તેવો તેવો મુક્ત ભક્ત દાસ-દાસી રૂપે વરતે છે. આત્મા દ્રવ્ય છે તેમાં અવસ્થાઓ પ્રગટ્યા કરે છે, પોતે સ્વરૂપે નિત્યજ છે નિત્ય આત્મામાં સત્ ચિત્ આનંદ એ ત્રણ તેની ઓળખાણો માટે ઉપનિષદોએ પ્રયોગ કર્યા છે, સાચો છે, ચેતન છે, આનંદી છે, બધાં સુખ બધા આનંદો આત્મામાં વર્તે છે, પરમાત્મામાંથી આનંદ મેળવ્યા કરે છે, આનંદ આપનારા શ્રીહરિ નિજ-અંદર જ વિરાજે છે.

આ સૃષ્ટિમાં પણ માયાના શરીરમાં રહ્યો થકો પણ પોતામાં વસેલા ભગવાનના આનંદને લઈને પોતે સુખી છે, એટલે આત્મા પરમાત્માનો જે ભેળો આનંદ તે પોતાનો

આનંદ, તેવી રીતે આત્મા પોતાના આનંદ વડે સદા આનંદી જ છે, જીવાત્મા સદા શુધ્ધ છે, માયા અને કરેલા કર્મો એ બે અશુધ્ધિઓ જીવને વળગી છે. આત્મા નિત્ય બોધ આનંદ ભરેલો છે છતાં માયાના ધર્મ મોહ વડે પોતાને અજ્ઞાની મોહિત માનીને રાગ દ્વેષ મમતા વડે દુઃખીપણું માને છે, આત્મા વિવેક વડે પોતાને જ્ઞાતા સમજે અને શરીરને ક્ષેત્ર જ્ઞેય સમજે તો મુક્તિ સ્થિતિએ વરતે, એમ ન વરતે તો ભોક્તાપણે વરતે, તે આત્માને ચિત્નો ધર્મ ચૈતન્ય જ્ઞાન તે ચિત્તરૂપે નિત્ય છે પણ ચૈતન્યધારાઓ પ્રગટ્યા કરે તેથી જ્ઞાન સ્થૂલતાને પામે, એટલે સ્થૂલાવસ્થ જ્ઞાન તે વિષયવાળું થાય, વિષયોની અસરવાળું જ્ઞાન તે મલિન જ્ઞાન છે શુદ્ધ નથી, જ્ઞાન દ્રવ્ય ગુણ બન્ને ગણાય, શરીરમાં વ્યાપે છે વિષયોને પકડે છે. વળી આત્મામાં તેનું મૂળ જામ્યું છે, ઉપજતું જ્ઞાન અનિત્ય અવસ્થાવાળું સ્થૂલ સૂક્ષ્મ એમ થયા જ કરતું હોય છે. ચિત્ત આત્મા જ્ઞાની સુખી સ્વપ્રકાશ નિર્મલ અસંગી દૃષ્ટા છે, દ્રશ્ય જ્ઞાન છે તેને દેખે છે, તથા જ્ઞાનના વિષયોને દેખે છે.

જીવાત્મામાં જ્ઞાન છે, જેમ સ્વયંપ્રકાશ એવા સૂર્યમાંથી અજવાળા ફેલાય છે, તેમ સ્વયંપ્રકાશ એવા જીવાત્મામાંથી હૃદયકમળમાં બેઠેલા પરમાણુ જેવડા આત્મામાંથી ફેલાય છે, જ્ઞાન નિકળતું જ હોય છે, જીવાત્મા પોતાને દેખે ત્યારે સૂર્ય જેમ પોતે પોતાને દેખે તેમ પોતાને અજવાળા ભરેલો દેખે છે, ચારે તરફ અજવાળાવાળો પોતે અખૂટ પ્રકાશવાળો અણુપિંડ છે, અણુમાં જ પોતેપોતાના સ્વરૂપમાં નિત્ય પ્રકાશ છે નિત્યપ્રકાશવાળો છે અને ચારે તરફ અજવાળાઓને મોકલનારો છે, જ્યારે આત્માને આ દેહના યોગે ગાઢ ઉંઘમાં સુષુપ્તિ અવસ્થા હોય, ત્યારે પોતાના સ્વરૂપમાં જ અતિ સુખીઓ રહે છે, "एवमेवाऽस्य परिद्रष्टुः इमाः षोडशकलाः पुरुषायणाः पुरुषं प्राप्याऽस्तं गच्छन्ति" આ દ્રષ્ટા એવા આત્માને પોતાના પ્રકાશમાંથી નીકળતી જ્ઞાનની વૃત્તિઓ તે સોળ કળાઓ - દસ ઇન્દ્રિયો, તેમાં મૂત્રનાડી અને ધાતુભોગની નાડી એમ એકમાં બે ઇન્દ્રિયો, તથા એક બ્રહ્મરન્ધ્ર, અથવા નાભિ, આમ બાર ઇન્દ્રિય વિવરો અને ચાર અન્તઃકરણો એમ મળીને સોળ કળાઓ તે, ગાઢસુષુપ્તિમાં પુરુષ એવો જે જીવાત્મા પોતે ચેતન તેમાં જ લીન રહે છે, પણ આત્માની પોતાની પ્રકાશકળા જે નિત્યકળા વિજ્ઞાન-સાક્ષાત્જ્ઞાન તે તો કાયમી જ રહે છે.

આ પોતાની પ્રકાશ કળા વડે પોતાને નિત્યસુખી નિત્યઆનંદી અનુભવે છે, બીજું બાહરનું કાંઈપણ ત્યાં ટકતું નથી, તેથી તેને પડ્યું મેલી દે છે, એટલે ગાઢ સુષુપ્તિમાં સચ્ચિદાનન્દ બ્રહ્મસ્વરૂપ આત્મા બ્રહ્માનન્દ વર્તે છે, અને જો ધારણા ધ્યાનનો અભ્યાસી

હોય તો તો સમાધિમાં ઉતરી જાય છે, અને બ્રહ્મરૂપ એવા પોતામાં રહ્યા જે પરબ્રહ્મ તેના આનંદસાગરમાં બ્રહ્મમુખે પરબ્રહ્મ સુખે સુખીયો થાય છે, સમાધિમાંથી પાછો ગાઢસુષુપ્તિમાં આવે ત્યારે પરબ્રહ્મનું દર્શન મટી જાય અને આત્મામાં આનંદી રહે, આ રીતે જીવાત્મા ગાઢસુષુપ્તિમાં નિત્યજ્ઞાની નિત્યાનન્દી નિત્યસુખી છે, પણ તે વખતે મન-બુદ્ધિ-ચિત્ત અહંકારમાં જનારી પોતાની વૃત્તિઓને હજુ મોકલનારો થતો નથી એટલે તે વૃત્તિઓ વડે સૂક્ષ્મવિષયો જે અન્તઃકરણમાં સૂક્ષ્મરૂપે હતા પણ લીન પડ્યા હતા તેથી તેને ભોગવતો નથી, આવી ગાઢસુષુપ્તિની અવસ્થામાં મુકતાત્મામાં જ વરતે છે, આ પ્રમાણે આત્માનો નિત્યસ્વરૂપપ્રકાશ ચેતનરૂપે વર્ણવ્યો, કાયમને માટે આત્મા પોતાને 'હું છું' એમ સાક્ષાત્ કરે જ છે. આ જીવતા દેહમાં જીવઆત્મા વર્ણવ્યો, દેહમાં પ્રાણવડે સંચાલન કરે છે, જીવાડે છે, તેથી 'જીવ' નામ પાડેલ છે.

હવે ગાઢસુષુપ્તિમાંથી જરાક પ્રાણના ચંચળપણા વડે આત્મપ્રકાશમાંથી જ ઝીણી પ્રભા નીકળે, સવારે ચાર પાંચ વાગ્યાની પ્રાગડ વાસે, પ્રાગડ થાય તેવો જ્ઞાનનો જરા જરા વિકાસ થાય, સ્ફુરણા થાય, સ્ફૂર્તિ થાય, જરા જરા ચિત્તની સૃષ્ટિ અને મનની સૃષ્ટિના ફણગાઓ ફૂટવા શરૂ થાય, એટલે આત્મપ્રકાશમાંથી અગમ્ય અલક્ષિત વરાળ નીકળે, જ્ઞાનવૃત્તિ નીકળે તે, આત્માને અડખેપડખે કમળમાં ચોંટેલી રગું, જે રોમની અણીના સોમાં ભાગની જેવી ઝીણી ઝીણી રગુંના તાર છે - એક બુદ્ધિનો તાર, એક ચિત્તનો તાર, એક અહંકારનો તાર, એક મનનો તાર. આવા તારમાં જેમ વીજળીનો પ્રવાહ અદૃશ્ય દોડતો થાય છે તેવા પ્રવાહો સ્ફુરણાઓ દોડે છે, તે ઉપડેલી 'જ્ઞાન સ્ફુરણાઓ' કહેવાય છે. તે બુદ્ધિવૃત્તિ, ચિત્તવૃત્તિ, અહંવૃત્તિ, મનોવૃત્તિ એવા નામે ઓળખાય છે. બુદ્ધિવૃત્તિ તે નિશ્ચયવૃત્તિ, ચિત્તવૃત્તિ તે ચિન્તવન- ચિન્તાવૃત્તિ, અહંવૃત્તિ તે અહંપણું-અહંકાર-અભિમાનવૃત્તિ, મનવૃત્તિ તે માનસ-સંકલ્પ વિકલ્પવૃત્તિ. આ ચાર સ્ફુરણાઓ, તે અન્તઃકરણવૃત્તિઓ ગણાય છે અને તે વૃત્તિઓ ઉંઘમાં જ સ્વપ્નામાં જ પોતે સંસ્કારો પ્રમાણે, સ્વપ્નસૃષ્ટિમાં જે જે દેખાવાનું હોય તે તે આકારોવાળી થઈ થકી ધર્મ-અધર્મ વડે ઊપજતી એવી ઉંઘની જ સૃષ્ટિવાળીઓ 'तत्र स्थान् रथयोगान् सृजते' - રથ, હાથી, ઘોડા, પર્વત, અરણ્ય, નદીઓ, બંગલાઓ, કુળકુટુમ્બ, પરિવાર, મિત્ર, શત્રુ, સ્ત્રી, પુત્ર, ખાનપાન, આભૂષણ, વિવાહ, સ્મશાન, ગામ, શહેર, ભોગવિલાસ, નાતજાત, રથ, વિમાન, સાગર, સ્વર્ગ, તારા, સૂર્ય, ચન્દ્ર, બગીચાઓ અને કામકાજ. બધું અંદરને અંદર સર્જી આપે છે. તેમાં જીવાત્મા નિજ સૂક્ષ્મ કર્મોને અનુસારે તે સ્વપ્નસૃષ્ટિને ભોગવે છે. ઉંઘમાં બધુંય સ્વપ્નના દેહ વડે સૂક્ષ્મદેહ એટલે સોળ કળાવાળું પિણ્ડદેહ, તે વડે ભોગવે છે, તે સૂક્ષ્મદેહમાં વધારે આગળ આગળ ભોગવિલાસ-યુદ્ધ-કામકાજમાં

વધવા માંડે તો સ્ત્રીભોગમાં ધાતુપાત, યુદ્ધમાં હાંકલ પડકારા, કામકાજમાં પરસેવો, પડખું ફરવું, ઉંઘમાં પેશાબપાણી, વગેરે વગેરે થઈ પડે છે. જાગ્યા પહેલાં ઉંઘમાં આ સંસાર આખો રચાય છે, તે સ્ફુરણાઓ-વૃત્તિઓ બદલ્યા કરે છે, સુખી પણ થાય અને દુઃખી પણ થાય, મોહિત પણ થાય. આ વૃત્તિઓ અનિત્ય છે, એકરૂપે રહેતી નથી, માટે સ્વપ્નસૃષ્ટિ છે સાચી, પણ ઝાઝી ટકતી નથી, પણ સ્વપ્નસૃષ્ટિમાં આત્માનો જે સ્વયંપ્રકાશ તેમાંથી વૃત્તિઓ નીકળીને સ્વપ્નસૃષ્ટિને જોનારી થઈ, એટલે આત્માનો સ્વયંપ્રકાશ તે તો તેમાં સાથે નિત્ય કાયમી છે, છે ને છેજ. આ રીતે સ્વપ્નમાં પ્રકાશમાંથી વૃત્તિપ્રકાશ થયો એમ નિજપ્રકાશમાંથી અન્તઃકરણોનો પ્રકાશ તે નિદ્રા રહે ત્યાં સુધી રહ્યો, નિત્યપ્રકાશમાંથી જુદો વિષય-સંસ્કાર ભરેલો થઈ પડ્યો, હવે પૂરી ઉંઘ થઈ રહી અને કોઈ નિમિત્ત જગાડનારું આવે તો નિદ્રાવૃત્તિઓ કંઠ સુધી અંદરમાં જ દોડતી હતી તે તેની નાડીઓમાં બાહેર વધવા માંડી.

હવે જાગૃત અવસ્થા આવી પડી, કોઈ વૃત્તિ કાનમાં આવી તેણે શબ્દ અવાજ પકડ્યો, કોઈ વૃત્તિ ચામડીમાં ચારેકોર ફરી વળી તેથી તેણે ગોદડાંનો સ્પર્શ, પવન-સ્પર્શ, શીત, ઉષ્ણ સ્પર્શને પકડ્યો, કોઈ વૃત્તિ ચક્ષુમાં પહોંચી, આંખના પોપચાઓમાં ચંચળતા આવી, ચક્ષુવૃત્તિએ રૂપને પકડ્યું, કોઈ વૃત્તિ જીભમાં ટેરવે પહોંચી, તેણે રસ દાતણ કોગળા વગેરે પકડ્યા, કોઈ વૃત્તિ નાસિકાએ પહોંચી. તેણે ગન્ધ-સુગન્ધાદિક પકડ્યા, કોઈ વૃત્તિ હાથમાં, કોઈ વૃત્તિ પગમાં, કોઈ વૃત્તિ વાણી બોલવામાં, કોઈ વૃત્તિ મૂત્રેન્દ્રિયમાં, કોઈ વૃત્તિ મલ ઇન્દ્રિયમાં પહોંચી ગઈઓ, તે સાથે માનસવૃત્તિ છે જ, તેથી પોતપોતાના કામકાજોમાં આરૂઢ થઈઓ અને આખા શરીરમાં જાગ્રતવૃત્તિઓ ફરી વળવાથી જાગ્રત અવસ્થા કહેવાણી, જાગ્રત્ અવસ્થામાં વૃત્તિઓ આગળ આવેલા વિષયોમાં ચોંટે છે, તેથી આખો દિવસ સ્થૂળ વિષયોની જ ભરતી વૃત્તિઓમાં થયા કરે છે, ગ્રાહ્યવિષય વૃત્તિમાં ધરાયો, સૂક્ષ્મપણે તે આકાર માનસમાં પહોંચ્યો, ત્યાંથી અહંમાં-ચિત્તમાં-બુદ્ધિમાં તે આકાર પહોંચ્યો, જીવાત્માએ જોયો, ગમે તો આનંદી થાય, ન ગમે તો શોકિત કે ઉપેક્ષિત થાય, તે સુખ-દુઃખ-ભોગ ગણાય. જાગ્રતમાં સર્વત્ર જીવાત્માનો પ્રકાશ તો વૃત્તિઓ ભેગો જ છે, જીવાત્માના પ્રકાશ સાથે સાક્ષી એવા બ્રહ્મનો પ્રકાશ ભેગો જ ચાલે છે, અને બ્રહ્મના પ્રકાશમાં પરબ્રહ્મનો પ્રકાશ ભેળો જ ચાલે છે, તેથી પરમાત્મા બ્રહ્મ અને આત્મા બધું જ દેખે છે, તથા તે તે વૃત્તિઓમાં દિવ્યશક્તિઓ પણ છે, વીજળીમાં ફોટો લેવાની શક્તિ છે, તેમ વૃત્તિઓમાં ફોટાઓ લેવાની શક્તિ છે, તે શક્તિ દેવતાઓની છે, એટલે તે તે વૃત્તિઓમાં તે તે શક્તિરૂપે સૂક્ષ્મ દેવતાઓ છે જ, જેથી તેના તેના દેવતાઓ તે પણ તે તે વિષયોને જાણે છે,

એટલે દેવો, આત્મા, બ્રહ્મ અને પરમાત્મા, એ બધાનું બધું જાણે છે, જે કાંઈ થયું થાય છે તે કર્મ-સંસ્કારો-વાસનાઓ-ભાવનાઓ ચિત્‌ચેતનમાં પ્રકાશમાં ફોટા પડી જાય છે, તેની ગેરંટી નિયમિત સમય પ્રમાણે તેનાં ફળ ભોગ તેને ભગવાન આપે છે.

જીવાત્માનો ચિત્‌પ્રકાશ સ્વયંપ્રકાશ નિત્ય છે, કાયમી છે, તે આત્મારૂપે નિત્યપ્રકાશ છે, તે નિરતિશય સુખસંભૃત છે, પરમાનંદ સંભૃત છે, પરમપ્રેમાસ્પદ છે, સ્ત્રી-પુત્રાદિકમાં જે પ્રેમ અનુભવાય છે તે તો આત્મા માટે પ્રેમ છે, અને આત્મામાં જે પ્રેમ છે તે પરાર્થ નથી કિન્તુ આત્મા માટે જ છે, તેથી નિરતિશય સુખરૂપ નિરતિશયપ્રેમાસ્પદ પરમાનન્દ આત્મા જ છે, આ પ્રમાણે સચ્ચિદાનંદ આત્મા છે, તે આત્મા પોતે પોતાને દેખવા એકાગ્રતા અને અર્ન્તદૃષ્ટિ કરતો જાય તો આત્મસ્વરૂપને દેખવા લાગે, પણ તેમાં નડતર કરનારી માયિક વૃત્તિઓ રસનાસુખ, કામનાસુખ, સંભોગસુખમાં જ સત્યતાનો મોહ કરાવનારીઓ 'મારે સ્ત્રી છે, મારે યુવાની છે, મારે ભોગસંભોગ છે, મારે વીર્ય-બળ છે, મારે ધન છે, મારે સાધન છે, મારે મજબૂતાઈ છે, મારે રસકસ છે, મારે ખાનપાન છે, મારે ચેતનતા-સજીવનતા મજબૂતી છે, મારે સંભોગાનન્દ ઘણો છે.' આવી વૃત્તિઓ તે મોહભરી છે. તે પ્રિયપણે-ઉજળાપણે- રમણીયતાપણે-સુંવાળાપણે-જબકારાપણે-વિલાસપણે-રાગરંગવપરાશપણે -સહેલીપણે- જોડલાપણે-માયિક વિકારોમાં જ રોકાએલી વૃધ્ધિ પામતી જાય છે. તે અસત્, અચિત્ જડ, અને દુઃખમય, વિકારોમાં જ ચોંટી રહે છે, ત્યાંથી ઉખડતી નથી. ગાઢ સુષુપ્તિમાં ગઈ થકી સચ્ચિદાનન્દમાં જ સ્થિર થઈને પાછી ન નીકળે એવી થતી નથી, કિન્તુ તે ગાત્રોનું ભારેપણું થાક હલકો થાય કે તુરત જ અસત્ અનિત્ય દુઃખમય દોષમય નાશવન્ત એવા પદાર્થોમાં ફેલાય છે, એટલેમોહ-અજ્ઞાન-અંધકાર-માયાનું તમ અહંમમત્વ શરીર તો બહુ જ સારું, ગુપ્ત તો બધાંય સારાં, સંભોગ તો અનહદ મજાવાળો, સ્વર્ગ તો ઘરવાળીમાં જ છે, આવા મોહાન્ધકાર વીંટી વળ્યા છે, તે વડે સ્વપ્રકાશ પણ આત્મા સચ્ચિદાનંદપણાના આનંદ સુખમાં ટકતો નથી, મોહાન્ધકારમાં વૃત્તિઓ ભેગો ભળીને સંભોગાત્મક સંસારિ-નરકમાં જ વખત ગુમાવે છે, યોગી યતિ સન્ત સતી ભગવાન ભગવતી સાધ્વી સાધુ વિરાગી ઉદાસી આત્માઓ ભગવત્પ્રેમી એવા નિરન્તર થઈને સચ્ચિદાનન્દ એવા નિજ આનંદમાં અને બ્રહ્મસત્તામાં વર્તતા થકા પરબ્રહ્મના આનંદમાં વરતે છે, ભગવાનમાં જીવે છે, ભગવાનમાં વિષયોને અર્પણ કરીને નિષ્કામભાવે વર્તે છે. નિર્લેપભાવે વર્તે છે. ભગવાન એવા સ્વામીમાં પ્રેમભાવે પ્રીતિએ કરીને વર્તે છે, તેને મોહ નથી, સંસાર નથી, વિદેહપણે વર્તે છે, આત્મનિવેદીપણે વર્તે છે, માટે મુક્તસ્થિતિ એજ છે, તેનો શરણાગત જીવ મોક્ષમાં જ જાય છે.

મોહ તે બંધન છે, અહંમમતા તે બંધન છે, સંભોગવાસના તે બંધન છે, પુણ્યપાપ પણ બંધન છે, લાલસાઓ બધી બંધન છે, તૃષ્ણા-રાગ-દ્વેષ એ બધા બંધન છે, જંજાળ બંધન છે, ભગવાનની ભક્તિમાં આડે આવે તે બધી માયા બંધન કરનારી છે. કર્મો બધાં બંધન છે, દેહ ઇન્દ્રિય અન્તઃકરણ જ્ઞાન ઇચ્છા ભાવના ભક્તિ વડે આત્મનિવેદી થાય તો તે બધાં બંધનો મટવા માંડે છે, નિર્મોહી થાય તો મોહ ટળે, અભિમાન મેલે તો અહંમમતા ટળે, અભોગી નિર્વાસનિક થાય તો સંભોગ-વાસના ટળે, પુણ્યપાપ કૃષ્ણાર્પણ કરે તો તેના બંધન ટળે, લાલચ મેલે તો લાલસાઓ ટળે, તૃપ્તિ વડે તૃષ્ણા-રાગ ટળે, નિવૈરવૃત્તિ વડે દ્વેષ ટળે, નીરાળો વરતે તો જંજાળ ટળે, બળવાનભક્તિ વડે માયાને ઉડાડે તો ઉડી જાય, નૈષ્કર્ચ્યભાવે વરતે તો કર્મબંધન ટળે, પોતે ચોંટી ન રહે તો ચોંટેલું ધીરે ધીરે ઉખડી જાય, નિર્બંધન થવાય.

શુધ્ધ સત્ત્વપ્રધાના માયા ઈશ્વરાત્માને વળગી હોય છે, તે જો માયાને મેલે તો મુક્ત થઈ જાય, જીવાત્માઓને મલિન ત્રિગુણી માયા વળગેલી છે તે અનાદિકાળના અજ્ઞાનરૂપે જીવ સાથે છે જ, તે અજ્ઞાનરૂપી કારણશરીર સ્થૂલસૂક્ષ્મશરીરનું ઉપજાવનારું છે તે જો આત્મા પરમાત્માના અને તત્ત્વોના જ્ઞાનવિજ્ઞાન વડે નાશ પામે તો સ્થૂલસૂક્ષ્મશરીર ન જ ઉપજે, જેથી માયા લચ થયે સંસાર લય પામે, બ્રહ્મસમ્બન્ધમાં જાય અને પરધામમાં થઈને બિરાજે.

માયા ટાળવી, બ્રહ્મ મેળવવું, અને મુક્ત થઈ શ્રીહરિના ચરણમાં વસવું એ કરવાનું છે.

ઈશ્વરોના ચાર વિભાગો છે - વિરાટ, હિરણ્યગર્ભ, મહાવિષ્ણુ, પ્રધાનપુરુષ (પ્રકૃતિપુરુષ મુક્ત)

જીવોના પણ તે પ્રમાણે - વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ, તુર્ય (મુક્ત)

ચાર અવસ્થાઓ - જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુર્યા (મુક્ત)

પાંચ કોશ - અન્નકોશ, પ્રાણકોશ, મનકોશ, બુદ્ધિકોશ, આનંદકોશ (મુક્તિ)

ચાર શરીર - સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ (દિવ્યમુક્ત)

જ્ઞાન વડે આ ચારમાંથી પૃથક્ માનીને પોતાને સચ્ચિદાનન્દને આત્માને પરબ્રહ્મ પાસે મોકલવો.

આત્મા બ્રહ્મરૂપ થાય અને પરબ્રહ્મમાં આકર્ષણવાળો થાય ત્યારે માયાનાં દેહ ઇન્દ્રિયો અન્તઃકરણ ત્રણ ગુણ મટીને તે બધાં બ્રહ્મરૂપ થઈ જાય છે અને ભગવાન મેળવાવનારાં થાય છે. સમજણ આપનારાં દિવ્યસેવકો થઈ આવે છે, અને બધાં અક્ષરધામના પ્રદેશમાં

પહોંચાડનારાં થાય છે, માટે દાસદાસીની ભક્તિ વડે મોક્ષ મેળવી લેવો, આત્મનિવેદન વડે ત્રણ દેહ, ત્રણ અવસ્થાઓ, ત્રણ ગુણ, પાપપુણ્ય, તે બધાં પૃથક્ થઈ જાય છે, અને સૃષ્ટિના ભાનથી ઉપરવટ બ્રહ્મસ્થિતિનું ભાન ઊપજાવે છે, પછી તો આત્મા પરમાત્માના વિવેકવાળો દાસભક્ત ઉત્તમ નિર્વિકલ્પસ્થિતિમાં અસમ્પ્રજ્ઞાતસમાધિમાં રહેતો થકો બ્રહ્મરન્ધ્રના તેજમાં જઈને તે સ્થળે રહેલા બ્રહ્મના કિરણ વડે પરબ્રહ્મના ચરણમાં પહોંચનારો થાય છે, આત્મસ્વરૂપ એવા પોતાના સાક્ષાત્કાર થયે સતે ગાઢસુષુપ્તિ સુધીના લીન થવા લાગે છે, પોતે તે બધાથી વ્યતિરેકપણે વરતવા લાગે છે, સચ્ચિદાનન્દના મહાઆનંદને અનુભવતો થકો બ્રહ્માનન્દ અને પરબ્રહ્માનન્દના મહાસાગરમાં નહાતો થઈ જાય છે, મુક્તમંડળમાં વિચરનારો થાય છે, વિદેહી, જીવન્મુક્ત, સમ્પ્રજ્ઞાતસમાધિ, એ તો બધું આંહીં હેઠું ઓરું રહી જાય છે.

અહં બ્રહ્માડસ્મિ - હું બ્રહ્મરૂપ થયો છું.

તત્ત્વમ્ અસિ - તું પણ બ્રહ્મરૂપ થયો છો

અયમ્ આત્મા બ્રહ્મ - આ આત્માઓ પણ બ્રહ્મરૂપ થએલ છે.

સર્વ ખલુ ઇદં બ્રહ્મ - આ બધુંય બ્રહ્મરૂપ જ છે.

પ્રજ્ઞાનં બ્રહ્મ - સાચું જ્ઞાન બ્રહ્મ છે.

પ્રજ્ઞા પ્રતિષ્ઠા પ્રજ્ઞાનં બ્રહ્મ - પ્રજ્ઞાન પ્રતિષ્ઠિત જ છે, તે પ્રજ્ઞાન બ્રહ્મ છે.

વિજ્ઞાનમ્ આનન્દં બ્રહ્મ - વિજ્ઞાન એ આનંદ છે, અને આનંદ એ બ્રહ્મ છે.

સત્યં જ્ઞાનમ્ અનન્તં બ્રહ્મ - બ્રહ્મ સત્ય છે, જ્ઞાન છે, અનન્ત અપાર છે.

સ એવમેવ પુરુષો બ્રહ્મ - એવી રીતે જ તે પુરુષ બ્રહ્મ છે.

એકમેવ અદ્વિતીયં - બ્રહ્મ એક જ છે તેવો બીજો નથી.

સ યશ્ચ અયં પુરુષે યશ્ચ અસૌ આદિત્યે સ એક : - જે આ પુરુષમાં અને જે સૂર્યમાં છે તે એક જ પુરુષોત્તમ છે.

એષ તે આત્મા અન્તર્યામી - તે તારો અન્તર્યામી અમૃત આત્મા પરમાત્મા છે.

તાત્પર્યાર્થ આ રીતે સમઝવો : હું આત્મા બ્રહ્મ થયો છું અને પરબ્રહ્મનો છું. તું પણ બ્રહ્મ થયો છો અને પરબ્રહ્મનો છો. આ ત્રીજો આત્મા પણ બ્રહ્મ થયો છે અને પરબ્રહ્મનો છે. આ જે કાંઈ દેખાતું છે અને તેના જેવું છે તે બધું બ્રહ્મયુક્ત છે, અને પરબ્રહ્મનું છે, બ્રહ્મ સમજવાનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે, બ્રહ્મપણાની સમજણ

તે સ્થિર છે અને પરબ્રહ્મને સમજાવવા ઉપયુક્ત કરી છે, પરમાત્માની સમજણ મને થઈ તે સ્થિર રહેશે જ અને તે સ્થિરપ્રજ્ઞાન મને પરબ્રહ્મે આપેલ છે. પરમાત્માના વિજ્ઞાનરૂપી મારી સમજણ તે વડે આનંદસાગર મળ્યો છે, અને આનંદ જે તે પરબ્રહ્મનો આનંદ છે. આત્મા હું બ્રહ્મરૂપપણે સત્ય છું અને બ્રહ્મ પરબ્રહ્મને સમજુ છું એવું મારું જ્ઞાન છે, તે સત્ય અનન્ત અને અપાર છે, તે સમજણ પરબ્રહ્મ વડે થએલ છે, આ રીતે હું આત્મા અને બ્રહ્મપુરુષ તે બન્ને પુરુષોત્તમ એવા પરબ્રહ્મના છીએ. તે પરમાત્મા પરબ્રહ્મ એક જ છે એના જેવો શરીરશરીરી બીજો કોઈ નથી, તે પરબ્રહ્મ પરમાત્મા આ આત્મામાં જે રહ્યા છે અને સૂર્યનારાયણમાં પણ જે રહ્યા છે તે સર્વત્ર રહ્યા છે તે એક જ પરબ્રહ્મ છે, તેવા એ પુરુષોત્તમ પરબ્રહ્મ તે બ્રહ્મરૂપે એવા તારામાં રહ્યા છે, અન્તર્યામી છે અને અન્તઃસ્થિત સાક્ષી એવા બ્રહ્મમાં પણ તે પરબ્રહ્મ રહ્યા છે, તે સર્વેના નિયામક છે, જીવ માયા ઈશ્વર અને બ્રહ્મના સ્વામી છે, તેને દાસપણે ભજો.

પરબ્રહ્મ શ્રીહરિ પોતે જ બ્રહ્મમાં-માયામાં-ઈશ્વરોમાં-જીવાત્માઓમાં સર્વમાં મૂર્તિમાન સૂક્ષ્મરૂપે રહ્યા છે. બ્રહ્મમાં રહેલાં પરબ્રહ્મ તે બ્રહ્મધામમાં રહેલા મુક્તોને તથા બ્રહ્મધામના ચોથા ભાગમાં રહેલી સૃષ્ટિઓને ધારી રહ્યા છે. બ્રહ્મનું જેટલું વર્ણન વખાણ પ્રશંસા શાસ્ત્ર શ્રુતિ વગેરેમાં કરી છે, તે બધું પરબ્રહ્મે બ્રહ્મને આપેલું છે, પરબ્રહ્મનું આપેલું જે બધું કાંઈ, તેને બ્રહ્મ વાપરે છે, અને સાક્ષી તરીકે કામ કરે છે, માટે બ્રહ્મમાં રહ્યા થકા સર્વને કર્મફલ આપનારા પરબ્રહ્મ છે, તે પરબ્રહ્મ પોતે પુરુષમાં રહ્યા છે. પ્રકૃતિનો પતિ જે પુરુષ તેમાં રહ્યા છે, તે પુરુષને માયાના તત્ત્વો ઉપજાવવાની પ્રેરણા શક્તિ આપે છે, અને માયામાંથી મહત્તત્ત્વાદિતત્ત્વો નીપજે છે, નીપજાવીને તેને પુષ્ટિ કર્યા કરે તે ઉપાદાન કારણ ગણાય. માયા તે ભગવાન સહિત અને પોતાના પુરુષ સહિત તત્ત્વોની ઉપાદાન કારણ છે, માયાના તત્ત્વો ઉપજે ત્યારે સહકાર આપે એવો કાળ છે, તે કાળને સહકારીપણું વાપરવાની સત્તા ભગવાન આપે છે, જેથી સૃષ્ટિના તત્ત્વોમાં સાહાય્ય દેનારો કાળ છે, તે માયાને સહારો આપે છે, માટે કાળમાં પણ પરબ્રહ્મ બેઠા જ છે તે કાળ સહિત ભગવાન સહકારી કારણ બને છે, અને જીવોનાં કર્મો પ્રમાણે તે તે તત્ત્વો જીવોને મળે છે. કર્મોના ફળ આપનારા ભગવાન કર્મ સાથે જ નિમિત્તકારણ ગણાય છે. કર્મ, કાળ અને માયામાં, નિમિત્ત, સહકારી અને ઉપાદાનતા છે, પણ તેમાં રહ્યા એવા ભગવાન તે તંત્ર ચલાવે છે માટે ભગવાનમાં નિમિત્તપણું સહકારીપણું અને ઉપાદાનપણું વર્ણવાય છે. ભગવાન પોતાના આધીન એવા તે ત્રણે જડ છે તે વડે પોતે ત્રણ પ્રકારે સૃષ્ટિના કારણ થાય છે.

જીવાત્મા ભક્તે તે ત્રણ એવા જડ તત્ત્વોમાં પરમાત્માને દેખવા સેવવા ભજવા ભોગવવા, અને પોતે બ્રહ્મરૂપ થઈને તે બધું કરવું, જીવાત્માપણું મેલીને બ્રહ્મરૂપપણું માનવું, અને પરબ્રહ્મને સેવવા. સેવામાં જેવી રૂચિ, ભગવાન જો માનવમૂર્તિ હોય તો દેહ વડે, ઇન્દ્રિયો વડે, અન્તઃકરણ વડે, ભાવના, પ્રીતિ વડે સેવવા, અને સાક્ષાત્ પ્રત્યક્ષ ન મળે તો માનસીપૂજા વડે સેવવા. ભગવાનની મૂર્તિમાં ભગવાનને સોળ ઉપચારો વડે પૂજવા, સેવવા, ધારણા-ધ્યાન વડે અક્ષરધામની મૂર્તિને ઉપાસવી-સેવવી. આવી સેવા વડે કર્મો ક્ષય પામે છે, દિવ્ય સેવા થાય છે. અને ધામમાં જવાય છે. ક્યારેક સમજણ જ્ઞાન વડે પણ નિર્લેપ રહેવું, એ પણ ભક્તિમાં સહાય થાય. સેવામાં સહાય થાય અને સાક્ષાત્કાર રૂપ દીવો થાય તેથી પણ ધામમાં જવાય. પરબ્રહ્મનો જ ભાગવતધર્મ જે બધો કર્મકાંડ તે વરતવા લાગે ત્યારે શુદ્ધ ભાગવત ધર્મ, ભક્તિરૂપ ધર્મ, સેવારૂપ ધર્મ, સમજણસાથેનો ધર્મ, તેના આનંદના વરસાદ વરસવા લાગે, ત્યારે તેને ધર્મમેઘ સમાધિ કહેવાય છે. રાજાનું ભગવાનનું રાજ્ય જેટલામાં છે તેટલામાં તેની રાણી દાસી એવા દાસભક્તનું પણ રાજ્ય થાય છે, તેથી રાજાને મળે તેટલું રાણીને મળે, તેવા આનંદના મેઘો વરસે, હજારો પ્રકારના ભાગવત ધર્મના અમૃત વરસાદોની ધારાઓ મળવા માંડે છે, વાસનાના જાળાંઓ તથા પૂણ્યપાપના થરો - કર્મોના સંચયો ક્ષીણ થવા માંડે છે, આત્માને સાક્ષાત્ દેખવા માંડે છે, આત્મા બ્રહ્મ અને પરબ્રહ્મના સાક્ષાત્કાર વડે તેની નડતરો અજ્ઞાન માયા કર્મ વાસના રાગ અહંમમતા બાધિતાનુવૃત્તિ વગેરે સમૂળ ખલાસ થવા માંડે છે. કાળ-માયા તે પરમેશ્વરની શક્તિઓ છે, શરીરો છે.

અક્ષરબ્રહ્મ સર્વત્ર છે વ્યાપક છે, સૃષ્ટિઓમાં જેટલાં અજવાળાં છે તે અક્ષરબ્રહ્મનાં છે. સૂર્ય ચન્દ્ર, ગ્રહ, તારા, નક્ષત્ર, વીજળી, અગ્નિ, રત્ન, નેત્ર આદિક જ્યાં જ્યાં અજવાળાં છે તે અક્ષરબ્હ્મનાં તેજ સાથે સંબંધવાળાં ઝાંખા અજવાળાં છે, બ્રહ્મના પ્રકાશ માયામાં પડ્યા તે રાજસ પ્રકાશો, સત્ત્વપ્રકાશો, સ્ફીતપ્રકાશો, લીનપ્રકાશો, સ્વચ્છપ્રકાશો, અજવાળાં, પ્રભા વગેરે રૂપે ભૌતિક ગણાયાં. **पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्याऽमृतं दिवि ।** - બ્રહ્મના ચતુર્થાંશમાં વિશ્વસૃષ્ટિઓ છે, અને ત્રણ ભાગે અક્ષરબ્રહ્મ અમૃત દિવ્ય ધામ જ છે, તે અક્ષરબ્રહ્મ પોતે પરબ્રહ્મનો પ્રકાશ છે, માટે દિવ્યપ્રકાશ એવું ધામ છે, સ્વપ્રકાશ છે, **विष्टभ्याऽहमिदं** कृत्स्नमेकांशेन स्थितो जगत् । ભગવાન શ્રીકૃષ્ણનારાયણ કહે છે, હું એક અંશ વડે સમગ્ર જગતને વ્યાપ્ય કરીને જ રહેલો છું. 'स भूमिं विश्वतो वृत्त्वा ह्यतिष्ठद दशांगुलम्' તે પરબ્રહ્મ માયાની ભૂમિરૂપી સૃષ્ટિને ચારે તરફ વીંટીને પોતે તો જેથી પૃથક એવા દશગણા વ્યતિરેકી વર્તે છે, તે પરમેશ્વર સત્મૂર્તિ સુરુપ સુંદર સગુણ સધર્મા એવી મૂર્તિ વરતે છે, તેમના સ્વરૂપે જ અક્ષરબ્રહ્મ

મૂર્તિ વરતે છે, અક્ષરબ્રહ્મની તેજ-સ્વરૂપ દિવ્યધામ સ્થળીમાં મુક્તો વિરાજે છે, તે અક્ષરબ્રહ્મની એકાંશભૂમિમાં માયાની રચના છે, માયા પરબ્રહ્મની શકતિ છે, બ્રહ્મની છાયાં છે, જીવો ઈશ્વરોની ક્ષેત્રભૂમિ છે, અક્ષરબ્રહ્મ સત્ય વ્યોમ ધામ છે, અને માયાના ગર્ભમાં જે વ્યોમ તત્ત્વરૂપે વ્યોમ આકાશ તે વિકૃત આકાશ ભૌતિક માયિક અવકાશ છે. આ અવકાશમાં સૂક્ષ્માવસ્થ ચિદાકાશ અક્ષરબ્રહ્મ તો છે જ, તેમાં આ સૃષ્ટિઓ છે, સૃષ્ટિમાં પૃથિવ્યાંદિક છે, તેમાં શરીરધારી આપણે છીએ, જો સમજણ વડે માયિક ભાવોને તારવીને લીન જેવા કરીને દિવ્યતામાં આગળ વધીએ તો દિવ્ય આત્મા દિવ્ય દૃષ્ટિ વડે દિવ્યબ્રહ્મધામને સર્વત્ર દેખે અને ધામમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણને દેખે, તેને 'सर्व खलु इदं ब्रह्म न इह नाना **अस्ति किंचय**' આ બધું અક્ષરબ્રહ્મ છે, તેમાં જુદું જુદું તે તો કાંઈ નથી, આમ ઉત્તમ નિર્વિકલ્પક સ્થિતિવાળાને કાંઈ નજરે આવતું નથી, બ્રહ્મ અને પરબ્રહ્મ જ નજરે દેખાય છે.

આવી સ્થિતિમાં દેહ ઇન્દ્રિયો વિષયો તત્ત્વો માયા સ્વભાવ કર્મ કાલ વિગેરેને દબાવીને મુક્તદશાએ વરતવા લાગે છે, સ્વપ્નમાં સાચું દેખાય પણ વિનાશી છે, જાગ્રતમાં સાચું દેખાય પણ વિનાશી છે, આ આત્મા બ્રહ્મ અને પરબ્રહ્મ તે અવિનાશી છે, માયા અવિનાશી છે, પણ તેમાંથી થતાં તત્ત્વો તે લયસ્વભાવવાળાં છે, ઈશ્વરો અવિનાશી છે, પણ આત્મા અને ઈશ્વરોની સ્મૃધ્ધિઓ તે લયસ્વભાવવાળી છે. દરરોજના પ્રલય તમામ માયિકને લાગુ પડે છે, સૂર્ય ચન્દ્ર ઇન્દ્ર મનુઓ બદલે તે વખતના પ્રલય તથા બ્રહ્માની સાંજે જે પ્રલય થાય તે સ્વર્ગલોક સુધીનાનો પ્રલય થાય તે પણ માયિકનો જ પ્રલય છે, નૈમિત્તિક પ્રલય તે ગણાય છે, અને બ્રહ્માના વૈરાજના મહાવિષ્ણુના પ્રધાનપુરુષના જે પ્રલય થાય એટલે ત્રિગુણી માયાના વિકારભાવના પ્રલય થાય તે પ્રાકૃતપ્રલય એટલે સૃષ્ટિનો પ્રલય થાય તે પણ માયાના ત્રણ ગુણોના વિષમભાવોનો અને મહત્તત્ત્વાદિનો લીન ભાવ થાય એવો પ્રાકતપ્રલય કહેવાય, અને ઉપાસના વડે, ભક્તિ વડે, ભગવત્પ્રસન્નતા વડે જે સંસારની સૃષ્ટિમાંથી અને માયામાંથી બારો નીકળી બ્રહ્મલોકમાં મોક્ષ પામે તેને આત્યન્તિક પ્રલય એટલે અતિ અન્તવાળો એટલે સૃષ્ટિમાં પાછો ન ફરે એવો, મોક્ષમાં જ રહે એવો, મોક્ષની તમામ નડતરોનો પ્રલય તે આત્યન્તિક પ્રલય ગણાય. જીવ ઈશ્વર માયા બ્રહ્મ મુકતો પરબ્રહ્મ એ સ્વરૂપે તો નિત્ય છે, પણ જડચેતનો તેના તત્ત્વો શરીરશરીરી ભાવે ભેગા ગૂંચવાય તે ગૂંચવણીના લયને પ્રલયો કહ્યા છે, અવસ્થાઓ નવા ધર્મો વગેરેના પ્રલય ગણાય છે. કાલ નિત્ય છે, ભગવાનની શક્તિ છે, બધાનો પ્રલય કરનારો છે કાલ છે તેજ પ્રલય નામે વરતે છે, કાલ પોતે જ આવરદાઓરૂપે અવસ્થાઓને રચીને બધામાં ઝપાટો મારે છે, ઉત્પતિ સ્થિતિ લય

એ કાલના યોગ વડે છે, કાલના કાલ ભગવાન છે, ભગવાન વડે મહાકાલ તે શક્તિવાળો થઈને પ્રલયો વગેરે કર્યા કરે છે, કાલમાંથી શક્તિ તરફ દૃષ્ટિ પહોંચે, અને શક્તિ દેનારા બ્રહ્મમાં દૃષ્ટિ પહોંચે, અને શક્તિના નિયામક કાલના પણ નિયામક એવા પરબ્રહ્મમાં દૃષ્ટિ પહોંચે ત્યારે આ આત્મા તે બ્રહ્મરૂપ પરબ્રહ્મમાં પહોંચે, અને કાલને દબાવીને વરતે છે, પછી તે સૃષ્ટિના ઝપાટામાં આવતો નથી.

ભક્ષિતઅન્નાદિ વડે થયેલ વીર્યમાં પોષણ પામેલા દેહને સંચાલન કરાવનારો, ઇન્દ્રિયો વડે આલોચના અને ક્રિયા કરાવનારો, અંદર વિચારો ઇચ્છાઓને પ્રેરનારો, પ્રાણો વડે જીવન ટકાવનારો, નિદ્રા વડે વિરામ લેવડાવનારો આત્મા જીવાત્મા કર્મફળ ભોગવે છે, કર્મોનો પમાડનાર સાક્ષી બ્રહ્મપુરુષ છે, તે બ્રહ્મપુરુષને નિયમન કરનાર પરબ્રહ્મ પુરુષ છે, તે આનંદ વરસાવનારા છે, આનંદઘન મૂર્તિ પરમાત્મા છે, પ્રકાશઘન મૂર્તિ બ્રહ્મ છે, તમોઘન મૂર્તિ માયા છે, અશ્વર્યઘન મૂર્તિ ઈશ્વર છે, અને જ્ઞાનઘન મૂર્તિ જીવાત્માઓ છે. જ્ઞાનઘન અને ઐશ્વર્યઘન બન્નેએ તમોઘનમાંથી નીકળી પ્રકાશઘનમાં જઈને આનંદઘનને સેવવા, અન્ન પ્રાણ મન જ્ઞાનના ઉપરવટ જઈને પ્રકાશમાં પરમપ્રકાશમાં આનંદ લેવો, જેથી કોશો વિછૂટા થઈ જાય છે અને સ્વયંપ્રકાશ આત્મા બીજાને પ્રકાશિત કરતો થકો તેમાં સ્વયં જ્યોતિ ભાસે છે. 'अत्राऽयं पुरुषः स्वयंज्योतिर्भवति । 'जस्मात्सर्वस्मात् पुरतः सुविभातम् ।' આ ચારે કોર પ્રકાશ એવા આત્મા વડે બીજું અડખેપડખે પ્રકાશિત થાય છે. तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ।'- પ્રકાશતા એવા તે આત્માને અનુસરીને જ બીજું સર્વ પ્રકાશિત થાય છે, આત્માની કાન્તિ વડે જ સર્વ પ્રભાસિત થાય છે. 'येनेदं सर्वं विजानाति तं केन विजानीयात् विज्ञातारमरे केन **विजानीयात्** ।'- આત્મા પોતે સ્વપ્રકાશ છે તેણે કરીને પોતાના પૂરતું તો દેખે છે, પણ બ્રહ્મના પ્રકાશ વડે બ્રહ્મરૂપ થયો થકો બધું દેખે છે, પછી બ્રહ્મ પ્રકાશ વડે સર્વ જાણકાર એવો મુક્ત થયો, સ્વપ્રકાશ જે આત્મા તેને હવે બીજા કયા પ્રકાશ વડે, જોવાનું બાકી છે ? કાંઈ બાકી નથી. પરમાત્માની આપેલી સર્વજ્ઞ શક્તિ વડે બ્રહ્મપર્યન્ત તમામને દેખનારો થાય છે, 'स वेत्ति वेद्यं न च तस्याऽस्ति वेत्ता ।' તે પરમેશ્વરની કૃપાવાળો જે કાંઈ વેદ્ય છે તે તમામનો જાણકાર છે, પોતાને બ્રહ્મને અને પરમાત્માને પૂર્ણ રીતે જાણકાર બીજો કોઈ હોતો નથી.

આત્મા પોતામાં વળગેલા વળગાડોનો બાધ કરીને પણ પોતાના પ્રકાશનો બાધ નથી કરતો. અંધારાનો બાધ કરી કરીને પછી મળેલા અજવાળાનો બાધ નથી કરતો, તેથી અજવાળાવાળા અજવાળા આપનાર આનંદવર્ષીને તો આશ્રયી થઈ જાય છે, જેથી

પરમાત્મા બ્રહ્મ અને પોતે એમ ત્રણેને તો સદાને માટે ભેળા અને ભેળા દેખનારો થાય છે, જેથી નિર્માયિક આત્મા તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મને સેવનારો થાય છે. આ રીતે ઉપાસનામાં યત્ન પ્રયત્ન કરતા રહેવું, પરબ્રહ્મની ઉપાસના ભક્તિ કરવી, અને બ્રહ્મરૂપે વર્તવા શીખવું, જેથી પોતે બ્રહ્મ થઈને પરબ્રહ્મને મેળવે. **'स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति'**, તે જે પરબ્રહ્મને સમજતો થયો તે બ્રહ્મ થાય છે, મુક્તપણે બ્રહ્મરૂપે મોક્ષમાં રહેનારો થાય છે, 'ब्रह्मवित् आप्नोति परम् ।' - પોતાને બ્રહ્મરૂપે ઓળખનારો પરબ્રહ્મને ઉપાસના ભક્તિ વડે પામે છે.

પ્રથમ શારીર દોષ કામાદિ, પછી માનસદોષ દ્વેષાદિ, પછી બુદ્ધિ દોષ ભ્રાન્તયાદિ, પછી આત્મદોષ પાપકર્માદિ, તેઓને ટાળવા એકાન્તવાસી થવું, નામ જપ કરવા, ધારણા ધ્યાન કરવાં, વાણી-મનના સંયમ જ રાખવા, ભોગોમાં દુઃખ, નાશ, અપોષણ, બંધન વગેરેને સમજીને આસક્તિરહીત થવું, ઇચ્છા તૃષ્ણા વાસનાના લય કરવા, અન્ન જળ ઓથ અંબર નિર્વાહ પૂરતાં જ વાપરવાં પણ નિર્લેપ રહેવું, નિરર્થક નિષ્ફલ નિષ્પ્રયોજન એવા ચિંતનો વૃથા ઘાટ, તે ન ઘડવા, મન ચિત્ત બુદ્ધિને સ્થૂલ સૂક્ષ્મ એવા કોઈ વિષયોમાં જવા ન દેવું, વિરામ શાન્ત નિરૂપદ્રવ એવી બ્રાહ્મી સ્થિતિમાં રહેવાનો અભ્યાસ ચાલુ જ રાખવો, આત્મા બ્રહ્મ અને પરબ્રહ્મ તેમનામાં આત્માએ પોતાના તમામ સાધનો જોડવામાં અભ્યસ્ત જ રહેવું, એવા અભ્યાસમાં બ્રહ્મપણે વરત્યો બ્રહ્મ થયો બ્રહ્મરૂપ થયો તે બ્રહ્મવિત્ત પણ થયો થકો પરબ્રહ્મવિત્ થયો, પછી પરબ્રહ્મના આનંદને ભોગવનારો થયો, જીવતો હોય ત્યાં સુધી જીવન્મુક્ત ગણાયો, દેહને આધીન ન રહ્યો માટે વિદેહીમુક્ત ગણાયો, બ્રહ્મરૂપે વરત્યો માટે બ્રહ્મમુક્ત ગણાયો. પરમેશ્વરમાં જ સમર્પિત થયો એટલે અક્ષરમુક્ત ગણાયો, આ બધી આત્મનિવેદીની એક બીજીથી ચઢિયાતી સ્થિતિઓ છે, તેનો ઉદ્યોગી તે મોક્ષોદ્યોગી થયો, તે અનેક જીવ ઈશ્વરોને દેવોને મોક્ષમાં પહોંચાડનારો થાય છે.

બ્રહ્મ છે તે પરબ્રહ્મનું કોઈ કિરણ છે, તે સગુણ જેવું કામ કરે છે માટે તેને સાક્ષી અન્તર્યામી પણ ગણાય, વ્યાપક એવું તે બ્રહ્મ સર્વાધાર છે, માયાના પણ આધાર છે, બ્રહ્મના આધારવાળી માયા સંસારનું ક્ષેત્ર થાય છે, સંસાર જડ અને ચેતન મિશ્રિત છે, જડ ભોગ્ય છે, ચેતનો ભોક્તાઓ છે, ઈશ્વરો ભોક્તાઓ છે, જીવાત્માઓ ભોક્તાઓ છે, બ્રહ્મ ભોક્તા નથી, પરબ્રહ્મ પણ ભોક્તા નથી, તેઓ અધુરા નથી, કર્મ તેમને લાગતાં નથી, માટે કર્મના ભોક્તા બ્રહ્મ અને પરબ્રહ્મ નથી. "હું આત્મા છું, બ્રહ્મરૂપ છું, બ્રહ્મ છું અને પરબ્રહ્મનો દાસ છું." એવું નિજ દર્શન તે આત્મસાક્ષાત્કાર ગણાય

છે. તેમાં આત્મા બ્રહ્મ અને પરબ્રહ્મ ત્રણેયનો સાક્ષાત્કાર થાય છે. જીવ ઈશ્વર બ્રહ્મ અને પરબ્રહ્મ એ ચાર ચેતનો નિત્ય છે, સૂક્ષ્મ અને સ્થૂલ દેહોને લેતો જન્મતો મરતો આત્મા દેહાન્તરમાં જાય છે તે તેનો તે છે એટલે એરણ્યની પેઠે તેનો તે કૂટસ્થ ગણાય છે, કૂટસ્થને શરીરો ભેગો પ્રાણ જોઈએ જ, પ્રાણ છે તે જીવન છે, વાયુ મળે તો પ્રદીપ ચાલુ રહે, તેમ પ્રાણ મળે તો જીવન ચાલુ રહે, પ્રાણ ન મળે તો ચિત્સ્ફૂર્તિ ઓલાઈ જાય, એટલે પ્રાણમાં જીવનશક્તિ છે, માટે પ્રાણને જીવ કહેવાય, જીવવાળો આત્મા તે જીવાત્મા, જીવનવાળો આત્મા તે જીવાત્મા છે, જીવન હોય તો કર્મ હોય જ, કર્મ અને જીવન બન્ને સાથે જ છે, ઉપાસના ભક્તિ તત્ત્વજ્ઞાન સ્વયંપ્રકાશસાક્ષાત્કારવડે મુક્તિસમીપમાં જ આવે છે, પણ કુલાલના ચક્રનું છેવટે નિષ્પ્રયોજન ભ્રમણ, વેગવડે એક બે મિનિટ ચાલુ રહે છે, તેમ કૂટસ્થ આત્મા, માયાને તજે, મુક્તપણે વરતે, કર્મફળભોગ ન રહે, તોપણ શરીરમાંથી નીકળવા પૂરતું જ ભ્રમણ ભમીને અર્ચિમાર્ગ વડે જવા પૂરતું ગતિરૂપ ભ્રમણ, માયાના લોકને વિંધવા પૂરતું સૂક્ષ્મ શરીર સાથે વિચરણ, પ્રાણવિલીનતા, ઈન્દ્રિયવિલીનતા, આંતરવિલીનતા માયલી છેવટે ક્ષણ પૂરતું જ ભ્રમણ એટલે ઉર્ધ્વગમન નહીં જેવું હોય છે, તે આત્માને ભગવાનની ઇચ્છાએ કરીને નિજ ચેતનમાં પરબ્રહ્મસારૂપ્યપણું "**अस्मात् लोकात् समुत्थाय परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेण अभिनिष्पद्यते**" આ શરીર અને લોકોમાંથી ઉપડીને પરમજ્યોતિ એવા બ્રહ્મધામને પામીને પોતાનું જે ભગવાનને સ્વરૂપે સ્વરૂપ સારૂપ્યપણું તે સ્વરૂપે નિષ્પન્ન આવિર્ભૂત થાય છે, ભગવાનની મૂર્તિ સમ મૂર્તિ હતો જ તેવે પણ દેખાય છે, આ રીતે તેને પરિણામ નથી, મુક્તિ અવસ્થા સર્વજ્ઞતા અવસ્થા સારૂપ્ય અવસ્થા ઇત્યાદિ અવસ્થા તો આવિર્ભૂત થાય છે.

પોતાને પુરુષ આત્મા ચેતન સુખરૂપ આનંદમય જ્ઞાનવાન ભક્તિમાન સમજેલો ભક્ત ભગવાનને યોગે સર્વકામ પૂર્ણ છે તેને કોઈ કામના અધૂરી ન હોવાથી વૃથા માયામાં તણાઈ તણાઈને દુઃખી થતો જ નથી, નિત્યતૃપ્તિમાં વરતે છે. પરમેશ્વર એવા વિદ્યમાન સાક્ષાત્ સ્વામીને આશ્રયે જે કાંઈ તેની પાસે છે તે બધું મારે માટે છે, સ્વામીની મૂર્તિ મારે માટે છે, સ્વામીના ધામ ધન રસ અમૃત સમૃદ્ધિઓ ઐશ્વર્યો વિલાસો સાધનો રાજીપો બધું મારે માટે છે, એવો તૃપ્ત ભક્ત તે નિત્યતૃપ્ત છે, તૃપ્તિ પીયૂષ સાગરમાં હીલોળા મારે છે. મારા સ્વામી અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે, મને નિજઅંગત સેવામાં સ્વીકારેલ છે તેથી રાધિકા લક્ષ્મીજી રૂક્મિણી નંદ સુનંદ ઉદ્ધવ અક્રૂર હનુમાનજી વગેરેની પેઠે પોતાના તમામ સુખમાં મેલ્યો છે. હવે મારે કાંઈ અધૂરું નથી - એમ તૃપ્તિસાગરમાં આનંદિત થયા કરે છે. કરવાનું કરી લીધેલ છે, પામવાનું પ્રાપ્ત કરી

લીધેલ છે. જ્યારે જે જોઈએ તે તુરત જ મારા પ્રાણપતિ સ્વામી આપનારા છે માટે તમામ તૃપ્તિ જ છે, નિર્ભય સ્વામીને પ્રતાપે અભયદાન મળ્યું માટે તમામ શોક મને નથી; તમામ અમૃતસાગરમાં વર્તુ છું. સ્વામીના યોગમાં તમામ ઇન્દ્રિયો અન્તઃકરણ તણાઈ જાય છે કેવલ આત્માનન્દમાં રહેલ છું - આવી રીતે નિત્યતૃપ્તિના બ્રહ્મસુખે પરબ્રહ્મ યોગે દાસભક્ત નિત્ય સુખિયો વરતે છે.

આવી સ્થિતિમાં પણ દેહ છતાં તો બ્રહ્માભ્યાસ કરવો, લીલાચરિત્રો ગાવાં-સાંભળવા, ગુરુભાઈઓએ સત્સંગ ઉત્સવ કરવા, કીર્તન કરવા, ગુરુભાવતર ભગવાનને ભગવાનના ભક્તોનાં પરચાઓ ગાવા કહેવા, જેમાં ભગવાન દેખાયા કરે એવી કથાઓ કરવી, સગુણ સાકાર એવા ભગવાનની ઉપાસના કરવી, જેમાં ખારો-ખાટો સ્વાદ ન આવે, આનંદ ન વરસે તેવા આકાશમાં ફડાકા જેવો સત્સંગ તો શુષ્કસમયકાઢણો ગણાય માટે ભગવાનના આનંદરસ વરસે એવો સત્સંગ કરવો, આવો બ્રહ્માભ્યાસ તે ખાસ ઉપાસના, આવો બ્રહ્માભ્યાસ તેજ એકાગ્રતા અને તેજ તત્ત્વોપદેશ ગણવો. સાધુજનોએ પરસ્પર તથા સાધ્વીવનિતાઓએ પરસ્પર તથા સમાનશીલજનોએ પરસ્પર પ્રત્યક્ષસાક્ષાત્ શ્રીહરિનું ચિંતન, તેનું જ કથન, તેનું જ પરસ્પર જ્ઞાનબોધપ્રશંસા તે પરાયણ ચાહ-પાણી નાસ્તા ફૂલહાર ભોજન સમૂહ ધૂન્ય ભજન પરસ્પર સ્નેહથી ભેટવું એક ઇષ્ટદેવપરાયણ જ કામકાજ કરવું. આ બધો બ્રહ્માભ્યાસ ગણાય છે. બ્રહ્મને ભગવાનને પ્રત્યક્ષ ઓળખે તે બ્રાહ્મણ, ભગવાનના જ્ઞાનને પોષણ જે પમાડે તે વિપ્ર, ભગવાનને પોતાના હૃદયમાં હૈયાના હાર તરીકે સાચવે તે દ્વિજ, સાચા સ્વામીને વર્યા તેથી સન્ત, સત્ય ભગવાનથી જ મોક્ષ આનંદ મેળવ્યો માટે સાધુ, ભગવાનમાં તન-મન-ધન જોડ્યાં તે આત્મનિવેદી, જે ભગવાનમાં જ સોંપાણા બીજામાં ક્યાંઈ નહિ રહ્યા તેવા દાસ-દાસી, ભક્તોને નિત્ય મારે રૂપે જ રહેવું વ્હાલું લાગે છે તેથી તેના યોગસંયોગ અવસર પ્રસંગ સંગ ઇષ્ટ પ્રાપ્તિ અને પ્રાપ્તનું પરિરક્ષણ હું જ કર્યા કરું છું. એવો ભક્તવત્સલ ભગવાન છું, એમ જ ભક્તમાં વસુ છું. જમે ન જમે, પીએ ન પીએ, ઉંઘે ન ઉંઘે, મારે માટે ઉદ્યમ કરે તેને હું રાંધીને જમાડું છું, શીતળ જળ પાઉં છું, તેનો થાક હું ઉતારી દઉં છું, તેને શાંતિ આપું છું, તેને વિરામ આપું છું, તેની ઉંઘ હું અમૃતભરી કરી દઉં છું. સાગર પીવા કરતાં, મેરૂને ઉખેડવા કરતાં, અગ્નિને ખાવા કરતાં પણ વધારે દાખડો મને સાચવવામાં છે. એવા દાખડા વડે હું તો મારા વ્હાલા ભક્તને સાચવું જ છું, તેને જ એકને વર્ણવો, બીજી વાણીને મૌન રખાવો, અમૃતના પિણ્ડને વાપરો - એમ ધામની શ્રુતિઓ દેવીઓ બોલે છે. પરીઓ, સખીઓ, સહેલીઓ, દાસીઓ, રાણીઓ, પાર્ષદાણીઓ, હરિણીઓ, લક્ષ્મીઓ, શક્તિઓ અને મુક્તિઓ એમ જ કહે

છે તે સ્વામી શ્રીકૃષ્ણનારાયણને જકડી પકડી રાખો ગોપીઓએ પકડી રાખ્યા હતા. ભગવાન ભાગેડુ છે, સ્નેહ પ્રેમ ન દેખે તો ભાગી જાય, માટે ફોસલાવીને, રમુજ કરીને, કાંઈક આપીને નવું નવું દેખાડીને પણ ભાગવા ન દેવા. આત્માના બંગલામાં લોભ લાગે એમ અમ્બરીષ જનક તોણ્ડમાન્ કુરુ બદર વિશાલ ધર્માંગદ ગય આનર્ત બલિ ધ્રુવ પ્રહ્લાદ ઉત્તમ ભરત એવા એવા રાજાઓ તેની રાણીઓ કુટુમ્બપરીવારોએ પ્રેમના ખેલ દેખાડી દેખાડીને ભગવાનને રોકી રાખ્યા હતા, અને ભગવાનને ક્યાંય જવાનો અવસાર આવ્યો ત્યાં તેને તેને ભેગા લઈને ઉપડી ગયા.

આમ શ્રીહરિશરણાગતિમંડળે શરણવાસી થઈને જીવન્મુક્ત વિદેહમુક્ત આત્મનિવેદિમુક્ત એકતામુક્ત નિરાવરણમુક્ત બ્રહ્મમુક્ત અદ્વૈતમુક્ત નિર્ભયમુક્ત સાકરરસમયમુક્ત અમૃતમુક્ત અંગમુક્ત અંગતમુક્ત એકમેકમુક્ત થઈ પરમપ્રિય એવા સ્વામીનાથને સાથમાં જ રાખવા. નરસિંહ મહેતે રાખ્યા, અર્જુને રાખ્યા. હેમન્તસિંહે રાખ્યા જે સાક્ષાત્ કે અસાક્ષાત્ પણ સાક્ષાત્ જેવા જ સાથે રહે છે, આવો યુગ તે આદિ સત્યુગ જાણવો.

સમજણ હેત શરણાગતિ અને દિવ્યઓળખાણ સાથે ભગવાનને લાડ લડાવે તો ઘડિકવારમાં અનંતગણી તૃપ્તિ આપનારા થાય છે, અને સ્વાર્થ કાંઈક આડો રાખે તો અસંખ્ય વર્ષોમાં પણ તૃપ્તિ ન આવે. આવા ભગવાન સવળા અને અવળા છે, અકોણા તો બહુ જ છે પણ સકોણા કરી દેવા, પ્રેમના ભર્યા કોણી પણ ખમે એવા કરી રાખવા, ભગવાનને અણગમો થાવા જ ન દેવો, થોડીક પણ ભગવાનને ગમતી લીલા તે મહાસાગર જેટલું સુખ આપનારી થઈ પડે છે. ભક્તને નિજપ્રકૃતિ જો ભગવાનમાં વાપરવાનું ટાણું આવે તો તે પ્રકૃતિ ભગવાનને યોગે અપ્રકૃતિ થઈને બ્રહ્માનંદ સચ્ચિદાનંદ ધામરૂપ બની જાય છે, જ્યાં ભગવાનને પોતાની મૂર્તિનું મધ્યપણું અર્પવું પડે છે, નળને રામચન્દ્રજીને, યુધિષ્ઠિરને, ઘનશ્યામને, બુધ્ધને, વનમાં ફરવા પડ્યાં હતાં. ભક્તને અને ભગવાનને વનવાસ જ રાજ્ય ગણાય, અભક્તને તો કુડકપટ વિષયવાળાં માયાનાં નારકી રાજ્ય ગણાય. ભગવાનમાં રસબસ થઈ જાય તેને તે નિર્વિકલ્પ સમાધિ છે, કારણ કે ભગવાનમાં સમાધિ છે, નિરોધસમાધિ વગર સાધ્યે સધાઈ રહી જાણવી, રાગ તો ભગવાને પોતામાં ખેંચી લીધો પછી તે દોષ જ ન રહ્યો અને સુખમાં ખામી નથી જેથી ખામી કરનાર આડા આવનારમાં દ્વેષ ઊપજે, તેવી ખામી પણ નથી. માટે દિવ્યમૂર્તિ ભગવાનના અર્ધાંગ રૂપ ભક્તને સ્થિતિ મળી ગઈ, આવા ભક્તમાં નિત્યતૃપ્તમાં ભગવાન પ્રવેશ કરીને સદા રહે છે. પતિપત્ની વિગેરે આત્માના કામને માટે પ્રિય થાય છે તેવા આત્મા, આત્માના આત્મા પરમાત્મા, સ્વામીનાથ મળી ગયા, પછી તેને માટે સર્વ પ્રિય થઈ ગયું જેથી તૃપ્તિ સાગર અનંત કાળ વૃદ્ધિ પામવાનો અને શાશ્વત રહેવાનો

નિજ સ્વરૂપમાં આવી ગયો જે બ્રહ્મમુક્તતાને પમાડનાર બ્રહ્મસાગર પોતામાં અવતર્યો, આવા સચ્ચિદાનંદમાંજ સવિદાનંદ મળી ગયા. જે પ્રીતિ અજ્ઞાનિઓ ને વિષયમાં ચોંટી છે, તેથી દિવ્યપ્રીતિ મારા ભગવાનની મૂર્તિમાં હૃદયમાં રાખી છે તે ક્યારેય વઈ ન જજો, સ્વર્ગ વાસ્તે યાગ દાન ધન ખર્ચ વગેરે આચરે છે, તો શાશ્વતઆનંદિત સ્વર્ગરૂપ મારા ભગવાન માટે બધું શા માટે ન આપી દઉં, તેણે જે કાંઈ આપ્યું છે તે તેનું જ રચેલું છે માટે તેને જ તેનું આપી દઉં, હું શા માટે ઉપાધિ રાખું, પ્રેમથી આપી દઉં, તે સાચવે, મારે સાચવવું નહિ, મને સોંપશે તો સાચવીશ, તેના થકા સાચવીશ, આમ સમજણ રાખે તો મુક્ત સ્થિતિને દૃઢ સાચવી ગણાય.

જ્યારે ત્રણેય અવસ્થાઓમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ દેખાયા કરે ત્યારે મુક્તદશા બ્રહ્મતા થઈ તે પરબ્રહ્મને વરવાપણું મળ્યું સમજવું, ભગવાન રાજી થાય ત્યારે તેની પ્રસન્નતામાં રમે ફરે જુએ, જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં નિજપ્રાણ પતિને સાથે જ દેખ્યા કરે, સ્વામીનાથ સાથે જ દેખાયા કરે, આવી સ્થિતિએ સર્વ બંધનો નિર્બંધનો થઈ જાય છે, આકાશ-પાતાળમાં ગતિ કરે નિજનાથ જ આધાર રૂપે ઝીલતા રહે એવા આધારમાં દેહત્યાગ કે દેહગ્રહણ નામક ઉપાધિ રહેતી નથી. 'હું આત્મા છું' આ સ્થિતિથી ઉપર 'હું બ્રહ્મ છું' એવી સ્થિતિમાં તદાત્મકભાવને ભોગવે છે, આ ભાવનામાં પૃથક્ ભોક્તા ભોગ્ય કે ભોગ રહેતા નથી સાક્ષાત્ સાથે જ ચિન્માત્રમાં તે ત્રણ વરતવા લાગે છે, પછી તેને જગત્ તો આકાશમાં વાદળાનાં હાથી ઘોડા જેવું દેખાવ માત્ર ઇન્દ્રજાલ જેવું થઈ જાય છે. બ્રહ્મમૂર્તિમાં બધુંય બ્રહ્મસૃષ્ટિરૂપ જ દેખાય છે, બ્રહ્મ સ્વયં બ્રહ્મસાક્ષી બ્રહ્મવ્યવહાર બ્રહ્માત્મા પરબ્રહ્માન્વયી એ પ્રમાણે ઉપલી સ્થિતિમાં વરતે છે, સાક્ષિપરાયણ થયો, સાક્ષીને શરણે ગયો, રાજપુત્ર રાજાસ્થળે વર્તશે એમ વર્તવા લાગ્યો.

બ્રહ્મને ઓળખનારો બ્રહ્મ થયો, બ્રહ્મચિત્ થયો, હવે તેને બીજામાં કાંઈ ઇષ્ટતા રહેતી નથી. આ હું છું, આ બ્રહ્મમાં છું, આ પુરુષોત્તમમાં છું, પરબ્રહ્મસહિત બ્રહ્મસહિત હું આત્મા ભક્ત છું, આવો સાક્ષાત્કાર સદાને માટે શાશ્વત રહે છે. આ રીતે વર્તનમાં પણ જીવન સ્થિતિમાં કાંઈ નૈમિત્તિક ભોગ આવી પડે તેમાં કલેશ જ ગણાય પણ તે વિરક્તપણુ છે, ક્લેશ નથી. વૈરાગ્યવાળાને રાગસ્થાનો ન રૂચે માટે અરૂચિ જ છે, પરબ્રહ્મમાં જ રૂચિ જ છે, શેકેલ બીજના ફોતરાની પેઠે આત્મામાંથી ખોળ ઊતરી ગઈ છે, તે ઊગે નહિ. સંસાર થવા દે નહિ પણ ખાય તો નિર્મનસ્ક થઈને ખાય, પરાણે લાગુ પડે તે ભગવાનને આપી દે, બ્રહ્મમાં હોમી દે, જ્ઞાન અગ્નિમાં ફેંકી દે, પોતામાં ન ચોંટવા દે, કરવાનું કરી લીધું, જોવાનું જોઈ લીધું, ભોગવવાનું ભોગવી લીધું, મેલવાનું મેલી દીધું, મેળવવાનું મેળવી લીધું, મુક્તિ મેળવી લીધી પરબ્રહ્મ મેળવી

લીધા, હવે મેળવવાનું કાંઈ બાકી નથી, મહાતૃપ્તિ થઈ ગઈ, પરમાનંદપૂર્ણ થયો છું, હું બ્રહ્માત્મક સર્વ સૃષ્ટયાત્મક થયો છું, મારામાં બધું જ છે, મારાથી બધુંય છે, માટે મને પરાતૃપ્તિ મળી છે, આ તૃપ્તિ બ્રહ્માત્મસ્વરૂપ વિના બીજે નથી. હું મનુષ્ય છું, દાસ છું, દાસી છું એવો વ્યવહાર જો થતો હોય તો તે મનુષ્યરૂપે દાસરૂપે દાસીરૂપે અંદર બિરાજેલા ભગવાન એ રીતનો વ્યવહાર પોતાના વિશિષ્ટ સ્વરૂપમાં કરાવે છે, એમ સમજવું, બોલવું-ચાલવું-જીવવું-ઊંઘવું વગેરે વ્યવહાર વિશિષ્ટ સ્વરૂપે ભગવાન કરે-કરાવે છે, જેમ તે મને ચલાવે છે તેમ હું ચાલું છું, સ્વતંત્ર મારો કોઈપણ વ્યવહાર નથી, વળી મને કોઈ મોહન કહે છે કોઈ બીજાને ભગવાનજી કહે છે તો તે વ્યવહાર પણ અંદર રહેલા ભગવાનનું નામ મોહન, ભગવાનજી વગેરે છે. રૂક્મિણી રાધા વગેરે નામ તેવે રૂપે રહેલા ભગવાનના જ છે, કારણ કે શક્તિઓ અને શક્તિમાનનું એકત્વ છે, સતી અને સતીશ એક જ છે, જેને એકતાનું ભાન નથી તેવાઓને માટે વ્યવસ્થિત કરેલા વ્યવહાર પ્રમાણે અજ્ઞાની લોકવ્યવહાર કરે છે. ઉત્તમ નિર્વિકલ્પ સ્થિતિના ભક્તને તો મોહિની અને મોહન તે બન્ને એક જ છે. કેટલાક બાહેરના પદાર્થો ધર્મોના વ્યવહાર જીવાત્મા પોતામાં કરે છે હું ધની છું, રોગી છું, દુઃખી છું, વગેરે, પણ તેમ નથી.

પોતામાં સ્વરૂપમાં ન હોય તેને પોતામાં ગણવું તે તો ભ્રાન્તિ છે, અને એવી જ રીતે ભ્રાન્તિ વડે હું યોગી છું. યતિ છું. સંન્યાસી છું - દેવ છું - ઋષિ છું - ઈશ્વર છું વગેરે પણ બ્રહ્મને અને પરબ્રહ્મને ભૂલીને વ્યવહાર કરે છે. બ્રહ્મને અને પરબ્રહ્મને પોતામાં તદાત્મકપણાને પમાડીને વિશિષ્ટ એકતા વડે હું બ્રહ્મ છું, બ્રહ્મરૂપ છું, બ્રહ્મમાં પરબ્રહ્મ છે હું સેવક બ્રાહ્મીશક્તિ છું, તે સ્વામી પરબ્રહ્મ સર્વશક્તિમાન છે, મને વ્યાપીને રહ્યા છે, હું વ્યાપ્ય છું, મારું નામ તે મારા સ્વામીનું નામ છે, એ પ્રમાણે ઉત્તમ સ્થિતિને અવલમ્બીને પોતાનું પારલૌકિક દિવ્યભાન તે સત્યજ્ઞાન છે. સ્નાન પૂજા ધ્યાન ભજન ભિક્ષા વગેરે મારામાં વ્યાપક એવા શ્રીહરિકૃષ્ણનું જ થાય છે, જળ વડે સ્નાન તે જળને નથી માનવમૂર્તિને છે, તેમ સ્નાન પૂજન વિગેરે માનવસ્વરૂપમાં ભગવાનને છે. હું તો તેવા તેવા કામકાજની સેવા કરવા-કરાવવામાં ઉપયોગી ભક્ત છું એમ સમજણમાં વરતે તે બ્રહ્માનંદમાં વરતે છે. હું તો સાક્ષી સ્વરૂપ છું ન કાંઈ કરું ન તો કાંઈ કરાવું, પણ ભક્તની નજર રાખું-રખાવું, આટલું મારું કામ છે. તે પણ સ્વામી પોતે જ કરે-કરાવે છે, હું તો તેનું રમકડું છું, મને રમકડાને ભગવાન રમાડે છે. રાજાનું રમકડું પણ હીરાનું હોય, ભગવાનનું રમકડું પણ બ્રહ્મ હોય, હું બ્રહ્મ છું, પરબ્રહ્મ તે મારું સ્વર્ગ છે, મારી સ્વર્ગીય બધી મસ્તીઓ પરબ્રહ્મ માટે જ છે, બાળકની ભૂલો બાપાની મૂછો તાણે, તાડન કરે, કામકાજમાં ડખલ કરે તોપણ પિતા

કલેશ ન પામે ઉલટો રમાડવા લાગે છે, મારા ભગવાન મારા પ્રતિ એવા છે. કૃતકૃત્ય છું પ્રાપ્તવ્યને પામ્યો છું. ધન્ય છું, બ્રહ્માનંદ લઉં છું, ધન્ય છું, પરબ્રહ્મને વર્યો છું, ધન્ય છું કાંઈ કરવું બાકી નથી. ધન્ય છું હું બધાથી ઊંચીં ઉપમામાં છું, અહો મારી સમ્પત્તિ પરબ્રહ્મની પ્રસન્નતામાં દેખાય છે, અને ભગવાનમાં બધું કરી રહ્યો છું. ધન્ય છે મારી તૃપ્તિને જે મને હવે પછી ક્યારેય મેલી દે તેવી નથી. ધન્ય છે મારા સ્વામીને, જે હવે પછી શાશ્વતસ્વામી છે, તે મટી જવાના નથી. અરે ધન્ય છે મારા જેવી કાલી કુબડી દાસીને, જેને ભગવાન મેલવાના જ નથી. અરે ધન્ય છે ભગવાનને, જેણે કાલી કુબડીને પણ વ્હાલી ઉજળી બ્રાહ્મી બનાવી દીધી છે. ધન્ય છે મને, જે મારામાં ભગવાને પોતાનું મારાપણું મેલ્યું છે. ધન્ય છે બ્રહ્મને, જે પરબ્રહ્મ પાસે મને રહેવા દે છે, ધન્ય છે આ અવતારને, જે અવતારીમાં ઓતપ્રોતપણાને પામેલ છે, આવી આવી અસંખ્ય તૃપ્તિઓના સાગરો બ્રહ્મરૂપ ભક્તમાં વરત્યા કરે છે.

બ્રહ્મરૂપપણું પરબ્રહ્મોપાસનાનું ફળ છે, અગ્નિની ઉપાસના વડે લોઢાનો ગોળો વન્હિમય દેખાય છે. વન્હિના રૂપે રૂપવાળો ગુણે ગુણવાળો વન્હિની હાજરીમાં થાય છે, એમ અતિ પરબ્રહ્મની હાજરી વખતે આ આત્મા પરબ્રહ્મના ગુણે સ્થિતિએ સ્વરૂપે રૂપે વરતવા લાગે છે, બ્રહ્મપણે વર્તે છે, મને મારી ઓળખાણ રહે તે તો મારા સ્વામીની કૃપા છે, તે જો મને મારી ઓળખાણ ભૂલાવી દે તો બ્રહ્મરૂપે મને ઓળખું સ્વામીપણે પણ કેફ ચડી જાય તો રાણી તરીકે કે રાજકુમાર તરીકે પણ વરતું, વળી છૂટ આપે તો રાજા જેવો પણ વરતું, તેનું દીધેલ વાપરું ભોગવું તેને આપું, તે વડે જ જીવું, અખંડ જીવું, બધું તેનું તે મારું, અને મારું તે તેનું, હું તેનો અને તે મારા, આટલી સ્થિતિ તૃપ્તિમાં રાખવા મારી માગણી છે. પોતાના સ્વામીને ભોગવ્યાના પદાર્થ તે મારે ભોગવવા નથી, છતાં આપે તે ગ્રહણ કરવા, આવી માગણી ભગવાન નિભાવે એમ દાસદાસીએ માગવું, તેમાં તૃપ્તિ રાખવી. અહં બ્રહ્મ, ઇદં બ્રહ્મ, ત્વં બ્રહ્મ, સર્વં બ્રહ્મ, બ્રહ્મસિવાય કાંઈ નથી, છે પણ નથી, બ્રહ્મભાગી થયું નથી, માટે નથી, જે જે બ્રહ્મભાગી થયું તે છે છે ને છે, જે બ્રહ્મભાગી નથી તે નથી નથી ને નથી. હું તો બ્રહ્મસંબંધવાળો છું, સર્વાર્થ સંબંધવાળો છું, સંપૂર્ણ આનંદસ્વરૂપ છું, સ્વપ્રકાશ ચિતરૂપ છું, મોટું આભલું મારામાં છે, હું મોટા આભલામાં ભળી ગયો છું, તેથી બધું મારામાં દેખાય છે. મોટામાં મોટું મહાસુખીયું બ્રહ્મ પણ મારામાં દેખાય છે, તેથી બીજા અલ્પસુખ ગણતરીમાં આવતાં નથી.

ક્યાંય ચારેકોર અજવાળાના કુંડાળાવાળો હીરો દેખાય તેને હીરો જાણીને લેવા જાય તેને હીરો મળે જ, બ્રહ્મપ્રકાશ વડે જે આત્મા બ્રહ્મપ્રકાશમાં રહેલા પરબ્રહ્મને

લેવા જાય તેને પરબ્રહ્મ મળે જ, સ્વામીરૂપી અજવાળામાં સ્વામીનાથ મળે જ, બ્રહ્મરૂપ થયે પરબ્રહ્મ મળે જ, મણિપ્રભામાં મણિ મળે જ, દીપપ્રભામાં મણિ ન મળે, બ્રહ્મપ્રભામાં પરબ્રહ્મ મળે જ, પરબ્રહ્મનો પ્રકાશ તે બ્રહ્મ છે, માટે મળે, બીજા જીવ ઈશ્વરો દેવોમાં બ્રહ્મપ્રકાશ દેખનારાને પરબ્રહ્મ મળે, પણ દીવો દેખનારાને પરબ્રહ્મ ન મળે, વાટ્યનો કાળો મોગરો મળે. માટે બ્રહ્મરૂપ થાવાની બ્રહ્મરૂપને ઓળખવાની બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાની અને પરબ્રહ્મ મેળવવાની ઉપાસનાના અનુષ્ઠાનો કરતાં જ રહેવા, ફળ મળ્યે પણ મેલી ન દેવાં, તમો બ્રહ્મરૂપ થાઓ તો તમારામાં બીજાને જરૂર બ્રહ્મ મળશે, તેમાં પરબ્રહ્મ મળશે, ગુરુરૂપ હરિમાં હરિ શ્રીહરિ શ્રીકૃષ્ણનારાયણ જરૂર મળશે, વિશ્વમાં સૃષ્ટિમાં દિવ્ય આચાર્યોમાં બ્રહ્મદૃષ્ટિવાળાને બ્રહ્મ મળે છે, પરબ્રહ્મ પણ મળે છે. વેદવિધિ વડે પ્રતિષ્ઠાપિત ભગવાનની મૂર્તિઓમાં બ્રહ્મરૂપ ભક્તને પરબ્રહ્મ ભગવાન મળે જ છે. અધૂરાને નથી મળતા, જડમતિવાળાને ભાવના પ્રમાણે પુણ્યપ્રાપ્તિ થાય પણ પુરુષોત્તમમૂર્તિ સ્વયં સ્વરૂપ તે ન મળે, ઉપાસના કરતા કરતા પ્રદીપ મશાલ તારા ચન્દ્ર સૂર્ય મહાતેજ બ્રહ્મ જેવો થાય તો પરબ્રહ્મ દેખાય, વરાળો નીકળતી હોય ત્યાં અદૃશ્ય અગ્નિ હોય જ, જ્વાલાઓ નિકળતી હોય ત્યાં દૃશ્ય અગ્નિ હોય જ, સિદ્ધિ ચમત્કાર ઐશ્વર્ય દેખાતા હોય ત્યાં બ્રહ્મ હોય જ, સત્યસંકલ્પતા દેખાતી હોય ત્યાં પરબ્રહ્મ હોય જ, ધારણા ધ્યાન ચિન્હો યોગ કળાઓ દેખાતી હોય ત્યાં ભગવાન હોય જ, જળો વડે શુદ્ધિ થાય, સત્સંગવડે શુદ્ધિ થાય, અભિષેકના જળો વડે નિષ્પાપતા થઈ જાય, બ્રહ્મવેત્તાના પ્રસાદિ ચરણજળ વડે શરણાગતિ વડે આત્મા શુદ્ધ થઈ જાય, નિર્વાસનિક થઈ જાય, પ્રભુની મૂર્તિના ધરેલાં જળો વડે જ્ઞાનવિજ્ઞાન સમજણ વડે બ્રહ્મરૂપ થવાય, બ્રહ્મરૂપ થયેલાને સાક્ષાત્ ભગવાન મળે, આપણા જેવા થઈને આપણને મળે, બ્રહ્મને પરબ્રહ્મ ભેટે, અબ્રહ્મને પરબ્રહ્મ ક્યાંથી ભેટે, બ્રહ્મસંબંધવાળાને બ્રહ્મ મળે, બ્રહ્મસંબંધરહિતને બ્રહ્મ ક્યાંથી મળે, પાપીચિત્તવાળો પણ હરિ હરિ કરે તો પાપ હરાઈ જાય. અજામિલ નારાયણનારાયણ કરતો શુદ્ધ થયો પછી મોક્ષમાં ગયો. સ્ત્રી અગ્નિ છે, પુરુષ અગ્નિ છે, પૃથિવી અગ્નિ છે, વરસાદ અગ્નિ છે. સ્વર્ગ અગ્નિ છે કેમ કે તેમાં વાસનિક જીવાત્મા શેકાય છે. મન અગ્નિ છે. સૂર્ય અગ્નિ છે રાગવાળી ઉપાસનાઓ અગ્નિ છે, સકામસાધનો અગ્નિ છે, ઐશ્વર્યો અગ્નિઓ છે, તેમાં જીવાત્માઓ શેકાય છે. મંત્ર તંત્ર અગ્નિ છે, માયા અગ્નિ છે. તેમાં અહંમમતા અગ્નિ છે. જીવાત્માઓ શેકાય છે. આવા અગ્નિઓમાં સોંસરવા નીકળવા ગુરુના બ્રહ્મરૂપતાના અમૃતો સેવવા, તે વડે ઠંડક મેળવતો થકો બ્રહ્મપ્રકાશના સચ્ચિદાનંદપણામાં બ્રહ્મરૂપતામાં પહોંચીને

સ્વપ્રકાશ એવા બ્રહ્મતત્ત્વમાં રહીને પરબ્રહ્મોપાસના કરવા માંડે તો મુક્તિરૂપ આનંદસાગર એવો બ્રહ્મલોક રહેવા માટે મળે, જ્યાં ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મળે ત્યાં બ્રહ્મલોક છે, જ્યાં ગુરૂભાઈઓ મળે ત્યાં મુક્તમંડળ છે, જ્યાં શ્રીહરિશરણાગતિમંડળ મળે ત્યાં સર્વશક્તિ સંપન્ન, સર્વસિદ્ધિસંપન્ન, સર્વ પ્રતાપ સંપન્ન, સત્યકામતાસંપન્ન, શ્રીહરિકૃષ્ણભગવાનના ચરણકમળનો બાજોઠ છે. બ્રહ્મરૂપ એવા શ્રીહરિના સંત મળે ત્યાં શ્રીહરિનું સિંહાસન છે, સિંહાસનમાં પડખાનાં આસનો છે, અને શ્રીહરિમાં પ્રેમ અઢળક ઢળે ત્યાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિના સર્વે આનંદસુખ રસોના વરસાદો છે, આવા પ્રકારની શ્રીહરિની સમાધિઓ એક કરતાં બીજી ચઢિયાતીઓ છે, જેણે લીધી તે બ્રહ્મલોકમાં જ છે.

ભગવાનની પ્રતિષ્ઠાપિત ચિત્રિત કોતરેલી મૂર્તિઓ સેવવા વડે સાચું અખંડૈકરસ બ્રહ્મસ્વરૂપમાં પરબ્રહ્મસ્વરૂપ મળે છે. સર્વેને સામાન્ય પરોક્ષ જ્ઞાન તો છે જ - કોઈ ભગવાન છે. પણ સાક્ષાત્કાર-આ ભગવાન છે. આવું જ્ઞાન કરવામાં મેરુ જેવડા જ્વાલામુખી આડા છે, તેને બ્રહ્મરૂપતાના અમૃતના વિમાનો વડે ઉલ્લંઘવા શીખવું, અને મને મળ્યા એવા જે આ ભગવાન તે સર્વેના અવતારી છે, એમ સફળ સચ્ચિદાનંદ મૂર્તિમાં આનંદઘનમાં પહોંચવા શીખવું. નિત્ય નિત્ય વારમવાર આખું જીવન દાસદાસી એવા જીવાત્માઓએ આ પ્રયત્ન ચાલૂ જ રાખવો, કથાવાર્તામાં ઉત્સવસમૈયામાં પૂજાપાઠ સત્સંગમાં સન્ત-સમાગમમાં પણ અપરોક્ષ સાક્ષાત્કાર માટેનો પ્રયત્ન ચાલુ જ રાખવો. સેવકમાં યોગ્યતા આવશે એટલે સ્વામીનાથ જરૂર મળશે, કદાચ તેમને તેમ મરણ થાશે તોપણ આગળ આગળ ઊંચા ઊંચા બ્રહ્મગર્ભમાં પણ ભગવાન મળશે. વામદેવરૂષિને પૂર્વના અભ્યાસબળ વડે ગર્ભમાં જ વિશ્વોના દર્શન થવા માંડ્યા હતાં, સમયનો પરિપાક થયે ખેતીવાડી કામકાજ ચીજો પાકીને તૈયાર થાય છે, તેમ આત્મવિચાર બ્રહ્મરૂપતાનો અભ્યાસ અને વર્તન તે તેના શ્રતિબન્ધકોની નિવૃત્તિ થયે સતે ફલિત થાય છે. **"तद्यथा हिरण्यनिधिं निहितमक्षेत्रज्ञा उपर्युपरि सञ्चरन्तो न विन्देयुरेवमेवेमाः सर्वाः प्रजाः अहरहर्ब्रह्मलोकं गच्छन्त्य एतं ब्रह्मलोकं न विन्दन्त्यनृतेन हि प्रत्यूढः"** તે જેમ સોનાનો ખજાનો ભૂમિમાં હોય પણ તેના ઠેકાણાના જાણકાર ન હોય તો તેઓ ઉપર ઉપર વિચરતા થકા પણ ન મેળવી શકે, એવી જ રીતે આ માયિકદૃષ્ટિવાળી પ્રજા દરરોજ ગાઢસુષુપ્તિના બ્રહ્મલોકમાં તથા બ્રહ્મવેત્તાના બ્રહ્મલોકમાં જાતી થકી પણ સાચા આ સાક્ષાત્ બ્રહ્મલોકને નથી પ્રાપ્ત કરતી. તેને ખોટાઈ અજ્ઞાન અવિદ્યા અશ્રદ્ધા અવિશ્વાસ અનુપાસના આલસ્ય અમાહાત્મ્ય અનાત્મવેદિતા અશરણાગતિતા આડ્ય કરનારાં છે. માટે ગુરુએ શિષ્યને જેમાં જેમાં શ્રદ્ધા વિશ્વાસ મહત્તા આદિ મનાણા છે, તેમાં જ તારા

આત્મામાં જેમ બ્રહ્મ છે, મારા આત્મામાં જેમ બ્રહ્મ છે, તેમ તારા શ્રદ્ધેય વિશ્વાસ્ય આત્મામાં પણ બ્રહ્મ છે, અને તે તે બ્રહ્મમાં પરબ્રહ્મ છે, આવી દિવ્યદૃષ્ટિ કરાવી નાખવી. લાંબે કાળે જરૂર તેને બ્રહ્મભાવના વડે બ્રહ્મરૂપતા અને પરબ્રહ્મ સાક્ષાત્કાર થશે જ, પૃથ્વીમાં વિચરતા જીવતા જાગતા ભગવાન મળશે જ, ભક્તિ કર્યાનું ફળ રઝળતાં રઝળતાં જરૂર મળી આવશે. શ્રવણ, મનન, નિદિધ્યાસન, શાન્તિ, નિગ્રહ, ઉપરતિ, સાધુતાવડે પ્રતિબન્ધકો ક્ષીણ થશે અને બ્રહ્મપ્રકાશ ઊગશે. વામદેવને એક જન્મે, ભરતજીને ત્રણ જન્મે, કોઈને ઘણાક જન્મે, બ્રહ્મપ્રકાશ મળ્યો. યોગી શુદ્ધ માવતરે યોગીને આશ્રમે, અનેક જન્મો વડે સિદ્ધ બ્રહ્મદશાવાળો થઈને પરબ્રહ્મની પ્રાપ્તિરૂપી પરમગતિને પામશે.

કેટલાક જીવો 'આ ભગવાન છે' એમ સાંભળીને વાંસે જ પડી જાય, જાણ્યા દેખ્યા સાંભળ્યા ત્યાંથી જ છાશ પાઈને છોકરો માગી લઉં, રોગ કાઢી નાખું, નાણાં પકાવી લઉં, ભણતર પાસ કરી લઉં, મોટી સમૃદ્ધિ મેળવી લઉં, સ્વભાવના ક્લેશ મટાડી દઉં, બધા ચમત્કારો મેળવી લઉં, વચનસિદ્ધ થઈ જાઉં, ઉઘરાણું પતાવી લઉં, આધીન કરી લઉં, આડું પડ સ્વાર્થ રાખીને લોઢામાંથી સોનું થઈ જાઉં, નંદ સુનંદ થઈ જાઉં, રાધા-લક્ષ્મી થઈ જાઉં, ગુણાતીત બ્રહ્મ થઈ જાઉં, હીંડોળા ખાટચે ઝૂલી લઉં આવા આવા સ્વાર્થોને સાધવા મંડી પડે છે, તેને આત્મતૃપ્તિ જ નથી. એષણાઓ વળગી છે, પુત્રેષણા, ધનૈષણા, લોકૈષણાઓ વળગી છે, ભોગૈષણાઓ વળગી છે, બ્રહ્મરૂપ ક્યાંથી થવાય, છાશ પાઈને ચિન્તામણિ પડાવી લેવો છે, આ કહ્યા એવા જીવાત્માઓ તો આખી જિંદગી પોતાના જ વળગાડને વળગ્યા રહે છે, સાધન કરવાં નથી, રાજીપો લેવો નથી, પડ કાઢી નાખવું નથી, માયિકપણે વળગવું છે, તેને બ્રહ્મરૂપતા ક્યાંથી આવે ? ખબરદાર થઈને શ્રદ્ધાએ સહિત ઉપાસના સેવા કર્યા કરે, ઐહિક ફળને ન વળગે, ધીરે ધીરે પ્રસન્નતા મેળવે તો લાંબે કાળે બ્રહ્મરૂપ થાય, અનેક જન્મે થાય. આંબો વાવ્યો અને તરત ફળ લઈ લઉં, એ ન થાય. લાંબો કાળ સેવે ત્યારે થાય. ભગવાન કૃપા કરે તો જલદી થાય, કુબ્જાને કૃપા ફળી, ગીધ ગણિકા કપિવૃન્દોને કૃપા ફળી, વ્રજ તણી નારીઓને પ્રગટની ભક્તિ ફળી, અસમર્થે તો ગુરુરૂપ હરિને સત્સંગવડે સેવવા, સગુણબ્રહ્મને સેવવા.**'आनंदो ब्रह्म ।' ' 'विज्ञान मानंदं ब्रह्म ।' ' 'नित्यः शुद्धो बुद्धः सत्यो मुक्तों निरंजनो विभूग्द्वय आनंदः परः प्रत्येकरसः सर्वरसः स्र्वगन्धः परपुरुषोत्तमः सेव्य उपास्यः प्रसादयितव्यः साक्षात्कर्तव्यः'** આવી રીતે અક્ષર રૂપ થઈને પુરુષોત્તમને સેવવા, દિવ્યચળકતા કિશોર નવયુવાન હિરણ્યષ્મકેશ કમળનયન પ્રસન્નમૂર્તિ રમણીય કમનીય કાન્ત પતિ સર્વપતિ એવા ભગવાનને સેવવા, ભજવા, ઉપાસવા, સંભારવા,

૨ટવા, ૨માડવા, પામવા, એકતાન લગાડવા, આમ ક૨તાં ક૨તાં પ્રસન્ન થઈને સર્વસ્વ તમા૨ા થાય ત્યા૨ે તક ન ભૂલવી, બ્રહ્મ પ૨બ્રહ્મને વ૨ી લેવા, આ રીતે માયાને ત૨ાય છે, આત્મજ્ઞાનને ત૨ાય છે, બ્રહ્મ૨ૂપતાને મેળવાય છે, અને પ૨બ્રહ્મમાં તૃપ્તિસાગ૨ ઉછાળાય છે, અખંડૈકસચ્ચિદાનંદ૨સ પીવો અમૃત પીવું, બ્રહ્મ પીવું અને પ૨બ્રહ્મનો સ્વાદ લેવો, ઔ સર્વે મુક્તો મુક્તાનીઓ બ્રહ્માનંદને સેવે ભોગવે છે.

ભૌતિકશ૨િ૨ીને દિવ્યમૂર્તિ થવા માટેના આ શાસ્ત્ર આમ્નાય છે, ભૌતિક મ૨ી બળી સડી જાય છે, આધ્યાત્મિક વૃત્તિઓ કિ૨ણો જ્ઞાનના પ્રવાહો જ્ઞાનીની સાથે ચિત્તમાં બીજ૨ૂપે સંસ્કા૨ોમાંથી ઉપજે છે, તે પોતાના ઉભદવસ્થાનનો તો ગોચ૨ ક૨ે છે પણ ધ્યાનવૃત્તિ વડે દિવ્યમૂર્તિ સ્વ૨ૂપને ગ્રહણ ક૨ના૨ થાય છે માટે ધા૨ણા ક૨ીને ધ્યાનને આધા૨ે એકાગ્રતા અને નિ૨ોધમાં આગળ વધવું જ જોઈએ. સંસ્કા૨ોને ગ્રહણ ક૨ે ત્યાં સુધી સમ્પ્રજ્ઞાત, સંસ્કા૨ોને શેકીને ૨ાખ કર્યા પછી ચિત્તને ચિચ્ચૈતન્યમાં લીનતા પ્રમાડે ત્યા૨ે બુદ્ધિ મહત્તત્ત્વ આદિ સૂક્ષ્મ લિંગતત્ત્વને અને અજ્ઞાનને પા૨ ક૨ીને ઉજળા એવા ધ્યાનપ્રકાશને બ્રહ્મપ્રકાશમાં મેળવે આત્મપ્રકાશને બ્રહ્મપ્રકાશમાં મેળવે, પોતે ધ્યાનવૃત્તિસહિત આત્મા તે બ્રહ્મપ્રકાશે એકતાને ફ૨તો થકો પ૨બ્રહ્મપ્રકાશમાં પ૨બ્રહ્મમાં સમર્પિત થાય ત્યા૨ે અસમ્પ્રજ્ઞાતમાં પહોંચે, અને આવી સમાધિસ્થિતિએ મોક્ષગતિમાં પણ ચાલ્યો જાય,'**कापेयं बहुधा वसन्तं नाभिपश्चन्ति मर्त्याः ।**' માણસ ભાવનાવાળો સંસા૨ી તો, જે કપિલપીંગળા સોનાની મૂર્તિ જેવા ૨ૂપાળા ભગવાનને દેહ ઇન્દ્રિય અન્ત:ક૨ણ જીવાત્મા બાળબચ્ચાંઓ ગૌ-સૂર્ય-પ્રતિમા વિગે૨ેમાં વસેલા છે છતાં તેને નથી દેખતા, પણ તેમને શાસ્ત્રો બતાવે છે કે - કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ એવા ભગવાનને ધ્યાન ઉપાસના વડે સાક્ષાત્ જોવાનો અભ્યાસ ચાલૂ જ ૨ાખો તો - તે ક્યા૨ેક દેખાશે, નિ૨ન્ત૨ ભાવના વડે ક્યા૨ેક સ્વાપ્નવૃત્તિમાં દેખાશે, ધ્યાન ભાવનાનો વ્યસની આત્મા જ૩૨, નાણાં વ્યસની, ના૨ી વ્યસની, સ્વપ્નમાં ક્ષેત્રમાં નાણાંને તથા શયનમાં ના૨ીને સ્વપ્નમાં દેખે તેમ, સ્વપ્નમાં દેખતો થશે, પ૨પુરુષ સંગવ્યસનવાળી ના૨ી ઘ૨કામમાં વ્યાપૃત હોય તોપણ પ૨પુરુષના સંગના ૨સાયનને જ અન્ત:ક૨ણમાં આસ્વાદન ક૨તી હોય છે, ઘ૨નું કામ તો થતું જ હોય છે પણ પ૨ આસ્વાદનમાં ખોટ આવવા દેતી નથી. પ૨ આસ્વાદનને કમાતી જ હોય છે, તેમ પ૨માત્માના આસ્વાદનમાં લાગેલો આત્મા શ૨ી૨ગૃહના તમામ કામકાજોમાં વળગતો થકો પણ નિર્મનસ્ક એવો પ૨માત્માના આસ્વાદનને કમાય છે, બુદ્ધિના પ્રવાહોમાં ક્ષણિકતા જ છે, જેથી એકને જ એકસ્વ૨ૂપે પકડીને સ્થિ૨ ૨હેતા નથી, જેથી બુદ્ધિ સ્મૃતિ પ્રવાહો૨ૂપી ધ્યાનને સમસજાતીય ક૨ોડો સંસ્કા૨ો એકધા૨ા પાડવા સા૨ું ફિલમની પટ્ટી-એકધા૨ા ક૨ોડો ફોટાઓ લ્યે છે, તેમ

ધ્યેયના કરોડો ફોટા લેવા અભ્યાસમાં જ લગાડી દેવી પડે છે, આવું એક-પ્રત્યયતાનતા ધ્યાન અને સંસ્કારો આત્મામાં ધારાબંધી વાવવા માટે તમામ ધ્યાનીઓ ભગવાનને જોવાનું ધ્યાન સતત ચાલુ જ રાખે છે, તે સંસ્કારો વડે બીજા વિરોધી માયિક સંસ્કારો ઘસાતાં થકા નષ્ટ થાય છે અને નવા જમા થતા નથી કેવલ ભગવન્મય સંસ્કારો જામતા જાય છે.'**तज्जः संस्कारोऽन्यसंस्कारप्रतिबन्धी ।**' યોગસૂત્રમ્. ધ્યાનનો સંસ્કાર ભગવાન વિનાના તમામ સંસ્કારોને ટાળવા માંડે છે, લાંબે કાળે લાંબે રોગે છેવટના ઘસારા વડે તે માયાના સંસ્કારો ટળે અને સમાધિ આપે એવા સંસ્કારો ભરાઈ જાય, પછી યોગી એકજન્મસિદ્ધ થઈને પરાં ગતિને પરમેશ્વરને પામે છે,'**तमेव विदित्वा अतिमृत्युमेति ।**' તે પરમાત્માને સાક્ષાત્ દેખીને મોક્ષમાં જવાય છે. આવો ભક્ત બાધિતાનુવૃત્તિએ કરીને લેવાતો નથી. દેહ, ઇન્દ્રિયો સ્વભાવમાં જાય તોપણ અસ્ત છે. સર્વ વાસના જેની એવો આ ભક્ત ઉત્તમમુક્ત જ છે, નિષ્કર્મતાને ભજે છે, નિર્વાસન ભક્ત અસંગી આત્મા છે, પછી તેના ઉપર વિધિ નિષેધ નથી, ધ્યાન ઉપાસના વડે બ્રહ્મત્વ મળેલ છે, પણ વાસ્તવ બ્રહ્મત્વ બ્રહ્મરૂપતા શાશ્વતી થઈ ગયેલી મળી છે, તેનો વિયોગ વિલય થતા જ નથી.

પ્રથમ સગુણોપાસના, પછી દિવ્યગુણોપાસના, પછી ધ્યાનવડે બ્રહ્મઆત્મ-સાક્ષાત્કાર બ્રહ્મરૂપતારસાયનપાન, અને પરબ્રહ્મપરિસેવન આનંદરસભોગ, આ બધાં છેવટે મુક્તિસમયમાં અતિપાકથી જ અપરોક્ષ સાક્ષાત્કાર નિત્યસાક્ષાત્કાર રૂપે ચિચ્ચૈતન્યમાં વસે છે, તેને જ મુક્તની આંખ્ય કહેવાય છે. નિત્યપ્રત્યદર્શિતા આ પ્રમાણે જ છે, આવી અનાયાસ નિર્બીજ સમાધિ પ્રગટે છે. નિર્બીજ સમાધિમાં સંસારબીજો લીન થયાં છે, પરમેશ્વરમાં નિર્વિકલ્પ સમાધિ ઉગેલ છે, હું બ્રહ્મ છું, બ્રહ્મરૂપ છું, પરબ્રહ્મવાળો છું, આવો સાક્ષાત્કાર વરતે છે, પરબ્રહ્મનો દાસ છું આવો પરબ્રહ્મપ્રકાશ એટલે નિત્યચક્ષુ ઉદય થઈ આવે છે, અને કદાચ ઉપાસનામાં યત્નશીલને કચાસ રહી ગઈ અને મૃત્યુ થાય તોપણ જે જે ભાવમૂર્તિ ભગવાનને સંભારતાં કલેવર તજે તોપણ તે આત્માને તે ભગવાન તેમના મુક્તભાવને પમાડે છે.

આ બ્રહ્મલોકમાં જતાં જ ભગવત્સાસૂષ્યમુક્તિમાં નિષ્પન્ન થાય છે,'**नान्यः पन्था विद्यतेऽयनाय ।**' આ સિવાય બીજો માર્ગ બ્રહ્મસારુપ્ય થવામાં નથી જ, **सोऽकामो निष्काम आप्तकामो न तस्य प्राणा उत्कामन्ति अत्रैव समवलीपन्ते ब्रह्मैव सन् ब्रह्माप्येति सच्चिदानन्दमूर्तः सः स्वराट् भवति, तस्मात् परमेश्वर एवैकमेव तद् भवति एतत् अमृतम् अभयं ब्रह्म भवति ।**' તે અકામ થયો, નિષ્કામ થયો, પ્રાપ્તકામ થયો, તેના પ્રાણને ઉંચું દોડવું પડતું નથી, ઉપાસ્યની સમીપે જ આત્માથી છૂટા પડી જાય છે, આત્મા

બ્રહ્મરૂપ થઈને સચ્ચિદાનંદમૂર્તિ સુમૂર્તિ સ્વરાટ્ થઈને પરમેશ્વરમાં સારુપ્યપણાને મેળવીને અમર અભય બ્રહ્મમુક્ત થાય છે. જે એવો પ્રયત્ન કરે છે તે પોતે પણ બીજાને તારે એવો થાય છે તેથી તે મુક્ત તારકબ્રહ્મ કહ્યો છે. જે ત્રિમાત્રાના અક્ષર 'ઓં' વડે જપીને પરમપુરુષનું ધ્યાન ધરે છે તે ભક્ત ધ્યાતા પાપોથી મુક્ત થયો તે **'स साममिरुन्नीयते ब्रह्मलोकं स एतस्माज्जीवधनात्परं पुरिशयं पुरुषभिक्षते ।'** પરમેશ્વરની સામની રૂચાઓ દિવ્યદેવીઓ વડે બ્રહ્મલોક પ્રતિ લઈ જવાય છે, તે આ જ્ઞાનઘન એવા જીવાત્માથી પર ઈશ્વરથી દિવ્યશરીરમાં વિરાજતા દિવ્યમૂર્તિ એવા પરમપુરુષને દેખે છે,**'स इमं मानवमावर्त नावर्तते न स पुनरावर्तते ।'** તે આ માનવલોકના ફેરામાં રખડતો નથી, ફરીથી આવતો નથી, **एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोंकारस्तस्माद विद्वानेतेनैवा ऽऽयतनेनैकतरमन्वेति ।** હે સત્યકામ ! હું પિપ્પલાદ તને કહું છું, ઓંકાર અપરબ્રહ્મ પણ છે અને પરબ્રહ્મ પણ છે, માટે આ વિદ્વાન આત્મા આને અવલમ્બીને બેમાંથી એકને તો પામે છે, બ્રહ્મને પામે પછી પરબ્રહ્મને પામે, તીવ્રભક્તને આંહીથી જ અથવા બ્રહ્મલોકમાં પહોંચીને સમ્યગ્ ઉપાસકને બ્રહ્મ સાક્ષાત્કાર કે પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. સાક્ષાત્કાર ન થાય તો હારી ન જાવું. ચિર સમયે હું જરૂર ચિચ્ચૈતન્યમાં ફલિત દેખાઈશ. હું અગાધ નિધિ છું, મને મેળવવા માટે આત્મબ્રહ્મરૂપતા વિના બીજો ઉપાય નથી. નિત્ય સર્વત્ર સ્થિત એવા સર્વાત્મક બ્રહ્મ ધ્યાનથી જરૂર મળશે, જો ધ્યાન મેલી દે તો તો પશુ સમ છે, ધ્યાનબલથી અભિમાનાદિ ત્યાગ થયે સતે આત્મા અમૃતરૂપ આંહી જ સચ્ચિદાનંદ એવા નિજ સ્વરૂપને દેખતો થાય છે, તેમાં બ્રહ્મને અને પરબ્રહ્મને દેખતો જાય છે.

મૂર્તિમાન પરમાત્માએ વિશ્વ સજર્યું, વિશ્વ જીવ ઈશ્વર અને માયા ત્રિપુટ છે, તેમાં પોતે પ્રવેશ્યા, જીવમાં જીવસાક્ષી, ઈશ્વરમાં ઈશ્વરસાક્ષી, માયામાં માયાસાક્ષી, તે પરમાત્મા છે, તે પરમાત્માએ પોતાના અક્ષરબ્રહ્મને તે સાક્ષીપણું આપ્યું અને તે સાક્ષીપણે અક્ષરબ્રહ્મને જીવોમાં, ઈશ્વરોમાં અને માયાના તત્ત્વોમાં રહીને અનન્ત અસંખ્ય કાર્ય કરવાપણું સોંપ્યું. ભગવાને બ્રહ્મમાં તમામ શક્તિ સામર્થ્યો મેલ્યાં, અને બ્રહ્મે ઈશ્વરોમાં, માયામાં તથા જીવોમાં જરૂરતવાળાં પોતાનાં સામર્થ્યો મેલ્યાં, તેમાં બ્રહ્મરૂપ થયેલા ચેતનો નિત્યાનંદી છે, અબ્રહ્મરૂપ ચેતનો માયાને સંગે જડતાવાળા થઈને મહાદુ:ખી છે, માયામાં રાજસભાવ દુ:ખપ્રદ જ છે, તામસભાવ મોહક જ છે, સાત્ત્વિકભાવ કાંઈક શાન્તિમાં રહેવા દે તેવો છે, પણ બ્રહ્મના બળ વિના સાત્ત્વિકભાવનું બળ ટકતું નથી. જેથી માનવો, દેવો, રૂષિઓ, પિતૃઓ, સન્તો, સાધુઓ, સાધ્વીઓ, સાત્ત્વિક ઉપાસના કરે છે. ઘણાં ઉંચા જાય છે, અને બ્રહ્મરૂપ થાય છે, બ્રહ્મને પકડે છે, અને પરબ્રહ્મને સેવે

છે, માટે બ્રહ્મસુખે સુખિયા થાય છે. બ્રહ્મસાક્ષી જીવને ઈશ્વરને માયામય વિષયો સ્ફૂરણાયમાન કરે છે, બુદ્ધિ ચિત્ત અહંકાર મન દશ ઇન્દ્રિયો એ ચઉદ જણાનું નાટક એક નર્તકી યુવતીમાં ખેલાય છે, બ્રહ્મરૂપ થયો હોય તો તેનું પ્રદર્શન બ્રહ્મમાં ભરાય છે, અને પરબ્રહ્મ સમર્પિત થાય છે, પરબ્રહ્મને પામે તો બ્રહ્મના સાક્ષીપણાની જરૂરત નથી, કારણ કે કર્મફલ ત્યાં નથી, બ્રહ્મફળ પરબ્રહ્મ ફળ જ છે.

બ્રહ્માનંદનો ઘૂંટડો સર્વેથી વધારે મીઠો છે. કામાનંદ બ્રહ્માનંદમાં સમાઈ જાય છે, યોગાનંદ, આત્માનંદ, સમાધ્યાનંદ એ બધા બ્રહ્માનંદમાં સમાઈ જાય છે. 'આનંદો બ્રહ્મ' આનંદરૂપ બ્રહ્મ છે, આલોક પરલોકના આનંદો બ્રહ્માનંદમાં સમાઈ જાય છે. બ્રહ્માનંદમાં ન્હાય તેના પ્રકૃતિપુરુષની સૃષ્ટિ સુધીના તમામ પરિતાપો શમી જાય છે : 'બ્રહ્મવિત્ આપ્નોતિ પરમ્'-બ્રહ્મનો જાણકાર પરબ્રહ્મને પામે છે. 'તરતિ શોકમ્ આત્મવિત્'- આત્મવેત્તા શોકને તરે છે, 'રસો વૈત્સ:,' રસં હ્યેવાડ્યં લબ્ધ્વા આનંદી ભવતિ' - પરમાત્મા સર્વરસરૂપે છે, આ આત્મા પરમાત્માના રસને ચાખીને આનંદ ભરેલો થાય છે. 'યદા હ્યેષ એતસ્મિન્ પ્રતિષ્ઠાં વિન્દતે સોડભયં ગતો ભવતિ'- જ્યારે આ આત્મા તે ન દેખાય ન વર્ણવાય ન ઓળખાય એવા પણ ભગવાનમાં થોડી થોડી સ્થિરતાને પામવા લાગે તોપણ અભયપદને પામે છે. 'બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ'-બ્રહ્મને પૂર્ણ રીતે ઓળખે તે બ્રહ્મ જ થાય છે. વાયુ, સૂર્ય, અગ્નિ, ઇન્દ્ર, મૃત્યુ, એ દેવો પણ બ્રહ્મના ભયથી જ નિજ કાર્યો કરે છે.' **आनंदं, ब्रह्मणा विंद्वान् न बिभेति कुतश्चन** બ્રહ્મના આનંદનો લાવો લેનાર બુદ્ધિશાળી કોઈનાથી ભય પામતો નથી. બ્રહ્મરૂપને પુણ્યપાપના શોક તાપ અડતા નથી, મેં આ કર્યું અને આ ન કર્યું, બાકી રહી ગયું, આવા પશ્ચાત્તાપો વળગતા નથી, બ્રહ્મપ્રાપ્તિમાં પશ્ચાત્તાપો સમાપ્ત થઈ જાય છે. જે પુરુષમાં છે, જે સૂર્યમાં છે, તે મારામાં છે. હું બ્રહ્મ છું, મારામાં તે પરબ્રહ્મ છે. આ પ્રમાણે બ્રહ્મરૂપ એવા આત્મામાં તથા 'ઇદં સર્વ યત્ અયમ્ આત્મા'- આ બધું આત્માનું જ વ્યાપ્ય આત્માવડે ભરપૂર છે, આવી દૃષ્ટિ વડે પરમાત્માને સર્વત્ર દેખે સંભારે છે, તેને **'भिद्यते हृदयग्रन्थिः'** હૃદયની ગ્રન્થિઓ અજ્ઞાન મોહકર્મ વાસનાઓ ભેદાઈ જાય છે અને આત્મા બ્રહ્મ તથા પરબ્રહ્મ બાબતમાં થતા કુતર્કો સંશયો વિપર્યયો વિકલ્પો આહાર્યજ્ઞાનો અપ્રમાઓ શમી જાય છે. પરમાં અને અવસ્માં કનિષ્ઠ અને ઉત્તમમાં સર્વત્ર રહેનારા પરમાત્માને દેખવા લાગે છે ત્યારે સંચિત અને પ્રારબ્ધો પણ ક્ષીણ થઈ જાય છે, નૈષ્કર્મ્યમાં વર્તે છે, તેને ક્રિયમાણો હોતા જ નથી, કરતો થકો અકર્તા જ છે,**'न कर्म लिप्यते नरे'** કરાતાં કર્મો તેને લેપ કરતા નથી, બ્રહ્મવિત્ પરબ્રહ્મને સાક્ષાત્ કરવા લાગે ત્યારે સર્વે પાશ, સર્વે ક્લેશ, જન્મમૃત્યુ ક્ષીણ થઈ જાય છે.**'य एतद् विदुरमृतास्ते भवन्ति'** જેઓ એ બ્રહ્મને સમજવા

દેખવા લાગ્યા તે અમૃત થવાના છે. જે બ્રહ્મને પોતામાં અને બધામાં દેખવા શીખ્યો તે પોતામાં બધાને અને બધાને પોતામાં દેખાવા લાગ્યો, જેથી બ્રહ્મના સ્વારાજ્યને પામેલો ગણાય છે. વિષયાનંદ તજવો વિદ્યાનંદ વડે બ્રહ્માનંદ મેળવવો, વિશ્વ જેનાથી થાય છે જે વડે જીવે છે અને જેમાં લય પામે છે એવા બ્રહ્મને ઉપાસવા સેવવા માંડો, આનંદથી ભૂતપ્રાણી માત્ર જન્મે છે. જીવે છે અને લીનતાને પામે છે, તેવા આનંદઘન એવા બ્રહ્મને મેળવો. બ્રહ્મ ભૂમા છે, વ્યાપક છે, તેને લઈને હું પણ તેવો પોતાને કેફમાં જ ગણું છું. કાંઈક સારાવાનાંને પામીશ, જ્ઞાતા જ્ઞાનવડે જ્ઞેય એવાને સમજીશ પછી સાક્ષાત્ દેખીશ, ત્યારે પૂર્ણકામ થઈશ. બ્રહ્મ સિવાયની જેવી તેવી ચીજોમાં નક્કારાં સુખ છે, તે તજો, શરીર આંધળું થાય પણ આત્મા આંધળો નથી, બ્રહ્મ આંધળું નથી, બ્રહ્મને દેખો, માયા આંધળી છે તેને પડી મેલો, પડી નહિ મેલો તો તમને તરવા નહિ દિયે, ડુબાડશે, બથ ભરીને ડુબાડશે, બ્રહ્મ તારશે, માટે તેને ભજો.

આ જીવ જાગ્રતમાં થાકે ત્યારે શયનમાં વિશ્રાન્તિ લ્યે, શયનમાં થાકે ત્યારે આનંદમય બ્રહ્મમાં વિશ્રાન્તિ લ્યે, ગાઢસુષુપ્તિમાં સત્ એવા સાક્ષી બ્રહ્મમાં સમ્પત્તિવાળો થઈને વધારે સુખમાં જાય છે. બાંધેલું પક્ષી ઉડી ઉડીને પાછું બન્ધનસ્થળે પડે છે, મન ઉડી ઉડીને પ્રાણસ્થળે જ બ્રહ્માનંદમાં પડે છે. શ્યેન આકાશમાં ઉડી ઉડીને માળામાં આવીને બેસે છે, મન પણ દોડી દોડીને હૃદયાકાશમાં બ્રહ્માનંદ માટે બેસે છે. નાનો બાળક દૂધ ધાવીને શય્યામાં પડ્યો પડ્યો બ્રહ્માનંદમાં જ સુખિયો થાય છે. સાર્વભૌમ રાજા બધા આનંદો મેળવ્યા પછી નિજ આત્માના બ્રહ્માનંદમાં મોજ લ્યે છે, મહાયાજ્ઞિક યજ્ઞ કરી-કરાવીને દક્ષિણા લઈને પોતાના પરમાનંદસ્વરૂપમાં આનંદ મેળવે છે. **तद् यथा प्रियया स्त्रिया संपरिष्वक्तो न बाह्यं किञ्चन वेद नाऽन्तरम् एवमेव अयं पुरुषः, प्राज्ञेन आत्मना सम्परिष्वक्तः न बाह्यं किञ्चन वेद नाऽऽन्तरम्** સ્ત્રીસંભોગમાં આલિંગિત વિષયીજન બીજું બધું ભૂલીને લગ્નિત છે, તેમ આ આત્મા બ્રહ્મમાં પરબ્રહ્મમાં લગ્નિત થયા ત્યારે બાહેર કે અંદર કાંઈ ભાનવાળો રહેતો નથી, ઘોરસુષુપ્તમાં બ્રહ્માનંદમાં ઢળી પડેલ છે. આવો બ્રહ્મ આત્મા તે બ્રહ્મરૂપે થઈને પરબ્રહ્મમાં હોમિત થયો ત્યારે બાહેર કે અંદરનું માયિક કાંઈપણ તેને વળગેલ રહેતું નથી, બ્રહ્માનંદ જ રહે છે, ઘર બાર માવતર નિજદેહ બધું ભુલી જાય છે, બ્રહ્માનંદમાં જ વરતે છે. હું બહુ સુખમાં-આનંદમાં સૂતો હતો એમ વર્ણવે છે તે આત્માનો આનંદ બ્રહ્મના આનંદમાં ભળ્યો થકો પરબ્રહ્મના આનંદને વખાણે છે. ઓગળેલું ઘી ઠરે ત્યારે ઘાટું થાય તેમ આત્માનો આનંદ વાસના સાથે ઓગળેલો હતો પણ બ્રહ્મ સાથે ઠર્યો ત્યારે વિજ્ઞાનઘન અને આનંદઘનપણામાં સુખી થયો, વિજ્ઞાનઘન આત્મા આનંદઘનને જમવા લાગ્યો, તમામ બાહેરના સુખમાં ભળેલો

પણ બ્રહ્મરૂપ થઈને વિજ્ઞાનઘનતા વડે બ્રહ્મમાં અને પરબ્રહ્મમાં બ્રહ્મપ્રકાશદ્વારા આનંદઘનતાના આનંદને મેળવવા માંડ્યો, પ્રકાશઘન એવા સાંક્ષિ સાથે વિજ્ઞાનઘન થઈને આનંદઘનને જ ગ્રહણ કરવા લાગ્યો, સ્વપ્નના અને જાગરણના કર્મો બાકી હોય તો સંસારમાં પાછો આવીને ભ્રમણ કરવા લાગે છે, સંસ્કારો વાસનાઓ પાછો લાવે છે, માટે તે બાળીને બ્રહ્માનંદમાં ભળવું જે પરબ્રહ્માનંદમાં જ સ્થિર થવાય. જાગ્રતમાં પણ તે બ્રહ્માનંદ તો સાંભર્યા જ કરે, તેમાં જો ગુરુ સદ્‌ગુરુ મળે તો પાછો તૈયાર થઈને બ્રહ્માનંદમાં અને પરબ્રહ્માનંદની યાત્રામાં જ જતો રહે, છેવટે ત્યાં જ રોકાઈ રહે, પાછો ન આવે. અખણ્ડ એકરસબ્રહ્માનંદમાં પહોંચ્યો તેને ખંડિત કોઈ કરી શકે નહિ, પછી તો આત્મસાક્ષાત્કાર બ્રહ્મસાક્ષાત્કાર મુક્તિસાક્ષાત્કાર પરબ્રહ્મસાક્ષાત્કાર અને પરબ્રહ્માનંદનો સાક્ષાત્કાર કરનારો મુક્ત થઈ જાય છે, તે પાછો વળતો જ નથી. સર્વે આનંદો બ્રહ્માનંદરૂપ છે, તમામ બ્રહ્માનંદો પરમાત્માનંદમાં છે, વિષયાનંદ વાસનાનંદ લિંગાનંદ અમૃતાનંદ એ બધા પરમાત્માનંદના અંશો છે આમ સાક્ષાત્‌કારદૃષ્ટિને પામીને પાછો આવતો નથી, સ્વયંપ્રભ સ્વપ્રકાશ ચિદાત્મક બ્રહ્માનંદ છે તે બ્રહ્માનંદ વિજ્ઞાનમય આનંદથી ઉંચે દર્જે છે, પરબ્રહ્માનંદમાં બ્રહ્માનંદ, બ્રહ્માનંદમાં આત્માનંદ, એ પ્રકારે ત્રણ આનંદો નિજાનંદ થાય, ધીરે ધીરે ઉપરમ પામીને આત્માને બ્રહ્મસત્તાનંદમાં મેલવો, જ્યાંથી ચલિત ન થાય. આવા બ્રહ્માત્માનંદના લાભથી બીજો કોઈ મોટો લાભ નથી. બ્રહ્મસ્પર્શના અત્યન્ત સુખને પામેલો થાય છે. આનંદસાગરમાં સંભોગ મેળવે છે, પ્રસન્ન આત્મા તે બ્રહ્મમાં પરબ્રહ્મમાં રહીને અક્ષય સુખ મેળવે છે. આ સુખ વર્ણનમાં આવતું નથી, ધીરતાથી તે સુખને માણે છે, આનંદાસ્વાદનને લ્યે છે, જાગરણમાં જીવતો આવો યોગી અર્ધો ગંગામાં શીતતાને અને અર્ધો ઉપર તડકામાં ઉષ્ણતાને અનુભવે છે તેમ દેહ હોય ત્યાં સુધી ચાલ્યા કરે પછી તો બ્રહ્મસુખમાં ઉંડો ઊતરી જાય છે. આવો આત્માને યોગ યોગાનંદ તે બ્રહ્માનંદમાં અને તે પરબ્રહ્માનંદમાં મળે છે.

પરબ્રહ્મને પોતાનો આનંદ તે નિજાનંદ, બ્રહ્મને પોતાનો આનંદ તે પણ નિજાનંદ, આત્માને પોતાનો આનંદ તે પણ નિજાનંદ, વિષયીને પોતાનો આનંદ તે પણ નિજાનંદ, નિજાનંદને બધામાં પહેલો નંબર છે. પછી પરાનંદ છે, આત્માનંદ આત્મકામને છે, બધાં આત્માને માટે પ્રિય થાય છે. પતિ-પત્ની જડ મડદાને આનંદ માટે નથી, પણ આત્માના આનંદ માટે પ્રિય છે. નાણું પણ આત્મા માટે પ્રિય છે, પુત્રને બાપ ચુંબન કરે અને પુત્રને દાઢીનાં ખૂંટા વાગે, ત્યારે ચુંબન વડે બાળક રોવા લાગે છે, તે ચુંબન પુત્ર માટે નથી, બાપની પ્રિયતા માટે છે. શેઠિયા માટે ગાડું જોડ્યું તે શેઠના સુખાર્થે, બળદ સુખાર્થે નથી. બળદને તો જૂતવું સારુ નથી લાગતું. બ્રાહ્મણને પૂજે તો પણ

બ્રાહ્મણ દેહનો અભિમાની નિજ પૂજા માને છે, આત્મા તો દેહ નથી, તેથી તત્ત્વજ્ઞાની આત્મજ્ઞાનીને દેહની પૂજાથી આનંદ નથી જ. રાજ્યનો આનંદ કાંઈ ક્ષત્રિયને નથી, તે તો જે રાજા હોય તેને છે. સ્વર્ગાદિ લોક સાંભળનારને સુખ નથી આપતાં, કિન્તુ ત્યાં જાનારને આપે છે. દેવપૂજાનું પુણ્ય દેવને નથી મળતું કિન્તુ પૂજારીને મળે છે. દેહના શણગાર દેહને માટે છે, તે પણ આત્માના સુખને માટે છે. સર્વ કાંઈ આત્માને માટે પ્રિય છે, આત્મા બ્રહ્મને માટે પ્રિય છે, અને બ્રહ્મ તે પરબ્રહ્મને માટે પ્રિય છે, તો આત્માએ બ્રહ્મ માટે અને પરબ્રહ્મ માટે પ્રીતિ કરવી, ભિન્ન ભિન્ન વિષયોમાં જે આનંદ તે એક આત્માનો જ છે, અનેક આત્મામાં જે આનંદ તે બ્રહ્મનો છે, સર્વત્ર બ્રહ્મનો આનંદ છે તે પરમાત્માનો છે, માટે બધી પ્રીતિ તે સાચી પ્રીતિ પરમાત્માની છે, બધે સ્થળે પ્રીતિ બદલે પણ આત્માનું હેત ન બદલે, આત્માર્થે હેત છે તેથી તે નથી બદલતું, હું માનતો થાઉં, હું કાયમી રહું, સુખી રહું, આવી પ્રીતિ આત્મામાં છે, બીજામાં તો સ્વાર્થપૂરતી પ્રીતિ છે, પરમાત્મા શેષી છે, બ્રહ્મ તેના શેષ છે, પછી બ્રહ્મશેષી છે, ઇશ્વરો અને જીવાત્માઓ તેના શેષ છે, ઇશ્વરો અને જીવાત્માઓ શેષી છે અને માયા તથા માયાના તત્ત્વો તે જીવાત્માઓ અને ઇશ્વરાત્માઓના શેષ છે.

એવી જ રીતે પરમાત્માનો આનંદધન તો શેષી છે તેમાં બ્રહ્મનો જે પ્રકાશાનંધન તે શેષ છે, અને બ્રહ્મનો પ્રકાશાનંદધન તે શેષી છે તેમાં ઈશ્વરાત્માઓના અને જીવાત્માઓના ઇશ્વરાનંદ અને આત્માનંદ તે બ્રહ્માનંદના શેષ છે, અને જીવાત્માનો વાસનાનંદ તે આત્માનંદમાં શેષ છે, અને વાસનાનંદ આત્માનંદ ઈશ્વરાનંદ તથા બ્રહ્માનંદ એ બધા નિજાનંદમાં શેષ છે, અને તે બધા આનંદો સહજાનંદના શેષ છે. બ્રહ્માનંદ પણ સહજાનંદને લઈને જ છે, પ્રેમાનંદ કામાનંદ સંભોગાનંદ વિષયાનંદ ખાનપાનાનંદ સ્વર્ગાનંદ એ બધા સહાજાનંદના શેષ છે. શેષ એટલે જરાક ભાગ, અનુભવાનંદ બ્રહ્મરસાનંદ અસમ્પ્રજ્ઞાતાનંદ ઉત્તમનિર્વિકલ્પાનંદ એ બધા આનંદો પણ સહાજનંદના શેષ છે, મોક્ષાનંદ મુક્તાનંદ ઐશ્વર્યાનંદ ચમત્કારાનંદ સિધ્ધિઓના આનંદો તે બધા સહજાનંદના શેષ છે. રામાનંદ કૃષ્ણાનંદ નૃસિંહાનનંદ અવતારાનંદ યોગાનંદ વૈરાગ્યાનંદ ધર્માનંદ એ બધા પણ સહાજાનંદના શેષ છે, વિદ્યાનંદ વ્યાસાનંદ શાસ્ત્રાનંદ શરણાનંદ એ બધા શાશ્વતાનંદ છે, શાશ્વત આનંદ પરબ્રહ્માનંદસ્વરૂપ છે, ગુરુદેવાનંદ સેવાનંદ સાધ્વાનંદ સત્યાનંદ એ બધા પણ ભાગવતાનંદ સ્વરૂપ છે, અને ભાગવતાનંદ તે પરબ્રહ્માનંદ છે, આ તમામ આનંદો તમોને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાનમાં રહ્યા છે, માટે બધા આનંદોને પરમાત્માનંદમાં મેળવવા, અને તે મેળવેલા શેષી આનંદને ભોગવવા, પ્રત્યક્ષ ભગવાનના આનંદ વડે આનંદી વરતવું, ઉપાસનાનંદ સેવાનંદ મેવાનંદ ધ્યાનાનંદ

દર્શનાન્દ બ્રહ્મરસાનંદ એ બધા પ્રત્યક્ષ ભગવાનના આનંદોમાં ભેળવતા રહેવા અને લેતા રહેવા. 'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે' - એ પ્રમાણે ભક્તજનોએ અનુભવ વડે સાક્ષાત્કાર વડે અનુભવાનંદમાં સેવાનંદમાં બ્રહ્મરસાનંદના ભોગી થવું, અને સહજાનંદમાં વિરામ પામવો. હે ભક્તજનો ! આ રીતે બધા આનંદોને ભગવાનના આનંદોમાંથી લેવા વાપરવા અને પરબ્રહ્મના સુખે બ્રહ્મસુખી રહેવું. આવા ભક્તોને અખંડ તૃપ્તિ મળી ગઈ, ભૂખ્યો અન્નમાં, કામી સ્ત્રીમાં, ધ્યાની આત્મામાં, અને ભક્ત ભગવાનમાં પ્રીતિ કરે, બધી પ્રીતિ ભગવાનમાં જ કરે, ભગવાન બધાને માટે છે જ, ભક્તના મનોરથ પૂરા કરનારા છે, માટે ભક્તોએ શરણાગતિઓએ શ્રીહરિમાંથી બધી પ્રીતિઓ મેળવવી. શ્રીહરિની પ્રીતિ તે બધા ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ વિગેરે સમજી લેવા. આ ભણતર ભણવા જેવું છે, આ બ્રહ્મવિદ્યા છે, મોક્ષવિદ્યા છે, આત્માની સકામપ્રીતિ ભોગમાં છે, શ્રદ્ધાવાળી પ્રીતિ સ્વર્ગાદિના સાધન પુણ્ય યજ્ઞ વિગેરેમાં છે, આશીર્વાદ લેવાની પ્રીતિ ગુરુદેવ આદિકમાં છે, સ્વાર્થી પ્રીતિ માનતા બાધા આશરામાં છે. બધાને સુખમાં આનંદમાં તો પ્રીતિ છે જ, સુખસાધન બધાં કુદરતી પ્રિય અને પરાણે પ્રિય થતાં જ હોય છે. પેટનો દુ:ખાવો મટાડવા ઉના ડામ લેવા પડે, ઇષ્ટ લાભ માટે ઉકરડા કચરા મલિનસ્થળો સેવવા પડે, સર્વે ઠેકાણે આત્મા અનંત અસીમ પ્રેમનું સ્થળ છે, આત્મા વિના પ્રીતિનો બગીચો ઊગતો જ નથી.

ત્યાગ, સમ્પાદન, ઉદાસીનતા પણ આત્મા જ કરે છે, તે ત્રણેય સહજાનનંદમાં બ્રહ્માનંદમાં આત્માનંદમાં નથી, કેવલ ગ્રાહ્યતા જ આત્માનંદમાં છે. જ્યાં જ્યાં પ્રીતિ છે ત્યાં ત્યાં આત્મા અતિપ્રિય છે. વાંઝીયાપણાનું મેણું ઉતારવા ગર્ભમાં પ્રીતિ થાય છે, પુત્રવડે તરાય છે માટે તેમાં પ્રીતિ છે, ઘરબાર વડે દેહયાત્રા નભે છે માટે તેમાં પ્રીતિ થાય છે, ભક્તિવડે દુ:ખમય સંસાર માથેથી ઉત્તરે છે માટે ભક્તિમાં પ્રીતિ થાય છે. જેમાં પ્રીતિ થાય કે કરવી પડે તેમાં સહજાનંદ પ્રીતિનો અભ્યાસ કરવો જ, સ્ત્રી-પુત્ર ક્ષેત્ર વાટિકા વાહન ગૌ માહિષી સગા-સબંધી, અન્નજળ, ધન, વસ્ત્ર, ભવન, આશ્રમ એ વડે જીવનયાત્રા પૂરી થાય છે, માટે તેમાં પ્રીતિ કરવી તે પરબ્રહ્માનંદ-બ્રહ્માનંદ-આત્માનંદ અને સહજાનંદની પ્રીતિ કરવી. મોક્ષમાં જાવું હોય તો સચ્ચિદાનંદ આત્માએ સચ્ચિદાનંદ બ્રહ્મમાં અને સચ્ચિદાનંદ ગુરુરૂપ બ્રહ્મમાં અને સચ્ચિદાનંદ એવા પરબ્રહ્મમાં પ્રીતિ કરવી. ભક્તને જેમાં અધિક પ્રીતિ હોય તે પ્રીતિ વડે પ્રીતિને વધારવી. ગુરુદેવ અને શાસ્ત્ર તે બે પ્રત્યક્ષ પ્રભુ છે, બધી સુવાણ્ય ગુરુદેવમાં છે, બધા ધર્મનિયમો શાસ્ત્રોમાં છે, બધી તૃપ્તિઓ બ્રહ્મમાં છે, બધી ભક્તિઓ ભગવાનમાં છે, બધી ભક્તિઓ ભણવી અને પાસ થાવું, જેથી પ્રસન્ન થયેલા ભગવાન પોતાની ભેગા રાખે, સર્વત્ર

બ્રહ્મલોક છે, ઘણો ખાલી છે, તેવે સ્થળે ભક્તોને માટે સ્વતંત્ર અમરધામ, આનંદધામ અને સેવાના ધામ રચીને ભગવાન ત્યાં રહેશે- રાખશે- રમશે-જમશે-આનંદ આપશે. ભગવાનમાં બધી શક્તિ છે, બધી સૃષ્ટિ છે, બધી મુક્તિ છે. ભક્તના ધાર્યા પ્રમાણે કરશે, લાડ લડાવશે, અસંખ્ય ધામો રચે છે અને અસંખ્ય ભક્તોને અનંત સુખ આનંદ આપે છે. તમારે પણ મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાનમાંથી સુખ લેવાં.

'तदेतत्प्रेयः पुत्रात् प्रेयो वित्तात् प्रयोऽन्यस्मात् सर्वस्मात् अन्तरतरं यत् अयमात्मा प्रेयः ।' સ્વપ્રકાશ ચિદ્રૂપ આત્મા વ્હાલો છે, પુત્ર ધન અન્ય સર્વથી પણ અંદર વિરાજિત આત્મા વ્હાલો છે. રોગી અંગને ઑપરેશન વડે કપાવે પણ આત્માને રહેવાના હૃદયને કોઈ ન કપાવે. પોતાને રહેવાનું ઘર તે હૃદયકમલ છે તેને કોઈ ન કપાવે, પોતે તો કપાતો જ નથી તેને કાપવાની કોઈ વાત જ કરતું નથી. બ્રહ્મ અને પરબ્રહ્મની મેળવવાની ભક્તિ સેવા દાસ્યભાવ બધા બતાવે તે અતિપ્રિય છે માટે તજાવવા કોઈ ન કહે, સ્વપ્રકાશ ચિદાત્મકને મેળવવાનું સર્વે શાસ્ત્રો કહે છે. અજવાળું કરવાના સાધનોને સર્વે રાખે છે. દ્રવ્યથી વ્હાલી પત્ની, પત્નીથી વધારે વ્હાલો દીકરો, દીકરાથી વ્હાલો પોતાનો દેહ, દેહથી વ્હાલી આંખ્ય વિગેરે, તેથી વ્હાલા જીવાડનાર, આ પ્રમાણે આત્માએ પરમાત્મામાં હેત-પ્રીતિ-પ્રેમ કરવો. આત્માને સાક્ષી પ્રિય છે, સાક્ષીને પરમાત્મા પ્રિય છે, તે મેળવવા, પ્રત્યક્ષ પ્રભુજીમાં વરણ પામવું.

સંસારીને દીકરો વ્હાલો, આ પૃથ્વીમાં સર્વત્ર માનવ પશુ પક્ષી કીટ વિગેરેમાં દેખાય છે, પણ વ્હાલપ્યમાં ડખા બહુ છે - ગર્ભ માટે મહેનત, ગર્ભપતનદુ:ખ, પ્રસવમાં દુ:ખ, જન્મ પછી ગ્રહપીડા, રોગપીડા, કુમારમાં મૂર્ખતા, તોફાનીપણું, કન્યા ન આપે, બહારચલાપણું, આકર્મીપણું, દરિદ્રતા, દુષ્ટતા, ભય, ગાંડપણ, ઉડાવગીરતા, ચોરપણું, કઠોર વાણી, શત્રુતા. આવાં દુ:ખો માવતરોને દેખાય - પ્રીતિ તેથી તૂટે. વૈરાગ્ય થાય, ભક્તિ થાય, આત્માના કલ્યાણમાં પ્રીતિ થાય, સદ્‌ગુરૂના શરણમાં જાય, પરમગુરુ એવા પ્રત્યક્ષ ભગવાનની શરણાગતિ મળે, શ્રીહરિશરણાગતિ મંડળનો સત્સંગ થાય, બ્રહ્મરૂપ થાય, પરબ્રહ્મને ભજે અને મુક્તિમાં જાય. વિષયાનંદ, આત્માનંદ, બ્રહ્માનંદ - એ બધાય પરમાનંદમાં પરબ્રહ્મમાનંદમાં દેખાય, તેમાં વિરામ મળે ત્યારે બ્રહ્મવિત્ બ્રહ્મશીલ બ્રહ્મરૂપ પરબ્રહ્મનો શેષ ભક્ત દાસ ભૃત્ય મુક્ત થાય, **आत्मानमेव प्रियम् उपासीत स च आत्मानमेव प्रियमुपास्ते नेहाऽस्य प्रियं प्रमायुतं भवति ।'** જીવાત્મા પરમાત્માને ઉપાસે સેવે રમાડે, એવા ભક્તને પ્રિયપણું માપમાં રહેતું નથી, અમાપ થઈ જાય છે, પરપ્રેમાસ્પદ થાય છે, પરમાનંદરૂપ થાય છે, સાર્વભૌમ પ્રીતિ સાર્વભૌમ સુખ મળે છે, જીવનદશામાં તમામ તત્ત્વો સાર્વભૌમ સુખમય થાય છે, અક્ષરધામના તમામ તત્ત્વો થઈ જાય છે,

સુગન્ધમય અમૃતમય મિષ્ટરસમય આસ્વાદમય તૃપ્તિમય આનંદમય પ્રેમમય એકરસતાત્મક પરમાનંદતાત્મક થઈ જાય છે.

આત્મનંદને બ્રહ્માનંદમાં એકતા મેળવાવવી, બ્રહ્માનંદને પરબ્રહ્મમાનંદમાં એકતા મેળવાવવી, અને જ્ઞાન ક્રિયા બળ ઐશ્વર્ય વીર્ય તેજ એ બધામાં નિજીયએકતા મેળવવી, સર્વશક્તિમાં એકતા મેળવવી, ચિતશક્તિ, પ્રભાશક્તિ, સ્પન્દનશક્તિ, દાઢર્યશક્તિ, દ્રવશક્તિ, દાહશક્તિ, શીતલશક્તિ, અવકાશશક્તિ, અદૃશ્યશક્તિ, બીજશક્તિ, વિવિધશક્તિ, જ્ઞાનશક્તિ, માયાશક્તિ, સ્ફોટશક્તિ, કાર્યશક્તિ, કારણશક્તિ, આકારશક્તિ, વિકારશક્તિ, અવ્યકત્શક્તિ, ઇન્દ્રજાલશક્તિ, ગન્ધર્વસેનાશક્તિ, સ્વપ્નશક્તિ, મંત્રશક્તિ, મણિશક્તિ, દ્રવ્યશક્તિ, ગુણશક્તિ, ક્રિયાશક્તિ, સમવાયશક્તિ, વિયોજનશક્તિ, આયોજનશક્તિ, ધારણાશક્તિ, શબ્દશક્તિ, અર્થશક્તિ, જ્ઞાનવિજ્ઞાનશક્તિ, સંચાલનશક્તિ, વાક્શક્તિ, વિધારણશક્તિ, આધારણશક્તિ, સમયશક્તિ, ઋતશક્તિ, વિસ્મયશક્તિ, સચ્ચિદાનંદ, આત્માનંદ, મુક્તાનંદ, અક્ષરબ્રહ્મધામાનંદ, નિજાનંદ, સહજાનંદ, પૂર્ણબ્રહ્માનંદ, ઇત્યાદિ મહાનંદશક્તિઓ, સતીશક્તિ, વિદ્યાશક્તિ, સર્વકામાપ્તિશક્તિ, સર્વકામાશનશક્તિ, ભગવાન પ્રત્યક્ષ શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણની શક્તિઓમાં તદાત્મક ભાવને પમાડી દેવી, ભગવાન સ્વામી છે, ભક્તાત્મા સ્વામિની સમાન દાસ છે, પ્રેમસખીસમાન પ્રેમાનંદસખામાં હિલોળા મારવા, મને ધન્ય છે પ્રત્યક્ષ ભગવાન મળ્યા, મને ધન્ય છે. આત્મદર્શન થયું, મને ધન્ય છે બ્રહ્માનંદ સેવું છું, મને ધન્ય છે મારી તૃપ્તિની કોઈ ઉપમા નથી, મને ધન્ય છે ભગવાનની પસંદગી મને મળી, મને ધન્ય છે ભગવાને મારો હાથ પકડ્યો, મને ધન્ય છે ભગવાને મને નિજ ખોળે બેસાર્યો, મને ધન્ય છે. ભગવાને મને આત્મસંભોગમાં ભેળવ્યો, મને ધન્ય છે. ભગવાને મને બધો આનંદ જમાડ્યો, મને ધન્ય છે ભગવાને મને વર્યો, મને ધન્ય છે. ભગવાને મને નિજ આનંદનું રાજ્ય આપ્યું, મને ધન્ય છે. ભગવાનની ભગવતી શક્તિઓ મારામાં મેલીઓ, મને ધન્ય છે ભગવાન અને ભગવતી અમો એકમેક થયા, મને ધન્ય છે, હું અક્ષરધામમાં આ પ્રત્યક્ષ ભગવાન સહજાનંદનો સેવક થયો, મને ધન્ય છે અનાદિશ્રીકૃષ્ણનારાયણ મને નારાયણી શક્તિ વડે મુક્તિમાં અર્ચિ માર્ગે કરીને વિમાન વડે વિવાહિત કર્યો. મારા ધન્યપણાનો પાર નથી.

સંસારમાં વ્યગ્ર એવા નર-નારીઓએ તો સેવાનું ફળ ગાઢપ્રેમ ભગવાનમાં કર્યા કરવો, આત્મનિવેદનરૂપ એકાન્તિકી ભક્તિ કરવી. પરમાત્માએ પોતાને રમણનો બગીચો બનાવ્યો, તેમાં પોતે અનુગ્રહ વડે પ્રીતિસેવા વડે સેવાય છે, ગોપાંગનાઓની પેઠે 'શ્રીકૃષ્ણ: શરણં મમ', 'શ્રીહરિ: શરણં મમ', એમ રાત્રિદિવસ સેવવા, મારું સર્વસ્વ શ્રીહરિ છો

એમ સેવવા. ભગવાન ભક્તને ઘેર આવીને ઇચ્છા મુજબ આનંદાદિ આપે છે, ભક્તોનું દુ:ખ ભગવાન ઉપાડી લ્યે છે. આત્મનિવેદન બધા દોષોનું નિવારક છે, ભગવાનની કૃપા વડે બધી સિદ્ધિ થાય છે, અનાદિ શ્રીકૃષ્ણનારાયણને અર્પણ કરેલી વસ્તુ નિર્દોષ થાય છે. પવિત્ર થાય છે, પવિત્રને વાપરે તેનું મન નિર્મલ થાય છે, ભગવાનને સમર્પિત વસ્તુ પદાર્થ તે દાનરૂપમાં નથી પણ તે ભગવાન એવા સ્વામીનો પ્રસાદ છે, પ્રસાદ લેવામાં ભક્તોને અધિકાર છે, ભગવાનને ભોગવેલ પુષ્પહાર ગન્ધ સુગન્ધ અલંકાર પૂજન તે સર્વે પ્રસાદ છે. તેને ગ્રહણ કરે એવા દાસભક્તો માયાને જીતે છે. આત્મનિવેદન કરવું, બ્રહ્મસંબંધ કરવો, બ્રહ્મસંબંધ વિના દોષો નિવૃત્ત ન થાય. અસમર્પિત વસ્તુ તજવી, સાધ્યા પ્રેમભક્તિ, તે વડે આસક્તિ, તદાત્મક સેવા તે પુરુષોત્તમપણામાં તલ્લીન કરી દે છે. તે ભાગવતધર્મ છે, ભગવાનની નિત્યલીલામાં વરતવું તેજ મુક્તિ છે. વિદ્યાવડે બ્રહ્મભગવાનની સમજણ કરવી, ભગવાન અસંખ્યરૂપે નિજશક્તિઓની ભક્તિને સ્વીકારે છે. રાધાદિની સેવા યોગ્ય કિશોર સ્વરૂપો ભગવાન છે તે મુક્તોને સેવામાં રાખે છે. પ્રત્યક્ષ ભગવાન હોય ત્યારે તેના રાજીપામાં જીવનું કલ્યાણ છે, તે જે કરે તે ધર્મ તેને ગમે તે સેવા અને તે જ્યાં મોકલે ત્યાં મોક્ષ તેને જ મળે તે તેના સમાન નિર્ગુણ થઈને પરમપદને પામે, શમ્.

સેવક થવું, નિર્ગુણ થવું, દિવ્ય થવું, મુક્ત થવું, પરમપદ પામવું, સાક્ષાત્ ભગવાનની શરણાગતિ - સેવામાં તમામ સાધનો આવી જાય છે. ભક્ત થાઓ મોક્ષમાં જાઓ.



❖ શરણાગતિ સત્સંગ ❖

પરબ્રહ્મ પરમાત્માની શરણાગતિ લેવા માટે શ્રીલક્ષ્મીનારાયણભગવાને લક્ષ્મીજીદ્વારા શરણાગતિ-ગુરુમંત્રો પોતાને શરણે આવેલાઓને આપ્યા, તે મંત્રો રામાનુજાચાર્યે શ્રીરામાનન્દસ્વામીને આપ્યા, રામાનન્દસ્વામીએ ધર્મદેવને પ્રયાગરાજમાં, અને શ્રીઘનશ્યામમહારાજને પીપળાણામાં દીક્ષામંત્ર શરણાગતિ મહામંત્રો આપ્યા, શ્રીજીમહારાજે બન્ને આચાર્યોને આપ્યા, તેમણે વર્તમાન ધરાવવાના મંત્રો અને હરિભક્ત થવાના મંત્ર તથા ત્યાગી થવાના દીક્ષામંત્રો તે પણ શરણાગતિમંત્રો આપ્યા અને અપાય છે, શ્રીસ્વામિનારાયણભગવાનનો **સત્સંગ** ગૃહી ત્યાગી નરનારી બાળબચ્ચાં વિગેરે શરણાગતિના મંત્રો મહામન્ત્રો લઈને હરિભક્ત સત્સંગી ત્યાગી બ્રહ્મચારી સન્ત પાર્ષદો સાંખ્યયોગી આચાર્યો આચાર્યાણી વગેરે તમામ શરણાગતિમહામંત્રો લીધેલા જ છે જેથી આંખો સમ્પ્રદાય તે ઉદ્ધવસમ્પ્રદાય શ્રીસ્વામિનારાયણ સમ્પ્રદાય તો શરણાગતિમહામંત્ર લીધેલો છે.

વિશ્વના તમામ સમ્પ્રદાયો ગુરુમહામંત્રોવડે આશ્રિતવર્ગમાં જ ફેલાએલા હોય છે, શ્રીમન્નારાયણશરણાગતિ, લક્ષ્મીનારાયણશરણાગતિ, રાધાકૃષ્ણશરણાગતિ વાસુદેવનારાયણશણાગતિ, નરનારાયણશરણાગતિ, બ્રહ્મશરણાગતિ, રામશરણાગતિ, નરસિંહશરણાગતિ, શંકરશરણાગતિ, સતીમાતાશરણાગતિ, ગણેશશરણાગતિ, દેવીશરણાગતિ, રાજશરણાગતિ, ગુરુશરણાગતિ, આ પ્રમાણે તમામ સમ્પ્રદાયો શરણાગતિમાં આશ્રિત થઈને ગુરુદ્વારા મંત્ર જપીને ઇષ્ટદેવની ભક્તિ કરીને તેની પાકી સમઝણ સહિત આરાધના વડે મોક્ષમાં જાય છે, ગુરુએ આપેલ મહામંત્રવાળા સગુરા સગરા ગણાય છે, ગુરુદ્વારા શરણાગત ન થાય ગુરુમંત્ર ન લ્યે તે નગરા અગુરવા ગણાય છે, અગુરવાને કોઈ આધાર નથી તેથી તેને મુક્તિમાં જવાના વિમા ખેડાય છે, નગરા ન રહેવું, શરણાગતિમંત્રવાળો થાય તે સગરો ગણાય છે, ભગવાન તેના અવતારો, ઈશ્વરો તેના દેવો, તેના ઋષિમુનિ, સન્ત-સાધુ, આચાર્યો અને ગોર ગુરુઓને શરણે જઈ શરણાગતિ લેવી, શરણાગતિમંત્રના જપ કરવા, ઇષ્ટદેવના નામમંત્રના જપ કરવા, સત્સંગ જ્ઞાન ભક્તિ કરીને મોક્ષમાં જવાય, આ રીતે આખું જગત્ શરણાગતિ મંત્રવાળું છે અને શરણાગતિસમ્પ્રદાયનો ગુરુઓવાળું છે.

પરબ્રહ્મ પરમાત્માએ નિજ શરણાગતોમાં સમ્પ્રદાયો પ્રવર્તાવ્યા છે એમ ધર્માચાર્યો ભક્તિના આચાર્યો અને જ્ઞાનના આચાર્યો માનતા આવ્યા છે,- સમ્પ્રદાયો આચાર્યો ગુરુઓ અને મૂળ મંત્રો ગુરુમંત્રો પણ ઘણા પ્રગટ્યા છે, ચોક્કસ લિખિત પ્રમાણો સાથે જાણવામાં આવેલાઓના મોટા મોટા સમ્પ્રદાયોના મૂલો **શરણાગતિઓમાં છે, તેમાં - છ પરમ્પરાઓ વિદ્વાનોએ** ચિન્તવી છે :

૧-બ્રહ્મસમ્પ્રદાય,	**૨-રૂદ્રસમ્પ્રદાય,**	**૩-શ્રીસમ્પ્રદાય,**	**૪-સનકાદિસમ્પ્રદાય,**
શ્રીમન્નારાયણ,	શ્રીમન્નારાયણ,	શ્રીમન્નારાયણ,	શ્રીમન્નારાયણ,
બ્રહ્મા,	શંકરભગવાન,	લક્ષ્મીજી,	સનકાદિક,
નારદ,	અપાન્તર્તમા,	વિશ્વકસેન,	નારદજી,
વ્યાસ,	વિષ્ણુસ્વામી,	પરાશર,	ગર્ગાચાર્ય,
(મધ્વાચાર્યજી આનન્દતીર્થ),	વલ્લભાચાર્યજી,	પૂર્ણકાંચી,	નિમ્બાર્કાચાર્ય,
		વરવરમુનિ,	
દ્વૈતસમ્પ્રદાય,	**શુદ્ધાદ્વૈતસમ્પ્રદાય,**	**રામાનુજાચાર્ય,**	**દ્વૈતાદ્વૈતસમ્પ્રદાય,**
	વિશિષ્ટાદ્વૈત સમ્પ્રદાય,		

૫-અદ્વૈતબ્રહ્મસમ્પ્રદાય,	**૬-પરબ્રહ્મસમ્પ્રદાય,**	**૭-શ્રીસમ્પ્રદાયઃ,**
સગુણબ્રહ્મ,	અક્ષરબ્રહ્મ,	શેષજી,
વૈરાજ,	પ્રકૃતિપુરુષ,	નારદજી,
શિવજી,	પ્રધાનપુરુષ,	વશિષ્ટ,
પાર્વતીજી,	મહાવિષ્ણુ,	વાલ્મીક,
માણ્ડુક્યાદિ,	વૈરાજપુરુષ,	રામ,
શંકરાચાર્યજી,	શ્રીવિષ્ણુ,	રામાનન્દ,
	સ્વાપ્ન રામાનુજયતિ,	કબીર,
અદ્વૈતસમ્પ્રદાય	**રામાનન્દસ્વામી,**	**તુલસીદાસ,**
	સહજાનન્દસ્વામી,	રામાનન્દાચાર્ય,
	વિશિષ્ટાદ્વૈત સમ્પ્રદાય,	
	વિશિષ્ટબ્રહ્માદ્વૈતસમ્પ્રદાય,	

હાલના યુગોમાં સાત રીતો - નીચે મુજબ :-

૧-સંકર્ષણ,	**૨-નારાયણ,**	**૩-નારાયણ,**	**૪-નારાયણ,**	**૫-શ્રીકૃષ્ણ,**	**૬-વિષ્ણુસ્વામી,**	**૭-શેષજી,**
સનકાદિક,	બ્રહ્મા,	નારદ,	વિવસ્વાન,	ઉદ્ધવજી,	બિલ્વમંગળ,	વશિષ્ટ,
પૃથુ,	ભૃગુઆદિ,	ધ્રુવજી,	પતંજલિ,			
		દક્ષ,	જ્ઞાની -		વલ્લભાચાર્યજી,	રામાનન્દ,
રાજ - સમ્પ્રદાય,	**ઋષિ - સમ્પ્રદાય,**	**પ્રિયવ્રત પ્રજાપતિ સમ્પ્રદાય,**	**યોગી - સમ્પ્રદાય,**		**ભક્તિ - સમ્પ્રદાય,**	**વૈરાગ્યભક્તિ સમ્પ્રદાય,**

આ ઉપર તમામ ગુરુમંત્રોવાળા સમ્પ્રદાયો ચાલ્યા જ આવે છે. ગુરુમંત્ર, શરણાગતિ, કંઠી, સૂત્ર, તિલક, ચન્દ્રક, ભસ્મ, છબિ, આયુધ, રેખા, જ્યોતિ, વિગેરે ચિન્હ, ગુરુમંત્ર, નામમંત્ર, જપમંત્ર, આશ્રમો, મંદિરો, મઠો, સંસ્થાઓ, સમાજો, વિગેરે મળતીપાણના મંડળો, ઇત્યાદિક-ગુરુમંત્રો, ગુરુશરણાગતિ, ગુરુમંડળો, ચાલુ જ છે, દરેકમાં ઉપાસના માટે પરબ્રહ્મ, બ્રહ્મ, વાસુદેવ, નારાયણ, શ્રીકૃષ્ણ, શ્રીરામ, શ્રીનરસિંહ શ્રીહરિ, એવા ઇષ્ટદેવો ઉપાસ્ય ભગવાનો છે, તેથી શ્રીકૃષ્ણશરણાગતિમંડળ, શ્રીરામશરણાગતિમંડળ, એ પ્રમાણે વિશાળ એવા આશ્રિત સમુદાયો ઓળખાય છે.

શ્રીરામાનુજાચાર્યે સ્વપ્નમાં શ્રીરામાનન્દસ્વામીને બે ગુરુમંત્રો રત્નમંત્રો આપ્યા હતા, તે શરણાગતિમંત્રો આપવાનો જણાવતો શ્લોક સત્સંગિજીવન પ્રથમ પ્રકરણના અધ્યાય ૧૪માં ૫૧મો શ્લોક આ પ્રમાણે છે -

'मनू द्वौ च प्रपन्नाय ततश्चेदमुवाचह ।।५१।।'

પ્રપન્ન એટલે શરણાગત એવા રામાનન્દસ્વામીને બે મંત્રરત્નો સ્વપ્નમાં આપ્યા હતા. તે મંત્રો શરણાગતિ લેવાના પ્રપન્નામૃતગ્રંથના આધારે નીચે મુજબ છે :

૧ - 'श्रीमन्नारायणचरणौ शरणं प्रपद्ये।।' तथा

૨ - 'श्रीमते नारायणाय नमः' ।।

તેમનો અર્થ - શ્રીમન્નારાયણના ચરણમાં શરણાગત થાઉં છું.

શ્રીમાન્ નારાયણને નમસ્કાર કરું છું.

ત્યાર પછી રામાનન્દસ્વામીએ શરણાગતોને વૈષ્ણવી દીક્ષા આપી હતી, તેનો શ્લોક સત્સંગિજીવન પ્રકરણ પ્રથમ અધ્યાય ૨ શ્લોક ૫૯માં કહ્યું છે :

'तत्र तत्र प्रपन्नेभ्यो दीक्षां प्रादाच्च वैष्णवीम् ।।५९।।'

ધર્મદેવને પ્રયાગરાજમાં, તથા શ્રીઘનશ્યામ મહારાજને પીપળાણામાં દીક્ષામાં શરણાગતિના તે બે મંત્રો આપ્યા હતા, અને શ્રીઘનશ્યામમહારાજનું સહજાનંદસ્વામી નામ પાડ્યું હતું.

શ્રીસહજાનન્દસ્વામીએ વર્તમાન ધરાવીને કંઠી બાંધી સત્સંગમાં લેવાનો શરણાગતિમંત્ર આચાર્ય સાધુઓ બ્રહ્મચારીઓને આપ્યો હતો તે નીચે પ્રમાણે સત્સંગિજીવનના ચોથા પ્રકરણમાં અધ્યાય ૪૭ થી ૫૪ સુધીમાં શ્રીકૃષ્ણશરણાગતિ મંત્ર અને દીક્ષા વિધિઓ લખ્યા છે. તેમાં હરિભક્ત કરવાનો શરણાગતિ મંત્ર નીચે પ્રમાણે છે :

'कालमायापापकर्मयमदूतमयादहम् ।

'श्रीकृष्णदेवं शरणं प्रपन्नोऽस्मि स षातु माम् ।।' (પ્ર. ૪, ૫, અ. ૪૬ શ્લોક ૨૭.)

કાલથી માયાથી પાપથી કર્મથી જમદૂતના ભયથી હું શ્રીકૃષ્ણદેવને શરણમાં પ્રપન્ન - પ્રાપ્ત શરણાગત થયો છું તે શ્રીકૃષ્ણ મને રક્ષણ કરો. કંઠી બાંધીને હરિભક્ત થવાનો આ શરણાગતિ ગુરુમંત્ર કહ્યો. આ ગુરુમંત્ર આપવાની ત્યાગીઓને આજ્ઞા છે :

'श्रीकृष्णदेवशरणं यः प्रपद्येत स ध्रुवम् ।।' (પ્ર. ૪, અ. ૪૬, શ્લોક ૪૦)

ગુરુમંત્ર મળેલો શ્રીકૃષ્ણદેવને શરણે થયેલો હોય તે પછીથી આચાર્યથી અષ્ટાક્ષર મંત્ર લ્યે, સામાન્ય અને વિશેષ એવી દીક્ષા લ્યે. શ્રીહરિએ બન્ને આચાર્યોને સામાન્યદીક્ષાનો ગતિગુરુમંત્ર **'श्रीकृष्ण त्वं गतिर्मम'** - હે શ્રીકૃષ્ણ તમે મારી ગતિ છો, વલ્લભાચાર્યજીના સમ્પ્રદાયમાં **'श्रीकृष्णः शरणं मम'** - આ શરણાગતિનો મંત્ર છે, શ્રીકૃષ્ણને શરણે હું છું, મને શ્રીકૃષ્ણની શરણાગતિ છે. આ મંત્રમાં **शरण** શબ્દને ઠેકાણે સ્વામિનારાયણભગવાને ત્રણ અક્ષરના ત્રણ **त्वं गति** એવા અક્ષરોનો સમાવેશ કરીને **'श्रीकृष्ण त्वं गतिर्मम'** એ મંત્રને જૂદો પાડ્યો. **शरण अने गति** એનો અર્થ એક જ આચાર્યો હરિભક્તને એ અષ્ટાક્ષર ગુરુમંત્ર **'श्रीकृष्ण त्वं गतिर्मम'** એ આપે છે, અને ત્યાગી જે થાય તેને **'ब्रह्माऽहं कृष्णदासोऽस्मि'** એ મંત્ર આપે છે, શ્રી સ્વામિનારાયણભગવાને આચાર્યોને **'ब्रह्माऽहं कृष्णदासोऽस्मि'** મંત્ર ગુરુમંત્ર ત્યાગીઓને દેવા માટે આપ્યો હતો. દાસનો પણ અર્થ - શરણમાં ગતિવાળો સેવક, ગૃહસ્થોને બે મંત્ર, કંઠી લેવા માટે ૩૨ અક્ષરનો ૧, અને આચાર્યશ્રી પાસેથી ગુરુમંત્ર લેવા માટે ૮ અક્ષરનો ૧, એમ બે મંત્રો શરણાગતિમંત્રો ગૃહસ્થોને છે, ત્યાગી થવા એક અષ્ટાક્ષર-દાસનો મંત્ર વધે તેથી ત્રણ શરણાગતિ મંત્રો વિશેષ દીક્ષાસહિત થયા, મળ્યા, સાધુને જે દાસપણાનો મંત્ર મળે, તેથી સાધુઓના નામને છેડ 'દાસ' પણ કૃષ્ણદાસ હરિદાસ ભગવાનદાસ એમ વપરાય છે, બ્રહ્મચારીઓને પણ દીક્ષામંત્ર **'ब्रह्माऽहं कृष्णदासोऽस्मि'** જોડાતું નથી, પણ 'દાસ'ને બદલે 'આનંદ' પદ જોડાય છે, તેથી કૃષ્ણાનન્દ, વાસુદેવાનન્દ, ઈશ્વરાનન્દ, એવા નામો અપાય છે. રામાનુજ સમ્પ્રદાયમાં 'દીક્ષાના નામને છેડે 'આચાર્ય' પદ' વિદ્વાનોને અપાય છે, સામેવદની ભારદ્વાજ સંહિતામાં **'आचार्यान्त नाम'** રામાનુજાચાર્ય, સંકર્ષણાચાર્ય, કૃષ્ણમાચાર્ય, એવા નામો અપાય છે. એ બધા શરણાગતિના મંત્રો પછી જ દીક્ષા મંત્રો અપાય છે. કોઈ **'राधाकृष्णोगतिर्मम'** । કોઈ **'नारायणो गतिर्मम'** । કોઈ **'वासुदेवो गतिर्मम'** । એવો મંત્ર ગણે છે, શ્રીહરિના શરણાગતો કૃષ્ણને ઠેકાણે **'श्रीहरिः शरणं मम'** એમ અષ્ટાક્ષરને પસંદ કરે છે ભગવાન સ્વામિનારાયણના શ્રીકૃષ્ણ

અને શ્રીહરિ નામ છે, તેથી તે એક જ છે, ઇષ્ટદેવના નામની તૃપ્તિ વધારે જણાય તેનો જાપ થાય, માટે અષ્ટાક્ષર જાપની આજ્ઞાઓ લખાણી છે, જે નામમાં હેત તે નામનો જપ થાય, છ અક્ષર **'સ્વામિનારાયણ',** દસ અક્ષર **'અનાદિશ્રીકૃષ્ણનારાયણ'** એ નામે પણ માળઓ ફેરવાય, તે એક જ પરબ્રહ્મના નામો છે, અવતારી પરમાત્માના સ્મરણ માટે તે નામો છે, તે નામોવડે માળાઓ ફેરવાય.

સત્સંગિજીવનમાં અધ્યાય ૪૮માં શ્લોક ૪૪માં અષ્ટાક્ષરમંત્રના પ્રથમ કહેનારા ઋષિ નારદજી છે, અને અષ્ટાક્ષરમંત્રના દેવતા શ્રીકૃષ્ણ છે, એમ કહેલ છે, **अस्य अष्टाक्षरमंत्रस्य नारद ऋषिः ।।**

'अष्टाक्षरं महामन्त्रं दक्षे कर्णे उपादिशेत्' જમણા કાનમાં તે મંત્ર પુરુષવર્ગને આપવો. નારીવર્ગને ગુરવાણી ડાબા કાનમાં તે મંત્ર આપે એવી વ્યવસ્થા લખી છે. **'कुरु मां कृष्णवल्लभम्'** મને કૃષ્ણના વલ્લભ વ્હાલા બનાવો, એમ - કંઠી તૂલસીની મને કૃષ્ણવલ્લભ બનાવો, એમ ત્યાં ૫૫ના શ્લોકમાં લખેલ છે. ૪ પ્રકરણના અધ્યાય ૪૫થી અધ્યાય ૫૩ સુધીમાં આ શરણાગતિ દીક્ષાના ઉપદેશો છે

'स औद्धवीयमाचार्यं प्राप्नुयात् शरणं द्रुतम्' અ. ૫૦, શ્લોક ૨.

'आचार्यं शरणं व्रजेत्' અ. ૫૧, શ્લોક ૩.

'श्रीकृष्ण एव शरणम्' અ. ૫૩, શ્લોક ૨.

આ શ્લોકોમાં શ્રીકૃષ્ણની શરણાગતિ લેવા આજ્ઞાઓ છે,

નારીઓને માટે - **'श्रीकृष्णदेवं शरणं प्रपन्नाऽस्मि स पातु माम्'** આ કંઠી બાંધવાના મંત્રમાં **प्रपन्नास्मि** એ નારીવાચક વિશેષણ વાપરેલ છે. અધ્યાય ૫૩, શ્લોક ૨૦માં તે છે.

ગીતાર્થ સંગ્રહમાં - **'तिरोधीः शरणागतिः'** ભગવાનમાં બધી રીતે અર્પણ થાવું તેને તિરોધન બુદ્ધિ રૂપી શરણાગતિ લખી છે.

'निवासः शरणं सुहृत्' ગીતા - અ. ૯, શ્લોક ૯માં ભગવાન શરણાગતના મિત્ર છે ? **तमेव चाद्यं पुरुषं प्रपद्ये** ગીતા - અ. ૧૫, શ્લોક ૪, હું અર્જુન આદ્ય પરમ પુરુષને શરણે પડું છું, **'तमेव शरणं गच्छ'** ગીતા અ. ૧૮, શ્લો. ૬૨, હે અર્જુન તે ભગવાનને શરણે પડ । **सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वां सर्वपापेभ्योमोक्षयिष्यामि मा शुचः**, ગીતા અ. ૧૮, શ્લોક-૬૬, હે અર્જુન તું બધા ધર્મો પડ્યા મેલીને મને એકને જ શરણમાં આવ, હું તને બધા પાપો થકી મુકાવીશ, અફસોસ ન કર, આ પ્રમાણે શરણાગતિવાળાને ભગવાન નિષ્પાપ કરે છે, મોક્ષ આપે છે.

'प्रपत्तिः शरणागतिः' - પગમાં પડવું તે શરણાગતિ છે.

'तिरोधीः शरणागतिः' - ભગવાનમાં તિરોધાન એકમેક રસબસ તેનાં જ થઈ જવું એવી સમઝણ રાખવી આ શરણાગતિ કહી છે.

શિક્ષાપત્રીના સંસ્કૃત ભાષ્યમાં શરણાગતિ છ પ્રકારે કહી છે તે આ પ્રમાણે - શ્લોક ૧૨૧ના ભાષ્યમાં પાને ૪૬૮થી ૪૭૬ સુધીમાંથી આ નીચે તારણ આપ્યું છે :

સાધ્યભક્તિની પ્રક્રિયા,- કાંઈ ન કરી શકે એવો મુમુક્ષુ **नारायणं शरणमुपगम्य** નારાયણને શરણે જાય, ભગવાનની પ્રસન્નતા વડે મુક્તિ મેળવે, પ્રસન્નતાનું સાધન

प्रपत्ति - શરણાગતિ જ છે.

ભક્તજન પોતાના રક્ષણમાં કોઈ ગતિને ન દેખતો હોય ત્યારે ભક્તવત્સલ ભગવાનને **'त्वमेव उपायभूतो भव'** તમો જ મારી રક્ષાના ઉપાય થાઓ એમ **'प्रार्थना प्रपत्तिः शरणागतिरुच्यते'** આવી પ્રાર્થના તે શરણાગતિ કહેવાય છે, **'अनन्यसाध्ये स्वामीष्टे महाविश्वासपूर्वकम्, तदेकोपायतायाञ्चा प्रपत्तिः शरणागतिः'** (ભાષ્ય પાનું ૪૬૯) તમે એક જ મારા ઉપાય થાઓ એમ બીજાથી ન મળે એવા ઇષ્ટકાર્યમાં મહાવિશ્વાસ સાથે પ્રપત્તિ- શરણાગતિ માગવી. **'प्रपत्ति-शरणागति-तमे उपाय भागणी,'** તે એક જ અર્થના પર્યાયો છે, **'अहमस्म्यपराधानामालयोऽकिञ्जनोऽगतिः । त्वमेवोपायभूतो मे भवेति प्रार्थनामतिः शरणागतिरित्युक्ता सा देवेऽस्मिन् प्रयुंजताम्'** ।। હે ભગવાન હું અપરાધી છું, અકિંચન છું, અને અગતિ છું, મારા બધા ઉપાય તમો થાઓ આવી પ્રાર્થનાની મતિ તે શરણાગતિ કહી છે. આવી શરણાગતિ આ નારાયણ પરમેશ્વરમાં પ્રયોજો કરો. પ્રાર્થના તે પ્રપત્તિ અને પ્રપત્તિની મતિ તે શરણાગતિ, શરણમાં આશ્રય જાણવો, (શિક્ષાપત્રી ભાષ્યમાં - ૪૬૯ પાનામાં) છે.

'तदहं तव पादपद्मयोरहमद्यैव मया समर्पितः' (ભાષ્ય ૪૭૦ પાને - તે હું પોતે જ આજ તમારા ચરણકમળોમાં મારાવડે જ સમર્પિત થાઉં છું, **'१. आनुकूल्यस्य संकल्पः २. प्रतिकूल्यस्यवर्जनम् । ३. रक्षिष्यतीति विश्वासो, ४. गोप्तृत्ववरणं,** તથા **५. ६. आत्मनिक्षेप, कार्पण्ये, षड्विद्या शरणागतिः'** ।। ૧. ભગવાનને જ અનુકૂલ રહેવું, ૨. ભગવાનને ન ગમે તે ન કરવું, ૩. તમો રક્ષણ કરો આવો મહાવિશ્વાસ, ૪. તમોને જ રક્ષક માગુ છું, ગોપ્તૃતા રક્ષણ કરનાર એવા ભગવાનને જ વરવું વરણ કરવું વરણ માગવું, ૫. આત્માને પોતાને થાપણ તરીકે જ ભગવાનને સોંપી દેવો, અને ૬. કૃપણતા દીન આધીન ગરીબડી રીતે ભગવાનના પ્રતિ વરતવું.- આ છને શરણાગતિ લખી છે.

શરણાગતિના તે છ અંગો છે એમ બીજો શ્લોક છે **'कृतानुकूलसंकल्पः प्रातिकूल्य विवर्जपन् । विश्वासशाली कृपणः प्रार्थयन् रक्षणं प्रति ।। आत्मानं निक्षिपति यत् विप्रदेवस्य पादयोः ।साऽङ्गिनी षड्विधांगात्मा प्रपत्तिः शरणागतिः'** ॥ (૪૭૧ પાને ૧. આ ભગવાનને અનુકૂલ રહું, ૨. પ્રતિકૂલ ન થાઉં, ૩. વિશ્વાસ રાખું, ૪. કૃપણ રહું, ૫. રક્ષણ કરો, અને ૬. એ પ્રમાણે પ્રાર્થના સાથે ભગવાનના પગમાં પોતાને ફેંકી દેવો સમર્પિત કરી દેવો આવી છ અંગોની અંગી મોટેરી મૂર્તિ તે પ્રપત્તિ-શરણાગતિ કહેલી છે.

'मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते' (ગીતા) મને શરણમાં પડે તે આ બધી માયાને તરે છે,**'शरणं त्वां प्रपन्नास्ते' । 'यान्ति तद् वैष्णवं पदम्' 'ददात्यभयमुत्सुकः' । 'मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये' 'हरिं शरणमाश्रयेत्' 'न जातिभेदं, न कुलं, न लिंगं, न गुणं, क्रियाः न, । न देशकालौ नाऽवस्थां, योगो ह्ययमपेक्षते'** ।। શરણે આવે તે ધામને પામે, હું ઉત્સાહથી અભયપદ આપું છું, મુમુક્ષુ શ્રીહરિને શરણે આવે, જાતિ કુલ, લિંગ, ગુણ, ક્રિયા, દેશ, કાળ, અવસ્થા, આદિક શરણાગતિમાં કાંઈ આડાં ન રાખવાં, બધાને અધિકાર છે, નર નારી પશુ પક્ષી વૃક્ષ વેલી તમામને શરણાગતિ આપવી, શરણાગતિ મંત્ર આપવો, તેનો ઉદ્ધાર થાય, શરણાગતિ મંત્ર વડે વૃક્ષ વેલી તૃણ ખેતરના મોલ ઢોર-ઢાંખર વિગેરેને ચરણામૃત મંત્ર જળ આપવાં છાંટવાં, છંટકોરવાં, તે તમામ જીવો પ્રાણી માત્ર શરણાગતિના અધિકારી છે, માટે શરણાગતિ આપવી, શરણાગતિમાં આભડછેટ સૂતક મલિનતા મર્યાદા આદિ કાંઈ નડતી નથી, ભગવાનની પ્રસન્નતા બળવતી છે.**'सर्वेऽपि जन्तवः'** બધા જ જંતુ કેમ તરે ?**'मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते'** મારે શરણે આવે તે બધા, મારી માયાને તરી જાય છે.**દ્રૌપદી** શરણાગ તિવડે તર્યા,**ગજેન્દ્ર** શરણાગતિએ તર્યો, (ભાષ્ય ૪૭૩ પાને).**વિભીષણ** શરણાગતિએ તર્યો, (ભાષ્ય પાનું ૪૭૪) સાધ્ય એવા પરમેશ્વરને શરણાગતિ વડે સાધ્યા તેથી ભક્તિ જ ભગવાન અને ભગવાન જ ભક્તિ, તે ભગવાન જ સાધન થયા, શરણાગતિ ભક્તને તત્કાળ ભગવાન બધું ઇષ્ટ સાધે છે, **શ્રીહરિશરણાગતિ** ભક્તિ વડે તેના ભક્ત મંડળને **'प्रपत्तिः सर्वकामधुक्'** શ્રીહરિને શરણે પડવારૂપી, પ્રપત્તિ, પગમાં પડવારૂપી શરણાગતિ, તે સર્વે સંકલ્પના કામદુધા પૂરનારા ભગવાન પ્રગટ શ્રીહરિ જ છે. આવી શરણાગતિ વડે સેવવા.

ઇતિ શરણાગતિ સ્પષ્ટતા



❖ આધ્યાત્મિક ભૌતિક યોગ ❖

પ્રભુજીની ગોઠવણી વિચિત્ર છે, સમગ્ર સૃષ્ટિ ચેતન જડતાસંસર્ગવાળી છે, પરમાત્માને આત્માના સંસર્ગો છે, આત્માઓને અનાત્માઓના સંસર્ગો છે, આત્માઓમાં તેના ગુણાંશો જ્ઞાન, ઇચ્છા, કૃતિ, ભાવનાઓ તદાત્મક સંસૃષ્ટ ગોઠવાયાં છે, અનાત્માઓમાં ક્રિયા પરિવર્તન ધ્વંસ એવા સ્વભાવો ગોઠવવામાં આવ્યા છે, આ ગોઠવણીઓ તેના તેના વિશેષપણે જ્ઞાતા એવા પ્રગટ પરમાત્માની છે, તે નિત્ય સર્વજ્ઞ છે, તેના સંકલ્પશક્તિ યત્ન સાક્ષાત્કાર યોગ આકર્ષણ આદિક આશ્રિત આત્મા અનાત્માઓમાં સર્જન સ્થિતિ લયમાં સાર્થક બને છે, પ્રત્યેક પદાર્થના સ્વરૂપસત્પણા સપ્રયોજન જ હોય છે, પરબ્રહ્મના પ્રકાશક સાક્ષી બ્રહ્મના નિરીક્ષણ વિષય આત્માઓને કર્મફળ માટે અનાત્માઓના સંસર્ગો થવા સૃષ્ટિ સર્જન સપ્રયોજન છે.

'**मात्रार्थं च भवार्थं च आत्मने कल्पनाय च**' વિષયોની વપરાશ, ઉત્તમ સાત્ત્વિક જન્મની પ્રાપ્તિ, અને ચેતનાત્માનો મોક્ષ થાય આવી બાબતો પરમાત્માએ અપનાવેલી જ છે, એમ શાસ્ત્રોએ સત્ પ્રવૃત્તિને પ્રયોજનમાં સામેલ કરેલી છે, આપણે તે આધારે જીવીએ છીએ. સત્સંગમાં પ્રાપ્તિપણે વરતીએ છીએ અને મોક્ષ માટે નક્કી કરીએ છીએ.

સંસારમાં સતત જીવન જ હોય છે, પછી ક્યારેક અજીવન આવવાનું તો ખરું જ, સારો શ્રેષ્ઠ ઉત્તમ જન્મ અનુભવીએ છીએ, પછી અજન્મપણે રહેવાનું તો આવશ્યક જ, ચેતનાત્માઓને અચેતનોનું બન્ધન ચાલુ જ છે, ક્યારેક પણ અબન્ધન તો આવવાનું જ, સૃષ્ટિને લય કાળે ત્રણે લીનતામાં રહે અને સૃષ્ટિના ઉદ્ભવમાં ત્રણે પાછાં ઉદ્ભવે છે. આમ ઈશ્વરીય શાસ્ત્રો કહે છે, આવી પ્રણાલીને છેડો છે જ નહિ, જીજ્ઞાસુને ખટકે છે, જે એનો છેડો તો આપણે અધિકૃત હોઈએ તો લેવો, એવો યત્ન કરવો તે આપણે માટે ઉચિત છે, માનવ સ્થિતિમાં એ થઈ શકે છે.

માનવો અનાત્મા આત્મા સંયુક્ત સ્વરૂપે છે જ, પણ શાસ્ત્રોપદેશ વડે સંયુક્તને અસંયુક્તપણામાં મેલવા માટે યત્ન કરવો જ, શાસ્ત્રજ્ઞાન, સન્તસમાગમ, ભગવાનનો આશ્રય, ઉપાસના ભક્તિ વિરાગ ભાગવત નિવેદિતા, શરણાગતિવિશેષ, વિગેરેના યત્ન ચાલુ રાખે તો જીજ્ઞાસુ મુમુક્ષુ આત્મા, અનાત્માના સંયોગથી છૂટો પડી, આત્મા પરમાત્માના વિશેષ સંયોગમાં શાશ્વતિક થઈ જાય છે, અનાત્માઓનો કાયાકલ્પ, સ્વરૂપકલ્પ, રૂપકલ્પ થાય તો જ એકરસ ચૈતન્ય બ્રહ્મ સહિત પરબ્રહ્મમાં તદાકાર દિવ્ય

સજાતીયતારૂપ, આત્મા સમર્પિત થયો થકો ઉપાસક રીતિએ દાસ્યભાવે સ્વામીમાં ગરકાવતારને પામીને જીવનમુક્તિ, વિદેહમુક્તિ, બ્રહ્મમુક્તિમાં, પહોંચવાની તૈયારીમાં દાખલ થાય, આ સમયમાં માયા અમાયા થઈ જાય, કરણ અકરણ થાય, સ્થૂળ સૂક્ષ્મ કારણ વિભાગો અવિભક્ત થાય, ક્રમ મુક્તતામાં વરતે, શાશ્વત મુક્તતામાં પહોંચે, ત્યાં દિવ્ય પરબ્રહ્મનો યોગ મળ્યો, બ્રહ્મ થાય તેને પરબ્રહ્મનો યોગ મળે, આત્મા બ્રહ્મનો યોગ કરીને પરબ્રહ્મના યોગમાં સેવામાં પહોંચે, ભગવાન સન્ત શાસ્ત્ર આ બાબતના ઉપદેશ આપતા આવે છે.

મોટા યોગની ઇચ્છાવાળો નાના યોગોને સાધીને મોટો યોગ મેળવે, અથવા સ્વરૂચિ અનુસારે નાના યોગોને પડ્યા મેલીને મોટા યોગમાં સમર્પિત થાય, આત્મનિવેદિતાને મેળવે, દૃઢ કરે, અજ્ઞાની મધ્યજ્ઞાની અને પૂર્ણજ્ઞાનીઓને યોગ અયોગ વિયોગ પરમ યોગની સ્થિતિ મેળવવી તો આવશ્યક છે જ, તે સિવાય છુટકો નથી, અજ્ઞાનીઓ ગુરુશરણે જઈ કંઠી બાંધે.

'**श्रीकृष्णदेव शरणं प्रपन्नोऽस्मि**' એ સમ્મિલિત શરણાગત મંત્રને ગ્રહણ કરે સત્સંગી થાય, માયાના યોગમાં રહેતા થકા પણ અમાયિક એવાં મન્દિર સન્ત સત્સંગ ભાગવત-ધર્મ ઉપાસના ભક્તિ આદિ દિવ્ય યોગમાં રહેવા લાગે, જીવનપર્યન્ત ઉદ્યમ તો ન છૂટે, પણ ભગવાન સન્ત સત્સંગ ઉપાસના ભક્તિરૂપી ઉદ્યમને વધુ વધુ કરતો રહે, આ બધો દિવ્ય યોગ તે વિશ્વાસી શરણાગતને કૃપાવડે ધામમાં પહોંચાડનારા ભગવાન અને સન્ત સંભાળ લેશે, મોક્ષમાં મેલશે, અમાયિક બનાવીને ધામમાં સેવામાં રાખશે.

આવો કૃપાભરેલો સિદ્ધાન્ત સ્વામિનારાયણ ભગવાને પ્રચલિત કરેલ છે. જે વડે સંસારી જંજાળીઓના પણ કલ્યાણ થાય જ, આવા ઉદ્યમી અને નવરાશ વિનાના ભક્તોએ બાર મહિનાની ઉપજો સમય સમય પ્રમાણે થોડી થોડી ભગવાન, સન્ત સત્સંગ લેખે વાપરતી જવી આ છે ભૌતિક યોગ, મોક્ષ સાધન, ઘી, દૂધ, તેલ, સાકર, ખાંડ, ગોળ, દાણા, દાળ, શાક, પાન મશાલા, વસ્ત્ર, ફળ, ફૂલ, વાઘા, અલંકાર, વાહન, ક્ષેત્ર, વાડી, બગીચા, તૃણ, મૃત્તિકા, રત્ન, આભૂષણ, સુગન્ધ, વૃક્ષ, વેલી, ઉપકરણ, તે ભગવાન મંદિર સન્તને માટે સમર્પણ કરવા, આ ભૌતિકયોગ ઔદાર્ય આશ્રય વિશ્વાસ તારણહારપણામાં ફળીભૂત થાય જ છે, આવો સ્થૂળયોગ તમામ આશ્રિતોને તમામ રીતે શાસ્ત્રોએ વિશ્વમાં વર્ણવ્યો છે, સમ્પ્રદાયોના આશ્રિતો તનપ્રધાન આ યોગવડે મોક્ષમાં જાય છે. આવા સ્થૂળ સાધનથી પરબારી સાધ્યભક્તિ ભગવાન પોતે જ સાધન બનીને મોક્ષ આપે એવી ભક્તિ તે, આવો ભૌતિકયોગ, પંચોતેર ટકા અંશે આત્માઓને મોક્ષમાં

પહોંચાડનારો છે, આ યોગમાં અનાત્માઓને નિર્ભક્ષિક કરવામાં રોકાઈ રહેવાની જરૂરત જ નથી, શ્રીહરિની કૃપા સન્તના આશીર્વાદ રાજીપો મોક્ષમાં મોકલનારા છે.

શ્રીજીમહારાજે મંદિરો કર્યાં, મૂર્તિઓ પ્રતિષ્ઠા કરી, પ્રણાલિકાઓ નિર્મિત કરી, આ બધું મોક્ષાંગ છે, બાર માસોના શત વર્ષોના મહા મહા મહોત્સવો નિર્મિત આજ્ઞાંક્તિ કર્યા છે, તેમાં ભૌતિકયોગ આપનારાઓ મોક્ષના ભાગીદાર થાય છે, દોઢસો વાર્ષિક પાટોત્સવોમાં પોતાની સમર્પણ સ્થિતિમાં કાંઈક દ્રવ્ય નાણાં, ભાણાં ઠામ, વાસણ દાણાં, ઘઉં ચણા વિગેરે રસ સુરસ મિષ્ટ રસ સંસ્કારક ઔષધિઓ, ઋતુઓના અનુગુણ છાયાં આવરણના પાગરણ, વાહન, શારીર તૃપ્તિના સાધન બ્રહ્મોભોજ પાન તર્પણ, વિશ્રાન્તિ રક્ષણ, આદિક અનેક પ્રકારની બની શકે તેવી ભૌતિકયોગ યજ્ઞની સેવાઓ, તન મન ધનથી આત્મા આદિવડે સમર્પણ તે મહાપાટોત્સવોમાં કરી લેવા, અને જીવન આખું કરતા રહેવા, આવો આપણા સંપ્રદાયનો મહાન ધુરન્ધર ભૌતિક તે દિવ્યયોગમાં પહોંચાડનાર નક્કી છે જ, વિશ્વના સર્જનહાર એવા ગરીબનિવાજ દીનદયાળ અધમઉદ્ધારક પતિતપાવન શરણાગતવત્સલ દાસસંરક્ષક શ્રીજીમહારાજે આવું બિરૂદ આપ્યું છે, માટે ભૌતિકયોગ સફળ કરવો. ક્રિયાયોગ દિવ્ય થાય છે તો કરણયોગ્ય દિવ્ય થાય, પછી અષ્ટાંગ યોગ સ્થિરતાને પામે, પછી સંયમનું બળ થાય અને પૃથક્ ઉત્તમ રીતે ધારણા ધ્યાન સમાધિ પોતાની પુષ્ટિમાં વરતે, આ રીતે અષ્ટાંગ યોગ વગર સાધ્યે સધાઈ જાય છે, નર-નારી વિગેરે તમામ વર્ગે ઉત્સવ સમૈયા મહોત્સવ કરવા, શ્રીજીમહારાજની ભક્તિ કરવી, મન્દિરોની સેવાઓ કરવી, આત્માની શુદ્ધિ ઉપસ્થિત થાય, અને બાહેરના કરણની શુદ્ધિ સેવાઓમાં સતત વરતવા લાગે જ, જેથી મોક્ષ સિદ્ધ થાય, આ ભૌતિક યોગમાં ભગવાનની ઘણી એવી સ્થૂળ આજ્ઞાઓ પાળવાનો સમાવેશ થાય છે, કે જે શિક્ષાપત્રી વિગેરે ધર્મશાસ્ત્રમાં મુખ્ય મુખ્ય દર્શાવેલી છે, સમ્પ્રદાયની સ્થૂળતા અને ભૌતિક યોગશાસ્ત્ર એક જ સ્વરૂપમાં છે.

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।' આ વચન વધારે સ્થૂળતાનાં યોગમાં ઘટે છે, પાપ અને ધર્મયુદ્ધમાં સ્થૂળતામાં વધારે સામેલ છે, '**अनेकजन्मसंसिद्धस्ततो याति पटां गतिम्**' તેમાં અનેક જન્મ નિર્દેશ પણ ભૌતિકયોગની વધારે પ્રમાણમાં હાજરી હોવાનું અનુસંધાન કરાવે છે, પછી આધ્યાત્મિક યોગમાં ચઢતી કળા થાય તે મધ્યમ યોગ છે, પછી ભગવત્સ્નેહ પ્રેમ પ્રીતિ અવસ્થા તે ઉત્કૃષ્ટપણામાં ભાગવદર્પણાવસ્થા આત્મનિવેદિતા અવસ્થા છે, ભક્તજને ભગવાનની ઇચ્છા પ્રમાણે તેમાં પસાર થવાય છે, સાધ્યભક્તિ શ્રેષ્ઠતમ છે.

ઉત્તમપાત્ર થવું, પાત્ર પ્રમાણે તેના પ્રેમ શ્રદ્ધા વિશ્વાસ આશ્ચર્ય નિશ્ચમ, નિખાલસતા વફાદારી કૃતિ અનુવૃત્તિ તન્મયતા એકાગ્રતા દાસતા સર્વાર્પણતા આત્મનિવેદિતા શુદ્ધભાવના સ્વામિવિનિમયતા એકરંગવત્તા પારગામિતા અવ્યાજદાસીતા આ બધાં સ્થૂલ સૂક્ષ્મ કારણસ્થિતિમાં જેવાં હોય તે પ્રમાણે ફલલબ્ધિ થાય છે, ઉપલક સેવા વૃત્તિવાળા શ્રીહરિના સાથમાં ફરતા ભક્તોને આજ્ઞામાં રહેવા વડે પ્રસન્નતા દ્વારા શ્રીહરિના ધામમાં સાથે નિવાસ પ્રાપ્તિ લખાણી છે, ધન, દેહ, ગેહ, ક્ષેત્ર, વાટિકા, ગૌ, મહિષી, અશ્વ, ઉષ્ટ્ર, હસ્તિ વાહન, વસ્ત્ર-અલંકાર, મઠ, મકાન, મંદિર, આશ્રમ, ભવન, અન્ન, જળ, ઉપકરણ, ફળ, ફૂલ, બગીચા, તળાવ, કૂપ, જમીન, જીવિકાઓ, આપનારા પૂર્ણ ભક્તજનો નરનારીઓ શ્રીહરિના ચરણોમાં બ્રહ્મલોકમાં સેવક મુકતો વિરાજે છે એમ શાસ્ત્રો વર્ણવે છે, બાળ યુવા વૃદ્ધ અશક્ત અપંગ નિર્ધન સાધનને અતિ ઉત્તમ પાત્રપણામાં ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયપૂર્વક પ્રેમશ્રદ્ધાદિકના શ્રેષ્ઠપણા વડે મોક્ષફળસિદ્ધિ સાધ્ય ભગવાનની પ્રાપ્તિ ઇષ્ટપ્રભુના ચરણોમાં નિયુક્તિ શાશ્વતરૂપે મળે છે.

વડતાલ, જુનાગઢ, ગઢપુરના પાટોત્સવોમાં જેમણે જે વેગે શ્રીહરિ પ્રતિ જવાયું તેમને તે પ્રમાણે તેવું ફળ જરૂર પ્રાપ્ત થવું, આવા પાટોત્સવોને સંભાળશે તેમનો અન્તકાળ સુધરી જશે, આવા વિરાટ મહોત્સવોના દર્શનો વડે યાત્રિકોને દિવ્ય લાભ થાય છે, માહાત્મ્ય સમજાય છે, આત્મીયનિર્મળતા વર્તે છે, સ્વામી શ્રીહરિનો આનન્દ મળે છે, ધામ નિવાસના ફુવારાઓ ઉછળે છે, અને ધામમાં વાસ ઇષ્ટદેવની સેવામાં મળે છે, આ સ્થૂળ કાંડનો સૂક્ષ્મ અને કારણનાં પ્રયત્નો વડે મેળવવાનો યોગ્ય લાભ મળી જાય છે.

સ્થૂળતામાં સાત ગરણે ગળાઈને કે વીશ ગરણે ગળાઈને આન્તરિક મંદિરમાં સેવામગ્ન ભક્તોને ઉપલક દિવ્ય મહોત્સવોના મનન ચિન્તન બોધન સ્વાયત્તીકરણરૂપી અમૃતના મિષ્ટ પીયૂષાન્ન પ્રેમાસ્વાદન, પૂર્ણ સંપૂર્ણ પરિપૂર્ણ મળે છે, એકાગ્રતાયોગ, નિરોધયોગ, સમ્પ્રજ્ઞાતયોગ, અસમ્પ્રજ્ઞાતયોગ, ધારણા, ધ્યાન, સમાધિયોગ, બ્રહ્મસત્તાયોગ, મુક્તસત્તાયોગ, એકાત્મતાયોગ, મૂર્તિસુધાપાનયોગ, વિના સાધ્યે સધાઈ જાય છે, જ્ઞાનવિજ્ઞાન યોગ તો અપરોક્ષસાક્ષાત્કાર ભગવત્દર્શન સ્વરૂપમાં શાશ્વત હાજરી આપે છે, ધ્યાન ધરવા બેસે ત્યારે દિવ્ય શ્રીહરિ જ દેખાય તેમને માટે જ સર્વ ચેષ્ટા થાય, સૂક્ષ્મદેહે થાય, દર્શનશાસ્ત્રો પુરાણો ઇતિહાસો સંહિતાઓ વેદો વેદાંગો સ્થૂલ દિવ્યતાને સૂક્ષ્મ દિવ્યતામાં સમર્પિત કરાવે છે, અને પરમૈકાન્તિક ભગવત્સ્વ-રૂપસિદ્ધ મુક્તયોગીઓ આવિર્ભૂત થાય છે આ પ્રમાણે સૂક્ષ્મયોગ સ્થૂળયોગ દ્વારા નિષ્પન્ન થાય છે, મોટા સમૈયા

મહોત્સવમાં શરીરધારી તમામ સ્વાધીન તત્ત્વો સહિત ભગવન્મય થઈ જાય છે, તેથી તેઓને પરમેશ્વર શ્રીહરિના ચરણોમાં સેવા મુક્તિ મળે છે.

કારણ શરીર ઐહિક પારમાર્થિક જ્ઞાનવિજ્ઞાન, બ્રહ્મચૈતન્ય, આત્મચૈતન્ય, આત્મપ્રકાશ, એ ખાસ કારણ શરીર તરીકે ભક્તોને છે જ, સંસાર માટે કારણ શરીર અજ્ઞાન સ્વીકારાએલું છે પણ મોક્ષ માટે કારણ બ્રાહ્મ શરીર બ્રાહ્મપ્રકાશ શરીર બ્રહ્મચૈતન્યશરીર ચિત્‌ચૈતન્યશરીર સર્વતોદ્‌ભાવક ચૈતન્યમૂર્તિ, એ જીવાત્માને બ્રહ્મ પરબ્રહ્મ વિના અન્ય કાંઈ પણ વળગવા દેતું નથી, સમૈયાઓ વડે સન્ત દીક્ષાઓ વડે આવા દિવ્ય કારણ શરીરનો સાક્ષાત્કાર કાયમ વર્તવા લાગે છે, તે વડે ભક્તાત્મા ભક્તિભીનો ભાવભીનો પ્રેમભીનો ઇષ્ટ સુખ આનન્દભીનો થયો થકો ધામમાં ચરણ સેવામાં વર્તે છે, આ રીતે કારણ દ્વારા આત્માને સેવામુક્તિમાં વાસ મળે છે.

વાસના નાયક સંસ્કારાત્મક કારણ શરીર જો ભગવન્મૂર્તિમાં દિવ્ય સુખ આનન્દના ભોગ લેવા પલટાઈ જાય તો ભાવનાત્મક તે કારણશરીર કાયાકલ્પતા પામીને ભગવન્મૂર્તિમય ઘડાયું થકું ભાવુકને પણ ભગવન્મૂર્તિના સારૂપ્યમાં પ્રકટ કરીને નિત્ય શાશ્વત એક સ્થિતિક સેવકતાને આપે છે, આ સ્થિતિ જરૂર મોક્ષમાં પહોંચાડે છે.

આ કામ આપે એવાં માયિકશરીરો મોક્ષમાં ભાવાનુસાર પ્રીતિ પ્રમાણે ફલમાં પ્રાવિર્ભાવિત થાય છે, વધારે પણ હોય તે સ્વીકારવું તો પડે જ, જ્ઞાનચૈતન્યશરીર જે - **'ज्ञानेन चाऽपवर्गो'** । **'ज्ञानविज्ञानसम्पन्ना यतयः संशितव्रताः'** । **'तत्त्वज्ञानात् निःश्चेयऽसाधिगमः'** । **'ज्ञानेन मां प्रपद्यन्ते'** । **'न हि ज्ञानेन सदशं पवित्रमिह विधते'** । એ પ્રમાણો વડે વર્ણિત જ્ઞાન મોક્ષ આપનારું છે, ભક્તિસ્વરૂપમાં ભળીને મોક્ષોપયોગી થાય છે, ધર્મ, પ્રસન્નતા, પ્રીતિ, ભક્તિરૂપી શરીરો આત્મચૈતન્યમાં પ્રકટિત થઈ ભગવાન પાસે પહોંચાડનારાં છે, -**'गुणाऽपाये ब्रह्मशरीरमेति'** ત્રિગુણ સંસર્ગ નિરર્થક થયે સતે બ્રહ્મશરીરવાળો આત્મા બ્રહ્મરૂપ થયો થકો મોક્ષમાં જાય છે.

આત્મામાં મુક્તપણામાં દિવ્ય ગુણાવિર્ભાવ થાય તે દિવ્યગુણો શરીરો કહેવાય છે, જે વડે **'सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता'** બધા મનોરથો મુક્તદશામાં પૂરા પ્રાપ્ત થાય છે. સ્નેહ નામનું શાશ્વતશરીર છે, તે એક ભગવાન પાસે બસ થઈ પડે છે. એ સાધવું.

વિશિષ્ટ અધિકારીઓને માટે સૂક્ષ્મ આધ્યાત્મિક યોગ તે માનસી પૂજાઓ રૂપે પણ છે, સ્થૂલમૂર્તિમાં જેમ તેમ સૂક્ષ્મમૂર્તિમાં પણ આ યોગ સરલ છે, માનસિક ઉપચારોને

ભગવાન સ્વીકારે છે, ભાવના સ્નેહ ચૈતન્યની ઉપજેલી ચીજોને દિવ્યમૂર્તિ ભગવાન સ્વીકારે છે, એવી ઉપાસના ભક્તિ અનેરો આનન્દ આપે છે, આ સ્થિતિમાં નિરોધવૃત્તિવાળા પણ થાય છે, તેઓએ એકાગ્રતાને તો સાધેલી જ છે, ધાતુપાષાણની મૂર્તિઓમાંથી માનસિક આધ્યાત્મિક મૂર્તિઓને મેળવીને આત્મચૈતન્યમાં બ્રહ્મતત્ત્વની બ્રાહ્મીમૂર્તિઓને રમાડતા જમાડતા ખેલવતા થઈ જાય છે.

મહાવૈષ્ણવ શંકરભગવાન સનકાદિકો તથા નારદજી તથા રામાનન્દસ્વામી, આધ્યાત્મિકમૂર્તિ શ્રીહરિને સેવીને નિજ સ્વરૂપમાં બ્રહ્મપ્રકાશમાં પરબ્રહ્મમૂર્તિને સાક્ષાત્કાર કરનારા થયા છે.

શરીરમાં પૃષ્ઠ બરડો મેરૂદંડ નામે ઓળખાય છે, મૂળથી ગ્રીવા સુધી તે પૃષ્ઠાસ્થિ પંક્તિ છે, તેને લાગેલી ચન્દ્ર જેવી સૂર્ય જેવી શીત ગરમ, નરમ કડક બે નાડીઓ ઇડા-પિંગલા નામે દાબે જમણે ભાગે રહેલી છે, ઇડા ચન્દ્રસમાન અમૃતવાર્ષિણી શક્તિ સ્વરૂપા ગણાય છે, પિંગલા સૂર્યસમાન પ્રકાશપ્રદા પુરુષરૂપા દાડમના લાલ પ્રભાવર્ષિણી છે, તે બન્ને મૂલાધારથી સરલપણે આજ્ઞાચક્ર સુધી જઈને નાસારન્ધ્રોમાં ઉતરે છે, તમામ ચક્રોમાં વેણીબન્ધ ક્રમવડે તમામ કમળોને વિંટીને નાસારન્ધ્રોમાં પહોંચેલી છે, તેઓ સરલ છે કોમળ છે પણ તેઓ ધનુષ કામઠાઓની પેઠે મૂળાધારમાં મળેલી અને ઉંચે ધનુષકામઠાના વિયોગ જેવી, તેથી ઉપર ધનુષના છેડાની પેઠે મળેલી, એ રીતે બ્રહ્મરન્ધ્ર અને નાસિકા મૂળ સુધી સીધા દંડ જેવી સુષુમ્ણા, એમ આઠ ધનુષ કામઠાઓ સામા સામા મળેલાં હોય તેવી, અને તેના મધ્યે સીધા દંડ જેવી સુષુમ્ણા, એમ આઠ જાંબુડાનાં લાંબા પાન ગોઠવ્યા હોય તેવી શરીરમાં ગોઠવાયેલી છે, દાબા જમણા મુષ્કોથી શરૂ થયેલી મૂળાધારમાં સંયુક્ત થઈને પછી પત્રાકારે પહોળી સાંકડી મધ્ય સુષુમ્ણા સહયોગિની થઈને ત્રિવેણી સ્વરૂપે ઉપર જતાં તે ભ્રુમધ્યને પામીને ગ્રન્થિ નાસારન્ધ્રમાં ઉતરે છે, ત્યાં ડાબી જમણારન્ધ્રમાં, જમણી દાબારન્ધ્રમાં ઉતરે છે.

ઇડામાં યમુના દેવતા, પિંગલામાં સરસ્વતી દેવતા, સુષુમ્ણામાં ગંગા દેવતા, એટલે શીત, અનુષ્ણાશીત અને ઉષ્ણ, એવી શક્તિઓવાળી એ નાડીઓ પિંડ બ્રહ્માંડની એકતા રાખતી થકી વરતે છે, તે વેધશાળાની પેઠે બ્રહ્માંડો તત્ત્વોની વિકૃતિઓની અસરવાળી થયા કરે છે, યોગી અભ્યાસી તેમાં સુયોજિતવૃત્તિ કરીને બધી હોનારતોને અનુભૂત કરી લ્યે છે, અને આત્મચૈતન્યમાં પુણ્ય બળ વડે હોનારતોને શમાવે એવી નવી અપાર બળવાળી સૃષ્ટિ સર્જી શકે છે, સુષુમ્ણા તો મૂળાધારથી બ્રહ્મરન્ધ્ર સુધી મેરૂમાં પરોવાઈને રહેલા કમળોમાં પેસીને જતી હોય છે તેથી તેમાં દાડિમ કેસરોનો રંગ વન્હિ સ્વરૂપને

મળતો રક્તવર્ણ હોય છે, ઇડા પોતે બ્રહ્મરન્ધ્રમાં ચન્દ્રસમાનશીતા શુક્લપ્રભા ચિત્રિણી નામે લખાયેલી છે, અને પિગળા સૂર્ય સમાન ઉષ્ણા વજ્રિણી નામે લખાયેલી છે, સુષુમ્ણામાં ચન્દ્ર, સૂર્ય અને અગ્નિના ઓછાવત્તા ગુણો રહે છે, નીચેની બંને ઇન્દ્રિયોની મધ્યે નીચે મધ્યમાં ચાર અંગુલ ભાગમાં અંદરમાં કન્દમૂળ તે નાભિને ચોંટીને લટકેલ છે. તે કન્દમૂળથી બોતેર હજાર નાડીઓ ઝીણા જાડી પ્રસરે છે. કન્દમૂળ ધડાકા લે છે, ધડાકે ધડાકે સમગ્ર શરીરમાં વાયુ તેજ વારિના સૂક્ષ્મ તત્ત્વોને આંટો લેવરાવે છે. નાભિના પોટલિયાનો કન્દ તે કન્દમૂળમાં ખૂંતીને પાછો વાળીને આંટારૂપે પોતાને ઘેરીને ઝીણો પુચ્છ જેવો યોગ ભગવાનની કૃપા વડે થાય છે, કૃપા ઉપાસના વડે થાય છે, ઉપાસના ભાવના વડે થાય છે, ભાવના સ્નેહ વડે જાગે છે, સ્નેહ માહાત્મ્યજ્ઞાન વડે પ્રગટે છે, માહાત્મ્યજ્ઞાન સન્ત અને શાસ્ત્રાદિ તે તેના જાણકાર ગુરુવડે થાય છે, ગુરુ સ્વઆત્મા અને ગોપીનાથ ગોવિન્દને એક સ્નેહના દોરમાં રાખનારને સિદ્ધિ ફળે છે, યોગશાસ્ત્રે આવા અનુભવીઓના માર્ગો લખ્યા છે,-

वज्राख्या वकत्रदेशे विलसति सततं कर्णिकामध्यसंस्थं,
कोणं तत् त्रैपुराख्यं तडिदिव विलसत् कोमलं कामरूपम् ।
कान्दर्पो नाम वायुर्निवसति सततं तस्य मध्ये समन्तात्,
जीवेशो भन्धुजीवप्रकरमभिहसन् कोटिसूर्यप्रकाशः ।८।

મૂલાધાર ચક્રની કર્ણિકામાં ત્રિકોણ તે ચતુષ્કોણની ઉપર પડેલો છે, ત્રિકોણ મધ્યે કામબીજ ક અક્ષર રેખા છે, ક ક આ ક_રેખામાં શંકરમતોપાસકોને ત્રિપુરાસુન્દરી વીજળીસમાન ચમકતી દેખાય છે તેમાં બ્રહ્મોપાસકોને સરસ્વતી, અને વિષ્ણુ ઉપાસકોને હરિણી હિરણ્યવર્ણા દેખાય છે, તે ત્રિકોણ શક્તિપીઠ છે, કામદેવની શક્તિ રતિ કોમળા સ્નિગ્ધા આસ્વાદભરી તે પીઠમાં વસેલી છે, તે શક્તિ રામા મહારામા જયેષ્ઠા રૌદ્રી કમનીયકામના કન્દર્પ વાયુવડે પુષ્ટા બળવતી વસેલી છે, આ વાયુ જેમાં ભરાય તેને દર્પ ગર્વ, કઠોરતા, સજ્જડતા શૂરતા અપરાજિતતા ઉપજાવે છે, શક્તિસહિત વાયુતરફ જતો યોગી આત્મા તે સૂર્યસમ પ્રકાશી અને આનન્દિત થઈ દૂરથી સ્વયંભૂનાયક સૂક્ષ્મલિંગદર્શી થતો જાય છે, સૂક્ષ્મકિસલયાકાર સ્વયંભૂને પૂર્ણચન્દ્રસમ વર્તુલ એવાને દેખીને આકર્ષાય છે, તે કામબીજ વડે સંચાલિત આકૃષ્ટ થાય છે, લાલ અલતાવર્ણના કામબીજમાં તણાયો યોગી આત્મા મૂલાધારને મેલીને સુષુમ્ણામાં ઉપર ખેંચાણો થકો તે સ્વાધિષ્ઠાનમાં મૃણાલતન્તુના મધ્યભાગની પોલ્ય જેવી ગહવરમાં ઉપડીને તેમાં વાયુ વિદ્યુતના સંઘર્ષના સ્તરોને ગાજતા સાંભળતો થકો પ્રકાશને દેખતો થકો વિદ્યુતવડે ઠેલાતો થકો

સ્વાધિષ્ઠાનના સ્વરૂપમાં રહેલ ધ્રુવના આકર્ષણ વડે ખેંચાતો થકો આત્મા તે સુષુમ્ણામાં વચ્ચે આવતી કુંડલીના આકર્ષણને વળગતો થકો, ઉર્ધ્વ ચઢે છે, ત્યારે અવ્યક્ત મૃદુ રવના સ્તરમાં જઈને કુંડલિનીના સંસર્ગવાળી સુષુમ્ણામાં ચઢે છે - આ ક્ષણમાં _

'स्वात्मेच्छाशक्तिघातेन प्राणवायुस्वरूपतः । मूलाधारे समुत्पन्नः पराख्यो नाद उत्तमः ।। स एव चोर्ध्वतां नीतः स्वाधिष्ठानविजृम्भितः । पश्यन्त्याख्यामवाप्नोति तथैवोर्ध्वं शनैः शनैः । अनाहते बुध्तित्त्वसमेतो मध्यमाऽभिधः । तथा तयोर्ध्वं गमितो विशुद्धां कंठदेशत्तः । वैखर्याख्यस्ततः कंठशीर्षताल्वोष्ठदन्तगः ।

આત્માની ઇચ્છાશક્તિના પ્રઘાત વડે મૂળાધારમાં પરાનામક નાદ ગણાય છે, તેજ સ્વાધિષ્ઠાનમાં ઊંચે જઈને પશ્યન્તી નામને પામે છે, તેજ અનાહતમાં જઈને ઘીતત્ત્વમાં મિશ્રિત થયો થકો મધ્યમા નામક થાય છે, તે વિશુદ્ધ ચક્રમાં પ્રસરીને વૈખરી નામક થાય છે, અને કંઠ મૂર્ઘા તાલુ હોઠ દન્ત આદિમાં વાયુમિશ્રિત અથડામણ વડે અક્ષરો રૂપે થાય છે. આ મિશ્રિત માર્ગમાં જીવાત્મા સૂક્ષ્મનાદ સ્તર સાથે સ્વાધિષ્ઠાનમાં પહોંચે છે.

ત્યાં કુંડલિનીના મુખમાં, ઈંડામાંથી ચાંચ કાઢતું પક્ષી બચ્ચું કૂજન કરે તેવું મૃદુ કૂજન, મન્દગતિવાળું, પ્રેરક શક્તિવડે ગતિવાળું હોય છે, અને વિંટાયેલ કુંડલિનીમાં જતી સુષુમ્ણામાં જ આકૃષ્ટ જીવાત્મા, સ્વાધિષ્ઠાન ચક્ર ગ્રંથિમાં લગ્નિત થાય છે.

કુંડલિનીમાં વાજીંત્રો એવાં છે કે જેમાં કોમળ કાવ્ય નિબન્ધ રૂપ ગુણ રસાદિવર્ણનાત્મક પદ્યપ્રબંધ ચિત્રબન્ધ વિચિત્રકાવ્યાત્મક, ગદ્યપદ્યકળા રચના, સંસ્કૃત પ્રાકૃત અકલ્પિત કલ્પિત તમામ સ્વરૂપોની કારણાત્મક શક્તિવાળાં યંત્રો પશ્યન્તી મધ્યમાં આદિમાં પોતાની નિર્મિતિઓને ફેંક્યાં કરે છે, તે વૈખરીરૂપમાં સ્થુળતાને પામે છે, આ સ્થિતિ ઉપર -પરા, પશ્યન્તી, મધ્યમા, વૈખરી બ્રહ્મ, વિમર્શ, બિન્દુ, નાદ, ધ્વનિના ગ્રંથો દર્શનો વાક્યપદીયાદિ વિસ્તારોમાં લખાયો છે.

कूजन्ती कुलकुंडली च मधुरं मऽत्तालिमालास्फुटं,
वाचा कोमलकाव्यबन्धरचनाभेदाऽतिभेदक्रमैः ।
श्वासोच्छवासविभंजनेन जगतां जीवो यथा धार्यते,
सा मूलाऽम्बुजगह्वरे विलसति प्रोद्दामदीपावलिः ।।११।।

કુંડલિનીમાંથી કૂજન મેળવીને યોગીજનોએ તમારા ભાષાક્રમોના મૂળ શ્વાસોના મૂળ શ્વાસોના ભંગો સાથે પ્રાણન અને પ્રકાશવિસ્તરણ મૂલાધારચક્રના ગહવરથી જ હાથ કર્યા છે, અને વિમર્શિણી નામની પ્રબોધિનીને ઉદિતપણામાં પકડી છે. આ વિમર્શસ્વરૂપિણી પ્રબોધશક્તિમાં ઓતપ્રોત થયેલો યોગી બ્રહ્માંડાદિકના કટાહોને દેખે

છે, આ વિમર્શશક્તિ અઘટનઘટના પટીયસી છે, તેજસ્વી વિદ્યુતપ્રવાહ ભરેલી સ્મરણશક્તિ છે, તે કામના ભરેલી ઘાતવી શક્તિ છે, લિંગના અન્ત સુધી મહાબલિષ્ઠતા ઉપજાવનારી છે, મનો જોડવાની ચિત્કળા શક્તિ તે છે, અતિસૂક્ષ્મ નાલિકામાં પથરાયેલી કાર્યરૂપે છે, અતિસૂક્ષ્મા છે તે આ શિવપારમેશ્વરી, લિંગયોગીશ્વરી, સર્જનપ્રસ્ત્રાવિણી, મહાશક્તિ ઉષ્ણરૂપે પ્રાકટ્ય બાંધાવાળી છે. બન્ને ગ્રંથિઓ તથા કુંડલિઓમાં વ્યાપેલી છે, જે જીવનાધારા છે, જીવનવાળી છે, અતિદૃઢતાને વિકસાવનારી છે :

स ब्रह्मा स शिवः सूरः स एव परमेश्वरः ।
स एव विष्णुः स प्राणः सकऽलाग्निः स चेन्द्रमाः ।

તે શક્તિવાળા બ્રહ્મા કે શિવ તથા સૂર્ય કે ઈશ્વર, તથા વિષ્ણુ કે પ્રાણ, તથા અગ્નિ કે ચન્દ્રમા વિગેરેની દેવતાઈ શક્તિઓ ભરેલી મહાશક્તિ પ્રબોધિની વિમર્શિણી કામયિત્રી રસયિત્રી ભોગાયિત્રી ઉપસ્થચૈતન્યની કળાંશરૂપિણી આનન્દવર્ષિણી આયુ: સ્થિતિરક્ષિણી છે, તે કુંણ્ડલિની મુખના ગહવરમાં રહેલી સુષુમ્ણામાં અતિશય પાવર આપનારી વ્યાપ્ત છે, સુષુમ્ણાનું પ્રબળ જીવન છે, ચિત્ત ચૈતન્ય શક્તિ સહિત યોગી આત્મા અતિસમર્થતાને અનુભવતો થકો ઉપર ખસે છે. લિંગમૂળના સ્વાધિષ્ઠાન ચક્રમાં બીજા નમ્બરના ચક્રમાં ચપકે છે, આંહી સુધી યમગ્રન્થિ છે, બીજા ચક્રમાં સંસારગ્રંથિ છે.

તારણસાર - મૂળધારચક્ર ચતુર્દલ વ-શ-ષ-સ- અક્ષરો વાળું છે, દલની કર્ણિકામાં ધરામંડળ ચતુષ્કોણ અષ્ટ શૂલાવૃત પીતવર્ણા છે, તે મધ્યે ધરાબીજ ચતુર્ભુજ ઐરાવત આરૂઢ પીતવર્ણ વજ્રાહસ્ત ચતુર્બાહુ છે, ધરાબીજ બિંદુ મધ્યે શિશુરૂપ બ્રહ્મા રક્તવર્ણ ચતુર્ભુજ દંડ કમણ્ડલુ અક્ષસૂત્ર અભયહસ્તક ચતુર્મુખ છે, કર્ણિકામાં રક્ત કમળ ઉપર ચક્રાધિષ્ઠાત્રી મહાશક્તિ રક્તવર્ણા ચતુર્ભુજા, ખટવાંગ ખડગહસ્તા છે, કર્ણિકા મધ્યમાં વિધુતસમ ત્રિકોણ છે, તેમાં કામવાયુ કામબીજ આયુબીજ રક્તવર્ણ છે, તેમાં સ્વયંભૂલિંગ શ્યામવર્ણ છે, તેની ઉર્ધ્વમાં કુણ્ડલિની શક્તિ છે, તે સાડાત્રણ આંટાવાળી છે, તેને વ્યાપીને લિંગ અગ્ર સુધી ચિત્કંઠા ચેતન જાગ્રત પ્રજનન મહાશક્તિ દંડાકાર કિરણાકાર રહેલી છે, મૂળાધાર ઉપયોગી ગોઠવાયેલી છે.

૨ - સ્વાધિષ્ઠાન ચક્ર

આ લિંગમૂળ ગ્રંથિચક્ર, તે લિંગમૂળના સ્થળમાં જઘનપટની નીચે, અસ્થિ ગોલકમાં, અંદર નાડી ચક્રની ગ્રંથિરૂપે મજબૂત ગાંઠરૂપે છે, તે સિંદૂર વર્ણ રક્ત છે, સુષુમ્ણા નાડીની મધ્ય નલિમાં આ ચક્રના છ પાંખડીઓના મૂળ ચોંટ્યાં છે, અને તે દલો બ-ભ-મ-ય-ર-લ, એવા છ વર્ણવાળાં છે, તે વર્ણો ઉપર એક એક બિંદુ છે, છ પાંખડીઓ

વિદ્યુત્સમ પ્રકાશિત છે, છ-ના મૂળ સુષુમ્ણામાં અંદર ઉતરેલાં છે. પાંખડીઓનો જે ડોડો તેમાં બીજું નાનું પદ્મ આકારે મંડળ ગોળ છે, તે પ્રકાશિત વીંટી સમાન છે, શુક્લ છે, તેમાં અર્ધચંદ્ર છે, તેના મધ્યે વરૂણ બીજ વ છે, તેમાં વરૂણ મૂર્તિ જળવત્ ધવલ અને મકરાધિરૂઢ છે, પાશહસ્ત છે, વરૂણનો ખોળો ચિક્કણ સપાટિ છે, વરૂણ ચતુર્ભુજ છે, તેના ધવલ અંકમાં હરિત્વર્ણા પીતામ્બરધારી વનમાળા શ્રીવત્સ શંખ-ચક્ર-ગદા-પદ્મધારી પ્રથમયૌવન ગર્વધારી કૌસ્તુભાદિવિરાજિત ચતુર્ભુજ છે, ગરૂડવાહન છે, જેનો ઉપાસક યોગી તેને તેના ઇષ્ટદેવદેવી આ ચક્રમાં દેખાય છે, કામ અને રતિ, શ્રી અને શ્રીપતિ, શારદા અને શારદાપતિ, શિવા અને શિવાપતિ, ઈશ્વરિણી અને ઈશ્વર, હિરણ્યા અને હરિ, બ્રાહ્મ અને બ્રહ્મ, તેમના આસન વાહન અલંકાર રૂપ શક્તિ આયુધ બીજ રંગ આકાર, ગોપી અને ગોપીપતિ, નર અને નારાયણ, યોગ અને યોગેશ્વર, દેખાય છે, તે બધા આનન્દઘન મૂર્તિ એવા શ્રીહરિને પ્રતાપે હરિહરિણી દેખાય છે.

રાકેશધારી શંભુની રાકિણી શક્તિ જે લિંગેશની રતિશક્તિ છે તે આ ચક્રમાં અક્ષિણા વ્યાપેલી છે, સુમૂર્તા શ્યામા છે, શૂલ અબ્જ ડમરૂ ટંક હસ્તા છે, રક્ત ત્રિનેત્રા છે, કુટિલ કેશી છે, દન્તદંષ્ટ્રાપ્રભાવાળી, યુવતી, રબ્ધના ભાવના ભરી પ્રજનન સજીવની મહાદેવી છે, તેણે સહિત કામ સ્વયં અધિષ્ઠિત થાય છે તેની મજબૂત ગ્રંથિ આ ચક્ર સ્વરૂપે છે, આમાં સંસાર ગ્રંથિઓ ભરી છે.

આ સ્વાધિષ્ઠાનમાં બ્રહ્મલોકવાસી સાકાર પરમાત્મા સાકાર બ્રહ્મપુરુષ સાકાર માયાપુરુષ સાકાર ચતુર્વ્યૂહ સાકાર હિરણ્યગર્ભ ઈશ્વરપુરુષ સાકાર વૈરાજ સાકાર ત્રિદેવ સાકાર સૂર્યચન્દ્ર અગ્નિ વરુણ ગણેશ દિક્પાલો સાકાર તત્ત્વોના અધિપુરુષો સાકાર દેવતાઓ સાકાર શક્તિઓ સૂક્ષ્મ શક્તિઓમાં વસેલી છે, તેના બીજ પ્રમાણે સૃષ્ટિઓ ઉપજાવે છે, સર્વકારણતાઓ પરબ્રહ્મમાં રહી છે, તે પરબ્રહ્મન્વિત ઈશ્વરો જીવોમાં રહી છે, ઉપાસક જીવાત્મા પોતાની ધ્યાનવૃત્તિના ચિત-ચૈતન્યાકારમાં જે ઇષ્ટ આકાર જોવા ઇચ્છે તે તે આકૃતિઓ તેને દેખાય છે, જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિ જડચેતન તમામ સૃષ્ટિઓને યોગી આત્મા દેખે છે. આ ચક્ર સુધી પહોંચેલો યોગી સૃષ્ટિનો સર્જક-ધારક-પ્રવર્તક પણ થાય છે, એવા સમર્થ આદિ વ્યાસ સ્વરૂપે સર્વજ્ઞકલ્પ થાય છે :

स्वाधिष्ठानाख्यमेतत् सरसिजममलं चिन्तयेद्योगमग्न_
स्तस्याऽदंकारमायदिकतिमिरमया यान्ति नाशं मलाख्याः ।
योगीशः सोऽपि मोहाऽद्भुततिमिरचये भानुतुल्यप्रकाशो
गद्यैः पद्यैः प्रबन्धैर्विरचयति सुधावाक्यसन्दोहलक्ष्मीम् ।।१८।।

स्वाधिष्ठाने यावदपेक्षम् उषित्वा योगी तदूर्ध्वं तृतीयं मणिपुरनामकं चक्रं प्रति प्रयाति, विधुद्वायुस्वनेच्छाकर्षणादिसमाकृष्टो बहूवीः पातालसप्तक्लृप्तीः पश्यन् सुषुम्णायां यथेष्टं सूक्ष्मग्रन्थिषु प्रसह्य अवरोधम् आसंजयन् अग्रे प्रवर्तते ।

સ્વાધિષ્ઠાનમાં અપેક્ષા પૂરતું જ રહીને યોગીજન ઉપરિદેશે ત્રીજા મણિપુર નામક ચક્ર પ્રતિ જાય છે, વિદ્યુત વાયુ સ્વન ઇચ્છા આકર્ષણ આદિ વડે ખેંચાતો થકો બહુવિધ સૃષ્ટિઓને સાત પાતાળોની ગોઠવણીઓને જોતો થકો સુષુમ્ણામાં પ્રબળેચ્છાથી સૂક્ષ્મગ્રન્થિઓમાં પરાણે અવરોધ લઈને ઠહેરતો થકો આગળ વધે છે, (૩) મણિપુર ચક્રમાં છે.

तस्योर्ध्वे नाभिमूले दशदललसिते पूर्णमेघप्रकारशे,
नीलाम्भोजप्रकाशरुपहितजठरे डादिफान्तैः सचन्द्रैः ।
ध्यायेद् वैश्वानरस्याऽरुणमिहिरसमं मंडलं तत् त्रिकोणं,
तद्बाद्ये स्वस्तिकाऽधैंस्त्रिभिरभिलसितं तत्र वन्हेः स्वबीजम् ।।१९।।

સ્વાધિષ્ઠાન થી ઉપર સુષુમ્ણામાં દશ પાંખડીઓનું મેઘના રંગનું મણિપૂરક નામનું, તેની પાંખડીઓમાં ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, આ દસ વર્ણોની રેખાઓવાળું ચક્ર છે, તે ઉપર ૐ અર્ધચન્દ્રકાર બિંદુઓ છે, તે બાળસૂર્ય સમાન ચળકે છે, દસ પાંખડીઓ ઉપર એક ત્રિકોણ છે, તેના ત્રણ ખૂણાની લીટીઓ સ્વસ્તિકને આકારે ત્રણ દક્ષિણ તરફ ખૂણા કરીને લમ્બાય છે, ત્રિકોણના બાહેર ખૂણાઓમાં સ્વસ્તિકના બિન્દુઓ છે, તેથી ત્રણ સ્વસ્તિકોવાળું ત્રિકોણ અર્ધસમ વન્હિમંડળમાં ૨ એવા વન્હિ બીજે સહિત દૃશ્ય થાય છે, આ સૂક્ષ્મ ગોઠવણીવાળા ત્રિકોણમાં મેઘ ઉપર બેઠેલ અગ્નિ દેવતા છે, તેના ખોળામાં બેઠેલા ધવળ રુદ્રમૂર્તિ ત્રિનેત્ર શિવ છે, તેની શ્યામા ઉજ્જ્વલા મહા તેજોમયી શક્તિ ત્રિમુખી ત્રિનેત્રી ઉગ્રદંષ્ટ્રી વજ્રધારિણી કર્ણિકા ઉપર મધ્યભાગે જ ગૌર હૃદયવાળી ચારે તરફ ઉજ્જ્વળ પ્રકાશોની પૂરનારી છે, મણિસમાન આ ચક્ર તમામ નાડિકાઓને પ્રકાશ પહોંચાડે છે.

ઉપાસક યોગી આત્મા મણિપુરમાં શ્વેત કિરણો દ્વારા રુદ્ર લોકને, નીલકિરણોદ્વારા વિષ્ણુલોકને, રક્તકિરણો દ્વારા બ્રહ્માનાલોકને, સુવર્ણસમપિશંગ કિરણોદ્વારા સ્વર્ગલોકને, ચિત્રિતકિરણોદ્વારા આવરણોને, પાંડુરકિરણોદ્વારા ઇશ્વરોને, મિષ્ટામૃતકિરણોદ્વારા બ્રહ્મલોકને, સમ્પ્રજ્ઞાતસ્થિતિમાં દેખે છે. તે તે લોકની દેવતાઓ ઇશ્વરાણીઓ બ્રાહ્મીઓ શક્તિઓ અને તેમના અધિષ્ઠાતાઓને દેખતો થકો યોગી આત્મા સર્વ અનુભવ કરીને મણિપુરમાં હાજર થાય છે, ત્યાંથી કંઠ સુધીની પિંગલામાં સ્વર્ગોને ઇડામાં પિતૃરૂષિ

લોકોને સુષુમ્ણામાં, બ્રહ્મલોકને દેખીને પાછો આવીને સ્થિર થાય છે, પશ્યન્તી નામ વાણી બ્રહ્મને અવલમ્બે છે, બ્રહ્માણ્ડોની રચના જોઈને (૪) હૃદયમાં અનાહત ચક્રમાં ખેંચાય છે.

तस्योर्ध्वे हृदि पंकजं सुललितं बन्धूककान्त्युज्जवलं,
कादैर्द्वादशवर्णकैरुपहितं सिन्दूररागाऽन्वितैः ।
नाम्नाऽनाहतसंज्ञकं सुरतरुवाञ्चछातिरिक्तप्रदम्,
वायोर्मण्डलमत्र धूमसदशं षट्कोणशोभान्वितम् ।।२२।।

મણિપુર ચક્ર ઉપર માર્ગે ચાલતો યોગી આત્મા સમીપે આવતી ગ્રન્થિમાં રોકાય છે, આ ગ્રન્થિ સુષુમ્ણા વચ્ચેની નાળીમાં સપાટ તેજસ્વી ભૂમિ છે, તેમાં રોમ અણિ સમાન અણવી છે તે સૂર્યસમાન અંજવાળું આપે છે, તે અણવી પોતાની સપાટીમાંથી ઉપડેલી છે, સપાટીમાં એક સૂક્ષ્મ તિલ દાણા જેવો સૂક્ષ્મ કીલક છે, તે નીચેથી સુષુમ્ણામાં પરોવાઈને સોંસરવો સુષુમ્ણાનાં નીચલા થરમાં નાળમાં એકમેક થયો છે, સુષુમ્ણાની નીચલી નાળીની નીચેનો ભાગ તે હૃદયચક્રની શ્રૃંગિણી અણિ છે, હૃદય તે જીવાત્માનું કાયમી ભવન રહેઠાણ છે, હૃદય કંદને ત્રણ આંટા ફરેલી એક સૂક્ષ્મ તાર-નાડી છે, તે પુરીતત્ નામે છે, તેમાં એક ચૈતન્યશક્તિ વસેલી છે, જે સંકલ્પ-મનન-સ્વભાવાત્મક છે, તે મન નામે ઓળખાય છે, આ માનસ શક્તિ પુરીતત્માં હૃદય સાથે લગ્નિત થાય ત્યારે જ્ઞાન વિજ્ઞાન સ્ફૂર્તિઓ ઉદ્ભવે છે, હૃદય સાથે અસંયુક્ત સ્થિતિમાં પુરીતત્માં હોય ત્યારે સૌષુપ્ત સ્થિતિને આત્મા અનુભવે છે, નિજભાનમાત્ર આત્મા હોય છે, પણ યોગી આત્મા આ વખતે સુષુમ્ણામાં ચક્ર માર્ગે સ્થિર થાય છે, તેમાં સૂક્ષ્મ ૧૨ દલ અણુઓ છે, તે પાંખડીઓમાં **क ख ग घ ङ च छ ज झ ञ ट ठ** એવા બાર વર્ણોની રેખાઓ બીજરૂપે છે, તે બિન્દુસ્વરૂપે સૂક્ષ્મ છે ત્યાં સૂક્ષ્મબ્રહ્મના વિમર્શનું બિન્દુ સ્વરૂપ ઉદ્ભવે છે, અનાહતચક્રનામે આ સ્થળ છે, તે બારેય વર્ણો તે તન્તુરૂપે ગોળ ચક્રાકારે અડે એવું સૂક્ષ્મ તન્તુ જે વાયુમંડળતન્તુ વાયુસ્તર રૂપ છે, તે પ્રાણનપણાને આપૂરક છે, મધ્યે કર્ણિકા છે, તેમાં વાયવી વાયુની શક્તિ વિધારિણી શક્તિ વસેલી છે, સમગ્ર સૃષ્ટિની વિધારણા શક્તિ કર્ણિકામાં છે, તે કામવલ્લી સર્વ ઇષ્ટ અતીષ્ટ આકસ્મિક ફળ આપનારી છે, માટે કલ્પવલ્લી છે, કામદુધા છે, વાયુમંડળમધ્યે કર્ણિકામાં વાયુબીજ યં એ અક્ષર રેખા છે, ધૂમધૂસર તેનો રંગ છે, તે વાયુશક્તિ કાળીયારમૃગ ઉપર અરૂઢા છે, વાયુદેવતાના હાથમાં અંકુશ છે, સૃષ્ટિઓને ખેંચી રાખે છે, વાયુનું મંડળ બાર પાંખડીઓ ઉપર બબે પાંખડી ઉપર એકખૂણો એમ છ ખૂણાઓ કરીને પાંખડીઓને

દબાવીને રહ્યું છે, વાયુદેવતા સમાન ચતુર્ભુજ શક્તિ વાયવી વિધારિણી શક્તિએ વ્યાપેલા ત્રયસ્ત્રિંશત્ કોટિ દેવતાઓ યોગી ધ્યાતાને દેખાય છે, સંકર્ષણ અનિરૂદ્ધ પ્રદ્યુમ્નો દેખાય છે, વાસુદેવ, પરવાસુદેવ, દેખાય છે, અનાહત ચક્રમાં બેઠેલો આત્મા સુષુમ્ણાના તેજમાર્ગ વડે બ્રહ્મલોકને પણ દેખે છે, ચોવીસ અવતારોને, શક્તિઓને, અનન્ત લક્ષ્મીઓને, અસંખ્ય ધામોને પણ દેખે છે, અનન્ત આનંદ સાગરમાં ઝેલતો રહે છે, અનાહત ભૂમિમાંથી સમીપે એવા પણ નિજ ભવન હત્કમળમાં જતો નથી, બ્રહ્મસુખે સુખીઓ બ્રહ્મતામાં લ્હેરો કરે છે, પૂર્ણસુધારસપાન વડે તૃપ્ત રહે છે, આ વિધારિણી શક્તિમાં શિવા શ્રી શારદાના ધ્યાન વડે જપના અનુષ્ઠાનીઓને મંત્રસિદ્ધિઓ થાય છે, ધાર્યા પ્રમાણે સૃષ્ટિસર્જક થાય છે, બ્રહ્મભાવને અપનાવે છે.

વાયુબીજ **યં** માં નીચે ત્રિકોણ મધ્યે શિવબાણ છે, તેમાં મસ્તકે અર્ધચંદ્ર બિંદુ સચ્છિદ્ર છે, આ છિદ્રમાં આસન જમાવીને પદ્મ ઉપર માનસી પૂજા કરવી, માનસિકી પૂજા આ ચક્રને આધારે છે _

मन्मध्येऽष्टदलं रक्तं तत्र कल्पलता स्थिता । इष्टदेवासनं चारुचन्द्रातपरिराजितम् ।। तत्र ध्यायेदिष्टदेवं तत्तत्कल्पोक्तमार्गतः ।।

આ અનાહત પદ્મમાં ઇષ્ટદેવ એવા શ્રીહરિ અવતારી દ્વિભુજમૂર્તિ શ્રીસ્વામિનારાયણભગવાન શ્રીહરિકૃષ્ણ શ્રીઘનશ્યામમહારાજ શ્રીબાળકૃષ્ણપ્રભુનું ધ્યાન કરવું, પછી સમાધિ સ્થિતિ થવા લાગે છે, અક્ષરધામને જોઈને ત્યાંના આનન્દોનો અનુભવ કરીને શાશ્વત તૃપ્ત થવાય છે, શ્રીજી મહારાજે શ્રી પ્રગટપ્રમાણ અવતારી એવા પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પ્રમાણે ધ્યાન માનસીપૂજા પ્રવર્તાવ્યાં છે :

ध्यायेदयो हृदि पंकजं सुरतरुं सर्वस्य पीठालयं,
देवस्याऽनिलहीनदीपकलिकाहंसेन संशोभितम् ।
भानोर्मण्डलमण्डिताऽऽन्तरलसत्किंजल्कशोभाधरम्,
वाचामीश्वर ईश्वरोऽपि जगतां रक्षाविनासक्षमः ।।२६।।

આ હૃદયકમળના અનાહત ચક્રને સેવતો યોગી આત્મા વાણીનો ઈશ્વર બૃહસ્પતિ સર્વપ્રાણીઓની ભાષાઓના જ્ઞાનવાળો થાય છે, શબ્દઆકાશના સમ્બન્ધમાં સંયમ જન્યા, આ સિદ્ધિ મધ્યમા અનાહતનાદમાંથી જન્મે છે. આ કમળ તમામ દેવતાઈ પીઠાલયોનું તથા કલ્પ તરૂઓનું મૂળ છે, દિવ્ય હંસ સહિત બ્રહ્મા તથા વાહન સહિત દેવો તથા સૂર્યમંડળ ભરેલા કિંજલ્કતન્તુઓથી રચાયેલ છે, જેમાં બ્રહ્માંડોની રક્ષા તથા લીનતાની

શક્તિઓ સૂમૂર્ત સંકલ્પમૂર્ત સ્વરૂપે વરતેજ છે, ધારે તે થાય, જગત્નો ઈશ્વર વૈરાજ પણ થાય, હિરણ્યગર્ભ કે મહાવિષ્ણુ પણ થાય, તત્ત્વપ્રધાન માયાનો અધિપતિ પણ થાય, પાછો દેહમાં આવે ત્યારે ભૌતિક દેહી વરતે.

તમામ સૃષ્ટિઓ હૃદયાકાશમાં ચિદાકાશમાં એમ અણવી, અનણવી, મધ્યાણવી, પૂર્ણાણવી, સ્થૂળાણવી, વ્યાપક સૃષ્ટિઓ અનાહતમાં યોગી સર્જી શકે છે, લીન પણ કરી શકે છે. આ યોગી શક્તિઓને પ્રિયતમ સર્વજ્ઞ જ્ઞાનીશ્વર જીતેન્દ્રિય ધ્યાનાવધાની ગદ્યપદ્યાદિ પારંગતા સર્વલક્ષ્મીઓના સ્વામી, સર્વદિવ્ય ભોગભોગી દુર્ગમોમાં પ્રવેશમાં બલી, એવો આ યોગી થાય છે, હિમાલયમાં જ્વાલામુખીમાં સૂર્યમાં ચન્દ્રમાં સોંસરવો નીકળે તેવો સમર્થ વર્તે છે.

ત્યાંથી ઉપર ખેંચાયેલો યોગી સુષુમ્ણા વડે કંઠદેશસ્ય વિશુદ્ધ ચક્રમાં પહોંચે છે, તેમાં ષોડશ દળોમાં વિસર્ગાન્ત સોળ સ્વરો અ આ **ઇ ઈ ઉ ઊ ઋ ૠ એ ઐ ઓ ઔ અં અઃ,** ઁ **અને :** વિસર્ગ સ્વતંત્ર આ સોળ પાંખડીઓમાં સાકાર રહ્યા છે. રક્તધવલ પૂર્ણ બિન્દુ સમ મંડળ છે, શ્વેત નીલ નભોમંડળ ચારેકોર દિસે છે. આ કમળની કર્ણિકામાં નભોમંડળ મધ્યે **હં** નભોબીજ છે, તેમાં સદાશિવનામા દેવ વસેલા છે, ત્યાં શુક્લ હસ્તી ઉપર પ્રકાશમાન સદાશિવ ગિરિજા સહિત બિરાજે છે, આ અર્ધનારીશ્વર શિવ છે, વામ સુવર્ણા ભિદેહ દક્ષિણ ચન્દ્રસમાભદેહ છે, હેમંરૂપ્ય શરીરી છે, લલાટમાં સુધાંશુ છે, પંચમુખ, મુખે મુખે ત્રિનેત્ર વિભૂતિભૂષિત છે, વ્યાઘ્રચર્મધારી, ફણીનાગ માળધારી, દશ ભુજાવાળા છે, શૂલ, ટંક, કૃપાણ, વજ, અગ્નિ, નાગ, ઘંટા, અંકુશ, પાશ, અભય, ધારેલાં છે, વિશુદ્ધ ચક્ર કર્ણિકામાં શાકિની શક્તિ શુક્લા, જ્યોતરૂપા, ત્રિનેત્રા, પંચમુખી પાશ કટાર, પુસ્તક જ્ઞાનમુદ્રા, આદિ આયુધધારિણી છે,

આ મંડળમાં બ્રહ્મા-સાવિત્રી, વિષ્ણુ-વૈષ્ણવી, બ્રહ્મ-બ્રાહ્મી તથા ગુરુ-ગુરુવાણી, આદિકનો અભ્યાસી યોગી તે તે શક્તિઓ આયુધો ફલોને દેખે છે, નિર્વાણ મુક્તિમાં પણ વર્તે છે, આંહી પૂર્ણ યોગફળ પમાય છે, ત્રિકાળ દર્શી સર્વજ્ઞ થાય છે, સર્વ પ્રમેય દ્રષ્ટા થાય છે, ચિરંજીવી થાય છે, કંઠમૂળમાં સંયમી યોગીને ક્ષુધા તૃષા મટી જાય છે, તાલુના કાકડાને જીભ અડાડે તો અમૃત ભોજન રસવડે હજારો વર્ષ કુણો લીલો હીર જેવો રહે છે, માયા અવિદ્યા સૃષ્ટિની શુદ્ધિ થઈ જાય છે, વિશુદ્ધ થાય છે.

યોગી કંઠમાંથી તાલુ વિધિને પાછો વળીને સુષુમ્ણામાં ખેંચાણો થકો ભ્રુમધ્યમાં સ્થિત આજ્ઞાચક્રમાં પહોંચે છે, કણ્ઠકૂપને વિંધવામાં ગુરુહરિની જરૂરત પડે છે, કાપી નાખે તેવા હજાર આરાનું કંઠ વાયુચક્ર હરિગુરુ ઉલ્લંઘાવે છે, પછી **આજ્ઞાચક્ર** તરફ ઉપડે છે, આન્ત:કરણિકી માનસવૃત્તિ ચિચ્ચૈતન્ય કૃપા સાથે ઉપડે છે.

तालुकण्टं प्रविश्योर्ध्वं भ्रूयुगान्ते सितं शुभम् ।
द्विदलं हक्ष - वर्णाभ्यां मनोऽधिष्ठितमम्बुजम् ।।

બે પાંખડીનું **હ ક્ષ** અક્ષરો બીજવાળું, માનસની વિચાર વૃત્તિને વધતી અટકાવવાનું સાધનરૂપ, શ્વેતવર્ણનું, ભ્રુકુટિમધ્યે આજ્ઞાચક્ર રહ્યું છે, અતિશીતલ બરફ સમાન સ્વરૂપે ગુણે ફળે ધ્યાનમાં તેજસ્વીપણે સમાન ઉપયોગી થાય છે, ત્યાં ધ્યાનશક્તિ વિશાળા સર્વજ્ઞમયી બળવતી છે, વિદ્યા પુસ્તકમુદ્રાવાળી વર અભયદાન દેતી છ ભુજાઓવાળી, ડમરૂ, અક્ષસૂત્ર, બ્રહ્મપાત્ર, વિદ્યા, મુદ્રા, અભયદાનવાળી વિલસી રહી છે, જ્ઞાનપ્રદાની ગુરુદેવતા સ્વરૂપે વસેલી છે, આ કમળની કર્ણિકામાં ત્રિકોણમાં શુક્લ સ્ફાટિકલિંગાત્મક વિધુત્સંભત તેજોમાળા તારો વડે વ્યાપ્ત વેદ-બીજ પ્રણવ ઓં સહિત બ્રહ્મશિવ વેદબીજધારી રહેલા છે, ઓં મૂર્તિમાન પુરુષ નાદના ધ્વનિઓને વિકસાવતો થકો સમગ્ર સૃષ્ટિની ચૈતન્યવૃત્તિને પૂરનારો થાય છે, ચિત્રિણી નામના નાડીનું સંચાલન પ્રકાશન કરનારો છે.

ध्यानात्मा साधकेन्द्रो भवति परपुरे शीघ्रगामी मुनीन्द्रः,
सर्वज्ञः सर्वदर्शी सकलहितकरः सर्वशास्त्रार्थवेत्ता ।
अद्वैताचारवादी विलसति परमापूर्वसिद्धिप्रसिद्धो,
दीर्घायुः सोऽपि कर्ता त्रिभुवनभवने संहृतो पालने च ।। ३४।।

આ અજ્ઞાચક્રમાં ધ્યાતા યોગી, પરબ્રહ્મને બ્રહ્મને અક્ષરને મુક્તોને પુરુષને પ્રકૃતિસ્વામીને પ્રધાનેશને વાસુદેવને વ્યૂહોને ભૂમાને અવતારોને ઈશ્વરોને હિરણ્યગર્ભને વૈરાજને બ્રહ્મા વિષ્ણુ મહેશને નારાયણને શેષને શ્રીપતિને સતીશ્વરને વૈધસીશ્વરને આર્ષીશક્તિઓને, પૈત્રી શક્તિઓને દૈવી શક્તિઓને લોકપાળોને તત્ત્વમૂર્તિઓને ભૌતિકદેવતાઓને સાત્ત્વિકી રાજસી તામસી કળાઓને સર્જિકા પાલિકા મોહિકા સંહારિકાઓને વિકુણ્ઠા શ્રી ભૂ લીલા વિભૂતિઓને, ઉન્મની આક્ષરી હરિણીઓને તમામ માતૃ પિતૃ સ્વરૂપોને ધારણા પ્રમાણે ધ્યાનમાં દેખે છે, અને ત્યાંથી બ્રહ્મલોકમાં જવાની આજ્ઞા ગુરુ પાસેથી લઈને સુષુમ્ણામાં આગળ વધે છે, સૂર્ય ચન્દ્ર ધ્રુવના તેજોનો નિરપેક્ષ મહાશૂન્યમાં આવરણોને વિંધિને પાર જતો થકો શીઘ્રગામી ક્ષણમાં અબ્જો માઈલોના અન્તરને ઉલ્લંઘનો થકો, સર્વજ્ઞ પ્રત્યક્ષદર્શી સૂક્ષ્મ સ્થૂળ વિપ્રકૃષ્ટને દેખતો થકો સર્વદર્શી સર્વ તત્ત્વવેત્તા એક બ્રહ્માત્મકતાને પામીને સર્વસિદ્ધિસંભૃત એવો પરબ્રહ્મને દરવાજે બ્રહ્મરન્ધ્રમાં પહોંચે છે, સુષુમ્ણા પોતાની વિદ્યુત્પ્રવાહની શક્તિમાં ઓછી થતી નથી, વાયુનું સૂક્ષ્મ સંચાલન બરાબર હોય છે જ, તત્ત્વોની શુદ્ધિ સજીવનતા ચાલુ જ હોય છે, ઢીમ થવાનો સમય આવતો જ નથી, હજારો વર્ષો બ્રહ્મકમળમાં સ્થિર થાય તોપણ

સજીવનપણું તેવું ને તેવું જ બ્રહ્મસમ્બન્ધ વડે ટકે છે, વ્યાપ્ત એવી દૈવીશક્તિઓ બૂડ સ્વરૂપે રહી થકી શરીરને કોઈ અનિષ્ટ પરાભવ લાગવા દેતી નથી.

અ ઉ મ - નો યોગ સૂક્ષ્મ પ્રકાશસંભૃત શુદ્ધ બુદ્ધ આત્મામાં જ્યોતિસ્વરૂપે ચળકે છે, પ્રણવ નાદ બ્રહ્મષ્ઠ શુભ્ર સુધાસંભૃત મિષ્ટ આનન્દસંભૃત આત્માને શ્રવણશક્તિ વડે ગ્રહણ થાય છે. આંહી ભૌતિક ચિત્ત અને મન તે આત્મીય ચિચ્ચૈતન્યતત્ત્વમય થઈ જાય છે, બ્રહ્મસુખનું સદન બ્રહ્મ કમળ છે, બ્રહ્મયોગી ગુરુસેવા તથા પરમગુરુસેવા વડે આંહી સ્થિર થાય છે, બ્રહ્મરન્ધ્રમાં અસંખ્ય અગ્નિકણો વિદ્યુતઅણુઓ ઝબકારા મારતા સૂર્ય સમાન દેખાય છે, તે તમામ કણો સૃષ્ટિઓના દર્શક છે, ઈશ્વરોની સૃષ્ટિઓ અને બ્રહ્મસૃષ્ટિઓના દેખાડનારા છે. એક કણમાં પ્રવેશ કરે તો લાખો વર્ષો સુધી ફરે જુએ તોપણ તે એક કણની સૃષ્ટિના અન્તને ન પામે એવી વિશાળ સૃષ્ટિઓ એક એક બ્રહ્મકણાઓમાં વસેલી છે, બ્રહ્મવડે વિકસેલી દેખાય છે.

ज्वलद्दीपाकारं तदनु च नावीनार्कबहुल-
प्रकाशं ज्योतिर्वा गगनपृथिवीमध्यमिलितम् ।
रुह स्थाने साक्षाद् भवति भगवान् पूर्णविभवोऽ-
व्ययः साक्षी वन्हेः शशिमिहिरयोर्मच्छलमिव ।।३७।।

આ બ્રહ્મરન્ધ્રમાં ગયેલા ભિન્ન ભિન્ન ઉપાસક યોગિજનોને એક જ પ્રકારનું બ્રહ્મજ્યોતિ સર્વત્ર વ્યાપક દેખાય છે, ચિદાકાશ જ છે, તેમાં રહેલો આ યોગી ભગવાન જેવો પૂર્ણ ચમત્કારી થાય છે, વન્હિ જેવો ઉજ્જ્વલ સાક્ષી પ્રતાપી અવિચળ પ્રતાપી વર્તે છે, પરમાત્મા જ્ઞાનશક્તિસહિત સ્વયં સર્જન રક્ષણ વિલયન કર્તા યોગીને ઉપચારાય છે.

इह स्थाने विष्णोरतुलपरमार्मोदमधुरे
समारोंप्य प्राणं प्रमुदितमनाः प्राणनिधने ।
परं नित्यं देवं पुरुषमजमाद्यं त्रिजगतां
पुराणं योगीन्द्रः प्रबिलसति वेदान्तविदितम् ३८।।

આ આજ્ઞાચક્રમાં પહોંચેલો યોગી આત્મા મોક્ષમાં પ્રમુદિત થાય તો પરબ્રહ્મ શ્રીહરિના મધુર સ્વરૂપમાં પ્રાણન શક્તિ સમર્પીને જીવ જગત ઈશ્વરજગત અને બ્રહ્મલોકના અધિપતિ એવા નિત્ય આદિ અનાદિ પરમપુરુષને બ્રહ્મધામમાં પામે છે. યોગાસને કુંભક કરીને આત્માને ચક્રોમાં ચઢાવીને કુંડલિની જગાવીને વિદ્યુતનાદને તત્ત્વપ્રપંચવિલયન કરીને ઈષ્ટદેવને આધારે ગુરુને નમીને બ્રહ્મરન્ધ્રને બ્રહ્મમાર્ગ વડે પરબ્રહ્મના ચરણોમાં પહોંચે છે.

આંહી અજ્ઞાચક્રમાં બ્રાહ્મીશક્તિ પરમશિવશક્તિ સ્વરૂપે શુક્લવર્ણા રક્ત છમુખી ત્રિનેત્રા છભુજા વર અભય અક્ષમાલા કપાલ ડમરૂ પુસ્તક ધારિણી શુક્લપદ્મસ્થિતા છે, તેના ઉર્ધ્વ ત્રિકોણમાં શુક્લ વર્ણ પરમશિવ છે.

ગુરુકૃપા મેળવીને યોગી અજ્ઞાચક્રમાંથી મહાનાદને પકડીને આગળ બ્રહ્મરન્ધ્રના કમળમાં જાય ત્યારે ત્યાં મહાનાદનો લય કરી શકે છે, શિવશક્તિ લય પામે છે.

પ્રપંચસારમાં કહ્યું છે _

नादात्मना प्रबुद्धा सा निरामयपदोन्मुखी ।
शिवोन्मुखी यदा शक्तिः पुंरूपा सा तदा स्मृता ।।

આત્માની અને પરમશિવની શક્તિઓ લીનતાને પામે ત્યારે પુરુષરૂપ તે શક્તિઓ દેખાય છે, મોક્ષાધિકારી યોગીને તે શક્તિઓ પરમપુરુષ સ્વરૂપે, મુક્તિ સ્વરૂપે પરબ્રહ્મસારૂપ્યમાં દેખાય છે.

આજ્ઞાચક્રમાં ભગવાન વિષ્ણુભગવાન શ્રીહરિના સ્થળમાં બિન્દુમાં પ્રાણ પરોવીને જીવન સમાપ્ત કરે તો યોગિજન અન્તકાળે પરમપુરુષ પરમેશ્વર એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણમાં પ્રવેશ પામે છે, અન્તકાળે યોગાસને બેસીને કુંભક પ્રાણાયામ લગાવીને હૃદયનિવસિત આત્માને મૂળાધારમાં લાવીને ગુદાને સંકોચીને કુંડલિનીને જગાડીને મૂળાધારથી બ્રહ્મરન્ધ્રસુધી વીજળીતારકિરણસમાન સૂત્રરૂપ **ओं** નાદને ધ્યાનવ્યાપ્ત કરીને પ્રાણને નાદમાં વિલીન કરીને જીવાત્મા ચક્રો ભેદીને આજ્ઞાચક્રમાં કુંડલિનીમાં પાંચ સ્થૂલ સૂક્ષ્મ ભૂતત્ત્વોને લીન કરીને આત્માએ બ્રહ્મરન્ધ્રના બિંદુમાં તાદાત્મ્ય કરીને બ્રહ્મરન્ધ્રભેદીને બ્રહ્મમાં લીન થવું, આ આજ્ઞાચક્રમાં બેદલનું શુકલવર્ણનું **હ-ક્ષ** વાળાં બે કાબરા દલવાળું છે, તેની કર્ણિકામાં ચક્રાધિષ્ઠાત્રી શુક્લવર્ણા બ્રહ્મશક્તિ શુક્લપદ્મઉપર રહેલી છે, શિવધ્યાની તેને રક્તછમુખી ત્રિનેત્રી છભુજી ૨ અભય અક્ષમાળા કપાલ ડમરૂ પુસ્તક ધારિણી દેખે છે, નારાયણોપાસકો તેને ચતુર્ભુજા રક્તશુક્લ સુવર્ણવર્ણા કમળસ્થા રૂપસૌન્દર્યમયી નારાયણી લક્ષ્મીજીને દેખે છે, તે કમળ ઉપર ત્રિકોણમાં શુક્લવર્ણ વિદ્યુત્સમપ્રકાશિત અન્તરાત્મા પ્રણવાખ્ય પ્રદીપજ્યોતિ ચારેકોર કિરણમંડળ પ્રકાશ ઝરણાવાળા બ્રહ્માત્માને મૂળાધારથી બ્રહ્મરન્ધ સુધી પ્રકાશ આપનારાને યોગી દિવ્યદૃષ્ટિ વડે દેખે છે, તેમાં સૂક્ષ્મ તેજ:કણ એવા માનસને દેખે છે, તે ઉપર શીતલતેજોમંડળમાં હંસ એવા પોતાને અને પરમહંસ એવા પરમાત્માને દેખે છે.

યોગીજને પરમાત્માસ્વરૂપ મહાયોગી એવા સદ્‌ગુરુને સેવવા, તેની પ્રસન્નતા વડે નિર્મલદૃષ્ટિ વડે આજ્ઞાચક્ર ઉપર મહાનાદને દેખવા સાંભળવા માંડે છે, નાદબિંદુરૂપ

મહાશક્તિને સાક્ષાત્ દેખે છે, પોતે તેમાં સમાધિ અવસ્થાને પામે છે, સમાધિસ્થ યોગીને બધું નિજમંડળ ચિદાત્મામાં લીનતાને પામે છે, અહંકાર બુદ્ધિ પ્રકૃતિ પણ લીન થાય છે, આજ્ઞાચક્ર ઉપર લલાટમાં ઇન્દુ ચળકે છે, તે ઉપર બોધિનીશક્તિ પ્રકાશે છે, તે ઉપર અર્ધચન્દ્રાકૃતિ નાદ ગાજે છે, તે ઉપર લાંગલસમ મહાનાદ ચળકે છે, તે ઉપર આંજી કલા, તે ઉપર ઉન્મની શક્તિ છે, બિંદુ નાદ અને બીજ તે ત્રણેય પરમેશસ્વરૂપમાંથી જ નિસરે છે, તેનો સમવાય સમૂહ સંસૃષ્ટ છે, પંચરાત્રમાં _

"પવમાલોક્ય સર્ગાદૌ સચ્ચિદાનન્દરૂપિણીમ્ । સમસ્તતત્ત્વસંધાતાં સ્મૃત્યધિષ્ઠાતુરૂપિણીમ્" વ્યક્તાં કરોતિ નિત્યાં તાં પ્રકૃતિં પરમ: પુમાન્ । સર્ગાદિમાં સચ્ચિદાનન્દસ્વરૂપી બધાં તત્ત્વમયી સ્મૃતિધારા ચલાવનારી એવી બિંદુનાદમયી નિજશક્તિને પરબ્રહ્મપરમાત્માએ ઉપજાવી છે, જેને પ્રકૃતિ વર્ણવેલી છે, ત્યાં મન લીન થાય ત્યારે ઉન્મની નામ લાગુ પડે છે, તે સરસ્ત્રારધારારૂપે તથા વર્ણાવલીરૂપે સ્થિત છે, સહસ્ત્રારમધ્યે કર્ણિકામાં ચન્દ્રમંડળમધ્યે ઉન્મની કળા તે ભવપાશનિકૃન્તની છે, આજ્ઞાચક્ર ઉપર શિવબ્રહ્મસ્વરૂપ દ્વિતીય બિન્દુ છે તે ઉપર અર્ધમાત્રાકાર બોધિનીશક્તિ છે, તે ઉપર અર્ધચન્દ્રાકૃતિ નાદ છે, તે ઉપર લાંગલાકૃતિ મહાનાદ છે, તે ઉપર આજ્ઞાશક્તિ, તે ઉપર શમનીશક્તિ, તે ઉપર ઉન્મની છે, બ્રહ્મરન્ધ્રમાં સુષુમ્ણા ઉપર છેડે શંખિની નાડીને ટેરવે શિખરે શૂન્યાવલમ્બી_

સહસ્ત્રદલ કમળ તેજસ્વી બ્રહ્મ તેજોવેડે ભરેલું છે, આકારાદિ વિસર્ગાન્ત પચાસ અક્ષરોને વીસ વાર આવૃત્તિ કરીને હજાર સ્વરૂપે અક્ષરો તે હજાર પાંખડીઓમાં બીજ વસેલાં છે, સહસ્ત્રદળકમળની કર્ણિકામાં અમૃત ભરેલ ચન્દ્ર આનંદ સંભૃત વસેલા છે, તે કર્ણિકામાં અન્તરાત્મા ગુરુ વસેલા છે, તેને ત્રિકોણમાં સ્થિત ઉજળા શૂન્યમાં યોગીજન દેખે છે, આ શૂન્ય કેશાગ્રકોટિભાગ સમાન અતિગુપ્ત નિર્વાણકળાવાળું સૂક્ષ્મપ્રકાશિત ધ્યાનવડે અવગમિત થાય છે, મોક્ષમાં જવાના કન્દરૂપ છે, તેમાં પરમશિવ પરમેશ્વર છે, તે સર્વાત્મા છે જીવાત્મા પરમાત્મા તે છે, તે મૂર્તિમાન્ સામરસ્ય આનન્દરૂપ છે, યોનિને સાર્વજ્ઞ્ય આપે છે, તારકબ્રહ્મમંત્ર આપે છે, તે પુરુષશ્રેષ્ઠ પરમાત્મા આત્મામાં રહેલા પરમગુરુ પૃથક્ દેખાય છે.

લલાટમાં હજારપાંખડીના કમળમાં ગુરુ પરમગુરુ શ્રીહરિનું આત્મામાં ધ્યાન કરવું, તે સહજાનંદમન્દિર છે, અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું મન્દિર છે, તે બ્રહ્મપુર છે.

शिवस्थानं शैवाः परमपुरुषं वैष्णवगणाः,
लपन्तीति प्रायो हरिहरपद कंचिदपरे,
परं देव्या देवीचरणयुगलाभ्भोजरसिकाः,
मुनीन्द्रा अप्यन्ये प्रकृति पुरुषस्थानममलम् ।।४४।।

સહસ્રારકર્ણિકાના પ્રકાશિત શૂન્યમાં શિવપદં હરપદં હરિહરપદં પરમરપુરુષપદં બ્રાહ્મીપદં પ્રકૃતિપુરુષપદં જે જેનો ઉપાસક તેને તેની લબ્ધિ ત્યાં થાય છે, માટે પરમબ્રહ્મપદં તે છે, આ સહસ્ત્રારમાં ગયેલા યોગીને મોક્ષ હથેળીમાં છે, સંસારના બન્ધનને પામતો નથી, સર્વવિધ બ્રાહ્મી શક્તિ સમ્પન્ન થાય છે, કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું હેર્તુમ્ એવા કાર્યમાં સમર્થ થાય છે, સ્વેચ્છયા શરીરમાં જીવન્મુક્ત થકો વિચરે છે, સર્વવાણીમાં વ્યાપકજ્ઞાની થાય છે, આ સ્થળે પીયૂષકળા નિર્વાણકળા નિત્યપ્રબોધકળા મુક્તિકળા રૂપી બ્રાહ્મી પરબ્રહ્મ તે જોખમી કળા છે, તે સાર્વજ્ઞ્યકળા સર્વ પ્રત્યક્ષ દર્શીકળા છે.

❖

तस्या मध्याऽन्तराले शिवपदममलं शाश्वतं योगिगम्यं,
नित्यानन्दाऽभिधानं सकलसुखमयं शुद्धबोधस्वरूपम्
केचिद् ब्रह्माऽभिधानं पदमिति सुधियो वैष्णवं तल्लपन्ति,
केचिद् हंसाख्यमेतत् किमपि सुकृतिनो मोक्षमात्मप्रबोधम्

નિર્વાણશક્તિના મધ્યમાં પરબ્રહ્મનું નિવાસ સ્થળ છે, અક્ષરબ્રહ્મ લોક છે, પ્રકાશ છે, બ્રહ્મદૃષ્ટિ વડે સાક્ષાત્ થાય છે, આત્માપરમાત્મા બ્રહ્મપરબ્રહ્મ હંસપરમહંસ ગુરુપરમગુરુના સાક્ષાત્કારનું સ્થળ છે, આત્મસાક્ષાત્કાર મોક્ષ સ્થળ છે.

મહાતત્ત્વસાર અર્થ : સુષુમ્ણાનાડી ઉપર સહસ્રદળકમળ શુક્લવર્ણ સમીપમુખ રક્તકિંજલ્કશોભિત પચાસવર્ણબીજવાળું તેની વીશવાર આવૃત્તિ વડે હજાર બીજવાળું છે, તેની કર્ણિકામાં હંસગુરુ અને તેમાં પરમહંસ પરમગુરુ પરમાત્મા વિરાજેલ છે, તેથી આગળ સુષુમ્ણામાં સૂર્યમંડળ ઉષ્ણતેજસ્વી, તેથી આગળ સુષુમ્ણામાં ચન્દ્રમંડળ અતિશીતળ અમૃતભરેલ, તેથી ઉપર સુષુમ્ણામાં મહાપ્રાણવાયુ, તેથી ઉપર બ્રહ્મરન્ધ્ર છે, તેમાં બ્રહ્મકળા બ્રાહ્મીશક્તિ પરબ્રહ્મ પમાડનારી છે, મહાશંખિની નાડિકામાં વીજળીમય ત્રિકોણમાં મૃણાલતન્તુશતભાગસમ સૂક્ષ્મ શીતલ ચાન્દ્રી ષોડશી કળા રક્તવર્ણા સમીપમુખી છે, તેના કાંધમાં તેથી ઝીણી નિર્વાણકળા છે, તેથી આગળ અવ્યક્ત બ્રહ્મનાદાત્મક બિન્દુની સ્થિતિ ગોળસ્વરૂપે છે, તેથી ઝીણી હંસરૂપા નિર્વાણશક્તિ છે, તેનો હંસ સ્વામી યોગી આત્માનો પતિ પરમાત્મા બિન્દુના મધ્યમાં તેજોમય શૂન્યમાં બ્રહ્મપદમાં બીરાજે છે.

પરા, પશ્યન્તી, મધ્યમા, વૈખરી _ એવી ચાર વાણીશક્તિઓ સ્વરૂપે છે. યોગીજન, જ્યારે હૃદયથી નાભિ પ્રતિ આવીને સુષુમ્ણામાં આગળ વધે ત્યારે નીચે પ્રથમ વૈખરીને દબાવીને હૃદયમાં મધ્યમાને દબાવીને ભ્રકુટિમાં પશ્યન્તીને દબાવીને લલાટમાં પરબિન્દુમાં પહોંચી બ્રહ્મરન્ધ્રમાં મહાતેજના ધોધમાં બ્રહ્મમાં સમ્બન્ધ ધરાવે તે મોક્ષ ગતિમાં જાય, પરાભાવમાં એકએક થઈને પરબ્રહ્મમાં પહોંચે છે, પ્રથમ સત્ત્વપ્રવાહમાં, પછી અતિસત્ત્વપ્રવાહમાં, પછી પરમસત્ત્વપ્રવાહમાં, પછી શુદ્ધસત્ત્વપ્રવાહમાં, પછી વિશુદ્ધ બ્રહ્મસત્ત્વપ્રવાહમાં ચઢતો જાય તે છેવટે પરબ્રહ્મસ્વરૂપમાં સમર્પિત થાય છે.

યોગીન્દ્ર હૃદયમાંથી જીવાત્માને હંસ એવા અનુસંધાન સાથે ૧. **મૂળાધાર ચક્ર**માં પ્રવેશી કામસ્થળે કોટિકન્દર્પ સુન્દર શ્રીહરિને સાક્ષાત્ ધારતો રહે, ત્યાંથી આગળ ઓ એવા અનુસન્ધાન સાથે **સોઽહં** સ્મરણ સહિત આગળ વધે ૨. **સ્વાધિષ્ઠાનચક્ર**માં પ્રવેશે ત્યાં સૃષ્ટિસર્જક શ્રીહરિને સાક્ષાત કરી અને આગળ વધે, ૩. **મણિપુરચક્ર**માં આવીને કુંડલિનીને જાગ્રત અવસ્થામાં લાવીને ત્યાં બ્રહ્માસ્મિ સ્મરણ સાથે શ્રીહરિની મૂર્તિને ધારીને, ૭૧ હજાર નાડીઓના પોટલિયાને ચંચળ કરતો થકો કુંડલિનીને જાગ્રતમાં સચેતન કરતો થકો તેના ખુલ્લા મુખમાંથી તેની પૂંછડીને કાઢીને તે દ્વારમાં સુષુમ્ણામાં પ્રવેશતો થકો ઉપર ૪. **અનાહતચક્ર**માં પહોંચે, ત્યાં ઘનશ્યામ મૂર્તિને નિહાળતો થકો, ઘનશ્યામમૂર્તિને સાથે ૫. **વિશુદ્ધચક્ર**માં આગળ વધે, અને કંઠને ઉલ્લંઘીને ૬. **આજ્ઞાચક્ર**માં ઊંચો લલાટમાં પહોંચે, ત્યાં મૂળ પ્રકૃતિસહિત બધાં તત્ત્વોનો વિયોગરૂપ વિલય કરીને ઉન્મનીસ્થિતિમાં ગુરુસ્વરૂપમાં પહોંચે, ત્યાંથી ચિદાત્મબ્રહ્મસ્વરૂપમાં સુષુમ્ણામાં આગળ વધે, અને ગુરુસહારે બ્રહ્મરન્ધ્રમાં મુક્તિસમ્પાદકસ્થાનમાં પરબ્રહ્મ સાથે સ્નેહલગ્નિત થાય, બ્રહ્મલોકને જોઈને બ્રહ્મકિરણ અને બ્રહ્મીશક્તિને સહારે તેના બ્રહ્મરન્ધ્રના મુલલગ્નિત પ્રદેશમાં બ્રહ્મકિરણ દ્વારા પાછો આવે અને બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશ કરે પછી લલાટમાં આવી કંઠમાં થઈ બધાં ચક્રોમાં ક્રમવડે ભમીને હૃદયમાં બેસે તે મુક્તની રીતે વરતે, તે અનેક જીવના કલ્યાણ કરનાર થાય છે, લયક્રમે ઉર્ધ્વગતિ સૃષ્ટિક્રમે અવતરણગતિ સુખદા થાય છે, મુલાધારથી બ્રહ્મરન્ધ્ર સુધી અને બ્રહ્મરન્ધ્રથી મૂલાધાર સુધી આવવા જવામાં કુશળ યોગી અસમ્પ્રજ્ઞાત સમાધિમાં ઘણાં યુગો જીવી શકે છે, ભૌતિક માયિક આવરણોને ભેદી શકે છે, અદૃશ્ય વિહરણ કરી શકે છે, બ્રહ્માંડમાં વિચરી શકે છે.

પ્રાચીન યુગોના સાત્ત્વિક મહર્ષિઓ યોગ કળાઓને પરબ્રહ્મના સંબંધ અને મેક્ષાસ્થિતિમાં ઉપયુક્ત કરતા હતા, તેઓનાં યોગ ક્રિયાઓના લખાણો તથા અનુષ્ઠાનો તેમાં ઉપાસનાઓ આધ્યાત્મિક સ્તરોમાં અસ્તિત્વ અભ્યુદય ધરાવતા હતા, અનુષ્ઠાનો જોખમી લાગતાં વંશજોએ યોગાનુષ્ઠાનો વર્જિત કર્યા, યોગજ્ઞાનપ્રણાલીઓ અસ્તિત્વમાં

રાખી, પતંજલિએ યોગસૂત્રો, વ્યાસજીએ યોગભાષ્ય લખ્યાં, તેમની પ્રણાલિકાઓ જ્ઞાન ભાગમાં રહી, થોડી થોડી ઉપયોગી અનુષ્ઠાનમાં રહી, જેમકે આસનો પ્રાણાયામો આદિ હાલના જમાનામાં વિરલપણે અસ્તિત્વ ધરાવે છે, સમ્પ્રદાયોનાં પરમેશ્વરો મહાયોગીઓ તો હતા જ તેઓ નિજસિદ્ધ યોગીઓ મોક્ષસાધનો સ્થાપી ગયા, તન્ત્રો શાસ્ત્રો પણ લખી ગયા, કપિલજી, ગૌતમ, કણાદ, વ્યાસજી, પતંજલિ, જૈમિનિ, યોગીઓ હતા, તેવા ઋષિઓ પણ યોગીઓ હતા. તેમણે _ યોગના ઘણાં અનુષ્ઠાનગ્રન્થો લખ્યા, જેમકે _ ૧. મૂલાધાર, ૨. સ્વાધિષ્ઠાન, ૩. મણિપૂરક, ૪. અનાહત, ૫. વિશુદ્ધ અને ૬. આજ્ઞાચક્ર આદિ _ ઉદ્દેશીને, નાડિકાઓ લિંગો વ્યોમો ઈશ્વરો શક્તિઓ ક્રિયાઓ કુણ્ડલી બ્રહ્મપથ સાક્ષાત્કાર મોક્ષ સુધી વિવેચનો લખ્યાં.

૧. ભૂતશુદ્ધિતંત્ર, ૨. સમ્મોહનતંત્ર, ૩. યામલતંત્ર, ૪. ત્રિપુરાસારસમુચ્ચય ૫. તંત્ર ચૂડામણિ, ૬. ગુરુપાદુકાસ્તોત્ર, ૭. નિગમતત્ત્વસાર, ૮. કલ્પસૂત્રકાણ્ડ, ૯. વિશ્વસારતંત્ર, ૧૦. નિર્વાણ તંત્ર, ૧૧. શારદા તન્ત્રમ્, ૧૨. શાકતાનન્દતરંગિણી, ૧૩. માયાતંત્ર, ૧૪. કાલીકલામૃતતંત્ર, ૧૫. કંકાલમાલિનીતંત્ર, ૧૬. કાલિકાશ્રુતિ, ૧૭. લલિતા રહસ્ય, ૧૮. ભૂતલિપિ મંત્ર,

૧૯. ગૌતમીયતંત્ર, ૨૦. પ્રેમયોગતરંગિણી, ૨૧. પ્રપંચસાર, ૨૨. પંચરાત્રતંત્ર, ૨૩. તોડનતંત્ર, ૨૪. અન્નદાકલ્પ, ૨૫. પાદુકાપંચકસ્તોત્ર, ૨૬. મહાકાલી તંત્ર, ૨૭. આગમકલ્પદ્રુમ, ૨૮. ગન્ધર્વમાલિકા _ આ તંત્રો ષટચક્રો તેના દેવતાઓ બીજો શક્તિઓ ધ્યાન ફળ આદિ ઉપર વધારે વર્ણન કરનારાં છે, આ તમામોનું તાત્પર્ય તમો ઇષ્ટ ઉપાસ્યને કર્મ સમર્પણ કરો, આત્મદર્શન કરો, પરબ્રહ્મને પામો, માયા તજાય તો બ્રહ્મલોકમાં જવાય. સત્તાવીશતત્ત્વોરૂપી માયા તે આ શરીર છે. તેના અહંમમતા બંધન પરબ્રહ્મમાં લગાવો, બ્રહ્મપણે વરતો અને પરમેશ્વરમાં સમર્પિત થાઓ. શિવશાસ્ત્રોએ શિવને, વૈષ્ણવશાસ્ત્રોએ વિષ્ણુનારાયણને, શક્તિશાસ્ત્રોએ બ્રાહ્મીશક્તિવાળાબ્રહ્મને અને આત્મવિમર્શીઓએ પરમાત્માને, મુખ્ય પ્રાપ્ય સ્વીકારીને દ્વારભૂત દેવોને યોગક્રિયાઓ વડે ઉપાસ્યા છે. ફલ ફલ એક પરબ્રહ્મમાં જ છે, આ વિશ્વમાં માનવો ગુરુ સદ્‌ગુરુમાં સમર્પિત થાય તો બ્રહ્મમાં અને પરબ્રહ્મમાં સમર્પિત થઈ શકાય. ગુરુની સેવા તે યોગશાસ્ત્ર છે. આત્માને બ્રહ્મપણે વર્તાવવો તે જ્ઞાનશાસ્ત્ર છે અને સર્વકર્મસમર્પણ તે અનુષ્ઠાન યજ્ઞશાસ્ત્ર છે. પુત્ર પુત્રી પત્ની ધન ભવન ક્ષેત્ર ઉપર કુટુમ્બ આદિ પરમાત્મારૂપી સદ્‌ગુરુદ્વારા પરબ્રહ્મસ્વરૂપમાં સોંપવા તે મુક્તિશાસ્ત્ર છે, આમ વર્તનાર મુક્તિમાં જ છે.

स्वानि सर्वाणि गुरवे ब्रह्मणे परमात्मने ।
निवेध योगविधिना तरेत् संसारसागरम् ।।

પોતાનું સર્વસ્વ પરમગુરુ બ્રહ્માધિપતિ પરબ્રહ્મ પરમાત્માને આપીને યોગની રીતિ પ્રમાણે સ્નેહભક્તિના અનુષ્ટાન વડે સંસારસાગરને તરે.

આવા યોગી સન્તોના અનુષ્ઠેયો અયોગી વર્ગે પણ યથાશક્તિ આચરવાં, એમ યોગશાસ્ત્ર ભાગવત ઉપદેશ કહે છે. તમામ પ્રાણી પરાણે અલાભે નિયમો તો પાળે છે જ, સ્વાર્થ માટે, નિર્ભયતા માટે, સ્મૃદ્ધતા માટે, આશાપૂર્તિ માટે, ઘૃણાદૂરતા માટે, સ્નાન સંતોષ વ્રત બાધા દેવાશ્રય જપ ઈશ્વરશરણ ભક્તિ વિગેરે કરે તો છે જ, અહિંસા સત્ય ન્યાય શીલ દાનશીલતા આદિમાં પણ વરતે છે જ, સમજીને કે પરાણે પણ કરે છે જ. ઘરઆશ્રય, ગ્રામાશ્રય, અરણ્યાશ્રય, વૃક્ષાશ્રય, સુરક્ષણાશ્રય, સ્વસ્તિકાસન, શયનાસન, ટેકાના આસન, શબાસન, ગોરખાસન, ભોગાસન વિગેરે કરે છે જ, પ્રાણને વધઘટ થાય તેમ દોડવામાં પાણીમાં ઉતાવળના જોરદાર કામકાજોમાં આયામ ખેંચે છે જ, જેમાં સ્નેહ તેને ધારણામાં દેખે છે, તેનું ધ્યાન કરે છે, તેમાં સમાધાન મેળવવા મહેનત લ્યે છે, આ આઠ અંગો છે જ, પણ મોક્ષમાં કામ લાગતા નથી. શબાસનની રીતે દંડવત્ આસન ધ્યાનાસન ભજનાસન આદિ મોક્ષમાં કામ લાગે છે, માટે થતી પ્રકૃતિને ભાગવત્ પ્રકૃતિ કરવા શીખવા માટે શાસ્ત્રોપદેશ લખાયા છે.

नीत्वा प्राङ कुलकुण्डलीं लयवशाज्जीवेन सार्ध सुधीः,
मोक्षे धामनि शुद्धपद्मसदने ब्राह्मे परे स्वामिनि ।
ध्यायेदिष्टफलप्रदां भगवतीं चैतन्यरूपां परां,
योगन्द्रो गुरुपादपद्मयुगलालम्बी समाधौ यतः ।।५२।।

યોગીજને સ્વસ્થાન હૃદયમાંથી સુષુમ્ણાદ્વારા ચક્રોમાં જતાં ચક્રગ્રન્થિઓ **કુણ્ડલિનીમુખ** હૃદયદ્વાર કંઠ લલાટમાં પણ રોકાણ કરતી ગ્રન્થિઓને ભેદીને બ્રહ્મરન્ધ્રના સહસ્રાર પદ્મમાં પહોંચીને સ્વયં ચેતના બ્રાહ્મી શક્તિમાં તદાત્મકતા લગાડીને પરમપુરુષરૂપી પરમગુરુ પરબ્રહ્મને અન્તિમ સમાધિમાં અવલમ્બીને મોક્ષમાં ચાલ્યો જાય છે, આત્મચૈતન્યને બ્રહ્મગોચરતામાં વિશ્રાન્તિ સમાધિ, બ્રહ્મગોચરતાને પરબ્રહ્મમાત્રગોચરતા પરા સમાધિ:, સહસ્રારં વિમુચ્ય સુષુમ્ણાન્તં પ્રકૃત્ય જ્યોતિ:કિરણમવલમ્બ્ય બ્રહ્મતાદાત્મ્યમાસંજ્ય મૃત્યુ ત્યકત્વા અમૃતો યોગી નિજશક્ત: કિરણાવલમ્બન: પરબ્રહ્માડગ્રગ: બ્રહ્મલોકં પ્રયાતિ **'न स पुनरावर्तते' सोऽश्नुते स्वान् कामान् सह ब्रह्मणां विपरिचता 'अस्माल्लोकात् समुत्थाय परं ज्योतिरुपसम्पध स्वेन रूपेण अभिनिष्पद्यते' । स एकधा दशधा शतधा अनन्तधा भवति।**

બ્રહ્મરન્ધ્રથી પાછા વળતા યોગીએ સ્વપ્રતાપે પણકોઈ પણ તત્ત્વ દૈવત કમળ બીજ આશ્રય અવલમ્બન આદિકનું વિલયન કરવાનું હોતું જ નથી, તે જતાં જતાં માર્ગોને સાજા રાખીને પાછા વળતાં તેના તે માર્ગોને ચક્રોને દૈવતોને સૃષ્ટિઓને વિભૂતિઓને શક્તિયોને સંભાળતો થકો તે તે પ્રત્યભિપ્રાપકાતિઓ વાહિકદેવતાઓને આગળ રાખીને ચક્રોને પામીને હૃદયમાં સ્વસ્થાનમાં આવે છે, વસે છે, લોકોત્તરસિદ્ધિવાળો વરતે છે, શરણાગતિ, ઉપાસના, આરાધના, આત્મનિવેદિતા સેવામાં ભગવાનને પરમગુરુપરમાત્માને ધારણા તથા ધ્યાનમાં માનસીપૂજામાં લાડ લડાવવા, તન્મય આનન્દ લહરીઓને મેળવવી.

ચિત્તની વૃત્તિઓનો નિરોધ શ્રીહરિની મૂર્તિમાં હૃદયમાં આત્મસ્થિત મૂર્તિમાં કરતો રહેવો, જાગ્રતમાં કામકાજોમાં બાહેર જતી વૃત્તિઓને લગ્નિત થવાના પદાર્થોમાં ભગવાનની મૂર્તિને ચિન્તવવી, સૂર્ય ચન્દ્ર તારા અગ્નિ વીજળી પ્રદીપ પ્રકાશ કિરણોમાં ભગવાનની દિવ્ય અજવાળી મૂરતિને ચિન્તવવી, અવતારો ઈશ્વરો દેવો મહર્ષિઓ પિતૃઓ દેવતાઓ દેવીઓ સદ્‌ગુરુઓમાં ભગવાનની મૂર્તિને ચિન્તવવી, વૃદ્ધો માવતરો જ્ઞાની ભક્તો સતીઓ પરીવારો અતિથિઓ પૂજનીયો યોગી યતિ સન્તો ભિક્ષુકો સ્ત્રી પુત્ર પરીવારોમાં ભગવાનની મૂર્તિને ચિન્તવવી, પ્રતિષ્ઠાપિત મન્દિરોની મૂર્તિઓમાં છબીઓમાં ચિત્રપ્રતિમાઓમાં પૂજાના પ્રતીકોમાં યજ્ઞોમાં દાનપાત્રોમાં પરોપકારપાત્રોમાં ભગવાનની મૂર્તિને ચિન્તવવી, ગૌમાતા મહિષી હસ્તિ અશ્વ વૃષભ વાહન પાળેલા પશુઓ ગ્રામરક્ષક પશુઓ પક્ષીઓ આદિમાં ભગવાનની મૂર્તિને ચિન્તવવી, ચેતન અને જડોમાં અદૃશ્ય ભગવાન રહ્યા છે, તેમની શક્તિઓ રહી છે, તેમ ચિન્તવીને જગત્‌ના વ્યવહાર નિભાવવા, સાત્ત્વિકવ્યવહાર, રાજસવ્યવહાર, તામસવ્યવહાર, નિર્ગુણવ્યવહાર, ભગવાન્‌મય ચિન્તવીને નિભાવવા.

જમાડવાં જળ પાવાં શ્રૃંગાર ધરાવવા મહોત્સવ કરવા પૂજવા આદિક ભગવાનની મૂર્તિને ચિન્તવીને કરવા, સાક્ષાત્ પણ અદૃશ્ય એવા ભગવાનમાં તન મન ધન સ્મૃદ્ધિ વડે સમર્પણ કરતા રહેવું એવો ચિત્તવૃત્તિનિરોધ નામક યોગ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા ભગવાનમાં કરવો, જ્યાં જ્યાં સ્વભાવથી મોહ જેવું જણાય ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિને ધારીને તેમાં મુગ્ધપણું સમર્પિત કરવું, સ્થિરતા કે અસ્થિરતા પ્રવૃત્તિ કે નિવૃત્તિ સંચાર વિરામ ભગવાનને ચિન્તવીને તેમાં કરતા રહેવા, એક ચિત્તની એકાગ્રતા એક ભગવન્મૂર્તિમાં જ કરવી, મૂર્તિમાં જ ચિત્તને રુન્ધવુ, તલ્લીન રહેવાય તેવો શાન્તિવાતાવરણે અભ્યાસ કરવો, સ્વપ્નમાં મૂર્તિ દેખાવા લાગે તેવો અભ્યાસ જાગ્રતમાં કરવો, તો તે પરિપક્વ થયો ગણાય, અને સુષુપ્તિમાં જતાં જતાં પણ મૂર્તિ દેખાય તેવો અભ્યાસ થાય તે સ્વપ્નમાં પરિપકવ અભ્યાસ થયો ગણાય, સુષુપ્તિમાં બ્રહ્મપ્રકાશમાં

આત્માનન્દમાં ભગવત્સ્વરૂપમાં પહોંચવાના અભ્યાસવાળાને સમાધિ થવા લાગે છે, એક ભગવાન જ ભાસે તો અસમ્પ્રજ્ઞાત નિર્વિકલ્પક સમાધિ સિદ્ધિ સમઝવી જ્યાં સુધી ભગવાન સાથે કારણતત્ત્વો ભાસે કે કાર્યતત્ત્વો ભાસે કે વિચારિત તત્ત્વો આવે તો ત્યાં સુધી સમ્પ્રજ્ઞાત સમાધિ ચાલુ જાણવો, વિતર્કો વિચારો આનન્દો અસ્મિતાઓ સમ્પ્રજ્ઞાતમાં ઉપજતા હોય છે, તે ન ઉપજે. બ્રહ્માનન્દમાં હોમ થાય અને ભગવાનમાં તદાત્મકતાને અનુભવે તો અસમ્પ્રજ્ઞાનત સ્થિતિ થઈ જાણવી, રસિયા રસમય ભગવાનમાં સર્વ રીતે રસબસ થવું જેથી બધા સમાધિઓ સિદ્ધિમાં પહોંચ્યા ગણાય, ભક્તોની પ્રેમલક્ષણા ભક્તિ તે ઉત્તમ છે, ભગવાનમાં ધારણા ધ્યાન અને સમાધિ વરતે તો ભગવાનમય તમામમાં ધારણા ધ્યાન સમાધિ થયા જાણવાં, અને દૂરદર્શન દૂરશ્રવણ દૂરસ્પર્શ દૂરપ્રાપણ સ્વઅદૃશ્યતા તત્ત્વવિજય સર્વજ્ઞાન સર્વસાક્ષાત્કાર સર્વનિયામકતા આદિ સિદ્ધદશાઓ થવા લાગે છે, ભગવાનમાં તન્મય થાય તેને ભગવાનના જેવું સર્વદર્શીપણું મળવા વધવા માંડે છે, ભગવાનની પ્રાપ્તિ થઈ જાય તો તો શાન્તિ થઈ જાય, એટલે વેગ મટી જાય, પણ ભગવાન ન પ્રાપ્ત થાય તો તો પ્રાપ્તિ માટે કાયમ વેગ વરતે તેમાં સાંભરે એવું ભગવાન સાંભરે તેવું જીવન મોક્ષ માટે થાય છે, ભગવાન ન મળે અને સાંભર્યા જ કરે તો તે ઘણો મોટો મોક્ષનો માર્ગ વર્તે છે એમ ગુણ માનવો, ભગવાનને યોગ્ય લાગે તેમજ ભક્તો માટે વરતતા હોય છે.

શ્રીકૃષ્ણભગવાનના પ્રગટપણામાં સખા-સખીઓ ગોપ-ગોપીઓએ સર્વસ્વ અર્પણ કરીને ભગવાનને સેવ્યા, ભગવાને ભક્તની ભાવનાઓ પૂરી કરી, ભગવાનની અને ભક્તોની સર્વે ક્રિયાઓ બ્રહ્મરૂપ કરી, અને ગોલોકમાં જવાની પાત્રતા આપી.

પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણાં ગીધ ગણિકા કપીવૃન્દ કોટિ,
વ્રજતણી નાર્ય વ્યભિચાર ભાવે નરી પ્રગટ ઉપાસના સૌથી મોટી.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણના પ્રગટપણામાં - યે યથા માં પ્રપદ્યન્તે તાન્ તથૈવ ભજામ્યહમ્, સન્ત સ્વરૂપમાં સાધુ ધર્મો ભાગવતધર્મો પાળીને પળાવીને આત્મનિવેદી શરણાગતિ સમર્પીને એકાન્તિક પરમૈકાન્તિક બનાવીને ધામમાં જતા કરી દીધાં, સત્સંગી પુરુષ વર્ગ છે તે વૃન્દાવન ગોકુળના ગોપ ઉદ્ધવજી અક્રૂરજી હનુમાનજી કરતાં પણ વધારે ઉત્તમ છે, સત્સંગી બાઈઓ છે તે ગોપીઓ સીતાજી રૂકમણી આદિ કરતાં પણ વધારે ઉત્તમ છે, પરમપુરુષોત્તમ એવા પરબ્રહ્મ પ્રગટ પુરુષોત્તમનો આ સર્વેને સાક્ષાત્ યોગ છે, માટે તેનાથી મોટાં કોઈ નથી...સાર.

જ્ઞાતવ્ય

(૧૪ રત્નો) - ભાગવત અષ્ટમ સ્કન્ધે - ૧-વિષમ્, ૨-કામદુધા ગાય, ૩-ઉચ્ચૈ:શ્રવા અશ્વ, ૪-ઐરાવત હાથી, ૫-કૌસ્તુભ મણિ, ૬-કલ્પવૃક્ષ, ૭-અપ્સરાઓ, ૮-લક્ષ્મીજી, ૯- વારૂણી દૈવી, ૧૦_ધન્વન્તરિ દેવવૈદ્ય, ૧૧-અમૃતઘટ, (અગ્યાર લખ્યાં છે).

(૧૪ રત્નો) - પદ્મપુરાણ બ્રહ્મખંડ, નવમો અધ્યાય,- ૧-કાલકૂટ ઝેર, ૨-અલક્ષ્મી મોટાં બ્હેન, ૩-ઐરાવત હાથી, ૪-ઉચ્ચૈ:શ્રવા અશ્વ, ૫-ધન્વન્તરિ વૈદ્ય, ૬-પારિજાત વૃક્ષ, ૭-સુરભિ ગાય, ૮-અપ્સરાઓ, ૯-શ્રીલક્ષ્મી નાન્હાં બ્હેન, ૧૦-શીતરશ્મિ: ચન્દ્રમા, ૧૧-અમૃતસુધા કલશ, (અગ્યાર લખ્યાં છે).

(૧૪ રત્નો) - પદ્મપુરાણ પંચમખંડ સૃષ્ટિખંડ, ૪ અધ્યાય-૧- હવિર્ધાની અગ્નિહોત્રી પાત્ર ૨-સુરભિ ગાય, ૩-વારૂણી મદિરા, ૪-પારિજાત વૃક્ષ, ૫-અપ્સરાઓ, ૬-શીતાંશુ: ચન્દ્ર, ૭-કાલકૂટ ઝેર, ૮-ધન્વન્તરિ વૈદ્ય, ૯-અમૃત ઘટ, ૧૦-ઉચ્ચૈ:શ્રવા અશ્વ, ૧૧-ઐરાવણ હાથી, ૧૨-લક્ષ્મીજી, (બાર લખ્યાં છે).

પદ્મપુરાણ, ૬ ઉત્તરખંડ, ૧૧૮ અધ્યાય, અલક્ષ્મી સમુદ્રમાંથી થયાં અને ઉદ્દાલકરૂષિને પરણ્યાં, ૧૨૪ અધ્યાય ૨૯ શ્લોકમાં થાળી વગાડીને દીવાળીના દિવસોમાં અલક્ષ્મીને ઘરમાંથી ફળીમાંથી બહાર વળાવવાં, તે રવિવારે પિપ્પલામાં રહે છે.

૧-અલક્ષ્મી, ૨-શીતરશ્મિ ચન્દ્રમા, ૩-હવિર્ધાની અગ્નિહોત્રી, ૪-વારૂણીદેવી મદિરા.

ભાગવતના અગ્યાર રત્નોમાં, ૧-અલક્ષ્મી, ૨-શિતરશ્મિ, ૩-હવિર્ધાની અગ્નિહોત્રી એ ત્રણ ઉમેરવાં, (૧૪ રત્નો).

પદ્મપુરાણ બ્રહ્મખંડ બીજા નંબરમાં ૧-કૌસ્તુભમણિ, ૨-વારૂણી, ૩-હવિર્ધાની, એ ત્રણ ઉમેરવા (૧૪ રત્નો).

પદ્મપુરાણ પાંચમાં ખંડ કથિત બાર રત્નોમાં, ૧-અલક્ષ્મી, ૨-કૌસ્તુભ, બે ઉમેરવા (૧૪ રત્નો થાય).

સ્કન્દપુરાણ, ૪ કાશીખણ્ડ, ૬૧ અધ્યાયમાં -

નારાયણના અવતારો એકસો થયા છે, જળવાસી અવતારો પાંચસો થયા છે, કચ્છપ અવતારો ત્રીસ થયા છે, મત્સ્ય અવતારો વીસ થયા છે, ગોપાળ અવતારો એકસો આઠ થયા, બુદ્ધ અવતારો હજારો થયા છે, પર્શુરામ અવતારો ત્રીશ થયા છે, રામ અવતારો એકસો એક થયા છે, વિષ્ણુરૂપે હું એક જ છું...૭/૯.

બ્રહ્માંડપુરાણ ઉપોદ્ઘાત તૃતીયપાદ તોંતેર અધ્યાયમાં -

ચાક્ષુષ મન્વન્તરમાં ધર્મ દેવથી નારાયણ પ્રગટ્યા હતા, વૈવસ્વત મન્વન્તરમાં યજ્ઞ અવતાર ભગવાન થયા હતા, ચોથા ચતુર્યુગમાં દ્વિતીય અવતાર નરસિંહજી પ્રગટ્યા હતા, નવમાં ચતુર્યુગમાં કશ્યપના પુત્ર વામનજી વિષ્ણુ પોતે પ્રગટ થયા હતા, દસમા ત્રેતાયુગમાં દત્તાત્રેય ભગવાન થયા હતા, તથા પ્રથમતેત્રામાં દતાત્રેય થયા હતા. તથા તૃતીય ચતુર્યુગમાં વામનજી થયા હતા. પંદરમાં ચતુર્યુગમાં ત્રેતામાં પાંચમા અવતાર ચક્રવર્તી માન્ધાતા થયા હતા, ઓગણીસના ત્રેતાયુગમાં જમદગ્નિને ત્યાં પરશુરામ થયા હતા, ચોવીસના ત્રેતાયુગમાં દશરથને ત્યાં રામચન્દ્રજી થયા હતા, અઠ્ઠાવીસના દ્વાપરમાં પરાશરના પુત્ર વ્યાસ થયા હતા, તથા બુદ્ધ થયા હતા, દ્વાપરના અન્તે કલિમાં વસુદેવથી શ્રીકૃષ્ણાવતાર થયા હતા, કલિના અન્તમાં કલિક અવતાર થાશે.

અમરૂક રાજાના શરીરમાં શંકરાચાર્યે પ્રવેશ કરીને તેની રાણીમાં કામનાના શૃંગાર રસો અનુભવીને મંડનમિશ્રની પત્નીને પ્રશ્નોત્તરમાં તે જીત્યા હતા, શંકરદિગ્વિજયમાં.

૧-મૂલાધાર ચક્ર ગુદામાં, ૨-સ્વાધિષ્ઠાન ચક્ર લિંગમૂળમાં, ૩-મણિપુર ચક્ર નાભિસ્થળમાં, ૪-અનાહત ચક્ર હૃદયમાં, ૫-વિશુદ્ધ ચક્ર કણ્ઠમાં, ૬-આજ્ઞાચક્ર લલાટમાં, ૭-સચ્ચિદાનન્દ બ્રહ્મચક્ર બ્રહ્મરન્ધ્રમાં _ એમ સાત ચક્રો ષટચક્ર નિરૂપણમાં વર્ણવ્યાં છે, તે આ ગ્રન્થમાં પૂર્વે સવિસ્તર છપાયાં છે.

મત્સ્યપુરાણમાં દેવતાના કોપ લખ્યા છે - મૂર્તિઓ નાચે કમ્પે અગ્નિ નીકળે અગ્નિની જ્વાલા મુખમાંથી કાઢે, ધુમાડો કાઢે, ચિકણું તેલ, લોહી, ચરબી કાઢે, રોવે, ખેદ કરે, હસે, ઊભા થાય, બે,સે દોડે, શ્વાસ ધમે, ખાવા માંડે, મ્યાન-ધ્વજ-આયુધને ફંગોળે, અવળે મોઢે વાંસો દેખાડે, એક સ્થળેથી બીજે સ્થળે ભમે, એવી ભૂમિ ભવનમાં વસવાટ તજી દેવો...૨૨૯/૪.

મત્સ્યપુરાણમાં મકાન ફળ કહ્યાં છે - અધ્યાય ૨૩૪-

પૂર્વમાં ઓંસરી ન હોય તો યશ આયુષ્ય વધારે શોક મોહ નાશ કરે, દક્ષિણમાં ઓંસરી ન હોય તો કુલનો નાશ કરે, પશ્ચિમમાં ઓંસરી ન હોય તો મિત્ર-બન્ધુ-સુતને હણે, દક્ષિણ અને ઉત્તરમાં ઓંસરી કે શાળા ઓરડીઓ હોય તો તે ભવન ધન ધાન્ય ફળ આપનારું ક્ષેત્ર કરનારું, પુત્ર ફળ આપનારૂં થાય છે.

પશ્ચિમ અને ઉત્તર ઓંસરીવાળું ઓરડીવાળું જ હોય તો રાજા અને અગ્નિનો ભય કરે, કુલનો નાશ કરે, પૂર્વમાં જલાશય હોય તો અકાલ મૃત્યુનો ભય કરે, ઉગમણી

કોર ચૂલ્લા મૃત્યુ ભય કરનારા છે, તથા વૈધવ્ય કરનારા છે, બારણાં સામી કેડી કે શેરી પડતી હોય તો કુલ ક્ષય કરે, બારણા સામું વૃક્ષ હોય તો દ્વેષ શત્રુ જાગે, બારણા સામો કાદવ હોય તો શોકિત કર્યા કરે, બારણા સામો કૂવો હોય તો વાયુરોગ ગાંડપણ થાય, પાણીનાળી બારણા સામી હોય તો દુ:ખ ઉપજાવ્યા કરે, બારણા સામો ખીલો હોય તો અગ્નિ દાહ થાય, બારણા સામે દેવ હોય તો વિનાશ કરે, બારણા સામે થાંભલો હોય તો તે સ્ત્રીનાશ કરે, ઘર સાથે ઘર બાંધે તો ઘરધણી નાશ પામે, ૨૫૪ અધ્યાયમાં છે, બારણા સામે અપવિત્ર પડતું હોય તો ઘરસ્ત્રીને વાંઝપણું રહે, અન્ત્યજના ઘર સાથે ઘર ચણે તો શસ્ત્રભય આવે, દ્વાર પોતાની પોતાની મેળે ઊખડી પડે તો ગાંડપણ પ્રવર્તે, પોતાની મેળે બંધ થઈ જાતું હોય તો કુલનાશ કરે, બારણા ઉપર બારણું કરેલ હોય તો તે કાલનું મોઢું ગણાય છે, અર્ધા મધ્યમાં દ્વાર હોય તે ધણીનો નાશ કરે.

મકાનને પૂર્વે વડ હોય તો બધા મનોરથ પૂરા થાય, દક્ષિણમાં ઉંબરો, પશ્ચિમમાં પિપ્પલો, ઉત્તરમાં પીપર, એ શુભ કરનારાં છે, પણ તેથી વિપરીત એટલે સામી દિશામાં તે તે હોય તો સર્વસિદ્ધિના નાશક થાય છે.

કાંટાળું વૃક્ષ તથા રાયણ વૃક્ષ અડખે પડખે હોય તે તો ભાર્યા તથા પ્રજાની હાનિ કરે છે.

નાગચંપો, આશોપાલવ, બોરસડી, ખીજડી, તિલક, ચમ્પો, દાડમી, પિંપર, દ્રાક્ષા, કુસુમવેલીઓ, લીંબુ, સોપારી, ફનસ, કેવડો, જાયવેલી, કમળ, ગલગોટા, મલ્લિકા, નાળિયેરી, કેળ, દેવદારૂ, પાડલી, શેરડી, આવી વૃક્ષપંક્તિઓ ભવનની શ્રીને વિસ્તારે છે, ૨૫૪ અધ્યાય.

મૂર્તિઓ - સોનાની, રૂપાની, ત્રાંબાની, રત્નહીરાની, શિલાપાષાણની, કાષ્ઠની, સપ્તધાતુઓની, પિત્તળની, ત્રાંબા કાંસાની ઉત્તમ ગણાય છે.

તેના મુખ કરાળ ઊંચા સીધા તે સ્વામીને ઘાત કરે, વધારે અમાપ ઊંચાઈ કારીગરને હણે, કૃશા સરખી પાતળી ઘડતર નાણાં આપે, પેટસૂકી દુકાળ પાડે, અવયવસૂકા ધનનાશ કરે, નાકવાંકી દુ:ખ આપે, ટૂંકા અંગોવાળી ભયંકર નીવડે, ચીપટી દુ:ખ શોક કરે, નેત્રવિનાની આંધપણું લાવે, મોઢું હીણું દુખ આપે, હાથપગ સૂકાયેલા, સાથળ સૂકાયેલા ગાંડપણ અને રખડપાટ કરાવે, વૃક્ષવેલીરહિત ચિત્રમૂર્તિ પુત્રમિત્રનાશ કરે, પૂરા અવયવો વાળી આયુષ્ય અને લક્ષ્મી આપે, ૨૫૮ અધ્યાયમાં છે.

એક અબજ અને આઠ લાખ વર્ષ હિરણ્યકશિપૂ જીવ્યો, બે લાખ અને સાઠ હજાર વર્ષ બલિ રાજા જીવતો છે, પ્રહ્લાદ પણ તેટલા જ વર્ષ જીવેલ છે, ૪૭ અધ્યાયમાં છે.

અક્રૂરના પિતા જયન્ત લખેલા છે અ. ૪૫માં છે, યાદવોનાં ૧૦૧ કુલ હતાં, ૪૭ અધ્યાયમાં છે, પૃથ્વી ઉપર બાર મહાસંગ્રામો થયા છે, ૧-નૃસિંહ હિરણ્યકશિપૂ, ૨-વામન બલિ, ૩-વરાહ હિરણ્યાક્ષ, ૪-અમૃતમથન, ૫-તારકાસુર, ૬-આડીબક, ૭-ત્રિપુરાસુર શંકર, ૮-અન્ધકા સુરનો, શંકરનો, ૯-વૃત્રાસુર ઇન્દ્રનો, ૧૦-ધાતાનો, ૧૧-હાલાહલ વિષનો, ૧૨-કોલાહલનો.

પંચાસી હજાર વર્ષ સહસ્ત્રાર્જુન જીવ્યો, ૪૩ અધ્યાયમાં.

ગરૂડપુરાણ - રજસ્વલા થઈને ચાર રાત્રિ વર્જ્ય છે, પાંચ સાત નવ અગ્યાર તેર પંદર રાત્રિઓમાં ગર્ભદાન વડે પુત્રીઓ થાય, સ્ત્રીને ડાબે પડખે ધાતુબીજ પડતાં પુત્રી થાય, રજસ્વલા થઈને ચાર રાત્રિ વર્જ્ય છે, છ આઠ દસ બાર ચઉદ સોળ રાત્રિઓમાં ગર્ભદાન વડે પુત્ર ઉત્પન્ન થાય, સ્ત્રીને તેના જમણા ભાગ તરફથી ધાતુ બીજ પડતાં પુત્ર જ થાય. વળી શુક્ર બીજમાં ચૈતન્ય નિત્ય વ્યવસ્થિત રહે છે, કામના ચિત્ત શુક્ર એકતાને પામતાં રક્ત અધિક હોય તો નારી જન્મે, શુક્ર અધિક હોય તો નર જન્મે શુક્રશોણિત સમ ભાગ હોય તો નપુંસક જન્મે છે. સોળ રાત્રિઓ ૠતુ માટે છે_ ગરૂડપુરાણમાં અધ્યાય ૪૬ વાસ્તુપુરુષ હાથ પગ ગોઠણીયા વાળીને ઊંધો પડ્યો હોય છે, ઇશાનમાં મસ્તક, નૈઋતમાં પગ, અગ્નિ વાયુમાં હાથ, બાવીસ દેવો બાહેર વર્તુલ, તેર દેવો અન્દર વર્તુલ, સાવ બાહેર ૩૨ દેવો, તે અંદરમાં ચાર દેવો, મકાનના આગળમાં દેવઘર, અગ્નિ ખૂણે રસોડું, ઉગામણા યજ્ઞમંડપ, ઇશાનમાં સુગન્ધ પુષ્પાદિ ગૃહ, ઉત્તરમાં વાસણઘર, બાજુમાં કોઠાર કોઠી વિગેરે ઘર, પશ્ચિમમાં પાણીયારું ટાંકી કુંડ વિગેરે, નૈઋત્યમાં બળતણ ઘાંસ દર્ભ આયુધઘર, દક્ષિણમાં અભ્યાગત નોકર વિગેરેની ઓરડીઓ કરવી, આમ ૬૪ ભાગલે વાસ્તુ પુરુષ પ્રાસાદમાં પૂજવો, ૪૬ અધ્યાય.

મકાનની પૂર્વે પીપલો પીપર વડલો ઉમ્બરો, ઈશાનમાં સેમળો, તે વિઘ્ન હરનારાં છે.

રામ જાનકી, લક્ષ્મણ ઉર્મિલા, ભરત માંડવી, શત્રુઘ્ન, કીર્તિમતી - ધૃતરાષ્ટ્ર અમ્બિકાપુત્ર, પાંડુ અમ્બાલિકાપુત્ર, દાસીના વિદુરજી, વ્યાસ દ્વૈપાયન પિતાજી.

એકવીશ લાખ અંડજ યોનિ, એકવીશ લાખ સ્વેદજ જન્તુ યોનિ.

એકવીશ લાખ ઉદ્ભિજ્જ, એકવીશ લાખ જરાયૂજ, ૮૪ લાખ યોનિ.

છ્યાંશી હજાર યોજનના યમપુરીના માર્ગમાં સોળ પોરા ખાવાના નગરો છે, મૃતસ્થળે, દ્વારમાં, ચોકમાં વિશ્રાન્તિ લ્યે ત્યાં પાદર કાષ્ઠ ભેગાં કરે ત્યાં, ચિતા ખડકે

ત્યાં એ છ પિંડ દેવોને આપવાનાં, મૃતસ્થળે શબનામને, દ્વારમાં પાન્થને, ચોકમાં ખેચરને, વિશ્રાન્તિએ ભૂતને, કાષ્ઠચયનમાં ચિતાસાધકને, ચિતા ખડકે ત્યાં પ્રેતને, એમ છ પિણ્ડો છે.

મરેલાને પહેલે દિવસે મસ્તક થાય, બીજે દિવસે ડોક ખંભા થાય, ત્રીજે દિવસે છાતી થાય, ચોથા દિવસે પડખાં થાય, પાંચમે દિવસે નાભિ થાય, છઠે દિવસે કડચ થાય, સાતમે દિવસે લિંગ કે ભગ, થાય, આઠમે દિવસે સાથળ થાય, નવમે દિવસે ગોઠણ પગ થાય, દસમે દિવસે ભૂખ ઉઘડે, અગ્યાર-બારમે ખાવા માંડે, તેરમે દિવસે લાંબે માર્ગે યમદૂતો ઉપાડી જાય, દરરોજ ૨૦૦ યોજન ચલાવે, ૪૭ રાત્રિ-દિવસ ચલાવે.

૧-વૈવસ્વતચોકી યામ્યચોકી, ૨-યમરાજચોકી, ૩-સુરેન્દ્રનગર, ૪-ગાન્ધર્વનગર, ૫-શૈલાગમ, ૬-ક્રૂરનગર, ૭-ક્રૌંચપુર, ગિધડાનગર, ૮-ચિત્રનગર, ૯-બહવાપદ્ નગર, ૧૦- દુ:ખદપુર, ૧૧-નાના આક્રન્દ ઘર, ૧૨-તપ્તપુર, ૧૩-રૌદ્રનગર, ૧૪-પયોવર્ષણ, ૧૫-શૈત્યનગર, ૧૬-ધર્મરાજપુરમ.

બ્રહ્મના બાર શ્રવણ નામના પુત્રો તથા ચિત્રગુપ્ત, તેના કાયસ્થો શ્રાવણો સૃષ્ટિના સ્વ અધિકાર પ્રદેશોમાં બધું દેખે છે, સાંભળે છે, અને ફેંસલા આપે લખે વિગેરે કરે છે.

પ્રેતો_પ્રથમ પાછા આવે મૂત્રદ્વારે શરીરમાં પેસે છે, જવર લાવે છે, ઉચ્છિષ્ટ સ્થાનોમાં રોકાય છે, એંઠા ભોજન પાણીમાંથી મલિનતાને ખાય પીયે છે, તેની નડતર પુત્ર નાશ કરે, દીકરો જન્મવા ન દિયે, ભાઈઓમાં વિરોધ તાય, સન્તતિ ન થવા દે, ઉપજે કે મરે, પશુ દ્રવ્યના નાશ કરે, પ્રકૃતિમાં ગાંડપણ લાવે, અકસ્માત્ દુ:ખ ઉપજાવે, કલહ કરે, ખેતી નાશ કરે, ચોર અગ્નિ રાજાના ભય લાવે, રોગ લાવે, ગર્ભનાશ રજોનાશ કરે, બાલકને મારે, ગર્ભ ટકવા ન દે, પત્નીના કજીયા થાય, પુત્રો શત્રુ થાય, બોલાચાલીના ઝઘડા મટે નહિ, જમવા ટાંણે ક્રોધ, પત્ની સેવા ન કરે, માવતરનું મનાય નહિ, અવળા આચરણવાળા દુષ્ટ અકાલમૃત્યુ, અગ્નિદાહ ન મળ્યો એવા ખાટલે મરે તેવા, નાસ્તિક નિન્દક, પ્રેતો થાય છે, તેઓ મતિ પ્રીતિ રતિ બુદ્ધિ લક્ષ્મીના નાશ કરે છે, ત્રીજી પાંચમી પેઢીએ નિર્વશ કરે છે, દારિદ્રય નિર્ધનતા ઉપજાવે છે, સૂતેલામાં વાયુદ્વારા પ્રવેશે છે, પ્રેત ગજ, અશ્વ, વિકરાળ મુખો, દેખાય છે, ઊંઘનાર અને ઊઠનારને અવળે પગે સૂતેલો અવળે માથે સૂતેલો પોતે પોતાને દેખે, સ્વપ્નમાં બેડી પડે, ભિખારી થઈ માગે, ખાતાં કોળીઓ ગાયબ થઈ જાય, તૃષા લાગે પીયે પણ ધાર લીન થઈ જાય, પોઠીયે ગધેડે ઊંટે બકરે બેસી આકાશમાં ઊંડે દક્ષિણમાં જાય, પત્નીને ભાઈને દિકરાને પતિને જીવતાને મરેલા દેખે, ભીખારી પાણી માગે, સ્વપ્નમાં ઘરેથી નીકળે ત્યારે પુત્રો પશુઓ માવતરો ભાઈઓ પત્નીઓને સામા મળતા

દેખે, દિકરો નજ જન્મે, ગાય ભેંસ આદિ મરી મટી જાય, દાળદર મટે જ નહિ, વ્યાધિ રોગ નવા નવા આવે, જીવિકા ટળી જાય, દીનતા રહે, આવા દોષો અવગતિઆ પ્રેત પિતૃઓથી થયા કરે છે.

નારાયણબલિ વિષ્ણુબલિ કરાવે તો તે પીડાઓ મટે.

બીજો ભાગ અગ્યાર અધ્યાય.

બભ્રુવાહન રાજાએ નારાયણબલિ શ્રાદ્ધ કરાવીને સુદેવનાયક પ્રેતને ઉદ્ધાર્યો હતો, સત્તરમા અધ્યાયમાં, પુરુષાકૃતિ દાભડાનો નર કરીને નારાયણ હાથે બલિ આપીને કુશ પ્રેતને અગ્નિ દાહ કરવો, ત્રણ દિવસ સૂતક રાખવું પ્રેતપીડા મટી જાય, ત્રીશમાં અધ્યાયમાં છે.

લિંગપુરાણમાં ઉત્તરાર્ધમાં કહ્યું છે _

ત્રેતાયુગમાં કલિંગ રાજાએ કૌશિકના પચાસ શિષ્ય ગવૈયાઓને પોતાની પ્રશંસાના ગાયન ગાવા કહ્યું, કૌશિક ગવૈયાએ કહ્યું _ અમારી વાણી અને કાન ભગવાન માટે છે, બીજું બોલે સાંભળે તેમાં ખુશી નથી. રાજાએ પરાણે ગાવા સાંભળવા કહ્યું, ગવૈયાઓ કાનમાં કાષ્ઠ ખીલા પરોવીને રાજ્યથી બાહેર ચાલ્યા ગયા, ભગવાન પ્રસન્ન થયા તેની મુક્તિ સ્થિતિ કરી, પહેલા અધ્યાયમાં છે.

તુમ્બુરૂ સ્પર્ધાવડે નારદે સાતમન્વન્તર ગાયન વિદ્યા શીખી, છેવટે રૂકિમણી પાસેથી શીખીને ગાયું, શ્રીકૃષ્ણે પ્રશંસા કરી, ત્રીજા અધ્યાયમાં છે.

ત્રિશંકુની પત્ની પદ્માવતીએ દસ હજાર વર્ષ આરાધના ભક્તિ કરીને વૈષ્ણવ પુત્ર અમ્બરીષ પ્રાપ્ત કર્યો. વિષ્ણુએ સુદર્શન આપ્યું, રાજ્યમાં હરિભક્તિ પ્રવર્તાવી, અમ્બરીષની પુત્રી શ્રીમતીને નારદ પર્વતે ઇચ્છી, ભગવાને વિનોદ માટે વાનરમુખ વરદાન આપ્યું, અયોધ્યામાં સ્વયંવરમાં વાનરમુખોને તજ્યા, મધ્યે હરિ દેખાણા, તેને વરમાળા પહેરાવી, ભગવાનને વરીને વૈકુંઠમાં ગઈ, છ અધ્યાયમાં છે.

ભગવાને અલક્ષ્મી દુ:સહને, આપ્યાં, અભક્તોમાં વસ્યાં, લક્ષ્મીજી નિજભક્તોમાં વસ્યાં, તે સાત્ત્વિક લક્ષ્મી છે, શંકરના આઠ શરીર છે - પૃથિવી જળ તેજ વાયુ આકાશ સૂર્ય ચન્દ્ર આત્મા (અગ્નિ), બારમાં અધ્યાયમાં છે.

લિંગપુરાણ પૂર્વાર્ધમાં - **सदिति ब्रह्मणः शब्दस्तदन्ते ये लभन्त्युत । सायुज्यं ब्रह्मणा यान्ति तेन सन्तः प्रचक्षते ।।१०/५।।**

વિષ્ણુ, બ્રહ્મા બન્ને મોટાઈ માટે અહં મમતા કરતા હતા, મધ્યે મોટે, તેજનો પ્રવાહ આવ્યો, તેમાં અવાજ થયો, તેજનો છેડો લઈ આવે તે મોટા, બ્રહ્મા હંસવડે ઉડ્યા ઉપર ગયા, વિષ્ણુ વારાહ કે ગરૂડજી લઈ નીચે ગયા, પાછા આવીને બેઠા, બ્રહ્મા ને તેજ ધોધ સાથે ઉપરથી પડતુ કેતકી પુષ્પ મળ્યું, બ્રહ્માએ તેને પછ્યું, ક્યાંથી આવો છો. પુષ્પ બોલ્યું વૈકુંઠથી આવું છું, તેજનો ધોધ વૈંકુંઠથી આવે છે, તેમાં કેટલાએ બ્રહ્મા ઉકલી ગયા, તમે પાછા વળો, બ્રહ્મા કહે મારી સાક્ષી પૂરજો, બ્રહ્મા છેડો લઈને આવ્યા, પુષ્પે સાક્ષી પૂરી, તેજ ધોધમાંથી શંકર પ્રગટ થઈ બોલ્યા, બ્રહ્મા અને કેતકી બન્ને ખોટા બોલે છે, તે અપૂજ્ય રહેશે, વિષ્ણુ બોલ્યા હું તો છેડો લીધા વિના પાછો આવ્યો છું, શંકર કહે તમો પૂજનીય રહેશો, તેજનો ધોધ તે જ્યોતિર્લિંગ થયેલ છે. ૨૪ અધ્યાયમાં છે.

બેકી રાત્રિએ જમણે પડખે પુત્ર જન્મે, એકી રાત્રિએ દાબે પડખે પુત્રી જન્મે, વાયુસંચરણ એવી રીતે છે, ૮૯ અધ્યાયમાં છે.

૧૭૪ માર્કણ્ડેય પુરાણમાં - વિશ્વામિત્રના શાપ વડે વિશ્વે દેવતાઓ પાંચ સન્તતિ પત્ની હીન માનવમાં પાંચ દ્રૌપદી પુત્રો થયા હતા, તેને ચકલીના ખાંડવ વનમાં બળતી વખતે થયેલા શાપથી અગ્નિબળતા તંબૂમાં અશ્વત્થામાએ પાંડવ વરાંસે તરવારે કાપ્યા હતા, ૭ અધ્યાયમાં.

વિશ્વામિત્રને વસિષ્ઠે શાપ આપ્યો, બગલો_બક થા, વસિષ્ઠને વિશ્વામિત્રે શાપ આપ્યો - આડિ થા, તે બક આડિ થયા, બ્રહ્માએ મુક્ત કર્યા, ૯ અધ્યાયમાં.

લક્ષ્મીચિન્હ પગતળે હોય તો ભવન આપે, સાથળમાં હોય તો વસુ અને વસ્ત્ર આપે, ગુહ્યમાં હોય તો પુત્રો આપે, હૃદયમાં હોય તો મનોરથ પૂરે, કંઠમાં હોય તો ઇષ્ટ આશ્લેષ કરાવે, મુખપર હોય તો હુકમ સફળ કરાવે, જિવ્હામાં હોય તો કવિત્વ આપે, મસ્તકમાં હોય તો સર્વોપરિપણું આપે, જમણા વળાંકનો ગોળ રોમ ભ્રમર, શ્વેત નારી આકારે ચિન્હ, તથા ગુલાબી કે કૃષ્ણવર્ણ તિલ તથા લાલ તિલ તે લક્ષ્મીના ચિન્હો છે.

ઋતુધ્વજ જે કુવલયાશ્વ તેની રાણી મદાલસાએ પોતાના પુત્રોને ઉપદેશ આપ્યા_ શુદ્ધ છો નામ રૂપ રહિત છો, તાત સુત માતા એ બધાં અનિત્ય છે, છોકરાઓ સાધુઓ થઈ ગયા, પોતે સન્યાસિની થઈ હતી, એક અલર્ક છોકરાને ઉપદેશ આપ્યો_

संगः सर्वात्मना त्याज्यः स चेत् त्यक्तुं न शक्यते । स सद्भिः सह कर्तव्यः सतां संगो हि भेषजम् ।३७।२३। कामः सर्वात्मना हेयः हातुं चेच्छक्यते न सः । मुमुक्षां प्रति तत् कार्यं

सैव तस्याऽपि भेषजम् ।।३७।२८।। અલર્ક પુત્રને રાજ્ય આપી દત્તાત્રેય આશ્રમમાં સાધુ થયો હતો.

મૃત્યુનું વાહન સ્પેન ચકરો છે, કાલનું વાહન કાગડો છે, નિઋતિનું વાહન ઘૂડ છે, વ્યાધિનું વાહન ગીધ છે, યમનું વાહન હોલો છે, યમરાજનું વાહન પાડો છે.

યદ્મ, મહાપદ્મ, મકર, કચ્છપ, મુકુન્દ, નન્દક, નીલ, શંખ આઠ નિધિ છે.

વિષ્ણુ પુરાણમાં _ આપ ધ્રુવ, સોમ, ધર, અનિલ, અનલ, પ્રત્યૂષ, પ્રભાસ, એ આઠ વસુઓ છે.

ગર્ગસંહિતા_પ્રશ્નિગર્ભ:, પ્રશ્નિ: સુતપા:, વિષ્ણુસ્વામી વામનાંશ:, બ્રહ્મણો અંશ માધવ:, શેષાંશ: રામાનુજ:, સનકાંશો નિમ્બાર્ક:, રવે: સંશો વિષ્ણુસ્વામી.

બ્રહ્મવૈવર્તે શ્રીકૃષ્ણજન્મખંડ _ પર્શુરામ, હનુમાન, બલિ, વ્યાસ, અશ્વત્થામા, વિભીષણ, કૃપાચાર્ય, જામ્બવાન, ચિરજીવી છે...૪/૯૬, માર્કણ્ડેય દશકલ્પાયુષ, વોઢુ, પંચશિખ, લોમશ, આસુરિ, શતકલ્પાયુષ છે.

વૃક્ષો _ નાલિયેરી ઈશાનમાં ધન આપે, પૂર્વમાં પુત્ર આપે, આંબો પૂર્વે સમ્પત્ આપે, બિલ્વ, ફનસ, જમ્બીર, બદરી, પૂર્વમાં પ્રજાપ્રદ છે, દક્ષિણમાં ધનદ છે, જામ્બુ દાડિમ કદલી આંબા, પૂર્વે ભાઈ મંડળ આપે, દક્ષિણમાં મિત્ર-મંડળ આપે, અમ્પો, કોળું, ખાખરો, ખજૂર, મંગળપ્રદ છે.

૧૪૭-બ્રહ્માંડપુરાણ _ આકાશમાં ભમતા ધર્મચક્રની ધારા જ્યાં કુંઠિત થાય તે નૈમિષારણ્ય ક્ષેત્ર ગણાય છે, સતયુગમાં માનસી સિદ્ધિ થાતી, ત્રૈતામાં વૃષ્ટિ સિદ્ધિ થાતી, દ્વાપરમાં ઋતુઓમાં ફલસિદ્ધિ થાતી, કલિમાં બપી તે નિર્બલ થઈ ગઈ, કાષ્ઠદારૂવનમાં શંકર નગ્ન હતા તે જોઈને ઋષિ પત્નીઓ મુગ્ધ થઈ, દર્ભશલાકાવડે શિવલિંગના બાર ટૂકડા થયા, બધાનાં લિંગો નિર્વીર્ય થઈ પડ્યા, પછી સ્તુતિ કરી, સતીના અંગમાં શિવલિંગ ટૂકડાઓ સ્થિર કર્યાં, જ્યોતિર્લિંગો થયા, લિંગપૂજા ચાલુ થઈ...૧-૨૭-૩૮.

સત્યુગમાં ૯૬ ઈંચ, આઠ તાડ જેટલો માણસ લાંબો હતો, નવસો સાઠ આંગળ હાથી ઉંચો હતો.

सदिति ब्रह्मणः शब्दस्तद्वन्तो ये भवन्त्युत । साजात्याद् ब्रह्मणस्त्वेते तेन सन्तः प्रत्यक्षते... ૨-૩૨-૨૦, બૃહસ્પતિની બહેન ભુવનામાં પ્રભાસ નામના આઠમા વસુનો દિકરો થયો તે વિશ્વકર્મા.

ભાગવતમાં _ ચિન્તામણિ લોકસુખ આપે, કલ્પવૃક્ષ સ્વર્ગસમ્પતિ આપે, પ્રસન્ન થયેલા સદ્‌ગુરુ દેવ તો ભગવાનનું ધામ આપે, મોક્ષ આપે...૮, ભક્તિદેવી દ્રાવીડદેશમાં પ્રગટ્યાં, કર્ણાટકમાં વૃદ્ધિ પામ્યાં, મહારાષ્ટ્રમાં અને ગુજરાતમાં આવતાં જીર્ણતાને પામ્યાં...૪૮, વૃન્દાવનમાં જવાથી તરુણી થયાં, કલિમાં ભગવત્કીર્તનભક્તિ મુક્તિ આપનારી છે, 'અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામી મહાપ્રભુ:, શ્રીકૃષ્ણવલ્લભ: સ્વામી આત્મનાથો હરિ: પતિ:' એવા ભજન વડે તરી જવાય છે, **અવતારો** _ બ્રહ્માજી, અનંતકુમાર, આદિ, વારાહ, નારદ, નર, નારાયણ, કવિલ, દત્તાત્રેય, યજ્ઞ, રૂષભ, પૃથુ, મત્સ્ય, કચ્છપ, ધન્વન્તરિ, મોહિની, નરસિંહ, વામન, પરશુરામ, વ્યાસ, રામ, શ્રીકૃષ્ણ, બલરામ, બુદ્ધ, કલ્કિ, વિષ્ણુના અસંખ્ય અવતારો છે, અવતારી અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે, અસંખ્ય અવતારો થયા જ કરે છે, સૃષ્ટિ વિશાળ છે, હરિ, હંસ, હયગ્રીવ, મન્વન્તર, આદિ આદિ, વ્યાસજી ને આત્મામાં અપૂર્ણતા માલમ પડી, નારદજીએ ભગવાનના વર્ણન માટે ભલામણ કરી, તે પ્રમાણે કરવા વડે અપૂર્ણતાની અશાન્તિ મટી... ૫-૯, નારદજી કહે _ હું ઋષિયોની પ્રસાદી જમતો, કથાઓ સાંભળતો, જ્ઞાન મેળવતો, સર્પદંશ વડે માતા વૈકુંઠવાસી થયાં, મેં હરિભક્તિ વડે હરિ જોવા હરિને વીણા વડે ગાઉં છું, કુન્તાજીએ વિપત્તિ માગી જે વડે ભગવાન ભજાય...૮-૨૫.

ભગવાને બ્રહ્માને વૈકુંઠમાં ચાર શ્લોકોમાં ઉપદેશ આપ્યો હતો, મૂળપ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, મન, શ્રોત, ત્વક, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક્, હાથ, પગ, મલેન્દ્રિય, મૂત્રેન્દ્રિય, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ, પૃથિવી, જળ, તેજ, વાયુ, આકાશ, જીવ, ઈશ્વર, મુક્તો, બ્રહ્મ, પરબ્રહ્મ, આ રીતે ઓગણત્રીશ તત્ત્વો ગણાય છે, સત્ત્વ, રજ, તમ, એ ત્રણ વધારીએ તો ૩૨ થાય છે.

अहमेघाऽऽसमेवाऽग्रे नाऽन्यद् यत् सदसत् परम्
पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम्

ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि
तद्विद्यादात्मनो मायां यथाऽऽभासो यथा तमः

यथा महान्ति भूतानि भूतेषूच्चावचेष्वनु
प्रविष्टान्यप्रविष्टानि तथा तेषु न तेष्वहम्

पतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुनाऽऽत्मनः
अन्वयव्यतिरेकाभ्यां यत् स्यात् सर्वत्र सर्वदा

સરસ્વતી તીરે બ્રહ્માએ નારદજીને, નારદે વ્યાસને આ ભાગવત ચાર શ્લોક કહ્યા હતા.

ચતુર્યુગ _ ચારહજાર સત્, ત્રણહજાર ત્રેતા, બેહજાર દ્વાપર, એક હજાર કલિ, ૮૦૦ સત્સન્ધિ, ૬૦૦ ત્રેતાસન્ધિ, ૪૦૦ દ્વાપરસન્ધિ, ૨૦૦ કલિસન્ધિ, વર્ષો, બધાં મળી ચાર યુગોનાં બાર હજાર વર્ષો ગણ્યાં છે. મનુ, ભારત, ભાગવત, આદિકમાં એ છે, તે ચારને ૩૬૫ વડે પ્રત્યેકને ગુણે તેટલા દૈવી દિવસો તે આપણા વર્ષો, ચાર લાખ બત્રીશ હજાર, આઠ લાખ ૬૪ હજાર, સત્તરલાખ અઠાવીશ હજાર, ચોત્રીશ લાખ છપ્પન હજાર, એમ આધુનિક દિવસો સૌર વર્ષો ગણેલાં છે.

માયામાંથી _ તમો, મોહ, મહામોહ, તામિસ્ર, અન્ધ તામિસ્ર, અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ ભયમ, એ પાંચ પર્વો માયિક છે, ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર, નિરોધ, એ પાંચ ચિત્તવૃત્તિઓ છે, સમ્પ્રજ્ઞાત, અસમ્પ્રજ્ઞાત એ બે સમાધિઓ છે, ધારણા, ધ્યાન, સમાધિ, એ ત્રણ સંયમ છે, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, એ પાંચ યમ છે, શૌચ, સન્તોષ, તપ, સ્વાધ્યાય, ઇષ્ટદેવ પ્રણિધાન, એ પાંચ નિયમો છે, રેચક, પૂરક, કુંભક, સ્તબ્ધ, એ ચાર પ્રાણાયામ છે, દક્ષ, મરીચિ, અત્રિ, ભૃગુ, પુલહ, પુલસ્ત્ય, ક્રતુ, અંગિરા, વસિષ્ઠ, નારદ એ દસ ઋષિઓ છે, વારાહ અવતાર બ્રહ્માની નાસિકામાંથી થયા, મત્સ્ય અવતાર બ્રહ્માના કમણ્ડલુમાંથી થયા, જય વિજય, તે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ થયા, તે દન્તવક્ત્ર અને શિશુપાલ થયા, શ્રીકૃષ્ણે ઉદ્ધાર્યા, યજ્ઞનારાયણે શરીર ખંખેર્યું તેના રોમ ખર્યા તે દર્ભો થયા, કુર્દમ ૭૧ યુગ જીવ્યા, સો વર્ષ પછી ગર્ભદાન દેવહૂતિને આપ્યું, તેની નવ દિકરીઓ અને કપિલ પુત્ર થયા, કર્દમે કલા મરીચિને, અનસૂયા અત્રિને, શ્રદ્ધા અંગિરાને, હવિર્ભુવા પુલસ્ત્યને, ગતિ પુલહને, ક્રિયા ક્રતુને, ખ્યાતિ ભૃગુને, અરૂન્ધતી વસિષ્ઠને, શાન્તિ અથર્વાને આપ્યાં, કર્દમ વનમાં ગયા, માતા જ્ઞાનગ્રહણ કરી મોક્ષમાં ગયા, કપિલ સમુદ્રમાં વસ્યા, સંત સેવવા, તેથી મોક્ષ મળે, વૈરાજ શરીરમાં ભગવાને પ્રવેશ કર્યો ત્યારે વૈરાજ સચેતન હલ્યા, સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય, એકત્વ પાંચ પ્રકારે મોક્ષ ઇચ્છાય છે, દક્ષે ધર્મને તેર દિકરીઓ આપ્યાં, અગ્નિને સ્વાહા, પિતૃને સ્વધા આપ્યાં સનક સનન્દન સનત્ સનાતન, નારદ, રૂભુ, હંસ, અરૂણિ, યતિ, એ સાધુઓ હતા, ૪, ૮॥, રાજરાજ કુબેર ગણાય છે, ઉત્કલના વંશમાં અંગ થયો, તેનો મૃત્યુપુત્રી સુનીથામાં વેન દુષ્ટ થયો, તેને વિપ્રોએ માર્યો, તેની જમણી ભુજામાંથી પૃથુ સુમતિ બે થયાં, સાથળથી નિષાદ થયા, પૃથુએ પૃથિવી દોહી હતી.

પ્રિયવ્રતના પુત્રો, _ કવિ મહાવીર, સવન, એ ત્રણ ઉર્ધ્વરેતાઓ હતા, નાભિરાજાને મેરૂપુત્રી મેરૂદેવીમાં રૂષભ થયા હતા, રૂષભે ઇન્દ્રપુત્રી જયન્તીમાં સો પુત્રો કર્યા, તેમાં ભરત મોટા, કવિ, હરિ, અન્તરીક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ, કરભાજન, યોગેશ્વરો થયા, ૮૧ બ્રાહ્મણો થયા, ભરતે તપ કર્યું, રહૂગુણે જ્ઞાન લીધું, ભરતવંશે ગયરાજા થયો, સ્વયંભૂ, નારદ, શંભુ, કુમાર:, કપિલ: મનુ, પ્રહ્લાદ, જનક, ભીષ્મ, બલિ, શુક, અગસ્ત્ય:, એ બાર ભાગવત ધર્મજ્ઞાતાઓ છે, દક્ષે ધર્મને દસ, કશ્યપને બાર, ચન્દ્રને સત્તાવીસ, ભૂતઅંગિરા અને કૃશાશ્વને બબે, ગરૂડને પાંચ દિકરીઓ આપ્યાં હતાં, ચિત્રકેતુને કૃતધુતિમાં હર્ષશોકપ્રદ પુત્ર થયો, મર્યો, અંગિરા નારદ આવ્યા, પુત્રને બોલાવ્યો, પુત્ર કહે - દસ વાર તારો બાપ થયો છું હવે શોક તજ, ચિત્રગન્ધર્વ વૃત્રાસુર થયો હતો, સવિતાની પત્ની પ્રશ્નિ:, તેમાં સાવિત્રી વિગેરે થયા, વરૂણને ચર્ષિણીમાં ભૃગુ થયા, મિત્રા વરૂણ બન્ને એ ઉર્વશીની સમીપે ગટમાં વીર્ય રેડ્યું, ઘડામાં અગસ્ત્ય અને વસિષ્ઠ થયા, જંભ તનયા કયાધુ, તેમાં પ્રહ્લાદ થયા, વિપ્રચિતિથી સિંહિકામાં રાહુ થયો, હાદથી ધમનીમાં વાતાપિ ઇલ્વલ થયાં, પ્રહ્લાદનો વિરોચન, તેનો બલિ, તેનો બાણ થયો, સાયું દિતિને કશ્યપે આપેલ ગર્ભને ઇન્દ્રે સાત કટકા કર્યા, તેના સાત, સાત, ૪૯ મરૂતો થયા, દેવોના વેદના ગૌમાતાના વિપ્રોના સન્તોના ધર્મના પ્રભુના વિદ્વેષીઓ જલદી નાશ પામે છે, દૈત્યો યક્ષો રાક્ષસો સ્ત્રિયો શૂદ્રો ગોપીઓ પક્ષિઓ મૃગો પાપજીવો પણ ભગવાનને ભજીને મુક્તિમાં ગયા છે, મય દાનવે હેમની રૂપાની લોઢાની નગરીયો આકાશમાં રાખી હતીઓ, તેને પુષ્યના યોગમાં શંકરે બાણ વડે ત્રણને એક ઓળંભામાં વિંધિઓ, જળ વાવ્યું પણ સળગવા લાગી હતી.

ધર્મની સુનૃતામાં ભગવાન સત્યસેન તૃતીયમનુમાં થયા હતા, પ્રથમમનુમાં યજ્ઞ થયા હતા, દ્વિતીયમનુમાં વિભુ થયા હતા, ચતુર્થમનુમાં હરિ થયા હતા, તેણે ગજેન્દ્ર તાર્યો,

ગ્રાહ-હુહુગન્ધર્વ હતો, દેવલશાપથી ગ્રાહ થયો હતો, હાથી ઇન્દ્રદ્યુમ્ન હતો, અગસ્ત્યના અસન્માને શાપ મળ્યો _ ગજ થા. પંચમમનુમાં ભગવાન વૈકુંઠ થયા હતા, તેણે વૈકુંઠ રચ્યું હતું,

છઠામનુમાં અજિત થયા હતા, અમૃતમથન કર્યું હતું, કૂર્મે મંદર ધાર્યો હતો, ભાગ...૮-૫-૧૦, કચ્છપે મંદર ધાર્યો હતો, મોહિની જોઈને શંભુનું રેત: સ્રવી ગયું તે સોનું રૂપું પારો થયા, સૂર્ય પત્ની સંજ્ઞામાં યમ યમી, શ્રાદ્ધદેવ થયા, છાયામાં તાપી સાવર્ણિ શનિ થયા, વડવામાં અશ્વિનીકુમારો બે થયા, આઠમા સાવર્ણિમનુમાં બલિ વિષ્ણુને ત્રણપદભૂમિ આપશે, નવમ દક્ષસાવર્ણિમા ઋષભ થાશે, દસમ બ્રહ્મસાવર્ણિ, એકાદશ

ધર્મસાવર્ણિ, દ્વાદશ રૂદ્રસાવર્ણિ, ત્રયોદશ દેવસાવર્ણિ, ચતુર્દશ ઈન્દ્રસાવર્ણિ, ૮૨૪, મનુને વસિષ્ઠે પુત્રાર્થ મિત્રાવરૂણયજ્ઞ કરાવ્યો પત્ની શ્રદ્ધાએ દિકરી માગી, તેથી ઇલા જન્મી, તે સુદ્યુમ્ન થયો, તે પાર્વતીશંકરરમણ સમયે દર્શને ગયો, પાર્વતીએ શાપ આપ્યો આંહી આવે તે નારી થઈ જાય, સુદ્યુમ્ન અને તેનો અશ્વ નારી માદા થઈ ગયા, બુધે ઈલામાં પુરૂરવા કર્યો, શંભુએ સુદ્યુમ્નને મહિનો પુરુષ મહિનો નારી રહેવા વર આપ્યો, તેના ઉત્કલ ગય વિમળ પરીવારો થયાં.

તૃણબિન્દુનો વિશાલ થયો, તેણે વિશાલા રચી, શર્યાતિની કન્યા સુકન્યા એ વલ્મીકરન્ધ્રમાં શૂળ ધોંકાવી, લોહી નિકળ્યું, સૈનિકોના મળમૂત્ર બંધ થઈ ગયા, સુકન્યા ચ્યવનને આપી, ચ્યવને યુવાનતા મેળવી અશ્વિનીકુમારોને યજ્ઞભાગી બનાવ્યા, વૈદ્યોનો બહિષ્કાર હતો, પણ ઐશ્વર્યવડે સોમભાગી થયા, શર્યાતિનો આનર્ત, તેણે સૌરાષ્ટ્ર શ્રીકૃષ્ણમણિનો બનાવ્યો, તેનો રેવત, તેનો ककुद्मी, તેની કન્યા રેવતી બળદેવજીને આપ્યાં, નાભાગનો અમ્બરીષ, જલપારણા કરવાથી, દુર્વાસાએ શાપિત કર્યો, સુદર્શન દુર્વાસા પાછળ થયું, અમ્બરીષને શરણે આવવાથી ચક્ર નિવૃત્ત થયું, અમ્બરીષના યુવનાશ્વે પુત્રમંત્રવાળો જળકળશ પીધો, સાથળમાં દિકરો માન્ધાતા થયો, ઇન્દ્રે ધવરાવ્યો, તેનો મુચકન્દ ગિરનારમાં સૂતો હતો, કાલયવનને બાળ્યો, અમ્બરીષની ૫૦ દિકરીઓ સૌભરિને વરીઓ, માન્ધાતૃવંશમાં ત્રિશંક થયો તે નક્ષત્રો ભેગો ઊંધે માથે લટકે છે, ત્રિશંકુનો હરિશ્ચન્દ્ર તેનો રોહિત થયો, રોહિતવડે યજન કરવું હતું તે ન કર્યું, રોહિતે અજિગર્તનો પુત્ર શુન:શેપ ખરીદીને યજ્ઞ કર્યો હતો, હરિશ્ચન્દ્રને ચાંડાળ ઘરે વેચાવું પડ્યું, તેના વંશમાં સાગર થયો, તેના સાઠ હજાર પુત્રો કપિલે બાળ્યા તેના વંશમાં ભગીરથે ગંગા લાવી ઉદ્ધાર કર્યો, તેના વંશમાં સૌદાસ થયો, વસિષ્ઠના શાપથી તે બાર વરસ રાક્ષસ રહ્યો, બાળક માંસ રાંધ્યું તે દોષ, તેના વંશમાં દશરથથી રામ થયા, ઇક્ષ્વાકુનો નિમિ વસિષ્ઠ શાપથી મર્યો, તે આંખના મટકામાં રહ્યો.

ચન્દ્રવંશમાં દિવોદાસ થયો તેણે કાશી વૈષ્ણવી બનાવી તે વંશમાં ઉપરિચર વસુ, તે વંશમાં જરાસંધ, શંતનુનો ગંગામાં ભીષ્મ, સત્યવતીમાં ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય થયા, તેની પત્નીઓ કાશીરાજપુત્રીઓ અમ્બિકા અમ્બાલિકા, તેમાં બાદરાયણે ધૃતરાષ્ટ્ર પાણ્ડુને ઉપજાવ્યા, કુન્તિમાં કર્ણાદિ છ દેવપુત્રો થયા, માદ્રીમાં સહદેવ નકુલ થયા, વૃષ્ણિ વંશમાં યાદવો થયા, પ્રશ્નિગર્ભ:, વામન:, શ્રીકૃષ્ણ:, મોટાના અપમાન વડે આયુ શ્રી યશ ધર્મ આશિષ શ્રેયો નાશ પામે છે... ૧૦-૪-૪૬. દ્રોણ વસુ અને ધરા ભાર્યા, તે નન્દજી યશોદા પ્રગટ્યા હતા, નલકૂબર અને મણિગ્રીવ તે બન્ને ગુહ્યકના પુત્રો નારદ શાપ વડે યમલાર્જુન વૃક્ષો થયા હતા, કામ ક્રોધ ભય સ્નેહ મૈત્રી ભગવાનમાં

કરીને તન્મય થાય તે નિર્ગુણતાને પામે, તેજસ્વીને નિયમભંગ અનાચરણ પણ દૂષિત કરતાં નથી...૧૦-૧૨-૩૦, જલમય તીર્થો પાષાણાદિ દેવ મૂર્તિઓ લાંબે કાલે પવિત્ર કરે સન્ત જનો તો દર્શનમાત્રથી પવિત્ર કરે છે, જરાસંધ સત્તર વાર લડવા આવ્યો હતો, વિદર્ભરાજા ભીષ્મકની પુત્રી રૂક્મિણીને શ્રીકૃષ્ણ પરણ્યા હતા, જામ્બવાને જામ્બવતી અને મણિ શ્રીકૃષ્ણને આપ્યા હતા, સત્રાજિતે સત્યભામા આપ્યા હતાં, કલિન્દપુત્રી કાલિન્દી તે સૂર્યસુતા કન્યા કૃષ્ણને વર્યા, વિન્દાનું વિન્દપુત્રી મિત્રવિંદાને પરાણે ઉપાડ્યાં પરણ્યાં, નગ્નજીત કન્યા સત્યાને સાત વૃષભ નાથીને કૃષ્ણ વર્યા, શ્રુતકીર્તિની સુતા ભદ્રાને વર્યા, ભદ્રરાજપુત્રી લક્ષ્મણાને વર્યા.

ભૌમાસુરને મારી ૧૬૧૦૦ કન્યા લઈ આવ્યા, સત્યભામા માટે પારિજાત લઈ આવ્યા, બાણાસુરને બે હજાર હાથ હતા, ઉષા અનિરૂદ્ધ સાથે સ્વપ્નમાં જોડાણી, હરિએ યુદ્ધમાં ચાર હાથ બાકી રાખી બાણના બધા હાથ કાપી નાખ્યા શંકર બાણને પડખે હતા પણ હારી ગયા, નૃગરાજા ગૌ માટે વિપ્ર શાપે કુવાનો કાકીડો થયો તેને કૃષ્ણે મોક્ષ આપ્યો, કરૂષરાજા પૌંડ્રક પોતાને વાસુદેવ કહેતો હતો, તેને કૃષ્ણે માર્યો. અગ્નિએ કાશી સળગાવી હતી, દુર્યોધનની પુત્રી લક્ષ્મણાને સામ્બ લઈ આવ્યો હતો, તે વખતે બળદેવે હળ વડે દીલ્હી ખાંગી કરી નાખી હતી, શ્રીકૃષ્ણે જરાસન્ધ માર્યો ૨૦૮૦૦ રાજાઓ છોડાવ્યા હતા, રાજસૂયમાં શિશુપાળ માર્યો હતો, નૈમિષારણ્યમાં બલરામે રોમહર્ષણ સૂતને માર્યો, સુદામાના મહલ સોનાના કર્યા હતાં. દેવકીને બધા પુત્રો દેખાડ્યા હતા, મોહિનીયે ભસ્માસુરને નિજ માથે હાથ મેલાવી ભસ્મ કરી નાખ્યો, ભૃગુએ બ્રહ્માને નમન ન કર્યું ખીજાણા, શંકરને ઉત્પથગામી કહ્યા, ત્રિશૂલ ઉપાડ્યું, વિષ્ણુને લાત મારી, ભગવાને પગ ચાટ્યા, વિષ્ણુ મોટા છે.

શ્રીકૃષ્ણ અર્જુન સાથે ભૂમા પુરુષ પાસે ગયા, દર્શનાર્થ વિપ્ર બાળકો ભૂમાએ હર્યા હતા...૧૦ ૮૯-૬૩, સ્ત્રીવેષી સાંબને કણ્વે કુલનાશક મુસલ જન્મવાનો શાપ આપ્યો હતો, ઋષભને ૮૧ દ્વિજાતિઓ, ૯ રાજાઓ, ૯ મુનયો થયા, ભરત મોટા હતા, કવિ હરિ, અન્તરિક્ષ પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ ચમસ, કરભાજન, યોગેશ્વરો હતા, દત્તાત્રેયે _ પૃથિવી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચન્દ્રમા, રવિ, મધુહા, હરિણ, મીન, પિંગળા, ટીટોડી, બાળક, કુમારી, બાણાવધાની, સર્પ, કરોળિઓ, કોશિટા કીડો, કપોત, અજગર, સિન્ધુ, પતંગ, મધમાખી, ગજ, એવામાંથી ગુણ લીધા હતા, તેથી ગુરુ લખાયા છે...૧૧ ૭-૩૪, સાધુ આશ્રયવડે સદ્‌ગુણ આવે, વિઘસાશિત્વ, અવન્ધ્યદિવસત્વ, અશ્મસાનવાસિત્વ, આત્મનિવેદિત્વ, તદર્થિત્વ, તત્સેવિત્વ, એ મોક્ષ પ્રદ છે, સન્ત નખશિખા પર્યન્ત પાવન છે, સંભલગામમાં વિષ્ણુયશના ઘેર કલ્કિ અવતાર થશે, કીર્તન ભજન માનસ જપ આ યુગમાં મોક્ષ આપશે.

વાયુપુરાણમ _ પૃથુના યજ્ઞમાં ઐન્દ્રહવિષ ઇન્દ્રને માટે હોમ્યું તેમાંથી સૂત થયા છે...૧-૩૩, ધર્મપત્નીઓ _ શ્રદ્ધા, લક્ષ્મી, ધૃતિ, તુષ્ટિ, પુષ્ટિ, મેધા, ક્રિયા, બુદ્ધિ, લજ્જા, વપુ, શાન્તિ, સિદ્ધિ, કીર્તિ તેર છે, કૃષ્ણદ્વૈપાયન જે કલ્પમાં હશે તે કલ્પમાં હું શ્વેતાયન વ્યાસ થઈશ. **भविष्यति शिखायुक्तः श्वेतो नाम महामुनिः । भविष्यति तदा कल्पे कृष्णद्वैपायनो यदा...** ૨૩-૧- ૫૨૩-૨૨૬, દ્વૈપાયનથી અરણિમાં શુક જન્મ્યા, શુકના પીવરીમાં ભૂરિશ્રવા, પ્રભુ, શંભુ, કૃષ્ણો, ગૌર, કીર્તિ કન્યા છ જન્મ્યા, અણુહાની પત્ની તે બ્રહ્મદત્તની માં છે, વાસ્તવિક શુક યોગી હતા, અરણીનો શુક ગૃહસ્થ હતા, સમુદ્રમંથનમાં જે ધન્વન્તરિ તે કાશીરાજને ઘેર દ્વિતીય દ્વાપરમાં ધન્વન્તરિ થયા હતા, ધન્વન્તરિનો વંશ દિવોદાસ ભક્ત હતો, તે વંશમાં અલર્ક થયો તે સાઠ હજાર અને સાઠ સો વર્ષે જીવ્યો, પુરૂને યયાતિ એ રાજ્ય આપ્યું, પુરૂએ યયાતિને યૌવન આપ્યું...૯૨-૮૮.

સહસ્રાર્જુન સુદર્શન અવતાર પંચાસી હજાર વર્ષ જીવ્યો, બાર મહા સંગ્રામો ૧-નારસિંહ, હિરણ્યકશિપુ માર્યો, ૨-વામને બલિને બાંધ્યો, ૩-વરાહે હિરણ્યાક્ષ હણ્યો, ૪-ઇન્દ્રે પ્રહલાદ જીત્યો, ૫-વિરોચનને વિષ્ણુએ માર્યો, ૬-તારકાસુરને વિષ્ણુએ માર્યો, ૭-ત્રિપુરાસુરને ત્ર્યમ્બકે માર્યો, ૮-અન્ધકાસુરને ઇન્દ્રે માર્યો, ૯-વિપ્રચિતિને ઇન્દ્રે માર્યો, ૧૦-જીવિકા મહાયુદ્ધ, ૧૧-રજિએ દૈત્યોને માર્યા, ૧૨-યજ્ઞામૂતે ષણ્ઢ અમર્ક જીત્યા, વિષ્ણુએ કાવ્યમાતાને મારી, ભૃગુએ સાત વાર મનુષ્ય થા એવો શાપ આપ્યો, તૃતીય યુગમાં ધર્મથી નારાયણ થયા હતા, ચોથા યુગપર્યાયમાં નરસિંહ થયા હતા, સાતમા ત્રેતામાં વામન થયા હતા, દશમા ત્રેતામાં દત્તાત્રેય થયા હતા, પંદરમાં ત્રેતામાં માન્ધાતા થયા હતા, ઓગણીશના ત્રેતામાં પરશુરામ થયા, ચોવીશમાં ત્રેતામાં રામચન્દ્ર થયા, અઠાવીશમાં દ્વાપરમાં વેદવ્યાસ થયા, કલિ પ્રારંભે શ્રીકૃષ્ણ થયા અને કલ્કિ થશે, હાલ શ્વેતાયન વ્યાસજી છે.

પદ્મપુરાણ _ ભૃગુએ તામસી તપ કર્યું હતું, શંભુએ પ્રેરેલા વૃષભે શિંગડે ચઢાવેલા ભૃગુએ ક્રોધ કર્યો તેથી જલદી તપોફળ ન મળ્યું, પણ શંભુએ તે પૃથિવી ક્રોધભૂમિ થશે જ્યાં પિતા પુત્રો પણ લડશે એમ કહ્યું હતું... ૧-૨૦-૨૮. સરસ્વતીમાં આબૂમાં મંકણકે તપ કર્યું શરીરમાં શાકરસ રહ્યો, મંકણક નાચવા લાગ્યા તે સાથે અરણ્ય નાચવા લાગ્યું, તેને બંધ કરવા શંભુ આવીને નાચવા માંડ્યા, મંકણકે જોયું તેમ શંકરે ચપટી વગાડી, ચપટીમાંથી રાખ નીકળી, ત્યારે મંકણકનો ગર્વ ઉતર્યો, નાચ બંધ કર્યો, સોમશર્મા મૃત્યુ કાલમાં દૈત્ય ભય ધ્યાન વડે પ્રહલાદ થયો હતો, દ્વાદશે પર્શુરામ: ચતુર્વિશે રામચન્દ્ર:, અષ્ટાર્વિશે વાસુદેવ થયા, જન્મ સમયે ચોવીશ અંગુલ વિકાસ માગે,

પુત્રો કરજ આપે, કરજ કરાવે, શત્રુ થાય, મિત્ર થાય, ઉદાસીન પણ થાય... ૨-૧૨-૨૧, દસ હજાર વર્ષ તપ પછી દત્તાત્રેયે ધર્મ દેખ્યા, કુર્વાસાએ ન દેખ્યા, શાપ આપ્યો, રાજા દાસીપુત્ર અને ચંડાલ થા, તે ધર્મ યુધિષ્ઠિર, વિદુર અને હરિશ્ચન્દ્ર ચંડાળતામાં થયા...૧૨૧, રૂકમાંગદના પુત્ર ધર્માંગદે મોહિની માટે મસ્તક કાપી આપ્યું હતું, તે સુવ્રતમુનિ થયા, આત્મનિવેદી થયા હતા... ૨-૨૧-૪૨ સુધી, સુશંખ ગન્ધર્વને તપમાં સુનીથાએ તાડન કર્યું, તેને શાપ થયો તૂં દુષ્ટપુત્રવાળી થા, તે વેન થયો, યુવતીના ૧૩ આભૂષણો છે, ૧-રૂપ, ૨-શીલ, ૩-સત્યતા, ૪-આર્યતા, ૫-ધર્મ,

૬-સતીતા, ૭-દૃઢતા, ૮-સાહસ, ૯-મંગલ, ૧૦-ગાયનમ, ૧૧-વ્યવસાયિતા, ૧૨- રતિપ્રિયતા, ૧૩-વચોમાધુર્યમ્, દિવોદાસની પુત્રીના ૨૧ ભર્તાર ત્રીજે ફેરે મર્યા, તે પૂર્વે સુવીરપત્ની ચિત્રા હતી, તેણે સો ઘર ભંગ કર્યા, તેથી ફળ મળ્યું, બે સિંહ મધ્યે શૂકર પાણી પીયે, બે શૂકર મધ્યે સિંહ પાણી ન પીઈ શકે...૨-૪૩-૫૯.

કલિંગમાં વસુદત્ત વિપ્ર પુત્રી સુદેવા પતિના દ્વેષથી ઘણા પશુ જન્મ પામી, વિદર્ભમાં સત્યકેતુની પદ્માવતી કન્યાને ઉગ્રસેન પરણ્યો, તે બાપને ઘેર ફૂલ વિણતાં ગોભીલ દૈત્યવડે ગર્ભવતી થઈ, તેનો કંસ પુત્ર થયો, ૨-૫૧-૨૬, સહસ્રાર્જુનને પર્શુરામે હરાવ્યો, તેને રામચન્દ્રે, તેને જરાસંધે, તેને ભીમે, તેને હનુમાને, તેને ભરતે બાણ માર્યું પાડ્યો, નિવાતકવચ દાનવોને અર્જુને તેને ગોપકાબાએ હરાવ્યો, સૂર્યને મેઘ ઢાંકે, તેને વાયુ ઉડાડે, તેને પર્વતો પહોંચે, તેમને અગ્નિ પહોંચે, તેને જળ, જળને સૂર્ય ઉપાડે, સૂર્યને રાહુ ગળે, માર્તણ્ડોને કોઢ, વરૂણને જળોદર, પૂષાને બોખાપણું, ઇન્દ્રનો હાથ સ્તંભિત થયો, સોમને ક્ષય, દક્ષને જવર, બ્રહ્માને કામના, અગ્નિને સર્વભક્ષિત્વ, કાર્તિક ઘણાનો દિકરો ગણાણો, ૨, ૬૬, ૨૧૩, જે અભિમાન વડે ગુરુને તિરસ્કારે તે બ્રહ્મહત્યારો છે, ગુરુને ડહાપણ બતાવે તે પણ બ્રહ્મઘ્ન ગુરુઘ્ન છે...૨-૬૭, હાલાહલ પછી અલક્ષ્મી ઉપજ્યાં તે ઉદ્દાલકને પરણ્યાં...૩-૯-૯, પુલસ્ત્યના વિશ્રવાને મન્દાકિનીથી જન્મેલો કુબેર લંકાપતિ હતો, વિશ્રવાની કૈકસી પત્નીમાં રાવણ, કુંભકર્ણ, વિભીષણ થયા, કુબેર તો રાજા હતો, તેને જોઈને કૈકસીએ રાવણને તૂ તો મારે પેટ કીડો અવતર્યો છો, એવું વચન માર્યું. રાવણે દસ હજાર વર્ષ તપ કર્યું પછી લંકા વિમાન લઈ લીધાં, કુબેરે વિષ્ણુને વિનવ્યા, વિષ્ણુએ કહ્યું દશરથનો રામ થઈને રાવણનો નાશ કરીશ, પુરુષવાચક નક્ષત્રમાં બીજ આપે તો પુત્ર થાય, સોળ રાત્રિમાં ચાર વર્જ્ય, પછી બેકી પુત્રની, એકી પુત્રીની, આવનારી રાત્રિઓ છે, ભૃગુ સમિધ લેવા ગયા, યજ્ઞમાં દમન રાક્ષસ આવ્યો, અગ્નિએ ખ્યાતિ બતાવ્યાં, દમને ખ્યાતિ ઉપાડ્યાં, ગર્ભ પડ્યો, તે ચ્યવન થયો, ભૃગુએ અગ્નિને શાપિત કર્યો, સર્વભક્ષી થા, જનક યમપુરી ઉપર ચળક્યો તેના પવનવડે પાપિઓ સુખી થયા હતા.

લોમશ : _ રામ પંદરમે વર્ષે છ વર્ષની મૈથિલીને પરણ્યા, બાર વર્ષ ભેગા રમ્યા, સત્તાવિશમેં વર્ષે રાજ્ય ગાદી પ્રસંગ, કૈકયીએ ૧૪ વર્ષ વનવાસ અપાવ્યો, તેમાં તેરમે વર્ષે શૂર્પણખા નકટી કરાણી, માઘ વદ આઠમમાં રાવણ સીતાને લઈ ગયો, બેતાળીશમે વર્ષે રામે રાજગાદી મેળવી, સીતા તેત્રીશ વર્ષનાં હતાં, વાલ્મિકાશ્રમમાં બાર વર્ષ રહ્યાં, રાજ્યમાં એક વર્ષ, ૪૬ મે વર્ષે સીતા ભૂમિમાં પેઠા...૪-૩૭, સુરકેતુને ખેતીમાંથી સીતા મળ્યાં, શુકપક્ષીએ રામાયણ ગાયું હતું, સીતાએ એક શુકીને પોતાને પિતૃગૃહે પંદર દિવસ પાંજરામાં રોકી હતી, તેણે શાપ દીધો, હું ગર્ભવતી છું, તું મને પૂરી રાખે છે, તેમ તું પણ સગર્ભા પરાધીન વનમાં રહીશ, તે શાપ વાલ્મિકના આશ્રમમાં રહેવા તરીકે ફળ્યો, સૂર્યપત્ની સંજ્ઞા, છાયા, પ્રભા, વિશ્વકર્માની દિકરી સંજ્ઞાએ મનુ યમ યમુના જન્માવ્યાં, છાયાએ સાવર્ણ શનશ્ચર તાપીને જનમાવ્યા, યમે પગ લાત વડે છાયાંને તીરસ્કારી, છાયાએ શાપ આપ્યો, યમ તારો જમણો પગ ઘાવ વાળો થાશે, શનિએ કહ્યું કુકડાઓ ઘાવના કૃમિને ખાઈ જાશે, વિશ્વકર્માએ સરેણ ઉપર ચઢાવીને સૂર્યને રૂપાળા બનાવ્યા, કડચથી નીચે ન કર્યા, તેથી પગરહિત સૂર્ય મૂર્તિ કરાય છે.

આભીરકન્યા તે બ્રહ્માની પત્ની ગાયત્રી થયેલી છે, કૃષ્ણ પત્નીઓ સાંળનું રૂપ જોઈ મોહિત થતી હતીઓ તેથી કૃષ્ણે શાપ આપ્યો _ તમને દાસ લોકો ઉપાડી જશે, તે કૃષ્ણ અદૃશ્ય થયા પછી કાબાઓ વડે લૂટાણી. શ્વેત રાજાએ અન્ન દાન ન આપ્યું હતું, બીજા દાનવડે સ્વર્ગમાં ગયો ત્યાં ખાવા ન મળ્યું તેથી પોતાના શબના દાહ સ્થળમાં આવીને રાખ ચાંટતો હતો, તારકાસુરનો નાશ કાર્તિકસ્વામીએ કર્યો, આડી રાક્ષસે નારીરૂપે શંકરને મારવા ભગમાં દાંતાં કર્યા, શંકરે લિંગને લોઢાનું કરીને આડીને તોડી નાખી માર્યો, જાલંધરે વિષ્ણુને સમુદ્રમાં નિજપિતાગૃહે રહેવા કહ્યું, વિષ્ણુએ વૃન્દાને છેતરી, જાલંધર શિવરૂપે સતીને છેતરવા ગયો હતો, વૃન્દા છેતરાણી ત્યારે જલંધર મર્યો, વૃન્દાએ વિષ્ણુ વર્યા, એક ગણિકાએ વિષ્ણુને કમળ ચઢાવ્યાં તે રાજાની રાણી જન્મ પામી, એક શુની ઉપર વિષ્ણુપૂજાનું જળ પડ્યું તે શુની સ્વર્ગમાં ગઈ, દેવશર્માને નિદ્રા ઊડી ગઈ હતી, તેણે ઋષિપંચમી વ્રત કર્યું તેથી નિદ્રા આવી, રજસ્વલાદોષથી ઋષિપંચમીના વ્રત વડે શુદ્ધિ મળે છે. ગૌરી લક્ષ્મી સ્વરાએ બીજો વડે તુલસી માલતી આંબલી ઉપજાવ્યાં છે, ધર્મદત્ત બ્રાહ્મણે રાક્ષસીને જળ છાંટી મોક્ષ આપ્યો તે વડે પુણ્યશાળી તે દશરથ થયો હતો, કાઠિયાવાડની કલહા તે વિપ્રની પત્ની હતી તે કૈકયી થઈ હતી, જય વિજય પાર્ષદ ગણડકીમાં ઝૂંડ હાથી થયા હતા, તેઓ કર્દમના પુત્રો અને કપિલના ભાઈઓ હતા...૬-૧૧૨, માર્કંડેયની માતા મરૂદ્વતી હતાં, તિલોત્તમાને માટે સુન્દ ઉપસુન્દ દૈત્યો માર્યા ગયા, શુક્લ દ્વાદશીમાં લક્ષ્મી જન્મદિન છે. સાત્ત્વિક પુરાણો _ વિષ્ણુપુરાણ,

નારદપુરાણ, ભાગવતપુરાણ, ગરૂડપુરાણ, પદ્મપુરાણ, વરાહપુરાણ એ છ. રાજસ પુરાણો _ બ્રહ્માંડપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કંણ્ડેયપુરાણ, ભવિષ્યપુરાણ, વામનપુરાણ, બ્રહ્મપુરાણ એ છ, તામસપુરાણો _ મત્સ્યપુરાણ, કૂર્મપુરામ, લિંગપુરાણ, શિવપુરામ, સ્કન્દપુરાણ, અગ્નિપુરાણ એ છ. તામસશાસ્ત્રો-વૈશેષિક, ન્યાય, સાંખ્ય, ચાર્વાક, બૌદ્ધ, માયાવાદ, મીમાંસા, કર્મવાદ એ આઠ છે, વૈકુંઠ, શ્વેતદ્વીપએ, શેષનારાયણ વિષ્ણુના ધામ છે, અવ્યાકૃત ભૂમા પુરુષનું ધામ છે, ગોલોક વાસુદેવનું ધામ છે, અક્ષર એ બ્રહ્મ ધામ પુરુષોત્તમનું ધામ છે. સાત્ત્વિક સ્મૃતિઓ _ વસિષ્ઠસ્મૃતિ, હારિતસ્મૃતિ, વ્યાસસ્મૃતિ, પરાશરસ્મૃતિ, ભરદ્વાજ સ્મૃતિ, કશ્યપસ્મૃતિ, એ છ. રાજસસ્મૃતિ _ યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, અત્રિસ્મૃતિ, તિત્તિરસ્મૃતિ, દક્ષસ્મૃતિ, કાત્યાયનસ્મૃતિ, વિષ્ણુસ્મૃતિ એ છ, તામસ સ્મૃતિઓ. ગૌત્તમસ્મૃતિ _ બૃહસ્પતિસ્મૃતિ, સંવર્તસ્મૃતિ, યમસ્મૃતિ, શંખસ્મૃતિ, ઉશનાસ્મૃતિ, વૈષ્ણવીરસ્મૃતિ, શ્વેતાયનસ્મૃતિ એક છે.

સ્કન્દપુરાણ _ નહુષે અગસ્ત્યને પાલખીએ જોડ્યા, અને કહે સરપ સરપ ખસ સરખો ચાલ. અગસ્ત્ય કહે તૂં સરપ થા, નહુષ અજગર થઈ નીચે પડ્યો. દધીચપત્નીએ દેવોને શાપ આપ્યો મારા ધણીનાં અસ્થિ લઈ જાઓ છો, મને દિકરો નથી, તેથી તમો દેવો દિકરા વિનાના અનપત્ય રહેશો, બલિના ભયથી યમરાજ કાગડો, કુબેર કાકીડો, અગ્નિ હોલો, શિવ દેડકો, નૈઋત સમળો, વરૂણ કર્પિજળ, વાયુ કબુતર, ઇન્દ્ર મયૂર થઈને છાના રહેતા હતા, એક કિતવ ઠગે ઇન્દ્રરૂપ લઈને અગસ્ત્યને હાથીદાન, ગાલવને અશ્વદાન, વિશ્વામિત્રને ચિન્તામણિદાન, આપ્યાં હતાં, તે પુણ્યે તે કિતવ બલિરાજા થયો હતો, બલિની માતા સુરૂચિ વૃષપર્વાની પુત્રી હતાં.

ઇન્દ્રદ્યુમ્ન કલ્પશતાન્તે પૃથિવી પર આવ્યો, નવી કીર્તિ કરવા માર્કણ્ડેયને પૂછ્યું, તે બક પાસે ગયા, તેઓ નાડીજંધ પાસે ગયા, તેઓ ઉલૂક પાસે ગયા તેઓ ગૃધ્ર પાસે ગયા, તેઓ માનસરોવરે કૂર્મ પાસે ગયા, તેઓ લોમશ પાસે ગયા, ઇન્દ્રદ્યુમ્નની કીર્તિ તાજી થઈ, ઇન્દ્રદ્યુમ્ને કચ્છપની પીઠ પર કુંડ કરી સો યજ્ઞ કર્યા હતા, તેવી કીર્તિ લઈને પાછો સ્વર્ગમાં ઇન્દ્રદ્યુમ્ન ગયો, પાર્વતી, ગૌરી થયાં, શંકર પાર્વતીને કહે તમે કાળાં, તમારી માં મેના કાળાં, તમારા બાપ હિમાદ્રિ પર્વત પાણા કાળા, મને કાળી મળી, પાર્વતી રીંસાઈને તપ કરવા ગયા, તેની કાળી ખોળ ઉતરી ગઈ અને ગૌરી થયાં પછી શંકરને ઘેર આવ્યાં. કાળી ખોળ તેને કાત્યાયને મહાકાળી દેવી બનાવ્યા, તેનું નામ કાત્યાયની તેણે મહિષાસુર માર્યો તે ચંડી, ચામુણ્ડા, ચર્મમુણ્ડા, કહેવાણા, ચંડીનું સ્તોત્ર માર્કંડેય પુરાણમાં છે.

વિયત્ રાજાની પુત્રી પદ્મિનીને શ્રીનિવાસ ભગવાન આવીને પરણી ગયા, ભૃગુની પુત્રી ભાર્ગવીને નારાયણ ભગવાન આવીને ભૃગુતીર્થમાં શુક્લતીર્થમાં પરણી ગયા, માધવની પુત્રી માધવી લક્ષ્મીને ભગવાન પરણી ગયા હતા, તોણ્ડમાન રાજાની દિકરી પદ્માને ભગવાન પરણી ગયા હતા, વિશ્વકર્માના પુત્ર નળે પિતાના વરદાનથી પત્થરો તારવા વડે સેતુબન્ધ કર્યો હતો, અષ્ટાવક્ર રૂષિએ વિપ્રોને કહ્યું હતું, મારા જીવતાં મારી આવરદામાં મેં સો બ્રહ્મા તો જોયા, રૈક્વ ખેડૂ લંગડો ગાડે બેઠો તીર્થ કરવા ઇચ્છતો હતો, જાનશ્રુતિ નામનો દાતાર દાન બહુ આપતો હતો, આકાશમાં હંસો આવ્યા, તે દેવો હતા, જાનશ્રુતિને ન વખાણ્યો, રૈકવને વખાણ્યો, રૈકવ ભક્તિ કરતો હતો માટે શ્રેષ્ઠ મુક્તિમાં જાશે, જાનશ્રુતિ તો પુણ્ય ભોગવીને હેઠો પડશે, ધર્મગુપ્ત રાજા અને વાનર બન્ને સાંજે અરણ્યમાં ભેળા થઈ ગયા, સિંહના ભયથી, વૃક્ષ પર ચઢી ગયા, જાગવાના વારા કાઢ્યા, વાનર પહેલો જાગ્યો, સિંહે, રાજાને હેઠો નાખવા કહ્યું વાનરે ના પાડી, અર્ધી રાત પછી રાજા જાગ્યો, સિંહે રાજાને બહુત સમઝાવી વાનરાને હેઠો નાખવા કહ્યું, રાજાએ વાનરને ધક્કો માર્યો, વાનર લોંચી ખાઈને ઊંચી ડાળે બેસી રોવા લાગ્યો, માણસનો વિશ્વાસ ન કરવો. ધર્મદેવે ત્રીશ હજાર વર્ષ ધર્મારણ્યમાં તપ કર્યું છે, ઇન્દ્રે વર્ધિની કન્યા સેવામાં મોકલી હતી, પછી મૂર્તિ દેવીએ તપ બન્ધ કરવા કહ્યું ત્યારે ધર્મદેવે માનસ પુત્રો ઉપજાવ્યા હરિ, કૃષ્ણ, નારાયણ. અને નર, હરિ મોક્ષ આપે, કૃષ્ણ અસુર સંહારે, નર નારાયણ તપ કરે છે, વિશ્વાવસુ નામના ગાન્ધર્વ પાસે સાઠ હજાર કન્યાઓ રહે છે, તે તપસ્વીને આપે છે, પાર્વતીજીએ શિવધાતુના મેલમાંથી ગણેશ, હનુમાન, કાર્તિક ઉપજાવ્યા હતા, શંકરે ગણેશનું મસ્તક કાપ્યું તેને ફરીથી ઐરાવત ગજનું મસ્તક ચોંટાડ્યું છે, વિષ્ણુ, ધનુષ ચઢાવેલ દોરડી વાળું, ઠોંગે દાઢી રાખીને ઊભા, વમ્રી પીળી કીડિઓએ દોરડી કાપી, તે ઠોંગુ ઉડ્યું, વિષ્ણુને ગળે લાગ્યું માથું ઊડી ગયું, વિશ્વકર્માએ સૂર્યાશ્વમસ્તક જોડ્યું તેથી વિષ્ણુ હયગ્રીવ ભગવાન થયા છે, પાર્વતીજીએ વિષ્ણુ શિવ બન્નેને શાપ આપ્યો હતો તેથી શાલગ્રામ અને લિંગ પાષાણો રૂપે તે બન્ને થયા છે, શંકરે શુક્રને મુખમાં નાખીને ધાતુરૂપે કાઢ્યો તે શુક્રાચાર્ય થયો છે...૬-૧૬-૪૦, ડાબૂં સ્તન મોટું હોય તેને દિકરીઓ જ થાય, જમણો સ્તન ઊંચો હોય તેને દિકરા જ થાય, સુધાની ભ્રાન્તિ વડે દાભડા ચાંટ્યા તેની ધાર વડે સર્પની બે જીવ્હાઓ થઈ પડી...૪-૫૦-૧૨૩, વિનતાએ એક ઈંડુ પાક્યા વિના ફોડ્યું તે અનુરૂ અરૂણ થયો, બીજું પાકેલું ફૂટ્યું તે ગરૂડ થયો, દુષ્ટ સ્વપ્નો _ પાણીમાં ડુબવું, કાદવમાં ખૂંતવું, કાષાયધારી મુંડી નગ્ન થવું, રાતે સૂર્યગ્રહણ દેખવું, ઇન્દ્રધનુષ બે જોવાં, આથમણો સૂર્યોદય, બે ગ્રહ લડતા હોય, કેશ દાંત પડી જાય, ધ્વજ ભંગ થાય, દૂધ સાગરમાં

નારી સ્નાન, બકરા વાનર વાહનમાં બેસી દક્ષિણમાં જવું, છૂટા કેશવાળી રક્તવસ્ત્રા કે વિવસ્ત્રા રોતી ભથ ભરે, અવળો દરવાજો દેખાય, શિયાળ મૃગ ટોળાં ગામમાં આવે, વાવાઝોડામાં વૃક્ષો ઊખડી પડે, ઊંટ દેખાય, ભેંસ પૂછ વડે જળમાં તણાય, વાઘ બચ્ચું નોરીયાં મારો, કાશીમાં વ્યાસને ભિક્ષા ન મળી, વ્યાસે શાપ આપ્યો-ત્રીજી પેઢીએ વિદ્યા નહિ રહે, ત્રીજી પેઢીએ ધન નહિ રહે, ત્રીજી પેઢીને મુક્તિ નહિં મળે, એવો વ્યાસે શાપ આપ્યો... ૪-૯૬-૧૨૫, શંકરે કહ્યું વ્યાસ તમો ક્રોધથી શાપ આપો છો માટે ગંગાને સામે કાંઠે વસો, આંબાના પુષ્પો ચોળીને સાથળમાંથી ઉર્વશી ઉપજાવીને ઇન્દ્ર અને અપ્સરાઓ તપના વિઘ્ન કરનારાઓને નર ભગવાને પાછા પાડી દીધા, ભાદ્રશુક્લ ૠષિપાંચમનું વ્રત કરે તેનું દુર્ભગપણું રજસ્વલાદોષ નાશ પામે, મહામારી, પૂતના, કૃત્યા, શકુની, રેવતી, ખલા, કોટરા, તામસા, માયા, એ નવ માતૃકા ગણાયેલી છે, દક્ષિણગંગા નર્મદા, શંકર સાથે રમતા ઉમાના પરસેવાથી કુચમર્દનથી થયાં છે, તે શિવજીને નર્મ ખુશીયાલી દેનારાં છે, પ્રલયમાં પણ કૂર્મ પૃષ્ઠ ઉપર રહે છે, યાજ્ઞવલ્કયને સ્વપ્નમાં ધાતુ સર્યો તે લંગોટી ઝૂંપડી બાહેર મેલી, તે વડે યાજ્ઞવલ્કયના ભગિનીયે યોનિ સાફ કરી ત્યારે ધાતુકણ પ્રવેશી ગયો, તે બાળક જન્મ્યો, તેને પિપ્પલા વૃક્ષ તણે મેલ્યો, ત્યાં મધધારા વડે જીવ્યો તે પિપ્પલાદ ૠષિ થયો, પિપ્પલાદે લાત મારી શનિને, શનિ વાંકી આંખ્યે ભૂમિમાં પડ્યો, તે ૧૬ વર્ષ પહેલાં પીડા કરતો નથી, સોમવંશી વસુ મ્લેચ્છો સાથે યુદ્ધમાં હતો, રાજ્ઞી રજસ્વલા થઈ, શુક રાજવીર્ય પુટ લઈને જતાં રસ્તામાં શ્યેન યુદ્ધમાં બીજ સાગરમાં પડ્યું, તેને માછલી પી ગઈ તે મત્સ્યોદરી કન્યા વ્યાસમાતા પરાશરભુક્તા થઈ, તે મત્સ્યોદરી શન્તનુની પત્ની થઈ, અત્રિની અનસૂયામાં બ્રહ્મા ચન્દ્રમા, વિષ્ણુ દત્તાત્રેય શંભુ દુર્વાસા જન્મ્યા હતા...૫-૧૦૩, ભીષ્મકની મહાદેવી પત્નીમાં ૠકિમણી જન્મ્યા, તેને જન્મથી સુવર્ણતિલક હોવાથી ૠકમ્વતી નામ પડ્યું હતું, શ્રીકૃષ્ણ તેને પરણ્યા, માણ્ડવ્યને શૂલીએ ચઢાવ્યો, ટીડડું વિન્ધ્યાનું ફલ મળ્યું, શાણ્ડિલીએ ખંભે પતિવડે માણ્ડવ્યને વ્યથિત કર્યો, પતિ સવારે મરી જાય, શાંડિલીએ સવાર ન થવા દીધું, સૂર્યોદય રોક્યો, દેવોએ શૌનક પતિને અમર કર્યો, પછી સૂર્યોદય થયો. જીવાત્માઓ સંસારી પ્રવાહમાં પડેલા છે, તેમાંથી વેદધર્મ મર્યાદા પાળે તો મરજાદી ગણાય, રાત-દિવસ **'શ્રીહરિ શરણં મમ'** જપે તો પુષ્ટિવાળો મુક્ત ગણાય, મોક્ષ માટે બ્રહ્મસમ્બન્ધ ભગવત્સમ્બન્ધ કરવો, અનાદિ શ્રીકૃષ્ણનારાયણમાં ઇન્દ્રિયો અન્ત:કરણ અર્પણ થયા પછી મુક્ત સ્થિતિમાં વરતાય છે, ભગવાનની લીલાઓમાં તન્મય થવું તે નિરોધસમાધિ નિર્વિકલ્પકસમાધિ જાણવી ભગવાનને નખશિખાપર્યન્ત સેવવા.

નારદ પુરાણ _ સૌરાષ્ટ્રના રૂકમાંગદરાજાને એકાદશીવ્રત ભંગ કરાવવા બ્રહ્માએ મોહિની કન્યા મોકલી, તે વ્રત ભંગ ન કરાવી શકી, ત્યારે બદલામાં ધર્માંગદ પુત્રનું માથું માગ્યું, તે આપી દીધું, પછી પસ્તાણી, તેને વિદ્ધા એકાદશીના સવારમાં સ્થળ આપ્યું, તે દિવસે વ્રત રહે અને શુદ્ધ એકાદશીમાં અન્ન ખાનારા યમપુરમાં જાય, શુદ્ધાનું વ્રત કરનારા મોક્ષમાં જાય, વડવૃક્ષની ત્રણ મૂર્તિઓ કૃષ્ણ રામ સુભદ્રા જગન્નાથપુરીમાં કરેલ છે, શ્રીકૃષ્ણ સાથે રાધિકા સંભોગમાં હતાં, છોકરા સાત હતા, બધાને ફરવા મોકલી દેતા, નાનો છોકરો ખસતો ન હતો, તેને શાપ આપ્યો ખારો થા તે ખારો સાગર થયો છે, ગરૂડ ત્રીશ હજાર વર્ષ તપ કરીને વિષ્ણુનું વાહન થયા, સમુદ્રમંથનમાં, રમા, વારૂણી, કામોદા, વરા, ચાર કન્યાઓ ઉપજી, ત્રણ વિષ્ણુપત્નીઓ થઈ, વારૂણીને દૈત્યો લઈ ગયા.

બ્રહ્મવૈવર્તપુરાણ _ બ્રહ્મલોકમાં ગોલોક ઊંચો કલ્પ્યો, તેથી કરોડ યોજન નીચે વૈકુંઠ કલ્પ્યો, તેથી નીચે શિવલોક કૈલાસ છે, તે અન્તે બ્રહ્મલોકમાં ભળી જાય છે, વિશ્વકર્માએ શૂદ્રાણીને ગર્ભ આપ્યો, તેના નવ કારીગરો જન્મ્યા, માળી, શંખ બલોયાં કરનાર, કર્મકાર, વણકર, કુંભાર, કંસારા, સૂત્રકાર, ચિત્રકાર, સ્વર્ણકાર, એ નવ, દ્રુમિલની પત્ની કલાવતીએ નારદથી વીર્યાધાન ઇચ્છ્યું, નારદે મેનકાને જોઈ વીર્ય આપ્યું, તે કલાવતીએ પીધું, તેનો પુત્ર ઉપબર્હણ, તેજ નારદ, તે મર્યા પછી બ્રહ્માના કંઠદેશથી જન્મ લઈ નારદ થયા, બ્રહ્માના શાપવડે બહુ ભક્તિ કરાવતા મોક્ષમાં ગયા છે, ત્રણ પત્નીઓ ત્રણ સાળાઓ ત્રણ નોકરો ત્રણ બન્ધુઓ હોય તો મંગલ હણાઈ જાય છે... ૨-૬-૫૬. કલિના દસ હજાર વર્ષે મૂર્તિઓ મંદિરો નહિ રહે, શ્રાદ્ધ તર્પણ વિવાહ નહિ રહે, સોળમે વર્ષે ધોળાં થઈ વિશમાં મહાવૃદ્ધ ગણાશે, આઠ વર્ષે યુવતી રજોવતી ગર્ભિણી ગણાશે, સોળમે મરણ તુલ્યા થાશે, વૃક્ષો હાથ ઊંચા, માનવ વેંતથી નાના હશે, કલિ. એકવિશ યુગકાલ વૈકુંઠમાં અર્ધીઘડી ગણાય છે, કુશધ્વજની પત્ની વેદવતી ગંગામાં દેહ ત્યાગ કરીને પૃથિવીમાંથી સીતા થયા હતાં, અગ્નિએ સીતાને બદલે છાયાં સીતા આપ્યાં, તેને રાવણ લઈ ગયો, પરીક્ષા વખતે પાછાં સત્ય સીતા આપ્યાં હતાં, ધર્મ ધ્વજની માધવીએ પદ્માવતીને જન્મ આપ્યો તે વિષ્ણુનારાયણને સ્વામી કરીને વર્યા,

મમ નારાયણઃ સ્વામી નાન્યઃ સ્વામી કદાચન... ૨-૧૫-૧૬. સુદામા રાધા શાપથી શંખચૂડ થયો તેની પત્ની તુલસી થયાં, તે શંખચૂડ મર્યા પછી નારાયણને પછીથી વર્યાં, તે તુલસી વિવાહ છે, પછી ભગવાન માટે કાયમ તુલસી વૃક્ષ થયાં, અશ્વપતિ ઘરે સાવિત્રી જન્મ્યા તે સત્યવાન સાથે વિવાહયાં સત્યવાનને જીવતો રાખ્યો, કૃષ્ણના વામભાગથી મહાલક્ષ્મી, જમણેથી રાધા થયાં... ૨-૩૫. બ્રહ્માએ માનસી કન્યા સ્વધા પિતૃઓને આપ્યાં.

બ્રહ્માએ દાહિકા શક્તિને સ્વાહા ઉપજાવી અગ્નિને આપ્યાં, તે નાગ્નજીતી થયાં, ગોલોકનાં સુશીલા આંહી દક્ષિણા થયાં, ષષ્ઠી દેવસેના તે મનસા દેવી થયાં, બાલકોની રક્ષયિત્રી થયાં, પ્રિયવ્રતે પુત્રેષ્ટિ કર્યો, કશ્યપે માલિની રાણીને ચરૂ આપ્યો, દૂધપાક જમીને સગર્ભા બાર વર્ષ રહીને મૃતપુત્ર જન્માવ્યો, ષષ્ઠીએ તેને જીવતો કર્યો તેથી છઠ્ઠી દેવી પૂજાય છે વર્ષ દિવસ છઠ્ઠી બાળનાં રક્ષણ કરે છે, ધર્મના મુખવડે કૌથુમે કહેલ સ્તોત્ર ષષ્ઠીદેવીને રાજી કરવા જપવું શાલગ્રામમાં, કે કળશમાં કે વટમૂળમાં કે ભીતમાં પૂતલી ચિતરીને પૂજવી, મન્ત્ર _

'ઓં હ્રીં ષષ્ઠીદેવ્યૈ સ્વાહા' જાપ કરવા, અષ્ટાક્ષર એવા તે મન્ત્ર વડે સોળ ઉપચારો ચઢાવવા, શુક્લપક્ષની છઠ્ઠમાં પૂજવા, બાળક જીવતાં રહે. જરત્કારૂની પત્ની જરત્કારવીએ આસ્તીકને જન્મ આપ્યો. **ઓં નમો મનસાયૈ** એ આઠ અક્ષર જપવા, પાંચ લાખ જપે સિદ્ધ થાય, વિષ ઉતરી જાય... ૨-૪૫-૪૬, માનસાદેવીએ પિતા કશ્યપને ઘેર આસ્તીકને જન્મ આપ્યો હતો, આસ્તીકના નામે સર્પો પરાજીત થાય છે, પિતૃઓની માનસી કન્યા કલાવતી તે રાધા, તેનો નકલી વિવાહ રાપાણ ગોપ સાથે, અસલી વિવાહ શ્રીકૃષ્ણ સાથે ભાણ્ડીરવડે બ્રહ્માએ કર્યો હતો, એંશીવર્ષના રાધાએ આઠ વર્ષના શ્રીકૃષ્ણને હાથમાં ઉપાડીને ફેરા ફર્યા હતા.

कृतं त्रेता द्वापरं च कलिश्चेति चतुर्युगम् । चत्त्वारि त्रीणि च द्व्येकं सहस्त्राणि कृतादिकम् ।। तेषां च सन्ध्या सन्ध्यांशौ द्वे सहस्त्रे प्रकीर्तिते ।।... **૨-૫૪-૩૪-૩૫. ચાર યુગના માનુષવર્ષ ૪૩ લાખ ૨૦ હજાર, સત્યુગ-૧૭૨૮૦૦૦, ત્રેતા-૧૨૯૬૦૦૦, દ્વાપર-૮૬૪૦૦૦, કલિ-૧૭૨૮૦૦૦, મનુના ૭૧ દિવ્યયુગ. બૃહસ્પતિની તારા ન્હાતીને ચન્દ્રે પકડી, ચન્દ્રને ક્ષયરોગી થા શાપ લાગ્યો, પણ દિકરો બુધ થયો, પરશુરામે ગણેશને કુવાડો માર્યો એક દાન્ત પડી ગયો, એક રહ્યો, ગણેશમાં કામના વાળી તુલસીને શાપતી વૃક્ષ થવું પડ્યું...૩-૪૬.**

શિવપુરાણ _ ચણ્ડ નામના ગણને બાણલિંગમાં લૌહલિંગમાં સિદ્ધલિંગમાં સ્વયંભૂલિંગમાં અને શંભુમૂર્તિમાં પ્રસાદીનો અધિકાર નથી...૧-૨૨-૧૬-૧૭. દીપદાન વડે યાજ્ઞદત્તિ કલિંગરાજા થયો હતો, બ્રહ્માનો માનસ પુત્ર કામદેવ છે, હર્ષણ, રોચન, મોહન, શોષણ, મારણ કામના બાણો છે, બ્રહ્માના સન્ધ્યાદ્વારા ૬૪ હજાર અગ્નિષ્વાતા:, છ્યાંશી હજાર વર્હિષદ:, થયા, બ્રહ્માના શરીરથી થયેલી રતિમાં ઋષિઓ મોહ્યા, વીર્ય ખર્યું તેના સોમપા, આજ્યપા, પિતૃઓ ઉપજ્યા, સન્ધ્યા અરૂન્ધતી થઈ તે વસિષ્ઠને પરણ્યા.

સતીએ શંકરને પૂછ્યું - કેનું ધ્યાન કરો છો, રામનું - જવાબ, સતી કહે - તે તમારાથી મોટા છે, પરીક્ષા કરો, સતી સીતા થઈ રામ પાસે ગયા, રામે કહ્યું શિવ તજીને આંહી શા માટે આવ્યા ? આવો વેષરૂપ શા માટે ધાર્યા ? પરીક્ષાર્થમ, તમો મોટા છો, શંકરનો ઠરાવ હતો કે મારા વિના બીજે જશો તો ત્યાગ થાશે, સતીએ દક્ષયજ્ઞમાં તે નિમિત્તે સતીદેહ તજ્યો... ૨-૨૪- ૨૫-૪૩-દક્ષે સ્વધા પિતૃઓએ આપ્યાં, તેમાં મેના, ધન્વા, કલાવતી, થયાં, તેઓ સનત્કુમારને ન નમ્યાં, તેનો શાપ થયો. નરની સ્ત્રીઓ થાવ, પ્રસાદ થયો, આશીર્વાદ મળ્યો, બ્રહ્મ જામાતાઓ થશે, મેના જામાતા શિવ, ધન્યા જામાતા રામ, કલાવતી જામાતા કૃષ્ણ થયા, પાર્વતી સીતા રાધા, બાપ હિમાદ્રિ:, જનક, વૃષભાનુ, રૂદ્રના લલાટથી મંગળ થયો છે, તાડકાસુર વજંગનો દિકરો, દિતિનો દિકરો વજંગ તાડકાસુરને કાર્તિકસ્વામીએ માર્યો, ગણેશનો પક્ષપાત વિવાહ, જોઈને કાર્તિક ક્રૌંચ પર્વતમાં તપ કરે છે, ત્યાં શિવ મલ્લિકાર્જુન થઈને ત્રણ ગાવ આઘા રોકાણા છે... ૨-૧૨-૨૦. રૂદ્રનેત્રથી જલંધર થયો, કાલનેમિની દિકરી વૃન્દા તેને વરી, જલન્ધરે શિવરૂપ ધરી સતી છેતર્યાં, વિષ્ણુએ જલન્ધર રૂપ ધરી વૃન્દા છેતર્યાં, વૃન્દા ચિતામાં ભસ્મ થયાં, તે ભૂમિમાં બીજ રોપાણાં તેના વડે ધાત્રી (આંબળાં) માલતી તુલસી વૃક્ષો થયાં...૨૨ થી ૨૫. દંભાસુરનો શંખચૂડ તુલસીને પરણ્યો, તે ગોલોકનો પાર્ષદ હતો, શંખચૂડને શંકરે માર્યો, તૂં શિલા થા, તૂં ગણ્ડકી થા, વિષ્ણુને પરસ્પર શાપ _ ૪૧. પાર્વતીના પરસેવામાં અન્ધકાસુર જન્મ્યો, અન્ધક પાર્વતી પાછળ થયો, તેને શંકરે ભસ્મ કર્યો, શુક્ર દૈત્યગુરુ, તેણે દૈત્યોને જીવાડ્યા, શંકરે ગળી લીધો, મૂત્રદ્વારા કાઢ્યો, ત્રિશૂળમાં ચઢાવ્યો, ગણમાં રાખ્યો...૪૯. ઉષા બાણપુત્રી અનિરૂદ્ધની પત્ની, પ્રથમ દ્વાપરમાં શ્વેતમુનિ વ્યાસ થયા હતા, નરસિંહ સાથે યુદ્ધ માટે શિવ શરભ થયા હતા...૧૦. મોહિની મુગ્ધ હરવીર્ય કાનદ્વારા ગૌતમસુતા અંજની ઉદરમાં વાનર વાયુ દ્વારા જતાં હનુમાન ઉત્પન્ન થયા, તેણે અંજનીને વૈકુંઠ પહોંચાડ્યાં, પુત્રાર્થ તપ કરતા, દ્રોણને કૃપીમાં અશ્વત્થામા રૂપે શંભુ જન્મ્યા...૩૬. ૧-સૌરાષ્ટ્રે સોમનાથ, ૨-શ્રીશૈલે મલ્લિકાર્જુન, ૩-ઉજ્જૈનમાં મહાકાલ, ૪-ઓંકારમાં અમરેશ્વર, ૫- હિમાલયમાં કેદારેશ, ૬-ડાકિનીમાં ભીમ શંકર, ૭-કાશીમાં વિશ્વેશ્વર, ૮-ગોદાવરીમાં ત્રંબ્બકેશ્વર, ૯-ચિતા ભૂમિમાં વૈદ્યનાથ, ૧૦-દારૂકવનમાં નાગેશ્વર, ૧૧-સેતુબન્ધમાં રામેશ્વર, ૧૨-શિવાલયમાં ધુશ્મેશ્વર...૩-૪૨, બાર જ્યોતિર્લિંગ, ઋષિકૃતશાપ વડે પતિત લિંગ ખંડો પાર્વતીની યોનિમાં ધારણ કરાયાં ત્યારે શાન્ત થયાં, તે લિંગ હાટકેશ્વર ગણાય છે...૪-૧૪.

ચન્દ્રમા રોહિણીને વધારે સેવતો, બીજી દક્ષની ૨૭ દિકરીઓને બહુ ન સેવતો, વારંવાર સમજાવ્યો પણ ન સમજ્યો તેથી દક્ષદ્વારા ક્ષયરોગનો શાપિત થયો, ક્ષય મટાડવા સૌરાષ્ટ્રમાં સોમનાથ સ્થાપી તપ કરવા વડે, પક્ષમાં ક્ષય પામે પક્ષમાં વૃદ્ધિ પામે એવી સ્થિતિ મહાદેવે બનાવી...૪-૧૪. ગોદાવરી તીરે નાશિકમાં ગૌતમે દુષ્કાળમાં હજારો વિપ્રોને ઘઉં વડે નિભાવ્યા, તેઓને કાયમ રોક્યા, વિપ્રોએ તરકટ રચ્યું, એક ગાય થયો, ઘઉં છોડ ખાવા માંડી, ગૌતમે રાડું લઈને હાંકી, તે જાણીને પડી ગઈ, વિપ્રોએ ગૌતમને ગૌહત્યારો કહી ત્યાંથી છૂટીને તેઓ ભાગી ગયા, આવા કૃતઘ્નીનો સંગ દુ:ખદ છે, ગોદાવરી ગૌતમી ગંગા, અને શંભુ ત્र્યમ્બકેશ્વર થયા છે, રાવણે નવ મસ્તક અગ્નિમાં હોમ્યાં ત્યારે શંભુએ અજેય-પણાનાં વરદાન આપ્યાં, અને મસ્તકો ચોડી દીધાં, નારદે રાવણનાં બલનો તોલ કરવા કૈલાસ ઉપાડવા કહ્યું, રાવણે તેમ કર્યું, શંકરે શાપ આપ્યો, તારો ગર્વ ઉતારનારો મળશે, રામ મળ્યા.

માયા _ કૃષ્ણ: પરસ્ત્રીને ભોગવતા, ઇન્દ્રે અહલ્યા, અગ્નિએ ઋષિપત્નીઓ, વ્યાસે ભાભીઓ, સૂર્યે કુન્તા, ચન્દ્રે તારા, મિત્રે વરૂણે ઉર્વશી દર્શન કરી કુંભમાં, દક્ષે સન્ધ્યા, બ્રહ્માએ સરસ્વતી, ચ્યવને સુકન્યા, કશ્યપે ધન્વન્નૃપકન્યા, ગરૂડે શાંડિલી, વિભાંડકે મૃગલી, રૂષ્યશ્રંગે વેશ્યા, ગૌતમે શારદ્વતી દ્રોણી, પરાશરે મત્સ્યગન્ધા, વિશ્વામિત્રે મેનકા, રાવણે સીતા, બૃહસ્પતિએ ભાભી, એમ કામના વડે તેમાં તેમાં પ્રવર્ત્યા, પંચચૂડા સ્ત્રીસ્વભાવ, નારદને કહેવા લાગી, _ પાપીને, પડખે હોય તેને અમર્યાદાને વિરોધીને, કુરૂપને, ઉમ્મર કમેળને, ઠુંઠાને, લંગડાને, મૂર્ખને, ઠીંગણાને, ગધારાને, પણ સેવે, પુરુષ ન મળે તો સ્ત્રી સાથે સ્ત્રીને ચાળે ચઢાવે, કામવડે જળ ભિનાશ થાય, હાવ, ભાવ, વિકાર, હાસ્ય, ચેષ્ટા, સ્પર્શ, ચંચળતા, ચીંટીયો, ચુમ્બન, ઉદર, પેડુ, સાથળ, સ્તન, અંગના દર્શનની ચેષ્ટા કરે, ખંજોળે, લિંગ ધરે, દૃઢ બથ લે, માથે ધરે, ધન આપીને પણ ભોગ કરાવે, માટે તેથી બચતા રહેવું. હરિના કાનમાંથી મધુ કૈટભ થયા, જિષ્ણુએ કૈટભને, વિષ્ણુએ મધુને જીત્યા હતા, શ્રીકૃષ્ણને ઘેર અમ્બાસહિત શંભુ સાંબ પુત્ર થયા હતા, પ્રહલાદે તપસ્વીને કપટી ગણી નરનારાયણ સાથે યુદ્ધ કર્યું, પણ ન જીત્યો, ભક્તિવડે જીત્યો... ૮-૩૮. વિન્દયાચલ કન્યા માટે સ્વર્ગમાં વધ્યો, દેવોએ રોકવા અગસ્ત્યને કહ્યું, અગસ્ત્ય સામે આવ્યા તેને નમ્યો, કન્યા ખોળીને આવું ત્યાં સુધી આમને આમ જ રહેજો, તે આડો વધે છે, કશ્યપનો માનસ પુત્ર મંકણક, તેણે રંભા જોઈને રેત: જળમાં છોડ્યું, તેના વાયુઓ પુત્રો થયા, વિશ્વકર્માએ પુત્રી ચિત્રાંગદા પરણાવી નહિ તે જોઈ રૂતધ્વજ રૂષિએ 'વિશ્વકર્મા વાનરો થાવ' એવો શાપ આપ્યો હતો... ૬૩-૭૫, અશ્વશિરાએ કપિલથી પરનારાયણના દર્શન ઇચ્છ્યાં, કપિલે અપર વાસુદેવ સુધી દર્શન કરાવ્યાં, રાજાએ ત્યાં

સુધી તો દર્શન સાધ્યાં જ હતાં, કપિલે કહ્યું હવે પછી પરનારાયણને જોઈને તેને બતાવીશ, ધર્મવ્યાધે માતંગને દિકરી આપ્યાં, માતંગ ટોણાં મારે, તમો અનાચારી છો, ધર્મવ્યાધે મહેમાન થઈ વેવાઈનો અકૃષ્ણાર્પણ અનાચાર જોઈને કહ્યું, તમો તો યમધર્મ જેવા છો માટે મારી દિકરી તમારે ઘેર નહિ આવે.

ગૌરમુખ વિપ્ર પાસે ભગવાને આપેલ મણિ હતો, વૈષ્ણવપણે તમામને સત્કારતો, તેનું નૈમિષારણ્ય ક્ષેત્ર પ્રસિદ્ધ થયું છે, ગૌરમુખે પ્રભાસ જઈ દશાવતાર સ્તોત્ર કર્યું હતું, સરમાએ પોતાના બાલકને યજ્ઞ ભૂમિ પાસે નિકળતાં જ બ્રાહ્મણે લાકડી મારી, વાંક વિના મારી, તેનો બદલો દંડ બ્રાહ્મણને કોઠારી પદ આપવું, તે ઉચાપત કરે તેનો દંડ મળે તે દંડ માગ્યો, જનમેજયના યજ્ઞમાં સર્પોની આસ્તીકે રક્ષા કરી હતી, આસ્તીકને નામે સર્પ પરાભવ પામી જાય છે, અન્ધકાસુરને જેટલાં લોહીના ટીપાં યુદ્ધમાં નીકળે તેટલા નવા અન્ધકાસુર થાતા હતા, તેને મારવા શંકરે આઠ માતૃકાઓ ઉપજાવી તે રીતે અન્ધકાસુર મર્યો, ઇન્દ્રને મારવા સિન્ધુરાજે તપ વડે વ્રત્રાસુર ઉપજાવ્યો, વ્રત્રાસુરને મારવા બ્રહ્માએ દુર્ગા ઉપજાવી, તેના સૈન્યોએ વ્રત્રાસુરને માર્યો, શ્વેતદ્વીપમાં ગયેલા નારદને નારાયણે પાંચરાત્રનો ઉપદેશ આપ્યો હતો, સૃષ્ટિ માટે બ્રહ્માએ જોડેલા શંભુને જળમાં અંગુષ્ઠમાત્ર મૂર્તિ એવા નારાયણના દર્શન થયા હતાં, ૩૩ દૈત્યોને તામસી દેવીઓએ માર્યો, દેવીઓને અશુદ્ધિ બાળકોના ભક્ષણ આપ્યાં છે...૯૫, સગર્ભા સ્ત્રી બીજી સ્ત્રીના કે પુરુષના વસ્ત્ર પહેરી લ્યે તો તેના ગર્ભને તામસી દેવીઓ ઉપાડી લ્યે છે, સતીના ઘરમાં પણ મલિનતાને ભાળે તો ત્યાં રંજાડ કરે છે, જન્મેલાં છોકરાંને ખાઈ જાય છે, અન્યત્ર ચિત્તવાળી રોતી ઘરવાળીમાં તામસી દેવીઓ પેસીને લોહી પીએ છે...૯૬ અ., દાભડો લેવા ગયેલા સત્યતપને આંગલીમાં કાપ થયો, તેમાંથી રાખ ઊડી, કિન્નરોએ ઇન્દ્રને કહ્યું, ઇન્દ્ર પારધી થઈને વિષ્ણુ વરાહ થઈને ત્યાં નિકળ્યા, ઇન્દ્રે પૂછ્યું - વરાહ નિકળ્યો કે નહિ, મારો શિકાર છે, સત્યતપાએ કહ્યું, સાંભળે તે દેખે નહિ દેખે તે સાંભળે નહિ સાંભળે તે બોલે નહિ, કોણ જવાબ આપે, હા પાડે તો વરાહ માર્યો જાય, ન દેખાડે તો પારધીના કુટુમ્બની ભૂખનું પાપ લાગે, આવો જ્ઞાની સત્યવ્રત તે બન્નેમાંથી નિકળી ગયો, ઇન્દ્ર વિષ્ણુ એ સ્વ સ્વરૂપમાં પ્રકટ થઈ વરદાન આપ્યાં, મોક્ષ થાઓ...૮૯, વિનિતાએ અન્નદાન જળદાન ન આપ્યાં, તેથી સ્વર્ગમાં ખાવા પીવા ન મળ્યું, પછી તે તે દાન આપી ખાતો પીતો અમૃતભોજી થયો, બધું તજીને મરવું પડે છે એજ મોટું દુ:ખ છે, મને ભગવાને અર્પીને મરે તો તેથી મોટું કોઈ સુખ નથી....૧૧૧૬.

૩૨ દોષો _ અપરાધો વ્યાસજીએ લખ્યા છે, ૧-પરાન્નખાવું, ૨-મૈથુન પછી સ્નાનરહિતતા, ૩-રજસ્વલાસ્પર્શ, ૪-શબસ્પર્શ, ૫-શબદેખીને આચમન ન કરે તે, ૬-પૂજાસમયમાં મળમૂત્ર ટપકે, ૭-કાળું કપડું પહેરવું, ૮-અશ્લીલ બોલે, ૯-અશુદ્ધિને અડવું, ૧૦-ક્રોધ કરવો, ૧૧-સમયપ્રમાણે ન કરે, ૧૨-લાલચોળ પહેરવાસ, ૧૩-અન્ધારે અડવું, ૧૪- મલિનવસ્ત્ર ધારણ, ૧૫-ફાટેલ વસ્ત્ર ધારણ, ૧૬-અશુદ્ધ અન્ન ખાવું, ૧૭-માંસ ખાવું, ૧૮- કુકડાં મરઘાં મારવાં, ૧૯-દીવો સંકોરવો, ૨૦-શ્મશાનમાં ફરવું, ૨૧-મદિરા પીણાં પીવાં, ૨૨-ભૂણડનું માંસ ખાવું, ૨૩-દારૂ પીવો, ૨૪-અપથ્ય શાકાહાર, ૨૫-કોકની ચૂંદડી ઓઢવી. ૨૬-છાનું ખાવું, ૨૭-જોડા પહેરીને ખાવું, ૨૮-શરીર ચોળાવવું, ૨૯-અજીર્ણ થાવું... ૧૭૦. ૩૦-ધૂપ દીપ પુષ્પ ન ચઢાવવાં, ૩૧-મૂંગા દ્વાર ખોલવા, ૩૨-ધાતુસ્ત્રાવ કરવા, આ દોષો છે, અ...૧૭૭, આ વિના પણ સ્વભાવના ઘણાં દોષો છે, બધા અપરાધોમાં જ છે, મોટાની અદબ મર્યાદા લોપ, ધર્મ મર્યાદા લોપ, ન્યાય ભંગ, આદિ ઘણાં અપરાધો છે.

કોઈ પારાધિએ માછલો પકડ્યો, તે મરીને રાજપુત્ર થયો પણ શિર વ્યાધિ વાળો થયો, એક નારીને મારથી મૃત્યુ થયું, તે રાજકુમારી થઈ, તીર્થ જળના પુણ્ય ફળ્યાં, પણ માથા હાડકાના દરદ વાળા આખો જન્મારો રહ્યા, અ...૧૨૨. સોમશર્માએ માયા જોવા વરદાન માગ્યું, તે કળશ દણ્ડ ધોતી કિનારે રાખીને કોકામુખતીર્થે ગંગામાં ન્હાવા ઉતર્યો, જળમાંથી જ ભિલડી કન્યા થઈ, પચાસ વર્ષ બાળબચ્ચાંવાળી ભિલે તાડન કરેલી તે જળમાં ન્હાવા કપડાં ધોવા આવી, કાંઠે મેલીને ન્હાવા ઉતરી, તે બ્રાહ્મણ થઈને નીકળ્યો, તેણે પંદર મિનિટમાં પચાસ વર્ષ જોઈ લીધાં, ભીલડો ભિલડીને ખોળવા આવ્યો, બ્રાહ્મણ આશ્ચર્ય પામ્યો, હું ભીલડી થઈ પરણી છોકરાં થયાં પચાસ વર્ષ વીત્યાં પુરુષ છું, ભીલડી થઈને બ્રાહ્મણ થયો, આ બધી ભગવાને માયા દેખાડી, ભીલડે ભીલડીના ખબર પૂછ્યા, બ્રાહ્મણ કહે તે તો હું હતો, આ બધું અદૃશ્ય થઈ ગયું, માટે પ્રભુ ભજવા, અ...૧૨૫. શિવાલયમાં નાગણી અને નોળીઓ દેડકાં માટે ઝડપ્યાં, મોઢાં લડ્યાં, મર્યાં, તે રાજકુમાર કુમારી થયા, બન્નેના સ્વભાવ, કુમાર દેખે ત્યાં સરપણીને મારવા દોડે, કુમારી નોળીયાને મારવા દોડે, કુબ્જામ્રતીર્થ ગંગામાં તેઓએ જઈને પૂર્વજન્મનું વૈર બોલીને સ્વર્ગવાસ લીધો...૧૨૬, શબને અડીને ન ન્હાય તે શિયાળ થાય છે, રજસ્વલાને ભોગવે તે રજઃપાન કરે તેવો કીડો થાય છે, ચંડાળ, અન્ધ, દેડકો, મક્ષિકા, ટીડોડી, મચ્છર, કાકીડો, હસ્તિ, ખર, બિલાડ, વાનર _ ના જન્મોને પામે છે, અ...૧૩૨, સોમદત્તે ગંગાતીરે શિયાળડી ગીધનો શિકાર કર્યો, તે રાજકુમારી રાજકુમાર થયાં, પરણ્યાં, મધ્યાન્હે મસ્તક પીડા થાય, પચાસ વર્ષ પછી તેઓ સુવર્ણમુખરી

ગંગામાં ન્હાયાં, પૂર્વજન્મ વૃત્તાન્ત બોલીને મરણ પામ્યાં, અ...૧૩૨. સોમદત્તે ગંગાવાર શિરાવત ગીધનો શિકાર કર્યો, તે રાજકુમારી પૂર્વજન્મનાં વિંધાવાના દુઃખો માનવમાં સૂક્ષ્મશરીર સાથે આવે છે. રૂરૂની પુત્રી ઋષીકા હરિદ્વારમાં તપ કરી રાફડો થઈ ગઈ અને ભગવાનને પામી, તે ઋષિકેશ તીર્થ થયું છે, દ્વારકા પાંચ યોજન પહોળી, દશ યોજન લાંબી, હતી ૧૦૫ વર્ષના ભગવાન ત્યાં હતા, બ્રાહ્મણે અતિપાપી શૂદ્રનું અન્ન ખાધું તે પાપ ગોઠણથી હેઠું હતું, તેનો જીવ જાતો ન હતો, તેણે પત્થરવડે પગ છૂન્દ્યા અને મોક્ષમાં ગયો...૧૬૨. મથુરાથી આથમણો બે યોજન ગોવર્ધન પર્વત છે, ગોકર્ણને સામુદ્ર દ્વીપમાં દૈવીઓ દેખાણી, તે કહે મથુરાના વૃન્દાવનમાં બગીચો છે તેના અમો વેલી વૃક્ષો ફલ પુષ્પ વાળાં શ્રીકૃષ્ણના પૂજન માટે થયાં છીએ, અયોધ્યાના રાજાએ ઘોડા વિગેરેથી ભાંગી નાખ્યાં છે, તને વ્હાણમાં હીરા મોતી આપીએ તૂં ત્યાં જઈ બગીચો તાજો કરાવ, એ પ્રમાણે કરવાથી દેવીઓ આવીને રહી.

વિશ્રામઘાટે યમુનામાં અમાવાસ્યાએ હજારો પિતરો પાણી પીઈને ગયા, એક સાંઠા જેવો હજારો માખ્યો મમણતો બેઠો રહ્યો, તેને એક રૂષિએ પૂછ્યું, કેમ બેઠા રહ્યા, પિતરે કહ્યું, ચન્દ્રસેનની દાસી પ્રભા મારી દિકરીની દિકરીની દિકરી થાય છે, તે પાણી આપે તો પીઈને જાઉં, ઋષિએ તેને બોલાવી પાણી રેડાવ્યું, તે પિતરો પીઈને ગયા... ૧૮૦, નિમિએ પુત્ર પાછળ પહેલાં શ્રાદ્ધ નારદોપદેશથી કર્યું હતું, જનક અને રાણી ઉનાળામાં નદીરેતમાં બેઠાં, રાણી જળ ભરવા ગઈ, પગ બળ્યા અને સૂર્યને ક્રૂરતાથી જોયો તે પૃથ્વી પર પડી ક્ષમા માગી જળ પાઈને ગયો.

બ્રહ્માંડપુરાણમ્ _ કૃતે માનસી સિદ્ધિઃ, દ્વાપરે આર્તવી સિદ્ધિઃ, કલૌ ગૃહપતિરક્ષયા સિદ્ધિઃ, તેથી નગરો ગ્રામો ગૃહો વસાવ્યાં, સમુદ્રપુત્રી દશ પ્રાચીનબર્હિષોની પત્ની હતી, તે વૃક્ષોની દીકરી મારિષા થઈ, દશ પ્રચેતાઓની પત્ની થઈ, ૨, ૩૭. વીરણની પુત્રી અસિકની તેમાં દક્ષાવડે હર્યશ્વા અને શબલાશ્વો થયા, નારદે તેઓને નારાયણ સરોવરે મોકલ્યા અને મોક્ષમાં તેઓ ગયા, દક્ષે નારદને શાપ આપ્યો કશ્યપનો દિકરો થા, ૩, ૨. બૃહસ્પતિની બહેન ભુવનામાં આઠમા વસુ પ્રભાસ વડે વિશ્વકર્મા દિકરો થયો, ૩, ૨. બ્રહ્માએ જયનામના દેવોને સૃષ્ટિમાં જોડ્યા પણ તેઓ ન જોડાણા અને શાપિત થયા તે સાત રૂષિઓના જન્મ પામ્યા છે, ૩, ૪. દેવર્ષિઓ થકી અપ્સરાઓમાં નારદ પર્વત અને અરૂન્ધતીનાં જન્મ થયાં છે, ૩, ૭. પ્રજાપતિએ રૂક્ષને વિરજા કન્યા આપી, તેમાં મુગ્ધ ઇન્દ્રવડે વાલી થયો, અને મુગ્ધ સૂર્યવડે સુગ્રીવ થયો, વાલીભાર્યા તારા, અને સુગ્રીવભાર્યા રૂમા, ૩, ૭, ૨૧૦. વાલીએ રાવણને કાંખમાં લઈને ઊડીને ચાર સમુદ્રની સધ્યાઓ કરીને રાવણને ફેંક્યો હતો, ૩, ૭. મેનામાં અપર્ણા એકપર્ણા

એકપાટલા ત્રણ દિકરીઓ હિમાલયને હતી, અપર્ણા શંકરને, એકપર્ણા અસિતને, એકપાટલા જૈગીષવ્યને, આપી અસિતનો દેવલ થયો, જૈગીષવ્ય શતશલાકનો પુત્ર હતો, તેને શંખ લિખિત બે પુત્રો થયા, ૩, ૧૦. પિતૃઓની માનસી કન્યા પીવરી, તે શુકને પરણી, તેને કૃષ્ણ ગૌર પ્રભુ શંભુ ભૂરિશ્રુત અને કીર્તિમતી છ બાળકો થયાં, કીર્તિમતીમાં અણહન્વડે બ્રહ્મદત્ત થયો, ૭૬, ૮૨. પર્શુરામે હિમાલયમાં ઔર્વના આશ્રમમાં તપ કર્યું, શંકરે પરશું આપ્યું, જમદગ્નિના આશ્રમમાં સહસ્ત્રાર્જુન હૈહય આવ્યો, કામધેનુ માટે લડ્યો, જમદગ્નિનું માથું, કાપ્યું ભૃગુએ જમદગ્નિને જીવાડ્યો, પરશુરામે એકવીશ વાર સાથળ તોડ્યો, એકવીશ વાર યુદ્ધો કર્યાં, ક્ષત્રિયોને માર્યા, દીર્ઘતમાએ બલિની પત્ની વિન્ધ્યાવલીમાં પાંચ દિકરા ઉપજાવ્યા, ગૌ સેવા વડે દોષ નિવારણ થયો, તે દીર્ઘતમા ગૌતમ નામે ગણાયો, એવા સાત ગૌતમો થઈ ગયા છે, ૧-ગૌતમ બુધ, ૨-ગૌતમ ન્યાયકર્તા બે પ્રસિદ્ધિમાં છે.

લલિતાખ્યાનમ્ _ કાંચીમાં હયગ્રીવે આવીને અગસ્ત્યને જ્ઞાન આપ્યું,_ શંભુના યોગપ્રતાપે લલિતા ઉત્પન્ન થયાં, તેણે ભંડાસુરને માર્યો, ૧૦. કામદેવની ભસ્મમાંથી ભંડાસુર થયો હતો, લલિતા મદનેશ્વરશિવને પરણ્યાં હતાં, ૧૪. રાધા શાપ વડે વિરજા નદી થઈ, કૃષ્ણ નદ થયા, સુદામા અસુર થયો, ૪, ૩, ૧૦૦. રાધા રાપાણપત્ની થઈ, ૧૦૦ વર્ષ કૃષ્ણ વિયોગ રહ્યો, શ્રીદામા શંખચૂડ તુલસીપતિ થયો, સર્પ માતા કદ્રુને અદિતિના શાપ વડે રોહિણી થવું પડ્યું હતું, તે બળદેવજી અનંતશેષની માતા થયા હતાં, ૪, ૯. બલિપુત્રી રત્નમાળા બાળક જેવા વામનમાં મોહી, તે દૂધ પાવા પૂતના થઈ હતી, ૪, ૧૦, પાંડ દેશનો સહસ્રાક્ષ રાજા હજાર નારીઓ સહિત ગન્ધમાદનમાં રમતો હતો, દુર્વાસાએ અસુરો થવાનો શાપ આપ્યો, પાછો કૃષ્ણયોગે મોક્ષ મળશે એવો અનુગ્રહ કર્યો, તે રાજા તૃણાવર્ત થયો હતો, અને રાજકન્યાઓ ભોમાસુરના કારાગ્રહમાં હતીઓ, તેને કૃષ્ણ વર્યા, ૪, ૧૧. વાયુએ ગર્ભમાં રહી જન્મ ટાણેં રાધાજીને દેખાડ્યાં હતાં, ૪, ૧૩. તિલોત્તમા બાણપુત્રી ઉષા થઈ તે પ્રદ્યુમ્નને વરી ૪, ૨૩. વિષ્ણુ નૈવેદ્ય સાથે લિંગનૈવેદ્ય ગ્રાહ્ય છે, ૪, ૩૭. અનરણ્યની પુત્રી પદ્માએ ફરીથી ધર્મને કામ યાચના કરનારને શાપિત કર્યા, યુગ યુગમાં પા ભાગનો ધર્મ હ્રાસ થશે, ફરીથી પ્રસન્નતા કરી સત્યયુગમાં પૂર્ણતા થશે, ધર્મના ચાર અંગ - ધ્યાન, યજન, તપ, દાન, તથા સત્ય, દયા, સેવા, ભજન, વિગેરે, તથા ભક્તિ જ્ઞાન વિગેરે કુટુમ્બ છે, રતિ તોડનારને જન્મ જન્માન્તરે વિયોગ જ ફળ મળે છે, ૪...૪૬. રંભાઇન્દ્રના વિઘ્ન કરતા બ્રહ્મા કદલીવિયોગી થયા, રોહિણી ચન્દ્રના રતિનાશક ગૌત્તમ અહલ્યા વિયોગી થયા, હરિશ્ચન્દ્રે હાલિકને વૃષલીવિયોગી કર્યો તેથી સ્ત્રીવિયોગીતા અનુભવી, ઇન્દ્ર સભામાં બૃહસ્પતિ

આવતાં ઊભો ન થયો, તેથી અહલ્યાનિમિત્તે ભ્રષ્ટ થયો, ૪...૪૭. ઇન્દ્રે બંગલા રીપેરીંગમાં વિશ્વકર્માને ૯૯ વર્ષ રોક્યો, વિશ્વકર્માએ લોમશને કહ્યું, લોમશે ઇન્દ્રને કુંકુમવાપીમાં કીડીઓ લાઇન ઇન્દ્રને દેખાડી તેને છેડે લંગડી કીડી હતી, તે ઇન્દ્રને કહે તું છો, હવે મરી જઈશ, માટે વિશ્વકર્માને છૂટો કર, ત્યારે છૂટો કર્યો, ચન્દ્રને ઢેલા ચોથમાં ન જોવો ભાદ્રચોથમાં તારાના હરણનું કલંક લાગે, જમદગ્નિએ સૂર્યોદયે રેણુકા ભોગવી, સૂર્યે નિષેધ કર્યો, તે સૂર્યને શાપ આપ્યો રાહુગ્રસ્ત થઇશ, સૂર્યે શાપ આપ્યો ક્ષત્રિય તને મારશે, ફળીમાં જમીનમાં વાનર નર ખર ગો કુકડો શિયાળ બીલાડાના અસ્થિ હાનિ દુખ કરનારાં છે, હાથી અશ્વના અસ્થિ સુખદ છે, ચાર ખૂણાવાળો બંગલો ધન નાશ કરે છે, ૫૮, બે હાથ કે ત્રણ હાથ પહોંળું બારણું વંડીમાં શુભ કરનારું છે, ફળીમાં તુલસી ધન પુત્ર પુણ્ય ભક્તિપ્રદા છે...૬૩. માલતી જાઈ જૂઈ મોગરાકેતકી નાગચમ્પો મલ્લિકા બોરસડી શુભ છે, સેમળો આંબલી હડતાલ લીંબડો સિન્દોર ઉમ્બરો ધતુરો વડલો એરંડો એ કાષ્ઠો મંગળ થવા દેતાં નથી, ક્કુદ્મી રાજાએ રેવતી બળદેવજીને આપ્યાં, રેવતી સત્તાવીશ યુગના જૂના હતાં, ૪...૧૦૬. બળદેવ શેષજી હતા, પ્રદ્યુમ્ન કામદેવ હતો, અનિરૂદ્ધ બ્રહ્મા હતાં, રૂક્મિણી લક્ષ્મી હતાં, સત્યભામા પૃથિવી હતાં, જામ્બવતી પાર્વતી હતાં, સાંબ સ્કન્દ હતો, વસુદેવ કશ્યપ હતા, દેવકી અદિતિ હતાં.

ગર્ગસંહિતા _ કાલનેમિ ઉગ્રસેનની પત્નીમાં ગોભીલના વીર્યવડે જન્મ્યો તે કંસ થયો, વાટિકામાં ગોભીલે પરાણે વીર્યાધાન કર્યું હતું, જરાસંધે કંસને અસ્તિ પ્રાપ્તિ બે કન્યાઓ પરણાવી હતી...૧-૬. શંભુએ પર્શુરામને સાત તાડ લાંબુ ધનુશ આપ્યું, તેણે કંસને આપ્યું, ધનુષ્ય ઉપાડશે તે તને મારશે...૧ - ૬-૪૩. નલકુબર તથા મણિગ્રીવ નગ્ન અપ્સરાઓ સાથે જળમાં રમતા હતા, દેવલે શાપ આપ્યો, વૃક્ષ થાઓ, તે કૃષ્ણ ઉધ્ધાર્યો, યમલ અર્જુન સાજડવૃક્ષો. અગસ્ત્યે ગોવર્ધન હથેળીમાં લીધો, પણ હેઠો મેલ્યો પછી ત્યાં જ ચોંટી ગયો, વેદશિરા અશ્વશિરા વિન્ધ્યાચલમાં તપ કરતા હતા, બન્ને દૂર રહેવા બોલાચાલીમાં શાપિત થયા, અશ્વશિરા કાકઃ, વેદશિરાઃ સર્પ થયા, કાક ત્રિકાળદર્શી થશે એમ કહ્યું તે કાક ભુશુંડ થયા, તેણે નીલપર્વતમાં ગરૂડને રામાયણ કહ્યું હતું, સર્પકાલીય કદ્રુ પુત્ર થયો હતો, સૌભરીના શાપથી ગરૂડ યમુનાના ધરામાં જતો ન હતો, કાલીય તેથી નિર્ભીક રહ્યો હતો...૨-૧૫. શ્રીકૃષ્ણ યુવતી થઈને રાધાને મળવા ગયા હતા...૨-૧૮, આસુરિરૂષિ અને શિવજી ગોપીઓ થઈને રાસમંડળમાં રમ્યા હતા...૨-૨૭.

ગિરિરાજ ખંડ _ લીલાવતી પ્રિયા સખી તે રાધા થયાં હતાં...૨૩.

માધુર્ય ખંડ _ બંગાળના મંગળ ગોપના વંશોની હજારો કન્યાઓ ગોપીઓ થઈ હતી, કાત્યાયની વ્રવતવાળી કન્યાઓ ગોપીઓ હતી, અયોધ્યાની કન્યાઓ ગોપીઓ હતી, વિમલરાજ સિન્ધની કન્યાઓ ગોપીઓ હતી, હજાર યજ્ઞ સીતા સુવર્ણ પુત્તળીઓ ગોપીઓ થઈ હતી, રમાવૈકુંઠ શ્વેતવૈકુંઠ ઉર્ધ્વવૈકુંઠની પાર્ષદાણીઓ ગોપીઓ થઈ હતી, હોલી ખેલતી કન્યાઓ ગોપીઓ થઈ હતી...૪-૧૨. દેવાંગનાઓ, તથા જાલંધરપીઠ તથા શોણપુર, તથા અપ્સરાઓ, સુતલકન્યાઓ, નાગકન્યાઓ પણ ગોપીઓ થઈ હતી... ૪-૧૫. હુહુના પુત્રે વિજયે શિવપૂજાર્થ ફૂલ પોતે વાપર્યા, તેથી પ્રલમ્બાસુર થયો હતો, અયોધ્યાનો રજક મથુરામાં રજક થયો હતો, તેને કૃષ્ણે માર્યો...૫-૧૦-૭. રામલક્ષ્મણને વસ્ત્રો પહેરાવવા ઇચ્છતો દરજી મથુરામાં દરજી થયો હતો, કુબેરનો ભૃત્ય હેમમાલી સુદામા માલી થયો હતો...૫-૧૦, શુર્પણખા કુબ્જા જન્મી હતી...૫-૧૧-૧૦. બલિનો પુત્ર મન્દગતિ ત્રિત રૂષિના શાપ વડે કુવલયાપીડ થયો હતો, ઉતથ્યના પાંચ પુત્રો પાંચ મલ્લ. ચાણૂર, મુષ્ટિક, કૂર, શલ, તોશલ, થયા હતા. દેવયક્ષના આઠ પુત્રો સૂંઘેલાં પુષ્પો શિવને ચઢાવીને અપરાધી થયા તે કંસના આઠ ભાઈઓ થયા હતા...૫-૧૨. શંખાસુર પાંચજન્ય થયો હતો, બ્રહ્માના શાપવડે નારદ ઉપબર્હણ ગન્ધર્વ થયા હતા, ગાયનમાં ફેર પડવાથી ફરી વાર શુદ્ર થયા દાસીપુત્ર થયા હતા, બંગરાજ દૃઢાશ્વ લોમશને હસ્યો, તેના શાપ વડે ભૂંડ થયો તેને બળદેવે માર્યો...૫- ૨૪.

દ્વારકા ખંડ _ આનર્તે પ્રભુ ભજ્યા રૂકમી કુન્ડનપુરમાં ન ગયો, આનર્તના કૃષ્ણ મણિવડે સૌરાષ્ટ્ર દેશ થયો છે, મેધાવી સામે અપાન્તરતમા ઊભો ન થયો, શાપ થયો પર્વત થા, શ્રીશૈલનો પુત્ર આનર્તમાં નારદની આજ્ઞાવડે રૈવત દ્વારા લયાવાયો તે રૈવતાદ્રિ થયો, અરૂણાચલ, ઉર્જાચલ, મંદરાચલ, એ ત્રણ મળ રૈવતાચળે મહાસરોવર બુર્યું છે, એક ચપટીમાં મમરાએ ભાગ્ય સમ્પત્તિ, બીજી મૂઠી મમરાએ સુવર્ણ મહલ કર્યા, ત્રીજી મૂઠીની રૂકિમણીએ ના પાડી, મને ન આપી દેતા...૬-૨૨-૫૪. મરૂત્ત રાજા ઉગ્રસેન થયો હતો... ૭-૧. એક લાખ પગપાળાને સેના કહેવાય, એક કરોડ પગપાળાને ચતુરંગિણી હાથી ઘોડા રથ પાલખીવાળી કહેવાય, બાવન હજાર જીવોની અક્ષૌહિણી કહેવાય, ચાક્ષુષ મનુની પુત્રી જ્યોતિષ્મતી રેવતી થયાં તે બળભદ્રને પરણ્યા હતાં...૮-૪.

વિષ્ણુપુરાણમ્ _ કંડુરૂષિ ગોમતી તીરે તપ કરતા હતા, ત્યાં ઇન્દ્રે પ્રમ્લોચા મોકલી, ઋષિ સો વર્ષ ભોગમાં ઉતર્યા, પ્રમ્લોચા કહે _ જવા આજ્ઞા આપો, ઋષિ કહે _ થોડાક દિવસો રોકા, ૧૫ વર્ષો બીજા ગયાં, ફરીથી છૂટા થવા આજ્ઞા માગી, ઋષિ બોલ્યા _

હજુ રોકા, સત્તર વર્ષો બીજા ગયાં, મને જવા દો, કંડુ કહે _ ક્ષણ એક તો રોકા, ફરી બસો વર્ષો પૂરા ગયે બોલી, જવા દો, ઋષિ કહે _ રોકા, શાપભયથી રોકાણી, એકવાર કંડૂ ઝૂંપડીમાંથી જલદી ઉપડ્યા, પ્રમ્લોચા બોલી, ઉતાવળા કેમ ભાગ્યા, કંડુ કહે સાયંકાળ થયો, છે સન્ધ્યા કરી આવું, પ્રમ્લોચા કહે _ કેમ આજ એક દિવસ જ આપને સાંજ પડી, બહુ જબરો દિવસ તમારો, કંડુ _ કહે સવારે તો આવી છો સન્ધ્યા થવા આવી છે, એક દિવસ પૂરો થયો નહિ, તેમાં શું હંસે છે, પ્રમ્લોચા બોલી _ ૯૭૦ વર્ષો ગયા, છ મહિના ગયા, ત્રણ દિવસો ગયા, તપાસો. કંડુ કહે _ મોહમાં એક જ દિવસ લાગ્યો ભાગી જા, મારો દોષ મને નરકમાં નાખશે, તેવામાં પ્રમ્લોચાએ પોતાનો પરસેવો કંડુનો ધાતુ બન્ને વૃક્ષમાં ફેંક્યા, તે બાળકી જન્મી મારિષા નામ રાખ્યું, તે પ્રચેતાઓને આપી, તેના પિતાઓ કંડુ વૃક્ષો વાયુ ચન્દ્ર ગણાયા, પ્રમ્લોચા માતા ગણાણી, તેને દીકરો થયો પહેલા બ્રહ્માના અંગૂઠાનો દિકરો તે પ્રાચેતસ દક્ષ થયો, જે ચન્દ્રનો દૌહિત્ર હતો તે ફરીથી શ્વસુર થયો... ૧-૧૫-૮૨, શતધનુ રાજા પાખંડીને સંગ દોષે, શ્વાન, શ્રૃંગાલ, વૃક, ગૃધ્ર, કાક, મયૂર, અને જનક પુત્ર થયો. શૈબી તેને વરી...૩-૧૮. હરિશ્ચન્દ્ર ત્રેતામાં સત્યવાદી દાની હતો, તેણે વનમાં 'રક્ષા કરો' એવો નારીઓનો શબ્દ સાંભળ્યો, તે ત્રણેય નારીઓ વિદ્યાદેવીઓ હતી, વિશ્વામિત્રના ઓથે તેઓ રાડો નાખતી હતી, હરિશ્ચન્દ્રે કહ્યું - ભય ન પામો, રક્ષા કરીશ, વિશ્વામિત્ર ખીજાણો, હરિશ્ચન્દ્ર કહે _ દેવું રક્ષવું અને લડવું રાજધર્મ છે, વિશ્વામિત્ર કહે - રાજસૂય યજ્ઞ માટે મને વિપ્રને માગું તે આપ...૭-૧૮. બધું રાજ્ય સ્મૃદ્ધિ લશ્કર બંગલા બધું આપી દે, સ્ત્રી-પુત્ર અને તારું શરીર ન આપ...૭-૨૯. આપ્યું, વિશ્વામિત્ર કહે - નિકળી જાઓ દક્ષિણા આપો, મહિના પછી આપીશ, કાશી ગયા, ત્યાં જઈ વિશ્વામિત્રે દક્ષિણા આપવા કહ્યું, નહિ તો શાપ આપીશ, રાણી વેચાણી, બાળક વેચાણો, મૂલ્ય વિશ્વમિત્રને આપ્યું, પણ અધુરી દક્ષિણા છે પૂરી આપ, તવ દાસ્ય કરું, પછી દાસને ચંડાળને ત્યાં વેચ્યો...૯૫. હરિશ્ચન્દ્રને ખાપણ લઈ લેવા કર લેવા સ્મસાને રાખ્યો, સ્વપ્નમાં હરિશ્ચન્દ્રે દેખ્યું-પોતે ઝાંપડીનો દિકરો જન્મ્યો, સાતમે વર્ષે મર્યો, યમદૂતે નરકમાં નાખ્યો, પછી શ્વાન, ખર, હાથી, વાનર, બકરો, બિલાડો, કાગડો, બલદ, બકરો, સમળા, કીડો, માછલો, કાચબો, ભૂંડ, નારડો, કૂકડો, પોપટ, મેના, સર્પ, આવા સો વર્ષો જન્મ જોયા, પછી ધૂત વડે રાજ્ય હાર્યો, ભાર્યા હરાણી, પુત્ર વનમાં રખડ્યો, ત્યાં સિહે ખાધો, વળી પુત્ર-પત્ની શૈબીને જોયાં, સ્વર્ગ જોયું, વળી વસ્ત્રહીન પત્ની જોઈ, વિશ્વામિત્રે સર્પ પાશો વડે બાંધ્યો, પછી પૃથ્વીમાં પછાડ્યો, ત્યારે જાગ્યો, જાગ્રતમાં મરેલા રોહિતને લઈ પત્ની આવી પણ ન ઓળખ્યાં, રોવામાં પતિ

પુત્ર નામ સાંભળ્યાં તેથી ઓળખ્યાં, પણ કર વેરો ભરવાનો ન આપવાથી દાહ ન દેવા દીધો, પછી ચિતા ખડકાવી શબ મેલી પ્રભુને સંભાર્યા, ત્યારે દેવો ઇન્દ્ર ધર્મ બ્રહ્મા સાધ્યો વિશ્વે મરૂતો લોકપાળો નાગો સિદ્ધો ગન્ધર્વો રૂદ્રો અશ્વિનો વિશ્વામિત્ર દેખાણા, ઇન્દ્રે અમૃત આપ્યું પુત્ર જીવ્યો, ધર્મે કહ્યું - તારા ભાવી બધાં ભોગવાવ્યાં છે, ઇન્દ્ર કહે - સ્વર્ગમાં ચાલો, હરિશ્ચન્દ્ર કહે - મારી પ્રજાસહિત આવીશ, એક દિવસનું તો સમકર્મ તમામને માટે હો, વિશ્વામિત્રે રોહિતને રાજ્ય આપી સ્વર્ગમાં ઊંચો મોકલી દીધો, વસિષ્ઠે વિશ્વામિત્રને શાપ આપ્યો _ બગલો થા, તેણે વસિષ્ઠને શાપ આપ્યો _ આડિ થા, તે બન્ને પક્ષીઓ થયા, પછી બ્રહ્માએ તેમાંથી મુક્તિ અપાવી...૯-૧૦. અનસૂયાને ત્યાં બ્રહ્મા વિષ્ણુ મહેશ પુત્રો થયા હતા...૧૭-૧૦. સ્વરોચિષની વનદેવી મૃગલીમાં દ્યુતિમાન સ્વારોચિષ મનુ થયો હતો, પદ્મ, મહાપદ્મ, મકર, કચ્છપ, મુકુન્દ, નન્દક, નીલ, શંખ, એ આઠ નિધિઓ છે.

લિંગપુરાણમ્ - વારાહ કલ્પમાં આદ્યો વ્યાસ શ્વેતમુનિ, તે શ્વેતશિખણ્ડી ગણાતા, વિદ્યા સાધે સક્રિયા સાધે તપ સાધે યોગ સાધે અધ્યાત્મવિદ્યા સાધે એવા વ્યાસજી તે અત્યારે શ્રી શ્વેતાયન વ્યાસજી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છે, સન્ એટલે પરબ્રહ્મ, તે સ્વરૂપે તારનારા માટે સન્ત શ્વેતાયન વ્યાસજી છે...૧૦, **भविष्यामि शिखायुक्तः श्वेतो नाम महामुनिः**...૨૪-૧૩. અતિથિ સેવા વડે મૃત્યુ પણ હઠી જાય છે...૨૯-૪૪, ધર્મ પોતે અતિથિ થઈ સુદર્શનને ઘેર ગયા, અને સ્ત્રી ભોગવવા માગી, સુદર્શને આપી, તુરત જ ધર્મ દેવે સ્વ સ્વરૂપે દર્શન આપ્યું, ભોગ કર્યા વિના 'તારો મૃત્યુ' દૂર થશે, એમ કહી રાજી થઈ અદૃશ્ય થયા, અતિથિ સત્કાર આવો બળવાન છે. વસ્ત્ર પહેરેલો પણ ઇન્દ્રિયમાં ચંચળ હોય તો તે નગ્ન ગણાય, વસ્ત્ર વિનાનો પણ ઇન્દ્રિયમાં ચંચળ ન હોય તો તે વસ્ત્રવાળો ગણાય, દધીચ મહર્ષિ એવો ભક્ત હતો કે તેના તરફ સુદર્શન પણ નમીને રહેતું, ભગવાન વિપ્રરૂપે ગયા, દધીચે ઓળખ્યા - વિપ્ર શા માટે થવું પડ્યું છે, દધીચે દેવો ઉપર દર્ભશલાકા ફેંકી કેટલાક કપાણા અને ભાગ્યા આવો પ્રતાપ પ્રભુ આરાધનાનો પણ છે...૩૬-૭૩. સાલંકાયનનો શિલાદ તેનો નન્દી થયો, શિલાદને શંભુએ ચિરંજીવી કર્યો હતો, નન્દીને નિજ ગણ બનાવ્યો હતો, સત્યવ્રત રાજા વિદર્ભની પત્ની ઉપાડી આવ્યો, તેને બધાએ મળી ભગાડી મેલ્યો, ચંડાળ ભેગો રહ્યો, તેને વિશ્વામિત્રે શુદ્ધ કરીને રાજ્યગાદીમાં બેસાર્યો, તેને ત્રિશંકુ નામે થયો, તેની ભાર્યા સત્યવ્રતાએ હરિશ્ચન્દ્રને જન્મ આપ્યો, તેનો રોહિત થયો, કૃષ્ણને ઘેર સામ્બશિવ પુત્ર થયા હતા. તારકાસુરને સોનાનું, કમલાક્ષને રૂપાનું, વિદ્યુન્માલિને લોઢાનું નગર

હતું. આકાશમાં ફરતાં, તે મદ્ય માંસ વ્યભિચાર કરતા, પુષ્યયોગમાં એક ઓળંભામાં ત્રણે નગર આકાશમાં ઉપરા ઉપર દેખાણા, શંકરે બાણ મારી બાળી નાખ્યાં...૭૨-૧૦૩. ચોથી રાત્રે સંભોગ ઋતુદાન આપે તો અલ્પાયુ બાળક જન્મે, પાંચમી રાત્રિ કન્યા જ ઋતુદાન ફળ કહેલી છે, છઠી રાત્રિ પુત્ર આપે, અધિક વીર્ય હોય તો પુત્ર થાય, માટે સંગ્રહ રાખવો, સ્ત્રીને ડાબે પડખે ધાતુ પડે તો કન્યા જન્મે, જમણે પડખે પડે તો પુત્ર જન્મે...૮૯-૧૦૮. માતાએ ઘઉંનો લોટ ડોળીને દૂધ તરીકે ધૌમ્યપુત્ર ઉપમન્યુને પાયું, પછી ઉપમન્યુએ સત્ય દૂધ માટે તપ કર્યું, વર દેવા આવ્યા, શિવે બધી સિદ્ધિઓ આપી...૧૦૭. ઉપમન્યુથી શ્રીકૃષ્ણ પાશુપત જ્ઞાન જાણ્યું હતું, કૌશિકના શિષ્યો ૫૦ ગવૈયાઓ સાધ્યદેવો થયા છે, પદ્માક્ષ કુબેર થયો છે, તુમ્બુરૂ અને લક્ષ્મીઓ તથા ગાયિકાઓએ ભારે ગાયન કર્યાં, સત્કાર પામ્યા, નારદને શોક થયો, પછી ગાયન કળા લક્ષ્મી રૂક્મિણીથી શીખ્યા અને ઇનામ મેળવનારા થયા...૨-૧. ભુવનેશ રાજાએ ભક્ત હરિમિત્ર ગવૈયાનું બધું લૂંટીને કાઢી મેલ્યો, તેથી રાજાએ યમદંડ ભોગવ્યો, તેના દાન યજ્ઞ આદિ પુણ્યો નષ્ટ થયાં હતાં, રાજા અરણ્યમાં પોતાના શબને ખાતો હતો, પછી સન્તદ્વારા ઉદ્ધાર થયો. સ્ત્રીસંગમાં ગાવામાં દ્યૂતમાં વ્યાખ્યાનમાં વ્યવહારમાં આહારમાં નાણા કમાવવામાં આવકમાં ખર્ચમાં લાજ મેલીને વરતે તો સુખી રહે...૩-૬૦. ગાનબન્ધુએ ચઉદ મન્વન્તર આવર્દા ભોગવી, પછી તે ગરૂડ થયો. નારદે હાહા હુહૂ સહિત બ્રહ્માની સભામાં ગાયું, દ્વારકામાં ગાયું, જામ્બવતી પાસે વધારે શીખવા શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, સત્યા અને રૂકિમણી પાસેથી શીખવા કહ્યું, નારદે તેમ કર્યું, પછી ગાયું ત્યારે નારદ ઉપર ભગવાન રાજી થયા...૩-૧૦૮. ત્રિશંકુની પદ્માવતી ભાર્યામાં અમ્બરીષ જન્મ્યો, ભગવાને ફળ આપ્યું તે ખાવાથી અમ્બરીષ જન્મ્યો હતો...૫-૨૧, તેની કન્યા શ્રીમતીને જોઈ મોહિત થયેલા નારદ પર્વત વાનરમુખ થયા હતા. કન્યાએ વરમાળા વિષ્ણુને પહેરાવી, વૈકુંઠમાં ગઈ. શિવ પાંચ બ્રહ્માત્મક છે : ૧-ક્ષેત્રજ્ઞ:,

૨-તત્પુરુષ ઈશાન, ૩-પ્રકૃતિ અઘોરા, ૪-બુદ્ધિ વામદેવ, ૫-મન સદ્યોજાત મહાદેવ, પચીસ તત્ત્વો શિવનાં છે, બાવીસ ગાયત્રીઓ મૂળપ્રકૃતિની છે...૪૮-૫.

ગરૂડપુરાણ _ યક્ષિ ઓં હું સ્વાહા...૨૫૬, ગારૂડી જીવનમ્ ઓં વિશ્વાવસુનામા ગન્ધર્વા...૪૧- ૧, વાસ્તુ ૬૪ પાદનો પૂજવો, પ્રેત પીડા વાળાએ નારાયણબલિ કરાવવું, ચૈત્ર કે ભાદરવે કરાવવું, ઔર્ધ્વ-દૈહિક દાડો ન થાય તો મરેલો પ્રેતમાં રખડે, તેનો નારાયણ બલિ વડે ઉદ્ધાર કરવો, ન કરે તો પાંચ પેઢીએ નિર્વંશ કરે. ઉપજમાં, ઢોરમાં, ગર્ભમાં, છોકરાંઓમાં, મોટાઓમાં, એમ નાશ કરે.

મત્સ્યપુરાણમ્ _ વૈવસ્વત મનુ પિતૃને જળ રેડતો હતો તેમાંથી માછલી પડી, તે મત્સ્ય ભગવાન હતા, તેણે પૂર્વકલ્પના બીજ વહાણમાં સાંચવ્યા હતા, શ્રાદ્ધ કરે તે દેવોને અમૃત મળે, પશુને તૃણ મળે, સર્પાદિકને શીત વાયુ મળે, યક્ષને પીવા મળે, ગીધ આદિને તેનો ખોરાક મળે, દાનવોને માયા મળે, પ્રેતને રૂધિરાદિ મળે, માનવને અન્ન પાન મળે, જ્યાં હોય ત્યાં નારાયણ અપાવે...૧૯-૯. કીડીઓની વાત બ્રહ્મદત્ત અને રાણીએ સાંભળી, મૃત્યુ થવાનો જાણી રાજ્ય મેલી માનસ સરોવરે જઈ મોક્ષ લીધો...૨૧. કચને દાનવોએ મારી ચૂર્ણી કર્યો, દેવયાનીના કહેવાથી શુક્રાચાર્યે સંજીવની વિદ્યા વડે જીવાડ્યો હતો, બ્રાહ્મણોના ઉદરમાં મદિરામાં પાયો તોપણ જીવતો થયો, શુક્રે તેને પેટમાં સંજીવની શીખવાડી, પેટ ભેદીને બાહેર આવ્યો, અને શુક્રને જીવાડ્યો, પછી શુક્રે સુરાપાનની દંડમર્યાદા, પાપમર્યાદા બાંધી, દેવયાની તેને ગુરુ ભગિની ગણાતી તેને ન વર્યો, શાપ થયો, નિષ્ફળ વિદ્યા, દેવયાનીને શાપ દીધો, તને વિપ્ર નહિ પરણે, તે યયાતિને પરણી, તેના યદુ તુર્વસુ થયા, વૃષપર્વાની પુત્રી રાણી શર્મિષ્ઠામાં દ્રુહ્યુ અનુ પુરુ થયા, વૃદ્ધ યયાતિએ યૌવન માગ્યું, પુરૂએ આપ્યું, તેને રાજા બનાવ્યો...૩૪-૨૮, ૧-યાદવા;, ૨-તુર્કા:, દ્રુહ્યા ભોજા, અનો મ્લેચ્છા:, પૌરવા રાજાઓ થયા...૩૧. ઉતથ્યની પત્ની સગર્ભા મમતામાં બૃહસ્પતિએ મૈથુન વડે ધાતુ રેડ્યો, તે બહાર ઠેલ્યો, નીકળી પડ્યો, બૃહસ્પતિએ શાપ આપ્યો અન્ધતમા થા, તે આંધળાથી બલિ રાજાએ રાણી સુદેષ્ણામાં દિકરા ઉપજાવવા કહ્યું. ઋષિએ આખે શરીરે લવણ દહીં ચોપડાવી રાણીને તે ચાંટી જવા કહ્યું. રાણીએ ગુદાભાગ ન ચાંટ્યો તેથી શાપ આપ્યો. અપાન વિનાનો દિકરો થાશે, તે મરી ગયો, બીજા અંગ, કલિંગ, પુંડ્ર, સુહ્ય, વંગ, એ છોકરાઓ થયા, ગાય માતાએ આંખ્યો ચાંટી તે દેખતો થયો, ગૌતમ નામે પ્રસિદ્ધ થયો. ૪૮...૮૪. દુષ્યન્તનો ભરત, દશરથનો ભરત, ઋષભદેવનો ભરત, એ રાજાઓ થયા હતા, શંતનુને સંભારીને રોગીને અડવું, અજાપાલને સંભારીને રોગીને અડવું, પુરૂકુત્સને સંભારીને રોગીને અડવું, સદ્યોજાતમહાદેવને સંભારીને રોગીને અડવું, રોગ નષ્ટ થઈ જાય, તેઓ રોગોના માલિક છે, અજાપાળે રોગોને વાડામાં પૂર્યા હતા, અગસ્ત્યે સમુદ્ર શોષણ કર્યું તેથી સમુદ્રના દૈત્યો નાશ પામ્યા હતા. ગણિકા ધર્મોમાં - સમૂલ્ય પ્રથમ માનવો, કામદેવને પૂજવો, હરિ ભજવા, તો તે પણ દોષરહિત થાય છે. ૬૯...૫૯, **संयुज्य ब्रह्मण ह्यन्तः तेन सन्तः प्रचक्षते ।** ૧૪૪... ૨૧. દિવ્યગતિ સાધે સાધાવે તે સાધુ ગણાવ્યા છે, ૧૪૪...૨૩. સત્યવાન મરણ માટે ચિતા ખડકી સાવિત્રીના ખોળામાં માથુ રાખી સૂતો, યમરાજ દૂર ઊભા રહ્યા, ગુરુ માતૃ પિતૃ પતિ ભક્તા સાવિત્રી સત્યવાનને લઈને યમ ચાલ્યા તેની પાછળ ચાલી, સાવિત્રીને પાછા વાળવાં વરદાન મળ્યાં _ નષ્ટચક્ષુ શ્વસુરને

આંખ્ય-રાજ્ય મળો, સન્ત એવા ધર્મરાજનો સમાગમ કરીશ, પાછી નહિ જાઉં, વર માગ _ સો ભાઈઓ અને સો પુત્ર હો, અર્થ કામના ધર્મ આપો, પાછી જા, નહિં જાઉં, યમ, ધર્મરાજ, મૃત્યુ, કાળી, અન્તક, વૈવસ્વત, પ્રાણ હર, શરણ તમો છો, મારા ઇષ્ટ કરો, પતિ વિના પુત્ર ન થાય માટે પતિ પાછો આપો, સત્યવાન જીવ્યો, પિતા દેખતો થયો, રાજ્ય અને સો પુત્રોવાળો થયો, સત્યવાન સો પુત્રવાળો થયો, ૨૧૩...૨૧.

સોનું, રૂપું, તાંબુ, રત્ન,-

શિલા, કાષ્ઠ, પંચધાતુ, પિત્તળ, તાંબુ કાંસું, ચિત્ર, એવી મૂર્તિઓ વૈદિક વિધિ વડે પ્રતિષ્ઠિત કરવી, તે દ્વારા પરમેશ્વર દેવો, પૂજા સ્વીકારે છે, ૨૫૬...૨૧, મૂર્તિ જો વિકરાળ ઊભા મુખી તે ધણીને હણે, લાંબી કારીગરને હણે, પાતળી નાણાં હણે, ચિપિટપેટ વાળી દુકાળ પાડે, રૂષ્ટપુષ્ટિ ભરતી વિનાની ધન નાશ કરે, નાકે વાંકી દુ:ખ આપે, ટૂંકા અંગની ભય કરે, ચિપટી શોક લાવે, નેત્રહીન નેત્ર ફોડે, મોઢા વિનાની દુ:ખ કરે, હાથપગ પાતળા, સાથળ પિંડી પાતળી, ગાંડપણ લાવે, છાતી બેઠેલી પુત્ર મિત્ર નાશ કરે, સમ્પૂર્ણ અવયવો વાળી તે લક્ષ્મી આયુષ્ય આદિ આપે, ૨૫૮...૨૧...૨૬૧...૨૬૨, પ્રતિષ્ઠા દાન.

ખાય નહિં ખવારે નહિ ધર્મ કાર્યાર્થ વાપરે નહિ, સદ્‌ગુરુ માટે દેવ માટે મોક્ષ માટે વાપરે નહિ, તેને કદર્ય કહ્યો છે. કેવલ ઉદરંભર માનવ પરોપકાર શૂન્ય સૂકા બટકાં ભરનારો કૃપણ કહેવાય છે, અસન્તોષી સદા દુ:ખી થાય છે, તૃષ્ણાવાળો ક્યાંઈ સુખી થતો નથી, સન્તોષી સદા સુખી હોય છે, કોઈનું ન જોનારો મહાસુખી હોય છે, પોતે પોતાનું જુએ તો નિર્દોષ મતિવાળો થઈ જાય છે, માતા પિતા ગુરુ પત્ની પતિ પુત્ર પુત્રી ભગિની અનાથનો પરોપકારી સુખી થાય છે, આપત્કાળે ટેકો આપે તે માતા પિતા ગુરુ પત્ની પતિ પુત્ર પુત્રી ભગિની અનાથનો પરોપકારી સુખી થાય છે, આપત્કાળે ટેકો આપે તે માતા પિતા પુત્ર બન્ધુ પુત્ર પત્ની સાર્થક નામધારી કહ્યા છે, આંખ્યો મીંચાણાં પછી કાંઈ નથી, ભાવના ફળે છે, મન્ત્રમાં તીર્થમાં દેવમાં ઔષધમાં ગુરુમાં સારી ભાવના સારી સિદ્ધિ આપે છે, સૂર્ય ચન્દ્ર તારા વીજળી પવન તેજ જળ પૃથિવી હૃદય યમ રાત્રિ દિવસ દેવતા સન્ધ્યા ધર્મ એ બધા કર્મોના દેખનારા છે, યોગી યમદૂત ઈશ્વર પરમેશ્વર એ બધા આત્માના દેખનારા છે, અભયદાન તે મોટું દાન છે, જગત્ આખું વિમાર્ગી છે, તેમાં પ્રગટ ભક્તિ સત્ય માર્ગ છે, ઇન્દ્રિયો અન્ત:કરણ શુદ્ધ થાય તો આત્મા મોક્ષમાં જાય, સન્ત અને પ્રગટ ભગવાનની સેવામાં બધી શુદ્ધિઓ બધાં પ્રાયશ્ચિત્તો થઈ ચૂકે છે, સદ્‌ગુરુનો રાજીપો જે રીતે થતો હોય તે રીતે સેવીને

પ્રસન્નતા મેળવી લેવી, આત્મા અને બ્રહ્મ પરબ્રહ્મ મુક્ત સિવાય બધું અભડાયેલું જ છે, માણસોથી છૂટો થાય તો મોક્ષભાગી થાય, મૃત વિચારોને તરે તો અમૃત થવાય, ફળ પડ્યાં મેલે તે મોક્ષમાં રહી શકે, નિજ આત્મામાં સન્તોષી તે મુક્ત ગણાય, ભગવાન સિવયા અન્યત્ર વાણી ન વાપરે મુનિ ગણાય. જેનું ચિત્ત વંટોળિયાની વડઝમાં ન આવે તે સ્થિરધી કહેવાય, વૃત્તિ સંકેલે તો નિરોધમાં વર્તાય, ભગવાનનો રસ મળવે બીજા રસ ફિક્કા થઈ જાય છે, લાલચ વડે બુદ્ધિ બગડે છે, બધી ચિત્તવૃત્તિઓ સ્વાધીન હોય તો જ પ્રસન્નતા વર્તે છે, દુનિયા અંધારી છે પોતે જાગ્રતના અજવાળામાં રહેવું જેથી શાન્તિ અનુભવાય, બ્રહ્મતામાં માનિનતા થવા લાગે તો બ્રહ્મમુક્તિને મેળવે, અસંગી રહેવું પણ ઈશ્વર લેખે કરવું, આત્મામાં વિરામ વાળાને કર્તવ્ય બાકી નથી, બ્રહ્મકર્મઠ બ્રહ્મને જ પામે, શ્રેષ્ઠ કરવું શ્રેષ્ઠ કરાવવું, કરીને મુકાવવું, મુકાવીને બ્રહ્મમાં લગાડવું, તે માયાને પણ જીતે છે, જન્મ જાતિ રીતિ અવસ્થા સ્થળ પ્રમાણે વર્તી લેવું પણ અનાસકત રહેવું ભજન કરવું, ભગવાન રાખવા તો મુક્તિમાં પહોંચાય જ, મારા ભક્તો માટે હું પ્રગટ થાઉં છું, બીજા તો વચ્ચે લાભ લઈ લ્યે છે, તો તેને બીજબળ વધે છે, મારાં કામકાજ મૂર્તિ ચરિત્ર દિવ્ય છે શરણાગતને મોક્ષ આપે છે, સમજણરૂપી તપવડે મુક્તિમાં જવાય, જેવી ઇચ્છાએ મને આશરો લે તેવો તેને ભજુ છું, કર્તા થકા બ્રહ્મમાં અર્પે તે નિર્ગુણ જ છે.

બ્રહ્માત્મક થઈને પોતાને ભૂલીને બ્રહ્મપરાયણ થાય તે બ્રહ્મ જ થાય છે, સર્વમાં બ્રહ્મ દેખનાર જ પણ્ડિત ગણાય છે, સમાન ચિત્તવાળા બ્રહ્મને મેળવે છે, બ્રહ્મસમ્બન્ધવાળા અક્ષય સુખ મેળવે છે, અન્તજ્યોત પ્રગટે ત્યારે બ્રહ્મમાં ભળે છે, સર્વેના હિતકારી થાય તે બ્રહ્મ મેળવે યતિ ગણાય, ઇચ્છાઓ શમી જાય તે મુક્ત ગણાય, પ્રગટ ભગવાનને સર્વજીવોનાં મિત્ર સમઝે એટલે શાન્તિ મેળવવા લાગે, તે છેવટે મારી શાન્તિને મેળવે, બ્રહ્મમાં સ્પર્શ પામી અત્યન્ત સુખ મેળવે છે, બ્રહ્મદર્શી સર્વદર્શી આત્મદર્શી તે પરબ્રહ્મદર્શી થાય છે, કલ્યાણના કામ કરવાં, તે વડે ઊંચે જવાય, યોગી થતો જાય પરમ ગતિમાં જાય, મને જાણનાર મને જ પામે, જીવાત્મા મારું ઘર છે, તેમાં મને ખોળવો, મને ખોળે તે માયા તરે, હેતસ્વીની ભક્તિ ઉત્તમ છે, તે મને વ્હાલો છે, તે મારામાં લીનતા પામીને બ્રહ્મ લોકમાં જાય છે, પરમપુરુષને ચિન્તવવા અને ધામનું સુખ લેવું, બ્રહ્મરન્ધ્ર દ્વારા પરમપુરુષને મેળવવા, ભગવાનના નામ લેતાં દેહથી નીકળે તે પરમગતિને પામે જ છે, ઘરબારમાં ગૂંથાયેલા પણ મને સતત સંભારે તેને હું સુલભ થાઉં છું, મને મેળવે તે પરમ સિદ્ધિમાં ગયા તેને ફરી આવૃત્તિમાં આવવું ન પડે, કેમકે તે મારા ધામમાં છે, માયાનો જંજાલ તે રાત્રિ અંધારું અજ્ઞાન છે, તેમાં જાય તે તેમાં જ ફર્યા

કરે, મારી ભક્તિમાં જાય, તે મારામાં જ પહોંચે, મને મેળવે એટલે મારા દિવ્ય સ્થાનમાં રહેવા મળે, મારી ઉપાસના વાળાને ધાર્યું આપું છું ધાર્યું સાંચવું છું, બીજા દેવોમાં મને પૂજે તો મને પામે, જળ ફળ ભક્તિવડે આપે તે મિષ્ટ કરી ગ્રહણ કરૂં છું, આચાર વિનાનો પણ મારા આચાર વાળો થાય તો સન્ત જ છે, તેને મારી શાન્તિ મળે છે, મારે આશરે નારી નર બધા પરાગતિને પામે છે, મારી કથાવાર્તા વાળા ભક્તો મને પામે છે, મારા તેજ ભરેલાં તત્ત્વોને ઓળખવા, તે વડે મને સેવવો, દિવ્ય આંખ વડે મને દેખવો, મારી મૂર્તિ સેવવી, મારી કૃપા વડે હું મળું દેખાઉં ભળું રમું જમું વિહાર કરું વિચરું તે માટે અનન્ય ભક્તિ કરવી, મારે માટે આત્મનિવેદી થાય તે મારે ઘેર જ આવે, પચીસેય તત્ત્વો મારામાં જોડીને મને સેવવો, મારો અભ્યાસ મારા કામકાજ કરે તો મને પ્રિય થાય જ છે, મારા સિવાય બધું તજે તે મારો પ્રિયતમ છે, માનવોથી વિયોગી એવો મારો ભક્ત મને ઘણો પ્રિયતમ છે, મને અન્તરાત્મામાં દેખે તે સાચો દ્રષ્ટા છે, અને બ્રહ્મદૃષ્ટિ વડે મને પામે છે, મારા ભાવને પામે, અમૃતને ભોગવે, ગુણાતીત થાય, બ્રહ્મભૂયાન્ થાય, મારું તેજ સર્વત્ર ભાળે તે મને પણ ભાળે, હું પરપુરુષોત્તમ છું, મારે યોગે મારા ભક્ત અપરપુરુષોત્તમ તો થાય જ, જીવતાં પૂજન ગુરુસેવન ભગવાનનું ભજન અને વૃદ્ધ સેવા તે તો ભક્તિ સાથે કરતાં રહેવાં, તેના ફળ ત્યાગમાં લક્ષ્ય રાખવું, તો ત્યાગ બરાબર ગણાય, કર્મવડે પણ મારી ભક્તિ થાય તેથી સ્નેહ થાય તે વડે પરમ પદ પામે જે શરીરે વ્હાલું લાગે તે કરતાં કરતાં મારી ભક્તિમાં લાગે તે તરી જાય, મારી શરણાગતિ મોક્ષ આપનારી છે, ભગવાને આપેલું વાપરી ભગવાનને રાજી કરી લેવા, ભગવાનની વિદ્યાવડે મૃત્યુ તરાય છે, ઉપાસના વડે અમૃત મેળવાય છે, ભગવાન જેને વરે તે ભગવાનને પામે, બધા રૂપોમાં એક રૂપે જ છે તેને પામે તે શાશ્વતી શાન્તિ મેળવે, તે પ્રભુના તેજવડે બધાં તેજો ચળકે છે તેને પામો, સર્વકામ પડ્યાં મેલે તે આંહી જ બ્રહ્મસુખને ભોગવે, બદી ગ્રન્થિઓ ઉખળી જાય ત્યારે અમર થાય, પરા વિદ્યા તે બ્રહ્મવિદ્યા તેણે પરબ્રહ્મ દેખાય, તે વડે બધુ દેખાય છે તેને દેખે તે સર્વજ્ઞ થાય, સદ્‌ગુરુ સૂર્ય અંજવાળું આપે, માયાનું અંધારું ટળે, બ્રહ્મ સર્વત્ર છે, કર્મફળ આપે છે, પ્રગટ પુરુષોત્તમ મળે, પુરુષોત્તમ જેવો વખણાય, તેનો જાણકાર તેમાં જાય, ભગવાનનો રસ આનન્દ ચાખવો, ભગવાનના આનન્દના છાંટામાં દુનિયા આનન્દવાળી થયેલી છે, બ્રહ્માનન્દીને ભૂખ તરસ ભય નથી, શરીર તો પુરુષમાં ધાતુકણ તે એક શરીર, બાળ પેશી તે બીજું શરીર જન્મ પછી ત્રીજું શરીર, તેમાં સૂક્ષ્મભાવો અને સ્થૂલભૂતો એ બે શરીર, અજ્ઞાનરૂપી કારણશરીર, જ્ઞાનરૂપી ભક્તિરૂપી શરીર, સ્નેહરૂપી શરીર અને મુક્તશરીર તેના શરીરી

ભગવાન છે, ભગવાન સર્વપતિ છે, સ્ત્રી અગ્નિ છે, તેના ગર્ભમાંથી બાળ જન્મે, તેના આહાર શુદ્ધ હોય તો બ્રહ્મનિષ્ઠ થાય, તેને સંકલ્પ પ્રમાણે બધું હાજર થાય છે, સર્વ પ્રસન્નતા વડે આંહી શરીરથી નીકળતાં જ ભગવાનને ભેટીને તેની મૂર્તિમાં ઉતરીને તેના સ્વરૂપે થઈને વિમાનમાં બેસીને ભગવાનનો મુક્ત થઈને ધામમાં બેસે છે, ત્યાં સૃષ્ટિને સંભારતો જ નથી, બ્રહ્મના મૂર્તિ અને અમૂર્તિ એવા બે સ્વરૂપ છે તે મૂર્તિના તમામ ઐશ્વર્યને મેળવે છે, આત્માને માટે બધું પ્રિય છે, ભક્તને પરમાત્માને માટે બધું પ્રિયતમ છે, તે ભગવાન તમામમાં ખોળવાથી મળે, સન્તમાં જલદી મળે, તેના અક્ષરધામને આધારે હુકમમાં બધું રહ્યું છે, મુક્ત પણ તેને આધારે છે.

અગ્નિ લગાડનાર, ઝેર દેનાર, મન્ત્ર નાખનાર, ચાડી કરનાર, ભાર્યા ભોગવનાર, છિદ્રાન્વેષી, એ તરત ઘાતી આવી પડેલા શત્રુ ગણાય, તેને તરત જ મારી નાખવા, તેમાં પાપ નથી, મોટાનું અપમાન કરનારાનાં આયુ લક્ષ્મી યશ ધર્મ આશિષ બધાં શ્રેયઃ હણાઈ જાય છે, ગુરુના અપમાન કરનારા બ્રહ્મરાક્ષસ થાય છે, લવ સત્સંગનું ફળ જબરૂં છે, સન્તના ચરણ વડે ઘર શુદ્ધ થાય છે, દેવ તીર્થ કરતાં સન્ત જલદી પાવન કરે છે, સન્ત વડે ભવાબ્ધિ તરાય છે, સન્ત વડે જ્ઞાનસૂર્ય પ્રગટે છે, અજ્ઞાન ટાળે અને જ્ઞાનપ્રકાશ આપે તે ગુરુ કહેવાય છે, કંઠી બાંધ્યા વિનાનો પશુમાં અવતાર લ્યે છે, તુલસીકંઠી વૃક્ષોને પણ પહેરાવવી, એક ઘરમાં બે લિંગ ન પૂજવા, બે શાળગ્રામ ન પૂજવા, બે દેવીઓ ન પૂજવા, ત્રણ ગણેશ ન પૂજવા, દ્વારિકાના બે ચક્ર ન પૂજવા, બે સૂર્ય ન પૂજવા, બે શંખ ન પૂજવા, ભાંગેલી ખંડિત પ્રતિમા ન પૂજવી, સમાન શાલગ્રામ પૂજવા, પણ બે ન પૂજવા, વિષમ તો પૂજવાજ નહિ, એક જ પૂજવા, એકનામે પાપ બળે બે નામે મોક્ષ મળે, ત્રીજે નામે શું આપવું એમ ભગવાન વિચારમાં પડી જાય છે. પોતે આચરે બીજાને પળાવે શાસ્ત્ર અર્થ પ્રવર્તાવે તે આચાર્ય _

કહેલા છે, કલિમાં કીર્તનવડે મોક્ષ થાય છે એ મોટો કલિનો ગુણ છે, સત્યુગમાં ધ્યાન, ત્રેતામાં યજ્ઞ, દ્વાપરમાં પરિચર્યા, કલિમાં કીર્તન, મોક્ષ આપે છે, ઘરમાં પ્રગટની કથા વાંચે તો ઘરબાર બન્ધન કરતાં નથી, તીર્થ ક્ષેત્રમાં પુણ્ય કરવું, બધા વર્ણોને જન્મમરણના સૂતક દસ દિવસ રાખવા એમ શતાતપે કહ્યું છે, સાત પેઢીને દસરાત્રિ, ચઉદ પેઢીને ત્રણરાત્રિ, કન્યા જન્મનું ત્રિરાત્રિ, સાત પેઢીને એકરાત્રિ ચઉદ પેઢીને સૂતક છે, પહેલે છઠે દસમે દિવસે જન્મ સૂતક નથી પળાતું, મરણસૂતક દસ દિવસ, ચઉદપેઢીને તો ત્રણ દિવસ છે, ગોત્રના જનોને ન્હાવાથી સૂતક મટે, દાંત આવતા પહેલાનું સૂતક સ્નાન માત્રે ટળે, શિખા સંસ્કારવાળાનું એક રાત્રિ સૂતક, જનોઈ લેતા

પહેલાનું ત્રણ રાત્રિ સુતક ગણાય, પરણેલી દિકરી પિતાને ઘેર બાળક જન્મ આપે કે મરે તો બાન્ધવોને એક દિવસ, અને પિતાને ત્રણ દિવસ સૂતક લાગે, જન્મ ચાલુમાં બીજો જન્મ તેનું સૂતક પહેલા સૂતકમાં પૂરૂં થાય, પહેલાં મરણમાં બીજું મરણસૂતક પણ પહેલા સૂતકમાં ગણી લેવું, મરણસૂતકમાં જન્મસૂતક ભળે, પણ જન્મસૂતકમાં મરણસૂતક ન ભળે. મરણ-સૂતક આખું પાળવું, અન્નક્ષેત્રમાં, વ્રતિજનમાં, રાજામાં, દીક્ષિતમાં, દેશભંગાણમાં, આપત્કાળમાં, કથામાં, વૈદ્યમાં, કારીગરમાં, શિલ્પિમાં, રોગિમાં, દેવાતાં દાનમાં, દેવાતી જનોઈમાં, યજ્ઞમાં, શ્રાદ્ધમાં, યુદ્ધમાં, કરાતી પ્રતિષ્ઠામાં, કેશસંસ્કારમાં, તીર્થયાત્રામાં, પરણવાના માંડવામાં, ચાલુ ઉત્સવમાં, સૂતક ન રાખવું એમ શાસ્ત્રકારોએ નક્કી લખેલ છે, સ્નાનધ્યાન, માળાજપ, હવન, પાઠ, પિતૃતર્પણ, દેવપૂજન, એ છ કાર્ય નિત્ય કરવાં.

૧-ગર્ભાધાન. પુંસવન, ખોળો ભરવો, જન્મ થવો, નામ પાડવું, સૂર્યદર્શન, અન્ન પ્રાશન, બાળકેશ મુંડન, કાન વિંધવો, જનોઈ, ભણતરવ્રત, વેદઆરમ્ભવિધિ, કેશાન્ત, ભણતર પુરૂં, વિવાહ, હોમાગ્નિ ગ્રહણ, ત્રેતાગ્નિ ગ્રહણ, આવા સોળ સંસ્કારો છે, દસ પળાય છે, કાન વિંધવા સુધી કન્યાને નવ સંસ્કાર કરવા, એક મહાપુરુષ વિદ્વાન કહે તે ધર્મ ગણાય છે, ભગવાનમાં અર્પિત થનારને નિર્દોષતા જ છે, કામવડે

ગોપીઓ, ભય વડે કંસ, દ્વેષ વડે શિશુપાલ, સમ્બન્ધ વડે યાદવો, સ્નેહ વડે પરીક્ષિત આદિ ભક્તિ વડે અમો નારદાદિ તર્યા છીએ, ભાવનાવડે ગોપીઓ ગાયો ખગો મૃગો મૂઢો નાગો સિદ્ધો મને પ્રગટને પામી ગયા છે, પશુઓના નિ:શ્વાસે રૂદ્ધિ નષ્ટ થાય છે, ગુરુદેવ બ્રહ્મા છે શિવ છે વિષ્ણુ છે સાક્ષાત્પરબ્રહ્મ છે તેને પૂજવા સેવવા, સર્વ દેવમય ગુરુ છે, તેનું અપમાન કરનારો અન્તે બહુ દુ:ખી થાય છે, ભૂખ્યાં તરસ્યાં બાંધેલાં પશુઓના, રજસ્વલા કન્યાના, પૂજા વિનાના દેવતાઓના નિ:શ્વાસાઓ પુણ્યોને બાળે છે, જે નારી પતિને ભગવાન ભાવનાએ સેવે છે તે લક્ષ્મી થઈને પોતાના પતિ પાર્ષદ એવાને વૈકુંઠમાં સેવે છે, અને હરિને સેવે છે, નારીને નરની અને નરને નારીની આકૃતિઓમાં જ ચિન્તવન શ્રવણ રમણ દર્શન ગુપ્તતા ભોગ વિગેરે માયામાંથી નિકળવા દેતા નથી, બ્રહ્મા વિષ્ણુ શિવ નારાયણ બ્રહ્મપણું ગુરુ સદ્ગુરુમાં છે તે જ્ઞાનવડે અજ્ઞાન મટાડે છે મોક્ષમાં મોકલે છે, ગુરુ સર્વદેવમૂર્તિ છે તેનું અવમાન ન કરવું, વૃત્તિઓને પ્રમાણોને ભ્રાન્તિને વિકલ્પોને સ્વપ્નાને સ્મરણોને ગુરુરૂપહરિમાં જોડવા અને દેહ મન ધન વડે સેવવા હેતવડે પ્રસન્નતા મેળવવી અશુદ્ધ પણ ગુરુ પ્રભુને અર્પણ થવાથી શુદ્ધ થાય છે, તનમનધનની શુદ્ધિ કરવી, આખું જીવન ગુરુરૂપ ભગવાનમાં સમર્પિત રહેવું,

ઈશ્વરની ઉપાસના કરવી, તે સર્વજ્ઞ છે, બધાના જુના ગુરુ છે, તેનું નામ "ઓં નારાયણ હરિ કૃષ્ણ બાલકૃષ્ણ અનાદિ શ્રીકૃષ્ણ" છે, તેને ભજવા, તે વડે આત્મદર્શન થાય, વિક્ષેપો ચિન્તાઓ ઉદ્વેગો મટી જાય, મુંઝવણમાં ગુરુરૂપ હરિને સંભારવા, મૂર્તિ પાસે બેસવું, કીર્તન કરવું, બોલીને ભજન કરવું, મુંઝવણ મટી જાય, ગૂંચવણમાં સંભારવા, ગૂંચ ઉખળી જાય, વેગમાં તદાકાર કરવા વેગ શાન્ત થઈ જાય, મિત્રતા પતિતા પ્રાણરક્ષકતા પ્રભુમાં કરવી, તેનું ધ્યાન કરવું, આત્મા નિર્મલ થાય, સત્યભરી પ્રજ્ઞા ઉપજે, ગ્રન્થો વાંચવા લીલાઓ સંભારવી અને ધ્યાન માનસી પૂજા વગેરે કર્યા કરવાં તો તરી જવાય, ભગવાનને ઇચ્છવા મળે તો લાભ, ન મળે તો ભજનનો પણ લાભ, તે બધું જાણે છે કે કોઈક દિવસ સંભાળ લેશે, અજ્ઞાન અહંમમતા રાગ દ્વેષ ભય એવા કલેશોને દબાવવા, ચીજોમાં દુ:ખ દોષ અને નાશવન્તપણાનો વિચાર રાખવો, મોક્ષ ભગવાન અને સન્ત શાશ્વતસુખ આપનારા છે એ ચિન્તવન કાયમ રાખવું, બધું જાણીને ક્લેશોને ક્ષીણ કરવા, જ્ઞાન વધારવું, વિવેક રાખવો, બુદ્ધિ નિર્મલ કરવી, માયાનો અધિકાર નબળો પાડવો, ચીજોના પરિણામો વિચારવા, દુ:ખો વિચારવા, ગેરલાભો વિચારવા, ખરાબ ફળો વિચારવા, જેથી નિવૃત્તિ પકડાય અને સારા ફળ આવે એવા સત્કાર્યોમાં જોડાવાય તથા ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે, સગા-સમ્બન્ધીને કાળ ઉપાડે ત્યારે કોઈનું કામ નથી આવતું, આત્મામાં મગ્ન રહીને બ્રહ્મ દશામાં વરતવું, પરબ્રહ્મરૂપી પરમ ગુરુમાં અર્પિત સમર્પિત થાતું રહેવું, વાયુયન્ત્રો કર્ણયન્ત્રો દર્શનયન્ત્રો ગુપ્તયંત્રો વગેરે જે કાંઈ આપે છે તે ઉપાધિઓ વધારે છે, આકાશયન્ત્રો લોકાન્તરયન્ત્રો પણ ઉપાધિઓ વધારનારાં છે. મરનારને ખપાવી દેનારાં છે, શાશ્વતતા નીપજાવતા નથી, શરીરમાં કામ પૂરતાં બધાં છે, વધારે છે તે તો, શેર પચાવે તો શેર માટે મહેનત, ખાંડી પચાવે તો ખાંડી માટે મહેનત, પર્વત જેવો સમૂહ પચાવે તો તેટલી મહેનત, ખાનાર ઉપજાવનાર પચાવનાર સાંચવનાર તમામને હજારો ગણી મહેનત, તે કરતાં માનવને સ્વલ્પ આપ્યું છે તે ભગવાને સન્તોષ રહેવા કર્યું છે, માટે કુંભકરણ થઈને લાભ મળવાનો નથી, સાધન પ્રમાણે સદ્‌ગુરુ પ્રભુ મૂર્તિમાંથી લાભ મેળવીને મોક્ષમાં સુખિયા થવું, પ્રકૃતિ આંધળી છે પુરુષ લંગડો છે, તે આંધળીને ખંભે બેસીને આગળ કેડો કાપે છે, ભગવાન સુધી પહોંચાય તેવો રસ્તો ઉત્તમ જાણવો, બ્રહ્માઓ પ્રજાપતિઓ મહેન્દ્રો પિતૃઓ ગન્ધર્વો યક્ષો રાક્ષસો પિશાચો, એ બધા તદ્દન જુદા જ વ્યવહારુ છે, પશુ, પક્ષી, મૃગ, સર્પો, વૃક્ષો, એ પણ જુદા જ વ્યવહારુ છે, માટે ભગવાનનો મેળ કરી લેવો, ભગવાનને વરી લેવું, તેના શરણમાં જવું, મોક્ષની રાણી થવું, ધામના ધણીના દાસ-દાસી થવું, બીજું બાળી નાખવું.

ભીલ, કોળી, કાઠી, કડીયા, કુંભાર, ધીવર, હરિજન, પુષ્કસ, આહીર, યવન, ખવાસ, કૂર્મી, ઠક્કર, વિપ્ર, જે અનાદિ શ્રીકૃષ્ણનારાયણને આશરે તરી ગયા તે પરમાત્માને પ્રગટ પ્રભુને સેવો, કલિમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરાયણ વરતો તેમ કરવાથી તે ભગવાન તારશે, તુલસીએ બદરીવનમાં જઈને નારાયણને સ્વામી કર્યા હતા, અનાદિશ્રીકૃષ્ણનારાયણ અંગેઅંગમાં મંગળ રૂપ છે, પ્રગટ ભગવાનનું ધ્યાન કરવું ૧૪, જે પરબ્રહ્મ છે તે આ પ્રગટ કૃષ્ણ છે, ગોપીજન વલ્લભ છે, મત્સ્ય ત્રિશૂલ ધનુષ તીર સ્વસ્તિક ચક્રોવાળા પ્રગટ ભગવાન ઉર્ધ્વરેખા પદ્મ ગોપદવાળા પ્રત્યક્ષ શ્રીહરિ મોક્ષ આપનારા છે તેને સેવો, અંશ, અંશાંશ, આવેશ, કલા, પૂર્ણ, પરિપૂર્ણ, એવા સ્વરૂપોને ભગવાન દેખાડે છે. બ્રહ્માદિ અંશો ગણાય, મરિચ્યાદિક અંશાંશ ગણાય, કપિલ કૂર્મ કળા ગણાય, પરશુરામ આવેશ ગણાય, નરસિંહ રામ હરિ નારાયણ તે પૂર્ણ ગણાય, અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વયં પરિપૂર્ણ છે, શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા, શ્વેતાયનસંહિતા, તત્ત્વપ્રભાવળી એ પ્રત્યક્ષ પરિપૂર્ણના વેદશાસ્ત્રો છે, વાયુપુરાણ-કુથુમી શાખા અ...૬૧માં પૌષંજીનો શિષ્ય કુથુમિ, તેના રસપાસર ભાગવિત્તિ, તેજસ્વી, એ ત્રણ પુત્રો કૌથુમો હતા, આઠ હજાર ચઉદ સામસ્તોત્રોના ભણનારા હતા, એ સામગો ગણાયા, ધર્મને ગુણ દ્રવ્ય ક્રિયા જાતિ એ ચાર પાદ વારાહ પુરાણમાં કહ્યા છે...(૮). શંકરપુત્રો વાસ્તુ:, યમપુત્રો અવભૃથ;, માલિ સુમાલિનો વિરોધિ સૂર્ય, તેને શંકરે માર્યો, હેઠો પડ્યો. સૂર્યપિતા કશ્યપે 'તારો દિકરો મરે' શાપ આપ્યો, તેથી ગણેશ મરાણા, ચિત્રરથની પુત્રી, શનિની પત્ની, રૂતુમાં ન અડ્યો, તેથી શાપ થયો 'તૂં જેને જો તે દુ:ખી', યમપુરીનો માર્ગ દસ હજાર જોજન લાંબો ગણાય છે, આંબલી હોય ત્યાં ધન નાશ, ખજૂરી હોય ત્યાં પ્રજા નાશ, વૃષ્ણિનો ગોર ગાર્ગ્ય તેની પત્નીને યવનયોગે કાલયવન જન્મ્યો, ગાર્ગ્ય આભીરાણી ક્રોધમાં ભોગવી, તેને સામે નપુંસક કહ્યો હતો, તેથી ભોગવી, તેનો કાળયવન થયો.

મદાલસાને વિક્રમ, સુબાહુ, શત્રુમર્દન, અલર્ક, ચાર પુત્રો હતા, ઋતધ્વજ પતિ મરણ પામ્યો, પોતે સંન્યાસિની થઈ હતી, છોકરાંઓને હાલરડામાં જ આત્મજ્ઞાન આપતી, બેટા તૂં શુદ્ધ સ્વરૂપ બુદ્ધ છો, આ પાંચ ભૂતનું શરીર તારું નથી, મચ્છર તને કરડતું નથી શા માટે રો છો...૧, તૂં અજન્મા આત્મા છો, રાજપુત્ર તને નામ બીજાએ વળગાડ્યું છે, ભૂત અને ત્રિગુણો તો બાધે છે, તૂં તો કજીયા રહિત છો, માટે હાનિ વૃદ્ધિ રહિત તૂં આનન્દમાં રહે, આ શરીર તો ઝભ્ભો પહેરાવ્યો છે, ઝભ્ભાના નામ રૂપ ઘણાં છે, સુખ પછી દુ:ખ સારા પછી નરસું જાગરણ પછી ઊંઘ તે ઝભ્ભાને છે, ઉપર ચર્મ મઢ્યું છે અંદર માંસ ચરબી લોહી જળિયાં મળમૂત્ર ભરેલી ખાડીઓ છે

તે તો ન હોય તો જ સારું, માટે સંગ તજવો, સત્સંગ કરવો, કામ તજવો, મોક્ષ કામના કરવી, એવા ઉપદેશે તેઓ સાધુઓ થયા હતા, રૂતવાક ઋષિનો પત્ર રેવતી નક્ષત્રમાં જન્મ્યો તેણે તપ વડે રેવતી નક્ષત્ર કુમુદ પર્વતમાં પાડ્યું, રૈવત પર્વત ગણાયો, રેવતી કન્યા પ્રમુચ ઋષિએ પાળી, દુર્ગમને પરણાવી, તેનો રૈવતક મનુ થયો, ભારતમાં આઠ હજાર આઠસો ફૂટ શ્લોકો ગોઠવ્યા છે તે વ્યાસ શુક અને સંજય જાણે છે, કૃપ, અશ્વત્થામા, કૃતવર્મા, ત્રણ દુર્યોધન પક્ષમાં, કૃષ્ણ સાત્યકી પાંચ પાંડવ, પાણ્ડવ પક્ષમાં સાત બચ્યા, બાકી મરી ગયા, ઉદ્દાલક શ્વેતકેતુએ નિજ માતાને અડતા કામી વિપ્રને જોઈ પરસ્ત્રીસંગનું મહાપાપ અને પ્રાયશ્ચિતના કાયદા કર્યા.

કચને મદ્યમાં પાઈ દીધો હતો, તેથી શુકે મદ્યપાન ન કરવાનો કાયદો કર્યો, દીર્ઘતમાએ સ્ત્રીને એક જ પતિ હો એવો કાયદો કર્યો, અણીમાંડવ્યે ૧૪ વર્ષ પછી દંડપાત્રતાનો કાયદો કર્યો, જટિલા ગૌતમી સાત રૂષિઓને પરણી હતી, દ્રૌપદી પાંચ પાંડવોને પરણી હતી, વાર્ક્ષી દસ પ્રચેતાઓને પરણી હતી, દ્રોણનો અશ્વત્થામા લોટ ડોઈને દૂધ તરીકે પીઈને રાજી થતો હતો, દ્રોણ કોઠીમાં જન્મ્યો હતો, દર્ભથુંબડામાંથી ગૌતમ થયો હતો, સુન્દ ઉપસુન્દને મોહ પમાડવા વિશ્વકર્માએ તિલોત્તમા સર્જી, તે શંકરને ઇન્દ્રને ઋષિઓને પ્રદક્ષિણા ફરી, ચારે દિશામાં ફરતીને જોવાની તૃષ્ણાથી શંકરને ચાર મુખ નિકળ્યાં, ઇન્દ્રને હજાર નેત્રો નિકળ્યાં, રૂષિઓને વિહ્વળતા દેખાણી, શ્વેતકિ રાજાના યજ્ઞમાંથી બહુ ખાવાથી અગ્નિને અજીર્ણ થયું, તે ઔષધિ ખાવા ખાંડવવન આપ્યું તે અગ્નિએ બાળ્યું, તક્ષકપુત્ર અશ્વસેનને મોઢામાં ગળીને તેની માં આકાશમાં ઊડી, અર્જુને બાણથી માથું ઉડાવી દીધું, અશ્વસેન પડ્યો, તક્ષક તે બદલો વાળવા કર્ણના બાણ ઉપર બેઠો હતો, ચકલીનાં પાંચ બચ્ચાંઓ અજાતપક્ષા બાળ્યાં તેનો બદલો દ્રૌપદીના પાંચ યુધિષ્ઠિરનો પ્રતિવિન્ધ્ય, વૃકોદરનો સુતસોમ, અર્જુનનો ધ્રુતકર્મા, નકુલનો શતાનીક, સહદેવનો શ્રુતસેન, એ પાંચને અશ્વત્થામાએ તંબૂમાં બાળ્યાં, ચંડ કૌશિકના આમ્રફળથી બે રાણીને બે ફાડાં જન્મ્યા તેને જરાએ સાંધ્યાં તે જરાસંધ થયો, સ્વયંવરમાં પાંચ સમાનાકૃતિ નળ જોઈને દમયન્તી બોલી_હંસોના વચનથી જે નળને પરણી છું તે દેવો મને દેખાડો, મન વાણી શરીરથી હું નળની પતિવ્રતા હોઉં તો નળ મને દેખાડો, ત્યારે દેવો કરતાં નળમાં વિલક્ષણાતા હતી તે જોઈ, દેવોમાં છાયાં ન હતી, પરસેવો ન હતો, મટકાં ન હતાં, પૃથ્વીને અડ્યા ન હતાં, નળને ભૂમિસ્થ વિગેરે જોઈને વરમાળા પહેરાવી, ઇન્દ્ર અગ્નિ યમ વરૂણે દર્શન દીધાં, કલિએ નળમાં પ્રવેશ કર્યો, પુષ્કર સાથે જુગટું ખેલ્યું, કલિયુગ મોટો પાસો થયો હતો, દમયન્તીએ પોતાના બે બાળકોને કુંડિનપુર મોકલાવી દીધા, નળે દમયન્તીને અર્ધે વસ્ત્રે વનમાં મેલી, તે વણઝાર સાથે

ચાલી, ચેદિરાજ સુબાહુને ઘરે રહી, પછી નળને સર્પ દંશ્યો અને રૂપ બદલાવી નાખ્યું, અયોધ્યા ઋતુપર્ણને ત્યાં ઘોડારક્ષક થયો, ભીમે સુદેવબ્રાહ્મણને ખોળવા મોકલ્યો, તે દમયન્તીને લઈ ગયો, પર્ણાદ બ્રાહ્મણ નળને લઈ ગયો ફરીથી સ્વયંવર થયો, રસ્તે બ્હેડાનું ઝાડ આવ્યું. તેના પાંદડા ચાલતે રથે ગણી કાઢ્યા હતાં, કળીએ નીકળીને ઝેર કઢાવી નાખ્યું, નળને આશિષ આપી, નળના નામ લેનારને કલિયુગ નહિ નડે, પર્શુરામ મહેન્દ્રાચળ ગિરનારના શિખરમાં રહે છે, વિભાંડકનું વીર્ય ઉર્વશી જોઈ પાણીમાં પડ્યું તે મૃગલી પી ગઈ તેનો એકલશ્રૃંગી થયો તે લોમપાદની શાન્તાને પરણ્યો, કહોડની આજ્ઞાથી અષ્ટાવક્ર સમાંગા નદીમાં ન્હાયો તે સિધા અંગવાળો થયો તો, મહાભારત વનપર્વ અ...૧૯૦. ૪ - ચાર હજાર વર્ષ સત્યુગનાં અને ૮૦૦ સન્ધ્યાના તથા અંશના, ૩ - ત્રણ હજાર વર્ષો ત્રેતાયુગનાં, અને ૬૦૦ સન્ધ્યાના તેના અંશના, ૨ - બે હજાર વર્ષ દ્વાપરનાં, અને તેના સન્ધ્યાના અને અંશના ૪૦૦, વર્ષો. ૧ - એક હજાર કલિના તેના ૨૦૦ સન્ધ્યાના અંશના, બાર હજાર ચતુર્યુગના વર્ષો.

પરાધીનં દુ:ખમ્, સ્વાધીનં સુખમ્, નમે તે મોટો, આકાશમાંથી બગલી કૌશિકના મુખ પર ચરકી, કૌશિકે હેઠી પાડી, પછી પતિવ્રતાને ત્યાં ભીક્ષા લેવા ગયો, ઊભો રહેવા કહ્યું, ભૂખ્યા પતિને જમાડી સેવા કરી, વાર લાગી, બ્રાહ્મણ ગુસ્સે થયો પતિવ્રતા બોલી - હું બગલી નથી, તારા ક્રોધથી બળી જાઉં, પતિસેવા ઉત્તમ છે. મિથિલામાં ધર્મવ્યાધ પાસે જા તે જ્ઞાન આપશે. ત્યાં ગયો. પરમ્પરાધર્મો કહ્યા સાંખ્યજ્ઞાન કહ્યું, માતા-પિતાની સેવા બતાવી, સેવાવડે સમર્થ છું, બ્રાહ્મણે ઉતાવળ કરી, ધર્મવ્યાધે કહ્યું ઉતાવળ કરમાં હું બગલી નથી, તુલાધાર પાસે જા, તે જ્ઞાન આપશે, ત્યાં ઉતાવળ કરી, તે કહે હું બગલી નથી, શાક આપ્યા પછી જ્ઞાન આપીશ, ગણિકા પાસે જા, તે જ્ઞાન આપશે, ત્યાં ગયો, તેણે સ્વામીની સેવા કરી, ઉતાવળ કરવા ના પાડી, હું બગલી નથી, આવી રીતે બધા સ્વધર્મમાં ઉત્કૃષ્ટ હતા, ઇન્દ્રે સ્કન્દને પડખામાં વજ્ર માર્યું તેમાંથી બાળગ્રહ માતાઓ ઉપજી છે, શ્રીકૃષ્ણે વનમાં ભાજી પાંદડું ખાઈને દસ હજાર શિષ્ય સહિત દુર્વાસાને તૃપ્ત કર્યા હતા, રાવણે કુબેરને લૂંટ્યો કુબેરે શાપ આપ્યો માનવ તને મારશે. આ બધા મૂર્ખો ગણાવ્યા છે - ઇન્દ્રધનુષ સૂર્યકિરણ પોતાની છાયાંને પકડવા ઇચ્છનાર, કુશિષ્યનો શાસ્તા, શત્રુમાં મેળવાળો, સ્ત્રીની પાછળ પડનારો, ન માગવાનું માગનારો, નિજ વખાણમાં જ મોટો, અકાર્ય કર્તા, બલિયાનો વૈરી, અશ્રદ્ધામાં ઉપદ્રષ્ટા, અકામ્યની કામનાવાળો, પુત્રવધૂને ઠેકડીયે બોલતો, પરસ્ત્રીમાં તણાતો, સ્ત્રી સાથે ઝઘડનાર, દેવું નહિ અને દાતાર કહેવરાવે, કર્યું વગોવે, અસત્યને સત્યમાં વોરે, અનધિકારમાં ડબડબીયો થાય, દોઢ પટલ થાય, કહ્યા વિના વચ્ચે પડે, મોટાની ટાપટીપ કરે, તે મહામૂર્ખો ગણાવ્યા છે, ગરૂડની છાતીમાં સુમુખ રહે છે.

માધવી લક્ષ્મી બોલ્યાં_કન્યાના સુલક્ષણો - પોંચા હાથ પગના ઉપડતા, સ્તનો અણિદાર, નિતમ્બ મધ્યમ ઊંચા, આંખ્યો ઉપડતી અણિદાર, છાતી કાંખ ઉદર કેશ ખંભા હાથ મુખ ઉન્નત હોય, તવક્ ઉજળી, કેશ કાળા લાંબા સુંવાળા, હાથપગની આંગળીઓ પર્વો પાતળાં, સ્વર મીઠો, સત્ત્વ બળમાં અને નાભિમાં ગંભીરતા, હથેળીઓ નેત્ર ખૂણાઓ તાલૂ જીભ નીચલો હોઠ લાલાશ ભરેલા, માધવીને ચાર વાર પરણવા છતાં બધાએ કુમારી ગણી હતી, ચાર દિકરાઓ થયા હતા, શ્યામવર્ણના ૮૦૦ અશ્વો તેના બદલે ગાલવે લીધા હતા, ઋચીક રૂષિએ ગાધિરાજાની સત્યવતી પુત્રીની માગણી કરી, ગાધિએ ૧૦૦૦ શ્યામકર્ણ અશ્વો માગ્યા, ઋચીકે વરૂણ પાસેથી લઈ આવીને આપ્યાં.

તારકાસુરના ત્રણ નગરો સોનાનું રૂપાનું લોઢાનું નાશ કરવા શંકરે રથ જોડ્યો, બળદે જોર કર્યું, ખરીયો ફાટી ગઈ, પુષ્યમાં તે નગરો એક બાણ વડે નાશ કર્યા. કૌશિકે ચોરોને કહ્યું_ સંઘ આ અરણ્યમાં ગયો છે, ચોરોએ જઈ સંઘને માર્યો, તે પાપે કૌશિક પણ નરકમાં પડ્યો, માટે સત્ય અસત્ય અવસરે ન બોલવું. વિવાહમાં, રતિવિલાસમાં, પ્રાણસન્દેહમાં, ધનલૂટમાં, સ્ત્રીના દબાણમાં, મશ્કરીમાં ખોટું બોલાય તેનું પાતક નથી. ગૌતમના ત્રણ પુત્રો એકત દ્વીત ત્રીત નામનામાં બે જણાએ ત્રીતને કૂવામાં નાખ્યો, ત્રીતે જળ ઉપર સાદડી પાથરી પ્રભુની પૂજા કરી પ્રભુએ બહાર કાઢ્યો, ભગવાન સહાય થાય તેને કોઈ ન પહોંચે. દધીચનું વીર્ય અલંબૂષાને જોઈને સરસ્વતીમાં પડ્યું તેનો સારસ્વત થયો તેના સારસ્વતો થયા છે, ત્રણ હજાર વર્ષ અશ્વત્થામા ગંદે શરીરે પર્વતમાં રખડ્યો છે, દુર્યોધને કરાવેલો લોઢાનો ભીમ કૃષ્ણે ધૃતરાષ્ટ્રને ભેટાવ્યો તે ચેપાઈ ગયો, રણમાં મડદાં જોઈને ગાન્ધારીએ કૃષ્ણને શાપ આપ્યો, કૌરવ પાંડવોને સમજાવવામાં સમર્થ એવા તમોએ ઉપેક્ષા કરી, તેથી તમારું કુલ આ રીતે જ નાશ પામશે, તમારી સ્ત્રીઓ આ સ્ત્રીઓની પેઠે વિલાપ કરશે, તમે નિર્જન અરણ્યમાં મરશો. મહાભારત યુદ્ધમાં ૧,૬૬,૦૦ ૨૦,૦૦૦ તથા ૧૪,૧૦૬૫ એટલા માનવો નાશ પામ્યા હતા. કુંતાએ કર્ણને જન્મ છાનો રાખ્યો તેથી યુધિષ્ઠિરે સ્ત્રીઓને શાપ આપ્યો _ સ્ત્રીઓ પોતાનું હૃદય છાનું નહિ રાખી શકે, ઊંટી એ સો યોજન ડોક બ્રહ્મા પાસે માગી, પણ શિયાળ ખાઈ ગયો, તનુરૂષિ આઠગણો લાંબો સાંઠા જેવો હતો, સન્તે શબ્દો પીવા શીખવું, સુખે નિદ્રા આવે, વૃત્રને મારવાથી ઇન્દ્રને ચાર બ્રહ્મહત્યાઓ લાગી, તે જળને સેવાળ, અગ્નિને રાખ, નારીઓને રજસ્વલાપણુ, વૃક્ષોને ગુંદ, ભંગાશ્વરાજાને ૧૦૦ દિકરા હતા, તે વનમાં સરોવરમાં ન્હાયો તેથી સ્ત્રી થઈ ગયો, તેને ઋષિવડે ૧૦૦ દિકરા બીજા થયા, તેને પુરુષ થવા વરદાન દેવા કહ્યું તેણે ના પાડી, મારે

સ્ત્રી રહેવું છે, તેમાં સુખ વધારે છે, દિવોદાસના ૧૦૦ દિકરા મારીને હૈહય રાજા ભૃગુના આશ્રમમાં આશરે ગયો, દિવોદાસે માગ્યો, ભૃગુ એ કહ્યું મારે ત્યાં બધા વિપ્રો છે, હૈહયને મેલીને તે ચાલ્યો ગયો, તે હૈહયો વિપ્રો કહેવાણા, દેવશર્માની રૂચિનામની સ્ત્રીમાં વિપુલ શિષ્યે પ્રવેશ કરીને ઈન્દ્રથી વ્યભિચારથી બચાવી હતી, ચ્યવને કુશિક રાજાને ત્યાં છ મહિના વાસ કર્યો, શરીર દાબવા કહ્યું, છ મહિના દાબ્યો, રાજી થઈ વરદાન આપ્યું - તારે પૌત્ર પરશુરામ થાશે, પાતાળમાં અગ્નિ સંતાણો એમ દેડકે કહ્યું, ખીજડીમાં સંતાણો એમ શુકે કહ્યું, પર્વતમાં સંતાણો એમ હાથીએ કહ્યું, તેથી સારી ભાષા નહિ બોલી શકાય એમ ત્રણેયને અગ્નિએ શાપ આપ્યો છે, બભ્રુવાહનનો દિકરો દિલ્હીમાં યજ્ઞ કરતો હતો, નોળીએ કહ્યું _ ઉંછવૃત્તિના શેર સાથવા જેટલો તારો યજ્ઞ નથી, ઉંછવૃત્તિ છઠે ટાણે ખાતો, એકવાર બારમે ટાણે શેર સાથવો મેળવી જમવા બેઠો, ધર્મદેવ બ્રહ્મણરૂપે આવ્યા, તેને સાથવો આપી દીધો, પાણીથી હાથ ધોયા, તેમાં નોળીઓ આળોટ્યો એક પડખે સોનાનો થયો, બાકીનું પડખું આવા દીલ્હીના યજ્ઞમાં સોનાનું ન થયું, માટે યજ્ઞ તે શેર સાધવા જેવોય ન થયો, પિતાની ૨૪, માતાની ૨૦, પત્નીની ૧૬, બહેનની ૧૨, પુત્રીની ૧૧, માસીની ૮, પત્નીની ૧૦, એમ ભક્તિ વડે ૧૦૧ પેઢી તરે.

'स एष पूर्वेषामपि गुरुः कालेन अनवच्छेदात्' । गकारस्त्वन्धकारः स्यात् रकारस्तद्विनाशकृत् । अन्धकारविनाशित्वात् गुरुरित्यभिधीयते ।। गुरुर्बह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः । गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ।। येन विद्या परब्रह्मस्वरुपा प्रापिता मम । संसारसागरोद्धर्त्रे साक्षात् नमः श्रीगुरवे नमः ।। गुरवो ब्रहवः सन्ति शिक्षणादिप्रदायकाः । जन्ममृत्युहरो यः स्यात् तेषु श्रेष्ठतमो गुरुः ।। विना गुरुं महामन्त्राः षण्ढा इव भवन्ति ते । गुर्वास्यात् प्रापिता मन्त्राः कल्पद्रुवत् फलप्रदाः ।। गुरवो ज्ञानदाः श्रेष्ठतमा अज्ञाननाशकाः । ब्रह्मप्रकाशदातारः प्रभवो मोक्षदायकाः ।। अन्धानां नेत्रदातारो मग्नानामूर्ध्वतारकाः । भ्रान्तानां दिक्प्रदातारो गुरर्वोऽमितदायकाः ।। प्रत्न्या पतिर्गुरुः स्वामी वर्णनां तारकः स हि । मुमुक्षूणां हरिं प्रापयिता सद्गुरुरीश्वरः ।। राजा शास्ता वृद्ध आदेशोपदेष्टा प्ररक्षकः । गुरवस्तेषु मोक्षदाः गुरुपुंगवाः ।।

અંગુઠાના મૂળમાં બ્રાહ્મ તીર્થ, આંગળીઓના મૂળોમાં પ્રાજાપત્ય તીર્થ, આંગળીઓને ટેરવે દેવ તીર્થ છે, અંગુઠા તર્જની મધ્યે પિતૃ તીર્થ છે, ગુરુચરણકમળોમાં ૬૮ તીર્થો છે, ગુરુમૂર્તિમાં તેત્રીશ કરોડ દેવો છે, ગુરુજીની પ્રસાદીમાં સર્વ પુણ્યો છે, ગુરુજીની સેવામાં બધા સ્વર્ગો છે, ગુરુજીના રાજીપામાં બધી ચિન્તામણિઓ છે, ગુરુજીના કેશોમાં બધી કલ્પલતાઓ છે, ગુરુજીના તત્ત્વોમાં બધાં પીયૂષો છે, ગુરુજીના અંગોમાં કામદૂધાઓ

છે, ગુરુજીની પરિચર્યામાં બધાં પત્નીવ્રતા અને પતિવ્રતા ધર્મો છે, ગુરુજીની આજ્ઞામાં તમામ ભક્તિઓ છે, ગુરુજીમાં તમામ ભગવાનના ગુણો ચિન્હ સામર્થ્યો સિદ્ધિઓ રહે છે, પરલોકમાં ગુરુજીના સામર્થ્યો દૂતો આગળ ચાલે છે, ગુરુજીની મૂર્તિમાં તમામ મનોરથ પૂર્ણ થાય છે, ગુરુજીનો આત્મા બ્રહ્મ છે, બ્રહ્મનું ભવન છે, બ્રહ્માનન્દનો સાગર છે, પરબ્રહ્મને સ્થિર રહેવાનું સ્થાન છે, તમામ પ્રવૃત્તિઓ ગુરુ સ્વરૂપે પરબ્રહ્મની છે, તમામ સત્કર્મો પરમેશ્વરના ગુરુરૂપ હરિમાં છે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા ગુરુમાં આત્માનવેદી વિશ્રાન્તિ પામેલા ભક્તે બીજો આશ્રય લેવો પડતો નથી, લીધેલ હોય તો તે નીભાવવા પૂરતો જ છે, ગુરુના બળવાળાને જ્યોતિષે કહેલા - લતાદોષ, પાતદોષ, યુતિદોષ, વેધદોષ, જામિત્રદોષ, બાણપંચક, કાષ્ઠશલ્ય, પ્રાચ્યબાણ, લોહશલ્ય, એકાર્ગલ, ઉપગ્રહદોષ, ક્રાન્તિસામ્ય, ક્રાન્તિદોષ, દગ્ધાહોષ, એ પરાભવ કરતા નથી, પરબ્રહ્મ શ્રીહરિ ગુરુસ્વસ્થ પ્રગટ ભગવાન્ ભક્તોને સેવવા માટે જ પધારે છે, તેમનો પ્રગટ દિન સંવત્ _

વિક્રમ સંવત ૧૯૬૧, શાકે ૧૮૨૭, આશ્વિન કૃષ્ણ અષ્ટમી, શનિવાર, ઘડી ૪૬-૨૯, પુનર્વસુ ઘડી ૧૨-૧૬, સિદ્ધિયોગ ઘડી ૨૨-૧૧, બાલવ કરણ ઘડી ૧૬-૫૬, દિન માન ઘડી ૨૮- ૧૧, રવિ ઉદય, ૬-૨૨, અસ્ત ૫-૩૮, અંગ્રેજી તારીખ ૨૧-૧૦-૧૯૦૫. નામ-કુંવરજી (શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ), પિતા-ગોપાલકૃષ્ણ, માતા-કંભરાલક્ષ્મી, કુલ-પટેલ દેવાણી, પ્રાગટ્ય ભૂમિ-કુકાવાવ તીર્થ (સૌરાષ્ટ્ર).



❖ મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત કલ્યાણકારી દિવ્ય ઉપદેશો ❖

✣ લ.સં. ઉપદેશ - ૧ ✣

અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહે : હું સર્વ સુખનો આપનારો છું. સર્વનો નિયંતા છું. જીવ- પ્રાણી માત્રમાં અંદર-બહાર હું જ રહેલો છું. ક્યારેક ઈશ્વરમાં-દેવમાં પ્રગટ થાઉં છું. ક્યારેક ઋષિમાં, ભક્તમાં પ્રગટ થાઉં છું. ક્યારેક જળમાં, સ્થળમાં, પર્વતમાં, વનમાં પ્રગટ થાઉં છું. ક્યારેક પશુ-પક્ષીમાં, વૃક્ષ-વેલીમાં, સાધુ-સાધ્વીમાં, રાજા-પ્રજામાં, ગોપ-ગોપીમાં મારા અનંત અવતારો થાય છે. અત્યારે લોમશ ક્ષેત્રમાં હું પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નામે પ્રગટ થયેલો છું.

મારાં ચરિત્રોની કથા, મારા સંત-ભક્તોની કથા વાંચવી-સાંભળવી. સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથનો અભ્યાસ કરવો. વાજિંત્રો સાથે ધૂન-કીર્તન કરવાં. પગે ઘૂઘરા બાંધી પ્રભુ પાસે નૃત્ય કરવું. મારી સ્તુતિ-પ્રાર્થના કરવી. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું મારી ધાતુની, કાષ્ઠની, માટીની મૂર્તિ બનાવીને, નર-નારીઓએ સર્વે અર્પણ કરી, સર્વ ભાવે મારી પ્રેમ સહિત નવધા ભક્તિ કરવી, અને મારે આધીન થઈ મારી આજ્ઞામાં રહી સર્વ ક્રિયા કરવી.

મારી મૂર્તિ રાખીને મારો મંત્રજપ, ભક્તિ કરતાં વચ્ચે વિઘ્ન કરનારાં કુટુંબ હોય તો તેનો પણ ત્યાગ કરવો. નેત્રથી મારા અંગે અંગનું દર્શન કરવું. કાનથી મારી કથા સાંભળવી. ત્વચાથી મારાં સર્વ અંગનો સ્પર્શ કરવો. જીભથી મારા મંત્ર, જપ, ગુણનો ઉચ્ચાર કરવો. મુખથી પ્રસાદ, જલ ગ્રહણ કરવાં. નાસિકાથી મારા તુલસી, પુષ્પ ગંધ લેવાં. હાથથી મારી સેવા કરવી. પગથી પ્રદક્ષિણા કરવી. મસ્તકથી વંદન કરવું. મનબુદ્ધિથી મારા સ્વરૂપ નિશ્ચયની દૃઢતા કરવી. ચિત્તથી મારું ચિંતવન કરવું. હું પ્રભુનો દાસ છું એવું અભિમાન કરવું. મારે અર્થે સર્વે વેપાર, ક્રિયા, ખેતી, ઉદ્યમ કરવાં. જે જે પોતાને વ્હાલી વસ્તુ હોય તે મને અર્પણ કરવી. સર્વ વસ્તુ મને ધરી પ્રસાદીની કરી ગ્રહણ કરવી.

મને અર્પણ કર્યા વિના પત્ર, પુષ્પ, જલ પણ ગ્રહણ ન કરવાં. મારી પ્રસન્નતા માટે જપ, તપ, યજ્ઞ, દાન સર્વ કરવાં. સાધુ-સાધ્વી, ભક્તોની સેવા મારી પ્રસન્નતા માટે કરવી. સંત ભક્તોનાં સર્વે અંગમાં મારાં અંગો રહેલાં છે. તેની સેવા કરવાથી સર્વે

મનોરથો સફળ થાય છે. મહાભાગવત ભક્તો મારા પરાયણ હોવાથી તેમને ચાર પ્રકારની સિદ્ધિ અને ચાર પ્રકારની મુક્તિ હું આપું છું.

✣ લ.સં. ઉપદેશ - ૨ ✣

મારા ભક્તો સંપત્તિ અને ઐશ્વર્ય ઇચ્છતા નથી કારણ કે તે ભક્તિમાં વિઘ્ન કરે છે. સંતો, ભક્તો, યોગીને રમણીય પંચવિષય પણ દુઃખરૂપ લાગે છે. મારા વિના મારા ભક્તને ચંદન પણ ઝેર જેવું લાગે છે. મારા વિના પુષ્પ, આભૂષણો ગરોળી જેવા લાગે છે. મારા વિના સ્ત્રી, શય્યા, વસ્ત્રો, સર્વ નરક જેવાં લાગે છે. મારા વિના મહેલ ગુફા જેવો લાગે છે. મારા ભક્તને મનુષ્યોના વસવાટમાં હું ન હોઉં તો ભૂતોના વાસવાળું વન હોય તેવું લાગે છે. મારા વિના ભોજનપાન ઝેર જેવાં લાગે છે.

મારા વિના મારા ભક્તને સર્વ દુઃખરૂપ લાગે છે. મારો ભક્ત મારામય થઈને ક્યારેક હસે છે. ક્યારેક રુદન કરે છે. ક્યારેક મારી સાથે બોલીને મને ભેટે છે, ચુંબન કરે છે. ક્યારેક સ્નાન-ભોજન કરાવે છે. ક્યારેક મૌન ધારણ કરી, હૃદયમાં મારું ચિંતન કરે છે. ક્યારેક મને વનમાં લઈ જાય છે, રમાડે છે. ક્યારેક દાસી થઈ દાસપણું કરે છે. ક્યારેક મારી પ્રાર્થના કરી અપરાધ ક્ષમા કરો, એમ કહે છે. ક્યારેક 'હે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આત્મપતિ પરબ્રહ્મ પરમાત્મા તમે ક્યાં છો ?' એમ મને બોલાવે છે.

આવા મારા ભક્ત, દાસ-દાસી, બ્રહ્માંડને, પૃથ્વીને પાવન કરે છે. તે ભક્તનાં દર્શનથી જનો પવિત્ર થાય છે. એવા ભક્તના આશ્રયથી મુક્તિ થાય છે. એવા સંત-ભક્તની સેવાથી મારી સેવા થાય છે. મારામાં અને તેનામાં ભેદ નથી. તે મારું જ શરીર છે. તેના નેત્રમાં જોનારો હું છું. તેનામાં બોલનારો હું છું. તેવા સંતમાં ચાલનારો હું છું. તે ભકતની સર્વ ક્રિયા ભક્તિરૂપ અને મોક્ષરૂપ જ છે. હું સંતરૂપે પ્રત્યક્ષ છું. જેને સંતનો યોગ નથી તેને હું પરોક્ષ છું.

સર્વ વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. બ્રાહ્મણોમાં સાત્ત્વિક બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. સાત્ત્વિક બ્રાહ્મણમાં મારા એકાંતિક ભક્ત શ્રેષ્ઠ છે. એકાંતિક ભક્ત મારા દીક્ષાવાળા સાધુ શ્રેષ્ઠ છે. સાધુમાં શ્રેષ્ઠ હું છું. મારાથી પર કોઈ નથી. સંત છે તે મારી બ્રહ્મની મૂર્તિ છે. સંત સમાન મને કોઈ પ્રિય નથી. દેવ, ઈશ્વર, ગાંધર્વ, સાક્ષાત્ રાધા-લક્ષ્મી પણ મને સંત સમાન પ્રિય નથી.

✤ લ.સં. ઉપદેશ - ૩ ✤

વૈષ્ણવ ભક્તોએ આત્મામાં પરમાત્માને ધારવા. સત્ય, દયા, પવિત્ર, ત્યાગ, સંતોષ એ સંતના ગુણ મેળવવા. સરલતા, શમ, દમ, તિતિક્ષા, તપ, જપ, વૈરાગ્ય, શૂરવીરતા, સ્વતંત્ર, કૌશલ, ક્રાંતિ, ધૈર્ય, સહન, તેજ, પ્રગલ્ભ, ઐશ્વર્ય, ગાંભીર્ય, સ્થિરતા, આસ્તિકતા, મૌન, અગર્વ, નિર્દંભ, મૈત્ર, ઉપકાર વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત કરી સંત દશામાં વર્તવું. ગુરુ, સંત, ભક્તની સેવા કરવી.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું મારી ભક્તિ કરવી. માતા-પિતા, વૃદ્ધ, વડીલોની સેવા કરવી, તથા સર્વ પ્રકારનાં દાન કરવાં તેમજ પોતાને પ્રિય વસ્તુનાં પણ દાન કરવાં. મારાં મંદિર કરી મારી મૂર્તિ પધરાવશે, તેને હું ધામમાં લઈ જઈશ. હું સ્વામિનારાયણ સર્વનો મોક્ષ કરનારો છું. સર્વ પ્રકારે મારી ભક્તિ કરવી. મારા ભક્તોને સદા દિવ્ય માનવા.

દોષની નિવૃત્તિ માટે મંદિરમાં વાસ કરી, દાસની જેમ સર્વ સેવા કરવી. હિંસા ન કરવી, પરસ્ત્રીગમન ન કરવું, માંસ ન ખાવું, દારૂ ન પીવો, આત્મઘાત ન કરવો, ચોરી ન કરવી, ખોટું કલંક ન દેવું, કોઈની નિંદા ન કરવી; તે પુણ્યનો નાશ કરે છે. નાસ્તિકોનો સંગ ન કરવો, સંત- સેવા કરવી, સંત મારી દિવ્ય મૂર્તિ છે. મારી આજ્ઞાનું પાલન કરનારા આલોકમાં સુખી રહે છે, તેને ત્યાં અષ્ટ સિદ્ધિઓ વાસ કરે છે. ભક્તિ અતિશય કરવી, ભોગ અતિ ન કરવો, નિદ્રા અતિ ન કરવી, સેવા અતિ કરવી, વસ્તુ-પદાર્થની તૃષ્ણા અતિ ન રાખવી.

વૈષ્ણવ સાધુઓ, સાંખ્ય યોગિનીઓ અને શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા આ ત્રણ શ્રીહરિની મૂર્તિ છે. બ્રહ્મપત્ની, બ્રહ્મમુક્તો અને કુંકુમવાપી આ ત્રણ બ્રહ્મતીર્થ છે. કંઠમાં તુલસી કંઠી, તુલસી જપમાળા અને પ્રસાદ ભોજન આ ત્રણ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે છે. લલાટમાં તિલક- ચાંદલો, ભુજામાં તપ્તમુદ્રા અને મુખમાં શ્રીહરિનું નામ તે યમદૂતોને નસાડનારાં છે. જેની રાત્રિ શ્રીહરિની મૂર્તિના ધ્યાનમાં લીન થાય છે, સવારનો સમય પૂજામાં, બપોરનો સમય જ્ઞાનમાં જાય છે, તે મુક્ત સ્થિતિને પામેલો છે.

✤ લ.સં. ઉપદેશ - ૪ ✤

મંત્રદીક્ષા તે બ્રહ્મપુત્રી છે, મોક્ષ અને ધામ અપાવનારી છે. મંત્રદીક્ષા વિના નર-નારીઓનું આપેલું અન્ન-જલ પ્રભુ ગ્રહણ કરતા નથી. દીક્ષાવાળાં નરનારીઓએ આપેલ પત્ર, પુષ્પ, ફળ, જલને પ્રભુ પ્રેમથી અંગીકાર કરે છે. દીક્ષાવાળો ભક્ત તીર્થરૂપ છે.

શ્રીહરિ ઉત્તમ તીર્થ છે. સર્વ તિર્થો શ્રીહરિના ચરણમાં વસે છે. દીક્ષાવાળામાં સર્વ દેવતા ઈશ્વરો વાસ કરે છે. દીક્ષાવાળાના સ્પર્શથી પાપ નાશ પામે છે. સેવાથી મોક્ષ મળે છે. દીક્ષાવાળાની અન્નજલની પ્રસાદી પાવન કરનારી છે. દીક્ષાવાળાની સાથે વાસ, સત્સંગ ભગવાન તુલ્ય છે. દીક્ષાવાળાની સર્વ ક્રિયા દિવ્ય છે. દીક્ષાવાળામાં સર્વે યજ્ઞો, પુણ્યો વસેલા છે. ઋષિમુનિઓ, યોગીઓ, સિદ્ધો, યતિઓ, બ્રહ્મચારીઓ સર્વે દીક્ષાવાળાને નમે છે. દીક્ષાવાળાને જે ભોજન કરાવે છે તે શ્રીહરિનો પાર્ષદ થાય છે.

હું દીક્ષાથી સચ્ચિદાનંદ થઈને શ્રીહરિના આનંદવાળો થયો છું. મંત્ર-દીક્ષા લીધા પછી મારું સર્વે તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનનું, અને જેટલું ભગવાનનું એટલું મારું. મારું અને પ્રભુનું કાંઈ જુદું છે જ નહિ, એવો બ્રહ્મભાવવાળો ભક્ત શ્રીહરિના શાશ્વત સુખને મેળવે છે. દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી જે માયાને ત્યજતો નથી અને પરમેશ્વરને ભજતો નથી તેને પગલે પગલે દુઃખ જ છે.

✤ લ.સં. ઉપદેશ - ૫ ✤

માયામાં લોભાયેલો, માયામાં રસવાળો, માયાના સ્વભાવવાળો, સ્વાર્થ-સાધન કરતો, રાગ માટે પ્રયત્ન કરતો, મારા ભાવથી રહિત ક્યારેય બ્રહ્માના સ્થાનને પામતો નથી. મારી ભક્તિ વિના, મારા મંત્ર વિના, ક્યારેય પણ બ્રહ્મપદ પામતો નથી. બીજું મારું સ્વરૂપ સંત છે. મારા કલ્યાણકારી ગુણો સંતમાં રહ્યા છે. તેથી મારા મંત્રદીક્ષાવાળા સર્વમાં મારો વાસ છે. મારા ભક્તો વિના હું ક્યાંય રહી શકતો નથી.

અનંતમુક્તો, દિવ્યમુક્તોથી સેવાયેલો હું પરમધામમાં વાસ કરું છું. હું અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મારા સ્વરૂપનું જ્ઞાન મારા મુક્તો, મુક્તાત્મિ, ભક્તો, રાધા, રમા, લક્ષ્મી-જયા, લલિતા વગેરે બ્રહ્મપત્નીઓને આપું છું, કૃષ્ણ વગેરે મારા કરોડો અવતારો થયા છે. ચોવીશ અવતારો તથા ઐશ્વર્યવાળા હજારો અવતારો મારા થયા છે. બ્રહ્મા, શંકર વગેરે તે મારા અંશાવતારો છે. રાધા-રમા વગેરે મારી શક્તિઓ છે.

ગોલોક વૈકુંઠ વગેરે ધામો મારા અક્ષર સીમ પ્રદેશમાં રહેલાં છે. અક્ષરથી પણ મારું પરમધામ મહાન છે. તે મારી મૂર્તિની ચારેકોર રહેલું છે. તે પરમધામમાંથી તેજ નીકળ્યું તે અક્ષરધામમાં આવ્યું તેથી મારું પરમધામ મહાન કહેલું છે અને અક્ષરને મહાન કહ્યું છે, તે બીજાં ધામોની આગળ. અક્ષરધામના સીમના પ્રદેશમાં અનંત ધામો રહેલાં છે. ત્યાર પછી ઈશ્વરોના કરોડો ધામ ચારેકોર રહેલાં છે. ત્યારપછી આઠ આવરણ તે માયામાં રહેલાં છે. ત્યારપછી અનંત બ્રહ્માંડો અણુની જેમ ઊડે છે. તે સર્વેમાં હુ અંતર્યામીપણે રહેલો છું. જે હું અહીં છું તે જ હું ધામમાં રહેલો છું.

હું સદા પરમધામમાં એકરૂપે જ રહેલો છું. દેખનારા મને અનંત સ્વરૂપે જુએ છે. મનુષ્ય મને માનવ જેવો દેખે છે. દેવો મને દેવ જેવો, ઋષિઓ ઋષિ જેવો, સિદ્ધો સિદ્ધ જેવો, પિતૃઓ પિતૃ જેવો, અવતારો અવતાર જેવો, મુક્તો મુક્ત જેવો, બ્રહ્મા બ્રહ્મ જેવો, ઈશ્વરો ઈશ્વર જેવો, માયાના જીવો મને માયિક જેવો, મહામુક્તો મને મહામુક્ત જેવો દેખે છે. સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્યથી હું અનંત-અમાપ અને અપાર છું. મારા સ્વરૂપનો અંત આવતો નથી તો મારી વિભૂતિનો અંત તો ક્યાંથી આવે ?

હું અપાર આનંદવાળો છું. મારા આનંદથી સર્વે દેહધારી જીવે છે. જ્યાં આનંદ છે ત્યાં હું છું. સર્વત્ર મારો જ આનંદ રહેલો છે, એમ માની જે નરનારી મને ભજે છે તે મોક્ષને પામે છે. શરીર ઈન્દ્રિયો અંતઃકરણ પંચવિષય સર્વકર્મમાં મારું ભાન રાખવું તે નિર્ગુણ કર્મ છે. સર્વે વસ્તુમાં, પદાર્થમાં વ્યાપક સ્વરૂપે હું જ રહેલો છું. અણુ જેટલી જગ્યા પણ મારા વિના ખાલી નથી, એમ મને જાણીને સદા મારું ભજન-ભક્તિ કરવાં.

આ જ્ઞાન પૂર્વે મેં માણિકી દેવીને આપ્યું, તેણે લક્ષ્મીને આપ્યું, લક્ષ્મીએ શંકરને આપ્યું, શંકરે ગણેશને આપ્યું, ગણેશે હિરણ્ય પુરુષને આપ્યું, હિરણ્ય પુરુષે અનેક શિષ્યોને આપી સંપ્રદાયો સ્થાપ્યા; પણ મંદિર અને શાસ્ત્રો વિના સંપ્રદાય અને શિષ્યોનું રક્ષણ થતું નથી. તેથી મેં જ્ઞાનનું રક્ષણ કરવા વેદનો બોધ કરનારી શ્રી લક્ષ્મીનારાયણ સંહિતાની રચના કરી છે. તેનું સદા રક્ષણ કરવું. તેની કથા સાંભળીને હૃદયમાં રાખવી. શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા કથા વાચનાર-જાણનાર દીક્ષાવાળો મારો ભક્ત તેને ગુરુ જાણવો.

✣ લ.સં. ઉપદેશ - ૬ ✣

ભક્તોએ તન-મન-ધનથી મંદિરો કરી તેમાં મારી મૂર્તિ પધરાવવી. શ્રીમંતોએ ધનનું દાન કરી પરાવિદ્યાના પ્રચાર માટે વિદ્યાલયો, પાઠશાળાઓ કરાવવી. પૃથ્વીમાં શ્રી લક્ષ્મીનારાયણ સંહિતાનો પ્રચાર કરવો. શાસ્ત્ર, મંત્ર, મંદિર, મૂર્તિ, નામ-સ્મરણ અને આરાધના આ પરાવિદ્યા છે. બીજી સર્વે વિદ્યાઓ વ્યવહાર માટે છે. જે સંપ્રદાયની અંદર જ્ઞાન આપનારા સંતોષી યમનિયમવાળા ગુરુ નથી તે સંપ્રદાય નાશ પામે છે. ત્યાગ, વૈરાગ્ય, જિતેન્દ્રિય ધર્મવાળા ગુરુ નથી તે સંપ્રદાય નાશ પામે છે. દ્રવ્યને હરનારા, વ્યસની, ખોટું બોલનારા, દંભી તૃષ્ણાવાળા ગુરુ હોય તે સંપ્રદાય નાશ પામે છે.

ગૃહીધર્મી જો કૃષ્ણધર્મી બને તો નિર્ગુણ થાય. ગૃહસ્થ અભિમાન ત્યજી શકતા નથી. મને ભૂલી જાય છે, તેથી તેને યમદૂતોથી ભય રહે છે. તેથી ગૃહસ્થોએ મને સંભારીને સર્વ કર્મ કરવાં. વિદ્વાનોએ જ્ઞાનયજ્ઞ કરવા, સંતોએ ભક્તિયજ્ઞ કરવા, ઋષિઓએ

સ્વાધ્યાયયજ્ઞ કરવા, રાજાઓએ દ્રવ્યયજ્ઞ કરવા, ખેડૂએ અન્નયજ્ઞ કરવા, યોગીઓએ ધ્યાનયજ્ઞ કરવા, સેવકોએ સેવાયજ્ઞ કરવા, સ્ત્રીઓએ સેવાયજ્ઞ કરવા, બ્રહ્મચારીઓએ બ્રહ્મયજ્ઞ કરવા અને ગૃહસ્થોએ દાનયજ્ઞ કરવા એ આદિ અનેક યજ્ઞ છે. યજ્ઞ કર્યા વિના મનુષ્ય પાપનો ભાગીદાર થાય છે. યજ્ઞ કરવાથી દેવો અને શ્રીહરિ પ્રસન્ન થાય છે. હરિભક્તિયજ્ઞ તો સર્વે મનુષ્યોએ કરવા.

રાજાએ ગજ, અશ્વ, ગાયો, ભેંસો, ખેતર, વાડી, બગીચા, ગામ, ગૃહ, સંપત્તિ, દાસદાસી વગેરેનાં દાન કરવાં. તે શાશ્વત ફળને આપનારાં થાય છે. દાન નહીં કરનારા પાપના ભાગીદાર થાય છે. દાન દેનારા અખૂટ મેળવે છે. માટે દાન દેવામાં નપુંસક ન થવું. નપુંશકના ઘરમાં દેવાર્ચન માંગલિક કાર્યો થતાં નથી. નપુંસક બ્રહ્મરાજ્ય, ભક્તિધન મેળવી શક્તો નથી. માટે ગૃહસ્થોએ બ્રહ્મયજ્ઞો કરવા અને અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવું.

❖ લ.સં. ઉપદેશ - ૭ ❖

પ્રભુનો આશ્રય કરીને કાર્ય કરનારો, ભગવાનનું ધ્યાન કરનારો, પરમગતિને પામે છે. સત્પુરુષોની સેવા કરી સત્યના માર્ગે ચાલનારો પરમગતિને પામે છે. સર્વે દેવો-દેવી, ઈશ્વરો મનુષ્યોને આપે છે, તો મનુષ્યે પરમાત્માને અર્પણ કરી ગ્રહણ કરવું. પરમાત્માને અર્પણ કર્યા વિના ભોગવે તો નારકી થાય છે. સર્વ વસ્તુ, પદાર્થ, સંપત્તિ પરમાત્માને અર્પણ કરે તો મોક્ષ મેળવે છે. સમુદ્ર, પૃથ્વી, મોલ, કણ, બીજ, દેહ, સર્વ પ્રભુએ નિર્માણ કર્યું છે. તે પ્રભુને આપવું એવું જાણીને જે સેવા-ભક્તિ કરશે તેનો હું ઉદ્ધાર કરીશ, અને મારો આશ્રય નહીં કરે તેને દંડ દેનારો પણ હું છું.

મેં યમરાજાને, દેવને અને રાજાઓને પાપી, અધર્મીઓને દંડ આપવા માટે નિર્માણ કરેલા છે. ધર્મ દંડ છે, સૂતેલાને જગાડીને ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આપે છે. હું સર્વ સૃષ્ટિઓનો શાસક અને રક્ષક છું. મનુષ્યો, પશુ-પક્ષી, જંતુ સર્વ દંડના ભયથી પોતાની સ્થિતિમાં વર્તે છે. દેવ-દૈત્યો, રુદ્ર, મહેંદ્ર, કાળ, વાયુ, કુબેર, યમ, વરુણ, રવિ, મૃત્યુ, શનિ વગેરે સર્વે પણ દંડથી નિયમમાં રહેલાં છે. માટે આ લોકમાં ધર્મ-નિયમથી રહેનારા મનુષ્યોને સ્વર્ગ સમાન સુખ મળે છે. મારી જે આજ્ઞા છે તે જ ધર્મ દંડરૂપે છે, અને ભય વિનાની છે, એમ સમજી સર્વે નરનારીઓએ ભાગવત ધર્મનું પાલન કરવું.

બ્રહ્મલોકમાં જવાનાં ચાર મુખ્ય સાધન છે. એક કથાયજ્ઞ તે ઋષિનો માર્ગ છે. બીજો જ્ઞાનયજ્ઞ તે વિદ્યાનો માર્ગ છે. ત્રીજો કર્મયજ્ઞ તે ગૃહસ્થોનો માર્ગ છે. ચોથો તપયજ્ઞ

તે સંતનો માર્ગ છે. સંતોષી છે તેને સ્વર્ગ સમાન સુખ મળે છે, અસંતોષીને સુખ મળતું નથી. તપ, યજ્ઞ, વિદ્યા, ભિક્ષા, શમ, દમ, ધ્યાન, એકાંત અને જ્ઞાન આ વિપ્રોના ધર્મ છે; તે સર્વે પ્રભુમાં અર્પણ કરવા. સંપત્તિ મેળવવી, પ્રજાનું રક્ષણ, દાન અને દંડ તે રાજાના ધર્મ છે; તે શ્રીહરિમાં અર્પણ કરવા.

વ્યાપાર, ખેતીદાન, પાલન તે વૈશ્યનો ધર્મ છે, તે મારામાં અર્પણ કરવાં. સેવા, આજ્ઞાપાલન, શેષભોજન તે શૂદ્ર ધર્મ છે, તે પણ મારામાં અર્પણ કરવાં. પતિની સેવા, વૃદ્ધની સેવા, વડીલોની સેવા, માતાપિતાની સેવા, ગુરુની સેવા, બાળકોનું રક્ષણ તે સ્ત્રીઓના ધર્મ છે. તે સર્વ ધર્મો મારામાં અર્પણ કરવાથી સર્વેનો મોક્ષ કરનારો હું છું.

દેહધારી પાપ પુણ્ય કરે છે, તે સમય આવે સુખ-દુઃખને ભોગવે છે. મંત્ર, ઔષધ, વૃષ્ટિ, વાવેલું બીજ, વૃક્ષ, સર્વે સમય આવે ફળે છે. જે મનુષ્યો પરમેશ્વરને ત્યજીને અજ્ઞાનથી લોભ- તૃષ્ણાથી વિષયના વેગમાં જાય છે, તેને દુઃખ થાય છે; પછી દુઃખમાં પ્રભુને સંભારવાથી સુખ થાય છે. સુખદુઃખ સદા રહેતાં નથી, તેથી શાશ્વત સુખની ઇચ્છા રાખી ભગવાનની ભક્તિ- સેવા કરી, પ્રભુને પ્રસન્ન કરી શાશ્વત સુખ મેળવવું જે નાશ ન પામે તે માટે શ્રીહરિનો આશરો, સંતપુરુષનું શરણ અને સેવા આ ત્રણ સાધન વિના દુઃખનો અંત આવતો નથી. પુણ્યથી સર્વે ભોગ પ્રાપ્ત થયા હોય પણ તે પરમાત્મા અને સત્પુરુષને અર્પણ ન કરે તો સર્વે નિષ્ફળ થાય છે.

✤ લ.સં. ઉપદેશ - ૮ ✤

કર્મની ગતિ વિચિત્ર છે. દરિદ્રને સંતાન ઘણાં હોય, શ્રીમંતને પુત્ર ન હોય - સર્વ કર્મ પ્રમાણે થાય છે. અસંખ્ય જન્મોમાં માતા-પિતા કર્યા, પતિ-પત્ની-સંતાનો થયા. સંસારમાં આવ્યો, ભોગ ત્યજી ચાલ્યો ગયો, તેમાં કોણ તેનું, કોણ આપણું માટે આત્માનો પરમેશ્વર વિના કોઈ સંગાથી નથી, એવું જાણી શ્રીહરિનું નામસ્મરણ કરવું. વેદ ભણીને વ્યાધિથી પરાભવ પામે, દોષને નાશ કરે, પણ મૃત્યુને ન તરી શકે. માટે શાશ્વત સુખ તો મારો આશ્રય કરી, મારી ભક્તિ કરનારાને પ્રાપ્ત થાય છે.

રાજયમાં, ઘરમાં, વાડીમાં કે વનમાં સંતવૃત્તિ કરનારો વિવેકી શાંતિ મેળવે. તૃષ્ણાતંતુ કાપે, આત્મસ્થિતિ પ્રાપ્ત કરે, આલોકને નિરસ કરે ત્યારે શાંતિ પામે છે. શબ્દને આકાશનો ભોગ માને, સ્પર્શને અગ્નિની જેમ માને, રૂપને રોગ સમાન જાણે, તે શાંતિ પ્રાપ્ત કરે છે. હું દેવ નથી, મારે ભોગ નથી, હું ભોક્તા નથી, એવો વિવેકી થાય ત્યારે શાંતિ પામે છે. નદીકાંઠે, વનમાં, દેવ-મંદિરમાં, તીર્થમાં, એકાંતમાં, વિવેકી શાંતિ

મેળવે છે. સત્પુરુષનો ગુણ લઈ સેવામાં રહેનારો, મનમાં તરંગોને ત્યજનારો શાંતિ મેળવે છે.

ખોટું બોલવું નહીં, ખોટા શપથ લેવા નહીં, માતપિતાની સેવા કરવી, ચોરી ન કરવી, પરધન ન લેવું, પરસ્ત્રી ગ્રહણ ન કરવી. પ્રજાઘાત, વિશ્વાસઘાત, ધર્મઘાત ન કરવો, ધર્મનું પાલન કરવું તેથી રાજાઓને સ્વર્ગ અને સુખની પ્રાપ્તિ થાય છે. કોઈનો દ્રોહ ન કરવો, સર્વ સાથે સરળતાથી રહેવું. સ્વાધ્યાય, તપયોગ સાધે તો વિપ્ર સ્વર્ગ મેળવે છે. ખેતી કરી, વ્યાપાર કરી, પશુપાલન કરી, ધન મેળવી યજ્ઞ-દાન કરવાથી વૈશ્યો સ્વર્ગસુખ ભોગવે છે. સેવાદાસપણું, દૂતપણું કરીને દાસવર્ગ મહાસુખ મેળવે છે. સેવાધર્મ મહાન છે, સેવાથી સર્વ વશ થાય છે, સેવાથી રાજા-ગુરુ-ગ્રહ-સિંહ વશ થાય છે, સેવાથી શત્રુ-મિત્ર સર્વે વશ થાય છે.

ત્યાગી થઈને ધર્મ બ્રહ્મચર્યનું પાલન કરે, અથવા ગૃહસ્થાશ્રમી થઈને મારા પરાયણ મારી ભક્તિ કરે તે પણ સાધુ છે. રાગદ્વેષથી રહિત થઈને મારા ધર્મનું પાલન કરે તે સાધુ મારા ધામને પામે છે. ઓછી નિદ્રા-આહાર કરનારો, કયાંય બંધન નહીં પામનારો સાધુ મને પામે છે. આત્મતૃપ્તિવાળો, બ્રહ્મસુખવાળો, સંતોષી, નિષ્કપટી, સ્વપત્નીમાં તૃપ્તિવાળો, દેવપૂજા કરનારો, ક્ષમા-દયાવાળો, દાન કરનારો એવો ગૃહસ્થાશ્રમી તે મને પામે છે. પ્રવૃત્તિવાળો કે નિવૃત્તિવાળો મારો આશ્રય કરનારો મારા યોગથી અસંખ્ય કર્મના પારને પામે છે.

✣ લ.સં. ઉપદેશ - ૯ ✣

પરમેશ્વર કૃપા કરી પૃથ્વી પર આવે છે, તે પ્રભુની આજ્ઞાનું પાલન કરવું. સર્વ અવતારોનો ધારણ કરનારો હું સ્વામી શ્રીકૃષ્ણવલ્લભ સર્વને આ લોકમાં દર્શન આપું છું. જ્યાં મારો વાસ થાય છે, ત્યાં ભૂમિ વૈકુંઠતુલ્ય થાય છે. જ્યારે રાજા ધર્મઅંશ ત્યજે ત્યારે ત્રેતાયુગ પ્રવર્તે છે, રાજા ધર્મનું અર્ધું પાલન કરે ત્યારે દ્વાપર યુગ પ્રવર્તે છે, અને રાજા ધર્મ ત્યજી અધર્મ આચરે ત્યારે કળિયુગમાં પ્રવૃત્તિ થાય છે. કળિયુગમાં પ્રજા અધર્મપરાયણ થાય, સર્વનાં મન ભિક્ષુક થાય, સર્વ વર્ણ નોકર થાય, વર્ણસંકરતા આવે, સત્કર્મો ઓછાં થાય, વેદવાર્તા સાંભળવા ન મળે, સર્વે ઋતુઓ દુઃખકારી થાય, સર્વજનો રોગી થાય, વૃષ્ટિ ઓછી થાય. માટે યુગકાળનું કારણ રાજા કહેવાય છે.

દુષ્ટનો સંગ ન કરવો, સ્ત્રીનું સેવન અતિ ન કરવું, પથ્ય ખાવું, અપથ્ય ન ખાવું, વિચાર્યા વિના દંડ ન દેવો, ગુપ્ત જાહેરાત ન કરવી, ગુરુને પૂજ્ય માનવા, દેવનું પૂજન-

ભક્તિ કરવાં, મોક્ષને માટે શાંતિને માટે સંતની સેવા કરવી, તથા ધર્મ, અર્થ, કામ, મોક્ષ તે સર્વ મારામાં અર્પણ કરવાથી આ લોકમાં સુખી થવાય છે, અને પરલોકમાં પણ સદ્‌ગતિ થાય છે. માટે સર્વ કાર્યો મારા આશ્રિતોએ, રાજા-પ્રજાએ મારા લેખે કરવા જેથી ભુક્તિ અને મુક્તિ બંને પ્રાપ્ત થાય.

ભક્તોએ ભાગવતધર્મનું પાલન કરવું તેથી સર્વ અર્થસિદ્ધિ થાય છે. કેવળ ધનપરાયણ રહેનારા, ધન-સંપત્તિને હિંસામાં વાપરનારા નાશ પામે છે. ભૂત-પ્રાણીનું રક્ષણ કરવું તે દયાધર્મ છે. ભય પામેલાનું રક્ષણ કરનારા દશ હજાર વર્ષ સ્વર્ગમાં વાસ કરે છે. દેવતા, પિતૃઓ, સંતો દાનધર્મથી જીવે છે. દાન કરવું ગૃહસ્થનો ધર્મ છે. સર્વ પ્રકારના દાન કરનારો, બીજાને સુખી કરનારો શાશ્વત સુખને પામે છે.

ધનદાન ઉત્તમ છે, તેનાથી ઉત્તમ પ્રાણદાન છે, તેનાથી પણ ઉત્તમ અભયદાન મોક્ષદાન છે; તે હું શ્રીબાલકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભ ત્રણ પ્રકારનાં દાન આપું છું, ધનદાન, પ્રાણદાન અને મોક્ષદાન. સર્વે મનુષ્યે રાગદ્વેષરૂપી પાપને ત્યજવાં જેથી મોક્ષનો ઘાત ન થાય. મોક્ષનો ઘાત થવાથી આત્મઘાત થાય છે. મોહ અને પ્રમાદનો ત્યજવાથી આલોક-પરલોકમાં સુખી રહેવાય. પૃથ્વી, જળ, તેજ, વાયુ, સૂર્ય વગેરે પાપી અને પુણ્યશાળી માટે સમાન છે. પણ દેહધારીએ પાપ-પુણ્યનો તો ભોગવવાં જ પડે છે. તેથી જ્ઞાન-મોક્ષ અને ભગવાન આપનારા ગુરુ, સંત, સાધ્વીની યથાશક્તિ જરૂર પૂજા કરવી.

મનુષ્ય-જન્મથી મોક્ષ ન મેળવ્યો તો મનુષ્ય-જન્મ શું કામનો ? બળદથી ખેતી ન થઈ, ભારવાહક થયો... શું કામનો ? દૂધ ન આપે ઈ ગાય શું કામની ? વંધ્યા પત્નીનો શું અર્થ ? રક્ષણ ન કરે તે રાજા શું કામનો ? લાકડાનો હાથી શું કામનો ? એમ આ શરીરથી, ધનથી સંતસેવા ન થઈ તો શું કામનું ? પાણી વિનાનાં વાદળાં, બાણ વિનાનો ક્ષત્રિય અને દાન-વ્રત વિનાનો ભક્ત વ્યર્થ છે, તેમ જ્ઞાન વિનાના ગુરુ પણ વ્યર્થ છે.

✣ લ.સં. ઉપદેશ - ૧૦ ✣

સંસારીઓએ વાસનાવાળા મનને જીતવું, પંચવિષય ઈન્દ્રિયોને જીતવા, પરમેશ્વરને ત્યજીને ખોટી ચિંતા ન કરવી. ભગવાનની ભક્તિ વિના વ્યર્થ દિવસ ન જવા દેવો. સંત-સેવા વિના વ્યર્થ આયુષ્ય ન જવા દેવું. મારા નામસ્મરણ, કીર્તન વિના વ્યર્થ વાણી ન બોલવી, મારા ધ્યાન વિના રાત્રિ વ્યર્થ ન જવા દેવી, મારી સેવા વિના ધન વ્યર્થ ન જવા દેવું. મારા વિના આત્મા બીજે ન જોડવો, મારી પૂજા કરી મને અર્પણ કર્યું તેનું સર્વે સાર્થક.

દ્રોહ ન કરવો, અભિમાન ન કરવું, સદ્‌ગુણ પ્રાપ્ત કરવા, તેથી મુક્તિ થાય તે મોક્ષ આપનારો હું છું. અહિંસા, સત્યવચન, શમ, દમ આ મહાતપ છે. શરીરના તપથી મનનું તપ મહાન છે, મનના તપથી પ્રભુની દાસ્યભક્તિ મહાન છે. મારી આજ્ઞામાં રહેલો દાસભક્ત દૂર હોવા છતાં મારી પાસે જ છે. મારી આજ્ઞા નહીં પાળનારો પાસે હોવા છતાં દૂર છે. તેથી મારી આજ્ઞાનું મારા ભક્તોએ પાલન કરવું; તથા ગુરુની, પિતાની, પૂજય વર્ગની, જ્ઞાનીની આજ્ઞાનું પાલન કરવું.

આલોકમાં ક્ષણેક્ષણે દુઃખ અને આપત્તિ આવે છે. સંતયોગ અજ્ઞાન અને દુઃખનો નાશ કરે છે. આપત્તિ અંદર-બહાર બે પ્રકારે છે. બહારની આપત્તિ દુઃખ, દ્રવ્ય, દાન, અન્નદાનથી ટળે છે. અંદરનું દુઃખ જ્ઞાનથી, સહન કરવાથી ટળે છે, તથા સર્વદુઃખ-નાશનું કારણ સંતના આશીર્વાદ છે. શ્રીહરિનો આશ્રય કરવાથી સર્વ સુખ મળે છે. જયાં હું છું, ત્યાં સુખ-આનંદ રહેલાં છે, જયાં પ્રભુ નથી ત્યાં દુર્ગુણ વાસ કરે છે.

રાજા-પ્રજાએ પરમેશ્વરનું પૂજન સદા કરવું. હું બંનેમાં રહેલો છું, તેથી તમો ભુક્તિ અને મુક્તિ બંને પર વિજય મેળવશો. નિર્માની, જિતેન્દ્રિય, ધીરજવાળો, ક્ષમાવાળો શાશ્વત ગતિને પામે છે. સત્યવૃત્તિવાળો, બ્રહ્મનું ચિંતન કરનારો, સંતોષી, યજ્ઞ કરનારો મારા લોકને પામે છે. મારા ભકતજનો જયાં વસે છે, ત્યાં હું ગુપ્ત રીતે તેના રક્ષણ માટે વાસ કરું છું. રાજા-શ્રીમંત પ્રજાજનોએ અનાથ, કૃપણ, વૃદ્ધ, સ્ત્રી અને સેવા કરનારા તેની અન્નવસ્ત્રથી સંભાવના કરવી.

ત્યાગી એવા સાધુની સેવાથી મોક્ષ થાય છે, માટે ધનવાન પુરુષોએ પોતાના શહેરમાં ત્યાગી-તપસ્વી સાધુઓને વાસ આપવો, તથા રાજાઓએ લોકરક્ષણ માટે સર્વદોષને નાશ કરનારા એવા સાધુને પોતાના રાજયમાં રાખવા. ધર્મનું પાલન કરનારો રાજા પણ સાધુ કહેવાય છે. અધર્મી રાજા નરકમાં જાય છે. બુદ્ધિથી સર્વ ઇચ્છાઓનો ત્યાગ કરે છે ત્યારે સુખી થાય છે. એક તૃપ્તિવાળો વનમાં આનંદથી રહે છે, બીજો અસંતોષી વનમાં દુઃખી થાય છે. તૃપ્તિવાળો આત્મામાં પ્રસન્ન રહે છે. સાધુની જેમ રહેતો સર્વ દુઃખથી રહિત થાય છે. કામ, ક્રોધ, હર્ષ, ભય અને દંભનો ત્યાગ કરી સાધુની સેવા કરી શાશ્વત સુખની પ્રાપ્તિ કરવી. માતા-પિતા, ગુરુની પૂજા કરવાથી આલોકમાં યશ મળે છે.

દશ શાસ્ત્રી કરતાં એક આચાર્ય મહાન છે. દશ આચાર્ય કરતાં એક વિદ્યા આપનારા શિક્ષક મહાન છે. દશ શિક્ષક કરતાં એક પિતા મહાન છે. દશ પિતા કરતાં એક માતા મહાન છે. માતાને પૃથ્વી સમાન કહી છે. માતા-પિતા કરતાં આત્મા-પરમાત્માનું જ્ઞાન આપનારા, મોક્ષ આપનારા ગુરુ સર્વથી મહાન છે, માટે ગુરુનું અપમાન ન કરવું, તથા માતા, પિતા, મિત્ર અને સ્ત્રીનું અપમાન ન કરવું, કારણ કે તેનું પ્રાયશ્ચિત્ત નથી.

✣ લ.સં. ઉપદેશ - ૧૧ ✣

સંસારસાગર સુખદુઃખથી ભરેલો છે, તે તરવા માટે ગુરુરૂપી વહાણની જરૂર પડે છે. અખંડ ભગવાનને ધારી રહેલાં સંતો ડૂબેલાને તારી મોક્ષ કરે છે, તેથી સંત, આચાર્ય, ગુરુ અને અતિથિને માનવા-પૂજવા. પાપીનો નિગ્રહ, સાધુનું રક્ષણ કરવાથી, ભક્તિ, સેવાયજ્ઞ, દાનથી હું વશ થાઉં છું. દુષ્ટનો સંગ ત્યજી સાધુનો સમાગમ કરવો. દુઃખમાં ભાગ લેવો એક મિત્રનું-સાધુનું લક્ષણ છે.

મનમાં જુદું, વાણીમાં જુદું, કાર્યમાં જુદું તેને દુષ્ટ સ્વભાવ જાણવો. રાગ, દ્વેષ, હર્ષ, શોકથી રહિત નિરહંકારી વિવેકવાળા થવું. સર્વ નાશવંત સ્વભાવવાળું છે, એવું જાણી સાધુ થવું. રાજા, ધનવાનો, ધન વિનાના સર્વનું જીવન ચાલે છે, એવું જાણી ચિંતા ત્યજી સુખી રહેવું. રાજાને ઉપાધિ વધારે, ધનિકને ઓછી, નિર્ધનને જરા પણ ધન સાચવવાની ચિંતા નહીં, એમ સમજે તો સુખિયો રહે. કાળ સર્વને માટે સમાન છે. એક પુરુષ અતિલોભથી ધનને પુરુષાર્થ માને છે, પણ જ્ઞાનીઓ નાશવંત ધનને નિષ્ફળ ગણે છે.

મોક્ષની ઇચ્છાવાળાએ પરમેશ્વરનું ભજન-પૂજન કરવું. સત્યવ્રત રહેવું પણ સત્ય બોલવાથી બીજાને દુઃખ થતું હોય તો સત્ય ન બોલવું. અહિંસા છે તે જ ધર્મ છે. હિંસા થતી હોય તેમાં ખોટું બોલાય તો ધર્મ છે : ચોર પુરુષ પાસે સત્ય ન બોલવું, તે ધર્મ છે. ચોરના હાથમાંથી છૂટવા ખોટા સમ લઈ છૂટી જવું તે ધર્મ છે. મરણના સંકટ સમયે અથવા વિવાહમાં ખોટું બોલાય તેનો દોષ નથી. સાધુ પાસે ખોટું ન બોલવું; તે તારનારા છે. તેની પાસે મન, વચન, કર્મથી સત્યનું આચરણ કરવું. અહિંસક, ઓછું બોલનારો, ઈર્ષ્યારહિત દુઃખને તરી જાય છે. નિર્માની, બીજાને માન આપનારો, કૃષ્ણકથા કરનારો, જિતેન્દ્રિય, અક્રોધી, તૃષ્ણારહિત તે પૂજ્ય થાય છે.

મેં સર્જેલું બ્રહ્માંડ નાશ થવાનું છે. અવિનાશી આત્મા કર્મ-ફળને ભોગવે તો આત્મામાં રહેલા પરમાત્માને ઓળખે અને નિજાનંદવાળો થાય, પછી શરીરના કર્મને ભોગવવા પરલોકમાં શાંતિ અને સુખને પામે છે. તે શાંતિ ને સુખ, પુણ્યથી, દાનથી, પરોપકારથી વૃદ્ધ અને સત્પુરુષોની સેવાથી મળે છે, તેથી ઉત્તમ વૈકુંઠ ગોલોકધામની પ્રાપ્તિ થાય છે, તેથી પણ ઉત્તમ મારા પરમધામમાં પાર્ષદોના મંડલમાં રહે છે. મારા યોગને પામે તે ધામમાં દિવ્ય સ્વરૂપે થાય છે, ગોલોકમાં હું કૃષ્ણરૂપે છું, વૈકુંઠમાં નારાયણરૂપે છું, કૈલાસમાં શંકર રૂપે છું; સર્વ રૂપે હું થયો છું, અને સર્વને સુખ આપું છું. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પંચવિષય મારે યોગે દિવ્ય થાય છે.

આ લોકમાં બીજાની નિંદા કરવી નહીં સાંભળવી નહીં, બુદ્ધિપૂર્વક ક્લેશને સહન કરવો. જેને મિત્ર અને દાસવર્ગ જ્ઞાની અને હિતવચન કહેનારો હોય તે સુખી થાય છે. સેવાધર્મ- પરાયણ રહેનારો સુખી થાય છે. શ્રીહરિને ભજતો તપમાં રહેનારો, સાત્ત્વિક ભાવથી કંદમૂળ ખાનારો, જંગલનો જોગી સદા સુખી રહે છે.

✤ લ.સં. ઉપદેશ - ૧૨ ✤

સત્પુરુષોની સેવા પુણ્ય અને મોક્ષ આપે છે. મારા આશ્રિતોએ સદા શ્રીહરિની ભક્તિ કરવી. ભૂત-પ્રાણીમાત્ર પર દયા રાખવી. બુદ્ધિથી મનનો સંયમ કરી દુઃખ સહન કરવાથી મોક્ષ થાય છે. ધર્મનું રક્ષણ કરવું, કારણ કે ધર્મ સર્વનું રક્ષણ કરે છે. સત્યધર્મ પાળવાથી માનવ દેવતુલ્ય થાય છે. સર્વનું ભરણપોષણ કરનારો હું છું, ધર્મનું મૂળ હું છું, ધર્મ સહિત મારી ભક્તિ કરવાથી જનો તરી જશે. ધર્મ, અર્થ, કામના સર્વ મનમાં રહેલાં છે, ધર્મથી શરીર બંધાયું છે, શરીર ધર્મ માટે છે, તેમાં કામના બંધન કરે છે, તેને ત્યજી સાત્ત્વિક રહીને મારી ભક્તિ કરે તો નિવૃત્ત પરાયણ થઈ મોક્ષ મેળવે છે.

ધર્મ, અર્થ, કામ જો મારા પરાયણ ન કરે તો અનર્થ થાય છે. બુદ્ધિને મોક્ષને માટે નહીં વાપરે અને માયિક પંચવિષયમાં જવા દેશે તો બુદ્ધિનો નાશ થશે. બુદ્ધિનો નાશ થવાથી મોહ, તામસભાવ, નાસ્તિકતા, દુરાચાર વગેરે દુર્ગુણોથી પ્રજા વર્ણસંકર થાય છે, તેથી સદા મારી ભક્તિ કરી, સત્પુરુષોની મન, વચન, કર્મથી સેવા કરી આશીર્વાદ મેળવવા. શીલધર્મવાળા સાધુઓ કૃષ્ણની મૂર્તિઓ જ છે. ગુરુઓ મોક્ષ આપનારા છે. મારી દીક્ષામંત્રવાળા, મારી ભક્તિ કરનારા, મહાભાગવત, શીલધર્મવાળા સાધુઓ ધામમાં મોકલનારા છે.

સંસારમાં મારો યોગ મહાપુણ્યવાળાને થાય છે, તમારી ભાવનાથી હું અહીં આવ્યો છું. મને અર્પણ કરેલું સર્વ દિવ્ય થાય છે, નિર્ગુણ થઈ મોક્ષ આપનારું થાય છે, તેથી માયિક આશાનો ત્યાગ કરી આત્મશાંતિમાં રહેનારો મોક્ષ મેળવે છે. અન્યાયથી, કામના ભોગથી મહાદુઃખ થાય છે. યોગીજનો કદાચ આકાશનો પાર પામે, પણ આશાઓનો પાર કોઈ પામી શકતું નથી. જે જીવાત્માઓ જેવા ભાવથી ભજે છે, જેવા ભાવથી શરણે આવે છે, તે ભકતના સંકલ્પ પૂર્ણ કરી સેવા આપી શ્રીહરિ તેને પ્રસન્ન રાખે છે.

સાઠ હજાર વર્ષ ગૌતમ ઋષિએ તપ કર્યું. ધર્મરાજા આવ્યા અને પૂછયું : હે ઋષિ ! તપ શાં માટે કરો છો ? ગૌતમ ઋષિ કહે : પુણ્યલોકને પામી શાંતિ મેળવવા. ધર્મરાજા કહે : હે ઋષિ !પુણ્યશાળી અને પુણ્ય વિનાના તૃષ્ણાવાળા, વાસનાની ઇચ્છાવાળા સર્વે

આ લોકમાં સમાન છે, તેથી તૃષ્ણા-આશાનો ત્યાગ કરી શાશ્વત અક્ષરધામની સુખ-શાંતિ પ્રાપ્ત કરવા આત્માનું તત્ત્વ બ્રહ્મની આશા કરવી. બ્રહ્મને જાણનારા સંતો શાશ્વત શાંતિ ભોગવે છે. ધર્મરાજાનાં વચનો સાંભળી ગૌતમ ઋષિ તપનો ત્યાગ કરી પ્રભુની ભક્તિ કરવા લાગ્યા. તેથી રાજાએ-પ્રજાએ નર-નારીઓએ મારી પૂજા, ભક્તિ, કથા, યજ્ઞ, સેવા કરી મને પ્રસન્ન કરી પરમપદને પ્રાપ્ત કરી, પરમશાંતિ મેળવવી. મહાશાંતિ મારા ધામમાં, મારી મૂર્તિમાં રહેલી છે.

✣ લ.સં. ઉપદેશ - ૧૩ ✣

પુન્ય વિના પ્રભુ મળતા નથી. ભાવના વિના સેવા થતી નથી. શ્રદ્ધા અને ભાવના વિના પ્રભુ રાજી થતા નથી. સર્વ વસ્તુ, પદાર્થ, સંપત્તિ પ્રભુને અર્પણ કરવાથી કૃપાપાત્ર થવાય છે, તેથી પ્રભુ વશ થાય છે. મારો યોગ, સેવા, ભક્તિ તે મુક્તિ આપનારા છે. સેવા, ભક્તિ, ધર્મ ભક્તનું મહાભયથી રક્ષણ કરે છે. મારી સેવામાં રહેલાને સર્વ સુખ પ્રાપ્ત થાય છે. દેવ, પિતૃ, સંત, વૃદ્ધ, તપસ્વીની સમયે સેવા કરવાથી યશકીર્તિ કલ્યાણ થાય છે.

જેને દેવમાં વિશ્વાસ છે, તેને ફળ મળે છે. તમને પરમેશ્વરમાં વિશ્વાસ હોવાથી હું તમને દર્શન દેવા અહીં આવ્યો છું. હું અંતર્યામી છું, સર્વકર્મનો સેવાફળને આપનારો છું. મારા શરણે આવનારા મુમુક્ષુઓએ વિશ્વાસની સ્થિતિ પ્રાપ્ત કરવી પછી મને વરવું પછી મને અર્પણ કરવું. મારી આજ્ઞામાં રહેવું. હું પ્રસન્ન થાઉં એવું કર્મ કરવું. મારી આજ્ઞા વિરૂદ્ધ વર્તન ન કરવું. આ છ પ્રકારે મારી શરણાગતિ લઈને મારી સેવાભક્તિ શાશ્વત સુખ અને મોક્ષને માટે કરવી.

સર્વજનોએ લોભ અને મોહનો ત્યાગ કરવો, તેનાથી કામ, ક્રોધ, તૃષ્ણા, રાગ-દ્વેષ વગેરે વધે છે. માન અને મોહ ધર્મનો, સંપત્તિનો નાશ કરે છે. જેને કલ્યાણની ઈચ્છા હોય તેણે દોષનો ત્યાગ કરવો. શરીરથી, મનથી જે માયિક પંચવિષયને ત્યજે છે, તેને આલોક-પરલોકમાં સુખ અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

દાનથી, તપથી, ઈન્દ્રિયોના નિગ્રહથી, સર્વકર્મ મારામાં અર્પણ કરી, મારી ભક્તિ કરી, સત્પુરુષોની સેવા કરી, અવ્યાકૃત, અમૃતધામ, વૈકુંઠ, ગોલોક અને મારા પરમધામને પમાય છે. સત્ય, તપ, યોગ, યજ્ઞ આ સર્વે બ્રહ્માનાં સ્વરૂપ છે. દાનથી તપ ઉત્તમ છે, તપથી અનાશન ઉત્તમ છે, તેથી સંતોષ અને સત્ય ઉત્તમ છે. સર્વ વસ્તુ-પદાર્થમાં મને જોવાથી તૃષ્ણા અને ઈચ્છાનો લય થાય છે :

લોભ, ક્રોધ, રસાસ્વાદ, માન અને ચોરી વગેરે દોષો સ્ત્રી-પુરુષોને સદા દુઃખ આપતા રહે છે. તે દોષોમાંથી અનંત દુર્ગુણો પ્રગટે છે, અને જીવાત્માને અધોગતિમાં લઈ જાય છે. માટે અવસ્થા, સંપત્તિ, વસ્તુ, કળાથી સત્પુરુષોની સેવા કરી આશીર્વાદ મેળવવાથી અને મારી ભક્તિ કરવાથી દોષથી રહિત થવાય છે. જે બીજામાં દોષ નહીં હોવા છતાં દોષ જુએ છે, અને પોતાના દોષ જોતો નથી, સ્ત્રીને છેતરે છે, તેમજ માતા-પિતાની સેવા નથી કરતો તે નિંદાપાત્ર થાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૧૪ ✣

ધર્મ માટે જીવનારા તેમજ પ્રભુપરાયણ રહેનારા તેને સાધુ જાણવા, તેનો આશ્રય કરવાથી મોક્ષ થાય છે. મારા કલ્યાણકારી ગુણે યુક્ત મારા સાધુ મારા સ્વરૂપો છે. લોભી, ધર્મભક્તિથી રહિત, આળસુ એવા પાપીજનોનો સંગ ન કરવો. પાસે વખાણ - પાછળથી નિંદા કરનારો, સ્વાર્થી એવાનો સંગ ન કરવો. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું મારી ભક્તિ કરનારા સંતો-ભક્તો સર્વદોષથી રહિત છે. તેની સેવા, દર્શન, સ્પર્શ, પ્રસાદિ સર્વ દિવ્ય છે. તેનો આશ્રય આજ્ઞાપાલનથી મોક્ષ થાય છે, એવા મારા સાધુથી પુણ્ય અને ધર્મ પણ શ્રેષ્ઠ નથી.

ધન, સ્ત્રી, પુત્ર, કુટુંબ, નાશ પામે ત્યારે અતિ દુઃખથી શોક થાય, તે દુઃખ અને શોકનો નાશ કરનાર સાધુ સમાન કોઈ નથી, માટે ભગવાન અને સંતોમાં પ્રીતિ કરવી, તેવી જગત, પદાર્થ અને કુટુંબમાં પ્રીતિ ન કરવી. અવિવેકીજનો પરમેશ્વરને ત્યજી કુટુંબમાં જ આસક્ત રહે છે, તેને દુઃખ-શોકનો અંત આવતો જ નથી.

સ્ત્રી, પુત્ર, સંપત્તિ, ખેતરવાડી, વેપારમાં મોહથી ડૂબેલા, સૂતેલાને કાળ ક્યારે લઈ જાય તે જાણી શકતા નથી. માટે તૃષ્ણા, વાસના, ઇચ્છાઓને જીતી મોક્ષમાર્ગે ચાલવું. સંત સમાગમથી મોહ, મૃત્યુને જીતી પ્રભુના મહાઆનંદ અમૃતને મેળવવું.

મનુષ્યદેહથી ભક્તિ કરી કથામાં રુચિ રાખી પ્રભુનું સુખ લેવું. જે રાગદ્વેષથી રહિત થઈ સર્વ ઇચ્છાનો ત્યાગ કરે છે, તે સર્વ સુખ પામે છે. ધનનો, ઇચ્છાનો, તૃષ્ણાનો, ભોગનો અંત આવતો નથી. દરિદ્રને ધનમાં રાગ થાય છે, ધન મળવાથી રાગ વધે છે, ધન નાશ થવાથી દુઃખ અને મૃત્યુ થાય છે.

જે રાગદ્વેષ, હર્ષશોક, હાનિ, વૃદ્ધિમાં સમાન ભાવ રાખી આત્મતૃપ્તિમાં-આનંદમાં રહે છે, જેની ઇન્દ્રિયો પંચવિષય નિયમમાં છે, તેને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. જેઓ પરમાત્માને વશ વર્તે છે, તેને કાળ, કર્મ, સ્વભાવ, માયા, સર્વે વશ રહે છે, ને સદા સુખી રહે છે.

શુદ્ધબુદ્ધિથી જનો ધનવાન થાય છે, પછી રાજા થાય છે, પછી સ્વર્ગમાં દેવોના સુખને ભોગવે છે, શુદ્ધબુદ્ધિથી ઈશ્વરભાવને પામી બ્રહ્મપણાને પણ પ્રાપ્ત કરી બ્રહ્મલોકને પામે છે. તેથી પ્રજ્ઞાબુદ્ધિથી આત્મામાં રહેલા સનાતન બ્રહ્મ અંતર્યામી પરમાત્માને જાણીને ઉપાસના- ભક્તિ કરવી. બ્રહ્મનાં દર્શન, સ્પર્શ, શ્રવણ, સેવા, ધ્યાન કરવાથી બ્રહ્મસમાન થાય છે, તેને માયિક સર્વ ઈચ્છા વિરામ પામે છે, ત્યારે સર્વ તૃષ્ણાનો લય થાય છે.

ધનવાળા, બળવાળાને પણ તૃષ્ણા દાસી થઈને બંધન કરી ક્લેશ આપે છે. દેડકો હોય કે વરાહ જંતુ હોય, મનુષ્ય શૂદ્ર હોય કે ચંડાળ હોય, ઊંચ હોય કે નીચ હોય સર્વદેહધારી શરીરમાં જ સુખ-સંતોષ માને છે. રોગી, દરિદ્ર, અપંગ તે પણ શરીરમાં જ - પંચવિષયમાં જ સુખ માને છે. પણ પ્રજ્ઞાબુદ્ધિથી ચેતન આત્માને જાણી મને પરમાત્માને ભજી મારું ધ્યાન, જપ, પૂજા કરે વૃદ્ધ માતા-પિતાની સેવા કરે, સંત-સેવા કરે તે શાશ્વત સુખ એવા પરમધામને પામે છે.

✣ લ.સં. ઉપદેશ - ૧૫ ✣

સર્વે પ્રવૃત્તિકર્મનો ત્યાગ શ્રીહરિમાં કરવો, તેથી સર્વકર્મ નિર્ગુણ થઈને મોક્ષનું કારણ બને છે. જે શ્રીહરિમાં કર્મ અર્પણ નથી કરતો, તેને રાગદ્વેષથી કર્મનું બંધન થાય છે. ઈન્દ્રિયોથી જે પંચવિષય ગ્રહણ થાય છે તેમાં પ્રીતિ ન કરવી, મનનો નિગ્રહ કરી પ્રીતિથી પરમાત્માની ધારણા કરવાથી, બ્રહ્મમાં સર્વ અર્પણ કરવાથી બ્રહ્મના શાશ્વત સુખનો અનુભવ થાય છે. બ્રહ્મવ્રતથી સર્વદોષને બાળી બુદ્ધિવાળો મુકત પરમપદને પામે છે.

મારી ભક્તિ ધર્મપરાયણ સાધુ-સાધ્વી, દેવાલય, ગુરુ, ધાર્મિક પુરુષ તેની પ્રદક્ષિણા કરવી. અતિથિને ભોજનાદિકથી તૃપ્ત કરવા. સદા એક વાર, બે વાર પ્રભુને નૈવેદ્ય કરી, ભોજન કરનારો સદા ઉપવાસી કહેલો છે. સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ ગુરુતીર્થ છે. તેથી આયુષ, યશ, સંપત્તિ અને મોક્ષને અર્થે ગુરુની સેવા કરવી. ગાય પુચ્છથી પવિત્ર છે, સાધુ સર્વાંગે પવિત્ર છે, તેથી સર્વ પ્રકારની સંતની સેવા કરવી. મારી દીક્ષા, કર્મ, ભક્તિ અને જ્ઞાનયુક્ત સંત મારા તુલ્ય છે. મારી ભક્તિ કરનારા ગૃહસ્થો પણ મારા પુત્રો છે. મારા સાધુનો સ્પર્શ કરનારા, પ્રસાદી જમનારા તે પણ મોક્ષભાગી થાય છે. સાધુએ જે વસ્તુ, પદાર્થ, વસ્ત્ર, અંગીકાર કર્યું તે સર્વ દિવ્ય થાય છે. સંત-સેવા કરનારા સદા શુદ્ધ છે. જેણે સંતસેવા, ગુરુસેવા કરી નથી, તેણે કાંઈ નથી કર્યું. સંત સેવા કરનારો સંત થઈને પરમપદને પામે છે.

જયારે વાસનાવૃત્તિનો લય થાય છે, ત્યારે શ્રીહરિ આત્મામાં દેખાય છે. યોગીઓ ધ્યાનથી પ્રભુને જોઈને સિદ્ધિને મેળવે છે. ધ્યાન અને જ્ઞાનથી તૃપ્ત થયેલા આ સંસારમાં ફરી જન્મ પામતા નથી. રાગદ્વેષથી રહિત થઈ સાત્ત્વિકપણે રહી મુક્ત સ્થિતિને પામેલા વાદવિવાદ વિના મારી ભક્તિ કરે છે, મનને સદા મારામાં રાખી માયિક પંચવિષયને ગ્રહણ કરતા નથી. ચંચળ મન વિષયમાં જાય ત્યાંથી પાછું વાળી રમણીય વસ્ત્ર-અલંકારોવાળી મારી મૂર્તિનું ધ્યાન કરે તો મન વશ થાય છે. એ રીતે ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓ મારી મૂર્તિમાં રહેવાથી મોક્ષ થાય છે. સર્વ કાર્યોમાં મને સાથે રાખવો, સેવાકાર્યો મને અર્પણ કરવા, વ્યવહારમાં જોડાવું જ નહીં તો ચિત્તવૃત્તિ મારામાં રહે. યોગીઓએ સર્વ વસ્તુઓનો ત્યાગ કરવો અથવા કોઈ વસ્તુની ઇચ્છા ન કરવી અથવા મારે અર્થે જ સર્વ ક્રિયા કરવી અને મારા નામનો જપ કરવો તો મારા લોકને પમાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૧૬ ✣

ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં ઐશ્વર્યની ઇચ્છા તે સાત્વિકી માયા છે, તે જન્મ અપાવે છે; માટે ભક્તિ, સેવા વિના બીજી ઇચ્છા ન કરવી. તૃષ્ણા અને ઇચ્છાઓ તો રાક્ષસી છે તેમાં જે રહે તેને ચિંતા પિશાચી વળગે છે. તે નરકમાં લઈ જનારી છે. માયાના બ્રહ્માંડોમાં રહેલાં લોકપાલો, દેવો, ઈશ્વરો, સિદ્ધો સર્વે દુઃખ મિશ્રિત સુખમાં હોવાથી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનના ધામના સુખ પાસે નરક જેવા છે. ગોલોક, વૈકુંઠ, અમૃત, અવ્યાકૃત વગેરે ધામો મારા યોગથી, માયાથી રહિત દિવ્ય છે. જયાં મારો યોગ સંબંધ અર્પણ ભાવ નથી ત્યાં કાળનું શાસન છે. જયાં મારો વાસ છે, ત્યાં કાળ નથી. એવું વિચારી બુદ્ધિવાળાએ મારો સંબંધ નિત્ય રાખવો તો મારા ધામને પામી દિવ્ય સુખઆનંદને ભોગવશે.

હું સર્વમાં રહેલો છું, પણ જેમ અમાસનો ચંદ્ર દેખાતો નથી તેમ અજ્ઞાનરૂપી અંધકારવાળાને હૃદયમાં હું દેખાતો નથી. જેમ પૂર્ણિમાનો ચંદ્ર પૂર્ણ પ્રકાશ કરે છે, તેમ જીવાત્મા ભક્તિથી પૂર્ણ થાય ત્યારે હૃદયમાં હું પ્રકાશ કરું છું. રાહુથી ગ્રહણ કરાયેલો ચંદ્ર જેમ પ્રકાશ કરતો નથી તેમ માયાવાળાને આત્માનો પ્રકાશ થતો નથી. અતૃપ્તને શાંતિ નથી, અશાંતને સુખ નથી, સુખશાંતિ વિના મોક્ષ નથી.

૧. પહેલુ દુઃખ વિષયોનું, ૨-ઇન્દ્રિયોનું, ૩-મનનું, ૪-વાસનાનું, ૫-કર્મનું, ૬-દુર્ગુણનું, ૭-ઘરમાં ક્લેશનું, ૮-દરિદ્રતાનું, ૯-શરીરમાં રોગનું, ૧૦-પશવસતાનું, ૧૧-અપકીર્તિનું, ૧૨-બુદ્ધિ ઓછીનું, ૧૩-અપુત્રા કુટુંબનું, ૧૪-દાસપણાનું,

૧૫-અપંગનું, ૧૬-શત્રુનું, ૧૭-શરીરનું, ૧૮-શરીરના વિકારોનું - આ સર્વ નરકરૂપ છે. જ્યાં સુધી પાપ છે, ત્યાં સુધી તૃષ્ણા ટળતી નથી. જ્યાં વિષય છે ત્યાં તૃષ્ણા છે. જ્યારે ભગવાનનો આશરો કરે છે, નામસ્મરણ ભક્તિ કરે છે, ત્યારે પાપ-તૃષ્ણા અને વિષયમાંથી વૃત્તિ તૂટે છે.

✤ લ.સં. ઉપદેશ - ૧૭ ✤

આ જીવાત્મા પંચભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પંચવિષયના સમુદાયને પોતાનું સ્વરૂપ માનીને તેમાં કર્મથી બંધાય છે, અને વારંવાર અનેક શરીરો ધારણ કરે છે. અંદર રહેલા ચેતન- આત્માને જાણે અને આત્મામાં રહેલા મને-પરમાત્માને જાણે અને મારો આશ્રય કરે તો, અગ્નિ જેમ કાષ્ઠને બાળી દે છે, તેમ હું તેના માયાના સ્વભાવ-કર્મ સર્વ નાશ કરું છું. મારા અંશ એવા સંતના યોગથી ભક્ત મારા સમાન થાય છે. વેગ વિનાનું બાણ જેમ પૃથ્વીમાં પડે છે, તેમ વાસના વિનાનો જીવાત્મા અક્ષરને પામે છે. અગ્નિથી બળેલાં બીજ જેમ ઊગતાં નથી, તેમ મારા જ્ઞાન અમૃત, અભ્યાસથી મારામાં આસક્ત થયેલા કયારે પણ માયામાં જતા નથી. પાણીનો સ્વભાવ નીચે જવામાં છે, તેમ પંચવિષયીજનો માયામાં જાય છે. બ્રહ્મને જાણનારા, તેને માયા બાધ કરતી નથી.

જે સ્નેહ સ્ત્રી, પુત્ર, ધન અને શરીરમાં છે, તે સ્નેહ મારામાં કરવો. જે તૃષ્ણા માન, યશ, ભોગ સુખમાં છે, તે તૃષ્ણા મારામાં કરવી. સર્વ કાર્યોમાં જે વેગ છે, તે વેગ મારામાં કરવો. લાભ-સંતોષમાં, સુખમાં જે તૃપ્તિ રહી છે, તે તૃપ્તિ મારામાં કરવી. વસ્તુ-પદાર્થમાં જે એકાત્મભાવ છે, તે મારામાં કરવો. જે પ્રયત્ન વિષય, ધન અને પ્રાણને માટે કરે છે, તે પ્રયત્ન મારા માટે કરવો. વાસના નર અને નારીને રજોગુણી, તમોગુણી કરીને માયાસાગરમાં ડુબાડે છે, તેથી નર હોય કે નારી તેણે રાગ રહિત થઈ વિવેક-વિચાર કરી મારી મૂર્તિમાં ચિત્તવૃત્તિનો નિરોધ કરી, તત્ત્વજ્ઞાનરૂપી અમૃતનું પાન કરી, ભક્તિરસનું પાન કરી, મારા સ્નેહ-સુધાનું પાન કરી અક્ષરપદને ગ્રહણ કરવું.

✤ લ.સં. ઉપદેશ - ૧૮ ✤

સર્વમાં શ્રેષ્ઠવ્રત બ્રહ્મચર્ય છે. બ્રહ્મચારી કાળ, કર્મ, માયાને જીતીને મારા ધામને પામે છે. તે બ્રહ્મચર્યવ્રત સિદ્ધ યોગીઓને, સતી, સાધ્વી, સાધુને સુલભ છે. વિષયીજનોને બ્રહ્મચર્યવ્રત દુર્લભ છે.બ્રહ્મચર્યનું રક્ષણ કરવાથી ઈન્દ્રિયો, અંતઃકરણની શક્તિ વધે છે. બ્રહ્મચર્યવ્રત્તમાં નિદ્રાને જીતવી. તે નિદ્રા રજોગુણ વધાવનારી છે. બ્રહ્મચર્યવ્રત તે શરીરનું તપ છે. મનમાં મારું ચિંતન તે મનનું તપ છે. મારી પ્રસાદી, ભોજન તે સર્વ પાપનાશ

કરનારું છે. વાસનાનો નાશ કરવો તે બુદ્ધિનું તપ છે. આત્મનિષ્ઠા તે ચેતનતપ છે. કેટલાક આત્માને-અક્ષરને ઉપાસે છે, તે પણ બ્રહ્મગતિને પામે છે. મારો આશ્રય કરનારા પણ પરમગતિને પામે છે. મારા અંશ સાધુનો આશ્રય કરે તોપણ પરમધામને પામે છે.

હું પરબ્રહ્મ યજ્ઞરૂપે રહેલો છું. અગ્નિ મારું મુખ છે. મારી મૂર્તિના બ્રહ્મરંધ્રમાં અક્ષરધામ છે. રોમમાં મુક્તો વસે છે. બંને ભ્રૂકુટીમાં મુક્તાનિ રહે છે. મારા મુખમાં, નેત્રમાં, ભાલમાં, કાનમાં, દાઢી-મૂછમાં સર્વ અવતારો વસે છે. ચિબુક-નાસિકામાં અવતારિણીઓ વસે છે. કંઠમાં વાસુદેવાદિ ચતુર્વ્યૂહ વસે છે. સ્કંધ-પીઠમાં મહામાયા રહેલી છે. પડખામાં મહાવિષ્ણુ, રુદ્ર, સદાશિવ, વૈરાટ વસે છે. મારા હૃદયમાં મહાલક્ષ્મી, ઈશ્વરાણીઓ, મહાદેવીઓ વગેરે શક્તિઓ રહેલી છે.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈશ્વરકોટી મારા નાભિપ્રદેશમાં રહેલા છે. ઋષિ, પિતૃઓ, સિદ્ધો મારા ઉદરમાં રહે છે. યક્ષો, રાક્ષસો, દૈત્યો, દાનવો મારા ગુમાંગ રોમમાં વસે છે. કામાદિક રાજસી દેવો ગુમાંગમાં રહે છે. ભૂત, પ્રેત, પિશાચ વગેરે કોટીઓ નિતંબમાં રહે છે. મારા સાથળ, ગોઠણમાં માનવો વસે છે. પિંડીમાં દૈત્યો વસે છે. ચરણમાં સર્પો, વૃક્ષવેલી વગેરે રહે છે. રોમમાં સર્વ પશુ-પક્ષી-કીટ વગેરે રહે છે. એવી રીતે તે મારી મૂર્તિમાં જડચેતન સર્વે સૃષ્ટિઓ વસેલી છે. મારી તૃપ્તિ-આનંદથી સર્વે આનંદવાળા છે.

મારા ભક્તોને જે જમાડશે તેને અશ્વમેધ યજ્ઞનું પુણ્ય મળશે. વિપ્રોને જમાડશે તેને વાજપેય યજ્ઞનું પુણ્ય મળશે. મારું પૂજન કરી મારા સાધુને જમાડશે તેને રાજસૂય યજ્ઞનું પુણ્ય મળશે. સતી-સાધ્વીને જમાડશે તેને અતિરાત્ર યજ્ઞનું પુણ્ય મળશે. અનાથ-દીનને જમાડશે તેને અગ્નિષ્ટોમ યજ્ઞનું પુણ્ય મળશે. બ્રહ્મપત્ની-કન્યાઓને ભોજન કરાવશે તેને ગવાયન યજ્ઞનું પુણ્ય મળશે. યતિ-સંન્યાસીને જમાડશે તેને સોમયાગ યજ્ઞનું પુણ્ય મળશે. રાધામાણિકીનાથ શ્રીકૃષ્ણનું પૂજન કરી ગોપ-ગોપીને જમાડશે તેને વિશ્વજિત યજ્ઞનું પુણ્ય મળશે. ગૌરીનાથનું પૂજન કરી માનવોને જમાડશે તેને રુદ્રયાગ યજ્ઞનું પુણ્ય મળશે. યજ્ઞસેવા કરનારાને જમાડશે તેને તે યજ્ઞનું ફળ મળશે.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અવતારી એવો હું મારું પૂજન કરી મને જમાડશે તેને સર્વયજ્ઞનું ફળ મળશે, અને તેના સર્વ સંકલ્પ પૂર્ણ થશે. સર્વવસ્તુનું દાન કરનારો સ્વર્ગ-મોક્ષ મેળવે છે. શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા દાન કરનારો અક્ષરપદ પ્રાપ્ત કરે છે. ભયથી, લોભથી, કીર્તિ માટે દાન ન કરવું, પણ પરલોક હિત માટે સુપાત્ર વિદ્યાવાળા મારા સંતભક્તોને મુક્તિ માટે દાન આપવું. પ્રભુની પ્રસન્નતા માટે દેવાલય, ધર્મશાળા, સંત

આશ્રમો વગેરે બંધાવનારાં તે સ્વર્ગને પામે છે. મારાં મંદિર બંધાવનારા મારા ધામમાં વાસ કરે છે. પ્રતિષ્ઠા કરાવનારા ઈશ્વરપદ મેળવે છે. મારી મૂર્તિપૂજા કરનારા બ્રહ્મલોકને પામે છે. પરોપકાર માટે વાવ, તળાવ, કૂવા કરનારા, વૃક્ષો વાવનારા અનંત પુણ્ય મેળવે છે, અને મારી પ્રસન્નતા માટે કરે તો ભક્તિયુક્ત થઈ મારા ધામને પામે છે.

✤ લ.સં. ઉપદેશ - ૧૯ ✤

તૃષ્ણાનો ત્યાગ કરવાથી મહાશાંતિ થાય છે. ભયત્યાગથી કર્મશાંતિ થાય, ભોગત્યાગથી વ્રત થાય, સુખત્યાગથી તપ થાય, સર્વનો ત્યાગ કરવાથી મોક્ષ થાય. માયાને ત્યજી ગુણાતીત થાય ત્યારે બ્રહ્મનો આનંદ મેળવે છે. ઈષ્ટના ત્યાગથી સાત્ત્વિકનો લય થાય છે. રાગદ્વેષના ત્યાગથી રાજસનો લય થાય છે. જડતા-અજ્ઞાનસ્વભાવના ત્યાગથી તામસનો લય થાય છે, ત્યારે સચ્ચિદાનંદરૂપે થવાય છે.

ગૃહસ્થોએ તનથી, મનથી, વાણીથી, ધનથી માતા-પિતા, ગુરુની સેવા કરવી, તે ત્રણે દેવસ્વરૂપ છે. તેની પૂજા કરવાથી આ લોકમાં-પરલોકમાં સુખી થવાય છે. તેની પ્રદક્ષિણા કરવાથી પૃથ્વીની પ્રદક્ષિણા થાય છે, તે ત્રણની સેવા કરવાથી સર્વયજ્ઞ ફળ થાય છે, તે ત્રણય તીર્થો જેને ત્યાં છે, તેને સર્વ પ્રાપ્તિ થાય છે. તૃષ્ણાવાળા, વાસનાવાળા, અસદ્ગતિમાં ગયેલા પિતૃઓનું શ્રાદ્ધ તર્પણ કરવું, તેથી પિતૃઓ વંશને આશીર્વાદ આપે છે.

જેનાથી આત્માની પુષ્ટિ થાય, જેનાથી ભવસાગર તરાય, જેનાથી મહાશાંતિ થાય, જેનાથી ચિત્તવૃત્તિ શાંત થાય, જેનાથી વાસનાનો નાશ થાય, જેનાથી આત્મામાં પ્રકાશ થાય એવા ગુરુનો આશ્રય કરવો. લૌકિક ગુરુ આલોકનાં કાર્યો સફળ થાય એવા આશીર્વાદ આપે છે. અલૌકિક ગુરુ ભગવાન આપી મોક્ષ આપે છે. માતાપિતા ગુરુ કહેવાય છે. શરીરની રક્ષા કરનારા, ભાષાજ્ઞાન આપનારા, શિક્ષા કરનારા, વિદ્યાકલા શીખવનાર તે સર્વ ગુરુ કહેવાય છે. શ્રીહરિનો મંત્ર આપી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, યોગ, સિદ્ધિ, બ્રહ્મસ્થિતિ તે પ્રાપ્ત કરાવે એવા ગુરુ અતિ શ્રેષ્ઠ છે. અંધકારરૂપી અજ્ઞાનનો નાશ કરી, જ્ઞાનરૂપી પ્રકાશ આપી, પરમાત્મા પાસે પહોંચાડનારા મોક્ષદાતા ગુરુ સર્વશ્રેષ્ઠ છે. યોગી, જ્ઞાની, બ્રહ્મચારી, વૈરાગ્યવાળા, સાધુ સ્વભાવવાળા, સર્વસ્વ આપનારા એવા ગુરુ શ્રીહરિ પોતે જ છે. તે સર્વ ઈશ્વરોના ઈશ્વર છે. અવતારોના અવતારી છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય કંભરાગોપાલપુત્ર પોતે જ સર્વ પ્રજાના ભક્તોના પરમગુરુ છે.

✣ લ.સં. ઉપદેશ - ૨૦ ✣

ધનવાનોએ પ્રભુને પ્રસન્ન કરવા, યજ્ઞો કરી સાધુ-વિપ્રોને, અનાથ બાળકોને ભોજન કરાવી દાન આપવાં. જે રાગદ્વેષ નિંદા કરતા નથી, સર્વનું હિત કરે છે, કોઈને છેતરતા નથી, તે શ્રીહરિના ધામને પામે છે. જેને કોઈ શત્રુ-મિત્ર નથી, અહં-મમતાથી પર રહે છે, સર્વદોષથી રહિત થાય છે, તે પ્રભુ પાસે પહોંચે છે. જે પરંપદને દેવો, ગાંધર્વો, પિતૃઓ પણ જાણતા નથી તે પદને નિષ્પાપ મનવાળો પામે છે.

જેનામાં ગુણનું અભિમાન નથી, સત્યવાણી બોલનારા છે, સહન કરનારા છે, જિતેન્દ્રિય છે તે આલોક-પરલોકમાં પૂજાય છે. તપ, જ્ઞાન, વિનય, તેજ, બુદ્ધિ, દુઃખ સહન કરી બીજાનું કલ્યાણ કરનારા તે આલોક-પરલોકમાં પૂજાય છે. શાંત, ઉદાર, અક્રોધ, નિર્મોહ, અનાસક્ત શ્રીહરિમાં દૃઢ ભક્તિવાળા, બીજાની ગુપ્ત વાત પ્રકાશ નહીં કરનારા, દાની તે આલોકમાં પરલોકમાં પૂજાય છે અને પરબ્રહ્મને પામે છે. શમ, દમ, તપ, ધ્યાન શબ્દબ્રહ્મથી ઊર્ધ્વગતિ અને બ્રહ્મને પામે છે. તપ-વિદ્યાયજ્ઞથી વિપ્રો, રક્ષણથી ક્ષત્રિયો, યજ્ઞ-દાનથી વૈશ્યો, સેવાથી શૂદ્રો સ્વર્ગને પામે છે. જેની કીર્તિ આલોકમાં હોય ત્યાં સુધી તે સ્વર્ગમાં વાસ કરે છે. સતી, સાધ્વી, સાધુ, અનાથ, દીનને દાન આપનારો શાશ્વત સુખને પામે છે.

શ્રીહરિની ઉપાસના-ભક્તિ સદા કરવી. સર્વ પદાર્થમાંથી વૃત્તિ પાછી વાળી ઇન્દ્રિયના આહારને નિયમમાં કરી મનને વશ કરી અહંનો લય કરે ત્યારે બુદ્ધિથી આત્મજ્ઞાન થાય છે. જ્ઞાન થવાથી શાંતિ થાય છે. જીવાત્મા પોતાના સ્વભાવથી અનેક જન્મોને ભોગવે છે, તે સ્વભાવ પાપ અને પુણ્યથી પ્રવર્તે છે. પાપ અને પુણ્યથી જ દરિદ્ર-ધનવાન થાય છે, તેમાં ભક્તિ કરી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે તો અંદર-બહાર પ્રભુનો પ્રકાશ થાય, પંચવિષયને જીતે તો ઈશ્વરભાવ પ્રાપ્ત થાય. સ્વભાવ, કર્મ, વાસના અને માયાને જીતે તો ઈશ્વરપદમાંથી અક્ષરપદમાં જાય.

તપ-ધર્મમાં રહે તો સતયુગી, યજ્ઞધર્મમાં રહે તો ત્રેતાયુગી, દાનધર્મમાં રહે તો દ્વાપરયુગી, ધર્મ પાલન ન કરે તો કળિયુગી, બ્રહ્મપરાયણ રહે તો મોક્ષસ્થિતિ, પરબ્રહ્મપરાયણ રહેતો અક્ષર-સ્થિતિ મેળવે. જીવાત્મા પોતામાં રહેલા અંતર્યામી પરમાત્માને ઓળખીને ભક્તિરૂપી ગાડામાં બેસી જાય તો અક્ષરપદમાં પહોંચી જાય. જેની આજ્ઞાથી કાળ સર્વજીવોને ભમાવે છે, એવા અંદર-બહાર, સ્થૂળ-સૂક્ષ્મરૂપે રહેલા પરમાત્માને જાણે તો દિવ્ય-અમૃત અક્ષરપદને ભોગવે. ઉદારતાથી લોભને, વિચારથી ક્રોધને, સત્ત્વભાવથી કામને આ ત્રણ જીતી સર્વે ઇન્દ્રિયોને જીતનારો, શ્રીહરિની ધ્યાન-ભક્તિથી, સત્પુરુષોના આશીર્વાદથી પ્રકૃતિ-સ્વભાવને જીતીને બ્રહ્મપણાને પામે છે.

✣ લ.સં. ઉપદેશ - ૨૧ ✣

બ્રહ્મચર્યથી ઋષિ-મુનિઓ સર્વલોકને જીતીને શાશ્વતપદને પામે છે. વનમાં રહેનારા, ફળફૂલનો આહાર કરી તપ કરનારા, દેવમંદિરમાં વાસ કરી ભક્તિ કરનારા, જીવ-પ્રાણીનું હિત કરનારા, બ્રહ્મચારીઓ, ગૃહસ્થો-સાધુઓ, શ્રીહરિએ કહેલી આજ્ઞાનું પાલન કરી ભક્તિ કરનારા, પરમગતિને પામે છે. વેદ અને ગુરુ બ્રહ્મ છે. ગુરુની સેવા કરવાથી, દાસભાવે ભક્તિ કરવાથી જીવાત્મા શ્રીહરિ પાસે બ્રહ્મલોકમાં વાસ કરે છે. ગૃહસ્થોએ પણ દેવ, ગુરુ, સાધુ, સાધ્વી, ધાર્મિક તપસ્વીઓને ભોજન આપી પછી જમવું તે નિષ્પાપ ભોજન છે.

શ્રીહરિ, દેવ, આચાર્ય, પિતા, રાજા, અતિથિ તેની પાસે વાદ-વિવાદ ન કરવો. સંબંધી, ભાઈઓ, રાજા, માતા-પિતા તેનો વિરોધ ન કરવો. વૃદ્ધ, બાળકો, દુઃખી, દુર્બળ તેનું અપમાન ન કરવું. ભાઈને પિતા સમાન માનવો. પત્ની, પુત્ર, પુત્રી પોતાનાં સ્વરૂપ છે, તેમ માની તેમનું રક્ષણ કરવું; એવી રીતે ગૃહસ્થધર્મ પાળી શ્રીહરિની ભક્તિ કરે તો બ્રહ્મગતિને પ્રાપ્ત કરે છે, અથવા સાધુ થઈ વનમાં વાસ કરી સાત્ત્વિકપણે ફળફુલ કંદમૂળનો આહાર કરી અલૌકિક બ્રહ્મપુત્ર થઈને પરબ્રહ્મમાં સંલગ્ન રહે તો મોક્ષને મેળવે છે. મનથી ઇન્દ્રિયોની વૃત્તિને રોકે છે, બુદ્ધિથી મનને નિયમમાં રાખે છે, તેને આત્મપ્રકાશ થાય છે, પછી તેને પ્રભુમાં સ્નેહ થાય છે, ત્યારે જ્ઞાની થઈને બ્રહ્મરૂપ થાય છે, અને સંસાર તરી જાય છે.

આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી, સનાતન બ્રહ્મરૂપ છે. પરબ્રહ્મથી પુષ્ટિ પામેલો તેના આનંદવાળો, રસવાળો, તેનો સરખો, તેનું સુખ લેનારો, તેમાં વાસ કરનારો છે, આવું જાણે ત્યારે પરબ્રહ્મમાં લીન થાય છે. જ્યારે સર્વમાં શ્રીહરિને જુએ છે, સર્વમાં પોતાને જુએ છે, પોતામાં સર્વને દેખે છે, ત્યારે વાસના બંધનથી મુક્ત થાય છે. જ્ઞાનથી શાંતિ થાય છે, શાંતિથી તૃપ્તિ થાય છે, તૃપ્તિથી શ્રીહરિમાં સ્થિતિ થાય છે, ત્યારે જગતના પદાર્થનો ત્યાગ કરી શ્રીહરિના શાશ્વત સુખનો અનુભવ કરે છે, તે મુક્તાત્મા થઈને માયાના સત્વ, રજ અને તમોગુણ આ ત્રણ ગુણ જીતીને અક્ષરધામને પામે છે, તેને ક્યારેય આ માયાના બ્રહ્માંડમાં આવવું પડતું નથી.

✣ લ.સં. ઉપદેશ - ૨૨ ✣

સ્થૂળ દેહમાં સૂક્ષ્મ દેહ રહ્યો છે, તેમા વાસનારૂપે કારણ શરીર-સ્વભાવ-અજ્ઞાન રહેલું છે, તેમાં જીવ રહ્યો છે, તેમાં સાક્ષી બ્રહ્મરૂપે નિર્ગુણ-નિર્લેપ પરમાત્મા રહ્યા છે, તેને જાણીને બ્રહ્મભાવે વર્તે તો પરબ્રહ્મના આનંદને ભોગવે, માટે સાધુએ જપ તપ અને

સહનશક્તિથી દેહને વશ કરી માયિક પ્રવૃત્તિથી રહિત થઈ, સેવાભક્તિથી, વિવેકજ્ઞાનથી તથા આહારને-પ્રાણને નિયમમાં કરીને સુખ દુઃખમાં સમાન રહીને, માયિક દોષોનો ત્યાગ કરી, અહંમમતાથી રહિત થઈને, સર્વાર્પણ બ્રહ્માર્પણ કરીને નિર્ગુણ સ્થિતિ પ્રાપ્ત કરવી.

જેવી રીતે અક્ષરમાં માયાની સૃષ્ટિનો પ્રવેશ નથી, તેમ બ્રહ્મનિષ્ઠ થયેલા સંતને માયા સ્પર્શ બંધન કરતી નથી, અને પોતાના આત્મામાં રહેલા પરમાત્માના સાક્ષાત્કારથી માયાના સર્વદોષ દુર્ગુણો લય પામે છે. જે રીતે જીભ મધના રસને ગ્રહણ કરી આનંદ પામે છે, તે રીતે સાધુ અંતઃકરણ અંદર રહેલા બ્રહ્મના આનંદને મેળવે છે, આવી સ્થિતિને પામેલા સાધુ નારાયણ સ્વરૂપ છે. તે નારદ, શંભુ, સનતકુમાર, શેષ, લોમશઋષિ, લક્ષ્મી, બ્રહ્મપત્નીઓ, ગરૂડ, વગેરે સર્વ નારાયણનાં સ્વરૂપો કહેવાય છે.

જીવાત્મા જયારે સાધુદીક્ષા લ્યે, ત્યારે દેહ નરનો હોય, કે નારીનો તેણે દેહના દોષોને ત્યજવા અને ગુણગ્રહણ કરવા. સવારમાં આળસ-પ્રમાદનો ત્યાગ કરીને સ્નાનથી દેહશુદ્ધિ કરી પ્રભુનું ધ્યાનભજન કરવું, નૈવેદ્ય અર્પણ કરી, આરતી સ્તુતિ કરવી, પછી ભિક્ષા માગવી અથવા પ્રભુનો થાળ કરવો. શ્રીહરિની શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસભાવ, સખાભાવ, આત્મનિવેદન આ નવ પ્રકારે ભક્તિ કરવી. વૃથાવાદ, વિવાદ કરવો નહીં. શરીર, વાણી, મનથી હિંસા-નિંદા કરવી નહીં. સર્વનું હિત અને મોક્ષ થાય માટે મારા દીક્ષામંત્રો આપવા. સત્શાસ્ત્રોનો અભ્યાસ કરવો. આશ્રિતોને મારી સ્નેહભક્તિ કરાવી મારા ધામમાં મોકલવા. સદા મારું ધ્યાન, મનન અને ઉપાસના કરવા. નારીઓને પણ જ્ઞાન અને મોક્ષ દાન આપવાં. મોક્ષમાં વિઘ્ન કરે તેવાં વ્યસનો ન કરવાં. મને પતિભાવે ભજવો. હું સર્વનો પતિ છું.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! મોક્ષનું સાધન શું ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! જે સંતો માયાના ભાવથી રહિત છે, તેના સમાગમથી - સેવાથી જીવાત્માનો મોક્ષ થાય છે. મારી સતત ભક્તિ-ઉપાસના કરનારા મોક્ષને મેળવે છે. કાળ, કર્મ, ધર્મ, માયા, જ્ઞાન સર્વે મારી શક્તિઓ છે, એમ મને જાણીને મારો આશ્રય કરે છે તે માયામાંથી મુકાય છે. શરીરથી- વાણીથી-મનથી-વસ્તુઓથી જે મનુષ્યો મને પૂજે છે તે માયામાંથી મુકાય છે. મારો સ્પર્શ, મારો રસ, મારાં કીર્તન, મને જુએ, મને સૂંઘે, મને સાંભળે, મારી પાસે આવે, સેવા કરે, મને ચિંતવે, મારું ધ્યાન કરે, મારો આનંદ લ્યે, મને આત્મામાં ધારે, મને ભેટી મને પ્રત્યક્ષને સર્વસ્વ અર્પણ કરે, આ રીતે મારા સર્વયોગથી જીવાત્મા મોક્ષમાં જાય છે. રમવું, ફરવું, આહાર, વિહાર, જાગવું, સૂવું, પ્રવૃત્તિ, નિવૃત્તિ, નૃત્ય સર્વે મારામય કરવાથી મોક્ષને મેળવે છે.

✤ લ.સં. ઉપદેશ - ૨૩ ✤

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પ્રાપ્તિ કેમ થાય ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! તે પ્રભુ અતિ સ્નેહથી, સેવાથી, દાસપણાથી મળે છે અને ભક્તને વશ થાય છે. તે ભગવાનને સર્વ અર્પણ કરવું. ઈન્દ્રિયો-અંતઃકરણથી સંભારવા, હૃદયમાં ધારવા, કામ, મોહ, મદ, ઉત્સવ, રમણ, હાસ્ય, શારીરિક ક્રિયા બધી પ્રભુમય બનાવવાથી તે બાલકૃષ્ણ પ્રગટ પ્રભુ રાજી થાય છે, તથા પ્રભુના સંતોની સેવાથી ભક્તને આશીર્વાદ મળે છે. જે રૂપમાં હરિ ન હોય તે રૂપ ન જોવું, જે ગંધમાં ભગવાન ન હોય તે ગંધ ન લેવી, જે સ્પર્શમાં કૃષ્ણ ન હોય તે સ્પર્શ ન કરવો, જે સ્વાદમાં પ્રભુ ન હોય તે સ્વાદ ન લેવો, જે આનંદમાં ભગવાન ન હોય તે આનંદ ન લેવો, આવી રીતે આત્મનિષ્ઠાવાળા થઈને અનાદિ શ્રીકૃષ્ણનારાયણની દૃઢ ભક્તિ કરે તો પ્રભુની પ્રાપ્તિ થાય.

જે બ્રહ્મપત્ની છે તે પોતાના ઈન્દ્રિયોની-અંતઃકરણની વૃત્તિ આત્મપતિ ભગવાન સન્મુખ રાખે છે, જેમ ચુંબક લોઢાને ચોંટી રહે છે, તેમ જે કેવળ માયિક પંચવિષયમાં રહે છે તે માયા સ્ત્રી જાણવી. માયિક વિકાર જેને થતા નથી, તેને યોગિની સાધ્વી જાણવી. જેના દર્શનથી માયિક વિકાર-સંકલ્પ પણ નષ્ટ થઈ જાય, તેને મુક્તાનીકા, લક્ષ્મીસ્વરૂપ, બ્રહ્મપ્રિયા, હરિપ્રિયા કહી છે, તે સ્થિતિ પ્રગટ ભગવાન પૃથ્વી પર હોય ત્યારે તેની દૃષ્ટિ કૃપાથી થાય છે. તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ બાલકૃષ્ણ પ્રભુની દાસભાવે - પતિવ્રતાભાવે ભક્તિ કરવી.

પક્ષી બે પાંખ વિના જેમ આકાશમાં ઊડી શકતું નથી, તેમ મૂર્તિમાં ચોંટવા માટે દાસપણું અને પતિવ્રતા બે પાંખો છે. તેમાં દાસપણામાં સર્વ આજ્ઞાપાલન અને પતિવ્રતાપણાની ભક્તિમાં સર્વસ્વ પ્રભુને અર્પણ કરવાનું હોય છે. દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, આત્મા, અવસ્થા મારું કાંઈ છે જ નહિ એમ માને તો દેહ સંબંધી પદાર્થમાં પોતાપણું રહે જ કયાંથી ! તે સ્થિતિ સંતના યોગથી, ગુરુના યોગથી, શ્રીહરિના યોગથી થાય છે. અનેક જન્મનાં પુણ્યભક્તિ ભેગાં થાય ત્યારે રાધા-રમા, માણિકી, પદ્મલક્ષ્મી સમાન મુક્તાની થાય છે. વૈકુંઠ, ગોલોક, અક્ષરધામની મુક્તિસ્થિતિ પ્રાપ્ત કરે છે.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણમાં અતિ સ્નેહ થવાથી પરમ શાંતિ થાય છે. જયારે પ્રભુકૃપા કરી મનુષ્યજન્મ આપે ત્યારે તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણ વિના બીજે ક્યાંય પ્રીતિ કરવી નહીં, જીવ બાંધવો નહિ. તો જેમ શેકેલું બીજ વાવે પણ ઊગે નહીં તેમ શરીરથી, ઈન્દ્રિયોથી, અંતઃકરણથી થતાં કર્મો પ્રત્યક્ષ ભગવાનને અર્પણ કરવાથી તે કર્મો, ક્રિયા,

કામકાજ, ભક્ત, આત્માને બંધન કરતાં નથી. પ્રગટ ભગવાનના પ્રસંગથી કર્મ નિર્ગુણ બની જન્મ અપાવનારાં થતાં નથી. તેની વાસના સમી જાય છે. સંકલ્પ-ઇચ્છાઓ નાશ પામે છે. વિષયો દેખાતા નથી.

✤ લ.સં. ઉપદેશ - ૨૪ ✤

વૈષ્ણવ કુટુંબમાં જેનો જન્મ થયો, તેણે તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ભક્તો તથા વૈષ્ણવ ભક્તો તેમજ સાધુ-સાધ્વીમાં હેત-ભક્તિ કરવી. શ્રીહરિ માટે લોકલજ્જાનો ત્યાગ કરી ભક્તમંડળમાં પ્રગટ ભગવાન શ્રીહરિના શ્રીકૃષ્ણવલ્લભના આ ચાર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, કથાવાર્તા, ધૂન-કીર્તન ઉત્સવ કરવા. સ્ત્રી ભક્તોએ સાધ્વી સ્ત્રી ભક્તોમાં બ્રહ્મપત્નીની ભાવના કરીને સર્વ પ્રકારે સેવા કરવાથી વૈષ્ણવી રાધા-રમાતુલ્ય થાય છે. જેના હૃદયમાં કૃષ્ણ જેવી ભાવના વૈષ્ણવી સ્ત્રી ભક્તોમાં થાય તેને શુભ-અશુભ ક્રિયા સ્પર્શતી નથી.

જેવો મોહ શરીરમાં છે, ઇન્દ્રિયોમાં છે, સ્ત્રીમાં છે, પુત્રમાં છે, પતિમાં છે, કુટુંબમાં છે, આજીવિકામાં છે, પદાર્થમાં છે, તેવો મોહ-હેત શ્રીહરિમાં નરનારીઓએ કરવાં. રસિક ભક્ત હોય તેણે ગુરુમાં, સત્પુરુષમાં, શ્રીહરિમાં રસિકભક્તિ કરવી, અનાદિ શ્રીકૃષ્ણનારાયણને ભજીને અવતાર-અવતારી જેવા, ઈશ્વર- ઈશ્વરાણી જેવા, ગોપ-ગોપી જેવા, દાસ-દાસીઓ જેવા થવાય છે. દેવલોક, બ્રહ્મલોક, સર્વેલોક, દેવીલોક, પરલોક સર્વે શ્રીહરિએ જ સુખને માટે નિર્માણ કરેલા છે, સર્વ સુખના નિધિ શ્રીહરિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પોતે જ છે તેવું જાણનારને નિર્ગુણ, નિર્વિકલ્પ, સમાધિવાળો, પરબ્રહ્મના રસાસ્વાદવાળો કહ્યો છે.

ત્યાગીએ, યોગીએ બધા ધર્મો ભગવાનમાં અર્પણ કરવા. ગૃહસ્થોના, સાધુના, દાસ-દાસીના તે સર્વે ધર્મો જ્યારે સર્વ ધર્મના આશ્રીય એવા ભગવાનનો આશરો કરે ત્યારે શોભે છે. ભોગ-વિલાસ સર્વે ભગવાનમાં, ભગવા વસ્ત્ર સર્વે ભગવાનમાં, વર્ણઆશ્રમ સર્વે અનાદિ શ્રીકૃષ્ણનારાયણમાં અર્પણ કરી શ્રદ્ધાયુક્ત થઈ ભક્તિ કરવી. પ્રત્યક્ષ પરમાત્માને ન જાણે તે નરનારી બુદ્ધિશાળી હોય તોપણ બુદ્ધિહીન છે. સર્વકર્તા-હર્તા પરમાત્મા છે, તે નિર્દોષ છે, એમ જે જાણે છે તે નિર્દોષ છે. આત્મનિષ્ઠાવાળી નારીને પુનર્જન્મ નથી. શ્રીહરિમાં પ્રીતિવાળાને મૃત્યુપાશ નથી. સંતપુરુષોના દર્શન કરનારા તેને વ્યાધિઓ આવતી નથી. ભક્તિ સેવાવાળાને જમનો ભય નરક નથી.

✣ લ.સં. ઉપદેશ - ૨૫ ✣

શરીરની સર્વે ક્રિયા જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, અંતઃકરણ વગેરેનાં જે કામ તે સર્વેને ભગવાનમય કરી દેવાં તે ક્રિયાયોગ ભક્તિયોગ થઈ જાય છે. નેત્રથી ભગવાન સંતનાં દર્શન, કાનથી કથા, નાસિકાથી ભગવાનની સુગંધ, જીભથી શ્રીહરિના તથા સંતના ગુણાનુવાદ તથા મહાપ્રસાદ, ત્વચાથી શ્રીહરિ-ભક્તોનો સ્પર્શ હાથથી સેવા, પગથી પ્રદક્ષિણા સેવા, મનથી શ્રીહરિનું મનન, ચિત્તથી અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું જ ચિંતવન, બુદ્ધિથી બાલકૃષ્ણનો જ નિશ્ચય, અહંકાર હું શ્રીહરિનો ભક્ત છું આવી રીતે ક્રિયાયોગથી ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રસન્ન થાય છે.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! આત્યંતિક કલ્યાણ કેમ થાય ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે લક્ષ્મી ! ભક્તને મોક્ષ સુલભ છે. દુર્ભાગ્યને દુર્લભ છે. સાક્ષાત્ પ્રભુના યોગથી, ભવબંધનથી છુટાય છે. સત્પુરુષનો સમાગમ, સાધુ-સાધ્વીની સેવા શ્રીહરિની પ્રાપ્તિ કરાવે છે. જેને શ્રીહરિની પ્રાપ્તિ થઈ તેને મોક્ષને માટે કાંઈ સાધન કરવું પડતું નથી. સંસારરૂપી વૃક્ષનું મૂળ વાસના છે, મમતા એ પડ છે, અહં એ અંકુર છે, શાખા એ ખેતરવાડી-ઘર છે, પાંદડાંઓ એ સ્ત્રી-પુરુષો છે, ફલ એ સુખ-દુઃખ છે, તે સંસારને મટાડવા પ્રત્યક્ષ ભગવાનનો મહિમા અને સ્વરૂપજ્ઞાન જાણવું. હું વિપ્ર નથી, મારી કોઈ જ્ઞાતિ નથી, હું આત્મા-પરમાત્માનો અંશ છું, આવું જ્યારે જાણે છે ત્યારે માયાના કાર્યથી લોપાતો નથી. જ્ઞાનરૂપી અગ્નિથી આત્મા તેજસ્વી થાય છે. અગ્નિથી જેમ લાકડાં બળી જાય છે, તેમ જ્ઞાનાગ્નિથી સર્વે કર્મો બળી જાય છે.

મારો ભક્ત મને પાપ-પુણ્ય અર્પણ કરી મોક્ષ મેળવે છે. હું બ્રહ્મ છું, પરબ્રહ્મમાં ચોંટેલો છું, આ જ્ઞાન કાયમ રહે તો સ્થૂળ-સૂક્ષ્મથી જુદો મનાય. પંચવિષય અને ઈન્દ્રિયોથી જુદો પડે તો દિવ્યતાનો અનુભવ થાય. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું તે મારી ભક્તિ, સેવા, ઉપાસના, ધ્યાન, કીર્તન, સ્તુતિ, વ્રત તે કરવાથી હું સુલભ છું, અને હું જેને સાક્ષાત્ મળ્યો તેનું આત્યંતિક કલ્યાણ થઈ ગયું, તેને તો સદા મારી મૂર્તિ સંભારી રાખવી.

મને સર્વે અવતારોનો અવતારી જાણો. સર્વે વાસુદેવનો વાસુદેવ હું છું. સર્વે શ્રીકૃષ્ણનો શ્રીકૃષ્ણ હું છું. સર્વે ભગવાનનો ભગવાન હું છું. અનંત મુક્તોનો સ્વામી હું છું. અનંત અક્ષરોનો, અનંત મહાપુરુષોનો પુરુષોત્તમ હું છું. ઈશ્વરોનો ઈશ્વર હું છું. અનંત વિભૂતિ અંશકલા આવેશ તે હું છું. સાધુ-સાધ્વીમાં ઉત્તમ હું છું. સર્વ સૃષ્ટિપાલન કરનારાનો નિયામક હું છું. સર્વે આનંદ- ઉત્સવનો ખજાનો હું છું. જે કાંઈ રમણીય દેખાય તે સર્વે હું છું, એમ તમે જાણજો.

સર્વે અમૃતનો સાગર હું છું. સર્વે આકર્ષણમાં હું છું. સર્વે તૃપ્તિનો આપનારો હું છું. સર્વે મનોરથોનો પૂરનારો હું છું. સર્વે શણગારનાં ધામ હું છું. સર્વે સ્નેહનો આપનારો હું છું. રતિકામમાં તૃપ્તિ હું છું. આત્મબળવાળાની શાંતિ હું છું. અનાથોનો નાથ હું છું. પતિમાં પતિ હું છું, સર્વે સૌભાગ્યસમૃદ્ધિનો ખજાનો હું છું. આ રીતે જડચેતનમાં જે દેખાય છે તે સર્વમાં અંતર્યામી શક્તિએ રહી સર્વેનું નિયમન કરું છું.

વિશિષ્ટ બ્રહ્માદ્વૈતની સમજણ આપું છું; સ્થૂળ માયા કાર્યરૂપે રહેલી છે; સૂક્ષ્મ માયા, ત્રણ ગુણરૂપે રહેલી છે, તે બંનેમાં વિશિષ્ટ બ્રહ્મ છે. સ્થૂળ આત્મા સર્વ કર્મફળ ભોગવનારો છે, સૂક્ષ્મ આત્મા કર્મ ભોગ રહિત છે, તે બંનેમાં વિશિષ્ટ બ્રહ્મ છે. વ્યાપક તેજરૂપે રહેલું ધામ તથા સચ્ચિદાનંદરૂપે રહેલું જે અક્ષર તેમાં જે વિશિષ્ટ બ્રહ્મ રહેલો છે તે એક છે, અને હું પોતે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છું.

હું એક જ છું, મારા જેવો બીજો કોઈ નથી. જીવ, વિશિષ્ટ ઈશ્વર, વિશિષ્ટ માયા, વિશિષ્ટ બ્રહ્મ, વિશિષ્ટ પરબ્રહ્મ તે સર્વેમાં હું એક જ રહેલો છું. તે વિશિષ્ટ બ્રહ્માદ્વૈત હું કુંકુમવાપી ધામમાં પ્રગટ થયેલો અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છું. મારા યોગથી મારા દર્શન-સેવાથી અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાં તથા દરેક શુભ-અશુભ કામમાં મારું સતત અનુસંધાન તે મારા સ્મરણયોગથી અશુભ પણ શુભ થઈ જાય છે. જેના હૃદયમાં મારું સતત સ્મરણ છે તેને હંમેશા શાંતિ, સુખ, આનંદ, લાભ, યશ, ધન બધું પ્રાપ્ત થાય છે. શૂદ્ર કે ચાંડાલને પણ મારી ભક્તિ હોય તો તેને વિપ્રથી વિશેષ જાણું છું.

✣ લ.સં. ઉપદેશ - ૨૬ ✣

હે ભક્તો ! હું તમારી ઉપર કૃપા કરીને અક્ષરધામથી અહીં માનવરૂપ ધરીને તમને સુખ, લાભ આપવા આવ્યો છું. જે શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળશે, સંભળાવશે તેનો હું ઉદ્ધાર કરીશ. કર્મફળમાં બંધનનું નિયમ છે પણ મારી કૃપાનો કોઈ નિયમ નથી. કૃપા અને પ્રસન્નતાથી જ કલ્યાણ થાય છે. શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા, સાધુ તથા પ્રતિમા આ ત્રણે મારી મૂર્તિઓ છે. ભક્તિ, ઉપાસના, દીક્ષા આ ત્રણે સ્વરૂપ મારાં છે. તે છ સ્વરૂપે હું સદા રહેલો છું. જે મને જેવી રીતે ભજે છે, તેને હું તેવી રીતે દર્શન આપું છું. જે પત્નીમાં લક્ષ્મીને દેખે છે, પતિમાં નારાયણ દેખે છે, પુત્રોમાં મારા પાર્ષદોને દેખે છે, તે ઘરને હું અક્ષર માની વાસ કરું છું. મારી આજ્ઞાથી પ્રવૃત્તિમાં હોય કે નિવૃત્તિમાં તે મારામાં જ વાસ કરે છે.

જે ગૃહસ્થના ઘરમાં પ્રભુની પૂજા થતી હોય તે નર-નારી સાધુ-સાધ્વી છે. જે રાજા-રાણી ભગવાનની, સાધુની પૂજા કરે તો તે રાજા-રાણી પણ સાધુ-સાધ્વી છે. ધનવાનો જો શ્રીહરિને સેવે તો સાધુ છે. નારાયણરૂપી ધન જેની પાસે છે તે સાધુ, શ્રીહરિ પાસે જેનું આસન તે સાધુ, શ્વાસ લેતાં ભગવાનને સંભારે તે સાધુ, દરેક ક્રિયામાં પ્રભુને પાસે રાખે તે સાધુ.

પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સર્વત્ર રહેલા છે, જે ભક્ત ભગવાનને સંભારે તેની પાસે જ છે. નર-નારી, નપુંસક ગમે તે હોય - પણ ભક્ત ભગવાનને પ્રિય છે. દેવ-દૈત્ય, રાક્ષસ, નાગ, પક્ષી, પશુ ગમે તે હોય ભક્ત પ્રભુને પ્યારો છે. આ પૃથ્વીમાં કરોડો પ્રકારનાં કામકાજ, કળાઓ છે તે સર્વે જાણે, આખા બ્રહ્માંડનું જાણે પણ જો તેને ભગવાનની ભક્તિ ન હોય, સેવારહિત હોય તો તેની ઉપર પ્રભુ પ્રસન્ન થતા નથી.

જે પૂજારી પવિત્ર રહી મંદિર સાફ રાખે ત્યાં દેવનો વાસ રહે છે. જ્યાં નિઃસ્વાર્થ ભાવે પૂજા થાય, ભક્તને શાંતિ અને સુખ થાય, જ્યાં ધૂન-કીર્તન, સત્સંગ, પૂજા, આરતી સમય પ્રમાણે થાય, રાજભોગ થાય ત્યાં દેવ વાસ કરે છે. સમય ઋતુ પ્રમાણે ફળ, મેવા, મીઠાઈ, વસ્ત્ર, વાઘા, ઘરેણાં, ફૂલ, શણગાર વગેરે થાય ત્યાં દેવો વાસ કરે છે. જ્યાં મદ્ય, માંસનાં ભોજન થતા હોય, જ્યાં વિધિનિષેધ ન હોય ત્યાં દેવો વાસ કરતા નથી. જ્યાં પવિત્રતા નથી જ્યાં સમય પ્રમાણે સેવા થતી નથી, ભગવાનના ઉપયોગી પાત્રો સાફ રહેતાં નથી, જ્યાં આદર-ભાવના-સત્કાર નથી ત્યાં દેવો વાસ કરતા નથી.

✣ લ.સં. ઉપદેશ - ૨૭ ✣

પ્રજ્ઞા પદ્માવતીએ પૂછ્યું : હે ભગવાન, ગૃહસ્થધર્મ સ્ત્રીવાળો છે, કામના દોષવાળો છે, તૃષ્ણાવાળો છે, તેનો મોક્ષ કેવી રીતે થાય ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે દેવીઓ, મારી મૂર્તિમાન શક્તિ તે રાધા, રમા, લક્ષ્મી, માણિકી, લલિતા, માધવી, કમલા વગેરે અનંત લક્ષ્મીઓ તે બધી મારી આજ્ઞામાં રહી ભક્તિ કરે છે. તેવી જ રીતે મારી આજ્ઞામાં રહીને ભક્તિ કરનારાને સંસારનું બંધન થતું નથી. મારી આજ્ઞામાં નહીં વર્તી મારી ભક્તિ ન કરે તેને સંસારનું બંધન થાય છે. આજ્ઞા છે તે નારીનો પતિવ્રતા ધર્મ છે તે બ્રહ્મલોકમાં પહોંચાડે છે, તે જ રીતે પત્નીવ્રતમાં રહેલો નર બ્રહ્મલોકને પામે છે; ધર્મવાળાં, જ્ઞાનવાળાં, ધીરજવાળાં, સંતોષી, બ્રહ્મવિદ્યાવાળાં, ઈશ્વરી આત્મશક્તિવાળાં નરનારીઓને માયાવિકારો નડતા નથી, વાસના રહેતી નથી, બંધન થતું નથી.

પ્રજ્ઞા પદ્માવતીએ પૂછયું : હે ભગવાન, શું ગૃહસ્થાશ્રમ કરતાં ત્યાગાશ્રમ શ્રેષ્ઠ છે ? ગૃહીમાં કયા દોષ છે ? ત્યાગીમાં કયા ગુણ છે ? અથવા ત્યાગીમાં શું દોષ છે ? અને ગૃહીમાં શું ગુણ છે ? જે રીતે પુરુષને સ્ત્રી બંધન કરે છે તે જ રીતે સ્ત્રીને પુરુષ બંધન કરે છે કે નહિ ? ગૃહી ત્યાગીમાં શ્રેષ્ઠ મોક્ષ કેનો કહેલો છે ?

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે દેવીઓ, તમે સારું પૂછયું, જે જાણીને મુમુક્ષુઓ મોક્ષભાગી બનશે. ગૃહસ્થાશ્રમ બોરડીના કાંટા જેવો વક્ર અને કઠિન છે. ત્યાગાશ્રમ સરળ છે. ગૃહસ્થાશ્રમ બંધન કરનારો છે. ત્યાગાશ્રમ બંધનરહિત છે.

જે ગૃહી ભગવાનની પૂજા, સાધુ-સાધ્વીની સેવા, અતિથિ-ગરીબોની સેવા, માતા-પિતાની સેવા, વૃદ્ધ-વડીલોની સેવા, અભ્યાગતોને દાન-પુણ્ય નથી કરતા, મારા ભક્ત, મારા ધર્મ સતી, બ્રાહ્મણ, ગાયને પૂજતા નથી તે સ્વાર્થપરાયણ, પરોપકાર રહિત ગૃહી હીનમાર્ગવાળા છે. જેના ઘરમાં સત્પુરુષનાં પગલાં નથી, દેવમંદિર નથી, નૈવેદ્ય થતું નથી તે ઘર નરક સમાન છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, રાગદ્વેષ આવા અનેક દોષો, રોગ, ભૂખ, તરસ, દરિદ્રતા વગેરે દુ:ખો ગૃહસ્થાશ્રમમાં રહેલાં છે, માટે ત્યાગાશ્રમ આ બધાં બંધનથી રહિત છે અને શ્રેષ્ઠ છે.

નરનારી બાળક માટે ગર્ભદાન કરે તે સાધુ-સાધ્વી કહેલાં છે. ભગવાનની ભક્તિ પરાયણ ધર્મવાળા, શાસ્ત્રની આજ્ઞા પાળનારા, સંતસમાગમ વિશેષ રાખનારા ગૃહસ્થોને મુક્ત સમાન કહેલા છે. બ્રહ્મચર્યનું પાલન કરી આત્મચિંતન, હિંસાચોરીથી રહિત, પ્રાપ્તિમાં સંતોષ, આંતર-બાહ્ય શુદ્ધિ, સર્વકર્મ બ્રહ્મને અર્પણ કરનારા, આવા અનેક સદ્ગુણવાળા ગૃહસ્થોને, નરનારીને મુક્તો કહેલાં છે. જે ઘરમાં બાળકો, અનાથ, સાધુ-સાધ્વી, અતિથિ, ગરીબો, પશુ-પક્ષીઓ આશાથી આવે છે, અને શાંતિ પામીને જાય છે તે ઘર શ્રેષ્ઠ છે.

✣ લ.સં. ઉપદેશ - ૨૮ ✣

ગૃહી એટલા માટે શ્રેષ્ઠ છે કે, નારી વંશ આપનારી છે, વંશ વધારનારી છે, સૃષ્ટિની સ્થિતિ જાળવનારી છે, માટે નારી તે નારાયણી કહેલી છે. જે ઘરમાં ભગવાન અને નારીનું સન્માન પૂજન થાય છે, ત્યાં સર્વ દેવો-સર્વ સમૃદ્ધિ વાસ કરે છે ત્યાં સંત પુરુષો અને ભગવાન કાયમ આવીને દર્શન આપે છે.

ગૃહસ્થોને જીવનમાં અર્ધું, અર્ધાનું અર્ધું, પચીસ વર્ષ અથવા બાર વર્ષ, છ વર્ષ બ્રહ્મચર્ય પાલન કરવું, અથવા એક માસ બ્રહ્મચર્ય પાલન કરવું, તે મોક્ષ આપનારું છે. ધર્મ-અધર્મ ન જાણતો હોય તેણે આજ્ઞાપરાયણ રહેવું. જે ઘરમાં દેવપૂજા, સાધુને પૂજન તથા ભોજન થાય, જેને ત્યાં બ્રહ્મકથા થાય તે ઘર મોક્ષમંદિર છે.

ત્યાગાશ્રમમાં શ્રેષ્ઠતા એ છે કે, જે કાર્ય કરે તે બધું શ્રીહરિને અર્પણ. એને પોતાનું-પારકું નથી. ચોરીનો ભય નથી. દેહમાં રોગની ચિંતા પણ નથી. બ્રહ્મધ્યાનમાં રહેનારા, ભક્તિ વિના વ્યર્થ સમય નહિ ગાળનારા, સાધુના જ કુટુંબમંડળવાળા, આવા ગુરુઓ, સાધુઓ, સાધ્વીઓ, બ્રહ્મચારીઓ, ત્યાગીઓ, સર્વેનું કલ્યાણ કરનારા છે. ભગવાનના ભજન વિના એકલો ત્યાગ શ્રેષ્ઠ નથી. ભક્તિ-ઉપાસના વિનાનો ત્યાગ પથ્થર જેવો છે. સેવા-ધ્યાન, જ્ઞાન વિના ત્યાગ અગ્નિ જેવો છે. ગુરુની આજ્ઞા વિના ત્યાગ-વૈરાગ્ય અગ્નિ જેવા છે, તે નિષ્ફળ છે. ત્યાગીને ધ્યાન ભૂષણ છે. ગૃહીને દાન ભૂષણ છે.

ગૃહસ્થોમાં લોકેષણા, પુત્રેષણા, વિતેષણા હોય તે સંસારમાં ડૂબેલો છે. સાધુએ ભગવાન વિના બીજું પ્રિય ન રાખવું. ઘર, કુટુંબ, ગામ, ધનસંપત્તિનો ત્યાગ કરીને શિષ્યોમાં, મકાનમાં, આશ્રમમાં, ધનમાં, મઠમાં બંધાયો તો તે ત્યાગી સંસારમાં ડૂબેલો છે. ભક્તજનોને ઉપદેશ આપી દ્રવ્યની અતિ ઇચ્છા રાખે તે ત્યાગી સંસારમાં ડૂબેલો છે. ત્યાગી થઈ સ્વાર્થવૃત્તિથી ગૃહસ્થોની સેવા કરે તે ત્યાગી સંસારમાં ડૂબેલો છે. આશ્રમ, મઠ, મંદિર, ધન, સમૃદ્ધિ, વાહનો, વાડી, ખેતર હોવા છતાં ભગવાન વિના મારું કાંઈ નથી એમ માનનારો ત્યાગી સંસારમાં ક્યારેય ડૂબતો નથી. આવા બ્રહ્મનિષ્ઠ ત્યાગીને મારી આજ્ઞામાં રહેનારને સંસાર બાધ કરતો નથી.

દેવતાઓ, ઈશ્વરો, અવતારો, મુક્તો, બ્રહ્મસ્થિતિવાળાઓ, સાધુઓ, સાધ્વીઓ, સતીઓ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું મારી આજ્ઞામાં રહેતા તેઓની ભોગસંપત્તિ નિર્ગુણ થાય છે. જે રીતે શ્રીહરિ નિર્ગુણ છે, તે જ રીતે શ્રીહરિની આજ્ઞામાં રહેનારા સંતો પણ નિર્ગુણ જ છે. નારી પુરુષને મોક્ષમાં વિઘ્ન કરનારી હોય તો તે બંધન કરે. પુરુષ નારીને મોક્ષમાં વિઘ્ન કરે તો તે બંધન કરનારો છે. પતિવ્રતા સ્ત્રી અને પત્નીવ્રત પુરુષને સંસારનું બંધન થતું નથી. શાસ્ત્ર, સંત, ગુરુ અને શ્રીહરિની અતિ સેવા થાય તો મોક્ષમાં કાંઈ કરવું બાકી રહે નહીં.

✣ લ.સં. ઉપદેશ - ૨૯ ✣

પ્રજ્ઞા પદ્માવતીએ પૂછ્યુ : હે ભગવાન, જે સત્સંગ, તીર્થ, વ્રત, નિયમ, સાધુ, બ્રહ્મભોજન કાંઈ ન કરતો હોય તેનો ઉદ્ધાર કેમ થાય ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે દેવી, જે ગૌદાન કરે તેણે સર્વદાન કર્યાં. ગૌદાન યમદૂતના ભયથી રક્ષણ કરે છે. પિતૃનો ઉદ્ધાર કરે છે, વંશ વધારે છે, સ્વર્ગ આપે છે, સંપત્તિ અને મોક્ષ આપે છે. ગૌદાન કર્યું તેણે પૃથ્વીનું અને લક્ષ્મી સર્વેનું દાન કર્યું છે. ગાયમાં સર્વ દેવો વાસ કરે છે, તેથી ગાયનું વિધિપૂર્વક પૂજન કરી મંદિરમાં ગુરુને, સાધુના આશ્રમમાં દાન કરવાથી સર્વ પુરુષાર્થની સિદ્ધિ થાય છે.

ગૌદાન કરવા અસમર્થ હોય તેણે શું કરવું ? ગૌદાન કરવા અસમર્થ હોય તેણે શરીરથી, વાણીથી સત્પુરુષની સેવા કરવી. દર્શન, સ્પર્શ, શરીર દાબવું, દાસપણું, નમસ્કાર, પ્રદક્ષિણા, દંડવત્, વખાણ, સ્તુતિ કથા-શ્રવણ, પ્રસાદ, સુગંધ, સાધુને ભેટવું, વાહનમાં ફેરવવા, સ્નાન કરાવવા, વસ્ત્રો ધોવાં, પધરામણી, પૂજન, ભોજન, રસકસ આપવા. અન્ન, વસ્ત્ર, ફળ, ફૂલ, શાકભાજી, ઔષધ, લાકડાં, પાણી જે કોઈ વસ્તુ સંતને આપી તે બધું સત્સંગ કરવા બરોબર થાય છે. તેથી શ્રીહરિ પ્રસન્ન થાય છે.

સાધુની બધી સેવા પવિત્ર છે. સાધુના દાંત, નખ, કેશ બધાં પાપને નાશ કરે છે. સંત સમાગમ આધિ, વ્યાધિ, ઉપાધિનો નાશ કરે છે. સાધુમાં સ્નેહ બ્રહ્મલાભ આપનારો છે. સાધુનું શરીર પવિત્ર છે. સાધુની શિખામાં ગોલોકની વીરજા નદી રહેલી છે. બ્રહ્મરંધ્રમાં બ્રહ્મધરો છે. લલાટમાં વૈકુંઠ, ભાલ મધ્યે શ્રીપુર, પાંપણોમાં અમૃતધામ અવ્યાકૃતધામ, કાનમાં મહાવિષ્ણુ વૈરાટ, નેત્રમાં સૂર્ય-ચંદ્ર, નાસિકામાં મરુતદેવો, હોઠમાં અમૃત, જીભમાં વેદ, મુખમાં સરસ્વતી, રૂપમાં લક્ષ્મી, કંઠમાં બ્રહ્મવિદ્યા, હૃદયમાં બ્રહ્મ, આત્મામાં હું પરબ્રહ્મ રહ્યો છું.

છાતીમાં ધર્મ, પીઠમાં પિતૃ, પડખામાં બ્રહ્મ રુદ્ર, ઉદરમાં અન્નપૂર્ણા, નાભિમાં સ્વર્ગ, જાંઘમાં ગણેશ, ગુપ્તાંગમાં ઐશ્વર્ય, કેડ્યમાં પૃથ્વી, નિતંબમાં અસ્ત-ઉદય, ભુજામાં દિશાદેવ, નખમાં નક્ષત્ર, સંતશરીરના રોમમાં સર્વતીર્થો વાસ કરે છે. સાધુની અનુવૃત્તિમાં કલ્પવૃક્ષ, કામદુધા ચિંતામણિ સર્વ રહેલાં છે. સાથળમાં શીલાદ પ્રહ્લાદ, ગોઠણમાં બલિ-વામન, પિંડીમાં નાગલોક, ચરણમાં શેષ કશ્યપ રહેલા છે. સંતમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ હું રહેલો છું, તેથી જે વસ્તુ સંતને અર્પણ કરી તે પુરુષોત્તમ નારાયણને અર્પણ થઈ ગઈ.

✣ લ.સં. ઉપદેશ - ૩૦ ✣

પરમધામમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એક મુક્ત એક ભગવાન એ રીતે રહે છે. એ રીતે અસંખ્ય મુક્તો સાથે મુક્તિ પણ અસંખ્ય, તેમાં શ્રીહરિની મૂર્તિમાં સૃષ્ટિ તે શ્રેષ્ઠ તાદાત્મ્ય સૃષ્ટિ, બીજી પરમધામમાં રહસ્ય મુક્તોની સૃષ્ટિ, ત્રીજી પરમધામમાં મહામુક્તોની સૃષ્ટિ, ચોથી પરમધામમાં આઠગઢમાં રહેલી મુક્તોની સૃષ્ટિ, પાંચમી અક્ષરમાં અક્ષરમુક્તોની સૃષ્ટિ, છઠ્ઠી અવતારોની ધામમયી સૃષ્ટિ, સાતમી ઈશ્વરોની સત્ત્વમયી સૃષ્ટિ, આઠમી ત્રિગુણી માયામયી સૃષ્ટિ, નવમી બ્રહ્મા-વિષ્ણુ-શંકરની સૃષ્ટિ, દસમી સિદ્ધકોટીની સાધુમયી સૃષ્ટિ, અગિયારમી પિતૃઓની સૃષ્ટિ, બારમી સ્વર્ગના દેવોની સૃષ્ટિ, તેરમી ઋષિ-માનવોની સૃષ્ટિ, ચૌદમી પશુ-પક્ષીની સૃષ્ટિ, પંદરમી વૃક્ષ-વેલીની સૃષ્ટિ, સોળમી ગુણધર્મની સૃષ્ટિ - આ સર્વ સૃષ્ટિના પ્રેરક સર્વના નિયંતા અંતર્યામી અન્વયવ્યતિરેકપણે રહેલાં, સર્વસાક્ષી મોક્ષ આપનારા, ભક્તને સુખ આપનારા, ધર્મસ્થાપન માટે અવતાર ધારણ કરનારા એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણને જાણે ત્યારે જીવાત્મા જગતથી વૈરાગ્ય પામી પરમપદને પામે.

ધર્મવાળા સાધુને, વિદ્યાવાળા મહાત્માને, બ્રહ્મવેત્તા ગુરુને, ભક્તને દાન આપવું. હરિકૃષ્ણ ભગવાનની પત્નીઓ, સતી, સાધ્વીઓને દાન આપવું. પત્ની, બહેન, પુત્ર, ભાણેજ તે પણ દાનપાત્ર છે. ગુરુપત્ની, ગુરુપુત્ર તથા શિષ્યને દાન આપવું. પ્રત્યક્ષ ભગવાનને અપાયેલું દાન અક્ષયફળ આપે છે. દેવનો પૂજારી, વિદ્યા ભણાવનાર, રક્ષણ કરનાર તે સર્વે દાનપાત્ર છે. નિંદા કરનાર દંભી, ચોરને દાન ન આપવું. હિંસા કરનાર કૃતઘ્ની, મૂર્ખ અને ઈર્ષાવાળાને આપેલાં દાન નિષ્ફળ થાય છે. બીજાને દુઃખ દેનાર નાસ્તિક, કપટી, પાખંડી, સઠ, ખળ, અધર્મી વગેરેને દાન આપવાથી તે નિષ્ફળ થાય છે.

જે સ્નાન, દાન, જપ, હોમ, ધ્યાન, પૂજાથી રહિત હોય તેના ઘરમાં અધર્મનો નિવાસ થાય છે. જે બીજાની ઉન્નતિ-ભાગ્યને નથી જોઈ શકતો તેના ઘરમાં દરિદ્રતાનો વાસ થાય છે. જ્યાં માતા-પિતા, ગુરુ, બ્રાહ્મણ, અતિથિ, દેવ વગેરેની સેવા ન થતી હોય, જ્યાં સ્ત્રીઓની નિંદા થતી હોય, વૃદ્ધોનું અપમાન થતું હોય, જ્યાં ડુંગળી વગેરે દુર્ગંધવાળાં ભોજન થતાં હોય, જ્યાં મૈથુન પછી સ્નાનશુદ્ધિ ન થતી હોય, જ્યાં મદ્ય-માંસના ભોજન થતાં હોય, જ્યાં નાટક ભાંડભવાઈ થતા હોય, જ્યાં વેશ્યામાં પ્રીતિવાળા મનુષ્યો હોય ત્યાં અધર્મ વાસ કરે છે.

તે અધર્મ ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી અને પડવાને દિવસે ફરવા નીકળે છે. જ્યાં ડેલીએ, દરવાજે, ચોકમાં દીવો ન હોય; રંગોળી સ્વસ્તિક પૂર્યા ન હોય, સ્વચ્છતા

ન હોય ત્યાં અધર્મ વાસ કરે છે. જ્યાં પતિવ્રતા નારી હોય, પત્નીવ્રત નર હોય, વૈષ્ણવ ભક્તો હોય, જ્યાં લક્ષ્મીપૂજન, ગણેશપૂજન થતું હોય ત્યાં ક્યારેય પણ અધર્મ વાસ કરતો નથી.

✣ લ.સં. ઉપદેશ - ૩૧ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! પરમાત્માને વિષે જે પતિવ્રતાની ભક્તિ કરવી તે શ્રીકૃષ્ણે શંકરને કહી, શંકરે નારદને કહી, તે ભક્તિ હું કહું છું. જે સ્ત્રી શ્રીહરિને પતિભાવે ભજે છે, તે પોતાની એકવીસ પેઢીને તારે છે. જે સ્ત્રી શ્રીહરિને ભજે છે તેનાં માતા-પિતા, ભાઈ, પતિ, કુટુંબ સર્વ ધન્યવાદને પાત્ર છે. અનેક જન્મમાં કરેલાં પાપો પતિવ્રતાના પ્રભાવથી નષ્ટ થાય છે. સર્વે દેહધારીઓના રક્ષક, પોષક, પાલક એક પતિ પરમેશ્વર જ છે.

તરસ્યા જેમ પાણીને સંભારે, ઠંડીથી ધ્રૂજતા એક અગ્નિને સંભારે, દૂર રહેલો જેમ ઘર સંભારે, ચાતક જેમ મેઘને ઇચ્છે, ઋષિઓ જેમ મનમાં શ્રીહરિને સંભારે, હંસ જેમ માન સરોવરમાં જાય, બ્રહ્મને જાણનારા જેમ બ્રહ્મવિદ્યાની ઇચ્છા રાખે, ભક્તિની ઇચ્છા એક ભક્ત રાખે, વ્યસની વ્યસનમાં ચોંટે, અજ્ઞાની શરીરમાં આસક્ત રહે, ભમરા જેમ પુષ્પને ઇચ્છે, પક્ષી જેમ સૂર્યને સંભારે તેમ ભક્તોએ હંમેશા શ્રીહરિને સંભારવા.

શ્રીહરિની ભક્તિ વિના સર્વ નાશવંત છે. ઇન્દ્રાદિ દેવો સ્વર્ગમાં અમૃત પીવા છતાં ભક્તિ વિના દુઃખી છે. માટે સર્વેના પતિ એવા ભગવાનને પ્રાપ્ત કરવા જેથી જરાય દુઃખ ન રહે. સર્પને પાયેલું દૂધ જેમ ઝેર બને છે, તેમ ભક્તિ વિનાના મનુષ્યોને ઉપદેશ પણ ઝેર જેવો લાગે છે. જે નરનારી નવધા ભક્તિથી શ્રીહરિમાં સ્નેહ કરે છે, તેવા ભક્તોને જગતના કોઈ પણ પદાર્થ, સંપત્તિ, વસ્તુ, દેહ, કુટુંબ, સંસારમાં પ્રીતિ થતી જ નથી. એવા ભક્તો દેહ મૂકી પરમધામમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના શાશ્વત સુખને ભોગવે છે.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! બ્રહ્મપતિ, મુક્તપતિ, સર્વપતિ, આત્મપતિ એવા અંતર્યામી અનાદિ શ્રીકૃષ્ણનારાયણને જ્યાં સુધી જીવાત્મા પતિરૂપે જાણતો નથી ત્યાં સુધી સુખશાંતિ અને અલૌકિક આનંદને પ્રાપ્ત કરતો નથી. સ્વર્ગ, મૃત્યુ, પાતાલ વગેરે ચૌદલોકનાં સુખ તથા ઇન્દ્ર, બ્રહ્મા, વૈરાટનાં સર્વે સુખો અનિત્ય અને નાશવંત છે. શાશ્વતસુખ કૃષ્ણપતિ વિના મળતું નથી. બ્રહ્માદિ દેવોને સ્વપ્નમાં દુર્લભ જે કૃષ્ણ તે કૃષ્ણ ગોપગોપીઓને સુલભ થયા. બીજાએ મુક્તિ ન મેળવી તે કુબજાએ મેળવી. ગોપને

વશ રહેલી ગોપીઓ કૃષ્ણની ભક્તિથી તરી ગઈ. પુત્રમાં વંશ છે, બીજમાં વૃક્ષ રહેલું છે, શરીરમાં કામ રહેલો છે, તેમ પતિ-પત્નીમાં આનંદ આપનારા શ્રીહરિ રહ્યા છે, તેને જાણવાથી સંસારમાં નિર્લેપ રહેવાય છે. જેમ લાકડામાંથી બનાવેલું વહાણ તરે છે, તેમ સતી સ્ત્રી કૃષ્ણભક્તિથી પતિને તારે છે. જે પતિવ્રતા સ્ત્રી પતિની સેવા પ્રભુની સેવા છે એમ માની સેવા કરે છે, તે રાધાલક્ષ્મી સમાન છે.

સ્ત્રીઓ સદાને માટે પવિત્ર છે, તે ક્યારેય દૂષિત થતી નથી. પૂર્વે ચંદ્ર, ગાંધર્વ, અગ્નિ વગેરે દેવોએ સ્ત્રીઓને ગ્રહણ કરી છે, પછી મનુષ્યોએ ગ્રહણ કરી તેથી સ્ત્રી પવિત્ર જ છે. અગ્નિ સ્વભાવથી પવિત્ર છે, તે રીતે વંશ વધારનારી બ્રહ્માએ નિર્માણ કરેલી નારી સદા પવિત્ર છે. તેથી આપત્કાળે, બળાત્કારે, ચોર વગેરેથી ભોગવાયેલી નારીનો ત્યાગ ન કરવો. ભાગ્યને ઇચ્છતા પુરુષોએ અન્ન, વસ્ત્ર, આભૂષણોથી નારીનો સત્કાર કરવો, જેથી દેવો પ્રસન્ન રહે છે. જે ઘરમાં પતિથી પત્ની સંતોષ પામે છે, પત્નીથી પતિ સંતોષ પામે છે, તે ઘરમાં પગલે પગલે કલ્યાણ રહેલું છે. અશ્વ મુખથી પવિત્ર છે. ગાય પુચ્છથી પવિત્ર છે. સાધુઓ ભગવા વસ્ત્રથી પવિત્ર છે. સ્નાનમાં દૂધ સદા પવિત્ર છે. સ્ત્રીઓ રજસ્વલાથી પવિત્ર છે.

✣ લ.સં. ઉપદેશ - ૩૨ ✣

મોક્ષ આપનાર અડસઠ તીર્થો છે, તથા નાનામોટા તેત્રીસ કરોડ તીર્થો થયેલા છે, તે સર્વે તારનારાં છે. દેવો, ઋષિ-મુનિઓ, સતી, સાધ્વીઓ, શુદ્ધ પુરુષો, પરમહંસો, સાંખ્યયોગી જ્યાં વસે છે, તે સર્વે તીર્થો થાય છે. માતા-પિતા, પતિવ્રતા, ગાય આ સર્વે તિર્થો કહેવાય છે. તથા ગુરુતીર્થ, હરિતીર્થ, જ્ઞાનતીર્થ, ભક્તિતીર્થ, હાસ્યતીર્થ, સેવાતીર્થ સર્વેમાં ઉત્તમ છે; તથા ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમઃ એ મંત્ર પણ તીર્થ છે. સર્વાર્પણ તીર્થ મહાન છે. કીર્તન તીર્થ જેથી પ્રભુ પ્રસન્ન થાય છે, કામતીર્થ ગોપીઓનું જેથી શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા, એવી રીતે સર્વ તીર્થો મોક્ષ આપનારાં છે.

સંસારમાં મોક્ષ અપાવનારાં સાધન છે તે કહું છું. સર્વ ક્રિયામાં શ્રીહરિનું સ્મરણ કરવું. પ્રભુની પૂજા કરવી. લક્ષ્મી, સરસ્વતી, ગંગા, તુલસી, દુર્ગા, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ, ગુરુ, વિપ્ર, સંત, સૂર્ય, અતિથિ વગેરેની પૂજા કરવી. માતા-પિતાને તીર્થતુલ્ય માનવાં. સૂર્ય, ચંદ્ર ઉદય-અસ્ત સમયે જોવા નહીં. મળ-મૂત્ર જોવા નહીં. પાણીમાં સૂર્ય-ચંદ્ર જોવા નહીં. પાપી પુરુષોની સાથે ચાલવું નહીં. સંત, વિપ્ર, સતી, ગાય તેની નિંદા ન કરવી. દેવ-ગુરુનું દ્રવ્ય લેવું નહીં, તેથી સર્વ નાશ થાય છે. દેવ-ગુરુને ન નમે તો પાપનો ભાગીદાર થાય.

જે સ્ત્રી પતિની સેવા નથી કરતી તે કુંભી પાકમાં પડે છે. જીવાત્મા વાણીના તિરસ્કારથી કાગડો થાય છે. હિંસા કરવાથી ભૂંડ થાય છે. ક્રોધથી સર્પ, ગર્વથી ગધેડાના જન્મને પામે છે. શિવ-પાર્વતી, ગણેશ, સૂર્ય, વિષ્ણુ, માતા-પિતા, બહેન, પતિ-પત્ની, સતી, ગુરુ, કન્યા તેની નિંદા કરવાથી નરકમાં જાય છે. પ્રભુનો પ્રસાદ જમનારો વૈકુંઠમાં વાસ કરે છે. શિવલિંગ, શાલિગ્રામ, પ્રભુની પ્રતિમા તેને જ્યાં-ત્યાં અપવિત્ર જગ્યામાં મૂકે તો પ્રજાહીન, દરિદ્ર, રોગી, અંધ, અપંગના જન્મને પામે છે.

✣ લ.સં. ઉપદેશ - 33 ✣

સારું સ્વપ્ન રાત્રિના પ્રથમ પ્રહરમાં આવે તો એક વર્ષમાં ફળ મળે છે. બીજા પ્રહરમાં સ્વપ્ન આવે તો આઠ માસે, ત્રીજા પ્રહરમાં સ્વપ્ન આવે તો ત્રણ માસે, સવારે સ્વપ્ન આવે તો તેનું ફળ તરત જ મળે છે. દિવસે સ્વપ્નનું ફળ નિષ્ફળ છે. સ્વપ્ન થાય પછી જાગીને સૂવું નહીં. સ્વપ્નની વાત રાત્રે કોઈને કરવી નહીં. સ્વપ્નમાં ઘોડા, હાથી પર બેસવું, મહેલ, પર્વત, વૃક્ષ પર ચડવું તે દર્શન ધન આપનારું થાય છે.

સ્વપ્નમાં ભોજન, સંગીત, વાડી દેખાય તો ભૂમિ મળે. સ્વપ્નમાં નગરપ્રવેશ, સમુદ્રમાં પ્રવેશ, અમૃત આવે તો ધનલાભ થાય. સ્વપ્નમાં હાથી, પોઠિયો, ગાય, રાજા, સોનું, દીપ, અન્ન, ફળફૂલ, કન્યા, છત્ર, રથ દેખે તો કુટુંબમાં કીર્તિ મેળવે. સ્વપ્નમાં કમળપત્રમાં દૂધપાક, મિષ્ટાન્ન, ઘી, દૂધ, મધ ખાતા દેખે તો રાજા થાય. ઘોડી, કૂકડી, સમડીને દેખે તો પત્ની લાભ થાય. જેલમાં બંધાયેલો દેખે તો પુત્રલાભ થાય. પાણીમાં વીંછી, સર્પને જુએ તો ધન-પુત્રલાભ થાય. માથા પર મુગટ દેખે તો પ્રધાન થાય.

દેવ, વિપ્ર, ગાય, માતા, પિતા, સાધુ, ગુરુ, પતિ-પત્ની, કન્યા, પતિવ્રતા, રાજા સ્વપ્નમાં જે આવે તે વસ્તુ પ્રાપ્ત થાય છે. હાથી સૂંઢ મસ્તક પર મૂકે તો આચાર્ય અથવા ગુરુ થાય. આઠ વર્ષની કુમારી રત્ન-અલંકારોથી શોભતી સ્વપ્નમાં પુસ્તક આપે તો કવિ-પંડિત થાય. સ્વપ્નમાં મુક્તો-મુક્તાણી, દેવ, ઈશ્વરોનાં દર્શન થાય તો મોક્ષમાં જાય.

સ્વપ્નમાં હસે, વિવાહ જુએ, નૃત્યગીત દેખે તેને ધનહાનિ થાય. શરીરની પીડા આવે, સ્વપ્નમાં કન્યા ઘડો લઈને ઘરમાં નીકળે, સ્ત્રી ક્રોધયુક્ત ઘર બહાર જાય તો લક્ષ્મી નાશ થાય. શરીરે તેલ ચોપડી, ગધેડા, ઊંટ, પાડા પર બેસી દક્ષિણ દિશામાં જતો સ્વપ્નમાં જુઓ તો મરણ થાય. સ્વપ્નમાં તેલ, મીઠું દેખે તો લક્ષ્મી નાશ થાય. સ્વપ્નમાં કાળી, નાક કપાયેલી વિધવા ભિક્ષાપાત્ર લીધેલી દેખે તો દુઃખ આવે. ગાતી, હસતી, કાળા વસ્ત્રવાળી વિધવા દેખાય તો મૃત્યુ થાય. મરેલો વાછડો, મનુષ્ય-મૃગની ખોપરી

સ્વપ્નમાં દેખે તો વિપત્તિ આવે. લાલ માળા, લાલ વસ્ત્રો, લાલ લેપથી કોઈ સ્વપ્નમાં ઢાંકે તો દુઃખ આવે.

સ્વપ્નમાં સ્મશાન, સૂકું લાકડું, લોહું, અશ્વ દેખે તો દુઃખ આવે. પાદુકા, પાટિયું, અડદ, મગ દેખે તો ઘાયલ થાય. સ્વપ્નમાં વાનર, પર્વત, રીંછ, શિયાળ દેખે તો વ્યાધિ થાય. ફૂટેલો ઘડો, શૂદ્ર, રોગી, લાલ વસ્ત્રવાળો, જટાવાળો, ભૂંડ અને પાડો દેખાય તો ભય આવે. સ્વપ્નમાં યમદૂતો, ફાટેલ વસ્ત્રવાળો મ્લેચ્છ, શસ્ત્ર દેખાય તો મૃત્યુ થાય.

સ્વપ્નમાં પોતાનું શબ દેખાય, દાંત પડતા, કેશ ખરતા દેખાય તો મૃત્યુ થાય. સ્વપ્નમાં વૃક્ષથી, પર્વતથી, રથથી, મહેલથી, હાથીથી, અશ્વથી પડતો દેખે તો વિપત્તિ આવે. સ્વપ્નમાં બળથી-ક્રોધથી પકડે, છત્ર પાઘડી, લઈ લે તેના ગુરુ પિતા અથવા રાજા દેહ મૂકે છે. જેના ઘરમાંથી ગાય વાછરડા સહિત ભય પામી ભાગે તેની સંપત્તિ નાશ પામે છે. જ્યોતિષી, બ્રાહ્મણ, સતી, સાધુ, ગુરુ ક્રોધ પામી શાપ આપે તેને દુઃખ આવે છે.

આવાં દુષ્ટ સ્વપ્ન આવે ત્યારે ગાયત્રીના હજાર પાઠ કરવાથી અથવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણના જાપ કરવાથી અનિષ્ટ ન થાય. તથા વિષ્ણુ, નારાયણ, કૃષ્ણ, રામ, શ્રીહરિ, શિવ, લક્ષ્મી, રાધિકા, જાનકી, જયા, પ્રભા, પાર્વતી - આ બાર નામ જપ કરવાથી દુષ્ટ સ્વપ્ન સારું ફળ આપનારું થાય છે. ૐ હ્રીં શ્રીં કલીં દુઃખ હંત્રૈ દુર્ગાયતે નમઃ - આ મંત્ર દસ વાર જપવાથી દુષ્ટ સ્વપ્ન સારું ફળ આપે છે. સ્વપ્નની વાત ભક્ત, ગુરુદેવ, પવિત્ર બ્રાહ્મણ, જ્ઞાનીને કહેવાથી સારુ ફળ આપે છે.

✣ લ.સં. ઉપદેશ - ૩૪ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! મોક્ષ થાય તે માટે ગૃહસ્થોને કેવા વ્રતો કરવાં ? કેવાં કર્મો કરવાં ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! શરીરથી, વાણીથી, મનથી, કોઈની હત્યા ન કરવી. તે સર્વથી શ્રેષ્ઠ વ્રત પુણ્ય આપનારું છે, તથા સર્વના આશીર્વાદ લેવાથી મોક્ષ થાય છે, તથા સ્નાન કરી મારી પૂજા-ધ્યાન કરી નૈવેદ્ય ધરી મારી સેવા કરી મનુષ્ય મોક્ષ મેળવે છે, તથા ગુરુ પાસે પ્રભુનો મંત્ર ગ્રહણ કરી ગુરુસેવાથી મોક્ષ થાય છે. સર્વથી મહાન પિતા છે. તેથી સોગણા માતા મહાન છે. તેથી મંત્ર આપનારા ગુરુ મહાન છે. તે સર્વથી જ્ઞાન આપનારા, મોક્ષ આપનારા ગુરુ સાક્ષાત્ નારાયણ છે; ગુરુમાં સર્વ દેવો વાસ કરે છે. ગુરુ પ્રસન્ન થવાથી શ્રીહરિ પ્રસન્ન થાય છે. ગુરુચરણ ધોઈ પીવાથી સર્વ પાપરહિત થાય છે. જ્ઞાનભક્તિથી રહિત હોય એવા ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ ન કરવો.

સાધુ શ્રેષ્ઠ એટલા માટે છે કારણ કે તેનાં સર્વ કામકાજ ભગવાનમય જ હોય છે. વેદનો પ્રચાર કરી લોકોને સુખી કરનારા, ભક્તિનું બળ બતાવી સંસારથી વિરક્ત કરી મોક્ષમાં મોકલનારા, સનકાદિક સમાન બાળપણથી બ્રહ્મચારી રહી પ્રણાલિકાને જાળવનારા સંતો સ્વયં બ્રહ્મની જ મૂર્તિ ભગવાન સમાન છે.

સંતનાં ચરણ છાતીમાં લેવા, માથા પર લેવા તે મોક્ષને આપનારાં છે. સંતની ચરણસેવાથી પિંડી દાબવાથી સમ્રાટ થાય, સાથળ દાબવાથી સાર્વભોમ થાય, કેડ્ય દાબવાથી ત્રિલોકોનો રાજા થાય, વાંસો દાબવાથી બ્રહ્મા થાય, હાથ દાબવાથી વૈરાજ થાય, આખું શરીર દાબવાથી વિષ્ણુપદ મળે. સંતનું શરીર એટલે ભગવાનનું શરીર. તેથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ પાંચ વિષયને સંત ગ્રહણ કરે તો તે પાંચ વિષય પણ દિવ્ય બની જાય છે, માટે સર્વે સૃષ્ટિઓના જીવ ઈશ્વરોને સંત પુરુષો પવિત્ર કરે છે.

✣ લ.સં. ઉપદેશ - ૩૫ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! પૂર્વે મેં ઈશ્વરસૃષ્ટિ કરી ત્યારે વાસુદેવે પ્રાર્થના કરી, હે પરમપિતા, જીવ ઈશ્વરો માટે કરોડો શક્તિઓ પ્રગટ કરી પરંતુ બધાને માટે એક શક્તિ એવી આપો જેથી સૌને તમારી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય. તે વાસુદેવ વિષ્ણુ અવતારોની પ્રાર્થના સાંભળી મેં મારી મૂર્તિમાંથી ભક્તિદેવી પ્રગટ કર્યાં. તે ભક્તિદેવી સર્વે અવતારોની, ઈશ્વરોની, જીવોની માતા છે, તે બે સ્વરૂપે રહે છે; એક રૂપે મારી મૂર્તિમાં મૂર્તિમાન, બીજે રૂપે ભક્તિ કરનારના આત્મામાં; તે ભક્તિમાતા સર્વેનો મોક્ષ કરનારાં છે. તે અમારાં પણ માતા છે.

બ્રહ્માંડમાં રહેનારા આત્માઓ તે દેવ-દૈત્ય કે મનુષ્ય હોય, યક્ષ રાક્ષસ કે દાનવ હોય, ભૂત-પ્રેત કે પિશાચ હોય પણ જેને પુરુષોત્તમ નારાયણનો આશરો હોય તેનો ભક્તિમાતા મોક્ષ કરે છે. ભક્તિદેવીએ શ્રીહરિને પૂછયું શું કાર્ય કરું ? શ્રીહરિએ કહ્યું : મારા શરણાગત ભક્તોનું પોષણ કરો. એમ કહી શ્રીહરિએ મુક્તિ દાસી આપી અને જ્ઞાન-વૈરાગ્ય બે પુત્રો આપ્યા. તે ભક્તિને નારદ વગેરે સાધુએ પુષ્ટિ કરી. અનેક સાધનોથી હું વશ થતો નથી પણ મારામાં સ્નેહભક્તિથી વશ થાઉં છું.

પરબ્રહ્મ શ્રીહરિમાં સ્નેહ સહિત સેવા તે ભક્તિ જાણવી. કામથી, ક્રોધથી, લોભથી, સ્વાર્થથી પણ ભગવાનમાં ભક્તિ તે મુક્તિ આપનારી છે. પતિભક્તિ, પત્નીભક્તિ, આત્મભક્તિ, દેશભક્તિ, દેવભક્તિ, આ બધા કરતાં શ્રીહરિની ભક્તિ શ્રેષ્ઠ છે અને મુક્તિ અપાવનારી છે. શ્રીહરિમાં અનંત પ્રકારની ભક્તિ કરનારા દેવો-ઈશ્વરો, ઋષિ-મુનિઓ, માનવો, તામસી, રાજસી, સાત્ત્વિકી જીવો તે સર્વે અંતે પરમપદને પામે છે.

મારાં વસ્ત્રો ધારણ કરનારા મારી દીક્ષાવાળા મારાથી જરા પણ ન્યૂન નથી, જુદા નથી. મારી મૂર્તિમાંથી પ્રગટ થયેલી શક્તિઓ પૃથ્વી પર યોગિની થઈ, વિચરીને દિવ્ય દેહવાળી તે જીવાત્માના અજ્ઞાનને ટાળી મોક્ષ આપે છે. એવી દેવીઓ પૃથ્વીમાં પ્રગટ થાય ત્યારે તેના શરીરમાં શ્રીહરિનાં ચિહ્નો હોય છે. બંન્ને સ્તન વચ્ચે ઊર્ધ્વ પુંડ્ર રેખા હોય, પેડુમાં બાણરેખા, લલાટમાં મુગટરેખા, મધ્યે શોણબિંદુ, છાતીમાં વિષ્ણુના હાથની રેખા, ડાબા બાવડામાં ગદા- ચિહ્ન, ડાબા સાથળમાં પાદુકાનાં ચિહ્ન, હૃદયમાં હારની રેખા, હાથમાં કમળ અને હાથીનું ચિહ્ન, જમણા પગના અંગૂઠામાં શંખનું ચિહ્ન, આંગળીમાં વિમાનનું ચિહ્ન, ટચલી આંગળીમાં નૌકાચિહ્ન, ફણામાં શંખ, ગદા, મત્સ્ય, શિખર, નાગરવેલ, જવ, મહેલ, છત્ર અને ઊર્ધ્વ રેખા આટલા ચિહ્નો જમણા ચરણમાં.

ધ્વજ, અંકુશ, કુમુદ, શ્રીફળ, કળશ, કમળ, બીજની રેખા, અંગૂઠાની આંગળીઓમાં દશ ચક્ર - આટલાં ચિહ્નો ડાબા ચરણમાં હોય તો તે સાક્ષાત્ લક્ષ્મીજીનો અવતાર છે એમ માનવું. બે, ત્રણ, ચાર, પાંચ ચિહ્નો હોય તો લક્ષ્મીનો અંશ છે એમ માનવું.

✣ લ.સં. ઉપદેશ - ૩૬ ✣

નારાયણ જયારે માનવરૂપે પૃથ્વી પર હોય ત્યારે તેના જમણા હાથમાં ધ્વજ, વજ્ર, કમળ, વેણું, સ્વસ્તિક, ધનુષ્ય-બાણ, મત્સ્ય, શંખ, ચક્ર, સૂર્ય, હાથી, મયૂર આ બધાં ચિહ્નો હોય છે. છાતીમાં હારની રેખા, ઉદરમાં ત્રિવળી, લિંગમાં તલ, લલાટમાં તિલકરેખા, લલાટમાં લાંબી રેખા, ડાબા સાથળમાં સફેદ લક્ષ્મીનું ચિહ્ન, બન્ને ચરણમાં ત્રણ ત્રણ ઘૂંટીઓ, સ્વસ્તિક, ધ્વજ, અંકુશ, જવ, દંડ, અષ્ટકોણ, વજ્ર, જાંબુ, કમળ, અર્ધ ચંદ્ર, કળશ, ગોપદ, ત્રિકોણ, ઇન્દ્રધનુષ, ઊર્ધ્વરેખા - બન્ને ચરણમાં આટલાં ચિહ્નો હોય છે. તેમાંથી જે જીવને એક, બે, ત્રણ ચિહ્ન હોય તો તે શ્રીહરિનો અંશ છે, તે અંશરૂપે રહેલા સંસારમાં નિર્લેપ રહે છે, સ્ત્રીધનમાં બંધાતા નથી. માયાને પણ દિવ્ય બનાવે છે. પોતાનો યોગ આપી પાપી પતિતને પણ પાવન કરે છે. અગ્નિમાં ધાતુ જેમ સ્વચ્છ થાય છે, તેમ શ્રીહરિમાં કામાદિ દોષો નિર્ગુણ થાય છે.

બંને હાથની આંગળીઓમાં ચક્રો, મધ્ય આંગળીમાં શંખ ચિહ્ન, આવાં ચિહ્નોવાળા ત્યાગી હોય કે ગૃહસ્થ હોય તે સાક્ષાત્ નારાયણ જ છે, તે અજ્ઞાનીઓનો પણ ઉદ્ધાર કરે છે, તે હું અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સર્વેનો ઉદ્ધાર કરનારો છું. ભક્તના કાર્ય માટે આવું છું. શાસ્ત્રે કહેલા ચિહ્ન વડે જાણનારા સત્ય ભક્તો મારા ચમત્કાર વિના પણ મને પામે છે. સ્વાર્થી ભક્તો કાર્ય સાધીને દૂર રહે છે. હાથમાં આઠ ચક્રવાળા સ્વામી કરોડો સ્ત્રીઓના પતિ થાય. સર્વજ્ઞ વ્યાસરૂપ હોય, સર્વ વિદ્યાવાળા, સર્વે ચિહ્નવાળા, શ્રીહરિ

નારાયણને શાસ્ત્રોથી નિશ્ચય કરી ભક્તિથી, પ્રીતિથી, રતિથી હેત કરીને મોક્ષભાગી થવું.

પૃથ્વી પર માતૃભક્તિ, પિતૃભક્તિ, પ્રવર્તાવવી. જે માતા-પિતાની સેવા કરે તે જ સુપુત્ર કહેવાય છે. જે માતા-પિતાની સેવા કરી પ્રસન્ન રાખે છે, તેની ઉપર સર્વ દેવો શ્રીહરિ પ્રસન્ન થાય છે. જે માતા-પિતાની સેવા કરી આશીર્વાદ પ્રાપ્ત કરે છે, તેની પાસે યમદૂતો કે કાળ પણ આવતો નથી. જે સવારે ઊઠીને માતા-પિતા, ગુરુને વંદન કરે છે, તે સર્વે અર્થનો ભાગીદાર થાય છે, અને તેનાં વિઘ્નો નાશ પામે છે.

✣ લ.સં. ઉપદેશ - ૩૭ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! પૂર્વજન્મમાં દાન-પુણ્ય કે ભક્તિ કરી હોય તો પતિ, પત્ની કે પુત્રો ગુણવાળા પ્રાપ્ત થાય છે. બહુધા સંસાર ઋણાનુબંધનુસાર ચાલે છે, કોઈ પુત્ર લેણદાર આવે છે, કોઈ પુત્ર દેણદાર આવે છે. દેણદાર પુત્ર માતા-પિતાની આજ્ઞાનું પાલન કરી, સેવા કરી, સંપત્તિમાં વધારો કરી આશીર્વાદ મેળવે છે. લેણદાર પુત્ર માતા-પિતાની આજ્ઞામાં રહેતો નથી, તિરસ્કાર કરી પિતાની સંપત્તિનો નાશ કરે છે. તેથી સત્પુત્રો માટે પતિ-પત્નીએ સાત્ત્વિકપણે રહેવું, તથા રજસ્વલાની ચાર રાત્રિ ત્યજીને સોળ રાત્રિ સુધીમાં ગર્ભદાન કરવું. એકી રાત્રિમાં પુત્રી થાય. બેકી રાત્રિમાં પુત્ર થાય. રજસ્વલા પછી જેમ વધારે રાત્રિ જાય તેમ સંતાનો ગુણિયલ થાય. સ્ત્રીઓએ ઋષિપંચમીનું વ્રત કરવાથી રજસ્વલાથી થયેલા દોષો નાશ પામે છે.

જેણે પ્રભુની કથા નથી સાંભળી તેના કાન રાફડાના દર જેવા જાણવા. જેણે પ્રગટ પ્રભુના ગુણ ગાયા નથી તેની જીભ દેડકી સમાન જાણવી. જેનાથી પ્રભુને નમન ન થયું તો તેનું મસ્તક ભારરૂપ જાણવું. જેના હાથ ભગવાનની સેવામાં કામમાં ન આવ્યા તેને હાથ લાકડા જેવા જાણવા. નેત્રોથી ભગવાનનાં દર્શન ન કર્યાં તો નેત્ર મોરપીંછામાં રહેલા ચાંદલા જેવા જાણવા. પગથી ભગવાનના મંદિરે ન જવાયું, પ્રદક્ષિણા ન થઈ તો પગ વૃક્ષના થડ જેવા જાણવા.

શ્રીહરિની સેવાનો લાભ ન મળ્યો તો મનુષ્યજીવન મરેલું જ છે. હરિકથામાં જેને રસ છે, સાંભળવાથી જેનાં નેત્રમાં આંસુ આવે છે, હૃદય પીગળે છે, રોમ પુલકિત થાય છે, એવા સાત્ત્વિક આત્માઓમાં સાક્ષાત્ નારાયણ હું વાસ કરું છું. ભકતોએ પ્રભુની ભક્તિ નામસ્મરણ કરી સ્તુતિ કરવી હે અધમ ઉદ્ધારણ, પતિત પાવન, અશરણના શરણ, અનાથના નાથ, સર્વે અવતારોમાં રહેલા, વ્યાપક સ્વરૂપે રહેલા, ભક્તોમાં રહેલા, સાધુ-

સાધ્વીમાં વિશેષપણે રહેલા એવા હે પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, હે હરિકૃષ્ણ ! તમોને કોટિ નમસ્કાર.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! તપ, ધર્મ, યજ્ઞ, ધન, પુણ્ય, વ્રત, નિયમો આ બધું યુગ પ્રમાણે જ ફરતું રહે છે. મુખ્ય તપ બે પ્રકારનાં છે. એક તપ બહાર શરીરનું છે, બીજું તપ અંદર ઇન્દ્રિયો-અંતઃકરણનું છે. વ્રત, નિયમ, ઉપવાસ કરીને શરીર દુર્બળ કરવું તે બહારનું તપ છે. નેત્રથી ભગવાન સંત-ભક્તો વિના કોઈનાં દર્શન ન કરવાં તે નેત્રનું તપ છે. કાનથી ભગવાન- સંતભક્તોની કથા વિના જગતના શબ્દો ન સાંભળવા તે કાનનું તપ છે. જીભથી ભગવાન- સંતભક્તોના ગુણગાન ગાવા, મહાપ્રસાદ લેવો તે જીભનું તપ છે. નાસિકાથી ભગવાન- સંતભક્તોને ધરાવ્યાં જે પુષ્પો તેની જ ગંધ લેવી તે નાસિકાનું તપ છે. તે જ રીતે હાથથી, પગથી ભગવાન-મંદિર-સંતભક્તોની જ સેવા કરવી તે હાથ-પગનું તપ છે. હું પ્રભુનો, પ્રભુના ભક્તોનો દાસ છું એમ માનવું, તે અહંનું તપ છે. બુદ્ધિથી ભગવાનનાં સ્વરૂપો જાણવાં તે બુદ્ધિનું તપ છે.

✣ લ.સં. ઉપદેશ - ૩૮ ✣

પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ નારાયણ મુક્તપતિ અક્ષરપતિ એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જે સર્વેના હૃદયમાં રહ્યા છે, તેનો મહિમા કોઈ વર્ણવી શકે તેમ નથી, તેવા શ્રીહરિનું ધ્યાન કરવું. તે પ્રભુનાં ચિહ્નો શંખ, ચક્ર, ગદા, પદ્મ શરીરમાં ધારણ કરવાં. ઊર્ધ્વપુંડ્ર, તિલક, ચાંદલો ધારણ કરવાં. તેના મંત્રોનો જપ કરવો, તેની પૂજા-અર્ચના-ભક્તિ કરવી, કીર્તન કરવાં, નામસ્મરણ કરવું, કથાશ્રવણ ભક્તિ કરવી, એકાદશી વગેરે વ્રતો કરવાં, મંદિર વાળવું, લીંપવું, મંદિરની સર્વે સેવા કરવી, સાધુ-બ્રાહ્મણ, વૈષ્ણવ ભક્તોને માનવા-પૂજવા. ભગવાનના ભક્તને કંકુનો ચાંદલો ન હોય તો પિતૃઓ પણ શ્રાદ્ધમાંથી પાછા ચાલ્યા જાય છે. સ્નાન, સંધ્યા, દાન, જપ, હોમ, સ્વાધ્યાય, યજ્ઞ, પિતૃક્રિયા, સર્વે ઊર્ધ્વપુંડ્ર તિલક વિના નિષ્ફળ થાય છે. તેથી સર્વે સત્કાર્યો ભગવાનનાં ચિહ્નો ધારણ કરી કરવા.

કેશર-ચંદનથી તિલક કરવું, અથવા ગંગા-ગોમતી વગેરે તીર્થની માટીનું કરવું, અથવા પ્રભુની પ્રસાદી પીળી માટી, ધોળી માટીથી કરવું, અથવા પ્રભુની જન્મભૂમિ કુંકુમવાપીની માટીનું તિલક કરવું, અથવા બિલ્વ પીપળો, તુલસી, વડલો, આંબલી, દેવ-દારૂ, ઉમરો વગેરે પવિત્ર વૃક્ષોની માટીનું તિલક કરવું, તે તિલક પ્રભુનું ચરણ છે, તેની મધ્યે ચાંદલો તે લક્ષ્મીજી છે.

એક અક્ષરનો મંત્ર ૐ. તેમાં અ.ઉ.મ. ત્રણ અક્ષર રહેલા છે. અ-વિષ્ણુ, ઉ-લક્ષ્મી, મ-પાર્ષદો. અ-પરબ્રહ્મ, ઉ-બ્રહ્મ, મ-મુક્તો. મનુષ્યોનો સમુદાય તે નાર તેમાં વાસ કરે તે નારાયણ. શ્રીહરિ જે જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિના નિયામક અંતર્યામી સર્વેનું શાસન કરનારા એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પોતે ભજવા-પૂજવાલાયક છે, તેનો શરણાગતિ મંત્ર લઈ આશરો કરવો. તે શરણાગતિ છ પ્રકારની છે : વિશ્વાસ, વરણં, ન્યાસ, કૃપણતા, સ્થિરમતિ, અનુવૃતિ. આ રીતે પ્રગટ પ્રભુની શરણાગતિ લઈને તેની અનુવૃત્તિમાં રહેવું, તે પ્રભુનો દૃઢ આશરો છે.

✣ લ.સં. ઉપદેશ - ૩૯ ✣

શ્રી શંકર કહે : હે સતી ! પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ધામ તે પરમધામ એટલું તેજસ્વી છે કે તેનું વર્ણન કોઈથી થઈ શકે નહીં. ત્યાં જે તારાઓ છે, તે સૂર્યસમાન પ્રકાશ કરે છે. બ્રહ્માથી કરોડગણું તેજ વૈરાટના કંઠમણિમાં છે, તેથી કરોડગણું તેજ મહાવિષ્ણુના શિરોમણિમાં છે, તેથી કરોડગણું તેજ વાસુદેવના મણિમાં છે, તેવા અનંત તેજવાળા મણિઓ અવ્યાકૃત ધામમાં, બદ્રિકાશ્રમમાં, અમૃતધામમાં, શ્વેતદ્વીપમાં, શ્રીપુરમાં, વૈકુંઠમાં, ગોલોકમાં છે. તે બધા ધામોનો તેજનો પિંડો કરીએ તો અક્ષરધામમાં સોપારી જેટલા પ્રદેશમાં લીન થાય. તેવું અક્ષરધામનું તેજ તથા મુક્તોનું તેજ તે બધું તેજ શ્રીહરિના એક રોમમાં સમાઈ જાય, એવું પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિના તેજનું કોઈ વર્ણન કરવા સમર્થ નથી, તેથી સર્વે વેદો તથા શાસ્ત્રો નેતિ નેતિ કહે છે.

તે પુરુષોત્તમ નારાયણ દિવ્ય મણિઓ, રત્નોથી શોભતા સિંહાસનમાં બિરાજમાન છે. સર્વે મુક્તો ચકોર પક્ષી જેમ ચંદ્રની સામું જોઈ રહે તેમ મટકા રહિત દર્શન કરે છે. કરોડો સૂર્ય-ચંદ્ર અગ્નિની સમાન પ્રકાશવાળા મણિઓથી શોભતા કુંડળને ધારણ કરનારા. એવા જ તેજસ્વી મણિરત્નોથી શોભતા મુગટવાળા, દિવ્ય હીરામોતી-રત્નોના હારવાળા, સોનાના હાર ધારણ કરેલા, તેજસ્વી ભાલમાં કેશર-ચંદન તથા તિલક કુંકુમ ચાંદલાથી શોભતા, મણિરત્નોવાળા સોનાના બાજુબંધમાં પોચીથી શોભતા, દાડમની કળી જેવા દાંત પંક્તિથી શોભતા, સત્યાવીશ સેરવાળા સોનાના કંદોરાને ધારણ કરનારા, મલમલની ગાદી-તકિયાથી શોભતા. છત્ર, ચામર, અબદાગિરિ વગેરેથી શોભતા, હજારો ફેણવાળા છત્રરૂપી મહામુક્તથી શોભતા એવા તે રાજાધિરાજ પરમેશ્વર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તેની મૂર્તિનાં વસ્ત્ર, આભૂષણ-અલંકારોનું પણ કોઈ વર્ણન કરવા સમર્થ નથી.

તે શ્રીહરિનો દિવ્ય મંડપ તથા દિવ્ય સિંહાસન તેમાં રહેલા થાંભલાઓ, હીરામણિ-રત્નો તે સર્વેમુક્તો કિશોર અવસ્થા તે સ્વરૂપ ધારણ કરી પુરુષોત્તમ નારાયણની સેવા કરે છે. શ્રીહરિના મહામંડપમાં રહેલી શોભા તે સર્વે મુક્તમય છે. પરમધામમાં પરબ્રહ્મનો મહેલ તે એક લાખ યોજનના વિસ્તારવાળો છે. એક હજાર યોજન ઊંચો, હજાર થાંભલાની એક પંક્તિ એવી એક હજાર પંક્તિ થાંભલાની, ચાર ખૂણે ચાર શિખરો, મધ્યે ઘુમ્મટ. મહેલ ઉપર એક હજાર યોજનનો કોઠલો, કોઠલા ઉપર પંદરસો યોજનનું શિખર, શિખર ઉપર પાંચસો યોજનની પદ્મશિલા, તેની ઉપર દિવ્ય સોનાના સો કળશો, તેની ઉપર એક કળશી, તેની ઉપર પાંચસો યોજન ઊંચો ધ્વજદંડ, કરોડો સૂર્ય સમાન તેજસ્વી બે પૂંછડીવાળી પાંચસો યોજન લાંબી ધજાથી શોભતા તે શિખરનું કોઈ વર્ણન કરી શકે તેમ નથી.

ધ્વજદંડની પાટલી તે મુક્તાનિકાનું સ્વરૂપ છે, તથા તેમાં રહેલી ઘૂઘરીઓ તે પણ મુક્તાનિકાનાં સ્વરૂપો છે, તે શિખર પર મુક્તો વિમાનમાં બેસી પ્રદક્ષિણા કરે છે, ત્યાં ઠંડા-ગરમ પાણીના કુંડો, મંદ શીતળ સુગંધવાળો વાયુ, દૂધ જેવો પ્રકાશ, સંકલ્પ પ્રમાણે સર્વે વસ્તુરૂપે થનારા તે મુક્તોથી ત્યાં સર્વ દર્શનમય છે. ત્યાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સ્વામિનારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીહરિની પાસે ગુણાતીતાનંદ, ગોપાળાનંદ, બ્રહ્માનંદ, મુક્તાનંદ, પ્રેમાનંદ, શુકાનંદ, શતાનંદ, નિષ્કુળાનંદ, ભૂમાનંદ, વાસુદેવાનંદ, નિત્યાનંદ, અચિંત્યાનંદ, કૃષ્ણાનંદ, ત્યાગાનંદ, સ્વયંપ્રકાશ વગેરે પરમહંસો ચૈતન્યમય અક્ષર સ્વરૂપે નિર્ગુણ સ્વરૂપે શ્રીહરિની દિવ્ય સેવાઓ સંકલ્પ પ્રમાણે કરે છે, તથા અનંતકોટી હરિસ્વરૂપ મુક્તો શ્રીહરિના દિવ્ય સ્વરૂપનું દર્શન કરીને તૃપ્તિ પામતા જ નથી.

આ રીતે શ્રીહરિનો મહામંડપ મહેલ તે શિખરબદ્ધ મંદિર સમાન છે, ત્યાર પછી ક્રમથી દિવ્ય પાંચ ગઢમાં પાંચ પ્રકારના મુક્તો રહેલા છે, તેને પણ શ્રીહરિની મૂર્તિનાં જ દર્શન થાય છે, તે મુક્તોના ભેદ અનંત છે, ત્યાર પછી અક્ષરધામના સીમપ્રદેશમાં સર્વે અવતારોનાં ધામો ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, અવ્યાકૃત, અમૃતધામ, બદ્રિધામ, મત્સ્યધામ, કુર્મધામ, વરાહધામ, કપિલધામ, હરિધામ, વાસુદેવધામ, પૃથુધામ, દત્તાત્રેયધામ, હંસધામ, નરસિંહધામ, યજ્ઞધામ, ઋષભધામ, વામનધામ, પરશુરામધામ, રામશાકેતધામ, કુમારધામ, હયગ્રીવધામ, નારદધામ, વ્યાસધામ, બુદ્ધધામ તથા અન્ય ધામો રહેલાં છે.

✣ લ.સં. ઉપદેશ - ૪૦ ✣

પરબ્રહ્મની આરાધના, ઉપાસના, ભક્તિ કરવી તેને જ પ્રભુનું વિજ્ઞાન કહેલું છે. નારાયણ બીજાં સાધનોથી તરત પ્રાપ્ત થતાં નથી, પણ તેની નવધા ભક્તિ, શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવા, દાસપણું, સ્નેહથી પૂજા, વંદના, સખા-સાખીભાવ, આત્મનિવેદન આ નવ પ્રકારે ભક્તિ કરવાથી નારાયણ પ્રાપ્ત થાય છે. શ્રીહરિની કથા શ્રવણ કરી હૃદયમાં તે મૂર્તિનાં લીલા ચરિત્રોનું સ્મરણ કરવું. તે શ્રીહરિ ધામમાં રહ્યા છે, વ્યાપક સ્વરૂપે સર્વ સ્થાનમાં રહ્યા છે. અનન્યપણે અવતારોમાં, ઈશ્વરોમાં, દેવોમાં, સર્વમાં તથા અંતર્યામીપણે જીવ-પ્રાણીમાત્રમાં રહ્યા છે. તે શ્રીહરિની ષોડશોપચારથી પૂજા કરવી. પંચામૃતથી સ્નાન, વસ્ત્ર, આભૂષણો ધરાવવા, અબીલ-ગુલાલ, કંકુ, અત્તર, ચંદનથી પૂજા કરવી. તુલસી, પુષ્પના હાર, ધૂપ, દીપ, નૈવેદ્ય ધરાવવું. મુખવાસ, આરતી ઉતારવી, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ, નમસ્કાર, ક્ષમા, પ્રાર્થના કરવી. આ શ્રીહરિની ભક્તિ તે મુક્તિ અપાવનારી છે. તથા તે વિના બીજા ભક્તિના-સેવાના ઘણા પ્રકારો છે. મંદિરમાં જઈ વાળવું, પાણી ભરવું, સ્વચ્છ રાખવું આ સર્વે સેવાને ભક્તિ કહેલી છે, તે સેવા શ્રીહરિમાં પ્રીતિ કરાવી જ્ઞાન આપનારી થાય છે. ભક્તિ મુખ્ય બે પ્રકારે થાય છે. સકામ ભાવનાથી જે ભક્તિ થાય છે, તે સગુણ ભક્તિ કહેવાય છે. નિષ્કામ ભાવનાથી કેવળ ભગવાનને રાજી કરવા માટે જ ભક્તિ સેવા થાય છે, તે નિર્ગુણ ભક્તિ કહેવાય છે. આ રીતે પરાભક્તિ કરતાં, શ્રીહરિનું સ્મરણ કરતાં જીવાત્મા દેહને ત્યજીને પરમધામને પામે છે.

શ્રી નારાયણ કહે : 'હે લક્ષ્મી આચાર્ય, વ્યાસ અને ગુરુની પૂજાવિધિ કહું છું. ચરણમાં મસ્તક મૂકી નમસ્કાર કરવા, પછી જમણા પગનો અંગૂઠો થાળીમાં મૂકી જળથી અભિષેક કરી ચંદન, કંકુ, પુષ્પ, અક્ષતથી પૂજા કરવી, પછી ભાલમાં કંકુ-ચોખાથી પૂજા કરી હાર પહેરાવી ધોતિયાં, ચાદર, શાલ, પટ્ટા, વસ્ત્ર વગેરેથી પૂજા કરવી, તથા સુવર્ણ, ચાંદી, રૂપિયા, વસ્ત્રો, વાહન, પશુ, ધન, આભૂષણો વગેરે અનંત પ્રકારનાં દાન જેટલાં પોતાના જીવનમાં ઉપયોગી વસ્તુ-પદાર્થો છે, તે સર્વેનાં દાન પોતાની યથાશક્તિ કરવાં. આ રીતે જે સર્વસ્વ દાન કરે છે, તે પરમ મોક્ષનો અધિકારી થાય છે, પછી આચાર્ય-ગુરુની આરતી ઉતારી દંડવત્-નમસ્કાર કરી સ્તુતિ કરી ક્ષમા માંગવી : મારાથી જાણે-અજાણે અપરાધ થયો હોય તો ક્ષમા કરજો.

ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ શંકર છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ મોક્ષ આપનારા છે. ગુરુના શરીરમાં પરબ્રહ્મ શ્રીહરિ વાસ કરે છે. ગુરુના મસ્તકમાં અક્ષરબ્રહ્મ છે.

લલાટમાં વાસુદેવ, નેત્રમાં સૂર્ય, નાકમાં ચંદ્રમા, મુખે યજ્ઞનારાયણ, જીભમાં વેદ, વાણીમાં સરસ્વતી, હૃદયમાં વિષ્ણુ, ઉદરમાં વૈશ્વદન, હાથમાં લક્ષ્મી, ચરણમાં તીર્થો રહેલાં છે. ગુરુમૂર્તિ મંત્રમૂર્તિ છે. ગુરુને ભોજન કરાવવાથી રાજસૂય યજ્ઞનું ફળ મળે છે. ગુરુને વસ્ત્રદાનથી જ્યોતિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે. ગુરુની પૂજાથી શ્રીહરિની પૂજા થાય છે. ગુરુ મંત્ર આપે છે, ગુરુ વિધિ બતાવે છે, ગુરુ જ્ઞાન આપે છે, તેથી ગુરુ સમાન કોઈ નથી. જેણે ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરી તેને કોઈ સાધના કરવી પડતી નથી.

✣ લ.સં. ઉપદેશ - ૪૧ ✣

જીવહિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય રાખવું, દાનગ્રહણ ન કરવું, પ્રાપ્ત સંપત્તિમાં સંતોષ, દિવસે ઉદ્યમ કરવો, સાંજે મંદિરે જઈ ધૂન-કીર્તન કરવાં, સર્વેમાં પરબ્રહ્મ પરમાત્મા હરિકૃષ્ણ રહ્યા છે એમ માની કોઈનો દ્રોહ ન કરવો. જડચેતન બધાંમાં પ્રભુ રહ્યા છે. માયા ત્રણ ગુણવાળી છે, તેને જાણે તો બંધન ન થાય. જ્ઞાનથી કર્મ નાશ થાય, વૈરાગ્યથી બંધન ન થાય, ધર્મથી આગળ ગતિ થાય, ભક્તિથી શ્રીહરિની પ્રસન્નતા થાય.

પૃથ્વીમાં જેટલી વસ્તુ પદાર્થ, ધન, સંપત્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા તે વાસના તે તૃષ્ણા જન્મો ધારણ કરાવે છે. જો સર્વે ઇચ્છા મટી ગઈ, તો શું ઘર ? શું ગૃહિણી ? કોણ સંતાન ? કોણ કુટુંબ ? આવું જ્ઞાન યોગીઓને થાય છે, તેથી તેને જગતમાં બંધન થતું નથી. આવું જ્ઞાન ન થાય તો સર્વે કર્તાહર્તા પ્રભુ જ છે. બીજ વાવે ખેડુ, પાણી પાય ખેડુ, રક્ષણ કરે - તૈયાર કરે ખેડુ, ખાય સર્વે. તે જ રીતે સર્વના કર્તા ખેડુ શ્રીહરિકૃષ્ણ છે. સર્વે પ્રભુનું છે, એમ માને તો બંધન ન થાય. તે પ્રભુ સર્વે કરે છે, હું કાંઈ કરતો નથી, એમ માની શ્રીહરિની ભક્તિ - ઉપાસના કરવી.

એકાદશી પુણ્ય આપનારી છે અને સુદ-વદ એકાદશીએ કોઈ વ્રત કરે, નિરાહાર, જલાહાર, ફલાહાર, એકટાણું અથવા નક્તભોજન કરે તે અશ્વમેધ યજ્ઞના ફળને પામે. સર્વ તીર્થમાં સ્નાનના ફળને પામે અને વૈષ્ણવ થઈ ભક્તિ કરી ધામમાં જાય.

શ્રી લક્ષ્મી કહે : હે પ્રભુ ! પુરુષોત્તમ માસનો વ્રત-વિધિ તથા તેનો મહિમા કહો. શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! બત્રીસ અથવા તેત્રીસ ચાંદ્ર માસ થાય ત્યારે એક માસ વધે છે, તેને મળમાસ કહે છે. પરંતુ પુરુષોત્તમ એવા પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણને આશ્રયે ગયો, તેથી તે મળ માસના અધિષ્ઠાતા દેવ પુરુષોત્તમ પોતે થવાથી પોતે પુરુષોત્તમતુલ્ય નામવાળો થયો. તે પુરુષોત્તમ માસમાં કેવળ સ્નાન કરવાથી સર્વે યજ્ઞોનું

ફળ મળે છે, સર્વે તીર્થોનું ફળ મળે છે. કુંભમેળામાં કરેલા સ્નાન બરોબર ફળ મળે છે, ચારધામ-બદ્રીનારાયણ, જગન્નાથપુરી, રામેશ્વર, દ્વારકાની યાત્રાનું ફળ મળે છે. ભારતનાં સર્વે તીર્થોમાં સ્નાન કરવાનું જે ફળ થાય તે પુરુષોત્તમ માસમાં સ્નાન કરવાથી થાય છે.

પુરુષોત્તમ માસમાં પરબ્રહ્મ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું તે મને પંચામૃતથી સ્નાન કરાવી વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવી ષોડશોપચારથી પૂજા કરવી. અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, કેશર, ચંદન, અત્તર, ધૂપ-દીપ, તુલસી, પુષ્પથી પૂજા કરી, નૈવેદ્ય, તાંબુલ ધરી, આરતી કરીને, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ, નમસ્કાર કરી અપરાધની માફી માગીને પુરુષોત્તમ માસના નિયમ મૂર્તિ પાસે લેવા, જેમ કે એક માસ ફલાહાર, તથા એકટાણું અથવા નક્તભોજન લેવું તથા એક માસ સુધી પોતાને પ્રિય વસ્તુ ન ખાવી.

એક માસ સુધી કથા શ્રવણ કરવી અથવા શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવી તથા સાંભળવી, કીર્તન કરવાં, ધૂન કરવી, માળા ફેરવવી, ધ્યાન કરવું, દંડવત કરવા, પ્રદક્ષિણા વગેરે નિયમો લેવા. એક માસ પુરુષોત્તમ માસમાં બ્રહ્મચર્યનું પાલન કરવું તે ઉત્તમ વ્રત છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરવી - હે લક્ષ્મીપતિ, હે રાધા રમાપતિ, હે માણિકી પતિ, હે પ્રભા પાર્વતીપતિ મેં લીધેલા આ નિયમો પૂર્ણ થાવ - તે માટે તમે સહાય કરજો. ત્યારબાદ શક્તિ પ્રમાણે સાધુ-સાધ્વી, વિપ્રો, પતિવ્રતા, સતી, અનાથ, દીન બાળકોને, ભોજન કરાવી, દાન-દક્ષિણાઓ આપવી. આ પ્રમાણે વ્રત કરનારાં નરનારીઓ ઉપર પુરુષોત્તમ નારાયણની પૂર્ણકૃપા થાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૪૨ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! દ્વાપરયુગને અંતે કળિયુગના ધર્મો અને રીતની કથા કહું છું. ચોરી, હિંસા, ખોટું બોલવું, સ્વાર્થ, અશુદ્ધિ વગેરે દોષો વધારે દેખાશે. તૃષ્ણા, લોભ, દાન દેનારા થોડા, જુગાર, દારૂ-માંસનું સેવન, નરનારીઓને પરસ્પર મૈથુનનો નિયમ નહીં રહે. કળિયુગનો સુવર્ણમાં, ખોટું બોલવામાં, વેરમાં, કામનામાં, રજોગુણમાં આ પાંચમાં વધારે વાસ રહેશે. ગાય, વિપ્ર, બાળકની હત્યા કરનારા થશે. ધનવાળો હશે તે શ્રેષ્ઠ ગણાશે. કેશ અને વેશભૂષા વધશે. સાધુઓ દંભી થશે. સ્ત્રીઓ સ્વેચ્છાએ લગ્ન કરશે, અલ્પ વસ્ત્રવાળી થશે. ગાયો બકરા જેવી થશે. ઔષધિઓ ખળ જેવી થશે. વૃષ્ટિ ઓછી થશે. સત્ય, તપ, ધન, દયા, કળિયુગમાં રહેશે નહીં.

ઘણા મનુષ્યો સર્વભક્ષી, સર્વભોગ્ય, સર્વવ્યસનોમાં રચ્યાપચ્યા રહેશે. નિદ્રા, આળસ, રાગદ્વેષ વધશે. શોક, મોહ, ભય, દીનપણું વધશે. રાજાઓ પ્રજારક્ષણ નહીં કરે. સાધુ ગૃહસ્થી થશે, વ્રતહીન થશે. જનો ઇચ્છા પ્રમાણે ફરનારા થશે. ખળ પુરુષો સતી-સાધ્વી પતિવ્રતાનું રક્ષણ નહીં કરે, ઇચ્છા પ્રમાણે રતિ-વિષયો ભોગવશે. રાજાઓ ચાંડાલ સમાન આચારવાળા થશે. પ્રજા નાસ્તિક થશે, પરસ્પર સ્નેહ વિનાની થશે, પશુ જેવું જીવન જીવશે. કળિયુગમાં દારૂ અમૃત સમાન મનાશે. યોગી-જ્ઞાની-સિદ્ધ સ્થિતિવાળો કોઈ નજરમાં નહીં આવે. વિપ્રો શૂદ્રો જેવા થશે, વિપ્રો કથાને વેચનારા થશે, કથા કરશે, સાંભળશે, પણ પાલન નહીં કરે, કથા શ્રાવણ માસ પૂરતી રહેશે. તીર્થમાં સ્નાન કરશે, વાસ કરશે પણ વ્રત નહીં કરે. કળિયુગમાં મન સ્થિર નહીં રહેવાથી પરમાત્માનું ધ્યાન ઓછું થશે.

કળિયુગમાં પાંચ હજાર વર્ષ જાય ત્યારે ગંગા નદી વગેરે મહાન તીર્થ શ્રીહરિના ધામમાં વાસ કરે છે. શાલિગ્રામ શ્રીહરિની જગન્નાથ મૂર્તિ તે તીર્થ પણ લય થાય છે. દીક્ષામંત્ર, દેવવિધિ, શ્રાદ્ધ, તર્પણ, સાત્ત્વિક કર્મો, દાન પૂણ્ય સર્વે નષ્ટ થશે. સ્ત્રી-પુરુષોમાં ભેદ નહીં રહે. જનોનું જીવન પશુ સમાન બની જશે. વિદ્યાની વાત સાંભળવા નહીં મળે. ઉત્તમ પુરુષો ક્ષુદ્રોના સેવકો થશે. વિપ્રો કર્મહીન થશે. વૃક્ષો ફળ વિનાનાં થશે. ગાયો દૂધ વિનાની થશે. દંપતી પ્રજાશૂન્ય થશે. વાવ, કૂવા, તળાવ પાણી રહિત થશે. નાચનારીઓ પૂજ્યપણાને પામશે. તપસ્વીઓ ગુપ્ત પાપ કરતા હશે.

પત્ની, સાસુ, પુત્રવધૂ, દીકરી, બહેન વગેરે નિયમો નહીં રહે, સર્વ ભોગી માનવો થશે. પતિ-પત્ની શબ્દ નહીં રહે. સધવા-વિધવા ભેદ નહીં રહે. વેશભૂષા નરનારીના સમાન થશે. શઠ-લુચ્ચા, દંભી, કપટી તેનું બળ વધશે. ગૃહ સરખા થઈ જશે. વનબગીચા, ગામ, નેહડા સર્વે એક થઈ જશે. ખાટલો, ખુરસી, ખાંડણિયો, કોઠી, પાણિયારું એક થશે. મનુષ્ય અને પશુ-પક્ષીનું જીવન એક થશે. આજ્ઞા-ઉપદેશનો વિધિ નહીં રહે. કળિયુગને અંતે ગામ-શહેર નહીં રહે. સર્વે જીવો વૃક્ષ નીચે નદીના કોતર, બખોલ, ખાડામાં વાસ કરશે.

✣ લ.સં. ઉપદેશ - ૪૩ ✣

કળિયુગમાં મોટા ભાગે તો લોકો મદ્ય-માંસ, મૈથુનપરાયણ થશે. ઘરમાં ચોરી વધશે, રોગ વધશે, દંપતી વચ્ચે કલેશ વધશે, મોટાનું અપમાન થશે, અસત્યવાણી બોલાશે, પ્રયત્ન વિના ધન મેળવનારા થશે, અધર્મવંશની વૃદ્ધિ થશે, ધર્મવંશની હાનિ થશે, કન્યાવિક્રયવાળા થશે, એકવર્ણ સાથે ખાનાર-પીનારા થશે. કળિયુગમાં કોઈ પણ ખાવા-પીવાની વસ્તુમાં સ્પર્શદોષ રહેશે નહિ.

સાધુ-ગુરુદેવમાં નાસ્તિક ભાવ આવશે તથા દામ્પત્યજીવન સુખી નહિ રહે. પતિવ્રતા પણાનો લોપ થશે. ચોકમાં બેસનારા થશે. બજારમાં ભોજન કરનારા થશે. કળિયુગનાં પાંચ હજાર વર્ષ થાય ત્યારે તીર્થો લોપ થશે. નદીઓમાં પાણી વેંત રહેશે. નારી આઠ વર્ષ ગર્ભવાળી થશે ચાલીશે મૃત્યુ પામશે. વરકન્યા ઇચ્છા પ્રમાણે પરણશે. નારી રજસ્વલાનું પાલન નહીં કરે, અશુદ્ધ ગણશે જ નહીં. કળિયુગમાં જાતિ નહિ રહે. માતા-પિતા નામમાત્રથી રહેશે. સ્વેચ્છાએ ફરશે. ગુપ્તાંગો દેખાય એવા વસ્ત્ર પહેરશે. સ્ત્રીનું રાજય થશે. પુરુષનું સ્વાધીનપણું રહેશે. પ્રત્યક્ષ દેખાય તેટલું માનશે.

હિંસા વધશે, બાળ-હત્યા, સ્ત્રીહત્યા વધશે. ઉચ્ચ જ્ઞાતિના ધર્મલોપ કરશે. નીચ જ્ઞાતિના ધર્મપાલન કરશે. એકપત્નીવ્રત નહિ રહે. નીચ વર્ણને દરવાજે શ્રેષ્ઠ વર્ણ નોકરી કરતા હશે. લોકો નિંદાપરાયણ થશે. કળિયુગના દશ હજાર વર્ષ થશે ત્યારે મંદિરોનો લય થવા લાગશે. પંદર હજાર વર્ષ થશે ત્યારે સોળ વર્ષનું આયુષ્ય થઈ જશે. ચાર વર્ષે યુવાન, બાર વર્ષે વૃદ્ધ થશે. કળિયુગમાં કોઈ નિયમ, ધર્મ રહેશે જ નહીં, કેવળ ભગવાનનું નામ લેનારા થશે. પ્રજા દૈત્ય, દાનવ, રાક્ષસના સ્વભાવવાળી થશે, નિષ્કામીપણું નહિ રહે. સત્યુગમાં સોળ વર્ષે, ત્રેતામાં એક વર્ષે, દ્વાપરમાં છ મહિને, કળિયુગમાં એક દિવસે સિદ્ધિ મળે - આટલો કળિયુગમાં ગુણ છે.

કળિયુગમાં કાળબળ બધે પ્રવર્તી જાય છે. દેવતાઓનું દૈવત મંદ, ઋષિઓનું તપઐશ્વર્ય મંદ, સતીનું સતીત્વ, યોગિની શક્તિ મંદ, ઈશ્વરોનું તેજ, બ્રાહ્મણોનું તેજ વિલીન થાય. મંત્રોનું બળ શિથિલ, જપ, તપ, યજ્ઞ, વ્રત તેનાં ફળ ઓછાં થઈ જાય. તીર્થો નષ્ટ થાય. સાધુના સદ્‌ગુણ ઓછા થાય. જ્ઞાનનું ફળ શાંતિ ન મળે. કળિયુગમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ પણ ઓછાં કામ આપે. બધે આશા-તૃષ્ણા રહે. દીક્ષા, ભિક્ષા, શિક્ષા ન રહે. વ્યવહારમાં પરોપકાર, ક્યાંક સત્યવાણી બોલનારા ભાગ્યે જ મળે.

સંપમાં-સત્કાર્યમાં પાછળ રહેશે. કથા સાંભળનારા ઓછા થશે. માનતા વધશે, ભક્તિ ઓછી થશે. ગ્રહણ બધું કરશે, ત્યાગ ઓછું કરશે. અસત્પુરુષોનું સન્માન, સત્પુરુષોનો અનાદર, ઇન્દ્રિયોનું રંજન, કુટુંબમાં ઉદ્વેગ, નિદ્રા ઓછી, સ્વપ્ન વધારે, વૈદ્યો વધશે. ધૂમ્રપાન, ગાલીવાદ વધશે. કેશ કબારી વાળાની જ શોભા રહેશે. શિક્ષામાં નાટ્યશાળા વધશે. આગગાડીમાં મુસાફરી કરી સત્ત્વહીન ભોજન કરનારા, લોહી વેચનારા, પશુ જેવા થશે. નરનારીઓ ચિત્ર-વિચિત્ર કપડાં પહેરવાથી ભાનરહિત ઓળખાશે નહીં. રાત્રિ-દિવસ કામકાજ કરવા છતાં પૂરી ધન પ્રાપ્તિ નહીં થાય.

✣ લ.સં. ઉપદેશ - ૪૪ ✣

કળિયુગમાં હજારો દોષ હોવા છતાં એક ગુણ મહાન છે, ભગવાનના નામ-કીર્તનથી મોક્ષ મળે. ભગવાનનું સ્મરણ મોક્ષ આપનારું છે, જેવાતેવા પણ ભગવાં વસ્ત્રવાળા સાધુ જીવાત્માનું કલ્યાણ કરશે, કારણ કૃષ્ણને ખોળે બેઠેલા છે. તેઓએ ઘર-કુટુંબ, ગામ, ખેતર, સ્ત્રી બધું ભગવાનને અર્પણ કર્યું, પોતાનો દેહ પણ ભગવાનને અર્પણ કર્યો છે. તેથી અગ્નિ જેવા હોવાથી સર્વકર્મ બળીને ભસ્મ કરે છે. કળિયુગમાં શરીરનો આચાર અશુદ્ધ હોવા છતાં શ્રીહરિને, સંતને શરણે જવાથી પાપીનો પણ ઉદ્ધાર થાય છે.

કળિયુગને અંતે નદી-તળાવ, સરોવર, તિર્થો નહી રહે, મંદિરો નહીં હોય, ત્યારે ભગવા વસ્ત્ર ધારણ કરનારા સાધુના દર્શનથી, સ્પર્શથી, જમાડવાથી, સેવાથી, ચરણરજથી, પગ ધોઈ પાણી પીવાથી, મન, વાણી, શરીરથી સેવા કરવાથી મનુષ્યો શુદ્ધ થશે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણના સંતોનો આશ્રય કરવાથી, સેવા કરવાથી તથા અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું નામ-કીર્તન કરવાથી મોક્ષ થશે. આ સરળ ઉપાય હશે.

કળિયુગમાં કોઈ ઠંડા પાણીએ સ્નાન નહીં કરે, ગરમ પાણીથી કોક સ્નાન કરશે. ત્યાગીમાં ભસ્મ સ્નાન રહેશે, મુખ ધોયું એટલે શુદ્ધિ. દેવપૂજામાં પાણી, આચમનમાં ચા, પ્રભુને નૈવેદ્ય માનસી, ચૂલામાં અગ્નિ તે યજ્ઞ, મહિને કે વર્ષે શ્રીફળ ધરે એટલે નૈવેદ્ય થયું, પ્રભુને દંડવત્, નમસ્કાર, જય, સ્તુતિ બંધ થશે. મળત્યાગ પછી સ્નાન બંધ, પાણીથી હાથપગની શુદ્ધિ. પ્રાયશ્ચિત્ત બંધ થશે, સૂર્યપવનથી શુદ્ધિ થશે. સૂતક નહીં રહે. જન્મ-મરણમાં વ્રતનો ત્યાગ, વ્યસનોનું સન્માન, એકટાણું જમવાનું નહીં, એકપત્નીવ્રત નહીં, ગમે તે વસ્તુને અડવામાં સ્પર્શદોષ ગણશે જ નહીં. મદ્ય-માંસને અશુદ્ધિ નહીં ગણે. લસણ-ડુંગળી પવિત્ર ગણાશે. રાત્રે યંત્રો ચાલુ રહેશે. સૂર્યોદય પછી જાગશે. દેવકર્મ, પિતૃકર્મ, ધર્મકર્મ બધું બંધ થશે. તે સમયે સેવા, અર્પણ, ભક્તિ, ધ્યાન, દાન, કીર્તન અને અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન આ છ સાધનોથી મોક્ષ થશે.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! કળિયુગને અંતે સતયુગના ધર્મસ્થાપન માટે મારે અવતાર ધારણ કરવો પડશે. ત્યારે તું લક્ષ્મી તલવારરૂપે થઈશ. નર અશ્વરૂપે થશે. ત્યારે ધર્મપુત્ર વિષ્ણુ વિપ્રને ત્યાં પ્રગટ થઈને હું શ્વેત અશ્વ પર બેસી પૃથ્વી પર ફરીને પાપીઓનો નાશ કરીશ. મારો વાયુસ્પર્શ જેને થશે તે પણ પવિત્ર થશે. ત્યારે સાધુના, સાધ્વીના, દેવમંદિરોના, આશ્રમોના, સતીના, તપસ્વીઓના, ધર્મો પ્રકાશમાં લાવીશ. એક વર્ષમાં સત્યુગનું સ્થાપન કરીશ. મારા ભક્તો જે સત્યુગી હશે તે જ રહેશે. પૃથ્વી,

વૃક્ષો, ઔષધિઓ, ગાયો બધા રસકસવાળાં થશે. મારા લાખો માનસપુત્રો અધર્મીઓનો નાશ કરશે. જયારે ચંદ્ર, સૂર્ય, બૃહસ્પતિ એક રાશિમાં ભેગા થશે ત્યારે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું સત્યુગમાં ધર્મ અને ઉપાસના પ્રવર્તાવી સવા લાખ વર્ષ સુધી આ પૃથ્વી પર રહીશ.

✤ લ.સં. ઉપદેશ - ૪૫ ✤

તેજસ્વી નચિકેતાને જોઈને અનેક પ્રકારના તપ કરનારા તપસ્વીઓ પૂછવા લાગ્યા : હે નચિકેતા : તે યમપુરીમાં શું જોયું ? શું સાંભળ્યું ? યમરાજા કેવા છે ? ચિત્રગુપ્ત કેવા છે ? તે સર્વે કહે જેથી મનુષ્યોને આલોક અને પરલોકમાં ઉપકાર થાય.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! નચિકેતાએ યમપુરીમાં જે જોયું, તે ઋષિ તપસ્વીઓને કહેતો હતો. ખોટું બોલનારા, જીવહિંસા કરનારા, સ્ત્રી-બાળકોની હત્યા કરનારા, સાધુ-બ્રાહ્મણોને દુઃખ આપનારા, વિશ્વાસઘાતી, કૃતઘ્ની, પરસ્ત્રીનું હરણ કરનારા, કન્યાનો ઘાત કરનારા, ધર્મમાર્ગનો નાશ કરનારા, મદ્ય-માંસ ખાનારા, માતા-પિતાનો ત્યાગ કરનારા, ગુરુનો દેવનો દ્વેષ કરનારા, ઘર, ખેતર, વાડી લઈ લેનારા, માર્ગને-પુલને તોડનારા, નાસ્તિકો, નિર્દય, અપવિત્ર, વ્રતભંગ કરનારા, સર્વભક્ષી, ગોત્ર-અગોત્રને નહીં જાણનારા, કુટુંબક્લેશ કરનારા, મિથ્યાદોષ-કલંક આપનારા, દેવાલય-સદાવ્રત ભાંગનારા, વૃક્ષ ભાંગનારા, કપટથી શાસન કરનારા, તીર્થને નિંદનારા વગેરે અનેક પ્રકારનાં પાપો કરનારા યમપુરીમાં જતા હતા.

યમરાજાને દરવાજે ચિત્રગુપ્ત બેઠો હતો. તે સર્વેનાં કરેલાં કર્મ યમરાજાને સંભળાવતો હતો. યમરાજાનું શહેર એક હજાર યોજનનું હતું. સો યોજનમાં રહેલા મહેલોમાં તેના અધિકારીઓ રહેતા. સર્વે સિદ્ધિથી ભરપૂર હતા. સર્વે સુખથી ભરપૂર હતા.

યમરાજાની સભા ધર્મી, તપસ્વી, સત્યવાદી, જિતેન્દ્રિય એવાથી શોભતી હતી. તે જ સભા ન્યાય આપનારી હતી. તે સભામાં મનુરાજા, વ્યાસ, આપસ્તંબ, શુક્રાચાર્ય, બૃહસ્પતિ, ગૌતમ, શંખ, લિખિત, પત્નીવ્રત પુલહ વગેરે ધર્માચાર્યો યમરાજાની સાથે દરેક ક્રિયા વિચારતા હતા. તેની બાજુમાં બેઠેલા ઋષિઓ વેદવેદાંતના પારને પામેલા, સત્યધર્મને જાણનારા ધર્મરાજાની આગળ કથા કરતા હતા. તેના નિર્ણયોને સાંભળીને પાપીઓને દંડ દેવાને માટે યમરાજા કરોડો દૂતોને આજ્ઞા આપતા હતા, ત્યારે યમદૂતો એક-બે-ત્રણ હાથવાળા, એક બે ત્રણ પગવાળા, હિંસક પશુ જેવા મોઢાવાળા, ભયંકર-વિકરાળ આયુધોવાળા યમદૂતો પાપીઓને દંડ આપતા, તેથી કોલાહલ ભયંકર થતો હતો.

અનેક પ્રકારનાં શરીરોને ધારણ કરનારા યમદૂતો સિદ્ધિવાળા દેખાતા હતા. સર્વે શક્તિવાળા, સર્વે પ્રકારનો દંડ આપનારા, કોઈથી પરાભવ ન પામે તેવા, તેનું વર્ણન ન થઈ શકે તેટલા તેવા હતા. કેટલાક નદી-પર્વતરૂપે રહેલા, કેટલાક ઇચ્છારૂપ ધારણ કરનારા, કેટલાક બ્રહ્માંડ જેવડા, કેટલાક અગ્નિ જેવા, કેટલાક સૂર્ય જેવા, જેવાને જેવો દંડ દેવાનો હોય તેવા રૂપે થનારા તે યમદૂતો હતા.

આ સર્વે જોઈને મેં સૌમ્યરૂપે રહેલા ધર્મરાજાની સ્તુતિ કરી કે, હે કાળના કાળ, પ્રેતનાથ તમને નમસ્કાર. કર્મને જાણી દંડ આપનારા તમને નમસ્કાર. સૂર્યવર્ણ, કૃષ્ણવર્ણ, ધર્મમૂર્તિ તમને નમસ્કાર. આવી મારી સ્તુતિ સાંભળી ધર્મરાજા પ્રસન્ન થયા અને બોલ્યા : નચિકેતા ! તારું શું કાર્ય કરું ? મેં કહ્યું : પ્રભુ, તમારી યમપુરી બતાવો. પાપીઓને જે દંડ દેવાય છે, તે બતાવો. ધર્મરાજાએ દૂતોને આજ્ઞા કરી, નચિકેતાને સર્વે દંડના સ્થાનો બતાવો તથા તેનું રક્ષણ કરજો.

✤ લ.સં. ઉપદેશ - ૪૬ ✤

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! યમદૂતો નચિકેતાને પાપીઓને જ્યાં દંડ અપાતો હતો ત્યાં લઈ ગયા. ત્યાં યમદૂતો પાપીઓને બાંધતા, બાળતા, પછાડતા, વારંવાર તાડન કરતા હતા. લાકડીથી ગાત્રો ભાંગી નાખતા, કાપી નાખતા. ભાંગેલી પીઠવાળા, માથાવાળા, ભયંકર રાડો પાડતા હતા. ત્યાં કોઈ રક્ષણ કરનારો ન હતો. કેટલાકને નરકમાં નાખતા, કેટલાકને અગ્નિમાં નાખતા, કેટલાકને ઊકળતા તેલમાં નાખતા, કેટલાકને યંત્રમાં નાખીને પીલતા. તેથી લોહીની ધારો થતી, કેટલાકને વૈતરણી નદીમાં નાખતા - ત્યાં મોટી દાઢોવાળા ઝેરી પ્રાણી દંશ દેતા. ભમરીમાં પડી અતિ દુઃખ પામતા દેખાતા હતા, હજારો પવનમાં સુકાતા, વમન કરતા, મૂર્છા પામતા હતા. ત્યાં કોઈ રક્ષણ કરનારો ન હતો.

કેટલાક યમદૂતો શાલ્મલી વનમાં તલવારથી, લોઢાના કાંટાથી પાપીઓને તાડન કરતા હતા. કેટલાક યમદૂતો પાપીના માંસ ખાતા, લોહી ચૂસી ફેંકી દેતા હતા. પાપીઓ ફરિયાદી હોય તેવા થઈ જતા. કેટલાક પથ્થરના વરસાદથી, ધૂળ-વંટોળથી દુઃખી થતા, અગ્નિમાં શેકાતા, પાણી આપો એમ રાડો પાડતા, ગરમ પાણી આપતા, પીવાથી હૃદય બળી જતા - આવા અનેક પ્રકારે પાપીઓ દુઃખી થતા. આવાં અનેક પ્રકારના દુઃખો ભોગવતા મેં જોયા.

યમપુરીમાં કેટલાક યમદૂતો પાપીઓને ઉપદેશ કરનારા હતા, તે કહેતા : અરે પાપીઓ ! કોઈને દાન આપ્યું નથી તો તમને કોણ આપશે ? તમારા કર્મ ભોગવીને છૂટા થાવ. પછી પાપ ન કરતા, પુણ્ય કરજો જેથી સ્વર્ગની પ્રાપ્તિ થાય. પછી સારા દયાવાળા, ધર્મવાળા, ભક્તિવાળા કુટુંબમાં જન્મ ધારણ કરીને ભગવાનની ભક્તિ કરજો જેથી પરમગતિને પમાય.

પછી યમદૂતો પાપીઓને આગળ લઈ જતા ત્યાં પાપીઓને એટલો ત્રાસ અપાતો હતો કે જોઈ ન શકાય... તો વર્ણન કેમ થાય ? ત્યાંની પૃથ્વી લોઢાની, અગ્નિથી તપાવેલી, લોઢાના ખીલાવાળી તેની ઉપર પાપીઓને ચલાવતા. અગ્નિ શિલા પર પછાડતા હતા. ભયંકર કૂતરાઓથી કરડતા ભૂખ્યા-તરસ્યા પીડાયા કરતા હતા. ત્યાં અન્ન-પાણી મળતાં નહીં. લોખંડની સ્ત્રીને અગ્નિથી તપાવીને નરને આલિંગન કરાવતા અને કહેતા કે તેં કોઈની સ્ત્રીઓ સાથે ગમન કર્યું છે, તેનું ફળ ભોગવ. તથા અનેક હિંસક પ્રાણીઓથી ભક્ષણ કરાવતા.

અસીતાલ વનમાં, સળગતા વનમાં, બાળતા હતા તથા મુદગરથી મારતા તથા લોહીની નદી, તળાવ, કૂવા, વાવોમાં નાખતા. કીડા-જીવજંતુથી અપવિત્ર કુંડમાં વારંવાર ડૂબકા ખવરાવતા જોયા. અતિશય દુઃખથી દુઃખી થતાં ચારેકોર દોડતા, 'અરે મરી ગયા' એમ બોલતા પાપીના દુઃખનો અંત આવતો નહોતો. દૂતોએ આઠ નરકો ભયંકર બતાવ્યા. મહાતમ્ર, રૌરવ, મહારૌરવ, તામિસ્ર, અંધતામિસ્ર, કાળસૂત્ર, સમતાલ અને તમ્ર. આ આઠમા એક કરતાં બીજામાં બેગણુ દુઃખ, ત્રીજામાં ત્રણગણું દુઃખ એ રીતે આઠમાં આઠગણું દુઃખ હતુ.

✣ લ.સં. ઉપદેશ - ૪૭ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! યમદૂતો હાથી, સિંહ, શિયાળ, પાડા, સર્પ અને વીંછીના જેવા રૂપને ધારણ કરીને પાપીઓને કરડી ખાતા. ચિત્રાગુપ્તે આજ્ઞા કરેલા મંદેહા રાક્ષસો, ગીધ, શકરા, રીંછ, ગધેડાના રૂપને લઈને પાપીઓને દંડ આપતા. યમરાજાએ આજ્ઞા આપેલા ચિત્રાગુપ્તના શાસનથી દૂતો અને રાક્ષસો પાપી જીવને તપાવતા હતા. હિંસક પશુ પાસે ખવરાવતા હતા. માતા-પિતાની હત્યા કરનારાને શાલ્મલી વનમાં કાંટામાં ચલાવતા હતા. પશુહિંસા કરનારને ઊકળતા તેલમાં નાખતા. પ્રાણીને ખાનાર તે જ પ્રાણી તેને ખાતા તથા દેવાલયને ભોગવનારાને મર્મ સ્થળે ખીલા મારતા.

ચાડી કરનારા, ખોટી સાક્ષી પૂરનારાને નિંદકને મોઢામાં-કાનમાં તપાવેલા ખીલા નાખતા હતા. અસત્ય બોલનારા, નિંદા કરનારાની જીભ કાપી નાખતા. બળાત્કાર કરનારાના લિંગ કાપી નાખતા. સુવર્ણની ચોરી કરનારને મુદ્દગરથી ભાંગી અગ્નિમાં નાખતા. કન્યાહરણ, ગાય-વિપ્રના હત્યારાને વાઘ પાસે ખવરાવતા. દેવપૂજારહિત, દેવ-દ્રવ્યનો નાશ કરનારાને ગરમ પાણીના ધરામાં નાખતા. અન્ન-પાણીની ચોરી કરનારાને લોઢાના ગરમ દંડથી મારતા.

ગુરુનો, બાળકોનો ઘાત કરનારાને ક્ષયરોગ મૂકી ગુફામાં નાખી દેતા. રસની ચોરી કરનારને વિષ્ટામાં નાખતા. બીજાનો ઘાત કરનારને ઊંધે માથે બાંધી નીચે તાપ કરતા. ભૂતપ્રેતના અભિચારવાળા, મલિન વિદ્યાવાળા, હીન, નિર્ધન, નિરાશ્રિતને દુઃખ આપનારા પાપીને યમદૂતો વીંછીવાળી ઊંડી ખાઈમાં નાખતા હતા.

ઝેર આપનારા, અગ્નિ લગાડનારા, વૃષણ ઉચ્છેદે કરનારા, પાંજરામાં પૂરનારા, ઘાત કરનારા, ઘોર નરકમાં પડીને પછી અપંગના જન્મને પામે છે. તેમજ માથાના દુઃખાવાવાળા, જડ, અંધ, બહેરા, કાણા, ફાંગા, કોઢવાળા, શ્વાસના રોગવાળા આવા અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે. વાણીથી દોષ આપનારા, નિંદક, શઠ, નિર્દય, ઈર્ષ્યાવાળા નરકનાં દુઃખો ભોગવીને પશુ-પક્ષીના જન્મને પામે છે. પછી મનુષ્યજન્મ પામી નષ્ટ ચિત્તવાળા, અસ્થિર મનવાળા થાય છે. એવાને નરકનાં દુઃખ ભોગવીને મનુષ્યમાં જ્યાં ભૂખ-તરસનું દુઃખ હોય, રાજાનો ભય હોય, ચોરનો ભય હોય ત્યાં જન્મો થાય છે.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! ચિત્રગુપ્તની આજ્ઞાથી યમદૂતો નચિકેતાને અનેક નરકનાં સ્થાનો બતાવતા હતા અને પાપીઓને દુઃખો ભોગવાવીને સર્પના, વાઘના, કીટના, જીવ-જંતુના અનેક જન્મોમાં મોકલતા હતા. રુદ્ર, સંકર્ષણ, ધર્મરાજા, ચિત્રગુપ્ત આજ્ઞા કરતા તે પ્રમાણે યમદૂતો પાપી જીવોને જાગ્રતમાં હોય કે નિદ્રામાં, સુષુપ્તિમાં હોય કે મૂર્છામાં, આયુષ પૂર્ણ થયે લાવીને ધર્મરાજા પાસે હાજર કરતા. ચિત્રગુપ્ત કહેતા કે આ જીવ પુણ્યશાળી છે, તેને સ્વર્ગમાં જવા દો. આ જીવે ગાય, બ્રાહ્મણ, સાધુ, દેશને માટે પ્રાણ આપ્યા છે માટે તેને સ્વર્ગમાં મોકલો. આ જીવે રત્નો, સુવર્ણનાં દાન આપ્યાં છે માટે તેને અશ્વિનીકુમાર દેવોના લોકમાં મોકલો. આ જીવે પિતૃઓને કર્યા છે તેને સત્યલોકમાં જવા દો. આ જીવે પૃથ્વીનું દાન કર્યું છે માટે તેને સ્વર્ગમાં જવા દો. આ જીવે અતિથિ સત્કાર, બ્રાહ્મણ, સાધુને જમાડ્યા છે માટે તેને વૈરાજલોકમાં જવા દો.

✣ લ.સં. ઉપદેશ - ૪૮ ✣

નચિકેતા ઋષિઓને કહે : ચિત્રગુપ્ત આ સર્વે વર્ણન કરતા હતા. ત્યાં સભામાં નારદજી આવ્યા. યમરાજાએ પૂજા કરી આસને બેસાડ્યા. નારદજીએ પૂછયું : હે ધર્મરાજા, આ જીવ અમરપણું કેમ પામે ? જપથી, તપથી, દાનથી, નિયમથી કે ઉપાસનાથી ? શાશ્વત કીર્તિ સ્થાનની પ્રાપ્તિ કેમ થાય ? કયા પાપકર્મથી જીવ નરકમાં જાય છે ? તે સર્વે લોકકલ્યાણ માટે કહો. યમરાજાએ સર્વે સાંભળતા નારદજીને કહ્યું : મનુષ્યો ધર્મ અને પુણ્યથી સ્વર્ગને મેળવે છે. અધર્મ અને પાપથી નરકમાં જાય છે. સત્યવક્તા, જ્ઞાની, શૂરવીર, ભૂમિદાન કરનારા, કપટથી રહિત, સ્વામીભક્તો, અહિંસક, બ્રહ્મચર્યનું પાલન કરનારા, દાન કરનારા, પિતૃભક્તો, સાધુ-ભક્તો સર્વે ભૂતપ્રાણીમાત્રમાં દયાવાળા આવા જીવાત્માઓ કયારેય પણ નરકમાં જતા નથી.

વૈરાગ્યવાળા, સેવા કરનારા, અન્નજળથી સદાવ્રત ચલાવનારા, યજ્ઞ કરનારા, ચાતુર્માસમાં વ્રતો કરનારા, તલ-ગાય-સોનું-પૃથ્વીનું દાન કરનારા, વ્રત કરનારા, ગુરુની આજ્ઞામાં રહેનારા, મૌન વ્રતવાળા, શાસ્ત્રના અભ્યાસવાળા, આત્મનિષ્ઠાવાળા, સર્વે ઇચ્છાઓથી નિવૃત્ત થયેલા જિતેન્દ્રિય આવા જીવાત્માઓ ક્યારે પણ નરકમાં જતા નથી અને અમરપણું પ્રાપ્ત કરે છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણની ભક્તિથી અમરપદ પ્રાપ્ત કરે છે. જ્ઞાનથી, અભયદાનથી, બ્રહ્મવ્રતથી, તપથી, જપથી, ઉપાસનાથી અમરપદ પ્રાપ્ત કરે છે.

યશ-કીર્તિ, સ્વર્ગભોગ, આયુષ્ય, જ્ઞાન, વિજ્ઞાન, આરોગ્ય, સૌભાગ્ય, ધનસંપત્તિ, પુત્ર-પુત્રી વગેરે તપ અને વ્રતથી પ્રાપ્ત થાય છે. મૌનથી વાણીની સિદ્ધિ થાય. સંતોષથી ઉત્તમ સુખ મળે. દાનથી ભોગ મળે. બ્રહ્મચર્યથી જીવન મળે. દીક્ષાથી પવિત્રપણું મળે. ફળફૂલ ખાનારાને રાજ્ય મળે. પાંદડાં ખાનારાને સ્વર્ગ મળે. દૂધ પીનારો સ્વર્ગમાં જાય. દ્રવ્યદાન કરનારો શ્રીમંત થાય. ગુરુની સેવા કરનારા સારા સંતાનવાળા થાય. ગાયનું, રસનું દાન કરનારા, સાદડીનું આસન કરી નિદ્રા લેનારા તેના ઇચ્છેલા સર્વે સંકલ્પો પૂર્ણ થાય.

પશુના દાનથી પશુ મળે. વાહનના દાનથી વાહન મળે. પુષ્પ-ગંધ-ફળ-વૃક્ષોનાં દાનથી સ્ત્રીરત્નોવાળું ઘર મળે. ગૃહદાનથી ગૃહ મળે. શય્યાદાનથી શય્યા મળે. ઘી, તેલ, મધ, સાકરના દાનથી તેજસ્વી થાય. ફળના દાનથી પુત્ર થાય. પુષ્પદાનથી સૌભાગ્ય મળે. છત્રદાનથી રાજ્ય મળે. રથના દાનથી વિમાન મળે. પ્રાણદાન અને અભયદાનથી સર્વે સંકલ્પ પૂર્ણ થાય છે. ધર્મરાજા કહે : હે નારદજી, જે વસ્તુ-પદાર્થ મેળવવા હોય તેણે તે વસ્તુનું દાન કરવું. ધર્મરાજાનું આવું ધર્મદાન-વૃત્તાંત સાંભળી નારદજી ધર્મરાજાને નમસ્કાર કરી સત્યલોકમાં ગયા.

✣ લ.સં. ઉપદેશ - ૪૯ ✣

નચિકેતા કહે : ધર્મરાજા, સર્વે મનુષ્યો તપ-વ્રત કરે છતાં પાપબુદ્ધિ કેમ થાય છે ? બુદ્ધિ રાગદ્વેષવાળી કેમ થાય છે ? ધર્મરાજા કહે : હે નચિકેતા ! બ્રહ્માએ માનવો કેવળ એક કલ્યાણ માટે જ સર્જ્યા છે. બીજા સર્વે જન્મમાં દુઃખ રહેલું છે. મનુષ્ય-જન્મમાં ધર્મ-જ્ઞાનપરાયણ થઈને ભક્તિથી સ્વર્ગ અને મોક્ષ બંને મેળવી શકે છે. તપથી, દાનથી સ્વર્ગમાં શરીરસુખ પામે છે. આત્મચિંતન અને તૃષ્ણાનો ત્યાગ કરવાથી મોક્ષ થાય છે. પાપને કરાવનારો બીજો કોઈ નથી પણ તૃષ્ણાથી જ પોતે પાપ કરે છે. ઇચ્છેલું ન મળે એટલે દ્વેષ કરે. ઇચ્છેલું મળે એટલે રાગ થાય. આ રાગ અને દ્વેષ તૃષ્ણાથી થાય છે. તે અવિવેકથી આગળ દોડ્યો જાય છે. પાપથી ન કરવાનાં કાર્યો કરે છે. તેથી આત્માને અધોગતિમાં નાખી કરેલાં કર્મો અનેક જન્મોમાં ભોગવે છે.

આત્મા પોતે પોતાનો શત્રુ અને મિત્ર થાય છે. સારું દેખે - સારાં કાર્યો કરે તો સાધુ થાય છે અને પુણ્યનો ભાગીદાર થાય છે. સારું દેખી ન શકે, સારાં કાર્યો કરી ન શકે તે દુષ્ટ થઈને નરકને ભોગવે છે. તેથી શાસ્ત્રોથી કરવા યોગ્ય કર્મ અને ન કરવા યોગ્ય કર્મ જાણીને પાપનો નાશ કરનારાં, એવાં કર્મો કરી પુણ્ય પ્રાપ્ત કરીને સ્વર્ગમાં દેવોની સાથે રહે છે.

શુભ કર્મોના ફળ આપનારા અંતર્યામી પરમાત્મા છે. શરીરથી, વાણીથી, મનથી, તપથી થતાં શુભ કર્મોથી પૂર્વનાં પાપથી મુકાય છે. જે સર્વેમાં સમાન દૃષ્ટિવાળો, શાંત મનવાળો, પરોપકારી, બીજાને સુખ આપનારો તે પાપથી મુકાય છે. તત્ત્વને જાણનારો જડ-ચેતનના ગુણને જાણનારો કયાંય મોહ નહિ પામનારો સર્વ ઇચ્છારહિત તે શાશ્વતપદ પામે છે. ગુણદોષને જાણનારો આત્મધ્યાનપરાયણ સર્વે પાપથી મુકાય છે. ન્યાયમાર્ગમાં રહેનારો, ધ્યાન-ધારણા કરનારો, જેને કોઈ આશા નથી, આત્મામાં તૃપ્ત રહેનારો તે પરમપદને પામે છે.

દેવપૂજામાં ભક્તિવાળો, પિતૃસેવા પરાયણ, ગુરુસેવા કરનારો, ઈર્ષ્યારહિત, ઉદાર મનવાળો, સર્વ બંધનથી રહિત થાય છે. મંગળ ઉત્સવ કરનારો, સવારે ઊઠી માતા-પિતા, દેવગુરુ, બ્રાહ્મણ, સંત-સાધ્વીને નમસ્કાર કરનારો સર્વે પાપથી મુકાય ને મોક્ષનો ભાગી બને છે. તથા શ્રીહરિના ભક્તો, દેવો-મુનિઓ, સતી-સાધ્વીઓ, બ્રહ્મચર્યપરાયણ ગુરુઓ તેના ચરણમાં મસ્તક મૂકી તેની આજ્ઞાપરાયણ સેવામાં રહેવું. ગુરુસંતની સેવાપરાયણ સર્વે પાપથી મુકાય છે. ગુરુની પ્રદક્ષિણા કરી ધ્યાન કરવાથી, પૂજા કરવાથી, ગુરુ-હરિની સેવાથી પાપથી મુકાય છે.

સો પ્રાણાયામ કરવાથી, સૂર્ય-ચંદ્રને નમન કરવાથી પાપથી મુકાય છે. ગાયની સેવાથી તથા પંચગવ્ય પીવાથી સર્વે પાપથી મુક્તિ થાય છે. ગાયના પૂછથી પાણી મસ્તક પર છાંટે તે સર્વે તીર્થના ફળને મેળવે છે. ગૌમૂત્રથી જે ન્હાય તે પાપથી રહિત થાય. નદીમાં કેડસમા પાણીમાં ઊભા રહી તલ સાથે સાત અંજલિ સૂર્યને આપી ત્રણ પ્રાણાયામ કરી શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરે તો આખા જીવનના પાપ નાશ પામે. એકાદશી વ્રત કરી બારસનાં પારણાં કરનાર, વ્રતને દિવસે ઉત્સવોમાં સંક્રાંતિ વગેરે પર્વોમાં શુદ્ધ દૂધ, દહીં-ઘી વગેરે સાધુ-બ્રાહ્મણને આપે તો પાપથી મુક્ત થાય છે. જીવાત્માઓ એકાદશીનું વ્રત ભક્તિપૂર્વક કરે તો પાપરહિત થઈ પરમપદને પામે છે. સુદ એકાદશી ભક્તિ આપનારી છે. વદ એકાદશી મુક્તિ આપનારી છે. આખા માસમાં કરેલું પાપ એકાદશી બાળી નાખે છે.

એકાદશીએ ઉપવાસ કરવા સમર્થ ન હોય તેણે નક્ત ભોજન એટલે સૂર્યાસ્ત પછી જમવું. અથવા દિવસે એકટાણું કરવું. અષાઢ સુદ એકાદશી દેવશયની, ભાદરવા સુદ એકાદશી પરિવર્તીની જળજીલણી તથા કારતક સુદ એકાદશી પ્રબોધિની આ ત્રણ એકાદશીએ ઉપવાસ કરવાથી સર્વે પાપથી રહિત થવાય છે. હજારો જન્મો સુધી પરમાત્માની આરાધના કરે ત્યારે પાપનો ક્ષય થાય છે ત્યારે વૈષ્ણવ ભક્ત થાય છે. તે ભક્ત-મુક્ત આખા જગતને પવિત્ર કરે છે તથા પરમપદને પામે છે. એવા ભક્તના દર્શનથી, સ્પર્શથી ચાંડાલ પણ શ્રીહરિની ઇચ્છાથી ભગવદ્ ભક્ત થાય છે.

યમરાજા કહે : હે નચિકેતા ! ગમે તેવો પાપી, અધર્મી, હિંસક, સર્વભક્ષી, અપવિત્ર, અશુદ્ધ, મનુષ્ય પણ વૈષ્ણવ સાધુના પગ ધોઈને પાણી પી સ્નાન કરે તો તે પાપીનાં સર્વે પાપ બળી જાય છે. સંત પુરુષોની દૃષ્ટિથી ક્ષુદ્રો, ચાંડાલ અને સ્ત્રીઓ પવિત્ર થાય છે. સંતના સ્પર્શથી પાપ નાશ પામે છે. સંતની સેવાથી ભૌતિક સંપત્તિ અને શરીર દિવ્ય બને છે. સંતનો યોગે તે શ્રીહરિનો યોગ, સાધુ હોય ત્યાં યમદૂતો આવતા નથી. શ્રીહરિના પ્રત્યક્ષ યોગથી સાધુબ્રહ્મ નિર્ગુણ મૂર્તિ છે. સંત-પુરુષોના યોગમાં આવતી વસ્તુ પણ દિવ્ય થાય છે. નદી, તળાવ, કૂવા, વાવ, સરોવર, સમુદ્ર, સ્થાવર, જંગમ, જડ, ચૈતન્ય સર્વે તીર્થ સંત પુરુષના ચરણસ્પર્શથી થયેલાં છે.

યમરાજા કહે : હે નચિકેતા ! આ તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભગવાનની ભક્તિનું રહસ્ય તથા આત્મજ્ઞાન કહ્યું. આ જ્ઞાન સર્વેના ઉદ્ધાર માટે આપજે. નચિકેતાએ આ વાત સર્વે ઋષિઓ-તપસ્વીઓને સંભળાવી તેમની ચરણરજ માથે ચડાવી.

❖ લ.સં. ઉપદેશ - ૫૦ ❖

યમરાજા કહે : હે સાવિત્રી ! કર્મથી જન્મ, મૃત્યુ, સુખ-દુઃખ, ભય, શોક સર્વે કર્મથી થાય છે. જીવાત્મા કર્મથી સ્વર્ગ, સત્યલોક, ઈશ્વરપદ પ્રાપ્ત કરે છે. કર્મ વડે શ્રીહરિનો દાસ થઈ શુભ કર્મોથી મુક્તિ પામે છે. કર્મથી જ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અન્ય વગેરે જન્મો ધારણ કરે છે. કર્મથી જ પર્વત, વૃક્ષ, કીટના સ્થાવર-જંગમ જન્મ પ્રાપ્ત કરે છે. કર્મથી જ દેવ થાય, કર્મથી જ રાક્ષસ થાય, કર્મથી જ પાપવાળો થાય, કર્મથી જ પુણ્યવાળો થાય છે. સુરૂપ, કુરુપ, રોગી, નીરોગી, અંધ, કાણો સર્વે કર્મથી જ થાય છે.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! સાવિત્રીએ યમરાજાને પગે લાગી પૂછયું. શુભ-અશુભ કર્મ કયા કારણથી થાય છે ? તેનું ફળ શું ? ફળ કોણ ભોગવે છે ? નિર્લેપ કોણ છે ? કર્મ નિર્મૂળ કેમ થાય ? સાધુ કેમ થવાય ? જ્ઞાન કેમ થાય ? મન, બુદ્ધિ, પ્રાણ કોણ છે ? ઇન્દ્રિયો, દેવતા, વિષય ભોગવનારો અને આપનારો કોણ છે ? હે યમરાજા ! તમે જે જાણતા હો તે કહો. સાવિત્રીના પ્રશ્નો સાંભળી યમરાજા કહે : હે સાવિત્રી ! વેદશાસ્ત્રમાં કહેલાં શુભ કર્મ મંગલ કરનારાં છે. અશુભ કર્મ દુઃખ આપનારાં છે. કર્મનું મૂળ બીજ વાસના અને ભાવના છે. કર્મફળ આપનારા અંતર્યામી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સર્વમાં રહ્યા છે.

શુભ ઇચ્છાથી શુભ કર્મ થાય છે. અશુભ ઇચ્છાથી અશુભ કર્મ થાય છે. કર્મનું કારણ પ્રયત્ન છે. પ્રયત્નનું કારણ ઇચ્છા છે. ઇચ્છાનું કારણ જ્ઞાન તે જીવમાં રહ્યું છે. જ્ઞાનનું કારણ સંકલ્પ તેમાં પરમેશ્વર રહ્યા છે. ઈશ્વરીશક્તિ ક્રિયાને જન્મ આપે છે. તેથી શ્રીહરિની ઇચ્છાશક્તિથી જીવમાં જ્ઞાન અને ક્રિયા થાય છે. સર્વેના કારણ અંતર્યામી પરમાત્મા સર્વના કર્મફળને આપે છે. જીવાત્મા તે કર્મફળ ભોગવે છે. સાધુઓ કર્મફળથી રહિત છે. સાધુનાં સર્વે કર્મો ભગવાનની સેવાવાળાં હોવાથી શુભ છે. ઇચ્છા-સંકલ્પરહિત શ્રીહરિની પ્રસન્નતા માટે સાધુનાં સર્વે કર્મો ભક્તિરૂપ થાય છે અને તે કર્મ નિર્ગુણ-નિષ્કામ કહેવાય છે.

શ્રીહરિના ભક્ત સદા મુક્ત કહેવાય છે. મુક્તિ બે પ્રકારની છે. એક જીવનમુક્તિ, બીજી બ્રહ્મમુક્તિ. જીવનમુક્તિ તે ભક્તિરૂપ છે, તે હરિભક્તો ઇચ્છે છે. બ્રહ્મમુક્તિ છે, તે ધામમાં પરમ પ્રભુની સેવા; સાધુઓ ઇચ્છે છે. જીવ અને ઈશ્વરોના ચોવીસ તત્ત્વોના દેહ છે, તેને સ્વરૂપ, ગુણ અને કાર્યથી જાણવું તેને જ્ઞાન કહેવાય છે. સર્વે વ્યવહારનું કારણજ્ઞાન તે આત્મામાં રહેલું છે. મૂળ માયા સત્ત્વ રજ અને તમોમયી છે. તે બુદ્ધિરૂપે, મનરૂપે અને પ્રાણરૂપે થાય છે. મન સંકલ્પ કરનાર, બુદ્ધિ નિર્ણય કરનારી અને પ્રાણ

જીવના જીવનરૂપે થાય છે. આત્માને ઇન્દ્ર કહેલો છે. તે કર્મઇન્દ્રિયો અને જ્ઞાનઈન્દ્રિયોથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચવિષયને ભોગવે છે.

ઇન્દ્રિયોના દેવતા તે આત્માના મિત્ર છે. તેના દ્વારા આત્મા ભોક્તા કહેવાય છે. ભોગવનારા અંતર્યામી પરમાત્મા છે. જીવ જ્યારે સ્થૂળ-સૂક્ષ્મ અને વાસનામય કારણદેહ તેને જાણે છે તેમજ જેને લઈને સુખ ભોગવે છે એવા અંતર્યામી પરમાત્માને ભજે છે ત્યારે આત્મા વાસનારહિત થાય છે - ત્યારે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિથી રહિત થાય છે.

પ્રભુની ભક્તિ વિના સર્વે દુઃખની શાંતિ અને નિર્વાસનિક થવાનું બીજું બળવાન સાધન કોઈ નથી. સ્વર્ગ અને મોક્ષ આપનારા શ્રીહરિ પુરુષોત્તમ નારાયણ તેની નવધા ભક્તિ કરવી તો આ આત્માનો મોક્ષ થાય. શ્રીહરિની કથા, શ્રવણ, કીર્તન, સ્મરણ, શરીરસેવા, પૂજા, સ્તુતિ, દાસપણું, મિત્રપણું અને સર્વે સમર્પણ આ નવ પ્રકારની ભક્તિ મોક્ષ આપે છે. ગુરુનો આશ્રય, દીક્ષામંત્ર, ગુરુસેવા, વિશ્વાસથી સારા માર્ગે જવું, સધર્મપાલન, શ્રીહરિ માટે ભોગ, ત્યાગ, તીર્થભૂમિમાં વાસ, નિર્વાહ પૂરતો વ્યવહાર, વ્રતપાલન, દૈવી વૃક્ષોની પૂજા આ દશ ભક્તિ વધારનારાં છે.

પુત્ર અને શિષ્યમાં હેત ન રાખવું. કુસંગીનો સંગ ન કરવો. બહુ મોટા કાર્યનો આરંભ ન કરવો. વૃથા વિવાદ ન કરવો. શોક-મોહનો ત્યાગ કરવો. શ્રીહરિ માટે દ્રવ્યદાન કરવું. ગુરુની, દેવની નિંદા ન કરવી. દેવનો અપરાધ ન કરવો. દેવની નિંદા સહન ન કરવી.

શ્રીહરિનાં ચિહ્નો તિલક, કંઠી, માળા ધારણ કરી દંડવત્ નમસ્કાર શ્રીહરિ પાસે કરવા. સંત, ભક્ત, તુલસી, શાસ્ત્ર, તીર્થ વગેરેનું પૂજન કરવું. યથાશક્તિ દાન-સેવા કરવી. સત્પુરુષમાં પ્રીતિ અને આત્મનિષ્ઠા આવા ગુણો શ્રીહરિમાં સ્નેહ વધારનારા અને ભક્તિમાં પુષ્ટિ કરનારા છે. સંતપુરુષોની સેવા કરી કૃપા મેળવવી. શ્રીહરિના ગુણચરિત્રો સાંભળવામાં શ્રદ્ધા રાખવી. શ્રીહરિમાં પ્રેમભક્તિ થાય તે આશ્રય ઉત્તમ છે. શ્રીહરિમાં રાગ-વૃદ્ધિ, શ્રીહરિના ધર્મમાં સ્થિતિ, ભક્તમાં ભગવાનના ગુણનો વાસ આવી રીતે ભક્તિના અનેક પ્રકારો છે.

હવે પરાકાષ્ઠા પ્રેમલક્ષણા ભક્તિમાં કોઈ વિધિ નથી. તે સર્વેથી શ્રેષ્ઠ મૂર્ધન્ય શાશ્વતી ભક્તિ કહેવાય છે. તે મુક્તની બ્રહ્મની ભક્તિ બ્રહ્માનંદવાળી, અમૃતના સાગર જેવી છે. જેને શ્રીહરિમાં પ્રેમભક્તિ થઈ તે સ્વપ્નમાં પણ યમપુરી જોતો નથી. કરોડો જન્મના પુણ્ય ભેળા થાય ત્યારે એવી પ્રેમભક્તિ શ્રીહરિમાં થાય છે. તે ભક્ત-મુક્ત અતિપાપીને પણ પવિત્ર કરે છે. એવા ભક્તને ગ્રહો, યમદૂતો, રાક્ષસો, ભૂતપ્રેત, પિશાચ કોઈ બાધ કરતા નથી.

✣ લ.સં. ઉપદેશ - ૫૧ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! સાવિત્રી યમરાજાને કહે : જીવ કેવાં કર્મ કરીને કેવી યોનિને પામે છે ? કયા કર્મથી સ્વર્ગ અને નરકમાં જાય છે ? અને કેવાં કર્મથી મુક્તિ થાય છે ? યમરાજા કહે : હે સાવિત્રી ! તું પૂર્વે થયેલી અનેક પતિવ્રતાઓ સમાન છો. મૂર્તિ, દેવહુતિ, અહલ્યા, અરુંધતી જેવી છો. સૂર્યની સંજ્ઞા, અનાદિ શ્રીકૃષ્ણનારાયણની માણિકી, પાર્વતી, પ્રભા સમાન તું છો. તેથી હું તારા પર પ્રસન્ન છું.

તે પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તર સાંભળ. પૃથ્વીમાં મનુષ્ય શુભ-અશુભ કર્મ કરે છે, તે આ લોકમાં જ ભોગવે છે. દેવો, દૈત્યો, દાનવો, રાક્ષસો અને મનુષ્યો તે સર્વેનું જીવન સમાન નથી. જીવાત્મા શુભ કર્મથી સ્વર્ગ, અશુભ કર્મથી નરક, રાજસ કર્મથી મનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. સાત્ત્વિક પુણ્યથી દેવતા થાય છે. તામસી કર્મથી રાક્ષસ, પિશાચ, ભૂતપ્રેત, પશુ-પક્ષી, વૃક્ષવેલી, કીટ-જંતુ વગેરે થાય છે અને ચોરાસી હજાર ખાણમાં અનેક દુઃખોને ભોગવે છે. કુકર્મથી રોગી થાય છે. શુભ કર્મથી નીરોગી રહે છે. બીજાના નેત્રને નાશ કરનારો અંધ અને કાણો થાય છે. નિંદા સાંભળનારો બેરો થાય છે. બીજાને દુઃખ આપનારો ગાંડો થાય છે. બીજાનું દ્રવ્ય હરનારો દરિદ્ર થાય છે. અપમાન-તિરસ્કાર કરનારો મૂર્ખ થાય છે.

તપવ્રતથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વિષ્ણુભક્તિથી વૈકુંઠની પ્રાપ્તિ થાય છે. કૃષ્ણભક્તિથી ગોલોક ધામની પ્રાપ્તિ થાય છે. શ્રીહરિની કૃપાથી ચાર પ્રકારની મુક્તિની પ્રાપ્તિ થાય છે. કર્મ અસંખ્ય છે. પાપીઓ અસંખ્ય છે. નરકો અસંખ્ય છે. બીજાને દુઃખ આપે છે તેને દુઃખ આવે છે. બીજાને સુખ આપે છે તેને સુખ આવે છે. મનુષ્યજન્મમાં વિપ્ર, સાધુ, સાધ્વી શ્રેષ્ઠ છે. તે સર્વે ભક્તિવાળા ભક્ત કુટુંબમાં જન્મ લે છે.

નિષ્કામ ભક્તિવાળા બ્રહ્મ મુક્તને આવવું પડતું નથી. તીર્થમાં રહેલા તપસ્વી સત્યલોકમાં જાય છે. કન્યાદાન કરનારો ચંદ્રલોકમાં જાય. ગાય, ચાંદી, વસ્ત્ર, ફળ, જળના દાનથી સ્વર્ગમાં જાય. સોનાના દાનથી સૂર્યલોકમાં જાય. ભૂમિદાનથી શ્વેતદ્વીપમાં જાય. જે જે દેવને દાન કરે તે તે દેવના લોકને પામે. પીપળો વાવનારો જનલોકમાં જાય. પુષ્પફળનો બગીચો દાનમાં આપનારો વિષ્ણુલોકમાં જાય. હિંડોળો-પારણું દાન કરનારો વિષ્ણુલોકમાં જાય. રાજમાર્ગ મહેલ સુધારે તે ઇન્દ્રલોકમાં જાય. આ લોકમાં જે આપે છે, દાન કરે છે તેને પરલોકમાં મળે છે. દાન આપ્યા વિના કાંઈ મળતું નથી.

અન્નદાન કરનારો સ્વર્ગમાં જાય. દેવ-વિપ્રને આસન આપનારો અગ્નિલોકમાં જાય. દેવવિપ્રને ગૌદાન કરે તો વૈકુંઠ-ગોલોકમાં યુગો સુધી વાસ કરે. ગાયનું દાન કરે તો

ગાયના રોમ તેટલા યુગો સુધી વૈકુંઠમાં વાસ કરે. છત્રના દાનથી વરુણલોકમાં જાય. પાદુકા આપવાથી વાયુલોકમાં જાય. શય્યા આપનારો ચંદ્રલોકમાં જાય. ઘી-તેલ દાન કરનારો, મંદિરમાં દીપદાન કરનારો એક મન્વંતર સુધી સત્યલોકમાં વાસ કરે. હાથીનું દાન કરનારો ઇન્દ્રના અર્ધ આસને બેસે. અશ્વદાનથી વરુણલોકમાં જાય. વાહનદાનથી વિષ્ણુલોકમાં જાય. ચામર વ્યંજન દેનારો વાયુલોકમાં જાય. દ્રવ્ય-ગૃહદાન કરનારો કુબેરના લોકમાં જાય. ખેતરવાડી દેનારો વિષ્ણુના લોકમાં વાસ કરી પૃથ્વીમાં ધન, સ્ત્રી, પુત્રવાળો થાય. ગામ મંદિરમાં આપે તો લાખ મનુ સુધી વૈકુંઠમાં વાસ કરે.

સર્વે તપ ઉપવાસ કરનારો, સર્વસ્વ દાન કરનારો, સર્વે સિદ્ધિવાળો થઈને વૈકુંઠમાં ગોલોકમાં અક્ષરમાં અને પરમધામમાં જાય છે. તેની પુનરાવૃત્તિ થતી નથી. શ્રીહરિના મંત્રનો સતત જપ કરનારો મનુષ્યશરીર ત્યજી દિવ્ય શ્રીહરિ સમાન થઈને શ્રીહરિના ચરણને પામે છે. કૃષ્ણભક્તો ગોલોકમાં કૃષ્ણ સમાન થાય છે. વૈષ્ણવો વૈકુંઠમાં નારાયણ સમાન થાય છે. દેવો, ઈશ્વરો, સિદ્ધો, બ્રહ્માંડો સર્વેનો લય થાય છે પણ શ્રીહરિના ભક્તોનો લય થતો નથી.

કાર્તિકમાં શ્રીહરિને જેટલાં તુલસીપત્ર અર્પણ કરે તેટલા યુગ શ્રીહરિ પાસે વાસ કરે છે. કાર્તિકમાં દીપદાન કરે તે શ્રીહરિ પાસે વાસ કરે. વૈશાખમાં પાણીની પરબ બાંધી શ્રીહરિને ચંદન આપે તથા સાથવો આપે તે વૈકુંઠમાં વાસ કરે છે. જન્માષ્ટમીનું વ્રત કરનારો સો જન્મના પાપથી શુદ્ધ થઈને ગોલોકમાં વાસ કરે છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણની અષ્ટમીનું વ્રત કરનારો શ્રીહરિના ધામને પામે છે. શિવરાત્રિનું વ્રત કરનારો કૈલાસમાં જાય. રામનવમીનું વ્રત કરનારો રામધામમાં વાસ કરી રામભક્ત થઈને વૈકુંઠમાં જાય છે. શરદપૂનમે શ્રીહરિની શંકરની ષોડશોપચારથી પૂજા કરી, નૈવેદ્ય ધરી, આરતી કરી, ગીત-વાજિંત્ર સાથે નૃત્યરાસ કરનારા સાત મન્વંતર સુધી ધામમાં વાસ કરે છે.

ભાદરવા સુદ આઠમે મહાલક્ષ્મીની પૂજા કરનારો વૈકુંઠમાં વાસ કરે છે. શરદપૂનમે રાધા-કૃષ્ણની પૂજા કરનારો ગોલોકમાં જાય છે. એકાદશીવ્રત કરનારો બ્રહ્માની આયુષ્ય સુધી વૈકુંઠમાં વાસ કરે છે. જેઠ સુદ - ચૌદશે સાવિત્રીની પૂજા કરનારો સાત મનુ સુધી સત્યલોકમાં વાસ કરે છે. ગાય, સુવર્ણનું દાન કરનારો વૈકુંઠમાં વાસ કરે છે. જે શ્રીહરિના એક કરોડ નામ જપ કરે છે, તે જીવનમુક્ત થાય છે. શાલિગ્રામની પૂજા કરીને પ્રસાદ જમનારો વૈકુંઠને પામે છે. સર્વે યજ્ઞોમાં શ્રેષ્ઠ વિષ્ણુ યજ્ઞ કરે તો મુક્ત થાય છે અને જ્ઞાન અને તેજ વડે વિષ્ણુતુલ્ય થાય છે.

યમરાજા કહે : હે સાવિત્રી ! મુક્તિ આપનારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ચરણકમળની સેવા તેની કથા, તેનું ધ્યાન, પૂજન, કીર્તન, ભજન, સ્તોત્ર, સ્મરણ, વંદન, જપ, તેનું ચરણામૃત, તેનો પ્રસાદ-ભોજન ગ્રહણ કરવું.

✣ લ.સં. ઉપદેશ - ૫૨ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! શ્રીહરિની ભક્તિનો મહિમા યમરાજા પાસેથી સાંભળીને સાવિત્રીએ પૂછયું : હે યમરાજા ! કયા વિધિથી શ્રીહરિને ભજવા ? યમરાજા કહે : હે સાવિત્રી ! સવારમાં જાગી શ્રીહરિનું સ્મરણ કરવું. હૃદયમાં મૂર્તિનું ધ્યાન કરવું. સ્નાનક્રિયામાં, અંતરમાં, જમવામાં, ફરવામાં સર્વક્રિયામાં શ્રીહરિનું સ્મરણ કરવું. પરાભક્તિથી ઇન્દ્રિયો-અંતઃકરણને શ્રીહરિમાં જોડવા. જીભથી કીર્તન કરવા. કાનેથી કથા સાંભળવી. નેત્રથી દર્શન, નાસિકાથી શ્રીહરિનો ગંધ ગ્રહણ કરવો. ત્વચાથી શ્રીહરિનો સ્પર્શ, હાથથી સેવા, પગથી મંદિરે જઈ પ્રદક્ષિણા કરવી. શ્રીહરિનો નિશ્ચય અને મનન-ચિંતન કરવું. સ્વાર્થ માટે નહીં કેવળ શ્રીહરિને રાજી કરવાને માટે જ સર્વે કાર્યો કરવાથી શ્રીહરિના ધામમાં ગતિ થાય છે.

યમરાજા કહે : હે સાવિત્રી ! અશુભ કર્મ કરનારા પાપીઓને ભોગવવાના નરકમાં ૮૬ કુંડો યમપુરીમાં રહેલા છે. કરોડો-અબજો પ્રકારનાં પાપ મનુષ્ય શરીરથી, વાણીથી કરે છે, કરાવે છે, તેના ફળરૂપે નરકના કુંડોમાં દુઃખ ભોગવીને ચોરાસી લાખ જાતના દેહ ધારણ કરે તોપણ દુઃખનો અંત આવતો નથી. તે સર્વે દુઃખના નાશનો ઉપાય શ્રીહરિકૃષ્ણનારાયણનું શરણ, સેવા ભક્તિ તે જન્મ, મરણ, જરા, વ્યાધિ, રોગ, શોક, સંતાપને હરનારી છે.

શ્રીહરિના સેવકો, શ્રીહરિના વ્રત કરનારા ભક્તો સ્વપ્નમાં પણ યમદૂતોને જોતા નથી. ધર્મમાર્ગે રહેલા, મંદિરે જનારા એવા ગૃહસ્થ હરિભક્ત પાસે યમદૂતો આવતા નથી. ચિત્રગુપ્ત એવા ભક્તને પુષ્પાંજલિ કરી કહે કે હે શ્રીહરિના ભક્તો, મારા લોકને, સત્યલોકને ઉલ્લંઘીને ધામમાં જાવ. જો સંત-પુરુષ ભક્તો યમપુરીમાં ઊભા રહે તો તેનાં દર્શન સ્પર્શથી યમપુરીના જીવોનાં પાપ નાશ થાય અને પવિત્ર થઈ પંચભૂતના શરીર વિના સૂક્ષ્મ શરીરથી જ ઊર્ધ્વગતિ પામે છે. યમપુરીમાં રહેલા જીવો સૂક્ષ્મ દેહે પાપકર્મને ભોગવે છે તે સૂક્ષ્મ દેહનો અંત આવતો નથી. દૂતો સૂક્ષ્મ દેહને બાળે છે, પાણીમાં ભીંજવે છે, કાપે છે, કટકા કરે છે, લોઢાથી- પાષાણથી ટીપે છે તોપણ તેનો નાશ થતો નથી. યમપુરીમાં જરાય સુખ નથી. પ્રભુના ધામમાં જરાય દુઃખ નથી.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! યમરાજાએ સાવિત્રીને પૂછયું : હવે તું શું ઇચ્છે છે ? સાવિત્રી કહે : હે યમરાજા ! હું સર્વે પ્રાપ્ત કરીને સંતોષ પામી છું. તત્ત્વજ્ઞાનથી રહિત એવો સ્ત્રીનો દેહ બ્રહ્માએ સર્જ્યો છે તેથી ભાગવત ધર્મવાળી કૃષ્ણભક્તિ આપો. એને હું ગ્રહણ કરી શકું એવું જ્ઞાન આપો. યમરાજા કહે : હે સાવિત્રી તપ, વ્રત, તીર્થ, અનશન, સર્વદાનમાં શ્રેષ્ઠ અજ્ઞાનીને જ્ઞાન આપવું તે છે. પિતાથી માતા સો ગણા મહાન છે. સો ગણા મહાન માતાથી જ્ઞાન આપનારા ગુરુ છે.

શેષ હજાર મુખે, શંકર પાંચ મુખે, બ્રહ્મા ચાર મુખે, કાર્તિક છ મુખે, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના ગુણ કહેવા સમર્થ નથી. સરસ્વતી, ગણેશ, સનતકુમાર, ધર્મ, કપિલ, સૂર્ય, નારદ, યોગી, સિદ્ધો તે સર્વે ભગવાનના ગુણનું વર્ણન કરવા સમર્થ નથી. પુરુષોત્તમ નારાયણનું પૂર્ણ જ્ઞાન જાણવા તે કોઈ સમર્થ નથી. તે પ્રભુ ભક્તોની ઉપર કૃપા કરીને યુગલ સ્વરૂપ ધારણ કરીને અનેક જીવાત્માઓનો ઉદ્ધાર કરે છે.

જેની પ્રસન્નતા પ્રાપ્ત કરી જેની આજ્ઞાથી દેવો, ઈશ્વરો સૃષ્ટિનાં અનેક કાર્યો કરે છે, જેના સંકલ્પથી અનેક સૃષ્ટિઓનું સર્જન થાય છે, એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિ છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર સર્વે શ્રીકૃષ્ણના ભક્તો છે. ક્ષીર સમુદ્રમાં શેષનારાયણ અને વૈકુંઠના વિષ્ણુ તે કૃષ્ણ મૂર્તિમાં લીન થાય છે. શ્રીહરિના જ્ઞાનમાં શંકર લીન થાય છે. દુર્ગા બુદ્ધિમાં લય પામે છે. શ્રીકૃષ્ણના હાથમાં ગણેશ લય પામે છે. પદ્મા, રાધા, ગોપીઓ, સર્વે શ્રીકૃષ્ણના પ્રાણમાં લય પામે છે. સાવિત્રી અને સરસ્વતી પરમાત્માની જીભમાં રહે છે; અગ્નિ જઠરમાં રહે છે એવા શ્રીહરિની ભક્તિ મુક્તોએ પણ વખાણી છે.

ભવપાર થવા માટે એક ભક્તિ જ કહેલી છે. તે શ્રીહરિની ભક્તિ સારૂપ્ય મુક્તિ આપનારી છે. બીજી સમૃદ્ધિ સામર્થી આપનારી છે. ત્રીજી સમીપે રાખનારી છે. ચોથી એકત્વ મુક્તિ આપનારી છે. પરંતુ ભક્તો ભગવાનની સેવા વિના બીજી કાંઈ ઇચ્છા રાખતા નથી. મુક્તિ છે તે સેવારહિત છે અને ભક્તિ છે તે સેવા વધારનારી છે તેથી સદા ભક્તિ કરવી. શરીરથી, ઇન્દ્રિયોથી, અંતઃકરણથી, બુદ્ધિથી નરનારીઓએ મોક્ષ આપનારી શ્રીહરિની ભક્તિ કરવી.

જે નારી દર માસની સુદ આઠમને દિવસે કંભરાલક્ષ્મીનું વ્રત-પૂજન કરશે તે પતિ-પુત્રવાળી થઈ સંપત્તિવાળી થઈ પૂજ્યપણાને પામશે - અંતે અક્ષરધામમાં જશે. એમ કહીને યમરાજા સતી સાવિત્રીને નમસ્કાર કરીને યમપુરી ગયા.

✣ લ.સં. ઉપદેશ - ૫૩ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! ખોટું બોલનારો, દેવની નિંદા કરનારો, ગળતા કોઢવાળો તોતડો-મૂંગો થાય છે. જીવ-હિંસા કરનારો ક્ષયરોગી થાય છે. દારૂ પિનારો શિયાળ થાય છે. સોનું ચોરનારો કાળા નખવાળો થાય, ઈર્ષ્યાવાળો અંધ થાય, ફળની ચોરી કરનારો વાંદરો થાય, ભોજનની ચોરી કરનારો વાંદરો થાય, દ્રવ્યની ચોરી કરનારો ગરોળી થાય, ઝેર આપનારો સર્પ થાય, સ્ત્રી પર બળાત્કાર કરનારો પિશાચ થાય, અનાજની ચોરી કરનારો ઉંદર થાય, પાણીની નહેરને તોડનારો માછલો થાય, છેતરનારો ઘુવડ થાય, છાનું ખાનારો કૂતરો થાય, નિંદા સાંભળનારો શિયાળ થાય, ચોરીને ખાનારો ભૂંડ થાય.

વડીલોનું અપમાન કરનારો કાચબો થાય, બધાને તિરસ્કાર કરનારો ચાંડાલ થાય, કરજ કરનારો બળદ - અશ્વ - ગધેડો થાય, માંસ ખાનારો બિલાડો થાય, રતિભંગ કરનારો નપુંસક થાય, બીજાનું લેનારો તેતર થાય, પરાણે પોતાને આધીન રાખી સ્ત્રીનો બળાત્કારથી ભોગ કરનારો ગુપ્ત અંગનો રોગી થાય, પશુના ઘાત કરનારો હિંસક પશુ થાય, કોઈનું મકાન ભાંગે તો જંગલી પશુ થાય, વિદ્વાનની નિંદા કરનારો મૂર્ખ થાય, જંતુને વિશ્વાસ લાવી બાંધી ઘાત કરનારા પાંજરાનાં પશુ-પક્ષી થાય, મનુષ્યની હત્યા કરનારો પારધી થાય, પશુને મારનારો બકરો થાય, માછલાં ખાનારો માછલો થાય, બીજાનું અન્ન-વસ્ત્ર-ઘર હરનારો વૃક્ષ થાય, સુગંધી ચંદનની ચોરી કરનારો નકટો થાય.

ગુરુ-પિતૃ-પૂજ્યની નિંદા કરનારો બહેરો થાય, પગ ભાંગનારો લંગડો થાય, હાથ ભાંગનારો ઠૂંઠો, નારીને દુઃખ આપનારો કુંભારનો ગધેડો થાય, પતિને દુઃખ આપનારી ગધેડી થાય, નોકરના પગારને કાપનારો દરિદ્ર થાય, મલીન રહેનારો માખી થાય, ક્રોધ કરનારો સર્પ થાય, બળદના વૃષણનો ઉચ્છેદન કરનારો બળદ થાય, ધર્માદાનું અન્ન-દ્રવ્ય-વસ્ત્ર હરનારો સડેલ કૂતરો થાય, પારકું અન્ન ખાનારો કૂતરી થાય, શુભ કાર્ય અટકાવનારા શિયાળ થાય, પીરસવાના વાસણની ચોરી કરે તો વડવાંગળી થાય, સ્ત્રીનું અપહરણ કરનારો રાક્ષસ થાય, મંત્ર-જંત્ર-મૂઠચોટ કરનારા પિશાચ થાય, વાસનાવાળા ભૂત થાય, ક્રૂર દૃષ્ટિવાળા શાકિની થાય, ઈર્ષ્યાવાળા ડાકિની થાય, મલીન વિદ્યાવાળા પિશાચિની થાય.

ગર્ભને હણનારી ગણિકા થાય, બીજાના સંતાનને દેખી ન શકે તે સંતાનરહિત થાય, બીજાના ખેતરમાં મોલ બગાડનારો જીવિકા વિનાનો થાય, વેચવામાં છેતરે તો શ્વાસનો રોગી થાય, છળકપટ કરનારો ભીલ ચાંડાલ થાય, શેરીમાં ચોકમાં કચરો કરે

તો ભંગી થાય, નાવાનો નિષેધ કરે તો ધોબી થાય, સારું દેખી ન શકે તો બિલાડો થાય, ખોટું ઔષધ આપનારો નોળિયો થાય, કુમારીપણું દૂષિત કરનારો પત્ની વિનાનો થાય, પશુ-પક્ષીના માંસ ખાનારો ગીધ થાય, કન્યાવિક્રય કરનારો યોનિના કીડા થાય, રસમાં ભેળસેળ કરનારા વિષ્ટાના કીડા થાય, યુગલ પતિ-પત્નીની ઈર્ષ્યા કરનારા દેડકા થાય, વાગ્બાણથી દુઃખ કરનારો કાચિંડો-કરચલો થાય.

લોટ ચોરનારા રીંછ થાય, સ્નાન ન કરે તો મૃગ-ગેંડો થાય, દામ્પત્ય ભંગ કરનારા જન્મોજન્મ વિધુર રહે છે, પતિનો ઘાત કરનારી પત્ની જન્મોજન્મ વિધવા રહે છે, સાસુને દુઃખ આપનારી વહુ ગધેડી થાય છે. વહુનો દ્વેષ કરનારી સાસુ બિલાડી થાય છે, ભગવાનને ધર્યા વિના રસાસ્વાદ કરે તો ગીધડા-ગીધડી થાય, બાળહત્યા ગર્ભહત્યા, બીજહત્યા કરનારી રાક્ષસી થાય - આ રીતે અનેક પ્રકારના પાપકર્મો કરી પાપી જીવાત્માઓ લક્ષચોરાસીમાં દુઃખ ભોગવે છે. ફરીને પાછાં પાપકર્મ કરી યમપુરીનાં દુઃખ ભોગવે છે.

✣ લ.સં. ઉપદેશ - ૫૪ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! જેનો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના, સત્સંગ, સેવા, વિવેક નથી એવા જીવાત્માઓ પોતાના આત્માની મુક્તિ માટે કાંઈ કરતા નથી. સત્કાર્યો, દાન, પુણ્ય કરતા નથી. સાધુ-સાધ્વીને જમાડતા નથી. અતિથિ, ગરીબોને આપતા નથી. તે મરવા સમયે અફસોસ કરે છે, કે અરે મેં મારા હાથે કોઈને કાંઈ આપ્યું નહીં... હવે મને યમપુરીમાંથી કોણ છોડાવશે ? જીવતા ભલામણ કરે કે મારી પાછળ આટલું દાન-પુણ્ય કરજો, તે કરતાં પોતાને હાથે દાન-પુણ્ય કરી લેવાં તે ઉત્તમ છે. જ્યાં સુધી શરીર સ્વસ્થ હોય ત્યાં સુધીમાં ભજન-ભક્તિ-સેવા કરી લેવા. પછી શરીર પરતંત્ર થાય ત્યારે કાંઈ થતું નથી. મૃત્યુ પણ રાહ નથી જોતું કે આનું કેટલું કામ બાકી છે. ત્યારે બહુ દુઃખ થાય છે કે અરે, મેં ભગવાનના ગુણ-કીર્તન ગાયા નહીં. કથા સાંભળી નહીં. પૂજા-સ્મરણ કર્યાં નહીં. ગુરુ-સંતની સેવા કરી નહીં. સ્તુતિ-નમસ્કાર કર્યા નહીં. કેવળ એકલા શરીરનું જ પોષણ કર્યું. પ્રભુએ નીરોગી શરીર આપ્યું. પતિ અનુકૂળ, નારી અનુકૂળ, કુટુંબ અનુકૂળ આપ્યું છતાં મેં મારા જીવાત્મા માટે કાંઈ ન કર્યું ? એવી રીતે અનેક વિચાર કરતો શોક કરે છે.

એવા પાપી જીવાત્માઓ યમપુરીનાં દુઃખ ભોગવીને ભૂતપ્રેત થઈને પોતાના કુટુંબને પીડે છે. ભૂખ-તરસથી પીડાતા તે પ્રેતો કુટુંબમાં, પત્નીમાં, પુત્રમાં, ભાઈના શરીરમાં

પ્રવેશી કહે છે કે, તમે મારે માટે મારી પાછળ કેમ કાંઈ ના કર્યું ? એમ કહીને તેના ઘરમાં વાસ કરે છે. તે પ્રેતોને મળ-મૂત્ર વિના બીજું કંઈ ખાવાનું હોતું નથી. કુટુંબમાં જેની પર દૃષ્ટિ કરે તે રોગવાળો થાય છે. અપવિત્ર રહેનારો, અશુદ્ધ ભોજન કરનારો, ક્રિયાથી નીચ, દેવપૂજાથી રહિત આવા મનુષ્યને પ્રેત વધારે દુઃખ આપે છે.

જેને એક પુત્ર જન્મી મરી જાય પછી બીજો પુત્ર ન થાય તે પ્રેતદૃષ્ટિ, ગર્ભ ગળી જાય તે પ્રેતદૃષ્ટિ. કુટુંબમાં ક્લેશ થાય, પશુ મરણ પામે, મગજ અસ્થિર થાય, ખાધેલું પાચન ન થાય, તાવ આવે, પેટમાં દુઃખે આ બધી પ્રેતપીડા. ધન-ધાન્યમાં દરિદ્રતા આવે, ખેતીમાં પાકે નહીં, ચોરી કરવાની વૃત્તિ થાય, સેવા કરનારી પત્ની કલેશ કરે, પુત્રો શત્રુ થાય - આ રીતે પ્રેત કુટુંબને હેરાન કરી છિન્ન-ભિન્ન કરી અંતે વંશનો નાશ કરે છે.

દુષ્ટના સંગથી, ધર્મનું પાલન નહીં કરવાથી, દુષ્ટ મૃત્યુથી, વાસનાથી, ભૂખ્યા-તરસ્યા મરવાથી જીવ પ્રેત થાય છે. તે પ્રેત સ્વપ્નમાં આવી ખાવાનું લૂંટી જાય છે. સ્વપ્નમાં ઘોડો, હાથી, બળદ, બિલાડો, સર્પના રૂપાંતર કરીને બિવડાવે છે. તે સ્વપ્નમાં અથવા શરીરમાં પ્રવેશીને પાણી માગે, પિંડદાન માગે છે.

નારાયણબલિ તીર્થમાં, નદી, સરોવરકાંઠે, મંદિરમાં, સાધુના આશ્રમમાં કરાવવું જેથી પ્રેતને શાંતિ થાય અને આશીર્વાદ આપી ચાલ્યા જાય. જે પ્રેતની સદ્ગતિ કરતો નથી, પ્રેતને માનતો નથી તેને પ્રેત મારીને તેને પ્રેતયોનિમાં લઈ જાય છે. તેથી ગૃહસ્થોએ દર વર્ષે પિતૃશ્રાદ્ધ કરવું.

✤ લ.સં. ઉપદેશ - ૫૫ ✤

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! આત્મઘાત કરનારા, સર્પદંશથી મરેલા, અકસ્માતથી મરેલા, મહાદુઃખમાંથી મરેલા, અભિચારમંત્રો વગેરે પ્રકારની મેલી વિદ્યા કરનારા, નિર્જન સ્થાનમાં મરનારા, વાસનાવાળા પ્રેત થાય છે. ગાયના મોઢેથી લઈ લેનારા, પાણી-વૃક્ષ-બગીચાને ભાંગનારા, દેવની જીવિકા તોડનારા, ગરીબોની નિવૃત્તિ તોડનારા, દાન-કર્મનો નાશ કરનારા, પુણ્ય કાર્યો અટકાવનારા, બહુને દુઃખ આપનારા તે મરીને પ્રેત થઈને આકાશમાં ફરે છે.

ભૂત-પ્રેતને માતા-પિતાથી જન્મ નથી. યમદેવના દંડથી વાયુના શરીરવાળા થઈ અંતરિક્ષમાં ફરે છે. આ લોકમાં જેટલા પ્રકારનાં દુઃખ દેખાય તે બધાં પ્રેત સમાન છે. તેથી પ્રેત ત્રણ પ્રકારના છે. એક યમપુરીમાં કષ્ટો ભોગવનારા; બીજા પ્રેત આકાશમાં

ફરનારા અને ત્રીજા પ્રેત જેને ભગવાનનો આશરો નથી, પ્રભુનું નામ લેતો નથી, સત્કાર્યો કરતો નથી, દાન-પુણ્ય કરતો નથી, અપવિત્ર રહે છે, મદ્ય-માંસ-લસણ-ડુંગળી ન ખાવાનું ખાય છે. જે મનુષ્ય દેહથી ભગવાનની ભક્તિ કરી સંતની સેવા કરી મોક્ષ નથી મેળવતો તે પણ મનુષ્યરૂપે રહેલો પ્રેત જ છે. મરેલા પ્રેત અશુદ્ધ ખાય છે અને જીવતા પ્રેત પણ અશુદ્ધ ખાય તો બંનેમાં ફેર શું ? કાંઈ નહીં.

મનુષ્યને વિધિ-નિષેધના જે નિયમ છે તેનું પાલન કરવાથી સુખ થાય છે. પાંચ વર્ષના બાળકને તેનાં કર્મનું પાપ લાગતું નથી. બાર વર્ષ સુધીનાને અર્ધું પાપ લાગે છે. બાર વર્ષ પછીનાને પોતે કરેલાં સર્વે કર્મનું ફળ ભોગવવું પડે છે. પિતા જ્યારે પુત્રનું મુખ જુએ ત્યારે પુત્રઋણમાંથી મુક્ત થાય છે. તે ઔરસ પુત્ર તેણે પિતૃઓનું શ્રાદ્ધ ત્રિમાસિક અથવા છમાસિક અથવા વર્ષે કરવું. પુત્ર ન હોય તો પત્નીએ, પત્ની ન હોય તો ભાઈએ, ભાઈ ન હોય તો ભત્રીજાએ અથવા પુત્રીએ શ્રાદ્ધ કરવું. પિતાના પ્રાણ જવાના સમયે પુત્ર-કુટુંબ વગેરે દાનનો સંકલ્પ કરીને હરે રામ, હરે કૃષ્ણ, શ્રીહરિઃ શરણં મમ. વાસુદેવ નારાયણ હરે વગેરે ભગવાનનાં નામનું ઉચ્ચારણ કરી ધૂન કરવી. જેથી મરનારની વૃત્તિ ભગવાનમાં રહે.

અંતકાળે જે ગાયનું દાન કરે તે સ્વર્ગમાં જાય છે. ત્યાર પછી પણ મરનારની પાછળ દાન, શય્યા, અન્ન, વસ્ત્ર, કુંભ, પશુ, વાહન વગેરેનું દાન અગિયારમે દિવસે કરવું. પુણ્યશાળી મનુષ્યના પ્રાણ કેડથી ઉપરના ભાગમાં રોમમાંથી અથવા ઇન્દ્રિયોના ગોલોકમાંથી નીકળે છે. જેનાં પુણ્ય નથી તેવા મનુષ્યના પ્રાણ કેડથી નીચેના ભાગમાંથી નીકળે છે. મરનારા જીવાત્મા સૂક્ષ્મદેહ ધારણ કરી પુણ્ય-પાપ સાથે લઈ જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્‌ભિજ જાતિના દેહ-કર્મને અનુસર ધારણ કરે છે.

✣ લ.સં. ઉપદેશ - ૫૬ ✣

ગર્ભદાન સમયે જેવા વિચારો હોય એવું બાળક થાય છે. રક્ત અધિક હોય તો કન્યા જન્મે, શુક્ર અધિક હોય તો પુત્ર જન્મે, રક્ત-શુક્ર સમાન હોય તો નપુંસક થાય. તે ગર્ભ પાંચ દિવસે પાણીના ટીપા જેટલો થાય, દશ દિવસે ચણા જેવડો થાય, વીસ દિવસે માંસવાળો થાય, એક માસે અવયવો ફૂટે, બે માસે ચરબી-અસ્થિ થાય, ચાર માસે કેશ થાય, પાંચમે માસે કાન અને નાક થાય, સાતમે માસ ગૃહ્ય અંગ થાય, આઠમે માસે અંગપૂર્ણતા થાય, નવમે માસે બહાર આવવાની ઇચ્છા થાય, દશમે માસે જન્મ થાય.

શરીરમાં લાળ, મૂત્ર, મજજા, શુક્ર, લોહી આ પાંચ પાણીના ભાગ. અસ્થિ, માંસ, નાડીઓ, ચામડી, રોમ આ પાંચ પૃથ્વીના ભાગ. તૃષ્ણા, ભૂખ, કાંતિ, નિદ્રા, આળસ આ પાંચ અગ્નિના ભાગ. પ્રાન, અપાન, સમાન, ઉદાન, વ્યાન - આ આકાશના ભાગ. શ્વાસ, ગતિ, રોધ, સંકુચિત, પ્રસાર આ પાંચ વાયુના ભાગ. બ્રહ્માંડની આકૃતિ તેવી જ પિંડની આકૃતિ.

મસ્તકમાં સત્યલોક, લલાટમાં તપલોક, મુખમાં જનલોક, કંઠમાં મહાલોક, હૃદયમાં સ્વર, ઉદરમાં ભૂવર, નાભિમાં પૃથ્વી, પેડુમાં અતળ, ગુહ્ય ભાગમાં વીતળ, સાથળના મૂળમાં સુતળ, સાથળમાં તળાતળ, ગોઠણમાં મહાતળ, પગમાં પાતાલ, મૂત્રમાં ખારો સમુદ્ર, દૂધમાં દૂધનો સાગર, લાળ-લીંટમાં દારૂનો સમુદ્ર, ચરબીમાં ઘીનો સમુદ્ર, મિષ્ટરસમાં રસનો સમુદ્ર, લોહીમાં દહીંનો સમુદ્ર, કુક્ષીમાં જળ તે મીઠો સમુદ્ર, ગર્ભમાં શુક્ર, નેત્રમાં સૂર્ય-ચંદ્ર, હોઠમાં મંગલ, હૃદયમાં બુધ, જ્ઞાનમાં ગુરુ, ધાતુમાં નાભિમાં શનિ, મુખમાં રાહુ, ગુહ્ય અંગમાં કેતુ આ રીતે પિંડ બ્રહ્માંડની એકતા છે. આયુષ્ય, વિદ્યા, સંપત્તિ, યશ, મરણ આ પાંચ ગર્ભમાંથી નિર્માણ થાય છે. જયારે જીવ ગર્ભથી બહાર આવે ત્યારે પહેલાં મસ્તક બહાર આવે છે પછી શરીર. ગર્ભમાં પણ તે આ રીતે જ રહે છે.

જેણે સત્કાર્યો કાંઈ પણ કર્યાં નથી તેની પાછળ દાન કરવાથી યમપુરીમાં તેણે કષ્ટ ઓછું થાય છે માટે મરેલાની પાછળ શક્તિ પ્રમાણે દાન જરૂર કરવું. જ્ઞાનથી મુક્તિ થાય છે. વૈરાગ્યના વેગથી મુક્તિ થાય છે. તીર્થથી મુક્તિ થાય છે. સંતનો સંગ કરવાથી મુક્તિ થાય છે. ધર્મના આશ્રયથી, ગુરુના આશ્રયથી મુક્તિ થાય છે. નિષ્કામ કર્મથી મુક્તિ થાય છે. સંન્યાસથી મુક્તિ થાય છે. કીર્તનથી મુક્તિ થાય છે. માતા-પિતાની સેવાથી મુક્તિ થાય છે. પતિની સેવાથી મુક્તિ થાય છે. સર્વત્ર બ્રહ્મદૃષ્ટિથી મુક્તિ થાય છે.

સર્વ સમર્પણથી મુક્તિ થાય છે. પરોપકાર કરવાથી મુક્તિ થાય છે. બીજાને સુખ આપવાથી મુક્તિ થાય છે. માગેલું આપવાથી આત્મસંતોષથી મુક્તિ થાય છે. વાસનાના ક્ષયથી, નિર્મળ બોધ ગ્રહણ કરવાથી મુક્તિ થાય છે. અહંમમત્વરહિત કાર્ય કરવાથી મુક્તિ થાય છે. માયાના દુર્ગુણોથી દૂર રહે તોપણ મુક્તિ થાય છે. જીવાત્મા પોતે પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપને ન ભૂલે તો મુક્તિ થાય છે. નિષ્કામ ભાવે કરેલાં સર્વકર્મ મુક્તિ આપે છે. સદાવ્રત આપનારો, જ્ઞાન આપનારો, આત્મસુખ આપનારો, વિદ્યાદાન આપનારો, કન્યાદાન જીવનવૃત્તિ આપનારો તે પણ મુક્તિને પામે છે.

✣ લ.સં. ઉપદેશ - ૫૭ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! મરનારની પાછળ નારાયણબલિ કરવાથી પ્રેતની પ્રેત- દેહમાંથી મુક્તિ થાય છે. તે નારાયણબલિમાં સર્વે દેવતાઓનું પૂજન, ઈશ્વરોનું પૂજન પરમાત્માને ઉદ્દેશીને થાય છે. તેથી પ્રેતની સદ્‌ગતિ થાય છે.

નારાયણ ધરામાં પિતૃઓના શ્રાદ્ધ કરવાથી મોક્ષ થાય છે. પડવે શ્રાદ્ધ કરે તો સારી પત્ની મળે. બીજથી સારો પુત્ર પ્રાપ્ત થાય. ત્રીજથી અશ્વો મળે. ચોથથી દૂધવાળાં પશુ મળે. પાંચમે ઈશ્વરો જેવા પુત્ર થાય. છઠનું શ્રાદ્ધ કરવાથી નીરોગી રહે. સાતમથી ખેતી મળે. આઠમથી વેપારમાં લાભ થાય. નોમથી પશુઓ મળે. દશમથી ગાયો-ભેંસો મળે. એકાદશીએ વસ્ત્ર-વાસણ મળે. બારસે સુવર્ણ મળે. તેરસે જ્ઞાતિમાં મોટો થાય. ચૌદશે યુદ્ધમાં વિજય થાય. પૂનમે સમૃદ્ધિવાળો થાય. અમાસે શ્રાદ્ધ કરનારાના સર્વે સંકલ્પ પૂર્ણ થાય તથા અનેક પ્રકારની ઈચ્છાવાળા સકામ ભક્તોએ સર્વ નક્ષત્રોમાં પિતૃશ્રાદ્ધ કરવા. પૂર્વે થયેલા ઋષિઓએ પણ પિતૃ શ્રાદ્ધ કરેલા છે. જાણતાં-અજાણતાં થતા પાપો શ્રાદ્ધ તથા દાન આપવાથી તથા સાધુ-બ્રાહ્મણોને જમાડવાથી નાશ પામે છે.

મરનારની પાછળ પ્રેતકર્મ-શ્રાદ્ધકર્મ અવશ્ય કરવું. મરનાર ગમે ત્યાં હોય - શ્રાદ્ધ પહોંચી જાય છે અને મોક્ષમાં હોય તો શાશ્વત તૃપ્તિ મળે છે. રાજસી, તામસી જીવાત્માઓ હોવાથી અસદ્‌ગતિમાં ગયેલાને સદ્‌ગતિ કરવા શ્રાદ્ધ ધર્મો કહેલા છે. પુત્રની તૃષ્ણા, ધનની તૃષ્ણા, લોકમાં મોટાઈની તૃષ્ણા, સ્ત્રીની તૃષ્ણા તે પ્રવાહમાં તણાતાં મરનાર પરલોકમાં પ્રેત થાય છે. તેની તૃપ્તિ માટે શ્રાદ્ધ, દાન, હવન વગેરે કર્મ બ્રહ્માએ જ કરેલાં છે. તેથી લોકકલ્યાણ માટે શ્રાદ્ધ, દાન, પૂજા, સત્કાર અને હવન આ પાંચ અવશ્ય કરવાં. શ્રાદ્ધ મરેલાને તૃપ્તિ આપે છે. દાન જીવતાને સુખી કરે છે. મૂર્તિપૂજા જીવને સુખી રાખી કલ્યાણ કરે છે. સત્કારથી જીવ-પ્રાણી સુખી રહે. હવન કરવાથી દેવો તૃપ્તિ પામે છે.

✣ લ.સં. ઉપદેશ - ૫૮ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! ઈન્દ્રદ્યુમ્ન રાજાએ લોમશઋષિને પૂછયું : હે ગુરુ ! આત્મશાંતિ કેમ થાય ? લોમશઋષિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરી કહે : હે રાજા ! અતિ તેજસ્વી બ્રહ્મધામ પરમધામના મુક્તોથી સેવાયેલા યુવાન દિવ્ય અલૌકિક સુવર્ણ જેવા ચળકતા એવા શ્રીહરિનું ધ્યાન કર. તે શ્રીહરિ સર્વના સ્વામી અંતર્યામી બે ભુજાવાળા છે. પૂર્ણ ચંદ્રમુખવાળા, કમળપત્ર સમાન નેત્રવાળા, નમણી નાસિકાવાળા, કેશર-ચંદનના તિલક અને કુંકુમના ચાંદલાથી શોભતા, ભાલમાં લાંબી રેખાથી શોભતા, સોનાના

મુગટ-કુંડળથી શોભતા, શંખના જેવી ડોકવાળા, શ્રીવત્સના ચિહ્નવાળા, સર્પની ફેણસમાન ભુજાવાળા, વસ્ત્ર-અલંકારોથી શોભતા એવા શ્રીહરિનું ધ્યાન કરવાથી આત્માને શાશ્વત શાંતિ મળે છે.

પછી શ્રીહરિના ધામનું, ઐશ્વર્યનું, વિભૂતિનું ચિંતવન કરવું તથા પ્રભુની પત્નીઓ રાધા, લક્ષ્મી, રમા, માણિકી, પદ્મા, પ્રભા, પાર્વતી, જયા, લલિતાનું ધ્યાન કરી અશ્વપટ સરોવર, કુંકુમવાપીના ઈશ્વર જગતના કારણ શ્રી કૃષ્ણવલ્લભનાથનું સ્મરણ કરી તેમને નૈવેદ્ય ધરાવવું. ધૂપ-દીપ આરતી કરી, દંડવત્ પ્રદક્ષિણા-સ્તુતિ કરી, પ્રભુને આત્મા અર્પણ કરી સર્વાર્પણ ભક્તિ કરવી.

જે શ્રીહરિની વેદ-સ્તુતિ કરે છે, ચતુર્મુખ બ્રહ્મા-શેષ-શંકર સર્વે જેની સ્તુતિ કરે છે એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કર. હે ઈન્દ્રદ્યુમ્ન રાજા, આ પરથી પર જ્ઞાન તને આપ્યું. તેથી મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનારા રાજ્યનો ત્યાગ કર. પુણ્ય આપનારા યજ્ઞોનો પણ ત્યાગ કર. કોણ કોનો પુત્ર ? કોણ કોનો પિતા ? સર્વ કર્મથી ભરેલો સંસાર છે. સર્વ કર્મથી ભેળા થાય છે. કર્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર થાય છે. કર્મથી સ્ત્રી-પુરુષ થાય છે. કર્મથી પશુ-પક્ષી, જીવ-જંતુ, કટી પતંગ, વૃક્ષવેલી સર્વે થાય છે. પ્રજા, ભૂમિદાન, સંપત્તિનો વિયોગ મૂઢને મરણથી અધિક થાય છે. વિદ્વાનને મોહ થતો નથી, તેનું દુ:ખ પણ નથી, માટે પૃથ્વી આદિ બ્રહ્માંડોના આધાર વૈરાટ મહાવિષ્ણુ અને ભૂમાપુરુષ જેને ભજે છે, તે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ કંભરાનંદન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કર.

જે પ્રભુ ગોલોકથી પર, અક્ષરધામથી પણ પર પરમધામમાં વિરાજેલા છે તે પ્રભુ રાધા-કૃષ્ણરૂપે, લક્ષ્મીનારાયણરૂપે, શંકરરૂપે, પરબ્રહ્મરૂપે, અગ્નિરૂપે, યમરૂપે, મહાકાળરૂપે, કામદેવરૂપે, ઈન્દ્રરૂપે, ઈશાનરૂપે, કુબેરરૂપે, સુવર્ણરૂપે, કૌસ્તુભમણિરૂપે તુલસીરૂપે, ફળરૂપે, સર્વ ઋતુમાસરૂપે, એકાદશીરૂપે, માતારૂપે, અમૃતરૂપે, ઘીરૂપે, ધેનુરૂપે, ગંગારૂપે, તીર્થરૂપે, વાણીરૂપે, મંત્રરૂપે, ગુરુરૂપે સર્વેમાં રહેલા છે.

✤ લ.સં. ઉપદેશ - ૫૯ ✤

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! ઈન્દ્રદ્યુમ્ન રાજાએ ગુરુ લોમશઋષિને પગે લાગી કહ્યું, તમે મોક્ષ આપનારા સદ્‌ગુરુ છો પણ માયાથી પર છો તેથી પ્રશ્ન કરું છું કે, ભગવાનના ધામમાં સમય, સેવા અને દિવસની ગણતરી કઈ રીતે છે ? લોમશઋષિ કહે : હે રાજા ! બ્રહ્મધામમાં પુરુષોત્તમનારાયણની મૂર્તિમાંથી જ્યારે શ્વેત પ્રકાશ નીકળે ત્યારે દિવસ થાય

છે. મૂર્તિમાંથી લાલ પ્રકાશ નીકળે ત્યારે સંધ્યા થાય છે અને મૂર્તિમાંથી શ્યામ પ્રકાશ નીકળે ત્યારે રાત્રિની કલ્પના કરવામાં આવે છે. ગોલોક અને વૈકુંઠ ધામમાં પણ નારાયણના તેજનાં કિરણોથી જ વ્યવહાર છે.

રાજા કહે : હે ગુરુ ! તે પ્રભુ પૃથ્વી પર પ્રગટ થાય ત્યારે માતાના ગર્ભમાં આવે છે કે નથી આવતા તથા તે પ્રભુનું શરીર સર્વના જેવું જ કેમ છે ? લોમશઋષિ કહે : હે રાજા ! જ્યારે પ્રભુ પ્રગટ થવાના હોય ત્યારે વાયુને આજ્ઞા કરે છે કે માતાને ગર્ભવાળા બનાવજે. જ્યારે પ્રસવ થવાનો હોય ત્યારે વાયુ અદૃશ્ય થાય અને પ્રભુ બાળક બની માતાની ગોદમાં આવે છે, તે પ્રભુની ગતિને કોઈ જ જાણી શકતું નથી. એ જ રીતે મુક્તની સ્થિતિ છે.

એ જ રીતે હે રાજા ! નિત્ય તૃપ્તિવાળો હું મારું ખાવું, પીવું, રહેવું સર્વ ક્રિયા દેખવામાત્ર ભક્તની ભાવના માટે છે. મારી સર્વ ક્રિયા દિવ્ય છે. પ્રદ્યુમ્ન રાજા કહે : હે ગુરુ ! તમે આશ્રમ કેમ બાંધ્યો નથી ? તમારી આયુષ્ય કેટલી છે ? લોમશઋષિ કહે : હે રાજા ! ત્રણ લાખ પાસઠ હજાર કલ્પો ગયા અને તેટલા જ કલ્પો બાકી છે. પછી પ્રભુના ધામમાં જઈશ. દશ બ્રહ્મા તો ચાલ્યા ગયા તે મેં જોયા અને મને કાળ દેખાય છે તેથી આશ્રમ બાંધ્યો નથી.

ઈન્દ્રદ્યુમ્ન રાજા કહે : હે ગુરુ ! તમે આટલી આયુષ્ય કેમ મેળવી ? લોમશઋષિ કહે : હે રાજા ! પૂર્વે હું દરિદ્ર શૂદ્ર હતો. ભૂખ્યો-તરસ્યો નર-નારાયણ ભગવાનની પૂજા કરતો. એક વાર ઠંડીથી મૃત્યુ થયું. વિપ્રને ત્યાં જન્મ થયો. પૂર્વજન્મનું જ્ઞાન હતું તેથી કંઈ ન બોલતો. વૈરાગ્યથી નારાયણનું ભજન કરતો. પ્રભુ પ્રસન્ન થઈ કહે : માંગ. મેં કહ્યું : જન્મમરણથી રહિત કરો. નારાયણ કહે : મૃત્યુલોકમાં કોઈ અમર નથી પણ એક કલ્પ થશે એટલે તારો એક રોમ ઓછો થશે - એમ કહી અદૃશ્ય થયા ત્યારથી હું અશ્વપટ સરોવર કુંકુમવાપી ક્ષેત્રમાં વાસ કરું છું.

✣ લ.સં. ઉપદેશ - ૬૦ ✣

અલૌકિક બ્રહ્મ પુત્ર થઈ પરબ્રહ્મમાં સંલગ્ન રહે તો મોક્ષને મેળવે છે. મનથી ઈન્દ્રીયોની વૃત્તિને રોકે છે, બુદ્ધિથી મનને નિયમમાં રાખે છે તેને આત્મપ્રકાશ થાય છે પછી તેને પ્રભુમાં સ્નેહ થાય છે ત્યારે જ્ઞાની થઈને બ્રહ્મરૂપ થાય છે અને સંસારસાગરને તરી જાય છે. આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી, સનાતન બ્રહ્મરૂપ છે. પરબ્રહ્મથી પુષ્ટિ પામેલો તેના આનંદવાળા, રસવાળા તેના સરખો તેનું સુખ લેનારો, તેમાં વાસ કરનારો છે, આવું જાણે ત્યારે પરબ્રહ્મમાં લીન થવાય છે.

જ્યારે સર્વમાં શ્રીહરિને જુએ છે, સર્વમાં પોતાને જુએ છે, પોતામાં સર્વને દેખે છે ત્યારે વાસના બંધનથી મુક્ત થાય છે. જ્ઞાનથી શાંતિ થાય છે, શાંતિથી તૃપ્તિ થાય છે, તૃપ્તિથી શ્રીહરિમાં સ્થિતિ થાય છે ત્યારે જગતના પદાર્થનો ત્યાગ કરી શ્રીહરિના શાશ્વત સુખનો અનુભવ કરે છે, તે મુક્તાત્મા બ્રહ્મરૂપ થઈને માયાના સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણ જીતીને અક્ષરધામને પામે છે, તેને ક્યારેય આ માયાના બ્રહ્માંડમાં આવવું પડતું નથી.

શ્રદ્ધાથી જે સેવાકાર્ય કરાય છે. તેનું ફળ મળે છે. શ્રદ્ધા વિના કરે તેને ફળ મળતું નથી. ઘી, દૂધ, દહીં, ફળ વગેરેની શ્રદ્ધાથી આહુતિ આપે છે તેને યજ્ઞફળ મળે છે. શ્રદ્ધા છે તે ભક્તિ, શાંતિ, સુખ અને બ્રહ્મધામ આપનારી છે. શ્રદ્ધા છે તે માતા છે. અહિંસા છે તે બહેન છે. માતા-બહેનનો નાશ કરનારો કોણ સુખી થાય? શ્રદ્ધા, ભક્તિ, સેવા, સર્વયજ્ઞ ફળ આપનારા શ્રીકૃષ્ણવલ્લભની પૂજા કરવી તેથી પર બીજો કોઈ યજ્ઞ નથી ધર્મ નથી-ગતિ નથી.

અશ્વપાટલ રાજા કહે : હે ગુરુ ! લોકો પરલોકમાં શ્રેષ્ઠગતિ કેમ પામે ? લોમશઋષિ કહે : હે રાજા ! બ્રહ્મદૃષ્ટિ રાચનારો, અહિંસા-માયાના દોષથી રહિત થઈને પરબ્રહ્મનો આશ્રિત થાય તેને શ્રેષ્ઠગતિ પોતાના હાથમાં જ છે. આ ઉપનિષદ વિદ્યા છે. જ્ઞાન, ભક્તિ, ધર્મ, વૈરાગ્ય, મંદિરમાં વાસ, પ્રસાદ લોભથી, કોઈ પણ ઇચ્છાથી શ્રીહરિ પાસે જાય તે સર્વે ઉપનિષદ વિદ્યા છે. યજ્ઞસેવા, દાન, તૃષ્ણા વગેરે જે ભાવથી શ્રીહરિ પાસે જાય તે સર્વે ઉપનિષદ્ વિદ્યા છે, તે સત્સંગીને બ્રહ્મપ્રાપ્તિ કરાવનારી છે. ગોપીઓને કામભાવથી પ્રભુપ્રાપ્તિ થઈ. વિપ્રોને યજ્ઞોથી, ગોપબાળકોને મિત્રતાથી, સુદામાને લોભથી, હાથીને જીવનથી, ધ્રુવને તપથી, પ્રહ્લાદને નિશ્ચયથી, પૂતનાને વૈરભાવથી, નારદને કીર્તનથી પ્રભુપ્રાપ્તિ થઈ તે સર્વે ઉપનિષદ વિદ્યા પ્રભુની પ્રાપ્તિ કરાવનારી છે. દિવ્યમૂર્તિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભની પ્રાપ્તિ તે પણ ઉપનિષદ્ વિદ્યા છે.

✣ લ.સં. ઉપદેશ - ૬૧ ✣

સર્વ યજ્ઞમાં જો પ્રભુની ભક્તિ ન હોય તો તે મોક્ષ આપતા નથી. સતી, સાધ્વીઓ, બ્રહ્મચારી, સાધુઓ સર્વે માયિક પંચવિષયનાં દ્વાર બંધ કરી બ્રહ્મદ્વાર ખોલે છે. અશ્વપાટલ રાજા કહે : હે ગુરુ ! માયિક પંચવિષયનાં દ્વાર બંધ કેમ કરવાં ? અને તેનું ફળ શું ? લોમષઋષિ કહે : હાલવું, ચાલવું, સ્પર્શ કરવો, સૂંઘવું, સાંભળવું, ચોકમાં બેસવું, સંકલ્પો કરવા વગેરે ઇન્દ્રિયો અંતઃકરણની જે ક્રિયા છે, તે સર્વે ભક્તિમય ભગવાન પરાયણ કરવાથી માયિક પંચવિષયના દ્વાર બંધ થાય છે - તેનાં ફળરૂપે આત્મામાં રહેલા

અમૃતરૂપ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. સૂર્યના તાપથી પાણી સુકાઈ જાય છે તેમ માયિક પંચવિષયના દ્વાર બંધ થવાથી ઈન્દ્રિયોની વૃત્તિઓ લય પામે છે.

અશ્વપાટલ રાજા કહે : હે ગુરુ ! ત્યાગમાર્ગથી શું ફળ મળે ? તમે હર્ષશોકને પામો છો ? લોમશઋષિ કહે : હે રાજા ! શ્રીહરિમાં સર્વ અર્પણ કરવું તે સર્વોત્તમ ત્યાગ છે. તેથી સર્વત્યાગ કનિષ્ઠ છે. પ્રભુ-પ્રસન્નતાથી આત્મસુખનો પ્રત્યક્ષ લાભ થાય છે. તેથી હું મારા આત્મામાં રહેલા પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પ્રત્યક્ષ ઉપાસના કરું છું. તે શ્રીકૃષ્ણવલ્લભ લક્ષ્મીપતિ, સત્પુરુષોના પતિ, મુક્તપતિ, બ્રહ્મપ્રિયાપતિ, આત્મપતિ, વિદ્યાપતિ તે સર્વપતિ છે. તેની ઉપાસના-ભક્તિ મારા આત્માથી કરવાથી હું દેહથી હર્ષ-શોક પામું છું. પણ મારા આત્મામાં હર્ષશોક પ્રવેશતા નથી.

તે જ રીત માર્કંડેય મુનિ, સનતકુમાર, નારદ, સ્વયંપ્રકાશ, શંકર, કપિલ વગેરે જાણે છે. તેથી પૃથ્વીમાં જલકમળની જેમ નિર્લેપ રહે છે. બીજાઓ સ્વાર્થથી ભરેલા લેપવાળા છે. અમે સંત સતત નારાયણના ભજનપરાયણ રહેતા હોવાથી અમને ચિંતારોગ થતો નથી, જે ચિંતા દેહધારી આત્માઓને સદા જીવતા બાળ્યા જ રાખે છે. માટે હે રાજા ! તું પણ શ્રીહરિમાં ભજન ભક્તિ પરાયણ થઈને અમારી જેમ નિર્લેપ થા. રોગનું મૂળ વાસના છે, તે નારાયણમાં અર્પણ કર. નારાયણ ધન્વંતરિને ચિંતારોગની નાડી અર્પણ કર.

શુષ્કજ્ઞાનથી નિરામય નથી થવાતું પણ પ્રભુમાં અર્પણભક્તિથી નિરામય થવાય છે. પ્રભુએ આપેલા જ્ઞાનકર્મથી સર્વ પ્રભુમય કરવાથી તથા એકાત્મપણે વર્તવાથી અમે જ્ઞાનવાળા ભવરોગથી રહિત છીએ. વાદવિવાદ કરનારા, મોહમાં પડેલા, તમોગુણીજનો ભવરોગથી રહિત થતા નથી. યજ્ઞ, દાન, અભ્યાસ, સંપત્તિ, કુટુંબ સર્વ પ્રાપ્ત કરીને જો તે સર્વે સાધનથી શ્રીહરિની ભક્તિ કરીને મોક્ષ ન મેળવ્યો તો તે સર્વ ધિક્કારને પાત્ર છે. વૈરાગ્યથી વનમાં રહ્યો, નિઃસ્પૃહ ભક્તિ કરીને સર્વદુઃખ સહન કર્યાં પણ જો ભક્તિ ન કરે, આત્મા અર્પણ ન કરે, તો સર્વે નિષ્ફળ છે. જેને પ્રત્યક્ષ શ્રીહરિમાં શ્રદ્ધા થઈ તેને જન્મ, કર્મ, વિદ્યા, સર્વ સફળ થયાં.

✤ લ.સં. ઉપદેશ - ૬૨ ✤

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! સર્વે મનુષ્યો ધર્મ, અર્થ, કામને ઈચ્છે છે. તેમાં કેટલાંક મોક્ષની ઇચ્છા રાખે છે, તે કોના આશ્રયથી મોક્ષ થાય છે ? લોમશઋષિ કહે : હે રાજા ! સર્વ સંકલ્પ કામના દુઃખ-દોષથી ભરેલા છે. અર્થસંપત્તિમાં પણ દુઃખ રહેલું છે, તે શાંતિ આપનારાં નથી. ધર્મ એક જ મનુષ્યને સુખશાંતિ, સ્વર્ગ અને મોક્ષ આપે

છે. તેમાં સકામ ધર્મભાવનાવાળા સ્વર્ગને પ્રાપ્ત કરે છે અને નિષ્કામ ધર્મભાવનાવાળા શ્રીહરિના ભક્તો પરમપદને પામી શાશ્વતસુખને મેળવે છે. તેથી ધર્મથી, તપથી સર્વ પ્રાપ્ત થાય છે.

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! ધર્મવાળો શુદ્ધ આત્મા રાગવાળો અને પાપવાળો કેમ થાય છે ? પછી મુક્તિ કેમ થાય ? અને મુક્તિ થયા પછી ક્યાં વાસ કરે છે ? ત્યાં કઈ રીતે રહે છે અને પાછો અહીં કેમ આવતો નથી ? લોમશઋષિ કહે : હે રાજા ! સચ્ચિદાનંદ એવો આત્મા માયાના સંગથી અવિવેકથી પાપવાળો થાય છે. ઇન્દ્રિયોથી, અંતઃકરણથી માયાના પંચવિષય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધમાં અજ્ઞાનથી રાગ થાય છે ત્યારે પાપ કરવા પ્રયત્ન કરે છે. ઇચ્છેલી વસ્તુ નથી મળતી એટલે દ્વેષ થાય છે. તેથી ધર્મનાશ કરનારા લોભ અને મોહથી તે જીવાત્મા દુઃખી થાય છે. અધર્મથી, અનેક દોષથી આત્મા અશાંતિવાળો થાય છે. તેથી આ લોક-પરલોકમાં સુખ પામતો નથી, વારંવાર અનેક યોનિમાં જન્મો ધરીને અતિ દુઃખી થાય છે.

જ્યારે સત્સંગથી, પુણ્યથી, ધર્મથી નારાયણનો આશરો કરી સત્કાર્યો કરે છે ત્યારે તે વિવેકથી, જ્ઞાનથી માયાના સર્વે દુર્ગુણોને ત્યજે છે અને સેવા, ધૂન, કીર્તન, તપ, યજ્ઞ, દાન, દેવપૂજા વગેરે અનંત પ્રભુ-પ્રસન્નતાના સાધનોથી સાધુ આચારવાળો થાય ત્યારે આ જીવાત્મા શુદ્ધ ધર્મવાળો થાય છે, અને આલોક-પરલોકમાં સુખ મેળવે છે.

હે રાજા ! એ રીતે ધર્મફળ પ્રાપ્ત કરીને વિવેકજ્ઞાન પ્રગટે છે ત્યારે તેને માયિક પંચવિષયમાં અરૂચિ-વૈરાગ્ય થાય છે અને પ્રભુમાં પ્રીતિ-ભક્તિ થાય છે ત્યારે તેને જગતના કોઈ વસ્તુ- પદાર્થમાં મોહ થતો નથી તેથી તેમાં તેને બંધન થતું નથી. પછી સત્પુરુષના પ્રસંગથી રોજ મોક્ષ માટે પ્રયત્ન અભ્યાસ કરે છે. વ્યર્થ વાર્તાપ્રસંગનો ત્યાગ કરી સતત બ્રહ્મચિંતન કરતો હોવાથી પરમમોક્ષ જે વૈકુંઠ-ગોલોક-અક્ષરધામને પ્રાપ્ત કરી બ્રહ્મધરામાં સ્નાન કરી દિવ્યરૂપે શ્રીહરિ જેવો થાય છે.

પછી ધામમાં દિવ્યરૂપે પ્રભુ પાસે રહી અનેક સ્વરૂપે અનંત દિવ્ય ભોગને ભોગવે છે. સર્વે રસ, ગંધ, આનંદ, સુખ, પ્રભુ સાથે ભોગવે છે. સર્વે સિદ્ધિવાળો, ઐશ્વર્યવાળો થઈને પોતાના હાથમાં સર્વ સૃષ્ટિને દેખે એવો સમર્થ થાય છે. તે મુક્ત જ્યાં જાય ત્યાં સર્વ સામર્થી સાથે હોય છે. તે મુક્તના સંગથી માયાનાં સર્વે તત્ત્વ દિવ્ય થાય છે, તો દેવ અને મનુષ્યની તો વાત જ શી કરવી ? તે મુક્તના દર્શનથી, સ્પર્શથી, સેવાથી, સંગથી નરનારીઓ મુક્ત સ્થિતિ મેળવે છે.

માટે હે રાજા ! માયાના દોષને જીતવા, ક્ષમાથી ક્રોધને જીતવો, ભોગ નહીં કરી કામને જીતવો. તપથી આહારને, વિવેકથી ભયને, આત્માના અભ્યાસથી મૃત્યુને, ધીરજથી ઇચ્છા- દ્વેષ-મોહને, સંતોષથી લોભને, ધર્મથી મોક્ષને, અનિત્યથી સ્નેહને, ધ્યાનથી નિદ્રાને, વાણીથી મૌનને, વિદ્યાથી મનને, શાસ્ત્રોથી સંશયને, જ્ઞાનથી તમોગુણને, આત્મનિષ્ઠાથી જ્ઞાનને, પરમેશ્વરને આત્મા અર્પણ કરવાથી આત્માને જીતવો - ત્યારે માયાના સર્વ દોષો નાશ પામીને બ્રહ્મલોકનો પ્રકાશ અને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, પરમાત્માનું વિજ્ઞાન વધે છે, અક્ષરપદની પ્રાપ્તિ થાય છે. શ્રીહરિના આશ્રયથી ધામને પામવાનો આ માર્ગ નિર્વિઘ્ન છે.

માટે હે રાજા ! તૃષ્ણારોગનો ત્યાગ કરી સંતોષ, શાંતિ, ભક્તિ, સેવાસમર્પણ, ગુણ ગ્રહણ કરીને બ્રહ્મધામની પ્રાપ્તિ કરવી. મૃત્યુ કોઈની પણ રાહ જોતું નથી કે કેટલું કામ કર્યું ને કેટલું બાકી છે ? બ્રહ્મબળવાળો, ભક્તિબળવાળો મૃત્યુને તરી જાય છે. સત્સંગરૂપી વાહનમાં બેસીને પ્રભુને સારથિ બનાવનારો મૃત્યુને તરી અક્ષરધામમાં જાય છે. માટે અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ચરમકમળનો આશ્રય કરી પરમ તૃપ્તિ મેળવવી.

✣ લ.સં. ઉપદેશ - ૬૩ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! અશ્વપાટલ રાજા લોમશઋષિ પાસેથી શ્રીહરિની પ્રસન્નતાના સાધન સાંભળીને ફરી ભાગવતધર્મ પૂછવા લાગ્યા : હે ગુરુ ! કેવો આચાર - કેવું જ્ઞાન અક્ષરધામની પ્રાપ્તિ કરાવે છે? લોમશઋષિ કહે : હે રાજા ! ભક્તિવૃત્ત સદાચાર - બ્રહ્મબોધ અને પરબ્રહ્મનો આશ્રય તે અક્ષરધામમાં પહોંચાડે છે. અનર્થ-સ્વાર્થનો ત્યાગ કરી દોષથી રહિત થઈ માયિક સર્વ ઇચ્છાનો ત્યાગ કરે તે અક્ષરધામમાં જાય. વાદ, તર્ક, અભિમાનનો ત્યાગ કરી સર્વનું હિત કરનારો અક્ષરધામમાં જાય છે. માન-અપમાનમાં સમાન, નિંદાથી રહિત, આત્મામાં તૃપ્ત, સદા શ્રીહરિમાં ધ્યાનમગ્ન, સર્વ વેગને શાંત કરી ઉદાસ રહેનારો અક્ષરધામમાં જાય છે.

અશ્વપાટલ રાજા કહે : હે ગુરુ ! ત્યાગી અને ગૃહસ્થ પરમપદ કેમ પામે ? લોમશઋષિ કહે : હે રાજા ! ગૃહસ્થોને જ્યારે સમય મળે ત્યારે સાધુવૃત્તિથી ભગવાનની ભક્તિ કરે તો પરમપદને પામે અથવા પુત્ર-પૌત્રોને જોઈ તૃપ્તિ પામી નિવૃત્તિ લઈને કાર્તિક, માગશર, મહા, ચૈત્ર, અષાઢ, શ્રાવણમાં સાધુ-સંન્યાસની દીક્ષા લઈને સતત શ્રીહરિનું ભજન કરે અને આત્મજ્ઞાન મેળવે તો પરમપદને પામે છે. તપથી, કર્મથી, સ્વર્ગ અને બ્રહ્માદિક દેવો ઈશ્વરોના પદને પ્રાપ્ત કરે છે તથા તપ-ધર્મથી વૈકુંઠ ગોલોક

અને અનાદિ શ્રીકૃષ્ણનારાયણને પણ પ્રાપ્ત કરે છે અથવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી તેની પ્રત્યક્ષ ભક્તિ કરે તોપણ અનેક જન્મોનાં પાપ નષ્ટ થઈને શુદ્ધ થઈને બ્રહ્મલોકમાં જાય છે. તે પરબ્રહ્મના ચરણમાં ત્રણ પ્રકારની સૃષ્ટિઓ રહેલી છે : જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ અને બ્રહ્મસૃષ્ટિ.

અશ્વપાટલ રાજા કહે : હે ગુરુ ! જેને મુક્ત પુરુષો જોઈ શકે છે. તે સૃષ્ટિમાં નિત્ય-અનિત્ય કઈ છે ? લોમશઋષિ કહે : હે રાજા ! બ્રહ્મસૃષ્ટિ પાંચ પ્રકારની છે, તે પરબ્રહ્મ અને તેની શક્તિઓ અને અક્ષરબ્રહ્મ તેમજ મુક્તો અને મુક્તાનિઓ આ પાંચ બ્રહ્મસૃષ્ટિઓ છે. અવતારો, અવતારિણીઓ, પ્રકૃતિપુરુષ, ભૂમાપુરુષ, મહાવિષ્ણુ, વૈરાજકોટી, સદાશિવ, ગોપગોપીઓ, પાર્ષદ, પાર્ષદાણીઓ આ દશ પ્રકારની ઈશ્વરસૃષ્ટિ છે. દેવો, સિધ્ધો, ઋષિઓ, પિતૃઓ, અસુર, મનુષ્ય, પશુપક્ષી, કીટપતંગ, વૃક્ષવેલી આ દશ પ્રકારની જીવસૃષ્ટિ અસંખ્ય છે. જીવસૃષ્ટિના આત્માને તીર્થ-દેવ-ઈશ્વર-સંત અને અવતારના યોગથી ધર્મલાભથી સદ્‌ગતિ થાય છે. દૈત્યો-અસુરો પણ પ્રભુના યોગથી, ભક્તિથી દૈવી થાય છે તથા દાન, શ્રાદ્ધ, પુણ્ય, યોગાભ્યાસ, ભક્તિ, ઉપાસનાથી વૈષ્ણવ, શંભુગતિ, વૈરાજ, મહાવિષ્ણુ, પ્રકૃતિપુરુષ, ભૂમાપુરુષ, ગોપ-ગોપી, અવતાર, અવતારિણી, મુક્ત, મુક્તાનિની બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરે છે.

લોમષઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, મનુષ્ય અધર્મનો આશ્રય કરે છે ત્યારે નીચ યોનિના જન્મને પામે છે અને મહાકષ્ટને પામે છે માટે આત્મામાં અને બહાર રહેલા પ્રત્યક્ષ શ્રીકૃષ્ણવલ્લભને ભજાય તો બ્રહ્મગતિ પમાય. ધનવાળા, ધન વિનાના, સંતાનવાળા, સંતાન વિનાના, રાજા, પ્રજા, નરનારીઓના સર્વની કર્મની ગતિ ભિન્ન છે. તે સર્વે દુઃખથી રક્ષણ કરવા એક શ્રી નારાયણ વિના કોઈ સમર્થ નથી. તેથી શાંતિ અને મોક્ષ આપનારા નારાયણનો આશ્રય કરવો. પ્રત્યક્ષ શ્રીહરિના આશ્રિતને અર્થ-કામ-મૃત્યુ-કાળ બાધ કરી શકતા નથી.

અશ્વપાટલ રાજા કહે : હે ગુરુ ! તત્ત્વજ્ઞાનથી રહિત હોય તેનો મોક્ષ કેમ થાય ? લોમશઋષિ કહે : હે રાજા સંતસેવા, ગુરુસેવા, વૃદ્ધોની સેવા, દેવપૂજન, શાસ્ત્ર-શ્રવણ, માતા-પિતાની સેવા, પતિસેવા, સતીસેવા, પૂજ્યના આશીર્વાદો, શ્રીહરિનું ભજનસ્મરણ આ સર્વ કલ્યાણના સાધન છે. તેથી આળસ-પ્રમાદનો ત્યાગ કરી પ્રભુની ભક્તિ કરીને આત્મભાવ, બ્રહ્મભાવ, મુક્તભાવને ગ્રહણ કરી જીવનયાત્રા ચલાવવી, જેથી કોઈ વસ્તુ-પદાર્થનું બંધન થાય નહીં.

✣ લ.સં. ઉપદેશ - ૬૪ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! આ લોકમાં-પરલોકમાં સુખ થાય અને મોક્ષ થાય તે ઉપાય બતાવો. લોમશઋષિ કહે : હે રાજા ! તૃષ્ણા વિનાનો મનુષ્ય જીવનયાત્રાનો રથ ચલાવે છે. તેમાં ભૂખ અને તરસ બે બળદ છે. શોક અને મોહ બે પૈડાં- ચક્ર છે. આગળ અને પાછળ સુખદુઃખ છે. મધ્યે વાસના રહેલી છે. ઇન્દ્રિયોરૂપી ચોરથી વારંવાર લૂંટાય છે, તેથી સુખ-શાંતિરૂપી દ્રવ્યથી રહિત થઈને ક્લેશને પામે છે. તેથી વ્યવહારરૂપી બળદગાડાનો ત્યાગ કરી, આત્મરૂપ થઈ યોગીની જેમ પરમાર્થના કાર્ય કરવા, જેથી મુક્તસ્થિતિ પ્રાપ્ત થાય. એવા તેજસ્વીને સંસારના કોઈ દોષ સ્પર્શતા નથી. આ માર્ગે સંતો, મહર્ષિઓ પ્રભુનાં કામ કરવાથી સિદ્ધિઓ મેળવે છે.

રાજાઓ કર્મથી, યોગીઓ ઉપાસનાથી, સ્ત્રીઓ-શૂદ્રો-દાસ-દાસી વગેરે સેવાભાવનાથી આ લોક-પરલોકમાં સુખ અને મોક્ષ મેળવે છે. પંડિતો જ્ઞાનમાર્ગથી, ગાયો દૂધ-દાનથી, વૃક્ષો ફળ-દાનથી, મનુષ્યો ઉપકારથી, મુનિઓ નારાયણને ઉદ્દેશી વ્રતયજ્ઞ કરવાથી તે સર્વે સિદ્ધિ અને મુક્તિને પામ્યા છે, તથા સેવા, ભક્તિ, દાન, યજ્ઞ, તપ, વ્રત, વડે અપૂજ્ય પણ પૂજ્યપણાને પામ્યા છે. શુક્રાચાર્ય, વિશ્વામિત્ર, વાલ્મીકિ તપથી પૂજ્યપણાને પામ્યા છે. મહેનતથી મેળવેલું સુખકારી થાય છે. અન્યાયથી મેળવેલું સુવર્ણ પણ દુઃખ કરે છે. અન્યાયનું અન્ન ઊલટી કરે છે. અન્યાયનું ધન સર્વનાશ કરે છે.

જયારે મનુષ્ય અજ્ઞાનથી, જડબુદ્ધિથી, અવિવેકથી, સાર-અસારનો વિભાગ નથી કરતો અને સ્ત્રી, પુત્ર, બાંધવ, નોકર, પંચવિષયમાં રચ્યોપચ્યો રહે છે તેને માયાનું બંધન થાય છે અને દુઃખ પામી મોક્ષનો પણ પ્રયત્ન કરી શકતો નથી. સર્વે મનુષ્યો સૂર્ય-ચંદ્ર વગેરે સર્વે દેવો, ઈશ્વરો, સિદ્ધો, મહર્ષિઓ, સતી, સાધ્વીઓ, દાનવો, રાજાઓ, ગુરુઓ સર્વે તપથી સિદ્ધિને પામ્યાં છે અને તપનું સુખ-ફળ ભોગવે છે માટે ચિંતામણિ તુલ્ય મનુષ્યદેહથી જે નરનારીઓ મોક્ષને અર્થે પ્રયત્ન નથી કરતાં તેનો મનુષ્ય જન્મ નિષ્ફળ જાય છે.

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! જે ક્યારેય પણ નાશ ન પામે, એવું કલ્યાણનું મૂળ સાધન ક્યું છે ? લોમશઋષિ કહે : હે રાજા સંતપુરુષની સેવા અને વૃદ્ધોના આશીર્વાદ તે કલ્યાણનાં મૂળ સાધન છે જે નાશ નથી પામતાં તેથી તપ, ભક્તિ, નારાયણનો આશ્રય, અભયદાન, આત્મા અર્પણ સર્વ થાય છે અને ક્યારેય પણ મોક્ષસાધન નાશ થતા નથી. તપ ઉત્તમ છે, તપથી પ્રત્યક્ષ શ્રીહરિમાં મનની વૃત્તિ રાખવી તે અતિ

ઉત્તમ છે. પ્રત્યક્ષની અનુભૂતિ-દર્શન થયા પછી અભયદાન પ્રાપ્ત થાય છે અને બીજાને પણ અભયદાન આપે છે તે આ લોક અને પરલોકમાં અક્ષય રહે છે નાશ પામતો નથી; શાશ્વત અને નિર્ભય રહે છે. એવા તેજસ્વીને, જ્ઞાનીને પંચવિષય પરાભવ કરી શકતા નથી. એ રીતે આત્માના કલ્યાણ માટે અને પરમાર્થમાં રહેલાને શ્રીહરિનો ભક્તિમાર્ગ સુગમ છે. હે રાજા ! આ તને ગુપ્ત બ્રહ્મજ્ઞાન મોક્ષનું સાધન કહ્યું.

✣ લ.સં. ઉપદેશ - ૬૫ ✣

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! ઈશ્વરોનું પૂજન કરનારા તે ઈશ્વરોના લોકમાં, અવતારોનું પૂજન કરનારા તે અવતારોના ધામમાં, બ્રહ્મનું પૂજન કરનારા તે બ્રહ્મલોકમાં જાય છે. તે સર્વ દેવોને કયા સાધનથી પ્રસન્ન કરવા ? લોમશઋષિ કહે : હે રાજા ! યજ્ઞથી, પૂજનથી, નૈવેદ્યથી, મંત્રથી, આરાધનાથી, વ્રતથી, સત્યથી, અહિંસાથી, શીલધર્મથી, આત્મસમર્પણથી, માનતાથી, દાનથી, સ્મરણથી, ઉત્સવ અને કીર્તનથી દેવો પ્રસન્ન થઈને આ લોકમાં સ્વર્ગસુખ આપે છે. શ્રાદ્ધ, ઉદ્યાપન, પારાયણ, વેદાભ્યાસ, મંદિરમાં પ્રતિષ્ઠા-પૂજા-ઉત્સવથી ઈશ્વરો-પિતૃઓ પ્રસન્ન થાય છે. ભક્તિઆરાધના, સેવાપૂજાથી, વ્રત, આજ્ઞા, અર્પણભાવથી, તેની કથાશ્રવણ, અનન્ય નિષ્ઠા, એકતા, અનુવૃત્તિ, સ્મૃતિ તથા તેના ભક્તો નરનારીઓને ભોજન, સેવન, પૂજનથી અવતારો પ્રસન્ન થાય છે અને ઐશ્વર્ય આપી પોતાના ધામમાં લઈ જાય છે.

અને હે રાજા ! અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા સર્વાર્પણ ભક્તિથી પ્રસન્ન થાય છે તથા વિશ્વાસથી - ન્યાસથી - દાસભાવથી - સ્થિર સેવાથી - અનુવૃત્તિથી - પૂજન - ધ્યાન - આત્માર્પણથી - અતિ સ્નેહથી - અનેક ભાવથી - ઉપાયથી તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભને પ્રસન્ન કરવા તથા તેના ભક્તો-ભક્તાણીઓને પ્રસન્ન કરવા તથા પ્રાર્થના સ્તુતિ કરવી. હે સર્વમાં અંતર્યામીપણે રહેલા કંભરાગોપાલ સૂત અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ! મારા પર રાજી થાવ. હે હરિકૃષ્ણ, હે બાલકૃષ્ણ, હું તમારો છું. તમે આ લોક-પરલોકમાં મારું રક્ષણ કરજો. હે પ્રભુ ! મારી દૃષ્ટિમાં સર્વ તમારું જ છે. આ રીતે ભગવદ્ દૃષ્ટિથી રહેનારા ભક્તોને માયિકદોષ બંધન કરતા નથી અને કૃપાળુ ભગવાન તેની પર પ્રસન્ન રહે છે અને તે ભક્ત મૃત્યુભયથી રહિત થઈને અક્ષરધામમાં જાય છે. રાગદ્વેષવાળા, અજ્ઞાનથી વીંટાયેલા, ભાવનારહિત, પ્રભુને નહિ જાણનારા એવા આત્માઓ સ્વર્ગ અને મોક્ષ મેળવી શકતા નથી.

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! આત્માના વિવેકથી મુક્તિ કેવી થાય ? શ્રીહરિની ઉપાસનાથી કેવી મુક્તિ થાય ? યોગાભ્યાસ-ધર્મથી અને ગુરુના આશ્રયથી

કેવી મુક્તિ થાય? તે કહો. લોમશઋષિ કહે : હે રાજા ! જીવ જયારે ઇન્દ્રિયો-અંતઃકરણ, શરીર, સ્વભાવ, પ્રાણ, પંચવિષયથી આત્માને જુદો ચૈતન્ય સચ્ચિદાનંદ જાણે ત્યારે તેને કર્મક્ષયથી મુક્તિ મેળવે છે અને શાંતિ મેળવે છે અને શ્રીહરિની ઉપાસનાભક્તિથી મુક્તિ મેળવી ધામમાં જાય ત્યારે બ્રહ્મધરામાં સ્નાન કરી બ્રહ્મશરીર પ્રાપ્ત કરી શ્રીહરિના દિવ્ય આનંદ સર્વ ભોગને ભોગવે છે; સર્વ ઐશ્વર્યવાળો શ્રીહરિના જેવો થાય છે. તે શ્રીહરિની ઉપાસના તે શ્રેષ્ઠ મુક્તિ કહેલી છે.

યોગીઓ યોગથી જેની ઉપાસના કરે તે તેના ધામને પામે છે અને ઈશ્વરોની ઉપાસના કરે તો વૈરાજ મહાવિષ્ણુ પ્રકૃતિપુરુષના ધામને-ઈશ્વરોને પ્રાપ્ત કરે છે અને અનેક સિદ્ધિઓ મેળવે છે અને ઈશ્વર જેવા થાય છે તેને તે યોગાભ્યાસથી મુક્તિ કહેલી છે અને આ લોકમાં ધર્મનું પાલન કરી, સ્વર્ગ સત્યલોક વગેરે પ્રાપ્ત કરી, પુણ્યનું-માયાનું સુખ ભોગવી ફરી પૃથ્વીમાં જન્મ ધારણ કરે છે જેમ ખેડુ ખેતરમાં બીજ વાવી અન્નકણને મેળવી ખાય છે ફરી, વાવી ફરી ખાય છે, એમ ધર્મથી પુણ્ય પ્રાપ્ત કરી અધોગતિમાં જતો નથી. તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર સર્વ જાતિ જો સર્વક્રિયામાં શ્રીહરિનું ધ્યાન, સ્મરણ, ભજન, ભક્તિ, ઉપાસના રાખે તો તે સર્વની ક્રિયા નિર્ગુણ થાય છે અને મોક્ષ અપાવે છે.

શ્રીહરિ વિના કરેલું સર્વ નિષ્ફળ અને દુઃખ આપનારું થાય છે તથા શ્રીહરિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના સાક્ષાત્ પ્રસંગથી તેના સંત પણ દિવ્ય થઈને અનેકનો મોક્ષ કરે છે તેવા પ્રત્યક્ષ ભગવાનના સંબંધવાળા સંતપુરુષ સદ્‌ગુરુમાં જેવી કુટુંબમાં, પદાર્થમાં, સંપત્તિમાં પ્રીતિ છે, તેવી પ્રીતિ કરવી. તેથી પણ જીવાત્માનો મોક્ષ થાય છે અને પરમધામની પ્રાપ્તિ થાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૬૬ ✣

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! તે યોગનું બળ કેટલું છે ? જેથી મુક્ત થવાય છે, અને અધવચ્ચે અટકી પણ જવાય છે. લોમશઋષિ કહે : હે રાજા ! તપ, દયા, અહિંસા, સત્ય, પ્રાણ, નિરોધવૃત્તિ, સ્થિર મનથી પણ ચોરી ન કરવી. યોગીઓને જેટલો યોગનો અભ્યાસ તેટલું બળ અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. નિર્બળને માયાના દોષમાં રાગ થવાથી યોગભ્રષ્ટ થાય છે. માછલાં જેમ જાળને કાપી નાખે છે તેમ યોગીઓ માયાજાળને કાપી બ્રહ્મગતિને પામે છે. જેમ લક્ષવેધી બાણથી નિશાન વીંધે છે તેમ યોગી એક ધ્યાનથી યોગ સાધી અક્ષરપ્રાપ્તિ કરે છે. નટ જેમ એક ધ્યાનથી દોરી ચાલે છે તેમ યોગી એક શ્રીહરિનું જ ધ્યાન કરે છે.

પરંતુ હે રાજા ! યોગમાર્ગ બહુ કઠિન છે. યોગ જંગલમાં નારાયણના આશ્રય વિના કોઈ પણ સિદ્ધ કરી શકતું નથી. માટે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનમાં સર્વદોષ, રાગદ્વેષ, મદ, નિદ્રા, પ્રમાદ, આળસ, અહંતા, મમતા, આશા, તૃષ્ણાથી શરીરના, ઇન્દ્રિયોના, મનના સર્વ દોષો અર્પણ કરવા અને તેનો આશ્રય કરી ભક્તિ કરવી જેથી મોક્ષ થશે. પૂર્વે પણ ઋષિ-મુનિઓ, દેવો, મનુષ્યો સર્વ વિષયસુખને જાણી તેનો ત્યાગ કરી પરમેશ્વરને ભજીને માયાના પારને પામી ગયા છે.

✤ લ.સં. ઉપદેશ - ૬૭ ✤

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! અક્ષર કેવું છે ? ત્યાં જઈને કોઈને પાછું આવવાનું થતું નથી, અને ક્ષર શું છે ? જ્યાંથી પાછા પડવું પડે છે. લોમશઋષિ કહે : હે રાજા ! પરબ્રહ્મ અવતારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણને રહેવાનું ધામ, સર્વ સુખ, ઐશ્વર્ય, સિદ્ધિ, સામર્થ્યથી પૂર્ણ ભરેલું જેમાં મુક્તો જ રહી શકે છે તેને અક્ષરધામ કહે છે. તે ધામમાં ગયા પછી ત્યાંથી પાછા ફરવાનું થતું નથી. વૈકુંઠ અને ગોલોકથી પર એવા અક્ષરધામમાં અવતારોનાં અનંતધામ રહેલાં છે. તેમાં કરોડો નારાયણો અને નારાયણીઓ વાસ કરે છે તે અક્ષરધામ મૂર્તિમાન છે. તે અક્ષરથી પર શ્રીહરિનું પરમધામ રહેલું છે. ત્યાં શ્રેષ્ઠ ગાજાસન પર અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અનંત મુક્તો-મુક્તાનિ સાથે વાસ કરે છે. જ્યાં અનંત શક્તિઓ, સિદ્ધિઓ રહેલી છે; ગોપાળાનંદ, નિત્યાનંદ, ગુણાતીતાનંદ, સ્વયંપ્રકાશ વગેરે અનાદિમુક્તો વાસ કરે છે, જેના એક રોમનાં લેશ સુખથી અનંતધામ સુખ અને આનંદવાળા થાય છે.

હે રાજા ! એવું અક્ષર-પરમધામનું સુખ છે. તે અક્ષરના સુખથી સર્વે ઈશ્વરોના લોક, દેવો, માયાની સૃષ્ટિઓ, આનંદવાળી છે. એવું તે અક્ષર માયા પાર રહેલું છે. તે શ્રીહરિની ઇચ્છાથી, બ્રહ્મપુરુષથી માયામાંથી થયેલી અનંત સૃષ્ટિઓ તે સર્વ બ્રહ્માંડોને ક્ષર કહેવાય છે. મહત્તત્ત્વ ત્રણ ગુણ વિદ્યા, અવિદ્યા, પુણ્ય, પાપવિધિ, અવિધિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, સર્વે માયામાં પણ રહેલું છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પંચતન્માત્રા, ગ્રહણ કરવા જ્ઞાનઈન્દ્રિયો-કર્મેન્દ્રિયો વગેરે ચોવીસ તત્ત્વો દેહમાં રહેલાં છે. તે સર્વે નાશપણા સ્વભાવવાળા હોવાથી તેને ક્ષર કહેલા છે.

તેથી હે રાજા ! ક્ષર એવા શરીર અને શરીર સંબંધી પંચવિષયના ભોગ્ય પદાર્થો તેનો ત્યાગ કરી અક્ષર એવા આત્મામાં પરમેશ્વર કંભરા ગોપાલપુત્ર શ્રીકૃષ્ણવલ્લભનું ધ્યાન કર. તે કુમકુમવાપીના ઈશ્વર ત્યાગી છે, સ્વામી છે, સદ્‌ગુરુ છે, આચાર્ય છે તેનું

ભજન કર. લોમશઋષિના મુખથી પરબ્રહ્મની કથા સાંભળીને અશ્વપાટલ રાજા અતિ તૃપ્ત થયો અને પોતાના આત્મામાં શ્રીકૃષ્ણવલ્લભનું સ્મરણ-ચિંતવન કરતો અતિ આનંદવાળો થયો અને ફરી ગુરુ લોમશઋષિને પ્રશ્ન પૂછવા લાગ્યો.

✣ લ.સં. ઉપદેશ - ૬૮ ✣

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! જીવાત્મા ક્ષર સંસારને ત્યજી અક્ષરમાં જવા કેમ પ્રયત્ન કરતો નથી ? લોમશઋષિ કહે : હે રાજા ! જીવાત્મા કર્મને આધીન થઈને પાપ-પુણ્યથી પોતાને બાળક, યુવાન, વૃદ્ધ, નપુંસક માની કર્મ કરતો રહે છે અને તેનાં ફળ ભોગવતો રહે છે. તે કર્મ પાપ-પુણ્ય મિશ્રિતથી જીવ સાથે ચોંટી જડાઈ ગયા હોવાથી પોતાને નાતિ, જાતિ, જાડો, પાતળો, સુખી, દુઃખી માને છે. તે કર્મપાશથી બંધાઈને સુખ માટે, ભોગ માટે, વધારે મેળવવા, તૃષ્ણાથી ભેગું કરવા ચારેકોર દોડે છે તેથી નવું કર્મ કરી વારંવાર દેહધારણ કરી સુખદુઃખને પામે છે અને અજ્ઞાનથી, મોહથી સંસારના બંધનથી વૃદ્ધિ પામે છે. એવી રીતે હજારો જન્મ ધારણ કર્યા હોવા છતાં તેની સંસારથી મુક્તિ થતી નથી.

જીવાત્મા પુણ્યકર્મથી દેવ અને માનવના જન્મને ધારણ કરે છે, સ્વર્ગ અને પૃથ્વીના શારીરિક પંચવિષયના ભોગને ભોગવે છે. પાપકર્મ કરીને દાનવ, માનવ, રાક્ષસ, સ્થળચર, વનચર, ભૂચર, ખેચર, જળચર, પશુ, પક્ષી, કીટ, પતંગ, વૃક્ષવેલી વગેરેના અનંત જન્મમાં દુઃખને ભોગવે છે એટલે અજ્ઞાનથી ક્ષર એવા સંસારમાંથી નીકળી શકતો નથી. તેમાં જો સદ્‌ગુરુ મળે, શાસ્ત્રોનો અભ્યાસ કરે, સત્સંગ કરે, શ્રીહરિની કથા સાંભળે, સંતપુરુષની સેવા મળે તો પ્રભુકૃપાથી તેના આત્મામાં મુક્ત સમાન વર્તન થવા લાગે ત્યારે શ્રીહરિનું ધ્યાન-ભક્તિ કરી આત્માને પરમાત્મામાં જોડે. ત્યારે અક્ષર-બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરે છે. માટે જયાં સુધી શ્રીહરિનો આશ્રય અને સત્સંગ કરતો નથી ત્યાં સુધી સંસારનો લય થતો નથી.

તેથી તપથી, જ્ઞાનથી, વિવેકથી, આત્માને શરીરથી જુદો માની અમાયિક જ્ઞાનથી સત્પુરુષના માર્ગે ચાલે છે ત્યારે પ્રભુકૃપાથી આત્મા-અનાત્માનો વિવેક થવાથી મુક્ત-સ્થિતિ પ્રાપ્ત કરે છે, પછી તેને શ્રીહરિ વિના કોઈ પણ વસ્તુ-પદાર્થ-પંચવિષયમાં પ્રીતિ થતી નથી અને અતિ પશ્ચાત્તાપ કરે છે કે, અરે ! હું અત્યાર સુધી મોહથી, તૃષ્ણાથી, અજ્ઞાનથી, ભગવાનને નહીં જાણીને માયામાં-કર્મમાં બંધાઈને કાળને આધીન થયો, છેતરાયો. હવે હું સદ્‌ગુરુ અને શ્રીહરિની કૃપાથી વિવેકવાળો થયો, હવે હું શ્રીહરિની દૃઢ ભક્તિ કરી પરમપદને પામીશ.

હે રાજા ! જીવાત્માને જયારે આવું વિવેકજ્ઞાન થાય છે ત્યારે તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનું આચરણ કરે છે. ત્યારે તેને કાળ, કર્મ, માયાનો ભય રહેતો નથી. ન્યાયવાળાને, દોષરહિતને, પરોપકારી સંત સેવા કરનારને, વિરક્તને, સહન કરનારને, શાંત-તપસ્વી સેવકને આ લોક-પરલોકમાં ભય રહેતો નથી. એવો જ્ઞાની અને ભક્તિવાળો આત્મા, પાપ- પુણ્યથી રહિત થઈને, જન્મ-મૃત્યુથી રહિત થઈને, નિર્લેપ થકો માયા પાર અક્ષરગતિને પામે છે. એવો મુક્ત થયેલો આત્મા અગ્નિથી જેમ ચૂલો લોપાતો નથી, પાણીથી કમળને લેપ લાગતો નથી તેમ સંસારમાં તેને માયાનો લેપ લાગતો નથી.

નટ જેમ તેલપાત્ર ભરીને દોરડા પર ચાલે છે અને એક ધ્યાનથી તેલને ઢોળાવા દેતો નથી તેમ જ્ઞાની યોગી ભક્ત એક ધ્યાન પરમાત્મામાં રાખીને સંસારપાર ઊતરે છે. તેમ હે રાજા ! તું પણ સર્વ સંસારના માયિક પંચવિષયના પદાર્થમાંથી ચિત્તવૃત્તિ પાછી વાળી આત્મામાં એક પરમાત્માને જ ધારીને ચિંતવન કર્યા કર. તો તું પણ શાંતિને પામીશ. અશ્વપાટલ રાજા લોમશઋષિ પાસેથી ઉપદેશ સાંભળી શાંતિ પામી ફરી પ્રશ્ન પૂછવા લાગ્યો.

✣ લ.સં. ઉપદેશ - ૬૯ ✣

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! પાપપુણ્યથી રહિત થયેલો શુદ્ધ આત્મા દેહથી નીકળે છે ત્યારે કેવી રીતે નીકળે છે અને ક્યાં જાય છે ? લોમશઋષિ કહે : હે રાજા ! યોગ, તપ, ભક્તિ, પુણ્ય, પાપ, કર્મ, માયા કે વાસનાના બળથી આ જીવાત્મા શરીરના જે ભાગમાંથી નીકળે છે, તે દેવના લોકને પામે છે. પગમાંથી નીકળે તો વિષ્ણુલોકને પામે. પિંડીમાંથી નીકળે તો વસુને પામે. સાથળમાંથી નીકળે તો પ્રજાપતિને પામે. ગુદાથી નીકળે તો મિત્રદેવને પામે. લિંગ કે યોનિમાંથી નીકળે તો સત્યલોકને પામે. પેડુમાંથી નીકળે તો મેરુના સ્થાનને પામે.

નાભિમાંથી નીકળે તો સ્વર્ગને પામે. પડખામાંથી નીકળે તો મરુતના લોકને પામે. હાથમાંથી નીકળે તો ઇન્દ્રલોકને પામે. છાતીમાંથી નીકળે તો રુદ્રલોકમાં જાય. ડોકમાંથી નીકળે તો મનુષ્યલોકને પામે. મુખથી નીકળે તો વિશ્વદેવને પામે. કાનમાંથી નીકળે તો દિશાના દેવને પામે. નાકથી નીકળે તો વાયુલોકને પામે. નેત્રથી નીકળે તો સૂર્ય-ચંદ્રને પામે. ગંડસ્થળથી નીકળે તો અગ્નિલોકને પામે. ભૃકુટીમાંથી નીકળે તો અશ્વિનીકુમારને પામે. લલાટમાંથી નીકળે તો પિતૃલોકને પામે અને જો મસ્તકના બ્રહ્મરંધ્રમાંથી નીકળે તો સુષુમ્ણા માર્ગે સનાતન બ્રહ્મલોકને પામે છે.

હે રાજા ! જીવાત્મા ઉપાસનાબળથી પાપ-પુણ્યને ભેદી અને ઊર્ધ્વગતિમાં જાય છે. તેમાં શિવની ઉપાસનાવાળા કૈલાસમાં જાય છે. વિષ્ણુની ઉપાસનાવાળા શ્વેતદ્વીપમાં જાય છે. નરનારાયણની ભક્તિથી બદ્રિકાશ્રમમાં જાય છે. યજ્ઞ કરનારા સ્વર્ગમાં જાય છે. પિતૃભક્તિથી પિતૃલોકને, બ્રહ્મચર્યથી સિદ્ધલોકને, તપથી સત્યલોકને પામે છે. વૈરાજ - મહાવિષ્ણુની ઉપાસનાથી વૈકુંઠને પામે છે. નારાયણની ભક્તિથી મહાવૈકુંઠને પામે છે. રાધાકૃષ્ણની ઉપાસનાથી ગોલોકને પામે છે. માયા-પ્રકૃતિ અને આદ્યશક્તિની ઉપાસનાથી માયાના આઠ આવરણમાં ગતિ થાય છે. ભૂમાપુરુષની ઉપાસનાથી અવ્યાકૃત ધામને પામે છે. વાસુદેવની ભક્તિથી અમૃતધામને પામે છે. અવતારોની ઉપાસનાથી તે તેને પામે છે. અક્ષરની ઉપાસનાથી અક્ષરધામને પામે છે. પરબ્રહ્મની ઉપાસનાથી પરમધામને પામે છે.

ઉપાસના ભક્તિ વિના જીવાત્મા તામસી કર્મથી દૈત્ય દાનવ, રાક્ષસ અને પશુપક્ષીના જન્મને પામે છે. રાજસી ધર્મથી શ્રીમંત, દેવ, વસુ, ગાંધર્વ, લોકપાલ, સ્વર્ગ વગેરેને પામે છે. સાત્ત્વિક ધર્મથી સાધુ બ્રાહ્મણ થાય છે અને ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનાગ્નિથી જો સર્વદોષને બાળી નાખે તો સંન્યાસીની જેમ પરમગતિને પામે.

✤ લ.સં. ઉપદેશ - ૭ ✤

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! ગૃહસ્થ સંન્યાસી કઈ રીતે થઈ શકે ? લોમશઋષિ કહે : હે રાજા ! પૂર્વે કૃષ્ણભક્ત આનર્ત સૌરાષ્ટ્રનો રાજા હતો તેની પાસે કુશલા નામે યોગિની આવી પોતાના યોગબળથી રાજાના શરીરમાં પ્રવેશ કરી રાજસભાવ ઉત્પન્ન કરવા લાગી. આનર્ત રાજાએ પણ નારાયણના અંશ પત્નીવ્રત દ્વિજ પાસેથી સાંખ્ય-યોગજ્ઞાન સિદ્ધ કર્યું હોવાથી કુશલા યોગિનીને કહ્યું, મારા ચૈતન્ય આત્મામાં પરબ્રહ્મની ભક્તિ અને જ્ઞાન રહેલાં હોવાથી તું મારા મનને કે શરીરને જરા પણ ચલાયમાન કરી શકે તેમ નથી.

મારા ગુરુના આશીર્વાદથી મને વિવેકજ્ઞાન થવાથી મારામાં રાગનો અભાવ છે તેથી મેં વૈરાગ્યથી મોક્ષસિદ્ધિ મેળવી છે; તેથી મારા અજ્ઞાનરૂપી કારણબીજનો નાશ થવાથી તું આ શરીરને શસ્ત્રથી કાપે અથવા ચંદન અર્પે તે બંને મારે માટે સમાન છે. માયિક પદાર્થના નાશવંતપણાથી મને કચરો અને કંચન સમાન લાગે છે. સંતપુરુષોના સમાગમથી મને રાજય કરવા છતાં નિર્લેપપણું રહે છે. કર્મનો ન્યાસ મેં પરમાત્માની ભક્તિમાં કરેલો છે તેથી હું ગૃહસ્થ હોવા છતાં સંન્યાસીની જેમ રહી શકું છું.

માટે કોઈ પર્ણકુટીમાં રહી દંડ-કમંડલુ ધારણ કરે, કોઈ મહેલમાં રહી છત્ર-ચામર ધારણ કરે તે તો આશ્રમને યોગ્ય ચિહ્નો છે; પણ જ્ઞાનભક્તિ વિના સંન્યાસ, ભગવાં વસ્ત્ર, જટા, સર્વ વ્યર્થ છે અથવા ગૃહસ્થનાં સુખ જોઈ તેમાં મોહ પામે તે પણ વ્યર્થ છે. ભક્ત આનર્ત રાજાની જ્ઞાનવાર્તા સાંભળી કુશલા યોગિનીએ બીજો પ્રશ્ન પૂછ્યો : તું મને સ્ત્રીરૂપે દેખે છે અને જ્ઞાન સ્થિતિની વાત કરે છે. જ્યાં સુધી તને સ્ત્રીપુરુષમાં ચૈતન્યનો સમાન ભાવ થયો નથી ત્યાં સુધી તને હું મુક્ત કેમ માનું ? આનર્ત રાજા કહે : હે કુશલાદેવી, જેમ વાદળાં અને પાણી જુદાં જુદાં છે એમ જાણે લીધું તેને જડ એવી માયાનાં ચોવીશ તત્ત્વોથી બંધાયેલા દેહમાં ક્યારે પણ પ્રીતિ થતી નથી. પણ ચેતન એવો આત્મા શરીરમાં રહેલો હોવાથી સ્ત્રીપુરુષનો વ્યવહાર તથા સર્વે પદાર્થ સંબંધી વ્યવહાર, રાજયવ્યવહાર, કુટુંબવ્યવહાર કરવા છતાં અસંગી રહે છે.

જ્ઞાની આત્મા ગૃહસ્થાશ્રમમાં રહે કે ત્યાગમાર્ગમાં રહે - બંને સમાન છે. પોતાના આત્મામાં રહેલા તથા બીજાના આત્મામાં રહેલા અંતર્યામી પરમાત્માને જેણે જાણી લીધા તે કોઈની સાથે રાગ-દ્વેષ કરતો નથી. કોઈની સાથે મિત્રતા-શત્રુતા કરતો નથી. સદા પરોપકારી થઈને યોગીના, બ્રહ્મનિષ્ઠ, સંતપુરુષો, જ્ઞાની પુરુષોનો સંગ નિત્ય કર્યા જ કરે છે અને પરમાત્માના ભક્તિ રસમાં તરબોળ રહે છે તેવો જ્ઞાની ભક્તાત્મા ક્યારે પણ વૃથા વાણી, વાદ-વિવાદ કરતો નથી, વૃથા પરિશ્રમ કરતો નથી, સદા આત્મતૃપ્તિના આનંદમાં જ રહે છે.

એવો જ્ઞાની રાજા હોય તેને ક્યારે પણ એમ થતું નથી અરે મારું રાજય-ધન નાશ પામ્યું. મારું પશુધન નષ્ટ થયું. મારો મોલ હીમથી બળી ગયો. ખેતર પક્ષી ખાઈ ગયા ચોર લૂંટી ગયા. વાણીથી મારું અપમાન કર્યું. શત્રુઓએ મને ગાદી પરથી ઉતારી મારી સ્વતંત્રતા લઈ લીધી. ઈત્યાદિક અનંત પ્રકારના સુખ-દુ:ખ આ લોકમાં જ્ઞાની ભક્તાત્માને ક્યારે પણ સ્પર્શતા નથી. તેથી હું એ રીતે રહીને સંત-સમાગમ નિત્ય કરીને પ્રભુભક્તિ કરું છું.

આનર્ત રાજાનું વિવેકજ્ઞાન સાંભળી અને ભક્તિભાવ જોઈને પ્રસન્ન થયેલી કુશલાદેવી કહે, હે રાજા ! હું વાદ-વિવાદ કરવા નથી આવી, હું તો તારી પ્રભુ પ્રત્યે કેટલી પૂર્ણતા છે તે જોવા આવી છું. તું સંસારમાં જેમ કમળ રહે તેમ રહે છે પણ હું તો જ્યાં યોગીઓ પણ દર્શને આવે છે એવા અશ્વપટ સરોવરકાંઠે કુંકુમવાપી ક્ષેત્રમાં રહું છું. જ્યાં લોમશઋષિ અનેક યોગીઓને પણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું પ્રત્યક્ષ જ્ઞાન આપી પ્રભુનાં દર્શન કરાવીને પરમધામમાં મોકલે છે.

માટે હે રાજા ! તું પણ તે બ્રહ્મધરામાં અશ્વપટ સરોવરમાં સ્નાન કરી પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરીને પરમગતિને પ્રાપ્ત કર. આનર્ત રાજા કુશલાદેવીની યોગની પરાકાષ્ઠા અને પ્રત્યક્ષ ભગવાનને વિષે પરાકાષ્ઠાની ભક્તિ જોઈને તેની સાથે કુંકુમવાપીક્ષેત્ર આવી અશ્વપટ સરોવરમાં સ્નાન કર્યું. ત્યાં આનર્ત તીર્થ તથા કુશલાતીર્થ થયેલું છે. લોમશઋષિ કહે : હે અશ્વપાટલ રાજા, આ તને આનર્ત અને કુશલાદેવીની બ્રહ્મકથા કહી તે સાંભળશે તે બ્રહ્મપદને પામશે.

✣ લ.સં. ઉપદેશ - ૭૧ ✣

અશ્વપાટલ રાજાએ પૂછયું : હે ગુરુ ! યોગીને સેવા, તપ અને પુણ્ય તે ભોગવવું પડે છે ? લોમશઋષિ કહે : હે રાજા ! યોગી પણ પુણ્ય ભોગવી પછી મોક્ષમાં જાય છે. જો પુણ્ય અને પાપ શ્રીહરિને અર્પણ કરે તો તેનો ધામમાં નિવાસ થાય છે. દોષવાળું, પાપવાળું કર્મ પણ જો ભગવાનને અર્પણ કરે તો તે કર્મ અમાયિક થાય છે. પુણ્યકાર્ય કર્યા પછી તે કર્મફળને ભોગવવાની ઇચ્છા રાખે તો દેવ-ઈશ્વર અને મનુષ્યની ઉચ્ચનીચ ગતિમાં ભોગવે છે. પુણ્ય નહીં કરનારો, પરોપકાર નહીં કરનારો પાપી વીંછી અને સર્પના જન્મને પામે છે. પુણ્ય કરનારો દેવ ઈશ્વર અને સાધુ થાય છે.

પૂર્વે શ્વેત રાજાએ અન્નજળનાં દાન નહીં દેવાથી સ્વર્ગ ન મળ્યું. પછી નારદના કહેવાથી તેના પુત્રે શ્રાદ્ધ કર્યું તેથી તેને અન્નજળ પ્રાપ્ત થયું. એ રીતે સર્વે આત્માઓ પોતાના કરેલા પુણ્ય-પાપનાં કર્મને ભોગવે છે. ગુરુની સેવાથી, તપથી, ઇન્દ્રિયોના નિગ્રહથી માનવો સિદ્ધિને પામે છે.

અશ્વપાટલ રાજાએ કહ્યું : હે ગુરુ ! હવે મને પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો મહિમા કહો. જે પરમેશ્વર સર્વનું શાસન કરે છે, જેનું સર્વે ભજન કરે છે તે પ્રભુનો બોધ કહો. લોમશઋષિ કહે : હે રાજા ! વેદનાપારને પામેલા વિદ્વાનો, એકાંતિક ભક્તો તે શ્રીહરિના અવતારો તેનાં ચરિત્રો - લીલા - ક્રિયા અને નામ સર્વે જાણે છે, બીજા કોઈ જાણી શકતા નથી. તે પરબ્રહ્મ થકી સર્વ સૃષ્ટિઓ થયેલી છે, તેમાં પોતે રહેલા છે તેથી તેને આદિ દેવ કહેલા છે. સર્વે ગુણ, વિભૂતિ, ઐશ્વર્યો, શ્રી, દિવ્યવેશ, રચના, વાણી તેમાં રહેલાં છે, સર્વેને આપનારા છે તેથી તેને પરમેશ્વર કહેલા છે.

અજ્ઞાનનો નાશ કરીને જ્ઞાનસુખ આપનારા માયા પાર હોવાથી શાશ્વત બ્રહ્મપદ આપનારા છે તેથી તેને અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહેલા છે. માયાથી પર અક્ષરના નિયંતા હોવાથી તેને અક્ષરાતીત કહેલા છે. સર્વનાં દુઃખ હરનારા હોવાથી હરિ કહેલા

છે. સર્વમાં વાસ કરનારા હોવાથી તેને વાસુદેવ કહેલા છે. માયાના પતિ હોવાથી તેને માધવ કહેલા છે. તપ-ભક્તિથી ઇન્દ્રિયોનું દમન કરનારા જનોને ઊર્ધ્વગતિ આપનારા હોવાથી તેને દામોદર કહેલા છે. સર્વે અવતારો તેના અંશ હોવાથી તેને કેશવ કહેલા છે. યોગીઓમાં રમે છે, આનંદ મેળવે છે તેથી તેને રામ કહેલા છે.

હે રાજા ! એ રીતે ગુણ કર્મ અને યોગથી અનંત નામવાળા અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું તું ભજન કર. તો પ્રભુ કુમકુમવાપી ક્ષેત્રમાં પ્રગટ થયેલા છે. એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, બાલકૃષ્ણ, હરિકૃષ્ણ, પુરુષોત્તમ, સત્પુરુષોના-મુક્તોના-બ્રહ્મપ્રિયાના-ભક્તોના-સર્વના પતિ એવા શ્રીહરિની ભજનભક્તિ-સેવા કરી તેમને તું પ્રાપ્ત કર.

અશ્વપાટલ રાજા કહે : હે ગુરુ ! આવી કથા, આવો બોધ, આવું અમૃત અને પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન મને આપ્યા, હવે હું કૃતાર્થ અને પૂર્ણકામ થયો છું અને તે પ્રત્યક્ષ શ્રીહરિને મારા આત્મામાં જ દેખું છું એમ કહીને રાજાએ લોમશઋષિને દંડવત્ પ્રણામ કર્યાં.

✣ લ.સં. ઉપદેશ - ૭૨ ✣

લોમશઋષિ કહે : હે રાજા ! સર્વે દેવો-ઈશ્વરો, ઋષિમુનિઓ તો પ્રત્યક્ષ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું જ ભજન કરે છે. સર્વે યોગશાસ્ત્રો વેદ, યજ્ઞો, તપ, સત્ય, પુણ્ય, પ્રવૃત્તિ તે પરબ્રહ્મ પરાયણ જ છે. પંચભૂત, પંચતન્માત્રા, કાળ, કૃતિ, કીર્તિ, દેવતા, લીલા, ત્યાગ, શુભક્રિયા સર્વે પરબ્રહ્મ પરાયણ જ છે. સર્વે તત્ત્વનું તત્ત્વ આ કુંકુમવાપીના ઈશ્વર અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એકાંતિક ભક્તોને સુખ આપનારા પોતે જ છે. તે પ્રભુ પૂર્વે કલ્પમાં સત્યયુગમાં સ્વર્ણરેખા નદીતટે તેમજ નારાયણધરે દેવોને, પિતૃઓને, વિપ્રોને, ઋષિઓને, યજ્ઞધર્મ સમજાવતા હતા અને પ્રવર્તાવતા હતા, તેજ ભગવાને પૃથ્વી પર એકાંતિક ધર્મનું સ્થાપન કરેલું છે, જેમાં ભક્તો પરબ્રહ્મપરાયણ રહે છે. સર્વે વર્ણો વૈષ્ણવો થઈને અક્ષરપદને પામે છે.

સર્વે નરનારીઓ વ્યવહાર કરવા છતાં પ્રભુભક્તિ કરી વૈકુંઠ ગોલોક અને બદ્રિકાશ્રમ ધામમાં જાય છે. જ્યારે શુદ્ધ સાત્ત્વિક ભાવથી શ્રીહરિની, સંતભક્તોની સેવા કરે છે તથા અન્નજળની પ્રસાદિ જમે છે ત્યારે તે જીવાત્માની શુદ્ધ બુદ્ધિ થઈને માયાના ભાવથી રહિત થાય છે અને નિર્ગુણ થઈને અક્ષરપદને પ્રાપ્ત કરે છે.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! ભદ્રાશ્વ રાજાએ અગત્સ્ય મુનિને આત્મજ્ઞાન અને મોક્ષ કેમ થાય ? તે પ્રશ્ન પૂછયો. અગત્સ્ય મુનિ કહે : હે રાજા ! જીવાત્મા ગુરુ વિના ગતિ

કરી શકતા નથી. ગુરુ બ્રહ્મા છે, ગુરુ શંકર છે, ગુરુ સાક્ષાત્ નારાયણ છે, ગુરુને પ્રસન્ન કરવાથી દેહધારીઓ મોક્ષને યોગ્ય થાય છે. બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવો. જ્ઞાન આપનારા ગુરુ ભવસાગરથી તારે છે એવા ગુરુનું પૂજન કરી ભોજન કરાવવાથી વૈષ્ણવ યજ્ઞ થાય છે. ગુરુ છે તે નારાયણની ચાલતી ચેતનમૂર્તિ છે. તેની પૂજા સુગંધી ચંદન, કંકુ, ચોખા, પુષ્પ, પત્ર, જલ, તાંબુલ, કાજલ, આસન, વાહન, શય્યા, પાદુકા વગેરેથી સર્વ પ્રકારે સેવા- કરવી.

ગુરુ સ્નેહ ભક્તિ કરનારા સેવકોના પાપને બાળીને શાંતિ આપનારું શાશ્વત સુખ આપે છે. ગુરુ છે તે પતિ, પત્ની, માતા, પિતા, પુત્ર, રક્ષણપોષક અને તારનારા સર્વસ્વ છે.

ભાઈ કરતાં પિતાને દશ ગણા માનવા. માતાને સો ગણાં માનવાં. ગુરુને હજાર ગણા માનવા. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણને અપાર ગુણવાળા ગુરુ પ્રત્યક્ષ દિવ્યમૂર્તિ માની સર્વ પ્રકારે સેવા કરવાથી શિષ્ય દિવ્ય મુક્તિસ્થિતિ પ્રાપ્ત કરે છે.

✣ લ.સં. ઉપદેશ - ૭૩ ✣

અંબરીશ રાજાએ પૂછયું : હે પ્રભુ ! સંસાર કેમ તરાય ? શ્રી નારાયણ કહે : સૂર્યોદય પહેલાં જાગી મારું કિશોરસ્વરૂપનું ધ્યાન કરી, સ્નાન કરી, મારી પૂજા ષોડશોપચારથી કરવી. ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અબીલ, ગુલાલ, કંકુ, ચોખાથી પૂજન કરી, નૈવેદ્ય ધરી, આરતી, પ્રદક્ષિણા, દંડવત્, સ્તુતિ, પ્રાર્થના, નમસ્કાર, ક્ષમાયાચના કરી મારી કથા, વાર્તા, ધૂન, કીર્તન, ભજન, સ્મરણ વગેરે કરી મારી નવધા ભક્તિ કરવી તથા મારા મુખરૂપે રહેલા સંત- વિપ્રોને ભોજન કરાવવા તથા ધન, સંપત્તિ, ઘર, કુટુંબ, સર્વસ્વ મારા પરાયણ મને અર્પણ કરે તો સંસાર તરી જવાય છે.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! ગૃહસ્થો કેવાં કર્મો કરે તો ભક્તિ અને મુક્તિને પામે ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! સર્વે માયાના દોષથી મુક્ત થઈ જો મારામાં મન રાખે, અહંતા- મમતા ત્યજી સર્વ મને અર્પણ કરે તથા આઠમ, બારસ, ચૌદશ, અમાસ આદિક વ્રતને દિવસે મૈથુનનો ત્યાગ કરે અને રાગદ્વેષથી રહિત થઈ મારી ભક્તિ કરી મારી પૂજા કરતો મારા ધામને પામે છે.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! તમારી પૂજા ક્યારે કેવી રીતે કરવી ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! દાનથી કે યજ્ઞથી હું પ્રસન્ન થતો નથી. હું તો પ્રેમભક્તિથી વશ થાઉં

છું. જે નરનારી બીજે ક્યાંય પણ ચિત્ત નહીં રાખીને રાત્રે-દિવસે મને સંભારે છે. સવારે, બપોરે, સાંજે-અર્ધરાત્રિએ પણ જે મારામાં ચિત્તને રાખે છે તેથી હું સંતોષ પામું છું. જમવામાં, પ્રવૃત્તિમાં, સૂવામાં, બેસવામાં, સર્વક્રિયામાં મને સાથે રાખે છે તે ભક્ત મારી સાથે છે અને હું તે ભકત સાથે છું. એવો મારો ભક્ત જે માંગે તે હું આપું છું.

જલાહાર, રસાહાર, અન્નાહાર સર્વ મને અર્પણ કરીને જમનારો, મારી ભક્તિ પરાયણ ધર્મ-કર્મ કરનારો, લાભ-અલાભ મા સમાન માનનારો, શાસ્ત્રને અનુસારે ચાલનારો, જિતેન્દ્રિય એવો મારો ભક્ત મારા ધામને પામીને મારા ભોગને ભોગવે છે. બ્રહ્મકર્મ કરનારો બ્રાહ્મણ મને પામે છે. દાનમાં શૂરવીર ક્ષત્રિય ભક્ત મને પામે છે. લાભ-અલાભમાં સમાન માનનારો વૈશ્ય ભક્ત પણ મને પામે છે. ગુરુપૂજન કરતાં દંપતી ભક્તો પણ મને પામે છે. એ રીતે મારે માટે જ નિષ્કામ કર્મ કરતા ગૃહસ્થો ભક્તિ અને મુક્તિને પામે છે.

✤ લ.સં. ઉપદેશ - ૭૪ ✤

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! શ્રીહરિના અનન્ય આત્મનિવેદી ભક્ત તેમણે સવારે ષોડશોપચારથી શ્રી બાલકૃષ્ણ સ્વરૂપ શ્રીહરિનું પૂજન કરવું. સ્નાન, વસ્ત્ર, આભૂષણો, ભોજનપાન, મુખવાસ, પુષ્પાંજલિ, આરતી, દંડવત્, નમસ્કાર, ક્ષમા-પ્રાર્થના કરવી. શિયાળામાં ગરમ પાણીથી સ્નાન કરાવી, ઉનનાં વસ્ત્રો પહેરાવવાં. ઉનાળામાં ઠંડા પાણીએ સ્નાન કરાવી, સૂક્ષ્મ વસ્ત્રો પહેરાવવાં. ઋતુ પ્રમાણે ફળ-ફૂલ-ભોજન આપવા. ઉનાળામાં સુગંધી ચંદન, સાકરિયા, સરબત વગેરે આપવાં. અત્તર, તેલ, ફુલેલ સુગંધીમાન આપવા. ધૂપ-દીપ કરી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી તથા પ્રભુને કોમળ શય્યામાં, ગાદલું, ઓછાડ, રજાઈ, ઓશીકા વગેરે અર્પણ કરવા.

શ્રીહરિની ડાબી બાજુ જયા, લલિતા, રાધા, લક્ષ્મી, શ્રીશિવા, માણકી, પ્રભા, પાર્વતી, હંસા, મંજુલા, શાંતા, મંછા, સરસ્વતી, દુર્ગા, ગંગા, કમલા, સાવિત્રી, વીરજા વગેરે ભગવાનની પત્નીઓનાં આસનો કલ્પવાં. પ્રભુને નૈવેદ્યમાં દૂધ, દહીં, ઘી, મધ, સાકર, ગોળ વગેરે રસો ધરાવવા તથા સર્વ ફળો, સર્વ શાક, ચીભડા, કાકડી વગેરે ધરાવવાં, તથા શ્રીખંડ, દૂધપાક, બાસુંદી, સર્વ મિષ્ટાન્નો, સર્વ ફરસાણ, સર્વ અથાણાં, પાપડ વગેરે નૈવેદ્ય ધરીને પ્રભુને પ્રેમથી પ્રાર્થના કરવી - હે પ્રભુ ! તમે પ્રેમથી આરોગો, ઇચ્છા પ્રમાણે જમો. પછી પ્રભુને મુખવાસ આપવો - પછી પગચંપી કરવી.

પ્રભુને લાલ વસ્ત્ર ધરાવવાથી સંપત્તિ પ્રાપ્ત થાય છે. પીળું વસ્ત્ર ધરાવવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. શ્વેત વસ્ત્ર ધરાવવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. વસંતમાં શ્વેત, ફાગણમાં કેશરી, અષાઢમાં કસુંબલ, આસોમાં જરીનાં, ઉત્સવમાં ચિત્રવિચિત્ર વસ્ત્રો ધરાવવાં.

અશુદ્ધ શરીરથી ભગવાનને ન અડવું. અશુદ્ધ વસ્તુનો સ્પર્શ ન કરવો. મંદિરમાં અપશબ્દો બોલવા નહિ. ગ્રામ્ય વાર્તા કરવી નહીં. પ્રભુને પીઠ બતાવવી નહિ. અશુદ્ધ વસ્ત્ર પહેરવાં નહિં. અશુદ્ધ હાથે ભગવાનને અડવું નહીં. સમય વિના પ્રભુને જગાડવા નહીં. રાજા શ્રીમંત માટે પણ કુસમયે જગાડવા નહીં. પડદો આડો રાખ્યા વિના વસ્ત્ર, આભૂષણો, પુષ્પમાળા વગેરે ધરાવવાં નહીં.

આવી રીતની ભક્તિ કરનારા, મર્યાદા પાળનારા મારા આત્મનિવેદી ભક્તો ત્યાગી હોય કે ગૃહસ્થો હોય તો દેહ મૂકીને વૈકુંઠ, ગોલોક, અક્ષરધામ તેમજ પરમધામમાં જાય છે. એવા ભક્તોનું અકસ્માત મૃત્યુ થવાથી પણ મારી દીક્ષાવાળા, મારામાં ચિત્તવાળા ભક્તો મારા ધામમાં લક્ષ્મી અને વિષ્ણુ સમાન થાય છે. અક્ષરધામના સીમ પ્રદેશમાં અસંખ્ય ગોલોકાદિ ધામો છે, તેમાં મારા ભક્તો દિવ્ય ભોગને ભોગવે છે, તેમાંથી વિરામ પામીને પછી અક્ષરધામમાં જાય છે, અને મારી મૂર્તિને સુખે સુખીયા થાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૭૫ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! જે જનોને મારી ભક્તિ નથી તેને દુઃખો આવે છે અને જે સુખ થાય છે તે મારા યોગથી-ભક્તિથી થાય છે. અનેક આશાથી ઘેરાયેલો અસંતોષી, અતિ તૃષ્ણાવાળો, ઉદ્વેગ અને કલેશ કરનારો તેને દુઃખ આવે છે. ધર્મથી રહિત હોય, અપવિત્ર આત્મા હોય, દયા-દાનથી રહિત હોય તેને દુઃખ આવે છે. બીજાને છેતરનારો, દુઃખ આપનારો, મારી પૂજાસેવાથી રહિત તેને દુઃખ આવે છે. નાસ્તિક, પુનર્જન્મને નહીં માનનારો, સર્વભક્ષી, સર્વ વસ્તુ વેચનારો, અતિથિને આપ્યા વિના ખાનારો તેને દુઃખ આવે છે. સારા કુટુંબમાં જન્મ પામી સર્વ સાધનસંપન્ન હોવા છતાં પ્રભુની ભક્તિ ન કરે અને અનેક કર્મો કરી સ્વાર્થી વૃત્તિ રાખેને નાશવંત સુખ મેળવે તેનો મનુષ્યજન્મ વૃથા છે.

મને નૈવેદ્ય અર્પણ કરી પ્રસાદ જમનારો, દિવસમાં ત્રણ વાર મારાં દર્શન કરનારો તે સુખ અને શાંતિ મેળવે છે. મહિનામાં એક વાર સાધુ, બ્રાહ્મણ, પિતૃઓને તૃપ્ત કરે છે તે સદા સુખી રહે છે. મોહરહિત, કામનાહીન જીવાત્મા, સુવર્ણને લોઢાની સમાન દેખનારો તે સુખી થાય છે. દ્રવ્યની ચિંતા નહી કરનારો, વ્યસનરહિત, રોગરહિત તે

સુખ ભોગવે છે. ઠંડી લાગતી નથી, ગરમીથી પરાભવ પામતો નથી, વૃક્ષ નીચે વાસ કરનારો, શ્રીહરિનું ચિંતન કરનારો સદાય સુખિયો રહે છે. બીજાનું પોષણ કરનારો, થોડું ખાનારો, સહજ ભજન કરનારો સકામ હોય કે નિષ્કામ-મંદિરમાં વાસ કરનારો સદા સુખી રહે છે.

માતા-પિતા, પત્ની, ગુરુ, બાળકોને દેવ સમાન માનનારો, જ્ઞાની, વિવેકવાળો, ધીરજવાળો, નિઃસ્પૃહ એવો ભકત સદા સુખી રહે છે. શિયાળો, ઉનાળો, ચોમાસાની ઋતુને સહન કરનારો, ભૂખ-તરસને સહન કરનારો, ભક્તિરૂપી ધનવાળો, આળસરહિત તેઓ આત્માનું સુખ પામે છે. સત્યવાણી બોલનારો, બ્રહ્મચર્ય પરાયણ રહેનારો, પોતાની પત્નીમાં સંતોષ માનનારો પવિત્ર આત્મા સદા સુખી રહે છે. આવા મારા ભકતો ફરી કયારેય પણ ગર્ભવાસમાં આવતા નથી.

વૃથા વાદવિવાદ ન કરવો. શઠપણું ન કરવું. ધર્મકર્મની નિંદા ન કરવી. કામ, ક્રોધ, લોભને જીતનારા પુરુષો તે મને જ પામે છે. દેવ-અતિથિ-ગુરુ-ગાયને માનનારા, તીર્થયાત્રા કરનારા તે મને પામે છે. સાધુ-સાધ્વીનું પૂજન કરનારા, અનાથોનું પાલન કરનારા, ક્રોધ પામેલા ગુરુને પણ પ્રસન્ન કરનારા, પતિવ્રતા સ્ત્રીનું પાલન કરનારા ભક્ત તે મને જ પામે છે. સર્વ ભૂતપ્રાણીમાત્ર પર દયા રાખનારા, બીજાના ધામની ઇચ્છા નહીં રાખનારા, આવા મારા ભક્તો મને જ પામે છે. આ મેં મારું રહસ્યજ્ઞાન કહ્યું. આ જ્ઞાન દેવતાઓ પણ મેળવી શકતા નથી.

✤ લ.સં. ઉપદેશ - ૭૬ ✤

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! મારી માયાથી સર્વે નિર્માણ થયેલું છે. તેમાં પ્રવેશ કરીને હું સર્વે કામ કરું છું. મારી માયાથી જ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ વગેરે પંચમહાભૂતની રચના થઈ છે. શુક્ર અને રોહી જુદાં જુદાં શરીરમાં હોવા છતા બન્નેના યોગથી જ ગર્ભ રહે છે, તે મારી માયા. ગર્ભમાં જીવ પ્રવેશ કરીને સુખદુઃખને પ્રાપ્ત કરે છે. શરીર વિના આત્માને સુખ-દુઃખ નથી. બીજ, અંકુર, પત્ર, ફળ વગેરે સર્વે મેં જ માયાથી નિર્માણ કરેલ છે. શરીરના પરસેવાથી માંકડ, માથામાં લીખ વગેરે થાય છે તથા વીર્યથી પુત્ર થાય તેમાં મારાપણાની જ ભાવના, તે મારી માયાને કોઈ જાણી શકતું નથી.

ગર્ભમાં જીવ લોહી પીનારો પછી માતાના ખોળામાં દૂધ પીનારો, યુવાનમાં સંપત્તિ પીનારો, નરનારીમાં પરસ્પર પ્રીતિ તે જ મારી માયા છે. હું સર્વ દેવો ઈશ્વરોરૂપે રહીને પ્રકાશ કરું છું. લોકો જાણે છે કે સૂર્ય સર્વને પ્રકાશિત કરે છે પરંતુ સૂર્યમાં રહીને હું જ સર્વ કાર્ય કરું છું. બ્રહ્મા, વિષ્ણુ, શંકર પણ મારી માયાને જાણી શકતા નથી.

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મીજી, લાખો ભક્તોમાં મારી ભાગવતી દીક્ષા કોઈ લોકો જ મેળવે છે. મારી દીક્ષા વિના મારું પૂજન નિષ્ફળ છે. તે દેવો પણ જાણી શકતા નથી. મારી મૂર્તિમાં મન રાખી ગુરુનું ષોડશોપચારથી પૂજન કરવું તથા ગુરુએ આપેલી મૂર્તિનું પૂજન, ધ્યાન, ભજન કરવું તથા ભક્ષ્ય, ભોજય, લેહ્ય, ચોસ્ય વગેરે નૈવેદ્યથી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને પ્રસન્ન કરવા તથા ગુરુ પાસેથી અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર ગ્રહણ કરી તેનો જપ કરવો. તે મંત્ર નરનારી સર્વેને આપવો. મંત્ર લેનારો ભગવાનનો શિષ્ય-ભક્ત થાય છે. મંત્ર લેનારો શૂદ્ર પણ ભગવાનનો ભક્ત થાય છે. મંત્રદીક્ષા લીધા પછી વૈષ્ણવ ભક્તોને ભોજન કરાવવું. મંત્રનો તુલસીમાળાથી ગૌમુખીમાં રોજ એક મૂર્તિ સુધી જપ કરવો પછી પ્રાપ્ત થયેલી પૂજાની સામગ્રીથી અતિસ્નેહથી મારી પૂજા કરવી.

✣ લ.સં. ઉપદેશ - ૭૭ ✣

મારા વૈષ્ણવ ભક્તોએ મને નૈવેદ્ય ધરીને પ્રસાદી લેવી તો પાપનો ભાગીદાર ન થાય. મને ધર્યા વિના જમાય તો એક ઉપવાસ કરવો. મંદિરમાં મૂર્તિ પાસે સ્નાન કર્યા વિના અપવિત્રપણે ક્યારે પણ ન જવું, તે અપરાધ થાય તો સો માળા ફેરવવી. મૈથુન કરી સ્નાન ન કરે, મળમૂત્ર કરી સ્નાન કર્યા વિના મૂર્તિને અડે તો ત્રણ દિવસ તલનો ભૂકો અથવા જવ ખાવા, ચોથા દિવસે ઉપવાસ કરવો. રજસ્વલા નારીનો તથા શબનો સ્પર્શ થાય તો સ્નાન કરવું, ન કરે તો દરિદ્ર અને બુદ્ધિરહિત થાય.

મંદિરમાં મૂર્તિ પાસે અપાન વાયુ છોડે તો માખી, ઉંદર, કૂતરાના જન્મને પામે. મનુષ્ય ક્રોધયુક્ત થઈ મૂર્તિનો સ્પર્શ કરે તો શમડાં, શકરાના જન્મને પામે. રજસ્વલાવાળા મલિન વસ્ત્રોથી મૂર્તિનો સ્પર્શ થાય તો એક માસ એકટાણાં કરવાં તથા એક હજાર માળા ફેરવવી.

મારી મૂર્તિને કાળાં વસ્ત્ર ક્યારેય પણ ધરાવવાં નહીં; ધરાવે તો નોળિયો અને કાચબાના જન્મને પામે, તેનું પ્રાયશ્ચિત્ત સાત દિવસ એકટાણાં કરી સો માળા ફેરવવી. હાથી, અશ્વ, ઊંટ, શિયાળનો સ્પર્શ કરે તો સો માળા ફેરવવી. સ્મશાનમાં જઈને સ્નાન કરવું, ન કરે તો પ્રાયશ્ચિત્ત હજાર માળા ફેરવવી; માળા ન ફેરવે તો શિયાળ, ગીધના જન્મને પામી પિશાચ થાય.

ઉપવાસને દિવસે પંચગવ્ય લેવું. તેથી જાણતા-અજાણતા થયેલા મૂર્તિના અપરાધોનું પ્રાયશ્ચિત્ત થાય છે તથા તુલસીપત્રો, ખાખરાનાં પાન, આંબળા તેનું પાણી ઉકાળીને

પાચન થાય તે રીતે પીવું, તે બ્રહ્મકુર્ચ વ્રત કહેવાય છે. તે સર્વ પાપનો નાશ કરે છે તથા ધાતુની શુદ્ધિ કરે છે.

ડુંગળીનું શાક ખાય તે ભૂંડ થાય. મારો અપરાધ કરનારો કૂતરો અને શિયાળ થાય, તે અપરાધ કરે તો સો માળા ફેરવવી. ધોયેલ વસ્ત્ર પહેરી મૂર્તિને અડવું. નવું અનાજ મને અર્પણ કર્યા વિના ખાય તો એક ઉપવાસ કરી સો માળા ફેરવવી. જોડાં, ચંપલ પહેરી મૂર્તિ પાસે જાય તો પંદર દિવસ એકટાણાં કરી, રોજ સો માળા ફેરવવી, પ્રાયશ્ચિત્ત ન કરે તો મોચી, ભૂંડના જન્મને પામે. ટોકરી, નગારું, ઘંટ વગાડ્યા વિના મૂર્તિને મૂંગે મોઢે જગાડે તો એક ઉપવાસ કરી સો માળા ફેરવવી.

મારા મૂર્તિના થતા અનેક અપરાધોનું જે પ્રાયશ્ચિત્ત કરે છે, તે ભક્ત મારા લોકને પામે છે. આરોગ્યનું પરમ આરોગ્ય, રહસ્યનું પરમ રહસ્ય, મુમુક્ષુ, યોગી, સાધુ, સાધ્વીઓ માટે, મારી ભક્તિવાળા માટે મેં કહેલું છે, તે મારા ભક્તોએ પાલન કરવું. નાસ્તિક, રાગદ્વેષ, ઝેરવાળા, રાક્ષસ સ્વભાવવાળા માટે આ કથન નથી.

✣ લ.સં. ઉપદેશ - ૭૮ ✣

પ્રભુના નામ, ધૂન, કીર્તન, ભજન, સેવા પાપને બાળી સ્વર્ગ અને મોક્ષને આપે છે. જે નરનારીઓ મારા મંદિરમાં મારી મૂર્તિ પાસે વાજિંત્ર વગાડે છે, નૃત્ય કરે છે તે મારા ધામને પામી શાશ્વત સુખને પામે છે તથા જાગ્રતમાં મારી મૂર્તિના સુખને પણ પામે છે. મારી સેવા ભક્તિપરાયણ થનારાં નરનારીઓને જે ઇચ્છા હોય તે હું આપું છું, દેવપણું દેવીપણું સર્વે આપું છું. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું સર્વ આપવા સમર્થ છું, એમ પરમધામમાં પુરુષોત્તમરૂપે રહેલો છું. ભક્તને મારું દાસપણું દુર્લભ છે, તે દાસપણું હું મારા ભક્તને શાશ્વત આપું છું.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! અશુદ્ધિમાં તમારી પૂજા કઈ રીતે થાય ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! ભક્ત સ્ત્રીઓનાં સુખ અને મોક્ષ માટે તેં સારું પૂછયું. બાળકની સેવામાં રહેલી, કપડા ધોવામાં રોકાયેલી, પતિની સેવામાં રહેલી, ઘરકામમાં રહેલી, ઋતુધર્મમાં રહેલી, આવી અનેક અશુદ્ધિમાં સ્ત્રીઓ રહેલી છે તેથી મારા ભક્ત સ્ત્રીઓનાં મનમાં હું સદા વાસ કરું છું. બ્રહ્માએ સ્ત્રીઓનાં શરીર સ્વભાવથી શુદ્ધ જ નિર્માણ કરેલાં છે. સ્ત્રીરૂપી ક્ષેત્ર તે સર્વથા શુદ્ધ છે. અશુદ્ધ કાર્યોમાં પણ સ્ત્રી શુદ્ધ જ છે. સ્ત્રીઓ સ્નાનમાત્રથી શુદ્ધ થાય છે પરંતુ રજસ્વલા ધર્મમાં ચાર દિવસ મારા દૂરથી દર્શન કરવાં. ત્યારે માનસી પૂજા કરી લેવી. તેથી હું સંતોષ પામું છું.

આ લોકની શુદ્ધિ-અશુદ્ધિ મને સ્પર્શ કરતી નથી. મારા યોગમાં અશુદ્ધિ દિવ્યપણાને પામે છે પરંતુ આચારશુદ્ધિના રક્ષણ માટે સર્વ નિયમો કરેલા છે. જાગ્રતમાં, સ્વપ્નમાં જોવામાં- સાંભળવામાં જે મારામાં જ ચિત્ત રાખે છે તે બ્રાહ્મણ હોય કે ચાંડાલ તેની હું પ્રશંસા કરું છું. તેથી સ્ત્રીઓ મારી મૂર્તિમાં મનને રાખી મારી પ્રેમપરાયણ ભક્તિ કરવાથી મારા ધામને પામે છે.

એ રીતે પુરુષો દાસભાવે અને સ્ત્રીઓ દાસીભાવે મારી ભક્તિ કરી મારા ધામને પામે છે. અજ્ઞાનથી મોહ પામેલા મને ન જાણનારા એવા મૂઢ મનુષ્યો મને ઓળખી શકતા નથી, મારી ભક્તિ કરી શકતા નથી. તેઓના ચોરાશીના ફેરામાં ફરતા અંત આવતો નથી.

✣ લ.સં. ઉપદેશ - ૭૯ ✣

શ્રીકૃષ્ણ કહે : હે રાધા, અનાદિ શ્રીકૃષ્ણનારાયણના યોગથી લક્ષ્મી સમાન થયેલી કન્યાઓની પાવનકથા કહું, સાંભળ. લોમશઋષિના આશ્રમમાં વાસ કરતી જ્ઞાનહીન, ધર્મનિયમને નહીં જાણનારી, જપ-તપથી રહિત પરંતુ મોક્ષની ઇચ્છાવાળી તે સર્વ કન્યાઓએ લોમશઋષિને પૂછયું : હે ગુરુ ! આત્મશાંતિ અને મોક્ષ થાય એવું જ્ઞાન આપો. નારીદેહ વાસનાવાળો, દોષવાળો, જ્ઞાનરહિત હોવાથી પ્રભુ પ્રસન્ન થાય એવા સરળ ઉપાય બતાવો. લોમશઋષિ કહે : હે કન્યાઓ, સર્વ પાપને નાશ કરનારું જેઠ સુદ એકાદશી વ્રત નિર્જળા કરવું અથવા નિરાહાર રહી જાગરણ કરવું. અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરવું તથા સત્સંગ કરી ઇન્દ્રિયોનું દમન કરવું - તે વ્રત મોક્ષ આપનારું છે. સવારમાં બાલકૃષ્ણ શ્રીહરિ પાસે જઈને પત્ર, પુષ્પ, ફળ, જળ, ચંદન, ભોજન, નૈવેદ્ય અર્પણ કરવું. પ્રભુ પાસે ધૂન, કીર્તન, નૃત્ય કરવાં, પારણિયામાં ઝૂલાવવા એવી રીતે કન્યાઓએ વ્રત કરી પૂજન કરવું.

સર્વ દેવોનો જેમાં વાસ છે એવી તારનારી ગાયની સેવા નિત્ય કરવી. ગાય તીર્થરૂપ છે, અને લાભદાયી છે. ગાયના દૂધથી શંકર, દહીંથી દેવો, ઘીથી અગ્નિ, દૂધપાકથી પિતૃઓ પ્રસન્ન થાય છે. ગાયનું દૂધ પીનારો પુરુષ પવિત્ર થાય છે. પંચગવ્ય પીનારો અશ્વમેધ યજ્ઞફળને મેળવે છે.

પતિસેવા એ પ્રભુસેવા માનીને કરનારી સતી સ્વર્ગ અને મોક્ષ મેળવે છે. પતિની સેવા કરનારી સ્ત્રી લક્ષ્મી સમાન થાય છે. પતિસેવાપરાયણ સ્ત્રી, રાત્રિ-દિવસ કોઈ કામમાં પતિને ભૂલતી જ નથી એવી સ્ત્રીઓ, બ્રહ્મચર્યપાલન કરનારી કન્યાઓ, ધર્મ

પાળનારી વિધવાઓ, સંત-પુરુષની સેવા કરનારી નારીઓ ક્યારેય પણ યમપુરીમાં જતી નથી. સ્વામી અર્થે પ્રાણ આપનારી, માતા-પિતા, પતિ-ગુરુની સેવા કરનારી, તલ, ગાય, સુવર્ણનું દાન કરનારી નારી ક્યારેય યમપુરીમાં જતી નથી.

ચાતુર્માસમાં કથાશ્રવણ કરનારી, તપ-જપ-વ્રત કરનારી, નિત્ય કથાશ્રવણ કરનારી સ્વર્ગ, યશ, આયુષ, સુખ, જ્ઞાન, વિજ્ઞાન, રૂપ, સૌભાગ્ય સર્વ પામે છે. ગુરુની સેવાથી ભુક્તિ-મુક્તિ પામે છે. પ્રભુના ધ્યાનથી મોક્ષ મળે. શ્રાદ્ધથી પુત્રપ્રાપ્તિ થાય. શાકભાજી ખાનારો સ્વર્ગને પામે. પ્રભુના ધ્યાનથી મોક્ષ મળે. શ્રાદ્ધથી પુત્ર પ્રાપ્તિ થાય. શાકભાજી ખાનારો સ્વર્ગને મેળવે. ફળ-કંદમૂળ ખાનારો રાજય મેળવે છે. ગાયની સેવા કરનારો મોક્ષ પામે છે. અન્ન-જળના દાનથી, તૃપ્તિ થાય છે. ફળના દાનથી પુત્ર, પુષ્પદાનથી સૌભાગ્ય મળે છે. અભયદાનથી સર્વ સંકલ્પ સિદ્ધ થાય છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુની સેવાથી અને સંતની સેવાથી મોક્ષ મળે છે.

શ્રીકૃષ્ણ કહે : હે રાધા, દેવો-દાનવો, રાક્ષસો-માનવો, ઋષિ-મુનિઓ સર્વે શ્રીહરિના સમાન પુત્રો છે. પ્રભુને કોઈ પ્રિય નથી, કોઈ અપ્રિય નથી પણ ભક્ત શ્રીહરિને પ્રિય છે. આત્મા દેવ નથી, અસુર નથી પણ માયાના દુર્ગુણો આત્માને દૈત્ય અસુર બનાવે છે. નર-નારી અને નપુંસક - આ ત્રણ શરીરને અનુસાર કર્મો કરે છે. તે જાગ્રતમાં, સ્વપ્નમાં, સ્થૂળમાં, સૂક્ષ્મમાં, હૃદયમાં, રાજસમાં, તામસમાં સર્વે ક્રિયામાં શ્રીહરિને સંભારે તો દેવપણાને પામી મુક્તિ-સ્થિતિ મેળવે.

સાધુનાં દર્શનથી, સ્પર્શથી, સેવાથી, પાપ નાશ પામે છે માટે સંત પુરુષને ભોજન, વસ્ત્ર-દાન આપી સંતોષ પમાડવા. શરીર, વાણી, મનથી, બ્રહ્મનિષ્ઠ સંતની સેવા મુક્તિ અપાવે છે.

આ રીતે ધર્મનું પાલન કરી પ્રગટ પ્રભુની ભક્તિ કરશો એટલે પ્રભુના પ્રેમને પ્રાપ્ત કરશો.

✣ લ.સં. ઉપદેશ - ૮૦ ✣

શ્રી રાધાજીએ પૂછ્યું : હે કૃષ્ણ, તમે કઈ સેવા-આરાધનાથી પ્રસન્ન થાવ - અને કયાં દાન-પુણ્યથી રાજી થાવ ? શ્રીકૃષ્ણ કહે : હે રાધા, પ્રભુને પ્રસન્ન કરવા સર્વ દાન કરવાં. જે વસ્તુ પોતાને પ્રિય હોય તે વસ્તુ પ્રભુને રાજી કરવા આપવી. શ્રદ્ધાથી, ભક્તિથી ભગવાનને જે દાન દેવાય છે તેનું ફળ અક્ષય થાય છે. તે કર્મ શ્રેષ્ઠ છે જેમાં ભગવાન મળે અને સંતની સેવા થાય. સંતની પૂજાથી પરમેશ્વરની પૂજા થાય છે. સંતમાં જે ઈર્ષ્યા

કરે તો હલકા જન્મને પામે છે. જે નર-નારી ભક્તિથી મન-વચન-કર્મથી મારી મૂર્તિ-સંતનું પૂજન કરે છે, ભોજનથી તૃપ્ત કરે છે, શરીર દાબવું વગેરે સેવા દાસ્યભક્તિ કરે છે, ફળફૂલ-પુષ્પહારથી સંતનું પૂજન કરે છે, તે મને જ પ્રસન્ન કરે છે.

માઘમાં તલ અને કાષ્ઠદાન કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. ફાગણમાં ચોખા, વસ્ત્ર આપવા. ચૈત્રમાં ઝીણાંવસ્ત્ર, શય્યા આસન આપવું. વૈશાખમાં ચંદન, ઘડો, ગાય, આપવાં અને કથા સાંભળવી તેથી ધનસંપત્તિ, પત્ની, દુજાણું મળે છે. શ્રીહરિદર્શન અને કથાશ્રવણથી સર્વે તીર્થોનું ફળ મળે છે. જેઠ માંસમાં ઠંડુ જલ, છત્ર, જોડા વગેરે આપવું. અષાઢમાં પંખો, દૂધ, સાકર, વસ્ત્ર આપવાં. શ્રાવણમાં સર્વદાન આપવા. ભાદરવામાં દૂધપાક, નવું અન્ન, મીઠું, ગોળ, ચોખા, ઘી, મધ આપવાં. આસોમાં સુવર્ણ, અશ્વ, પોઠિયો, તામ્રપત્ર, દીપ આપવાં. કારતકમાં મણિ, મોતી, મિષ્ટાન્ન આપવાં. માગશરમાં વાહન આપવા. પોષમાં પ્રભુને પ્રસન્ન કરવા પ્રસાદ, ખટ-રસ દાસદાસીને દાનમાં આપવાં.

પ્રભુને પામવા જે મંદિર કરે છે, તે ધામમાં જાય છે અને તેના આગળના, પાછળના, એકસો આઠ કુળનો ઉદ્ધાર થાય છે. પિતૃઓ પણ એવી ઇચ્છા રાખે છે કે અમારા વંશમાં કોઈ ભગવાનનો ભક્ત થાય, મંદિર કરાવે, જીર્ણોદ્ધાર કરાવે, રંગ કરાવે, ધોવે, મંદિર વાળે તો તેથી અમારો પણ ઉદ્ધાર થાય.

ગુરુ-સંત પુરુષની સેવા કરવાથી, માયાના દોષથી રહિત થવાય છે, જન્મ-જન્માન્તરોનાં પાપો નષ્ટ થાય છે અને આત્મા નિર્મળ થવાથી, ભક્તિવાળો-જ્ઞાનવાળો થવાથી, પરબ્રહ્મનો કૃપાપાત્ર થાય છે અને પ્રભુ પાસે વાસ કરે છે.

✣ લ.સં. ઉપદેશ - ૮૧ ✣

અનાદિશ્રીકૃષ્ણનારાયણની શક્તિ મહામાયા જેનાથી આ સૃષ્ટિ થયેલી છે, તે સર્વને મોહ કરનારી છે. તેને તરવા બ્રહ્માદિ દેવો ઈશ્વરો પણ સમર્થ નથી. તે માયાને તરવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણની આરાધના-ભક્તિ પરાયણ થાય તો મનુષ્ય તરી જાય છે. એક વાર પરમભક્ત ઇન્દ્રદ્યુતિ બ્રાહ્મણને માયા જોવાનું મન થયું. લક્ષ્મીએ તેને દર્શન દીધાં. બ્રાહ્મણે પૂછયું : તમે કોણ છો ? શ્રી લક્ષ્મી કહે : હું મહામાયા છું, મને દેવો મુનિઓ પણ જોઈ શકતા નથી તો મનુષ્ય ક્યાંથી જોઈ શકે ? મારામાં અને નારાયણમાં જરા પણ ભેદ નથી. જ્ઞાન અને કર્મભક્તિથી જે અનાદિ શ્રીકૃષ્ણનારાયણને ભજે છે, તે ભક્તો મને માયાને તરી મોક્ષ મેળવે છે.

બ્રાહ્મણે પૂછયું : તે પ્રભુને કેમ જાણવા ? શ્રી લક્ષ્મી કહે : તે તો પ્રભુ જ કહી શકે, એમ કહી લક્ષ્મીજી અદૃશ્ય થયાં. શ્રીહરિએ કૃપા કરી પ્રગટ થઈને દિવ્ય કિશોર સ્વરૂપે તે બ્રાહ્મણને દર્શન આપ્યાં. બ્રાહ્મણ સ્તુતિ કરવા લાગ્યો : હે સગુણ-નિર્ગુણરૂપને ધારણ કરનારા, અનંતરૂપે રહેલા, સર્વનાં માતા-પિતા-બંધુ સર્વસ્વ તમને નમો નમઃ હે પ્રભુ ! તમારી ભક્તિ અને જ્ઞાન આપજો, તમારી માયા ન આપશો. બ્રાહ્મણની સ્તુતિથી પ્રસન્ન થયેલા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ બ્રાહ્મણને સ્પર્શ કર્યો ત્યાં બ્રાહ્મણનાં દિવ્ય ચક્ષુ થયાં.

પ્રભુ કહે : હે બ્રાહ્મણ, આ મારા દિવ્ય સ્વરૂપનું હૃદયમાં સદા ધ્યાન કરજે. માયિક જગતનો સંગ ત્યજી કાર્યકારણ રૂપે રહેલો, અન્વય-વ્યતિરેક રૂપે રહેલો હું અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મારી ભક્તિ કરજે. શ્રીકૃષ્ણવલ્લભ વિના અણુ પણ ખાલી નથી. પોતાના આત્માને બ્રહ્મરૂપ માની કરેલાં કર્મો પરબ્રહ્મને અર્પણ કરતો રહે તે કર્મથી લેપાતો નથી, તેવું જ્ઞાન નહીં જાણનારો મૂઢપણે શ્રીહરિનો આશરો-શરણાગતિ લઈને ભજનભક્તિ કરનારો પણ પરબ્રહ્મને પામે છે. તે પ્રભુની આરાધનાભક્તિ કરનારો ભક્ત ઐશ્વર્ય-વિભૂતિને પામે છે.

પરબ્રહ્મ સ્વામિનારાયણ એવો હું - મેં પૂર્વે વિરાટ સજર્યો, તેનાથી બ્રહ્મા-વિષ્ણુ થયા. બ્રહ્માએ મહામાયાને જોઈને શ્રીહરિને કહ્યું : આ માયાને સૃષ્ટિમાં મોકલી સૃષ્ટિની વૃદ્ધિ કરો. જે નરનારી શ્રીહરિનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના, સાત્ત્વિક ગુણો ત્યજી દેશે તેને આ માયા બંધન કરી વારંવાર સંસારમાં ભ્રમણ કરાવશે. જપ, તપ, યોગ, દાન, પુણ્ય, સ્વાધ્યાય ઈશ્વરમાં અર્પણ કરનારાથી માયા દૂર રહેશે.

મારા સાધુ, સાધ્વીની-સેવા કરનારાને માયા બંધન કરતી નથી. મારો ભક્ત મારી માયાશક્તિરૂપે રહેલી લક્ષ્મીનું પૂજન કરે છે તેને લક્ષ્મી યશ, ધન, બલ, સર્વે આપે છે. પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ બે કહેલા છે. નિવૃત્તિમાર્ગ તે જ્ઞાનપરાયણ છે. પ્રવૃત્તિમાર્ગ તે જો ભક્તિવાળો થાય તો પરમપદ પ્રાપ્ત કરાવે છે. નિવૃત્તિમાર્ગ જ્ઞાનપૂર્વક નિષ્કામ ભાવનાથી નિઃસ્વાર્થપણે સેવા કરે તો તે પણ મોક્ષને અપાવે છે. દયા, ક્ષમા, શમ, દમ, નિર્લોભ, સરલતા, સત્ય, રાગદ્વેષથી રહિત સંતોષ, આસ્તિકપણું, શ્રદ્ધા, ઇન્દ્રિયોનો નિગ્રહ, દેવતા- પૂજન, અહિંસા, પ્રિય વાણી આ સર્વે સાધુના ધર્મ છે. તે સાધુ, યતિ, સતી, બ્રહ્મચારી, ઋષિઓ, ત્યાગીઓ, યોગીઓ તે સર્વે ધર્મપાલન કરીને વૈરાજપદને પ્રાપ્ત કરે છે તથા ભૂમાપુરુષ પદને અવ્યાકૃત ધામને પામે છે.

જીવપ્રાણીમાત્ર માયાના ત્રણ ગુણના કર્મથી એકબીજા સાથે જોડાયેલા રહે છે, તે પરમેશ્વરને ઓળખી-જાણી શકતા નથી તેથી માયાને પણ તરી શકતા નથી અને ચોરાશી લાખ યોનિના ભ્રમણમાં ભમ્યા કરે છે અને જે સાત્ત્વિક મારા ભક્તો છે તે જીવનપર્યંત મારી ભક્તિ કરી વૈષ્ણવ ચિહ્ન કંઠી, તિલક, ચાંદલો ધારણ કરી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને ધારણ કરે છે.

✤ લ.સં. ઉપદેશ - ૮૨ ✤

શ્રીકૃષ્ણ કહે : હે રાધા, ચાર પર્વતોએ જયધ્વજ રાજાને પૂછયું, તમે અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ભકત છો માટે કહો, મનુષ્ય પાપરહિત થઈ, માયા કેમ તરી જાય અને કોના સમાગમથી મુક્તિ થાય? આ લોકમાં નિર્લેપ કેમ રહેવાય ? જયધ્વજ રાજા કહે : હે પર્વતો, તીર્થમાં પાપ નષ્ટ થાય છે. સંતતીર્થ, આત્માતીર્થ મહાન છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તીર્થ ઉત્તમમાં ઉત્તમ છે. ભક્ત, સંત, સાધ્વી, યોગી, ધ્યાની, જ્ઞાની, વૈરાગી, સંન્યાસી આ સર્વ તિર્થો ચેતન આત્માઓને તારનારાં છે.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિના યોગવાળા એવાં પશુ-પક્ષી, વૃક્ષવેલી, વાડી, ખેતર, ગામ, શહેર, વન, પર્વત, નદી, તળાવ, સરોવર, સમુદ્ર સર્વે શ્રીહરિના યોગથી તીર્થરૂપ છે અને તારનારાં છે તથા શ્રીહરિને ધારી રહેલા સંત તે આત્મા-પરમાત્માનું જ્ઞાન આપી જીવાત્માને દિવ્ય બનાવીને માયાના દુર્ગુણો, દોષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, તૃષ્ણા, વાસનાનો નાશ કરે છે એવા બ્રહ્મનિષ્ઠ સંત શ્રીહરિ સમાન છે. સંતપુરુષ સંસાર- સમુદ્રમાં નૌકારૂપ થાય છે, જ્ઞાનરૂપી દીપક બને છે, માયાના ઝેરનો ઉતારે છે, મહાભવ રોગને નાશ કરવામાં સંત ધન્વંતરિ છે. જેમાં નારાયણ મૂર્તિમાન રહે છે તેથી સાધુ-સાધ્વી, ગુરુતીર્થ મહાન કહ્યાં છે.

કાષ્ઠને યોગે લોઢું જેમ તરે છે તેમ સંતને યોગે પાપી તરે છે. કમળને જેમ પાણીનો લેપ લાગતો નથી તેમ જ્ઞાની ભક્તને સંસારના કોઈ કર્મનો લેપ લાગતો નથી. જેમ તેલ પાણીમાં ઉપર તરે છે તેમ જ્ઞાની-પાપીની મધ્યમાં પણ પાપથી રહિત રહે છે. જ્ઞાન સંસારના પાપકર્મને બાળે છે તેમ જેને સુખમાં રાગ થતો નથી, દુઃખમાં દ્વેષ થતો નથી તે સંસારનાં કોઈ કર્મોથી લેપાતો નથી.

જેને સંસારના કોઈ પદાર્થની ઈચ્છા નથી તે કર્મમાં બંધાતો નથી. જેના સર્વે ભોગ ભગવાનમય છે, જેણે દેહ-ઈન્દ્રિયોની અંતઃકરણની ક્રિયા કૃષ્ણાર્પણ કરી છે તે પાપ અને પુણ્ય-કર્મમાં નિર્લેપ રહે છે. આવા રાગદ્વેષથી રહિત તૃષ્ણા વિનાના શાંત જ્ઞાની સંત-ભક્ત ને શાશ્વત શાંતિ અનુભવાય છે તેથી મોક્ષની ઈચ્છાવાળાએ ક્ષણિક સુખની અપેક્ષા

ન રાખવી, જડતા-અજ્ઞાનનો ત્યાગ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી દિવ્યરૂપ થઈ શાશ્વત સુખ-શાંતિ મેળવવી.

✣ લ.સં. ઉપદેશ - ૮૩ ✣

જ્યાં પરમધામના પતિ પ્રગટ થયેલા છે એવા કુમકુમવાપી ક્ષેત્રમાં મારા ભક્તો વાસ કરી મારું ભજન કરે તેને કાંઈ સાધન-જપ-તપ કરવું બાકી રહેતું નથી. મુમુક્ષુ, પુણ્યવાળા, ભક્તિવાળા, દિવ્યદૃષ્ટિવાળા જ ભક્તો મને જાણી શકે છે. તમોગુણવાળા અજ્ઞાનીઓ મને અને મારી અક્ષરભૂમિને જાણી શકતા નથી અને મને પામી શકતા નથી. હું યજ્ઞથી, દાનથી, પુણ્યથી, વ્રતથી, વિદ્યાથી, પ્રાપ્ત થતો નથી પણ પરાભક્તિથી પ્રાપ્ત થાઉં છું તથા હું જ્યાં જ્યાં વિચર્યો છું તે નદી, પર્વત, તળાવ, સરોવર વગેરે તિર્થોથી મારી ઉત્તમગતી, અક્ષરગતિને પ્રાપ્ત કરી શકાય છે. દેહદાન, આત્મદાન, સર્વસ્વદાન વગેરે ગુરુને પરમાત્માને આપીને મોક્ષ મેળવવો.

દૂરશ્રવણ, દૂરદર્શન, ખેતીનાં સાધનો વગેરે જેને જે વસ્તુની જરૂર પડે તેને તે વસ્તુનું દાન કરનારા સ્વર્ગ સમાન સુખ પ્રાપ્ત કરી મોક્ષ મેળવે છે. મંદિર કરનારા-કરાવનારા, મૂર્તિપ્રતિષ્ઠા કરી પૂજા કરનારા-કરાવનારા તથા મંદિરમાં ધૂપ-દીપ, મેવા, મીઠાઈ, થાળ, ભોજન આપનારા, ગંધ-સુગંધ અર્પણ કરનારા તે સર્વે મોક્ષને મેળવે છે તથા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જન્મ જયંતી મહોત્સવમાં સર્વ શૃંગાર પ્રભુને ધારણ કરાવી, આરતી કરી, ભોજનપાન કરાવી, સર્વ ભક્તોને ભોજન પ્રસાદ કરાવનારા પરમમોક્ષ મેળવે છે.

✣ લ.સં. ઉપદેશ - ૮૪ ✣

શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! ગૃહસ્થાશ્રમમાં રહેલી સર્વે સ્ત્રીઓ તેમણે મર્યાદા ધર્મનું પાલન કરી પતિમાં પરમેશ્વર રહ્યા છે, કુટુંબમાં પ્રભુ રહ્યા છે એમ માની આત્મપતિ, સર્વપતિ મુક્તપતિ, એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજનભક્તિ કરવા. જેને પ્રગટ પ્રભુ મળ્યા હોય તેને તો પોતાનું જીવન ભક્તિમય બનાવવું. વાણીથી કોઈનું અપમાન ન કરવું. કઠોર વાણી ન બોલવી તથા પવિત્ર દિવસે સાધુ બ્રાહ્મણોને જમાડવા, દાન આપવા, અતિથિને, ગરીબોને, બાળકોને જમાડવા. અન્ન-વસ્ત્ર વગેરે દાન આપવા, એકાદશી વગેરે વ્રતો આદરપૂર્વક કરવા. પ્રગટ ભગવાનના ઉત્સવના દિવસે ભજન-ભક્તિ વિશેષ કરવા. ધર્મ સદાચારનું પાલન કરવું. નાહી, ધોઈ પવિત્રપણે રહેવું. ગ્રહણ સમયે જમવું નહીં. દક્ષિણ તથા પશ્ચિમ દિશા સન્મુખ ન સૂવું. નગ્ન નહાવું નહીં.

નવાં નવાં અન્ન પ્રભુને અર્પણ કરી રાજી કરવા. શાક-ચીભડાં-કાકડી વગેરે તથા ફળો ભગવાનને અર્પણ કરવાં, યથાશક્તિ મેવા-મીઠાઈ પણ ભગવાનને ધરવાં. દૂધ, દહીં, ઘી, માખણ, મિષ્ટાન્નો, ફરસાણ વગેરે ભગવાનને અન્નકૂટ ધરીને ગ્રહણ કરનારો નિર્ગુણ થાય છે. સદાચારનું પાલન કરવું. રજસ્વલાપણું ગુપ્ત ન રાખવું. સંધ્યા સમયે મંદવાડ વિના સૂવું નહીં તથા સંધ્યા સમયે ફરવા જવું નહીં. હલકી સ્ત્રીઓનો પ્રસંગ તજવો. હિંસક પશુ, નદીઓ, રાજાના માણસો, શિંગાળા પશુનો વિશ્વાસ ન કરવો. પતિવ્રતા સ્ત્રીનું અપમાન, વિરહ, કરજ, દુષ્ટ સેવન, દારિદ્રય અને કજિયો આ છ વાનાં વિના-અગ્નિએ બાળનારા છે. તેનાથી દૂર રહેવું.

જે ઘરમાં પતિવ્રતા સ્ત્રી હોય તે ઘર પણ તીર્થમય થાય છે. તેનું કુટુંબ પણ બ્રહ્મમય થાય છે. તે સતી-પતિવ્રતા સ્ત્રી તેણે પોતાનો પતિ પરદેશ હોય ત્યારે આભૂષણો ન ધારવાં. રસકસ ન ખાવા. પૃથ્વી પર સૂવું વગેરે તપ કરવાં. તે સતી-પતિવ્રતા સ્ત્રીનું તેજ સૂર્ય-ચંદ્ર-અગ્નિ પણ સહન કરી શકતા નથી. બ્રહ્મવ્રતવાળી પુરુષોત્તમને ભજનારી આવી સ્ત્રી અનેક જન્મનાં પાપોને બાળી નાખે છે અને મને પામે છે. તે પતિવ્રતા સ્ત્રીથી રોગ પણ દૂર ભાગે છે. એવી પતિવ્રતા સ્ત્રીનાં દર્શન દેવતાઓ પણ ઇચ્છે છે.

✤ લ.સં. ઉપદેશ - ૮૫ ✤

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! નિર્ગુણ ભક્તિ કોને કહેવાય અને તે કેમ પ્રાપ્ત થાય ? સર્વે મનુષ્યો સાત્ત્વિક કર્મ-દાન-પુણ્ય-સત્કર્મ કરીને સ્વર્ગની પ્રાપ્તિ કરે છે. રાજસી યજ્ઞો વગેરે કરીને આલોકની મોટાઈ, શ્રીમંતપણું વગેરે પામે છે તથા તામસી કર્મ કરીને અધોગતિને પામી જમપુરીમાં જઈ ચોરાશીમાં ભમે છે. જિતેન્દ્રિય સંન્યાસીઓ સત્યલોકમાં જાય છે. અષ્ટાંગ યોગવાળા મહર-જનલોકમાં જાય છે. યજ્ઞ કરનારા ઇન્દ્રપદ પામે છે. દાનો આપનારા ચંદ્રલોકમાં જાય છે. વ્રત કરનારા સૂર્યલોકમાં જાય છે. વિષ્ણુભક્તિ કરનારા વૈકુંઠમાં જાય છે. શંકરની ભક્તિ કરનારા કૈલાસમાં જાય છે. પૃથ્વી આદિની ઉપાસના કરનારા આવરણમાં જાય છે.

કુબેરની ઉપાસના કરનારા કુબેરલોકમાં જાય છે. ઈશ્વરોને પૂજનારા ઈશ્વરોના લોકમાં જાય છે. સાધુ વૈકુંઠમાં જાય છે. પંચાગ્નિ તપસ્વી સૂર્યલોકમાં જાય છે. પાપીઓ યમપુરીમાં જાય છે. ક્રૂર કર્મ કરનારા રાક્ષસો થાય છે. વાસનાવાળા પિશાચીઓ થાય છે. પૃથ્વી, વાડી, ખેતર દાન કરનારા સમ્રાટ-રાજા થાય છે. ધર્મનો નાશ કરનારા દાનવો થાય છે. અધર્મીઓ દૈત્યો થાય છે. અતિક્રોધી સર્પો થાય છે. પાણીનો નાશ

કરનારા પાણીના જંતુ થાય છે. આ રીતે સર્વે જીવો પોતાનાં કર્મફળ ભોગવે છે. પ્રભુના ભક્તો ભક્તિ કરતા સર્વકર્મ નિષ્કામ કરવાથી ફળની ઇચ્છાથી રહિત થઈ સર્વકર્મ ભગવાનને અર્પણ કરવાથી નિર્ગુણ કહેવાય છે. તે નિર્ગુણ ભક્તિ પ્રત્યક્ષ ભગવાન અથવા પ્રત્યક્ષના સંતોથી પ્રાપ્ત થાય છે.

પ્રભુની પ્રેમથી પૂજા, અર્ચન આદિ નવધાભક્તિ કરવી. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ એવો હું મારી સવારથી સાંજ સુધીની જે ભક્તિસેવા તે આત્મનિવેદી ભક્તોએ કરવી. તેનો વિધિ-પ્રભુને સવારમાં જગાડવા, દંતધાવન, અત્તર, તેલ, ફૂલો, સુગંધી ચંદન, તેલથી માલિશ કરી નવરાવવા, પીળું પીતાંબર પહેરાવવું, પીળું પીતાંબર ઓઢાડવું. સોનાનો મુગટ, કુંડળો, ટુપિયો, કંઠી, ચેન, હાર, મોતીના હાર, હીરાનો હાર, કંદોરો, સોનાના બાજુબંધ, કડા-પોચી, વેઢ, વીંટીઓ, સોનાના તોડા, મોજડી વગેરે ધારણ કરાવવાં.

સોનાના સિંહાસનમાં પધરાવી ધૂપ-દીપ અગરબત્તી, અત્તર, ચંદન વગેરે કરવાં, તથા ભગવાનને દૂધ, કેસરિયા પેંડા, મિષ્ટાન્ન સર્વે ધરાવવાં પછી આરતી ઉતારી પ્રદક્ષિણા-દંડવત કરી પ્રગટ પ્રભુ પાસે માફી માંગવી : હે પ્રભુ ! મારી પૂજામાં કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો પછી આત્મનિવેદી તે ભક્તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ધૂન-કીર્તન, કથા-વાર્તા કરી દિવસ પસાર કરવો. પાંચ વાર માનસી પૂજા કહ્યા પ્રમાણે કરવી. સાંજે ભગવાનને સોનાના છપ્પર પલંગમાં રેશમના ગાદલામાં પોઢાડવા, મચ્છરદાની બાંધવી, પ્રભુની પગચંપી કરવી - આ રીતે ભગવાનના આત્મનિવેદી ભક્તે ભગવાનની સેવા-પૂજા-ભક્તિ કરવી. ભગવાનને અર્પણ કર્યા વિના પોતાના ઉપયોગમાં કોઈ પણ વસ્તુ લેવી નહીં. ભક્તે દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખી નિષ્કામ ભાવથી ભક્તિ કરવી. આમ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું તે મારી ભક્તિથી ભક્ત નિર્ગુણ થાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૮૬ ✣

પોતે કરેલી દરેક ક્રિયા પરમાત્માને અર્પણ કરવી અને સાધ્વી-સતીએ આઠ સોપાન સિદ્ધ કરવાં. તેમાં આહારની શુદ્ધિ, દેહશુદ્ધિ, ઇન્દ્રિયશુદ્ધિ, અંતઃકરણશુદ્ધિ, આત્મશુદ્ધિ, પરમાત્માની ધારણા, પ્રગટ પ્રભુનું ધ્યાન, લગ્નતા અને એકાત્મપણું. જે રીતે પતિવ્રતા સતી સ્ત્રીને પતિ સિવાય બીજે ક્યાંય હેત થતું નથી તેમ તેવા ભક્તને ભગવાન સિવાય બીજે હેત થતું નથી. મારી પ્રસાદી જમવાથી આહારશુદ્ધિ થાય છે. મારી દીક્ષા લેવાથી દેહશુદ્ધિ થાય છે. દરેક ઇન્દ્રિયોને મારી સેવાભક્તિ પરાયણ રાખવાથી ઇન્દ્રિયશુદ્ધિ થાય

છે. બુદ્ધિમાં ભગવાનનો નિશ્ચય અને દાસપણાનો ભાવ કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. આત્મા મને અર્પણ કરવાથી આત્મશુદ્ધિ થાય છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તેમાં સંકલ્પ ભગવાનના જ કરવા. ચિંતન ભગવાનનું જ કરવું.

જીવાત્માને સિંહાસન બનાવીને તેમાં પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિ શ્રીકૃષ્ણનારાયણને બિરાજમાન કરવા. ધ્યાન-ધારણા, એકતાનતા, લગ્નતા, જ્ઞાનપ્રવાહ, ચૈતન્યપ્રવાહ, વૃત્તિ સર્વે શ્રીહરિમાં એકમેક કરીને શાશ્વત આનંદનો અનુભવ કરવો. આવી રીતે અષ્ટાંગયોગ અનાદિ શ્રીકૃષ્ણનારાયણમાં સિદ્ધ કરવો. આવા ભક્તને શબ્દબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, કરણબ્રહ્મ, આત્મબળ, પરબ્રહ્મ બધું એકરૂપે થઈ જાય છે. આવી રીતે જે નારી સર્વે ક્રિયામાં ભગવાનને સાથે રાખે છે, સંસારના દરેક કામકાજમાં ભગવાનને સાથે રાખે છે. તેને આત્મસ્થિતિ અક્ષરસ્થિતિ પ્રાપ્ત થાય છે અને તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો અખંડ રાજીપો મેળવે છે.

✣ લ.સં. ઉપદેશ - ૮૭ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! મુમુક્ષુ પુણ્યરહિત હોય તેણે શું કરવું ? કેવી રીતે વર્તવું ? પુરુષોત્તમનારાયણ કહે : હે લક્ષ્મી ! પ્રથમ શરણમંત્ર લેવો. ''ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણ પતયે સ્વાહા. કાલમાયાપાપકર્મશત્રુયામ્યકુહદ્‌ભયાત્, શુલમિનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્‌અવ. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામી પતિશ્ચમે. શ્રીકૃષ્ણવલ્લભ સ્વામી શ્રીહરિઃ શરણં મમ'' વગેરે મંત્રો ગ્રહણ કરી નિષ્કામ ભાવથી સર્વે વ્રત, જપ, તપ, નિયમ, દાન-પુણ્ય કરવાં જેથી ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય. પછી પ્રાપ્ત થયેલાં સાધન-સામગ્રીથી ભગવાનની પૂજા કરવી તેથી પ્રભુમાં પ્રીતિ થાય તથા ભક્તે સંત તીર્થ, ગુરુ તીર્થ કરવાં. અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કરે, જ્ઞાનરૂપી પ્રકાશ આપે તેને ગુરુ કહ્યા છે. એવા ગુરુ બ્રહ્મનિષ્ઠ, એકાંતિક, પરમએકાંતિક સદ્‌ગુરુનો સમાગમ કરવો. વ્રત, તપ, જપ કરવામાં અશક્ત હોય તેણે ગાય, વિપ્ર, સાધુ તેમજ ગુરુની સેવા કરવી.

સમુદ્રમાં જંતુ ઘણાં રહે છે પણ વહાણ વિના કોઈ તારી શકે નહીં. તેમ પૃથ્વી પર મનુષ્યો ઘણા છે પણ ગુરુ વિના કોઈ તારી શકે નહીં. આકાશમાં તારાઓ ઘણા છે, પણ ચંદ્ર-સૂર્ય વિના પ્રકાશ કરી શકે નહીં, તેમ ગુરુ વિના અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કરનારા કોઈ નથી. દેવ, મંત્ર, યોગ કરતાં પણ ગુરુતીર્થ મહાન છે. જેની ક્રિયા ભગવાનમય છે, જેનું વર્તન ભગવાનમય છે તે ગુરુ હરિસ્વરૂપ જાણવા. તે ગુરુઓની ગુરુવાણીઓ મારા અનાદિ શ્રીકૃષ્ણનારાયણના યોગે મોક્ષ આપનારી છે.

તે મસ્તક સાર્થક જે ભગવાન સંતને નમ્યું. તે નેત્ર સાર્થક જેણે ભગવાન સંતનાં દર્શન કર્યા. તે કાન સાર્થક જે કાનથી ભગવાન સંતોની કથા-કીર્તનો સંભળાયાં. તેની નાસિકા સાર્થક થઈ જેણે ભગવાન સંતને ચડેલા પુષ્પની સુગંધ લીધી. તે જીભ સાર્થક જે જીભે ભગવાનના ગુણગાન ગાયા, ભગવાનની પ્રસાદીનો આસ્વાદ લીધો. તે હાથ સાર્થક જે હાથે ભગવાન સંત ગુરુભક્તોની સેવા થઈ. તે પગ સાર્થક જે પગે કરી ભગવાનનાં કામ થયાં, પ્રદક્ષિણા થઈ. તે શરીર સાર્થક જે શરીરથી ભગવાન સંતગુરુને દંડવત્ થયા તથા સેવા થઈ. એવા ભક્તનું સર્વસ્વ અર્પણ ભગવાનને થયું.

✣ લ.સં. ઉપદેશ - ૮૮ ✣

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે છે : મારો કામ નારકી નથી. મારો ક્રોધ ઘાતકી નથી. મારો લોભ પાપવાળો નથી. મારો મોહ છેતરનારો નથી. મારો મદ બંધન કરનારો નથી. મારી મશ્કરી ધર્મથી રહિત નથી. મારું અશ્લીલ અઘટિત નથી. મારાં સર્વે ચરિત્રો માનુષી, અમાનુષી સર્વે દિવ્ય છે. સ્નાન, ધ્યાન, પૂજા, સેવા થકી ભગવાનની ભક્તિ કરનારા સાધુ-સાધ્વી બધાં મારાં તીર્થરૂપ છે. તેવા ગુરુતીર્થની નિષ્કામ સેવા મારી પ્રાપ્તિને માટે કરવી.

કાશીમાં આઠ યુગ સુધી વાસ કરે અને એક દિવસ ગુરુનું પૂજન કરે, સરખું પુણ્ય. ગુરુ જ્યાં વસે ત્યાં સર્વે દેવો ઈશ્વરો વાસ કરે છે. ગુરુચરણ વારી એક વાર પીએ તેણે પંચગવ્ય હજારવાર પીધું. જેણે ગુરુને દૂધ-સાકર, મિષ્ટાન્ન જમાડ્યા તેણે પ્રગટ પ્રભુને જમાડ્યા. 'ગુરુપાદોદકં પીત્વા કૃતં સર્વે ચાંદ્રાયણં' માટે ત્રિલોકીમાં ગુરુ છે તે તારનારા છે. જેની પાસે ગુરુ હોય, જેણે ગુરુને સેવ્યા હોય તેની પાસે યમદૂતો આવતા નથી. તેથી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું મને પરમ ગુરુ માનીને પૂજવો-ભજવો. તે ભજનારાં બધાં નર-નારી નારાયણ સ્વરૂપ છે. તે બધા મારા યોગને પામીને દિવ્ય અને બ્રહ્મરૂપ થઈ જાય છે અને તેના મોક્ષ થઈ જાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૮૯ ✣

પરબ્રહ્મ પુરુષોત્તમ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે છે : હે લક્ષ્મી ! રાત્રિ-દિવસ મારામાં મન વાળી મારો વિરહ સહન નહિ કરનારી અતિશય પ્રીતિવાળી ભક્તિને મેં શ્રેષ્ઠ કહેલી છે તે ભક્તિ ત્રણ પ્રકારની છે. આત્મા વડે ભક્તિ કરવી તે ઉત્તમ કહેલી છે. મન-અંતઃકરણથી ભક્તિ તે મધ્યમ કહેલી છે. શરીરથી ભક્તિ તે કનિષ્ઠ કહેલી છે. મુક્તોની ભક્તિ આત્માથી હોય છે. યોગીઓની ભક્તિ માનસીથી હોય છે. અજ્ઞાનીઓની

ભક્તિ શરીરથી હોય છે. સર્વે ભક્તિ મોક્ષ આપનારી છે. આત્મભક્તિથી શ્રેષ્ઠ સુખ મળે છે. માનસીભક્તિથી મધ્યમ સુખ મળે છે. શરીરની ભક્તિથી કનિષ્ઠ સુખ મળે છે. આત્માથી બ્રહ્મભાવનો આનંદ, મનથી દિવ્ય આનંદ, શરીરની ભક્તિથી ક્રિયાનો આનંદ મળે છે.

સ્વાર્થપરાયણ ભક્તિ તામસી છે. ભગવાન અને સ્વાર્થ બંને સાથે રાખે છે, તે રાજસી ભક્તિ છે. કેવળ શ્રીહરિની પ્રસન્નતાર્થે ભક્તિ તે સાત્ત્વિક છે. ગુરુભક્તિ, હરિભક્તિ સમાન કહેલી છે. તરત જ ફળ આપનારી ભક્તિ ગુરુભક્તિ કહેલી છે. ભક્તિવાળી સ્ત્રીઓથી સર્વે દેવતાઓ, ઈશ્વરો સંતોષ પામી પ્રસન્ન થાય છે. સંતો આશીર્વાદ આપે છે, કલ્યાણ કરે છે. ભક્તિવાળી નારીને હંમેશાં રાધા-લક્ષ્મી, શારદા, કમલા, કાંતા, શ્રી રમા, પદ્મા માનેલી છે. ગમે તે જ્ઞાતિની હોય પરબ્રહ્મની ભક્તિવાળી મુક્તાનિકા થાય છે. તેવી ભક્તિવાળી સ્ત્રીઓના આશીર્વાદથી બ્રહ્મહત્યાનાં પાપો પણ નાશ પામે છે.

તરસી જેમ પાણીને, ભૂખી જેમ અન્નને, ઠંડીથી પરેશાન જેમ અગ્નિને, ભય પામેલી જેમ રક્ષણને, લોભવાળી જેમ દ્રવ્યને, પુત્રની ઈચ્છાવાળી જેમ પુત્રને ઇચ્છે છે તેમ રાત્રિ-દિવસ મને ઇચ્છનારી નારાયણી થાય છે. પ્રેમી આત્માના હૃદયમાં જ હું અનાદિ શ્રીકૃષ્ણનારાયણ રહેલો છું. મને જે જાણતા નથી, તે મૃગો જેમ બહારના રસને સૂંઘે છે પણ પોતામાં રહેલી કસ્તુરીની ગંધને જાણતા નથી તેમ અજ્ઞાનીઓ પણ મને જાણી શકતા નથી. સર્પે પીધેલું દૂધ જેમ ઝેર થાય છે તેમ શઠ-મૂર્ખ-અજ્ઞાનીની સ્વાર્થી ભક્તિ ભગવાનની પાસેથી સંપત્તિ અથવા સિદ્ધિ પ્રાપ્ત થયા પછી અભિમાનથી ઝેરરૂપ બને છે. ભગવાન મૂકી દે છે તેથી તેનો મોક્ષ બગડે છે.

✤ લ.સં. ઉપદેશ - ૯૦ ✤

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું જ્યારે પ્રગટ થાઉં છું ત્યારે આવી નિષ્કામ ભક્તિ સુગમ થાય છે માટે પ્રગટ ગુરુરૂપ હરિ વિના નિર્ગુણ, નિષ્કામ ભક્તિ થતી નથી. આવો નિર્ગુણ ભક્ત નિષ્કામ ભાવે અનાદિ શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરતો, સંસારમાં નિર્લેપ રહે એવો ભક્ત જ્યારે ભગવાનના બ્રહ્મરસને પ્રાપ્ત કરે છે ત્યારે સંસાર તેને ખારો લાગે છે. જ્યારે ભક્તિરસને જાણે છે ત્યારે બધુંય ઝેર જેવું લાગે છે. જ્યારે સેવારસ જાણે છે ત્યારે રાજ્ય તેને મળ સમાન લાગે છે. જ્યારે મારું મૂલ્ય જાણે છે ત્યારે બધું કચરા જેવું લાગે છે.

જેમ પગમાં જોડા પહેરવાથી કાંટા લાગતા નથી તેમ બધું કર્મ ભગવાનને અર્પણ કરવાથી સંસાર બંધન કરતો નથી. બુદ્ધિ બ્રહ્મવિદ્યાવાળી હોય તો તેમાં માયા લય પામે છે. માયાવાળી બુદ્ધિ હોય તો જન્મ-મરણ અપાવનારી થાય છે. માટે શ્રીહરિની ભક્તિ વિના મનુષ્યશરીર મળને જ વહન કરનાર છે જેમ ચોરાસી લાખ જાતના દેહને વહન કરે છે. તેથી ભગવાનની ભક્તિ વિના આત્મશાંતિ મળતી નથી તથા મોક્ષ પણ મળતો નથી. આ દેહે કરીને પુરુષ બધે મળે છે પણ પુરુષોત્તમ દુર્લભ છે. નારી બધે મળે છે પણ નારાયણી દુર્લભ છે. ગૃહ બધાંને મળે છે પણ અક્ષર દુર્લભ છે. માટે મને સર્વ અર્પણ કરવાથી હું સુલભ થાઉં છું.

✣ લ.સં. ઉપદેશ - ૯૧ ✣

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : મારા મંત્રમાં અવતારો રહેલા છે. અ-મત્સ્ય, ન-નરસિંહ, દ-વરાહ, શ્ર-હયગ્રીવ, ક-કૃષ્ણ, ણ-વામન, ન-પરશુરામ, ર-રામ, ય-વિષ્ણુ, ણ-કલ્કિ એ રીતે મારા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નામમાં અવતારો રહેલા છે તથા લક્ષ્મીનારાયણ, શ્રીમન્નારાયણ આ બધા મંત્રો મારા જ છે. જે રીતે ગોલોકવાસી, શ્રીકૃષ્ણ પૃથ્વી પર સુલભ થયા. તે જ રીતે અક્ષરધામમાં રહેલો હું અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સુલભ થયો છું. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, શ્રી પુરુષોત્તમ મેં શ્રીકૃષ્ણવલ્લભ સ્વરૂપ ધારણ કરેલું છે. તે મંત્ર ગ્રહણ કરવામાં કોઈ વિધિ કરવાની જરૂર નથી. કોઈ પણ જ્ઞાતિના તે મંત્ર ગ્રહણ કરી શકે છે. તે મંત્ર આ પ્રમાણે છે - કાલમાયાપાપકર્મશત્રુયામ્યકુહ્રદભયાત, શૂલમીનધ્વજધનુષ્યચક્રસ્વસ્તિકવાન્‌અવ. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામી પતિશ્ચમે. શ્રીહરિઃ શરણં મમ.

મારા ભક્તોએ મારા અનાદિ શ્રીકૃષ્ણનારાયણના આજ્ઞામૃતરૂપ મંત્રનો અમૃત, ભક્તિરસ, સેવારસ, મુક્તિરસ, બ્રહ્મરસ, હાસ્યરસ, પ્રિયરસ, સ્નેહરસ, આત્મરસ, યોગરસ, સર્વે રસ જાણી પીવા.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરનારાનો મોક્ષ થાય છે. ત્યાં રોગ આવતા નથી. નવનિધિ હાજર રહે છે. સર્વે ઐશ્વર્યો આવે છે. ધન-ધાન્યથી સુખી રહે છે. કાળ પડતો નથી. અકાળે મરણ થતું નથી. સર્વે ક્રિયામાં મારું ભજન કરનારાને, ભક્તિપરાયણ રહેનારાને ગૃહ વૈકુંઠ તુલ્ય ભાસે છે.

✣ લ.સં. ઉપદેશ - ૯૨ ✣

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે છે : હે લક્ષ્મી ! હવે હું મુક્તિ અને દિવ્યતા આપનારું જે રહસ્ય છે તે કહું છું. હું કેમ પ્રસન્ન થાઉં ? તો જેણે સંતોનું પૂજન કર્યું જમાડ્યા, તેણે મારું પૂજન કરી મને જમાડ્યો. તે જ રીતે ધર્મવાળી, ભક્તિવાળી સાધુ-સાધ્વીની સેવા સ્ત્રી-ભક્તોએ લક્ષ્મીસ્વરૂપ માનીને કરવી. જેણે સાધુ-સાધ્વીને સેવ્યાં, તેનાં સર્વે પાપો-બ્રહ્મહત્યાદિ સર્વનાશ પામે છે. જેને ત્યાં સંતો જમે છે, ત્યાં સર્વે દેવો, પિતૃઓ જમે છે. દત્તાત્રેય, કપિલ, ઋષભ, શુક, નારદ વગેરે સંતરૂપે રહેલા ગુરુઓને ભગવાન જ કહેલા છે.

રાજા રંતિદેવ સંક્રાંતિમાં પૃથ્વીનું દાન વસિષ્ઠને આપી મોક્ષમાં ગયા. ભક્ત અંબરીશ યજ્ઞમાં બ્રાહ્મણોને દાન આપી બ્રહ્મલોક ગયા. પૂર્વે અવતાર થયા તેણે પણ દાન કર્યાં છે માટે પ્રભુની પ્રસન્નતા અર્થે દાન આપવાં. આ રીતે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું પ્રસન્ન થાવ છું. તપ, જપ, નિયમ વગેરે પાળીને તથા અનેક પ્રકારનાં દાન આપે તે અનેક પ્રકારનાં ફળ મેળવે છે પણ અંતર્યામી પરમાત્મા એવા મને સંભારીને દાન આપે તો હું ધામમાં લઈ જાઉં.

અનાથો તથા બાળકોને જમાડવાં. આઠ વર્ષ સુધીનાં બાળકોનું હૃદય માયા-કપટથી રહિત હોય છે. હું સાધુની જેમ બાળકોમાં રહું છું માટે તેને જમાડીને રાજી રાખવાં. એકલો સત્ત્વગુણ હોય તેને બ્રાહ્મણ, સાધુ, સાધ્વી, ગુરુ કે એકાંતિક ભક્ત કહેવાય છે. જેનામાં રજોગુણ, તમોગુણ હોય તેને ક્ષત્રિય કહેવાય છે. સત્ત્વગુણ, રજોગુણ હોય તેને વૈશ્ય કહેવાય છે, અને તમોગુણ વિશેષ હોય તેને શૂદ્ર કહેવાય છે. તે સર્વે મારા યોગથી નરનારાયણ જેવા થાય છે. નારીનારાયણી થાય છે માટે માયાના દોષનો ત્યાગ કરી સાધુગુણે યુક્ત થાય તે અક્ષરધામમાં જાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૯૩ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! જે સ્ત્રી સાધ્વી હોય તે પતિવ્રતા કેમ કહેવાય ? આ લોકમાં તેને કેમ રહેવું ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! 'અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા' આ દીક્ષામંત્રથી પોતાના આત્માના પતિ ભગવાનને માનીને કાયમ સર્વ પ્રકારે પૂજવા. પતિ એવા ભગવાનમાં સર્વ સુખ હોમવા. અભેદભાવથી મારી નવધાભક્તિ કરવી. શરીર, ઇન્દ્રિયો, અંતઃકરણથી ભગવાનની સેવાભક્તિ કરી પોતાના આત્મામાં ભગવાનને ધારવા. સર્વ ક્રિયાઓ ભગવાન સંબંધી જ કરવી.

દેહથી નિષ્કિંચન, મનથી પ્રસન્ન, જ્ઞાનથી પવિત્ર આ ત્રણ આત્માનાં તીર્થો કહેલાં છે. સર્વે સદ્‌ગુણયુક્ત, નિષ્પરિગ્રહ, શુદ્ધપણે રહેનારાં તીર્થો કહેલાં છે. ત્યાગમાં પ્રીતિવાળા, ભક્તિવાળા, અંદર-બહાર પવિત્રપણે રહેનારા ગયેલાનો શોક કરતા નથી. પાસે હોય તેમાં અહમ્ રાખતા નથી. આ દેહથી પર સ્થિતિએ વર્તનારા સાધુની સેવાથી આયુષ્ય, યશ-કીર્તિ, સંપત્તિ તથા મોક્ષ મળે છે.

✣ લ.સં. ઉપદેશ - ૯૪ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ! સ્વૈરિણી, કામિની, પુંશ્ચલી આ ત્રણ પ્રકારની સ્ત્રીઓ તેની સદ્‌ગતિ કઈ રીતે થાય ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે લક્ષ્મી સાંભળો, સંત તે અગ્નિસમાન છે. સંત તીર્થ છે. સંત દેવના દેવ છે. સંત અમૃતધર્મ છે. સંત સ્વયં ભગવાન છે. તે સંતના ચરણસ્પર્શથી, તેનાં દર્શનથી, તેના પ્રસાદથી પાપનો સમુદાય નાશ પામે છે. ઘાસની ગંજીમાં અગ્નિકણ પડવાથી જેમ બળી જાય છે તેમ પાપના સમુદાય બળી જાય છે. માટે તેને નમસ્કાર, ભોજન, સ્નાન, શ્રીહરિની કથાશ્રવણ વગેરે ભક્તિ કરવાથી તે નીચ વર્ણની સ્ત્રીઓ પણ સદ્‌ગતિ પામે છે. આ મારું ગુપ્ત રહસ્ય કહ્યું.

શ્રી લક્ષ્મીએ પૂછયુ : હે પ્રભુ ! કયાં સદ્‌ગુણોથી સાધુ ભગવાન કહેવાય ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ક્ષમાવાળા, વૈરાગ્યવાળા, શાંતિવાળા, અપરિગ્રહવાળા, આત્મનિષ્ઠાવાળા, સર્વસ્વ ભગવાનને અર્પણ કરનારા, નિર્બંધન માયાના દાસ નહિ થનારા, દેહ-ઈન્દ્રિયોને પોષણ થાય તેટલું જ ગ્રહણ કરનારા, અહં મમતારહિત, મનથી નિર્મળ રહેનારા, પરોપકાર કરનારા, મોક્ષમાર્ગ બતાવનારા, સર્વે વૃત્તિઓને મારામાં રાખનારા - આવા સંત સદા ભગવાન સમાન માનવા. તેને ભગવા વસ્ત્રની જરૂર રહેતી નથી, બાહ્ય ચિહ્નો ધારણ કરવાની જરૂર નથી.

શરીરથી ભોગશૂન્ય એ સાધુતાનું પહેલું પગથિયું. ઈન્દ્રિયથી રાગશૂન્ય એ બીજું પગથિયું. અંતઃકરણને વશમાં રાખે આ ત્રીજું પગથિયું. આત્માને ભગવાનમાં અર્પણ રાખે આ ચોથું પગથિયું. જ્ઞાનમાં મારી મૂર્તિમાં વાસ આપે આ પાંચમું પગથિયું. મોક્ષ માટે જ પ્રયત્ન કરનારા આ છઠ્ઠું પગથિયું. તુર્યાવસ્થામાં રહેનારા, બ્રહ્માકારે વર્તનારા, બ્રહ્મ દૃષ્ટિથી જોનારા આ સાતમું અંતિમ પગથિયું. આવા સંત-ગુરુ બ્રહ્મનિષ્ઠને ભગવાન સમાન કહેલા છે. તે જ રીતે સાધ્વીને પણ નારાયણી સમાન કહેલી છે. દેહ-ઈન્દ્રિયોના સુખને ઇચ્છનારા ત્યાગીઓને મધ્યમ કહેલા છે. સર્વથા રાગયુક્ત મારી દીક્ષાવાળા છતાં

સ્વાર્થપરાયણ, પરાણે ત્યાગમાર્ગમાં રહેલા તેને કનિષ્ઠ સાધુ-સાધ્વી કહેલાં છે. જેમ ખેડુ સારી જમીન હોય તો શ્રેષ્ઠ ફળ મેળવી શકે છે તેમ શ્રેષ્ઠ ઉત્તમ એવા પરમએકાંતિક બ્રહ્મનિષ્ઠ ગુરુથી મુમુક્ષુઓ મોક્ષરૂપી ફળ મેળવે છે.

✣ લ.સં. ઉપદેશ - ૯૫ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયુ : હે પ્રભુ ! જે મનુષ્યોને સંતનો સમાગમ ન મળે તેનો મોક્ષ કઈ રીતે થાય ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! જેને સંત ન મળે તે મનુષ્યે માતા-પિતાને તીર્થ માની સેવાપરાયણ થવું તથા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવું અથવા ધૂન-કીર્તન કરનારા ભક્તમંડળમાં રહેવું. આવી રીતે ભગવાનનું ભજન કરનારા મુમુક્ષુઓને સાધુ-સાધ્વીઓ કહ્યાં છે. મારું નામ ભજન કરનાર તે રાજા હોય, અધિકારી હોય, પ્રજા હોય, ગમે તે વર્ણના હોય તે સર્વેને સાધુ કહ્યા છે. જેમ વૃક્ષવેલીને પાણી મળે અને પ્રફુલ્લિત થાય તેમ ભક્તને સાધુ મળે ને આનંદ થાય તે મોક્ષમાં જાય. જેમ રાજાની આજ્ઞામાં નોકર રહે છે તેમ સાધુની આજ્ઞામાં ભક્તે રહેવું.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! ધન, મદવાળા, શરીરના ગર્વવાળા તેનું પરમ કલ્યાણ કેમ થાય ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! આ લોક-પરલોકમાં સુખ ઇચ્છતા હોય તેણે સાધુની સેવા કરવી. શાસ્ત્ર ભણેલા હોય તેને અનેક પ્રકારનાં દાન આપી સેવા કરવી. બ્રહ્મતેજવાળા સાધુની સેવા કરી તેણે બધા યજ્ઞો કર્યા, તેણે દેવતાઓને-પિતૃઓને રાજી કર્યા. સાધુ જે સ્થળે વિચરતા હોય ત્યાં યમદૂતો આવી શકતા નથી. ચિત્રકેતુ રાજાની રાણી માલતી તેણે ચિત્રકેતુને પૂછયું : તમે સમ્રાટ ત્રિલોકીમાં પ્રસિદ્ધ કેમ છો ? રાજાએ કહ્યું : હું ઋષિ-મુનિ, તપસ્વીની સેવા કરું છું. સાધુનો સમાગમ કરું છું. સત્સંગભક્તિ કરું છું. તેથી ભગવાન મારા પર રાજી છે એટલે ભગવાનને લઈને ત્રિલોકીમાં પ્રસિદ્ધ છું.

✣ લ.સં. ઉપદેશ - ૯૬ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! બ્રહ્માના પુત્રો-બ્રાહ્મણો ગૃહસ્થો શ્રેષ્ઠ છે કે વૈરાગ્યવાળા સાધુ શ્રેષ્ઠ છે ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! સકામભક્ત કરતાં નિષ્કામી ભક્ત શ્રેષ્ઠ છે. સ્ત્રીવાળા ગૃહસ્થો કરતા ત્યાગી સાધુ કામ, ક્રોધ, લોભ, મોહ વિનાના, માયાથી રહિત છે. માટે ત્યાગાશ્રમથી ગૃહસ્થાશ્રમ નીચો છે. વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ. આશ્રમમાં સાધુ શ્રેષ્ઠ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, ગૃહસ્થ, વનિતા, બ્રહ્મચારી સર્વેથી

સાધુ શ્રેષ્ઠ છે. તો જ રીતે મહાભાગવત ભક્તો-ગૃહસ્થો પણ સાધુ જ છે. માટે હે લક્ષ્મી ! મને ગૃહસ્થાશ્રમ જરાય ગમતો નથી પણ ભક્તાણીની ઇચ્છા પૂરી કરવા માટે હું ગૃહી થાઉં છું. ભક્તોની ઇચ્છા પૂરી કરવી, આ મારી પ્રતિજ્ઞા છે.

ગૃહસ્થાશ્રમમાં પણ શાસ્ત્રની મર્યાદા પ્રમાણે રહેનારા ગૃહસ્થોને પણ સાધુ કહેવાય છે. ખોટું બોલનારા, ચોરી કરનારા, ખોટી સાક્ષી પૂરનારા, છેતરનારા સાધુ, બ્રાહ્મણ, વેદ સતી, પતિવ્રતાની નિંદા કરનારા, માયાના દોષવાળા તે નરકગામી બને છે. ભક્તિમાં વિઘ્ન કરનારા, પૂજાહીન, ભક્તિહીન તે નરકગામી બને છે.

સંતની-જ્ઞાનીની દૃષ્ટિમાં આ જગતમાં બધું દુઃખરૂપ જ છે. સુખ દેખાય છે તે પણ દુઃખમિશ્રિત જ છે. એક ખેડુ આખો દિવસ કામ કરી સાંજે રોટલો ખાઈને વાડીએ ઝૂંપડામાં પાથર્યા વિના સૂઈ જતો. વાણિયાએ જોયું. તેને દયા આવી. ૧૦૦ રૂપિયા આપ્યા. ખેડુ બીજે દિવસે કામે ગયો પણ ધ્યાન રૂપિયામાં હતું. ઘેર આવી જમીનમાં દાટ્યા છતાં પણ ધ્યાન રૂપિયામાં રહે. કામ ઓછું થયું. ખાવાનું ભાવે નહિ. નીંદર આવે નહિ. બીજે દિવસે રૂપિયા વાણિયાને આપી કહ્યું, આણે તો મારું સુખ હરામ કરી દીધું માટે સુખ સંતોષમાં છે, સંપત્તિમાં નહિ.

ગુરુસેવા કરનારા, દાનવાળા, દેવના ભક્તો સ્વર્ગને પામે છે. દેવની પ્રસાદી જમનારા, ધર્મશાળા, મંદિર કરનારા વગેરે સ્વર્ગને પામે છે. વૃક્ષ વાવનારા, કૂવા-તળાવ-વાવો કરાવનારા સ્વર્ગને પામે છે. અન્ન-વસ્ત્ર આપનારા, ગામનું રક્ષણ કરનારા, આશ્રયે આવેલાનું રક્ષણ કરનારા સ્વર્ગને પામે છે.

✤ લ.સં. ઉપદેશ - ૯૭ ✤

શ્રી લક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ ! અતિ પાપી, ઘાતકી હોય તેને સંતનો યોગ ન થાય તો તેનો ઉદ્ધાર કેમ થાય ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! કુંભમેળામાં સ્નાન કરવાથી, ઉત્તમ તીર્થમાં કુંકુમવાપી, અશ્વપટ સરોવર, નારાયણ ધરો, ગોમતી તીર્થમાં સ્નાન કરવાથી તેનો ઉદ્ધાર થાય છે. જ્યાં ભગવાન તથા ભગવાનના અવતારો ફર્યા હોય તે તીર્થમાં, જ્યાં ભગવાન તથા સંતો ન્હાયા હોય તે તીર્થનાં, નદી-તળાવ-સમુદ્રમાં ન્હાવાથી તે પાપીનો પણ ઉદ્ધાર થાય છે. એવા ભારતનાં સર્વ તીર્થો પવિત્ર કરનારાં છે.

શ્રી લક્ષ્મીએ પૂછ્યું : હે પ્રભુ ! સ્ત્રીઓએ હંમેશાં કયા મંત્રનો જાપ કરવો ? તથા દરેક શુભ કાર્યોમાં કયો જપ કરવો ? તથા આપત્કાળમાં અનિષ્ટમાં કયો જપ કરવો ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે લક્ષ્મી ! શાંતિ આપનારો, પુષ્ટિ આપનારો, વિઘ્ન

નાશ કરનારો, રક્ષા કરનારો મારો મંત્ર છે. જે જપ કરવાથી શરીરધારી સર્વ પાપથી છૂટી જાય છે, તે મહામંત્ર ''નમઃ પરમેશાય અવતારિણે નમો અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો મુક્તા નાથાય બ્રહ્મપ્રિયા પતયે નમઃ નમો અંતર્યામિણે કંભરાયે નમઃ ગોપાલકૃષ્ણાય નમઃ'' આ રીતે મારા નામના મંત્રોનો સવાર-સાંજ જ્યારે સમય મળે ત્યારે જપ કરવો. આ મંત્ર સર્વે વિઘ્નોથી રક્ષણ કરનારો છે. સાધુજનોની સેવા કરવી. સાધુના આશીર્વાદ નિષ્ફળ જતા નથી.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! કઈ તિથિમાં કયું દાન આપવાથી શું પ્રાપ્તિ થાય છે ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! પડવાને દિવસે સાધુ, અતિથિ, બ્રાહ્મણને ભોજન આપી દાન આપવાથી સારી પત્ની મળે. બીજને દિવસે જમાડવાથી સારી કન્યા મળે, ત્રીજને દિવસે જમાડવાથી પશુ-ગોધન મળે, ચોથને દિવસે જમાડવાથી અશ્વવાહન મળે, પાંચમને દિવસે જમાડવાથી સત્પુત્ર મળે, છઠને દિવસે જમાડવાથી બલસંપત્તિ મળે, સાતમને દિવસે જમાડવાથી ખેતરવાડી મળે, આઠમને દિવસે જમાડવાથી દ્રવ્ય મળે, નોમને દિવસે જમાડવાથી વાહનો મળે, દશમને દિવસે જમાડવાથી કામધેનુ ગાય મળે, એકાદશીને દિવસે જમાડવાથી રૂપિયા મળે, બારસને દિવસે જમાડવાથી સુવર્ણ મળે, તેરસને દિવસે જમાડવાથી રાજા થાય, ચૌદશને દિવસે જમાડવાથી સામ્રાજય મળે, પૂનમને દિવસે જમાડવાથી ચમત્કારી થાય, અમાસને દિવસે જમાડવાથી સર્વ સંકલ્પ પૂર્ણ થાય તથા સર્વ નક્ષત્રોમાં જમાડવાથી, દાન દેવાથી અક્ષય પુણ્ય થાય. ભગવાનના અવતારો તથા અનાદિ શ્રીકૃષ્ણનારાયણની જન્મ જયંતીમાં દાન કરવાથી મોક્ષમાં જવાય.

✣ લ.સં. ઉપદેશ - ૯૮ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! સંસારમાં ડૂબેલાને કયો જપ ઉત્તમ છે ? અનાથોને કયું શરણ સારું છે ? આપત્કાળને નાશ કરનારું, પાપોને બાળનારું, વાસના બાળનારું શું સાધન છે ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે છે : હે લક્ષ્મી ! પુરુષોત્તમ નારાયણ એવો હું તે મારાં નામો સર્વે સુખ આપનારાં છે.

પહેલું દાન સાધુને દેવું, બીજું દાન બ્રહ્મ જાણનારને દેવું, ત્રીજું દાન અનાથને દેવું, ચોથું દાન બ્રાહ્મણોને દેવું, પાંચમું દાન નારીને દેવું, છઠ્ઠું દાન બાળકોને દેવું, સાતમું દાન દાસ-દાસીઓને દેવું. દરેક દાનમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પુરુષોત્તમ નારાયણને સંભારવા... તો દાતા અક્ષયફળ પામે છે. સર્વે પ્રકારનાં દાન આપનારો પુરુષોત્તમનારાયણને સંભારીને દાન આપે તો સર્વે ફળ પ્રાપ્ત કરી અંતે અક્ષરધામને પામે.

સર્વ તીર્થોમાં ગુરુતીર્થ મહાન છે. માતૃતીર્થ, પિતૃતીર્થ, પતિતીર્થ, સતીતીર્થ, પ્રિયાતીર્થ, દેવતીર્થ, જડ-ચેતનતીર્થ, અર્ચાતીર્થ, યજ્ઞતીર્થ, વ્રતતીર્થ, તપતીર્થ, જ્ઞાનતીર્થ, યોગતીર્થ, પરોપકરાદિતીર્થો તે સર્વેથી ગુરુતીર્થ તો મહાન છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું તે મેં આ ગુરુતીર્થ સર્વોત્તમ પ્રમાણ કરેલ છે. સતીતીર્થ, સાધુતીર્થ અને પરમેશ્વર તીર્થ આ ત્રણ તીર્થો ગુરુમાં વસે છે.

✣ લ.સં. ઉપદેશ - ૯૯ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! સર્વે વિઘ્નોને નાશ કરનારું, સર્વ આપત્કાળને હટાવનારું, સર્વે ભાગ્ય વધારનારું, સર્વે પાપોને નાશ કરનારું એવું શ્રેષ્ઠ વ્રત કયું છે ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે લક્ષ્મી ! બધાં વ્રતોમાં મહાન વ્રત તે સાધુ વ્રત છે. દાસ્ય સેવા સર્વે સાધન આપનારું, સર્વે કલ્યાણ કરનારું, સર્વે દુઃખનો નાશ કરનારું, સર્વે પુણ્યવાળું, સર્વે યજ્ઞવાળું છે. સવારમાં દર્શન કરવાં તે દર્શન વ્રત. પગ દાબવા તે પાદસેવા વ્રત. સવારમાં દૂધ-ભોજન આપવાં તે ભોજન-અર્પણ વ્રત, ફળ-ફૂલ આપવાં તે ફળ- અર્પણ વ્રત, અનાજ આપવું તે અન્ન-અર્પણ વ્રત, શેરડી-શાકભાજી આપવાં તે શાક-અર્પણ વ્રત, સ્નાન કરાવવું તે સ્નાન-અર્પણ વ્રત. જે જે વસ્તુ પોતાની યથાશક્તિ પ્રમાણે આપવી તે સાધુને અર્પણ વ્રત તથા તેટલો સાધુ-સત્સંગ કર્યો કહેવાય. તે સર્વે ઇચ્છિત ફળને આપનારું વ્રત તે સાધુ વ્રત છે.

પોતાના શરીરમાં કાંઈ રોગ ઉપાધિ આવે અથવા કુટુંબમાં કોઈ રોગ આદિ આપત્કાળ આવે તો માનતા કરવી. હું મંદિરમાં ૧-૨-૩-૫-૭ દિવસ સેવા કરીશ. કોઈ પણ વિઘ્ન આવે, કોઈ દુઃખ આવે તો માનતા કરવી કે હું ૧૫ દિવસ, ૧ મહિનો સાધુ-આશ્રમમાં સેવા કરીશ. સાધુ-સેવા વ્રત સમાન બીજું કોઈ વ્રત પૃથ્વી પર નથી. સાધુના આશીર્વાદથી ગમે તેવાં દુઃખ હોય તે નાશ પામે છે.

ગાય, ભેંસ, બકરાં વગેરે દૂઝણાં ઢોર દોહવામાં વિઘ્ન થાય ત્યારે સાધુની પગરજને ઢોર ઉપર ફેરવવી અને માનતા કરવી કે હું એક દિવસનું દૂધ સાધુ-આશ્રમમાં આપીશ. પશુને કાંઈ પીડા થાય ત્યારે માનતા કરવી, મોલમાં જંતુરોગ આવે ત્યારે માનતા કરવી કે મંદિરમાં સાધુને ભોજન કરાવીશ, હરિ-કીર્તન-ધૂન કરાવીશ. અનેક પ્રકારના રોગ છે, અનેક દુઃખો છે, અનેક વિઘ્નો છે તેમાંથી કાંઈ પણ દુઃખ આવે તો મંદિરમાં સાધુ-આશ્રમમાં માનતા કરવી કે હું ૨ દિવસ, ૫ દિવસ, ૧૫ દિવસ, ૧ મહિનો મંદિરમાં સેવા કરીશ. અન્નથી, વસ્ત્રથી, સમૃદ્ધિથી સાધુની સેવા કરવી : તો સર્વે દુઃખો નાશ પામે, સર્વે વિઘ્નો નાશ પામે.

કોઈપણ ગૃહપીડા આવે તો ઘરમાં ગૃહયજ્ઞ કરી કુંડ કરીને અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરવું તથા યજ્ઞમાં આહુતિ આપી ''ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વાહા'' આ મંત્રના એક લાખ, પાંચ લાખ અથવા એક કરોડ જપ કરવાથી નિર્વિઘ્ન શાંતિ, ગ્રહપીડા શાંતિ થાય છે.

✤ લ.સં. ઉપદેશ - ૧૦૦ ✤

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! જે વ્રત કરવા અશક્ત હોય એવાં વૃદ્ધ બાળકો, સ્ત્રીઓ, રોગી પશુ-પક્ષીનું કલ્યાણ કેમ થાય ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે લક્ષ્મી ! મારું ભજન કરવાથી, ગોવિંદ-માધવ-હરિકૃષ્ણ, શ્રીમન્નારાયણ, બાલકૃષ્ણ, બ્રહ્મપ્રિયાપતિ આવાં અનેક નામનું ભજન કરવાથી તથા અશ્વપટ સરોવર તીર્થ, કુંકુમવાપી ક્ષેત્રનો ગુણ લેવાથી અથવા શ્રી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવાથી મુક્તિ થાય છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું બીજે સ્વરૂપે શ્રી લક્ષ્મીનારાયણ સંહિતારૂપે પૃથ્વી પર રહેલો છું.

સત્યયુગના ધર્મો મોક્ષ આપનારા છે. ત્રેતાયુગના ધર્મો ઐશ્વર્ય આપનારા છે. દ્વાપર- યુગના ધર્મો પાપના સ્પર્શવાળા છે. તેથી હું યુગે યુગે પ્રગટ થઈને યુગનું ધર્મસ્થાપન કરું છું.

કાળધર્મ સતી સાધ્વી ફેરવી શકે છે. દોષધર્મ સાધુ ફેરવી શકે છે. દેશધર્મ આચાર્ય ફેરવી શકે છે. પ્રજાધર્મ રાજા ફેરવી શકે છે. યતિધર્મ અવતારો ફેરવી શકે છે. કન્યાધર્મ પ્રતિષ્ઠિત વ્યક્તિ ફેરવી શકે છે. વર્ણધર્મ આગેવાનો ફેરવી શકે છે. શરણ-આશ્રય ત્યાગી વિદેહીજનો ફેરવી શકે છે. માનસ આકર્ષિત પુરુષો ફેરવી શકે છે. સત્પુરુષો જયાં હોય ત્યાં સત્યયુગના ધર્મ વર્તે છે. સત્ત્વ, રજ ભેગા હોય તો ત્રેતા; રજ; તમ ભેગા હોય તો દ્વાપર, તમોગુણ હોય તો કળિયુગ. સત્યુગમાં યજ્ઞ અને તપ કરવાથી મોક્ષ મળે, ત્રેતાયુગમાં જપ કરવાથી મોક્ષ મળે, દ્વાપરયુગમાં સેવા કરવાથી મોક્ષ મળે અને કળિયુગમાં એક ગુણ મહાન તે ભગવાનનાં નામ-કીર્તન કરવાથી મોક્ષ મળે છે.

✤ લ.સં. ઉપદેશ - ૧૦૧ ✤

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે નારાયણ ! ભગવાનનું નામ-કીર્તન કઈ રીતે ગાવું ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! વાજિંત્ર સાથે અથવા સંગીતના તાલ વગાડીને અથવા નૃત્ય કરતા અથવા પગે ઘૂઘરા બાંધીને અનેક પ્રકારે ભગવાનનાં ધૂન-કીર્તન થઈ શકે છે. તેમાં

મુખ્ય કારણ સ્નેહ-હેત-પ્રેમ સાથે ભગવાનની પ્રસન્નતા માટે ધૂન-કીર્તન કરવાં અથવા સંત-ભક્ત મંડળને રાજી કરવા ગાવાં; પરંતુ જગતના મરંજન માટે એકલા અથવા કેવળ આજીવિકા માટે ન ગાવાં.

દૈવી કોપ, આકાશના ઉત્પાતો, પૃથ્વીના ઉત્પાતો, અતિવૃષ્ટિ વગેરે અનેક પ્રકારનાં દુઃખથી રક્ષણ માટે પ્રજાએ શાંતિકર્મ કરવું તથા અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન, ધૂન, કીર્તન, જપ વગેરે કરવા જેથી દૈવી કોપ શાંત થાય. અનેક પ્રકારના મોલમાં રોગ, ગ્રહ-નક્ષત્રોના ખરવા, હિમ પડવા, વિદેશથી ભય વગેરે દેશ-દુઃખ આવે ત્યારે દેવતાઓની માતા યોગીની સતી, સાધ્વીનાં પૂજન કરવાં તથા રાધા, લક્ષ્મી, પ્રભા, પાર્વતી તથા કાશીનિવાસી મહાલક્ષ્મીનું પૂજન કરવું તથા બાળકોને ભોજન આપવાં, અનેક પ્રકારનાં દાનો આપવાં. દુષ્ટ સ્વપ્ન આવે, અપશુકનો થાય તો ગ્રહયજ્ઞ કરવો. તલ હોમી હવન કરવો તથા વાસુદેવ હરિકૃષ્ણ એવું ભજન કરવું તથા સાધુ-બ્રાહ્મણોને જમાડીને દાન આપવાં તથા ગાયત્રી મંત્રનો જપ કરવો, તેથી દુષ્ટ સ્વપ્નનું નિવારણ થાય.

અનેક પ્રકારના તમોગુણનાં સ્વપ્નો દેખાય અને મન અશાંતિવાળું-ઉદ્વેગવાળું થાય તો તે સ્વપ્નો અપશુકનવાળાં દુષ્ટ ગણાય. જે સ્વપ્નો સાત્ત્વિક-રાજસી દેખાય, મન શાંતિ પામે, આનંદવાળું થાય તે સ્વપ્નો શુકનવાળાં સારાં લાભદાયી ગણાય છે. શુભ કામે જવા સમયે અપશુકન થાય, અથવા દુષ્ટ સ્વપ્ન આવ્યું હોય તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું મારું પૂજન કરી સાધુ-બ્રાહ્મણોને જમાડીને દાન દેવાં.

✣ લ.સં. ઉપદેશ - ૧૦૨ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! વન-પર્વત, જંગલ, નિર્જન સ્થાનમાં રહેનારા ઉપદ્રવથી કઈ રીતે મુકાય ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! મારા ભક્તના સ્મરણ પૂજનથી દુઃખ નાશ પામે. સર્વે મહાન ભક્તોમાં તરત જ સહાય કરે એવા કોણ ભક્ત છે ? સર્વે કષ્ટમાં તરત જ સહાય કરનારા તો હનુમાન છે. તે ભક્તિ વિના ધૂપમાત્રથી રાજી થઈને ભૂત-પ્રેત, પિશાચ, ડાકિની, શાકિની સર્વેને ભગાડીને શાંતિ આપે છે. એવા પરોપકારી હનુમાનજી છે. તે નિષ્કામ ભકત, નૈષ્ઠિક બ્રહ્મચારી હોવાથી તેનાથી સર્વે ભૂત-પ્રેત ભાગી જાય. તે હનુમાનજીનો મંત્ર ''ૐ નમો હનુમંતે ભયભંજનાય સુખં કુરું ફટ સ્વાહા'' તેનો જાપ કરી તથા પૂજન કરી થાળ ધરીને પ્રાર્થના કરવી. તેથી સર્વે આસુરી વિઘ્નો નાશ પામે છે.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! અનેક પ્રકારનાં જે પાપો છે તેનું નિવારણ તથા નિષ્પાપી કેમ થાય ? પાપીનો ઉદ્ધાર કઈ રીતે થાય ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! અશ્વપટ સરોવર કુંકુમવાપી તીર્થમાં ન્હાવાથી, તેનાં દર્શનથી પાપીનાં નાશ થાય છે તથા ઉદ્ધાર થાય છે તથા નર્મદા, સોમનાથ, દ્વારકા, નારાયણધરો, સ્વર્ણરેખા, ગોમતી, ભદ્રાવતી, ગોદાવરી વગેરે ભારતની બધી પવિત્ર નદી તીર્થોમાં સ્નાન કરી દાન કરવાથી પણ તે પાપીનાં પાપ નાશ થાય છે તેમજ તેનો ઉદ્ધાર થાય છે.

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! આલોક-પરલોકમાં સુખી થવાય તે માટે મનુષ્યે જીવતા શું કરવું ? શ્રી નારાયણ કહે : હે લક્ષ્મી ! મારી પૂજા, પિતૃપૂજા, દેવપૂજા, દાન જે પોતાના હાથે કર્યું હોય તે આ લોક-પરલોકમાં સુખદાયક થાય છે. મંદિરમાં, સાધુ આશ્રમમાં યથાશક્તિ છપ્પન ભોગ ધરાવવા. અન્નકૂટ કરાવવા. નિત્ય રાજભોગ કરવા-કરાવવા. તેનું ફળ અક્ષરધામ, ગોલોક, વૈકુંઠ, શ્રીપુર, શ્વેતદ્વીપ, અમૃતધામ, અવ્યાકૃતધામ વગેરે ભગવાનના ધામમાં અક્ષયસુખ પામે છે. ભગવાનના મંદિરમાં ઉપયોગી વાસણો, વસ્ત્ર, આભૂષણો, અલંકારો, સમયઋતુનાં ફળફૂલ, મેવા, મીઠાઈ, મુખવાસ, તેલ, અત્તર, સુગંધી ચંદન વગેરે અનાદિ શ્રીકૃષ્ણનારાયણને સ્વહસ્તે અર્પણ કરી પ્રગટપ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી.

સંસારરૂપી ઝેરને મટાડવું હોય તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો આશરો, શરણાગતિ મંત્ર, તેનું ભજન, ભક્તિ, ભગવાનનો પ્રસાદ, ભગવાન સંબંધી પંચવિષયનું ગ્રહણ કરવું. સંતનો સમાગમ, નવધાભક્તિસેવા, શાસ્ત્રોનું શ્રવણ, આત્મચિંતન, ધ્યાનપૂજા વગેરે કરવાથી સંસારરૂપી ઝેર અમૃત સમાન બને છે. ગોપીઓ જેમ ગાયત્રીપણાને પામી છે, યોગીઓ જેમ યોગ વડે બ્રહ્મને પામે છે તેમ ભક્તો ભક્તિ વડે ભગવાનને પામે છે. લક્ષ્મી જેમ મારા હૃદયમાં વાસ કરે છે તેમ ભક્ત મારા ધામમાં વાસ કરે છે. માયા જેમ શ્રીહરિમાં લીન થાય છે, તેમ ભક્તો ભગવાનમાં લીન થાય છે.

✣ લ.સં. ઉપદેશ - ૧૦૩ ✣

શ્રી લક્ષ્મીએ પૂછયું : હે પ્રભુ ! ભક્તોને આપત્કાળ આવે ત્યારે શું કરવું ? અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે લક્ષ્મી ! વ્રત ન કરી શકતો હોય, અજ્ઞાની હોય, અશક્ત હોય તેણે એકાગ્ર મનથી મને તેમજ મારા અવતારો, ઈશ્વરો, સાધુ, ભક્તોને સંભારીને સ્તુતિ કરવી, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમાત્માને તથા મુક્ત અક્ષરના નાથને નમોનમઃ. હે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મારું રક્ષણ કરો. નાનામાં નાના, મોટામાં માટા હે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, મારું સંકટ નાશ પામો. હે અંતર્યામી અવતારો ઈશ્વરોમાં રહેલાં ૨૪

તત્ત્વોમાં રહેલા મારું રક્ષણ કરો. હે વ્યાપક સ્વરૂપે રહેલા, જડ-ચેતન સર્વમાં રહેલા, મારું સંકટ નાશ કરો. હે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મુક્તપતિ, બ્રહ્માપ્રિયાપતિ, હે અવતારપતિ, હે ભક્તપતિ, હે સર્વપતિ મારું રક્ષણ કરો. આ પ્રમાણે સ્તુતિ કરવાથી દુઃખ નાશ પામે છે.

સર્વ પાપોને નાશ કરનારું પુણ્ય આપનારું તે યજ્ઞ કન્યાદાન આપવું. સંતો, બ્રાહ્મણોને જમાડવા, ભિક્ષુકોને જમાડવા, દાન આપવાં, બાળકોને-અનાથોને જમાડવાં આવી રીતે વિધિપૂર્વક કન્યાદાન કરનારને કોટિ યજ્ઞ ફળ થાય છે તથા વિદ્વાન સાધુ-સાધ્વીની સેવા, વસ્ત્ર ધોવાં, વાસણ સાફ કરવાં તે સેવા પણ મહાફળ આપનારી છે. મૃત્યુનું મુખ્ય કારણ વાસના... તેથી જન્મ તેથી કર્મ તેથી મૃત્યુ તેમાં સર્વેમાં અહંકાર તે કામ કરે છે. ભાવાયન સાધુ સર્વે વૃત્તિ સંકેલી ધ્યાનમાં બેસી ગયો. ત્યાં અહંકાર પુરુષ આવ્યો. તે કહે, તું મને કાઢી નહીં શકે, હું સત્ત્વ, રજ, તમનાં સર્વે કાર્યોમાં રહેલો છું. ભાવાયન સાધુ કહે, હું આત્મારૂપે વર્તું છું. તે આત્મા પણ પરમાત્માને અર્પણ કર્યો છે. તેથી મારું કાંઈ નથી, હું શેનો અહંકાર કરું. માટે આ રીતે સર્વે સત્કર્મો તથા અસત્કર્મો પરમાત્માને અર્પણ કરવાથી નિષ્પાપ, નિર્મળ, નિર્ગુણ થવાય છે.

આ લોકમાં મનુષ્યો સ્વર્ગ મેળવવા કરોડો સુખ માટે દાન-પુણ્ય કરે છે. તે જો પ્રગટ ભગવાનને સંભારીને નિષ્કામ ભાવે સત્કાર્યો કરે તો તે દાન-પુણ્ય મનુષ્યોને મોક્ષ અને શાશ્વત શાંતિ-શાશ્વત સુખ અપાવે છે.

✣ લ.સં. ઉપદેશ - ૧૦૪ ✣

સાધુસેવા, ગુરુસેવા, આશીર્વાદો, દાન, બ્રહ્મચર્ય, તપ, યોગાભ્યાસ, ભજન, ઔષધસેવા, અહિંસાથી યુક્ત નિષ્પાપ ભોજન આવાં અનેક પુણ્યકાર્યો આયુષ્યને વધારનારાં છે, તેથી વિપરીત વર્તે, મર્યાદા બહાર રહે તો આયુષ્ય ક્ષય થાય છે; તથા થતાં એવાં શુભ-અશુભ કર્મો પરમાત્માને અર્પણ કરી પાપ-પુણ્યથી રહિત થાય, તો સ્થૂળ સુક્ષ્મ દેહના અભિમાનથી રહિત થાય ત્યારે આત્મા-પરમાત્માના જ્ઞાનથી વાસના, લિંગદેહનો ક્ષય થાય છે. બ્રહ્માનંદના પ્રવાહથી અજ્ઞાનરૂપી કારણશરીરનો નાશ થાય ત્યારે સ્વચ્છ, તેજસ્વી, દિવ્ય એવો આત્મા અક્ષરધામના પ્રદેશમાં રહી શકે છે. તે માટે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જે પ્રગટ મળ્યા છે તેનું ભજન-ભક્તિ-સેવા-ઉપાસના કરવી તથા બ્રહ્મનિષ્ઠ સાધુ-સાધ્વી, પતિવ્રતા, સતી, યોગિની, માતા-પિતાના આશીર્વાદો લેવા તથા સદા ભક્તમંડળમાં રહી કથા-કીર્તન કહેવાં-સાંભળવાં તો આ જન્મે જ મુક્ત બની જાય.

પરબ્રહ્મની ઉપાસના અને બ્રહ્મવિદ્યાથી અવિદ્યાનો લય થાય. શ્રીહરિનું મહિમા સહિત ચિંતન તે પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે. સુવર્ણ જેમ ઘસવાથી, કાપવાથી, તપાવવાથી, ટીપવાથી આ ચાર પ્રકારે શુદ્ધ થાય છે તે જ રીતે આત્મા સત્સંગ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર પ્રકારે શુદ્ધ થાય છે. સત્સંગથી ગુણ આવે. જ્ઞાનથી સંસ્કાર વધે. વૈરાગ્યથી વાસનાનો ક્ષય થાય. સ્નેહભક્તિથી શ્રીહરિમાં ચોંટવાનું થાય અને માયાથી છૂટું પડવાનું થાય. જે આવો ભક્ત થાય તેમાં હું વાસ કરું છું. હું જ્યાં જેમાં વાસ કરું છું ત્યાં માયા રહેતી નથી. તેથી મારા ભક્તમાં માયા છે જ નહિ. હું મારા ભક્ત સિવાય બીજાનું ચિંતન કરતો જ નથી.

✤ લ.સં. ઉપદેશ - ૧૦૫ ✤

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે લક્ષ્મી ! પૂર્વે યોગીદંપતી શ્રુતિફલા તથા તેનો પતિ સદ્વિદ્યાયન ઋષિ વનમાં વસતા. શ્રુતિફલાએ પતિને પૂછ્યું : તમારા સંગથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે જાણવા છતાં મારું મન માયા તરફ કેમ જાય છે ? સદ્વિદ્યાયન ઋષિ કહે : હે શ્રુતિફલા, તું મારી જેમ આત્મનિષ્ઠાવાળી થા. દેહભાવને ભૂલી જા. તો મન માયામાં ન જાય. જ્યાં સુધી હું પુરુષ છું, સ્ત્રી છું, આવું ભાન રહે છે ત્યાં સુધી ખાનપાન, ભોગ, વૈભવમાં સર્વે પદાર્થમાં મન રહે છે. સંસારને મટાડવા માટે આત્મનિષ્ઠા અતિ દૃઢ કરવી. હું કર્તા નથી અથવા પોતાનાં શરીર, ઇન્દ્રિયો, અંતઃકરણથી થતા વ્યાપારો તે સર્વેમાં પ્રગટ પ્રભુને સાથે રાખવા અર્થાત્ સર્વે કર્મો પ્રભુને અર્પણ કરવાં, તેને કહેવાય નિષ્કામ સમર્પણ વિધિ તેનાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

ઇન્દ્રિયો દરેક પોતાનાં કામ કરે છે. અંતઃકરણ એનું કામ કરે છે. શરીર પણ એનું કામ કરે છે પણ અંદર રહેલો આત્મા સર્વે ક્રિયા કરવા છતાં નિર્લેપ રહે તો મુક્તિ ધર્મમાં વર્તે. શુભ-અશુભ કર્મ ભોગ ભોગવવા છતાં જો પરમાત્માની ભક્તિ કરે તો પરબ્રહ્મની પ્રાપ્તિ થાય. ફલપ્રાપ્તિ પણ પ્રગટ પ્રભુને અર્પણ કરે તો દિવ્યતાનો અનુભવ કરી નિત્ય મુક્ત સ્થિતિએ વર્તે અને અક્ષરધામની પ્રાપ્તિ આ લોકમાં જ મેળવી લે.

સંસારરૂપી સમુદ્રમાં ઇન્દ્રીયો રૂપી ઝુંડથી બચવું. અંતઃકરણરૂપી તરંગોથી બચવું. પંચવિષયના આહારરૂપી માછલાથી દૂર રહેવું. શોક અને હર્ષરૂપી પવનના ઝપાટામાં ન આવવું. કામ-ક્રોધરૂપી મગરોથી ચેતતા રહેવું. મોહરૂપી ભમરીમાં ન પડવું. રાગ-દ્વેષરૂપી ચક્કરમાં ન પડવું. પુન્ય-પાપ-કર્મના થુંબડામાં અટવાઈ ન જવું. આ બધો વિચાર કરી શરીરરૂપી નાવને ગુરુરૂપી ખલાસીને સોંપી દેવી જેથી સંસારસમુદ્ર પાર ઉતારી દે અને બ્રહ્મસ્થલીમાં પહોંચાડી દે જ્યાં માયાનો પ્રવેશ નથી, શ્રીહરિ સિવાય બીજું કાંઈ દેખાય જ નહીં. માટે બધું ભગવાનમય કરી રાખવું - તો આ લોક રૂક્ષ જેવો થઈ જાય.

✤ લ.સં. ઉપદેશ - ૧૦૬ ✤

સુખ-સંતોષ, આનંદ, પ્રકાશ, ઉદારતા, નિર્ભય, શ્રદ્ધા, ક્ષમા, ધીરજ, સત્ય, દયા, સરળતા, ત્યાગ, વૈરાગ્ય, સાધુવૃત્તિ વગેરે સદ્‌ગુણો તે સાત્ત્વિક વૃત્તિ છે. સંતાપ, દુઃખ, શૌર્ય, નિંદા, સ્તુતિ, ઈર્ષ્યા-રાગ, પ્રશંસા, સેવા, ધર્મ, અર્થ, માન, માયા, સ્નેહ, જુગાર, દાન દેવું, દાન લેવું, આ લોક-પરલોકની અતિ ઇચ્છા રાખવી તે રાજસવૃત્તિ છે. મોહ, ભય, લોભ, અજ્ઞાન, રાગ, નાસ્તિકતા, અભિમાન, વૈરવૃત્તિ, પરવશતા, નાશ, ભાંગફોડ કરવી આવા અનેક દુર્ગુણો તે તામસી વૃત્તિ છે. મનુષ્યોમાં આ ત્રણ પ્રવર્તે છે. દાનવો, દૈત્યો, રાક્ષસો, પિશાચો, અસુરો, ભૂત-પ્રેત તે સર્વે ક્રૂર હિંસાવાળા, માંસભક્ષણ કરનારા, અપેય પીનારા, અખાદ્ય ખાનારા તે સર્વે ચોરાસીલાખ યોનિમાં ભમ્યા કરે છે, તે અતિ તામસી છે.

પરબ્રહ્મ પરમાત્માએ આ જીવના કલ્યાણને માટે અધિભૂત, પંચભૂત, શરીર, અધ્યાત્મ, ઇન્દ્રિયો, અધિદેવ તેના દેવતાઓ વગેરે રચી આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. તે જીવાત્મા ભગવાનના કાર્યને જોઈ ભગવાનનો આશરો-ભક્તિ કરે, સર્વે ભગવાનને અર્પણ કરે તો માયા માથે પગ દઈને અક્ષરધામમાં જાય. સંત પુરુષના જે ગુણ ગ્રહણ કરે છે તે તરી જાય છે. અવગુણ ગ્રહણ કરે છે, તે સંસારમાં ડૂબે છે. સંત સમાગમ છે તે ચિંતામણિ તુલ્ય છે તેથી સર્વેની પ્રાપ્તિ થાય છે, અને આ લોક-પરલોકમાં સુખી રહીને અંતે પ્રગટ ભગવાનના અક્ષરધામની પણ પ્રાપ્તિ થાય છે.

✤ લ.સં. ઉપદેશ - ૧૦૭ ✤

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહે : હે લક્ષ્મી ! મારા એકાન્તિક ભક્તોએ શ્રી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવી-સાંભળવી. મારી ભક્તિના પ્રકારો મોક્ષ આપનારા છે. દેહાત્મબુદ્ધિ હોય તો બ્રહ્મબુદ્ધિ કરવી. દેહથી જુદા આત્મામાં મને બાલકૃષ્ણને જોવો, મારી સાથે રમવું. જેવી રીતે ધામમાં બ્રહ્મપ્રિયાઓ મુક્ત રહેલાં છે તે જ રીતે અહીં પૃથ્વી પર રહેલા પ્રત્યક્ષ ભગવાન તથા એકાંતિક ભક્તો-મુક્તોમાં-મુક્તાનિમાં જેને મનુષ્યભાવ થાય છે તેને ભક્તિમાં સંસારમાં વિઘ્ન આવે છે. બ્રહ્મા પાર્વતીને જોઈને મોહ પામ્યા. શંકર મોહિનીરૂપ જોઈને મોહ પામ્યા. માટે શુક-સનકાદિકની જેમ બ્રહ્મભાવ કરવો માટે મારા ભક્તોએ મારામાં અતિ હેત કરવું તો માયામાંથી હેત ટળે.

સર્વે ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓનો મારામાં નિરોધ કરવો. પ્રેમથી મારી મૂર્તિમાં વાસ કરવો તો માયાનો આત્મામાં પ્રવેશ ન થાય. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવો હું મને દિવ્ય જાણે એટલે બ્રહ્મસ્થિતિ થઈ ગઈ જાણવી. જેટલો મારો પ્રત્યક્ષ મહિમા જાણે

છે તેટલો આત્મામાં પ્રકાશ થાય છે, પછી મારી કૃપાથી તે પ્રકાશવૃદ્ધિને પામી બ્રહ્મરૂપે દેખાય છે. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તથા તેના સંતો મળે તો જ વાસના ટળે, મોક્ષ મળે. જ્યારે મારા ભક્તને મારામાં જ એકવૃત્તિ થાય છે, ત્યારે તેને સંસારના કોઈ પદાર્થમાં પ્રીતિ થતી નથી. તેથી અત્યારે હું કૃપા સાધ્ય થયો છું. તેથી મારા ભાગવત ભક્તો સેવા-નિષ્ઠાવાળા તથા બ્રહ્મનિષ્ઠાવાળા થયા છે.

✤ લ.સં. ઉપદેશ - ૧૦૮ ✤

ભગવાનના ભક્તોએ આ સંસારમાં વિવેકથી રહેવું. જેમ પૂર્વજન્મમાં કુટુંબને અજ્ઞાનથી જાણતા નથી, તેથી તેમાં પ્રીતિ થતી નથી. તેવી જ રીતે જ્ઞાનથી આ આત્માનો કોઈ સગો નથી. સાચાં સગાં આત્માના શ્રીહરિ તથા શ્રીહરિને ઓળખાવનારા સાધુ-સત્પુરુષો છે. આત્માને મા-બાપ નથી, ભાઈ-બહેન નથી, પતિ-પત્ની નથી. સર્વે દેહના સંબંધી છે. તે દેહની સાથે વ્યવહાર રાખી આત્માથી જુદું માની અખંડ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન, ચિંતન, મનન ધ્યાન કરવું તો આ લોકમાં ભગવાનના ભક્તો સદાય સુખી રહે.

બાળ, યૌવન, વૃદ્ધ, સ્ત્રી-પુરુષ સર્વેએ ભગવાનને બધું અર્પણ કરવું અને ભગવાનને પ્રાર્થના કરવી, હે ભગવાન ! આ બ્રહ્માંડ તમારું, તત્ત્વો તમારાં, ખાવા-પીવાના, રહેવાના, જોવાના, ભોગવવાના - સર્વે તમારા કરેલા થયા છે. સર્વે સર્જન તમે કર્યું છે. આમાં મારું કાંઈ નથી. આમ અહંતા, મમતાથી રહિત થઈ, આત્મરૂપ થઈ પરમાત્માને અખંડ સંભાર્યા રાખે તો તેને આ ઝેરરૂપ સંસાર હોવા છતાં અમૃત સમાન લાગે છે.

માણસ જો ભગવાનની ભક્તિ-સેવા ન કરે તો તેનું સર્વે કામ નિષ્ફળ થાય છે. જેમ ગધેડો ચંદનનાં લાકડાંના ભારને વહન કરે છે પણ તેની સુગંધ તથા કિંમત તે જાણતો નથી તેમ જીવ આત્મામાં રહેલા પરમાત્માને જાણતો નથી, ભક્તિરસ લેતો નથી તે પણ ગધેડા સમાન છે. ગધેડા ગામમાં-સીમમાં રખડે ને ખાય. આ શરીરધારી ઘરમાં પંચવિષય ભોગવે અને ખાય બેય સરખું. ખ એટલે ઇન્દ્રિયો, ર એટલે એમાં રમણ કરે. કેવળ માયિક પંચવિષય ભોગવે તે ખર એટલે ગધેડો. ન એટલે નારાયણમાં, ર એટલે રમે તે. કેવળ નારાયણને જ સંભાર્યા કરે માટે સર્વ પ્રકારે સાધુની સેવા કરી ભગવાનની ભક્તિ કરી લેવી જેથી મનુષ્યજન્મ સફળ થાય.

❖❖❖❖❖

❖ વેદસ્તુતિ - શબ્દાર્થ ❖

॥ वेदस्तुति – शब्दार्थः ॥

(भागवते दशमस्कन्धे अ. ८७)

परीक्षिदुवाच - પરીક્ષિતે પૂછ્યું, -

ब्रहन् ! ब्रह्मण्यनिर्देश्ये निर्गुणे गुणवृत्तयः ।
कथं चरन्ति श्रुतयः साक्षात् सदसतः परे ॥१॥

હે બ્રહ્મન્ શુકદેવજી ! **अनिर्देश्ये** - ચેતનસજાતીય પરમાત્મા છે કે અચેતનસજાતીય છે, એવો **निर्देश** - જેનો સ્વરૂપબોધ, તે વાણી મન અને બુદ્ધિ વડે જઈ શકતો નથી, એવા।, **सदसतः परे** - ચેતન અને અચેતનથી વિલક્ષણ અન્યથી ભિન્ન એવા પરમાત્મા તથા સત્ એવા ઘટાદિ પદાર્થો અને જાંજવાના જળ જેવાં દેખાવ માત્રના જે ભ્રમ વ્યવહાર કરાવે એવા અંશે પ્રતિભાસમાન પદાર્થો, તે થકી પર ભિન્ન એવા, અને કાર્યકારણભાવોથી સ્વરૂપમાત્ર વડે પર એવા જે ભગવાન્ છે, એવા। અને **निर्गुणे** - સત્ત્વ રજઃ તમઃ એવા માયિક ગુણ રહિત પરમાત્મા, આવા - **ब्रह्मणि** પરમાત્મામાં, પરબ્રહ્મમાં। **गुणवृत्तयः** -વિશેષણ એવા ગુણો જાતિઓ કાર્યો પદાર્થો અર્થોમાં વર્તનારી તથા કાર્યમયી એવી, **श्रुतयः** - નિજસ્વરૂપ એવા પરમાત્માને સંભળાવતી શ્રુતિઓ - વૈદિકવાક્યો તે પોતે ન પહોંચી શકે એવા પરમાત્મામાં, **साक्षात्** - પાસે જ દેખતી હોય તેમ, પોતાનો સાક્ષાત અર્થ પરમાત્મા હોય તેમ। **कथम्** - કઈ રીતિને ટેકે નિજબળ વડે કયા પ્રકારે। **चरन्ति** - વર્ણન કરવામાં પહોંચી વળે છે, પ્રવૃત્તિ કરે છે. ॥૧॥

श्रीशुकदेव उवाच - શુકદેવજીએ કહ્યું, -

बुद्धीन्द्रियमनःप्राणान् जनानामसृजत् प्रभुः ।
मात्रार्थं च भावार्थे च ह्यात्मनेऽकल्पनाय च ॥२॥

હે પરીક્ષિત્ ! **प्रभुः** - અધ્યક્ષ, નિર્વાહક, ગુણ ઐશ્વર્ય સામર્થ્યશાલી એવા પરબ્રહ્મે પોતે। **जना-नाम** - સૃષ્ટિના જીવોને। **बुद्धिन्द्रियमनःप्राणान्** - બુદ્ધિ આપી, ઈન્દ્રિયો આપ્યાં, મન આપ્યું, અને પ્રાણ આપ્યાં છે। **असृजत** - સરજી આપ્યાં છે। **आत्मने** - અધ્યાત્મજ્ઞાન

માટે, મુક્તિસાધનીભૂત - ઉપાસના માટે, આત્મા પરમાત્માના ચિન્તન માટે, જીવાત્માને । **अकल्पनाय** - જ્ઞાનૈકાકાર એવા દેવ મનુષ્યાદિની કલ્પના મટાડવા માટે અને મોક્ષ થવા માટે । **कल्पनाय च** - ભગવાને પોતાને ક્રીડન માટે પણ । જીવાત્માઓને બુદ્ધિ અને મન આપ્યાં છે । **मात्रार्थम्** - શબ્દાદિ વિષયો ગ્રહણ કરવા માટે, ઈન્દ્રિયો આપ્યા છે । **भवार्थ च** - અભ્યુદય માટે ધર્મ, અર્થ અને કામનાઓ રૂપી શ્રેયઃ કરવા માટે, સારૂં જીવન જીવવા માટે પ્રાણ આપ્યા છે । (શ્રુતિઓ જડચેતનોના શરીરી એવા પરમાત્માને સગુણ તથા નિર્ગુણભાવો વડે વર્ણન કરનારીઓ માયિકસગુણનો વર્ણવીને માયિકનિર્ગુણમાં પહોંચાડવાના તાત્પર્યવાળીઓ છે.) ॥૨॥

सैषा ह्युपनिषद् ब्राह्मी पूर्वेषां पूर्वजैर्धृता ।
श्रद्धया धारयेद् यस्तां क्षेमं गच्छेदकिंचनः ॥३॥

सा - ઉપર કહ્યા અર્થોમાં વ્યાપતી, **एषा** - આ શ્રુતિઓ રૂપી, **ब्राह्मी** - બ્રહ્મવિદ્યા પરબ્રહ્મનો બોધ કરાવનારી પરબ્રહ્મવિદ્યા **हि** - નક્કી બોધ કરાવનારી જ । **उपनिषत्** - પરબ્રહ્મની સમીપે પહોંચાડીને બેસારી દેતી એવી ઉપનિબદોના સારરૂપી ઉપનિષત્ વિદ્યા, પરબ્રહ્મવિદ્યા તે । **पूर्वेषाम्** - પૂર્વે પૂર્વે જે જે પરબ્રહ્મ વિદ્યા ધારણ કરનાર થઈ ગયા તેમના પણ **पूर्वजैः** - સર્વેથી પહેલા પ્રગટ્યા એવા સનકાદિકોએ તથા વામદેવઋષિ અને પ્રહલાદાદિક ભક્તોએ પણ । **धृता** - ધારણ કરી રાખેલી હતી । તે પરંપરામાં ચાલી આવે છે । **ताम्** - માયિકનિર્ગુણ અને દિવ્યસગુણ સર્વશરીરી એવા પરમાત્માને વર્ણન કરતી તે ઉપનિષદ્વિદ્યાને **यः** - જે જ્ઞાની ભક્ત **अकिञ्चनः** - સમસ્ત ઉપાધિરહિત વર્તતો તથા જેને ભગવાન વિના બીજું કાંઈ પ્રાર્થનીય રહેતું નથી એવો જે પ્રીતિવાળો ભક્ત, ભગવાન વિના બીજું કાંઈ નથી ઈચ્છતો એવો થયો થકો । **श्रद्धया** - અતિપ્રીતિના તાન ભરેલી હેતની વેળા વડે । **धारयेत्** - કાયમ ધારી રાખે છે, અનુભવ સંસ્કાર અને સ્ફૂર્તિઓમાં પ્રવાહિત અભ્યસ્ત રાખે છે - તો જ્ઞાની ભક્ત क्षेमम् **क्षेमम्** - આહી અતિ સુખ જીવનમુક્તિને અને પરલોકની પરમમુક્તિને । **गच्छेत्** - પામે છે, જરૂર ભગવાનના શરણને સામીપ્ય સારૂપ્યાદિ મુક્તિને પામે છે. ॥૩॥

अत्र ते वर्णयिष्यामि गाथां नारायणान्विताम् ।
नारदस्य च संवादमृषेर्नारायणस्य च ॥४॥

अत्र - સગુણ નિર્ગુણ ઉપાસના વડે પણ ભગવાનની પ્રાપ્તિની બાબતમાં । **ऋषे : नारदस्य** - ઋષિ એવા નારદજી તથા । **नारायणस्य** - ઋષિ એવા નારાયણના । **संवादं**

गाथाम् - પ્રશ્નોત્તર સમ્વાદ રૂપી તેઓની કથા રૂપી વાણી કે જે । **नारायणान्विताम्** - પરનારાયણ એવા પરબ્રહ્મના સમ્બન્ધવાળી કથા છે, તે । **ते** - તમોને પરીક્ષિતને **वर्णयिष्यामि** - સુસંગત વર્ણન કરીને કહીશ. ॥૪॥

एकदा नारदो लोकान् पर्यटन् भगवत्प्रियः ।
सनातनमृषिं द्रष्टु ययौ नारायणाश्रमम् ॥५॥

एकदा - એકસમય । **भगवत्प्रियः** - ભગવાનના પ્યારા ભકત નારદજી । **लोकान् पर्यटन्** - વિભિન્ન સ્વર્ગ પૃથિવી આદિક લોકોમાં વિચરતાં થકા । **सनातनम् ऋषिम्** - સાચી મૂર્તી પુરાતન છષિ શીલવ્રતી ભગવાન નારાયણનાં । **द्रष्टुम्** - દર્શન કરવા । **नारायणाश्रमम्** - કલાપગ્રામનામક બદ્રિકાશ્રમમાં ગયા. ॥૫॥

यो वै भारतवर्षेऽस्मिन् क्षेमाय स्वस्तये नृणाम् ।
धर्मज्ञानशमोपेतम् आकल्पात् आस्थित तपः ॥६॥

यो - જે ભગવાન નારાયણઋષિ । **अस्मिन् भारतवर्षे वै** - આ ભારત વર્ષમાં **नृणाम्** - માનવોના । **स्वस्तये** - અભ્યુદય રક્ષણ ઐહિકસુખ આદિ કલ્યાણ માટે । તથા **क्षेमाय** - અપુનર્જન્મરૂપી મોક્ષ માટે, આત્યન્તિક મુક્તિ માટે । **धर्मज्ञानशमोपेतम्** - વર્ણાશ્રમધર્મ અને ભાગવતધર્મ સહિત તથા જડચેતનનું તત્ત્વજ્ઞાન અને આત્મા પરમાત્માના સ્વરૂપજ્ઞાન સહિત તથા રાગદ્વેષાદિ દુર્ગણ રહિત શાન્તિવાળું એવું । **तपः** - વૃત્તિનિગ્રહાત્મક, પ્રસંખ્યાન વૈરાગ્યવાળું, પરમાત્માની ઉપાસનાવાળું, એકાગ્રતા અને નિરોધરૂપી જે સંયમી તપઃ તે । **आकल्पात्** - બ્રહ્માનો દિવસ જે કલ્પ, તેના આરંભથી તે તેના અન્ત સુધી । **आस्थितः** - કરી રહ્યાં છે. ॥૬॥

तत्रोपविष्टमृषिभिः कलापग्रामवासिभिः ।
परीतं प्रणतोऽपृच्छदिदमेव कुरुद्वह ! ॥७॥

कुरुद्वह !-हे परीक्षित् , तत्र - તે નારાયણના આશ્રમમાં । **कलापग्रामवासिभिः** - કલાપગ્રામના વતની એવા । **ऋषिभिः** - પરમાત્માના ધ્યાનમાં મગ્ન એવા ઋષિજનો વડે । **परीतं** - વીંટાએલા । અને **उपविष्टं** - બેઠેલા એવા નારાયણને । **प्रणतः** - નમસ્કાર કરતાં એવા નારદજીએ **इदमेव** - સગુણ અને નિર્ગુણ પરબ્રહ્મને વર્ણવવામાં અપર્યાપ્ત એવી શ્રુતિઓ સર્વથા પરબ્રહ્મને કેમ કરીને વર્ણવી શકે ! । **अपृच्छत्** - આવો પ્રશ્ન પૂછ્યો હતો. ॥૭॥

तस्मै ह्यवोचद् भगवान् ऋषीणां शृण्वतामिदम् ।
यो ब्रह्मवादः पूर्वेषां जनलोकनिवासिनाम् ॥८॥

भगवान् - નારાયણ ભગવાનને । **ऋषीणाम् शृण्वताम्** - સભાસ્થ સર્વે ઋષિઓ એ પ્રમાણે । **इदम्** - સગુણ નિર્ગુણ પરબ્રહ્મના વર્ણનમાં અપર્યાપ્ત શ્રુતિઓ સર્વથા પરબ્રહ્મને કેમ વર્ણવી શકે ? એવી હકીકતનો જવાબ । **तस्मै** - પ્રશ્નકર્તા એવા નારદજીને **अवोचत् हि** - સ્પષ્ટરીતે કહ્યો હતો । એ પ્રશ્ન ઉત્તરરૂપી **यो ब्रह्मवादः** - જે પરબ્રહ્મ સમ્બન્ધી સ્વરૂપમય વિચાર । **जनलोकनिवासिनाम्** - જનલોકના-નિવાસી એવા । **पूर्वेषां** - અગ્રજો પુરાતનો એવા સનકાદિક મહર્ષિઓનો તે સંવાદ થયો હતો. ॥૮॥

श्रीभगवान् उवान - બદ્રિકાશ્રમમાં સભામાં નારાયણ ભગવાને કહ્યું, -

स्वायम्भुव ! ब्रह्मसत्रं जनलोकेऽभवंत् पुरा ।
तत्रस्थानां मानसानां मुनीनामूर्ध्वरेतसाम् ॥९॥

स्वायम्भुव !, - સ્વયંભુવ એવા બ્રહ્માના પુત્ર એવા હે નારદજી ! । **पुरा** - પૂર્વેના પ્રાચીન યુગમાં । **जनलोके** - જનલોકમાં । **तत्रस्थानाम्** - ત્યાં રહેતા એવા । **मानसानाम्** - બ્રહ્માના માનસ પુત્રો, સંકલ્પ જન્ય પુત્રો એવા । **ऊर्ध्वरेतसाम्** - જન્મથી જ જીતેન્દ્રિય નૈષ્ઠિક બ્રહ્મચારીઓ એવા । **मुनीनाम्** - સન્ત એવા સનક, સનન્દન, સનાતન, સનત્, આદિ પરમર્ષિઓનો । **ब्रह्मसत्रम्** - પરબ્રહ્મના સ્વરૂપના સગુણ નિર્ગુણપણાની મીમાંસા-રૂપી, સમાન રીતે પ્રશ્ન ઉત્તરવાળો, યજ્ઞ-સંવાદાત્મક જ્ઞાનયજ્ઞ । **अभवत्** - થયો હતો. ॥૯॥

श्वेतद्वीपं गतवति त्वयि द्रष्टु तदीश्वरम् ।
ब्रह्मवादः सुसंवृत्तः श्रुतयो यत्र शेरते ॥१०॥

त्वयि - તમો નારદજી । **श्वेतद्वीपम्** - શ્વેતદ્વીપ ધામમાં । **तदोश्वरम्** - તે શ્વેતદ્વીપના ઈશ્વર એવા મહાપુરૂષ જે અનિરૂદ્ધમૂર્તિ નારાયણ તેના । **द्रष्टुम** - દર્શન કરવા । **गतवति** - ગયે સતે । **ब्रह्मवादः** - પરબ્રહ્મના સ્વરૂપનો સગુણ નિર્ગુણ સંવાદ તે । **सुसंवृत्तः** - સારી રીતે થયો હતો । **यत्र** - જે પરબ્રહ્મના સ્વરૂપના તે સંવાદમાં; અને તેવા જ સંવાદો કરવામાં । **श्रुतयः** - વેદવાક્યો શ્રુતિઓ પોતે પણ । માયિકગુણરહિત અને દિવ્યગુણ સહિત એવા ભગવાનના સ્વરૂપમાં એક જ અભિપ્રાયમાં સામેલ થએલી સતી શ્રુતિઓ નિર્ભયપણે **शेरते** - સુખપૂર્વક યથાશક્તિ વર્ણનમાં પહોંચીને વિરામ લેનારી થાય છે. ॥૧૦॥

तत्र हाऽयमभूत् प्रश्नस्त्वं मां यमनुपृच्छसि ।
परिहारश्च तान् सर्वान् वक्ष्येऽहं तेऽनघ ! शृणु ॥११॥

ह - આનંદ થાય છે । **हे अनघ** - હે પવિત્ર નારદજી । **तत्र** - તે શ્વેતદ્વીપના પરબ્રહ્મના સંવાદમાં । **अयम्** - આ સગુણ નિર્ગુણ સ્વરૂપ પરમાત્માના વિચારવાળો । **प्रश्न** - શંકાસમાધાનના અવલંબનવાળો પ્રશ્ન । **अमूत्** - કરાયો હતો । **त्वम्** - તમો નારદજી **यम्** - જે આ પ્રશ્ન સગુણ નિર્ગુણ પરબ્રહ્મના સ્વરૂપમાં શુભ એવા નિર્ણય ફળવાળો પ્રશ્ન । **माम्** - મને બદ્રીશ્વર એવા નારાયણને । **अनुपृच्छसि** - આ સમયમાં પૂછો છો । **परिहारश्च** - તથા શ્રુતિઓ કેમ સંપૂર્ણપણે વર્ણન કરવામાં પહોંચી વળતી હશે !, તેનો પરિહાર જે સમાધાન, સગુણશ્રુતિ નિર્ગુણને ન પહોંચે, નિર્ગુણશ્રુતિ તે સગુણ વડે બાધિત થાય, સગુણશ્રુતિ નિર્ગુણશ્રુતિ તે બંને એકમાં પરસ્પર બાધિત થાય તથા સત્પ્રતિપક્ષિત થાય, કે વિરોધિ થાય, આવા દોષવાળા તર્કોના પરિહાર જે દોષનિવારણરૂપી સમાધાન, તે પણ સારી રીતે થએલ હતાં । **सर्वान् तान्** - સર્વે તે શંકા સમાધાનો દોષનિવારણો અને તાત્પર્યાર્થો, નિર્ણયો જે જે થયા હતા, તે બધા । **अहं** - હું નારાયણ । **ते** - તમોને નારદને । **वक्ष्ये** - કહીશ । **शृणु** - એકાગ્રપણે નિર્ણયફળવાળા સંવાદને સાંભળો. ॥૧૧॥

तुल्यश्रुततपःशीलास्तुल्यस्वीयाऽरिमध्यमाः ।
अपि चक्रुः प्रवचनमेकं शुश्रूषवोऽपरे ॥१२॥

तुल्यश्रुततपःशीलाः - સનક, સનન્દન, સનાતન. સનત્કુમાર, એ ચારો ભાઈ, શ્રુતશાસ્ત્રીયજ્ઞાન, તપ-અનશનાદિ તપસ્યા, શીલ-બ્રહ્મચારીવ્રત, ઈત્યાદિ વડે એકબીજા ન્યૂન નહિં એવા, । **तुल्यस्वीयाऽरिमध्यमाः** - તથા તુલ્ય સમાનદૃષ્ટિ વડે સ્વીય મિત્ર સ્વશત્રુ અને મધ્યસ્થ જે ઉદાસીન તેમાં ભેદભાવ વિના જોનારાએવા । **अपि** - તો પણ । **एकं प्रवचनम्** - એક સનન્દન ને પ્રવચન કરનારા પ્રતિવક્તા નિમીને । **अपरे** - બાકીના સનકાદિ ભાઈઓ । **शुश्रुषकः** - શ્રોતાઓ શ્રવણેચ્છુકો થયા હતા અને પ્રવચન **चक्रुः** - સંવાદ કરતા હતા. ॥૧૨॥

सनन्दन उवाच - સનન્દન ઋષિ કહેવા લાગ્યા, -

स्वसृष्टमिदमापीय शयानं सह शक्तिभिः ।
तदन्ते बोधयाञ्चक्रुस्तल्लिंगैः श्रुतयः परम् ॥१३॥

यथा शयानं सम्राजं बन्दिनस्तत्पराक्रमैः ।
प्रत्यूषेऽभ्येत्य सुश्लोकैर्बोधयन्त्यनुजीविनः ॥१४॥

यथा - જેવી રીતે । **शयानं** - સાંજે સૂતેલા । **सम्राजं** - સમ્રાટ રાજાને । **अनुजीविनः, बन्दिनः** - જીવિકા મેળવતાં બન્દગી કરનારા બન્દીજનો । **प्रत्यूषे** - સવારમાં । **अभ्येत्य** - આવીને । **तत्पराक्रमैः** - સમ્રાટના પૂર્વકૃત પરાક્રમો સંભળાવવા વડે તથા । **सुश्लोकैः** - સુયશો ગાવા વડે । **बोधयन्ति** - જગાડે છે । - તેવી જ રીતે । પરમાત્મા પણ । **स्वसृष्टम्** - પોતે પહેલા મહાકલ્પમાં સર્જેલા જડચેતનાત્મક એવા । **इदम** - એવા આ સમસ્ત જગતને । **आपीय** - લીન કરીને । **शक्तिभिः सह** - પોતાની સૂક્ષ્માવસ્થાપન્ન પ્રકૃતિ પુરૂષ કાલાદિક અસંખ્યશક્તિઓ સહિત । **शयानम** - સ્વાન-દાનુભવ પરાયણ થએલા સૂઈ ગએલા છે એવા । **परम्** - પરમપુરૂષ પરમાત્માને । **तदन्ते** - સૂઈ જવા રૂપી મહાપ્રલયને અંતે ફરીથી સૃષ્ટિ રચવાની સવારે । **श्रुतयः** - તેના નિઃશ્વાસરૂપી વેદ શ્રુતિઓ, વેદો પોતે । **तल्लिंगैः** - તે સર્જનહાર એવા પરમાત્માના પરાક્રમો ગુણો ઐશ્વર્યો ચમત્કારો કારણ કાર્ય રચનાઓ લિંગો હેતુવાક્યો હેત્વર્થો અસાધારણધર્મ લક્ષણ પ્રકાશક વચનો વડે **बोधयांचक्रुः** - સ્મરણ કરાવતી જગાડતી હોય તેમ સ્તુતિ કરે છે ॥ પ્રવૃત્તિપરાયણ અને નિવૃત્તિપરાયણ એવા સગુણ નિર્ગુણ ભાવોને સૂચવે છે. ॥૧૩॥ ॥૧૪॥

श्रुतय ऊचुः - શ્રુતિઓ કહેતી હતી, -

जय जय जह्यजामजित ! दोषगृमीतगुणां
त्वमसि यदात्मना समवरुद्धसमस्तभगः ।
अगजगदोकसामखिलशक्त्यवबोधक ! ते
क्वचिदजयाऽऽत्मना च चरतोऽनुचरेन्निगमः ॥१५॥

हे अजित ! કોઈ વડે ન જીતાઓ એવા હે ભગવન । **जय जय** - તમો જય પામો જય પામો । **यत्** - કારણ કે । **त्वम्** - તમો । **आत्मना** - પોતા વડેજ । **समवरुद्धसमस्तभगः** - સમ્યક્ રીતે પોતામાં રાખેલા છે સમગ્ર ઐશ્વર્યો-જ્ઞાન શક્તિ બલ ઐશ્વર્ય વીર્ય તેજ એવા ભગ જેમણે એવા । **असि** - સમર્થ છે । સંપૂર્ણ છો, માટે । **दोषगृमीतगुणाम्** - જીવોને દોષાવહ એવા રાગ દ્વેષ મોહ આદિ દોષ ગર્ભિત સત્ત્વ રજ તમ એવા ગુણોવાળી । **अजाम्** - માયાને અને નિદ્રાને । **जहि** - તજાવો અને તજો ॥ વળી **हे अगजगदोकसाम्** - અગ જે સ્થાવર અને જગત્ જે જંગમ એવા શરીરોવાળા થનારા આશ્રિત જીવોની ।

अखिलशक्त्यवबोधक ! - સર્વે શક્તિઓ જે પોતપોતાના કાર્યોમાં પહોંચી વળે એવી તમામ શક્તિઓ તેના અવબોધક ઉદ્બોધક સ્થૂલતા પમાડનારા એવા હે ભગવન્ । **क्वचित्** - સંસાર દશામાં માયા શક્તિ વડે અને અસંસારદશામાં સ્વાત્મસ્વરૂપે । **अजया** - સ્વશક્તિરૂપી માયા વડે । **आत्मना च** - પોતે સ્વતંત્ર સ્વસ્વરૂપ વડે । - વિશેષ શક્તિઓ વડે અને વિશિષ્ટ સ્વરૂપ વડે પણ । **चरतः** - કાર્ય પરાયણ વિચરતા અને સ્વતત્ર વિરાજતા । એવા - તમોને, આપને સર્વ અવસ્થાઓમાં । **निगमः** - વેદ, શ્રુતિઓ (અમે) । **अनुचरेत्** - વર્ણનમાં અનુવર્તન કરે છે । અમો શ્રુતિઓ આપને જડચેતનસહિતને કારણતા, મોક્ષપ્રદતા, માયિકગુણરહિતતા, દિવ્યગુણસહિતતા, સૃષ્ટ્યન્વિત અને વ્યતિરિક્ત એવા વર્ણવીએ છીએ. ॥૧૫॥

बृहदुपलब्धमेतदवयन्त्यवशेषतया
यत उदयास्तमयौ विकृतेर्मृदिवाऽविकृतात् ।
अत ऋषयो दधुस्त्वयि मनोवचनाऽऽचरितं
कथमयथा भवन्ति भुवि दत्तपदानि नृणाम् ॥१६॥

अवशेषतया - કાર્યપણે, સમગ્ર દેવ ઈશ્વર માનવ તત્ત્વાદિના વિશેષપણે સ્થૂલપણે । **उपलब्धम्** - દેખાતું એવું । **एतत्** - આ સર્વ જગત । તે । **बृहत्** - અતિ મહાન એવા પરબ્રહ્મ જે તમો તે તમારા રૂપમય તમારા તનુરૂપે છે તે તમારામય છે તેથી તે તમે જ છો, તેથી પરબ્રહ્માત્મક છે એમ જ । **अवयन्ति** - વેદો પ્રતિપાદન કરે છે । તેથી ત્વદાત્મક કહેવાય છે । **यतः** - તમો વ્યતિરેકી અવિકૃત છો પણ તમારી શક્તિ માયા તે વિકારવાળી છે, માટે માયાવિશિષ્ટ એવી મૂર્તિ જે તમે તે તમારાથી અવિકૃત એવા તમારા થી । **विकृतेः** - વિકારવાળી માયિકતત્વોની સૃષ્ટિના । **उदयास्तमयौ** - ઉત્પત્તિ સ્થૂલ આવિર્ભાવ અને અસ્તમય-પ્રલયરૂપ સૂક્ષ્મ તિરોભાવ તે બંને તમારાથી થાય છે । જેમ **अविकृतात्** - એક પિણ્ડાકાર મૃત્તિકાપિણ્ડથી ઘટ શરાવ આદિ થાય છે પણ તે **मृदिव** - મૃત્તિકાત્મકજ છે । તેમ સૂક્ષ્મવિશેષિત અધિકૃત તમારાથી સ્થૂલ વિશેષિત ત્વદાત્મકજ સૃષ્ટિ થાય છે । - માટે કાર્યાત્મક અને કારણાત્મક તમે જ છો । **अतः** - સર્વ કાર્ય કારણાત્મક તમે છો એ હેતુથી । **ऋषयः** - તત્ત્વદર્શી પ્રાતિભજ્ઞાની મહર્ષિઓ પણ । **त्वयि** - કાર્ય-કારણાત્મક એવા । **सर्वमय** - પરબ્રહ્મ જે તમે તે તમારામાં । **मनोवचनाऽऽचरितम्** - માનસિક ધ્યાનાદિ, વાચિક સ્તુત્યાદિ, આચરિત ચેષ્ટાદિ, બધા આચરણો । **त्वय्येव** - સર્વાત્મક એવા તમારામાંજ । **दधुः** - અર્પણ કરનારા થયા છે, કરે છે અને સમર્પે છે । જેમ । **नृणां** - માનવોના । **भुवि** - પૃથિવીમાં જ મેલવાના સ્વભાવવાળાં પગલાં પગ । તે પલંગ શકટી પૃથિવીમાંજ મુકાય છે, આકાશમાં નથી મુકાતાં । **कथम्** - કયે આધારે । **अयथा** - પૃથિવી વિના બીજી રીતે આકાશમાં । **भवन्ति** - મેલાય એવાં થાય ? નજ થાય । - તેમ સર્વાત્મક એવા

તમારામાંજ તમામ વેદો શ્રુતિઓ પોતાના વર્ણનીય પદાર્થો જે જે અર્થો, તે તે કાર્યાત્મક કે કારણાત્મક અને કાર્યકારણાત્મક અન્વયી અને પૃથક સ્વયં વ્યતિરિકી એવા તમારા જ વિશેષિત સ્વરૂપમાં જ અર્થો અપાય છે, તમારા વિના બીજામાં મેલાતાં નથી, કારણ કે તમે જ સર્વે શબ્દોના અન્તત; વિશિષ્ટ એવા વાચ્ય છો. ॥૧૬॥

इति तव सूरयस्त्रयधिपतेऽखिललोकमल -
क्षपणकथाऽमृताऽब्धिमवगाह्य तपांसि जहुः ।
किमुत पुनः स्वधामविद्युताऽऽशयकालगुणाः
परम भजन्ति ये पदमजस्त्रसुखाऽनुभवम् ॥१७॥

हे त्र्यधिपते ! - હે ત્રિગુણી માયા તથા જગત્ના જન્મ સ્થિતિ નાશના નિર્વાહક હે સર્વપતિ ભગવન્ । **इति** - સર્વ ત્વદાત્મક એમ નિશ્ચય કરીને જ, સર્વ. ત્વદાત્મક છે એવા હેતુથી જ । **सूरयः** - તત્ત્વ-જ્ઞાની મહર્ષિ જનો તે । **अखिललोकमलक्षपणकथाऽमृताऽब्धिम्** - સર્વ લોકોના બધા મલ દોષ નાશક એવા તમારા કથાના અમૃતમય સાગરમાં । **अवगाह्य** - ન્હાઈને, સત્ય અર્થમાં પ્રવેશીને । **तपांसि** - તપ વિગેરે સાધનરૂપી કલેશોને તથા આધ્યાત્મિકાદિ તાપોને । **जहुः** - તજનારા થયા । શાન્તિ મેળવનારા થયા છે, તો પછી । **हे परम !** - હે પરમેશ્વર । **ये** - જે જનો । **अजस्त्रसुखानुभवन्** - કાયમ સુખ આનંદના સાક્ષાત્ ભરેલ એવા અનુભવ કરેલું નિત્યજ્ઞાનાન્દાત્મક તમારૂં સ્વરૂપ તથા તમારૂં **पदम्** - સ્વરૂપને અંતે પદને ચરણોને **भजन्ति** - ભજે છે સેવે છે સમાધિ વડે સાક્ષાત્ કરે છે, એવા ભક્તો તે । **स्वधामविधुताऽऽशयकालगुणाः सन्तः** - તમારા ભજન ભક્તિ સમજણ સેવાના પ્રતાપવડે ધોઈ નાખ્યાં છે વાસના કાળ રાગ દ્વેષ તથા કાળકૃત જરા મરણ તથા માયિક ગુણોના વેગ જેમણે એવા, તે મહર્ષિ સંતો, **किमुत पुनः** - તમારા સુખ આનંદને શાશ્વતી શાંતિને મેળવનારા થાય તેમાં તો શું કહેવું !। તમારી કથાશ્રવણવડે સર્વ પાપતાપ નષ્ટ થાય છે તો તમારા સ્વરૂપ સેવનથી પાપ તાપ નાશ થાય તેમાં શું કહેવું. ॥૧૭॥

दृतय इव श्वसन्त्यसुमृतो यदि तेऽनुविदा
महदहमादयोऽण्डमसृजन् यदनुग्रहतः ।
पुरुषविधोऽन्वयोऽत्र चरमोऽन्नमयादिषु यः
सदसतः परं त्वमथ यदेष्ववशेषमृतम् ॥१८॥

હે શ્રીહરે !। **असुमृतः** - જે પ્રાણીઓ માનવો । **ते** - તમારા । **अनुविधाः** - ભજન સેવન સ્વરૂપ ધ્યાનાદિ વિધિ પરાયણ રહે તો તેઓ । **श्वसन्ति** - સફળ પ્રાણ ધારીઓ છે ।

न यदि - અને એમ જો ન વરતો તો । **दृतय इव** - લુવારની ધમણ જેવાવાયુપૂરિત વ્યર્થ છે । **यदनुग्रहतः** - તમારા ઈક્ષણરૂપી અનુગ્રહવડેજ । **महदहमादयः** - મહતત્વ અહંકાર તન્માત્રાઓ ભૂતો વગેરે । **अण्डम्** - બ્રહ્માડને, સૃષ્ટિને । **असृजन्** - સર્જનારા થયા છે । **यः** - જે તે તમો । **अत्र** - આ સૃષ્ટિતત્વોમાં । **अन्वयः** - અન્વયપણે રહ્યાં છો । તથા **अन्नमयादिषु** - અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય કેશોમાં વ્યાપ્યમાં પણ તમો રહ્યા છો, તે તમો **चरमः** - છેલ્લા આનંદમય, આનંદઘન, સ્વરૂપ એવા સુમૂર્ત છો । તથા **पुरुषविधः** - દિવ્ય પુરુષાકાર પરબ્રહ્મ છો, તે તમો વૈરાજાદિક પુરૂષાકારમાં પણ છો । સગુણ બ્રહ્મ સ્વરૂપમાં પણ છો । અવતાર સ્વરૂપે પણ છો । **अथ** - અને વળી । **सदसतः** - સત્ અને શસત્ એવા સાચાં અને ખોટાં ભાવ અને અભાવ પદાર્થો તથા સત્ય અને અસત્ય પદાર્થો, ચેતન અને જડ પદાર્થો તે તમામથી । **परम्** - પર સ્વરૂપે પરમાત્મા શાશ્વત વિલક્ષણ દિવ્યપ્રભુ । **त्वम्** - તમો છો । વળી **एषु** - અન્નમય આદિક ચારેનો સંહાર થયે સતે પણ । **अवशेषम्** - આનંદઘનસ્વરૂપે શાશ્વત બાકી એવા તમો રહો છો । તે તમો **ऋतम्** - કાયમી નિર્વિકાર સત્યમૂર્તિ છો । અવતાર અન્વયી અને વ્યતિરેકી પરમપુરૂષ દિવ્યમૂર્તિ શાશ્વત આનંદઘન સ્વરૂપ તમો જ છો. ॥૧૮॥

उदरमुपासते य ऋषिवर्त्मसु कूर्पदृशः
परिसरपद्धतिं हृदयमारुणयो दहरम् ।
तत उदगादनन्त तव धाम शिरः परमम्
पुनरिह यत् समेत्य न पतन्ति कृतान्तमुखे ॥१९॥

ये - જે માનવો । **ऋषिवर्त्मसु** - ઋષિઓએ પ્રદર્શિત વેદાન્ત રીતિના ઉપાસનાના પ્રકારોમાં । **कूर्पदृशः** - સ્થૂલાડસ્થૂલદૃષ્ટિવાળાઓ છે, તેઓ કોઈ વૈશ્વાનરવિદ્યામાં નિષ્ઠાવાળાઓ તમને । **उदरम्** - વૈશ્વાનર એવા જાઠરાગ્નિતનું પરબ્રહ્મને ઉપાસે છે, તથા - મણિપુર ચક્રસ્થ અગ્નિબ્રહ્માને ઉપાસે છે । અને કોઈ **आरुणयः** - અરૂણવંશના દહરવિદ્યામાં નિષ્ઠાવાળાઓ । **हृदयं** - હૃદયગત । **दहरं** - દહરનામક હૃયપુણ્ડરીકમાં આકાશબ્રહ્મને આત્મબ્રહ્મને ઉપાસે છે । અને કોઈ તો, **परिसरपद्धतिम्** - નાડીઓના પરિસરણના માર્ગોમાં છ ચક્રોમાં દેવોની ઉપાસના પદ્ધતિને અનુસરીને તમોને ઉપાસે છે । ડાબી તરફ ઈડા, જમણી તરફ પિગળા, મધ્યે સુષુમ્ણા અમે ત્રણ નાડીઓમાં, ગુદામાં મૂલાધાર ચક્રમાં ગણપતિને, લિંગમૂળમાં અધિષ્ઠાન ચક્રમાં બ્રહ્માને, નાભિમાં મણિપુરચક્રમાં વિષ્ણુને, હૃદયમાં અનાહતચક્રમાં શિવને, કંઠમાં વિશુદ્ધિચક્રમાં જીવાત્માને, ભ્રકુટિમાં આજ્ઞાચક્રમાં હંસને, ઉપાસે છે અને સુષુમ્ણાના હૃદયથી, **तत उदगात्** - આરંભથી તેથી શિરના બ્રહ્મરન્ધ્ર

સુધીના માર્ગમાં ક્રમ ઉપાસનામાં લલાટમાં ગુરૂરૂપ હરિને, અને છેવટે બ્રહ્મરન્ધ્રમાં, **હે અનન્ત** - અસંખ્ય અનંત સ્વરૂપ એવા હે પરમાત્મ્ । **तव परमं धाम शिरः** - મસ્તકમાં તમારૂં સુષુમ્ણાના અંતવાળું તેજસ્વી બ્રહ્મરંધ્ર છે તેમાં । **यत् समेन्य** - જ્યાં સ્થિરતા પામીને તમોને પરબ્રહ્મને ઉપાસે છે । તેઓ **पुनः इह** - ત્યાં પ્રાપ્તમૂર્તિ એવા પરમાત્મામાં લગ્નિત થએલા ઉપાસક ફરીથી આ સંસારમાં **कृतान्तमुखे** - યમદૂતના કાળના મુખમાં, **न पतन्ति** મરણજન્મમાં પડતાં નથી, મોક્ષમાં જાય છે. ॥૧૯॥

स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया
तरतमतश्चकास्स्यनलवत् स्वकृताऽनुकृतिः ।
अथ वितथास्वमूष्वक्तिथं तव धाम समं
विरजधियोऽन्वयन्त्यभिविपण्यव एकरसम् ॥२०॥

हेतुतया - માયાતનું એવા તમો સર્વેના ઉપાદાન કારણપણે કારણરૂપ છો તેથી **स्वकृतविचित्रयोनिषु** - આપે સર્જેલી વિભિન્ન દેવ માનવ પશુ પક્ષ્યાદિ વિલક્ષણ યોનિઓમાં । **विशन् इव** - અન્વયિસ્વરૂપે પ્રવેશ પામતાં થકા અંતરાત્મામાં તદ્રૂપ થયા હો ને શું એવા વર્તતા થકા । **स्वकृताऽनुकृतिः** - પોતે રચેલી દેહધારીઓની આકૃતિમાં તેના સમાન જ અનુકૃતિ અનુકરણ કરીને ઓછા વત્તા વર્તનારા એવા થકા તદાકારેજ, **अनलवत्** - જેવું કાષ્ઠ કોલસા છાણાં વગેરે હોય તેમાં તેવા તેવા અવિભિન્નરૂપ અગ્નિની પેઠે । **तरतमतः** - નાનામાં નાના, મધ્યમમાં મધ્યમ, ઉત્તમમાં ઉત્તમ, જડમાં જડ, ચેતનમાં ચેતન એમ, તેવી તેનીજ રીતે । **चकास्सि** - ભાસો છો પ્રકાશપણે ક્રિયાવ્યાપાર વડે તન્મય જ વર્તો છો । **अथ** - તો પણ તેવા પણ તમો । **अवितथं अमूषु** - અસત્ નિષ્ફળ અને વિનાશી મિથ્યા એવી આ બધી તનુમય આકૃતિઓમાં, **तव** - તમારૂં । **अवितथं** - સત્ય કર્મફલપ્રદ નિત્ય સત્યસ્વરૂપ એવું જે, **एकरसम्** - એક આનંદધન રસમય શાશ્વત એવું જે, **धाम** - દિવ્ય અન્તર્યામિ પ્રકાશસ્વરૂપ તથા આનંદધનમૂર્તિ, નિયામક સ્વરૂપ એવું તમારૂં મૂર્તસ્વરૂપ, **समम्** - વ્યતિરેકી અને વ્યાપક એકસરખું જ જે સ્વરૂપ છે તેને । **विरजधियः** - માયિક મેલ રહિત બુદ્ધિવાળા એવા પ્રાતિભજ્ઞાનવાળા ધર્મમેઘ સમાધિવાળા । **अभिविपण्यवः** - સર્વમાં વિશેષપણે તમારા સ્વરૂપની ઉપાસનાવાળા ઋષિ મુનિઓ એકાન્તિક ભક્તો તેઓ । **अन्वयन्ति** - સાક્ષાત્ જરૂર પ્રાપ્ત કરે છે । સર્વમાં તમો દેખાઓ છો. ॥૨૦॥

स्वकृतपुरेष्वमीष्वबहिरन्तरसंवरणं
तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम् ।
इति नृगतिं विविच्य ऋवयो निगमावपनम्
भवत उपासतेंऽघ्रिमभवं भुवि विश्वसिताः ॥२१॥

अमीषु - આ દેખાતા એવા । **स्वकृतपुरेषु** - તમોએ રચેલા દેવ માનવ પશ્વાદિ શરીરોમાં વસેલા સત્યસ્વરૂપ તથા । **अखिलशक्तिधृतः** - સર્જક રક્ષક સંહારક આદિ સર્વ ઐશ્વર્ય શક્તિઓના ધારણ કરનાર એવા। **तव** - તમારા। **अंशकृतम्** - સંકલ્પાત્મક સ્વલ્પાંશવડે સ્વયં રચાએલા તથા । **अबहिरन्तः** - અંદર અને બહાર એવા વિભાગો જેને પરાભૂત કરી શકાતા નથી, ટુંકા વિભાગો જેને લાગુ પડતા નથી, માટે જ અંતર બાહેર સર્વત્ર વ્યાપ્તિવાળા તથા, **असवरणम्** - આવરણોના પરાભવ રહિત એવા, તમોને । **तव पुरुषम्** તમારૂં જે સ્વરૂપ તેને વેદાન્તો । અંગુષ્ઠ માત્ર પુરૂષ, મધ્યે આત્મામાં રહેલ છે, સદા જનોનાં હૃદયમાં રહ્યાં છે એય પુરૂષાકારવિગ્રહને આત્મામાં સ્થિતપરમાત્માને । **वदन्ति** - વર્ણવે છે । **इति** - આવા દિવ્યપુરૂષાકાર વિગ્રહ મૂર્તિ તમને । અને **नृगतिं** - તમારી ભક્તિ આરાધનાને યોગ્ય પોતાની માનવજન્મની સ્થિતિને। **विविच्य** - વિચારી સમજીને। **निगमाऽवपनम्** - વેદવાક્યોનું વર્ણનીય પ્રતિપાદન વિષયક્ષેત્રસ્વરૂપ એવું તથા । **अभवम्** - સંસાર નિવર્તક એવું । **भवतः** - તમારૂં **अंघ्रिम्** - ચરણકમળ, દિવ્યપરમપુરૂષ એવા આપના ચરણારવિંદ યુગલને । **विश्वसिताः** - વિશ્વાસ શ્રદ્ધા વાળા અને **कवयः** - જ્ઞાનભક્તિવાળા વિજ્ઞાની ઋષિ મુનિ ભક્તજનો । **भुवि** - અહિં માનવલોકમાં જ તમોને । **उपासते** - મોક્ષ માટે ઉપાસે છે સેવે છે । હૃદયમાં ધ્યાન વડે અંતરાત્મા આત્માના આત્મા એવા પરમપુરૂષને તમને ઉપાસે છે. ॥૨૧॥

दुरवगमात्मतत्त्वनिगमाय तवाऽऽत्ततनो-
श्चरितमहाऽमृताऽब्धिपरिवर्तपरिश्रमणाः ।
न परिलषन्ति केचिदपवर्गमपीश्वर ते,
चरणसरोजहंसकुलसंगविसृष्टगृहाः ॥२२॥

हे ईश्वर ! - હે પરમેશ્વર । **दुरवगमात्मतत्त्वनिगमाय** - દુર્બોધ એવા આત્મતત્ત્વના તથા પરમાત્મતત્ત્વના સ્વરૂપ બોધને માટે । **आत्ततनोः तव** - ગ્રહણકરી છે શ્રીકૃષ્ણાદિ મૂર્તિ જેણે, પ્રકટિત મૂર્તિ, શરીરમાં શરીરી એવા સુમૂર્ત્ત તમો તે તમારા । **चरितमहाऽमृताऽब्धिपरिवर्तपरिश्रमणाः** - લીલા ચરિત્રોરૂપી મહાઅમૃતના સાગરમાં સ્નાનવડે થાક તાપ રહિત થએલા । **केचित्** - એવા કોઈ કોઈ ભક્તજનો ભક્તિરસિક

ભાગવતમાનવો । **ते** - તમારા । **चरणसरोजहंसकुलसंगविसृष्टगृहाः** - ચરણકમલોમાં હંસોની પેઠે રમનારા એવા સંતુકલ કુટુંબોના, સંગ સત્સંગ વડે, ઘર બાર પડ્યાં મેલીને, શ્રવણાદિક ભક્તિમાં નિમગ્ન થયા થકા । **अपवर्गम् अपि** - મોક્ષને પણ । ચતુર્ધા બ્રહ્મમુક્તિને પણ । **न परिलषन्ति** - નથી ઈચ્છતા । આમ કેટલીક શ્રુતિઓ ભક્તિને જ દૃઢ કર્તવ્યરૂપે વર્ણવે છે. ॥૨૨॥

त्वदनुपथं कुलायमिदमात्मसुह्यतप्रियवत्
चरति तथोन्मुखे त्वयि हिते प्रिय आत्मनि च ।
न बत रमन्त्यहो असदुपासनयाऽऽत्महनो
यदनुशया भ्रमन्त्युरुमये कुशरीरमृतः ॥२३॥

इद कुलायम् - આત્માને આ માનવ શરીર, પક્ષીના માલાકે બખોલ જેવું છે । **त्वदनुपथम्** - તમને અનુવર્તે છે તમારી આરાધના ભક્તિમાં વર્તાવે એવું છે । વળી **आत्मसुहृत्प्रियवत् चरति** - આત્માની પેઠે ઈષ્ટસાધનમાં પ્રવર્તે એવું છે, મિત્રની પેઠે સહાય કરે એવું છે, પ્રિય પુત્રાદિકની પેઠે હિત કરે એવું છે । **तथा त्वयि** - તેમજ આપ પ્રભુ પણ । **हिते** - સતબુદ્ધિપ્રેક હિતકારી છો । **प्रिये** - પ્રેમાસ્પદ છો । **आत्मनि** - આત્મામાં આત્મા છો પાસેજ છો । **उन्मुखे** - વળી ભક્તને માટે સન્મુખ જ છો । **अहो** - આવી અનુકૂલતા છે તો પણ । **न रमन्ति** - તમારામાં રમતા નથી, તમોને ભજતા નથી । **बत** - ખેદ એ છે કે । જેઓ **अमदुपासनया** - અસાધુજનની સંગતિ વડે અનિત્યશરીર વિષય વગેરેના લાલન પાલન રમણ વડે જ વર્તે છે તેઓ । **आत्महनः** - આત્માના હનન કરનારા છે, આત્મઘાતી સ્વઘાતી મોક્ષઘાતી અને જ્ઞાનઘાતી છે । **यदनुशयाः** - જે શરીરની ચાકરીમાં જ ભોગોમાં જ પડેલા છે । તેઓ । **कुशरीरमृतः** - કર્મ વાસના પ્રાપ્ય પશુપક્ષીઓના કુશરીરોને પામતા થકા । **उरुमये** - અતિઘણાં દુઃખ અને જન્મમરણોના ભયવાળા સંસારમાં । **भ्रमन्ति** - ભ્રમે છે. ॥૨૩॥

निमृतमरुन्मनोऽक्षदृढग्रोगयुजो हृदि यन् -
मुनय उपासते तदरयोऽपि ययुः स्मरणात् ।
स्त्रिय उरगेन्द्रभोगभुजदण्डविषक्तधियो,
वयमयि ते समाः सवदृशोंऽध्रिसरोजसुधाः ॥२४॥

निमृतमरुन्मनोऽक्षदृढयोगयुजः - ભગવન્ !, જીત્યાં છે પ્રાણ મન ઈન્દ્રિયો જેમણે તથા દૃઢ ઉપાસનાત્મક યોગ સાધનારા । **मुनयः** - યોગી યતિ સન્તજનો । **हृदि** - હૃદયમાં આત્મામાં **यत्** - જે તમારા સ્વરૂપને । **उपासते** - ઉપાસે છે ધ્યાન-સમાધિમાં જુએ છે તથા સેવારસ મેળવે છે । **तत्** - તેજ તમારા સ્વરૂપને । **अरयोऽपि** - શત્રુઓ દૈત્યો પણ, **स्मरणात्**

- અપ્રીતિ જે દ્વેષ તે વડે ચિંતના કરવાથી પણ । **ययुः** - પામી ગયા છે । તથા **उरगेन्द्रभोगभुजदण्डविषक्तधियः** - મહાસર્પના ફણાશરીરભાગ સમાન શ્રીહરિની બે ભુજાઓ રૂપી કોમળ દણ્ડોમાં આસક્તિવાળી છે બુદ્ધિ જેમની એવી વ્રજગોપીઓ પણ કામનાત્મક સ્મરણ વડે તમારા સ્વરૂપને પામી ગઈઓ છે ! શું બહુ કહિએ, ! **वयमपि** - અમો સદા સેવતી એવી શ્રુતિઓ પણ । **समदृशः** - સર્વેમાં સમદૃષ્ટિવાળા એવા તમો તે તમારા । **अंघ्रिसरोजसुधाः** - ચરણકમળના અમૃતના પાન કરનારી થઈ થકી, મુનિ, અરિ અને ગોપીઓની **समाः** - સમાન જ, તમોને પામીએ છીએ, કારણ કે તમોને સર્વ સમાન છે, જેથી બધાને ચરણકમળ અમૃતરસપાન સમાન આપો છો. ॥૨૪॥

क इह नु वेद बताऽवरजन्मलयोऽग्रसरं,
यत उदगाद् ऋषिर्यमनु देवगणा उभये ।
तर्हि न सन्न चाऽसदुभयं न च कालजव;
किमपि न तेत्र शास्त्रमवकृष्य शयीत यदा ॥२५॥

इह - આ સંસારમાં ! **बत नु** - ખેદની વાત તો એ છે જે । **अग्रसरं** - સર્વેની સૃષ્ટિથી પણ પૂર્વ સિદ્ધ પ્રથમ સિદ્ધ સ્વરૂપ એવા તમોને । **अवरजन्मलयः कः** - સૃષ્ટિ પછી જન્મ અને મરણવાળા એવા કોણ માનવ । **वेद** - જાણી શકે, કોઈ ન જાણી શકે । **यतः** - જે ભગવાન્ તમો તે તમારાથી । **ऋषिः** - બ્રહ્માજી પ્રગટ થયા । **यम अनु** - જે બ્રહ્મા પછી **उभये-देवगणाः** - નિવૃત્તિપરાયણ સનકાદિકો દિવ્યપુરૂષો અને પ્રવૃત્તિ પરાયણ મરીચિ આદિક દિવ્ય મહર્ષિજનો ઉપજયા । **तर्हि** - સૃષ્ટિના । પૂર્વમાં **तत्र** - પ્રલયમાં । **यदा शास्त्रम् अवकृष्य** - વેદોને સંકેલીને જયારે । **शयीत** - સુઈ ગયા હતા । ત્યારે **सत् न** - કાર્યાવસ્થ સત્ ચિત્ સ્થૂલ પદાર્થો ન હતાં તથા **असत् न** - કાર્યાવસ્થ અચિત્ જડ પદાર્થો ન હતાં, મહત્તાત્ત્વાદિક સૂક્ષ્મ પણ ન હતાં । તથા **उभयं न** - સ્થૂલસૂક્ષ્મ મિશ્રિત જડચેતન મિશ્રિત એવો કોઈ શરીરાદિક પણ ન હતા, માયિક વ્યાવહારિક કે ખોટાં દેખાવરૂપે પણ કાંઈ ન હતું । **न च कालजवः** - કાલનો પ્રભાવ વેગ કાલપ્રભુતા પણ ન હતી । **तत्र** - તે અરસામાં । **न च शास्त्रमपि** - શ્રુતિ વેદ કે શાસ્ત્રો પણ ન હતાં । **न च किमपि** - કાંઈપણ રહ્યું ન હતું, જ્ઞાન અને જ્ઞાની શરીરીઓજ હતા નહિં । માટે સૃષ્ટિની સ્થિતિમાં તમારા સ્વરૂપની ભક્તિ થઈ શકે છે તે કરવી. ॥૨૫॥

जनिमसतः सतो मृतिमुताऽऽत्मनि ये च भिदां
विपणमृत स्मरन्त्युपदिशन्ति त आरुपितैः ।
त्रिगुणमयः पुमानिति भिदा यदबोधकृता
त्वयि न ततः परत्र स भवेदवबोधरसे ॥२६॥

(૧) **ये च** - જે નૈયાયિકો, **सतः** - પરમાણુઓ નિત્ય સત્ય છે, તેનાથી, **असतः** - અનિત્ય એવા ઘટાદિ જગત્‌ની, **जनिम्** - ઉત્પત્તિને વર્ણવે છે, **सतः - असज्जायते ।** (૨) **असतः** - અભાવોથી **सतः** - ભાવ પદાર્થોની ઉત્પત્તિ જૈનાદિકો વર્ણવે છે, **अभावात् भावोत्पत्तिः नाऽनुपमृद्य प्रादुर्भावात्** - બીજમાં વિકાસ પોલ્ય થવાથી અંકુર થાય છે । (૩) **असतः** - અનિત્યનું, **मृतिम्** - મરણ વિનાશમ્ વૈશેષિકાદિકે વર્ણવે છે । (૪) **सतः** - અર્થ ક્રિયાકારી એવા સત્પદાર્થ ઘટાદિકનીતથા આત્માઓની, **मृतिं** - નાશને બૌદ્ધો પણ વર્ણવે છે, **यत् सत् तत् क्षणिकं अब्भ्रवत् । उत** અને (૫) **आत्मनि** - આત્માઓમાં, **भिदां** - ભેદને, મીમાંસકો સાંખ્ય યોગ વૈષ્ણવો વગેરે વર્ણવે છે । (૬) લગભગ સર્વે, **विपणं**- કર્મોના વ્યાપારનું ધર્મ-અધર્મનું, **ऋतं** - સાચું ફળ, આલોક પરલોક સત્ય છે એમ વર્ણવે છે । **ते** - તે તે મતવાદિઓ । **आरुपितैः** - આરોપ કરીને । **स्मरन्ति** - સભારે છે, ભ્રાન્તિઓને સંભારે છે અને **उपदिशन्ति** - ઉપદેશે છે, તેનો કોઈનો ઉપદેશ યથાર્થ નથી, **त्रिगुणमयः** - સાત્ત્વિક, રાજસ, તામસ ત્રણ ગુણમય **पुमान्** - પુરૂષ આત્મા છે, **इति भिदा** - આવો ભિન્ન ભિન્ન ઉપદેશ, તે **यद्- अवबोधकृता** - જે અજ્ઞાન વડે ભ્રાન્તિ વડે કરાએલ છે । **ततः सः** - તેથી તેવા ઉપદેશો । **अवबोधरसे** - જ્ઞાનઘન એક આનંદ રસરૂપ, **परत्र** - કાર્યકારણસ્વરૂપથી પર એવા આનંદઘનમૂર્તિ વ્યતિરેકસ્વરૂપ, **त्वयि** - તમારામાં નિત્યવિજ્ઞાનઘન આનંદઘન સ્વરૂપમાં, **न भवेत्** - પ્રવર્તતો નથી, ન હોય, તેનો આરોપ કરીને, તે વાળું જાણવું તે ભ્રમજ્ઞાન છે, તેણે રહિતમાં તે- વત્તા ભ્રાન્તિ છે । પરબ્રહ્મભિન્ન બધું માયિક અનિત્ય અસત્ છે । તેથી

(૧) નૈયાયિકના પરમાણુઓ સત્ નથી, (૨) જૈનોના અભાવ કારણ થતો જ નથી, (૩) વૈશેષિકોના અનિત્ય ધ્વંસનો વિનાશ થતો નથી, (૪) બૌદ્ધોનો આત્મા, આત્મતત્ત્વ ક્ષણિક નથી, (૫) મીમાંસકો આદિના આત્મામાં એકાત્મામાં બ્રહ્મમાં ભેદ નથી, (૬) સર્વનું કર્મફળ પરલોક સ્વર્ગાદિ તે પણ અનિત્ય છે, સત્ નથી, સત્ તો એક પરમાત્મા જ છે, (૭) આત્મા ગુણમય નથી, માટે તે બધાના મતો 'ન હોય અને ચોંટાડવું' એવા આરોપમય છે ભ્રમો છે.

અમો શ્રુતિઓ પણ આવા વાદોને વર્ણવીએ છીએ - **'सतो वा इमानि भूतानि जायन्ते'**। **'असतो वा इमानि जायन्ते'**। **'आकाशाद् वा इमानि जायन्ते'**। તે પણ પૂર્ણ રીતે ન પહોંચીને પરબ્રહ્મને તો તમામ ઉપદેશોથી ઉપરવટ છે એમ તાત્પર્ય જણાવીને પાછી વળી જાઈએ છીએ, કેટલીક શ્રુતિઓ આવા ઉપદેશોને ભ્રાન્તિરૂપે ઓળખાવે છે ।।૨૬।।

નૈયાયિકો અસત્દ્રવ્ય મૃતપિણ્ડને સત્તાયોગ કરીને પછી સત્નો તેનો વિનાશ સ્વીકારે છે। એ અસત્કાર્યાનુવાદ છે। વળી આત્મામાં સ્થૂલતા કૃશતા મનુષ્યતા મૃગતા આદિ ભેદને ચાર્વાકો માને છે, એ ચાર્વાકમતાનુવાદ દેહાત્માનુવાદ। મીમાંસકો-દેવમનુષ્યાદિકનો પરસ્પર વાણિજ્ય જેવો લેવડદેવડ વ્યવહાર યજ્ઞમાં માને છે તેને ઋત નિત્ય માને છે, તે કર્મફળ નિત્ય છે એવા કર્મફલાનુવાદ। તે બધાં યુક્તયાભાસો વડે ઉપદેશે છે। નિરીશ્વરસાંખ્યમતવાળા -

પુરૂષ જ ત્રણ ગુણોવાળો થાય છે, તો જ ઈશ્વર છે બીજો ઈશ્વર નથી, એમ અનીશ્વરમતાનુવાદ। એ પણ ભ્રમ છે। તમારા જ્ઞાનવાળાઓને તો પ્રકૃતિપુરૂષની પર જ્ઞાનઘન આનંદઘન સુમૂર્ત તમારામાં તમને ઓળખે તેને ભ્રાન્તિ નથી સત્વજ્ઞાન છે, અનામરૂપવિભાગવત્ ચિત્અચિત્ના પ્રલયકાલમાં કારણાવસ્થ ભગવાન્ના શરીરના સત્ત્વપણાથી જ સર્ગ કાળમાં કાર્યાવસ્થામાં સત્ય એવા જ ચિત્ અચિતને નામરૂપભાક્તા થાય છે, એ જન્મ અને પ્રલયકાળમાં અનામરૂપ ભક્તા થાય છે તેવી સ્થિતિ તે મરણ ગણાય છે ।। આ સારને શ્રુતિઓ વર્ણવે છે. ।।૨૬।।

सदिव मनस्त्रिवृत् त्वयि विभात्यसदामनुजात्
सदभिमृशन्त्यशेषभिदमात्मतयाऽऽत्मविदः ।
नहि न हि विकृतिं त्वजन्ति कनकस्य तदात्मतया
स्वकृतमनुप्रविष्टमिदमात्मतयाऽवसितम् ।।२७।।

आमनुजात् - બ્રહ્માથી મનુષ્ય પર્યન્ત દેહધારીઓનું। **त्रिवृत्** - સત્ત્વ રજ તમ એમ ત્રિગુણાત્મક મન તે, સત્ જેવું કાર્યકારી જણાય છે તો પણ। **त्वयि** - તમો જે પરમેશ્વર તેમાં તે તે, **असत्** - **विभाति** - કાર્ય કરનારૂં થતું જ નથી, કેમ કે સર્વશરીરી એવા તમોને પ્રકાશ કરી શકતું નથી। વળી બીજી રીતે અસત્ કલ્પનાભરેલું મન ત્રિગુણી છે તો પણ તમારામાં જોડાવાય તો તે તમારે યોગે તમારે લઈને સત્ય એવું થાય છે, તમારે યોગે દિવ્ય ગણાય છે ।। તેમજ **आत्मविदः** - આત્માના આત્મા પરમાત્મા એવા તમોને જાણકાર જનો આત્મજ્ઞાનીઓ **अशेषम् इदम्** - સમગ્ર એવા આ વિશ્વને **आत्मतया** - બ્રહ્માત્મકપણે પરમાત્મામયપણે સત્ એવાને જાણે છે। ચિત્ અચિત યુક્ત સૂક્ષ્મ તમો ચિત્ અચિત્યુક્ત સ્થૂળપણે છો માટે તમારે

લઈને જગત્ને સત્ જાણે છે **'सर्वं खलु इदं ब्रह्म'** આ બધું બ્રહ્મ છે એમ બ્રહ્માત્મક સત્ જાણે છે વિચારે છે । જેમ કનકાર્થિજનો **कनकस्य** - કનકની **विकृतिं** - વિકૃતિ કુણ્ડલાદિકને **तदात्मकतया** - કનકાત્મકજ હોવાથી, **नहि त्यजन्ति** - નથી તજી દેતા સોનું જ સમઝે છે, તેમ જ્ઞાનીજનો । **स्वकृतं** - પરમાત્માએ રચેલ તથા **अनुप्रविष्टं** - રચેલા જગત્માં અંદર પ્રવેશીને રહેલ ચિત્ અચિત્માં વિરાજિત શરીરી એવા તમે છો માટે તમારાવાળા વિશિષ્ટ જગત્ને । **आत्मतया** - બ્રહ્માત્મકપણે જ બ્રહ્મમય, **अवसितं** - નિર્ધારિત કરેલ જ સમજે છે ।। કેટલીક શ્રુતિઓ મનોમાત્ર કલ્પિત જગત્ને પણ બ્રહ્મપર બ્રહ્મવિશિષ્ટ હોવાથી જ પરબ્રહ્મમાં અધિશ્રિત હોવાથી જ સત્યપણે વર્ણવે છે । વિશિષ્ટકાર્ય કારણ સત્ય જ છે એમ કહે છે. ।।૨૭।।

तव परि ये चरन्त्यखिलसत्त्वनिकेततया
त उत पदाऽऽक्रमन्त्यविगणय्य शिरो निर्ऋतेः ।
परिवयसे पशूनिव गिरा विबुधानपि तॉं
स्त्वयि कृतसौहृदाः खलु पुनन्ति न ये विमुखाः ।।२८।।

ये - જે માનવો । **तव** - તમોને । **अखिलसत्त्वनिकेततया** - સર્વ પ્રાણીઓમાં સ્થાન કરી રહેલા તમોને સમજીને । **परिचरन्ति** - સેવા કરે છે ઉપાસે છે । **उत त एव** - જરૂર તેઓ । **निर्ऋतेः शिरः** - મૃત્યુના મસ્તકને । **अविगणय्य** - અવગણના કરીને । **पदा** - પગ વડે । **आक्रमन्ति** - તેને દબાવી દે છે, તેઓ મોક્ષને મેળવે છે । **तान् विबुधान्** - તેઓ જો કેવલ જ્ઞાની હોય તો તેને, અને **अविबुधान् अपि** - તમારી સમજણ વિનાના અજ્ઞાનીઓને પણ, તમો **गिरा** - શ્રુતિરૂપ વાણી વડે । **पशूनिव** - અજ્ઞાની પશુને જ જેમ તેમ, **परिवयसे** - બોધમાં જ ઘુંચવી રાખો છો । અને **त्वयि** - તમારા સ્વરૂપમાં । **कृतसौहृदाः** - સ્નેહસેવાવાળા તથા ઉપાસનાવાળાઓ જેઓ છે તેઓ તો । **पुनन्ति खलु** - જરૂર પાવન થઈ તરી જાય છે તથા બીજાને તારે છે । અને જે **विमुखः** - તમારા તરફ વિમુખ અવળાઈવાળા છે સ્નેહહીન છે ઉપાસના રહિત છે કેવળ ધર્મલગ્નિત છે, **ते न** - તેઓ તો પાવન થયા જ નથી, ભાગત ધર્મરહિત હોવાથી તરતા પણ નથી, શ્રુતિઓ વડે કેવલ જ્ઞાનીઓ પણ ભગવાન્ અને સંતના સત્સંગ વડે સ્નેહસેવાવાળા પ્રેમભક્તિવાળા સ્વરૂપજ્ઞાની થઈને તરે છે. ।।૨૮।।

त्वमकरणः स्वराऽखिलकारकशक्तिधर -
स्तव बलिमुद्वहन्ति समदन्त्यजयाऽनिमिषाः ।
वर्षमुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजो
विदधति यत्र त्वधिकृता भवतश्चकिताः ।।२९।।

त्वम् - તમો પરમેશ્વર । **अकरणः** - માયિક ઈન્દ્રિય અંતઃકરણ રહિત છો દિવ્ય સુમૂર્ત છો । **स्वराट्** - સ્વસ્વરૂપ જ્ઞાનઘન આનંદઘન સત્સ્વરૂપ સચ્ચિદાનંદસ્વરૂપે સ્વતંત્ર વર્તો છો । **अखिलकारकशक्तिधरः** - સમગ્ર કાર્યકારણની શક્તિઓને, તમો તમારા વડે, તમારા માટે, તમારાથી, તમારું, તમારામાં આવી આવી શક્તિઓને ધારો છો, ક્રિયા કલ્પના સામર્થ્યવાળા છો, જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય તેજ એવી તથા સત્યકામ સત્યસંકલ્પ નિત્યસર્વજ્ઞ એવી એવી શક્તિઓ ધારનારા છો માટે । **अजया** - માયાવાળી પ્રકૃતિને પરતંત્ર એવા । **अनिमिषाः** - મટકાંરહિત વાયુ સૂર્ય અગ્નિ ઈન્દ્રાદિ દેવતાઓ તથા **विश्वसृजः** - વિશ્વના સર્જક પ્રજાપતિઓ બ્રહ્માદીક, તેઓ પણ । **तव** - તમોને । **बलिम्** - ભેટ્યો નૈવેદ્ય, **उद्वहन्ति** - અર્પણ કરે છે । અને તમારી પૂજા પછી પ્રસાદીને, **समदन्ति** - જમે વાપરે છે । અને જેમ **अखिलक्षितिपतेः** - સમગ્ર પૃથ્વિના સમ્રાટને, **वर्षभुजः** - ખંડિયા રાજાઓ જેમ આજ્ઞા પાળીને અધિકારના કામો ચક્રવર્તિના ભયથી કરે છેજ, તેમ **विश्वसुजः** - સર્વ વિશ્વના સર્જનારા એવા । **भवतः** - તમારાથી **चकितः**- આજ્ઞામાં ચકળવકળ રહેતા એવા, **यत्र तु येऽधिकृताः** - જેઓ લોકપાળો જ્યાં જેમાં જેમ અધિકારમાં નિયમિત રાખેલા હોય ત્યાં તેમાં કાર્ય કરવામાં બરાબર આજ્ઞાઓને, **विदधति** - પાળે છે, સાવધાનપણે પોતપોતાનાં કાર્યોને કરો છે. ॥૨૯॥

स्थिरचरजातयः स्युरजयोत्थनिमित्तयुजो
विहर उदीक्षया यदि परस्य विमुक्त ततः ।
नहि परमस्य कश्चिदपरो न परश्च भवेद्
वियत इवाऽपदस्य तव शून्यतुलां दधतः ॥३०॥

हे विमुक्त ! હે નિત્યમુક્ત નિત્યસર્વજ્ઞ પ્રભો ! **यदि** - યદા જ્યારે । **परस्य** - માયાથી પર પરમાત્મા એવા તમારા । **उदीक्षया** - ઈક્ષણમાત્ર વડે જ । **विहरः** - ક્રીડા ગ્રહણ કરો છો । **ततः** - ત્યારથી જ । **अजया** - માયા વડે । **उत्थनिमित्तयुजः** - ઉપસેલાં નિમિત્ત કારણરૂપ કર્મો વડે ભોગાર્થે જોડાતાં એવા જીવાત્માઓ તે । **स्थिरचरजातयः** - સ્થિર વૃક્ષાદિ અને ચર માનવપશ્વાદિ શરીરની જાતિવાળાઓ । **स्युः** - થએલા બને છે । **परमस्य** - પરમેશ્વર એવા તમોને તેમાં, **कश्चित्** - કોઈ પ્રાણી । **अपरः** - પોતાનો કે, **परः** - પારકો એમ એવો ભેદભાવ । **न भवेत्** - થતો જ નથી । કારણ કે તમો વૈષમ્ય નૈર્ઘૃણ્ય રહિત છો, વળી જેમ વાયુ તેજ જળ પૃથ્વીમાં વ્યાપેલો, **वियतः** - આકાશ, **अपदस्येच** - અવૃત્તિ પદાર્થ ગણાય છે તેને વાયુ આદિકના ગુણદોષો અડતા નથી, તેમ, **शून्यतुलां दधतः** - કર્માદિકથી રહિત એવી તુલના સમાનતા ને ધારણ કરનારા એવા અંતર્નિયામક છતાં વ્યતિરેકી સ્વરૂપ નિર્લેપ એવા તમોને તમારામાં સ્થિત સર્વે સમાન છે, આવા પરમસત્ય એવા તમોને શ્રુતિયો વર્ણવે છે ॥ મનવાણીના અગોચર વર્ણવે છે ॥

માયા વડે કર્મઠ શરીરી સ્થાવર જંગમ પ્રાણીઓને તમારા કૃપા કટાક્ષ વડે મુક્તિ મળે છે, તમારે કોઈ પારકો પોતાનો નથી, તો પણ શરણાગતને મુક્તિ આપો છો, તમો તો પણ વૈષમ્ય નૈર્ઘૃણ્ય રહિત જ નિર્લેપ છો, સાથમાં છો છતાં નિર્લેપ છો, બાહર છો, છતાં મોક્ષ આપવામાં આશ્રિતમાં સકરૂણ છો, શરણફળ આપો છો. ॥૩૦॥

अपरिमिता ध्रुवास्तनुमृतो यदि सर्वगता -
स्तर्हि न शास्यतेति नियमो ध्रुव, नेतरथा ।
अजनि च यन्मयं तदविमुच्य नियन्तृ भवेत्
सममनुजानतां यदमतं मतदुष्टतया ॥३१॥

हे ध्रुव ! - હે શાશ્વત પ્રભો ! **यदि तनुमृतः** - જો શરીરી જીવાત્માઓ, **अपरिमिताः** - અસંખ્યા, **ध्रुवाः** - શાશ્વતનિત્ય, **सर्वगताः** - સર્વત્ર વ્યાપીને રહેતા વિભુ એવા હોય। **तर्हि** - તો તેવા ન્યાયમતે, **शास्यता-इति** - શાસક અને શાસિત એવો। **नियमो न** - નિયમ। નહિં રહે। **इतरथा** - બીજી રીતે જીવશાસક અને ભગવાન્ શાસ્ય એ પણ **न** - બને। ભગવાન્ વ્યાપક, જીવ વ્યાપ્ય અણુ હોય તો જ એ નિયમ। ટકે। **च** - વળી, **यन्मयं** - બ્રહ્મમય બ્રહ્માત્મક પરબ્રહ્માત્મક સર્વ, જીવજાત, **अजनि** - વિશિષ્ટ ઉપજ્યું છે, વિશિષ્ટ કારણ વડે વિશિષ્ટ કાર્ય થએલ છે। **तदविमुच्य** - તેને નહિં મેલીને જ અંદર રહીને જ, **नियन्तृ** - ભગવાન્ નિયંતા થાય, **भवेत्** - ભગવત્સ્વરૂપ નિયન્તૃ હોઈ શકે છે। માટે આ **सदिदं** - આવા સાચા મતને, **अजानतां** - વિશિષ્ટ સત્મતને નહિં જાણનારાઓ એવાના। **सममनुजानतां** - આત્મા પરમાત્મા બધા સમાન વ્યાપક છે નિત્યમહત્પરિમાણવાળા છે કોઈ કોઈનો વ્યાપ્ય નથી એવા સમાનભાવમતવાળા ન્યાય વૈશેષિક સાંખ્યવાળાના, **यत् मतं** - જે મત તે, **मनदुष्टतया** - **'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः, अणोरणीयान्'**, **'तदनुप्रविश्य'** ઈત્યાદિ શ્રુતિમતો વડે દોષિત મત હોવાથી, **'अन्तः प्रविष्टः शास्ता जनानाम्'** ઈત્યાદિમાં જે નિયામ્ય નિયામક ભાવ વ્યાપ્યવ્યાપકભાવ રૂપી સત્ય મત, તેના ભંગરૂપી જે દોષ, તેવો દોષિત મત હોવાથી। **अमतम्** - ન માનવા યોગ્ય છે, શ્રુતિઓએ માનેલો નથી ॥ શ્રુતિ-વિરુદ્ધ મતો વેદાન્તદૃષ્ટિએ અમાન્ય છે. ॥૩૧॥

न घटत उद्धवः प्रकृतिपूरुषयोरजयो -
रुभययुजा भवन्त्यसुमृतो जलबुद्बुदवत् ।
त्वयि त इमे ततो विविधनामगुणैः परमे
सरित इवाऽर्णवे मधुनि लिल्युरशेषरसाः ॥३२॥

अजयोः - અજન્મા નિત્ય એવા । **प्रकृतिपुरुषयोः** - પ્રકૃતિ માયા અને પુરૂષ આત્મા, તેનો **उद्भवः** - ઈત્પતિ, **न घटते** - ઘટતી નથી । પણ **उभययुजा** - પ્રકૃતિ પુરૂષ બંનેના સંયોગ સૃષ્ટિ જનક વિલક્ષણ સંયોગ વડે । **असुमृतः** - જીવાત્માઓ કર્મો વડે પ્રાણધારી-શરીરવાળાઓ । **जलबुद्बुदवत्** - જલના પરપોટાઓની પેઠે સ્વલ્પજીવી એવા થાય છે । માટે **ते इमे** - બધા પ્રાણીઓ વિશિષ્ટ એવા પરમાત્મા જે તમે તે તમારામાં તમારા શરીરમાં તમારા શરીરરૂપે ઉપજીને, **विविधनामगुणैः** - અનેકવિધ નામ અને અનેક પ્રકારના ગુણો વડે સ્થૂલતાને પામેલા છે । **ततः** - જે પરમાત્મામાંથી પ્રગટ થયા છે એ હેતુથી જ । પાછા, **परमे त्वयि** - પરમાત્મા એવા વિશિષ્ટ કારણાત્મક તમારામાંજ । **अर्णवे** - સાગરમાં **सरित इव** - સરિતાઓની માફક । **अशेषरसाः** - તમામ સુરસો મકરન્દો મધમાં જ જેમ લીન થાય છે તેમ । **लिल्युः** નામરૂપ તજીને લય પામનારા થાય છે, કાર્યાત્મક તમારામાં વિલીન થાય છે । માટે શ્રુતિઓ તમોને વિશિષ્ટસ્થૂલસૂક્ષ્મ કાર્ય કારણ તરીકે વર્ણવે છે. ॥૩૨॥

नृषु तव मायया भ्रमममीष्ववगत्य भृशम्
त्वयि सुधियोऽभवे दधति भावमनुप्रभवम् ।
कथमनुवर्ततां भवभयं तव यद् भ्रकुटिः
सृजति मुहुस्त्रिणेमिरभबच्छरणेषु भयम् ॥३३॥

सुधियः - પરમાત્મસ્વરૂપના વિવેકવાળા જનો । **अमीषु नृषु** - કેવલજ્ઞાની તમારી ભક્તિરહિત એવા માનવોમાં । **तव मायया** - તમારી યોજેલ માયા-મોહ અજ્ઞાન વડે જ । **अनुप्रभवम्** - દરેક જન્મોમાં થતાં આવેલા **भृशंभ्रमम्** - અતિશય એવા ભ્રમને, પરસ્પર જડ ચેતનના ભ્રમને, પરમાત્મા જીવરૂપે પરિણમ્યા છે એવા ભ્રમને, સંસાર જન્મનો હેતુ । **अवगत्य** - ઓળખી જાણીને પછી । **अभवे त्वयि** - અપરિણામી અજન્મા અમાયિક અસંસારી મુક્તિના । **दाता** - એવા તમારા પરમ સત્ય સ્વરૂપમાં । **अनुप्रभवं भावम्** - અભ્યાસ વડે ઉત્તરોત્તર દૃઢ થતાં જતાં એવા સ્નેહભક્તિભાવને । **दधति** - કરતાં વધારતા જાય છે, એવા ભક્તોને । **भवभयम्** - સંસાર જન્મનો ભય । **कथम्** - કેમ કેવી રીતે । **अनुवर्तताम्** - આવે અને વરતે, નજ વરતે, નજ હોય, કારણ કે ભયપ્રદ, **त्रिणेमिः** - શીત આતપ વર્ષા એવા ત્રણ ચક્ર ધારાવાળો કાલ, તે તો, **यद्भ्रुकुटिः** - તમારી ભ્રુકુટિરૂપજ છે, તે કાલ, **अभवच्छरणेषु**- તમારી શરણાગતિમાં નહિં વર્તનારાઓ એવા શરીર ધારીઓમાં જ । **मुहुः भयम्** - વારંવાર જન્મમરણના ભયને ઉપજાવનારો થાય છે । આમ કેટલીક શ્રુતિઓ શરણાગતિરૂપ ભગવદ્ભાવને વર્ણવે છે. ॥૩૩॥

विजितहृषीकवायुभिरदान्तमनस्तुरगं
य इह यतन्ति यन्तुमतिलोलमुपायखिदः ।
व्यसनशताऽन्विताः समवहाय गुरोश्चरणं
वणिज इवाऽज ! सन्त्यकृतकर्णधरा जलधौ ॥३४॥

हे अज ! - હે અજન્મા પરમેશ્વર ! **ये** - જે માનવો, **अतिलोलम्** - અતિચંચળ એવુ, માટે જ, **विजितहृषीकवायुभिः** - જીત્યાં છે ઈન્દ્રિયો અને પ્રાણ જેમણે એવા સંયમીઓ વડે પણ । **अदान्तमनस्तुरगम्** - વશ કરવાને અશક્ય એવા મનરૂપી અદમિત ઉચ્છૃંખલ અશ્વને । **यन्तुं** - નિયમમાં દમનમાં રાખવા માટે । **गुरोः चरणं समवहाय** - ગુરૂની શરણાગતિરૂપ ચરણને પડ્યાં મેલીને । **उपायखिदः** - બીજા બીજા પ્રાણાયામાદિ ઉપાયો વડે ખેદિત થયા થકા । **यतन्ति** - પ્રયત્ન કરે છે, તે માનવો, **इव** - જેમ, **अकृतकर्णधाराः** - નથી લીધો કર્ણધાર વહાણ ચલાવનાર જેમણે એવા। **वणिजः** - વહાણવટી વ્યાપારીઓ **जलधौ** - સમુદ્રમાં, **व्यसनशताऽन्विताः** - હજારો પ્રકારે દુઃખી થાય છે, તેમ સંસારમાં દુઃખી થાય છે । કેટલીક શ્રુતિઓ ગુરૂસેવા વડે મનો નિયમન અને પરમેશ્વરમાં ભાવનાને વર્ણવે છે. ॥૩૪॥

स्वजनसुताऽऽत्मदारधनधामधासुरथै -
स्त्वयि सति किं नृणां श्रयत आत्मनि सर्वरसे ।
इति सदजानतां मिथुनतो रतये चरतां
सुखयति को न्विह स्वविहृते स्वनिरस्तभगे ॥३५॥

श्रयतः - તમારા આશ્રય કરનારને । **सर्वरसे** - સર્વ આનન્દરસઘન સર્વ સુખમય એવા । **आत्मनि** - અંતરાત્મા જે । **त्वयि** - તમો પરમાત્મા વિદ્યમાન સ્ફુરિત થયે સતે । **नृणां** - માનવો મધ્યે તેવા શરણાગતને । **स्वजनसुतात्मदारधनधामधराऽसुरथैः** - પોતાના કુટુંબ પુત્ર દેહ સ્ત્રી ધન ભવન પૃથિવી પ્રાણ અને રથવાહનો વડે શું લાભ બાકી છે ! કાંઈ બાકી નથી ! **इति** - આવા, **सत्** - સત્ સ્વરૂપ પરમાત્મા તમને । **अजानतां** - ન જાણનારાઓને । **रतये** - રતિ સંભોગ માટે । **मिथुनतः** - મૈથુનાદિકમાં । **चरतां**- જીવન ગુજારતા એવાને । **इह** - આવા । **स्वविहते** - પોતે સ્વભાવથી જ વિશીર્ણ થવાની કુદરતવાળા અને । **स्वनिरस्तभगे** - સ્વભાવથી જ નાશ પામનારાં છે ભગ બળ સત્તા જેના એવા આ સંસારમાં સાંસારિક પદાર્થોમાં । **कः नु ?** - કોણ પદાર્થ, **सुखयति** - સુખ કરનાર છે ? તમારા વિના કોઈ સુખપ્રદ નથી । કેટલીક શ્રુતિઓ આમ ભક્તિના અંગરૂપ વૈરાગ્યને વર્ણવે છે. ॥૩૫॥

भुवि पुरुपुण्यतीर्थसदनान्यृषयो विमदा -
स्त उत भवत्पदाम्बुजहृदोऽधभिदंघ्रिजलाः ।
दधति सकृन्मनस्त्वयि य आत्मनि नित्यसुखे
न पुनरुपासते पुरुषसारहराऽऽवसथान् ॥३६॥

ये विमदाः - જે નિર્મદ નિર્દોષ ઋષિમુનિઓ । **भुवि** - પૃથિવીમાં રહેલાં । **पुरुपुण्यतीर्थसदनानि** - ઘણાં પુણ્યપ્રદ પવિત્ર ગંગા આદિ તીર્થો તથા ઋષિ મુનિ ગુરૂઓના આશ્રમોને સેવે છે એવા તથા **भवत्पदाम्बुजहृदः** - તમારા ચરણકમળોને હૃદયમાં ધારે છે એવા । તથા **अघभिदंघ्रिजलाः** - પાપનાશક છે ચરણજળો જેમનાં એવા । **ते-उत** - તે મહર્ષિઓ મુનિજનો । **नित्यसुखे आत्मनि** - નિત્ય આનંદ સ્વરૂપ સુખમૂર્તિ એવા અંતરાત્મા જે તમો તે, **त्वयि** - તમારામાં, **सकृत्** - એકવાર પણ, **मनो दधति** - મનને જોડે છે સમર્પે છે, તેઓ । **पुनः** - પછીથી ફરીથી । **पुरुषसारहराऽवसथान्** - માનવોના જ્ઞાન વૈરાગ્ય ધર્મભક્તિ પુણ્ય વિવેકાદિક સારના હરનારા એવા માયિક ઘરબાર ઝૂંપડાઓ નિવાસોને । **न उपासते** - સેવતા નથી । તો સદા પરબ્રહ્મના મનનવાળા કેમ ઘરબારને સેવે ? ॥ કેટલીક શ્રુતિઓ સત્સંગ વડે ભગવત્ચરણોમાં મનોનિરોધ અને તત્ત્વજ્ઞાનાદિકને દૃઢપણે બતાવે છે. ॥૩૬॥

सत इदमुत्थितं, सदिति चेत् ! ननु तर्कहतं,
व्यभिचरति क्व च, क्व च मृषा, न तथोभययुक् ।
व्यवहृतये विकल्प इषितोऽन्धपरम्परया
भ्रमयति भारती त उरुवृत्तिभिरुक्थजडान् ॥३७॥

सतः उत्थितम् इदं सत् इति चेत् ? - બ્રહ્મભિન્નમિથ્યાત્વવાદી 'સત્થી ઉત્પન્ન થાય તે સત્-,' એવા સાંખ્યમતને તર્ક વડે ખંડિત કરે છે તથા વિશિષ્ટસત્ પરબ્રહ્મથી ઉત્પન્ન થાય તે વિશિષ્ટસત્ એવા વિશિષ્ટવાદી મતને પણ પૂર્વપક્ષમાં બતાવીને ખંડિત કરે છે । **सत इदमिति** - પરમાર્થ ભૂત સત્ય સુવર્ણથી સત્ય કુંડળ તથા પરમાર્થ સત્ એવા પરબ્રહ્મથી સત્ એવું આ જગત્ । **उत्थितम्** - ઉપજ્યું છે, માટે **सत्** છે, એમ જો **चेत्** - કહે તો । તે **ननु** - વિચાર કર્યે સતે । **तर्कहतम्** - તર્ક વડે જ તે મત હણાઈ જાય છે ખંડિત થાય છે ।

(૧) **તર્ક** :- સત્ય એવી કારણ કામધેનું વડે ઉપજતી જમદગ્નિએ દેખાડેલી સૈન્યસૃષ્ટિ નગરસૃષ્ટિ વગેરે તે સત્ય એવી સર્વે કામધેનુ જ થાય, અર્થાત્ સૈન્ય અને નગર પણ સંકલ્પ પ્રમાણે નવું નવું ઉપજાવનારૂં સતયસ્વરૂપ જ થાય, પણ તે કામધેનુ થતું નથી, માટે તે સૈન્યાદિ સત્ય કામધેનુથી ભિન્ન અસત્ય અનિત્ય અકામધેનુ છે । આવા **तर्कहतम्** - તર્ક વડે

કારણકાર્યની અભિન્નતા સમધર્મતા સત્પણુ ખંડિત થાય છે । વળી **क्व च व्यभिचरति** - સત્થી સત્ થાય એવો નિયમ કયાંક વ્યભિયરિત ખંડિત થાય છે, જેમ કે - ચેતનસત્ છે તેનાથી તેમાંજ ક્ષણિકજ્ઞાનના ધ્વંસો અસત્ થાય છે, વળી અસત્ એવા પ્રાગભાવથી સત્ એવા ભાવરૂપ ઘટાદિ થાય છે, અસત્ એવા બંધનોના ધ્વંસો વડે સતી એવી મુક્તિ મળે છે, ત્યાં વ્યભિચરિતતા તથા બાધિતતા થાય છે. વળી,

(૨) **क्व च मृषा** - ક્યાંક-છીપનીમાં રૂપું દેખાય, અંધારામાં ભૂતપાલિત ભાસે, જીવતાને સ્વપ્નામાં પોતાને જીવતો ઉભો દેખે અને પાસે પડેલ પોતાનું મડદું શબને દેખે, આવા સ્થળે સત્થી અસત્ મૃષા મિથ્યા આકારો થાય છે, ત્યાં સત્થી સત્થતું નથી. વળી,

(૩) **न तथा उभययुक्** - તથા તેવી જ રીતિ વડે સત્ અસત્ બંને મિશ્રિત કારણ વડે સત્અસત્ ઉભયાત્મક કાર્ય થાય છે, બ્રહ્મ અને અવિદ્યા બંને મળેલા કારણ વડે આત્માઓ અને મહદાદિ તત્ત્વો શરીરિશરીરો ચેતન જડો થાય છે, એ પક્ષ પણ, **न** - નિર્દોષ નથી, - અવિદ્યા અને રજજુ સત્માંથી ભ્રમ અને સર્પ બંને અસત્ થયેલા દેખવામાં આવે છે તુરત જ તે મટી જાય છે, માટે સત્ કારણથી સત્ કાર્ય નથી થતું, આ રીતે સત્ કાર્ય બાધિત થાય છે, અવિદ્યા અને સત્ બ્રહ્મવડે નામરૂપવાળું જગત્ મિથ્યા અસત્ થાય છે - એ રીતે 'સત્ થી સત્ થાય' એ નિયમ બાધિત થાય છે । માટે 'સત્ થી સત્ થાય' - એ નિયમ ભંગ થયો । **व्यवहृतये** - જો વ્યવહાર કરવા પૂરતી જ જગત્ની સત્યતા સત્તા છે, **विकल्पः** - વિકલ્પે સત્ય એટલે વ્યવહારે સત્ય અને પરમાર્થે ન સત્ય, એમ **इषितः** - ઈચ્છાય તો, પારમાર્થિક સત્ બ્રહ્મ અને વ્યાવહારિક સત્ જગત્, એમ સત્થી સત્ ગણો, તો પણ તે બંને એકરૂપ ન થયા, સત્ અને અસત્ તો ઉભાં જ રહ્યાં, માટે 'સત્કારણાત્મક સત્કાર્ય' એમ **अन्धपरम्परया** - અણસમજણની પરંપરા વડે, **भ्रमयति-भ्रमः** - 'ભિન્નમાં અભિન્નતા' ભ્રમ ગણાય, 'ભેદવતોઃ ભેદાભાવવત્તા' તે ભ્રમ થયો ગણાય છે, ભ્રમ તો કાલસાપેક્ષ છે તે અનાદિકાળથી ચાલ્યો આવે છે, આન્ધલી અણસમજણની પરંપરા માયલો છે તેથી **भारती** - કર્મફલ સત્ય, સ્વર્ગ સત્ય, જગત્ સત્ય, એક કહેતી શ્રુતિ શ્રુતિઓ તે, **उरुवृत्तिभिः** - શક્યાર્થ, લક્ષ્યાર્થ અને તાત્પર્યાર્થ આદિ વડે પ્રશંસાપૂર્વક કર્મફળ સત્ય છે એમ, **उक्थजडान्** - કર્મઠ, અજ્ઞાની, જડ માનવોને । **भ्रमयति-'असत्ये कर्मफले स्वर्गे सत्यत्वम्'** - આવી 'અતન્મયે તન્મયતાં' રૂપી ભ્રાન્તિ ઉપજાવે છે । માટે 'સત્કારણાત્મક સત્કાર્ય' એ ભ્રાન્તિ છે । કેટલીક શ્રુતિઓ તત્ત્વનું અવધારણ કરાવે છે । વિશિષ્ટકારણ પરબ્રહ્મથી વિશિષ્ટકાર્ય પરબ્રહ્મ થાય છે એ અબાધિત છે ॥

સૂક્ષ્મ અવસ્થાત્મકકારણતાથી સ્થૂલઅવસ્થાત્મકકાર્યતા બને છે ॥ (૧) જમદગ્નિની કામધેનુથી ઉત્પન્ન સહસ્ત્રાર્જુનના સત્કારાર્થક નગરવૈભાવ અને નાશાર્થક સૈન્ય લશ્કર અસત્ય

હતાં, ત્યાં કારણકાર્ય ભેદ છે । (૨) મુદ્ગર વડે ઉપજેલ ઘટધ્વંસમાં ભાવ અભાવને કારણ કાર્યની એકતા અસંભવિત છે । (૩) દોરડી જન્ય સર્પમાં મિથ્યામાં દોરડી સત્ય અને સૂપ અસત્ય તે બેનો અભેદ નથી । (૪) વ્યાવહારિક સત્ તથા પારમાર્થિક સત્ બંને યથાર્થ છે પણ બંને ભિન્ન છે તેનો અભેદ તે ભ્રમ છે, માટે જ સત્ થી સત્ એનો ભંગ થયો શ્રુતિઓ તો ભ્રમોને મટાડનારી છે વિશિષ્ટકારણ એવા સૂક્ષ્મ પરબ્રહ્મથી વિશિષ્ટ કાર્ય એવા સ્થૂલ પરબ્રહ્મને કહેનારી યથાર્થ બતાવનારી છે । તાત્પર્ય તો સૃષ્ટિ વિનાશી અને પરબ્રહ્મ અવિનાશી છે તેનો ભજો એવા અર્થમાં છે. ॥૩૭॥

न यदिदमग्र आस न भविष्यदतो निधनात्
अनुमितमन्तरा, त्वयि विभाति मृषैकरसे ।
अत उपमीयते द्रविणजातिविकल्पपथैः
वितथमनोविलासमृतमित्यवयन्त्यबुधाः ॥३८॥

यत् - કારણ કે **इदम्** - આ જગત્ । **अग्रे** - તેની સૃષ્ટિની પૂર્વે । **न आस** - હતું જ નહિં । **अतो निधनात्** - આના નાશ પછી પ્રલય થયે સતે । **न भविष्यत्** - હશે જ નહિં, માટે, **अन्तरा** - મધ્યે સૃષ્ટિસમયમાં પણ । **एकरसे त्वयि** - સત્યસ્વરૂપ નિત્યજ્ઞાનાનન્દઘન સુમૂર્ત એવા તમારા કારણાત્મક સ્વરૂપમાં જે હતું તે તમારા કાર્યાત્મક અન્તઃ પ્રવિષ્ટ કાર્યાત્મક વ્યાપક સ્વરૂપમાં વર્તે છે, પણ **मृषा** - અનિત્ય ઉત્પત્તિ નાશવાળું માટે ખોટું એવું । **विभाति** - પરિણામી ભિન્ન અવસ્થાઓવાળું દેખાય છે અને ન દેખાય એવું વિશ્વવ મધ્યે મધ્યે અનિત્ય છે એમ **अनुमितम्** - અનુમિત જગત્ મધ્યે પણ અસત્ છે કારણ કે અંતે અને આદિમાં અસત્ છે માટે, ઘડાની પેઠે, એવા અનુમાન ભાનનું વિષય થાય છે । **अतः** - ભૂત ભવિષ્ય વર્તમાનમાં અનિત્ય ખોટું થાય છે માટે, **द्रविणजातिविकल्पपथैः** - દ્રવ્યપદાર્થો જે ગો મહિષાદિ, તેની જાતિ ગોત્વ મહિષત્વાદિ અને તેના પણ વિકલ્પો **वत्सत्व धेनुत्व वृषभत्व साण्डत्व अनण्डत्व** તથા **महिषत्व महिषीत्व** ઈત્યાદિપથો જે પ્રણાલીઓ તે વડે અવાન્તર ભેદો છે તેથી, **'गोसदृशी गवया'** - વૃષભસદશ રોજડો ઈત્યાદિ ઉપમાનના માર્ગો તે વડે જેમ તેમ 'બ્રહ્મ સદશ જગત્' 'પરબ્રહ્મસમાન જગત્' એવા, **उपमीयते** - ઉપમાનના વિષય કરાય છે । ભિન્નભિન્નમાં ઉપમા દેવાય છે । આ ઉપમાઓ **वितथमनोविलासम्** - અસત્ય નિષ્ફળ એવા મનોવિલાસો જે કલ્પનાઓ તે વિકલ્પ મનન વૃત્તિ રૂપ છે । **'ब्रह्म सत् जगत् असत्'** આ વાતને **अबुधाः** - ન જાણનારાજનો અજ્ઞાનીઓ । તે ભ્રાન્ત ઉપમા વડે । **ऋतमिति अवयन्ति** - જગત્ સત્ય છે એમ અસત્માં સત્ની ભ્રાન્તિને પામીને વર્ણવે છે । 'બ્રહ્મ સત્ય છે જગત્ સત્ય છે' એમ તથા 'જગત્ બ્રહ્મ છે' એમ અભેદને સત્યપણાને સમજણમાં ઉતારે

છે । **इति अवयन्ति** - પણ જ્ઞાતાઓ તો કાર્યકારણ અભિન્ન દ્રવ્ય હોવાથી કારણથી કાર્ય અભિન્ન જ છે, આ બાબતમાં શ્રુતિઓના તાત્પર્યોને ગ્રહણ કરે છે ।। વિશિષ્ટકારણ સૂક્ષ્મરૂપે અને વિશિષ્ટકાર્ય સ્થૂલરૂપે એમ એકતાને સમજે છે । **बुधा अवितथं जानन्ति** - તત્ત્વવેત્તાઓ તો સત્કારણ સત્કાર્ય આ બાબતને વિશિષ્ટકારણ વિશિષ્ટકાર્ય રૂપે સત્ય જાણે છે ।।૩૮।।

स यदजया त्वजामनुशयीत गुणांश्च जुषन्
भजति सरुपतां तदनुं मृत्युमुपेतभगः ।
त्वमुत जहासि तामहिरिव त्वचमात्तभगो
महसि महीयसेऽष्टगुणितेऽपरिमेयभगः ।।३९।।

सः - તે ભ્રાન્ત જીવ, **यत्** - જ્યારથી । **अजया** - માયા અવિદ્યા-મોહે વડે । **अजाम्** - માયા અવિદ્યાને તથા તેના શરીરને, **अनुशयीत** - અનુસરે છે, અને **गुणांश्च** - બાવિદ્યક માયિક ગુણો શબ્દાદિકને, **जुषन्** - સેવતો થાય છે, ત્યારે **सरुपतां** - માયિક આકાર એવા દેહ ભાવને । **भजति** - સ્વીયપણે ભોગવે છે । **तदनु** - ત્યારથી જ । **अपेतभगः** - ઢંકાઈ ગયા છે આનન્દાદિક ગુણો જેના એવો થયો થકો । **मृत्यु** - જન્મ મરણ પોતામાં માને છે । **उत त्वम्** - પણ તમો પરમેશ્વર તો । **आत्तभगः** - સદા આનન્દાદિક ગુણવાળા છો, તેથી **अरिः त्वचमिव** - સર્પ જેમ કાંચળી ઉતારે છે તેમ । **तां** - તે માયાને । **जहासि** - તજો છો । **अपरिमेयभगः** - અસંખ્ય અમાપ ભગ ઐશ્વર્યવાળા તમો તો । **जष्टगुणिते** - અણિમા મહિમા લઘિમા ગરિમા પ્રાપ્તિ પ્રાકામ્ય ઈશિત્વ વશિત્વ એવા આઠ તથા અપહતપાપ્મત્વ વિજર વિમૃત્યુ વિશોક અપિપાસ અજિઘિત્સા સત્યકામ સત્યસંકલ્પ એવા દિવ્ય આઠ ગુણોવાળા તથા **महसि** - સ્વયં પ્રકાશિત નિજ સ્વરૂપમાં । **महीयसे** - વિરાજો છો । આમ કેટલીક શ્રુતિઓ પરમાત્માને નિત્યૈશ્વર્યશૈલી દિવ્યસગુણ સુમૂર્ત સ્વયંપ્રકાશ વર્ણવે છે. ।।૩૯।।

यदि न समुद्धरन्ति यतयो हृदि कामजटा
दुरधिगमोऽसतां हृदि गतोऽस्मृतकण्ठमणिः ।
असुतृपयोगीनामुभयतोऽप्यसुखं भगवन्
अनपगतान्तकादनधिरुढपदाद् भवतः ।।४०।।

हे भगवन् ! - હે સર્વસદ્ગુણ ઐશ્વર્યશાલી પ્રભુ, **यदि यतयः** - મનના પ્રણિધાતશીલ યતિ સન્તો પણ જો । **हृदि** - હૃદયમાં રહેલી । **कामजटाः** - કામનાઓની વાસનાઓને રાગોને । **न समुद्धरत्ति**- નથી કાઢી મેલતા તો । **अस्मृतकण्ठमणिः इव** - છાતીમાં રહેલા કંઠે બાંધેલા પણ વિસ્મૃત થઈ ગએલા મણિવાળા માનવીની પેઠે । **हृदि गतोऽपि** - હૃદયમાં રહેલ

અંતરાત્મા એવા ભગવાન પણ બ્રહ્મ પરબ્રહ્મ પોતે તમો । **दुरधिगमः** - નથી ઓળખાતા નથી મળતા નથી હાથમાં આવતા । **असतां तु** - અજ્ઞાનીજનોને તો નથી જ મળતાં, નથી સુખ આપતાં । **हे भगवन्-असुतृपयोगिनां** - પ્રાણઈન્દ્રિયપોષક ઉપાયવાળા તે તો, **उभयतोऽपि** - બંને પ્રકારે દુ:ખ જ છે સુખ નથી મળતું, એક તો **अनपगतान्तकात्** - અન્તક જે કાળ અને યમ, તેનાથી જન્મમરણના દુ:ખવાળા જ છે, બીજું કે **भवतः अनधिरुढपदात्** - તમારા સ્વરૂપને પામ્યા નથી, સેવતા ભજતા ચિંતવતા નથી ઉપાસતા નથી, માટે ચિંતાકુલ એવા થકા કલેશોને પામે છે । ચિંતા વાસના અને દંડ વડે દુ:ખોને જ પામતાં રહે છે । શ્રુતિઓ પ્રભુસ્વરૂપોપાસના પણ કહે છે. ॥૪૦॥

त्वदवगमी न वेत्ति भवदुत्थशुभाऽशुभयो-
गुर्णविगुणाऽन्वर्यांस्तर्हि देहभृतां च गिरः ।
अनुयुगमन्वहं सगुणगीतपरम्परया
श्रवणभृतो यतस्त्वमपवर्गगतिर्मनुजैः ॥४१॥

हे भगवन् ! त्वदवगमी - તમારા યથાર્થ સ્વરૂપના સાચા અભિજ્ઞ જન, જો । **भवटुत्थशुभाऽशुभयोः** - તમારા દ્વારા મળેલા, તમારા માટે કરેલા, અર્પવા લાયક શુભઅશુભ કર્મોના સુખગુણ દુ:ખવિગુણ, એવાના । **गुणविगुणाऽन्वयान्** - એવા એવા સદ્ગુણ વિગુણોના સંબંધોને, **न वेत्ति यदि** - જો ન જાણે ન ઓળખે, ન ભોગવે, નથી ભોગવતો, તેમજ **देहभृतां** - દેહાભિમાનીઓની ભ્રમિત, **गिरः** - ભ્રમ ભરેલી વાણીને નથી ઓળખતો, નથી ગણકારતો, તેવો જન તે । **हे सगुण !** - જ્ઞાન શક્તિ બળ ઐશ્વર્ય વીર્ય તેજ એવા છ ઐશ્વર્યવાળા ભગવન્ તથા સર્વ દિવ્યગુણશાલી હે ભગવન્ । **मनुजैः** - માનવોએ । **गीतपरम्परया** - કથાઓની પરંપરા દ્વારા । **अनुयुगम्** - યુગે યુગે, **अन्वहं** - દિવસે દિવસે । **त्वं** - તમો, **श्रवणमृतः** - શ્રાવણ વિષય કરાએલા થાઓ છો । **यतः** - તેથી જ, **अपवर्गगतिः** - તે મોક્ષગતિવાળો થાય છે ॥ આમ કેટલીક શ્રુતિઓ વિધિનિષેધના પરાભવ રહિત ભક્તને શ્રવણભક્તિવડે પણ મોક્ષ પામવાનું વર્ણવે છે. ॥૪૧॥

द्युपतय एव ते ने ययुरन्तमनन्ततया
त्वमपि यदन्तराऽण्डनिचया ननु सावरणाः ।
ख इव सजांसि वान्ति वयसा सह यच्छ्रुतयः
त्वयि हि फलन्त्यतन्निरसनेन भबन्निधनाः ॥४२॥

द्युपतयः - સ્વર્ગાધિપતિઓ મહેન્દ્ર બ્રહ્માદીકો । **ते** - તમારા । **अनन्ततया** - સ્વરૂપાન્દતા અનંતપણાના । **अन्तं** - સ્વરૂપસ્વભાવાદિના પારને । **न ययुः** - નથી પામ્યા । **एव** - એમજ । **त्वमपि** - તમો પણ નિજસ્વરૂપાનન્દાદિકના પારને પામતાં નથી । **यदन्तरा** - જે તમો એવા ભગવાનના અંદર મધ્યે, રોમકૂપોમાં । **अण्डनिचयाः** - બ્રહ્માંડોની કોટિઓના સમૂહો । **साऽऽवरणाः** - અષ્ટ આવરણ સહિત । **ननु** - નિશ્ચય છે કે । **वयसा** - લાંબી આવરદા સહિત તથા **कालेन** - અનંતાલ સુધી, **खे** - આકાશમાં, **राजांसि इव** - રજકણોની માફક, **वान्ति** - ઉડતાં ફરે છે અને **यत्** - તેમજ, **श्रुतयः** - શ્રુતિઓ વેદો પણ તેવી જ રીતે તમારા સ્વરૂપના વર્ણનમાં પ્રવર્તની રહે છે, તો પણ તે શ્રુતિઓ, સગુણને વર્ણવતી થકી, પછી **अतन्निरसनेन** - તમારા વિનાનું બીજું જે કાંઈ સર્જન તે તમારામાં નથી એમ નિષેધ કરવા વડે નિષેધ મુખ્ય રાખીને । **भवन्निधनाः** - છેવટે તમારામાં વિશ્રાન્તિ પામી જાય છે । **न इति न इति** - કહેતી થકી શમી જાય છે । એવી એ શ્રુતિઓ તમોને પ્રતિપાદન કરવા વડે માયિક ગુણરહિત અને દિવ્યસદ્‌ગુણ સહિત એવા નિર્ગુણ જે તમો તે તમારામાં તાત્પર્ય વડે માયિક સગુણતાને નિષેધ કરીને દિવ્યસગુણતાવાળાપણું જણાવતી થકી સફળ થઈને દિવ્ય નિર્ગુણમાં લીન થઈ જાય છે । આમ, કેટલીક શ્રુતિઓ ભગવાનના અપરિમિત મહિમાને સગુણતા નિર્ગુણતાની વિશાળતાને વર્ણવે છે, નેતિનેતિ એમ વર્ણવીને પાછી વળી જાતી હોય એમ શમી જાય છે. ।।૪૨।।

श्रीभगवान् उवाच - શ્રીભગવાન બોલ્યા,

इत्येतद् ब्रह्मणः पुत्रा आश्रुत्याऽऽत्माऽनुशासनम् ।
सनन्दनमथाऽऽनर्चुः सिद्धा ज्ञात्वाऽऽत्मनां गतिम् ।।४३।।

इत्यशेषसमाम्नायपुराणोपनिषद्‌रसः ।
समुद्धृतः पूर्वजातैर्व्येमियानैर्महात्ममिः ।।४४।।

શ્રીનારાયણભગવાને કહ્યું - હે નારદજી, **इत्येतत्आत्मानुशासनम्** - આમ આત્માના તથા પરમાત્માના સ્વરૂપગુણ ઐશ્વર્યાદિના શિક્ષણાત્મક અનુશાસન કથા ને । **आश्रुत्य** - સાંભળીને તથા અવધારીને । **ब्रह्मणः पुत्राः** - બ્રહ્માના પુત્રો । **सिद्धाः** - સિદ્ધ દશાવાળાઓ તે । **आत्मनो गतिं ज्ञात्वा** - પોતાની ગતિ પહોંચ બ્રહ્મમાં પરબ્રહ્મમાં છે એમ સ્વગતિ સમજીને, **अथ सनन्दनम्** - પછી વક્તા એવા સનન્દને પૂજતા હતા. ।।૪૩।।

इति - આ કહ્યા પ્રકારે । **पूर्व जातैः** - સૃષ્ટિમાં પ્રથમ પ્રગટેલા, **व्योमयानैः** - આકાશમાર્ગે ગતિવાળા, **महात्मभिः** - મહાત્મા એવા ત્યાગી સંતોએ । **अशेषसमाम्नायपुराणोपनिषद्रसः** - સમગ્ર પુરાણો ઉપનિષદોના સારરૂપ રસ । **समुध्धृतः** - પ્રશ્નોત્તર નિમિત્ત નિર્મથ કરીને સંગૃહીત કર્યો છે. ॥૪૪॥

त्वं चैतद् ब्रह्मदायादः, श्रद्धयाऽऽत्माऽनुशासनम् ।
धारयँश्चर गां कामं कामानां भर्जनं नृणाम् ॥૪૫॥

हे ब्रह्मदायाद ! - હે બ્રહ્માના વારસદાર પુત્ર નારદજી ! **त्वं च** - તમો પણ । **नृणां कामानां भर्जन** - માનવોના મનોરથોને વાસનાને બાળી નાખનારા । **आत्मानुशासनम्** - આ બ્રહ્મ પરબ્રહ્મવિદ્યાને । **श्रद्धया धारयन्** - શ્રદ્ધા વડે ધારીને । **कामं गां चर** - યથેષ્ટ પૃથિવીમાં વિચરો, આવા જ્ઞાનસહિત ભક્તિનો બોધ આપવા સૃષ્ટિમાં વિચરણ કરતાં રહો. ॥૪૫॥

श्रीशुक उवाच - **શુકજી બોલ્યા,** - **હે પરીક્ષિત્ રાજન્**

एवं स ऋषिणाऽऽदिष्टं गृहीत्वा श्रद्धयाऽऽत्मवान् ।
पूर्णः श्रुतधरो राजन्नाह वीरव्रतो मुनिः ॥૪૬॥

एवं - એ પ્રમાણે, **ऋषिणाऽऽदिष्टं** - નારાયણ ઋષિએ ઉપદેશેલા, **आत्मवान्** - સંયમવાળા, **मुनिः** - મુનિવ્રતવાળા, **पूर्णः** - પૂર્ણ કામ એવા, **श्रुतधरः** - સાંભળેલાને તથા વેદોને ધારણ કરનારા, **वीरव्रत्** - નૈષ્ઠિકતાની વીરતાના વ્રતવાળા નારદમુનિ । **श्रद्धया गृहीत्वा** - શ્રદ્ધા વડે સર્વ અનુશાસન અને આજ્ઞા ગ્રહણ કરીને । **आह** - નારાયણને કહેવા લાગ્યા ॥૪૬॥

नारद उवाच - **નારદજીએ કહ્યું, હે ભગવાન્ !**

नमस्तस्मै भगवते कृष्णायाऽमलकीर्तये ।
यो धत्ते सर्वभूतानामभवायोशतीः कलाः ॥૪૭॥

આપ સચ્ચિદાનંદ સ્વરૂપ આનંદઘન મૂર્તિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ છો, નિર્મલકીર્તિવાળા છો, સર્વે ભગ ઐશ્વર્યવાળા છો, એવા તે શ્રુતિઓ એ વર્ણન કરેલા દિવ્ય પ્રભુ તમોને નમઃ । જે તમો સર્વે ભૂતપ્રાણી માત્રના અભવ-જે કલ્યાણ શ્રેયઃ અને પ્રેયઃ

મોક્ષ માટે, **उशतीः** - કમનીય સુરૂપ સુંદર રમણીય આકર્ષક એવી । **कलाः** - કલા અવતાર પણાને ધારણ કરી રહ્યા છો । અવતારોને ધારણ કરો છો । એવા તમોને સદંડવત્ નમન કરું છું. ॥૪૭॥

इत्याद्यमुषिमानम्य तच्छिष्यौंश्च महात्मनः ।
ततोऽगादाश्रमं साक्षात् पितुर्द्वैपायनस्य मे ॥૪૮॥

આ પ્રમાણે કહીને આદ્ય ઋષિ એવા નરનારાયણ ભગવાનને તથા તેમના શિષ્ય ઋષિઓ મહાત્માઓને સદંડવત્ નમસ્કાર કરીને, પછી મારા સાક્ષાત્ પિતા એવા કૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના આશ્રમ પ્રતિ ચાલ્યા ગયા. ॥૪૮॥

सभाजितो भगवता सभाजन (कृतासन) परिग्रहः ।
तस्मै तद् वर्णयामास नारायणमुखात् श्रुतम् ॥૪૯॥

भगवता - ભગવાન્ વેદવ્યાસજીએ સભાજિત - પૂજેલા એલા, ગ્રહણ કર્યુ છે. આસન આદિ તથા સભાસદ કૃત સત્કાર જેમનો એવા નારદજીએ । નારાયણના મુખથી સાંભળેલ સર્વ શ્રુતિસાર કથા તે વ્યાસજીને વર્ણનપૂર્વક સંભળાવી હતી. ॥૪૯॥

इत्येतद् वर्णित राजन् यन्नः प्रश्नः कृतस्त्वया ।
यथा ब्रह्मण्यनिर्देश्ये निर्गुणेऽपि मनश्चरेत् ॥૫૦॥

इत्येतत् - હે પરીક્ષિત્ રાજન્, તમે જે પ્રશ્ન અમારા પ્રતિકર્યો, તે ખુલાસાવાર ઉત્તરરૂપે તથા પૂર્વ મહર્ષિઓના સંવાદરૂપે સગુણ શ્રુતિઓનું નિર્ગુણ પરમાત્મામાં પહોંચવાપણું કેમ સંભવે, તથા અનિર્દશ્ય નિર્ગુણ બ્રહ્મમાં પરબ્રહ્મમાં મન માયિક તત્ત્વ કઈ રીતે પહોંચે ! એવા પ્રશ્નના સમાધાનો, શ્રુતિઓ અને મન બુદ્ધિ પહોંચવાના સમાધાનો, તે પ્રભુથી પ્રગટ્યા તેમાંજ પ્રવર્તયા અને તેમાંજ છેવટે વિશ્રામ પામ્યા એ રીતે, વર્ણન કરી બતાવ્યાં, પરમાત્માની મૂર્તિના સંબંધવાળા શ્રુતિવાક્યો તથા ઈન્દ્રિયો બુદ્ધિ વગેરે પરમાત્માની કૃપા વડે દિવ્ય થયા થકાં તેમને પહોંચે છે, જેટલે અંશે પામવા જોઈએ તેટલે અંશે પામે છે અને છેવટે તે પરમાત્મામાં જ વિરામ પામે છે ત્યારે તેનો દ્રષ્ટા સંચાલક આત્મા પણ મોક્ષ પામે છે, આ સાર સમજવો. ॥૫૦॥

योऽस्योत्प्रेक्षक आदिमध्यनिधने योऽन्यक्तजीवेश्वरो
यः सृष्ट्वेदमनुप्रविश्य ऋषिणा चक्रे पुरः शास्ति ताः ।

यं सम्पद्य जहात्यजामनुशयी मुक्तः कुलायं यथा
तं कैवल्यनिरस्तयोनिमभयं ध्योयदजस्त्रं हरिम् ॥५१॥

हे राजन् - હે પરીક્ષિત્ રાજન્ । **इति** - એ પ્રકારે, **यः** - જે ભગવાન્ પર બ્રહ્મ, **अस्य** - આ જગતના, **आदिमध्यनिधने** - સર્જનમાં સ્થિતિમાં અને લયમાં, **उत्प्रेक्षक** - ઈક્ષણ કરનારા છે તથા **अव्यक्तजीवेश्वरः** - પ્રકૃતિ પુરૂષ માયા જીવ વગેરેના ઈશ્વર પરમેશ્વર છે તથા **यः** - જે આ સમષ્ટિરૂપ બધું સર્જીને તેમાં પ્રવેશ કરીને જીવ અને ઈશ્વર સહિત પ્રવેશ કરીને, વૈરાજ બ્રહ્મા ઋષિ પિતૃ દેવ માનવ વગેરે સર્જીને તેમાં અંતર્નિયામક એવા રહીને તે શરીરોને પોતાના શાસનમાં અધીનમાં રાખે છે, જેમ સુષુપ્તિમાં સૂતેલ ગએલો જીવાત્મા શરીર ભાન ભૂલીને આત્મામાં પરમાત્માના સુખ આનંદ સુધી પહોંચે છે તેમજ કર્મઠ જીવાત્મા તે પરમાત્માનો, **अनुशयी** - ઉપાસક ભક્તિપ્રેમ ધ્યાન ઉપાસનાવાળો સેવક ભક્ત થઈને તે, અજા જે માયા તેને ત્યજીને ભગવાનના સ્વરૂપે સ્વરૂપવાળો, **सम्पद्य** - થઈને સુમૂર્ત દિવ્ય મુક્ત થઈને ત્યાં વસીને પરબરહ્મના સુખને મેળવે છે । એવા પ્રાપ્ય સર્વોપરી પરબ્રહ્મ પરમાત્મા, જે પરમેશ્વર મોક્ષ આપવા વડે સંસારના જન્મમરણના દુ:ખોના સર્વથા હણનારા છે, તથા કાલ કર્મ માયા સ્વભાવના ભય રહિત છે, તથા આર્તિઓના આર્ત દુ:ખોના હરનારા છે, એવા તો શ્રીહરિભગવાન શ્રીહરિકૃષ્ણભગવાન શ્રીપતિ શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પુરૂષોત્તમ પરનારાયણ એવા પરબ્રહ્મને નિત્ય ધ્યાન કરવા, મેળવવા, સેવવા, કાર્યકારણાત્મક અન્વિતને ધ્યાનમાં ઉપાસવા અને પરમધામમાં સ્થિત વ્યતિરિક્ત મૂર્તિને સેવવા, તેના આનંદામૃત પામવા, મૂર્તિના બધાં સુખ લેવાં ॥ ધ્યાન સેવાદિક વડે ધીશુદ્ધિ આત્મશુદ્ધિ સગુણબ્રહ્મ અવતારાદિની પ્રાપ્તિ, સાક્ષાત્ દર્શન લાભ અને પછી આનંદઘન એકરસ દિવ્યગુણવાળી માયિકગુણ રહિત, એવી નિર્ગુણ બ્રહ્મમૂર્તિમાં, પ્રેમવડે પરમગતિ પરમપ્રાપ્તિ ચરણસેવાગતિ થાય છે ॥૫૧॥

સાર - દિવ્યસમસ્ત ગુણ ઐશ્વર્ય સહિત છે તે માયા ગુણરહિત છે માટે - નિર્ગુણ પરબ્રહ્મ ! પોતાના સમસ્ત સર્વ દિવ્યગુણસહિત છે માટે સગુણ પરબ્રહ્મ । અને આપણા જેવા માનવરૂપ અવતારી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ સેવવા યોગ્ય મૂર્તિ પરમાત્મા । આમ શ્રીહરિ પરબ્રહ્મને સમજવા । એમ શ્રુતિઓ, બ્રહ્મા, નારદજી, વ્યાસજી, સનકાદિકો, નારાયણ વગેરે કહે છે ॥ તેને સાક્ષાત્પણે ઉપાસવા સેવવા, મૂર્તિમાં સેવવા ॥શમ્॥

॥ इति वेदस्तुति-सरलार्था ॥



।।जनक-सुलभा-संवादः।।

सुलभा - काचित् पिण्डविशेषा स्त्रीः समायाताऽऽर्षसंसदि ।
कश्चित् पिण्डविशेषस्तां व्यक्तिं सम्बोध्य पृच्छति ।।१।।

जटासु साम्यमार्षाणां मुनीनां साम्यमम्बरे ।
विसाम्यं दृश्यते श्मश्रुहृद्रोमादिविहीनके ।।२।।

कथं व्यक्ति विशेषस्य मानं विशेषतो भवेत् ।
नाम्ना स्वरेण चेष्टाभिः प्रश्नगीर्जनको ह्ययम् ।।३।।

કોઈ સુઘટ શરીરવાળી યોગિની, ઋષિમુનિ સુશોભિત જનકરાજાની સભામાં ઉપસ્થિત થઈ, તે સમયે ભવ્યશરીરી રાજા તે વ્યક્તિને ઉદ્દેશીને પૂછે છે. ।।૧।। તમારી અને આ ઋષિઓની જટામાં સરખામણી છે. ।।૨।। સરખામણીએ ખાસ વ્યક્તિનું ભાન 'તમો ફલાણાજ છો' - એવું તો નજ થાય, પણ નામ-જાતિ વડે, મધુરાદિ-સ્વર વડે તથા વિજાતીય ચેષ્ટાદિ વડે, - 'આ અમુક' - એમ ભાસવાથી, આવેલ વ્યક્તિ-વિશેષ વડે પ્રશ્ન-વાણી પ્રેરિત થાય છે. ।।૩।।

पुमांस्तदितरश्चेति भेददृष्टिर्विदेहिनः ।
देहयोगात् समुत्पन्ना कोऽयं व्यर्थविदेहवान् ।।४।।

श्रुत्वाऽऽयामि ब्रह्मसभां जनकर्षिमहात्मनाम् ।
अब्रह्मत्वं भिन्नदृशां ब्रह्मेतरत् प्रपश्यताम् ।।५।।

अब्रह्मदृष्टिक्तानां श्मश्रवश्मश्रुविवेचनम् ।
भानं विना कथं प्रश्नः स्वरचेष्टा त्वनर्थिका ।।६।।

સુલભા - તમો વિદેહી છો, તમોને જટાવાન્ પુરૂષ કે અપુરૂષ એવી ભેદદૃષ્ટિ દેહને આધારે ઉપજે છે, માટે વિદેહી નામને વ્યર્થ ધારી રહ્યાં છો. ।।૪।। વણ દેહની દૃષ્ટિ જણાવો છો અને ત્રણ દેહની અસર રહિતવિદેહીગણાઓ છો, એ બંને ઘટતું નથી. તમારા પ્રશ્નથી જ આ વિરોધાભાસ ઉપજ્યો છે । જનક વિદેહી છે, ત્યાં ઋષિ-મહાત્માઓની સભા પણ વિદેહી છે, - આવી કીર્તિ સાંભળીને વિદેહીઓના દર્શન-લાભ માટે આવેલ છું. પણ આંહી આવતાં જ મારા પિંડને અબ્રહ્મતારૂપે જોનારા ભેદદૃષ્ટિવાળા, બ્રહ્મેતર દૃષ્ટિએ

જોનારા. ।।૫।। એવા માયિકભ્રમવાળા આપ સર્વેની બ્રહ્મસભાનો પણ શ્મશ્રુ અશ્મશ્રુવાળાપણાનું ભાન છે, તેવા ભ્રમે પ્રશ્ન ઉપજાવ્યો, ભ્રમ ન હોય તો પ્રશ્નજ ન થાય, વળી સ્વર, નામ, ચેષ્ટાઓ વડે ઓળખાય; એવી પ્રશ્નવાણીજ ન સંભવે, વિદેહીની અર્થશૂન્યા વાણી ન જ હોય. ।।૬।।

जनकः - **स्थूलागमात् स्थूलवृत्तिः स्थूलाऽभिविषयोद्भवा ।**
स्थूलायास्तादवस्थ्यं तत् सूक्ष्मे विदेहिताऽस्ति यत् ।।७।।

ब्राह्मी ब्रह्मसभां याता भेदे तद्घटनं समम् ।
अभेदे याननैरर्थ्यं श्रवणं यानमित्ययि ।।८।।

जिज्ञासा सूक्ष्मवृत्त्याद्यैः प्रश्नोऽभाने न रोहति ।
भानेऽपि सम्परिच्छिन्ने दार्ढ्यं जिज्ञास्यते वृथा ।।९।।

સ્થૂળ પિંડમાં આવવાથી સ્થૂલવિષયજન્યા સ્થૂલા અવસ્થા વૃત્તિની થાય અને સૂક્ષ્મ સ્વરૂપે પિંડમાં અવાય તો સૂક્ષ્મા વિદેહવૃત્તિ થાય. ।।૭।। બ્રહ્મસ્થિતિક પિંડ દિવ્યબ્રહ્મસભામાં આવવાથી ભેદવૃત્તિ ઉપજાવનાર પિંડમાં અને દેખનારા વ્યક્તિમાં પણ ભેદ-ઘટના યોગ્ય ગણાય, તેવા છે, તે આવવારૂપી ક્રિયા સ્થૂલમાં છે, તે આવવારૂપી ક્રિયા નિરર્થક થઈ જાય, બ્રહ્મસભાની બ્રહ્મતા વ્યર્થ થાય, શ્રવણ અને આગમન પણ વ્યર્થ થાય. ।।૮।। સૂક્ષ્મવૃત્તિઓ વડે જિજ્ઞાસા થતી નથી, પ્રશ્ન પણ અભાનમાં થાય નહિં, ભાન તો પરિચ્છિન્ન પિંડમાં છે, તે વડે વિદેહિતાનું દાઢર્ય જિજ્ઞાસાય નહિં, જિજ્ઞાસા વ્યર્થ થઈ, બંનેને સ્થૂળતાની જરૂરત ઉભી રહી. ।।૯।।

सुलभा - **ब्रह्मणो व्यापकत्वाद्धि जिज्ञासाऽस्थानसुन्दरी ।**
सौक्ष्म्ये विलीना चेज्जाता, फलाऽनालम्बनाद् वृथा ।।१०।।

नाऽऽत्मवृत्तिः करणेषु करणानां निराशयात् ।
द्रष्टृणां ब्रह्मदृष्टद्याऽपि सार्वज्ञ्यं नहि भेदकृत् ।।११।।

शब्दयोगे कर्णवृत्ति सार्वज्ञ्यक्षतिकारिणी ।
असार्वज्ञ्यात् ममाऽप्येक्षः प्रश्न आधीयतां समः ।।१२।।

બ્રહ્મ તો વ્યાપક છે, વ્યાપકને અભેદ હોવાથી, બંનેની જીજ્ઞાસા, સ્થિતિ વિનાની શું શોભે ! અને તે સૂક્ષ્મ સ્વરૂપે રહી થકી જણાય તો વિલીન ભાવમાં પેસેલી બોધાત્મક ફલ શૂન્યા રહે છે, નિષ્ફલા જીજ્ઞાસા વ્યર્થ પડી, પ્રશ્ન પણ વ્યર્થ પડ્યો. ।।૧૦।। આત્મવૃત્તિ સૂક્ષ્મા તે કરણોમાં પ્રસરતી નથી, અંતઃકરણોમાં તે આશય-અભિપ્રાય-રહિતપણું છે, તેની આત્મચિદ્‌વૃત્તિ અંતઃકરણોમાં આવે નહિં અને બુદ્ધિદૃષ્ટિ વડે જોનારને સર્વજ્ઞપણું અપરોક્ષદર્શીપણું હોય છે, અભેદપણે દેખે છે, અભેદપણે દેખે તેમાં ભેદદૃષ્ટિ હોતી નથી. ।।૧૧।। શબ્દગ્રહણમાં કાનની વૃત્તિ સ્થૂલ જોઈએ, તે સ્થૂળતા સર્વજ્ઞતાની વિરોધિની છે, - આ વિરોધ બંને વ્યક્તિઓને લાગ્યો, તો અસાર્વજ્ઞ્યપણે પ્રશ્ન કરવો અને સાંભળવો તે બંનેને લાગુ પડ્યો, તેથી સ્થૂળતામાં પ્રશ્ન કરનારને વિદેહીપણું ઉડી ગયું, બંનેને સ્થૂલ આભોગ સમાન રહ્યો. ।।૧૨।।

जनकः - **अन्तःप्रविश्य विन्दामि ब्रह्मतां सर्वदेहिनाम् ।**
तत्र व्याप्तिः समस्तानां श्मश्रुवरमश्रुसमंकिनाम् ।।१३।।

एवं प्रविद्यमानस्य न प्रश्नो नोत्तरार्थना ।
स्थूला सूक्ष्मसमावेशात् सूक्ष्माणां कारणे लयात् ।।१४।।

कारणस्याऽकारणे वै लयात् भानं हि सर्वज्ञः ।
वाग्‌बन्धश्चेन्द्रियबन्धो वृत्तिबन्धः प्रमुक्तता ।।१५।।

હું અંતઃપ્રવેશીને સર્વે દેહીઓની બ્રહ્મતાને અનુભવું છું, તેથી બ્રહ્મતા નૃપમાં મહર્ષિઓમાં મુનિઓમાં અને સુલભામાં, અર્થાત્ શ્મશ્રુવાળાઓ અને અશ્મશ્રુવાળાઓ એવા ભેદાંકિતથી રહિત સર્વે બ્રહ્મદશાવાળાઓમાં અંતઃપ્રવિષ્ટ વિદેહીપણું સમાન જ છે. ।।૧૩।। ત્યાં ભેદદૃષ્ટિ થતી નથી, તો તેવી સ્થિતિનાને આવી અભેદદૃષ્ટિ સ્થિતિમાં પ્રશ્ન કે ઉત્તર સંભવતા નથી. સ્થૂલનું સૂક્ષ્મત્વમાં અનુપ્રવેશપણું હોવાથી, સૂક્ષ્મોનો કારણ-બીજમાં લીનીભાવ હોવાથી ।।૧૪।। અને કારણબીજનો અકારણ સામ્યાવસ્થે જડે કે ચેતને લય હોવાથી, ત્યારે ચિચ્ચૈતન્યના પ્રતાપે સર્વવિધ ભાત વરતે, તેથી ભાનાર્થજિજ્ઞાસા પ્રશ્ન અને ઉત્તર નકામા થાય છે, કેમ કે વાણી નિરોધ થયો ઈન્દ્રિયનિરોધ થયો. આંતરવૃત્તિનિરોધ થયો તેથી મુક્તિ સ્થિતિ થઈ, એટલે પણ પ્રશ્ન ઉત્તર સંભવે નહિ. ।।૧૫।।

सुलभा - अथ पश्यामि राजानं सभां ब्रह्मर्षिशीलिनाम् ।
निजभानं पुरस्कृत्य न लभेऽर्थं यदागता ॥१६॥

अथ राजा विदेहत्वमुररीकृत्य तत्त्वतः ।
अदृश्यतां गतस्तत्र सभायां ब्रह्मणि वृतः ॥१७॥

आश्चर्यचकिता सन्यासिनी स्वास्थ्यं गता द्रुतम् ।
अदृश्यभावनां कृत्वा विलीना ब्रह्मगाऽभवत् ॥१८॥

હું રાજાને જોઉ છું, બ્રહ્મશીલ ઋષિઓને જોઉ છું, મને પણ જોઉ છું, તો આવા ભેદભાવમાં, જે વિદેહિતા જોવા આવેલ છું, તે અર્થનો લાભ મને થયો નહિ. ॥૧૬॥ અથ તુરત જ તેને જવાબ દેવા રાજા શારીર તત્ત્વોને સંકેલીને અદેહી-વિદેહી બનીને તે સભામાં જોતજોતમાં અદશ્ય થઈ ગયો, વિદેહી બ્રહ્મસ્થિતિમાં પ્રવિષ્ટ થયો જણાયો. ॥૧૭॥ આવું જોઈ સુલભા આશ્ચર્ય પામી તથા પોતાની બ્રહ્મસ્થિતિમાં પ્રવિષ્ટ થઈ ગઈ, અદશ્ય ભાવના કરીને બ્રહ્મમાં વિલીન થઈ. ॥૧૮॥

जनकः - पश्याम्यहं बुद्धिवृत्त्या विदेहां त्वां विदेहिनीम् ।
अतोऽपि योगसिद्धिश्चाऽऽवयोः साम्यमपेक्षते ॥१९॥

आत्मनि ब्रह्मरुपे स्वं स्वां प्रपश्यत्ययं यदा ।
तदा कारणसंश्लेषात् ब्रह्मादृष्टिर्यथार्थिनी ॥२०॥

ब्रह्म वै व्यापकं सर्वज्ञातृ स्वयंप्रकाशकम् ।
परब्रह्म विजानाति योगसिद्धिर्हि शाश्वती ॥२१॥

રાજા વિદેહી બ્રહ્મસ્થિતિના સંપ્રજ્ઞાતમાં વિદેહિનીને કહેવા લાગ્યો, - સન્નયાસિની ! - સન્નયાસિની એવી તમને હવે હું બ્રહ્મસ્થિતિમાં વિદેહસ્થિતિમાં સંપ્રજ્ઞાત સ્થિતિમાં જોઉ છું, આ સૂક્ષ્મસ્થિતિમાં રહેનારા આપણે બંને યોગસિદ્ધિમાં સમાનતામાં છીએ. ॥૧૯॥ પણ હજુ એક પગથીયું બાકી છે. બ્રહ્માત્મભાવસ્વરૂપે વર્તાતો નિજાત્મામાં પોતે પોતાનો દેખતો થાય, ત્યારે કારણદેહનો વિલય થયે સતે, બ્રહ્મદષ્ટિ, બ્રહ્માત્મકતા, બ્રહ્મવિદેહિતા, સાચા અર્થવાળી ગણાય. ॥૨૦॥ અને બ્રહ્મ તો વ્યાપક છે, સર્વજ્ઞ છે, સ્વપ્રકાશ છે, તે જ્યારે પરબ્રહ્મને ઓળખે, જાણે, પામે ત્યારે બ્રહ્મસ્થિતિ, બ્રહ્માત્મકતા, બ્રહ્મવિદેહિતા, કાયમી રહે એવી લબ્ધિ થઈ ગણાય. ॥૨૧॥

सुलभा - **अथोपास्त्या तद्विधाऽस्मि ब्रह्मात्माऽप्यर्पिता परे ।**
एषा यामि ब्रह्माकुले सर्वात्मा ब्रह्मसंभृता ॥२२॥

द्रुतं प्रोच्य विलीना ना सभां विलीय चात्मनि ।
ब्रह्ममयी परे स्वामिन्यर्पिता साऽभवत् क्षणात् ॥२३॥

राजाऽपि तामसम्प्रज्ञातात्मिकां वीक्ष्य संस्थितिम् ।
प्रसन्नश्चाऽभवद् ब्रह्मात्मनि स्थित्या स्वचिद्दृशा ॥२४॥

રાજન્ બ્રહ્મ ! શું વિચારો છો, ઉપાસના વડે બ્રહ્માત્મા વિદેહિની હું પરમાત્મામાં બ્રહ્મવિદેહિનીને અર્પણ કરનારી પણ છું, જુઓ, આ પરબ્રહ્મમાં બ્રહ્મમુક્તોના કુટુંબવાળી એવી પરબ્રહ્મતામાં જાઉં છું, તે પરબ્રહ્મ સર્વાત્મા વર્તે છે જ. ॥૨૨॥ એ લું કહીને તત્કાળ આખી બ્રહ્મસભાને પોતામાં વિલીન કરીને સુલભા પરમાત્મામાં વિલીન થઈ દેખાણી. ક્ષણમાં પરબ્રહ્મ સ્વામીમાં બ્રહ્મમયી સુલભા સમર્પિત થઈ ગઈ. ॥૨૩॥ જનકરાજા તે બ્રહ્માત્માને પરબ્રહ્માત્મામાં લીન થએલ જોઈને ખુશી થયો, અસંપ્રજ્ઞાત સમાધિવાળી સુલભાના નિજચૈતન્યાત્મક અપરોક્ષાનુભૂતિ-દૃષ્ટિ વડે પોતે પણ તે સ્થિતિમાં જવા તૈયાર થયો, પણ દિવ્યદૃષ્ટિએ વિચારવા લાગ્યો. ॥૨૪॥

जनकः - **भावस्याऽभावतुल्यत्वं निराकारत्वकल्पनम् ।**
अवस्तुनिभताक्लृप्तिर्मुक्तिरेषा तु गर्तिका ॥२५॥

सेवा-मुक्तिः सुप्रसादा सेवनं स्वामिसौख्यदम् ।
भेदमुक्तिर्हि योग्या मे सेवादास्यं सुखप्रदम् ॥२६॥

सुलभे ! क्व गता चाऽन्तः, निर्याहि त्व सुरुपिणी ।
संवादस्तु विदेहित्वे, मुक्तत्वे नास्ति वादिता ॥२७॥

ભાવ-પદાર્થને અભાવ-પદાર્થમાં જતાં કરવું, નિરાકારપણમાં કલ્પિત થવું, અવસ્તુ જેવું ગોઠવાઈ જવું, આવી અસંપ્રજ્ઞાત-મુક્તિ તો મોટી ખાઈમાં પડવા જેવી છે. ॥૨૫॥ આના કરતાં ઋષિ મહર્ષિ સંતોની સેવા, ભગવાનની સેવા, સ્વામીથી સુખ મળે એવી સેવા-મુક્તિમાં રહેવું ઉત્તમ છે, ભેદભાવે, સ્વામિસેવકભાવે, દાસ-સ્વામિભાવે, રહેવું તે - સ્વામિના સુખે સુખિયા મુક્તિ મને ગમે છે. ॥૨૬॥ આમ, વિચારીને, બ્રહ્મસ્થિતિમાં સંપ્રજ્ઞાતવાળા રાજા બોલ્યા, - અરે સુલભે ! તું ક્યાં ગઈ, કઈ ખાડીમાં પડી ? અરૂપ થઈ

તો કરતાં સુરૂપ મુક્ત થઈને બહાર આવી જા, વિદેહપણાનો સંવાદ-વાદવિવાદ તો સ્વામીવિનાના વિદેહીમુક્તપણમાં ઘટે, સ્વામિવાળા વિદેહીમુક્તપણામાં ચડસા-ચડસીનો ભાવ ઘટતો જ નથી, સેવા સુખ શ્રેષ્ઠ છે, ઋષિઓની સભાને બાહેર લાવ. ॥૨૭॥

सुलभा - **अहो भाग्यं ममैतादृक्सतां ब्रह्मर्षितात्मनाम् ।**
प्रत्यहं चाऽस्ति सत्संगो मुक्तिरेषाऽस्ति शाश्वती ॥१३॥

ब्रह्मात्मनां प्रमुक्तानां नैकस्वरुप-धारिणाम् ।
परात्मनि ब्रह्मणि वा मुक्तेषु नैकरुपतः ॥२९॥

भवनं सेवया श्रैष्ठ्यं विलिनाऽऽकृतितः खलु ।
यत्र रौक्ष्यं केवलत्वं सुखं सेवाफलं न यत् ॥३०॥

ત્યારે સુલભા બોલી, - હે રાજન્ ! તમોને ધન્ય છે, તે સાથે મારા ભાગ્યને પણ ધન્ય છે, જે હું આવા ઉપાસક બ્રહ્મર્ષિઓ અને પરબ્રહ્મ શ્રીહરિના સેવકો સંતો વિદેહીઓના સભામાં આવી, આવો સત્સંગ દરરોજ થાય છે અને સ્વામીની સેવા એ જ શાશ્વમી મુક્તિ છે, તે મને ઘણી જ ગમે છે. ॥૨૮॥ તેમાંય પણ બ્રહ્મસ્થિતિના બ્રહ્મભાવાપન્ન મુક્તો ઈચ્છા મુજબ અનેક સ્વરૂપધારી થઈને મુક્તોમાં રહીને બ્રહ્માત્માપણે વર્તીને પાર્ષદ લક્ષ્મીજી રાધિકાજીરૂપે થઈને જયાં પરમાત્માની અનંત પ્રકારની સેવા કરે છે, એવી અનેકરૂપે સેવા કરૂં, એ સ્થિતિ મને ઠીક સમજાણી. ॥૨૯॥ વિલીનાકૃતિ કરતાં સેવા વડે રહેવું તે અતિશ્રેષ્ઠ સુખદપણું છે, વિલીનભાવમાં તો રૂખાસુખાપણું, કેવલગર્ત-ખાઈમાં પતનપણું અને સેવા-સુખ ફલ જયાં નથી, તે કનિષ્ઠજ છે. ॥૩૦॥

तत् त्याज्यं वै विदेहित्वं सतां सेवा सुखं परम् ।
श्रीहरेः सेवन धाम्नि महासौख्याऽब्धिलब्धनम् ॥३१॥

सन्यासित्वं विदेहित्वम् ऋषित्वं साधुता तथा ।
भक्तताऽऽत्मनिवेदित्वं सेवित्वं परमं सुखम् ॥३२॥

क्षारभूसदृशी मुक्तिः केवलं रुक्षता-रणम् ।
न जलं न फलं छाया न शान्तिस्तृप्तिकारिणी ॥३३॥

માટે જે વિદેહિત્વની પરીક્ષા અર્થે હું અહિં આવી તેવું તે નિરાકાર વિદેહિત્વ મને ન જોઈએ, જેમાં સંત-ભગવાનની સેવા મળે એવું નિરભિમાની-વિદેહિત્વ પરમોત્તમ મને

ઈષ્ટ છે, બ્રહ્મધામમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની દિવ્યમૂર્તિની સેવા તે મહાસુખસાગર પ્રાપ્તિરૂપ છે. ॥૩૧॥ સન્યાસી હો, વિદેહી હો, રૂષિ હો, સાધુ હો, મુક્ત હો, તે બધામાં દિવ્યમૂર્તિ ભગવાનમાં સર્વસ્વ-આત્મનિવેદિત્વરૂપ સેવકત્વ, તે પરમ શુભ સુખદ છે. ॥૩૨॥ રૂક્ષતા-મુક્તિ, ગર્ત-ખાઈમાં પાત. રણમાં રખડપાટ, ખારભૂમિમાં આળોટણું, એના જેવી છે । જયાં જળ ફળ કે છાંયા નથી ત્યાં શાંતિ ક્યાંથી થાય, માટે જયાં મૂર્તિમાન્ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીહરિને ઓથે શીતલ પીયૂષપાન-આસ્વાદન થાય તે મુક્તિ શ્રેષ્ઠ છે. ॥૩૩॥

जनकः - **हे सुलभे !,**
नाऽऽश्रयोऽपि न चाऽऽधार सुलभे सुलभा न सा ।
सुलभा - **विदेहिन्नथ ते चाऽस्मि परीक्षार्थं समागता ॥३४॥**

सत्संगयोग्यस्त्वं भक्तः परमात्मनि संवृतः ।
ऋषिणां च सतां भक्तजनानां भक्तभूस्थितिः ॥३५॥

कृतार्थऽहं तु संजाता ज्ञानवादं विहाय यत् ।
सर्वस्वाऽर्पणभक्तिं सम्प्राप्ताऽस्म्येवं विदेहिनी ॥३६॥

જનક કહે : હે સુલભે ! તો પછી જયાં ભગવાનનો આશરો નથી, ભગવાન આપણા સર્વસ્વ આધાર નથી, તેવી મુક્તિને અસુલભજ કહેવાય.॥

સુલભા કહે : હે વિદેહી રાજન્ ! મેં તો વિદેહિતાની પરીક્ષા લીધી, અહિં આવવાથી મને કાંઈક સારૂં જ મળ્યું છે. ॥૩૪॥ સત્સંગ ઉત્તમ ગણાય, પ્રત્યક્ષ પરમાત્મામાં નિજ-સેવકતા દાસતા ઉત્તમ ગણાય, ભક્તદાસતા ઉત્તમ ગણાય, તે તમારામાં છે, માટે સત્સંગ કરવા યોગ્ય છો, હે રાજન્ ! મને પણ આવો સત્સંગ સમજાયો, કે જે વિદેહી રૂષિઓ, વિદહી સંતો, વિદેહી ભક્તજનોના મધ્યે સાક્ષાત્ સેવાની દિવ્યભૂમિમાં લાભ મેળવવો. ॥૩૫॥ આજે હું કૃતાર્થ થઈ, હવે જ્ઞાનવાદ ત્યજીને ભક્તિમાં પરોવાણી છું, પ્રગટ ભગવાનમાં સર્વાર્પણ-વિદેહિત્વં તે સાચું વિદેહિપણું છે, પ્રત્યક્ષ ભગવાનની સેવામાં દાસત્વ કે દાસીત્વ બાધક નથી, આવી વિદેહિની ભક્તાણી હવે સદા રહીશ, વૈષ્ણવી સન્યાસિણી રહીશ. ॥૩૬॥

नमः सभायै च नमो विदेहिने नमश्च सेवासुखशालिमुक्तये ।
नमो मिथिलारजसां प्रसेविने भक्ताय नारायणशीलिने नमः ॥३७॥

બ્રહ્મસભાને પ્રકટાવીને, આ બ્રહ્મસભાને નમઃ, આવા વિદેહી ભક્તને નમઃ, એવા સુખવાળી મુક્તિસ્થિતિને નમઃ, અહો મિથિલાના ભૂતલરજોને અડનારા આત્માઓને પ્રજાને પણ નમ, જે પ્રત્યક્ષ પ્રગટ શ્રીપતિ નારાયણના સંપ્રજ્ઞાત ભક્તો વિદેહિઓ છે, તેમને સર્વને નમઃ, - આમ કહીને સુલભા, જનક તથા બ્રહ્મસભાનો વિદેહિતાનો ગુણ ગ્રહણ કરી શિક્ષણ લઈને આત્મનિવેદિની ભક્તાણી થઈ, વૈષ્ણવી સન્નયાસણી બની ગઈ, સેવામુક્તિમાં સર્વ કર્મકાંડ સમર્પણ કરી વિદેહસ્થિતિરૂપ મુક્ત સ્થિતિએ વર્તવા લાગી. ॥૩૭॥ શ્રીજીમહારાજે પ્રત્યક્ષ પ્રગટ ભગવાનની સાક્ષાત્ સર્વસ્વ સર્વાંગ સંપૂર્ણ સેવા કરવાના લાભવાળી પાતિવ્રત્યવાળી દાસ્યમુક્તિ અક્ષરધામમાં ગોલોક વૈકુંઠાદિકમાં પણ વર્ણવી છે. ॥ પ્રગટ પ્રમાણ ભગવાનની મૂર્તિમાં એક અંગમાંથી પણ સર્વે પ્રકારના સુખ આનંદો અનંત શીતળશાંતિઓ રસબસરજનતા મળે છે. ॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥ શમ્ ॥

ओम्, 'श्रीहरिः शरणं मम,' । कालमायापापकर्मशत्रुयाम्यकुहृद्भयात् ।
शूलमीनध्वजधनुश्चक्रस्वस्तिकवानव,' ॥ 'अनादिश्रीकृष्णनारायणः स्वामी पशिश्च मे,' ॥

इति जनकसुलभासम्वादः



❖ ભગવાન કહે છે. ❖

૧. હું સેવક સન્ત છું, મારા સ્વામી પ્રત્યક્ષ ભગવાન પરમાત્મા સર્વના સ્વામી છે, એમાં અસંખ્ય અનન્ત આનન્દો રહ્યા છે, તે મારે માટે છે.

૨. કાયમ અનુવૃત્તિ પાળનાર ઉપર સ્વામિનાથ રાજી જ રહે છે.

૩. પ્રથમ દર્શનમાં અલૌકિકપણું હોય છે તે કાયમ વધારતું જાવું, ઉધ્ધવજી જેવા પરમ ભાગવત થવું.

૪. બધી સ્થિતિઓમાં (ભગવાન) મૂર્તિમાન ઈદમ્ દેખાય તે સાક્ષાત્કાર સમજવો.

૫. ભગવાનના અંગોઅંગનું દર્શન, મનન અને ધારાવાહી સ્ફુરણ ચાલુ રાખનારને સાક્ષાત્કાર જલ્દી થાય છે.

૬. માહાત્મ્ય સહિત ભક્તિ કરનારની બધી વાસનાઓ ટળી જાય છે.

૭. ભગવાન બધામાં રહ્યા છે છતા સ્વતંત્ર પૃથક પણ રહ્યા છે.

૮. જીવન ફળ પમાડનાર સાક્ષી દ્રષ્ટા અન્તર્યામી બ્રહ્મ છે અને તેમાં પરબ્રહ્મ છે.

૯. સન્તસમાગમ તે કલ્યાણવાદ નૈમિષારણ્યક્ષેત્ર છે.

૧૦. મને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે માટે કૃતાર્થ થયો છું.

૧૧. અતિ સાચે ભાવે સત્સંગ કરે તો 'બ્રહ્મરૂપ' થઈ જાય.

૧૨. સાચા સન્તના સમાગમ વડે જરૂર કલ્યાણ થાય છે.

૧૩. મારામાં ભગવાન રહ્યા છે તે સન્તમાં છે, એમ સમજનારને સન્તમાં ભગવાનનું દર્શન થાય છે.

૧૪. ભગવાનની કૃપાવડે લક્ષ્મીજી જેવો એકાન્તિક ભકત થાય છે.

૧૫. અન્તસમે એકઘડી ભગવાનમાં અતિશય પ્રીતિવડે વૃત્તિ જોડાય તો તે કૃપાપાત્ર થઈને મોક્ષને જ પામે.

૧૬. હું બ્રહ્મ છું મારામાં પરબ્રહ્મ રહ્યા છે એમ દ્રઢતા રાખવી.

૧૭. ભગવાનના તમામ ચરિત્ર શાસ્ત્રથી બાહેર નથી એમ સમજે તેનું પરમ કલ્યાણ થાય છે.

૧૮. ભગવાનની ઈચ્છાએ તો જડ હોય તે ચેતન થઈ જાય અને ચેતન હોય તે જડ થઈ જાય, ભગવાન અતિ સમર્થ છે તે જેમ કરે તે થાય.

૧૯. આત્મસત્તા રૂપે વર્તનારને કર્મ લાગતાં જ નથી.

૨૦. જ્ઞાની એવા ભગવાનના ભક્તને અન્તકાલે ભગવાન કે ભગવાનના સન્ત દેખાય છે ત્યારે તે ભકત દેહને મૂકીને ભાગવતીતનું સ્વરૂપે થઈને ભગવાનના ધામમાં રહે છે.

૨૧. ભગવાનમાં પ્રીતિના ઉંડા મૂળવાળો એકાન્તિક શ્રેષ્ઠ ભક્ત છે.

૨૨. ભગવાનના શરણાગત ભક્તમાં જે અક્ષરબ્રહ્મમય તેજ તેમાં તેને સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન થાય છે અને કલ્યાણ પ્રાપ્ત થાય છે.

૨૩. ભગવાનની અતિ અધિક ઉપાસનાવાળો ભકત વધુને વધુ સામર્થી પામીને બ્રહ્મરૂપ સમર્થ દાસ મુકત થાય છે.

૨૪. મોટા પુરૂષ જે જે સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને અર્થે છે, મોટા પુરૂષ તો નિર્દોષ છે.

૨૫. ભકતના મન ઈન્દ્રિયો તો ભગવાનને સાક્ષાત્પણે પામે છે, તે સર્વે ભગવાનને આકારે દિવ્ય થઈ જાય છે, ભગવાન દિવ્ય મૂર્તિ છે માટે તે બધા દિવ્ય થઈ જાય છે.

૨૬. ભગવાનનો ભકત એને એ દેહે કરીને ભગવાનને આકારે થઈ જાય છે.

૨૭. ભગવાન અતિ પ્રીતિવાળા ભકતને સુખ દેવા ભકતની ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરે છે અને ભકતના મનોરથ પૂરા કરે છે, ભગવાન પણ સ્થૂલભાવે ભકતને લાડ લડાવે છે. સામર્થીને છૂપાવે છે, તે પુત્રભાવે, સખાભાવે, મિત્રભાવે, સગાસબંધીભાવે વર્તે છે, ભકતને લાડ લડાવે છે અને અનેક જીવોનું કલ્યાણ કરે છે.

૨૮. નિર્મત્સર સન્તને ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે.

૨૯. ગૃહસ્થ બધેથી પ્રીતિ તોડીને ભગવાનમાં દ્રઢ પ્રીતિ કરે અને સન્ત સમાગમ રાખે તો ભગવાનમાં અખંડવૃત્તિ રહે.

૩૦. આશરાનું બળ રાખવું - ભગવાન અધમ ઉદ્ધારણ પતિતપાવન છે તે મને મળ્યા છે.

૩૧. પ્રત્યક્ષ પુરૂષોત્તમ નારાયણને સદા ગુણાતીત દિવ્ય નિર્લેપ માનવમૂર્તિ છે, એવી સમજણ નિષ્ઠા તે આત્યન્તિક કલ્યાણ છે.

૩૨. સર્વત્ર સ્થાવર જંગમમાં જયાં જયાં દ્રષ્ટિ જાય ત્યાં ત્યાં ભગવાની મૂર્તિ દેખે તે સિદ્ધ દશા કહેવાય.

૩૩. ચમત્કાર પરચા પૂરે ત્યારે સગુણ સ્વરૂપે અને નિજ આત્મામાં સુખ આપે ત્યારે નિર્ગુણ સ્વરૂપે, ભગવાનને ધારવા.

૩૪. ભગવાન અને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તે પૂરો સત્સંગી છે.

૩૫. મહારાજને શરીરે કસર જણાય તો તે સત્સંગીને કઠણ કાળ ગણાય.

૩૬. પ્રકટ પ્રમાણ એવા શ્રીકૃષ્ણનારાયણનું જ કર્યુ સર્વ થાય છે, આવું કર્તાપણું સમઝવું, તે જ કલ્યાણનું પરમ કારણ છે, તપ તો ભગવાનની પ્રસન્નતા માટે કરવું.

૩૭. રાધા લક્ષ્મી જેવો પ્રેમભાવ ભગવાનમાં રાખવો.

૩૮. ભગવાનને પ્રતાપે જીવ અક્ષર જેવો પણ થાય અને પરબ્રહ્મને ભજે.

૩૯. રાધિકાજી તથા લક્ષ્મીજીની પેઠે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભજવા.

૪૦. સ્વામી સેવકપણે ભક્તિ કરવી, ઉપાસના કરવી.

૪૧. પોતાના પ્રિયતમની આજ્ઞા લોપે નહિં એ પ્રેમનું લક્ષણ છે, ભગવાનના ગમતામાં જ રહેવુ, આજ્ઞાંકિત ભકત સાથે ભગવાન ભેળા જ વિચરે છે, શબ્દાદિક પંચ આનન્દ વડે ભગવાનમાં જોડાએલા ભકતમાં ભગવાન પણ જોડાએલા છે, તે ભકત ભગવાનનો અખંડ સમ્બન્ધ રહે છે.

૪૨. કારણ શરીર રૂપ અજ્ઞાન જે માયા તે ભગવાનના ધ્યાન વડે બળીને ખોખું થઈ જાય છે, ત્યારે માયા ભકતાત્માંથી છૂટી પડે છે.

૪૩. ભગવાન પુરુષોતમની વાર્તા સાંભળવે કરીને મન અતિશય નિર્વિષય થઈ જાય છે.

૪૪. ભગવાનને પ્રથમ ક્રિયા કરતા દેખીને મોહ થાય નહિ તથા નિશ્ચય મટે નહી, તે ઉત્તમ જ્ઞાની જાણવો.

૪૫. પ્રત્યક્ષ મૂર્તિ ભગવાનને આકાશની પેઠે અતિશય અસંગી સમજે, શુભ અશુભ ક્રિયા કરતા થકા સંત શ્રીનારાયણને નિર્લેપ સમઝે તેને સમ્પૂર્ણ સત્સંગ છે.

૪૬. સન્તનો અવગુણ આવ્યો તે ક્ષય રોગ છે, અવગુણ આવે તો માથું કપાણુ જાણવું.

૪૭. વિશ્વાસી બ્રહ્મરૂપ શૂરવીર અને પ્રિતિવાળો પતિરૂપ ભગવાનમાં જોડાઈ ગયો છે. તેને મૃત્યુનો ભય નથી.

૪૮. ભગવાનમાં અસંખ્ય ઐશ્વર્યો છે, તેણે કરીને ભગવાન ભલે મનુષ્ય જણાતા હોય પણ સર્વના કારણ સર્વના કરતા સમર્થ છે.

૪૯. ભગવાન અને સન્તના મહાત્મ્ય જ્ઞાન સહિત નિશ્ચયવાળાને ભગવાન અને સન્તને અર્થે શું શું ન થાય ? તે ભગવાન જેમ કહે તેમ કરે.

૫૦. અક્ષરધામમાં વિરાજમાન ભગવાન ત્યાં રહ્યા થકાજ અનંતકોટિ બ્રહ્માંડોમાં સ્વેચ્છાએ ભકતને અર્થે અનન્ત રૂપે દેખાય છે.

૫૧. અનાદિશ્રીકૃષ્ણનારાયણ સદા સત્ય એક રૂપે જ મનુષ્ય કૃતિ છે, છતા જયાં જેવા દેખાવા ઘટે ત્યાં તેવા દેખાય છે.

૫૨. ભગવાનમાં કુતર્ક કરે જે, 'એ ભગવાન તે કેમ એમ કરતા હશે ?' તે ભગવાનની માયાના બળના પારને પામ્યા નથી અને જે એમ સમજે જે, 'ભગવાન તો અતિ સમર્થ છે, તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે' એવી રીતે સમજે તે માયાને તર્યા કહેવાય.

૫૩. ભગવાનના ભકતને તો ગમે તેવો ભૂંડો દેશ કાળ હોય તો પણ હૈયામાં લેશ માત્ર મૂંઝવણ આવવા દેવી નહી.

૫૪. જેને સન્તમાં ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો દ્રઢ પાયો છે.

૫૫. એકાન્તિકપણુ અતિ દુર્લભ છે, તે પણ ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ વડે સુલભ છે.

૫૬. હું તો ભગવાન અને સન્તનો વેચાણ છું એમ વરતવું.

૫૭. બધાની રીતે સરખુ વર્તવું તે ગુણ ગણાય.

૫૮. ભગવાન સમ્બન્ધી પંચવિષય સેવવા વડે બુદ્ધિમાં પ્રકાશ થાય છે.

૫૯. કાલનું વિષમપણુ હોય, મારકુટ થતી હોય ત્યાંથી ચાલી જ નીકળવું.

૬૦. જે ભગવાન અવતારો ધારે છે, સૃષ્ટિ કરે છે, તત્વોમાં વસે છે, ચેતનોમાં અન્તર્યામી છે અને માનવરૂપે પ્રત્યક્ષ છે, તે એક જ આ પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન છે, એમ જાણે તે પૂર્ણજ્ઞાતા કહેવાય.

૬૧. ભગવાનમાં બધુ છે પણ ભકતને દેખાડતા નથી એવી જ એની ઈચ્છા છે આવી સમજણ તે જ્ઞાન છે આવા જ્ઞાન વડે અંત્યન્તિક મોક્ષ થાય છે.

૬૨. પોતાને જે અંગ મળતું આવે તે અંગભક્તિ કરવી.

૬૩. બીજા તમામ અવતારોના લીલા ચરિત્રો સાંભળીને પ્રત્યક્ષ ભગવાનમાં દિવ્યપણું દ્રઢ થાય છે.

૬૪. જ્ઞાની એમ સમજે છે, ''આ ઘરબાર-નાણાં-બાગ-ક્ષેત્ર-વાડી- મિલ્કત-કુટુમ્બ-જમીન-દેહ બધું મેલીને જઈશું તે'દી આપણું ભગવાન સિવાય કોઈ નથી, માટે ભગવાનમાં હેત કરવું. બીજુ તો વેઠીયું નિભાવવું, આમ સમજનારને ત્રણ તાપ લાગુ પડતા નથી.''

૬૫. ભગવાનના ભકતને માયા અતિ સુખવાળી છે.

૬૬. માયા કાચાને દૂભવે છે, પાકાને દૂભવતી જ નથી.

૬૭. ભગવાનની જે મૂર્તિ પોતાને મળી હોય તેનું ધ્યાન કરવુ, તેમાં પતિવ્રતાની ટેક રાખવી આમ સમજવું.

૬૮. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય ભગવાનમાં કરવો જે, ''ભગવાન ગમે તેવા નીચ આચરણ કરે, મદ્ય માંસ, પરસ્ત્રી, ક્રોધ, હિંસાદિ કરે, તેમાં સંશય થાય નહિ. પરમેશ્વર સર્વના કર્તા ભોકતા છે.''

૬૯. ભગવાનને બ્રહ્મરૂપ નિર્લેપ જાણે, પોતે નિરન્નમુકત થાય અને અક્ષરધામ રૂપે થાય અને ભગવાનની ઉપાસના કરે તે નિર્વિકલ્પ નિશ્ચયવાળો છે.

૭૦. નિર્લેપપણું એક નારાયણને જ છે, નિર્વિકલ્પપણે નારાયણને પામ્યો હોય તેને દેશાદિકે કરીને પણ પરાભવ ન થાય.

૭૧. પુરૂષોત્તમ નારાયણ અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ થકા એકલા જ વિરાજમાન રહે તથા અનન્ત મુકતોને ધારે, એવા નારાયણને લઈને બ્રહ્મા-શિવ-નારદ-સનકાદિક-ઉદ્ધવજી-મુકતાનન્દ સ્વામી આદિકને પણ ભગવાન કહેવાય, અક્ષર પણ ભગવાન કહેવાય.

૭૨. નારાયણ જેવા તો એક નારાયણ જ છે, પણ બીજો કોઈ એ જેવો થતો નથી.

૭૩. પર પુરૂષોત્તમમાં ઉપાસના, ગોપીઓ જેવી ભક્તિ, શુક સમાન વૈરાગ્ય, જડભરત જેવી આત્મનિષ્ઠા એ ભકતજને રાખવા.

૭૪. જેને લક્ષ થયો તે આત્માને દેખે છે. નિરાવરણ દ્રષ્ટિવાળાને જીવ યથાર્થ જણાય છે.

૭૫. પ્રકાશમય દિવ્ય દેહવાળો ભક્ત, જીવ-પુરૂષ-અક્ષર અને પુરૂષોત્તમને એકરસ તેજમાં વિલક્ષણ પૃથક્ દેખે છે.

૭૬. જેનો ભગવાનનું અને સન્તનું માહાત્મ્ય ખૂબ જ સમજાણું છે, તેનો પાયો સત્સંગમાં અચળ છે.

૭૭. કોટિ કોટિ સૂર્યસમ પ્રકાશ ભગવાનમાં છે પણ તે નથી દેખાડતા એવી એમની ઈચ્છા છે.

૭૮. માણસ ભગવાનને કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર-આશા-તૃષ્ણા-હાડ- ચામ-જન્મ-મરણ-યૌવન-વૃદ્ધ આદિ ભાવવાળા પરઠે છે, તે દેહદર્શી છે. ભકતજને ભગવાનના ચરિત્ર તમામ દિવ્ય ભાવે દેખવા.

૭૯. અક્ષરબ્રહ્મ ભગવાનને રહેવાનું ધામ છે, જેટલું ભગવાન પાસે રહેવાય તેટલું અધિક સુખ છે, છેટે રહેવાય તેટલું દુઃખ છે, બુદ્ધિમાન તો ઈન્દ્ર જેવા સુખમાં હોય તો પણ વનમાં જ છે, અક્ષરધામમાં ભગવાન પાસે પહોંચવું છે, એવો સિદ્ધાન્ત રાખવો.

૮૦. પ્રત્યક્ષ ભગવાનના આશ્રય વિના મોક્ષ ન થાય.

૮૧. પોતાના દોષને ન ટાળે તે બુદ્ધિવાળો પણ મૂર્ખ જાણવો.

૮૨. ભગવાનના ભજનમાં આડી આવે તે માયા.

૮૩. જગતમાં હેત તે પણ માયા.

૮૪. ભગવાન સન્તને ન ઓળખવા એવુ અજ્ઞાન તે પણ માયા.

૮૫. ભગવાનમાં હેતને બાને તેને ઓથે બીજામાં મોહને હેતે વળગે તે પણ માયા.

૮૬. બ્રહ્મરૂપ આત્મારૂપે પરબ્રહ્મમાં હેત કરવું.

૮૭. ભગવાનને ક્ષેત્રજ્ઞ ચૈતન્ય બ્રહ્મ, એવા જીવાત્માએ હેત વડે ભજવા.

૮૮. ભગવાનનું સનાતન અનાદિ દિવ્ય મૂળ સ્વરૂપ પોતાના અક્ષરધામમાં રહ્યું છે, એ ભગવાનનો હું છુ અને તે મારા છે.

૮૯. તે ભગવાન મનુષ્ય દેહને ધારણ કરે છે ત્યારે યુગ પ્રમાણે મનુષ્ય જેવી જ ક્રિયા કરે છે, બાળ-યૌવન-વૃદ્ધતાને પામે છે. મનુષ્યનાં કામ-ક્રોધ-લોભ-સ્વાદ-ગાન-

સ્નેહ-મદ-મત્સર-ઈર્ષ્યા-રાગ-દ્વેષ-મોહ-સુખ-દુઃખ-ભય-નિર્ભય-શૂરતા-કાયરતા-ભૂખ-તરસ-આશા-તૃષ્ણા-નિંદ્રા-પક્ષપાત-પારકું-પોતાનું-ત્યાગ-વૈરાગ્ય ઈત્યાદિ સ્વભાવ ભગવાનમાં જણાય છે, તે મનુષ્ય સ્વરૂપ ભગવાન તથા મૂળ દિવ્ય સ્વરૂપ એવા ભગવાન બન્નેને એક સમજે તેને કોઈ ક્રિયામાં સંશય ન થાય. ભગવાનમાં કામ છે, તે બીજા જેવો નથી. ક્રોધ-લોભ-સ્વાદ-માન બીજા જેવા નથી પણ દિવ્ય છે, પણ ઐશ્વર્યનો સંકોચ કરીને મનુષ્ય થઈને દર્શન આપે છે. પોતાના ભકતના હેત સારૂ માણસ જેવા ભગવાન વર્તે છે, તે કદાચિત ઉતાવળા થઈ જાય તો દિવ્યતાઈ જણાઈ આવે છે, એવા ભગવાન જીવના જાણવામાં આવે નહિં. જીવમાં નિશ્ચય થયો હોય તો તે મટે જ નહિં.

૯૦. મૂઢ જીવ તો માયિક દ્રષ્ટિએ ભગવાનને પોતા જેવા દેખે છે, પણ વિશ્વાસ વડે ભજે તો માયિક દ્રષ્ટિ મટે અને ભગવાનને પરમ ચૈતન્ય સચ્ચિદાનન્દમય મૂર્તિ જાણે, ભગવાન તો યોગમાયાવડે બાળ યુવાન વૃદ્ધતા આદિ દેખાડે છે, ભગવાન જે તત્વમાં પ્રવેશે તે તત્વને ઢાંકીને પોતે વર્તે છે, એવા જે પ્રત્યક્ષ અનાદિ પુરૂષોત્તમ નારાયણ તેની મૂર્તિમાં સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગ ભાગ સમજવો નહિં, એવા ધારવાથી આ ભગવાન કૃપાવડે સર્વ શક્તિ ઐશ્વર્ય પાર્ષદ સહિત મનુષ્ય જેવા થાય છે, તે બન્ને સ્વરૂપમાં ભેદ નથી, આવો જ્ઞાની એકાન્તિક ભકત જરૂર કલ્યાણને પામેલ જ છે. ''આત્યન્તિક પ્રલયમાં પણ ભગવાન સદા સાકાર જ છે'', આવી પરિપક્વ નિષ્ઠા રાખવી.

૯૧. મનની વિભ્રાન્તિને મોહ જાણવો.

૯૨. ભગવાનના સ્વરૂપમાં સર્વે સુખ ભેળા રહ્યા છે તે વડે પૂર્ણકામ થઈ જવાય છે.

૯૩. પતિવ્રતાની ભક્તિ કરનાર ભકત ભગવાનને અતિશય વહાલો છે.

૯૪. સર્વ વિષયોમાં અનાસકત ભકત સિદ્ધ દશાવાળો કૃતાર્થ થયો છે. વેદ શાસ્ત્ર પુરાણ ઈતિહાસ એ સર્વે ગ્રન્થોનો આ જ ગલિતાર્થ છે, રહસ્ય છે.

૯૫. આત્મ સુખે સુખીયો ભકત કામાદિકના સુખોને જીતી લ્યે છે,

૯૬. રસિક માર્ગે ભજનારે નિર્દોષ બુદ્ધિ રાખવી. બ્રહ્મ અને પરબ્રહ્મ ને નિજ આત્મામાં પધરાવીને જ બધામાં તે જ પ્રમાણે પ્રેરક સ્વામી સમજીને પોતાને બ્રહ્મનું અનુસન્ધાન રાખે તે મોક્ષનો નિર્વિઘ્ન માર્ગ છે.

૯૭. ધર્મ-ભક્તિની ક્રિયામાં ભગવાન રાજી હોય તેમ કરવુ.

૯૮. ભગવાન હાજર ન હોય તો ચિન્તન કરવું, ''થતું હોય તેમ થયા કરે, તેમાંથી ભગવાન બચાવે.''

૯૯. ભગવાનનું ચિન્તન કરતાં કરતાં દેહ મૂકે તો અતિ મોટી પદવીને પામે છે.

૧૦૦. કામ ક્રોધાદિક વિકારો ભગવાનની કૃપાએ ટળે.

૧૦૧. ભગવાનની મૂર્તિમાં દ્રષ્ટિ રાખવી તે અન્તર્દ્રષ્ટિ છે, ભગવાન સમ્બન્ધી સર્વ વ્યવહાર પણ અન્તર્દ્રષ્ટિ જ છે, ભગવાનના સમ્બન્ધવાળું સર્વ નિર્ગુણ છે, ભગવાન સમ્બન્ધી ક્રિયા તે નિર્ગુણ છે, જેને ભગવાનનો સમ્બન્ધ થયો છે તેના ભાગ્યનો પાર નથી, જે ઈન્દ્રીયોનો દોર્યો ન દોરાય તે ભગવાનનો અંશ જાણવો, જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેમાં પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ્ઞાનયજ્ઞનું ફળ છે.

૧૦૨. વર્તાય તેટલું વર્તવું પણ અવતારી એવા ભગવાન મને મળ્યા છે તેનું બળ રાખવુ. આશરાનું બળ ધામમાં લઈ જાય, આશરાનું બળ મોટા ભયથી રક્ષા કરે, ભગવાનનો આશરો રાખવો એ મત અતિસારમાં સાર છે.

૧૦૩. પુરૂષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની અન્તર્યામી શક્તિ તેણે કરીને સર્વને વિષે વ્યાપે છે અને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે અને બ્રહ્મ છે તે તો પુરૂષોત્તમ ભગવાનનું કિરણ છે, ભગવાન તો સાકાર મૂર્તિ જ છે.

૧૦૪. ભગવાન તો સર્વ ક્રિયાઓને કર્તા થકા અકર્તા છે, સર્વના સંગી થકા પણ અત્યન્ત અસંગી છે.

૧૦૫. ભગવાનના પ્રાકૃત ચરિત્રમાં પણ દિવ્યપણુ જાણે તે પરમેશ્વરનો ભકત સાચો, એ જ પરમ પદ છે, તેને કાંઈ બાકી નથી.

૧૦૬. ભકતની સર્વ ક્રિયા નિષ્કામ છે, ભક્તિરૂપ છે તે મોક્ષ જ આપે છે.

૧૦૭. ભગવાનની પ્રસન્નતાને અર્થે જે પુરૂષપ્રયત્ન તે કલ્યાણનું મોટુ સાધન છે.

૧૦૮. હૃદયમાં તેજમાં ભગવાનની કિશોર મૂર્તિ છે તેનું એક રસ તેજ તે આત્મા છે, બ્રહ્મ છે, અક્ષરધામ છે, મૂર્તિ છે તે પરબ્રહ્મ છે, તે જ મનુષ્ય જેવા થાય છે, તે જ અક્ષરધામના પતિ છે તે ભગવાન જયાં બિરાજે તે જગ્યા નિર્ગુણ છે, તેના વસ્ત્ર અલંકાર વાહન સેવકો ખાન પાન નિર્ગુણ છે એ અવતારો ધારે છે, કયારેક મરણ પામે છે એ અલૌકિક છે. આવો દ્રઢ આશ્રય રાખવો આ મૂર્તિ તેજ પોતે છે, તે તેજને દેખે છે, આ સિદ્ધાન્ત છે.

૧૦૯. નિરૂત્થાનપણે ભગવાનના નિશ્ચયને તદાત્મકપણુ ગણાય તે જ નિર્વિકલ્પક સમાધિ ગણાય એવા સન્તને પણ નિર્ગુણ સ્વરૂપ ગણાય તેવો સન્ત તે મોટી બુદ્ધિવાળો જાણવો.

૧૧૦. ભગવાનના સ્વરૂપની નિષ્ઠામાં ધર્મનિષ્ઠા આવી જ જાય છે.

૧૧૧. ભગવાનનું સ્વરૂપ માયાતત્વે રહિત કેવલ ચૈતન્યમય સમઝવું.

૧૧૨. આકાશમાં વાયુ આદિ રહ્યા છે પણ આકાશને વાયુ આદિકનો દોષ અડતો નથી, તેમ પરમેશ્વરના સ્વરૂપને પણ માયિક તત્વોનો દોષ અડતો નથી, એવું ભગવાનનું પ્રગટ સ્વરૂપ છે.

૧૧૩. ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ભગવાનની મૂર્તિમાં ભાગ ત્યાગ કર્યાનો માગ નથી, ભગવાનની મૂર્તિમાં જેને કાંઈ ઉત્થાન કે વજર્યપણુ નથી તેને નિર્વિકલ્પ સ્થિતિ તથા સ્થિતપ્રજ્ઞતા જાણવી, આવા ભકતને ભગવાન જ સર્વ પાપ દોષ વિગેરેથી મુકાવે છે.

૧૧૪. ભગવાન તો પાપથકી અને અજ્ઞાનથકી મુકાવે છે તથા અભયપદ આપે છે એવો મોટો સ્વાર્થ જાણ્યો હોય તેને ભગવાનનો અવગુણ આવે જ નહિં.

૧૧૫. ભગવાનમાં શુકજીને-ગોપીઓને-કુબ્જાને તથા ઉદ્ધવને સંશય થયો નહિં, ભગવાન નિર્વિકાર છે, નિર્લેપ છે, ભગવાનના યોગ્ય અયોગ્ય જેવા ચરિત્રોમાં નિઃસંશય ભકતને એથી ઉપરાંત બીજુ કાંઈ સમઝવાનું રહેતું નથી.

૧૧૬. ભગવાન સર્વેના સ્વામી ભકતવત્સલ પતિતપાવન અધમ ઉદ્ધારણ છે, એવો જેને વિશ્વાસ નથી તે તો મહા નાસ્તિક જાણવો.

૧૧૭. શ્રીકૃષ્ણનારાયણ એવા પુરૂષોત્તમ ભગવાનના અવતાર પોતાના એકાન્તિક ભકતની રક્ષા કરવા થાય છે તેમાં પતિવ્રતાની નિષ્ઠા રાખવી, તેની માનસપૂજા કરવી, નવધા ભક્તિ કરવી, તેની પ્રતિમાની પૂજા મન વડે તથા તુલસી ચંદન પુષ્પ આદિ સામગ્રી વડે કરવી તથા સીતા અને રૂકમણીના જેવી ભક્તિ કરવી.

૧૧૮. સાક્ષી એવા બ્રહ્મ તો આર્થિક બ્રહ્માણ્ડોને પણ ચૈતન્યમય કરે છે અને સર્વે ક્રિયા કરવાની સામર્થી આપે છે.

૧૧૯. સિદ્ધદશાવાળો ભકત એને એ દેહે કરીને પણ શ્વેતદ્વીપાદિકમાં ફરવા જાય એવી ગતિવાળો હોય છે.

૧૨૦. જેમ જેમ સમાધિ દ્રશ્યને પામે તેમ તેમ સર્વજ્ઞપણું પ્રત્યક્ષદર્શીપણું વધે છે.

૧૨૧. જીવના કલ્યાણને અર્થે ભગવાન અને સન્તના ચરિત્રોનું ગાન કરવું.

૧૨૨. વર્ણાશ્રમ ધર્મો તો સુખીયા રહેવા માટે છે, કલ્યાણતો પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સન્તનું દિવ્ય માહાત્મ્ય સમજવું તે જ છે. આ વાત આજ સમઝો કે લાખ વર્ષો કેડે સમઝો પણ એ વાત સમજે જ છૂટકો છે.

૧૨૩. નારદ-શુકજી-શિવ-બ્રહ્મા આદિ પણ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સન્તનું માહાત્મ્ય બતાવે છે, આ વાતનો મુદ્દો જેને હાથમા આવ્યો તે કલ્યાણના માર્ગથી પડે જ નહી.

૧૨૪. દેશ-કાળ-કર્મ-માયા આદિકનું પરમેશ્વર ચાલવા દે તેટલુ ચાલે માટે સર્વ નિયન્તા કર્તા પરમેશ્વર જ છે.

૧૨૫. શૂરવીર ભકતે ભગવાનના ધામમાં જવાનું નિશાન રાખવું. માન-અપમાન-સુખ-દુઃખ-રોગ-નીરોગ-જીવન મરણરૂપી કચરામાં ઘુંચવાઈ રહેવુ નહિં. આલોકના મંદવાડ, નાણાનો લોભ, સ્ત્રી પુરૂષના ભોગ, ધન, દોલત, સમ્પત્તિ, મિલ્કત, સત્તા આદિકની, મોટા કુલ કુટુમ્બની અહંમમતા તે ટાળી નાખવા.

૧૨૬. ભગવાન વિના બીજા પદાર્થોની વાસના રાખે નહિં એવા સન્ત થકી કોઈ બીજી મોટી પદવી નથી.

૧૨૭. જેના હાથમાં પ્રગટ ભગવાનરૂપી ચિન્તામણિ આવી તેને ભગવાનની મૂર્તિરૂપી ચિન્તામણિ સર્વ પદાર્થ આપે છે, તે વડે સર્વ વાતની સિદ્ધિ થાય છે.

૧૨૮. જેણે મન અવિકારી રાખ્યું તેને પરમ ભાગવત સન્ત જાણવા, મન વડે ભગવાનમાં જ આસકત રહેવુ.

૧૨૯. પ્રગટ ભગવાનનો યોગ રાખવો અને પ્રગટ ભગવાનમાંથી સુખ લેવુ, પતિ પત્ની આદિકે પોતામાં ભગવાનનો પ્રવેશ કાયમ સમજવો, રસોયામાં લક્ષ્મીજીનો પ્રવેશ હોય તો જ ભગવાન તેનો થાળ જમે છે. તુલસીપત્ર લક્ષ્મીજીનુ પત્ર છે, આવી સ્થિતિનો ભકત ભગવાન વિના કયાંઈ લોભાય જ નહિં, તેને કોઈ જાતના વિક્ષેપો આવતા જ નથી.

૧૩૦. નારીએ પોતામાં રૂકમણી રાધિકાજી સીતાજીનો વાસ કાયમ માનવો, નરવર્ગે પોતામાં ભગવાનનો વાસ કાયમ સમજવો, આવા ભકત કર્તા થકા નિર્લેપ છે, અને મુકત સમાન સુખીયા રહે છે.

૧૩૧. ભગવાન તથા સન્તની સેવા વડે વાસનાઓ નાશ પામી જાય છે.

૧૩૨. દીન અધીન વરતે તે ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.

૧૩૩. ભકતજનો ભગવાનને ન ગમે તે ન કરવું, સવળું લેતા આવડે તેના ઉપર ભગવાનને અતિશય હેત થાય છે.

૧૩૪. ભગવાનના ભકતે ભગવાનને ન ગમે તે ના કરવું.

૧૩૫. ભગવાનની ભક્તિ કરવામાં અન્તરાય કરે એવાં આત્મજ્ઞાન વૈરાગ્ય ધર્મને પણ પાછા પાડીને ભક્તિ મુખ્ય કરવી.

૧૩૬. જેણે કલ્યાણ ઈચ્છવું તેણે મોટા પુરૂષ રાજી થાય તેમ કરવું.

૧૩૭. ઉપાસના રહેવા સારૂ મન્દિરો કરાવ્યાં છે.

૧૩૮. આ પ્રગટ ભગવાનનો બહુજ દયાળુ સ્વભાવ છે. નિન્દક માણસ આ ભગવાનને ગમતો નથી, આ પ્રગટ ભગવાન નિજ ભકતના ભકત છે, છેટે રહેતા હોઈએ અને ભગવાનનો રાજીપો હોય તો પાસે જ છે, ભગવાનનો જેમાં રાજીપો હોય તે કરવું, ભગવાનની સેવા કરનાર ધામમાં ભગવાન પાસે જ બેસશે, આ વાર્તા પરમસાર તથા પરમ રહસ્યમય છે. તથા પરમ જીવનદોરી છે.

૧૩૯. ભગવાનમાં અતિ આસક્ત ભક્ત ભગવાનને સ્વપ્નમાં દેખે, સુષુપ્તિમાં પણ ભગવાન સાથે વિહરે, સમજણ સાથે રહસ્ય ભરી સેવા મળે તો અતિ આસક્તિ ઉપજે.

૧૪૦. શુદ્ધ ચેતન બ્રહ્મરૂપ ભકતને પરબ્રહ્મ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં જ બધી કામના પુરી થાય છે પછી બીજુ ગમે નહી.

૧૪૧. આ જીવ મનન કરે જે 'હું બ્રહ્મ છું' તેને બ્રહ્મસ્થિતિ થાય છે, બ્રહ્મસુખે સુખીયો થાય છે અને પરબ્રહ્મનેજ બ્રહ્મમાં-મુક્તોમાં- ઈશ્વરોમાં-પોતામાં-પત્ની-પતિ-પુત્ર આદિકમાં દેખે છે. તે આ શ્રીકૃષ્ણનારાયણ પુરૂષોત્તમને સ્વામીને મેળવે તેને કાંઈ ખામી રહેતી નથી. એની જ આ સૃષ્ટિ-દિકરા-દિકરીઓ-વંશ-વિસ્તારો છે, વચ્ચે બીજ રચ્યા છે તે તો સ્થૂલ ભાવ સરખી રીતે સજાતીય સમાનતા નિભાવવા રચ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ પિતા છે, પોતે જ માં છે, પોતે જ પતિ, પોતે જ પત્ની છે, પોતે જ સર્વ શરીર છે, પોતે જ પુરૂષોત્તમ અક્ષરબ્રહ્મ પુરૂષ, ઈશ્વર જીવ અને માયામાં રહીને કાર્ય ચલાવે છે, આમ સમજીને સર્વ શરીરી એવા ભગવાનને સેવવા.

૧૪૨. એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ જીવ કલ્યાણ પામે છે માયાને તરે છે, ભૂંડા દેશ કાળાદિકને હઠાવવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શરણાગતિ આદિક ટેકા રાખવા.

૧૪૩. ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન ધ્યાન કીર્તન કરીને બ્રહ્મરૂપ થવાય છે અને માયાને તરાય છે તથા અક્ષરધામ પમાય છે. ભગવાન તો ભકતનું સારૂ કરવા હળી મળીને રહે છે.

૧૪૪. શીલવ્રત પણ ભગવાનમાં હેતવાળાને અખંડિત છે એમ જાણવું. ભગવાનમાં મન રહે, ભગવાનનો જ પ્રસાદ જમે અને ભગવાન કહે તેમ જ કરે, તે શીલવ્રતમાં દ્રઢતા પામે છે. ભગવાનમય જે વ્રત તે શીલવ્રત છે.

૧૪૫. અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાં ધ્યાન કરનારને આત્મદર્શન થાય-તેજ ભાસે પોતામાં ભગવાનની મૂર્તિ દેખાય ત્યારે તેજસ્વી આત્મા પણ દેખાય માટે ભગવાનની ઉપાસના ગુણગાન સ્મરણ કરતાં જ રહેવા.

૧૪૬. ભગવાનમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, ભગવાને આપેલા કે ભગવાનથી મેળવેલા સુખ સંભારવા.

૧૪૭. એકાન્તિક ભકતને ભગવાનમાં સદા પ્રવેશપણું વરતે છે, ભગવાનની જ રટના લાગી રહે છે.

૧૪૮. અન્તરદ્રષ્ટ્રિએ વરતવું, આત્મ સ્વરૂપે વરતવુ. પ્રગટ ભગવાને મને નજરમાં રાખેલ છે એમ માનવું અને ભગવાન મારી ભેળા જ છે એમ રાખવું.

૧૪૯. શાસ્ત્રોમાં જેને બ્રહ્મજ્ઞાન, તત્વ, સૂક્ષ્મ, નિરંજન, ક્ષેત્રજ્ઞ, કારણ, પરબ્રહ્મ, પુરૂષોત્તમ, વાસુદેવ, વિષ્ણુ, નારાયણ આદિ નામે કહ્યા છે તે આ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનારાયણ છે, તેથી અધિક કોઈ નથી, તે જ ભગવાન અવતારી છે અને અવતારો ધારે છે એવા પ્રગટ ભગવાનના ચરિત્ર ગાવા વડે પરમપદ પમાય છે, ભગવાનના જન્મ કર્મ મૂર્તિ વગેરે દિવ્ય છે, એવા પ્રગટ ભગવાનનો સમ્બન્ધ જેને થયો તે ધામમાં ભગવાનને જ પામે છે.

૧૫૦. ભગવાનના ભકતની સેવા વડે જીવનું અતિ રૂડુ થાય છે, અતિ સુખીયાપણું થાય છે.

૧૫૧. ભગવાનની સેવા પ્રસન્નતાર્થે તથા નિજ કલ્યાણાર્થે કરવી.

૧૫૨. જયાં પ્રગટ પુરૂષોતમની મૂર્તિ છે ત્યાં અક્ષર બ્રહ્મધામનું મધ્ય છે.

૧૫૩. ભગવાનમાં જે પ્રીતિ તે બ્રહ્મરૂપ પ્રીતિ છે. એવો ભકત પોતે બ્રહ્મ સ્વરૂપ જ છે.

૧૫૪. સમજું હોય તેણે ભગવાન અને ભગવાનના ભકત રાજી થાય તેમજ વર્તવુ, અને પોતાના સમ્બન્ધિ જે માણસ હોય તેને પણ એમ ઉપદેશ કરવો જે ''ભગવાન ભગવાનના સન્ત જે જે પ્રકારે આપણી ઉપર રાજી થાય અને કૃપા કરે તેમજ આપણે વર્તવું.'' અગ્નિ-સુર્ય-ચન્દ્રાદિક ભગવાન અને ભગવાનના સન્તને રાજી કરીને તેવા પ્રકાશને પામ્યા છે.

૧૫૫. જે જે સુખિયા છે તે પણ ભગવાન અને સન્તના રાજીપા વડે સુખિયા છે.

૧૫૬. ભગવાન તો એકાન્તિકપણાના ભાગવત ધર્મ પ્રવર્તાવવા અવતાર ધારે છે.

૧૫૭. ભગવાનના સ્વરૂપનું સાક્ષાત ચિન્તવન કરનાર કૃતાર્થ થયો છે, એવા સન્ત મધ્યે જન્મ ધર્યાનું કારણ ઉપજાવીને પણ પ્રગટ રહેવું તે ભકત કાળકર્મમાંથી મૂકાયો છે, તેના મા-બાપ કૃતાર્થ છે, બ્રહ્મવેતા સન્તનો સંગ અને ભગવાનનું સાક્ષાત દર્શન ચિન્તન અતિ દુર્લભ છે તે સુલભ કરવુ એથી ઉપરાંત માનવ દેહનો બીજો લાભ નથી, ભગવાન સમ્બન્ધી જ શબ્દ સ્પર્શ રૂપ રસ ગન્ધ લેવા, કાન-ત્વચા-નેત્ર-રસના-નાસિકા પણ ભગવાનનાં જ કથા-શ્રવણ-સ્પર્શ-દર્શન-પ્રસાદ-સ્વાદ- સુગન્ધ લ્યે એવી એકાન્તિક સ્થિતિ મુકત સ્થિતિ છે.

૧૫૮. ભગવાનના સ્વરૂપના ચિન્તન દર્શન કરનારા અભયપદને પામે છે અને ભગવાનની સભાના વતની થાય છે.

૧૫૯. એકરસ પરિપૂર્ણ બ્રહ્મમાં આત્માને લીન કરી રાખવો અને મૂર્તિમાન પરબ્રહ્મમાં પ્રીતિ સતત રાખવી.

૧૬૦. આત્મસત્તારૂપે કે બ્રહ્મસત્તારૂપે વર્તનારને પરબ્રહ્મનું તદાત્મકપણું 'આ બધુ હું છું' એવું દેખાય તે બ્રહ્મસત્તાએ મુકતપણે સર્વદર્શી થઈને ભગવાનમાં જોડાએલા રહે છે તેને બીજુ કાંઈ ગમતુ નથી.

૧૬૧. ભગવાન લક્ષ્મીપતિ અસંખ્ય સૃષ્ટિપતિ છે, તે પ્રગટનો ભકત પણ અલૌકિક દિવ્ય દ્રષ્ટિએ યુકત વર્ત્યા કરે છે અને તમામ ચરિત્રને દિવ્યપણે ગાય છે.

૧૬૨. ભગવાનના સન્તમાં આત્મબુદ્ધિ છે તે સત્સંગને કલ્યાણકારી જાણે છે.

૧૬૩. ભગવાન તો મરણ પથારીએ પડેલાની પેઠે બધેથી ઉદાસ જ છે પણ એકાન્તિક ભકતને માટે તેની ક્રિયામાં ભળે છે.

૧૬૪. શરીરી આત્મા છે, શરીરના તત્ત્વો તો સોની જેવાં ચોર છે, તે સમઝીને આત્માએ પરમાત્મામાંજ પ્રીતિ રાખવી, ભગવાનમાં પ્રીતિ કરવામાં વિઘ્ન થાય તેવું બધું તજી દેવું.

૧૬૫. ભગવાનમાં પ્રીતિ કરવી તે દિવ્ય આત્મસત્તાએ કરવી, ઈન્દ્રિયો અન્તઃકરણના સુખના લોભ માટે ન કરવી, આત્મામાં માયિક આવરણો ઘેરો નાખવા આવે તેને બ્રહ્મસત્તાએ કરીને ઉડાડી નાખવા. એ પ્રગટ ભગવાનની મોટ્યપ આગળ બ્રહ્માદિકના વૈભવ પણ ગણત્રીના નથી. મને જે પ્રગટ ભગવાન મળ્યા છે તે વડે મારા સંગ કરનાર જીવને પણ હું ભગવાનના ધામમાં મોકલી દઉ માટે માયાનું કુટુમ્બ મને કાંઈ કરનારૂ નથી એમ નર કે નારી એવા શ્રીહરિશરણાગતિ સત્સંગીએ બળ રાખવું.

૧૬૬. શ્રીહરિશરણાગતિ એવા સત્સંગની પુષ્ટિ પોતાના પ્રગટ ભગવાનના ગ્રન્થ, લીલા ચરિત્ર, ચમત્કાર, પરચાઓની દ્રઢ સમજણ અને ભાગવત ધર્મ રૂપી એકાન્તિકી ભક્તિ વડે થાય છે.

૧૬૭. ભગવાન પ્રગટ થયા તે નિજ ભકતને લાડ લડાવવા થયા છે તેવા લાડ લડાવવા, તેમાં પરમ ભાગવત ધર્માચરણ, ઈષ્ટ ભગવાનનો મહિમા તથા જીવનલીલા ચરિત્રોના શાસ્ત્રોની કથા વાર્તાઓ કરવી કરાવવી.

૧૬૮. ભકતજને શક્તિ પ્રમાણે પોતાના પ્રગટ ભગવાનના ગુણગાનવાળા શાસ્ત્ર લખ્યા કરવાં.

૧૬૯. ભગવાન અનો ભગવાનના સન્ત કલ્યાણકારી જ છે. ભગવાનના સન્ત તો બ્રહ્માદિકથી પણ અધિક છે. ભગવાનના સન્તની પ્રાપ્તિ જ પરમ કલ્યાણ છે. ભગવાનના સન્તની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે. ભગવાનના સન્તમાં ભગવાન જેવું હેત રાખવું, પતિ-પત્ની-મા-બાપ-પુત્ર-ભાઈ- બહેન જેવું પરમ ભાગવત ભરેલું હેત રાખવું. તેમાં આડુ પડ ન રાખવું.

૧૭૦. જેને પૂર્વ જન્મમાં ભગવાન કે ભગવાનના સન્તની પ્રાપ્તિ થઈ હશે, તેમની સેવા કરી હશે, તેમને આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભકતમાંથી હેત મટેજ નહી.

૧૭૧. આ સંસાર મનુષ્યાદિકનો ભગવાને રચેલો બગીચો છે, જયાં રસપ્રદ આનન્દઘન મીઠી મૂર્તિ ભગવાન ઓળખાય અને મળી જાય ત્યાં જ આશરો સેવા પ્રીતિ કરીને લાભ લઈ લેવો તથા કલ્યાણનું વરદાન માંગી લેવું, તેમાં લૌકિક આવરણ આડા ન રાખવા.

૧૭૨. પોતાના ઈષ્ટ ભગવાનના નિયમ-સેવા-ચાકરી-રાજીપો અને ગુરૂભાઈ બહેનોનો પુરો પક્ષ સાંચવવો, ગૃહસ્થે પોતાનુ સર્વસ્વ ભગવાન અને ભગવાનના ભકતને માટે કરી રાખવું, તેઓને બધું અર્પણ કરીને રાજી કરી લેવા એ શ્રેષ્ઠ પુરૂષાર્થ છે સત્ય કમાણી છે, પ્રિતી કરી હશે તે ધામમાં લઈ જાશે, આ વાત તે એમ જ છે. ગુલાબપાંખડી જેવા નાના પદાર્થે કરીને પણ ભગવાન અને સન્ત રાજી થતા હોય તો તે વડે પણ રાજી કરી લેવા, ભક્તિ વડે પત્ર-પુષ્પ-ફળ-જળ-અત્તર-તન-મન-ધન-સાજ-સમાજ-સામગ્રી-ખાન-પાન-પાગરણ-અંજલિ-રમત-ગમત-સહવાસ-સંગ-સમાગમ-હાવ-ભાવ-વિચારણા-વિહાર-કીર્તન-રાસરમણ-ઉત્સવ-આનન્દ વગેરે વડે ભગવાન અને સન્તને રાજી કરીને મોક્ષનું વરદાન મેળવવુ.

૧૭૩. ભજન કરનારો ઈન્દ્રિય અન્તઃકરણ અને જીવાત્મા એ સર્વેને એકાગ્ર કરીને ભજનમાં જોડાય એના સર્વ પાપ બળીને ભસ્મ થઈ જાય છે અને મોક્ષનો ભાગીદાર થાય છે.

૧૭૪. જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેણે પોતાનું દેહ ધન ધામ કુટુંબ પરિવાર સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવા, તે મરીને પરમ મોક્ષને પામે છે.

૧૭૫. ભગવાનને આત્મારૂપે પતિવ્રતાપણે દાસ દાસી ભાવે ભજવા.

૧૭૬. વૃત્તિનો નાશ થયે વાસનાત્મક લિંગ દેહનો નાશ જાણવો.

૧૭૭. આત્માનું બ્રહ્મરૂપે દર્શન કરનારને પરબ્રહ્મ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું પણ દર્શન થાય છે.

૧૭૮. ભગવાનમાં પતિભાવે વૃત્તિ જોડવી, દાસી ભાવે સ્વામીનાથ પાસે રહેવું.

૧૭૯. ભકતને ભગવાન ધીરજ જોવા દુઃખ પ્રેરે છે અને ભકતના હૃદયમાં રહીને જોયા કરે છે.

૧૮૦. જેને ભગવાનના ભકતની સેવા પ્રાપ્ત થઈ તેને નિધડક રહેવું.

૧૮૧. ભગવાન અને ભગવાનના ભકતની સેવા તે બળ પામવાનો ઉપાય છે.

૧૮૨. ભગવાન અને ભકત ભેળુ દેહ ધરીને રહેવું શ્રેષ્ઠ છે, સેવા છે તે બળનો ઉપાય છે, ભગવાનના ભકત છે તે કેવલ બ્રહ્મનીજ મૂર્તિયો છે, એને વિષે મનુષ્યભાવ લાવવો નહી.

૧૮૩. ભગવાન સદાય અક્ષરધામમાં રહ્યા થકા અસંખ્ય રૂપે અસંખ્ય બ્રહ્માડોમાં દેખાય તે પોતાની યોગકળા છે.

૧૮૪. ભગવાનમાં રસિકપણું-જ્ઞાનિપણું-ત્યાગિપણું-રાજાધિરાજપણું-શૂરવીરપણું-કાયરપણું-દયાળુપણું-સેવકપણું-બલિષ્ઠપણું-ભોકતા-ભોગ્યપણું એવી અસંખ્ય કળાઓ રહી છે. જયાં જેમ વાપરવી ઘટે ત્યાં તેમ વાપરે છે.

૧૮૫. ભગવાનના અવતાર ભકતની ભક્તિને અંગિકાર કરવા પંચ વિષયને પણ સારી પેઠે ભોગવે છે, નિઃશંક વર્તે છે, છતા તે નિર્મોહી છે, તેવા ભક્ત પણ નિર્મોહી છે.

૧૮૬. કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે, કલ્યાણ તો ભગવાન વતે જ છે, સાધનો તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે.

૧૮૭. ભકતજીવ ચેતનપાત્ર મૂર્તિ રૂપે સારૂપ્યપણે ભગવાનના ધામમાં વસે છે.

૧૮૮. જેને ભગવાન અને ભગવાનના સન્તની પ્રાપ્તિ થઈ છે તેને જીવાત્માનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે, તે ભકતને ભગવાન પોતા જેવો જ કરીને ધામમાં સેવામાં રાખે છે.

૧૮૯. ભગવાનને ભજીને અનન્તકોટિ વૈષ્ણવ ભગવાન સરખા થાય છે, તો પણ ભગવાન તો સર્વોપરી સ્વામી જ સર્વેના નિયામક રહે છે.

૧૯૦. જેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણભગવાનના સ્વરૂપનો નિશ્ચય થયો છે તે તેને નિર્વિકલ્પ સમાધિ છે.

૧૯૧. ભગવાનને સર્વ કર્તાહર્તા મૂર્તિમાન પ્રગટ પ્રભુ સમઝે તેના ઉપર ભગવાન રાજી થાય છે.

૧૯૨. પ્રગટ અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન અક્ષરધામમાં છે તે જ શ્વેતદ્વીપમાં-વૈકુંઠમાં-ગોલોકમાં છે, તે જ અવતાર ધારે છે, તે જ આ શ્વેતાયન સ્વરૂપે તીર્થમાં પ્રગટયા છે, એમ સમજી સેવા કરવી, એવા પૂર્ણ જ્ઞાની ઉપર ભગવાન અતિશય રાજી થાય છે.

૧૯૩. ગોપીઓને રાસક્રીડામાં ન જવા દીધી તે દેહ મૂકીને શ્રીકૃષ્ણનારાયણ પાસે ગઈ એવી અસાધારણ ભક્તિ કરવી.

૧૯૪. વડવાનળ જેવી સિદ્ધ દશાએ નિર્લેપપણે વરતવું.

૧૯૫. મનકર્મવચને સન્તના સંગમાં કલ્યાણના સર્વે સાધન આવી જાય છે.

૧૯૬. આ પ્રગટ શ્રીકૃષ્ણની શ્વેત મૂર્તિને હૃદયમાં-મનમાં-નેત્રમાં અને આગળ-અડખે-પડખે-હૃદયમાં હૈયાનો હાર કરી જીવમાં ઉતારવી, સાક્ષીમાં જોવી અને પ્રીતી કરવી એ સાક્ષાત્ યોગ ગણાય.

૧૯૭. ભગવાનનાં સ્વરૂપમાં માયાનો ભાગ નથી એમ સમજીને મૂર્તિનો સેવક માયાને તરી ગયો છે, પ્રગટ પ્રમાણ શ્રીહરીને સેવે તે દેહની ક્રિયા કરતો થકો અકર્તા છે અને મુકત જ છે અને અક્ષરધામમાં વરતે છે અને ભગવાનને સુખે સુખીયો છે.

૧૯૮. પ્રભુની મરજી પ્રમાણે જ વરતે તે શરણાગત અનન્ય ભકત કહેવાય છે, તેના મહાપ્રલય જેવા દુઃખ પણ ભગવાન ટાળે છે.

૧૯૯. ભગવાન અને ભગવાનના ભકતની સેવા કર્યાનું સરખુ ફળ ઉત્તમ ભકતને મળે છે.

૨૦૦. ખરાબદેશ ખરાબકાળ ખરાબસંગમાં પણ ભગવાન ભકતને ઉગારે છે.

૨૦૧. ભગવાન એવો સંકલ્પ કરીને પ્રગટ થાય છે જે, 'પાત્ર-કૃપાત્ર બધાને મારી મૂર્તિનો યોગ થાઓ' તો તે બધા કેવલ યોગ વડે તરી જાય છે.

૨૦૨. જે જે આ પ્રગટ ભગવાનના સમ્બન્ધને પામયા તેનું કલ્યાણ કર્યુ છે, આ તો પોતાની પ્રબલ ઈચ્છાએ કરીને છે.

૨૦૩. છાતી પર હૈડાનો હાર કરીને ભગવાન રાખે તો પાપ બળી જાય અને પુણ્યશાળી થાય છે.

૨૦૪. જેને પોતાના ઈષ્ટ પ્રભુજી વ્હાલા છે તેને તનની ચામડીના જોડા સીવડાવી દેવા પડે એવુ હેત કરવું.

૨૦૫. ભગવાન પોતે ધામમાં-મુકતોમાં- અવતારોમાં-ઈશ્વરોમાં-માયામાં તત્વોમાં-આવરણોમાં-ઋષિઓમાં-મુનિયોમાં-પિતૃઓમાં-માનવોમાં-નર-નારી-પશુ-પક્ષી-વૃક્ષ-વેલી-તૃણ-ચેતન-જડ તમામમાં ભેગા રહ્યા છે એમ અન્વય પણે દેખીને સન્ત-ભગવાન-ભકત-કુટુંબ-પત્ની-પતિ-બાલ-બચ્ચા વગેરેને ભલે ભાવે સાંચવવા

સેવવા રાજીપો લેવો, તેમાં ભગવાન રાજી થાય છે, સુખ આનન્દ અમીના ઝરણા વરસાવે છે.

૨૦૬. ત્રણ દેહથી નોખો આત્મા ભકતરાજ ભગવાનમાં લીન વરતે એ સમાધિ છે અને દિવ્ય નિદ્રા છે.

૨૦૭. ભગવાનનુ સુખ ક્ષણમાત્ર મળે તો અમીના અખંડ ઓડકાર આપે છે.

૨૦૮. રાજારૂપે-સન્તારૂપે-યોગીરૂપે-જ્ઞાનરૂપે સાધારણ કે અસાધારણ મૂર્તિ એવા ભગવાનને તેની રીતે સેવીને પ્રત્યક્ષ સંગે કરીને જીવનું કલ્યાણ થાય જ છે, તેના સન્તના સંગે પણ તેવું જ કલ્યાણ થાય છે, મૂર્તિને સેવ્યે પણ તેવું જ કલ્યાણ થાય છે.

૨૦૯. મારા હરીજી શુ હેત ન દીસે રે તેને ઘેર શીદ જઈએ - મારા વ્હાલાજી વહાલપ દીસે રે તેનો સંગ કેમ તજીએ, આમ પ્રગટના ભકતોએ રહેવું તે પણ રાજી કરવાનો ઉપાય છે.

૨૧૦. ભગવાન અને ભગવાનના સન્તમાં કામાદિ દોષ પરઠે તો તેનો જીવ નિર્ગુણપણાને ન પામે, લીલાચરિત્ર દિવ્ય સમજે તો તેનો જીવ મુકત થઈ જાય છે.

૨૧૧. બ્રહ્મરૂપ સત્પુરૂષ શરીર ઈન્દ્રિયોની ક્રિયા માનતા નથી, તેમાં અતિ પ્રીતિ કરવી દ્રઢ હેત કરવું, આ પ્રીતિ આત્મ દર્શનનું સાધન છે, તથા પરમેશ્વરના દિવ્ય સાક્ષાત્ દર્શન થવાનું એજ સાધન છે.

૨૧૨. પૃથ્વી પર બિરાજતા પ્રગટ ભગવાનની ઓળખાણ જેને થાય છે તેનો જીવ ચન્દ્રમાની પેઠે વૃદ્ધિને પામતો જાય છે, પૂર્ણ ભકત થયો તેને પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તો પણ તેને ભગવાનમાં કોઈ દોષ ભાસતો જ નથી, જે દિવસથી આ પ્રગટ ભગવાન મળ્યા તે દિવસથી કલ્યાણ થઈ ચુકયું જ છે, મારૂં દર્શન કરશે તેનું પણ કલ્યાણ થશે તે પરમપદને પામશે, પ્રગટ ભગવાનના સમ્બન્ધવાળા વૃક્ષવેલી પણ કૃતાર્થ થાય છે તે પરમ પદના અધિકારી થાય છે.

૨૧૩. ભગવાન દેખાવમાં તો મનુષ્ય સરખા જણાય પણ તે અતિશય અલૌકિક દિવ્ય મૂર્તિ છે તેના દર્શનમાં જીવના ઈન્દ્રીયો ભગવાનમાં તણાઈ જાય છે તે ચમત્કારે કરીને સમાધિ પણ થઈ જાય છે.

૨૧૪. ભગવાન પણ આપણાં ભેગા જ છે તે બહાર નિજ મૂર્તિ દેખાડે છે દર્શન આપે છે.

૨૧૫. જેના ઉપર સત્પુરૂષનો અનુગ્રહ થાય તેનું દૈવીપણું વધતું જાય, માટે સન્તને રાજી કરવા.

૨૧૬. ભકતને ચમત્કાર બતાવવા પડતા નથી, ભકત ચમત્કાર માંગતો પણ નથી, અવળો જીવ હોય તેની અવળાઈ ટાળવા તથા સ્વાર્થી સકામને સત્સંગ કરાવવા ચમત્કાર દેખાડવો પડે છે, પણ ચમત્કારના તરસ્યાને સમજણ તો આવેજ નહિં, તેથી તેને ઓળખીને ભગવાન ચમત્કાર જ નથી દેખાડતા, તેવો જીવ પરીક્ષા કરવા આવે તે ભગવાનને ગમતો જ નથી, તે માયાનો જીવ છે તે અવળુ લઈને દૈત્ય ભેગો જ ભળશે તેથી તેને આઘો રાખે છે, તેવા કેટલાય હાડહાડ થાય છે અને સેબકા જોવા અડખે પડખે રખડે છે. તેને અનુગ્રહ મળતો નથી, મન બધાં એવા જ છે તે માયામાં જ ઘુંચવાય છે, તેનો સંગ તજવો.

૨૧૭. જીવનો સ્વભાવ છે જે પ્રવૃતિ વિના દિનરાત જાય નહિં માટે જીવ તો ભગવાનની પ્રવૃતિઓમાં જોડી દેવો, મંદિરો કરાવવા તેની સેવા માટે બાગ બગીચા ફુલવાડી કરવાં, કુટુંબ પરિવાર સગાં સંબંધી મંડળ વડે સમૈયા ઉત્સવ કરવા.

૨૧૮. આંહીની પ્રગટ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ ને જ ધામમાં સેવવી છે માટે આહીં સેવવા એ ધામમાં પણ સેવવાજ છે, માટે ગોપ ગોપીઓની પેઠે સેવવા.

૨૧૯. ભગવાન પતિતપાવન તથા અધમ ઉધ્ધારણ છે તે લૌકિક રીતિને પણ નહિં ગણીને, ઉધ્ધારીને ધામમાં પોતાની પાસે સેવામાં રાખશે, ત્યાં પ્રીતિએ કરીને સેવા અંગીકાર કરશે.

૨૨૦. બ્રહ્મરૂપે વરતવુ અને પરબ્રહ્મ પ્રગટ પ્રભુજીને ભજવા.

૨૨૧. પ્રગટ એવા મનુષ્યરૂપની અલૌકિક દ્રષ્ટિ-બ્રહ્મસૃષ્ટિ-ઈશ્વરસૃષ્ટિ અને જીવસૃષ્ટિમાં સર્વત્ર પહોંચેલી જ છે, તો પણ સેવક સમાન હેળમેળથી અજાણ્યા હોય તેમ વર્તે છે, તે ભકતને સુખ દેવા વર્તે છે.

૨૨૨. સમઝુ ભકતો એમ સમઝવુ કે, 'મારામાં જેટલા તોફાન છે તે બધાને શમાવવા માટે ભગવાન પણ તેમ વર્તીને સુખિયા કરે છે.'

૨૨૩. સત્સંગે કરીને ભગવાન વશ થાય છે.

૨૨૪. પ્રત્યક્ષ ભગવાનમાં બધા મનોરથ પૂરા કરી લેવા.

૨૨૫. અક્ષરધામમાં આનન્દસાગરમાં રહેવાનું જ છે.

૨૨૬. સાચા કુટુંબી માવતર પ્રાણપતિ ભગવાન છે, તેની સેવામાં પાછું ન રહેવુ.

૨૨૭. હૃદયરૂપી ઘરમાં જ્ઞાનના પ્રકાશમાં આત્માએ પરમાત્મા સાથે રમતા રહેવું.

૨૨૮. ભગવાન અને ભગવાનના સન્ત એથી ઉપરાંત બીજું કાંઈ સુખદાઈ નથી, તેમાં આત્મા-બુદ્ધી અને પક્ષ રાખવા. ભગવાનના ભકત જેવા દેહ અને દેહના સગાં સમ્બન્ધીને વ્હાલા રાખવા નહિં. તેમને ભગવાનના સગા સમ્બન્ધી કરી રાખવા, જેથી ભકત ભગવાનના ધામમાં જ છે. તે કયારેય ઉદાસીન વરતે નહિં.

૨૨૯. ભગવાન અને ભગવાનના ભકત થકી મન નોખુ પડે તો તે મોટું વિઘ્ન જાણવું.

૨૩૦. આપણે જયારે તન મન ધન ભગવાનને અર્પણ કર્યુ ત્યારે હવે ભગવાનની ઈચ્છા તેજ આપણું પ્રારબ્ધ છે.

૨૩૧. જીવને સ્ત્રી-પુત્ર-ધન-દોલતમાં જેટલા ટકા હેત છે તેટલા ટકા ભગવાનમાં ઓછુ હેત છે એમ ખ્યાલ રાખવો, જેટલુ સ્ત્રી પુત્રાદિ માટે થાય, તેટલું ભગવાન માટે ન થાય તેટલી પ્રીતિ ભગવાનમાં ઓછી છે.

૨૩૨. આસુરી જીવ ઉપરથી મીઠો જણાય અંદરથી તો ખારો-તીખો-કડવો-કષાયેલો હોય છે, તેને લગારેક સંછેડયો હોય તો તે જણાઈ આવે.

૨૩૩. માતા બાળકની રક્ષા કરે છે, તેમ હું ભગવાન મારા વિશ્વાસી ભકતની રક્ષા કરૂં છું.

૨૩૪. ભગવાન અને સન્ત માટે વ્હાલામાં વ્હાલી વસ્તુ વાપરે તેને તેમનું અત્યન્ત માહાત્મ્ય છે એમ જાણવુ.

૨૩૫. પતિવ્રતાને પતિ વિના બીજે હેત નથી તેમ તેવા ભકતને પણ તેમ જ વરતે.

૨૩૬. જેણે બધાંય ઈતિ કરી રાખ્યા તે કયાંઈ જોડાઈ નહિં.

૨૩૭. ભગવાન અને ભગવાનના સન્તના અવગુણિયાઓની સાથે શા સારૂ હેત રાખવું જોઈએ ?

૨૩૮. સત્સંગ અલૌકિક દિવ્ય છે, દ્રઢ સત્સંગ રાખવો, ભગવાન આપણુ ધાર્યુ ન કરે તોય સત્સંગ ન મેલી દેવો. દિકરા-ધન- સમ્પત્તિ-નીરોગ-નોકરી-વેપાર ઈત્યાદિ માટે તો તનતોડ સત્સંગ દેખાડતા હોય એવાના મનોરથો પુરા ન થાય તો ભગવાનને પણ જાતા કરે, અવગુણ ગાય, દ્રઢ ભકતને મેણા મારે એવા જીવના પાશમાં ન આવવું, તેને સુધારવા મહેનત કરવી પણ સુધરે નહિં તો પોતાનું

સત્સંગ બળ ખોઈ ન બેસવું, ઘણાય બોકડાં બોરડીના જાળામાં નાખી દેતા હોય એવા પાપીને છોકરા કોણ આપે ? તે છોકરો પણ તેના બાપનો ચીલો લ્યે, માટે આસુરી પાપી પરમ્પરાઓમાંથી નિર્લેપ રહેવું, મચ્છીમારને ગમે તેવો સત્સંગ થાય પણ નાત પ્રમાણે વરતે. અતિહિંસક વૃત્તિમાં ખેંચાય જાવુ નહિં. અતિ વેશ્યાવૃત્તિવાળીની પાછળ પડી જવું નહિં. આત્મનિવેદી સત્સંગી સાથે ભગવાનને હેત પ્રીત છે. તેજ સગા સમ્બન્ધી નાત જાત છે ધામમાં પણ તેને જ ભગવાન ભેળા રહેવા દે છે.

૨૩૯. જીવાત્માને પુરૂષ કે નારીપણું નથી, ભકત થઈને ધામમાં જાય ત્યારે સેવા કરવાના અવસર પ્રમાણે દિવ્ય આકાર ધરીને પોતાના પ્રિયતમની સેવા કરે છે, રસિકતા પ્રમાણે રસ લ્યે છે, પોતાને વધારેમાં વધારે સુખ આકર્ષણ આનન્દ રસ મળે એવી ભગવાનની સેવા કરી લેવી.

૨૪૦. ભગવાનના એકાન્તિક આંહી થવું અને અક્ષર ધામમાં એકાન્તિક સેવાઓ કરવી.

૨૪૧. ભગવાનની ગમતી વાતમાં રહેવું, અણગમતી વાતમાં ન વરતવું.

૨૪૨. વિશ્વંભરે ઘર ભરાઈ જાય તેટલું આપ્યુ હોય, તો પણ ચીકણો ભકત સેવી શકે નહિં.

૨૪૩. પ્રેમલક્ષણા સેવાથી ઉત્તમ કાંઈ નથી.

૨૪૪. ભગવાનની પ્રસન્નતાજ મેળવવી.

૨૪૫. ભગવાનની સેવામાં તત્પર પ્રેમી ભકતને વિઘ્ન કરે તે પ્રસન્નતાનો પાત્ર રહેતો નથી, ભગવાનની મૂર્તિમાં ક્ષણે ક્ષણે બધા વિષયના આનન્દ સુખ મળે છે, ખૂટતાં જ નથી. ભકતને પણ ભગવાન તેવાં સુખ લેવાની શક્તિ ખૂટવા દેતા નથી, માટે ભગવાનની દિવ્ય મૂર્તિમાં સર્વે પ્રકારે જોડાવું.

૨૪૬. ભગવાનની પ્રસન્નતાને અર્થે જ વર્તનાર બ્રહર્ષિ મૂક્તર્ષિ ગણાય. એવા બ્રહ્મર્ષિને સંભારે તે પણ મોક્ષમાં જાય.

૨૪૭. રાધા લક્ષ્મી સાથે જે ભગવાનની ક્રિયાઓ છે, તે ભકતના સુખ માટે છે.

૨૪૮. તે મૂર્તિ અને આ મૂર્તિ એક જ છે.

૨૪૯. ગુણાતીત અક્ષરધામમાં જે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મૂર્તિ છે.

૨૫૦. હવે પછીનો સમય સર્વભક્ષીપણું, સર્વભોગીપણું, સ્વગૌરવીપણું, સ્વચ્છન્દીપણું, ખુલ્લુ વિલાસીપણું ઈત્યાદિકને પોષણ આપનારો થશે તેમાં પણ ભગવાન સાથે દાસ-ભક્તિપણું સેવશે તે નિર્દોષપણે ભગવાનના બ્રહ્મલોકના બંગલાઓમાં વાસ પામશે, માટે ભગવાનનો સત્સંગ સમાગમ સંગ સહવાસ મિત્રતા કરીને જીવન સાર્થક કરી લેવું.

૨૫૧. ભગવાનની ચાકરી સેવા ઉપાસના વડે આત્મા બ્રહ્મમુકત થાય છે.

૨૫૨. બધી ક્રિયાઓ પણ થોડે જાજે અંશે ભગવાન સાથે કૃષ્ણાર્પણ કરવી જ.

૨૫૩. ભગવાન ધારે તે ભકતનું જીવન મુકતપણું જાણવું.

૨૫૪. લક્ષ્મીજીને ભગવાન ધણી હોવાથી બધાં સુખ જ છે, કોઈ ખોટ નથી, ઉણપ નથી, ચિન્તા નથી, શણગાર-પારાયણ-તીર્થયાત્રા-જ્ઞાન-ઉપદેશ-દાન-પુણ્ય-ઉપજ-પાણી-વ્યવહાર કરવા-કમાવું-ઘરબાર-પુત્ર-પુત્રી-સ્ત્રી-મા-બાપ-ગાય-ભેંસ-હાથી-અશ્વ-વાડી-કુટુંબ વગેરે ભગવાનનાં કામકાજમાં જોડાએલાં રહે એવા સત્સંગી કરી દેવા, જેથી ભગવાન તેમની ફીકર રાખે અને ધામમાં તેડી જાય, આવી સેવાઓ ગૃહસ્થે તથા ત્યાગી ભકતે પણ કરતી જ રહેવી, કારણકે આ પ્રગટ ભગવાન આવા યુગમા પ્રવૃત્તિમય સત્સંગ સમાગમ સેવામાં રાજી છે. જેમાં ભગવાનનો રાજીપો હોય તે કરવું.

૨૫૫. પોતાને ન ગમે તે પણ જો ભગવાનને ગમતું હોય તો તે કરી ને રાજી કરી લેવા અને મૂર્તિનું સુખ લેવું, આવુ એકાન્તિક પતિવ્રતાનું અંગ લક્ષ્મીજીની પેઠે ભગવાનમાં રાખવું. હાવ-ભાવ-નર્મ-રમુજ-ચાકરી-હાસ્ય-વિનોદ-રમત-ગમત-પ્રવાસ-આહાર-વિહાર-પાનસ્નાન-જાગરણ-સ્વપ્ન-ખેલ-નિવાસ-નિરાન્ત-વિરામ-પ્રીતિ-પ્રેમ વગેરેમાં પણ ભગવાનને રાજી કરવાનું તાન રાખવું, કુરાજી થઈ જાય તેવી લપ્પડ ન ગમતી હોય તો તે મેલી દેવી, આવી રીતે ભગવાનનું ઈંગિતજ્ઞપણું ઓળખીને સેવવા. સમૂહમાં એકાન્તમાં પણ ભકતે સમય પ્રમાણે સેવવા અને લાભ લેવો. વિઘ્નો પણ ઓળખી રાખવા-તે ન થાવા દેવાં. વ્યાસજીને બીજા કોઈની સાક્ષીની જરૂરત નથી, શ્વેતાયન વ્યાસજી પોતે જ પરબ્રહ્મ જે કરે તે કરવું. ભગવાન નિર્ગુણ છે તેના સમ્બન્ધને જે જીવ પામે તે નિર્ગુણ જ છે. કામવડે દ્વેષવડે-ભયવડે-સમ્બન્ધવડે-સ્નેહવડે-ઉપકારવડે-રૂપવડે આશરો લેનાર જીવ નિર્ગુણ થઈ જાય છે. ભગવાનની સેવામાં ઉપયોગી દેહ ઈન્દ્રિયો અન્તઃકરણ

ક્રિયા ચેષ્ટા સાત્વિક રાજસ ભાવ પણ નિર્ગુણ થઈ જાય છે. ગોપીયુને કામ ભાવે ભગવાનની સેવા મળી તે પણ નિર્ગુણ થઈ ગઈ કલ્યાણ કરનારી થઈ ગઈ. ભગવાન પોતે તીર્થમાં બાલકૃષ્ણ કહેવાયા, વૃન્દાવનમાં ગોપીશ્વર કહેવાયા, ભણવામાં સાન્દીપની શિષ્ય કહેવાયા, ભકતોમાં ભકતપતિ કહેવાયા, ગોચારતા ગોપતિ ગોલોકપતિ કહેવાયા, લક્ષ્મીજી સદા ભેગા જ છે તે લક્ષ્મીપતિ કહેવાય છે, વિશ્વમાં હરે ફરે છે તેથી વિશ્વવિહારી કહેવાય છે. સર્વેનો રક્ષક ધણીરણી છે તેથી સર્વપતિ કહેવાય છે. સન્તમાં સન્તપતિ કહેવાય છે. વિદ્વાનોમાં સર્વજ્ઞ આચાર્યપતિ કહેવાય છે. મારા પતિ ભગવાન છે - સ્વામી છે - ગુરૂ છે - ઈષ્ટ પ્રભુ છે - જીવન છે, એમ સેવવા.

૨૫૬. જીવને મનુષ્ય દેહમાં પણ પૃથ્વીમાં વિચરતા ભગવાન કે સન્ત જરૂર મળે છે જ, જેની ઓળખાણ તેના લક્ષણો વડે કરીને પોતાના મનોરથ પુરા કરી લેવા, ભગવાનમાં પ્રીતિવાળા થાવું.

૨૫૭. સમજણ સાથે પ્રગટ મહારાજને ઓળખ્યા અને સેવ્યા તે જ મોટા ભગવદ્ ભકત છે એમ જાણવું.

૨૫૮. ભગવાનની મૂર્તિનું એક નજરે અન્તર્દ્રષ્ટિએ ધ્યાન કરનારને તમામ પદાર્થો એની દ્રષ્ટિમાં દેખાવા લાગે છે અને સિદ્ધ દશાને પામે છે.

૨૫૯. જ્ઞાન પ્રલયમાં બધું લીન કરવા શીખવું, તે બ્રહ્મરૂપ ભકત ભગવાનની પેઠે સ્વતંત્ર થકો દેહ ધરીને વિચરે છે.

૨૬૦. ઉપશમપણે રહીને ભગવાનમાં જ સ્થિરતા રાખે તો તેને પંચવિષયો નડતા નથી.

૨૬૧. સમઝણ અને પ્રીતિવાળો ભકત ભગવાન માટે બધું જ કરી લ્યે.

૨૬૨. જેને પોતામાં ડાહપણનું અભિમાન હોય તે અન્તે પડતી દશામાં રખડે છે.

૨૬૩. પ્રત્યક્ષ ગુરૂરૂપ શ્રીહરિમાં દૃઢ પ્રીતિવાળાને બધા અર્થ પ્રાપ્ત થાય છે, કારણકે જે મર્યા પછી મેળવવા હતા તે શ્રીહરિ દેહ છતે મળ્યા છે, તે પરમપદ મળ્યું છે.

૨૬૪. જે બ્રહ્મરૂપે વરતે છે તેણે ભગવાન સિવાય બધા લાભ તુચ્છ કરી નાખ્યા છે, અને પોતામાં કોઈનો સંગ થવા દેતા નથી. એવા આત્મા પરમાત્મામાં મગ્ન સત્પુરૂષને ભગવાનની પેઠે નિષ્કામ ભાવે સેવવા, તે વડે જરૂર જીવનું કલ્યાણ થાય છે.

૨૬૫. દેખ્યું ભોગવ્યું વાપર્યું તે બધુ જંજાળી વિસરી જવું અને ભગવાનને સંભારતા જ રહેવું, તેને ભગવાન સાક્ષાત્ દર્શન આપે છે.

૨૬૬. જીવમાં ભગવાન બ્રહ્મતેજ સહિત સાક્ષીપણે ભકતની રક્ષા કરતા રહે છે.

૨૬૭. વિકારી માનવ પણ માણસ જેવા ભગવાનમાં વિકાર અર્પણ કરી નાખે તો નિર્વિકારી થાય છે, પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનારાયણને સેવીને નિર્વાસનિક થઈ જાય છે ત્યારે તે બહુ મોટા સુખને પામે છે.

૨૬૮. જગતમાં સ્વાર્થ ભરેલાથી દૂર જ રહેનાર નિર્લેપ સન્ત દશાવાળો ભકત ભગવાનના ચરણમાં જોડાયો છે, તે છતે દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.

૨૬૯. ભકતજને અન્તર સન્મુખ દ્રષ્ટિ રાખીને નિરન્તર ભગવાનની સેવામાં રહેવું, બીજા પદાર્થ વ્હાલા થવા દેવા નહિં.

૨૭૦. પરમેશ્વરને શરણે રહેલો ભકત મુકત જ છે, તે બ્રહ્મરૂપ છે. તેના ઘરબાર-કુટુંબ-પરિવાર-ખેતીવાડી પણ ભગવાનના સમ્બન્ધને કરીને બ્રહ્મરૂપ છે, તેને યોગે પણ મોક્ષ થાય છે.

૨૭૧. ભગવાન અને ભગવાનના ભકતમાં આત્મબુદ્ધિવાળો સદા ધામમાં જ છે સદા સુખીયો છે.

૨૭૨. નર નારી ભકતોએ પ્રગટ ભગવાન અને ભગવાનના સન્તમાં આત્મબુદ્ધિ રાખવી.

૨૭૩. દેહ કે દેહના સગા સમ્બન્ધીમાંથી હેત તોડીને પ્રગટ ભગવાનમાં હેત કરવું, તો વિઘ્નો ન આવે.

૨૭૪. ભગવાનમાં પ્રીતિવાળાને માયા નડતી નથી.

૨૭૫. આ પ્રગટ ભગવાને ભગવાનના ભકત વિના બીજુ કાંઈ વ્હાલું રાખ્યુ નથી.

૨૭૬. ભકતે પણ ભગવાનને તન મન ધન બધું અર્પણ કર્યું છે માટે ભગવાનની ઈચ્છા એ જ પ્રારબ્ધ ઘડાયું જાણવું.

૨૭૭. વિષમ દેશકાળ ક્રિયા સંગમાં પણ તે ભક્તને ભાગવત ધર્મ દ્રઢ રહે છે.

૨૭૮. માતા બાળકની રક્ષા કરે છે તેમ ભગવાન ભકતની રક્ષા કરે છે.

૨૭૯. પરમેશ્વર મૂર્તિ એવા પ્રગટ ભગવાનમાં જે કાંઈ ચેષ્ટા વર્તે તે ભકતને માટે વર્તાવે છે. ભગવાનમાં કાાઈ કસર ન જાણવી.

૨૮૦. પતિવ્રતા પતિને સેવે બીજા સગાને તેના જાણીને આદર સત્કાર સાંચવે તેમ ભગવાનને પતિ તરીકે સેવવા, બીજાને આદર સત્કારે માનવા.

૨૮૧. ભગવાનની ભક્તિ કરનારે આજ્ઞાવડે બધો વ્યવહાર નિર્લેપ પણે કરવો.

૨૮૨. ભગવાનને પોતાના ભક્તોજ સગા સમ્બન્ધીઓ છે. માટે નરનારી ભક્તજન ભગવાનના બંગલારૂપી ધામમાં જ તેની સાથે વસેલા છે એમ જાણવું.

૨૮૩. બારે માસના ઉપચાર-સામગ્રી-વાઘા-શણગાર-મહોત્સવો કરીને ભગવાનને લાડ લડાવવા. પ્રગટ ભગવાનના સન્ત દેવ ઈશ્વર કરતાં પણ મોટા છે તેને ભગવાનની માફક સેવવા.

૨૮૪. મરણ વખતે વ્હાલામાં વ્હાલા વધારે સાંભરે. ભગવાન વ્હાલામાં વ્હાલા છે, તેને કાયમ સંભારવા. પરલોકમાં લઈ જઈને ભકતને સુખ આપશે.

૨૮૫. સત્ય આત્માએ સત્ય ભગવાનનો સંગ મેળવ્યો માટે તે સત્સંગી છે.

૨૮૬. પુરૂષોત્તમ સેવવા પુરૂષોત્તમી થવું.

૨૮૭. વિષમ દેશકાળે પોતે સાવધાન થવું.

૨૮૮. દેશકાળ વિષમ આવી પડે તો ખસી નીકળવું.

૨૮૯. ભગવાન ઉગારે તો પણ જીવમાં મૂર્તિ સંભારવી, મેઘપરમાં મૂળજીને ભાટોએ ભાલું માર્યુ ત્યારે ભગવાન અને દરબારો ગામ બાહેર ચાલ્યા જતા હતા, તો પણ ભાલું લાગવા દીધું અને મૂળજીનો આત્મા લઈને ચાલતા થયા, પણ ધીંગાણું ન કર્યુ પોતાને એમ જણાય છે જે આ ભકતને જતો કરવો છે તો તે પ્રમાણે વર્તીને માનવ ચરિત્ર દેખાડે છે. ભકતે તો ભગવાનને ગમ્યું તે ખરૂ એમ જ તેની મરજીમાં પાર પડવું.

૨૯૦. ભગવાનની તમામ ક્રિયાઓ શાસ્ત્ર બાહેર નથી.

૨૯૧. જીવ કયારેક કયારેક પોતાનું ગમતું કરતો હોય તો ભગવાન તેને જતો કરે છે.

૨૯૨. ડાંડ કૃતઘ્ની તોછડાથી ભગવાન પણ ડરે છે, આ વાત સમઝવા જેવી છે, એવાને કયારેક સ્વકર્મ વડે ભય આવે વાંક ભગવાનનો કાઢે, તે અણસમઝુ છે.

૨૯૩. ભગવાનની લીલા જોવા હડીયું કાઢે તે પડવાનો જ.

૨૯૪. સંશયવાળાને માનવમૂર્તિ ભગવાન ફળીભૂત થતા નથી.

૨૯૫. જેને સારી નરસી બધી ક્રિયા કલ્યાણકારી ભાસે તે છાનો છપરો ચેબકા જોવા હડી ન કાઢે.

૨૯૬. ઉપરછળું બધું અનુકૂળ દેખાડે પણ અન્દરછળું છળ ભરેલ હોય તો તેનો ઠા નહિં.

૨૯૭. ભગવાનને અધુરા ગણે તો ચુપકીપણુ કે છુપાપણુ અમાર્યાદિતપણુ ઈત્યાદિમાં ગોથા ખાતો હોય જ.

૨૯૮. માણસમાં સત્ય, ત્રેખડ, વાદવિવાદ અને કલહ એવા ચાર યુગોના પ્રવાહ ચાલુ જ હોય છે તે ઓળખીને સત્યમાં સુખી રહેવા શીખવુ.

૨૯૯. ભગવાનમાંજ આશરાવાળાને ભગવાનના ગુણો પ્રગટે છે.

૩૦૦. ભગવાનના ભકતમાં હેતવાળા કુટુંબી પણ કલ્યાણ પામે.

૩૦૧. ભગવાનને ઈચ્છા પ્રમાણે વરતાવ હોય છે, ભકતે તેના વરતાવમાં ડખલ ન કરવી.

૩૦૨. પ્રત્યક્ષ ભગવાનમાંથી પાછો પડતો રહે અને બીજે મેળ કરતો રહે તે પડેલો જ જાણવો.

૩૦૩. ભગવાન માટે તન મન અર્પનારો બ્રહ્મરૂપ છે તે બ્રહ્મચારી જ છે.

૩૦૪. ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધારીને જેવાં જેવાં ચરિત્ર કરે તે સર્વે ગાન કરવા યોગ્ય છે.

૩૦૫. જે દિવસથી ભગવાન મળ્યા ઓળખાણા સેવ્યા તે દિવસથી કલ્યાણ થઈ ચૂકયું છે.

૩૦૬. ભગવાન નર નારીઓ સાથે લીલા ચરિત્ર કરે તે સર્વે ગાન કરવા યોગ્ય છે.

૩૦૭. ભગવાનનું તમામ સુખ ભેળું જ છે તો પણ માનવોની સેવા લ્યે છે.

૩૦૮. ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે.

૩૦૯. સત્સંગ કલ્યાણ માટે કરવો, કોઈ પદાર્થની ઈચ્છાએ ન કરવો.

૩૧૦. સાધુ થવું કઠણ છે, સાધુ થવા શીખવું.

૩૧૧. ભગવાન બધાના છળકપટ ગુપ્તતા જાણે છે, તોય પણ તે સાથે નિભાવી લ્યે છે.

૩૧૨. એકાન્તિક જ ભગવાની મૂર્તિને અક્ષરાતીત દિવ્ય સમઝે છે.

૩૧૩. ભગવાન ભકતને જ્ઞાનવડે ઈષ્ટ વિષયની ક્રિયામાં લઈ જઈને સાથે સાથે તે ભકતને પોતાનું સુખ આપે છે.

૩૧૪. ભોકતા-ભોગ્ય અને પ્રેરક સર્વત્ર ભગવાન પોતે જ છે.

૩૧૫. ભગવાન મોટાઈ રાખે તો પ્રેમીને સેવા ન મળે, પ્રેમી ભકતની માગણી પ્રમાણે સેવા લ્યે છે.

૩૧૬. ઘરમાં જળ-પ્રકાશ-વાયુ-અવકાશ છે, તેમાં ચિદાકાશ બ્રહ્મ છે - તેમાં પરબ્રહ્મ છે, તે આપણા ભેગા જ છે. પાણી ઠંડક આપે, શેરડી મીઠાશ આપે, અત્તર સુગન્ધ આપે, નાડીઓ આનન્દ આપે તે તેમાં ઠંડક મીઠાશ સુગન્ધ આનન્દ એ પોતે ભગવાન જ ગુણ રૂપે અને ગુણાશ્રય રૂપે રહીને આપે છે, પોતાના ભકતને પોતે અપાયા છે.

૩૧૭. ભગવાન આપણી પ્રીતિ દોરીએ બંધાયા છે. પ્રીતિની રીત ન્યારી છે, પ્રેમી પાસે અખંડ વસે છે.

૩૧૮. સ્નેહમાં કોઈ આડું વિઘન હોતું જ નથી.

૩૧૯. ભકતને જે નવું નવું મળતું જાય તે ભગવાન માટે વાપરતું જાવું.

૩૨૦. જેટલું પોતાને જોઈએ છે, તેટલું તો ભગવાનને આપવું અને પ્રસાદરૂપે પોતે વાપરવું.

૩૨૧. સ્વપ્નમાં ભગાવન મળે ત્યારે જાણવું જે, 'મારા આત્મામાં અક્ષરધામ છે તેમાંથી આવીને ભગવાન મને સ્વપ્નમાં દેહમાં મળ્યા અને સુખ આપ્યું.'

૩૨૨. પતિ પત્નીને બધું અર્પે છે, તેમ પતિ પત્નીએ પ્રગટ ભગવાનને બધું અર્પવું. આમ સર્વસ્વ દાતા ધામમાં ભગવાની સેવામાં રહેશે.

૩૨૩. ભગવાનના અવતાર અને સન્ત કલ્યાણકારી જ છે.

૩૨૪. અનન્ત પ્રકારના આશ્ચર્યો થયા છે અને થશે તે બધા મને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાન વતે જ છે.

૩૨૫. ભગવાનની મૂર્તિ જોતાં જોતાં પ્રકાશ થાય તેમાં મૂર્તિ દેખાય તેને પતિરૂપે સેવવી.

૩૨૬. દેહમાં જેટલી જાતના સુખ તે ભગવાનથી મેળવવા.

૩૨૭. અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વેના સ્વામી છે, તે પુરૂષોત્તમ નારાયણની સેવા કાયમ કરવી.

૩૨૮. સ્વાર્થી માણસ ભગવાનની વાંસે બહુ જ પડી જાય, તો તેને ભગવાન પડતો મેલે છે.

૩૨૯. પ્રત્યક્ષ ભગવાન વિના બીજુ કાંઈ ઈચ્છવુ નહિં.

૩૩૦. ભગવાનની મૂર્તિ ચિન્તામણી છે, તે ચિન્તવનારને બધું આપે છે.



❖ શ્રીમહાપ્રભુજીનાં સુવૃત્તાન્તો ❖

(મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત ચાર યુગની અનુક્રમણિકા)

(કૃતયુગ સંતાન - ૧)

।। અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ।।

શ્રીકૃષ્ણભગવાને શર્યાતિરાજાના પુત્ર આનર્ત નામના ભકતકુમારને પોતાના ગોલોકમાં ધારણ કરાતા મુગટમાંથી એક દિવ્યમણિ આપીને કહ્યું - આ મણિને આનર્તદેશના પશ્ચિમ તરફ રહેલા સમુદ્રને કિનારે મેલજો, તેનો વિકાસ થયે નવો દિવ્ય સૌરાષ્ટ્ર પ્રદેશ પ્રકટ થશે, તેમાં સાત દ્વારકાઓ વિકસાવીને હું સમંડળ વાસ કરીશ, આ કહ્યા પ્રમાણે આનર્તરાજાએ તે મણિ સ્થાપીને તેના વિકસેલા સૌરાષ્ટ્રમાં આનર્ત એવું દેશનામ જાહેર કર્યું હતું. ૧, ૨૧૭, [શ્વે. સં.]

શ્રીનરનારાયણના ભક્ત લોમશઋષિ આ પવિત્ર દેશમાં વિશાળ એવા અશ્વપટ સરોવરને કાંઠે મહાવટવૃક્ષની છાયામાં રહેતા હતા, તેના દિવ્ય પ્રદેશમાં સર્વથા બ્રહ્મશાન્તિ વર્તતી હતી, રૈવતાચલ પર્વતથી પૂર્વદિશામાં ત્રણ યોજન દૂર રહેલા અશ્વપટ સરોવરને કિનારે ખટવાંગ રાજાએ શ્રીલક્ષ્મીનારાયણના ભજન સાથે તપશ્ચર્યા કરી હતી, પડખાની ભૂમિમાં બોરડી, દાડમી, જામ્બૂ, આંબલી, ગુંદા, બીલાં, આંબા, જામફળ, આદિ તરૂવરની વનભૂમિ હતી, તેમાં એક વાવ્ય છલકતા જળવાળી હતી, તે સ્થળે ખટવાંગરાજા પત્ર પુષ્પ ફલો માટે ગયા, ત્યારે તે, જળભરેલી વાવ્યને કાઠે હાથ પગ મુખ ધોતુ એક તેજસ્વી ૠષિનું જોડલું, કે જે પ્રસન્ન થઈ ખટવાંગરાજાને વરદાન અને દર્શન દેવા પધારેલ, તેના તરફ નજર જાતાં, ઘડિક તો સ્થિર થઈ ગયા, પછી આકર્ષણ પામીને સમીપે ગયા, ત્યારે દિવ્ય લક્ષ્મીનારાયણસ્વરૂપમાં દર્શન દીધેલા જોઈ ગળગળા થઈ દણ્ડવત કરવા લાગ્યા. લક્ષ્મીજીએ કુંકુમનો ચાંદલો અને કુંકુમની ટીબકડીઓવાળી ભાલપત્રિકાયુક્ત પોતાનું લલાટ ધોયું, તે કુંકુમવાળું જળ વાવ્યના જળમાં પડતાં રાજાએ વહેતા જળને ખોબો ભરી પીધું, તે વડે રાજાની દૃષ્ટિમાં ત્રિલોકી દેખાવા લાગી, તે વાવ્યનું નામ રાજાએ કુંકુમવાપી નિરધાર્યું, શ્રીલક્ષ્મીનારાયણ ભગવાને વરદાન માગવા કહ્યું, ત્યારે રાજાએ આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી દિવ્યદર્શન આપવા તથા અન્તે મોક્ષ દેવા વરદાન માગ્યું હતું, ભગવાને તે ભૂમિમાં દેવોસહિત વાસ કર્યો હતો, લક્ષ્મીજી ભગવાનની સાથે કંભરાલક્ષ્મીજી નામે રહ્યાં છે, અને ભગવાન પોતે ગોપાળકૃષ્ણનામે રહ્યા છે, તેઓને માટે ખટવાંગરાજાએ સાત ભૂમિવાળું મંદિર કરાવ્યું હતું, આદિ યુગમાં તેમને ઘેર અંશાવતાર ભગવાન શ્રીસ્વામી શુકલમૂર્તિ પત્નીવ્રતદ્વિજ સ્વરૂપે પ્રકટ થયા હતા.

તેજ ભગવાન બીજા સ્થળોમાં ભાર્ગવીસ્વામી પદ્માસ્વામી રમાસ્વામી માધવીસ્વામી રુકમવતીસ્વામી એવા એવા સ્વરૂપે પ્રગટ થતા આવ્યા છે, તે ભગવાન દિવ્યસ્વરૂપે ત્યાં વસે છે, અને જ્યારે જેવી જરૂર પડે ત્યારે તેવી દ્વારકાઓને વસાવે છે, તેમને શાસ્ત્રો વાસુદેવનારાયણ શ્રીકૃષ્ણનારાયણ શ્રીબાલકૃષ્ણનારાયણ એવે એવે નામે વિશેષે કરીને ગાય છે, અશ્વપટસરોવર, કુંકુમવાપીક્ષેત્ર, લોમશક્ષેત્ર, કંભરાગોપાળભવન, શ્રીકૃષ્ણનારાયણતીર્થ, એ જ્યાં છે એવી સૌરાષ્ટ્રભૂમિ વારમવાર દ્વારકાઓ વડે સુશોભિત થઈને બ્રહ્મલોકની મુક્તિ આપનારી છે, ત્યાંના માનવો ભગવાનના અંશવર્ગો છે. ૧. ...૫૬

પાર્વતીજીએ શંકરને પૂછ્યું - હે મહેશ્વર ! મને પરમેશ્વરનું સ્વરૂપ, તથા ધામ, તથા સેવકમંડળ, વિગેરે સંભળાવો, શ્રીમહેશ્વર કહેવા લાગ્યા,- હે પાર્વતીજી !, પરમેશ્વરના કથામૃત પીનારને તૃપ્તિ થતી જ નથી, પરમેશ્વર સ્વયં દિવ્યમૂર્તિ રાજાધિરાજ અનાદિશ્રીકૃષ્ણનારાયણ બ્રહ્મધામમાં મુક્તોએ સેવાએવા વિરાજે છે, સોળવર્ષ-સમાન જણાતા ભગવાન વધારેમાં વધારે રૂપાળા છે, મુક્તો પણ તેવા જ રૂપાળા છે, બ્રહ્મપુરૂષ પણ તેવાજ રૂપાળા છે, બ્રહ્મધામસહિત બધાં તેજ અને રૂપ તે પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનાં જ છે, તમામ ધામોમાં મુક્તાનીઓ રાધિકાઓ લક્ષ્મીઓ ઈશ્વરાણીઓ શારદાઓ સતીઓ સાવિત્રીઓ ગાયત્રીઓ દેવીઓ જ્યોત્સ્નાઓ જે જે છે તે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની સૌન્દર્યભરેલી શક્તિઓ છે, સર્વે અવતારો જીવસૃષ્ટિઓ તથા માયિકતત્ત્વદેવતાઓ, તેઓ પણ તે શ્રીહરિવરના ઐશ્વર્યચમત્કાર ભરેલી વિભૂતિઓ છે, શ્રીહરિવરના બ્રહ્મધામમાં બીજા ઘણાં ધામો છે, સર્વધામોના ધામી અવતારી શ્રીહરિ યુવાનમૂર્તિ ભરાવદાર તેજોમય અમૃતમય આનન્દમય કોમળાંગ છે, સર્વે ધામોની શ્રીઓ જ્યોત્સ્નાઓ શ્રીહરિવરના ઐશ્વર્યોમાં છે, અબ્જો કામદેવોના પ્રેમરસભરેલી તે મૂર્તિ છે, બધાં ધામો વિભૂતિઓ લીલાઓ શક્તિઓ, એ, અનાદિશ્રીકૃષ્ણનારાયણે ધારી રાખી છે, તે શ્રીહરિવર બધા ધામોમાં સર્વ સૃષ્ટિઓના બ્રહ્માંડોમાં વસેલા છે. તેજ સ્વયં શ્રીલોમશક્ષેત્રમાં વસેલ છે. તેજ આપણા હૃદયમાં વસેલા છે, આનન્દધન દિવ્યમૂર્તિ એવા તે ભગવાનને ભજીને તેની કૃપાવડે તેવે સ્વરૂપે થઈને તેમની સેવામાં અસંખ્યમુક્તો વસે છે, આપણે પણ તેમને સેવીને ત્યાં વસવું છે, ભગવાન જીવમાં સાકારમૂર્તિ બિરાજે છે, જીવાત્મા પણ તેને આકારે વર્તે છે, તે શ્રીહરિવરની કૃપાવડે પોતાને ભગવાનના સારૂપ્યમાં જ દેખે છે, પ્રકાશ જ્ઞાન આનંદ સુખમૂર્તિ મુક્તસ્વરૂપે પોતાના સાક્ષાત્કારપણાને અનુભવે છે, નિયામક સ્વામી શ્રીહરિવર છે, નિયામ્ય સેવક મુક્તાત્મા છે.

માયિકદૃષ્ટિએ આત્મા ન દેખાય તેથી નિરાકાર બોલાય, પણ ભગવાનના સંબન્ધે કરીને દિવ્યદૃષ્ટિ થાય ત્યારે ભગવાન જેવો જ આત્મા સાકાર સ્વરૂપ દેખાય, ભગવાનની મૂર્તિ જેવડી જ સારૂપ્યવાળી મૂર્તિરૂપે હતો તે દેખાણો, ભગવાનને સ્વરૂપે હતો તે દેખાણો, ભગવાન અને આત્મા બન્ને ભેળા જે સ્વરૂપે હતા તે સ્વરૂપે દેખાણા, તેને પરિણામ નથી નવી ઘડતર નથી તેથી વિનાશ નથી, આપણી દૃષ્ટિ જેવી હોય તેવા અણુ મહાન વ્યવહાર કરાય છે, આવા બ્રાહ્મીમૂર્તિ એકરસ ચૈતન્યમૂર્તિ નિત્યસાકારમૂર્તિ મુક્તો છે, દૂરથી આત્મા અને ભગવાન નાના જણાય પણ પાસે જનારને તે બન્ને મોટા સ્વરૂપે જણાય છે, આમ તમો (પાર્વતીજી) સમઝો. ૧ ...૧૧૭

શંકર બોલ્યા - હે પાર્વતીજી ! બ્રહ્મલોક વિગેરેના તમામ તેજ ભગવાનના એક રોમમાં સમાઈ જાય છે એવા ભગવાન તેજસ્વી છે. તેને હું મારા આત્મામાં સમાધિમાં ધ્યાનવડે જોઉં છું, પણ પૂર્ણવર્ણન કરી શકતો નથી, તે ભગવાન દિવ્યસિંહાસનમાં વિરાજે છે, તેમણે મણિજડિત કુંડળ મુકુટ સુવર્ણહાર કૌસ્તુભમણિ વનમાળા પહેરેલા છે, તેમનું વિશાળ ભાલ તેજસ્વી ચળકે છે, વાંકડા ચળકતા સોનેરી કેશ મસ્તકે શોભે છે, મસ્તકની ચારે બાજુ તેજનું ચક્ર શોભે છે, અનેક કામદેવોના નિવાસરૂપી ભ્રકુટી ધનુષ્ય જેવી શોભે છે, સુરમણીય પાપણ્યોવાળાં નેત્રો શોભે છે, સ્ફાટિકસમાન ઉજળાં ચન્દ્રસમાન તેજવાળાં નેત્રગોલક છે, નેત્રોના પડખાં બીસતન્તુ જેવી રક્તગુલાબી ટસર્યુંવાળાં છે, વચોવચ નાનાકાળા ચન્દ્રકો છે, તે તેજના ચક્રો વડે ભરેલા છે, તેમાં ઝીણી કીકીઓ સર્વજ્ઞ દર્શનની રશ્મિઓ ભરેલી છે, શરદૃતુની કમળ પાંખડી જેવા લાંબા નેત્રો છે, જલેબીના ઘૂંચળા જેવા સુશોભિત કર્ણો છે, ગોળ તેજસ્વી ચળકતા બન્ને ગાલ છે, ઉઘડેલ તલના પુષ્પ જેવી નાસિકા છે, સુવર્ણ તારના જેવી ઝીણી ઉપડતી મૂછની રેખા છે, ઉપલો હોઠ ધનુષ્યકામઠા જેવા સ્વરૂપે શોભે છે, પ્રેમભરેલો લાલ નીચલો હોઠ શોભે છે, લાલ કમળ જેવી કાન્તિવાળા બન્ને હોઠ શોભે છે, ચિબુક સુન્દર શોભી રહી છે, મોગરાની કળીઓ તથા દાડમનાં દાણા જેવા દાંત શોભે છે, તેમાંથી પ્રકાશ પ્રકટ થયા કરે છે, સ્વર્ણમઢેલ શંખની નાની આકૃતિસમાન કંઠમાં વાટકી છે, ડોક સમગોળ મધ્યમાં લંબાઈવાળી છે. ત્રીજના ચન્દ્રમાસમાન કંઠની હાંસડી છે, ખંભાઓ ઉન્નત પુષ્ટ અને મજબૂત છે, યોગિજનો ધ્યાન કરે તેવી કાંખલિઓ રેશમીરોમવાલી છે, બન્ને ભુજાઓ શેષની ફણ્યના ભાગ સમાન મજબૂત છે, તેમાં મણિજડેલા દિવ્ય સોનાના કડાં પહેરેલાં છે, બન્ને કોણિઓ ધ્રુવતારાની સમાન શોભે છે, બન્ને કર હાથીની સોંઢની સમાન કોણીથી કાંડા સુધી જાડા-પાતળા શોભાવાળા છે, કાંડામાં સોનાના કડાં અને સાંકળા પહેરેલાં છે, આંગળીઓમાં વીંટીઓ અને અંગૂઠામાં મોટી વીંટીઓ પહેરેલી

છે, નખોમાંથી પૂર્ણચન્દ્રસમાન સુખકારી તેજ પ્રસરે છે, દિવ્ય સ્વચ્છ કોમળ મલમલની અંગરખી પહેરેલી છે, ખંભા ઉપર સોનેરી છેડા તથા કિનારીઓવાળો ખેસ ધારેલો છે, શ્રીવત્સચિન્હસહિત વક્ષસ્થળ શોભે છે, સત્તાવીશ સરોનો દિવ્ય કન્દોરો કડ્યે પહેર્યો છે, ત્રિવલીસહિત નાભિકૂપ શોભે છે, હાથીની સોંઢની સમાન જાડા-પાતળા ધોળા ઉજળા પુષ્ટ ચમકતા બન્ને સાથળો શોભે છે, હાથીના કુંભસ્થળ સમાન વિશાળ તથા કૂણાપ્યવાળા બન્ને નિતમ્બો શોભે છે, અષ્ટસિદ્ધિવાળું સર્વકામના પૂરનારું ભગવાનનું પુરૂષાંગ છે, તમામ ભક્તિવાળી શક્તિઓના મનોરથ પૂરનારા અને રતિતૃપ્તિ આપનારા અસ્ખલિત બ્રહ્મવ્રતવાળા તે ભગવાન છે, સોનેરી રોમાવલિવાળું નાભિ નીચેનું જધન છે, ગોળ મજબૂત સુન્દર ગોઠણ છે, પુષ્ટ અને નીચે નીચે પાતળાપણાને પામેલી -

ઉજળી એવી બે પિણ્ડીઓ છે, પગના કાંડાને બાહેર ત્રણ ત્રણ ઘૂંટિયો છે, અને અંદરને ભાગે એક એક ઘૂંટી છે, કમાનની પેઠે વળેલી બન્ને ચરણોની કોમળ લાંકો છે, અને ચન્દ્રકાન્તિએ ભરેલા નખો છે, રૂષ્ટ પુષ્ટ સુરક્ષિત સ્વતંત્ર મૂર્તિ ભગવાન સ્વયં બ્રહ્મસિંહાસનમાં વિરાજે છે, ચાર પગ અને સાત પગથિયાવાળું સિંહાસન છે, તેમાં કોમળ ગલીચા ગાદી-તકીયા ગાલમસુરીયા શોભી રહ્યા છે, પંખાઓ બે ચામરો શોભે છે, વીશ સળીઓનું સોનેરી છત્ર શોભે છે, તેમાં સોનાનો કળશ છે, સુવર્ણના પટ્ટા છે, રત્નો મણિજડેલો દણ્ડ, સોનારૂપાની ઘૂઘરીઓ અને દિવ્ય ઝાલર શોભે છે, વીંઝણો દર્પણ રૂમાલ છડી ધારીને મુક્તજનો સેવામાં ઉભા છે, છત્ર ઉપર સૂક્ષ્મસ્વરૂપે સહસ્ત્રફણાધારી મુક્ત છે, તે છત્ર, ઉપર અવકાશમાં શોભે છે, સિંહાસનમાં દિવ્ય સોનેરી ચન્દ્ર સૂર્યવાલી પીછવાઈ છે, તે ચિત્ર રંગબેરંગી માણેક હીરા મોતી પ્રવાળ વિગેરેવડે સુશોભિત છે, મુક્તજનો મણિ વિગેરે રૂપે સેવે છે, શુક હંસ કોયલ મેના આદિ રૂપ ધારણ કરીને વાણીવડે ભગવાનને રાજી કરે છે, વૃક્ષ વેલી છોડ ફળ ફૂલ પત્ર આદિરૂપે મુક્તો વર્તે છે, અને સેવે છે, સિંહાસનમાં કળાઓ છે, ચરણોનો બાજોઠ કોટિરત્નજડિત છે. અક્ષરધામ સિંહાસનરૂપે પણ સેવે છે. ભગવાનના સિંહાસનની ચારેકોર સચ્ચિદાનન્દ તેજોનો ગગનસાગર શોભે છે, આગલે સ્થળે મહાસભામંડપ શોભે છે, તેના કદલીસ્તમ્ભ રૂપે મુક્તો છે, લીલા પત્ર લીલા કેળાં લીલા લાલ પોટા લૂમ્બો વગેરે શોભે છે, સુવર્ણાબર વીંટેલા થાંભલાઓમાં ઉપર મોટી કમાનો શોભે છે, તેમાં સ્થળે સ્થળે ટીબડાંઓ ચરૂઓ ઉપર હંસ કુંજ શ્વેત પીંગળા ગજ મેના ચાતક આદિ મુક્ત સ્વરૂપો ભગવાનને માટે શોભિતરૂપે વર્તે છે, મુક્ત ગવૈયાઓ વાજિંત્ર સહિત સુસ્વરે તાલ ઉપર તાલ દઈને ભગવાનના ગુણકીર્તનો ગાય છે, તે વિશાળ મંડપની ઘુમટની ભૂમિકાઓમાં અનન્તમુક્તમંડળો સેવામાં હાજર રહે છે, આ શ્રીહરિવરના મંડપમાં ધામોના તથા

ઈશ્વરોના લોકપાળો દિક્પાલો અવતારો અને સૃષ્ટિ સૃષ્ટયન્તરોના સ્વરૂપો સ્થાપેલો શોભે છે, તેઓ દિવ્યરૂપે રહ્યાં છે, તેઓ તમામ પોતપોતાના અવતરણના ચિન્હો આયુધો શક્તિઓ સામર્થ્યો વેષ વિભૂષણો સહિત વર્તે છે, તે મંડપમાં મુકતો સુર્ય ચન્દ્ર તારા વિગેરે રૂપે ચળકી રહ્યા છે, તેવા સભામંડપ ઉપર વિશાળ નિજ નિવાસાલય સર્વસામગ્રીઓ વડે ભરપૂર છે. ૧...૧૧૮.

શ્રી મહાદેવજી બોલ્યા - હે પાર્વતીજી ! બ્રહ્મલોકમાં ભગવાનનો મહલ હજાર થાંભલાઓની એક એક પંક્તિઓ, એવી હજાર પંક્તિઓમાં દસ લાખ થાંભલાઓનો મહાપ્રાસાદ મહાઘુમટ અને મેરૂ જેવા શિખરોવાળો શોભે છે, તેના એકજ પંક્તિમાં સાત શિખરો છે, તેના કોઠલા શિખરો અને પદ્મશિલાઓ અવકાશમાં ઘણાં ઊંચા છે, દિવ્ય સોનાના એકસો એક કળશો ઉપરાઉપર શોભે છે, તેના પડખે ધજાદંડ અને મહાધ્વજ શોભી રહેલ છે, તે મહાપ્રાસાદના ઉપકરણોરૂપે તમામ મુક્તો વસેલા છે, શ્રીહરિવરની શક્તિઓ પણ મુક્તાનિકા તરીકે યોગિનીઓરૂપે વસે છે, સિંહો બધા નરસિંહાવતારો છે, પુત્તળીઓ બધી મુક્તાનિકાઓ છે, તે દંડની પાટલી સતી સ્વરૂપે છે, તેમાં ઘંટડીઓ મુક્તાનિકાઓ છે, તે ઉપર મહાદીપ પ્રદીપો પણ મુક્તોજ વસેલા છે, તેમના અનન્તદિશાઓમાં અંજવાળાં ફેલાએલાં છે, મુક્તોના કામગ વિમાનો આવે જાય છે, શીતઉષ્ણ જેવા જોઈએ તેવા જળ વાયુ સુગન્ધો વહે છે, સત્ય ઐશ્વર્યો સંકલ્પ પ્રમાણે ઉપકરણો વસ્ત્રો આભૂષણો ભોજન પાન સમ્પત્તિ વિગેરે સ્વરૂપોને મુક્તોજ ધારે છે, તેઓમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વયં વિરાજે છે, તેની મૂર્તિમાં ભાગવતધર્મ જે તે મોક્ષધર્મ સ્વરૂપે છે, તથા ભાગવતીભક્તિ જે તે સાધ્યભક્તિ સ્વરૂપે છે, તેઓ બન્ને મૂર્તિમાન શ્રીહરિને પડખે પણ વસે છે, તથા મુક્તિદેવી પ્રીતિદેવી મતિદેવી વિરકિતદેવી આજ્ઞાદેવી મુમુક્ષાદેવી પ્રપત્તિદેવી કથાદેવી વાર્તા - દેવી દાસીદેવી દીક્ષાદેવી તથા શરણાગતિદેવી, આ સર્વે સાત શિખરોના સિંહાસનોમાં વસે છે, તથા શ્રીહરિવરનું મંડળ વસે છે, તથા પ્રદક્ષિણામાં તે તે શ્રીહરિના મંડળના સેવકો સેવિકાઓ મુક્તો સ્વરૂપે વસે છે, તથા વિદ્યાદેવતા જબરા ગોળ કિલ્લામાં વસેલી છે, અનાદિમુક્તોના અનન્તનિવાસો છે, તેઓ દિવ્યવિમાનોવડે ફરવા નીકળે છે, તે વિમાનો સર્વસમૃદ્ધિઓ વડે પરિપૂર્ણ છે. તે મુક્તો બધા અનાદિનામોવાળા છે, શ્રીહરિના મહામન્દિરની ચારે કોર ફરતા સાત કિલ્લાઓ છે, તેની કક્ષાઓમાં મુક્તોની વસતિ શ્રીહરિ જેવી જ સુંદર રૂપાળી છે, ધામધામના મુક્તો ત્યાં દર્શન કરીને આનન્દ મેળવે છે, તેમની સંખ્યા ગણી શકાય તેમ નથી, તેવી અક્ષરધામની દિવ્ય તેજોમય સ્થળીઓમાં મુક્તોના બગીચાઓ સરોવરો સરિતાઓ પર્વતો અનેક વિચિત્ર ધાતુઓની ખાણ્યો વિગેરે વિગેરે સ્વરૂપે મુક્તોજ

વસે છે, સ્તુતિકર્તાઓ ગાન્ધર્વો નર્તકો કથાકારો યાજ્ઞિકો વિગેરે મુક્તોના સમૂહોની પણ સંખ્યા થઈ શકાતી નથી, ભગવાનના અવતારોની પણ સંખ્યા થઈ શક્તી નથી, હે પાર્વતીજી !, મહાપુરુષ મહાવિષ્ણુ વાસુદેવ શેષ શારદા પણ તેના સાજસમાજ સ્થાન વિગેરેની સંખ્યા કરી શક્તા નથી, તો હું શંભુ કેમ તેના પારને પામું ? ૧. ...૧૧૯

શ્રીનારાયણભગવાન કહે છે - હે લક્ષ્મીજી !, સૌરાષ્ટ્રમાં રૈવતાચલ પર્વતની પશ્ચિમભૂમિમાં બલિરાજાએ કરેલા સો-સંખ્યાપૂરક છેલ્લા યજ્ઞમાં ભગવાન શ્રીહરિ વામનસ્વરૂપે યાચના માટે પધાર્યા હતા, જીર્ણદુર્ગમાં મહામન્દિરમાં ત્રિવિક્રમ-વામનજી વિરાજે છે. શ્રીહરિની સેવિકા સુવર્ણા તે સ્વર્ણરેખા નદી રૂપે પર્વતની તળાટીમાં વહે છે, જે રૈવતાચળને કાર્તિકમાં તથા માઘમાં પ્રદક્ષિણા તથા સ્નાન મહોત્સવવડે અસંખ્યજનતા પૂજે છે, તેમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા દિવ્યમાનવરૂપે ઘણું ઘણું વિચર્યા છે, તથા વસ્યા છે.

પૂર્વે કુંકુમવાપી તીર્થવાસી નારાયણાંશ એવા પત્નીવ્રતનામક દ્વિજદેવે કાર્તિકમાં ગિરનારના તીર્થો કરી એકદશીએ દામોદરકુંડમાં વ્રતનું અંગભૂત એવું સ્નાન કર્યું, દ્વાદશીએ સન્ત વિપ્રોને જમાડ્યા, ભક્તિવડે પ્રસન્ન થયેલા દામોદર ભગવાન વિપ્રરૂપે આવ્યા, બન્ને વિપ્રો નારાયણ ઘરે ગયા, ત્યાંનું જળ દામોદર વિપ્રે પત્નીવ્રતદ્વિજને જળકમંડળુવડે પાયું, તેવામાં પત્નીવ્રતે પોતાના તેજોમય એવા આત્મામાં અક્ષરબ્રહ્મરૂપી સિંહાસનમાં બેઠેલા પરનારાયણનું દર્શન કર્યું, પરપુરુષોત્તમનારાયણની સેવામાં ભાગવતધર્મદેવ પરાસાધ્યભક્તિદેવી તથા અવતારી પુરુષો અને મુક્તમંડલોને જોયા, અસંખ્યમુક્તોની શોભાવાળી સભા જોઈ, ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ તથા નારાયણધરો અને તેના તીર્થો જોયા, ત્યાં સ્નાન જળપાન વિગેરેની કથાઓ મહિમા ભરેલી મુક્તોએ કહેવાતી હતી, તે સાંભળીને આશ્ચર્ય સાથે દામોદર ભગવાન પત્નીવ્રત દ્વિજને લઈને અક્ષરધામથી ગોલોક વૈકુણ્ઠ અમૃતધામ અવ્યાકૃતધામ વૈરાજધામ કૈલાસધામ વિષ્ણુલોક પિતૃલોક સૂર્યમંડળ બદરિકાશ્રમ ક્ષીરસાગર શ્વેતદ્વીપ અને પાતાલોના ભગવન્નિવાસોમાં ગયા, ત્યાં ત્યાં સર્વત્ર પ્રકટ પુરુષોત્તમનારાયણ તથા નારાયણધરાના મહિમાની કથાઓ સાંભળીને પાછા નારાયણધરામાં આવ્યા, ત્યાં પરનારાયણે પત્નીવ્રતદ્વિજને તેના દિવ્યસ્વરૂપનું દર્શન કરાવ્યું, ત્યારે તે પત્નીવ્રતદ્વિજે ચતુર્ભુજમૂર્તિ ગરૂડ ઉપર લક્ષ્મીજીસહિત બેઠેલા એવા દામોદરનારાયણને જોયા, અને પોતાનું તીર્થફળની પ્રાપ્તિરૂપી ધન્ય ભાગ્ય માન્યું, અને ચતુર્ભુજનારાયણને કહ્યું - હે ભગવાન ! આ દર્શન કાયમ આપજો, ત્યારે દામોદરનારાયણે પત્નીવ્રતદ્વિજને કહ્યું,- તમો પોતે નારાયણ છો,

કુંકુમવાપી ક્ષેત્રમાં પ્રકટમાનવરૂપે વિચારો છો, તમો ગોલોકમાં વિચરતા રૂક્મિણીસહિત શ્રીકૃષ્ણ પોતે છો, જનકલ્યાણ માટે કંભરાલક્ષ્મી અને ગોપાલકૃષ્ણરૂપે પ્રકટ થયા છો, કૃતયુગમાં અશ્વપટસરોવરમાં મહાતીર્થમાં વૈકુંઠપતિનારાયણ લક્ષ્મીસહિત તમો પ્રકટ થયા હતા, તમારા માનસ વંશવિસ્તારો બધા ધામોમાં વિરાજેલા ભક્તમુક્તો મેં તમોને દેખાડ્યા, આંહી તમોને સંભારી જળતર્પણ કરશે તેના વંશજો ઉદ્ધાર પામશે, આપણે શ્રાદ્ધની રીતિ શરૂઆત કરી દેખાડીએ, તે પ્રમાણે આંહી શ્રાદ્ધ કરશે તેણે સંભારેલા સર્વે પિત્રીઓ ઉદ્ધાર પામશે, એમ કહીને શ્રીકૃષ્ણ યજમાન થયા, અને પત્નીવ્રતનારાયણે શ્રાદ્ધ કરાવ્યું, તેવું તીર્થ કરીને પત્નીવ્રત દ્વિજ પોતાના લોમશ - આશ્રમમાં ગયા અને શ્રીકૃષ્ણભગવાન ગોલોક પ્રતિ પધાર્યા. ૧. ...૧૫૯

શ્રીનારાયણ કહે છે - હે લક્ષ્મીજી !, આશ્વિન કૃષ્ણપંચમીએ કુંકુમવાપીક્ષેત્રમાં નીમ્બદેવાનીકને ઘેર શ્રીગોપાળકૃષ્ણ પ્રકટ થયા હતા, તે દિવસે તેમનો મહોત્સવ કર્યો હતો, તેમના ધર્મપત્ની શ્રીકંભરા લક્ષ્મીએ યુક્ત શ્રીગોપાળકૃષ્ણનો મહામહોત્સવ, દાન ભોજન શ્રૃગારાદિસહિત, દેવદેવીઓએ પણ સર્વત્ર કર્યો હતો. ૧. ...૨૭૦

આશ્વિન કૃષ્ણાષ્ટમીએ પ્રાત:કાળે સૂર્યોદય પહેલાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન લોમશક્ષેત્રમાં કુંકુમવાપીમાં નિવાસ કરતા શ્રીગોપાળકૃષ્ણપ્રભુને ઘેર શ્રીકંભરાલક્ષ્મીમાતાજીને ખોળે પ્રકટ થયા હતા, મુક્તો દેવો મુનિઓ રૂષિઓ માનવોએ વિમાનો વિગેરે દ્વારા આવીને મહામહોત્સવ ઉજવ્યો હતો. તેને આગલે દિવસે મોટો મંડપ ઉભો કરવો, તેને લીલાતોરણો કેળ્યો. સુવર્ણકળશો પ્રદીપો શ્રૃંગારવસ્તુઓ રંગોળીઓ દિવ્યઅમ્બરો દર્પણો સિંહાસન વિગેરેવડે સુશોભિત કરવો, સર્વતોભદ્રમંડળ રચાવવું, તેમાં ઘટ કળશ તલ મોદક પાત્ર ઉપચારો સ્થાપવા, વેદ મંત્રો વડે માતાપિતા સહિત સોનાની મૂર્તિઓ સ્થાપીને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું મહાપૂજન કરાવવું, વાજીંત્રો વગડાવવા, કીર્તનો ગવરાવવા, રંગગુલાબ કરવા, ચન્દન અત્તર છાંટવા, ધૂપ દીપ નૈવેદ્ય આરતી પ્રદક્ષિણા દંડવત્ ધૂન્ય ભજન પાનબીડાં પ્રસાદ જળ પંચામૃત વિગેરે ધરાવવા, પ્રસાદ વહેંચવો, સ્તુતિ કરવી, સાયંકાલે ધામધૂમથી ઉત્સવ કરવો, શ્રદ્ધાળુઓએ જાગરણ કરવું, નવમીએ પ્રાત: પૂજન કરીને વિસર્જન કરવું, આદિ, આ વ્રતવડે સર્વસ્મૃદ્ધિ-પ્રાપ્તિ થાય છે, પત્ની પતિ પુત્રી પુત્ર ગૌ મહિષી ધન સુવર્ણ ભવન ક્ષેત્ર વાહન યાન આરોગ્ય વિદ્યા સત્તા મહાકીર્તિ પૂજ્યતા સમ્પત્ સ્વર્ગ મોક્ષ પણ પમાય છે.

માધશુકલ આઠમે અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિ કાશીમાં બ્રહ્મલોકથી પધાર્યા હતા અને પરાવિદ્યાનો પ્રચાર કર્યો હતો, તે તિથિએ સૂર્યોદય પછી આઠ વાગતા વિદ્યામૂર્તિ ભગવાનની સોળ ઉપચારો વડે પૂજા કરવી. ૧. ...૧૨૫

પૂર્વે કૃતયુગમાં નારાયણને લક્ષ્મીજીએ વરમાળા પહેરાવી હતી, તેનો વ્રત મંડપ પૂજન નૈવેદ્યાદિક મહોત્સવ કરવો ૧. ...૨૭૮

ભગવાનને શરદપૂર્ણિમાએ તથા દીવાળીની તિથિએ ગોપિકાઓએ શણગાર્યા પૂજ્યા જમાડ્યા હતા, તેમાં ઉત્સવો કરાવવા. ૧. ...૨૮૦

પુરૂષોત્તમમાસના અધિષ્ઠાતા દેવ શ્રીકૃષ્ણભગવાન પુરુષોત્તમ પોતે થયા ત્યારે ગોલોકમાં મહોત્સવ ઉજવ્યો હતો, તે રાસમાં શ્રીકૃષ્ણભગવાનના મુગટનો મણિ તથા કલ્ગિ નીચે પડી જતાં તેઓનો આનર્તદેશમાં અવતાર થયા પછી તેમને ત્યાં શ્રીકૃષ્ણપ્રભુ શ્રીગોપાળકૃષ્ણ થયા હતા, અને પ્રેમમણિને ત્યાં મહાલક્ષ્મીજી શ્રીકંભરાલક્ષ્મીજી થયા હતાં, તેમણે અષ્ટમીના વ્રતો કર્યા હતાં, તેથી શ્રીપુરુષોત્તમ શ્રીહરિવર પ્રસન્ન થઈને તેમને ઘેર અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા હતા. ૧. ...૩૧૫

પૂર્વે પત્નીવ્રત દ્વિજ મથુરામંડળમાં યમુનાની યાત્રા કરવા ગયા હતા, પાછા વળ્યા ત્યારે મારવાડમાં ભૂતડીઓનું ટોળું પોતાને ભરખવા આવતું જોઈને અનાદિશ્રીકૃષ્ણનારાયણને રટવા લાગ્યા, ત્યારે ભગવાને સુદર્શનચક્ર પ્રેર્યું, તે વડે બળતી ભૂતડીઓ - 'રક્ષા કરો, રક્ષા કરો' એમ કરગરવા લાગી, તેમને જળ છાંટવાથી તેઓ નિષ્પાપ થઈ, તેમને સુદર્શન ચક્રે તજી દીધી, તેઓ કહેવા લાગી, 'અમો મરૂદેશના રાજાની રાણીઓ માંસ મંદિરા કરનારીઓ મરકીના રોગ વડે મરીને ભૂતડીઓ થઈ છીએ, આજ તમારા વડે અમારો ઉદ્ધાર થયો. પછી તેઓ મોક્ષમાં ગઈઓ. પત્નીવ્રતદ્વિજ લોમશક્ષેત્રમાં આવતા રહ્યા. ૧. ...૩૪૯

સૌરાષ્ટ્રદેશના સુભદ્રવિપ્રે શેત્રુજીનદીને કાંઠે ખેતી કરેલી હતી, તેમની પત્ની કુંકુમવાપીની પુત્રી અપ્રજા હોવાથી શોક કરતી હતી, તેના બાપ ક્રતુરૂષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નિવેદન કરીને તેને પુત્રનો આશીર્વાદ અપાવ્યો હતો, તેથી તેમને ગોકર્ણ નામનો પુત્ર થયો હતો, ગોકર્ણ કુંકુમવાપીમાં જતો આવતો, તેણે કુંકુમવાપીના બગીચાઓમાં હજારો દિવ્યદેવીઓ દેખી, ગોકર્ણે પૂછ્યું, - તમો કોણ છે ?, દેવીઓએ કહ્યું - અમો શ્રીકંભરાલક્ષ્મીજી તથા શ્રીગોપાળકૃષ્ણ તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂજામાં ફલ ફૂલ પત્રો વડે ઉપયોગી થવા વૃક્ષાદિકસ્વરૂપે વસેલી દેવીઓ ગોલોક વૈકુંઠ સાકેતધામ કૈલાસ વિગેરેથી આવીને આંહી સ્થિર થઈને રહેલી છીએ, કુંકુમવાપી અશ્વપટ સરોવર અને લોમશક્ષેત્રના ઉદ્યાનોમાં અમો અવતરેલાં છીએ. આંહી જળપર્વ અન્નપર્વ દેવાલય વિગેરે કરાવશે તેના વંશો વધશે, સ્વર્ગ અને મોક્ષ મેળવશે, આંહી માનતા વડે સંકલ્પ પૂરા થશે, પુત્ર ધન વિદ્યા પત્ની પતિ સમૃદ્ધિ વિગેરે મળશે, ગોકર્ણે વિષ્ણુયાગ

તથા અશ્વપટ સરોવરના તીર્થોદ્ધાર તથા બગીચાઓના પોષણ કરાવ્યા હતા, તે પ્રતાપે તે ગોકર્ણ બહોળા કુટુમ્બવાળો થયો હતો. તથા ધર્મ અર્થ કામ અને મોક્ષરૂપી ચારે પુરુષાર્થોને મેળવી ગયો હતો. ૧. ...૩૫૦

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, નર્મદા કિનારે ભૃગુરૂષિને ત્યાં સુવર્ણજેવા રૂપાળાં સર્વ પરમેશ્વરીના લક્ષણસમ્પન્ન એવા લક્ષ્મીજી પુત્રીરૂપે પ્રકટ થયા હતાં, વિવાહયોગ્ય તે પુત્રીએ શ્રીકૃષ્ણનારાયણનેજ પતિ તરીકે ધાર્યા હતા, ભગુરૂષિએ મહામંડળ શણગાર્યો હતો, ચઉદભુવનોના દેવીદેવતાઓ ઈશ્વરો પધાર્યા હતા, શ્રીહરિવર પધાર્યા ત્યારે બૃહસ્પતિએ પૂજા કરી હતી, વિપ્રો વેદ બોલતા હતા, કન્યાઓ ગૌરીઓ ગાતી હતી, અપ્સરાઓ વિદ્યાધરો કિન્નરો ગાન્ધર્વો ગાવણાં કરતા હતા, દેવકન્યાઓ નાગકન્યાઓ રાજકન્યાઓ રૂષિકન્યાઓ વિગેરે શ્રીહરિવરના દર્શન કરતી હતી, શણગારેલા શ્રીકૃષ્ણનારાયણ સુન્દર રમણીય નવયુવાન હતા, કમળપાંખડી જેવાં નેત્રો કાજળ આંજેલાં પ્રસન્નતા ભરેલાં હતાં, છત્ર ચામર અબદાગિરી છડીસહિત પાર્ષદો જય જયકાર બોલતા હતા, સુન્દરીઓ ભગવાનમાં મોહિત થઈ જતી હતી, ગૌરીઓ ભગવાનમાં આકર્ષણ પામતી હતી, ભાર્ગવીનું જીવન સફળ થયું એમ બોલતી હતી, ભૃગુના પત્ની ખ્યાતિદેવીએ ભગવાનને સ્વાગત કરી વિશ્રાન્તિભવન આપ્યું હતું, ભોજનાદિ સત્કાર કર્યા હતા, ભૃગુરૂષિએ ભગવાનને મહામંડપમાં પધરાવીને કન્યાદાન આપ્યું હતું. ભૃગુએ કહ્યું -

આજ મારો જન્મ અને જીવન સફળ થયાં, મારું કુલ પાવન થયું, આજ મેં મારી પુત્રી અવતારી સ્વયં શ્રીકૃષ્ણનારાયણને આપ્યાં, ભગવાન મારે ઘેર પધાર્યા, અસંખ્યલક્ષ્મીઓવાળા શ્રીહરિવર મારે આંગણે પધાર્યા, મારું ઘર ભૃગુપત્તન તીર્થોત્તમ ગણાશે, અહો આજ શ્રીકૃષ્ણનારાયણના ચરણારવિંદની સેવાનો મને લાભ મળ્યો, આવા આનન્દ સાથે લક્ષ્મીજી અર્પણ કરાયા હતાં, સર્વવિધિ પૂર્ણ થયા પછી શ્રીહરિવર કરિયાવર ને લક્ષ્મીજીસહિત સ્વભવન પધાર્યા હતાં. ૧. ...૩૮૧, ૩૮૨, ૩૮૩.

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, તમારી બીજીવાર પ્રકટપણાની કથા સાંભળો. પૃથ્વી અને નારદજીએ મેરૂપર્વતમાં વારાહ ભગવાનના દિવ્યદર્શન કર્યા હતાં, તેજ ભગવાન દિવ્યનારાયણસ્વરૂપે ગરૂડ ઉપર બેસીને નારાયણપુર નામના નગર પધાર્યા હતા, ત્યાં લક્ષ્મીજી ભૂમિમાંથી પ્રકટ થયા હતાં, તેને વિયતનામના રાજાએ પાલ્યાં, પદ્મિની નામ રાખ્યું, અને મોટાં કર્યા હતાં તે કન્યાને ભગવાન સિવાય વરવું ન હતું, શ્રીહરિવરે પણ બીજે વેષે ત્યાં આવીને પદ્મિનીને કહ્યું હતું - 'તમો નારાયણના પત્ની થવા યોગ્ય ચિન્હોવાળાં છો.' રાજાએ આ બાબત ધ્યાનમાં રાખીને પદ્મિનીના

વિવાહની તૈયારીઓ કરાવી હતી, શ્રીકૃષ્ણનારાયણભગવાન શ્રીશૈલમાંથી આકાશમાર્ગે શ્રીનિવાસનામધારી વરરાજા થઈને જાન લઈને આવ્યા હતા, વિયતરાજાએ વિધિપૂર્વક લક્ષ્મીજીના વિવાહ કરાવ્યા હતા, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પદ્માલક્ષ્મીજીને લઈને જાનસહિત શ્રીશૈલપર્વતમાં થઈને પોતાના દિવ્યલોકમાં પધારી ગયા હતા. ૧, ૩૯૮, ૩૯૯, ૪૦૦.

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, હું શ્રીકૃષ્ણનારાયણસ્વરૂપે ગોલોકમાં પણ વસુ છું, ત્યાં લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી, શિવા, રાધિકા, વિરજા, ગંગા, એવી અસંખ્ય દિવ્યશક્તિઓ મારી સેવામાં છે, તેઓ મારી સાથે સૃષ્ટિમાં પ્રકટ થાય છે, તમો શ્રી, વિભૂતિ, લીલા, લક્ષ્મી ગૃહલક્ષ્મી, સિદ્ધેશ્વરી, સરસ્વતી, શરદ્વતી, શારદા, શિવા, બ્રહ્મચારિણી, પાર્વતી, સતી જયા, વિજ્યા, ભગવતી, ગોપિકા, સુપ્રભા, સન્તોષા, તૂલસી, કલ્પલતા, ષષ્ઠીદેવી, દેવસેના, સ્વાહા, દીક્ષા, રતિ, મુક્તિ, મોહિની, મૂર્તિ, સુરભિ, અદિતિ, દિતિ, વિનતા, સંજ્ઞા, સાવિત્રી, કંભરાલક્ષ્મી, સીતા, વૃન્દા, મત્સ્યગન્ધા, ઉષા, વિકુણ્ઠા, અમ્બા, યોગિની ઇત્યાદિ સર્વે શ્રીકૃષ્ણનારાયણસ્વામીની શક્તિઓ રૂપે તમો છો.

લક્ષ્મીજીએ પૂછ્યું - હે પ્રભો !, તમારા નામ કહો, ભગવાન કહે છે - હે લક્ષ્મીજી !, હું શ્રીકૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ, શ્રીમન્નારાયણ, બદરીનારાયણ, વાસુદેવનારાયણ, પદ્માનારાયણ, લીળાનારાયણ, ભૂવિભૂતિસ્વામી, માણિકીવાહન, પાર્વતીશ્વરેશ્વર, જ્યાલલિતાનાથ, પદ્મારમાપતિ, રાધારમાસ્વામી, સીતાપ્રભ્વીષ્ટદેવ, રૂકિમણીકાન્ત, એવા અસંખ્ય નામોવાળો છું, બ્રહ્મપ્રિયાઓ, રૂચાઓ, શ્રુતિઓ, પુલિન્દીનીઓ, નારાયણીઓ, હરિણીઓ, પરીઓ, અપ્સરાઓ, દેવીઓ, ગોપિકાઓ, પુરન્ધ્રીઓ, કિરાતીઓ, સાંખ્યયોગિનીઓ, સંન્યાસિનીઓ, એવી અસંખ્ય મારી શક્તિઓ છે, મુક્તો, આયુધો, ઐશ્વર્યો, ઈશ્વરો, આત્માઓ, એવા અનન્ત મારા અંગો છે, તે સર્વે અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા મને ભજે ઉપાસે છે. ૧. ...૪૧૭, ૪૧૮.

હે લક્ષ્મીજી !, શ્રીકંભરાલક્ષ્મીજી તથા શ્રીગોપાળકૃષ્ણ એવા દંપતીએ સિંહારણ્યમાં હિરણ્યાનદીના ઉગમણા તટમાં ઘણા વર્ષો તપ કર્યું હતું, રાજી થયેલા ધર્મ ભક્તિ લલિતા જયા લક્ષ્મી સહિત પુરુષોત્તમનારાયણે દર્શન દઈ વરદાન માગવા કહ્યું હતું, તે દમ્પતીએ 'આવા સમૂહસ્વરૂપે અમારે ઘેર વસો અને અમારી સેવા અંગીકાર કરો' આવું વરદાન માગ્યું હતું ત્યારે ભગવાન 'તથા અસ્તુ' કહી પ્રકટ થવા સંકલ્પ કરી અદૃશ્ય થયા હતા. ૧. ...૪૧૯

કલિયુગના પાંચમા હજાર વર્ષોના છેડે દેવતાઓ તીર્થો નદીઓ સત્ય શીલ વિગેરેનો લય થયે સતે શ્રીકૃષ્ણનારાયણ સ્વયં લોમશક્ષેત્રમાં પ્રકટ થઈ શાસ્ત્રોદ્વારા તપસ્વી

શ્વેતાયનવ્યાસમુનિરૂપ શ્રીહરિ સધ્ધર્મ આદિ સ્થાપશે, શાસ્ત્રો લખશે, કલિને છેડે ફરીથી પ્રકટ થઈ સત્યયુગ સ્થાપશે. ૧. ...૪૨૦

શ્રીકૃષ્ણનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, એકભિક્ષુકી પતિદ્વેષકરનારી વડવાંગડી ગર્દભી ભૂંડણી બિલાડી ભૂતડી અને રાક્ષસણી થયા પછી ધર્મદત્તનામક ભક્તવિપ્રદ્વારા શ્રીકૃષ્ણનારાયણના નૈવેદ્યના પ્રસાદને પામીને મોક્ષગતિએ ગઈ હતી. ૧. ...૪૨૪

શ્રીકૃષ્ણનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, કલિયુગના બળવડે પ્રજા અધર્મવાળી થાય ત્યારે અધર્મની શાન્તિ માટે બ્રહ્માની પ્રાર્થના પ્રમાણે પ્રકટ થવા મેં વચન આપ્યું છે. તે પ્રમાણે અશ્વપટસરોવરવાળા લોમશક્ષેત્રમાં મત્સ્ય ધ્વજ ધનુષ ત્રિશુલ સ્વસ્તિક વજ ઉર્ધ્વરેખાઓ આદિક ચિન્હસહિત શ્રીકૃષ્ણનારાયણ સ્વયં પ્રકટ થઈને ભક્તાત્માઓને સુખ અને મોક્ષ આપીશ, સકામ ભક્તોને તેમના મનોરથો પ્રમાણે ફળ આપીશ. ૧. ...૪૨૭

શ્રીકૃષ્ણનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, પંચાળદેશમાં એક દાનક નામના ક્ષત્રિયે હરિણરૂપમાં રહેલા વિપ્રરૂષિને બાણવડે મારતાં બીજા હરિણો મનુષ્યરૂપે થઈને કહેવા લાગ્યા, ક્ષત્રવીર ?, અમો વિપ્રો આ રૂપે તપ કરીએ છીએ, તને બ્રહ્મહત્યા લાગી, તૂં પ્રાયશ્ચિત કરી લે. દાનવીરે હરિણો સાથે રહી 'અનાદિશ્રીકૃષ્ણનારાયણ નમ:' એવા જય સાથે તપ આદર્યું, આવા નામના શ્રવણવડે હરિણસમુદાયને ભગવાને પ્રકટ થઈ વરદાન માગવાનું જણાવતાં સર્વેએ નિષ્કામભક્તિવડે મોક્ષ માગ્યો અને દાનવીરે તો 'રાધાલક્ષ્મીસહિત તમારી સેવા કરું એવી મારી કામના પૂર્ણ કરો' એમ માગ્યું, 'તથા અસ્તુ' કહીને ભગવાન અદૃશ્ય થયા પછી લાંબે કાળે રાધા-લક્ષ્મીને અવતાર આપીને તેની સાથે વસતા એવા દાનવીર ભક્તને ત્યાં ભગવાન પોતે પધારીને રહીને ગોપીપતિ પ્રભુએ દાનવીરની ભક્તિ સ્વીકારીને તેના વરદાન પ્રમાણે તેને મોક્ષમાં પણ મોકલ્યો. ૧. ...૪૩૦

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, દુર્વાસારૂષિના શિષ્ય મહાવૈષ્ણવ સત્યવ્રત નામના વ્યાસ કથા વાંચતા હતા, એકવાર માર્ગમાં રાજાનું સૈન્ય ઉત્સવપ્રસંગે અન્યસ્થળે જતું હતું, તેણે કરીને માર્ગ રૂન્ધાએલ હતો, તેથી વ્યાસ રોકાઈ રહ્યા, કથાને સમયે દેવો મહર્ષિઓ સભાસ્થળે આવી ગયા હતા, પણ સત્યવ્રત ન આવી શક્યા, ત્યારે સત્યવ્રતને રૂપે શ્રીકૃષ્ણનારાયણ પોતે કથા વાંચવા બિરાજ્યા, સૈન્ય ગયા પછી સત્યવ્રતે આવીને નવા વ્યાસને જોઈને નમન કર્યા, તેટલામાં શ્રીકૃષ્ણનારાયણ અદૃશ્ય થઈ ગયા, સત્યવ્રત વાંચવા લાગ્યા, શ્રીહરિવરની વાણીમાં જે આકર્ષણ હતું તે ઓછું થઈ ગયું, દુર્વાસાના એક બીજા શિષ્ય તપોવ્રત નામના સત્યવ્રતની કથાને નિન્દતા હતા, તે મરીને બૂચિયો પિશાચ થયેલ, તેને સત્યવ્રતે વૃક્ષોના ઘેરામાં રખડતો જોઈને 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમ:' એમ મંત્ર બોલીને જળ છાંટતાં જ મુક્તિમાં મોકલ્યો હતો. ૧. ...૪૩૧

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, એક સમય સૌરાષ્ટ્રમાં હેમન્તરાય નામના રાજાએ હીરામોતી સોનાના દાન આપ્યાં, પણ સસ્તા નિર્મૂલ્ય જાણી અન્ન જળના દાન ન આપ્યાં, તેથી દુષ્કાળો પણ પડ્યાં, દેશમાં ભંગાણ પડ્યું, બીજા રાજાએ ચઢાઈ કરી, ત્યારે હેમન્તરાય રૈવતાચળમાં ભાગી જઈ ત્યાં યાજક નામના ૠષિને વાત કહેતાં, તે ૠષિએ પૂર્વજન્મમાં વ્યાધજાતિમાં કરેલા પાપોનો વિપાક આવેલો જણાવ્યો, તે વ્યાધે કર્મણ નામના વિપ્રને લૂંટ્યો હતો ત્યારે તે વિપ્રે 'અનાદિશ્રીકૃષ્ણનારાયણ નમ:' એવો ઉચ્ચાર કર્યો હતો, તું પણ તે જપ કરવા લાગ્યો, તેથી પાવન થયો, દામોદરતીર્થમાં સર્વપ્રકારના દાન આપનારો થયો, તે પુણ્યે રાજા થયો, માટે રાજાૠપમાં પણ આ તીર્થમાં યથાલબ્ધિ અન્નજળના દાન આપવા લાગો તો સુખી થાશો, આ ઉપદેશ ગ્રહણ કરી હેમન્તરાય ભક્તિ પુણ્ય દાન કરવા લાગ્યો, તેની રાજ્યભૂમિમાં વૃષ્ટિ થવા લાગી, મધ્યે આવેલો રાજા વિનાશ પામ્યો, પ્રજાએ હેમન્તરાયને પાછો બોલાવ્યો, તેણે સૌરાષ્ટ્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન પ્રવર્તાવ્યું, શ્રીહરિવરના દિવ્ય દર્શન મેળવીને મુક્તિ પ્રાપ્ત કરી. ૧. ...૪૩૨

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મી !, પૂર્વે પતિદ્રોહિણી કાશ્મીરની બ્રાહ્મણીને ખસધાધરવાળી કુતરીના જન્મો પછી શ્રીકૃષ્ણનારાયણના ભક્તના હાથવડે પ્રસાદિજળના છાંટા પડતાં મરીને દેવીજન્મ પામી, પછી ઉર્વશી થઈ, ને સ્વર્ગમાં ગઈ. ૧. ...૪૩૩

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, અલંબુષા અપ્સરાને નૃત્યમાં બ્રહ્મસભામાં વિધૂમવસુ ગન્ધર્વ ઉપર ચંચળપણું જણાવવાથી જ બ્રહ્માના શાપવડે માનવીમાં સહસ્ત્રાનીક રાજાની મૃગાવતી રાણી થઈ, પછી જમદગ્નિના આશ્રમમાં શ્રીકૃષ્ણનારાયણની દીક્ષા લઈ મોક્ષને પામી. ૧. ...૪૩૪

શ્રીકૃષ્ણનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, મરૂદેશમાં ગાલવૠષિની કાન્તિમતી નામની કન્યા શ્રીકૃષ્ણનારાયણની ભક્તિવાળી હતી, તેને જોઈને સુદર્શન નામનો ગન્ધર્વ મોહિત થઈ વિમાનમાંથી નીચે ઉતરી કન્યાને પકડવા આવતાં કન્યાના ભયના અવાજે વડે ગાલવૠષિએ હકીકત દેખીને શાપ આપવાથી તે વેતાલ થયો, પછી વિજયદત્ત બ્રાહ્મણ થયો, તે કાશીમાં ગંગાજીને તીરે કાશીરાજાના કુમારના યોગવડે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરીને મુક્તિમાં ગયો. ૧. ...૪૩૫

હે લક્ષ્મીજી ! જરતકારૂની પત્ની જરતકારવીએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિવડે આસ્તીકનામનો પુત્ર પ્રાપ્ત કર્યો હતો. ૧. ...૪૩૬

હે લક્ષ્મીજી ! મનોજય નામના નાસ્તિકરાજાએ ગોલભરાજાને જીતી લીધો હતો, મનોજયની પત્ની સુમિત્રાએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિ કરી હતી, રાજાએ તેના કહેવા મુજબ અતિભક્તિ કરી, શ્રીકૃષ્ણનારાયણે રાજારાણીને દર્શન આપ્યાં, સકામ એવા રાજારાણીની માગણી પ્રમાણે ભગવાને નવા સૈન્યવડે ગોલભરાજાને હરાવીને મનોજયરાજાને રાજ્યમાં સ્થાપ્યો હતો, તે દમ્પતી લાંબે કાળે શ્રીહરિવરની ભક્તિવડે મોક્ષમાં ગયા હતા. ૧. ...૪૩૭

હે લક્ષ્મીજી !, સેતુબન્ધરામેશ્વરની ભૂમિમાં પુણ્યનિધિરાજાએ યજ્ઞ કર્યો હતો, તેને ઘેર લક્ષ્મીજી પુત્રીરૂપે પ્રકટ થયા હતાં, તમો મને નારાયણને વરવા ઇચ્છતા હતાં, મેં ઘણાં વેષો વડે તમને છેતરવા પ્રયત્નો કર્યા, પણ તમો ન ડગ્યા, તમારો પરાણે હાથ પકડતાં રાજાએ મને કેદમાં નાખ્યો, પછી રાજાએ મારી ધૂન્યમાં ને ધૂન્યમાં મને સ્વપ્નમાં નારાયણરૂપે જોયો, તથા તમને કમળારૂપે જોયાં, પછી રાજાએ રાજભવનમાં બોલાવી મારી સ્તુતિ કરી, ક્ષમા માગી, તમારું દાન આપ્યું, તમોને લઈને અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું, તેને સાક્ષાત્ દર્શન દઈને, બ્રહ્મલોકમાં ગયો હતો, સમય જાતાં રાજાને મોક્ષમાં લઈ ગયો હતો. ૧. ...૪૩૮

હે લક્ષ્મીજી !, ધર્મદેવ ધર્મારણ્યમાં તપ કરતા હતા, તેના તપોભંગ માટે ઇન્દ્રે વર્ધિની નામની અપ્સરા મોકલી હતી, તેને ધર્મદેવે અનાદિશ્રીકૃષ્ણનારાયણની પતિવ્રતા ભક્તિનો ઉપદેશ આપ્યો હતો, તેણે કરીને તે વર્ધિની અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિવડે મોક્ષમાં ગઈ હતી ૧. ...૪૩૯

હે લક્ષ્મીજી !, ધર્મારણ્યમાં શ્રીકૃષ્ણનારાયણના સંકલ્પવડે પૂર્વે અઢારહજાર વિપ્રો પ્રકટ થયા હતા, તેમના ભારદ્વાજ કૌશિક કશ્યપ વિગેરે ચોવીશ ગોત્રો પ્રવર્ત્યા હતા, તેમાં પત્નીવ્રત દ્વિજના દેવાનીક દ્વિસાયક સન્તક એવા પ્રવરો થયા હતા, તેની શાખા પ્રશાખાઓ ફેલાયા છે, ધર્મસાવર્ણિના વૈતહવ્ય સાવેતસ ભાર્ગવ એવા ગોત્રો પ્રવર્ત્યા હતા, તે ધર્મારણ્યમાં દેશાન્તરના રાક્ષસો વિપ્રોને પીડા પમાડતા હતા, તેઓનો નાશ કરવા શ્રીકૃષ્ણનારાયણે વિશ્વાવસુ ગન્ધર્વદ્વારા પોતાની માનસી શક્તિઓ કુલદેવીઓ મોકલી હતી, શ્રીમાતા, આશાપુરા, ભટ્ટારિકા, માતંગી, હર્ષદા, આદિદેવીઓએ તથા શાન્તા સાવિત્રી ગાત્રાયી ચૂડિકા પિપ્પલા શીરોહી આદિ ઘણી જોગણીઓ બ્રહ્મચારિણીઓએ રાક્ષસો માર્યા હતા, તે શ્રીકૃષ્ણનારાયણની શક્તિઓ જગતમાં કુલદેવતાઓ વ્યાપેલી છે, ૧. ...૪૪૦

હે લક્ષ્મીજી !, તમામ શક્તિઓ સતીઓ અને દેવીઓને શ્રીકૃષ્ણનારાયણે દેવતાઈ માતાઓ તરીકે સ્થાપેલી છે, માતા-ઉપાસક પૈજવન નામના શૂદ્રે પોતાની પત્ની પુત્રીઓ પુત્રો ગૌ વાહન સમ્પત્ તમામ શ્રીકૃષ્ણનારાયણને શ્રીકૃષ્ણાર્પણ કર્યા હતાં તેઓએ અતિથિ સાધુ સન્ત તીર્થવાસીઓને ભગવાનસ્વરૂપે જાણી સેવ્યા હતા, તે સેવાવડે ભગવાન રાજી થયા હતા, તેમને મોક્ષમાં લઈ ગયા હતા. ૧. ...૪૪૨

હે લક્ષ્મીજી ! બૃહસ્પતિએ પોતાના પત્ની ચન્દ્રમાને ત્યાં વર્ષ દિવસ રહ્યા પછી, પોતાને ઘેર આવ્યા ત્યારે તેને 'ઓ નમ: શ્રીકૃષ્ણનારાયણ પતયે નમ:' એ મંત્ર જપાવીને શુદ્ધ કર્યા હતાં. ૧. ...૪૪૭

હે લક્ષ્મીજી ! ચિત્રવર્મા નામક રાજાને એક પુત્રી સીમન્તીની નામની હતી, તે જન્મથી જ બોલતી હતી, અને શ્રીકૃષ્ણનારાયણ નામનું ભજન ધ્યાન પૂજન કીર્તન કરતી હતી, સીમન્તીનીના ભાઈઓ વહાણ ઉંધૂ વળવાથી યમુનાના જળમાં ડૂબીને મરણ પામ્યા હતા, તેઓને સીમન્તીનીએ જળપૂરમાંથી શ્રીકૃષ્ણનારાયણના પ્રતાપવડે લઈ આવીને જીવતા કર્યા હતા. ૧. ...૪૪૮

હે લક્ષ્મીજી !, સીમન્તીની 'કોઈ પુરુષને ન જોવા' એવા વ્રતમાં હતી, ત્યારે કન્યાનાં કપડાં પહેરીને એક વિપ્રકુમાર ભિક્ષા માટે ગયો હતો, ત્યારે સીમન્તીનીએ સંકલ્પવડે તેને કુમારી કન્યાના અંગવાળી બનાવી દીધી હતી, તે કુમારની માતાએ પુત્ર થઈ જવા માગણી કરતાં, સીમન્તીનીએ શ્રીકૃષ્ણનારાયણના પ્રતાપવડે બીજો પુત્ર થવા વરદાન આપ્યું હતું, પણ તે કુમાર તો કુમારી જ રહી હતી. ૧. ...૪૪૯

હે લક્ષ્મીજી !, આનર્ત દેશમાં વેદરથ દ્વિજને એક પુત્રી શારદા હતી, તે 'ઓં શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમ:' એમ ભજન કરતી હતી, તે પદ્મનાભનામના વિપ્રને પરણાવી હતી, સર્પદંશવડે વિપ્ર મરણ પામ્યો, અને શારદા માવતરે રહેવા ગઈ, ત્યાં એક સન્ત ભિક્ષા લેવા આવ્યા, તેને કોરી ભિક્ષા આપી, સન્ત બોલ્યા - પુત્રવતી થા. શારદા બોલી - વિધવા થઈ છું. સન્ત કહે - તને સ્વપ્ને તારો પતિ આવીને પુત્રફળ આપશે, તે સન્ત પોતે શ્રીકૃષ્ણનારાયણ હતા, ભક્તાણીના દુ:ખો ટાળવા આવ્યા હતા, ભગવાને શારદાના કુટુમ્બીઓ અને માવતરો સમીપેજ કહ્યું - આ શારદાને તેનો પતિ સ્વપ્નમાં ગર્ભ આપશે અને પુત્રવાળી થશે, હું તેની ભક્તિવડે પ્રસન્ન થયેલો નારાયણ પોતે આવ્યો છું, એમ કહી ભગવાન અદૃશ્ય થઈ ગયા. ગર્ભવતી શારદા માટે જનતામાં કુકહેવતો થવા લાગી, જનોએ સમાજ બોલાવ્યો, તેમાં શ્રીકૃષ્ણનારાયણ સ્વયં વિપ્ર પંડિતરૂપે આવ્યા, તેમણે ફળ ખાવા વડે, યજ્ઞની ક્ષીર જમવા વડે, દૃષ્ટિ વડે, કરસ્પર્શ

વડે, આશીર્વાદ વડે, મંત્રો વડે, આવેલા દેવો વડે, વાસનિક પિશાચ વડે, સંકલ્પ સિદ્ધ યોગી વડે, જળ પાન વડે, અને ભગવાન વડે, પુત્ર થવાના પ્રાચીન દાખલાઓ આપીને, પોતે શારદાના પતિરૂપે દેખાઈને અદૃશ્ય થઈ ગયા, ત્યારે સમાજ નિ:શંક થયો, શારદા પુત્રવતી થઈ. ૧. ...૪૫૨

હે લક્ષ્મીજી !, નન્દીગામમાં મહાનન્દાનામની કુરૂપા વનિતા મારી ભક્તાણી હતી, પતિરહિત હતી, પણ વર્ષપર્યન્ત માસપર્યન્ત એમ એક જ પુરૂષને સ્વીકારીને સેવતી હતી, નક્કી કરેલા પુરૂષમાં મને પરમાત્માને દેખાતી થકી સેવતી હતી, તેનું ઘર અકસ્માત્ અગ્નિવડે સળગ્યું, તેમાં મારી મૂર્તિ પૂજા પાઠ હતા, તે સળગવા લાગ્યા ત્યારે તેને માટે મારું ધ્યાન ધરતી થકી કાઢી લાવવા અને કાંતો મૂર્તિ સાથે બળી જવા 'શ્રીકૃષ્ણનારાયણ પ્રાણપતિને સ્વાહા' એમ કહીને હોમાઈ ગઈ, તુરન્ત મેં તેને દર્શન દઈ મૂર્તિ સહિત બાહેર લઈ લીધી, પછી આયુષ્યને અન્તે તેને ધામગતિ આપી હતી. ૧. ...૪૫૩

હે લક્ષ્મીજી !, અનાદિશ્રીકૃષ્ણનારાયણપરમાત્મા સર્વેના પ્રાણપતિ સાચા પતિ છે, બાલકન નગરમાં વિદુર વિપ્રને બિન્દુલા નામની પત્ની હતી, વિદુર ખેતીમાં મજૂરીએ જતો, ત્યાં શુદ્રાણીમાં પ્રીતિવાળો થઈ ગયો, શુદ્રાણીને કમાણી આપી દેતો હતો, પતિએ જે જે માગ્યું તે પતિભક્તા બિન્દુલાએ બધું આપ્યું, બિન્દુલા પતિને અનાદિશ્રીકૃષ્ણનારાયણને સ્વરૂપે સેવતી હતી, નાગરિક જનતાને શ્રીહરિવરની ભક્તિનું શિક્ષણ આપતી હતી, તેને રાજી થયેલા શ્રીહરિવર કથાકાર બ્રાહ્મણ તરીકે આવીને ગામમાં રોકાણા હતા, કથાઓ થતી હતી, વિદુરને મરણ આવ્યે યમદુતો દેખાણા, તેથી રાડ્યો પાડવા લાગ્યો, ત્યારે બિન્દુલાએ 'શ્રીકૃષ્ણનારાયણ' ઉચ્ચાર કર્યા, તેવામાં કથાકાર વિપ્ર આવી ચઢ્યા, વિદુરને યમદુતોથી છોડાવી મોક્ષમાં મોકલ્યો, ભગવાને દર્શન દીધાં, બિન્દુલાએ પણ મોક્ષ માગ્યો, ભગવાને હાજરજનોને પણ કહ્યું - હું બિન્દુલાની ભક્તિવડે કથાકાર તરીકે આવ્યો છું, બિન્દુલાને મોક્ષમાં લઈ જાઉં છું, તમો પણ મને ભજજો, મોક્ષમાં લઈ જઈશ, એમ કહી બિન્દુલાને લઈ અદૃશ્ય થયા. ૧. ...૪૫૪.

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, કાશીરાજા દિવોદાસ તથા તેની પત્ની લીલાવતી તે અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભક્ત હતા, તેમણે સ્વપ્રભુભક્ત સિવાયનાને નિયમ નહિ પાલનારને કાશીમાંથી રવાના કર્યા હતા, કેવલ અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભક્તોનેજ વાસ આપ્યો હતો, તે સર્વે સ્વપ્રભુનું ભજન કરી બ્રહ્મધામમાં ગયા હતા. ૧. ...૪૬૫

હે લક્ષ્મીજી !, વેદશિરા નામના રૂષિથી શુચિનામની અપ્સરામાં ધૂતપાપા નામની કન્યા જનમી હતી, કન્યાની ઇચ્છાથી રૂષિએ કન્યાને તપ કરવા દીધું, શ્રીકૃષ્ણનારાયણને

પામવા માટે તપમાં પત્ર આહાર, જળ આહાર, વાયુ આહાર, કરતાં બ્રહ્માએ આવીને વરદાન માગવા કહ્યું, ત્યારે 'સર્વથી વધારે પવિત્ર થાઉં' એવું વરદાન માગ્યું, બ્રહ્માએ તેનામાં બધા તીર્થોનો વાસ આપ્યો, બીજે જન્મે દક્ષપુત્રી મૂર્તિ દેવી ધર્મપત્ની થયાં તેમાં શ્રીહરિવર પુત્રરૂપે થયા, જ્યાં જ્યાં આ કથાઓ વંચાતી હતી, ત્યારે ત્યારે શ્રીકંભરાલક્ષ્મી શ્રીગોપાળકૃષ્ણપ્રભુ તથા અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિગેરે મુક્તભક્તમંડળો દિવ્ય સ્વરૂપે સાંભળવા આવતા હતા, કથાઓના મોટા મહોત્સવો થતા હતા. ૧. ...૪૬૬

હે લક્ષ્મીજી !, આનન્દકાનન ક્ષેત્રમાં ગંગાના ગૌઘાટમાં એક દેડકી શિવમંદિરમાં શિવલિંગને ચઢેલા પ્રસાદ ખાઈને ચાલી જતી, તેને કાગડે પકડી અને તે મરી ગઈ, તે ગાન્ધર્વી થઈ, તે ભાગવતી ભક્તિની ગીતિઓ ગાતી હતી, તેને શંભુએ પ્રત્યક્ષ આવીને 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમ:' એ મંત્ર આપ્યો, તે જપીને બ્રહ્મલોકમાં ગઈ, હે લક્ષ્મીજી !, ગૌઘાટમાં નાહીને મત્સ્યોદરીના મંદિરમાં શ્રીકૃષ્ણનારાયણના દર્શન કરશે તે જરૂર મોક્ષમાં જશે. ૧. ...૪૭૧

હે લક્ષ્મીજી !, કબૂતરનું જોડલું સરયૂકિનારે શિવમંદિરમાં પ્રસાદીના કણ ખાતું, તે બાઝ પક્ષીનાઝપટમાં આવતાં મરણ પામ્યું, તેમાં પારેવો તે પરિમલ નામનો વિદ્યાધર થયો, અને પારેવી તે રત્નાવલી નામની નાગજાતિની કન્યા થઈ, તેને પ્રભાવતી અને કલાવતી બે સખીઓ હતી, વિવાહ બાદ પણ તે ચારેય શંકરના મંદિરમાં નૃત્ય ગીત ઉત્સવ કરતી હતી, શંકરે તેઓને 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમ:' એ મંત્ર આપ્યો હતો, તે જપતી હતીઓ, તેઓએ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની આશ્વિનવદી અષ્ટમી જન્મજયન્તીનું વ્રત કર્યું, અને મહોત્સવ કર્યો હતો, શ્રીહરિવર તેઓને વિમાનમાં બેસારી મોક્ષમાં લઈ ગયા હતા. ૧. ...૪૭૨

હે લક્ષ્મીજી !, શીપ્રાનદી કિનારે એક ખનકરાક્ષસ ઘણા માનવોને ખાઈ ગયો હતો, એકવાર લોમશક્ષેત્રના વાસી શ્રીકંભરાલક્ષ્મી તથા શ્રીગોપાળકૃષ્ણ દ્વિજ તીર્થે ગયા, અને શીપ્રાને કિનારે નીકળ્યા, ત્યારે તેમને મારવા તૈયારી કરી, તેવામાં તે દમ્પતી અનાદિશ્રીકૃષ્ણનારાયણને રટતા થકા, એક વૃક્ષના કાષ્ઠ આડા ઊભા રહ્યા, રાક્ષસે તરવાર માર્યું, તે કાષ્ઠમાં અથડાઈ ભાંગી ગયું, તેનો આગલો ભાગ ઊડીને રાક્ષસને ગળામાં લાગ્યો, રાક્ષસ મરણ પામ્યો, શ્રીહરિ માવતરોને દર્શન આપી લોમશક્ષેત્રમાં સાથે આવ્યા હતા. ૧. ...૪૮૦

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, આનર્ત દેશમાં સમુદ્રખાડીને કાંઠે ચમત્કાર નગરના ગામડામાં વાસ કરતા પુત્રવાળા માધવ બ્રાહ્મણે એકપુત્રી માટે ભગવાનની આરાધના

વ્રત માનતા તપ વગેરે કર્યાં, ભગવાને લક્ષ્મીજીને તેને ઘેર પુત્રી થવા આજ્ઞા કરી, લક્ષ્મીજી પોતાના અંશવડે માધવી પુત્રી થયા, તે મોટાં થતાં, અનાદિશ્રીકૃષ્ણનારાયણને વરવા ઇચ્છતાં હતાં, માવતરોએ ભગવાનને સંભાર્યા હતા, ભગવાન પધાર્યા અને માધવીને વરીને સ્વભુવનમાં લઈ ગયા હતા. ૧, ૪૯૨.

હે લક્ષ્મીજી !, એક ભદ્રિકા નામની બ્રાહ્મણી નાગમતી નદીને કાઠે શ્રીહરિવરની કથાઓ સાંભળીને સાંખ્યયોગિની ત્યાગિની થઈ હતી, 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય પતયે નમ:' એવો જપ કરતી હતી, તે દિવ્યમૂર્તિ થઈને શ્રીકૃષ્ણનારાયણના ધામને પામી હતી. ૧. ...૪૯૯

હે લક્ષ્મીજી !, સત્યસન્ધરાજાની પુત્રી કર્ણોત્પલા 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય પતયે નમ:' એવો મંત્ર જપીને કામદેવરૂપે રહેલા એવા શ્રીહરિવરની પત્ની રતિ નામની થયેલી છે. ૧. ...૫૦૦

હે લક્ષ્મીજી !, હારિતઋષિની પૂર્ણકલા નામની પત્નીનું રૂપ જોઈને મોહિત થયેલો કામદેવ તે પાંસે એકાન્તમાં આવી ચઢ્યો, ત્યારે હારિતઋષિએ 'કોઢીઓ થા' એવો કામદેવને શાપ આપ્યો, કામદેવે ઉદ્ધાર માગ્યો, ત્યારે હારિતઋષિએ 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય પતયે નમ:' એવો મંત્ર જપવા કહ્યું, કામદેવ એ મંત્રવડે નીરોગી થયો હતો. ૧. ...૫૦૨

હે લક્ષ્મીજી !, જાબાલિનામના ઋષિને રંભા અપ્સરામાં ફલવતી નામની દીકરી થઈ હતી, તેને ચિત્રાંગદ ગન્ધર્વે કુમારી અવસ્થામાં કામનાવડે ભ્રષ્ટ કરી, જાબાલિએ બન્નેને શાપ આપ્યો, નગ્ન અવસ્થામાં બન્ને વનમાં રખડો, જાબાલિને ગન્ધર્વે શાપ આપ્યો, 'તું પણ નગ્ન અવસ્થામાં આ વનમાં રખડ,' તેમ થયા પછી તે વનમાં જોગણીઓના સમુદાય સહિત શંકર ત્યાં નીકળ્યા, તેને રાજી કરવા ચિત્રાંગદ અને ફલવતીએ નૃત્ય ગાન કર્યાં, શંભુ રાજી થયા, તેમની હકીકત જાણ્યા પછી ત્રણેયનો ઉદ્ધાર કરવા માટે 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય પતયે નમ:' આ મંત્ર જપ જપવા આપ્યો, તે મંત્ર જપીને શાપથી મુક્ત થયા અને મુક્તિને પામ્યા. ૧. ...૫૦૩

હે લક્ષ્મીજી !, આસામમાં બાલવ યોગીના વરદાન વડે, શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરનારી કામરૂપે પ્રદેશની જનતા ઝાઝી ઝાઝી નારીઓ જ હતી તે, વધારે વધારે પુત્ર સન્તતિવાળી થઈ હતી, નરનારીઓની સામાન સંખ્યાવાળો તે પ્રદેશ થયો હતો, અને જનતા શ્રીહરિવરની ભક્તિવડે મોક્ષગતિ પણ મેળવતી હતી. ૧. ...૫૦૪

હે લક્ષ્મીજી !, શિવજીને આકર્ષણ કરીને ચારેય દિશાઓમાં જોવરાવતી તિલોત્તમા અપ્સરાએ શિવજીને ચાર મસ્તકો નવા નીપજાવ્યા, તેથી પંચમુખી શિવ થયા, ત્યારે પાર્વતીજીએ તિલોત્તમાને કુબડી થવાનો શાપ આપ્યો, તિલોત્તમાએ ઉદ્ધાર કરવા પ્રાર્થના કરી, ત્યારે પાર્વતીજીએ 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય પતયે નમ:' એ મંત્ર આપ્યો, તેના જપવડે સુરૂપ સ્વરૂપે થઈ હતી. ૧. ...૫૦૫

હે લક્ષ્મીજી !, એક કંસારિકા નામની રૂષિ પત્ની 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમ:' એવો જપ કરતી હતી, તેને શ્રીકૃષ્ણનારાયણ વિમાન લઈને તેડવા આવ્યા, તે તેમાં બેસીને બ્રહ્મલોકની મુક્તિને પામી. ૧. ...૫૦૬

હે લક્ષ્મીજી !, જયસેન નામના કાશીરાજાની અમા-નામની પત્નીએ પુત્ર પ્રાપ્તિની ઇચ્છાથી ગૌરીપૂજનવ્રત કર્યું, તેથી તે પુત્રવાળી થઈ હતી, આયુષ્યપૂર્ણ થએ તે રાણી 'અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમ:' એવા ભજનવડે દિવ્ય થઈ હતી અને લક્ષ્મીપણાને પામી ગઈ હતી. ૧. ...૫૦૮

હે લક્ષ્મીજી !, નારદજીએ બ્રહ્માને કહ્યું - પૃથ્વીમાં અસુરો વધી પડ્યા છે, માટે સંહારનો ઉપાય કરો. બ્રહ્માએ કમળ ફેંક્યું, તે હાટકેશ્વર ક્ષેત્રમાં પડ્યું, તે સ્થળે યજ્ઞ કરવા બ્રહ્માજી વિગેરે આવ્યા, યજ્ઞમાં અવધૂત સ્વરૂપે શંભુ આવ્યા, તેમણે કહ્યું - બ્રહ્માની પડખે ગોપકન્યા બેસારો, તે વંશમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રકટ થાશે, તે અસુરોનો સંહાર કરશે, કન્યાનું નામ ગાયત્રી પાડ્યું હતું, તે બ્રહ્માની પત્ની થયાં. ૧. ...૫૦૯

હે લક્ષ્મીજી !, બ્રહ્માના યજ્ઞમાં સનાતનરૂષિના માનસપુત્ર બટુબ્રહ્મચારીએ પોતાને શ્રીકૃષ્ણનારાયણ દ્વારા મળેલું જ્ઞાન યજ્ઞની મહાસભામાં કહ્યું હતું. ૧. ...૫૧૦

હે લક્ષ્મીજી !, તે સભામાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ અદૃશ્યસ્વરૂપે આવેલા હતા, તે અતિથિરૂપે દેખાણા, તેને યજ્ઞમાં ઘણાં દાન અપાણાં તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિવરે માતા પિતા સહિત દર્શન આપ્યાં, તે વખતે ઉદુમ્બરીનામની ગાન્ધર્વી ગાવણું કરવા બેઠી, હસતા હસતા ભૂલ પડી, તે નારદના શાપવડે બ્રાહ્મણી થઈ હતી, તે યજ્ઞક્રિયાઓમાં નિષ્ણાત હતી, યજ્ઞોમાં ભૂલ પડવા ન દેતી, શ્રીકૃષ્ણનારાયણે તેને પ્રસન્ન થઈને મોક્ષમાં લઈ લીધી હતી. ૧. ...૫૧૧

હે લક્ષ્મીજી !, રાજપુત્રી રત્નાવળી અને પુરોહિતપુત્રી યોગિની મિત્રાણીઓ હતી, રાજકન્યાના વિવાહ પહેલાં વિપ્રકન્યાએ વિયોગનું દુ:ખ જણાવ્યું, રાજપુત્રીએ અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન આદર્યું, શ્રીહરિના બળવડે યોગકળાવાળું આત્મબળ

વધવાથી પોતાનું વ્યાઘ્રી (સિંહણ)નું રૂપ દેખાડી વિવાહ બંધ રખાવ્યો, બન્ને કુમારીઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણની આરાધના ભક્તિવડે 'શ્રીકૃષ્ણનારાયણ કૃષ્ણ કૃષ્ણ, શ્રીકૃષ્ણનારાયણ કાન્તકૃષ્ણ, શ્રીકૃષ્ણનારાયણ અન્તરાત્મન્ પ્રદેહિ દાસ્યં ચરણે પ્રિયેશ', આ રીતે ભજન કરતી કરાવતી થકી પ્રત્યક્ષ આવેલા શ્રીકૃષ્ણનારાયણના વિમાનમાં બેસી બ્રહ્મલોકમાં ચાલી ગઈ. ૧. ...૫૧૩'

હે લક્ષ્મીજી !, કુંકુમવાપીના જલપાનવડે પાપો બળી જાય છે, નાગલીલા નામની શ્રીકૃષ્ણની દાસી તે નાગમતીનદી રૂપે છે, શ્રીકૃષ્ણનારાયણે તેમાં સ્નાન કરી તેના આત્માને બ્રહ્મલોકમાં મોકલ્યો છે, એક ધૂકકર્ણ અન્ત્યજ યાત્રાળુ એકાકી વિપ્ર જેવે વેષે નાગમતીને કાંઠે જપ કરતો હતો, તે પોતાને દ્વિજ તરીકે ઓળખાવતો હતો, તેને એક દૈવવ્રતી નામના વિપ્રે પોતાની દિકરી જે બમણાં દાંતવાળી ત્રણ સ્તનવાળી મોટા ઉંદરવાળી કૂબડી હતી તે તૂલસીને પાંદડે દાન આપી, તે અન્ત્યજ ઉંઘમાં બડબડતો 'મલના પાંચ પાયખાનાના ડબા કાઢવા બાકી છે' એમ બોલતો હતો, તેથી કન્યાને શંકા પડી, તેની જાતિ નક્કી કરવા તપેલો લોઢાનો ગોળો હાથમાં લેવરાવવા નક્કી કર્યું, તેથી તે રાત્રે એકલો ભાગી ગયો, વટલેલી કન્યા તથા તેની માતાએ અગ્નિમાં બળી મરવા પ્રાયશ્ચિત નક્કી કર્યું, તે સમયે શ્રીકૃષ્ણનારાયણ નામનું ભજન ચાલુ કર્યું, નાગમતીમાં નાહીને કાંઠે નિસર્યા, તેવામાં તેના શરીરમાંથી ચંડાલરૂપ ધરી પાપ પુરુષ ભાગ્યો, કુટુમ્બના શરીરોમાંથી કાગડાઓ થઈ પાપો ભાગ્યાં, તેટલામાં ભક્ત રક્ષા કરવા શ્રીકૃષ્ણનારાયણ પધાર્યા, તેમને પ્રસાદિજળ પાઈ પાવન કર્યા, અગ્નિમાંથી ઉગાર્યા, અને આયુષ્ય પૂર્ણ થયે મોક્ષમાં લઈ ગયા. ૧. ...૫૧૪

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, પૂર્વ સૃષ્ટિઓના મન્વન્તરમાં ઇન્દ્રદ્યુમ્ન રાજા મહાવૈષ્ણવભક્ત થયો હતો, તેણે સમગ્રપૃથ્વીમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણના યોગ પૂજા ભજન પ્રવર્તાવ્યા હતાં. તેને ભગવાને પુણ્યભોગ માટે સ્વતંત્ર સ્વર્ગ આપ્યું હતું, પુણ્ય પૂર્ણ થયા પછી બ્રહ્માએ કહ્યું - હે ઇન્દ્રદ્યુમ્ન !, પૃથ્વીમાં ફરીથી પુણ્ય અને કીર્તિ મેળવીશ તો સ્વર્ગમાં રહી શકીશ, ત્યારે તે રાજા કામ્પિલ્યનગરીમાં ઉતર્યો, તેને કોઈ નામથી પણ ઓળખતું નહતું, ત્યારે નૈમિષરાણ્યમાં માર્કણ્ડેયને 'ઇન્દ્રદ્યુમ્ન કોઈ થયો હતો' એવું પૂછવા ગયો, માર્કણ્ડેયે દસ કલ્પ સુધીમાં ઓળખાણની ના પાડી, તેથી બન્ને બકડાલવની પાસે ગયા, તેણે વીશ કલ્પોમાં તેની ઓળખાણની ના પાડી, ત્યારે તે ત્રણેય તેથી જૂના ઉલૂક રૂષિને ત્યાં ગયા, તેણે ચાલીસ, કલ્પોમાં ઓળખાણની ના પાડી ત્યારે તે પાંચેય માનસ સરોવરમાં જુના કચ્છપ રૂષિ પાસે ગયા, તેઓને આવતા દેખીને

જ કચ્છપ જળમાં ઊંડો ઊતરી જવા લાગ્યો. બધાએ ભાગવાનું કારણ પૂછ્યું, ત્યારે કચ્છપ બોલ્યો, - આ ઇન્દ્રદ્યુમ્ને એક એક યજ્ઞ હજાર હજાર વાર કર્યા, તેમાં વિષ્ણુભગવાને મને જ આપ્યો, મારી પીઠ ઉપર કુંડ કર્યા, તેણે કરી મારુ પીઠ બળેલું છે, તે હજુ સુધી નવું પુરાતું નથી, મને તે લેવા આવ્યો હોય તેવા ડરથી ભાગુ છું, આમ ઇન્દ્રદ્યુમ્નની નવી કીર્તિ થઈ, પછી તે સર્વે ત્યાંથી ચાલ્યા. રસ્તામાં કચ્છપ વૃત્તાન્ત કહેતો હતો, હું લોમશ રૂષિના દર્શન કરવા સૌરાષ્ટ્રમાં નાનું દેવસ્વરૂપ ધારીને ગયો હતો, રૈવતાચળથી પૂર્વે વિશાળ પાંચ યોજન ઘેરાવાળું અશ્વપટ સરોવર છે તેને કાંઠે વૃક્ષોમાં લોમશરૂષિનું આસન હતું, સૃષ્ટિઓમાં લોમશ રૂષિ ત્યાં જ વસતા આવે છે, ત્યાં કુમકુમવાપી તીર્થ શ્રીકંભરાલક્ષ્મી શ્રીગોપાળકૃષ્ણ શ્રીપત્નીવ્રતદ્વિજ તથા શ્રીકૃષ્ણનારાયણના તીર્થો છે, ત્યાં અગ્યાર રૂદ્રો, આઠ વસુઓ, બાર સૂર્યો, દેવ વૈદ્યો, તેત્રીશ કોટિ દેવો દેવીઓ, તીર્થો કલ્પે કલ્પે પ્રકટ થઈને વસે છે, તેમના દર્શન કરી પછી છૂટા થશું, લોમશ મારા ગુરૂ છે, તેણે મને શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપ્યો છે, તથા પ્રભુના માતાપિતા ઓળખાવ્યા છે, આમ ભારતમાં લોમશાશ્રમમાં આવીને એક વર્ષ રોકાણા હતા, તે તીર્થો થયાં છે, પછી શ્રીલોમશમુખે ચમત્કારી કથાઓ સાંભળી હતી, રૂષિઓ લોશમરૂષિની આજ્ઞા લઈ સ્વસ્થસ્થળોમાં પધાર્યા હતા, ઇન્દ્રદ્યુમ્ન જ્ઞાન માટે વધારે રોકાયો હતો. ૧. ...૫૨૦

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, ઇન્દ્રદ્યુમ્ને લોમશરૂષિને આત્મતત્ત્વજ્ઞાન પૂછ્યું હતું, લોમશરૂષિએ કહ્યું - હે રાજન્ ! શ્રીહરિનું સ્મરણ કરવું, અક્ષરબ્રહ્મલોકમાં વિરાજમાન શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ દિવ્યમૂર્તિ છે, તેનું ધ્યાન કરવું, તેમને મુક્તજનો સેવે છે, તે યુવાનમૂર્તિ છે, અથ ધ્યાનચિન્તન -

તે પ્રભુના કમળપાંખડી જેવાં આકર્ષક પ્રેમાળ લાલાશવાળાં નેત્રો છે, હૃદયમાં રોમચક્રક છે, રસભરી મારકણી ભ્રકુટી છે, નેત્રોની અણિઓ કાન સુધી લાંબી છે, નેત્રોના ગોલક શ્વેતસુન્દર છે, મધ્યે કાળા ચન્દ્રો છે, તેમાં ઝીણી કીકીઓ છે, તે નીલ ભૂરિ તેજભરી ચમકીલી છે, ઉઘડેલ તલના પુષ્પ સમાન નાસિકા છે.ઝીણી ઝીણી ચળકતી સોનેરી મૂછની રેખા છે. ચિબુક સુશોભિત છે. ગાલ સૂર્ય ચન્દ્ર સમાન છે, ભાલમાં બિન્દુ અને તિલક ઉજ્જ્વલ છે, તેમાં એક આડી લાંબી રેખા છે, કેશ મંજુલ સ્નિગ્ધ વાંકા કાળા પિંગળા સોનેરી છે, કાન જલેબી સમાન છે, તેમાં રત્નજડિત કુંડળ છે, મુખની ચારે કોર તેજનું ચક્ર છે, નાના શંખસમાન કંઠની કૃકાટિકા છે, સ્વર્ણચમ્પા જેવી ઉજ્જવલ પુષ્ટ સર્પના મુખના કાંધના ભાગ જેવી ભુજાઓ છે, હાથીની સોંઢ સમાન બન્ને હાથના પડખાની રચના છે, ગુલાબી કમળસમાન હાથનાં તળાં છે, નખ

ચન્દ્રમાઓ ગોળ ઉપડતા ઉજળા છે, આંગળીઓ અંગુઠાના સાંધાઓ જવની રેખાઓવાળા છે, લક્ષ્મી ચિન્હયુક્ત વક્ષસ્થળ છે, તેમાં રોમનું દક્ષિણ ચક્ર છે, ગુઢ બે સ્તનના ચન્દ્રકો છે, નાભિ ત્રિવળીવાળી ઊંડી ઊંદરને શોભાવનારી છે, નાભિ નીચે જઘત પેડુભાગ ઉજળો છે, કેડય સિંહકટિ સમાન છે, પુરૂષપણું શુશોભિત છે, આસન ગાદીઓ પુષ્ટદળદાર છે, સાથળ કેળના સ્તંભ જેવા ઉજળા છે, હાથીની સોંઢચ સમાન રચનાવાળા છે, ગોળ જાનુ છે, ગોઠણસુધી લાંબા હાથ છે, પિણ્ડીઓ પુષ્ટ રમણીય છે, પગતળાં કમળ જેવાં છે, આંગળીઓના નખચંદ્રો ઉજળા છે, આભૂષણ અમ્બર હાર દંતપંક્તિ હૃદય મન ભાવના ગુણ ઐશ્વર્ય ક્રિયાઓ વિગેરે દિવ્ય છે, એવા શ્રીકૃષ્ણનારાયણને ચિન્તવવા, એવું ધ્યાન ધરવું, તેણે કરીને શાશ્વતી શાન્તિ થાય છે, આવી મૂર્તિનું ધ્યાન તેનું નામ અલૌકિક દિવ્યજ્ઞાન, તે વડે સુખ શાન્તિ વર્તે છે, તે પર બ્રહ્મ સર્વધામોમાં સર્વ બ્રહ્માણ્ડોમાં સર્વલોકોમાં રહ્યા છે, તે શ્રીકૃષ્ણનારાયણ પોતેજ શ્રીકંભરાલક્ષ્મીલાલિત શ્રીગોપાળબાલક અશ્વપટસરોવરવાળા આ લોમશક્ષેત્રમાં રહ્યા છે, તેનું ધ્યાન કરો, તેને જપો, નમો, સેવો પૂંજો, તેના ચરણ જળ પીઓ, પ્રસાદ જમો, સુગન્ધ ગ્રહણ કરો, તેને પ્રદક્ષિણા દંડવત્ સ્તુતિ કરો, ધૂપ દીપ નૈવેદ્ય આરતી કરો, સર્વાર્પણ કરો, સર્વક્રિયા અર્પણ કરો, હે ઇન્દ્રદ્યુમ્નરાજન્ !, તેવા શ્રીકૃષ્ણનારાયણપ્રભુના દાસ્ય સમર્પણવડે બ્રહ્મમૂર્તિ થવાય છે, શ્રીકૃષ્ણના સંગવડે લોમશ હું લેપ નાશ કરનારો કાળને કાપનારો બ્રહ્મરૂપે વર્તું છું, તે ભગવાન આંહી ભક્તોના અતિ વલ્લભ પ્રભુ વિરાજે છે, તેને ભજો, કાલ કર્મ માયા સ્વભાવ તત્ત્વો દેવતાઓ ઈશ્વરો વિગેરે તેની આજ્ઞામાં વર્તે છે, બ્રહ્મા વૈરાજપુરુષ મહાવિષ્ણુ સદાશિવ પ્રધાનપુરૂષ વૈકુંઠ ગોલોકો વાસુદેવ તેની આજ્ઞામાં છે, તે ભગવાન બ્રહ્મલોકમાં રહેતા થકા આંહી રહે છે, તે બધા ધામોના પરમેશ્વર છે, બધી વિભૂતિઓ તેમની છે, આ કથાઓ તેની મૂર્તિને વર્ણવે છે, મૂર્તિની સમઝણ તે અપરોક્ષ આત્મસાક્ષાત્કાર જ્ઞાન છે. ૧. ...૫૨૧

લોમશ બોલ્યા - હે ઇન્દ્રદ્યુમ્ન રાજન !, નારદજી અશ્વપટસરોવરના ક્ષેત્રમાં આવીને અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામનું ભજન કરવા લાગ્યા, શ્રીકૃષ્ણનારાયણે પ્રત્યક્ષ દર્શન દીધાં, નારદજીએ સ્તુતિ કરી, અને મોક્ષ માગ્યો, ભગવાને તેને ભજનની પ્રવૃત્તિ કરવી કરાવવી એવો નિર્ગુણ માર્ગ એ મોક્ષરૂપજ છે એમ કહ્યું, તેવી ભક્તિ કીર્તન કરાવવા આજ્ઞા આપી, તે આજ્ઞા તેના આત્માને અતિ શાન્તિ આપનારી થઈ હતી, હે રાજન !, પૂર્વેના કલ્પોમાં પણ શ્રીકૃષ્ણનારાયણ આંહીજ વસતા હતા, તમો પણ શ્રીકૃષ્ણનારાયણને ભજો ધ્યાન કરો સંભારો, એ નારાયણ પરમ આત્મતત્ત્વ છે. ૧. ...૫૨૨

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, લોમશઋષિએ કહેલા આત્મતત્ત્વના સાક્ષાત્કાર વડે દિવ્યતાને પામેલ રાજાના તમામ ઉપચારો શ્રીકૃષ્ણનારાયણ પ્રત્યક્ષ ગ્રહણ કરતા હતા, લોમશઋષિએ આપેલો મંત્ર 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમ:' એ રીતે રાજા નિત્ય જપતા હતા, તેને શ્રીકૃષ્ણનારાયણે દિવ્યવિમાનમાં બેસારી શાશ્વત સ્વર્ગરૂપી મોક્ષમાં મોકલી દીધો. ૧. ...૫૨૪

હે લક્ષ્મીજી !, એકવાર અશ્વશિરા નામનો રાજા લોમશક્ષેત્રમાં અશ્વપટસરોવરના તીર્થ માટે આવ્યો હતો, ત્યાં કપિલઋષિ સિદ્ધક્ષેત્ર તરફથી આવ્યા હતા, તેમને તે રાજાએ મોક્ષના સાધન પૂછ્યા હતા, ત્યારે કપિલ ભગવાનને સર્વકર્માર્પણ ભજન અને શ્રીહરિની મૂર્તિના ધ્યાનને મોક્ષસાધન કહ્યા હતાં. શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ ધ્યાન યોગ સર્વસમર્પણવૃત્તિવડે મોક્ષ જરૂર થાય છે, પોતામાં ભગવાનને સુમૂર્ત જોવાનો અભ્યાસ કરવો તે અતિ ઉત્તમ સાધન છે, એમ કહી કૃપા વડે -

કપિલભગવાને નારાયણસ્વરૂપે દર્શન આપ્યું અને કહ્યું - જે, પરનારાણ પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તો વૈરાજનારાયણથી વિષ્ણુનારાયણથી ભૂમાનારાયણથી વાસુદેવનારાયણથી પણ પર છે, તે અવતારી છે, તે અક્ષરબ્રહ્મથી પણ પર છે, તે શ્રી હરિ શંખ ચક્ર ગદા પદ્મ ધનુષ ધ્વજ સ્વસ્તિક ત્રિશૂલ ઉર્ધ્વરેખાઓ કમળ વિગેરે દિવ્યચિન્હધારી રાજાધિરાજ છે, તેવાં પરનારાયણને તો હું કપિલ દત્તાત્રેય વ્યાસ બુદ્ધ પૃથુ વામન પર્શુરામ રામ વાસુદેવ સદાશિવ વિગેરે એકાત્માપણે ઉપાસીએ છીએ, હે રાજન્ !, તમો પણ તેને ઉપાસો, તે પરનારાયણ સર્વનારાયણોના નારાયણ છે, તે સર્વમાં રહ્યા છે, આંહી પણ છે, બૃહસ્પતિએ વસુરાજાને આવુ જ્ઞાન કહ્યું હતું આમ કહી કપિલજી તીર્થમાં પરનારાયણનું ધ્યાન કરતા થકા અદૃશ્ય થઈ ગયા, અશ્વશિરા રાજાએ તેજ પ્રમાણે ધ્યાનભક્તિવડે પરનારાયણનું સાક્ષાત્ દર્શન કરી મોક્ષ મેળવ્યો હતો. ૧. ...૫૨૫

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, કાશ્મીરનો પરાવસુ નામનો રાજા ભક્ત હતો, તે 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમ:' એવો મંત્ર જપતો હતો, વર્ષે વર્ષે બદરિકાશ્રમની યાત્રા કરતો હતો, મહાજ્ઞાની હતો, ભગવાન્ સિવાય બધું નશ્વર જાણતો હતો, તેને ભગવાને દર્શન દીધાં, રાજાએ સ્તુતિ કરી, 'નારાયણો મે પ્રીયતામ્' - એમ કહ્યું, ત્યારે શ્રીકૃષ્ણનારાયણે દર્શન આપી વિમાનમાં બેસારીને મોક્ષગતિએ મોકલી દીધો. ૧. ...૫૨૬

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, આવટચનામના રૂષિ રૈવતાચળને પ્રદક્ષિણા કરી શ્રીલોમશ ક્ષેત્રમાં ગયા, અશ્વપટ સરોવરને કાંઠે શ્રીકૃષ્ણનારાયણની નિવાસ ભૂમિમાં શિવરાત્રિવ્રત કરી રાત્રે શિવજી તથા લોમશ રૂષિની પૂજા કરતા હતા, પાછળી રાત્રે જરાક નિદ્રામાં સ્વપ્ન આવ્યું, તેમાં આવટચ રૂષિ વિમાનમાં બેસી સ્વર્ગ સત્યલોક ઈશ્વરલોક ઉલ્લંઘીને બ્રહ્મલોક પહોંચ્યા, ત્યાં દિવ્યમૂર્તિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા પરમપુરુષને અનન્તમુક્તોએ સેવાએલા જોયા, તથા પાછા વળતાં ગોલોક વૈકુંઠ શ્વેતદ્વીપ બદરિકાશ્રમમાં તથા કુંકુમવાપીક્ષેત્રમાં તેજ પરનારાયણને શ્રીગોપાળબાલ શ્રીકંભરાત્મજ દિવ્યમાનવમૂર્તિરૂપે જોયા, સ્વપ્ન ઊડી ગયું, અને લોમશા શ્રમમાં શ્રીકૃષ્ણનારાયણ હરતા ફરતા દેખાણા, તે ભગવાને આવટચ રૂષિને 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમ:' એ મંત્ર આપ્યો, તથા તુલસીની કંઠી અને માળા આપ્યાં, ત્યારે આવટચરૂષિએ સ્તુતિ કરી, તથા મોક્ષ માગ્યો, શ્રીહરિએ તેને વિમાનમાં બેસારીને મોક્ષમાં મોકલી દીધા. ૧. ...૫૨૮

શ્રીનારાયણ ઉવાચ - હે લક્ષ્મીજી !, એકવાર અશ્વપટ સરોવરના કુમકુમવાપીક્ષેત્રમાં રૂષિઓ આશ્વિકુષ્ણાષ્ટમીએ શ્રીકૃષ્ણનારાયણના દર્શનાર્થ આવ્યા હતા, તથા રૈવતાચળવાસી દેવતાઓ આવ્યા હતા, પાંચ વર્ષના હોય તેવા રમણીયદિવ્યમૂર્તિ સ્વરૂપ શ્રીકૃષ્ણનારાયણે સર્વેના સ્વાગત કર્યા હતાં, રૂષિઓએ ઉત્સવ કર્યો હતો, અસંખ્યજીવોના કલ્યાણ માટે પ્રકટ રહેલા છો - ઇત્યાદિ સ્તુતિઓ કરી હતી, બ્રહ્મા શિવજી રૂષિઓ વિગેરેએ શ્રીકૃષ્ણનારાયણના પૂજન કર્યા હતાં, અને સનતકુમાર રૂષિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાં સર્વધન્યવાદોનું પાત્રપણું વર્ણવ્યું હતું, સર્વેશ્વર સર્વેશ્વર્યપૂર્ણ સર્વ શક્તિઓના સ્વામી સર્વ સિદ્ધિઓએ વન્દેલા સર્વેના દૈવત એવા પરબ્રહ્મના દર્શન કરનારા આ જનસમુદાયને પણ ધન્યપણું છે, આમ વર્ણન કરી સ્તોત્રવડે સ્તુતિ કરી હતી, પછી ભોજન પાન તામ્બૂલ પ્રસાદ ગ્રહણ કરી સત્કાર પામીને પોતપોતાના લોકમાં ગયા હતા. ૧. ...૫૩૧

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મી !, ગૌરમુખનામક રૂષિને આશ્રમે દુર્જયનામનો સમ્રાટ સૈન્યસહિત આવ્યો, ત્યારે ગૌરમુખમુનિએ અનાદિશ્રીકૃષ્ણનારાયણને સંભાર્યા, તત્કાળ ભગવાન પ્રત્યક્ષ પધાર્યા, ભગવાનના બળવડે તે રાજાનું સન્માન તથા સૈન્યનું સન્માન મહારાજધાનીની રીતિ પ્રમાણે નવું નવું કર્યું હતું, ભગવાને ગૌરમુખને એક ચિન્તામણિ આપ્યો હતો, રાજા વિદાય લઈને ચાલ્યા ગયા પછી, બધી રાજધાની રચના અદૃશ્ય થઈ ગઈ હતી, રાજાએ તેનું કારણ મણિ લઈ લેવા ઇચ્છા કરી, નીલ સેનાપતિ જબરદસ્તી

કરવા લાગ્યો, તેટલામાં મણિમાંથી લાખો લશ્કરો નીકળી પડ્યાં, જબરી લડાઈ થઈ, ભગવાનનું સુદર્શન આકાશમાં ફરવા લાગ્યું, રાજસૈન્યોનો નાશ થયો, મણિસૈન્યો ભગવાનમાં સમાઈ ગયાં, પછી વૈરાગ્યવાળા ગૌરમુખઋષિ સૌરાષ્ટ્રમાં પ્રભાસ રૈવતાચળ અશ્વપટ સરોવર વિગેરેમાં તીર્થ કરી પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનારાયણ તથા શ્રીલોમશઋષિના દર્શન કરી 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમ:' એમ જપ કરતા થકા ભગવાનની કૃપાવડે બ્રહ્મલોકમાં મોક્ષમાં ચાલ્યા ગયા. ૧. ...૫૩૨

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, મહાતપાનામનાઋષિએ પૂર્વ પ્રજાપાલનામના રાજાને સર્વ તત્ત્વોમાં જીવાત્મામાં અને સાક્ષિમાં પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા રહેલા છે, એવું જ્ઞાન આપી પ્રત્યક્ષ દર્શન કરાવ્યું હતું. ૧. ...૫૩૩

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, શંકર લાંબો સમય ધ્યાનમાં બેસી રહ્યા પછી પાર્વતીજીએ એકવાર ખોળામાં બેસી ધ્યાનમાંથી જગાડીને પૂછ્યું,- તમો ધ્યાનમાં શું દેખો છો ?, શંકરે કહ્યું - પરબ્રહ્મ અનાદિશ્રીકૃષ્ણનારાયણને જોયા કરું છું, લોમશક્ષેત્રમાં તે ભગવાન પ્રકટ વિરાજે છે, તેવા દિવ્યમાનસ્વરૂપ ભગવાનની લીલાઓ જોયા કરું છું, સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં તે ભગવાન પ્રકટ વિરાજે છે, એવા ઘણાક ભગવાનના અવતારો પધાર્યા કરે છે, તેને મારા જેવા જોગિઓ જાણે છે, પૂર્વે તે મણિક્ષેત્ર હતું પછી પદ્મક્ષેત્ર થયું, પછી વૈષ્ણવક્ષેત્ર થયું, પછી લોમશક્ષેત્ર થયું, તે પત્નીવ્રતક્ષેત્ર કહેવાયું, તે ઇન્દ્રદ્યુમ્નક્ષેત્ર કહેવાયું, તે નારસિંહક્ષેત્ર કહેવાયું, તેજ વ્યાઘ્રારણ્ય કહેવાયું, તેજ ઋક્માંગદક્ષેત્ર કહેવાયું, તે રૈવતક્ષેત્ર કહેવાયું, તેજ પ્રભાસક્ષેત્ર, સોમક્ષેત્ર, પણ કહેવાયું છે, તેજ દ્વારકાક્ષેત્ર પણ કહેવાય છે, તે ક્ષેત્ર સો યોજન વિશાળ ચારે છેડે મહાતીર્થોવાળું મોક્ષ આપનારું છે, મીન ધ્વજ ધનુષ ચક્ર સ્વસ્તિક પદ્મ આદિ ચિન્હધારી એવા શ્રી પરનારાયણના ક્ષેત્રને તથા તેના અંશ સોમક્ષેત્રને શ્રીકૃષ્ણક્ષેત્રને રૈવતક્ષેત્રને ગોપક્ષેત્રને ગોપિકાક્ષેત્રને ચમત્કારક્ષેત્રને જે જે સંભારશે. તથા તેની પીઠમાં મધ્યસ્થ લોમશક્ષેત્રને તથા અન્ત:પીઠ એવા કુમકુમવાપી ક્ષેત્રને જે જે સંભારશે તેનો મોક્ષ થાશે, શ્રીલોમશમુનિને તથા શ્રીગોપાલેશ્વરશંભુને તથા શ્રીકૃષ્ણનારાયણપ્રભુને તથા શ્રીકંભરાલક્ષ્મીને તથા શ્રીહરિવરને અન્તરાત્મા પરમાત્માને જે જે સંભારશે તે તે ભગવત્પ્રતાપે જરૂર મોક્ષમાં જશે. ૧. ...૫૩૪

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, પાર્વતીજીએ સ્વપ્નમાં શ્રીકૃષ્ણનારાયણને જોયા, શ્રીકૃષ્ણનારાયણે કહ્યું - હે જગતજનનિ ?, અમારા ક્ષેત્રમાં જરૂર પધારો. આવું સાંભળી પાર્વતીજી તથા શંકર બોલ્યા - ભલે, કાર્તિકમાં સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં તમામ તીર્થોમાં ફરવા

નીકળીશું, ત્યાર પહેલાં હમણાં આશ્વિનકૃષ્ણ સપ્તમીએ અશ્વપટ સરોવરની ભૂમિમાં આવીએ છીએ, તે પ્રમાણે મહાદેવજી પોતાનો તમામ સાજ સમાજ ગણ સેવકો સેવિકાઓ લઈને કૈલાસમાંથી ચાલ્યા, તે આકાશમાર્ગે, કેદારનાથ, દક્ષેશ્વર, પુષ્કરેશ્વર, સિદ્ધેશ્વર, રાણેશ્વર, શાલમાલેશ્વર, ભદ્રેશ્વર, શત્રુંજિતેશ્વર, ગોરક્ષેશ્વર થઈને અશ્વપટ સરોવરની ભૂમિ ઉપર આવ્યા, પ્રભુના ભવન ઉપર પુષ્પો અક્ષતો ચન્દન વિગેરે અર્પ્યા, જયકાર બોલતા હતા, તે સાંભળી લોમશઋષિ તથા શ્રીગોપાળકૃષ્ણ તથા શ્રીકંભરાલક્ષ્મી તથા તીર્થો ઋષિ મહર્ષિઓ મુનિઓ શ્રીકૃષ્ણનારાયણ વિગેરે સામે સત્કાર માટે ઊભા રહ્યા. શિવજી વગેરે અશ્વપટના પશ્ચિમ ઉત્તર વિશાળ સરોવરના કિનારે ઉતર્યા, તેઓના ઘણાં ઘણાં પ્રકારના સ્વાગત ભોજન પાન સત્કાર ડેરા ડેરીઓના સ્થાન નિવાસ વિગેરે થયા, પછી શંભુ વિગેરે શ્રીકૃષ્ણનારાયણના મહામન્દિરે ગયા, દિવ્યમૂર્તિ શ્રીહરિવરના પૂજનાદિ કર્યા, સ્વાસ્થ્ય પૂછ્યા, માન સન્માન મધુપર્ક જલપાન ભોજન પ્રાપ્ત થયા, વિશ્રાન્તિ લીધી, શ્રીહરિની જન્માષ્ટમીએ મહામહોત્સવ કર્યો હતો. ૧. ...૫૩૫

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, નવમીએ વિદાય પહેલાં શ્રીકૃષ્ણનારાયણપ્રભુએ સદા નિજક્ષેત્રમાં વસવા માટે કહ્યું, ત્યારે શંકર આદિક સર્વેએ અંશસ્વરૂપે ત્યાં નિવાસ કર્યો, શંભુ શ્રીગોપાલેશ્વર થયા, પાર્વતીજી શ્રીકંભરેશ્વરી થયાં, ગણેશજી શુકશુણ્ઢિ ગણેશજી થયા, કાર્તિકસ્વામી શ્રીભગવત્સ્વામી થયા, દુર્ગા સતી સન્તુષ્ટા દુર્ગા થયા, એ રીતે સર્વે તીર્થો અશ્વપટસરોવરને તીરે વસેલાં છે, પછી સર્વે સૌરાષ્ટ્રના રૈવત પ્રભાસ કુશસ્થળી વિગેરે તીર્થોમાં વિચારવા ગયા હતા. ૧. ...૫૩૬

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, સંવર્તઋષિના પચાસ પુત્રો હરિણોના વેષમાં સોમનાથના અરણ્યમાં વસતા હતા, વીરધન્વા રાજાએ હરિણોના ઉપર બાણ ફેંક્યું, હરિણ તે એક બ્રાહ્મણ મરણ પામ્યો, રાજા તે જોઈને શોક કરવા લાગ્યો, તેને દેવરાતઋષિએ શુદ્ધિ માટે યજ્ઞ કરાવ્યો, પછી લોમશ ક્ષેત્રમાં તીર્થે જઈ આશ્વિન કૃષ્ણાષ્ટમીનું વ્રત કરવા કહ્યું હતું તે પ્રમાણે કર્યું, શુદ્ધિ થઈ, તીર્થમાં થયેલ પાપ મહા તીર્થવડે શાન્ત થયું, તે રાજા ભગવન્નામમંત્ર જપીને મોક્ષમાં ગયો હતો. ૧. ...૫૪૪

શ્રીનારાયણે કહ્યું - હે લક્ષ્મીજી !, પૂર્વજન્મનો મચ્છીમાર અશ્વપટસરોવરના ક્ષેત્રમાં રહ્યો હતો, તે શ્રીકૃષ્ણનારાયણનામને જપતો હતો, તેણે અશ્વપટ સરોવરને તીર વિશાલભૂમિમાં રહેલ શ્રીકૃષ્ણનારાયણના પ્રાચીનમન્દિરને નૂતન કર્યું હતું, તે પ્રતાપે મોક્ષમાં ગયો હતો. ૧. ...૫૪૫

હે લક્ષ્મીજી ! વિશાલનામના રાજાએ નરનારાયણ ભગવાનના આશ્રમમાં તપસ્યા ભક્તિ કરી હતી, ભગવાનના અવતારો નર ભગવાનને પૂછ્યા હતા, નર ભગવાને બધા અવતારો કહ્યા હતા. સૌરાષ્ટ્રમાં લોમશક્ષેત્રમાં શ્રીકૃષ્ણનારાયણનો પ્રાવિર્ભાવ કહ્યો હતો, તે રાજા તીર્થોમાં નીકળ્યો, સોમનાથ રૈવતાચળ થઈ લોમશક્ષેત્રમાં ગયો, ત્યાં શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરનારો ભદ્રાશ્વનામનો રાજા મળ્યો, તે બન્ને શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતા કરતા શ્રીહરિનું દિવ્ય દર્શન કરનારા થયા હતા, અને વિશાલેશ્વર તથા ભદ્રેશ્વર તીર્થ કરી મોક્ષ મેળવી ગયા હતા. ૧. ...૫૪૬

હે લક્ષ્મીજી !, પૃથુરાજા તથા નાભાગરાજા લોમશક્ષેત્રમાં તીર્થ કરવા ગયા હતા, તેઓએ શ્રીકૃષ્ણનારાયણની ભક્તિવડે મોક્ષસ્થિતિ મેળવી હતી, હે લક્ષ્મીજી !, ભાગવતી દીક્ષા લેવી અને 'અનાદિશ્રીકૃષ્ણનારાયણોઽસ્તુ શરણં મમ' 'શ્રીહરિ: શરણં મમ', એવો મંત્ર ગુરુ પાસેથી લેવો, તેનો જાપ મોક્ષ આપનારો છે. ૧. ...૫૭૫

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, નલમેઘ નામના દાનવે નર્મદાને કાંઠે જળશાયીતીર્થમાં ભગવાન સાથે લડાઈ કરી હતી, તે દાનવે ઘણી રાજકુમારિકાઓને સંતાડી રાખી હતી, ભગવાન શ્રીકૃષ્ણનારાયણે ગરૂડ ઉપર બેસીને ત્યાં જઈને સુદર્શન ચક્રવડે તે દાનવને મારીને કન્યાઓને છોડાવી હતી, અને શ્રીહરિવર લોમશક્ષેત્રમાં આવ્યા હતા. ૧. ...૫૮૦

શ્રીનારાયણ બોલ્યા - હે લક્ષ્મીજી !, જગન્નાથ એવા શ્રીકૃષ્ણનારાયણની અસંખ્ય શક્તિઓ અસંખ્ય સ્થળોમાં ભગવાન શ્રીહરિ સાથે વસેલીઓ છે, લોમશક્ષેત્રમાં શ્રીકંભરાલક્ષ્મી વિરાજે છે, કુમારીક્ષેત્રમાં લલિતાદેવી, વિરાજે છે, તથા કન્યાકુમારી વિરાજે છે, હાટકેશ્વર ક્ષેત્રમાં શ્રીમહાલક્ષ્મી વિરાજે છે, હરિહર ક્ષેત્રમાં સતી માતા વિરાજે છે, એવી અસંખ્યમાતાઓ લોકકલ્યાણ માટે વિરાજે છે, તથા મુક્તપુરૂષો પણ સન્તસ્વરૂપે વિચરતા હોય છે, સન્તની સેવામાં ભગવાન મળી આવે છે. ૧. ...૫૮૨

(ત્રેતાયુગ સંતાન - ૨)

શ્રીરાધિકાજી બોલ્યા - હે રાધિકાનાથ !, ઓં પરબ્રહ્મ પરમાત્મા અક્ષરાધિપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા તમો રાધિકાકાન્તને વારંવાર પ્રણામ કરું છું, અનન્તશક્તીશ્વર સર્વસ્વામી લક્ષ્મીનારાયણસ્વરૂપ એવા તમોને નમસ્કાર કરું છું, હે શ્રીકૃષ્ણસ્વામિન્ !, તમોને હું સર્વપ્રકારે ધારણ કરું છું અને ચિન્તવું છું.

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, દિવ્યબ્રહ્મલોકના વતની એવા પરબ્રહ્મ પરમાત્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણ કુમકુમવાપી ક્ષેત્રમાં શ્રીકંભરામાતાને ખોળે શ્રીગોપાળકૃષ્ણના પુત્ર તરીકે પ્રગટ થયા છે, તેજ ધામમાં રાધાપતિ છે, લક્ષ્મીપતિ છે, મુક્તપતિ છે, તેજ પ્રભુ, અક્ષર, ગોલોક, વૈકુંઠ, અમૃત, અવ્યાકૃત શ્વેતદ્વીપ, ક્ષીરસાગર, બદરિકાશ્રમ, કૈલાસ, સાકેતપુર, આદિ અસંખ્યધામોના અધિપતિ છે, અસંખ્યરૂપે અવતરે છે, તેવા તે ભગવાન તમારા આ સ્વામી છે.

શ્રીરાધિકાજી બોલ્યા - હે કૃષ્ણકાન્ત !, તે તમારી દિવ્ય મૂળમૂર્તિ પરબ્રહ્મ સ્વરૂપના ઐશ્વર્ય સામર્થ્ય ગુણ વિભૂતિ ચમત્કારોની કથાઓ પ્રકટપણાથી આરંભીને સંભળાવો, તમારી મૂર્તિમાં રહેનારા અમોને તમારી તે પરમદિવ્યમૂર્તિને જાણ્યા વિના અતૃપ્તિ દૂર થાય નહિ, માટે હે પુરુષોત્તમવર્ય !, તમારા પરમ દિવ્યસ્વરૂપના દિવ્યપણાં તમો પોતે જ સંભળાવો. અમો તમારી ભક્તિરૂપ અંગો છીએ, તમારી તમામ લીલાઓ સાંભળવા ઇચ્છીએ છીએ.

શ્રીકૃષ્ણભગવાન બોલ્યા - હે રાધિકાજી !, તમો મારી સાથે જ મારામાં છો, બધું જાણો છો, છતાં સ્વામિનીનો ધર્મ છે કે સ્વસ્વામીના ગુણગાનમાં મગ્ન રહેવું, તેથી ભક્તિપૂર્વક જિજ્ઞાસા કરો છો, અને સ્વામીનો ધર્મ છે કે - સ્વામિનીની સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરવી, તો શ્રવણ મનન આદિ ભક્તિ કરાવવી તે સ્વામીએ કરવું જ જોઈએ, માટે મારા પુરુષોત્તમપણાના અસંખ્યચમત્કારો તમોને કહું છું, હું મારા અનાદિ પરમ સ્વરૂપમાં કાયમ વર્તુ છું, તમો મારામાં એકાત્માભાવે સાંભળજો. ૨...૧

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, માણિકીવાહનવડે તે પરમેશ્વર આ સૃષ્ટિમાં વિચરે છે, આ સૃષ્ટિના મહા અંડના બે કાચલામાંથી હિરણ્યકૂર્ચ અને હિરણ્યાંડ એવા બે દૈત્યો થયા હતા, તેમણે મહાવિષ્ણુ તથા સંકર્ષણ આદિ સાથે યુદ્ધો ખેલ્યા હતાં, તેઓની ગદાઓ મહામેરૂને આંટા ફરતા મેરૂમાં અથડાતી હતી, તેના કાંકરાઓ છૂટા પડતાં તે ઘણાં બ્રહ્માંડો થઈ પડ્યાં હતાં. આ પૃથ્વીનો ગોળો પણ એ રીતે થયેલો છે. તેવા આ ગોળામાં લોમશક્ષેત્રવાળા સૌરાષ્ટ્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ સદા પ્રકટ પ્રમાણ સ્વરૂપે વિચરે છે, આપણે બન્ને ત્યાં પ્રકટ થઈએ. ૨. ...૨

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, અનન્ત ઈશ્વરો દેવતાઓ વિગેરેએ તે પરબ્રહ્મ નારાયણના પ્રત્યક્ષ દર્શન સેવનની ઇચ્છાઓ કરી તેથી તે ભગવાન સર્વધામ સ્વર્ગો બ્રહ્માંડોમાં આવીને યથાયોગ્ય સ્વરૂપે રહ્યા છે, તેવી રીતે લોમશક્ષેત્રમાં અશ્વપટસરોવરની ભૂમિમાં શ્રીકૃષ્ણરાધિકાસ્વરૂપ એવા શ્રીગોપાળકંભરાને ભવન સ્વયં રહ્યા છે, તેમના દર્શનાર્થે અસંખ્ય દેવો ઈશ્વરો પણ જાય છે. ૨. ...૩

૧-હે રાધિકાજી !, તે શ્રીકૃષ્ણની મૂર્તિના પ્રાકટ્યમાં **આશ્વિનકૃષ્ણાષ્ટમીએ ઉત્સવ** માટે સર્વ સૃષ્ટિઓના ઈશ્વરો ઈશ્વરાણીઓ વિગેરે પધાર્યા હતા, અસંખ્ય ચીજોના દાનો અપાયા હતાં. ૨. ...૪

હે રાધિકાજી !, પરબ્રહ્મ શ્રીહરિના પ્રાકટ્ય પછી વદી ચતુર્દશીએ ષષ્ઠી દેવતા-મનસાદેવી નિરન્તર શ્રીબાળકૃષ્ણપ્રભુની રક્ષાત્મક સેવામાં રહેતા હતાં, બ્રહ્મકૂર્ચ દૈત્યને માર્યો ત્યારે સ્રાવમાંથી સૂતક નામનો પુરુષ થયો હતો, તે બાળ શ્રીહરિને પાતાળમાં ઉપાડી ગયો ત્યારે સંકર્ષણ ભગવાને તેને પકડ્યો હતો, તે શરણાગત થઈ ભક્ત થયો, તેથી જીવતો છોડાયો હતો, અને બાળ કૃષ્ણપ્રભુને માતાના શયનાસનમાં પહોંચાડી દીધા હતા. ૨. ...૫

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાળકૃષ્ણપ્રભુના અગ્યારમે દિવસે લોમશાદિ ૠષિઓએ નામો પાડ્યા હતાં, શ્રીકૃષ્ણનારાયણ, અનાદિનારાયણ, શ્રીહરિવર, શ્રીકૃષ્ણકાન્ત, શ્રીનારાયણ, અક્ષરાતીત, પરબ્રહ્મ, કૃષ્ણકાન્ત, એવા નામો, તથા શ્રીકૃષ્ણ, શ્રીવલ્લભ, શ્રીઆચાર્ય, શ્રીસ્વામી, એવા એવા પૃથક્ પૃથક્ તથા ભેળાં કરી નામ કરણ કહ્યાં હતાં, તથા શ્રીપુરુષોત્તમે, શ્રીમાધવ, શ્રીશ્યામસુન્દર, શ્રીસ્વામિનાથ, શ્રીપતિ, શ્રીનારાયણ, સર્વસ્વામી, શક્તિપતિ, મુક્તપતિ, કમળાપતિ, માધવ, ઉમાધવ, એવા એવા ઘણાંક નામો કહ્યાં હતાં, પૂર્વના અવતારોના જુના નામો પણ કહ્યાં હતાં, તથા શ્રીહરિવરના ધનુષ, મચ્છ, ધ્વજ, સ્વસ્તિક વજ, બાણ, ત્રિશૂલ, ચક્ર, કમળ, ઉર્ધ્વરેખાઓ, પદ્મ, વિગેરે ચિન્હો પણ કહ્યા હતાં, તથા શ્રીબાળકૃષ્ણના નખશિખાપર્યન્ત ચિન્હો-રેખાઓ વિગેરે કહ્યા હતાં. શ્રીગોપાળકૃષ્ણદ્વિજે તે ૠષિમુનિઓનો ઘણો સત્કાર કર્યો હતો તે નિમિત્તે આત્માર્પણ પર્યન્ત યથાયોગ્ય ઘણા ઘણા દાનો આપ્યા હતાં, તે ૠષિમુનિઓ આશીર્વાદો આપીને પોતપોતાને નિવાસ સ્થાને પધાર્યા હતા, શ્રીબાળકૃષ્ણમૂર્તિનું પણ દિવ્ય સોળવર્ષની મૂર્તિનું અભેદપણે વર્ણન પણ કર્યું હતું, તેવા તે શ્રીકૃષ્ણનારાયણની યૂવાનમૂર્તિનું ધ્યાન કરવું.

(પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની દિવ્ય મૂર્તિનું વર્ણન)

હે રાધિકાજી !, ભગવાનની યુવાનમૂર્તિ પાંચ ફૂટ અને પોણા છ ઈંચ ઊંચી છે, મુખકમળ ચન્દ્રસમાન દર્શનીય છે, ચારેકોર તેજનું ચક્ર છે, ચોટલી સોનાના તાર જેવી ચળકે છે, શિખા ચાર ઈંચના ઘેરાવામાં કાયમ રહેલી છે, બ્રહ્મરન્ધ્ર અને ચોટલીની વચ્ચે એક તેજોમય ચળકતો નાનો ગર્ત-રન્ધ્ર છે, ચોટલીની નીચે પાછળ એક નાનો તિલ છે, તેની પાસે એક બીજો શ્યામ તિલ છે, મસ્તકની વચોવચ એક ગોળ નાનું

સૂર્યનું ચિન્હ છે, તેની બાજુમાં જ એક ત્રિકોણાકાર ચિન્હ છે, જમણા કાનની પાછળ ત્રણ આંગળ દૂર મસ્તકમાં એક શ્યામ તિલ છે, અને લલાટમાં બે તસુ ઊંચે ઉપર એક ઊજળો તારો છે, અને લલાટમાં જમણી બાજુએ ઉપર ભાગે એક તિલ છે, કપાલની બન્ને બાજુ લમણાઓને છેડે એક એક ચમકતો તિલ છે, આ જમણા તિલની બાજુમાં એક ઝીણો સુંદર તારો છે, અને જમણા કાન ઉપર એક તસુ છેટે એક તિલ છે, લલાટની પંક્તિમાં એક નાનુ સરખું ફૂલનું ચિન્હ છે, અને ડાબા લમણાની ઉપર ત્રણ તસુ છેટે ધ્રુવના તારા સમાન એક ઉજળું ચિન્હ છે. લલાટના બન્ને છેડાઓને પહોંચતી આડી સળંગ એક લાંબી રેખા છે, તેની ઉપર અર્ધા લલાટમાં એક લાંબી રેખા છે, લલાટ મધ્યે આડી રેખા ઉપર અર્ધ ચન્દ્રના આકારે એક નાની વાંકડી રેખા છે, તથા તેવીને તેવી બીજી ઝીણી રેખા છે, તથા ભ્રકુટિમાં, વચ્ચે નાસિકાના મૂળ ઉપરથી એક ઊભી જવની રેખા છે, તથા બન્ને નેણોની ઉપર એક એક રેખા નેણ જેટલી જ લાંબીઓ છે, અને લલાટ મધ્યે તિલકની બન્ને ઉભી રેખાઓ ચળકતી ભાલસુધીના રોમ પર્યન્ત લાંબી પરિપૂર્ણ શોભી રહી છે, અને તિલક મધ્યે ગોળ ચાંદલો લલાટ મધ્યે શોભી રહ્યો છે, તે લાલાશ ભરેલો પૂર્ણિમાના ચન્દ્ર સમાન ગોળ તેજસ્વી દેખાય છે, અને નાસિકા નમણી ઉઘડેલા તલના ફૂલ સમાન આકારવાળી છે, તથા શુકની નમણી ચાંચની સમાન નમણા ટેરવાવાળી છે, નાસિકાની બન્ને ગુફાઓ ઉઘડેલી ફૂલપાંખડીઓ વિકસેલી હોય તેવી સુશોભિત છે, નાસિકાની દાંડીની હરોળ પાતળી અને વિકસેલા પડખાવાળી છે, નાસિકાની બન્ને પડખાની પુષ્પદલોની ઉપલી રેખાઓમાંથી ગાલોમાં થઈ નીચે ઉતરતી અને મૂછના બન્ને છેડાને અડીને મુખના ખૂણાઓને પડખે વિશ્રાન્તિ પામેલી બે ઊંડી રેખાઓ મંદ મંદ હાસ્ય સ્મૃતિ કરાવતી થકી શોભી રહી છે.

આંખ્યોના નીચલા ભાગે ગાલના ઉપલા બન્ને ગાળાઓ પોયણા નામના ધોળા કુમુદ પુષ્પોની પાંખડીઓ જેવા અર્ધચન્દ્રાકારે શોભી રહ્યા છે, નાસિકાના મૂળમાં ભ્રકુટિની નીચાણ વાળી દાંડીને એક આંડી ઊંડી રેખા છે, આંખના નીચા ભાગમાં બે પોપસાઓ પોયણસમાન છે, તેમાં બીજના ચન્દ્રમાં સમાન બબ્બે છીતી રેખાઓ છે, તથા એક એક મોટી દીર્ઘ રેખાઓ છે, કમળની પાંખડીઓ સમાન લાંબી બન્ને આંખ્યો ચળકાટ વાળી છે, શ્વેત ડોળાઓના ખૂણાઓ લાલ ઝીણી ઝીણી રેખાઓરૂપી ટસર્યુવાળા શોભી રહ્યા છે, આંખ્યો કમલપુષ્પની પાંખડીયો સમાન લાંબી અણિદાર છે, નેત્રોમાં આકર્ષણ ચમત્કાર ભરેલો છે, આંખ્યોમાં કાળા ચકો- ચાંદલાઓ પીંગળા અને તેજ ભરેલા છે, તથા ભરતમાં ભરેલા નાના આભલાં જેવડા ગોળ અને મોટા સતારા જેવા અતિ સુશોભિત છે, તથા તેના મધ્યેય બન્ને ચણિયા બોર જેવા ઉપડતા ચન્દ્રકોમાં વચ્ચે

કીકીઓરૂપી રત્નો વધારે નીલવર્ણમાં તેજસ્વી કિરણો સહિત પ્રતિબિમ્બોયુક્ત ગોળદાણાઓ શોભી રહ્યા છે, નેત્રોની પાપણ્યો પંક્તિબન્ધ ઝીણી રોમાવલીરૂપે અર્ધછત્રની સમાન શોભે છે, તથા નીચલી પાપણ્યો ઝીણી રોમરેખાવાળી લાલાશના રંગે ભરેલી શોભે છે, ઉપલી બન્ને છજાં રૂપી પાપણ્યો ઝીણી ઝીણી કરચલીઓવાલી છે, પાપણ્યોની ઉપર અર્ધે ગાળે નેણોના પોપચાઓ સળંગ લાંબા છે અને ઉપસતાં છે, તથા પાપણ્યોને પોતાની નીચાણમાંથી દોઢી ચઢેલાં, શોભા આપે છે, અને નેણોના બન્ને પૂર્ણ લાંબા ભાગો રોમાવલિવડે પીળા નીલા લાલ આકાશ ધનુષની પેઠે અતિ શોભી રહ્યા છે, આંખ્યોના પોપચાંઓમાં ઝીણી ઝીણી આંડી લાંબી ઘણિક કરચલીઓ છે, આંખ્યોના સફેદ ગોલકમાં ચારે બાજુ ઝીણી ઝીણી લાલ ટસર્યું છે, કાળી કીકીઓ અતિશય સ્વચ્છ છે, તેજ ભરેલી ચમકીલી પીળાશવાળી છે.

ભગવાનના બન્ને કાન લમ્બગોળ જલેબીના ઘુંચળાની સદૃશ આકૃતિવાળા છે, તથા વચ્ચે લાંકની નળીઓ છે, તથા નમણાં ઉપડતી અણિઓવાળા, બે બોરીયા રૂપી ટેરવાં છે, તથા કુંડળ પહેરવાને યોગ્ય છે, અને નીચેની બુટીઓ વાળા છે, તથા શબ્દો પકડવાની ઊંડી નમતી નહેરોની કિનારીઓવાળા છે, તથા પૂરા ત્રણ ઈંચ લંબાઈવાળા છે અને પોણા બે ઈંચ પહોળાઈવાળા છે, તેમની પેઢલીઓમાં ઝીણાં ઝીણાં સોનેરી ચળકતા રોમ છે, કાનની નીચ બે આંગળ સુધી જડબાની ધાર ગળા તરફ વળીને ચાર ઈંચ લાંબી એવી પૂરેપૂરી દાઢી સુધી પહોંચેલી છે, દાઢીનો અગ્રભાગ બે ઈંચથી વધારે ગોળાઈએ પહોળો છે, ભગવાનના કહ્યા એવા બન્ને કાનોની રચના અજાયબી પમાડે તેવી છે, જમણા કાન ઉપર એક તિલ છે, તથા ડાબા કાન ઉપર એક તિલ છે.

ભગવાનનું મુખારવિંદ સુશોભિત સૂર્ય સમાન તેજસ્વી છે, પૂર્ણચન્દ્રના તેજ સમાન શીતળતા ભરેલું છે, ચળકાટવાળું છે. જેના દર્શન કરવા દેવો આવે છે અને ચિબુકમાં તથા બન્ને ગાલોમાં નાના નાના સ્નેહના ખાડા પડે છે, જમણા ગાલ ઉપર એક ઝીણો તિલ છે, તથા બે બીજા નાના તિલ ઉપર્લ ભાગે રહેલા છે, અને બાજુમાં ગાલના પડખે ઉપલે ભાગે એક વજ્ર સમાન સુશોભિત ચિન્હ છે, તે ઉજ્જ્વલતા ભરેલું ચળકી રહ્યું છે.

ભગવાનની ડોક ઉપડતી છે, તેને દાબતી વખતે આડી આખી હથેળી સામી જાય તેટલી વિશાળ ઉપડતી તથા પંઝા જેવી પહોળી છે, કંઠ સુશોભિત દર્શન કરવા યોગ્ય ઉજ્જ્વળતા ભરેલો છે, કંઠનો શંખ અર્ધા લિમ્બુ જેવો સોપારીની પેઠે પોણો ઈંચ ઉપડતો છે, કંઠની બન્ને બાજુઓ, ઉપર ગયેલી નીચલા જડબાની નીચે પહોંચેલી, દાઢી સુધી લાંબી, ગલોફાઓને શોભાવનારી છે, કંઠના કૂપમાં એક સુન્દર તિલ છે, ચિબૂકના

મધ્યમાં ડાબે ભાગે એક નાનો બૂડ મસ છે, પ્રભુને કંઠમાં બે આડી અને લાંબી રેખાઓ ચળકી રહી છે. કંઠની પાંસે એક તિલ ડાબે ભાગે શોભી રહ્યો છે, અને ગળાની પાછળ ઓડ્ય ઉપર લાંબી આડી રેખા છે, રેખાને છેડે જમણે ભાગે એક તિલ છે, અને કંઠની હાંસડી ઉપર એક શ્યામ લાખાનો ચાંદલો છે, બન્ને કાન ઉપર મધ્યે અને વચલી કોરોમાં તથા નાળીઓમાં રોમાવલિ રહેલી છે.

કંઠના શંખની ફૂકાટિકારૂપી વાટકીની નીચે કંઠકૂપને લગતી હાંસડી બે ઇંચ નીચે છે, હાંસડીના સાંધાનાં બે અસ્થિના બે નકુચારૂપી બે બોર કંઠની નીચે ઉપડતા શોભી રહ્યા છે, તે બન્ને બોરીયાં હાંસડીના જમણા અને ડાબા સાંધાની બે ગળોઢચું જેવા દેખાય છે, કંઠની વાટકીની નીચે છાતીનો ભાગ વિશાળ ઉજળો અને ઉપડતો છે, તેના મધ્યમાં રોમનું શ્રીવત્સ છે, કંઠમાં તુલસીની બેવડી ઝાડી કંઠી કાયમ પહેરેલી શોભે છે, ડાબા જડબા નીચે ઓડ્યની લાંબી રેખાના છેડાની બાજુમાં એક તિલ શોભે છે, તથા જમણા જડબા નીચે એક તિલ શોભે છે, તથા ઓડ્યની લાંબી રેખાની બાજુમાં એક તિલ છે, તથા કંઠની બન્ને બાજુની હાંસડીયું સ્પષ્ટ દેખાય છે, છાતીના બન્ને પડખામાં પુરુષના ગુઢ સ્તનોના ગોળ કાળા લાલાશ પડતા ઝીણાં બોરવાળા અને છળકતા રોમોથી ઘેરાએલા ચાંદલા મોતી જેવા છે.

જમણા ખંભા ઉપર એક તીર સમાન લાંબી રેખારૂપે ચિન્હ શોભે છે, તથા હાંસડી ઉપર એક ત્રિકોણનું ચિન્હ છે, ત્રિકોણની બાજુમાં કાન્તિવાળું અને ચાંદલા જેવું એક ગોળ ચિન્હ છે, તથા બન્ને ખંભાઓ ઉપરથી હાંસડીયુંની વચ્ચો વચ બન્ને બાજુઓમાં એક એક રેખા શોભી રહી છે, તથા વાંસા ઉપર ખંભાના રંધાઓ વચ્ચે બરડા તરફને કિનારે ડાબા ખંભાના રન્ધાની બાજુમાં એક કેરીના ફળ સમાન ચિન્હ છે, તેની બાજુમાં તલના દાણા જેવા બે ઉજળા તારાઓ શોભી રહ્યા છે, તથા ડાબા પડખાના ખંભા ઉપર ચળકાટવાળા બે તારાઓના ચિન્હ છે, તથા જમણા પડખાના રન્ધાની નીચે અર્ધ ચન્દ્રસમાન તેજસ્વી એક ચિન્હ છે, તેની બાજુમાં બીજું તારાસમાન ચિન્હ શોભે છે.

બન્ને નેત્રોની ઉંચાઈની સમદોરીની રેખાના લેવલમાં નાસિકાની દાંડીનું મૂળ નીચાણવાળું છે, આંખ્યોના ખૂણાઓ અણિદાર કમળની પાંખડીની પેઠે કાન તરફ લાંબા છે, આંખ્યો વિશાળ છે, તથા સ્નેહ ભરેલી છે, ભગવાનની મુખાકૃતિ સૌમ્ય છે, અતિ ઉજ્જ્વલતા ભરેલા ગલગોટીઆ ગાલ છે, ભાલ નાસિકા ચિબૂક તથા કાન વિગેરે આકર્ષણ કરનારા છે, ઉપલો હોઠ ધનુષની કમાનની પેઠે મધ્યભાગમાં મળેલી અણિસહિત ઉર્ધ્વ ઉપડતી કિનારીવાળો થઈને બન્ને બાજુઓના ખૂણાઓ સુધી પહોંચેલો છે, ધનુષના

છેડાની દોરી બાંધવાના ઠેબાની પેઠે જરાક ખૂણાઓ વળેલા દેખાય છે, હોઠ લાલાશ ભરેલા અમૃતવર્ષી સુન્દર છે, ચિબૂકમાં નાના મસા સહિત એક ગોળ ચણાદાળ જેવડો ગર્ત - ખાડો શોભે છે, મૂછની રેખા સોનેરી વર્ણવાળી ઝળકે છે, નીચેનો હોઠ લાલ ગુલાબી રંગદાર છે, જીવ્હા લાલ શ્વેત રૂપ વાળી છે, દાંત શ્વેત મોગરાકળીઓ જેવા પાકા મસકતી દાડમના મોટા દાણા જેવા પેઢાં સહિત શોભે છે, પેઢાંઓ મજબૂત સરખી પંક્તિમાં સ્થિતિ એવા દાડમની નાની નાની લાલ કડીઓ જેવા શોભે છે. બગાસું આવે ત્યારે તાળુ ઉજળું પાંડુર કાન્તિવાળું દેખાય છે, કંઠમાં કાકડો જીભના મૂળને અડે તેવો વિકાસ સંકોચવાળો રતાશ ભરેલો રંગીન અણિદાર ઉંધો લટકતો છે, મહારાજનો સ્વર મીઠો મધુરો અમૃત ભરેલો સર્વેને આકર્ષણ કરનારો છે, ભગવાનની વાણી બ્રહ્મવિદ્યા ભરેલી યથાર્થ પ્રામાણિક સાક્ષાત્ દિવ્ય સરસ્વતી શારદાદેવી મૂર્તિમાન છે, મહારાજની બોલીમાં અનેક અર્થો તથા અલંકારો ભાવો વિગેરે સ્વાભાવિક ભરેલા છે, જેનો અન્ત પામી શકાય તેમ નથી, તેવી દિવ્ય સંસ્કૃત વેદવાણી બહુપ્રકારે મુખમાં વસેલી છે, ભગવાનની કથા વાણી સાંભળવામાં લાખો મનુષ્યો દેવો વિગેરે સમાધિ સ્થિત હોય તેવા તલ્લીન થઈ જાય છે.

ડાબા પડખાની ગળાની નીચે ડાબી હાંસડી ઉપર ખંભા બાજુને છેડે એક ગોળ મસ ઝીણી ખાખટી સમાન શોભા વાળો છે, છાતીના પડખામાં કાંખ તરફ જતા એવા બે મજબૂત મસલ છે, તે ખંભાઓના બાવડાંઓ સાથે જોડાએલા છે, ડાબી કાંખમાં એક લાલ તિલ છે, જમણી કાંખમાં રોમ ઉપર બે લાલ તિલ છે, ભુજાઓ ઉપર ખંભાઓથી નીચે જમણી ભુજામાં એક નાનો તિલ છે, કોણી ઉપર ડાબે ભાગે રોમવાળો એક નાના મગના દાણા જેવડો મસ છે, તેથી ઉપર બાવડામાં બે ઈંચ ઉંચો ચન્દન લગાડવાને ઠેકાણે એક ઝીણો નીલ તિલ છે, તેથી નીચે કોણીની સાંધ્યથી એક આંગળ નીચે બાહેર ને ભાગે એક કાળો તિલ છે, ભુજામાં અંદર ગાળે કોણી ઉપર ત્રણ આંગળ છેટે એક તિલ છે, તેથી ઉપર બે આંગળ ઉંચો એક તિલ છે, ભુજાઓ અતિ શ્વેત ગૌર ઉજ્જ્વલ શોભે છે, ભુજાઓ ઉપર આછા આછા ઝીણાં ઝીણાં ચળકતા સોનેરી વર્ણના રોમ છે, કોણી ઉપર હાથમાં ત્રણ ત્રણ કરચલીઓ પડે છે, ભુજાઓ અતિ પુષ્ટ છે, ભુજાઓમાં ઉપરભાગે એક એક બુડ સોંસરવી નાડી દેખાય છે, ભુજાઓમાં બાળપણામાં સીળી કાઢેલાં ત્રણ ત્રણ ચાંદલારૂપે ચાંઠાઓના ચિન્હો છે, ખંભાના મૂળમાંથી નીકળીને ભુજાઓના મસલમાં થઈને કોણીઓના મૂળમાં જતી અને હાથમાં સોંસરવી નીકળેલી પોંચા ઉપર પહોંચેલી અને અંગુઠાના મૂળમાં થઈને પોંચા ઉપર પ્રસરી ગયેલી નાડી પાતળી એવી સળંગ નસ છે, તે સર્વ સ્થળે ઉપડતી દેખાય છે, તથા જમણા

હાથના બાવડામાં કોણીના વળાંક ઉપર બાજુમાં એક તિલ છે, તથા કોણીથી નીચે હાથમાં હાથના પોંચાથી ઉપર ચાર આંગળ ઉંચો એક મોટો તિલ છે, તથા જમણા હાથના પોંચાથી બે તસુ ઉપર એક ઝગમગતું તારા સમાન ઉજળું ગૌર શ્વેત તલના દાણા જેવું ચિન્હ છે, તથા જમણા હાથની કોણીથી લઈને પોંચા સુધી સોનેરી તથા કેસરીયા ઉજળા અને નીલવર્ણના ચમકીલા સુંવાળા રોમ છે, તથા જમણા હાથના મૂળથી પોંચાની હથેળીની કરભ જે હથેલીની બાહેરલી કિનારી તે ઉજળી ઉજળી શોભી રહી છે, તથા ટચલી આંગળીની કરભમાં પોંચાને છેડે કાંડા ઉપરની સાંધાની ગળોઢચ ઉપડતી દેખાય છે, તથા તેથી નીચે સોંસરવી એક લાંબી રેખા પડે છે, તેની પડખે નીચે ઉપર અંગૂઠાના મૂળ તરફ જતી બે રેખાઓ પડે છે, એક ત્રીજી રેખા પોંચાની ઉપર કોંચલા પાંચ લીલા લાડવાની ઉપર સળંગ રેખા બે રેખાએ સહિત પડે છે, ટચલીના મૂળથી કાંડા સુધીની કરભમાં ચાર લાંબી રેખાઓ અને બે અર્ધી રેખાએ એમ છ રેખાઓ ઉભી રહેલી છે, પડખાં રૂપી કરભની ઉપર તથા પોંચા ઉપર ઝીણી ઝીણી રોમાવલિઓ છે, તથા પોંચા ઉપર આંગળીઓની અને અંગૂઠાની લાંકડીઓની પાંચ નસો સળંગ કાંડા તરફથી આવતી દેખાય છે, અને કાંડા ઉપરથી ધનુષના કામઠા જેવી વાંકી તથા અર્ધે પોંચેથી સીધી જતી તથા અનામિકા નામની બીજા નમ્બરની આંગળી તરફ જતી તથા તેમાંથી ફૂટીને એક ટચલી આંગળી તરફ ગયેલી નસ છે, તથા મધ્યમાં આંગળી ઉપર સીધી ગયેલી નસ છે, તથા તેના મધ્ય ભાગથી નીકળેલી એક નસ પ્રદેશિની આંગળીના મૂળ ભાગથી ઉપર બે આંગળીઓને મધ્ય ગાળે અર્ધા ઈંચ ઉંચીથી પાછી વળીને અંગૂઠાના મૂળથી એક ઈંચ ઉંચી પરબારી જતી અને કાંડા ઉપરથી આવેલી મોટી નસમાં મળી ગયેલી એક નસ છે, અને અંગૂઠાના મૂળમાંથી બે તસુ અંગૂઠા ઉપર ગયેલી છે, અર્ધા ઈંચ છેટેથી એક નસ અંગૂઠાના પડખાની આંગળી ઉપર ગયેલી છે, અને તેથી આગળ અર્ધા ઈંચથી એક નસ અનામિકા ઉપર જતાં મધ્યમાની ઉપર અને અનામિકાની ઉપર એમ બે નસું ગયેલી છે, અને પોંચાના મધ્યે લીલા લાડવાના ભાગથી એક નસ ટચલી આંગળી ઉપર ગયેલી છે, અને તેના ઉપરથી બે તસુ કરભ ઉપર તેજ નસ ગયેલી છે.

દરેક આંગળીઓના શરૂઆતના પહેલા ભાગો ઉપર ઝીણી ઝીણી રોમાવલિઓ રહેલી છે, તથા આંગળીઓની ઉપલી લાકડીઓના ભાગોમાં ઝીણાં ઝીણાં ચળકતા રોમો શોભી રહેલા છે, આંગળીઓના મધ્ય સાંધાઓમાં પાંચ પાંચ રેખાઓ આડી સોંસરવી તથા બન્ને પડખાઓમાં અણિઓના ખૂણાઓ મળેલીઓ રેખાઓ છે, તે જવના આકારે શોભે છે, આંગળીઓના છેડાના સાંધાઓ પણ એવી જ જવરેખાઓવાળા

લમ્બગોળ ચાંદલાઓ સમાન ચિન્હોવડે શોભે છે, નખોના મૂળ અતિ ચળકે છે, નખો શ્વેત લાલ અને સૂંવાળા ગોળ ચન્દ્રમા સમાન કિરણોવાળા છે, એજ પ્રમાણે અંગૂઠા મધ્યે ઉપર ભાગે સાત રેખાઓ છે તે બન્ને પડખાના ભાગો સુધી પહોંચેલી બન્ને કોરના ખૂણા તરીકે મળેલી લાંબા ખારકીયા બોરની સમાન આકૃતિએ શોભે છે, અંગૂઠા આંગળીઓના ટેરવાં લાલાશ ભરેલાં કોમળ સુવાળાં તથા ઉભી ઉભી રેખાઓવાળાં છે, વચલી આંગળીના છેડામાં શંખનું લાંબી રેખાઓથી રચાયેલું ચિન્હ છે, પડખાની આંગળીઓ અને- અંગૂઠાના ટેરવાઓમાં ચાર ચાર ચક્રોના ચિન્હો બન્ને હાથની આંગળીઓના અગ્ર ભાગોમાં છે, સાંધાઓમાં બબે રેખાઓ જવના દેખાવ તરીકે રહેલી છે, અને મધ્ય સાંધામાં મોટા જવની જેવી રેખાઓ બન્ને પડખે અણીઓ મળેલી મધ્યે અવકાશવાળી રેખાઓ જવ સ્વરૂપે શોભે છે, તેવી જ રીતે આંગળીઓના મૂળમાં બબે આડી રેખાઓ મોટા જવ જેવી શોભે છે, અને આંગળીઓની ત્રણેય લાકડીઓમાં ઉભી આરપાર ગયેલી ઝીણી ઝીણી રેખાઓ છે, અંગૂઠાના મધ્યમાં જવનું સુન્દર ચિન્હ છે, અંગૂઠાના ચક્ર ઉપર સોંસરવી આડી એક રેખા છે, તેની નીચે ઊભી બે રેખાઓ છે, અંગૂઠાની મધ્યે પ્રથમ કાતળીમાં આડી બે રેખાઓ છે, આયુષ્યની રેખા ટચલી આંગળીના મૂળથી શરૂ થઈને અંગૂઠાના પડખાની આંગળીના મૂળ ઉપર ચઢીને ત્રણે લાકડીઓ ઉપર જતી થકી આંગળીના ટેરવા સુધી નખને અડી ગયેલી દીર્ઘ શોભે છે, આવરદાની રેખા ઉપર આંગળીઓના મૂળ સુધી ગયેલી એક એક રેખાઓ છે, માતૃરેખા અને આયુષ્ય રેખાની મધ્યે મોટું સ્વસ્તિકનું ચિન્હ છે, માતૃરેખાના કરભ ઉપરના છેડામાં બેવડી ધજાનું દંડ સહિત ચિન્હ છે, આયુષ્યરેખાના મૂળમાં બીજી ઊભી ત્રણ રેખાઓ છે.

મધ્ય આંગળીના મૂળથી આયુષ્યરેખા સુધી એક ઊભી લાંબી મહાવિદ્યાની રેખા છે, ટચલી આંગળીના મૂળમાં આયુષ્ય રેખાના મૂળને પડખે ત્રિલોકીની લક્ષ્મીની ત્રણ રેખાઓમાં મધ્યની રેખા લાંબી શોભે છે, કરભ ઉપર ચાર મોટી અને બે નાની એમ છ આડી રેખાઓ છે, માતૃરેખાથી આરંભીને અંગૂઠાના મૂળમાં આવેલી પિતૃરેખા સુધી લાંબુ ધનુષ્ય કામઠાનું દોરડી સહિત ચિન્હ છે, તેમાં ચઢાવેલા બાણનું ચિન્હ છે, તથા ઉભું ત્રિશૂળનું મોટું ચિન્હ છે, તથા અંગૂઠાના મૂળમાં કાંડા ઉપર હથેળીની શરૂઆતમાં મચ્છનું મોટું ચિન્હ છે, અંગૂઠાના લાંબા ગાળા ઉપર કાંડાની રેખા સુધી ઉભી નવ રેખાઓ છે, સમગ્ર હથેળી તેજ ભરેલી ચન્દ્ર જેવી ચળકે છે, કાંડાથી લઈને કોણી સુધી હાથ ઝીણી ઝીણી રોમાવલિઓ સહિત શોભે છે, હથેળીમાં વચ્ચે મોટું ત્રિકોણનું ચિન્હ છે, પિતૃરેખાથી અંગૂઠા તરફ ત્રણ લાંબી રેખાઓ દેખાય છે, અંગૂઠાના

મૂળથી નીચે લાંસુ પરીઘનું ચિન્હ છે, અંગૂઠાના મૂળની સંધિની લાંબી રેખા છે, મત્સ્યને ઉપલે ભાગે એક નાનુ ઉંડતા હંસનું ચિન્હ છે, મત્સ્યના મસ્તકની રેખા ઉપર એક નાનુ શિખરનું ચિન્હ છે, મત્સ્યના મુખ પાસે એક નાના કચ્છનું ચિન્હ છે, ત્રિશૂલના નીચલા શૂલની નીચે એક નાના જાંબૂનું ચિન્હ છે, ટચલી આંગળીના મૂળમાં એક નાગરવેલીના પાનની રેખા છે, તથા કરભના છેડામાં ત્રણ શ્રીરેખાઓ છે, પ્રદેશિનીના મૂળમાં એક ઝીણી છત્રીની રેખા છે, આવા ચિન્હોની ઝીણી ઝીણી રેખાઓથી ભગવાનની જમણી હથેળી ત્રિલોકિની અદૃશ્ય સમૃદ્ધિઓ વડે ભરેલી છે.

ડાબા ખંભાથી નીચે એક સુન્દર તિલ છે, ડાબા હાથના બાવડામાં તિલની પાસે ત્રણ ઈંચ છેટે એક મસ છે, ડાબા હાથના ખભા ઉપર ગદાનું ચિન્હ છે, ડાબા હાથના બાવડામાં કોણીની ઉપર સીળી કઢાવ્યાનાં ચન્દ્રકો છે, તે ચન્દ્રકોથી બે ઈંચ નીચે એક તિલ છે, તેની બાજુમાં એક બીજો તિલ છે, બાવડાની નીચે સીધા મસળમાં એક તિલ છે, તેથી ત્રણ આંગળ નીચે તે પંક્તિમાં એક ત્રીજો તિલ છે, તથા ભુજાના મસલમાં પાછળના ભાગમાં ત્રણ તિલ પાંસે પાંસે શોભી રહ્યા છે, ભુજાઓના મસલ સુંદર ઉપડતા અને પુષ્ટ બૂડ શ્વેત મચ્છની સમાન દેખાય છે, મસલમાં શ્વેત નીલ એવા રોમ શોભે છે, સમગ્ર મૂર્તિની ચળકતી ચામડીના ઝીણાં ઝીણાં રોમ સોનેરી સૂક્ષ્મ તાર સમાન શોભાવાળા છે, ખંભાથી મસલ ઉપર જતી એક સીધી ધોરી નસ સુંદર શોભે છે, તથા ભુજાના મૂલમાં નીચલે ગાળે એક ઝીણો લાલ તિલ છે, તથા ભુજાના મસલમાં ઉપલા ભાગમાં ત્રણ ફૂલની પાંખડીઓ સમાન સુશોભિત ચિન્હો છે, ભુજાના મસલની નીચે અને કોણીના આગલા -

ભાગમાં એક રેખા છે, તેમાંથી કોણીના પાછલા ભાગમાં જતી અને ફાટો પાડીને નીકળેલી બે ઉભી રેખાઓ છે, તથા કોણીની બન્ને બાજુએ રહેલી રેખાઓ શોભે છે, તથા કોણી ઉપર પાંચ આડી રેખાઓ શોભે છે, તે ખીલેલા પુષ્પ સમાન આકૃતિવાળી છે, કોણીના આગલા ભાગમાં એક તિલ છે, કોણીના વળાંક ઉપર ત્રણ આડી રેખાઓ સળંગ એવી બન્ને હાથમાં શોભે છે, ડાબા હાથની કોણીની નીચે બે તસુ એક સુંદર મસ છે, તથા કોણીના પાછળના ભાગમાં એક તિલ છે, ડાબા હાથના ખંભાની પાછળ કાંડા સુધી સમસ્ત હાથમાં નીલ શ્વેત અને સુવર્ણરંગની અણિયુંવાળા ચળકતા રોમ શોભે છે, તથા ડાબી કોણીની નીચે તિલની બાજુમાં ત્રણ ઈંચ નીચે જવના દાણા જેવો એક લાલાશવાળો ખાડો પડેલો છે. ડાબા કાંડા ઉપર બે તસુ છેટે એક તિલ છે. હાથમાંથી કાંડા ઉપર આવતી બે નસો પોચાના મધ્યમાં થોડેક ઉપર ભેળી થઈને એક ઈંચ નિચે જઈને તેમાંથી નીકળતી બે નસો ટચલી આંગળીની બન્ને બાજુએ ગયેલી

છે, પોંચાના મધ્ય ભાગેથી એક નસ વચલી બે આંગળીની મધ્યે ગયેલી છે, અનામિકાની ઉપર એક નસ આંટો ફરેલી છે, અને બીજી નસ મધ્ય આંગળીના મૂળ ઉપર આંટો ફરેલી છે, અને એક બીજી નસ કાંડામાંથી જુદી પડીને અંગૂઠાના પડખાની આંગળીના મૂળ ઉપર જરાક ઉંચી જઈને તે આંગળીના ગાળામાં ઉતરેલી છે, તે નસમાંથી અંગૂઠાની લાંક ઉપર એક નસ ઉતરેલી છે તથા એક બીજી નસ અંગૂઠાની ઉપર દોઢ ઇંચથી નીચે જૂદી પડીને અંગૂઠાના કરભ ઉપર થઈને અંગૂઠાના વચલા સાંધા ઉપર પહોંચેલી છે, એક મોટી નસ કોણી આગળ થઈને કાંડા ઉપર ગયેલી છે, તે અંગૂઠાની નસને મળેલી છે, કાંડાના ત્રણ લાંબા સળંગ એવા બન્ને પડખે જાતા રેખાઓના ત્રણ ભાગો દેખાય છે, અંગૂઠા ઉપર કરભમાં સીધી ચાર ઝીણી રેખાઓ છે, હથેળી મધ્યે અંગૂઠાના મૂળમાં કાંડાથી નીકળતી રેખામા મચ્છનું સુશોભિત ચિન્હ છે, તે ચિન્હથી આરંભીને પિતૃરેખા અનામિકાના મૂળ સુધી લાંબી રહેલી છે, તેની સાથે સોંસરવી માતૃરેખા આરપાર પહોંચેલી છે, પિતૃરેખા અને માતૃરેખા એ બન્ને ઉપર પાંચ બીજી ઉભી-આડી પડેલી રેખાઓ છે, કાંડાથી લઈને હથેળીમાં સોસરવી સીધી એક રેખા બન્ને મધ્યની આંગળીઓની વચ્ચે પહોચેલી છે, માતૃરેખા ઉપર એક મચ્છનું ચિન્હ છે, આયુષ્યરેખા ઉપર દંડ સહિત ધજા સહિત શિખરોનું ચિન્હ છે, હથેળી વચ્ચે પદ્મનું ચિન્હ છે, એક લાંબુ મુદ્ગરનું ચિન્હ શોભે છે, ડાબા હાથની આવરદાની રેખા નીચે એક સ્વસ્તિકનું ચિન્હ છે.

અનામિકા મધ્યમાં તથા ટચલી આંગળીઓના મૂળો સુધી એક એક ઉજળી રેખાઓ એમ ઉભી ત્રણ રેખાઓ છે, કરભ ઉપર છ રેખાઓ ઉભી છે, ટચલી આંગળીના મૂળમાં બે ઉભી રેખાઓ છે, કરભને છેડે ટચલી આંગળીને પડખાને મૂળે ત્રણ શ્રીરેખાઓ છે, આંગળીઓના સાંધાઓની રેખાઓ બબ્બે સોંસરવી જવના દાણા સમાન લાંબી ખૂણાઓ મળેલી છે, આંગળીઓની છેલ્લી લાકડીઓની સાંધાઓની એક એક રેખાઓ સ્થૂળ પૂરેપૂરી લાંબી છે, આંગળીઓ ઉપર મૂળથી રેખા સુધી ઝીણી ઝીણી સીધી રેખાઓ ઉભી રહેલી છે, હથેળીના મધ્યે આડસોડે વચ્ચે મળીને બે વિભાગો સીધા બે મુદ્ગરના ચિન્હો છે, માતૃ-પિતૃરેખાની વચ્ચે ચાર ખૂણાદાર મળેલી રેખાઓ છે, ડાબા પોંચા ઉપર છ ચાંદલાવાળું લાડવાનું નીલા વર્ણનું કૃત્રિમ ચિન્હ છે, અંગુઠાના કરભ ઉપર કૃત્રિમ બે શંખિયા અને વચ્ચે એક શ્યામ કૃત્રિમ ચાંદલાનું નીલવર્ણનું ચિન્હ છે, પોંચા ઉપર કાંડામાં ત્રણ રેખાઓ સોંસરવી ગયેલી છે, નખો ચળકતા ગોળ ધોળા રક્ત ભરેલા સુન્દર છે, આંગળીઓના સાંધાઓ ઉપર બાહેરના બન્ને ભાગોમાં રેખાઓના છેડાઓ મળેલા હોવાથી લાંબા બદરી ફળના આકારે દર્શનીય લંબગોળ ચન્દ્રકો શોભે છે, આંગળીઓના ભાગો ઉપર તથા પોંચા ઉપર ચળકતા ઝીણાં ઝીણાં પિંગળા છેડાવાળા

રોમ શોભે છે, અંગુઠાના કરભમાં ઝીણી સોંસરવી લાંબી રેખાઓ છે, અંગુઠા મધ્યે બે રેખાઓ વડે મોટા જવનું ચિન્હ શોભે છે, અંગુઠાના ઉપરના ટેરવા ઉપર ઝીણી ઝીણી રોમચન્દ્રિકાઓ શોભે છે, અંગુઠામાં ચક્રનું ચિન્હ સવળે ભાગે શોભે છે, મધ્યની આંગળીને છેડે ટેરવામાં શંખનું લાંબુ ચિન્હ છે, પડખાની બીજી ત્રણ આંગળીઓના ટેરવાઓમાં ગોળ ચક્રોના ચિન્હો છે, ભગવાનના નખો અતિશય લાલાશવાળા ચળકતા શોભે છે, નખોમાં ચન્દ્રસમાન પ્રકાશિત લાલ પાંડુર કિરણો દેખાય છે, નખોમાં લાંબી ઉભી લાલ કેસરીયા રંગની રેખાઓ દેખાય છે.

છાતીમાં સ્તનસ્થળમાં જમણા ભાગમાં સ્તનની નીચે એક તિલ છે, તે સાથે ગંગા-યમુના- સરસ્વતી જેવી ત્રણ રેખાઓ દીપે છે, તે ત્રિવળી લાંબી દર્શનીય છે, બીજા પડખાઓ સુન્દર ઉજળા ચળકાટવાળા છે, જમણા પડખામાં એક તિલ છે, ડાબા પડખામાં કાંખની નીચે એક તિલ છે, ડાબા ઉદરના નળથી બે ઈંચ આઘો એક તિલ ઉદરમાં શોભી રહ્યો છે. કાળજા ઉપરમાં એક સુશોભિત તિલ છે, તથા નાભિથી ઉપર સરખી પંક્તિમાં પાંચ ઈંચે તથા સાત ઈંચે દૂર એમ બે તિલ શોભે છે, નાભિથી નીચે ડાબી કોરે એક ઈંચે એક તિલ છે, નાભિ ગોળ ઉંડી ગંભીર બ્રહ્માના કમળ પુષ્પ સમાન પાંખડીઓની ગોળ કરચલી પડેલી શોભે છે, કેડ્યમાં ધોતિયું પહેરવાનો ઝાંખો ઝાંખો શ્યામળો ગોળપટ્ટો છે, બરડામાં પાંસળીઓની ઉભી પંક્તિ બન્ને કોરથી ભેગી થયેલી સાંધાવાળી શોભે છે, તેમાં એક ઉભી રેખા છે, ખંભાના રંધાંઓની વચ્ચે બન્ને બાજુએ એક એક ત્રાંસી રેખા પડે છે, તથા બરડામાં ડાબે ભાગે ઉદરની સમાન રેખામાં કેડયથી ઉંચે એક વજ્રનું ચિન્હ છે, ડાબા બરડાની બન્ને બાજુએ સહેજ ત્રાંસી રેખાઓ છે, ઉદરની પાછળ બરડા તરફ એક મોટો નીલવર્ણનો તિલ છે, તથા બીજી ઘણી ઘણી ઝીણી ઝીણી રેખાઓ કિસલય તન્તુઓના જેવી ઉજળી ચળકી રહી છે, તથા કેડય ઉપર જમણે પડખે ધોતીયું પહેરવાને સ્થળેથી ત્રણ ઈંચ ઉંચો એક લાલ તિલ છે, તથા નાભિથી નીચે કેડયના પટ્ટાથી નીચાણમાં શ્રીનું શ્વેત રક્ત એવું ચણીયા બોર જેવડું ચિન્હ છે, તથા નાભિ ઉપર પાંચ ઈંચ ઉંચો ડાબા નળ ઉપર શ્વેત ગોળ ઉજળો એક તલનો દાણો છે, તથા ડાબી તરફ કાખથી વાંસા તરફ ત્રણ ઈંચ આધૂં તૂલસીની મંજરી જેવું લાંબુ ચિન્હ છે, ઉદરમાં નાભિથી ત્રણ ઈંચ આઘો ઉંચો રોમોના મૂળમાં એક ચણાની દાળ જેવડો મોટો નીલવર્ણનો તિલ છે, કટિમેખલા પુષ્ટ જાડી બળવાળી ચળકતી સુશોભિત છે, કેડયના પડખાની નીચેના મધ્યભાગો ચળકતા ઉજળા સુરૂપ તેજસ્વી લીસા અને ભરાવદાર પુષ્ટ છે, તેમાં ઉજળા દોરાઓ જેવી રેખાઓ છે, જઘન જે પેડુ તેના ભાગમાં મળેલા સાથળના રંધાઓના પ્રદેશો અતિ ઉજ્જ્વલ

કોમળ અને બલિષ્ઠ છે, જઘનમાં લક્ષ્મીના ચિન્હ સહિત રોમાવલીઓ છે, મધ્યમ ભાગ મધ્યમ પ્રમાણ એવો ઘણો પુષ્ટ મનોહર અને આકર્ષણ શક્તિઓવાળો પરિપૂર્ણ સ્થિતિમય છે, ડાબી બાજુએ મધ્યે એક શ્યામ ઘાટો તિલ છે, ઉજળાશ બળ ભરેલું અંગ પરમપુરુષના ઐશ્વર્યોને ધારણ કરે છે, ભગવાનના અંગો કોટિ કામદેવોના ગર્વોના હરનારાં, તથા દેવતાઓને પણ આકર્ષણ કરનારાં, તથા પ્રજાપતિઓ અને બ્રહ્માઓના નિવાસસ્થાનરૂપ અક્ષયસર્વતત્ત્વસારપરિપૂર્ણ ભરેલાં દૃઢતર બલિષ્ઠ સર્વમનોવાંછિત પૂરનારાં છે, પરમપુરુષની સમાન આકૃતિવાળી દિવ્યપ્રજાઓની સર્વપ્રકારની બીજાત્મક સ્થિતિને ધારણ કરનારી એવી મૂળ પ્રદેશની કોષોની સ્થિતિ છે, શિવની નાડીવડે સર્વ બ્રહ્માંડોની સૃષ્ટિની સ્થિતિમાં આનન્દ આપવાના સમ્બન્ધવાળી તે સ્થિતિ છે, મિત્ર નામના દેવને વસવાની સ્થળી છે, તે ઘણી શક્તિઓ વાળી છે, તથા અષ્ટસિદ્ધિઓ વાળી છે, આસન તરીકે બેસવાની ગાદીઓ ઘણી પુષ્ટ વિશાળ છતાં કોમળતાયુક્ત અને ધવળરૂપ વાળી ચળકતી સ્વચ્છ છે, તથા સાથળના મૂળોની બન્ને લાંકો ધારણ સંચાલન પ્રમર્દન આદિ શક્તિશાલી બલિષ્ઠ છે, ગુપ્ત રોમોની મૌલિક સ્થળીઓમાં ગર્ભિત ભાગોમાં પુષ્ટિસ્વરૂપ ઉજ્જ્વલ સ્નિગ્ધ તત્ત્વોના થર રહેલા છે, તે અક્ષય રહેલા છે.

સાથળની શરૂઆતના ભાગોમાં વિદ્યુત વસેલી છે, તે તેજસ્વી પ્રકાશવાળી છે, અંદર બાહેર ચારેકોર સાથળોના મૂળ મજબૂત ગોળ અને ચન્દ્રની સમાન કાન્તિવાળા છે, બાહેરલા ભાગો રોમ સહિત સુંવાળા છે, કેળના ગર્ભ સ્થંભ જેવી સાથળોની સુંદરતા અને રચના છે, અને હાથીસોંઢની સમાન જાડી પાતળી તે રચના છે, રંધાના મૂળ ભાગથી સુશોભિત રોમાવલીઓની પંક્તિઓ બન્ને સાથળોમાં સારી રીતે દીપે છે, જમણા સાથળના મૂળમાં બાહેરને ભાગે રોમસહિત ઉજળા પ્રદેશોમાં આડું સહજ ઉંચે જાતુ બે ઇંચ લાંબુ ચમકતું ધોળું અંકુશનું ચિન્હ છે, તથા ભગવાનના રોમ અતિ ચળકતા તેજ ભરેલા દેખાય છે, તથા સાથળની મૂળમાં બે તસુ ઉંચો સેમાવલિની છાયામાં એક સુન્દર તિલ છે, તથા સાથળના જાંઘના ભાગો અને ઉપરના ભાગો રૂષ્ટ પુષ્ટ છે, ચન્દ્રસમાન શોભતો એક ઉજળો ગૌર તિલ છે, તે સાથળના બાહેર ભાગમાં શોભી રહ્યો છે, તથા ગોઠણની ઉપર ઝીણી ઝીણી કરચલીઓ પડે છે, સાથળના નીચેના પાછલા ભાગમાં બેસવાના સ્થાનની નીચે મધ્યભાગમાં એક તિલ છે, તથા સાથળના બાહેરલા ભાગમાંની બાજુમાં એક ગૌર તિલ છે, ડાબા સાથળના મૂળથી નીચે સામે મધ્યભાગે જ બે ઇંચ આધું એક દોઢ ઇંચ લાંબૂ સંધાયેલું ઝીણી ધારવાળું અર્ધો ઇંચ ઉપર નીચે પહોંળું અને મધ્યે એક ઇંચ પહોળું લાલાશધોળાશ રંગવાળું ચમકતું એક ખાંપાનું ચિન્હ છે, તેની નીચે એક તિલ છે, તથા મધ્યમાં એક તિલ છે, તથા તેથી

આઘો પડખે એક ઈંચ દૂર એક તિલ છે, તથા જઘન અને સાથળના મૂળ વચ્ચે રંધાના સાંધામાં એક તિલ છે. તથા સાથળના પાછળના ભાગમાં બેસવાના સ્થાને એક શ્વેત તિલ છે, તેની બાજુમાં બીજો એક શ્વેત તિલ છે, તથા તેથી બે ઈંચ નીચો એક ધવલ તિલ છે, તેની બાજુમાં એક શ્વેત તિલ છે, તથા તેથી બે ઈંચ નીચો એક ધવલ તિલ છે, તેની બાજુમાં એક શ્વેત તિલ છે, તથા તેથી બે ઈંચ નીચો એક બીજો ધોળો તિલ છે, તેની બાજુમાં એક લાલાશવાળો તિલ છે, તથા તેની ઉપર એક નીલ તિલ છે, તે તે મગના દાણા જેવો છે, તેથી ઉપર એક નાનો કાળો તિલ છે, તથા રંધાથી ઉપલે ભાગે નાના નાના પાંચ તિલ છે, તથા ગોઠણથી ચાર તસુ ઉપર એક ચણીયાબોર જેવડું ચિન્હ છે, તથા ડાબા સાથળ ઉપર ચાર ચાર ઈંચ લાંબુ અને બે ઈંચ પહોળું અને ઉપર મસ્તકને આકારે એક ઈંચ પહોળું તથા વચ્ચે ગળુ પડેલું નીચે પલોંઠી વાળીને બેઠા હોય તેવું લક્ષ્મીજીનું શ્વેત લાલ વર્ણનું સુશોભિતું સમ્પૂર્ણ બાહેર મુખવાળું એવી મોટી આકૃતિવાળું ચિન્હ છે.

તથા ગોઠણ ઉપર બે ઈંચ છેટે એક તિલ છે, તથા ગોઠણ ઉપર એક ત્રિકોણનું તથા એક ચતુષ્કોણનું ચિન્હ છે, તથા બન્ને જાનુઓ ગોળ મજબૂત પુષ્ટ ઉપડતા ભરાવદાર છે, બન્ને હાથની વચલી આંગળીઓના ટેરવાં ગોઠણોને અડે તેવા તેટલા લાંબા હાથ આજાનુબાહુ છે, ડાબા ગોઠણ ઉપર એક ચણીયા બોર જેવડું શુક્લ ચિન્હ છે, તથા ગોઠણો ઉપર ત્રણ ત્રણ મોટી આડી રેખાઓ બન્ને કોર પહોંચેલી લાંબી સળંગ શોભે છે, ગોઠણોના સાંધાઓમાં નીચે મોટી ધોરી નસોની ગ્રંથિઓ બબ્બે છે, તે ચણાથી મોટી મોટી દેખાય છે, તથા ગોઠણની નીચે સાથળના ઘોરી મસળની ધાર ઉપર ત્રણ ખૂણાવાળું નાનું એક ચિન્હ છે, તથા જમણા પગના ગોઠણની નીચે સાંધામાં એક આડી શ્વેત લાંબી રેખા દેખાય છે, તે રેખા ઉપર બે તિલ છે, તે રેખાની નીચે એક આડી નાની રેખા નીલા રંગની છે, તથા જમણા પગના ગોઠણના સાંધા નીચે એક તિલ શોભી રહ્યો છે, તથા ગોઠણના પડખાની બાહરલે ભાગે સ્પષ્ટ નાડીઓ દેખાય છે, તથા ભગવાનની રોમાવલિઓ ચમકાટવાળી છે, ગોઠણથી નીચે ચાર ઈંચ એક નીલરંગનો તિલ છે.

બન્ને પિણ્ડીઓ નાળીએરની પેઠે મજબુત તથા ઉજળીઓ રોમાવલિભરેલીઓ છે તથા જાડી પાતળી એવી સુન્દર છે, પગના બન્ને કાંડાઓ મજબુત મધ્ય રચનાનાં છે, ચરણારવિન્દોના બન્ને તળાંઓ કમાનની પેઠે ઉપડેલા ઉજળા શ્વેતચન્દ્રમા સમાન ચળકતા સ્વચ્છ આભલા જેવા ઝળકે છે, પોંચા ઉપર અંગૂઠાની લાઇનમાં મધ્ય પંઝામાં રોમાવલિ છે તેમાં પણ સીધી રેખાઓ રહેલી છે, તથા બન્ને કાંડાઓ ઉજળા રોમ સહિત ચળકાટ

વાળા છે, પગના પડખાઓમાં બન્ને તરફ ત્રણ ત્રણ ઘૂંટિકાઓ રહેલી છે, તે ઉજળી ઉપડતી સરખી પંક્તિમાં શોભે છે, ત્રણેય ઘૂંટિયોમાં અસ્થિની ડુબ ગોળાઈઓ છે, તથા અંદરની ઘૂંટિયો ઉપર પિણ્ડીઓમાંથી હેઠી ઉતરતી મોટી બબ્બે રગો અને એક એક પડખાની લાંક ઉપર જતી તથા બીજી ત્રણ ત્રણ નસો તે પ્રમાણે બન્ને પડખાઓમાં થઈને પંજા તરફ જઈ રહી છે, તે ઉપડતી દેખાય છે, ડાબા પગની અંદરની ઘૂંટી ઉપર સૌરાષ્ટ્રની રેખા છે, પગના કાંડાઓમાં બબ્બે ધોરી નસો ઉતરી છે, અને પોંચાઓ ઉપર ઊભી તથા તેમાંથી જ આડી નસો નીકળીને પંજાના બંધારણને ઘડનારી સ્થિતિમાં રહેલી છે, તથા આંગળીઓ અને અંગૂઠાની પાંચ પાંચ નસો અંગૂઠા આંગળીઓના છેડાઓના નખો સુધી પહોંચેલી છે, અંગુઠાના મૂળથી એક આંગળો ઉંચે ઝીણા ઝીણા રોમોનો ઘેરો છે, બાકીના પંજાઓના ભાગો કાંડાઓથી આંગળીઓ સુધી રોમરહિત લીસા ઉજળા ચળકતા રતાશ ભરેલા છે, આંગળીઓ અને અંગુઠાના મૂળ ઉપર એક સોંસરવી આડી સુશોભિત નાડી છે, તથા પંજા ઉપર મધ્ય ભાગે એક આડી નાડી છે, તથા જમણા પગની ઘૂંટીની પાછળ બે ઇંચ દૂર અંદરગાળે ત્રણ નાના તિલ એક પંક્તિમાં રહેલા છે, તથા જમણી ઘૂંટી ઉપર મધ્યભાગે એક લાલાશ પડતું ઉજળું શ્વેત કાન્તિ ભરેલું ચણા જેવડું ચિન્હ છે.

બન્ને ચરણારવિન્દોના પંજાઓ ઉપર ઝીણા ઝીણા રોમોના ઘેરા છે, બન્ને પગોની પેનીઓ ઉપર સાત સાત કડચલીઓ પડે છે, તથા લાંકની ઉપર અંદરગાળે ત્રાંસી રેખાઓ છે, તે ઉપર ભાગે ભેગી થઈને યજ્ઞમંડપના કળશવાળા શિખરોની જેવી શોભે છે, અને પગની ટચલી આંગળીની બાજુમાં સોંસરવા પેની સુધીના પડખાઓ ઉજળા શ્વેત ગંગાના પ્રવાહ જેવા શોભે છે, બન્ને ચણોના લાંકોના પગતલાંઓ ચન્દ્રમાસમાન ઉજળા શોભે છે, તે ગોળ ઉપડતા કમાન જેવા છે, તેમાં ચરણારવિન્દોના તેમની ઝાંકી દર્શન થાય છે, બન્ને અંગુઠાના પડખાની એક એક આંગળી તે અંગુઠા કરતા બબ્બે દોરા વધારે લાંબી છે, અને બીજી આંગળીઓ કમાનની પેઠે નમતી લાઇનમાં છે, ટચલી આંગળીનો છેડો અંગુઠાના મધ્યપર્વની દોરીમાં બરાબર રહેલો છે, તથા અંગુઠા અને લાંબી આંગળી વચ્ચે ચાંખડીઓ પહેરવાના ચિન્હો છે, બન્ને પગની લાંકો તળાની કમાનો અર્ધો ઇંચ ઉંચી નીચે પોલાણ રહે તેવી મળેલી છે, અને અતિ ઉજળી છે, બન્ને ચરણોના તળીયાં સર્વ રીતે તેજસ્વી આકર્ષણ કરનારાં છે, તથા બન્ને ચરણારવિન્દો દસ ઇંચ પરિપૂર્ણ લાંબા છે, તથા પોંચાઓ પોણાચાર પોણાચાર ઇંચ પહોળા છે, તથા પેનીઓ અઢી ઇંચ પહોળીઓ છે, મધ્યગાળો ત્રણ ઇંચ પહોળો છે ચરણારવિન્દોની બાહેરલી અને પૃથ્વીને અડતી એવી સોંસરવી સવા ઇંચની પટ્ટી તે

ફણાઓ અને પેનીની વચ્ચે ત્રણ ઈંચ લાંબી કમાન જેવી છે, તે ફણા અને પાની તરફ લાંકમાં પહોળા સાંકડી વળાંકવાળી છે, બાહેરની લાઇનમાં સીધી છે, બન્ને ચરણોમાં અંગુઠા આંગળી વચ્ચેથી નીસરીને માછલાને આકારે બે રેખાઓ એક ઈંચમાં થઈને પછી મળી ગયેલી એક એક રેખા એક એક ઈંચ લાંબી થઈને ચકણાતળા મધ્યે છેડા મળી ગયેલી ઉર્ધ્વરેખાઓ બરાબર ફણાની વચ્ચે પડીને એક ઈંચ આગળ રહેલી ફણાના તળામાં રહેલી આડી રેખાને વિંધિને ત્યાંથી એકમાંથી બે રેખાઓ થઈને પહોળી ચાલતાં બંને રેખાઓ લાંકમાં સીધી આગળ વધીને સોંસરવી લાંકના પડખા તરફ પાનીની બન્ને પડખે લાંબે લાંબી નીસરીને શોભતી એવી બન્ને સ્પષ્ટ દર્શન થાય તેવી બન્ને ચરણતળાઓમાં બે પૂર્ણ ઉર્ધ્વરેખાઓ છે, તે બન્ને ઉર્ધ્વરેખાઓ બન્ને પાનીઓના પડખાઓમાં બીજી બીજી લાંબી રેખાઓ વડે મળેલી છે તે રેખાઓ પાંચ પાંચ ઈંચની લંબાઈવાળી બન્ને પડખે દેખાય છે, બન્ને ઉર્ધ્વરેખાઓ પરિપૂર્ણ સ્પષ્ટ છે, બન્ને પગની મધ્યમાં એવી એક એક આંગળીઓમાં સુશોભિતાં ગદા ચક્રોના ચિન્હો દંડ સહિત શોભે છે, અને બાકી આંગળીઓ ત્રણ ત્રણ તથા અંગૂઠાઓમાં ચક્રગર્ભિત નાળ સહિત કમળના સુશોભિત ચિન્હો છે, બન્ને ચરણારવિન્દોની આંગળીઓમાં નીચેની સાંધાની રેખાઓમાં જવના સુશોભિત ચિન્હો છે, જમણા ચરણના અંગુઠાની નીચે ઉર્ધ્વરેખાના મચ્છની પૂછડી પાસે કળશનું ચિન્હ છે, તથા આંગળી નીચે તુલસી મંજરીનું ચિન્હ છે, અને તેની પાસે અર્ધો ઈંચ દૂર અંગૂઠા તરફના પંજાના વેઢાની નીચલે ભાગે કમળનું ચિન્હ છે, તથા ટચલી આંગળીથી નીચે અર્ધા ઈંચ દૂર એક વજ્રની રેખારૂપે અર્ધો ઈંચ લાંબુ ચિન્હ છે, તથા પંજાની આડી રેખાની નીચે એક ઈંચ લાંબુ કલ્પલતાનું ઉભૂં પાંદડીઓવાળું ચિન્હ છે, તથા ઉર્ધ્વરેખાથી અંદરગાળામાં લાંકમાં એક જામ્બુફળનું ચિન્હ છે, તથા તેથી અંદરગાળે લાંકમાં એક છત્રનું ચિન્હ છે, તથા ઉર્ધ્વરેખાની લાંકમાં પાનીના તરફ જતી એવી બે રેખાઓને વચલે ગાળે ત્રિકોણનું ચિન્હ છે, તથા પેનીની હદની રેખાની અંદર પેનીમાં એક સ્વસ્તિકનું ચિન્હ છે, અને તેની નીચે પેનીમાં એક યજ્ઞકુંડનું ચિન્હ છે, અને બીજા ઝીણા ઝીણા રેખાઓમાં બૂડ ચિન્હો છે, ટચલી આંગળીની નીચે અંકુશ, મધ્ય આંગળીની નીચે ત્રિપત્ર, અંગુઠા નીચે ઝીણું કમળ, લાંકમાં ધ્વજ, તેના પડખામાં ત્રિશૂળ, પેનીમાં અષ્ટકોણ, તેના ખૂણાઓમાં આઠ પુષ્પોના ડોડાઓ રહેલા છે.

ડાબા ચરણતળામાં અંગુઠા નીચે એક સૂર્યનું ચિન્હ છે, વચલી આંગળીથી અર્ધા ઈંચ નીચે શંખનું ચિન્હ છે, તથા બીજી આંગળીની નીચે પોણો ઈંચ હેઠાણમાં નાગરવેલીના પાનનું ચિન્હ છે, તથા પંજાની રેખાની હદ નીચે લાંક તરફ અંદરગાળે

એક ઉભી છડીનું ચિન્હ છે, તથા લાંકમાં ઉર્ધ્વરેખાની બાહેર ભાગમાં મધ્યે ચક્રવાળું અષ્ટકોણનું સ્પષ્ટ ચિન્હ છે, તથા તેથી નીચે આડું ગદાનું ચિન્હ છે, તથા જુદી પડતી બે રેખાની મધ્યે ઉર્ધ્વરેખાના ગાળામાં ગોપદનું ઉપડતું ચિન્હ છે, તથા તેની નીચે લાંકમાં વ્યોમનું ગોળ ચિન્હ છે, તથા તેથી નીચે લાંકમાં વ્યોમનું ગોળ ચિન્હ છે, તથા આઠચન્દ્રકવાળું પદ્મનું ચિન્હ છે, તથા તેની પડખે નીચાણમાં બાહરલે ભાગે અંકુશનું ચિન્હ છે, તથા પેનીની હદની રેખાની નીચે વહાણનું ચિન્હ છે, તથા તેથી નીચે પેની મધ્યે તળામાં અર્ધચન્દ્રનું ચિન્હ છે, આવાં દશ સ્પષ્ટ ચિન્હો છે, તે સિવાયના બૂડ ચિન્હો ડાબા ચરણમાં બીજાં પણ છે, તે પંજામાં શંખ તથા પિપ્પલપાનનું ચિન્હ છે, ગોપદની નીચે લાંકમાં બૂડ કળશ, તથા ટબૂડીનું ચિન્હ છે, તે બન્નેની નીચે બંગલાનું તથા પર્વત શિખરનું ચિન્હ છે, અને તેની નીચે બે ચરૂઓના ચિન્હ છે તેની ઉપર બીજના ચન્દ્રમાનું ચિન્હ છે, આ રીતે ભગવાનના ચરણોમાં દિવ્ય ઘણાંક ચિન્હો છે, અને ઘૂંટીની બાજુમાં પેની ઉપર બગલાની રેખાઓનું ચિન્હ છે, તથા બન્ને ચરણોને પડખે ઘુમ્મટની રેખાઓ છે, તથા ડાબા પગની લાંકમાં વચોવચ આઠ ગોળ પાંખડીઓવાળું, અને વચમાં એક ગોળ કન્દવાળુ રક્તાંશરૂપમાં દેખાતું ગોળ પદ્મ-કમળનું મોટું પુષ્પચિન્હ સુશોભિત છે, તથા જમણા પગના અંગૂઠાના ડાબી બાજુના ખૂણામાં તેજસ્વી વીજળીના દોરા જેવું ચિન્હ છે, ભગવાનના બન્ને ચરણોના તળાં તથા બન્ને હાથના તળાં કુમકુમ છાંટેલા હોય તેવા કુદરતી રક્તવર્ણના ચળકે છે, ભગવાનનો સ્વર મીઠો મધુરો જીવપ્રાણીમાત્રને સમાધિ કરાવે તેવો શાન્તિ ભરેલો છે, આવી ભગવાનની મૂર્તિ નિહાળી નીહાળીને જોઈ જોઈને નક્કી કરીને લખેલ છે.

ભગવાનની ડાબી હથેળીના મધ્યે ઉભી સળંગ રેખા છે, તેના પડખામાં બીજી સળંગ રેખા છે, તે મધ્ય આંગળીના મૂળથી બે રેખાઓ એકમાંથી જુદી પડીને નીચે હથેળીમાં જતાં જતાં કાંડા ઉપર ભેળી થઈને મચ્છ આકારે શોભતી છે, તેમાં મધ્યે મધ્યે ચતુષ્કોણ તથા ત્રિકોણ અને દ્વિકોણના ચિન્હો છે, તથા ટચલી આંગળીના મૂળમાંથી એક ઊભી રેખા હથેળીમાં સોંસરવી નીચી જઈને નીચે મચ્છની સાથે મળેલી છે, બીજા નમ્બરની આંગળીના મૂળમાંથી એક રેખા લાંબી સોંસરવી હથેળીમાં કાંડા સુધી ગયેલી છે, આ બન્ને રેખાઓમાં વચ્ચે આડી જતી પિતૃરેખામાં એક સુન્દર મત્સ્યનું ચિન્હ છે, તેની નીચે ત્રિકોણમાં નાનુ પદ્મનું ચિન્હ છે, તથા અંગૂઠાના મૂળમાં પટમાં હથેળીમાં ઉભી રેખાઓ છે, તથા બીજી પાંચ આડી રેખાઓ અંગૂઠાની મૂળની રેખા તરફ ગયેલી છે, મધ્ય આંગળીની નીચે હથેળીમાં ધજા સહિત શિખરની રેખા છે.

ભગવાનના બન્ને હાથની વચલી આંગળીઓમાં શંખના ચિન્હો છે, અને પગની બંને વચલી આંગળીઓમાં ગદા ચક્રના ચિન્હો છે, તથા ભગવાનના હાથની બાકીની ત્રણ આંગળીઓ તથા અંગૂઠામાં ચક્રગર્ભિત કમલોના સ્પષ્ટ ચિન્હો છે, અને ચરણોની બાકીની ત્રણે આંગળીઓ તથા અંગૂઠાઓમાં ચક્રગર્ભિતકમળોના ચિન્હો છે, આ રીતે હાથની અંગૂઠા આંગળીઓમાં આઠ ચક્રો અને બે શંખ છે, અને ચરણોની મધ્ય આંગળીઓમાં બે સદંડ ચક્રગર્ભિત ગદાઓ છે, અને બાકીમાં ચક્રસહિત સનાળ કમળો છે, આવા આશ્ચર્યકારક ચિન્હો ભગવાનને છે, ભગવાન કથા વાંચતી વખતે શ્રીવ્યાસ મૂર્તિ અને માળા ફેરવતા હરતીફરતી મૂર્તિ, પાઘ અને છડીવાળી ઉભી મૂર્તિ, ગ્રન્થો લખતી વખતે કલમસહિત લેખકમૂર્તિ, તથા આશીર્વાદ આપતી દયાળુ મૂર્તિ, એવા શ્રીહરિના દર્શન કરવામાં તૃપ્તિ વળતી નથી. આ દિવ્ય યુવાન મૂર્તિનું વર્ણન કર્યું છે.

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, અનેક દેવદેવીઓ શ્રીબાળકૃષ્ણ પ્રભુના નામકરણના ઉત્સવમાં દિવ્ય હિન્ડોળા લઈને આવ્યા હતા, તેમાં શ્રીકૃષ્ણનારાયણને પધરાવી ઝુલાવ્યા હતા, તલાજા નામની રાક્ષસણી પ્રભુને મારી નાખવા હિન્ડોલો લઈને દેવી થઈને ઝૂલાવવા આવી હતી, ભગવાને તેના હિંડોળામાં ઝૂલીને તેની વૃત્તિઓને મોહિત કરી દીધી હતી, અને ભક્ત બનાવીને સમય આવ્યે મોક્ષમાં મોકલી હતી. ૨. ...૭

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાળકૃષ્ણ પ્રભુના દ્વિતીય માસના આરંભમાં દુગ્ધપાન કરાવવાના મહોત્સવમાં દેવો કામધેનુઓ લઈને આવ્યા હતા, તે અવસરે સર્વે તરફથી દુગ્ધપાન કર્યા પછી બીજી કપટી ગૌરૂપ ધારી રાક્ષસણીઓના દુગ્ધપાન સાથે સપ્રાણ દુગ્ધ ધાવીને રાક્ષસણીઓને મુક્તિમાં મોકલી હતી. ૨. ...૮

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાળકૃષ્ણપ્રભુના તૃતીય માસમાં બાહેર લાવી ચંદ્રદર્શન કરાવવા રૂપી સંસ્કારના મહોત્સવમાં દિવ્ય અનેક બાળકૃષ્ણરૂપે થઈને પ્રભુએ અસંખ્ય દેવીઓને સુખ આપી મનોરથ પૂર્ણ કર્યા હતા, તે અવસરે ક્રોધન - નામનો અસુર ક્રોધના - નામની કન્યા થઈને ભગવાને તેડીને ઉડવા લાગ્યો, ત્યારે ભગવાને આકાશમાર્ગમાં જ નેત્રાગ્નિવડે બાળીને મોક્ષમાં મોકલી દીધો હતો, મહાલક્ષ્મીજી શ્રીબાળકૃષ્ણને લઈ આવ્યા હતા, અને ચંદ્રદર્શન ઉત્સવ પૂર્ણપણે કર્યો હતો. ૨. ...૯

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાળા કૃષ્ણપ્રભુને પૃથ્વી ઉપર બેસારવા રૂપી સંસ્કારના મહોત્સવમાં લોમશાશ્રમમાં લોમશરૂષિને ઘણા દાન આપી શ્રીગોપાળકૃષ્ણ દ્વિજે વિશ્રાંતિ લીધી ત્યારે સિંહિકા નામની ભૂમિની પુત્રીએ માતાજી પાસેથી શ્રીબાળકૃષ્ણને

રમાડવા લીધા હતા, ત્યારે બીજી કંદરા-કુમારિકાઓ પણ અનેક સુન્દરીઓના રૂપ ધારીને ભગવાનને રમાડીને તૃપ્ત થઈ હતી, અને હંસતા એવા પ્રભુ પાસે સદા સેવિકાપણાનું વરદાન માગી દસહજાર પૃથ્વી-પુત્રીઓ ખુશી થતી થતી સ્વપ્રદેશોમાં ગઈ હતી. ભગવાને વારંવાર પર્વત વન અરણ્યોમાં વિચરી તેમના મનોરથો પૂર્યા હતા. ૨...૧૦

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાળકૃષ્ણપ્રભુના કર્ણવેધ સંસ્કારમાં સોઈ મૂર્તિમાન દેવી થઈ ભગવાનના રાજીપાવડે શ્રીઅશ્વપટ સરોવરને કાંઠે સૂચીતીર્થરૂપે વાસ કરનારી થઈ, સંકલ્પસિદ્ધિ વડે ભગવાનની સેવાનો લાભ લેતી હતી, પછી અન્નપ્રાશન નામના સંસ્કારમાં ભગવાને વનદેવીઓને માગ્યા પ્રમાણે અશ્વપટ સરોવરના બગીચાઓમાં નિવાસ આપ્યા હતા, ભગવાનની સમીપે જીવિકાવૃત્તિજ્ઞાન માટે બત્રીસ વસ્તુઓ મેલી હતી, તે અવસરે ભગવાને શાસ્ત્ર ઉપર પ્રથમ હાથ મેલીને બત્રીસ ભુજાઓ કરીને તમામ ચીજો ઉપર હાથ અડાડ્યા હતા, તથા સર્વ કળા કુશળપણાનો ચમત્કાર દેખાડ્યો હતો. ૨. ...૧૧

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, ભગવાનને આઠમો માસ ચાલતો હતો ત્યારે સૌરાષ્ટ્રમાં દમન-નામના રાજાની બળજબરી આપત્તિ પ્રજામાં ચાલતી હતી, તે રાજા લોમશાશ્રમમાં રહેતી ભક્તપ્રજાને પીડવા પોતાના લશ્કર સાથે જઈ ચઢ્યો અને અત્યાચાર કરવા લાગ્યો, ત્યારે લોમશઋષિએ ધ્યાનમાંથી જાગીને દૃષ્ટિ ફેરવી તેટલામાં બધું સૈન્ય જડ થઈ ગયું, તે સર્વે મનથી લોમશને શરણે ગયા, લોમશઋષિએ કૃપાવડે જડતામાંથી મુક્ત કર્યા, પણ દમન રાજાના દુરાગ્રહ વડે સમ્પત્તિ તથા કન્યાઓ વિગેરેને લૂંટવા દોડતા એવા અપરાધીઓને ભગવાને યુવાનરૂપ ધારીને સુદર્શન ચક્ર વડે હણ્યા, પાછા બાળકૃષ્ણ થઈ રમવા લાગ્યા. ૨. ...૧૨

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, અશ્વપટસરોવરને કાંઠે એક રાક્ષસણીઓનો સમૂહ દમનની પત્ની શીલહા નામનીને સાથે લઈને પ્રભુને તથા પ્રભુભક્ત કન્યાઓ આદિકને મારવા માટે આવ્યો, ત્યારે કુમકુમવાપીક્ષેત્રની કન્યાઓએ શ્રીસ્વામી-કવચ ધારણ કરીને શ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરી, ત્યારે સૈનિક કન્યાઓનું લશ્કર પ્રકટ થયું, તેણે રાક્ષસણી-સમૂહનો નાશ કર્યો હતો. ૨. ...૧૩

બીજી કેટલીક તેના પક્ષની રાક્ષસણીઓએ માયાવી વિદ્યાઓ વાપરી નવાં સૈન્યો ઉપજાવ્યાં. તેઓ અસ્ત્ર-શસ્ત્ર-મંત્રાદિક માયિક ઇન્દ્રજાળો વડે લડવા લાગ્યા, તેને 'ઓં ગ્રસતુ એતત્ કૃષ્ણકાન્ત: કાન્તાર્થમૂઓં ક્ષ: ફટ્ સ્વાહા' એવા મન્ત્રજાપ વડે કન્યાઓએ કુમકુમવાપીક્ષેત્રના ઉપર વ્યોમમાર્ગે ઉડેલી રાક્ષસણીઓનો સંહાર કર્યો હતો, કેટલી રાક્ષસણીઓએ તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણની શરણાગતિ લીધી હતી. ૨. ...૧૪

લોમશઋષિએ તે કુમકુમવાપીક્ષેત્રવાસીઓને શીલવ્રત પાતિવ્રત પત્નીવ્રત આદિ શ્રેષ્ઠ ધર્મો ઉપદેશ્યા હતા. ૨. ...૧૫

આષાઢમાં ચાતુર્માસ્યના પાળવાના ધર્મો વ્રતો નિયમો પૂજાપ્રકારો કહ્યા હતા, ત્યાર બાદ શત્રુંજ્યપર્વતના કંકતાલનામક દૈત્યોએ કુમકુમવાપીક્ષેત્રમાં ઉપદ્રવ આદર્યો હતો, તેઓને ભગવાન બાળકૃષ્ણે ચક્રવડે સંહાર્યા હતા. ૨. ...૧૬

ત્યારબાદ કંકતાલના દૈત્યપક્ષની દૈત્યાણીઓ કુમકુમવાપી ક્ષેત્રનો નાશ કરવા આકાશમાર્ગે સૈન્યરૂપે આવીને સંહાર કરવા લાગીઓ હતીઓ શ્રીબાળકૃષ્ણભગવાને સ્વપ્રભાવ વડે મુગ્ધ કરેલા દૈત્યાણીઓના તે સમૂહે ભગવાનનું આત્મનિવેદીપણું સ્વીકાર્યું હતું. ભક્ત થઈને પ્રભુને સેવતી હતી...૨. ...૧૭

ભાદરવામાં પિતૃપક્ષમાં અસંખ્ય ઈશ્વર ઈશ્વરાણીઓ દેવદેવીઓ વિગેરે ભગવાનને શ્રાદ્ધ જમાડવા આવ્યા હતા, ભગવાને લાખોરૂપ ધારણ કરી તેઓના શ્રાદ્ધોને જમીને પિતૃતૃપ્તિ - પિત્રાણીઓને તૃપ્તિ આપી હતી. ૨. ...૧૮

૨ - **શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !,** અનાદિશ્રીકૃષ્ણનારાયણના દ્વિતીય વર્ષ બેસવાના આશ્વિન વદી અષ્ટમીએ શ્રીગોપાળકૃષ્ણપ્રભુએ શ્રીલોમશાદિક મહર્ષિઓ દ્વારા મહામહોત્સવ કર્યો હતો, તેમાં પધારવાના આમંત્રણો, સામગ્રીસંગ્રહો, મહામંડપરચનાઓ વિગેરે કર્યા હતા. ૨. ...૧૯

શ્રીબાળકૃષ્ણપ્રભુનું પૂજન તથા મૂર્તિના શ્રૃંગારાદિ કર્યા હતા. ૨. ...૨૦

૩ - **ત્યારબાદ ત્રીજા જન્મજયન્તી મહોત્સવમાં** પણ પૂજન થયા બાદ મહામૂલ્યાસને વિરાજમાન શ્રીહરિએ આશીર્વાદો આપ્યા હતા. ૨. ...૨૧

પ્રહ્લાદે નરનારાયણભગવાન સાથે યુદ્ધ ખેલ્યું હતું, પછી પ્રહ્લાદ શ્રીલોશાશ્રમમાં શ્રીકૃષ્ણનારાયણસ્વામીના દર્શનાદિક કરીને માર્ગશીર્ષમાસ સુધી રોકાયા હતા, તપ કરીને તીર્થમાં શાન્તિ મેળવીને પોતાના લોકમાં ચાલ્યા ગયા હતા. ૨. ...૨૨

પ્રહ્લાદના ઉપદેશવડે અસંખ્ય દાનવો શ્રીબાળકૃષ્ણપ્રભુના દર્શનાર્થે આવતા હતા, શ્રીલોમશમુનિ શ્રીગોપાળકૃષ્ણદ્વિજ તથા અસંખ્ય શક્તિઓના દર્શન કરીને ભગવાનની શરણાગતિ લઈને ભક્તિ કરવા લાગ્યા હતા. ૨. ...૨૩

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાળકૃષ્ણપ્રભુના માર્ગશીર્ષત્રયોદશીએ ચૌલસંસ્કાર ગર્ભકેશમુંડન કરાવ્યું હતું, શ્રીહરિએ લોમશઋષિને કેશોમાં ઘણાં ઘણાં અંશ સામર્થ્યો દેખાડ્યા હતા. ૨. ...૨૪

ફાલ્ગુનમાસમાં શ્રીગોપાળકૃષ્ણદ્વિજે ફૂલદોલનો મોટો ઉત્સવ કર્યો હતો, વસન્તપૂજા કરાવી હતી, તે વખતે રંગે રમીને અશ્વટ સરોવરમાં સ્નાન કરવા ગયેલાઓને ખબર ન પડે તેમ, સાલમાલનામના મોટા દૈત્ય મહાપુરુષ રૂપ ધરીને, માતાજીએ જળતીરે નવરાવેલા પ્રભુને ઝપટ મારી પકડવા ફલાંગ મારી, તેવામાં બાળકૃષ્ણપ્રભુએ સુદર્શન ચક્ર વડે તેને મારી નાખ્યો હતો. ૨. ...૨૫

શ્રાવણમાં વિપ્રવર્ગ અશ્વપટ સરોવર તીરે જનોઈ બદલવાનો કર્મકાંડ કરતા હતા, ત્યારે સાલમાલ પક્ષના અસુરો બદલો લેવા આવ્યા હતા, ભગવાને તેમને સુદર્શન વડે સંહાર્યા હતા, અને સુપ્રભાત નામનું સ્તોત્ર જપનારાનો મોક્ષ કર્યો હતો. ૨. ...૨૬

૪ - **શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !,** લોમશઋષિએ દૈત્યાણીઓને અનાદિશ્રીકૃષ્ણનારાયણના ભજન કરવાનો ઉપદેશ આપ્યો હતો, ભગવાનના **ચોથા વર્ષના** આરંભમાં જન્મજયન્તી મહોત્સવમાં **સ્વસ્તિક આદિકનાગોની કન્યાઓએ ભગવાનની શરણાગતિ લીધી હતી. ૨. ...૨૮**

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શાવદીન નામનો આરદેશનો રાજા અપુત્ર હતો, શાવદીના દેવીને સુલક્ષણા બાળકનું બલિદાન ચઢાવો તો પુત્ર થાય, એવી માનતા વડે તે કુમકુમવાપીક્ષેત્રમાંથી સુલક્ષણા બાળકને શ્રીબાળકૃષ્ણપ્રભુને ઉપાડી જવા આવ્યો, ત્યારે ભગવાન નકલી બીજા સ્વરૂપે તેના હાથમાં આવીને તેની રાજધાનીમાં પહોંચ્યા, ત્યાં બલિદાનનો મહોત્સવ ઉજવાયો હતો, ત્યાં શ્રીહરિએ દિવ્યસ્વરૂપ દેખાડ્યું હતું, અને દેવીએ ક્રૂરતા પૂર્વક શસ્ત્રો વડે રાજાસહિત તેના સાગરિકોનો સંહાર કર્યો હતો, શ્રીબાળકૃષ્ણપ્રભુ કુમકુમવાપીક્ષેત્રમાં આવતા રહ્યા હતા. ૨. ...૩૦

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શાવદીનનો નાનો ભાઈ વાઘનું રૂપ લઈને કુમકુમવાપીક્ષેત્રમાં ભગવાનને મારવા આવ્યો હતો, તેને શ્રીહરિએ સુદર્શનવડે માર્યો હતો. ૨. ...૩૩

૫ - **શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !,** શ્રીબાળકૃષ્ણપ્રભુને **પાંચમું વર્ષ બેઠું, તેના** મહોત્સવમાં વિશ્વકર્માએ, સ્થળે જળ દેખાય, જલે સ્થળ દેખાય, સીડીઓ નીચે જવાની તે ઉંચે જવાની દેખાય, ઉંચે જવાની તે નીચે જવાની દેખાય, એવો દિવ્ય મહામંડપ રચ્યો હતો, સિંહાસનમાં વિરાજેલા શ્રીહરિનું પૂજન અનેક લોકના વાસી દેવદેવીઓએ કર્યું હતું, અસંખ્ય ભેટચો અર્પાણી હતી, તેના બદલામાં અસંખ્ય પારિતોષિકો અપાયા હતા, લાખો સ્વરૂપ ધારણ કરીને શ્રીહરિએ પુષ્પહારાદિક ગ્રહણ કર્યા હતા, શ્રીગોપાલકૃષ્ણ દ્વિજે અસંખ્ય દાનો આપ્યા હતાં, સન્તસાધુઓની જમાત્યો સિંહોના ચર્મોના

આસનોવાળી આવી હતી, તેના નિરીક્ષણ માટે શ્રીબાળકૃષ્ણપ્રભુ પિતાજી સાથે ગયા. પ્રભુએ સિંહચર્મ માગ્યું, તેને માલિક સાધુએ ન આપ્યું, ત્યારે બાલકૃષ્ણપ્રભુએ તેના જીવતા સિંહો કરી દીધા, તેઓ હોંકારા ગર્જનાઓ કરવા લાગ્યા, તેથી હાહાકાર મચી ગયો હતો, તેવો ચમત્કાર દેખાડીને તેને શમાવીને પોતાને ઘેર આવ્યા હતા. ૨. ...૩૪

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, તમો શ્રીકૃષ્ણનારાયણની ચમત્કાર ભરેલી બીજી લીલાઓ પણ સાંભળો. કુમકુમવાપીક્ષેત્રમાં દોઢ હજાર નટનટીઓનો સમુદાય આવ્યો હતો, તેણે અશ્વપટ સરોવરને દક્ષિણકાંઠે નાટ્યખેલ કર્યો હતો, તે ખેલમંડળના દર્પણોમાં સર્વસ્થળોએ દેખાય તેવી ગોઠવણ કરી હતી, શ્રીકૃષ્ણનારાયણની સ્તુતિમંગળ શરૂ થયું હતું, તે વખતે શ્રીહરિએ નિજમૂર્તિમાંથી પ્રકટાવીને અસંખ્ય મુક્તો ધામો ઈશ્વરો વૈરાજો, બ્રહ્માઓ, બ્રહ્માંડો, ભારતખંડ, શ્રીલોમશાશ્રમ વિગેરે દેખાડ્યા હતા, પછી નટનટીઓએ સ્થળ, જળ, અન્તરિક્ષના દૃશ્યો દેખાડ્યા હતા, વિવિધ ગોઠવણીવાળા સાતભૂમિના માનવદરવાજા નટોએ પોતાના શરીરોમાં રચ્યા હતા, મલ્લકળાઓ ખેલાણી હતી, નટીઓના આકાશખેલો થયા હતા, નટેશ્વર સ્વયં શંભુ આ નટમંડલરૂપે આવ્યા હતા, શ્રીબાળકૃષ્ણપ્રભુએ અર્ધનારીશ્વર શંભુના સમાજને સુશોભન નાટ્યદર્શન કરાવવા કહ્યું હતું, તે પ્રમાણે નાટ્ય પૂરું ભજવ્યું હતું, પારિતોષિકો પણા હતા, તે સ્થળ નટેશ્વરતીર્થ થયું છે. ૨...૩૫.

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, અનેક વિદ્યાઓ, કળાઓ, શક્તિઓ, સરસ્વતીઓ, શારદાઓ, લક્ષ્મીઓ, શ્રીબાળકૃષ્ણપ્રભુમાં વસે છે, તોપણ વિદ્યા ભણવા બેઠા હતા, તેનો ઉત્સવ કર્યો હતો. આવી બધી વિદ્યાઓ મેળવવા એક વરાટક નામના અસુરે તપ કર્યું હતું, તે સ્થળે ઇન્દ્રની સૂચનાથી બૃહસ્પતિ ગયા હતા, તેણે શ્રીહરિની ભક્તિ માગવા સમજાવ્યું, ત્યારે દૈત્યે રાજા થવા વરદાન માગ્યું, અને તપ તજ્યું હતું. ૨. ...૩૬

તે વરાટક સૌરાષ્ટ્રનો રાજા થયો હતો, તેણે દૈત્યદાનવો વડે ઉત્પાતો આદર્યા હતા, ત્યારે શ્રીબાળકૃષ્ણભગવાને તેઓને પર્વત વિગેરેના જડસ્વરૂપે દંડ આપ્યા હતા, જડ કરી નાખ્યા હતા, બીજા મ્લેચ્છો પણ તેવા જ ઉપદ્રવો કરતા હતા, તેઓને શ્રીહરિએ શુદર્શન ચક્ર વડે નષ્ટ કર્યા હતા. ૨. ...૩૭

૬ - **શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !,** અશ્વપટસરોવરના ઉગમણા ઉદ્યાનમાં શ્રીબાળકૃષ્ણ સહિત નરનારીઓ બાલબાલિકાઓ હરતા ફરતા હતા વિરામ લેતા હતા, તે અવસરે ત્રણ રાક્ષસો શ્રીબાળાકૃષ્ણપ્રભુને મારવા આવ્યા, તેમાં એક પિપલો થયો, બીજો છાયાંમાં રથ થયો, ત્રીજો વારાહ થયો, તેણે ડરાવેલા બાળકો રથ ઉપર ચઢી

ગયા, તેમને મારવા રથ ઉંચો ઉડ્યો, તેટલામાં શ્રી હરિએ નૃસિંહનું રૂપ ધારીને વારાહને માર્યો ઉંચે તળપ મારીને બાળકોને નીચે ઉતારવા રથ પકડીને ભૂમિ ઉપર મેલીને બાળકોને ઉતારી લઈને રથરૂપ અસુરને અગ્નિવડે ભસ્મ કરી નાખ્યો, પીપલો રથના અગ્નિવડે દાઝવા લાગ્યો, તેને પણ શ્રીહરિએ આકરા અગ્નિવડે બાળી નાખ્યો, પૂર્વે શંભુના લિંગને ડાભડાની સળી વડે કાપનારા વિપ્ર આવા રાક્ષસભાવને પામ્યા હતા, શ્રીહરિએ તેમના આત્માઓનો ઉદ્ધાર કર્યો...૨, ૩૮.

૬ - **શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !,** શ્રીબાળકૃષ્ણ પ્રભુના **છઠ્ઠા વર્ષની જન્મજયન્તીના ઉત્સવમાં** આપણે બન્ને આપણા દાસદાસીઓ સહિત હાજર હતા. અસંખ્ય ઈશ્વરો દેવો વિગેરે હાજર હતા, શ્રીહરિનું પૂજન, સ્તવન, ધન, દાન વિગેરે કરાયા હતા, શ્રીહરિની મૂર્તિમાંથી પ્રકટ થયેલા અનેક વ્યૂહો અંશાવતારો પ્રકટ થતા દેખાયા હતા, તે વખતે ત્યાં આવેલા ઘણા કર્મહીન મલિન અવસ્થામાં દેવને સ્પર્શ કરનારા વિપ્રવિપ્રાણીઓના કર્મવિપાકને પામીને સશ્વપચ યોનિમાં ગયેલાઓના ઉદ્ધાર કર્યા હતા. ૨. ...૩૯

તે અશ્વપટ સરોવરના આથમણા તીરમાં સર્વે અવતારોના દિવ્યવાસરૂપે તીર્થો થયેલાં છે, તે અંશોએ શ્રીહરિની સ્તુતિઓ કરી હતી, શ્રીહરિએ દિવ્ય દર્શન દીધા હતાં ૨. ...૪૦

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, એક કંથાધાર નામક રાજા સકર્ષણનો ભક્ત તીર્થસ્નાયી અને ભજનાન્દી હતો, પણ તે હૃદયડાકણ્ય પત્ની મળતાં નાસ્તિક થઈ ગયો હતો, ધર્મકર્મ બંધ કર્યા હતાં, જનતાએ હલ્લો કરી તેને રાજ્યમાંથી કાઢી મેલ્યો હતો, વનમાં રખડતો હતો, તેનો પુત્ર રણંગમ શ્રીકૃષ્ણનારાયણનો ભક્ત હતો, તેણે પોતાના બાપને અરણ્યમાં કોઢિઓ થઈ ગયેલો જોયો, તેને અશ્વપટતીર્થમાં સ્નાન કરાવી પાવન કર્યો હતો, શ્રીલોમશરૂષિદ્વારા તેને 'ઓ નમ: શ્રીકૃષ્ણનારાયણાય પતયે નમ:' એવો મંત્ર અપાવી મોક્ષભાગી કર્યો હતો. ૨. ...૪૨

૭ - **શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !,** રણંગમ નામના રાજાએ ચાતુર્માસ્યના યજનમાં શ્રીકૃષ્ણનારાયણનું સાત કિલ્લાવાળુ મન્દિર કરાવ્યું હતું, અને શ્રીબાળકૃષ્ણપ્રભુની **સપ્તમવર્ષની જન્મજયન્તી** ઉજવી હતી, કૌબેરનગર સમાન મંડપ શોભતો હતો, શ્રીબાળકૃષ્ણપ્રભુની પૂજા સ્તુતિ ભોજન સત્કાર આદિ થયા પછી વિસર્જન કરાયુ હતું. ૨. ...૪૩

અનાદિશ્રીકૃષ્ણનારાયણનો ભક્ત લક્ષ્મણયતિનામક સાધુ ત્યાં આવ્યો, તેણે ભગવાનની સ્તુતિ કરી, પ્રભુને પોતાની ઝૂંપડીએ પધરાવવા પ્રાર્થના કરી, તે યતિ પ્રભુ સાથે વિમાનમાં બેસીને દક્ષિણધ્રુવની ભૂમિમાં શ્રીહરિને નિજ આશ્રમે લઈ ગયો હતો. ૨. ...૪૪

ભગવાને તે વિમાનને આડા આવતા સામુદ્રિક માત્રાગસ્કર રાક્ષસને હરાવ્યો હતો, તેની માતા બિકા દેવીને સમુદ્રમાં ફેંકેલીને શ્રીકૃષ્ણનારાયણે રક્ષા કરી હતી. ૨. ...૪૫

તે નિમિત્તે મહાયુદ્ધ થયુ હતું, માત્રાગસ્કર રાક્ષસને અગ્નિવડે ભસ્મીભૂત કર્યો હતો. ૨. ...૪૬

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, ભગવાનના નામના અક્ષરોનો અર્થ સાંભળો, લોમશઋષિએ જે અર્થ ઉપદેશ્યો છે -

'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા' - આ સોળ વર્ણોનો મંત્ર છે. **ઓંકાર** તે મસ્તકના કેશમૂલોમાં રહેલા શ્રીપુરુષોત્તમ જાણવા **નકાર** તે બ્રહ્મરન્ધ્રમાં રહેતા નારાયણ સ્વયંપ્રભુ જાણવા, **મ:કાર** તે સુખ આપનારા માણકી વાહન ભગવાન સમજવા, શ્રીકાર તે ચક્ષુઓમાં રહેનારા શ્રી કમળા પતિ ભગવાન જાણવા, **કૃકાર** તે કૃકાટિકા કંઠશંખમાં રહેનારા કૃષ્ણભગવાન જાણવા, **ષ્ણાકાર** તે હૃદયમાં રહેનારા બાળકૃષ્ણપ્રભુ જાણવા, **નાકાર** તે નાભિમાં રહેનારા નરનારાયણ ભગવાન જાણવા, **રાકાર** તે રોમોમાં રહેનારા રાધિકાકાન્ત જાણવા, **યકાર** તે યોનિપીઠમાં રહેનારા યોગ જલશાયી ભગવાન જાણવા, **ણાકાર** તે નાડીમંડળમાં રહેનારા નરોત્તમ ભગવાન જાણવા, **યકાર** તે માનસમાં રહેનારા ઇંગિતજ્ઞ અન્તર્યામી ભગવાન જાણવા, **પકાર** તે પગમાં રહેનારા ભવપાર પમાડનારા ભગવાન જાણવા, **તકાર** તે પિણ્ડીઓમાં રહેનારા પ્રકાશ આપનારા પ્રભુ જાણવા, **યેકાર** તે ગોઠણોમાં રહેનારા ઐશ્વર્યપતિ ભગવાન જાણવા, **સ્વાકાર** તે સર્વશરીરમાં લીલા વિભૂતિપતિ પરમાત્મા જાણવા, **હાકાર** તે પરમહંસોના આત્મા શ્રીહરિ જાણવા, દિવ્ય સગુણમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણનારાયણ સર્વ કળાપતિ જાણવા, આવા પરમેશ્વરને પોતામાં વસાવીને ભજવા, તે પ્રાણપતિને મેળવીને મોક્ષમાં જવાય છે. ૨. ...૪૭

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, ચૈત્રમાં બ્રહ્મપુત્રીઓએ શ્રીબાળકૃષ્ણપ્રભુનું પૂજન કર્યું હતું, લોમશઋષિના દિવ્ય આશ્રમમાં કરોડો દેવદેવીઓએ કરેલા જયકારના શબ્દો ગાજતા હતા, સાતભૂમિકાવાળા મહાવિમાનમાં બિરાજેલા કિશોરમૂર્તિ શ્રીકૃષ્ણકાન્તના દર્શન કરી સર્વે પોતપોતાના લોકમાં વિમાનો વડે ગયા હતા. ૨. ...૪૮

અબરિકત દેશના જુમાસેમ્લા નામના મ્લેચ્છ રાજાએ વિમાનો લૂંટવા કરેલા પ્રયાસો નિષ્ફળ ગયા હતા. ૨. ...૫૦

બ્રહ્મવિમાનદ્વારા અગ્યાર કોટિ મલેચ્છોનો નાશ કરાયો હતો. ૨. ...૫૧

રૂદ્રોએ દાનવી સેનાઓનો નાશ કરાયો હતો. ૨. ...૫૩

કલ્પવલ્લીના સૈન્યે દાનવીઓનો પરાજય કર્યો હતો, દાનવીઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની શરણાગતિ સ્વીકારી હતી. ૨. ...૫૪

જુમાસેમ્લા રાજાના કુટુમ્બનો મોક્ષ શ્રીહરિવરે કર્યો હતો. ૨. ...૫૫

ભગવાને યમરાજદ્વારા આરબીજ દેશના ઘણા દૈત્યોનો સંહાર કર્યો હતો, બકદાન ૠષિની રક્ષા કરી હતી. ૨. ...૫૭

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, ભાદ્રમાસમાં અશ્વપટ સરોવરમાં અનેક શ્રાદ્ધો દ્વારા ભગવાને પ્રેતોનો ઉદ્ધાર કર્યો હતો. ૨. ...૫૯

ઉદયપુરના ધીરવીર સરોવરના જળપ્રલયમાં ભગવાને અનેકરૂપ ધારીને મહાનૌકાઓ વડે પ્રજાની રક્ષા કરી હતી. ૨. ...૬૦

મહીનદીમાં નૌકામાં બેઠેલા બસ્સો યાત્રાળુ ભક્તોનું રક્ષણ શ્રીહરિએ કર્યું હતું, તેમની નૌકાને વિમાન બનાવીને લોમશઋષિના ક્ષેત્રમાં મેલી દીધી હતી, નર્મદા કિનારાના ઘોરનિશાચરને જીતશ્રવાનામના વિપ્રે શ્રીકૃષ્ણ નારાયણનું સ્તોત્ર સંભળાવી અશ્વપટ સરોવરમાં લાવી નવરાવીને મોક્ષ કર્યો હતો. ૨. ...૬૧

૮ - શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાલકૃષ્ણપ્રભુના **અષ્ટમવર્ષના જન્મજયન્તી** ઉત્સવમાં શ્રીગોપાળકૃષ્ણદ્વિજે અસંખ્ય દાનો આપ્યા હતાં, ભગવાને લૂલા-લંગડાઓના રોગો નષ્ટ કર્યા હતા, સ્તુતિઓ થઈ હતી, ઉદયનરાજાનો મોક્ષ કર્યો હતો. ૨. ...૬૨

વસુમેધ શ્રેષ્ઠીને ઝંઝાવાતવડે સૌરાષ્ટ્રના સમુદ્રમાં ડૂબતાં તેની રક્ષા શ્રીહરિએ કરી હતી. ૨. ...૬૩

શ્રી ગોપનાથ ક્ષેત્ર તે શ્રીકૃષ્ણનારાયણનું સર્વ આદિ તીર્થક્ષેત્ર છે. ૨. ...૬૪

વૈશાખમાસમાં શ્રીબાળકૃષ્ણપ્રભુને યજ્ઞોપવીત આપવાનો મહોત્સવ કર્યો હતો. ૨. ...૬૫

પૂજાવિધિ વ્રતવિધિ અને હવનવિધિ તથા દાનો કરાયા હતા. ૨. ...૬૬

મહાસભામાં નારદજીએ પરાવિદ્યાનો તથા શ્રીહરિવરની મૂર્તિમાં સર્વસૃષ્ટિયોના સમાવેશનો ઉપદેશ આપ્યો હતો. ૨. ...૬૭

પારિતોષિક દાન અપાયા હતાં, શ્રીબાલકૃષ્ણપ્રભુના દિવ્યધામો અને ત્યાંના તમામ દિવ્ય દર્શનો કરાવ્યાં હતાં. ૨. ...૬૮

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, જ્યામઘ રાજાએ પોતાની ધનાલસા પત્નીને શ્રીકૃષ્ણનારાયણસ્વામીમાં બ્રહ્મર્પણપણાની ભક્તિ કરાવી હતી, તે દમ્પતીને અશ્વપટ સરોવરમાં શ્રીબાલકૃષ્ણપ્રભુએ દિવ્યરૂપે પહોંચાડ્યા હતાં, દમ્પતીએ આત્મનિવેદીભક્તિવડે ભગવાનને રાજી કર્યા હતા, શ્રીહરિએ તે બન્નેને મોક્ષ આપ્યો હતો. ૨. ...૭૨

સુધના નામના ભક્તની લૂંટારાઓથી ભગવાને રક્ષા કરી હતી, તથા ભગવાને પોતાના દિવ્યદર્શન કરાવ્યા હતા. ૨. ...૭૩

૯ - **શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !,** શ્રીબાળકૃષ્ણપ્રભુના **નવમા વર્ષની જન્મજયન્તીનો** મહોત્સવ ઉજવાયો હતો, ત્વષ્ટકાર નામના રોગી અન્ત્યજનો મોક્ષ ભગવાને કર્યો હતો. ૨. ...૭૪

શ્રીહરિએ વિપ્ર બાળકોને ખાઈ જતા સાન્તપન નામના રાક્ષસોનો ઉદ્ધાર કર્યો હતો, બાળકોને જીવતા કર્યા હતા. ૨. ...૭૬

પુરાનંગ-પુરના બૃહદ્વર્યા નામના રાજાના ભારે દાન લઈને વિપ્રવર્ગો પીડાતા હતા, તેઓને શ્રીકૃષ્ણ-શ્રીબાળકૃષ્ણપ્રભુએ પાપ-મુક્ત કર્યા હતા. ૨. ...૭૭

સુશીલરૂષિ શ્રીબાલકૃષ્ણભગવાનને ભજીને મોક્ષમાં ગયા હતા. ૨. ...૭૮

શ્રીહરિએ આકાશ વિમાનવડે પાંચ હજાર વિપ્રોને તાપીનદીકાંઠેથી કુમકુમવાપીતીર્થમાં પહોંચાડી દિવ્ય ચમત્કાર દેખાડ્યો હતો. ૨. ...૭૯

બલેશ્વર રાજાને શ્રીહરિએ વનેચરરૂપે દર્શન દઈને સર્વાત્મનિવેદી ભક્તિની પરીક્ષા કરી હતી. ૨. ...૮૦

૧૦ - તે બલેશ્વર રાજાને શ્રીહરિવરે પોતાના **દશમા જન્મજયન્તી મહોત્સવમાં** દિવ્યમુક્તિ આપી હતી. ૨. ...૮૧

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી ! જયધ્વજ - રાજાના યજ્ઞમાં શ્રીબાળકૃષ્ણમૂર્તિ પ્રત્યક્ષદિવ્યસ્વરૂપે પધાર્યા હતા, તથા યજ્ઞના અવભૃથ સ્નાન કરાવ્યા હતા, તથા વિચરીને તીર્થભૂમિ કરી હતી, પર્વતોના શરીરવાળા આત્માઓનો મોક્ષગતિ આપી હતી. ૨. ...૮૩

અલવિ નામની અગસ્ત્યની પત્નીના તપ અને ભક્તિની પરીક્ષા શ્રીબાળકૃષ્ણપ્રભુએ દિવ્ય અનેકરૂપ ધારીને કરી હતી, પછી શ્રીકૃષ્ણનારાયણ એવા દિવ્યસ્વરૂપે દર્શન આપ્યા હતા, પછી ઐલવિલાને કુમકુમવાપી તથા અક્ષરક્ષેત્રનું માહાત્મ્યજ્ઞાન કહ્યું હતું. ૨. ...૮૫

ઐલવિલા કુમકુમવાપી ક્ષેત્રમાં આવીને સ્થિર રહીને ભક્તિ કરતા હતાં, ભગવાને તેને સહ્યાદ્રિ પર્વતમાં પોતાનું નિવાસસ્થાન દિવ્ય દેહે દેખાડ્યું હતું. ૨. ...૮૬

અધર્મજીવ નામનો રાક્ષસ સિંહલદ્વીપમાંથી આવીને અનેકરૂપે ઘાતકીના કામોવડે પ્રજાને પીડતો હતો, ભગવાને તેનો પરાભવ કરીને પછી શરણાગત થવાથી તેનો ઉદ્ધાર કર્યો હતો. ૨. ...૮૭

પ્રયાગરાજના કુંભમાં ન્હાવા લાખો મનુષ્યો, દેવો, ઋષિઓ વિગેરે આવ્યા હતા, માનવોએ તીર્થમાં પાપો ધોયાં હતાં, તે તદ્દન નાશ કરવા માટે તીર્થોએ સનતકુમારઋષિને પૂછ્યું, ઋષિએ પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જ્યાં વસે તેવા અક્ષરક્ષેત્રમાં અશ્વપટ સરોવરમાં સ્નાન કરવાથી તમામ પાપોનો ધ્વંસ થઈ જાય છે, ત્યાંના રજકણો પણ મોક્ષ દેનારાં છે, કુમુકુમવાપીનું જળપાન કરવા વડે મોક્ષમાં જવાય છે, એમ કહ્યું હતું, તે પ્રમાણે તીર્થો અક્ષરક્ષેત્રની યાત્રા કરી સ્નાન કરી પાપોનો ધ્વંસ કરી, બીજે સ્વરૂપે ત્યાં કાયમ વસીને પોતાના સ્થાનોમાં પધાર્યા હતા. ૨. ...૮૮

૧૧ - શ્રીહરિએ તીર્થોના સ્વાગત કર્યા હતા, શ્રીબાળકૃષ્ણપ્રભુનો **અગ્યારમો જન્મજયન્તી** મહોત્સવ કર્યો હતો. **૨. ...૮૯**

મહામારીનો રોગ મૂર્તિમાન શરણે આવ્યો હતો, તેને પ્રભુએ મુક્તિ આપી હતી. ૨. ...૯૦

શ્રીહરિએ મહામારીમાં મરેલા માનવોને જીવતા કર્યા હતા. ૨. ...૯૧

નરનારાયણ ભગવાન કુમકુમવાપીક્ષેત્રમાં પધાર્યા હતા, શ્રીહરિની પ્રાપ્તિના સાધનોના વર્ણન કર્યા હતા. ૨. ...૯૩

અશ્વપટ સરોવરમાં અવતારોના ચતુર્વ્યૂહોના ઈશ્વરોના સ્વપ્રકાશ એવા તીર્થો વસે છે. ૨. ...૯૪

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, ઉષ્ણાલય ખંડમાં (ઓસ્ટ્રેલિયા)માં સમુદ્ર રેલ્યાના આપત્કાળમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણે પ્રજાનું રક્ષણ કર્યું હતું. ૨. ...૯૫

ઋષિઓએ પ્રાર્થનાઓ કરી હતી, પ્રભુએ પ્રત્યક્ષવિચરી ઉપદ્રવોની શાન્તિ કરી હતી. ૨. ...૯૬

ઋષિજનોએ શ્રીબાળકૃષ્ણપ્રભુની આગળ પોતાના આપતૃકાળો વર્ણવ્યા હતા, તથા શ્રીહરિના દિવ્ય ચમત્કારોના સ્તવન કર્યા હતા. ૨. ...૯૭

નીંભાડામાં બિલાડીના બચ્ચાઓનું રક્ષણ શ્રીબાળકૃષ્ણ ભગવાને કહ્યું હતું. ૨. ...૯૯

શ્રીહરિએ વૃષ્ટિ કરીને પર્વત ઉપર બેઠેલી ભક્ત ચકલીને પાણી પાયું હતું. ૨...૧૦૫

૧૨ - શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, ઉષ્ટ્રાલય ખંડમાં શ્રીહરિએ તીર્થો વસાવ્યા હતા, દક્ષજવંગર નામના રાજાના વિષ્ણુયાગમાં ભગવાને સાક્ષાત્ દર્શન દીધા હતાં.

પછી અશ્વપટ સરોવર પ્રતિ ભગવાન પધાર્યા હતા, ત્યાં **બારમા વર્ષના નિજજન્મજયન્તીના** ઉત્સવો થયા હતા. ૨. ...૧૦૬

એકવાર પિત્રીઓની માનસીકન્યાઓ સૃષ્ટિરચના જોવા માટે વિમાનવડે નીકળીને કિંપુરુષ ખંડમાં આકાશમાર્ગે જતી હતીઓ, તેઓને સમુદ્રીય અને પર્વતીય રાક્ષસોએ આકાશમાર્ગે રોકી હતી, તેમણે સંભારેલા અર્યમા પિત્રીએ આવીને સૂર્ય અગ્નિના મંત્રો બાણ ઉપર ચઢાવીને બાણો વડે લડાઈ આદરી હતી, તે વખતે સંભારેલા સંકર્ષણ વિષ્ણુ શિવ બ્રહ્મા સૂર્ય વિગેરે આવ્યા હતા, દેવ સૈન્યોનો અને દૈત્યસૈન્યોનો મોટો રણસંગ્રામ જામ્યો હતો, અસુરો હણાઈ કપાઈ જતા હતા, દેવપક્ષના સૈન્યનું રક્ષણ કર્યું હતું, અનાદિ શ્રીકૃષ્ણનારાયણે ત્યાં આવીને અનેક શરણાંગતોને મોક્ષમાં મોકલ્યા હતા. ૨. ...૧૦૭

શ્રીકૃષ્ણનારાયણે અનેક ૠષિઓને 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા' - એ મંત્ર આપવા અને ભક્તિ કરાવવા બધી પૃથિઓમાં મોકલ્યા હતા, રાશિયાનપ્રદેશોમાં મીનકંગૂનદીના તીરમાં મહાવૈષ્ણવ યજ્ઞ કર્યો હતો, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મુખ્યદેવ તરીકે મહાસને બિરાજ્યા હતા, અવભૃથ સ્નાન કર્યા પછી લાખો તામસી રાક્ષસો દાનવો દૈત્યો લૂંટચ ચલાવવા આવ્યા હતા, તેઓને શ્રીકૃષ્ણનારાયણવર્મ જપનારા વિમાની ભક્તોએ માર્યા હતા, આ યુદ્ધમાં ચાર કરોડ રાક્ષસી યોદ્ધાઓ માર્યા ગયા હતા, બાકીનો પચીસ સંખ્યાના યોદ્ધાઓ શરણાગતિ લઈ વૈષ્ણવ ભક્તો થયા હતા. ૨. ...૧૦૯

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, ત્યારબાદ તે પ્રદેશો અને પ્રજાની શુદ્ધિ માટે શાલવતી નદીના મૂળમાં લાશહાનામના મહાસરોવરને કાંઠે બ્રહ્મપુત્રાનદથી ઉત્તરમાં સો યોજનની ભૂમિમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણે મહાયજ્ઞ કર્યો હતો, તેમાં દેવો ઈશ્વરો પણ પ્રત્યક્ષ બિરાજ્યા હતા, અનેક દેશોની પ્રજા શ્રીહરિની શરણાગતિ તથા 'શ્રીકૃષ્ણનારાયણાય નમ:' એવો મંત્ર લઈ મહાવૈષ્ણવી થઈ હતી, કલ્પલતાઓ, કલ્પતરૂઓ, કામધેનુઓ, ચિન્તામણિઓ, દેવ- દેવીઓ, સર્વે શ્રીહરિવરની સેવામાં રહ્યા હતા, અરણ્યોમાં નગરો વસાવ્યા હતા. માણસો 'શરણં શ્રીકૃષ્ણનારાયણોઽસ્તુ મમ સર્વથા' 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા', 'કાલમાયા-પાપકર્મશત્રુયામ્યકુહૃદ્ભયાત્, શૂલમીનધ્વજધનુશ્ચક્રસ્વતિકવાન્ અવ' 'બ્રહ્માઽહં શ્રીકૃષ્ણનારાયણભક્તોઽસ્મિ શાશ્વત: અનાદિશ્રીકૃષ્ણનારાયણ: સ્વામી પતિશ્ચ મેં - આવા આવા મંત્રો શ્રીહરિવર તથા ૠષિઓ પાંસેથી લેતા હતા, 'શ્રીકૃષ્ણનારાયણસ્વામી શ્રીહરિ: શરણં મમ' આ મંત્ર લઈને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરતા હતા, શ્રીહરિએ અનેક રાજકુમારોને તેમના સામ્રાજ્યોની ઘોષણાઓ કરાવી

હતી, ચિન્હ સહિત બન્ને ચરણો ભક્તોને છાતીમાં આપ્યા હતાં, ચિન્હો સહિત બન્ને કરકમલો રાજાઓના મસ્તકે મેલ્યા હતા. પ્રસન્ન થએલા શ્રીહરિએ આવા મહાયજ્ઞમાં માનવોને તૃપ્તિ ઉપરવટ ધન, અન્ન, અમ્બર, વાહન, સાધન, વિગેરેના દાનો આપ્યા હતાં તથા દિવ્ય દર્શનો આપ્યા હતા, ઘણાને મોક્ષમાં મોકલ્યા હતા. ૨. ...૧૧૦

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીહરિવરે પોતાના બ્રહ્મલોકની દિવ્યમૂર્તિના નવયુવાન સ્વરૂપે દર્શન આપ્યા હતા, અને સાત સ્વરૂપોને મંદિરમાં પધરાવનારને મોક્ષ મળવાનું વરદાન આપ્યું હતું, પિતૃકન્યાઓને તથા રાશિઓને તીર્થ-નદીઓ તરીકે અધ્યાત્મદેવતાપણાની અજ્ઞાઓ આપી હતી, બ્રહ્મપુત્રા આદિ નદીમાં તથા નદીઓમાં શ્રીહરિવરે સ્નાન કરી તીર્થો બનાવ્યા હતાં, જે ભારતને પણ પાવન કરે છે. ૨. ...૧૧૧

અનાદિ શ્રીકૃષ્ણનારાયણે પોતાને પ્રસન્ન કરવાના સાધનોનો ઉપદેશ પિત્રીકન્યાઓને આપ્યો હતો, તથા કુમકુમવાપીક્ષેત્રની યાત્રા કરવા આજ્ઞા કરી હતી, મારી મૂર્તિના દર્શન, મારી લીળાઓના વર્ણન, મારા મંદિરના નિર્માણ, મારા શાસ્ત્રોની કથા, મારા મંત્રોના જાપ, મારા દીક્ષિતોના સેવન, મારી કંઠીના ધારણ મારા કાષાયામ્બરધારણ, આ બધાં મોક્ષ આપનારાં છે, મારા સમ્બન્ધવાળી સર્વક્રિયાઓ મોક્ષફળ આપનારીઓ છે, એમ ઉપદેશો આપ્યા હતા. ૨. ...૧૧૩

મારે ભક્તોની સાથે એકતા વર્તે છે, તેમાં હું છું, તેઓ મારામાં છે, સન્તોની બધી ક્રિયાઓનો કરનાર હું છું, એમ ઉપદેશ આપ્યો હતો. ૨. ...૧૧૪

શ્રીહરિવરે ફૂલદોલનો ઉત્સવ થતા શ્રાવણનો ઉત્સવ કુમકુમવાપી ક્ષેત્રમા કર્યા હતા, લાખો ભક્તોને સુખ આપ્યા હતાં. ૨. ...૧૧૫

૧૩ - શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાળકૃષ્ણપ્રભુનો **તેરમો જન્મજયન્તીનો મહોત્સવ** ઘણા ધામધૂમથી ઉજવાયો હતો, ત્યાં શરભજાતિ નામના પ્રાણીનો મોક્ષ કર્યો હતો, સમીરણ નામનો રાજા મૃગહત્યા કરવાથી પાર્ષ્ણિગૃહરૂષિના શાપવડે શરભ થયો હતો, તે દત્તાત્રેયના ઉપદેશથી મોક્ષ લેવા કુંકુમવાપી ક્ષેત્રમાં આવ્યો હતો, તે શ્રીહરિવરની શરણાગતિ લઈને મોક્ષમાં ગયો હતો.૨. ...૧૧૬

૧૪ - શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીબાળકૃષ્ણભગવાનના **ચઉદમા જન્મજયન્તીના** ઉત્સવમાં અનેક દેવતાઓ આવ્યા હતા, અશ્વપટ્ટસરોવરમાં નૌકામાં બેસી માનવો ફરતા હતા, મહાનૌકામાં એક નૌકા અથડાતાં ઉંધી વળી, તેમાં બેઠેલા સંતારણ દ્વિજ વિગેરે ડૂબ્યા હતા, શ્રીકૃષ્ણનારાયણે દિવ્યવેષે આવીને તુરત મહા કચ્છપનું રૂપ લઈને નૌકા

જલ ઉપર લાવી સવળી કરી હતી, તેના જળ તુરત જ વહાણ ચલાવનારાઓ દ્વારા કઢાવીને ડૂબતા જનોને હાથવડે પકડીને શ્રીહરિવરે નૌકામાં લઈને તીર પહોંચાડ્યા હતા. ૨. ...૧૧૮

એક દેવાયતન ભક્તની ભક્તિવડે રાજી થએલા ભગવાન હાજરોહાજર રહેતા હતા, તેણે યમપુરીમાં જઈને શ્રીકૃષ્ણનારાયણના ભજનવડે જીવોને ઉદ્ધાર્યા હતા, યમરાજાએ પણ શ્રીહરિવર પાંસે આવીને સાક્ષાત્ શ્રીહરિનો મંત્ર ગ્રહણ કર્યો હતો. અને યમેશ્વર નામનું તીર્થ કર્યું હતું.૨. ...૧૧૯

દેવાયતનભક્તે ભગવાને આપેલા વિમાનવડે દિક્પાલોના લોકમાં જઈને શ્રીબાળકૃષ્ણપ્રભુના નામ સંભળાવીને ત્યાંની પ્રજાને મોક્ષની ભાગીદાર બનાવી હતી.૨. ...૧૨૦

શ્રીહરિવરે કિંપુરૂષ ચીન રશીયા ઉત્તર ખંડમાં શ્રીહરિનામકીર્તન કરવા માટે મોકલેલા દેવાયતન ઋષિએ તથા મૂર્તિમાન સુદર્શન પુરુષે 'હરે કૃષ્ણ હરે સ્વામિન્ હરે નારાયણ પ્રભો, બાળકૃષ્ણ કંભરા શ્રીપુત્ર ગોપાળનન્દન' એવો મંત્ર સંભાળાવીને તથા 'શરણં શ્રીકૃષ્ણનારાયણોઽસ્તુ મમ સર્વદા' એવો મન્ત્ર આપીને, તથા 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા' એવો મંત્ર દઈને, તથા બીજા પણ મંત્રો અર્પીને પ્રજાને ભક્ત બનાવી હતી, બાળકૃષ્ણસરોવરની ઉત્તરભૂમિમાં વિશ્રાન્તિ લીધી હતી.૨. ...૧૨૨

બાલકૃષ્ણસરોવરને કાંઠે પચાસ યોજનની વિશાળ ભૂમિમાં યજ્ઞસ્થળીનું શોધન કર્યું હતું એક દિવસ મહાનગારૂં આકાશમાર્ગે વાગતું વાગતું 'યજ્ઞમાં આવો' એમ કહેતું હતું, અને સમગ્ર પૃથ્વીના પ્રદેશોમાં ફરીને આમંત્રણ આપતું હતું, સર્વ સૃષ્ટિઓના દિવ્ય મહાજનો આવ્યા હતા, શ્રીબાળકૃષ્ણભગવાન કુમકુમવાપીક્ષેત્રના મંડપસહિત પધાર્યા હતા, પૂર્ણ સત્કાર સ્વાગત થતા હતા, હોમ હવન દાન થતા હતા, અતિદાનો મહાદાનો ભૂયસી દક્ષિણાઓ અપાતી હતી.૨. ...૧૨૪

ભગવાને પોતાનું જ નામ સરોવરને આપ્યું હતું, કેટલાકને ઉપદેશો અને આશીર્વાદો આપ્યા હતા.૨. ...૧૨૫

ત્યાં આવેલા દુ:ખી પિત્રીઓને તૃપ્ત કર્યા હતા, કેટલાકને મોક્ષમાં મોકલ્યા હતા, તીર્થો વસાવ્યા હતા, દ્વિકલસરોવરને કાંઠે બીજો યજ્ઞ કરવા ત્યાંના રાજાઓની પ્રાર્થનાઓ વડે આજ્ઞાઓ અપાઈ ગઈ હતી.૨. ...૧૨૬

ત્યાંના પ્રથમના ભયંકર ભૂકંપવડે મરીને અસદ્ગતિએ ગયેલાઓની મુક્તિ શ્રીહરિએ કરી હતી, ભગવાન મંડપમાં પધાર્યા હતા, લાખો જીવોનો ઉદ્ધાર કર્યો હતો.૨. ...૧૨૭

ઓબી અને રાત્રીશા નદીઓની સંગમભૂમિમાં તૃતીયમહાવિષ્ણુયાગ કર્યો હતો, પોતના નામમંત્રો વડે શ્રીહરિએ લક્ષાવધિ પ્રજાનો ઉદ્ધાર કર્યો હતો.૨. ...૧૨૮

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, આ મહા યજ્ઞમાં શ્રીહરિવરે પોતે જ અનેક પ્રજાને મંત્રદાન આપ્યા હતાં, 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા' તથા 'શરણં શ્રીકૃષ્ણનારાયણોઽસ્તુ મમ સર્વદા' તથા 'કાલમાયાપાપકર્મશત્રુયામ્યકુહૃદ્ભયાત્, શૂલમીનધ્વજધનુશ્ચક્રસ્વસ્તિકવાન્ અવ', તથા 'પરબ્રહ્માઽક્ષરાતીતો બાલકૃષ્ણ: પતિર્મમ', બ્રહ્મોઽહં શ્રીકૃષ્ણનારાયણ ભક્તાઽસ્મિ શાશ્વત તથા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિ પતિશ્ચયમે તથા 'બાળકૃષ્ણ: પરંબ્રહ્મ મમ વૈ શાશ્વત: પતિ:, પિતા બન્ધુ: સુહૃત્ મિત્રં રક્ષક: પાલકોઽસ્તુ સ:', તથા 'શ્રીકૃષ્ણવલ્લભ: સ્વામી શ્રીહરિ: શરણં મમ', એવા મંત્રો આપ્યા હતા, પ્રજાઓ મંત્ર લઈને વૈષ્ણવી થઈ હતી, ઘણાઓનો મોક્ષ કર્યો હતો.૨. ...૧૨૯

શકત્યક્ષિનૃપના રાજ્યમાં ચોથો મહાવિષ્ણુયાગ કર્યો હતો, શાક્ત્યક્ષિરાજાએ કનકનું મંદિર બનાવી તેમાં શ્રીબાળકૃષ્ણપ્રભુને પધરાવ્યા હતા, મહામહોત્સવ કર્યો હતો, ઘણી પિશાચણીઓનો મોક્ષ કર્યો હતો.૨. ...૧૩૧

કાલિમાનદી અને સાગરના સંગમના વિશાલભૂમંડળમાં પાંચમો મહાવિષ્ણુયાગ કર્યો હતો, ભગવાન શ્રીહરિવરના ધન્યવાદ જયવાદ સર્વત્ર સંભળાતા હતા, શ્રીહરિએ લાલાસનયોગીને સાધુદીક્ષા આપી હતી, પછી પાંચ હજાર સાધુદીક્ષાઓ આપી હતી.૨. ...૧૩૩

શ્રીહરિવરે લાલાયનસાધુને ઉત્તરકુરૂદેશોમાં ફરવા મોકલ્યા હતા, ત્યાં શૂરજાર રાજદમ્પતીનો મોક્ષ કર્યો હતો, ત્રીશ રૌદ્રીઓને મહાદીક્ષા આપી હતી.૨. ...૧૩૪

પછી અશ્વપટ સરોવરના ક્ષેત્રમાં વિમાનદ્વારા પધાર્યા હતા, દેવાયતન ૠષિને દેવાલયસ્વરૂપ ધારણ કરવાની આજ્ઞા આપી હતી.૨. ...૧૩૫

શ્રીહરિએ કહ્યું - દેવાયતન !, એકકળશથી એકહજારએક કળશ સુધીના શ્રીહરિના મન્દિરો રૂપે તમારે થાવું, તે તમામના માપે માપનું જ્ઞાન તમોને આપું છું, તથા તેની તેની દેવમૂર્તિઓના માપનું જ્ઞાન આપું છું, તથા કુંડોના માપનું જ્ઞાન આપું છું, તથા વાસ્તુપુરુષ, અને તેના દેવોનું જ્ઞાન આપું છું, તથા ૠત્વિગૂવરણ, યજ્ઞસામગ્રીઓ, વિગેરેનું જ્ઞાન આપું છું, તથા ગણેશપૂજન કળશસ્થાપન, પુણ્યાહવાચન, માતૃકાદિ આવાહન, તેના પૂજન દાન વિસર્જન, આદિકનું જ્ઞાન આપું છું, તથા ભગવાનનું મૂર્તિમાં પધારવાનું સબીજ મંત્રો સહિતનું જ્ઞાન આપું છું, તથા બલિસમર્પણ, મંડપવેષ્ટના તથા યોગિનીઓ, શક્તિઓ, ક્ષેત્રપાલો, સ્તંભદેવો, યૂપદેવોનું જ્ઞાન આપું છું, તથા તોરણ કળશ દ્વારા શાખા દેહલીઓ, તેની દેવતાઓના પૂજન આદિકના જ્ઞાન આપું છું, તથા અગ્નિસ્થાપન,

કુંડદેવ, વેદિકાદેવ, મેખલાદેવ, યોનિવન્હિ ગ્રહાધિદેવતાના પૂજનનું જ્ઞાન આપું છં, તથા અધિદેવતા, લોકપાલો સર્વતોભદ્રાદિ દેવતાઓના પૂજનાદિના જ્ઞાન આપું છું, તથા ચરૂ, આહુતિ, હોમ, હવન, બલિ, થાળ, વિગેરેનું જ્ઞાન આપું છું, તથા સર્વ પ્રકારના ભિન્ન ભિન્ન દેવોને હોમ આપવાનું પૃથક્ રીતિનું જ્ઞાન આપું છું, તથા અનેક ઉપદેવદેવીઓને બલિ-થાળ આપવાનું જ્ઞાન આપું છું, તથા યજ્ઞસ્તંભારોપણ, તેના દેવોના પૂજન, તથા પ્રતિમાના જલાધિવાસ, તથા નગરભ્રામણાદિકનું જ્ઞાન આપું છું, શ્રીહરિવરે આવા તમામ પ્રકારોનું જ્ઞાન આપ્યું હતું, પછી દેવાયતન ભક્ત શિખરબંધ મંદિર જે મહાપ્રાસાદ તેનું બીજું રૂપ લઈને શ્રીહરિને માટે કાયમી સ્થિર થયા હતા, અને દિવ્યદેવતાઈ સ્વરૂપે ભગવાને આપેલા જ્ઞાનપ્રમાણે તમામ કાર્યો કરાવતા હતા, શ્રીલોમશઋષિની દૃષ્ટિમાં એકમેક થઈને શ્રીદેવાયતને કુમકુમવાપીક્ષેત્રમાં શ્રીકૃષ્ણનારાયણનું એકહજારએક શિખરોના કળશોવાળું મંદિર, સ્વર્ગવાસીઓ પણ દેખે, એવું આકાશતલસ્પર્શી બનાવ્યું હતું, તેમાં પ્રકટ શ્રીહરિવર, સ્વદિવ્યમંડળ સહિત, વિરાજતા હતા, ધ્વજકળશારોપણ, તેના તમામ પ્રતિષ્ઠાના કાર્યોમાં, મૂર્તિઓને શલાકાઅંજન, અંગન્યાસ, અંગસ્થાપના, શિખરસ્નાન, દેવસ્પર્શી પ્રણામ, પ્રાણપ્રતિષ્ઠાપન, જીવ આવાહન, આરતિ, આંશિષપાઠ, અવભૃયસ્નાન, વિદાયમાન, આદિ ધામધૂમથી કરાવ્યા હતા.૨. ...૧૩૬થી ૧૬૦

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, ધનમેદનામનો ધીવર યાત્રા કરવા કુંકુમવાપીમાં આવ્યો હતો, તેને શ્રીહરિએ સરોવરમાં મત્સ્યરૂપે દર્શન આપી અહિંસક ભક્ત બનાવ્યો હતો. ૨. ...૨૬૧

ભોઈ જ્ઞાતિના મૂંગા છોકરાને અશ્વપટ સરોવરમાં નવરાવી કપિલરૂપે દર્શન આપી શ્રીહરિવરે જ્ઞાનયુક્ત કર્યો હતો. ૨. ...૧૬૧

ખેડુતોની ગૌમાતાઓને સિંહોએ પકડી હતી, તેમને છોડાવવા શ્રીહરિએ મહાસિંહનું રૂપ ધારણ કર્યું હતું, તે સિંહેશ્વર તીર્થ થયું હતું.૨. ...૧૬૩

અતિવૃષ્ટિવડે નદીના પ્રવાહમાં તણાએલા ચાર કુટુમ્બીઓની શ્રીહરિએ દિવ્યરૂપે બહાર કાઢીને રક્ષા કરી હતી. ૨. ...૧૬૪

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, શ્રીહરિવરે વૃકાયનાદિ ઋષિઓને ભક્તિ કરાવવા હેતુમાલ (યુરોપ) નામના ખંડમાં મોકલ્યા હતા. ૨. ...૧૬૫

ચક્રવડે સ્થિરતાના સ્થાને નિષ્ઠાપરા તથા પ્રતિષ્ઠાના નદીઓના સંગમ વચ્ચેના રાસાયનારણ્યમાં ઉત્તરભૂમિમાં યજ્ઞસ્થળી નિર્ધારી હતી.૨. ...૧૬૬

યજ્ઞનો સાજસમાજ સાનધસામગ્રી તમામ રચનાઓ કરી હતી.૨. ...૧૬૭

તેને માટે સર્વત્ર મંગળ પત્રિકાઓ મોકલાણી હતી, વિમાનોવડે સૃષ્ટિઓના જનો યજ્ઞભૂમિમાં આવ્યા હતા.૨. ...૧૬૮

યજ્ઞમાં જપકર્તાઓ બેસાર્યા હતા, વિવિધ શરણાગતિ આદિમંત્રો તથા જળમંત્રો અપાયા હતા, યજ્ઞના સર્વપ્રકારો પૂર્ણ રીતે ઉજવાયા હતા. ૨. ...૧૬૯

શ્રીબાળકૃષ્ણપ્રભુએ યજ્ઞમાં પધારી અબજો રૂપ ધારણ કરીને પૂજા આદિ સ્વીકાર્યા હતા.૨. ...૧૭૦

પ્રત્યક્ષશ્રીહરિવરે પૂર્ણાહુતિના હોમો ગ્રહણ કર્યા હતા, અવભથ નામનો દિવ્યકુમાર અને તૃપ્તિ નામની દિવ્યકુમારી પ્રત્યક્ષ પ્રગટ થયા હતા.૨. ...૧૭૧

કુમારદાનની પદ્ધતિ, વિદાયમાન, વિગેરે સારી રીતે થયા હતા, ઉરલકેતુ રાજાની રાજધાનીમાં શ્રીહરિ પધાર્યા હતા, મહા પધરામણિઓ થઈ હતી, તથા રાજપૂર્વજોના મોક્ષ કર્યા હતા.૨. ...૧૭૨

યવક્રીતનામના મહર્ષિએ શ્રીહરિના સ્વરૂપની ઓળખાણ પ્રજાઓને આપી હતી.૨. ...૧૭૩

કથક રાજધાનીમાં પધારી શ્રીહરિએ મંદિરનિર્માણ માટેના શુભ સમય વર્ણવ્યા હતા. ૨. ...૧૭૪

નક્ષત્રોમાં શુભકાર્ય, તેના ફળ, યોગ કરણ, ચક્ર, ચન્દ્રબળ, તારાબલ, આદિ વર્ણવ્યા હતા.૨. ...૧૭૫

અઠ્ઠાવીશ યોગ, તથા દુષ્ટયોગ, તથા મુહૂર્તો, અભિજીત વિગેરે વર્ણવ્યા હતા.૨. ...૧૭૬

ઉચ્ચનીચગ્રહોના ફળષ લગ્નકુંડલીસ્થ ગ્રહોના ફળ, લગ્નબળ, વિગેરે વર્ણવ્યા હતા, અને પૃથુરાજાની રાજધાની જરસ્થળીમાં આવ્યા હતા.૨. ...૧૭૭

છવ્વીસ રાજાઓના પૂર્વેના જન્મ કહ્યા હતા, પછી ઉષ્ટ્રાલરાષ્ટ્રમાં પધાર્યા હતા.૨. ...૧૭૮

પછી હંકાર તથા જયકાષ્ઠલ રાજાની રાજધાનીએ પધાર્યા હતા, પછી તીરાણ રાજધાનીમાં પધારી ઉપદેશ આપીને રાત્રિ વિશ્રાન્તિ કરી હતી.૨. ...૧૭૮

સવારે અલ્વીનરની રાજધાનીમાં પધાર્યા હતા.૨. ...૧૭૯

ત્યાં રાક્ષસને મોક્ષ આપ્યો હતો, અકરાત્રિ રોકાઈને જિનવધિ નૃપની રાજધાનીએ પધાર્યા હતા. ૨. ...૧૮૧

અપિનાય અદ્રિના રાક્ષસોનો નાશ કર્યો હતો.૨. ...૧૮૨

બેડીમાં પડેલા જનોને છોડાવ્યા હતા, સુદર્શનચક્રવડે શિલારસોના સરોવરો ખડકો બનાવી દીધા હતા.૨. ...૧૮૩

ઇશાનરાજ્ય સ્થાપન કરી સૂર્યદિન રવિવારનું માહાત્મ્ય કહીને રાત્રિએ વિશ્રાન્તિ લઈને અલ્પકેતુનૃપની રાજધાનીએ પધાર્યા હતા.૨. ...૧૮૪

ત્યાં એક રાત્રિ રોકાઈને જયકૃષ્ણવનૃપની રાજધાનીએ પધાર્યા હતા, ત્યાંથી પરીશાન રાજધાનીએ પધાર્યા હતા.૨. ...૧૮૬

રાજસૌધમાં પધરામણી થઈ હતી, ઉપદેશ આપ્યા હતા, અને પરીજરાષ્ટ્રમાં પધાર્યા હતા. ૨. ...૧૮૭, ૧૮૮

ઈન્દ્રુરાયની વાયુનાનગરીએ પધારી ઇન્દિરાનદીમાં નાહીને ત્યાંના વેતાલનો ઉદ્ધાર કર્યો હતો, પછી મુદ્રાંડરાજધાનીએ પધાર્યા હતા.૨. ...૧૮૯

ત્યાં એકરાત્રિ રહીને લીશવનપત્તન પધાર્યા હતા, ત્યાંથી વારૂણીનગરીમાં પધરામણી થઈ હતી, તથા ધીવરાનગરી અને મિલિન્દાનગરીમાં પધાર્યા હતા, પછી બલલીનરાજ્યમાં પધાર્યા હતા.૨. ...૧૯૨

પછી વાલીનાનગરીમાં પધરામણી થઈ હતી, ત્યાંથી વાશીલાનગરીએ પધાર્યા હતા.૨. ...૧૯૩

ત્યાંથી રાયગામલના રાજ્યમાં પધાર્યા હતા.૨. ...૧૯૪

ત્યાંથી ફોનતન્તુનૃપના રાજ્યમાં પધાર્યા હતા, સર્વરાજ્યોમાં બધાને મહોત્સવો થયા હતા. ૨. ...૧૯૪, ૧૯૫

ત્યાંથી ત્રિનયાનગરીએ પધાર્યા હતા, ત્યાંથી સ્તોકહોમનૃપના રાજ્યમાં ગયા હતા.૨. ...૧૯૬

ત્યાંથી કાષ્ઠયાનનૃપના રાજ્યમાં પધાર્યા હતા.૨. ...૧૯૭

ત્યાંથી કોલકનૃપના રાજ્યમાં પધાર્યા હતા.૨. ...૧૯૮

ત્યાંથી દિનમાનાર્ક નૃપના રાજ્યમાં પધાર્યા હતા.૨. ...૧૯૯

ત્યાંથી કેનાટક પ્રદેશોમાં તે તે દ્વીપોમાં પધાર્યા હતા...૨૦૦

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, અમરી-પ્રદેશોમાં રાયકિન્નર નામના રાજાએ યજ્ઞની આમંત્રણપત્રિકાઓ સર્વત્ર મોકલાવી હતી, રાજાઓ પ્રજાઓ અસંખ્યજનતા આવેલી હતી,

શ્રીહરિવરના સ્વાગત રાજરીતિએ થયા હતા, યજ્ઞના સાજ, સમાજ, મંડપસામગ્રીઓ. ભોજનાદિક તૈયાર હતા.૨. ...૨૦૧

ચાર દાંતોવાળા ધોળા હાથી ઉપર સોનાની અંબાડીમાં શ્રીહરિવરને બેસાડીને ત્યાંના રાજાએ સર્વત્ર ફેરવ્યા હતા, રાજ્યસૈન્યની અવર્ણનીય ઉત્તમોત્તમ શોભા હતી, શ્રીહરિએ દિવ્યદર્શન આપ્યા હતા, રાજાએ સ્તુતિ કરી હતી, અમરીવનિતાઓ શ્રીબાળકૃષ્ણપ્રભુના દર્શન કરીને ધન્યભાગ્ય માનતી હતીઓ, રાજપ્રાસાદમાં શ્રીહરિવરને પધરાવ્યા હતા, ત્યાં વિશ્રાન્તિ લીધી હતી, ત્યાંથી મણિસેવા નગરીમાં પધરામણી કરી હતી, તથા રાયરોકીશ્વરાજાના રાષ્ટ્રમાં પધરામણી કરી હતી, અને પાછા યજ્ઞસ્થળીમાં પધાર્યા હતા. ૨. ...૨૦૨

યજ્ઞમંડપમાં મહાસ્વર્ણસિંહાસને શ્રીહરિવર વિરાજ્યા હતા.૨. ...૨૦૩

તમામ સૃષ્ટિઓના ઈશ્વરો-ઈશ્વરાણીઓ-દેવદેવીઓવડે મહાસભામંડપ શોભતો હતો.૨. ...૨૦૪

સોનાની મૂર્તિઓરૂપી દેવોને દેવપીઠ ઉપર પધરાવ્યા હતા પ્રત્યક્ષદેવો પણ બિરાજ્યા હતા.૨. ...૨૦૫

શ્રીબાલકૃષ્ણપ્રભુનું અગ્રપૂજન શ્રીલોમશઋષિએ કર્યું હતું, ગણપતિ, કળશ, મંડળ, વાસ્તુ, કુંડ, મંડપ, શાખા, ક્ષેત્રપાલ, આદિ આદિકના પૂજનો કરાયા હતા, દેહશુદ્ધિ, બ્રહ્મપૂજા, અગ્નિના અધિવાસન, કરાયા હતા.૨. ...૨૦૬

વન્હિમાં ત્રિલોકના દેવોને આહુતિઓ અપાણી હતી, પછી રાયરણજિત્‌ના રાષ્ટ્રમાં ભગવાન પધરામણીએ ગયા હતા.૨. ...૨૦૭

શ્રીહરિવરે ત્યાં સર્વેને દિવ્યદ્રષ્ટિઓ આપીને લોમશક્ષેત્રના દર્શન કરાવ્યા હતા, પાછા યજ્ઞસ્થલીએ પધાર્યા હતા. ૨. ...૨૦૮

યજ્ઞમાં શ્રીહરિ સુવર્ણાસનમાં દેવપૂજન માટે માટે બિરાજ્યા હતા, અમરીજનતાએ શ્રીહરિવરની પૂજા કરી હતી, ભગવાને પોતાના સ્વરૂપનું દર્શન કરાવી ઉપદેશ આપ્યો હતો, આહૂતિઓ આપી હતી, સમાપ્તિ થઈ હતી, ત્યારપછી રાયવાકીશનામના નૃપની પ્રાર્થનાવડે તેના રાજ્યમાં પધરામણીએ પધાર્યા હતા.૨. ...૨૦૯

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, રાયવાકક્ષક રાજાની બીજી પ્રાર્થનાવડે શ્રીહરિવર વિષતુરીયદ્વીપમાં પધાર્યા હતા, ત્યાંથી દ્વિનષ્કમાં ગયા હતા, ત્યાંથી મીલવીલામાં પધરામણીએ પધાર્યા હતા, પાછા યજ્ઞભૂમિમાં આવ્યા હતા.૨. ...૨૧૦

ત્યાંથી રાયમારીશના મહારાષ્ટ્રમાં પધાર્યા હતા, ત્યાંથી આલીસ્મરદ્વીપમાં રૂદ્ધીશપુરીમાં પધરામણીએ પધાર્યા હતા, પાછા યજ્ઞભૂમિમાં આવ્યા હતા. ૨. ...૨૧૦

ત્યાંથી રાયમારીશના મહારાષ્ટ્રમાં પધાર્યા હતા, આલીસ્મરદ્વીપમાં રૂદ્ધીશપુરીમાં પધરામણીએ પધાર્યા હતા, તથા બીજા કાસીમ વિગેરે દ્વીપોમાં પધરામણીએ જઈને પાછા યયભૂમિમાં પધાર્યા હતા.૨. ...૨૧૦

સવારે પૂજન પછી રાયબાલેશ્વરના રાષ્ટ્રમાં દ્વૈપાયશદ્વીપમાં તથા વાયુફેનાનગરીમાં વિચરીને પાછા યજ્ઞભૂમિમાં પધાર્યા હતા.૨. ...૨૧૧

અસંખ્ય આહુતિઓ અપાણી હતી, મહાપૂર્ણાહુતિના હવનો થયા પછી સમાપ્તિ થઈ હતી.૨. ...૨૧૨

અવભૃથસ્નાન, પારિતોષિકદાન, વિગેરે અપાયાં હતાં, પછી રાયલમ્બારના રાષ્ટ્રમાં પધાર્યા હતા, ત્યાં રાત્રિ વિશ્રાન્તિ કરી હતી, પાછા યજ્ઞભૂમિમાં પધાર્યા હતા, સર્વેના વિદાયમાન કરાયા હતા. ૨. ...૨૧૩

પછી રાયનવાર્કનૃપના રાજ્યમાં પધાર્યા હતા. સ્વર્લતિકાપુરીમાં પધરામણી થઈ હતી, પછી રાયહંડેશ્વર રાજાના રાષ્ટ્રમાં પધરામણી થઈ હતી, માક્ષિકાનગરીમાં પધરામણી કરીને ત્યાં વિરાકનામના જનપિશાચનો મોક્ષ કર્યો હતો, અને રાયફુપેશ નૃપના રાજ્યમાં પધાર્યા હતા.૨. ...૨૧૪

પછી હવાના નગરીમાં પધરામણી થઈ હતી, ત્યારબાદ કાલીમંડલીન ભૂપના રાષ્ટ્રમાં પધાર્યા હતા.૨. ...૨૧૫

ત્યાં વિગોષ્ઠા નગરીમાં ભ્રમણ કરાવ્યું હતું, પછી વનજવાલા રાષ્ટ્રમાં પધારીને સાનુજ્યોષ્ટ્રીનગરમાં પધરામણીએ પધાર્યા હતા.૨. ...૨૧૬

ત્યાં વિમાનમાંથી ઉતરી શ્રીહરિવર મોટા હાથી ઉપર વિરાજમાન થઈ કાયનીપુરીમાં પધાર્યા હતા, પધરામણી બાદ ઉપદેશ આપી વિદાય લીધી હતી, પછી આશ્વિનવદ પડવાએ કોટીશ્વરરાજાના એકદ્વારનામક રાષ્ટ્રમાં પધારી પેયિસ્થાનગરીમાં પધરામણીએ ફર્યા હતા.૨. ...૨૧૭

પછી પારૂષરાષ્ટ્રમાં પધાર્યા હતા, હાથી વિગેરે સૈન્યસહિત સંચાલાનગરીમાં પધરામણી થઈ હતી.૨. ...૨૧૮

ઉપદેશ આપી વિદાય લઈને ત્રેતાકર્શ રાજર્ષિના રાષ્ટ્રમાં ફાન્કલાશી નગરીએ પધરામણી માટે જવા તૈયારી કરી હતી.૨. ...૨૧૯

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, પછી ભગવાને અંડજરાભૂપના રાષ્ટ્રમાં પધારી તેની અન્ત:પ્રાગસ્થાનગરીમાં ચિલ્લીપ્રજાને ઉપદેશ આપ્યો હતો, પૂજાઓ-ભેટચો અંગીકાર કરી હતી.૨. ...૨૨૦

પછી બાલ્યરજો નામના રાજાના રાજ્યમાં મંત્રીણાંગા નગરીમાં પધરામણીએ પધાર્યા હતા, રાયસોમનનૃપના રાષ્ટ્રની વાયુમાના રાજધાનીમાં પધારી વિશ્રાન્તિ લીધી હતી.૨. ...૨૨૧

ત્યાંથી રાજારાયપતિના રાજ્યમાં તથા ઉરોગપનરાષ્ટ્રમાં પધાર્યા હતા, ત્યાં સર્વત્ર પધરામણીઓ થઈ હતી.૨. ...૨૨૨

પછી પરાંગવ્રતરાજાની આશાસનાનગરીએ પધાર્યા હતા, ત્યાં પધરામણી પૂજન આદિ થયા હતા.૨. ...૨૨૩

પછી બ્રાહ્મીલરાષ્ટ્રમાં પધાર્યા હતા, અને યજ્ઞસ્થળીએ આવી વિશ્રાન્તિ લીધી હતી.૨. ...૨૨૪

યજ્ઞમાં વિધિપૂર્વક આવાહન પૂજન આહુતિ હોમ ચરૂપ્રાશન મહાભોજન યજ્ઞના અંગોના અનુંષ્ઠાનો કર્યા કરાવ્યા હતા.૨. ...૨૨૫

અવભૃયાન્ત સર્વ કર્મકાંડ પૂરી કરી મેમાનોને વિદાયમાન આપી પૂજન પછી ઉપદેશ આપ્યો હતો.૨. ...૨૨૬

બ્રહ્મવ્રતના ઉપદેશો બાદ યજ્ઞના મંડપમાં પધારી વિશ્રાંતિ લીધી હતી.૨. ...૨૨૮

સર્વાત્મા પ્રભુએ યજ્ઞ સમાપ્તિમાં અનેક માનવોને દિવ્યદર્શન આપ્યા હતાં, તે કામકાજ સમાપ્ત કર્યા હતાં.૨. ...૨૨૯

સાત સરિતાઓમાં સ્નાન કર્યા હતાં, પછી રાજા રાયપતિના રાષ્ટ્રમાં વ્યેનોજરાશા નગરીમાં પધાર્યા હતાં. ૨. ...૨૩૦

અમાવાસ્યાના શ્રાદ્ધ પિંડદાન જળદાન આપીને પિત્રીતૃપ્તિ કરાવ્યા બાદ પધરામણીએ પધાર્યા હતા. ૨. ...૨૩૧

પછી લાપલાત્રીપુરીમાં પધાર્યા હતા, ત્યાંની રાજભગિનીને સમુદ્રનો દૈત્ય ઉપાડી ગયો હતો, તેની પાછળ શ્રીહરિએ રાજાના લશ્કરે સહિત ચઢાઈ કરીને સુદર્શન ચક્ર વડે વીશ લાખ દૈત્યોનો નાશ કર્યો હતો, કામનાયકગણને તે દૈત્યનું રાજ્ય આપ્યું હતું, દ્વિનેદિષ્ઠપુરને પાવન કર્યું હતું, તથા ત્રાસમાનદ્વીપમાં તથા વૃન્દારૂક દ્વીપમાં તથા

સિંહલદ્વીપમાં જઈને પમ્પાસર થઈને દર્શન આપી પ્રજાને પાવન કરીને આશ્વિન શુકલ સપ્તમીએ કુંકુમવાપીક્ષેત્રમાં વિમાન દ્વારા પધારી વિશ્રાન્તિ લીધી હતી.૨. ...૨૩૨

શરદપૂર્ણિમાની ચન્દ્રમાની રાત્રિની ચાંદનીમાં બાળકૃષ્ણપ્રભુએ રાસનો આનંદ ખેલ્યો હતો, ભક્તિવાળાઓને સ્નેહ પ્રમાણે સુખ આપ્યા હતાં. ૨. ...૨૩૩

૧૫ - શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, અસંખ્ય ભક્તજનતાને ભગવાનના સુખો વડે આકર્ષણ થયેલું હતું, તેથી ભગવાન વિના ક્ષણકાળ પણ યુગ જેવો થઈ પડતો હતો. શ્રીહરિવરની **૧૫, પન્નરમી જન્મજયન્તી હિન્દી કાર્તિક કૃષ્ણાષ્ટમી** - આશ્વિનકૃષ્ણાષ્ટમીમાં મહામંડપ શોભા કરી હરી હતી, આમંત્રિત ઇશ્વરાદિ દેવતાઓ પધાર્યા હતા, શ્રીબાળકૃષ્ણસ્વામીનું મહાપૂજન કર્યું હતું, મેમાનોના સત્કારો થયા હતા.૨. ...૨૩૪

શ્રીહરિએ ધનત્રયોદશીએ ધનલક્ષ્મીપૂજન તથા બ્રહ્મપ્રિયાપૂજન કરાવ્યા હતાં, બર્બુરરાજા આશ્વલાયનઋષિના શાપવડે બાવળ થયો હતો, તેનો ઉદ્ધાર કર્યો હતો.૨. ...૨૩૬

શ્રીહરિએ દિવાળીનો શારદા મહોત્સવ કર્યો હતો, મહામારીના રોગવડે પીડિત યાત્રાળુઓને દત્તાત્રેયરૂપે દર્શન થઈને રક્ષા કરી હતી.૨. ...૨૩૭

અન્નકૂટના ઉત્સવમાં શ્રીહરિને ભક્તજનતાએ જમાડ્યા હતા, લાખો ભક્તોને તે પ્રસાદી જમાડી હતી.૨. ...૨૩૮

કાર્તિક શુકલ એકાદશીએ પુંડલીકરાજાને અશ્વપટ સરોવરને તીર હંસરૂપે દર્શન દઈ શ્રીહરિવરે મોક્ષ કર્યો હતો. ચોલરાજાને નરસિંહરૂપે દર્શન આપ્યા હતાં, તે બન્ને તીર્થસ્થળો થયેલાં છે.૨. ...૨૩૯

વીતિહોત્ર યોગેશ્વરને ઋષભદેવરૂપે તથા સહસ્રસ્વરૂપોમાં શ્રીહરિવરનાં દર્શન થયા હતા,ત્યાં ઋષભતીર્થ થયું છે. ૨. ...૨૪૦

અશ્વપટ સરોવરના પૂર્વકાંઠામાં વૈવસ્વત મનુએ કરાવેલાં સંકર્ષણ પતંજલિ અને શેષનારાયણના મંદિરો તીર્થરૂપ થયાં છે.૨. ...૨૪૧

દાક્ષીદેવીના પુત્ર પંકિલઋષિને અશ્વપટસરોવરને તીર સમાધિમાં પાંચ કલ્પો સુધી રહેવાનું ચિરંજીવીપણું, તથા વામનભગવાનના અંગૂઠાવડે જાગતાં તે ઋષિએ શ્રીવામનના દર્શન કર્યા અને તે વામનતીર્થ કર્યું છે.૨. ...૨૪૨

વામદેવીરાણીએ ભગવાનની સ્તુતિ કરી હતી, હેમકલ્ગિરાજાને શ્રીબાલકૃષ્ણપ્રભુનું નિત્ય દર્શન થતું હતું, અશ્વપટ સરોવરમાં પર્શુરામતીર્થ થયું હતું. ૨. ...૨૪૩

અશ્વપટ સરોવરને કાંઠે અશ્વપાટલનૃપતિએ સોમયજ્ઞ કર્યો હતો, ત્યારે લોમશરૂષિના ઉપદેશવડે દૂરથી આવેલી ઘણી જનતાએ શરણાગતિ લીધી હતી.૨. ...૨૪૪

યજ્ઞમાં સુબ્રહ્મણ્ય આવાહન, ઉપસદકર્મ, પ્રવર્ગ્યકર્મ, હવન વિગેરે કર્યા હતા.૨. ...૨૪૫

ત્રીજે દિવસે સોમયાગની ક્રિયાઓ કરીને ભગવાને ઉપદેશ આપ્યો હતો.૨. ...૨૪૬

એકાદશીના વ્રત જાગરણ ઉદ્યાપન વિગેરે કરાવ્યા હતાં.૨. ...૨૪૭

ત્યારબાદ પ્રાંત:સવન, માધ્યંદિનસવન, ઉત્તરસવન, પૂર્ણાહુતિ, અવભૃથ, વિગેરે કરાવ્યા હતાં.૨. ...૨૪૮

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, અશ્વપાટલરાજાને શ્રદ્ધોપનિષદ્નું જ્ઞાન લોમશરૂષિએ કહ્યું હતું.૨. ...૨૪૯

ત્યાગમાર્ગનું ફળ, નિરામયમાર્ગ, ત્રણ વર્ગમાં શ્રેષ્ઠવર્ગ વિગેરે વર્ણવ્યા હતા. ૨. ...૨૫૦

આત્માનો પાપપુણ્યપ્રસંગ, દોષનાશ, મુક્તિલાભ, વિગેરે વર્ણવ્યા હતા.૨. ...૨૫૧

અક્ષરગતિના સાધન, સર્ગપ્રવાહ, શ્રેયસ્વરૂપ, વિગેરે વર્ણવ્યા હતા.૨. ...૨૫૨

અભ્યુદય અને નિ:શ્રેયસના નિશ્ચિત હેતુઓ વર્ણવ્યા હતા.૨. ...૨૫૩

દેવ, સન્તોષ, વિવેક, ઉપાસના, યોગ, ધર્મ, ગુરૂ વિગેરે વર્ણવ્યા હતા.૨. ...૨૫૪

બળ અબળ, ક્ષર અક્ષર, વિગેરે વર્ણવ્યા હતા. ૨. ...૨૫૫

ક્ષરત્યાગ, અક્ષરગતિ, ઇત્યાદિત વર્ણવ્યા હતા.૨. ...૨૫૬

દેહત્યાગમાં હેતુઓ, સંન્યાસ, આનર્તરાજા તથા કુશલા યોગિનીનો સંવાદ વર્ણવ્યો હતો.૨. ...૨૫૭

ગૃહસ્થાશ્રમમાં પણ સાધુસમાગમ અને તેવી સ્થિતિવડે મોક્ષ કહ્યો છે. ૨. ...૨૫૮

અનાદિશ્રીકૃષ્ણનારાયણના ઉપદેશવડે મોક્ષસ્થિતિ વર્ણવી છે.૨. ...૨૫૯

યોગિજનોને પણ ઇષ્ટ ગુરૂ સેવાફલપ્રાપ્તિનું વર્ણન કર્યું હતું.૨. ...૨૬૦

સાક્ષાત્ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ઓળખાણ તે પરબ્રહ્મપરાયણ ધર્મસહિત વર્ણવી હતી.૨. ...૨૬૧

ભાણવીર્યનામનો ભક્ત અશ્વપટ સરોવરને તીર દાન આપીને તથા શ્રીબાલકૃષ્ણને ભજીને બ્રહ્મલોકમાં ગયો હતો.૨. ...૩૬૨

ઉર્જવ્રતનામનો કાયસ્થ શ્રીહરિવરની ઉપાસનાવડે નીરોગી થઈને મોક્ષમાં ગયો હતો, ત્યાં સૂર્યતીર્થ થયું છે.૨. ...૨૬૩

નિન્દકપારાધિને મૂંગાનો જન્મ થયો, ત્યારબાદ કુમકુમવાપીમાં શ્રીબાલકૃષ્ણનાં સ્મરણ ભજનવડે બોલતો થઈ ગયો હતો, અને શાંર્ગધરસંહિતાને ઉપદેષ્ટા થયો હતો.૨. ...૩૬૪

પાર્ષ્ણિરદનામક અજાપાલને અશ્વપટ સરોવરમાં સ્નાનવડે ક્ષયરોગ નાશ થયો હતો, ત્યાં નારદતીર્થ થયું હતું.૨. ...૨૬૫

અર્કપુરીના રાજાને સુમન્તુરૂષિના શાપવડે સર્પજન્મ થયો હતો, અશ્વપટ સરોવરમાં વિપ્રાણીની પ્રાર્થનાવડે તે સર્પદંશથી મરેલા વિપ્રપતિને શ્રીબાળકૃષ્ણભગવાનને જીવાડ્યો, અને સર્પનો મોક્ષ કર્યો, ત્યાં શ્વેતવ્યાસતીર્થ થયું છે.૨. ...૨૬૬

મલેચ્છોએ રક્ષાંગારક નામના રાજાને મારી નાખ્યા પછી તેની રાણીએ અશ્વપટ સરોવરને કાંઠે શ્રીબાળકૃષ્ણનામનો જપ કરતાં થકાં સતીપણું લીધું, તે સતીતીર્થ થયું છે.૨. ...૩૬૭

અમોહાક્ષરાજાને પ્રબોધ નામના ગુરૂના ઉપદેશવડે કુમકુમવાપીક્ષેત્રમાં સાક્ષાત્પરબ્રહ્મનું દર્શન થયું, ત્યાં પ્રબોધતીર્થ થયું, અને રાજાનો ઉદ્ધાર થયો.૨. ...૨૬૮

અભયાક્ષ નામના રાજાએ શ્રીહરિની ભક્તિવડે અશ્વપટ સરોવરને તીર ત્યાગીદીક્ષા લીધી હતી, ત્યાં મન્દિર નિર્માણ કરાવ્યું હતું, તે લક્ષ્મીનારાયણતીર્થ થયું છે.૨. ...૨૬૯

શ્રીહરિએ દેવાનીક ખેતીકારને જળમાં ડૂબતાં ઉગાર્યો હતો, તથા બ્રહ્મસ્તંભ વિપ્રને ઉધ્ધાર્યો હતો, તથા અમરીદેવીને સાક્ષાત્ મહાવિષ્ણુએ ગ્રહણ કર્યા હતા, તથા કૂપ્યવાલ કઠિઆરાની હાથીથી રક્ષા કરી હતી, તે અશ્વપટ સરોવરમાં વિષ્ણુતીર્થ, પુરુષોત્તમતીર્થ, મહાવિષ્ણુતીર્થ, સનતકુમારતીર્થ, વિગિરે તીર્થો થયાં છે.૨. ...૨૭૦

શ્રીકૃષ્ણ બોલ્યા - હે રાધિકાજી !, અશ્વપટ સરોવરમાં કુમકુમેશ્વરતીર્થ, સતીશાતીર્થ, દુર્ગાતીર્થ, ધન્યેશ્વરીતીર્થ, શાલગ્રામતીર્થ, શ્રીકૃષ્ણનારાયણને પ્રતાપે એવાં ઘણા તીર્થો વસેલા છે.૨. ...૨૭૧

તથા નરનારાયણીતીર્થ, હરિકૃષ્ણતીર્થ, માણિકીતીર્થ, અક્ષરતીર્થ, તથા પરબ્રહ્મતીર્થ અને દીક્ષાતીર્થ, એવા ઘણાં તીર્થો વસેલાં છે.૨. ...૨૭૨

શ્રીકૃષ્ણનારાયણે દીક્ષા આપેલ જ્ઞાનતીર્થ બૃહસ્પતિતીર્થ એ આદિક તીર્થો વસેલાં છે.૨. ...૨૭૩

ભગવાન્ જે જે તીર્થોમાં વિચર્યા તે તે તીર્થોને અશ્વપટ સરોવરમાં વસાવેલાં છે. .૨...૩૦૦

(દ્વાપરયુગ સંતાન - ૩)

શ્રીપુરુષોત્તમ ઉવાચ - હે નારાયણીશ્રી !, બ્રહ્માના એકાવનમાં વારાહકલ્પમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વરૂપે હું વારમવાર પ્રકટ થાઉં છું. ૩. ...૨

બ્રહ્માના પ્રથમ વર્ષમાં રોહિણાંડોદર અસુરે ગળી લીધેલા સ્વર્ગના રક્ષણાર્થ હું દ્યુનારાયણ પ્રકટ થયો હતો તથા બીજા વર્ષમાં મેરૂનારાયણ, તથા ત્રીજા વર્ષમાં વિષ્ણુનારાયણ નામે હું પ્રકટ થયો હતો...૩, ૩

બ્રહ્માના ચોથા વર્ષમાં દેવનારાયણ, તથા પાંચમા વર્ષમાં યજ્ઞનારાયણરૂપે હું પ્રકટ થયો હતો. ૩. ...૪

છઠ્ઠા તાપસ વર્ષમાં રૂદ્રોના શાસન માટે અનાદિબ્રહ્મનારાયણ થયો હતો, સાતમા વત્સરમાં અધિકારોની વ્યવસ્થાઓ માટે અનાદિ આદિત્યનારાયણ થયો હતો. ૩. ...૫

આઠમા વર્ષમાં સર્વેના શાસન માટે અનાદિગરૂતમન્મહાનારાયણ થયો હતો. ૩. ...૬

બ્રહ્માના નવમા વર્ષમાં ધ્રુવની અચળતા માટે અનાદિ આર્ષનારાયણ થયો હતો. તથા દશમા વર્ષમાં પુરાનન્દનામના રાજાનો મદ ઉતારવા અનાદિપ્રાજ્ઞનારાયણ થયો હતો. ૩. ...૭

બ્રહ્માના અગ્યારમા વર્ષમાં હું નૈષ્ઠિક સાધુઓના ધર્મોના સ્થાપન માટે અનાદિવીરનારાયણ થયો હતો. ૩. ...૮

બારમાં વર્ષમાં શોણભદ્રના યજ્ઞમાં બળી ગયેલાઓના આત્માઓને મોક્ષ આપવા અનાદિભદ્ર નારાયણ થયો હતો. તેરમાં વર્ષમાં તુંગભદ્રા યોગિનીએ સૂર્યની ગતિ બંધ કરી હતી, તેને ચાલુ કરવા અનાદિશ્રીનારાયણરૂપે પ્રકટ થયો હતો. ૩. ...૯, ૧૦

બ્રહ્માના ચઉદના વત્સરમાં કોશસ્તેન રાક્ષસના ઉપદ્ર વડે બીજ છે નષ્ટ જેમનું એવા સ્વર્ગના રક્ષણ માટે અનાદિબીજનારાયણ થયો હતો. ૩. ...૧૧

બ્રહ્માના પન્નરમાં વર્ષમાં ધર્મવ્રતનામના વિપ્રને ઘેર અનાદિ શ્રીવરનારાયણ પ્રકટ થયો હતો. ૩. ...૧૨

સોળમાં વર્ષમાં સુદર્શની નામની યોગિનીએ તમામ નરોને શાપવડે નારીઓ બનાવી દીધી હતી, તેમના નરભાવ કરવા માટે અનાદિસ્ત્રીપુંનારાયણ થયો હતો. ૩. ...૧૪

અઢારમા વર્ષમાં સાધુધર્મોના સ્થાપન માટે શ્રીશીલનારાયણ થયો હતો. ૩. ...૧૫

ઓગણીશમા વર્ષમાં વ્યાઘ્રાનલ અસુરના નાશ માટે અનાદિશ્રીવાર્ધિનારાયણ થયો હતો. ૩. ...૧૬

વીશમા વત્સરમાં અનાદિચતુર્મુખનારાયણ થયો હતો. ૩. ...૧૭

બ્રહ્માના એકવીશમા વર્ષમાં રાધનિકા તથા પુણ્યરાત વિપ્રના મનોરથ પૂરવા શ્રીપુરુષોત્તમનારાયણ પ્રકટ થયો હતો. ૩. ...૧૮

બ્રહ્માના બાવીશમા વર્ષમાં તીર્થો કરવા શ્રીતીર્થનારાયણ થયો હતો. ૩. ...૧૯

ત્રેવીશના વત્સરમાં ભક્તિની પ્રાર્થના વડે ભક્તિ પ્રવર્તાવવા શ્રીજીવનારાયણ થયો હતો. ૩. ...૨૦

ચોવીશમા વર્ષમાં અર્ધશ્રીશ્વરનારાયણ થયો હતો. પચીસમા વર્ષમાં અનાદિ શ્રીમાન્ અર્ધપિતૃનારાયણ થયો હતો. છવ્વીશમા વર્ષમાં અનાદિશ્રીપ્લક્ષનારાયણ થયો હતો. ૩. ...૨૧

સત્તાવીશના વર્ષમાં નરમેધ યજ્ઞમાં ભક્તરક્ષા માટે શ્રીપુંસ્ત્વનારાયણ થયો હતો. ૩. ...૨૨

અઠ્ઠાવીશના વર્ષમાં શ્રીશ્યામનારાયણ થયો હતો. ૩. ...૨૩

ઓગણત્રીશના વત્સરમાં માયૂરકાસુરનો નાશ કરવા શ્રીરાજનારાયણ થયો હતો. ૩. ...૨૪

બ્રહ્માના ત્રિશના વર્ષમાં નૈષ્ઠિકતાસ્થાપનાર્થ શ્રીબ્રહ્મચારીનારાયણ થયો હતો. ૩. ...૨૫

બ્રહ્માના એકત્રીશના વર્ષમાં હલ્લકાસુરે શંભુનું મસ્તક કાપ્યું હતું, તેને તાત્કાલિક જોડવા માટે શિવનારાયણ થયો હતો. ૩. ...૨૬

બત્રીશમા વર્ષમાં યમરાજે મારેલા કુબેરને જીવાડવા અનાદિ શ્રીસ્વર્ણનારાયણ થયો હતો. ૩. ...૨૭

તેત્રીશના વર્ષમાં જ્વાલામુખી પર્વતો સળગી ઉઠતાં સ્વામિનગરીને અગ્નિના લાવા રસોથી બચાવવા હું અનાદિ સ્વામિનારાયણ પ્રકટ થયો હતો. ચોત્રીશના વર્ષમાં નિર્વાણિકા નામની બ્રાહ્મણીની ભક્તિવડે હું અનાદિશ્રીસાવનનારાયણ થયો હતો. ૩. ...૨૮

પાંત્રીશમા વત્સરમાં અંશુકમથ નામના રાજાની ભક્તિ વડે શ્રી સાધુ નારાયણ પ્રગટ થયો હતો. ૩-૨૯.

છત્રીશમાં વર્ષમાં હરિપૃથ ભક્તના શાપ વડે મૃત થયેલા વર્ણિશાલ નામના મનુને જીવતો કરવા અનાદિ શ્રીભક્તનારાયણ થયો હતો. ૩. ...૩૦

સાડત્રીશના વર્ષમાં અજહારીત રૂષિના શાપવડે અશ્વ થઈ ગએલા વર્મધાર નામના રાજાને શાપથી મુક્ત કરવા અનાદિ શ્રીમેધનારાયણ થયો હતો. ૩. ...૩૧

આડત્રીશના વત્સરમાં અનળાદ અસુરના નાશ માટે અનાદિ શ્રીવન્હિનારાયણ થયો હતો. ઓગણચાળીશના વત્સરમાં ઇલોદર અસુરના નાશ માટે અનાદિશ્રી રસનારાયણ થયો હતો. ૩. ...૩૨

ચાળીસમાં વત્સરમાં દૈત્યોના નાશ માટે અનાદિશ્રીચક્રનારાયણ થયો હતો. ૩. ...૩૩

બ્રહ્માના એકતાળીશના વત્સરમાં સત્યયુગના ધર્મસ્થાપન માટે અનાદિ શ્રીસત્યનારાયણ થયો હતો. બેતાળીશના વત્સરમાં પર્વતોને ઊડતા બંધ કરવા અનાદિશ્રીહિરણ્યનારાયણ થયો હતો. ૩. ...૩૩

ત્રેતાળીશના વત્સરમાં ભક્તો માટે અનાદિશ્રીનૈરંજનીનારાયણ થયો હતો. ચુમ્માલીશના વત્સરમાં બ્રહ્માને લાગેલ પુણ્યવતી દેવીના શાપના નિવારણ માટે અનાદિશ્રીપુણ્યનારાયણ થયો હતો. ૩. ...૩૪

પીશતાળીશના વત્સરમાં માનુયી થયેલી અપ્સરાઓના મનોરથો પૂરવા માટે શ્રીબૃહન્નારાયણ થયો હતો. છેતાળીશના વર્ષમાં મહર્ષિઓને બ્રહ્મવિદ્યા આપવા માટે અનાદિશ્રીગુરુનારાયણ થયો હતો, સૂડતાળીશના વર્ષમાં બૃહધ્ધર્મારાજાના રક્ષણ માટે રાજસૂયયજ્ઞનમાં શ્રીમહાચાર્યનારાયણ થયો હતો. ૩. ...૩૫

બ્રહ્મના અડતાલીશના વર્ષમાં વિદ્યુત્સ્રાવિ રાક્ષસનો નાશ કરવા શ્રીવિદ્યુન્નારાયણ થયો હતો. ઓગણપચાસના વત્સરમાં મધુભક્ષાદિક દૈત્યોનો નાશ કરવા શ્રીમધુનારાયણ થયો હતો. પચાસમાં વર્ષમાં ગોહન્તારદૈત્યોનો નાશ કરવા શ્રીનાથનારાયણ થયો હતો. ૩. ...૩૬

બ્રહ્માના એકાવનમાં વર્ષમાં સ્વર્ણોત્સવમાં અનાદિશ્રીવિષ્ણુનારાયણ થયો હતો. બ્રહ્માના બાવનમાં વર્ષમાં અનાદિશ્રીમોક્ષનારાયણ થયો હતો. ૩. ...૩૭

બ્રહ્માના ત્રેપનમાં વર્ષમા હું અનાદિશ્રીકૃષ્ણનારાયણરૂપે પ્રકટ થયેલ છું. ૩. ...૩૮

હે નારાયણીશ્રી !,

વર્ષોના માસ, તેના દિવસો, અને તેના મનુઓમાં મારા અંશના કલાના આવેશના વિભૂતિના વ્યૂહના સામર્થ્યોના સાધુતાના અવતારોનો તો પાર જ નથી, અબજો અવતારો થાય છે, તેમને હું જાણું છું, તેમાં પણ અસંખ્ય સૃષ્ટિઓના અસંખ્ય બ્રહ્માંડોના અવતારો ગણત્રીમાં આવી શકે તેમ નથી.

શ્રીપુરુષોત્તમ બોલ્યા - હે નારાયણીશ્રિ !, મહર્ષિઓ મારો બોધ જનતાને આપે છે 'ગૃહિસ્ત્રીજાતિએ નારાયણપરાયણ રહેવું, વધૂટીઓએ સદાચાર પાળવો, પરમેશ્વરપતિની પ્રસન્નતામાં બધા સદાચારો સમાએલા છે.' અનાદિશ્રીકૃષ્ણનારાયણમાં કર્મકાંડ સમર્પણ કરવો, તે નિર્ગુણભક્તિયોગ છે. ૩. ...૪૧, ૪૫

શ્રીપુરુષોત્તમના યોગ જેવો બીજો મોટો યોગ નથી. ૩. ...૪૬

અષ્ટાંગયોગ સાક્ષાત્ પરબ્રહ્મના યોગમાં જ સાધી લેવો. ૩. ...૪૭

શ્રીહરિકૃષ્ણમાં અક્ષરાતીત એવો તાદાત્મ્ય યોગ કરી લેવો. ૩. ...૪૮

પાપોદ્ધારક શ્રીલક્ષ્મીનારાયણ યોગવ્રત શ્રીહરિગુરુગુરવાણીતીર્થવ્રત તે કરતા રહેવાં. ૩. ...૪૯

ગુરુતીર્થમાં જરૂર મોક્ષ વસેલો છે, ગુરુમાં ભગવાન વસેલા છે. ૩. ...૫૦

ગુરુ શબ્દનો અર્થ - પાપનાશક, અંધકારનાશક, અંજવાળાં સમર્પક, એ પ્રમાણે છે. ૩. ...૫૦

ગુરુરહસ્ય સદાચાર શીખવા. ૩. ...૫૩ ગુરુતીર્થવડે બ્રહ્મપ્રિયાપણું મળે છે, ૩ ૫૪

ગુરુતીર્થમાં રક્ષાશ્વપચીનો મોક્ષ થયો હતો. ૩. ...૫૫

ગુરુ તે શ્રેષ્ઠ એવું શ્રીહરિવરનું સ્વરૂપ છે. ૩. ...૫૬

ધ્યેય શ્રીહરિમાં સર્વાર્પણ સ્તોત્ર કરતા રહેવું. ૩. ...૫૭

ગવૈયાઓએ ભગવાનનું જ ગાવણું કરવું. ૩. ...૫૮

નારદજીએ ભગવાન માટેજ ગાન કર્યું હતું. ૩. ...૫૯

મહાભાગવત ભક્તોના ચિન્હો ભગવતપરાયણ હોય છે. ૩. ...૬૦

ભગવાન્ શ્રીહરિની ગદાએ ચિદંબરા રાણીની ભદ્રક આદિ રાક્ષસોથી રક્ષા કરી હતી. ૩. ...૬૧

દિવ્યમંત્રજપ અને ગુરુનું બળ તે બે રક્ષા કરે છે. ૩. ...૬૨

શ્રીહરિની અનાવરણ સેવા અતિ શ્રેષ્ઠ છે. ૩. ...૬૩

ગુરુસ્વરૂપ હરિની સેવાપૂજા દરરોજ કરવી. ૩. ...૬૪

ભક્તિ જેવો આનંદ બીજેથી નથી મળતો. ૩. ...૬૫

વધૂટીઓની ભક્તિનું રહસ્ય શ્રીહરિવરમાં વિશ્રાન્તિ પામે છે. ૩. ...૬૬

શ્રીહરિવરની કૃપામાં બધાં ફળ મૂર્તિમાન થાય છે. ૩. ...૬૭

મહા મંત્રોના રહસ્ય અને ન્યાસ પોતાના શરીરમાં મનમાં અને આત્મામાં મેલવા. ૩. ...૬૮

ગાયત્રીઓ શ્રીહરિવરને ગાય છે. ઉર્ધ્વપુંડ્રાદિક તે મારા ચરણ આદિકનો યોગ છે. ૩. ...૬૯

મહામંત્રોના ગૂઢ અર્થો મારામાં શ્રીહરિવરમાં જ રહેલા છે. ૩. ...૭૦

ત્રણ ભાગની વિભૂતિઓ તથા એક ભાગની લીલાઓ તે મારા જેવી દિવ્ય જ છે. ૩. ...૭૧

શ્રીહરિવરના નામભજનવડે યયાતિરાજાએ પ્રજાને વૈષ્ણવી બનાવીને મોક્ષની ભાગીદારી કરી હતી. ૩. ...૭૨

યયાતિરાજા શ્રીકૃષ્ણરસાયનનું પાન કરીને મોક્ષમાં ગયો હતો. ૩. ...૭૩
શ્રીકૃષ્ણનારાયણના ભક્ત એવા કદર્યને અલ્પદાનનું અનન્તગણું ફળ મળ્યું હતું. ૩. ...૭૪

સન્તસમાગમે સન્તપ્રતાપે મારી પ્રાપ્તિ થાય છે.. ૩. ...૭૫

ધામમાં ગતિ, સન્તોની પ્રાપ્તિ, આદિક તે, બ્રહ્મધામમાં સાક્ષાત્ શ્રીહરિવરનો યોગ આપનારા છે. ૩. ...૭૬

શ્રીપુરુષોત્તમ બોલ્યા - હે નારાયણીશ્રિ !, સતી સાધ્વીઓને શ્રીહરિવરનું પાતિવત્ય તેજ અન્તિમ વ્રત છે. ૩. ...૭૭

સુચન્દ્રિકા નામની ગોપી શ્રીહરિવરમાં પાતિવ્રત્યવડે બ્રહ્મલોક સુધી પરણેલા પતિને લઈને મોક્ષમાં ગઈ હતી. ૩-૭૮

સાધ્વી નારી બ્રહ્મે પ્રિયા પત્નિ શ્રીહરિવ્રત વડે હરિપ્રિય નામના મનુને સાથે લઈને બ્રહ્મલોકની ગતિને પામી. ૩. ...૭૯

સન્તોની સેવા તે દીર્ઘાયુ તેમજ મોક્ષ આપનાર છે. ૩. ...૮૦

સાધુસંગતિવડે ગૃધ્ર તથા જીવટકીડો મોક્ષ પામ્યા હતા, વિનોદિનીના પુત્રો સાધુઓ થઈ ગયા હતા, તેઓ મોક્ષમાં ગયા હતા. ૩. ...૮૧

સાધુસમાગમવડે પાપમયી જાતિઓનો પણ ઉદ્ધાર થાય છે. ૩. ...૮૨

સાધુપણામાં ઘણાં કારણો છે, તેના સારા ફળો મળે છે. ૩. ...૮૩

સન્તસમાગમરહિતને પણ સાધુવૃત્તિ થવાના સાધનો ઘણાં છે. ૩. ...૮૪

સાધુનો મુખ્યધર્મ નારાયણ છે, નારાયણ પોતે સન્તને નમે છે, અને પૂજે છે.. ૩. ...૮૫

ધન રાજ્યના ગર્વિષ્ઠને પણ સાધુપ્રતાપે મોક્ષ મળી જાય છે.. ૩. ...૮૬

ગૃહસ્થાશ્રમી વિપ્રો કરતાં સાધુઓ શ્રેષ્ઠ છે. વિષ્ણુએ તથા દુર્ગાએ સાધુસેવા કરી છે. ૩. ...૮૭

કૃપાળુ સન્તની સેવાવડે જીવપ્રાણી માત્રનો ઉદ્ધાર થાય છે. ૩. ...૯૦

ઘાતકી માનવ પણ જંગમતીર્થ એવા સન્તના યોગવડે પાવન થાય છે, અશ્વપટ સરોવરમાં કૃશાંગ નામના વૃષલનો ઉદ્ધાર થયો હતો, તે બ્રહ્મનિષ્ઠ થયો હતો, અને અગ્નિદેવપણાને પામ્યો હતો. ૩. ...૯૧

સર્વ બલોથી અધિક બ્રહ્મયોગનું બલ છે, તે સાધુપણાના ગૌરવમાં રહ્યું છે. ૩. ...૯૩.

સાધુજનના આશીર્વાદ વડે કશ્યપને સર્વપ્રજાના પિતાપણું મળ્યું છે. ૩. ...૯૫

શ્રીહરિ, સત્પુરુષ, સતી, ભક્તિ, એ કરતાં પણ સન્તસમાગમ બળવાન છે. ૩. ...૯૬

આલંબાયન સન્તના સમાગમ વડે ગોકર્ણભૂમિમાં લક્ષાતિલક્ષમાનવોની મુક્તિ થઈ હતી. ૩. ...૯૭

ગીધ, શ્વપચ, ભીલ, વિગેરેને સાધુસંગતિવડે સદ્ગતિ મળી છે. ૩. ...૯૮

સન્તોમાં લક્ષ્મીઓના નિવાસો છે. ૩. ...૯૯

અનાદિશ્રીકૃષ્ણનારાયણના પત્નીવ્રતધર્મ વડે નારી નારાયણી થાય છે. ૩. ...૧૦૦

શ્રીપુરુષોત્તમ બોલ્યા - હે નારાયણીશ્રિ !, નરશાય નામના ચોરને સન્તસમાગમ વડે 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ નારાયણ પ્રભો, અનાદિશ્રીકૃષ્ણનારાયણ લક્ષ્મીપતે વિભો', એવું ભજન કરવા વડે મુક્તિ મળી હતી. ૩. ...૧૦૪

કલ્યાણદેવાનીક ભક્તને શ્રીકૃષ્ણનારાયણે સેવાભક્તિમાં પરીક્ષા લીધી હતી, અને તેના વંશમાં પ્રકટ થવા પ્રભુએ ઇચ્છ્યું હતું. ૩. ...૧૦૭

અનાદિશ્રીકૃષ્ણનારાયણના 'નામસહસ્ર' એવા પુરુષોત્તમસામ નામના સ્તોત્ર વડે સર્વ ઇષ્ટ સિદ્ધિઓ થાય છે. ૩. ...૧૦૮

શ્રીપુરુષોત્તમસામના જપ વડે અક્ષરધામના આનન્દની પ્રાપ્તિરૂપી ફળ થાય છે. ૩. ...૧૦૯

બ્રહ્મસતી નામના ભક્તાણીએ દેહદાનવડે મોક્ષ મેળવ્યો હતો. ૩. ...૧૧૨

ભક્તિયુક્ત તપશ્ચર્યા મોક્ષ આપે છે. ૩. ...૧૧૩.

રોમપાદ નામના પશુપાલને તથા નગ્નભંગ નામના લૂંટારાને 'ઓ શ્રીકૃષ્ણનારાયણો ગતિર્મમ' એવા દ્વાદશાક્ષર મંત્ર જપવા વડે રાજભયથી રક્ષા થઈ હતી, તથા ભાગવતાયન સાધુના આશ્રયવાળા તરુવનમાં 'અનાદિ શ્રીકૃષ્ણનારાયણ રક્ષ દ્રુમાનિમાન્' એ મંત્રવડે અગ્નિનો દાવાનલ ઓલાવ્યો હતો. ૩. ...૧૧૪

કામદેવની ભસ્મમાંથી ઉત્પન્ન થયેલા ભંડાસુરનો નાશ કરવા દેવયજ્ઞમાં પ્રકટ થયેલાં લલિતા લક્ષ્મીએ શ્રીબાલકૃષ્ણપ્રભુના આજ્ઞા વડે નારી સૈન્યો ઉપજાવ્યા હતાં. ૩. ...૧૧૫

લલિતાના સન્યોએ ભંડાસુરના સૈન્યોનો નાશ કર્યો હતો. ૩. ...૧૧૬

લલિતાલક્ષ્મીએ તરવાર વડે ભંડાસુરનો વધ કર્યો હતો. ૩. ...૧૧૭

શ્રીહરિવરના પ્રતાપે લલિતાલક્ષ્મીના સોળ મન્દિરો કરાયા હતાં, સર્વમન્દિરોમાં સ્તુતિ પૂજા આદિ થતા હતાં. ૩. ...૧૧૮

શ્રીગોપાળકૃષ્ણ શ્રીકંભરાલક્ષ્મી તથા લલિતાદેવીનું પૂજન કરનારા શ્રીકૃષ્ણનારાયણના પ્રતાપે મોક્ષમાં જશે. ૩. ...૧૧૯

શ્રીકંભરાલક્ષ્મીએ પુત્રીવ્રત કર્યું હતું, તેથી તેને ખોલે શ્રીલલિતાલક્ષ્મી પોતે સન્તોષી નામના પુત્રી તરીકે પ્રકટ્યા હતાં. ૩. ...૧૨૨

સન્તાન પ્રાપ્તિને માટે સાધુસેવા એ શ્રેષ્ઠવ્રત છે. ૩. ...૧૨૩

શ્રીપુરુષોત્તમ બોલ્યા - હે નારાયણીશ્રિ !, અનાદિ શ્રીકૃષ્ણનારાયણના પ્રાકટ્યનો દિન આશ્વિન વદી આઠમ તે પુનમીયા મહીનાને હિસાબે કાર્તિક આઠમ સર્વસમયમાં શ્રેષ્ઠ છે તેમાં સર્વ દાન દેવા. ૩. ...૧૩૩

હે નારાયણીશ્રિ તમો અનાદિશ્રીકૃષ્ણનારાયણના રમાશક્તિરૂપે વસેલા છો, તેના પૂજનવડે સર્વે મનોરથો સિદ્ધ થાય છે. ૩. ...૧૩૫

લક્ષ્મીસૌભાગ્યશયનવ્રત કરનારને શ્રીહરિવર ઇષ્ટ ફળ આપે છે. ૩. ...૧૩૬

અનાદિશ્રીકૃષ્ણનારાયણ જ્યાં વસે છે ત્યાં બધાં તીર્થો વસે છે, તેના નામમાં બધા નામોનો સમાવેશ છે, તેની મૂર્તિમાં બધા ભગવાનોનો વાસ છે, તેના પૂજનમાં બધાં કર્મકાંડો છે. ૩. ...૧૪૧

મહાકાળનો ભય ટાળવા શ્રીબાળાકૃષ્ણપ્રભુનું નામ સમર્થ છે. ૩. ...૧૪૩. ભગવાનની ગોઠવણી મુજબ યુગધર્મોના પરિવર્તનો થાય છે. ૩. ...૧૪૪ શ્રીકૃષ્ણનારાયણને વધારે પ્રસન્ન કરવા લક્ષ્મીજીએ સંગીત ગાયું હતું. ૩. ...૧૪૫ આપત્તિઓને દૂર કરવા ભગવાનની શક્તિઓના પૂજનવ્રત કરતા રહેવાં. ૩. ...૧૪૭

જલદી આપત્તિ હઠાવવા શ્રીહનુમાન મંત્રનો જપ પૂજન સ્તોત્ર વિગેરે કરવા. ૩. ...૧૫૦

સુખી રહેવા ભાગવત ધર્મવંશના પૂજન કરાવતા રહેવા. ૩. ...૧૫૨

કુંભારણ્ય સરોજનીના ચાર પતિદેવો મર્યા પછી સાધ્વીઓના આશ્રમમાં રહીને શ્રીલક્ષ્મીનારાયણની આરાધના વડે તેને સદ્‌ગતિ પ્રાપ્તિ થઈ હતી. ૩. ...૧૫૪

અનાદિશ્રીકૃષ્ણનારાયણ બ્રહ્મપ્રિયામુક્તાનીઓ સહિત વિમાન વડે હિમાલયભૂમિ તરફ ફરવા પધાર્યા હતા. ૩. ...૧૫૯

પૂર્વદિશાઓના તીર્થો કરી શ્રીબાળકૃષ્ણપ્રભુએ લોમશક્ષેત્રમાં પાછા આવીને વિરામ લીધો હતો. ૩. ...૧૬૦

શ્રીપુરુષોત્તમ બોલ્યા - હે નારાયણીશ્રિ !, આ વારાહકલ્પમાં ચઉદ મનુઓના સમયમાં મેં ચઉદ અવતારો સ્વતંત્ર લીધા છે, અને બીજા તો ઘણા લીધા છે. ૩. ...૧૬૪

અનાદિશ્રીકૃષ્ણનારાયણની નૈષ્કર્મ્યસિદ્ધિવડે વર્તનારને ધામમાં પરબ્રહ્મની સેવા આપે છે. ૩. ...૧૭૩

અનાથા એવી નિત્યાશ્રયા નામની ભક્તાણીને અનાદિશ્રીકૃષ્ણનારાયણની ભક્તિવડે મોક્ષ થયો હતો. ૩. ...૧૭૯

કોઢિયા ચારણને ભક્તિવડે કોઢ નષ્ટ થયો હતો, એક ગ્રામયાજક ગામોટી વિપ્રને ભક્તિવડે જલોદર નાશ પામ્યું હતું અને છેવટે મુક્તિ મળી હતી. ૩. ...૧૮૦

વિરાલ નામના વૈશ્યને ભક્તિવડે કુમકુમવાપીક્ષેત્રમાં પ્રભુ મળ્યા અને તેના ક્ષયરોગનો નાશ થયો તથા મુક્તિ મળી. ૩. ...૧૮૧

પૃથ્વીધર રાજાના જન્માન્ધ કુમારને ભક્તિવડે શ્રીહરિએ દૃષ્ટિવાળો કર્યો હતો. ૩. ...૧૮૨

સાગર નામના શૂદ્રને ભક્તિવડે નીરોગી પગવાળો કર્યો હતો. ૩. ...૧૮૩.

એક વૃકૂણદેવભક્તને ભક્તિવડે ઠુંઠાપણાનો નાશ થયો હતો. ૩. ...૧૮૪

ગાંડો મંજુલકેશ ભક્તિવડે ડાહ્યો થઈ મોક્ષમાં ગયો હતો. ૩-૧૮૫

મધ વેચનારા બાણાંગણને સન્ત સમાગમ અને ભક્તિ વડે પવિત્રતા તથા મુક્તિ થઈ હતી. ૩. ...૧૮૬

ભૂતાદન નામના અછૂતને સન્ત સમાગમવડે સ્વર્ગગતિ થઈ હતી...૩, ૧૮૭

શંકુધર ચોરને સાધુસમાગમ વડે મોક્ષ મળ્યો હતો. ૩. ...૧૮૮

સન્તવડે ભગવાન મળે છે અને મોક્ષ થાય છે. ૩. ...૧૮૯

લૂંટારાઓએ લૂંટેલા સંઘે શ્રીહરિવરની નામસ્મૃતિ કરી, ભગવાને સૈન્યરુપે આવીને રક્ષા કરી હતી. ૩. ...૧૯૦, ૧૯૧

વારાંગના સેવનારા ધનિષ્ઠકોષ વણિકને મોક્ષ તેની સ્ત્રીની ભક્તિવડે પ્રભુએ કર્યો હતો. ૩. ...૧૯૨

કુંદનદેવી રાણીની ભક્તિ વડે રાક્ષસ વળગેલા વાટાશીનારના રાજાનો મોક્ષ થયો હતો. ૩. ...૧૯૩.

વિશ્રામ નામના આમાત્યને તેની પત્નીની ભક્તિવડે પરસ્ત્રીહત્યાનું પાપ નાશ પામ્યું હતું. ૩. ...૧૯૪

હર્ષુલભક્તને એક પત્નીમાં જન્મ પામેલ પુત્રને સોખ્યે મરાવી નાખ્યો, પછી ભક્તિવડે તે બાલકને ભગવાને જીવતો કર્યો હતો. ૩. ...૧૯૫

શાણધર ખેતીકારને ભગવાને ગળતા કોઢ મટાડ્યા હતા. ૩. ...૧૯૭

નિમ્બદેવ ભક્તને ભગવાને વૃષભહત્યાનું પાપનિવારણ કરાવ્યું હતું. ૩. ...૧૯૮

એકાન્તિકભક્તોના ઐશ્વર્યોને ભગવાન વધારે છે. ૩. ...૧૯૯

કાલીન્દર ભાંડને ભક્તિવડે મોક્ષ મળ્યો હતો. ૩. ...૨૦૦

રાયણદેવ નામના નર્તકને બોધાયનના ઉપદેશ વડે ગર્ભમાંથી જ જ્ઞાન અને ભક્તિ હતાં, તેને હરિવરના દર્શન થયાં અને તે અન્તે મોક્ષમાં ગયો હતો. ૩. ...૨૦૧

વ્રતદી નામના ગાયક ભક્તના યોગવડે પુંડ્રવર્મારાજાને શ્રીહરિની ભક્તિ થયા બાદ મોક્ષ મળ્યો હતો. ૩. ...૨૦૨

શ્રીપુરુષોત્તમ બોલ્યા - હે નારાયણીશ્રિ !, તૂલવાયી નામના દરજીને મારી ભક્તિ વડે મારા દર્શન થયા હતાં અને તે મોક્ષમાં પહોંચ્યો હતો...૨, ૨૦૩.

જાંગલદેવ નામના કઠિયારાને ભક્તિવડે સન્તરુપમાં મારા દર્શન થયા હતા, અને તેને મેં મોક્ષમાં મોકલ્યો હતો. ૩. ...૨૦૪

એક ખેલાડી વાત્સલ્યધીર નામના ભક્તને તેની પત્ની મંજુલિકાની ભક્તિવડે પ્રસન્ન થયેલા મેં તેને દર્શન દઈને ધામમાં પહોંચાડ્યો હતો. ૩. ...૨૦૫

તિલકરંગ નામના અરણ્યપાળને મારી ઉપાસનાના બળવડે મેં મોક્ષમાં મોકલ્યો હતો. ૩. ...૨૦૬

અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરનારા નાજાભક્તને ભગવાને ચોરવર્ગથી રક્ષા કરી હતી. ૩. ...૨૦૭

સાગર નામના ભીલને ભક્તિવડે પ્રસન્ન થયેલા શ્રીહરિવરે થોડાક ઘઉં આપી કોઠીમાં અખૂટ ઘઉં કરી દીધા હતા, તથા અન્તે તેને મોક્ષમાં લઈ ગયા હતા. ૩. ...૨૦૮

હૂણજાતિનો સારંગ નામનો ભક્ત અરણ્યમાં ગાયો-ભેંસો ચારતો હતો, સિંહ વાઘથી તેની રક્ષા શ્રીહરિએ કરી હતી. ૩. ...૨૦૯

યજ્ઞરાધનામક ચંડાળ કુટુમ્બસહિત 'ઓ નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા' એમ મંત્ર જપતાં તથા શ્રીબાલકૃષ્ણ નામ રટતાં રટતાં શ્રીહરિના દર્શન કરી મોક્ષમાં ગયો હતો. ૩. ...૨૧૦

એવી જ રીતે કપિક્ષય નામનો ચાંડાળ વાનરરુપદેવના ઉપદેશ વડે મારી ભક્તિ કરવાથી મોક્ષમાં ગયો હતો. ૩. ...૨૧૧

નાલીકર નામના લુહારને મારી ભક્તિવડે રાજી થઈ મેં શ્રીલક્ષ્મીનારાયણરુપે દર્શન આપ્યું હતું, અને મોક્ષમાં મોકલ્યો હતો. ૩. ...૨૧૨

મંગળદેવ નામના ચમારને મેં ઝેરના પરાભવમાંથી ઉગાર્યો હતો. ૩. ...૨૧૩.

હરિદાસ નામના સુતારને મારી ભક્તિ વડે મં મોક્ષ આપ્યો હતો. ૩. ...૨૧૪

દામશિલાદ નામના કારીગરને મારી ભક્તિવડે સુખી કરી છેવટે મોક્ષમાં મોકલ્યો હતો. ૩. ...૨૧૫

સંજયદેવ નામના શિલ્પિને મેં ગજ થકી રક્ષા કરી હતી. ૩. ...૨૧૬

સંભલદેવ નામનો ચીતારો મારી ભક્તિવડે શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિને કાયમ ચીતરતાં સ્વપ્નમાં પણ મને દેખવા લાગ્યો, તેને મેં દિવ્યમૂર્તિના અંગો-અંગના દર્શન કરાવીને ધ્યાન સમાધિમાં મોકલ્યો હતો, પછી મોક્ષ આપ્યો હતો. ૩. ...૨૧૭

મોતીશ્વર નામનો ભક્ત શિલાંગારની ખાણમાં કામ કરતાં કરતાં 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા' એવો મંત્ર બોલતા મારે પ્રતાપે મોક્ષમાં ગયો હતો. ૩. ...૨૧૮

ચક્રધર નામના હિંસકને મારા મંત્રના જપ વડે મેં મોક્ષમાં પહોંચાડ્યો હતો. ૩. ...૨૧૯

વાટધર નામના ખવાસને રાજાના દંડથી મુકાવી મેં રક્ષા કરી હતી, અને તેને મોક્ષમાં મોકલ્યો હતો. ૩. ...૨૨૦

શિવવિજય નામના ડેરાકારને શ્રીહરિવરની ભક્તિ વડે મોક્ષ મળ્યો હતો. ૩. ...૨૨૧

જાળમાં માછલા પકડતા સંગરજાદવને સન્તસમાગમ વડે શ્રીહરિકૃષ્ણના ભજન દ્વારા મોક્ષ મળ્યો હતો. ૩. ...૨૨૨

કેટલાક ગોવાળને સતીશ્વરી ભક્તાણીના સત્સંગવડે શ્રીબાળકૃષ્ણપ્રભુના ચરણની પ્રાપ્તિરુપી મોક્ષ મળ્યો હતો. ૩. ...૨૨૩.

ઊંટોના માલિક દીર્ઘરવને મારી ભક્તિવડે મોક્ષ મળ્યો હતો. ૩. ...૨૨૪

રત્નપાલ નામના ભક્તને મારા ભજન વડે મોક્ષ ગતિ થઈ હતી. ૩. ...૨૨૫

ગદાર્દન નામના વૈદ્યને તેની પત્ની મુકુન્દાના ભજન પ્રતાપે મેં મોક્ષ આપ્યો હતો. ૩. ...૨૨૬

દેશ્યાવન મદારીને મારા સન્તસમાગમ દ્વારા મારા ભજન વડે મોક્ષ મળ્યો હતો. ૩. ...૨૨૭

હર્ષધર્મ નામના વાળંદની નિગમિકા નામની પત્નીની ભક્તિના બળે પ્રસન્ન થયેલા બાળકૃષ્ણ-ભગવાન નિગમિકાનું રૂપ લઈને સ્વર્ણધન્વા નામના રાજાની રાણીની સેવામાં ગયા હતા, અને નાપિતકુટુમ્બની રક્ષા કરી હતી તથા મોક્ષગતિ કરી હતી. ૩. ...૨૨૮

રુટાણકી નામની મચ્છીમારની નારીને 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાયણાય પતયે સ્વાહા' એવા ભજનો વડે શ્રીબાળકૃષ્ણ ભગવાને દર્શન દઈ રક્ષણ કર્યું હતું, તથા અન્તે મોક્ષ આપ્યો હતો. ૩. ...૨૨૯

વહાણવટી ધીવરોને શ્રીકૃષ્ણનારાયણના ભજનો વડે યમનાદંડથી મુકાવી મોક્ષમાં મોકલ્યા હતા. ૩. ...૨૩૦

શૂલિએ ચઢાવનારા જલ્લાદને તેની પત્નીના 'શ્રીબાળકૃષ્ણનારાયણ' એવા નામ જપ વડે મોક્ષગતિ મળી હતી. ૩. ...૨૩૧

જ્વાલાપ્રસાદ તથા બીજા ભક્તોએ શ્રીહરિવરના ભજનવડે મોક્ષ મેળવ્યો હતો. ૩. ...૨૩૨

લવાદન નામના પ્રધાનને ભગવાન શ્રીહરિની ભક્તિવડે મોક્ષ મળ્યો હતો. ૩. ...૨૩૩.

વિખંડલ નામના શસ્ત્રધારીને મારી ભક્તિવડે મારું દર્શન થયું હતું, તથા મોક્ષગતિ મળી હતી. ૩. ...૨૩૪

શ્રીકુમકુમવાપીમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણનો **૧૬ - સોળમો જન્મજયન્તી મહોત્સવ** ઉત્તમ ધામધૂમો વડે ઉજવાયો હતો, સર્વ સૃષ્ટિઓના રાજાઓ, દેવો, ઇશ્વરો, પ્રજાઓ આવ્યા હતા, તેમાં અનેક પેટાઉત્સવો, મહાદાનો, મંત્રજપો, હોમહવનો, દક્ષિણાઓ, વિગિરે થયા-અપાયા હતા, ઉત્સવવિસર્જન કરાયો હતો. શ્રીબાળકૃષ્ણપ્રભુના લાખો ભક્તોને દિવ્ય દર્શન થયા હતા. ૩. ...૨૩૭

(તિષ્યયુગ સંતાન - ૪)

શ્રીશ્વેતાયન વ્યાસ બોલ્યા - હે રુષિમુનિઓ !, નરનારાયણ ભગવાન પોતે જ પરબ્રહ્મ પ્રકટ થયેલા છે, તેનો જે અક્ષરબ્રહ્મલોક તે બદરી પ્રકટ થયેલ છે, તેમાં બોરરુપી મુક્તો વસે છે, તેવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તે નરનારાયણરુપે પ્રકટ તપ કરવા અને ભક્તોને મોક્ષ આપવા કાયમ બદરિકાશ્રમમાં વિરાજેલા છે. ૪. ...૧

શ્રીનરનારાયણ ઉવાચ - હે હે બદરીશ્વરિ !, બદર નામના રાજાએ બદરિકાશ્રમના ઝૂંપડાં વસાવ્યા હતાં, અને હેમાનલાસુરને દાટી દેવા માટે શીતલ શિલાઓ ઢાંકેલી હતી, તે બરફ જામ્યે બધી હિમાલયરુપમાં થયેલી છે. ૪. ...૨

શ્રીકૃષ્ણનારાયણના કાયમી વસવાટ વડે બીજા તીર્થો પણ ત્યાં ઘણાં ઘણાં વસેલાં છે. ૪. ...૩

બદરરાજા ભક્તિરસવડે બદરરસરૂપે થઈને વસેલો છે. ૪. ...૪

નરભગવાન બોરોના ઠળીયારૂપે બીજ થયા છે. ૪. ...૫

શ્રીશીલરાજા પ્રેત થયો હતો, તેનો ઉદ્ધાર શ્રીહરિવરે બદરીતળે શ્રાદ્ધવડે કર્યો હતો. ૪. ...૬

દારાભાગ્ય નામનો નૃપતિ અને તેના માણસો બરરિકાશ્રમની યાત્રામાં ટાઢવડે ઠરડાઈ ગયેલા બે સન્તોને ઘેરીને ધુન્ય કરવા બેઠા, ત્યારે નરનારાયાણે પધારીને દિવ્યહાથવડે અડીને સચેતન કર્યા હતા, અને મોક્ષભાગીઓને મોક્ષમાં પણ પહોંચાડ્યા હતા. ૪. ...૭

લૂણીનગરના વિપ્રને બદરિકાશ્રમમાં શ્રીહરિવરના વરદાનવડે પુત્રો પુત્રીઓ પ્રાપ્ત થયા હતા. ૪. ...૮

સુરેશ્વરી સ્ત્રીની પુત્રી બાળયોગિની અનાદિ શ્રીકૃષ્ણનારાયણને સ્વામી માનીને ભજવી હતી, તેને ભગવાને દિવ્ય સિદ્ધિઓ આપી હતી. ૪. ...૯

સર્વેએ શ્રીકૃષ્ણનારાયણમાં સમર્પિત થાવું-૪, ૧૦

શ્રીકૃષ્ણનારાયણમાં દાસ્યભક્તિ વડે નારાયણીસ્વરુપ થવાય છે. ૪. ...૧૧

નારીઓને શ્રીહરિવરમાં મહાભાગવતધર્મ એ જ સત્યધન છે. ૪. ...૧૨

શ્રીહરિવરમાં દાસીના સર્વે ધર્મો તે બાલયોગિધર્મો જાણવા. ૪. ...૧૩.

શ્રીબાળકૃષ્ણસ્વામીમાં પરમવૈષ્ણવી યોગધર્મ શીખી લેવો. ૪. ...૧૪

નાગ્નમુખીચારણ્ય બાઈએ શ્રીકૃષ્ણનારાયણની પ્રાપ્તિરુપી બ્રહ્મરસ અને મોક્ષ મેળવ્યા હતા. ૪. ...૧૫

દેવલકના પત્ની વિનોદિનીએ વિનોદવડે શ્રીબાળકૃષ્ણપ્રભુને રાજી કર્યા હતા, તેથી સાક્ષાત્ પ્રભુને પ્રાપ્ત કરી મોક્ષમાં ગઈ હતી. ૪. ...૧૬

કુમકુમવાપીમાં શ્રીહરિના **૧૭ - સત્તરના જન્મજયન્તીના ઉત્સવમાં** બહુરુપી બાહુલક અને લીલાવતી નામની સ્ત્રી તે યુગલદંપતીએ અનેક નાટ્ય પરિવર્તનવડે શ્રીબાળકૃષ્ણને રાજી કર્યા હતા. ૪. ...૧૭

માળીજ્ઞાતિના માલિયાન અને મલ્લિકા યુગલે શ્રીહરિવરની સેવાવડે અક્ષરધામ મેળવ્યું હતું. ૪. ...૧૮

ભગવાનની સેવા જ્ઞાનવડે મળે છે, તેમાં બ્રહ્મરસ રહ્યો છે. ૪. ...૧૯

શ્રીકૃષ્ણકાન્તની ઉપાસના વડે શ્રીકૃષ્ણ પીયૂષ રસ મળે છે. ૪. ...૨૦

અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામીને બાળયોગિની સ્વામિની થઈને વરી ગઈ હતી. ૪. ...૨૨

શ્રીકૃષ્ણનારાયણના શ્રૃંગારો રચાયા હતા. ૪. ...૨૩.

શ્રીકૃષ્ણનારાયણે નિકામદેવ ભક્તને મોક્ષયોગનો ઉપદેશ આપ્યો હતો. ૪. ...૨૪ પરબ્રહ્મના સ્વરુપનો યોગ તેજ વિશિષ્ટબ્રહ્માંડદ્વૈત પરબ્રહ્મનો યોગ છે. ૪. ...૨૫

શ્રીનરનારાયણ ઉવાચ - હે બદરીશ્વરિ !, શ્રીકૃષ્ણનારાયણભગવાને નિકામદેવ ભક્તને નિર્ભય યોગ ઉપદેશ્યો હતો. શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિમાં તમામ એવો પોતાનો સમાવેશ થાય છે, સર્વસામવેદની સ્તુતિઓનું પરમપાત્ર શ્રીહરિવર છે. ૪. ...૨૬

નિકામદેવની પત્ની સુરેશ્વરીએ દિવ્યમૂર્તિશ્રીહરિવરની પૂજા કરી હતી, તેને શ્રીહરિવરે બધા ધામોમાં પોતાના સ્વરુપોના દર્શન કરાવ્યા હતા, અને તે દમ્પતીને મોક્ષ આપ્યો હતો. ૪. ...૨૭

ભદ્રાનદીમાં પિપઠાયન રુષિના સમાગમ વડે નિગડભ્રમ આદિ મચ્છીમારોને શ્રીકૃષ્ણનારાયણનો આશ્રય થયો હતો, મચ્છીમારો ભક્ત થઈને મોક્ષમાં ગયા હતા. ૪. ...૨૮

વિભાવરીપુરીની કુમળી નામની સગરાણીને ક્ષયરોગ થયો હતો, તે રોગનો શ્રીકૃષ્ણનારાયણના આશ્રય વડે નાશ થયો હતો, અન્તે તે મોક્ષમાં ગઈ હતી. ૪. ...૨૯

વિષલાણી નામની ધૂર્તા નારીને સન્તની પ્રસાદી જમવા વડે તથા સન્તના સત્સંગવડે વિવેકજ્ઞાન થયું હતું, અશ્વપટ સરોવરના તીર્થમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણની પ્રાપ્તિ થઈ હતી, અને આયુષ્ય છેડે મોક્ષમાં ગઈ હતી.. ૪. ...૩૦

ગંગજની નારી કડતલા ગૂંથતી હતી, તેને સાધુસાધ્વીઓના સત્સંગવડે પરમેશ્વરની પ્રાપ્તિ અશ્વપટ ક્ષેત્રમાં થઈ હતી, પછી તે મોક્ષમાં ગઈ હતી હતી. ૪. ...૩૧

ફણાગામની કુલાલી સૌરાષ્ટ્રમાં રણથંભ નામના કુંભારની પત્ની હતી, તેણે અશ્વપટ સરોવરમાં એકસો તથા એકહજાર વાટયો વડે દેવોની જળઆરતી ઉતારી હતી. તેને ઘેર ચન્દ્રમા પુત્ર તરીકે જન્મ્યા હતા, તેઓને શ્રીહરિવરનું જ્ઞાન થયું હતું, અને મોક્ષ પ્રાપ્તિ થઈ હતી. ૪. ...૩૨

માણેકપત્તનની હેમસુધા નામની સોનારણ અન્ન ભોજનનું સત્ર ચલાવતી હતી, તેને દુષ્કાળમાં શ્રીહરિવરે અખૂટ રોટીનો સિદ્ધ ચમત્કાર આપ્યો હતો, તે લાંબેકાળે શ્રીહરિવરને ભજીને મોક્ષમાં ગઈ હતી, કુમકુમવાપીક્ષેત્રમાં અસંખ્ય દેવદેવીઓ વિગેરે પધાર્યા હતા, અને શ્રીબાળકૃષ્ણપ્રભુનો **૧૮ - અઢારમી જન્મજયન્તીનો મહોત્સવ** ઉજવાયો હતો. ૪. ...૩૩

ધનધૃકૂપત્તનની ભોઈજ્ઞાતિની વિદ્રુમિણીબાઈ શ્રીકૃષ્ણનારાયણને ભજીને અનેક માનવોને ભગવદ્ભક્તિ કરાવીને પોતે મોક્ષમાં ગઈ હતી. ૩. ...૩૪

માલવાણી નામની ચમાર સ્ત્રીને ભાગવતધર્મના બળ વડે તથા સન્ત સેવા વડે ભાગવતધર્મદેવના સાક્ષાત્ દર્શન થયા હતા, પછી તે નિજજ્ઞાતિનો સંઘ લઈને કુમકુમવાપી તીર્થમાં ગઈ હતી, ત્યાં શ્રીહરિવરને ભજીને મુક્તિ પામી હતી. ૪. ...૩૫

શીકરલા ગામમાં કારેલિકા નામની શૂદ્રાણી આ કથાઓ સાંભળીને આત્મામાં બ્રહ્મદર્શન કરનારી થઈ હતી, તેના મોહ મટી ગયા હતા, વાળતાં ચોળતાં કામ કરતાં શ્રીહરિવરમાં તલ્લીન થયેલી હતી, તેનું કુટુમ્બ પણ નિર્મોહી થયું હતું, તે બધા જુદા જુદા શ્રીહરિવરના મંત્ર બોલતા જપતા હતા :

'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા', 'કાલમાયાપાપકર્મશત્રુયામ્યકુહદ્ભયાત્, શૂલમીનધ્વજધનુશ્ચક્રસ્વસ્તિકવાન્ અવ', 'શરણં શ્રીકૃષ્ણનારાયણોઽસ્તુ મમ સર્વદા', 'બ્રહ્માઽહં શ્રીકૃષ્ણનારાયણભક્તોઽસ્મિ શાશ્વત:, અનાદિશ્રીકૃષ્ણનારાયણ: સ્વામી પતિશ્ચ મે', 'બાલકૃષ્ણ: પરંબ્રહ્મ મમ વૈ શાશ્વત: પતિ:, પિતા બન્ધુ: સુહૃત્ મિત્રં રક્ષક: પાલકોઽસ્તુ સ:', 'ઓં માં શ્રીબાલકૃષ્ણાય સમર્પયામિ ઓં નમ:', 'ઓં શ્રીલક્ષ્મ્યૈ મહાલક્ષ્યમૈ દુ:ખભંકૃત્યૈ શ્રિયૈ નમ:', 'કૃષ્ણવલ્લભભક્તોઽહં શ્રીહરિ: શરણં મમ', 'શ્રીકૃષ્ણોવલ્લભ: સ્વામી શ્રીહરિ: શરણં મમ'-'શ્રીકૃષ્ણો વલ્લભશ્ચાઽઽર્ય: શ્રીસ્વામી શરણં મમ', 'પ્રભુ: કૃષ્ણો માપતિનારાયણ: શરણં મમ' - આવા મંત્રો બોલતા સંભળાવતા હતા. અશ્વપટ સરોવરતીર્થમાં અસંખ્ય ભક્તો તેવા મંત્રો જપીને મોક્ષમાં ગયા હતા. ૪. ...૩૬

કારેલિકા નામની શુદ્રાણી અને બદરિકાયનનો સંવાદ થયો હતો, તે સંવાદ પ્રમાણે પાળીને ભજીને કુટુમ્બસહિત કારેલિકા મોક્ષ મેળવનારી થઈ હતી, કુમકુમવાપીક્ષેત્રમાં શ્રીબાળકૃષ્ણપ્રભુનો **૧૯ - ઓગણીશમી** જન્મજયંતીનો મહોત્સવ **ત્રિલોકી વખાણે તેવો થયો હતો. ૪. ...૩૭**

ગોમતી નામની શૂદ્રાણીને સન્તોની સેવા વડે સન્તરુપે ભગવાન મળ્યા હતા. ૪. ...૩૮

ચામઠાજાતિની કનકાંગદાને સન્તસમાગમ વડે ભક્તિ વધતાં વધતાં સન્તરુપે ભગવાન મળ્યા હતા. ૪. ...૩૯

સિન્ધુનદીકાંઠાના ભાણવાણી તથા રાયહરિ નામના રાજાઓ જુગઠાં ખેલવામાં ભિખારી થઈ ગયા હતા, પતિવ્રતાઓના શાપ વડે ગાંડા થઈ ગયા હતા, તેઓનો મોક્ષ કરવો હતો, તે દેશના શર્કરાનગરમાં આ સંહિતાની મહાકથા બેસારી હતી, તેઓને કથાપ્રસંગમાં જ ભગવાનના દિવ્યદર્શન થયા હતા, અશ્વપટ સરોવર ક્ષેત્રમાંથી ભક્તો સન્તો વિગેરે આ કથાસ્થળે વિમાનો વડે પધાર્યા હતા, તે શર્કરાનગરમાં **૨૦ - વીશમી જન્મજયન્તીનો મહામહામહોત્સવ**- ઉજવવામાં આવ્યો હતો, તેમાં ઘણાં દિવ્યદર્શનો સાથે અસંખ્ય જીવોના મોક્ષ થયા હતા. ૪. ...૪૧

અનાદિશ્રીકૃષ્ણનારાયણે પરબ્રહ્મની ઓળખાણના ઉપદેશો આપ્યા હતા. ૪. ...૪૨

શ્રીનરનારાયણ બોલ્યા - હે બદરીશ્વરિ !, આ કથાઓની સમાપ્તિમાં મહાગ્રન્થનું પૂજન તથા શ્રીવ્યાસ અને શ્રીહરિવર તથા રુષિમુનિઓના મહાપૂજન થયા હતાં, દાન તથા અવભૃથ સ્નાન વિગેરે તમામ કાર્યો પૂર્ણ થયા પછી શ્રીહરિ વિગેરે કુમકુમવાપીક્ષેત્રમાં આવ્યા હતા, સર્વેએ વિશ્રાન્તિઓ લીધી હતી. ૪. ...૪૩.

શ્રીહરિવરનો **૨૧ - એકવીશનો જન્મજયંતીનો** મહોત્સવ શ્રીકુંકુમવાપીક્ષેત્રમાં ઘણા ધામધૂમે ઉજવાયો હતો. ૪. ...૪૪

ત્યારબાદ માધવરાય રાજાએ કચ્છમાં શ્રીહરિવરને પધરાવ્યા હતા. નારાયણસરોવરના તીર્થો કરાવ્યા હતા. ભુજનગરમાં પધરામણીઓ થઈ હતી. શ્રીહરિ કચ્છદેશને પાવન કરી કુંકુમવાપીક્ષેત્રમાં પધાર્યા હતા. ૪. ...૪૫

વિદ્યોતાનામની કંસારી નરરાજ કુંભાર, આંબાલિકા સોનારણ્ય, ધૂડ્યધોયાની નારી વિનોદિની, રંજનકોવિદ નટ શ્રીરામસુંદર કદર્ય, એ આદિક કાયમ સેવામાં રોકાયા હતાં. રાજી થયેલા શ્રીહરિસ્વરે શ્રીકૃષ્ણનારાયણે તેઓનો મોક્ષ કર્યો હતો. ૪. ...૪૬

શ્રીક્ષીરોદવીર ભૂપતિ, હજારો નરનારીઓ, સોમિકાનામની દેવનારી, મિથુનકુટ્ટવાસી નારીઓનો સમુદાય, ઇત્યાદિકનો પણ શ્રીભગવાને મોક્ષ કર્યો હતો. ૪. ...૪૭

માનવો સ્થળે સ્થળે 'કૃષ્ણનારાયણ કૃષ્ણનારાયણ પરેશ્વર' એવા નામો વડે ધૂન્ય કરતા હતા, તે સાંભળીને ઘણાં પ્રાણીઓ મોક્ષમાં જતા હતા, એક મદ્યપાયી કુટુમ્બને માર્ગમાં લૂંટારાઓએ લૂંટ્યું હતું, તેની શ્રીહરિએ દિવ્યરુપે જઈને રક્ષા કરી હતી, છેવટે તેઓને ભક્તિવડે મોક્ષ આપ્યો હતો. ૪. ...૪૮

એકગંડવાતા નામની નારી - 'કૃષ્ણનારાયણ સ્વામિન્ પ્રભો નારાયણીશ્વર. અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીમાધવીશ્વર' - એવું ભજન કરતી હતી, તે શ્રીહરિના દિવ્યદર્શન કરી બ્રહ્મલોકમાં ગઈ હતી. ૪. ...૪૯

દ્વિવદન્તી અને દ્વિગર્જન નામના દમ્પતી ભગવાનની કથાઓની નિન્દાઓ કરતા હતા, તેમને યમદૂતોએ માર માર્યો, ત્યારપછી - 'કૃષ્ણનારાયણ સ્વામિન્ નારાયણ નારાયણ. અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભક્તિપરાયણ' એવું ભજન કરવા વડે નિષ્પાપ થઈ શ્રીબાળકૃષ્ણપ્રભુની કૃપાવડે મુક્તિને પામ્યા હતા. ૪. ...૫૦

સુરપ્રસાદવિપ્રને ગુરુહત્યા વડે યમદૂતોએ હિંસામય નરકમાં નાખ્યો હતો, પાપો ભોગવ્યા બાદ અશ્વપટ ક્ષેત્રમાં માનવ જન્મમાં આ કથાઓ સાંભળીને સન્તસેવામાં રહેતો હતો, જેને શ્રીબાળકૃષ્ણભગવાને મોક્ષ આપ્યો હતો. ૪. ...૫૧

દેવનો દ્રોહી નાગવિક્રમ નામનો ક્ષત્રિય શરીરે લૂલો ઠુંઠો અર્ધ આંધળો થઈ ગયો હતો, સન્તસમાગમમાં આ કથાઓ સાંભળીને નિષ્પાપ થઈને મોક્ષમાં ગયો હતો. ૪. ...૫૨

શાલમિત્રક નૃપને દેવજીવિકા હરવા વડે લોહીવાળું હાથધોણું કાયમી થઈ ગયું હતું, સન્તને યોગે - 'અનાદિ- શ્રીકૃષ્ણનારાયણ એવું ભજન કરવા લાગ્યો, તે નિષ્પાપ થઈને મોક્ષમાં ગયો હતો. ૪. ...૫૩

યુદ્ધપત્તનના રાજાના કુમારી અને કુમારના વિષપ્રયોગવડે મૃત્યુ થયા હતા, પણ જીવનાયન સાધુના સ્પર્શવડે જીવન આવ્યું હતું, તેનું કુટુમ્બ ભક્ત થયું હતું, અને પ્રારબ્ધાન્તે મોક્ષ મેળવનારું થયું હતું...૪ ૫૪

જીવનાયન સન્તે - 'બાલકૃષ્ણાડનાદિકૃષ્ણ નારાયણ રમાયણ' એવું બધી પ્રજાને ભજન કરાવ્યુ હતું. ૪. ...૫૫

ાક્કરનગરની એક કૂટણી નારીને તથા તેની બસો સખીઓને શ્રીબાળકૃષ્ણપ્રભુના નામના મંત્રજપ વડે તથા પ્રત્યક્ષ સન્તસેવા વડે પવિત્રતાઓ મળી હતી, તથા પ્રારબદ્ધાન્તે મોક્ષ મળ્યા હતા. ૪. ...૫૬

શક્કરનગરના ષણ્ઢ સમુદાયને શ્રીકૃષ્ણનારાયણની ભક્તિ વડે મોક્ષ પ્રાપ્તિ થઈ હતી, શ્રીહરિએ ઘણા ષણ્ઢોને પુંસ્ત્વાદિનો પ્રાવિર્ભાવ થવાનો પ્રતાપ દેખાડ્યો હતો. ૪. ...૫૭

કરાંચની નગરીના હત્યારા યવસંઘને શ્રીહરિના ભજનવડે મુક્તિ મળી હતી. ૪. ...૫૮

ભંડશીલ નામના ભાંડને તથા ક્ષુપદધીચ નામના ત્રિમાલવને શ્રીહરિના નામ જપ વડે મુક્તી મળી હતી. ૪. ...૫૯

મલ્લોના સમુદાયને તથા મૃગપારાધિઓને ભગવાનના સન્તદ્વારા કથાશ્રવણ તથા નામમંત્રજપ વડે મુક્તિ મળી હતી. ૪ ...૬૦

શ્રીનરનારાયણ ઉવાચ - હે બદરીશ્વરિ !, લાંચિઓ વિલાસદેવ નામનો બ્રાહ્મણ સન્ત દ્વારા ભગવાનની આ સર્વકથાઓ સાંભળીને તથા સાધુદીક્ષા લઈને ભક્તિ કરીને મોક્ષમાં ગયો હતો ૪..૬૨

મહીરાયપુરનો દુરિતઘોષ નામનો અમાત્ય સન્તદ્વારા આ કથાઓ સાંભળીને મોક્ષને પામ્યો હતો. ૪..૬૩

મુકુન્દસાવિત્ર નામનો ન્યાયાધીશ સન્તમુખે આ કથાઓના શ્રવણવડે મોક્ષને પામ્યો હતો. ૪..૬૪

વિશાલરેખ નામનો બારોટ તથા કરણ નામનો કાયસ્થ તથા શાહવિલાપ નામનો ક્ષત્રિય, એ બધા શ્રીકૃષ્ણનારાયણની કથાઓના શ્રવણ તથા ભક્તિભજને કરીને મોક્ષને પામ્યા હતા. ૪-૬૫

દંડારણિ નામનો કૌલિક ગીધ જન્મને પામ્યો હતો, તે ભગવાનના સન્તોનું એઠું જમીને મોક્ષમાં ગયો હતો. ૪..૬૬

એક ગોવાળ મીંદડો થયો હતો, તથા ઠહોલવાણિયો શિયાળીઓ થયો હતો, તેવા બીજા પણ પ્રાણી સન્તનું એઠું ખાઈને મોક્ષમાં ગયા હતા. ૪. ...૬૭

અન્નપાળ ભરવાડ, તેની બકરીઓ, તે બાજ તથા ચકલાના જન્મમાં સન્તની અન્નજળ પ્રસાદી ખાઈને મોક્ષમાં ગયા હતા. ૪. ...૬૮

સથવારા જાતિ તથા કાઠી જાતિમાંથી જન્મ પામેલા કાગ અને કપોતોનો પ્રસાદી ખાવા વડે ઉદ્ધાર થયો હતો. ૪. ...૬૯

નાણાકી ખવાસણી ઢેઢગરોળી થઈ હતી, તેને સન્તપ્રસાદ જમીને મોક્ષ થયો હતો. ૪. ...૭૦

સાગરદાન બારોટ તથા કિરતાર નામના ભાટને આ કથાશ્રવણ વડે તથા સન્તસેવા વડે મોક્ષ મળ્યો હતો. ૪. ...૭૧

દેવગતીશ્વર વિપ્રને ખોટાં જ્યોતિષ જોવાના પાપો આ કથાશ્રવણ તથા સન્તસમાગમ વડે નાશ પામ્યા હતાં, અને તે મોક્ષમાં ગયો હતો. ૪. ...૭૨

જયમાન નામના બન્દીજનને તથા વજ્રવિક્રમ નામના રાજાને અને તેની પ્રજાને શ્રીકૃષ્ણનારાયણના ભજન કથા અને સન્તસમાગમ વડે મોક્ષ મળ્યો હતો. ૪. ...૭૩.

શ્રીનરનારાયણ બોલ્યા - હે બદરીશ્વરિ !, સર્પદંશ થયેલા સપ્તાબ્ધિસિંહ રાજાને સન્તદ્વારા આ કથાશ્રવણ વડે તથા સન્તસમાગમ વડે મોક્ષ મળ્યો હતો. ૪. ...૭૪

શ્રીહરિએ હર્ષનયન નામના માગધને તથા યોગિદાસ નામના દાસને તથા સૌરભસાવિત્ર નામના તંબોલીને તથા રંગિલ નામના રંગારાને તથા ડમરુક નામના ડબગરને તથા ચિન્હરાય નામના ભાવસારને તથા રમેશ નામના ગામોટીને, નિજ-શ્રીકૃષ્ણનારાયણ નામના ભજન વડે મોક્ષ આપ્યા હતા. ૪. ...૭૫

કેટલાક વિદ્યાધરોને તથા ગાન્ધર્વોને તથા કિન્નરોને તથા કિંપુરુષોને તથા ચારણોને તથા સિદ્ધોને પોતાના નામોના જપ વડે પ્રસન્ન થયેલા શ્રીહરિએ મોક્ષ આપ્યા હતા. ૪. ...૭૬

આ ભગવાનની કથાઓ ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આપનારીઓ છે, તથા સામ દાન, ભેદ અને દંડનીતિના જ્ઞાનની ઉપજાવનારીઓ છે, તથા ભાગવતધર્મ વિવેકજ્ઞાન વિષયવૈરાગ્ય અને ભાગવતી ભક્તિ ઉપજાવનારીઓ છે, આવી શાસ્ત્રીય દૈવી અને ઈશ્વરીય કથાઓ વડે અસંખ્યજનો દિવ્યદૃષ્ટિવાળા થઈ દિવ્ય શ્રીહરિના દર્શન મેળવીને મોક્ષમાં ગયા છે. ૪. ...૭૭, ૭૮

આ મહાસંહિતાની કથાઓના મહોત્સવોમાં આવેલી કરોડો પ્રજાઓ અમારા અનેક સન્તભક્તોદ્વારા શરણાગતિના મંત્રો લઈને મારી ભક્તિ કરીને મોક્ષ મેળવી ગયેલા છે.

હે નારાયણિ ! બદરીશ્વરિ, શ્રિ !, મારા મન્ત્રો આ પ્રમાણે જપે તે જરુર મોક્ષમાં જાશે.

'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણ સ્વામિને સ્વાહા', 'શરણં શ્રીકૃષ્ણનારાયણોઽસ્તુ મમ સર્વદા', 'કાલમાયાપાપકર્મશત્રુયામ્યકુહદ્ભયાત્, શૂલમીનધ્વજધનુશ્ચક્રસ્વસ્તિકવાન્ અવ', 'બ્રહ્માઽહં શ્રીકૃષ્ણનારાયણ ભક્તોઽસ્મિ શાશ્વત:', 'બ્રહ્માંડહં શ્રીકૃષ્ણનારાયણદાસી ભવામિ, ઓંમ્', 'ઓં નમ: શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા', 'અનાદિશ્રીકૃષ્ણનારાયણ: સ્વામી પતિશ્ચ મે'- 'બાલકૃષ્ણ: પરબ્રહ્મ મમૈવ શાશ્વત: પતિ:. પિતા બન્ધુ: સુહત્ મિત્રં રક્ષક: પોષકોઽસ્તુ સ:', 'બાલકૃષ્ણાય વિદ્મહેઽનાદિકૃષ્ણાય ધીમહિ તન્ન: શ્રીશ: પ્રચોદયાત્', 'ઓ શ્રીલક્ષ્મ્યૈ મહાલક્ષ્મ્યૈ દુ:ખભંક્ત્યૈ (શ્રયૈ નમ:', 'ઓં માં શ્રીબાલકૃષ્ણાય સમર્પયામિ ઓં નમ:', 'કૃષ્ણન્નારાયણભક્તોઽહં શ્રીહરિ: શરણં મમ', 'શ્રીકૃષ્ણો વલ્લભ: સ્વામી શ્રીસ્વામી શરણં મમ', 'શ્રીકૃષ્ણ: શ્રીહરિ: સ્વામી શ્રીપતિ: શરણં મમ', 'શ્રીકૃષ્ણોવૈષ્ણવાઽઽચાર્ય: પ્રભુ: પદ્માવતીપતિ: સ્વામી મે શાશ્વત: કાન્તસ્તસ્યાઽહં સ્વામિની પ્રિયા', 'પ્રભુ: કૃષ્ણ: પરમેશ: શ્રીકૃષ્ણ: શરણં મમ', 'પ્રભુ: કૃષ્ણ: પાર્વણો નારાયણ: શરણં મમ', 'કૃષ્ણનારાયણ કૃષ્ણનારાયણ નરાયણ. અનાદિ- શ્રીકૃષ્ણનારાયણ રાધારમાયણ', 'હરે નારાયણ માધવીશ્રીનારાયણ પ્રભો. જયાનારાયણ શ્રી લલિતાનારાયણ વિભો', 'કંભરાગોપાળલાલ: સ્વામી પતિશ્ચ મે ભવ', 'શરણં મે બાળકૃષ્ણ:'.

ભગવાન શ્રીકૃષ્ણનારાયણના આવા મંત્રો લઈને પ્રજાઓ શ્રીહરિની પૂજા કરતી હતી, ભગવાન દિવ્ય રુપે દર્શન દેતા હતા અને અશ્વપટ સરોવરભૂમિમાં કાયમ વિરાજતા હતા. ૪. ...૭૯

શ્રીનરનારાયણ બોલ્યા - હે બદરીશ્વરિ !, બીજેરુપે શ્રીહરિવરે યુદ્ધપુરમાં નાગવિક્રમ રાજાનો યજ્ઞ પૂરો કરાવ્યો હતો....૪. ...૮૦

ત્યાં યુદ્ધ માટે આવેલો નન્દીભીલ રાજા અનેક સૈન્યોનો નાશ થયા પછી પોતે મહાશક્તિ વડે ઘવાઈ જઈને મૂર્છામાં પડ્યો હતો ત્યારે અન્તરમાં શ્રીકૃષ્ણનારાયણની સ્તુતિ કરવા લાગ્યો. શ્રીહરિએ દિવ્યરુપે આવીને તેને જલાંજલિ પાઈ હતી, તે રાજા મોક્ષમાં ગયો હતો. નન્દી ભીલની રાણી સતી હતી, તે શ્રીહરિનું ભજન કરતી હતી તે પોતાના પતિના શબ સાથે સતી થઈને મોક્ષમાં ગઈ હતી. ૪. ...૮૧, ૮૬

ગૃહસ્થાશ્રમ કરતાં ત્યાગાશ્રમ અતિઉત્કૃષ્ટ છે. ૪. ...૮૭

ગૃહાશ્રમમાં મોક્ષના ઉપાયો સર્વાર્પણ વિગેરે છે. ત્યાગાશ્રમમાં સદ્‌ગુણો ત્યાગ ભક્તિ મોક્ષના ઉપાયો છે. ૪. ...૮૮

ગૃહાશ્રમીઓને વિધિ નિષેધ ધર્મો પાળવા, સેવા કરવી, તે વડે મુક્તિ છે. ૪. ...૮૯

ગૌમાતામાં દેવતાઓના વાસ છે, ગાય માતા તારનારી છે. ૪. ...૯૦

સાધુની સત્સંગતિ તે બલિષ્ઠ મોક્ષસાધન છે. ૪. ...૯૧

શ્રીહરિવરનો **૨૨ - બાવીશનો જન્મજયન્તી મહોત્સવ** કુમકુમવાપીમાં ઉજવાયો હતો. ૪. ...૯૨

ત્યારબાદ દેવોની પ્રાર્થના વડે શ્રીહરિ વિમાનદ્વારા સ્વર્ગાદિકની પ્રજાને દર્શન આપવા પધાર્યા હતા. ૪. ...૯૩.

અર્યમાદિક પિતૃગણોના કલ્યાણ કર્યા હતા. કૈલાસમાં રુદ્રદેવોએ શ્રીહરિ સમીપે તાણ્ડવાદિ નૃત્યો કર્યા હતા. ૪. ...૯૪

સ્વર્ગોમાં વિચરી શ્રીહરિ કુંકુમવાપી ક્ષેત્રમાં પધાર્યા હતા. ૪. ...૯૫

અતલ આદિ પાતાલોની પ્રજાની પ્રાર્થના વડે અતલાદિક લોકોમાં શ્રીહરિ વિમાન વડે પધાર્યા હતા, સર્વેના મનોરથો, પૂર્ણ કરી પાછા કુંકુમવાપી ક્ષેત્રમાં પધાર્યા હતા, ત્યાં શ્રીહરિનો **૨૩ - ત્રેવીશમો જન્મજયન્તી દિન** ઉજવાયો હતો. ભિન્ન ભિન્ન ભક્તોની પ્રાર્થના મુજબ શ્રીબાળકૃષ્ણપ્રભુ સ્વભક્તોના નાના ગામોમાં વિચરતા હતા, ગરીબ પ્રજાજનોને સુખ આપતા હતા, વર્ષ વીત્યું ત્યારે તમામ ગરીબપ્રજાને પોતાના **૨૪ - ચોવીશમા** જન્મજયન્તીના **ઉત્સવમાં વધારે સુખ આપ્યાં હતાં. ૪. ...૯૭**

શ્રીનરનારાયણ ભગવાન કહે છે - હે બદરીશ્વરિ !, હરિને જમ્બૂ પ્લક્ષ વિગેરે

દ્વીપાધિપતિઓએ પોતપોતાના દ્વીપોમાં પધરાવવા પ્રાર્થના કરી હતી, ભગવાન તેના તેના મહાદ્વીપોમાં વર્ષપર્યન્ત વિચર્યા હતા, અને પોતાના **૨૫ - પચીસમા જન્મજયન્તીના ઉત્સવમાં** કુંકુમવાપીમાં વિરાજ્યા હતા. અનેક દ્વીપવાસીઓએ આ મહામહોત્સવ ઉજવ્યો હતો. ૪. ...૯૯

શ્રીહરિએ વન પર્વતો અરણ્યો વિગેરેમાં ઘણાં ચમત્કારો દેખાડ્યા હતા. વસન્તરુતુ આદિકમાં સૌરાષ્ટ્ર વિગેરે નજીકના દેશોમાં નદ નદી પર્વત અરણ્ય સાગર વિગેરેમાં વિમાન દ્વારા ફરીને લોમશક્ષેત્રમાં પાછા આવીને વિશ્રાન્તિ લેતા હતા. શ્રીહરિનો ૨૬-છવ્વીશમો જન્મજયન્તી મહોત્સવ કુંકુમવાપીમાં દેશવાસીઓએ ઉજવ્યો હતો. ૪. ...૧૦૦

શ્રીનરનારાયણ ભગવાન બોલ્યા - હે બદરીશ્વરિ !, અસંખ્ય ભક્તોના મનોરથો શ્રીહરિએ અનેક સ્વરુપે સંકલ્પો દ્વારા તથા સાક્ષાત્ પૂરા કર્યા હતા. ૪. ...૧૦૧

તે તે નવી નવી પ્રજાઓના ઘણા ઘણા ઉત્તમ સંસ્કારો કરાવ્યા હતા. ૪. ...૧૦૨

ચોથા યુગના માનવ સ્વભાવોના વર્ણન કર્યા હતા. ૪. ...૧૦૩

ભક્તિ કરવી, સન્ત સેવા કરવી તથા અનુવૃત્તિ પાળવી અને નામરટણ કરવું, એ - ચોથા યુગમાં મોક્ષના સાધનો છે, આમ ઉપદેશીને પ્રજાઓને ભક્તિવાલી કરી હતી. ૪...૧૦૪ ૮

ાયાપડલ રાજાને યામ્યદંડ પડ્યા હતા, બાદમાં સનતકુમાર રુષિદ્વારા તેનું રક્ષણ કર્યું હતું. ૪..૧૦૫

અનાદિશ્રીકૃષ્ણનારાયણ નામના ભજન વડે, કીર્તન વડે, માયાપડલ રાજાની મુક્તિ કરાવી હતી. ૪. ...૧૦૬

કલિયુગના ધર્મો કહ્યા હતા, તથા સેવા અર્પણ-ભક્તિ ધ્યાન દાન કીર્તન વિગેરે કરનારને કલિમાં મોક્ષ મળવાનો ઉપદેશ આપ્યો હતો. ૪. ...૧૦૭

બ્રહ્માના દિવસ કલ્પ અને કલ્પની રાત્રિઓમાં પણ જ્યાં જ્યાં સૃષ્ટિઓ ચાલુ હોય ત્યાં ત્યાં શ્રીહરિનું પ્રાકટ્ય થયા જ કરે છે, એ રીતે કલ્યાણ પણ થયા જ કરવાનો ઉપદેશ આપ્યો હતો. ૪. ...૧૦૮

નાગવિક્રમરાજા કુંકુમવાપી તીર્થમાં આવી પાવન થયો હતો. ૪. ...૧૦૯

નાગવિક્રમના કુમાર મુકુન્દ વિક્રમને રાજ્યાભિષેક કરાવ્યો હતો. ૪. ...૧૧૧

મુકુન્દવિક્રમનું ભગવત્પરાયણપણું ભગવાનને રાજી કરનારું થયું હતું. ૪. ...૧૧૨

સર્વ ધામોના અધિપતિઓની પ્રાર્થના વડે અનાદિશ્રીકૃષ્ણનારાયણ તમામ ધામોમાં દિવ્ય વિમાન વડે વિચરવા પધાર્યા હતા. ૪. ...૧૧૩

તે તે ધામોની રચનાઓ સ્વભક્તોને દેખાડતા હતા. ૪. ...૧૧૪

અસંખ્ય મુક્તોની વસતિઓવાળા મહામહાનગરોમાં વિચર્યા હતા. ૪. ...૧૧૫

ધામોના સુશોભિત દિવ્યકિલ્લાઓ તથા ગોપુરો તથા અંદરની કક્ષાઓ તથા ઉપરની ભૂમિઓ આદિકમાં પધરામણીઓ થઈ હતી. ૪. ...૧૧૬

તે તે ધામોમાં સર્વત્ર શ્રીકૃષ્ણનારાયણનો આંહી પ્રાકટ્યનો **૨૭ - સત્તાવીશમો જન્મજયન્તી મહામહોત્સવ** દિવ્યસિંહાસનોમાં પધરાવીને મહાધામધૂમોપૂર્વક ઉજવાયો હતો. ૪. ...૧૧૭

શ્રીનરનારાયણ બોલ્યા - હે બદરીશ્વરિ !, શ્રીહરિએ ત્યાં ત્યાં દિવ્યમહલ, અપારસ્મૃદ્ધિઓ, ત્યાંના રહસ્યમુક્તો, તાદાત્મ્યમુક્તો, તાદાત્મ્યભાવનાઓ વિગેરે સારી રીતે વર્ણવ્યા હતા, સર્વત્ર વિચર્યા બાદ શ્રીહરિવર કુંકુમવાપીક્ષેત્રમાં પધાર્યા હતા. ૪. ...૧૧૮

વર્ષપર્યન્ત સ્વદાસ્યભક્તિવાળા ભક્તોને વધારે સુખ, આનંદ આપતાં ભગવાન શ્રીલોમશક્ષેત્રમાં સર્વત્ર ભક્તો સાથે વિચરતા હતા, અનેક લીલાઓ વડે ભક્તજનતાને સુખ આનન્દ આપતા હતા. પોતાના **૨૮ - અઠ્ઠાવીશના જન્મજયન્તીના** મહામહોત્સવમાં અસંખ્ય દાનો અપાયા હતાં, વિદ્યાદાન, કન્યાદાન, જનોઈદાન, ક્ષેત્રદાન, સ્વર્ણમણિદાન, અન્નભોજનદાન, પાન, વસ્ત્રાલંકાર, વાહન, ઐશ્વર્યો, વિગેરેના દાનો આપ્યા હતાં. ૪. ...૧૧૯

ત્યારબાદ શ્રીહરિએ પોતાની આજ્ઞાકારી સેવા કરનારી ભક્તિવાળી પ્રજાને દિવ્ય અશ્વર્ય સહિત દેશાન્તરોમાં ફરવા વિચરવા તથા ભક્તિ કરાવવા અને ભક્તો સાથે રહેવા મોકલી હતી, તે તે ત્યાં ત્યાં ભગવદ્ભક્તિ કરાવતી હતી, શ્રીહરિવર વાનપ્રસ્થોના મંડલો સહિત તથા સન્તોના મંડલો સહિત વિચરતા હતા, અને કુમકુમવાપીમાં વિશ્રાન્તિ લેતા હતા, અને સામર્થ્ય ઐશ્વર્ય શક્તિઓ વિગેરે ચમત્કારોનો વિસ્તાર સંકેલ્યો હતો, પોતાના દિવ્યસ્વરુપમાં લીનપણાને પમાડ્યો હતો. ૪. ...૧૨૦

સમગ્ર સૃષ્ટિઓના ત્યાગી ચમત્કારી વિભૂતિઓએ કુમકુમવાપીક્ષેત્રમાં આવીને શ્રીહરિનો **૨૯ - ઓગણત્રીશમો** મહાજન્મજયન્તી મહોત્સવ ઉજવ્યો હતો, અને ત્યાગી સન્તવર્ગોને સાથે લઈને પૃથ્વીમાં તીર્થોમાં વિચરણ કરવા નીકળ્યા હતા, સર્વ તીર્થોમાં સન્તમુનિ સ્વરુપે ભગવાન વિચર્યા હતા, ત્યાગ તપ જ્ઞાન ભક્તિ વિગેરે પ્રવર્તાવતા હતા. ૪. ...૧૨૧

શ્રીનરનારાયણ બોલ્યા - હે બ્રહ્મધામસ્વરુપ બદરીશ્વરિ !, સદાને માટે શ્રીહરિવર શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ સાધુસ્વરુપે પૃથ્વીમાં વિચરતા હતા, તેમનો **૩૦ - ત્રીશમો જન્મજયન્તીનો મહામહોત્સવ** ઉજવવા બ્રહ્માંડોમાં સ્થળે સ્થળે તૈયારીઓ થતી હતીઓ, ભગવાનની આ સર્વ કથાઓના પુરશ્ચરણો કરનાર - કરાવનારને મહાફળ મળે છે, આ સંહિતાના મહાદાન આપનારને ચારે પુરુષાર્થો સિદ્ધ થાય છે. ૪. ...૧૨૨

શ્રીહરિની વાણી તે પરા બ્રાહ્મી વાણી છે, તે પરબ્રહ્મ- સ્વરુપ જ છે, શ્રીહરિની દિવ્યમુક્તાણી એવી આ વાણી તે શાશ્વતી દાસી છે, તે શ્રીહરિની સેવામાં પહોંચાડનારી છે, શ્રીહરિવર પોતે પોતાની જન્મજયન્તીઓના ઉત્સવોમાં સ્થળે સ્થળે દિવ્યસન્તરુપે અનેકસ્વરુપે જઈને દર્શન આપી સત્કાર સેવા અંગીકાર કરીને પોતે અદૃશ્ય થઈને તીર્થોમાં જતાં હતા, ભક્તો ભેળા ચાલીને પણ વિચરતા હતા. સર્વ મનુષ્યલીલાઓ તો બીજે સ્વરુપે કરતા હતા, તેમને કૃપાપાત્ર ભક્તજનો ઓળખી લ્યે છે. ૪. ...૧૨૩ ઇતિ શમ્, શ્રીબાલકૃષ્ણાઽર્પણમસ્તુ.

શ્રીનરનારાયણ ભગવાને કહ્યું - હે બદરીશ્વરિ !, શ્રીમદ્ભાગવતના ૨૦૮, બસો આઠ પુરશ્ચરણ મહોત્સવમાં એક દિવસ કુમકુમવાપીના લોમશક્ષેત્રમાં એક મહાન દિવ્ય મંડપમાં બૃહસ્પતિએ તીર્થવિધિ કરીને શ્રીલોમશરુષિના દર્શન કર્યા અને ભગવાનના પરોપકારી માનવજીવનના લીલા ચરિત્રો શ્રવણ કરાવવાની પ્રાર્થના કરી ત્યારે લોમશરુષિએ બૃહસ્પતિને સંક્ષિપ્ત ભગવાનના સંક્ષિપ્ત જીવનવૃત્તાન્તો તથા બાકીના જયન્ત્યુત્સવો પણ કહ્યા હતા.

લોમશ બોલ્યા - હે બૃહસ્પતિ !, ભારતમાં પશ્ચિમ સૌરાષ્ટ્રમાં કાઠિઆવાડમાં બીલખા (બલિખાત) રાજ્યના તાલુકા એવા 'આ મોટીકુંકાવાવ' નામના નગરમાં રાજકીય પટેલ દેવાણી લીમ્બા-પટેલને પાંચ પુત્રો હતા,- ૧-લક્ષ્મણ પટેલ, ૨-ગોવિંદ પટેલ ૩-હરજી પટેલ, ૪-માવજી પટેલ, અને ૫-ગોપાળ પટેલ. તેઓ દ્વિજધર્મો પાળતા હતા. પાંચમાપુત્ર ગોપાળકૃષ્ણના ધર્મપત્ની કમ્મરદેવીએ વિક્રમસંવત ૧૯૬૧માં આશ્વિન વદી અષ્ટમી શનિવાર ઈસવીય સન તારીખ ૨૧, ૧૦, ૧૯૦૫માં સવારે સૂર્યોદય પહેલા તૃતીય પુત્રને જન્મ આપ્યો હતો તે વખતે કર્કરાશિના ચન્દ્રમા હતા. તે પુનર્વસુમાં પ્રવેશતા હોવાથી ક-અક્ષર ઉપર કુંવરજી નામ ધાર્યું હતું, પાંચમે વર્ષે ગુજરાતી નિશાળે બેસાર્યા હતા. દશમે વર્ષે જુનાગઢ તીર્થ- સમૈયો કરવા જેઠ સુદી અગ્યારશ ઉપર માવજી બાપા સાથે ગયા હતા, ત્યાં રોકાણા હતા, પાછા ઘેર આવ્યા હતા, છ ગુજરાતી ભણી લીધી હતી.

તેરમે વર્ષે ફાગણવદી અગ્યારશના નિજ માતાજીની 'બેટા ખૂબ ભણજે' એવી આશિષો લઈ જેતપુર મન્દિરે ગયા હતા. ત્યાં સંસ્કૃતપાઠશાલામાં વિશ્વનાથશાસ્ત્રીજી પાસે પ્રાથમિક સંસ્કૃત-અભ્યાસ ચાલુ કર્યો હતો. લઘુકૌમુદી સમ્પૂર્ણ કરી હતી, ચઉદમે વર્ષે સંવત ૧૯૭૫માં ગુજરાત દેશમાં દંઢાવ્યમાં પંચતીર્થી કરી હતી. તથા બુરાન-(૧૯૭૫) પુરસુધી યાત્રા કરી હતી, ચૈત્રશુક્લ એકાદશીએ વડતાલમાં શ્રીપતિપ્રસાદજી

મહારાજથી ત્યાગી દીક્ષા લીધી હતી, જુનાગઢમાં શાસ્ત્રીજી શ્રીબાળકૃષ્ણાનન્દજી પાસે સિદ્ધાન્ત-કૌમુદી ભણ્યા હતા, પુરાણી શ્રીહરિનારાયણદાસજી પાસે કાવ્યો ભાગવત ભણ્યા હતા, સમયાનુસાર અદીક્ષિત થઈને ઓળીયા ગામે મામાને ઘેર એક વર્ષ રહેવાનું થયું હતું.

પછી સદ્‌ગુરુઓ સાથે ફરીથી આવીને જેતપુરથી તીર્થોમાં સિદ્ધપુર, પુષ્કરરાજ, મથુરા, ગોકુલ, વૃન્દાવન, અયોધ્યા, છપૈયા, પ્રયાગરાજ, ગયાજી, કલકત્તા, ખડગપુર, જગન્નાથ, કટક, કાલીમટી, બિલાસપુર, સાવદા, બુરાનપુર, આદિક તીર્થોમાં ફર્યા હતા. બુરાનપુરમાં શ્રીપતિપ્રસાદજીમહારાજના હસ્તક યજ્ઞના દર્શન કરી, મુમ્બઈ, સુરત, ભરુચ, વડોદરા, વડતાલ, અમદાવાદ, જેતલપુર, મૂળી, રાજકોટ, ગોંડળ, જેતપુર, અને જુનાગઢ, આવ્યા હતા.

સંવત્ ૧૯૭૬માં ગઢપુરમાં કાર્તિકશુક્લ એકાદશીએ ફરીથી ત્યાગીદીક્ષા શ્રીપતિપ્રસાદજી મહારાજથી લીધી હતી, ગુરુદ્રોહી ન થવું, એવો ઉપદેશ મળ્યો હતો.

સંવત્ ૧૯૭૭માં જુનાગઢ ભીમએકાદશીના સમૈયામાં સત્સંગિજીવન દ્વિતીયપ્રકરણની કથા કરી હતી, પછી વડતાલ તથા વડોદરા એક વર્ષ અભ્યાસ કર્યો હતો, મૂલી વસન્તપંચમીનો સમૈયો કર્યો હતો.

સંવત્ ૧૯૭૮માં શ્રાવણમાં જુનાગઢમાં શ્રીપતિપ્રસાદજી મહારાજ પધાર્યા ત્યારે સત્સંગિજીવનનું પારાયણ શ્રીનારાયણદાસજી સ્વામીકૃત સભામંડપમાં વાંચ્યું હતું, રાણા દિવાન, તથા વડોદરાના મહામહોપાધ્યાય બદરીનાથ શાસ્ત્રીજી તે પ્રસંગમાં ઉપસ્થિત હતા, લક્ષાવધિ માનવમેદિની ભગવાનની કથાનો લાભ લેતી હતી.

સંવત્ ૧૯૭૯ના આશ્વિનમાં જનમંગળના દસહજાર પાઠ વિદ્યાપ્રાપ્તિ થવા નિયમિત કર્યા હતા, અગ્યાર દિવસ ૦।- પાશેરનો એક પેંડો દરરોજ જમીને પાઠનું વ્રત પૂરું કર્યું હતું.

સંવત્ ૧૯૮૦ના માઘ સુદ ૮-આઠમે પ્રેમવતીદાસને સાથે લઈ કાશી ભણવા પહોંચ્યા હતા, રણછોડગોરના રામ-મંદિરમાં એક માસ રહ્યા હતા, બે માસ સારસ્વત બ્રાહ્મણના મકાનમાં રહ્યા હતા, પછી ચોખંબા બજારમાં નિર્મલસંસ્કૃતપાઠશાળામાં રહીને પંડિત રાધાકાન્તઝા મૈથિલી નૈયાયિક પાસે તર્કસંગ્રહ ભણ્યા, તથા ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી માથુરી જાગદીશી પંચલક્ષણી ભણ્યા હતા.

સંવત્ ૧૯૮૧માં જુનાગઢ આવી ઘનશ્યામચરણદાસજી પુરાણીની જોડ્ય કરીને કાશી ગયા હતા, ત્યાં પોરબંદર રાણા સાહેબ દરબારના તરફથી ચાલતા અન્નક્ષેત્રમાં ભોજન જમવા ચાલુ કર્યું હતું.

સંવત્ ૧૯૮૨, ઈસ્વીસન ૧૯૨૬માં ગવર્નમેન્ટ સંસ્કૃત ક્વિન્સ કૉલેજની ન્યાયમધ્યમા પરીક્ષા આપી હતી તેમાં પાસ થયા હતા. માધમાં કુંભના સ્નાન માટે હરિદ્વાર ગયા હતા, ચૈત્રમાં છપૈયા, પટરી, ગયા હતા, એક મહિનો શંકર ભગત કોઠારીના આગ્રહથી રોકાયા હતા, આચાર્યશ્રી આનન્દપ્રસાદજી મહારાજના દ્વિતીય-વિવાહ 'બનઘૂસરા' ગામે થયો ત્યારે શ્રીપતિપ્રસાદજી મહારાજ તથા કુંજવિહારી પ્રસાદજી મહારાજ તથા સદ્‌ગુરુ સ્વામી શ્રીનારાયણદાસજીસ્વામી તથા ગઢપુરના હરિસ્વરુપાનન્દજી બ્રહ્મચારી વિગેરે તે વિવાહ પ્રસંગે પઢરી પધાર્યા હતા. કંકોતરીના શ્લોકો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ રચ્યા હતા, તે વિવાહકાર્ય થઈ ગયા પછી સ્વ. સ્વા. શ્રીનારાયણદાસજી વિગેરે સન્તમંડળ કાશી પધાર્યા હતા.

સંવત્ ૧૯૮૩માં હરિદ્વારના કુંભમાં ૧ માસ સ્નાનાર્થ બ્રહ્મગોડા દશનામસંન્યાસી આશ્રમમાં ભગવાન રોકાણા હતા, વિષ્ણુસહસ્રનામ જપ તથા ગંગાસ્નાન અને ગીતા પાઠ શિવમંદિરમાં કરતા હતા.

સંવત્ ૧૯૮૩માં નવ્યન્યાયશાસ્ત્રીનો પ્રથમ ખંડ પાસ કર્યો હતો.

સંવત્ ૧૯૮૪ અને ૧૯૮૫માં બે વર્ષે દ્વિતીય ખંડ પાસ કર્યો હતો.

કાશીમાં બ્રાહ્મણ મહાસમ્મેલન દ્વારા જ્ઞાનવાપીના મેદાનમાં ભરેલી વિદ્વાનોની વિરાટ સભામાં સંસ્કૃતમાં વ્યાખ્યાન આપ્યું હતું, જે તે વખતના 'આજ' નામના દૈનિકમાં સંક્ષિપ્ત છપાયેલ હતું, ત્યારબાદ ટાઉનહૉલની મહાસભાઓમાં અને અન્ય અન્ય કાશીના સ્થળોની પંડિતસભાઓમાં અનેકવાર સંસ્કૃતમાં વ્યાખ્યાનો આપ્યા હતાં, પ્રયાગરાજના

સ્નાન-મહોત્સવ પ્રસંગે કુંભમાં એક મહિનો જાહેર શાસ્ત્રાર્થો રાખ્યા હતા, પંડિતો આચાર્યો શાસ્ત્રીઓ અને વિદ્યાર્થીઓના યોજેલ શાસ્ત્રાર્થોમાં વખતોવખત બેસતા હતા, વિજય મેળવતા હતા.

સંવત્ ૧૯૮૬માં નવ્યન્યાયશાસ્ત્રી તૃતીયખંડ પાસ કર્યો હતો, તથા સાંખ્યઠારિકાનું સંસ્કૃત- સ્વામિનારાયણભાષ્ય લખ્યું હતું, તથા ગૌડપાદભાષ્યનું ટિપ્પણ-કિરણ લખ્યું હતું.

સંવત્ ૧૯૮૭માં નવ્યન્યાયનો આચાર્યનો પ્રથમ ખંડ ભણીને જુનાગઢ પધાર્યા હતા, સદ્‌ગુરુ સ્વામી શ્રીકૃષ્ણચરણદાસજીના દર્શન થયા હતા, પછી તેઓ અક્ષરધામ પધાર્યા હતા. પછી જેતપુર જઈને બે દિવસો જાહેર સભાઓ કરી હતી, ત્યાંથી પોરબંદર પધાર્યા હતા, ત્યાં સુદામાજીના મંદિરમાં ત્રણ દિવસો જાહેર વ્યાખ્યાનો આપ્યા હતા, બાહેરના ભાગવતાનન્દજી તથા બીજા વિદ્વાનો સંકર્ષણાચાર્ય વિગેરે સાથે સંસ્કૃતના

વેદાન્તન્યાયમાં શાસ્ત્રાર્થો થયા હતા, ભગવાનનો વિજય થતો હતો. પાણ્ડીચેરીના અરવિન્દ ઘોષ- આશ્રમના માતાજી તથા શાંતિલાલ તથા તેના પિતા સ્ટેટ ઍન્જિનિયર મણિલાલભાઈ આદિક ભગવાનની સેવા પૂજા આશીર્વાદના લાભ લેતા હતા. ત્યાંથી જુનાગઢ પધાર્યા હતા, નાગર અધિકારી અનંતરાયભાઈના અધ્યક્ષપણામાં અનંતધર્માલય-સ્થાનમાં બે દિવસ જાહેર સભા વ્યાખ્યાનો વેદાન્ત મતો ઉપર કર્યા હતા. ત્યાંથી ગોંડલ પધાર્યા હતા ત્યાં બે દિવસ જાહેરસભાઓમાં વ્યાખ્યાનો આપ્યા હતા, ત્યાંથી રાજકોટ પધાર્યા હતા, ત્યાં સદ્‌ગુરુ સ્વામી નારાયણદાસજીના અક્ષરધામ પધાર્યા પછી શ્રીહરિલીલાકલ્પતરુનું સમ્પૂર્ણ પારાયણ બદરિકાશ્રમ-વાડીમાં બોરડી નીચે વાંચ્યું હતું, એકવીશ દિવસે પારાયણ પૂરું થયું હતું. ત્યાં દરબારશ્રી અર્જુનસિંહજીભાઈને શ્રીબાળમુકુન્દભવન બંગલે રાજ્યની ચાંદીની વિક્ટોરિયા ગાડીમાં વિરાજમાન કરી છડી છત્ર સહિત સામૈયું કરી પધરાવ્યા હતા. ત્યાંથી કાશી પધાર્યા હતા અને યોગસૂત્રો ઉપર 'સ્વામિનારાયણભાષ્ય' લખ્યું હતું.

સંવત ૧૯૮૮માં 'શ્રીસ્વામિનારાયણવેદાન્તસાર' સંસ્કૃતમાં લખ્યો હતો, તથા નવ્યન્યાયાચાર્ય પ્રથમખંડ પાસ કર્યો હતો, અષાઢમાં નાશિકના કુંભમાં ગોદાવરી સ્નાન માટે ગયા હતા. ત્યાંના રામજીભાઈ મિસ્ત્રીને બંગલે ઉતર્યા હતા, લક્ષ્મીનારાયણના મોટા મંદિરમાં સંન્યાસી સંતો, વૈષ્ણવો, વિદ્વાનોની મહાસભામાં મોટા શાસ્ત્રાર્થમાં વિજય થયો હતો, સંન્યાસી મહાન્તે ભગવાનને સોનેરી જરીયાની મહામૂલ્યનો દુપટ્ટો સત્કારમાં ઓઢાડ્યો હતો. ત્યાંથી મુંબઈ જઈ રોકાઈને એક મહીને કાશીજી ગયા હતા. ચોમાસામાં શ્રાવણમાં કાશીથી દીલ્હી રસ્તે રાજકોટ ગયા હતા, ત્યાં હરિભાઈ સિન્ધિયા મિસ્ત્રીએ સત્સંગિજીવનનું પારાયણ શ્રાવણ સુદ પૂર્ણિમાએ બેસારવા ઇચ્છેલ તે વાંચવા રોકાયા હતા, શ્રાવણ સુદ તેરશના જુનાગઢ જઈ દર્શન કરીને પારાયણ માટે રાજકોટ આવીને તે પારાયણ વાડીમાં પૂરું કર્યું હતું, વદ ૦)) અમાસે જુનાગઢ કરી હતી, ભાદરવા સુદ ચોથ જેતપુર, સુદ આઠમ આંકડીયા, વદ પડવો-બીજ મોટી કુંકાવાવ તથા નાની કુંકાવાવ કરીને ભાદરવા વદ ચોથના કુંકાવાવથી આણંદ ભગતને સાથે લઈને જેતપુર પધાર્યા હતા, ભાદરવા વદ દશમ વડતાલ કરી હતી, એકાદશીના દર્શન કરીને વદ દ્વાદશીએ મુંબઈ ગયાં હતા, ૦)) અમાસે રાત્રે કાશી પહોંચ્યા હતા, ઈશ્વરાંક કલ્યાણ માસિકમાં ગોરખપુર હિન્દી લેખ મોકલ્યો હતો.

સંવત્ ૧૯૮૯માં નવ્યન્યાયાચાર્ય દ્વિતીય ખંડ પાસ થયા હતા, 'તર્કસંગ્રહ દીપિકા' ઉપર કિરણાવલી ટીકા લખી હતી.

સંવત્ ૧૯૯૦માં 'હિતોપદેશ-મિત્રલાભ'ની કિરણાવલી ટીકા લખી હતી, અને ચૌખંબા-સંસ્કૃત સીરીજ પ્રેસને આપી દીધી હતી, પોષમાં ઈન્દોર-કલકત્તા પરીક્ષા કેન્દ્રમાં સાંખ્યયોગતીર્થ પરીક્ષા આપી હતી, પાસ થયા હતા, અષાઢ ગુરુપૂર્ણિમાએ હિતોપદેશ કિરણાવલી છાપી હતી.

સંવત્ ૧૯૯૧માં કાર્તિકમાસમાં પટણા, હરિહરક્ષેત્રમાં મહા ગંડકી નદી તથા ગંગાનદીના સંગમના જંગી મેળામાં સ્નાન માટે ગયા હતા, કાર્તિકવદમાં કાશી આવીને 'સ્વામિનારાયણ વેદાન્તસાર' સંસ્કૃત છપાવ્યો હતો, તથા કાશી નવ્યન્યાયાચાર્યના તૃતીય ખંડમાં પ્રથમવિભાગના પ્રથમ નમ્બર આચાર્ય નવ્ય-ન્યાયાચાર્યમાં પાસ થયા હતા, ઇન્દોર કેન્દ્રમાં વેદાન્તતીર્થ પરીક્ષામાં પાસ થયા હતા, ત્યાંથી મુમ્બઈ થઈ જેતપુર, આવીને રોકાણા હતા, ત્યાં જ્ઞાનવિલાસ, સુધાસિન્ધુ, શિક્ષાપાત્રીભાષ્ય તથા હરિદિગ્વિજયની કથાઓ વાંચી હતી, ત્યાંથી કાલસારી, વિસાવદર, ગયા હતા. ત્યાંથી શ્રીઘનશ્યામમહારાજની મૂર્તિ પ્રતિષ્ઠામાં માણાવદર ગયા હતા, ત્યાંથી સરદારગઢ ગયા હતા, ત્યાંથી જેતપુર પધારીને રોકાણા હતા, ૧૯૯૧માં ગામ પીઠડીયાના દરબાર મૂળુવાલાની ભાદરવા સુદ નવમીની જન્મ ગાંઠે આશીર્વાદ આપવા ગયા હતા, જળજીલણી એકાદશી ગઢપુર કરી હતી. દ્વાદશીએ આનન્દપ્રસાદજીમહારાજે સદ્‌ગુરુપદનો સત્કાર કર્યો હતો, પુનમે બોટાદ જાહેર સભા કરી હતી, વદ બીજના સારંગપુર ગયા હતા, ત્યાં જાહેરપ્રવચન કર્યું હતું, હનુમાનજીના દર્શનનો લાભ લઈ વઢવાણ, વિરમગામ, મહેસાણા, જેપુર, અયોધ્યા, થઈ વદ દશમીએ કાશી પહોંચ્યા હતા, શ્રીવામાચરણભટ્ટાચાર્યજીવાળી નિવૃત્તિ સહિત ન્યાયપંચલક્ષણી, તથા સિંહવ્યાઘ્ર, છાપ્યા હતાં, તથા હિન્દી શિક્ષાપત્રી લખી હતી, ૧૯૯૧ના ભાદરવાવદ ચઉદશના આણંદ ભગત દેશમાં ગયા હતા, આશ્વિનમાં હિન્દી વચનામૃતો લખવા આરંભ્યા હતા.

૩૧ - એકત્રીશમી જન્મજયન્તી મુક્તો દેવો અને રુષિમુનિઓએ ઉજવી હતી.

આ, ત્રીશ વર્ષો બાદ -

સંવત ૧૯૯૨ની વસન્તપંચમી માઘસુદ પાંચમે ઉનાના શિખરોના ભર્યા ઉપર કાશીથી પરબારા ગયા હતા, ઉનામાં કળશ ચઢાવ્યાના ઉત્સવ નિમિત્તે સમૈયો હતો, જાહેર સભામાં પ્રવચન કર્યું હતું. ત્યાંથી આનંદપ્રસાદજી મહારાજ સાથે વળતી ટ્રેનમાં વેરાવળ, જુનાગઢ, જેતપુર થઈ કાશી ગયા હતા, ત્યાં સાંખ્યતત્ત્વકૌમુદીની કિરણાવલી ટીકા રચી હતી. તેથી માઘસુદ તેરશમાં લક્ષ્મીલાભ વડે મદદ મળી હતી, અને વેદાન્તાંકમાં તથા સન્તાંકમાં 'કલ્યાણ'માં લેખો આપ્યા હતા. છબીઓ બ્લોકો છપાવ્યા હતા. ફાલ્ગુનથી અધિક ભાદરવા

સુધી દહીં ભાતનું ભોજન કાયમ રાખ્યું હતું, અમદાવાદના ભણનારા હરિનારાયણદાસજી મલ્લસાધુ તથા ગઢપુરના ભક્તિવલ્લભદાસજીએ ભણવાનું દેશમાં ધારીને પાછા દેશમાં પોતાને મન્દિરે ગયા હતા, બીજા ભાદરવાથી તપોવ્રત શરુ કર્યું હતું, ભાદરવામાં સુવાપાલવની કાચી ભાજી અરધો શેર જમાડતા હતા, આશ્વિનમાં કાચા રતાળુ જમાડતા હતા, ભગવાનની **૩૨ - બત્રીસમી જન્મજયન્તી** મુક્તો દેવો રુષિ મુનિઓએ ઉજવી હતી.

સંવત ૧૯૯૩માં કાર્તિકમાં કાચાં શીંઘોડાં જમાડતા હતા, માગશરમાં કુટુનો મોથ્યનો બાફેલો ભાત જમાડતાં હતાં, પોષમાં શીંઘોડાના લોટના થેપલાં જમાડતાં હતાં, માઘમાં રાજગરાની પૂરી જમાડતાં હતાં, ફાગણમાં કલકત્તામાં તીર્થ પરીક્ષા આપવા ગયા હતા, ફલાહાર ચાલુ હતું, વડતાલના શાસ્ત્રી હરિબળદાસજી ગુરુ શાસ્ત્રી હરિકૃષ્ણદાસજીની કલકત્તામાં મહાનતાઈ હતી. તારીખ ૧૦-૨-૩૭ના સાંજે કલકત્તાથી કાલકા મેલમાં રવાના થયા હતા, તા. ૧૩-૨-૩૭ના સવારે રાજકોટમાં રામકૃષ્ણમીશન તરફથી રાજકોટના જ્યુબીલીના ટાઉનહૉલમાં સર્વધર્મ પરિષત્ ભરાણી હતી, તેમાં તા. ૧૪ના રોજ વ્યાખ્યાન હતું, સંસ્કૃતમાં વ્યાખ્યાન આપ્યા હતા, તથા ગુજરાતી પ્રવચન આપ્યાં હતાં. તા. ૧૫મીએ મહા પ્રોસેશન સાથે ધોળા ઘોડાની દરબારી છડી છત્રવાળી ચાંદીની ઝળકતી વિકટોરિયા ગાડીમાં શહેરમાં ફેરવ્યા હતા, બધા દર્શન કરતા હતા. ફૂલહાર ચોખા પુષ્પો વડે પૂજા સત્કાર થતા હતા, બેન્ડ વાગતા હતા, જયજયકાર બોલાતો હતો, ઘણો સત્કાર પામ્યા હતા. ફળાહાર ચાલુ હતું. તા. ૧૬-૨-૩૭ના જેતપુર આવી તા. ૧૮મીએ ગઢપુર થઈ તા. ૧૯મી એ અમદાવાદ થઈ તા. ૨૧મીએ મથુરા ગયા હતા. તા. ૨૫મીએ અયોધ્યા ગયા હતા, ત્યાંથી તા. ૨૭મીએ ચાલીને મખોડા તીર્થ તથા છપૈયા ગયા હતા, ત્યાં રોકાયા હતા. તા. ૩-૩-૩૭ના અયોધ્યા આવીને કાશીજી પધાર્યા હતા, ફલાહાર ચાલુ જ હતું. કાશીમાં તીતીના લાલ ચાવલનું ફલાહાર એક માસ ચાલુ રાખ્યું હતું, સાંખ્યકારિકાનું સ્વામિનારાયણ ભાષ્ય છાપ્યું હતું, તથા ન્યાયસિદ્ધાન્ત મુક્તાવળી ઉપર કિરણાવલી ટીકા લખી હતી. સંવત ૧૯૯૩ (તા. ૭-૫-૩૭ના) ચૈત્રવદી બારશ શુક્રવારે તે ટીકા પૂર્ણ લખાઈ રહી હતી, અને માસ્ટર ખેલાડીલાલને છપાવીને આપી દીધી હતી, ચૈત્રમાં બટેકાં વૈશાખમાં મટર વટાણાં જેઠમાં આમ્રફળ, ફલાહાર કરતા હતા. અષાઢમાં આંખ્યોમાં ઝાંખપ આવતી જણાણી, તેથી ભાતદૂધ દહીં ભોજન ચાલુ કર્યું હતું.

સંવત્ ૧૯૯૩ ચૈત્રવદી ચઉદશ રવિવાર તા. ૯-૫-૩૭ના શિવપુર મહોત્સવ સભા હતી, સરકારી પોલીસ લાઇનમાં સેવા મંડળીને હાર તોરા કરાયા હતા, ત્યાંના પ્રમુખ

ગુરુજીનું કામ વિસર્જન થયા બાદ પંડિતમંડળને બગીચે રોકાયા હતા, વૈશાખ પુનમની સમ્મેલન સભા હતી, વૈશાખ વદ પડવા મંગળવારે તા. ૧૧-૫-૩૭ના કાશીજી ગંગામાં પંડિતો સાથે ગૌઘાટ તરફ મોટા પૂલ સુધી વહાણમાં ગયા હતા, પછી છુટા થઈ નિવાસે આવ્યા હતા, ૩૩ - **તેત્રીશમી જન્મજયન્તી** મુક્તો દેવો રુષિમૂનિ વિગેરેએ ઉજવી હતી, દિવ્ય ભગવાન તે મહોત્સવમાં હાજર રહ્યા હતા. પૂજા સત્કાર અનવધિ થયા હતા.

સંવત્ ૧૯૯૪ના ધનુર્માસમાં સુરત આવ્યા હતા, એક માસ વ્યાખ્યાનો આપ્યા હતાં, ભરુચમાં એક માસ રહી સ્વામિનારાયણ ભાગવત અવલોકન કર્યું હતું પોષવદી દશમીએ વડતાલ દર્શનાર્થે ગયા હતા, શાસ્ત્રીઓનું સમ્મેલન લાઇબ્રેરીમાં થયું હતું, ગૌરવ વધ્યું હતું. માઘવદ ત્રીજથી ફાગણ સુદ ત્રીજ સુધી હરિલીલા કલ્પતરુનું પારાયણ બ્રાહ્મણી સંતોકબાઈ તરફથી રાજકોટ બોરડી નીચે બેસારાએલું વાંચ્યું હતું, પછી લોધિકા, કાળાવડ, જામવણથળી ગયા હતા, માવદાનજી કવિને 'રાજકવિરત્ન' પદવી સંસ્કૃતમાં લખી આપી હતી, રાજકોટ, લોધિકા, થઈને ફાગણવદી દશમ જેતપુર કરી હતી, ગામ તોરી ત્રણ દિવસો જઈ આવ્યા હતા, પછી જુનાગઢ સાત દિવસો રહ્યા હતા. વૈશાખવદી અષ્ટમીએ ભાવનગર ગયા હતા, એક શેઠનું ભાગવત પારાયણ વાંચ્યું હતું, વદી તેરસ ચૌદશના બે રોજ યશોનાથજી મેદાનમાં જાહેર વ્યાખ્યાનો આપ્યા હતાં. વૈશાખ અમાસે નટવરલાલભાઈ સુરતી સાહેબ નાયબ દિવાને તથા ત્રિભુવનદાસભાઈ વૃદ્ધ દિવાન સાહેબે ટ્રાપસ પોતાના બંગલાઓમાં પધરાવ્યા હતા, તથા મહામહોપાધ્યાય માટે લખાણ રાજકોટ મોકલાયા હતાં.

જ્યેષ્ઠ શુક્લ ચોથ જેતપુર કરી હતી, દશમી, એકાદશી, દ્વાદશી, જુનાગઢ કર્યા હતા, તેરશ, ચતુદર્શી બે દિવસ સોરઠ-વંથળીમાં વણિક પબ્લીક હૉલમાં વ્યાખ્યાનો આપ્યાં હતાં, જુનાગઢ એક માસ રહ્યા હતા. શિકવેરા સાહેબે દીલ્હી મોકલવા, રાજકોટ કમિશનર સાહેબને એ.જી.જી. દ્વારા મહામહોપાધ્યાયની રાજકીય સત્કાર-ઉપાધિ માટે લખાણ મોકલાવ્યું હતું. અષાઢ વદી નવમીએ જેતપુર થઈ રાજકોટ ગયા હતા, દરબાર અર્જુનસિંહજીભાઈને બાળમુકુન્દભવન બંગલે શ્રાવણ સુદી ત્રીજ સુધી સ્વામી નિર્ગુણજીવનદાસજી સંતમંડળ સાથે રહીને અમદાવાદ ગયા હતા, અમદાવાદમાં અઢાર દિવસો સુધી જાહેર વ્યાખ્યાનો પ્રવચનો મંદિરના સભામંડપમાં ચાલુ રાખ્યા હતાં હીરના હિન્ડોળાનો મહોત્સવ એક માસ કર્યો હતો. ત્યાંથી નડીયાદ, આણંદ, ભરુચ, સુરત ગયા હતા, સુરતમાં અરદેશરજીને ત્યાં પ્રસાદીની પાઘના દર્શન કરી આરતી ઉતારી હતી, વડતાલના શાસ્ત્રી હરિબળદાસજી ન્યાય ભણતા, સાથે હતા, પછી તેઓ વડતાલ

રોકાણા હતા.

ભગવાન સુરતથી મુંબઈ ભાદરવા સુદ સાતમના જઈને ભાદરવા સુદ ચઉદશના કાશી ગયા હતા. ૩૪- **ચોત્રીશમી જન્મજયન્તી** મુક્તો દેવતાઓ રુષિમુનિઓએ ધામધૂમથી ઉજવી હતી, શ્રીબાળકૃષ્ણપ્રભુ ત્યાં ત્યાં દિવ્યમૂર્તિરુપે વિરાજતા હતા.

સંવત ૧૯૯૫ના માઘવદ છઠ્ઠના જેતપુર મૂર્તિ પ્રતિષ્ઠાના મહોત્સવમાં કથા વાંચવા પધાર્યા હતા, વસંતપંચમીથી ફાગણ સુદી પડવા સુધી રોકાઈને કાશી ગયા હતા, ત્યાં 'યોગદર્શન સ્વામિનારાયણભાષ્ય' તથા 'ભોજવૃત્તિ કિરણ' તથા 'ન્યાયસિદ્ધાંતમુક્તાવલીકિરણાવલી'- મુદ્રિત ગ્રન્થો જાહેરમાં મેલ્યા હતા. ગ્વાલીયર સ્ટેટ દ્વારા રુપિયા ૧૭૫- એકસો પંચોતેર પારિતોષિક ઇનામ આવ્યું હતું, પોષ્ટાચાર્યમાં દાખલ થયા હતા, ઈન્દોરના રાજકીયસંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રિન્સિપાલ તરીકે એક માસ નિમણુંક નિભાવી હતી, પાછા કાશી ગયા હતા. **૩૫-પાંત્રીસમી જન્મજયન્તી** મુક્તો દેવો રુષિઓ મુનિઓએ ઉજવી હતી. ત્યાં દિવ્ય ભગવાને દર્શન દીધા હતાં.

સંવત્ ૧૯૯૬ના વૈશાખ સુદી સાતમના કાશીથી નીકળી વૈશાખ વદી દશમના આસામમાં કામરુપ કામાખ્યાન દર્શન કરી પંડ્યા રાધિકાપ્રસાદ હરિપ્રસાદ ગોરને બંગલે ઊતર્યા હતા, તથા ગવર્નરને બંગલે ગયા હતા. એક દિવસ રોકાઈને બ્રહ્મપુત્રા નદીમાં આગબોટમાં બેસીને એકાદશીના ગૌહટી શહેરમાં ગયા હતા, ત્યાંથી બારશના મણિપુર રોડ ગયા હતા, તેરશના સાદિયા શહેર ગયા હતા, ત્યાં સત્યનારાયણ ઠાકુરવાડી બાવાજમુનાદાસજીને મંદિરે ચાર દિવસ રોકાણા હતા, મારવાડી છોટા ગોલામાં વ્યાખ્યાન આપ્યા હતાં ત્યાં બે પોલિસમેન કૈસામને શ્રીહરિની કંઠીઓ બાંધી હતી,- પોલીશ-લશ્કરી લેનમાં પધરામણીઓ થઈ હતી, ત્યાંથી વૈશાખવદ ચોથના દીબ્રુગઢ ગયા હતા, ઓં-બાવાના મંદિરે ફલાહાર કર્યા હતા, શહેરમાં આણંદના વિપ્રો વ્યાપારી સત્સંગીઓને ઘેર ભોજન તથા પધરામણી કરી હતી. વૈશાખવદ પાંચમના મુક્તિનાથ-શિવસાગર ગયા હતા, વદ સાતમના ચિતાગોંગ-ચટગાંવ બંગાલમાં ગયા હતા. પૃથિવીયન્ત્ર- સૂર્યયન્ત્ર જોઈને બારશના આગબોટમાં બેસીને કલકત્તા આવ્યા હતા, ત્યાંથી રેલમાં બેસીને અમાસના મથુરાજી આવ્યા હતા, વૃન્દાવન ગોકુલના તીર્થોમાં ગયા હતા, ત્યાંથી રેલમાં બેસીને જેઠ સુદી છઠ્ઠના જેતપુર આવ્યા હતા અને રોકાણા હતા. ભાદરવા માસમાં બટેકાના ફલાહાર ઉપર રહીને એકવીશ હજાર જનમંગળના પાઠ પુરશ્ચરણો કર્યા હતા. ૩૬ - **છત્રીશમી જન્મજયન્તી** મુક્તમંડળ દેવો મહર્ષિઓએ ઉજવી હતી, ત્યાં ભગવાન દિવ્યસ્વરુપે પધાર્યા હતા.

સંવત્ ૧૯૯૭ મા પોષસુદી પડવાએ નોંધણચોરા ગામે વચનામૃતનું એક દિવસરાત્રિનું પારાયણ વાંચવા ગયા હતા, ત્રીજના મેંગણી ગયા હતા, રીબ થઈને વદી પાંચમના જેતપુર આવ્યા હતા, માઘવદી અમાસે પબ્લીકદ્વારા અને મેનેજરદ્વારા મહામહોપાધ્યાયની

અરજી-સ્મૃતિ રિન્યુ તરીકે રાજકોટ તારાચંદભાઈ ગવર્નમેન્ટી અધિકારી ઉપર મોકલાવી હતી, તથા બીજી અરજી તા. ૭-૩-૪૧ના ફાગણ સુદ નોમને રોજ રાજકોટ પ્રાન્તસાહેબ પોલિટિકલ એજન્ટ સર વિલિયમ્સ ઉપર મોકલાવી હતી. તા. ૧૦-૧૦-૪૧ના સોમવારે દ્વાદશીએ એ.જી.જી. ઉપર રિન્યુ અરજી મોકલાવી હતી, રેસીડેન્ટ સર ગીબ્સન સાહેબ હતા. જેઠ સુદ ત્રીજના કાળાવડ ગામે મૂર્તિપ્રતિષ્ઠા કરાવવા ગયા હતા. ચાતુર્માસમાં જેતપુરમાં ઉપનિષદોની કથા વાંચી હતી. **૩૭-સાડત્રીશમી જન્મજયન્તી** મુક્તો દેવો રૂષિ મુનિઓએ ઊજવી હતી, ભગવાન્ ત્યાં દિવ્યમૂર્તિ હાજર હતા. શ્રાવણવદી બીજે જેતપુર ગામમાં હરિભક્તોમાં પધરામણી થઈ હતી.

સંવત્ ૧૯૯૮માં માગશરવદ ચોથના રોંઢાં ટાણે ઠાકોરજી જાગ્યા સમયે નિર્ગુણદાસજી સ્વામી ધામમાં ગયા હતા. તે નિમિત્તે જેતપુરમાં નવ દિવસ સત્સગિજીવનનું પારાયણ વાંચ્યું હતું ચૈત્રવદી દ્વાદશીના કાશીમાં સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાના મહોત્સવમાં ગયા હતા, પંડિતોની મહાસભા બોલાવી હતી, એકસોસાઠ મોટા વિદ્વાનો પંડિતો મહામહોપાધ્યાયો આદિકને અગ્યાર અગ્યાર રુપિયા અને એક એક ચાંદીની રકાબી તથા રકાબી જેવડો એક એક પેંડો આનંદપ્રસાદજીમહારાજ તરફથી સત્કાર દાનમાં શ્રીભગવાનદ્વારા આપવામાં આવ્યો હતો. રાજાસાહેબ ઘનશ્યામદાસ બીરલા પોતે તે સભામાં પધાર્યા હતા. આનંદપ્રસાદજી મહારાજને ૧૦૦૮ની ઉપાધિ તથા સ્વામી ધર્મસ્વરુપદાસજી કોઠારીને માનસહિત યોગ્ય ઉપાધિઓ સભા તરફથી મળ્યા હતા, વૈશાખ સુદી સાતમના અયોધ્યા ગયા હતા, ત્યાંથી છપૈયા, મથુરા, જેપુર, ગઢપુર થઈ દર્શન કરીને અધિક જેઠ સુદ ત્રીજના માંગરોળ અને લોજ ગયા હતા, સુદી આઠમના વેરાવળ જાદવજીભાઈ ઘીવાળાને બંગલે રહ્યા હતા. જેઠ વદ ત્રીજના જેતપુર ગયા હતા, અષાઢ સુદ ચોથના જુનાગઢ ગયા હતા, પાંચમના જેતપુર ગયાહતા, **૩૮ - આડત્રીશમી જન્મજયંતી** ત્રિલોકીમાં સર્વત્ર દેવો માનવો મુક્તો આદિ વડે ઉજવાઈ હતી, ભગવાન સર્વત્ર હાજર હતા.

સંવત ૧૯૯૯ના કાર્તિક પૂર્ણિમાએ જુનાગઢ દર્શન કરવા ગયા હતા, પાછા જેતપુર ગયા હતા, પોષ વદી બીજે જુનાગઢ ગયા હતા, તારીખ ૧૯-૪-૪૩ના જુનાગઢ બાવદીન

કૉલેજમાં કેન્દ્રમાં બૉમ્બે યુનિવર્સિટીની મેટ્રિક પરીક્ષા આપી હતી. તા. ૩૦-૪-૪૩ના સાંકળી ગામ ગયા હતા, અષાઢ વદી બારશના અમરેલીના ઉત્સવમાં ગયા હતા, વદી ચૌદશના જુનાગઢ ગયા હતા, અમાસે સોરઠ વંથલી ગયા હતા, શ્રાવણ સુદી બીજ પછી તેરસ સુધી સત્સંગીજીવન પારાયણ સોરઠ વંથળીમાં વાંચ્યું હતું. પૂર્ણિમાનું ચંદ્ર ગ્રહણ પીપળાણાની ઓજતમાં કર્યું હતું. વદ બીજ આખામાં કરી હતી, વદ ત્રીજ સારનપીપળીમાં કરી હતી, ચોથ બોડકામાં કરી હતી, પાંચમ નાવડામાં કરી હતી, છઠ્ઠ વંથળીમાં કરી હતી, સાતમ નવાગામમાં કરી હતી, અમાસ થાણાપીપળીમાં કરી હતી, થાણાપીપળીમાં ભાદરવા સુદ બીજથી હરિલીલાકલ્પતરુનું સાતમું પ્રકરણ વાંચ્યું હતું. નોમના હાટીના માલિયામાં ગયા હતા, ત્રણ દિવસો જાહેર પ્રવચનો કર્યા હતા, ભાદરવા વદી ત્રીજે ગળોદર ગયા હતા, છઠ્ઠના જુનાગઢ ગયા હતા, સાતમના પીપળાણા ગયા હતા. **૩૯ - ઓગણચાલીશમી જન્મજયન્તી** સર્વે બ્રહ્માંડોમાં ઊજવાઈ હતી, ભગવાન અસંખ્ય બ્રહ્માંડોમાં દર્શન દેવા પધાર્યા હતા.

સંવત ૨૦૦૦ના માઘમાસમાં નાની કુંકાવાવ તથા મોટી કુંકાવાવ અને દેરડી પધાર્યા હતા. ફાગણમાં સોરઠ વંથળી અને થાણાપીપળી પધાર્યા હતા, ચૈત્ર સુદી દશમના આણંદ (ગુજરાતમાં) ગયા હતા, બારશના સુરત ગયા હતા, વૈશાખ વદ દશમના ખંભાત કળશમુહૂર્ત ઉપર ગયા હતા, બધા સ્થળોમાં જાહેર પ્રવચનો કર્યા હતા, ખંભાતમાં જેઠ માસમાં જાહેર પ્રવચનો રાખ્યાં હતાં, શુકલ એકાદશીએથી સત્સંગીજીવનસપ્તાહ પારાયણ વાંચ્યું હતું, એક દિવસ મેતપુર પધરામણીએ ગયા હતા, ત્યાંથી વડતાલ ગયા હતા, જેઠ સુદ નોમથી અષાઢ શુદી બીજ સુધી વડતાલ રોકાણા હતા, કોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજીની બદલી થઈ હતી, અષાઢ સુદી અગિયારશે ખંભાતમાં ગયા હતા, માનપત્રો અપાણાં હતાં, શ્રાવણ સુદ છઠ્ઠના ભરૂચ ગયા હતા, અષ્ટમીએ વડોદરા ગયા હતા, અને જુનાગઢ આવ્યા હતા. ભાદરવા વદી અગિયારશે માણાવદર ગયા હતા, આશો વદ ચોથના સોરઠ વંથળી ગયા હતા. **૪૦ - ચાલીસમી જન્મજયન્તી** બધી સૃષ્ટિઓમાં ઉજવાઈ હતી, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ દિવ્યમૂર્તિ ત્યાં ત્યાં પધાર્યા હતા.

સંવત ૨૦૦૧ના માગશર સુદીમાં અગત્રાય દેશમાં ફરવા ગયા હતા, બારેક ગામડા ફર્યા હતા, ફાગણમાં જુનાગઢ યજ્ઞ પાટોત્સવમાં વ્યાસાસને વ્યાખ્યાન કાર્ય કર્યું હતું. આખો દિવસ પ્રવચનો ચાલુ હતાં. ફાગણ વદી એકાદશી માણાવદર કરી હતી, તેરશ વેરાવળ કરી હતી, ચઉદશ જુનાગઢ કરી હતી, અધિક ચૈત્ર બીજ માંગરોળ કરી હતી, અજાબ્યગામે નારાયણભાઈને ફળીએ ભાગવત-પારાયણ વાચ્યું હતું, અધિક ચૈત્ર વદ તેરશે વરજાંગ જાળીયા ગયા હતા, કથા વાંચી હતી, પધરામણીઓ થઈ હતી, બીજા

ચૈત્રની ચોથ ઉપલેટા કરી હતી, જાહેર વ્યાખ્યાન આપ્યું હતું, આઠમથી માંગરોળમાં ભાગવત-પારાયણ છત્રીએ વાંચ્યું હતું, યજમાન લાલજી ભીમજીભાઈ માળીયાવાળા હતા, ચૈત્ર વદ દશમથી જેઠ શુદી બીજ સુધી લોજ ગામમાં શિક્ષાપત્રી કથા વાંચી હતી, યજ્ઞ કર્યો હતો, પંચોતેર નવી કંઠીઓ બાંધી હતી, ગોવુભા દરબારે જનોઈ લીધી હતી, અને સત્સંગી થયા હતા, તેણે લોજ મંદિરમાં ખેતર આપ્યું હતું, જેઠ શુદી ત્રીજથી આઠમ સુધી કેશોદ શેઠ લાલજી લાધાને ત્યાં રોકાણા હતા, જેઠ શુદી અગિયારશ જુનાગઢ કરી હતી, અષાઢ વદ ૦)) - અમાસના રોજ જામનગર શ્રાવણની કથા વાંચવા બોલાવ્યા હતા, ત્યાં ગયા હતા, ચાલુ કથાએ શ્રાવણ વદ બીજના માણાવદર ગયા હતા, શ્રાવણ વદ અષ્ટમીએ માણાવદર શિક્ષાપત્રી સપ્તાહ વાંચ્યું હતું. દશમી જુનાગઢ કરી હતી, દ્વાદશી જામનગર કરી હતી, ભાદરવા શુદ બીજ ચાંદા સી. પી. માં કરી હતી, સુદ પાંચમથી ભાગવત સપ્તાહ ચાંદામાં પોપટલાલ હરજીવન કાછેલાને ત્યાં નવા બંગલામાં વાંચ્યું હતું, તેનો મૃતપુત્ર કાન્તીલાલ સવારે ડોશીમાને દેખાણો, તે પોતાની સદ્ગતિ કહીને ધામમાં ગયો હતો. ભાદરવા વદ બીજે રાજમહેન્દ્રી ગયા, વદ પાંચમના જગન્નાથપુરી ગયા, વદ આઠમના બેજવાડા કાવેરી સ્નાન કર્યા, પછી એકાદશીએ મદ્રાસ ગયા, ત્યાં જાહેર પ્રવચન આપ્યું, ચઉદશે રામેશ્વર ગયા, આશો સુદ પડવે ધનુષ્કોટિ જઈ સમુદ્રસ્નાન કર્યું, દશમના ચિદંબરમાં સ્ફાટિકલિંગનું દર્શન કર્યું, બારસના તિરૂપતિ બાલાજીનું દર્શન પર્વત ઉપર કર્યું, ચઉદશના પંઢરપુર ગયા, ચન્દ્રભાગા નદીમાં સ્નાન કર્યું, આશ્વિન વદ પડવાએ પુના ગયા, વદ ત્રીજે મુમ્બઈ આવ્યા હતા, આશ્વિન વદ આઠમના જામનગર આવ્યા હતા, ૪૧ - **એકતાલીશમી જન્મજયન્તી** અવતારો ઈશ્વરો દેવો ઋષિ પિતૃ તમામે ઊજવી હતી, ત્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ અસંખ્ય સ્વરૂપે વિરાજતા હતા.

સંવત ૨૦૦૨ના માગશરથી જામનગરમાં જુના મકાનો પાડવા ચાલૂ કર્યા, અક્ષય તૃતીયા વૈશાખ સુદ ત્રીજના સભામંડપનો પાયો નાખ્યો હતો. વૈશાખ સુદ સાતમના મોરજર ગામે હનુમાન પ્રતિષ્ઠા કરી, શ્રાવણ સુદ દ્વારીદશીએ તરઘડી દેવળીયા ગામે મૂર્તિની પ્રતિષ્ઠાના યજ્ઞમાં ગયા હતા. પૂર્ણિમા લાખાબાવળ કરી હતી, સાંજે જામનગર ગયા હતા, ભારદવા વદ સાતમના સોરઠ વંથલી શિક્ષાપત્રીની કથા વાંચવા ગયા હતા, આશ્વિન શુકલતૃતીયાએ માણાવદર ગયા હતા, સાતમે જુનાગઢ ગયા હતા, એકાદશીએ જામનગર આવ્યા હતા. ૪૨ - **બેતાલીશમી જન્મજયન્તી** સર્વત્ર ઉજવાઈ હતી, સર્વે સૃષ્ટિઓમાં ભગવાન પધાર્યા હતા.

સંવત ૨૦૦૩ના માઘ સુદી ચતુર્દશી તારીખ ૪-૨-૪૭ના સાંજે પોણાચાર વાગ્યે પ્લેન- બલૂનમાં બેસી મુંબઈ ગયા હતા, ફાગણ સુદ છઠ્ઠના જબલપુર ગયા હતા, ભગવાનજીભાઈ જેરામભાઈને ત્યાં રોકાણા હતા, ફાગણ વદ બીજના ધનશૌર ગયા હતા, સાતમના માંડલા ગયા હતા, નર્મદામાં ન્હાયા હતા, દશમના જબલપુર આવ્યા હતા, બારસના ગોદિયા રાજગર મકનજીને ત્યાં ગયા હતા, તેરશ ચાંદામાં પોપટલાલભાઈ કાછેલાને ત્યાં કરી હતી, સ્વામી નરસિંહમૂર્તિ વી. એન.ના પુત્રને કંઠી બાંધી હતી, ચૈત્ર સુદી પડવાએ મોટર વડે બલારશા ગયા હતા, પાછા ચાંદા આવીને ત્રીજના અહીરી સ્ટેટ ગયા હતા, ત્યાંના રાજારાણીએ તથા પુત્રપુત્રીઓએ કંઠી બાંધી હતી, હિંસા તજાવી હતી, રાજાએ ૨૧૦૦- એકવીસસો રૂપિયા ભેટ આપ્યા હતા, શીલોંચા નદીમાં ન્હાયા હતા, ચોથના જંગલોમાં ફર્યા હતા, દોઢસો માઈલ જંગલોમાં ફરીને પાંચમના આલાપલ્લી ગયા હતા, પાછા ચાંદા આવ્યા હતા, દશમના રેલમાં બેસી બારશના જામનગર આવ્યા હતા, ચૈત્ર વદ સાતમના સોનારડી ગામે જઈ શિક્ષાપત્રીની કથા વાંચી હતી, વૈશાખ સુદ પડવાના જુનાગઢ આવી વૈશાખ સુદ ત્રીજના જામનગર ગયા હતા, સભામંડપનું સિમેન્ટ કોંકરેટ છત ભરાવ્યું હતું. વૈશાખ વદ બીજના બગસરા, ત્રીજથી સત્સંગિજીવન-પારાયણ વાંચવા ગયા હતા, એકાદશીએ સમાપ્તિ કરી હતી, તેરસે મોટી કુંકાવાવ પધરામણી કરી હતી, અષાઢ માસમાં જામનગર સભામંડપના પારાપીઠનું ચણતર કામ પૂરું કર્યું હતું, શ્રાવણમાં પ્રદક્ષિણામાં નીચે ગાયું બાંધવાનું ભંડક ઢાંક્યું હતું, ભાદરવામાં અલીયામોડા નદીના કરમદીધરામાં સંઘ મળી ન્હાવા ગયા હતા. હનુમાનજીને નૈવેદ્ય લાડુ ત્યાં ભોજન જમાડ્યા હતાં, ૪૩ - **તેતાલીસમી જન્મજયન્તી** મુક્તો ઈશ્વરો દેવ પિતૃ દેવતાઓએ ઉજવી હતી, ભગવાન દિવ્યરૂપે ત્યાં સર્વત્ર પધાર્યા હતા.

સંવત ૨૦૦૪માં કાર્તિકમાં જામનગર મન્દિરની પ્રદક્ષિણામાં ઉગમણ - ઉત્તર થાંભલા અને કમાનો કરાવી ચણાવ્યા હતા, તથા પ્રદક્ષિણા ઢાંકી હતી માઘવદ બીજના વડતાલ, કંબોલા, સારંગપુર અને પોરબન્દર ગયા હતા. આફ્રિકાની સ્ટીમરની ત્રણ ટિકિટો કેન્સલ રદ્દી કરાવી હતી, વદ અગિયારશના બલુનમાં બેસીને સાંજે જામનગર ગયા હતા, વૈશાખવદી દ્વાદશીના ખોખરી ગામે મૂર્તિ પધરાવવા ગયા હતા, જામનગરમાં શ્રાવણમાં સત્સંગિજીવનનું બીજું પારાયણ વાંચ્યું હતું, પછી મહાભારત સંસ્કૃત કથા ચાલતી હતી, શ્રાવણ વદ નોમના સભામંડપના છતમાં લાદી પથરાવી હતી, ભાદરવામાં રવેસની જાળી કોતરાવી હતી, પિલાસ્તરો કરાવ્યા હતાં, ભાદરવા સુદ એકમથી સત્સંગિભૂષણ એકપ્રકરણ વાંચ્યું હતું, સાંજે સ્કન્દપુરાણ વંચાતુ હતું, ૪૪ - **ચૂમાલીશમી જન્મજયન્તી**

સર્વ બ્રહ્માંડોમાં ઉજવાઇ હતી. શ્રીબાલકૃષ્ણ પ્રભુ સર્વત્ર દિવ્યમૂર્તિ હાજર હતા.

સંવત ૨૦૦૫માં આષાઢ વદ તેરશના મહાભારત સમ્પૂર્ણ કરી સમાપ્તિ પૂજન કર્યું હતું, ભાદરવામાં વાસુદેવ માહાત્મ્ય વાંચ્યું હતું, **૪૫ - પીસતાળીશમી જન્મજયન્તી** જીવલોક ઈશ્વરલોક બ્રહ્મલોક સર્વત્ર ઊજવાઈ હતી, મહાપ્રભુજી સર્વત્ર વિરાજતા હતા.

સંવત ૨૦૦૬માં કાર્તિકમાં વાલ્મિકીય રામાયણ સંસ્કૃત કથા વાંચવી ચાલુ હતી, માગશર સુદી ચોથના ઉના ગયા હતા, માગશર સુદી બારશ સુધી સ. પુરાણી હરિનારાયણદાસજી ધામમાં ગયા નિમિત્તે હરિદિગ્વિજયનું પારાયણ વાંચ્યું હતું, પૂનમ ગીર ગઢડા કરી હતી, દ્રોણ તથા ફાટસર પધરામણી કરી હતી, ત્રીજ ઇટવાયા કરી હતી, ચોથ મોતીસર કરી હતી, પાંચમ તુલસીશ્યામ કરી હતી, છઠ્ઠ મોટા સમઢીયાળા કરી હતી, સાતમ અંબાડા કરી હતી, આઠમ કાંધી, નોમ પાતાપર, દશમ સામતેર અને બારશ ઉના કરી હતી, તેરશ વાવરડા, ચઉદશ ઉના કરી હતી, પોષ સુદ પડવો હડમડીયા કર્યો હતો, બીજ માળીયાહાટીના કરીને માણાવદર ગયા હતા, ત્યાંથી છઠ્ઠના જામનગર પધાર્યા હતા, પછી ચૈત્ર સુદ છઠ્ઠના કુંડલા થઈ આદસંગ ભાગવત વાંચવા ગયા હતા, આઠમથી અમાસ સુધી સપ્તાહ વાંચ્યું હતું, વૈશાખ સુદી ત્રીજ કુંડલા કરી હતી, વૈશાખ સુદ પાંચમે દેતડમૂર્તિ પધરાવવા ગયા હતા, સાતમે સરાકડીયા મૂર્તિ પધરાવી હતી, નોમ ખાંભા કરી હતી, દશમના જામનગર ગયા હતા, આશ્વિનમાં સ્કંદપુરાણ સમ્પૂર્ણ કથાની સમાપ્તિમાં પૂજન કર્યું હતું. **૪૬ - છેતાલીશમી જન્મજયન્તી** તમામ મુક્તો આદિ ધામવાસીઓએ ઉજવી હતી. પધરામણીઓ થઈ હતી, શ્રીમહાપ્રભુજી ત્યાં ત્યાં દિવ્યરૂપે હાજર હતા.

સંવત ૨૦૦૭માં પદમપુરાણની કથા ચાલુ કરી હતી, ફાગણમાં ભાગવત સપ્તાહ વાંચ્યું હતું, જમીન-નવેલું વેચાતું લીધું હતું, અષાઢ સુદી દશમમાં હરિલીલાકલ્પતરુ વાંચવું શરૂ હતું, શ્રાવણ વદ ત્રીજના રાજકોટમાં બદલી થવાથી ચાર્જ લીધો હતો. **૪૭ - સૂડતાળીશમી જન્મજયન્તી** સર્વે લોક લોકાન્તરોમાં ઉજવાઈ હતી, શ્રીમાન અનાદિ શ્રીનારાયણ ભગવાન ત્યાં સર્વત્ર હાજર હતા.

સંવત ૨૦૦૮માં કાર્તિક સુદ તેરશના વાડીમાં નવે મન્દિરે ઘનશ્યામમહારાજને લઈ ગયા હતા, માગશર સુદ પાંચમે ઘનશ્યામમહારાજ તથા બે હનુમાનજી અને ગણેશજીનો ફરીથી પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. માઘ સુદ પાંચમના શિવજી, દત્તાત્રેય, શેષનારાયણ અને સૂર્યની પ્રતિષ્ઠા કરી હતી. વિષ્ણુ પુરાણ વાંચ્યું હતું. ફાગણથી શિવપુરાણ વંચાતું હતું. અષાઢ સુદી એકાદશીથી સવારે સુધાસિન્ધુ વંચાતો હતો. આશ્વિન સુદી ચોથના શિવપુરાણની સમાપ્તિ કરી હતી, પછી બૃહન્નારદીયપુરાણ વંચાતું હતું.

૪૮ - **અડતાળીશમી જન્મજયન્તી** બધા ભગવાનો દેવો આદિ સર્વેએ ઊજવી હતી. પરબ્રહ્મ પ્રભુ ભગવાન દિવ્યમૂર્તિ ત્યાં સર્વત્ર હાજર રહ્યા હતા.

સંવત ૨૦૦૯ના માગશર સુદ આઠમે રાજકોટમાં શ્રીલક્ષ્મીનારાયણદેવ પધરાવ્યા હતા. પોષ સુદી પૂનમથી વારાહપુરાણ વંચાતું હતું, સુધાસિન્ધુની સમાપ્તિ કરી હતી, માઘ સુદ પડવાથી હરિલીલાકલ્પતરૂના ચાર ભાગો વાંચ્યાં હતાં, ચૈત્ર સુદ પડવાથી ભાગવતપુરાણ કથા ચાલુ હતી, ચૈત્ર સુદ ચડવાએ આનન્દપ્રસાદજી મહારાજે રાજકોટના દેવોની આરતી ઉતારી હતી, અધિક વૈશાખમાં પુરુષોત્તમમાસની કથા વાંચી હતી, તથા ભાગવત વંચાતું હતું, અક્ષરતૃતીયાએ નવા ત્રણ ગ્રન્થો લખવાના મંગળ કર્યા હતાં. જેઠ તથા અષાઢમાં હરિલીલાકલ્પતરૂ અને હરિદિગ્વિજય વંચાયા હતાં. શ્રાવણ સુદ ત્રીજે જામનગર બદલી થઈ હતી, શ્રાવણમાં રાજકોટમાં કથા માટે રોકાયા હતા. ભાદરવા સુદ પડવાએ જામવણથળી ગયા હતા, પાંચ દિવસ રોકાણા હતા, છઠ્ઠના જામનગર જઈ સત્સંગિજીવન કથા ચાલુ કરી હતી, **૪૯-ઓગણપચાસમી જન્મજયન્તી** તમામ ભૂમંડળોમાં નક્ષત્રમંડળોમાં ઈશ્વરલોકોમાં અને સર્વ ધામોમાં ઊજવાઈ હતી, શ્રીહરિ ત્યાં ત્યાં દિવ્યસ્વરૂપે પધારેલા હતા.

સંવત ૨૦૧૦માં માગશર સુદ આઠમના રાજકોટ પાટોત્સવ કરી નોમના જામનગર ગયા હતા. તા. ૨૧-૧૨-૫૩ના આચાર્ય મહારાજની પૂજા માટે એક ભાઈ વડતાલ ગયા હતા, પ્રથમ માઘમાં શિક્ષાપત્રીભાષ્યની કથા વાંચી હતી. માઘ વદ ૭-છઠ્ઠમાં ઘનશ્યામ મહારાજને નવા રંગકામ નિમિતે ફરીથી પ્રતિષ્ઠોત્સવ કર્યો હતો, ફાગણ વદી પાંચમમાં ખોડી-રૂગનાથપુરમાં સત્સંગિજીવન પારાયણ વાંચવું શરૂ કર્યું હતું, તથા મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી. ચૈત્ર સુદ દ્વાદશી સમઢીયાળા કરી હતી, પચાસ વિઘા જમીન જુનાગઢને શ્રીકૃષ્ણાર્પણ અપાણી હતી, ત્રીજ ખોડી કરી, ચોથ અનીડા કરી, પાંચમ ખોડી કરી, છઠ્ઠ ઝીકીયાળી કરી હતી. સાતમે સરખાગામે હનુમાનપ્રતિષ્ઠા કરી હતી, આઠમ સોનારીયા કરી હતી, નોમ કેરીયા કરી હતી, દશમે ચાડીયા જઈને તરગતળાવ જઈ બે હનુમાનજી પધરાવ્યા હતા, એકાદશી બન્ને ગોખરવાળા કરી હતી, બારશ ચાનગઢ કરી હતી, તેરશના હાથસણી જઈ હનુમાન પ્રતિષ્ઠા કરી હતી, ખોડી ત્રણ દિવસ રોકાણા હતા, વદ બીજે નીકળી ત્રીજના જામનગર પધાર્યા હતા, મોટી શિક્ષાપત્રી કથા ચાલુ કરી હતી, વૈશાખ વદ અમાસના આનન્દપ્રસાદજી મહારાજના ગાદીવાલાં તથા બ્રહ્મચારી માયાતીતાનન્દજી સ્વામી તથા કોઠારી ધર્મસ્વરૂપદાસજી સ્વામી વિગેરે સન્તમંડળ વડતાલથી જામનગર પધારીને દ્વારિકા ગયા હતા, અષાઢમાં હરિદિગ્વિજયની કથા વંચાતી હતી, ભાદરવા વદમાં બ્રહ્મવૈવર્તપુરાણ વંચાતું હતું.

૫૦ - પચાસમી જન્મજયન્તી ગૌલોક વૈકુઠ આદિ તમામ ભૂમિકાઓમાં ઉજવાઈ હતી, ભગવાન દિવ્ય સ્વરૂપે સર્વત્ર હાજર હતા.

સંવત ૨૦૧૧માં માઘમાં વારાહપુરાણ પુરૂષ કર્યું હતું, વૈશાખમાં વામનપુરાણ વાંચ્યું, અષાઢમાં કૂર્મપુરાણ વાંચ્યું હતું, તા. ૧૦-૭-૫૫, સંવત ૨૦૧૧ના અષાઢ વદ પાંચમ રવિવારે જામવણથળી બાઈઓના મંદિરના ભર્યામાં ગયા હતા, સાંજે જામનગર આવ્યા હતા, શ્રાવણમાં સત્સંગિજીવનની કથા વંચાતી હતી, **૫૧ - એકાવનમી જન્મજયન્તી** સર્વ તીર્થમય સૃષ્ટિઓમાં ઊજવાઈ હતી, ભગવાન ત્યાં સર્વત્ર વિરાજતા હતા.

સંવત ૨૦૧૨માં માગશરથી બ્રહ્માંડપુરાણ વંચાતું હતું, ચૈત્રમાં હનુમાનજી - ગણેશજીનું રંગકામ કરાવ્યું હતું, મંદિરની પ્રદક્ષિણા બાંધકામ ચાલુ રાખ્યું હતું, ઘુમટમાં ફુવ્હારાનો નળ નખાવ્યો હતો, જેઠમાં ચાંદીનો મોટો હિંડોળો ગંગાજમના કરાવ્યો હતો, ગરૂડપુરાણની કથા વંચાતી હતી, શ્રાવણથી પોષપર્યન્ત સુધાસિન્ધુ વાંચ્યો હતો, **૫૨ - બાવનમી જન્મજયન્તી** સર્વે બ્રહ્માંડોમાં ઉજવાણી હતી, ભગવાન દિવ્ય યુવાનમૂર્તિ સર્વત્ર હાજર હતા.

સંવત ૨૦૧૩માં માર્કંડેય પુરાણની કથા કાર્તિકમાં વંચાતી હતી, માગશરમાં મત્સ્યપુરાણ વંચાતું હતું અને સત્સંગિજીવન ટીકાસહિત બારમહિના વાંચ્યું હતું, તથા પ્રદક્ષિણા સમ્પૂર્ણ બાંધી લીધી હતી, તથા ચાંદીના બારસાકો ડેરાના કમાડો માટેના કરાવ્યા હતા, **૫૩ - ત્રેપનમી જન્મજયન્તી** સર્વે બ્રહ્માંડોમાં ધામધૂમે ઉજવી હતી.

સંવત ૨૦૧૪માં ડેરાની કોળીમાં ઉમ્બરાઓમાં આરસ, ટાઇલ્સ, રંગકામ, ભીતોમાં ટાઇલ્સ, વિગેરે સુધારો કરાવ્યો હતો, ઘુમ્મટમાં તમામ ચિત્રરંગકામ, તથા પ્રદક્ષિણાનાં સરાં, થાંભલાઓ વિગેરેના કોતરણી-કામ કરાવ્યા હતાં, શ્રીગુણાતીતાનન્દસ્વામીની પાંચપ્રકરણોની વાર્તા સંસ્કૃત શ્લોકોમાં હિન્દીભાષાન્તર સહિત રચી પૂર્ણ કરી હતી, જામનગરમાં જામવણથળીનો ચાંદીનો ગંગાજમના હિંડોળો પૂરો કરાવ્યો હતો, શ્રાવણમાં સત્સંગિજીવન કથા કરી હતી, ભાદરવામાં શ્રીગુણાતીતાનન્દસ્વામી સંસ્કૃત વાર્તાની કથા વાંચી હતી, **૫૪ - ચોપનમી જન્મજયન્તી** સર્વે ધામો દેવલોક માનવલોક અને ભુવનોમાં ઉજવાઈ હતી.

સંવત ૨૦૧૫માં ફરીથી શ્રીગુણાતીતાનન્દસ્વામીની સંસ્કૃત વાર્તાની કથા વાંચી હતી,

પોષ-માઘમાં શ્રીગોપાળાનન્દ સ્વામીની વાર્તા ત્રણ પ્રકરણોની સંસ્કૃત શ્લોકોમાં હિન્દી ભાષાન્તર સહિત રચના પૂરી કરી હતી, અને વાંચી હતી. **૫૫ - પંચાવનમી જન્મજયન્તી** સર્વે સૃષ્ટિઓમાં ઉજવાઈ હતી.

સંવત ૨૦૧૬માં જામનગર પ્રદક્ષિણામાં આરસ પથરાવ્યો હતો, વાર્ષિક ઉત્સવો કર્યા હતા, **૫૬ - છપ્પનમી જન્મજયન્તી** તમામ અવતારો ઈશ્વરો દેવતાઓ વિગેરેએ ઉજવી હતી.

સંવત ૨૦૧૭માં ચાંદીનું પારણું કરાવ્યું હતું પોષ સુદી પૂનમથી ઘૂમટના થાંભલાઓને આરસ ચડાવ્યો હતો. **૫૭, (સતાવનમી) જન્મજયન્તી** તમામ સ્વર્ગાદિકમાં ઉજવાઈ હતી.

સંવત ૨૦૧૮માં પ્રદક્ષિણાની બેઠકો બાંકડાઓમાં મોજક કામ કરાવ્યું હતું, પ્રદક્ષિણામાં ઇલેક્ટ્રિક ફીટીંગ કરાવ્યું હતું, શ્રીગોપાળાનન્દસ્વામીની વાર્તા સંસ્કૃતની કથા વાંચી હતી, સત્સંગિજીવનની કથા ચાલુ જ હતી, આસો માસમાં સંસ્કૃતવાતોના પુસ્તકોના પારસલો કાશીથી જામનગર આવ્યા હતા, **૫૮ - અઠ્ઠાવનમી જન્મજયન્તી** જડ-ચેતન તમામ દેવતા આદિવડે ઉજવાઈ હતી.

સંવત ૨૦૧૯માં જામનગર મંદિરના કામકા જોથી નિવૃત્તિ લેવા રાજીનામું આપી અરજી દ્વારા બદલી માગી હતી, જેઠ વદી અગિયારશે રાજીનામું આપ્યા પછી અષાઢ વદ ચોથના મંગળવારે બદલી થતા જામનગરથી જામવણથળી ગયા હતા, ત્યાં સુધાસિન્ધુ અને ગુણાતીતાનન્દસ્વામીની વાર્તા-કથાઓ વંચાણી હતી, પ્રેમજી લાધા ખોલિયાએ વિદ્યાલય બંધાવવા ફૂલવાડી દાન જાહેર કર્યું હતું, શ્રાવણમાં કાળાપાણા ખાણમાંથી કઢાવ્યા હતા, મહેનત કરતા હરિભક્તોને ચા પાણી ગાંઠિઆ મોતૈયા જમાડાતા હતા, મોતૈયાની ત્રણ મોટી રસોઈઓ વણથળી લાખાણી ચાવડા હરિભક્ત સમસ્તને જમાડી હતી, **૫૯ - ઓગણ સાઠમો આશો વદ આઠમનો જન્મજયન્તી** મહોત્સવ સમસ્તગામે ઉજવ્યો હતો, સર્વધામોમાં સર્વસૃષ્ટિઓમાં દેવીઓએ પણ સ્થળે સ્થળે ઉત્સવો કર્યા હતા, ફૂલવાડીમાં અવતારો મુક્તો ઈશ્વરો દેવતાઓ વિગેરે દિવ્યરૂપે આવ્યા હતા, આશોવદી અગિયારશથી જુનાગઢ આવીને રહ્યા હતા. મંડળસહિત જુનાગઢ રહીને ત્રણ મહિના સભામાં કથાવાર્તાઓ કરી હતી.

સંવત ૨૦૨૦ના કાર્તિક સુદી ત્રીજ રવિવારે તારીખ ૨૦-૧૦-૬૩ના જુનાગઢ જુના સભામંડપમાં વ્યાખ્યા સભા થઈ હતી, પોષ સુદી અગિયારશે વડાલ વિગેરે દેશના ગામોમાં ફરવા ગયા હતા, પોષવદી ચોથ ચોકીમાં, વદ સાતમ પરબડીમાં, નોમ સાંકળીમાં, અગિયારશ નાની સાંકળીમાં, બારશ જેતલસરમાં, તેરશ રૂપાવટીમાં, ચૌદશ અનીડામાં, માઘ સુદ છઠ્ઠ ખોડીમાં, આઠમ સમઢીયાળામાં અગિયારસ ભેંસાણામાં, કર્યા હતાં, માઘ વદી બીજ પરબવાવડીમાં કરી હતી, વદ ત્રીજ ચણાકા કરી હતી.

માધ વદ પાંચમનો જુનાગઢ મહારુદ્ર યાગ દયાશંકર ઠાકરે કરાવ્યો હતો, તેમાં આવ્યા હતા, અગિયારશે ચણાકા પાછા ગયા હતા, અમાસના કોટડા ગયા હતા, ફાગણ સુદી ત્રીજ પીપળીયામાં, પાંચમ રાણપુરમાં, સાતમ સોડવડીમાં, અગિયારશ ખારચીયામાં, અને પુનમ થાણાગાલોળમાં કરી હતી, ફાગણ વદ પાંચમ જુનાગઢ કરી હતી, છઠ્ઠ પીપયાણા કરી હતી, ત્યાંથી બોડકા વંથળી થઈને સાતમે ઉના થઈને બારપટોળીમાં આઠમે શિક્ષાપત્રીની કથા ચાલુ કરી હતી, ફાગણ વદ તેરશની સમાપ્તિ કરીને પાટી સમઢીયાળા કથામાં શિક્ષાપત્રીકથા અધિક ચૈત્ર સુદ બીજથી આઠમ સુધી વાંચી હતી, તુરત જ નોમરાત્રેથી પૂનમ સુધી ત્રીજી કથા સત્સંગિજીવન બે પ્રકરણો કોદિયામાં વાંચ્યા હતાં, ચૈત્ર વદ પડવો સરાકડીયા કર્યો હતો, વદ બીજ રાપડીમાં કરી, ત્રીજ આદસંગમાં કરી, પાંચમ જીવાપર કરી, પછી ડેડાણ ગયા હતા, વદ નોમથી અમાસ સુધી મોટા સમઢીયાળા શિક્ષાપત્રી કથા-સપ્તાહ વાંચ્યું હતું, ત્યાંથી નાના સમઢીયાળા, જીવાપર નાલીએરી. મોલી. થઈ બીજા ચૈત્ર સુદ અગ્યારશે ઉના ગયા હતા ત્યાંથી જુનાગઢ આવ્યા, વૈશાખ સુદ સાતમે જામવણથળી ગયા હતા, ચૂનાની ભઠ્ઠી નખાવી હતી, ફૂલવાડીમાં ઓરડાના પાયા ભરી આડ્ય બાંધી ભરતી ભરી હતી, પાછા જેઠ સુદ દશમના જુનાગઢ આવ્યા હતા, જેઠ સુદી ચઉદશનું ભંડારને મેડે નિજ મકાનનું વાસ્તુ લીધું હતું, જલેબી સાટા જમાડ્યા હતા, તારીખ ૨૧-૬-૬૪માં જીર્ણોદ્ધાર સમિતિ રચાણી, તેનું પ્રમુખપણું સ્વીકાર્યું, શ્રાવણમાં જામવણથળીમાં ભાગવતની કથા વાંચી ભાદરવામાં વદ પાંચમથી અગત્રાઈમાં ભાગવત અને શિક્ષાપત્રીની કથા સપ્તાહ વાંચી હતી, ભાદરવા વદ ૦)) - અમાસે કેશોદ રહ્યા, આશ્વિનશુકલ પડવે જુનાગઢ આવ્યા, સુદ બીજની લાખાપદર મૂર્તિ પ્રતિષ્ઠા કરી પચાસેક ઘરોને કંઠીઓ બાંધી હતી, આશો સુદ ચોથના મોટી કુંકાવાવ, છઠ્ઠના દેરડી, સાતમના જુનાગઢ પહોંચ્યા હતા, **૬૦ - સાઠમી જન્મજયન્તી** જુનાગઢ આદિ નગરોમાં ગામોમાં તથા બ્રહ્માંડોમાં સર્વત્ર ઉજવાઈ હતી.

સંવત ૨૦૨૧માં કાર્તિક વદ પાંચમે ધોરાજી, ધોરાજી દેશ ફરવા ગયા, વદ આઠમના જામવણથળી ગયા, વદ ૦)) અમાસના ધોરાજી આવ્યા, ત્યાંથી ફણેણી, સીમાસી, વડાળા ફરીને પોષ સુદ અગિયારશે વીરપુર જઈને રહ્યા, પોષ વદ અગિયારશે જુનાગઢ આવ્યા, ત્યાંથી જામવણથળી ગયા, ફાગણ સુદી પુનમે લાખાણી ગયા, ફાગણ વદી ત્રીજે ચાવડા ગયા, ફાગણ વદ સાતમે અલૈયા, મોડા ગયા, વદ અગિયારશે જામવંથળી ગયા, વદ તેરશના જામનગર ગયા, ચૈત્ર સુદમાં ખોખરી જઈ સુદ પાંચમના ખંઢેરા ગયા, સુદ ચૌદશના કાળાવડ, ચૈત્ર વદ આઠમના કંદોરડા ગયા હતા, વૈશાખ વદ અમાસના વીરપૂર

થઈ જુનાગઢ આવ્યા હતા, અષાઢ સુદ ત્રીજના જામવણથળી ગયા, ભાદરવા વદ ચોથના જુનાગઢ આવ્યા. ૬૧ - **એકસઠમી જન્મજયન્તી** બ્રહ્માંડોમાં સર્વત્ર ઉજવાઈ હતી.

સંવત ૨૦૨૨માં માગશર વદ અગિયારશ ધોરાજી કરી હતી, માઘ સુદ અગિયારશ જુનાગઢ કરી હતી, ફાગણ વદ ચઉદશથી જામનગરમાં શિક્ષાપત્રીની કથા વાંચી હતી, વૈશાખ વદ બીજથી સાતમ સુધી માણાવદરમાં શિક્ષાપત્રીની કથા વાંચી હતી, ભાદરવામાં બાટવાવાળા ડૉક્ટરની શિક્ષાપત્રીની કથા માણવદરમાં સપ્તાહ કથા વાંચી હતી, આશ્વિનમાં જુનાગઢ હરિદિગ્વિજયી કથા વાંચી હતી, ૬૨ - **બાંસઠમી જન્મજયન્તી** સર્વ સૃષ્ટિઓમાં ઉજવાઈ હતી.

સંવત ૨૦૨૩માં કાર્તિક વદમાં સણોસરા કથા વાંચી હતી, પછી શિયાળો અઢી માસ ઉપલેટામાં બન્ને મંદિરોમાં રોકાણા હતા, દેશના ગામડાઓ ભાયાવદર વિગેરેમાં ફર્યા હતા, આશ્વિન સુદ બારશ-તેરશમાં જુનાગઢ શ્રીગુણાતીતાનન્દસ્વામી શતાબ્દિ અક્ષરનિવાસ નિમિત્તે ત્રણ દિવસો સંસ્કૃત ગુણાતીતાનન્દસ્વામી વાર્તા-કથા વાંચી હતી, એકત્રીશ હજારનો ફાળો ધર્મશાળા જીર્ણોદ્ધાર માટે નોંધાયો હતો, ૬૩ - **ત્રેસઠમી જન્મજયન્તી** ઘણાં ઘણાં ધામો ભવનો સંસ્થાઓ મંદિરો તીર્થો વિગેરેમાં ઉજવાણી હતી. શ્રીહરિવર ત્યાં સર્વત્ર પ્રત્યક્ષ બિરાજતા હતા.

સંવત ૨૦૨૪માં કાર્તિકસુદમાં રાજકોટમાં સત્સંગિજીવનપારાયણ વાંચ્યું હતું, જામવણથળી ચાર દિવસો રોકાયા હતા, માગશર વદ નોમના ઉપલેટા દેશ ફરવા ગયા હતા, માઘ વદ પાંચમના ભાયાવદર ગયા હતા, ચૈત્ર વદમાં ભક્તિતનયદાસજી સ્વામી પાછળ જુનાગઢમાં સપ્તાહ કથા વાંચી હતી, વૈશાખ સુદ નોમ-દશમ-અગિયારશે, મુમ્બઈમાં મહાશતાબ્દિ પાટોત્સવમાં શેષનારાયણ શોભિત વ્યાસપીઠે શિક્ષાપત્રીની કથા વાંચી હતી, વૈશાખ વદમાં બોરીવલ્લી તથા કાંદીવલ્લી ગયા હતા, જેઠ સુદમાં પૂના ફુગેવાડી ગયા હતા, ત્યાંથી કરાડ ગયા હતા, જેઠ સુદ ૯-નોમના સાંજે રવાના થઈ પરબારા જુનાગઢ સમૈયે પહોંચ્યા હતા, ૨૩ સદસ્યોની જીર્ણોદ્ધાર સમિતિ બોલાવી હતી, ભાદરવામાં મોરજર દેશ ફરવા ગયા હતા, ત્યાંથી ધ્રાફા ગયા હતા, દીવાળી જુનાગઢ કરી હતી, ૬૪ - **ચોસઠમી જન્મજયન્તી** તમામ દેશ પરદેશોમાં અને પરલોકોમાં ઉજવાણી હતી.

સંવત ૨૦૨૫માં કાર્તિકમાં રાજકોટ પારાયણ વાંચ્યું હતું, માગશરમાં મોરજર ગયા હતા, પછી માઘમાં રાજકોટ, જામનગર, ગોંડલ, માણાવદર, શાપુર, આદિકમાં જીર્ણોદ્ધારના ફાળા માટે ફર્યા હતા, તેનો સમસ્ત તેત્રીશ હજારનો ફાળો રોકડો થયો હતો, પ્રથમ અષાઢ મુમ્બઈ કર્યો હતો, સત્સંગિજીવન બીજું પ્રકરણ તથા પુરૂષોત્તમમાસ

કથા વાંચ્યા હતા, ફાળો ૧ ,૫૦,૦૦૦ - એક લાખ પચાસહજારનો લગભગ થયો હતો, **૬૫ - પાંસઠમી જન્મજયન્તી** દેવમાનવોના સામ્રાજ્યોમાં સર્વત્ર ઉજવાઈ હતી.

સંવત ૨૦૨૬માં વૈશાખમાં કાશી લાલજીના વિવાહમાં સુદ પાંચમે પહોંચ્યા હતા, વૈશાખ સુદી નોમ શનિવારે પંડિતસભા બોલાવી હતી, સંસ્કૃત વ્યાખ્યાનો શાસ્ત્રાર્થ વિગેરે થયા હતા,

વૈશાખ સુદ દશમ રવિવારે વૈદિક-વસન્તપૂજાની સભા બોલાવી હતી, તે સભાઓ તરફથી ભગવાનને વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ ઉપાધિ અર્પાણી હતી, પછી વૈશાખ સુદ બારશના વડોદરા જવા ઉપડ્યા હતા, વડોદરા એક દિવસ રોકાણા હતા, જાહેર વ્યાખ્યાન આપ્યું હતું, પછી જુનાગઢ આવ્યા હતા, **૬૬ - છાંસઠમી જન્મજયન્તી** આપણે અને બૃહસ્પતિ વિગેરે વિદ્યાદેવતાઓએ સર્વત્ર ઉજવી હતી.

સંવત ૨૦૨૭માં સ્વામી હરિપ્રસાદ બાપલાની પાછળ વૈશાખમાં જુનાગઢમાં કથા વાંચી હતી, તથા રાજકોટ બેડીના નાકે નવે નામે કરેલા બાઈઓના મંદિરમાં કાર્તિકમાં સપ્તાહ કથા વાંચી હતી, સમાપ્તિની વદ નોમની રાતે રવિવારે તારીખ ૨૨-૧૧-૭૦ના રાતે જુનાગઢની પ્રાચીન ધર્મશાળા અગ્નિવડે ભસ્મીભૂત થઈ હતી, બીજે દિવસે મન્દિરે યજ્ઞ અને વાડીમાં મોટે મન્દિરે શ્રીઘનશ્યામ મહારાજના રંગકામ કરાવવાથી ફરીથી પ્રતિષ્ઠામહોત્સવ કર્યો હતો, મહોત્સવ કરીને કાર્તિક વદ ૧૨ના જુનાગઢ આવી રોકાણા હતા, જીર્ણોદ્ધાર સમિતિની બેઠક લીધી હતી, **૬૭ - સડસઠમી જન્મજયન્તી** તમામ દેવો વિગેરેએ તમામ ભૂમિકાઓમાં મન્દિરોમાં ઉજવી હતી.

સંવત ૨૦૨૮માં બળેલા ખંઢેરા પડાવ્યા હતાં, મૂળભૂમિતલ સાફ કરાવ્યું હતું, માઘમાં બાબરીયાવાડમાં ફાળો કરવા ગયા હતા, તેના ૭૬,૦૦૦ છોંતેર હજાર રૂપિયા નવા સભામંડપ માટે નોંધાણા હતા, પ્રથમ વૈશાખ સુદના વિરપુર કથા-સપ્તાહમાં ગયા હતા, ત્યાંથી એકહજાર ફાળામાં આવ્યા હતા, પ્રથમ વૈશાખ વદમાં રાજકોટમાં સત્સંગિજીવનની કથા સમાપ્તિમાં બાઈઓના વ્રતો પૂર્ણ થવાને નિમિત્તે યજ્ઞાદિકમાં હાજર રહ્યા હતા, બીજા વૈશાખ સુદમાં ખારાપાટમાં નાનાગોખરવાળા મનજી પૂના સાંગાણી પટેલને ત્યાં તેના નવા મકાનોમાં કથાસપ્તાહ તથા વાસ્તુમાં ગયા હતા, ત્યાં કથા સમાપ્તિની સાંજે ફાળો સિંહાસન માટે નોંધાયો હતો, તથા મોટા ગોખરવાળા, અમરેલી, ચાનગઢ, મળીને ૩૧,૦૦૦ - એકત્રીશ હજારનો ફાળો નોંધાયો હતો, જુનાગઢ આવીને બીજા વૈશાખ વદ તેરશના રાજકોટ લાડવા સાહેબ દામોદર ખીમજીભાઈના નવા બંગલે વાસ્તુમાં ગયા હતા, ચૌદશના જુનાગઢ આવ્યા હતા, પિપલાણાના સન્ત શિક્ષાપત્રી ભણતા હતા, ભગવાન આજીવન તમામ શાસ્ત્રો ભણાવતા હતા, જેઠ સુદ પૂનમ પછી સદ્‌ગુરુસ્વામી

બાળમુકુન્દદાસજીની ચિત્રપ્રતિમા તથા અવતારી-અવતારોની મોટી ચિત્રપ્રતિમાં સાથે લઈને દેવપ્રકાશદાસજીને બોટાદ મુમ્બઈ-પૂના મોકલ્યા હતા, મુમ્બઈ શ્રાવણમાસ પૂરો રહ્યા હતા, અને પ્રતિમાઓના મુદ્રણ રંગીન કરાવવાના કોલ કરાર કરી છાપનારને સોંપ્યા હતા, પછી જુનાગઢ આવ્યા હતા, એક વર્ષ બાદ તે પ્રતિમા-મુદ્રિત ચિત્રો તૈયાર થયા હતા, મોટી છબીને પૂનામાં છપાવી હતી, મુમ્બઈ પ્રેસ બળી ગયો તેમાં પ્રતિમાઓ અને તેના કાગળો આબાદ બચી ગયા હતા, એવી મુમ્બઈ પ્રેસની નુકશાની હોવાથી તે કામ થઈ શક્યું ન હતું, તેથી પૂનામાં તૈયાર થયું હતું. ૬૮ - **અડસઠની જન્મજયન્તી** તમામ સામ્રાજ્યોમાં શહેરોમાં રાજધાનીઓમાં ઉજવાઈ હતી. ત્યાં સર્વત્ર ભગવાન રાજાધિરાજ સાર્વભૌમસ્વરૂપે વિરાજતા હતા.

સંવત ૨૦૨૯માં માગશરમાં રાજકોટમાં ભાગવત-કથા વાંચી હતી, ચૈત્રમાં ગામ કાળેજમાં ભાગવત-પારાયણમાં ગયા હતા, નવા સભામંડપ માટે સાત હજારનો ફાળો નોંધાયો હતો, રાણીંગભાઈની વાડીમાં બંગલીએ ઉતારો હતો, વૈશાખમાં ગામ ગળોદરમાં

ભાગવત-પારાયણમાં ગયા હતા, ત્યાં નવા સભામંડપ માટે પાંચ હજારનો ફાળો નોંધાયો હતો, બીજો સમય જુનાગઢમાં વ્યતીત થતો હતો, ગઢપુરમાં મીઠાઈવાળા શેઠ તરફથી થયેલા ઓરડાઓ નિમિત્તે મહોત્સવમાં ગયા હતા, કાયમ શસ્ત્રો લખાતા હતાં, ૬૯ - **ઓગણાસીંતેરમી જન્મજયન્તી** સર્વે ધામો સૃષ્ટિઓ ઇશ્વરો દેવતાઓ વિગેરેમાં ઉજવાણી હતી. સર્વત્ર અનેકસ્વરૂપે શ્રીબાળકૃષ્ણપ્રભુ હાજર હતા.

સંવત ૨૦૩૦માં માગશર, પોષ, અને માધમાં સુરતમાં રહ્યા હતા, કથાઓ વાંચી હતી, નવા સભામંડપમાં આરસ અને મોજક માટે છેતાળીશ હજારનો ફાળો નોંધાયો હતો, ચૈત્ર સુદમાં રાજકોટ નિર્મલાબાઈએ નાગરદાસભાઈ પતિદેવ પાછળ બેસારેલ ભાગવત પારાયણમાં ગયા હતા, વૈશાખ સુદી પાંચમથી મોટા સમઢીયાળા ભાગવત પારાયણ માટે ગયા હતા, સત્સંગિજીવનની પારાયણી સારબોધિની ટીકા છપાવવા બાવીશ હજારનો ફાળો નોંધાયો હતો, વૈશાખ વદ પડવો હનુમાનપરામાં કર્યો હતો, હનુમાનપરા તથા ખાંભામાં ફાળો નોંધાયો હતો, વદ બીજ ખાંભામાં કરી હતી, વદ ત્રીજે તોરી રામપરમાં ભાગવત પારાયણ માટે ગયા હતા, વદ ચોથથી અગિયારસ સુધી ભાગવત વંચાયું હતું, રામપરમાં અગિયારહજારનો ફાળો નવા સભામંડપ માટે નોંધાયો હતો, વદ તેરશે તોરીમાં રહ્યા હતા, ત્યાં બાવીશ હજારનો ફાળો નોંધાયો હતો, વૈશાખ વદ ચૌદશ વડીયા કરી હતી, અમાસ ચારણ સમઢીયાળા કરી હતી, પાંચ હજારનો ફાળો નોંધાયો હતો, જેઠ સુદ પડવાએ જુનાગઢ આવ્યા હતા, જેઠ સુદ અગિયારશનો સમૈયો કર્યો હતો, અષાઢ શ્રાવણ જુનાગઢમાં કર્યા હતા, તત્ત્વપ્રભાવલી તથા

મીમાંસાકિરણાવલી વિગેરે રચી પૂરા કર્યા હતાં, સત્સંગિજીવન સારબોધિની પારાયણી ટીકા પૂર્ણ કરી હતી, આશ્વિનમાં મોરજર ગયા હતા, બાર હજારનો ફાળો નોંધાયો હતો, દીપોત્સવી જુનાગઢ કરી હતી, પાઠશાલા નવો હૉલ ચાલુ કર્યો હતો, **૭૦ - સીંતેરમી જન્મજયન્તી** ચઉદ ભુવનોમાં વધારે વધારે ધામધૂમે ઉજવાણી હતી, શ્રીબાલકૃષ્ણભગવાન્ સર્વત્ર હાજર હતા.

સંવત ૨૦૩૧માં બસ લઈને કાર્તિક શુકલ એકાદશી કરવા વડતાલ જતાં વચ્ચે ઘોલેરા દર્શન ધોળકા - દર્શન કરી વડતાલ દોઢસો વર્ષોના પાટોત્સવના દર્શને ગયા હતા, ત્યાં મહાસભામાં બન્ને દેશના આચાર્યો વિરાજ્યા હતા, શ્રીબાલકૃષ્ણપ્રભુજીનું ભારે વ્યાખ્યાન થયું હતું, વળતા ડભાણ થઈને જુનાગઢ ગયા હતા, માગશરમાં રાજકોટ ત્રણ દિવસો સોની માધવલાલના પુત્રીના લગ્નપ્રસંગે આશીર્વાદો દેવા પધરામણી કરવા વાહન વડે લઈ ગયા હતા, શહેરમાં પધરામણીઓ થઈ હતી.

તીર્થમાં સેવકોએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી રાષ્ટ્રીય સ્મૃતિભવન મંદિર સ્મારક કર્યું હતું, કારીગર મિસ્ત્રી ભગવાનજી રાજાભાઈ હસ્તક તે મંદિરનું કામ પૂરું થયું હતું, આ લોમશક્ષેત્રમાં ભગવાનની પધરામણી પ્રતિષ્ઠાવડે મહામહોત્સવ થયો હતો, શ્રીહરિશરણાગતિમંડળે તથા તીર્થનિવાસીઓએ ઘણી ઘણી સેવાઓ કરી હતી, જુનાગઢનો મોટો નવો સભામંડપ પૂર્ણ થયો હતો, ચાંદીનું ગંગાજમના સિંહાસન પૂર્ણ થયું હતું, તે બેસારીને મૂર્તિ પ્રતિષ્ઠા કરાવી લીધી હતી, ગુણાતીતાનન્દસ્વામીની સ્મારક છત્રી પૂર્ણ કરાવી હતી. વૈશાખ વદ ૨ ના પાટોત્સવમાં નવા સભામંડપમાં સભા ચાલુ કરી હતી, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીબાળકૃષ્ણપ્રભુજીની **૭૧ - એકોતેરમી જન્મજયન્તી કુંકાવાવમાં મૂર્તિપ્રતિષ્ઠા** સાથોસાથ જીવલોક ઈશ્વરલોક અને બ્રહ્મલોકમાં સર્વત્ર ઉજવાઈ હતી, આશ્વિન કૃષ્ણાષ્ટમીએ મોટીકુંકાવાવમાં રાષ્ટ્રીયસ્મૃતિભવનમાં ભગવાનની આરસની ધોળી મૂર્તિ-પ્રતિમાના પ્રતિષ્ઠાપન દિવસે તે ગામ સમસ્તે તથા શ્રીહરિશરણાગતિમંડળ અને યાત્રાળુઓ વિગેરેએ મહામહોત્સવ ઉજવ્યો હતો, ત્રિલોકીમાં યજ્ઞ યાગ હોમ હવન દાન પૂજન ભોજન દક્ષિણા વિગેરે વિગેરે મહોત્સવો થયા હતા, નગરભ્રામણ મૂર્તિના ભ્રામણ પધરામણીઓ થઈ હતી, ત્રિલોકીમાં ઉત્સવો ભોજનો અને અનેક સત્કારો થયા હતા, દ્વારકાપીઠાધીશ્વર શંકરાચાર્યજીમહારાજ શ્રીસચ્ચિદાનન્દતીર્થ- સ્વામીજીમહારાજ દ્વારા તેના સાન્નિધ્યમાં આ મહામહોત્સવો થયા હતા, શ્રીહરિશ્રીબાળકૃષ્ણપ્રભુ દિવ્યસ્વરૂપે ત્યાં વિરાજ્યા હતા તથા વિચરતા હતા. કુંકાવાવવાસી સોરઠીયા પટેલ હરિભાઈએ પ્રતિષ્ઠાયજ્ઞ મહોત્સવ કરાવ્યો હતો.

શ્રીલોમશમહર્ષિ બોલ્યા - હે બૃહસ્પતિ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી કૉલેજ, આર્ટસ સાયન્સ કૉમર્સ મહાવિદ્યાલયનું ખાતમુહૂર્ત કર્યું હતું, પૂનામાં ફુગેવાડીમાં પણ ભગવાનની મૂર્તિપ્રતિષ્ઠા શ્રીહરિશરણાગતિમંડળ સમસ્ત ભક્તજન તથા સંચાલક ભક્ત વેલજી રવજી હસ્તક ધામધૂમથી કરી હતી, ભક્તોના સંઘ શ્રીબાળકૃષ્ણપ્રભુજીના દર્શનાર્થ જુનાગઢ પણ ગયા હતા, મુમ્બઈમાં પણ શ્રીબાળકૃષ્ણપ્રભુજીની મૂર્તિપ્રતિષ્ઠા કારીગર મિસ્ત્રી હરિલાલ વેલજી તથા કારીગર ભક્ત કેશવજી હરિભાઈ તથા પ્રાગજી ડાયા તથા શ્રીહરિશરણાગતિમંડળ દ્વારા મહામહોત્સવ સાથે કરેલ હતી, તેજોમંડળમાં દિવ્ય શ્રીબાળકૃષ્ણપ્રભુજીની મૂર્તિના દર્શન થયા હતાં, દિવ્ય ભગવાનના દર્શનનો અલૌકિક ચમત્કાર ચાલુ રહેતો હતો, તેજ પ્રમાણે જામવણથળી, ચાવડા, ધોરાજી, રાજકોટ, આદિક સ્થળોમાં ભક્તજનોએ તે નિમિત્તે મહામહોત્સવો ઘણાં ઘણાં ઉત્સાહથી કર્યા હતા, તન-મન-ધન વડે સેવાઓના લાભ લેતા હતા, પરચાઓ સ્થળે સ્થળે થતા હતા.

સંવત ૨૦૩૨માં ભક્તજનોને પરદેશમાં કમાવા જવાનો સારો સમય મળ્યો હતો, દેશપરદેશમાં ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠાના યશ ગવાતા હતાં, મૂર્તિપ્રતિષ્ઠાનું ફળ તમામને સારી કમાણી મળે તેમ અરેબિયા પ્રદેશમાં આવકાર મળવા લાગ્યા, **૭૨ - બોંતેરમી જન્મજયન્તી** મોટીકુંકાવાવમાં ભક્તોએ નગર શણગારીને ઉજવી હતી, ત્યારે બ્રહ્માંડોમાં સર્વ ઠેકાણે જયજયકાર ગવાતો હતો, ઉત્સવજયન્તી ઉજવાતી હતીઓ, પ્રભુજીની મૂર્તિના દર્શન કાયમ નગરીના પૂર્વગોપુર સામેની ભૂમિમાં બસ સ્ટેન્ડ સ્થળેથી હજારો યાત્રાળુઓને થાય છે, માનતાઓ, નાળિએર સાકર વિગેરે નૈવેદ્ય આરતી ધૂપ દીપ કાયમી થાય છે, ઉપર ધજા ફરકે છે, મંદિરમાં ભગવાન વિરાજે છે તે કુમકુમવાપી નગરીની રક્ષા કરે છે.

સંવત ૨૦૩૩માં શ્રીહરિશરણાગતિમંડળના તમામ કારીગર ભક્તજનો મુમ્બઈ, નાશિક, પૂના, જામવણથલી, ચાવડા, બાલભા, રાજકોટ, ધોરાજી, સુરત, અમદાવાદ, કુંકાવાવ, માધાપર કચ્છ, જીરાગઢ, આદિકના ભક્તજનો કમાવા માટે, દુબઈ, બગદાદ, મસ્કત, ઈરાક, ઈરાન, અજમાન, આબુધાબી, ગોબરા, શીલા, રૂવી, મોસુલ, સીલા, દુહાકટાર, કુવેત, જંગલ, બેહરેન, સોહાર, સર, આદિ આદિ સ્થળોમાં ભગવાને જાવા છૂટ આપી, તેઓ ત્યાં ત્યાં પહોંચી ગયા છે, સુખી થયા છે, મહિને બેથી ત્રણ, ચાર હજાર કમાય છે, આ પ્રગટ પ્રભુજીનો પરચો તમામને લાગુ પડી ગયો છે, કમાય છે ત્યાં ત્યાં શ્રીહરિશરણાગતિમંડળો ૨૦, ૪૦, ૫૦, ૧૦૦ જેટલા અને દેશી તો ૧૦૦૦, જેટલા જનો શુક્રવારે ભેગા થાય છે, એક બીજાના સમાચારો મળે છે, દેશ અને ઘરની પેઠે ત્યાં આનંદથી કમાય છે, સુખી થયા છે, ભગવાન સેવાઓ કરે છે,

સન્લી કમ્પની વિગેરેમાં શ્રીહરિની જન્મજયન્તીના ઉત્સવો ધામધૂમે કરે છે, સમૂહભોજન, કથાવાર્તા કીર્તન ભજન ધૂન્ય પૂજા તથા રેકર્ડ દ્વારા ઉપદેશ સાંભળે છે, બધા સુખિયા થયા છે, ત્યાં ત્યાં તેમને મૂંઝવણ મટાડવા દિવ્ય પ્રભુજીના દર્શન થયા કરે છે. સત્સંગ પળાય છે, ધર્મ પળાય છે અને કમાય છે, વળી સંવત(૨૦૩૨)માં આશ્વિન કૃષ્ણાષ્ટમીએ જે તીર્થમાં શ્રીબાળકૃષ્ણપ્રભુની મૂર્તિ રાષ્ટ્રિયભવનમાં પ્રતિષ્ઠિત કરી તેના દ્રવ્યયજમાન મિસ્ત્રી કેશવજી હરિભાઈ હતા, અને તેના પ્રતિષ્ઠાવિધિના યજ્ઞના યજમાન કુંકાવાવના વતની દમ્પતી હરિભાઈ જીવરાજભાઈ સોરઠીયા હતા તેમણે ખૂબ ધામધૂમે ઉત્સવ ઉજવવામાં નાણાં ખર્ચ્યા હતા, તથા શ્રીહરિશરણાગતિમંડળે તમામ વધારાનો ખર્ચ ઉપાડી લીધો હતો, નગરીવાસીઓએ ભોજનખર્ચ, પ્રસાદીખર્ચ વિગેરે ઉપાડ્યો હતો, ધામધૂમે ફૂલેકા સાથે ધૂન્યભજન સાથે મહોત્સવ ઉજવાયો હતો.

શ્રીબાળકૃષ્ણપ્રભુના જન્મભવને ફુલેકું જઈને કુમકુમવાપીનગરીમાં ધુન્યભજન વાજિંત્ર કિલ્લોલ સહિત રાષ્ટ્રિયભવને આવીને મૂર્તિસ્થાપન થયા હતાં, સાયંકાલે વિશાળ સભા થઈ હતી, શંકરાચાર્યજી સભામાં વિરાજ્યા હતા, અકસ્માત જળપ્રલયમાં જળભરતીમાં ભગવાનમૂર્તિ છાતી સુધી જળમાં ન્હાયા હતા, સૌરાષ્ટ્રના ભક્તો શિક્ષક છગનલાલ પ્રેમજી કાચા તથા રમણીકલાલ ખીમજી વાઢેર તથા હેમતભગત આદિ ભક્તજનો ભગવાનની આજ્ઞા મુજબ સેવાઓ કરે છે, પરિચય અને અભિનંદન ગ્રન્થોનું પ્રકાશન કુંકુમવાપીનગરીની કેળવણીસમિતિ કરતી જાય છે, બધું સાહિત્ય કેળવણીસમિતિ કરતી જાય છે, શ્રીહરિશરણાગતિમંડળ કાનજીભાઈ આદિક ભક્તોએ મંદિરમાં ચિન્હવાળી મૂર્તિ પધરાવી છે, રમણિકલાલ કરશન ભક્તે નિત્ય ચિન્હસહિત ભગવાનના ચરણકમળ તૈયાર કરી પ્રકાશિત કર્યાં છે, પૂના શ્રીહરિશણાગતિમંડળે ભગવાનની મૂર્તિ તૈયાર કરી પૂજન દર્શનમાં સુસેવિત આત્મનિવેદીપણે અપનાવી છે, સંગમરમરના ચરણ કમલો જન્મભુવનમાં સુસ્થાપિત કર્યાં છે, શ્રીદ્વારકાપીઠાધીશ્વર શ્રીશંકરાચાર્યજી સચ્ચિદાનન્દતીર્થસ્વામીજીની ઉપસ્થિતિમાં ૨૦૮ બસો આઠ ભાગવતપારાયણોના પુરશ્ચરણોનો મહામહોત્સવ થયો હતો, લક્ષાવધિ જનતાએ જ્ઞાનભક્તિસેવાના લાભ લીધા હતા, ભોજન દાન દક્ષિણાના સાગર ઉછળતા હતા, હિન્દી પ્રભુઓંકા વૃત્તાન્ત કૃતિ શિષ્યોને સ્મરણાર્થ કથાપુસ્તિકા મળી હતી, **૭૩ - તોંતેરમી જન્મજયન્તી** અરેબીયામાં દુબઈની સન્લી કમ્પનીના વિશાળ હૉલમાં ઉજવાણી હતી, તથા તમામ દેશપરદેશોમાં સ્થળે સ્થળે આલોક પરલોકમાં અતિ ધામધૂમે ઉજવાણી હતી, જામવંથળીના તમામ ભક્તોએ અતિહેતથી ઉત્સવો કર્યા હતા, દેવલોક ઈશ્વરલોક બ્રહ્મલોકમાં પાતાલાદિકમાં પણ સર્વત્ર તોંતેરમી જન્મજયન્તી ઉજવાણી હતી, જુનાગઢમંદિરના ૧૫૦ દોઢસો વર્ષોના

મહાપાટોત્સવ કરવા માટે સભાઓ ગોઠવાતી હતી, તેમાં પ્રમુખપદે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ વિરાજતા હતા, તે અંગેના તમામ કાર્યો નિર્માણ થતા હતાં, સંચાલન સ્વરૂપમાં સમિતિઓને કામ સોંપાતા હતાં, રોકડ ફંડ, પાગરણ, અનાજ, ઠામ, યજ્ઞ રીપેરીંગ, સુધારાઓ આવશ્યક ચીજોનો સંગ્રહ, સેવકવર્ગો, ઉપકરણ ઉપાર્જન, આદિઆદિકની રચનાઓના સ્વરૂપો ઘડાઈ ગયા હતા, અને ફાળાઓ ચાલુ થયા હતા.

તારીખ ૧૮-૬-૩૮ તથા ૨૬-૬-૧૯૩૮ના રોજ ભાવનગરના નાયબ દિવાન નટવરલાલભાઈ સુરતી સાહેબ, તથા જુનાગઢના શિકવેરા સાહેબ તથા જેતપુરના મેનેજર પારસીસાહેબ અને પબ્લીક જનતાએ ગવર્નમેન્ટમાં રાજકોટ સરકારમાં લખાએલી મોકલાવાએલી ને રિન્યુ કરાવાએલી મોટામાં મોટા 'મહામહોપાધ્યાય' ઇલ્કાબ બાબતની અરજીઓ સ્થિર પડી હતી, અંગ્રેજી ગવર્નમેન્ટે સ્વરાજ્ય સોંપવા સાથે તે અધિકારો શ્રીભારતીય શંકરાચાર્યજીને આપેલા હતા, તે પ્રસંગની તાજગી ભારતસરકારમાન્ય તા. ૧૦- ૧૨-૭૬ના રોજ, વિક્રમસંવત ૨૦૩૩ ગુજરાતી માગશર વદ ચોથ શુક્રવારે સાયંકાલે સંકષ્ટચોથના સમયમાં મહાસભામાં કુમકુમવાપીનગરીમાં પાંચસો વ્યાસ શાસ્ત્રી આચાર્યો વિપ્રવર્ગ પંડિતોના સાન્નિધ્યમાં શ્રીદ્વારકાપીઠાધિપતિ અભિનવ સચ્ચિદાનન્દજીતીર્થ સ્વામીજી દ્વારા વિશ્વવિખ્યાત મહાવિદ્વાન સન્તમૂતિ આચાર્યવર્ય શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને **મહામહોપાધ્યાય** ઇલ્કાબ એનાયત કરવામાં આવ્યો હતો, આ ઇલ્કાબ નિમિત્તે જુનાગઢમંદિરમાં નાગરિકોની સભા સમ્માનાર્થ યોજાયેલી હતી, મોટીકુંકાવાવના જનસમાજ પણ આવેલા હતા, સભાએ શ્રીબાળકૃષ્ણાનન્દજી શાસ્ત્રીજીના સભાપતિપદે ઇલ્કાબપ્રદાનપત્ર હારતોરા દુપટ્ટા આદિ શ્રીશાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને સમર્પિત કર્યા હતા, એક અઠવાડિયામાં બીજી મહાસભા આયોજીત કરી હતી, તેમાં શહેરી પ્રતિષ્ઠિતજનો તથા કુમકુમવાપીનગરીના અધિકારીવર્ગ તથા આમ જનતા શિક્ષિતવર્ગ વિગેરેએ સ્પેશિયલ બસ દ્વારા જુનાગઢ આવીને મહાસભામાં ઇલ્કાબ નિમિત્તક સમ્માનવર્ધન કર્યું હતું.

ચૈત્ર શુકલ પંચમી શુક્રવારે આયુર્વેદચક્રવર્તિ શ્રીગોવિન્દપ્રસાદજી વૈદ્યરાજને જુનાગઢમાં બહુમાન સમારંભમાં, મહાસમ્મેલનમાં, મહામહોપાધ્યાય અતિથિવિશેષ તરીકે સમ્માન પ્રાપ્ત થયું હતું, સંસ્કૃતમાં વ્યાખ્યાન આપ્યું હતું, હારતોરા થયા હતા, ભારતમાં પ્રખ્યાત પ્રિન્સિપાલો કુલપતિઓ વિગેરે મનોરંજન અતિથિગૃહમાં મહાસભામાં હાજર હતા, ચાર કલાક સમ્મેલનસભા ચાલુ હતી, પ્રિન્સિપાલ ઝા સાહેબ આયોજક હતા. તેમનું સંસ્કૃતમાં વ્યાખ્યાન હતું. ચૈત્રમાં નવા સભામંડપનું રંગકામ ચાલુ કર્યું હતું, અખિલ

ભારતીય આયુર્વેદ વૈજ્ઞાનિક સેમીનાર સમ્મેલનનું અમદાવાદથી નિમન્ત્રણ હતું, પ્રશસ્તિ-સન્માનપત્ર મોકલ્યું હતું, અમદાવાદ આયુર્વેદભવનનાં વિશાળ મધ્યરૂમમાં ભીતે રાખેલ વિદ્વાનોના સ્મારક પટચિત્રો સાથે, શ્રીગોવિન્દપ્રસાદજીચક્રવર્તિ વૈદ્યને ચાંદલો હાર અર્પણ આશીર્વાદ આપતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું રંગીન પટચિત્ર રાખવામાં આવેલ છે.

તા. ૧૩-૧૦-૧૯૭૭ સંવત ૨૦૩૩ આશો સુદ ૧ના ફાઉન્ડર પ્રેસિડન્ટ શ્રીશારદાપીઠવિદ્યાસભા, શ્રીદ્વારકાધીશસંસ્કૃત એકાદામી, કે. જે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જોઈન્ટ છે, તે તરફથી શ્રીજગદ્‌ગુરુ શંકરાચાર્યજી રીસર્ચ ઇન્સ્ટિટચ્યુટ તરફથી **સાહિત્યમનીષી ડૉક્ટર ઑફ લિટરેચર, ડી. લિટ;નો ઇલ્કાબ** શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને એનાયત કરવામાં આવ્યો છે, તથા તારીખ ૨૪-૧૨-૧૯૭૭ના સંવત ૨૦૩૪ માગશર શુકલ ચતુર્દશી શનિવારના દિવસે, ફાઉન્ડર પ્રેસિડન્ટ શ્રીદ્વારકાધીશ સંસ્કૃત એકાદામી શ્રી જે. એસ. શંકરાચાર્ય ઇન્સ્ટીટચ્યુટ ઑફ ઇન્ડોલોજી આદિક દ્વારકા, કે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે યોજીત છે, તે તરફથી **દાર્શનિક માર્તણ્ડ ડૉક્ટર ઑફ ફિલોસોફી, ડી. ફિલ.;નો ઇલ્કાબ** શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને એનાયત કરવામાં આવ્યો છે, તથા તા. ૬-૬-૭૭ રવાના, તા. ૧૪-૬-૭૭ના સંવત ફૂલછાબમાં પેજ ૫, કોલમ ૩માં **ભારતભૂષણમ્,**

કુંકાવાવ તા. ૧૩-૬-૭૭. જ્યોતિર્મઠ હિમાલયના જગદ્‌ગુરુ શ્રીશંકરાચાર્યજીએ કુંકાવાવના હાલ જુનાગઢ બીરાજતા સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ભારતભૂષણનો ઇલ્કાબ આપ્યાની જાહેરાત કરતો તાર આંહી આવવાથી સત્સંગશિષ્યમંડળમાં અને વિદ્વાનોમાં આનન્દની લાગણી વ્યાપી ગઈ છે. શ્રીબદરિકાશ્રમ જ્યોતિર્મઠાધીશ્વર શ્રીસ્વરૂપાનન્દસરસ્વતીશંકરાચાર્યમહારાજના શ્રીતોટકાચાર્યગુફાથી જોશીમઠચમેલીથી સંસ્કૃતપત્ર 'ભારતભૂષણ' ઉપાધિ જાહેર કરે છે. તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમિતિબેઠક ૨૭-૨-૭૮નાં લીધી તેમાં લખાણ થયું, યોગ્ય મહાન વિદ્વાન છે, સૌરાષ્ટ્રની જન્મભૂમિના વિદ્વાન છે, માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ, કોઈ મહત્ સન્માન કરવું.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ યુગમાં ડૉક્ટર, ફિલૉસોફર, લિટરેચર, લેકચરર, ટીચર અને રાઇટર તથા લોજીશ્યન છે.

ભગવાન વેદવ્યાસ પછી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો અભૂતપૂર્વ પ્રાવિર્ભાવ છે - વ્રજનન્દન મિશ્ર.

સ્વામીજી સરસ્વતીપુત્ર છે - નરહરિશાસ્ત્રીજી.

શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસના અવતાર સ્વામીજી અવતરિત છે - પ્રેમવલ્લભશર્મા.

શ્રીરામાનુજાચાર્યની માફક આચાર્ય છે. - બી. એમ. બધેકા.

સ્વામીજી અલૌકિક મહાપુરુષ છે. - લક્ષ્મણશાસ્ત્રી.

સ્વામીજી રાષ્ટ્રની દિવ્ય વિભૂતિ છે. - વૈદ્યપ્રકાશશર્મા.

સ્વયં બ્રહ્મ સુદ્ધપુરુષોત્તમ સારસ્વતવ્યાસ છે. - યૂ. વી. લંડન.

દ્વૈપાયનવ્યાસોત્તર સ્વામીજી શ્વેતાયન વ્યાસ છે. - સુરચૈતન્ય.

સ્વામીજી વેદસાક્ષાત્કર્તા બ્રહ્મમૂર્તિ છે.- પ્રણવાનન્દજી.

ગૌતમાવતાર સ્વામીજી છે. - ભાસ્કરાચાર્ય.

સ્વામીજીનું સ્થાન મહર્ષિવાલ્મિકિ તથા વેદવ્યાસસમાન છે, શ્વેતાયનવ્યાસ છે. - શાન્તાનન્દજી.

શ્રીસ્વામીજી પરમપુરુષ પરબ્રહ્મ સાક્ષી ભગવાનનો અવતાર છે.- ભગવત્પ્રપન્નાચાર્ય.

સ્વામીજી વિદ્વાન અવતારી પરમપુરુષ છે.- શ્રીહરેશ.

શ્રીઆચાર્યજી પરમેશ્વરના અંશાવતાર છે, વૈષ્ણવ મૂર્તિ છે. - ભાગવતાચાર્ય.

સ્વયં લક્ષ્મીનારાયણ છે.- મહેન્દ્રાચાર્ય.

સ્વામીજી સ્વયં શ્વેતાયન વ્યાસ છે. - વીર રાઘવન.

ઈશના અવતાર છે. - સીતારામ.

વેદવ્યાસ ભારતમહારત્ન છે. - એમ. ટી. બુચ.

અભિનવ વ્યાસ છે. - શોભાનન્દ ઝા.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યવિદ્યાપીઠ કાશીમાં થવું જોઈએ. - બદરીનાથ.

સ્વામીજી તીર્થરાજ છે. - જયમન્ત મિશ્ર.

રાષ્ટ્રમાણિક્ય મહાકવિ છે. - સત્યવ્રત.

એકલાખ પચાસ હજાર શ્લોક રચનાર મહાવ્યાસજી સ્વામીજી છે.- પરશુરામ.

વ્યાસસમ છે. - શંકરાચાર્યજી.

સ્વયં શિવાંશ છે જગદરત્ન છે.- શુકદેવજી.

સર્વતંત્રસ્વતંત્ર છે. - અનન્તલાલ.

સર્વશાસ્ત્રરત્નાકાર છે. - ભાનુમૂર્તિ.

અભિનવ ગૌતમકલ્પ, શ્રીશંકરકલ્પ છે. - સત્યનારાયણ.

રાષ્ટ્રિયવિભૂતિ છે. - કૃષ્ણદેવ.

ભારતીયવિભૂતિ છે. - નાગરાજ.

પૃથ્વીમાં દ્વિતીય વ્યાસ છે. - વ્રજલાલ.

વિદ્યાવાચસ્પતિ પી. એચ. ડી. છે. - મહાશંકર.

બીજા વ્યાસજી છે. - બાળકૃષ્ણ.

હેમચન્દ્રથી મોટા છે. - મૂળશંકર.

ભારતાલંકાર છે. - રામપ્રસાદ.

ભાષ્યકાર આચાર્ય છે. - રાજનારાયણ.

દર્શનશાસ્ત્રાવતાર છે. - બટુકનાથ.

કવિતાકિંકચક્રવર્તી પરમાચાર્ય છે. - જગન્નાથ.

વાગ્દેવીના અવતાર છે. - બહાદૂરચન્દ્ર.

વિશ્વમાનિતદેવતા છે. - નર્મદાશંકર.

વાચસ્પતિ છે, કે દ્વૈપાયન વ્યાસોત્તર શ્વેતાયન વ્યાસ છે. - વિજયકુમાર.

તત્ત્વપ્રભાવલીગ્રન્થ તત્ત્વચિંતામણિસમાન છે. - ગુરૂલિંગ.

પુનઃપ્રગટ વ્યાસજી છે. - ઓંપ્રકાશ.

સ્વામીજી સ્વયં ઉદયનાચાર્ય, કે શ્રીકૃષ્ણ ભાસે છે. - વેદાનન્દ.

ભારતવિભૂષણ સ્વયં વ્યાસ છે. - લાભશંકર.

અદ્યતન વ્યાસ છે. - કર્ણસિંહ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયં મહાપ્રભુજી વલ્લભાચાર્યજી છે. - રમેશ.

ડૉક્ટર - શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના અભ્યાસના ઇલ્કાબો - ન્યાયવૈશેષિક - શાસ્ત્રી, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યોગતીર્થ, વેદાન્ત્તતીર્થ, મીમાંસાતીર્થ, દાર્શનિકપંચાનન, દાર્શનિકમાર્તણ્ડ ષડ્દર્શનાચાર્ય, કાવ્યકુશલઃ, કાવ્યમનીષી, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, એમ. એ. ફિલોસૉફર ડી. ફિલ, લિટરેચર ડી. લિટ., - ડૉક્ટર ઑફ ફિલોસૉફી, તથા ડૉક્ટર ઑફ લિટરેચર. તથા પીએચ. ડી.

પ્રભુજીના નામો : અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીકૃષ્ણનારાયણ, શ્રીહરિવર, શ્રીબાલકૃષ્ણપ્રભુ, શ્રીહરિ, પરનારાયણ, પરપુરુષોત્તમ, વિદ્યામૂર્તિભગવાન, પુરુષોત્તમનારાયણ, તપસ્વીમુનિ, ગોપીપતિપ્રભુ; શ્વેતાયનવ્યાસ, શ્રીકૃષ્ણનારાયણસ્વામી, શ્રીનારાયણ, શ્રીભગવાન, શ્રીગોપાળકૃષ્ણબાળ, શ્રીકંભરાત્મજ, પરમપુરુષ, પરબ્રહ્મ, મહાપ્રભુજી, જગન્નાથસ્વામી, રાધિકાકાન્ત, લક્ષ્મીપતિ, અનાદિનારાયણ, શ્રીકૃષ્ણ, શ્રીવલ્લભ, શ્રીઆચાર્ય, શ્રીસ્વામી, શક્તિપતિ, મુક્તપતિ, ભક્તપતિ, શ્રીપતિ, શ્રીકૃષ્ણમહાપ્રભુ, શ્રીમહારાજ, શ્રીહરિકૃષ્ણ, શ્રીકૃષ્ણકાન્ત, મોટાશાસ્ત્રીજી, આચાર્યજી, શ્રીસ્વામીજી. અનેક છે.

શ્રીપ્રભુજી વિરચિત ગ્રન્થો : ન્યાયસિદ્ધાન્તમુક્તાવલીકિરણાવલી, તર્કસંગ્રહદીપિકાકિરણાવલી, ન્યાયબોધિનીપદકૃત્યટિપ્પણી, સાંખ્યકારિકા-સ્વામિનારાયણભાષ્ય, સાંખ્યતત્ત્વકૌમુદીકિરણાવલી, સાંખ્યકારિકાગૌડપાદભાષ્યકિરણ, યોગસૂત્રસ્વામિનારાયણભાષ્યમ, યોગસૂત્રભોજવૃત્તિકિરણમ, શ્રીસ્વામિનારાયણવેદાન્તસાર, હિતોપદેશમિત્રલાભકિરણાવલી, શિક્ષાપત્રીકિરણાવલી, શ્રીગુણાતીતબ્રહ્મોપ્રદેશ, શ્રીગોપાળમુન્યુપદેશ, શ્રીસ્વામિનારાયણવચનામૃતાનિ, શ્રીશિક્ષાપત્રી, શ્રીઅખિલભૂમણ્ડલીયસામ્પ્રદાયિકમુક્તિવ્યવસ્થા, તત્ત્વપ્રભાવલી, શ્રીગુણાતીતબ્રહ્મોપનિષત્, વિશિષ્ટબ્રહ્માડદ્વૈતત્વમ્, ખ્યાતિવાદ:, પ્રમાત્વવાદ:, જાતિવિવાદ:, પ્રામાણ્યહેતવ:, સુધાસિન્ધુસૂત્રાણિ, શ્રુતિતાત્પર્યનિર્ણય, સાકારતાવાદ:, શ્રીહરિસ્વરૂપનિર્ણયસત્સંગભાષ્યમ્, અવતારાડવતારિત્વચનાનિ, બ્રહ્મરસાયનભાષ્યં, ચિત્સુખીટિપ્પણમ્, કવિકાવ્યગૌરવમ્, શ્રીસ્વામિનારાયણદર્શનમ્, સત્સંગિજીવનસારબોધિની, સાક્ષાત્કારસૂત્રાણિ, તત્ત્વમુક્તાકલાપકિરણાવલી, દેવાવતારદેવીશ્વરાદિસ્તોત્રાણિ, મીમાંસાઅર્થસંગ્રહ કિરણાવલી, મીમાંસાઅંગત્વાદિપરિષ્કૃતિ:, સુધાસિન્ધુસારસન્દોહનમ્, દર્શનતત્ત્વસાર:, ભક્તિરસસરિત્, સામાન્યનિરૂક્તિગાદાધરીક્રોડપત્રમ્, શ્વેતાયનસંહિતા, તથા શ્વેતાયનસ્મૃતિ, વિપ્રતિપત્તય: તત્ત્વવાદ:, પંચતત્ત્વનિર્ણય:, શ્વેતાયનસ્મૃતિ, વેદસ્તુતિભાષાન્તર, જનકસુલભાસંવાદ.

તીર્થભૂમિ :- અશ્વપટસરોવર, કુંકુમવાપીક્ષેત્ર, શ્રીલોમશક્ષેત્ર, શ્રીઅક્ષરક્ષેત્ર, કુંકાવાવનગરી, **માતા** - શ્રીકંભરાલક્ષ્મી:, **પિતાશ્રી** - ગોપાલકૃષ્ણ: **પુત્ર** - શ્રીકૃષ્ણનારાયણ:, **પિતૃપિતા** -શ્રીનિમ્બદેવાનીક:, **માતૃપિતા** - શ્રીપ્રેમમણિ: **ભ્રાતર** :- ભગવાન, **શુક** - પોપટ, વલ્લભ: **ભગિની** - સન્તુષ્ટાદેવી, **શિષ્યો** - કોઠારી સ્વયંપ્રકાશદાસજી, પુરાણી આત્મપ્રકાશદાસજી, શાસ્ત્રી દેવપ્રકાશદાસજી, મુનિસ્વામી, હેમન્તલાલ પાર્ષદ. **જન્મસ્થાન** - મોટીકુંકાવાવ, જીલો- અમરેલી, સૌરાષ્ટ્ર કાઠિયાવાડ, દેશ મહાગૂજરાત. **શ્રીહરિશરણાગતિ દીક્ષામંત્ર** - કાલ, માયા, પાપકર્મ, શત્રુયામ્ય કુહદ્ભયાત્, શૂલ મીન, ધ્વજ, ધનુશ ચક્ર, સ્વસ્તિકવાન્ અવ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ: સ્વામી પતિશ્ચ મે, શ્રીહરિ: શરણં મમ.

દીક્ષિતશરણાગતો -રમણિકલાલ ખીમજી વાઢેર ૫-૧૦-૭૫. વેલજી રવજી મૌહાણ - ૧૬-૧૦-૭૫. ભગવાનજી રાજા જાવીયા - ૧૬-૧૦-૭૫. કેશવજી હરિભાઈ ચોટલીયા - ૨૪-૧૦-૭૫. પ્રાગજી ડાયા - ૩૦-૧૦-૭૫. છગનભગત પ્રેમજી - ૩૦-૧૦-૭૫. હરિલાલ વેલજી - ૫-૧૦-૭૫. મોહન કરશન - ૫-૧૦-૭૫. મોહનલાલ રતનશી. રતિલાલ હંસરાજ, રામજી જેઠા, નાનજી લખમણ, દયાળજી લાલજી, વાલજી ચકુ, કુંવરજી મેપા, રતિલાલ લાલજી, વાલજી કેશવજી, પ્રવીણચંદ્ર ખીમજી, વેલજી પરષોત્તમ, શાન્તિલાલ નરસિંહ, માવજી લખમણ, શાન્તિલાલ પૂંજાભાઈ,- ૧-૧૨-૭૫. અમૃતલાલ વાલજી - ૩૧-૧૨-૭૫. દેવજી કાનજી, શમજી હીરજી - ૧૩-૧-૭૬. નથુભાઈ ડાયાભાઈ - ૭-૩-૭૬. વિનોદરાય વસ્તા - ૧૨-૩-૭૬. રામજી તુલસી ટાંક, ૨૪-૩-૭૬. રતિલાલ ગંગદાસ - ૨૫-૩-૭૬. દામજી ગંગદાસ, શાન્તિલાલ કેશવજી, કરશન કેશવજી, પરશોત્તમ ચકુ, માવજી મનજી, રામજી ટાપુ, રતિલાલ પ્રેમજી, જગજીવન રાવજી, કાન્તિલાલ મોહન, રતિલાલ હંસરાજ,- ૧૭-૬-૭૬. વશરામ લખમણ, છગનલાલ ડાયા, દામજી ભીમજી - તા. ૨૨-૭-૭૬. કેશવજી વસ્તા, ઓધવજી લક્ષ્મણ, તુલસી મુળજી,- ૨૭-૮-૭૬. મગનલાલ મનજી, ૨૭-૮-૭૬. દેવશી વસ્તા - ૩૦-૮-૭૬. મગનલાલ મુરજી, શાન્તિલાલ (ટપુ) લાધા - ૩૦-૮-૭૬. તુલસી મનજી, ૧-૯-૭૬. વ્રજલાલ રણછોડ, બાળકૃષ્ણ રાજા - તા. ૨૫-૯-૭૬. નટવરલાલ કેવળદાસ, ૨૭-૩-૭૭. પ્રાગજી રણછોડ - ૨૭-૩-૭૭. દેવરાજ ડાયા - ૧૦-૪-૭૭. રમણિક કરશન - ૧૯-૫-૭૭. નારણ જેરામ ૧૪-૬-૭૭. મગનલાલ નરસિંહ, ૧૯-૮- ૭૭. રાજેશ ગોવિંદ - ૯-૧૧-૭૭. કિશોર રેવાશંકર તેરૈયા - ૨૦૩૪ ગુરૂપૂર્ણિમા. ખીમજી રવજી રાઠોડ - તા. ૧૨-૭-૭૮. નારાયણ ચકું, અમરશી ટપુ, રમણિકલાલ જેરામ, તા. ૧૭-૮-૭૮. પુરુષોત્તમ શામજી, માવજી રણછોડ, હરિલાલ રણછોડ ભગવાનજી રણછોડ તા. ૪-૯-૭૮. ચન્દુલાલ કરશન, અમરશી ગોપાળ, બશ્વેશ્વર રાજેશ્વર - તા. ૨૪-૧૧-૭૮. માધવજી ભગવાનજી, તા. ૨૪-૧૧-૭૮. કાન્તિલાલ લીરા, તા. ૨-૨-૭૯. ટપુલાલ કાનજી, રવજી ગોપાળ, છગનલાલ માવજી, કાન્તિલાલ ડાયા, ચકુ મેપા, નારાયણ હંસરાજ - તા. ૨૯-૩- ૭૯ આદિ આદિક.

૧. મંત્ર :- કાલ માયા પાપ કર્મ શત્રુ યામ્ય કુહ્વદ ભયાત્ ।
શૂલ મીન ધ્વજ ધનુશ્ ચક્ર સ્વસ્તિકવાન્ અવ ॥
૨. મંત્ર :- અનાદિ શ્રીકૃષ્ણનારાયણઃ સ્વામી પતિશ્ચ મે ॥
૩. મંત્ર :- શ્રીહરિઃ શરણં મમ ॥

❖❖❖❖❖

❖ પ્રગટ ભક્તિ પીયૂષ ❖

(પીયૂષ - ૧ : પ્રત્યક્ષ શ્રીહરિ શરણાગતિ મહિમા કથને પ્રથમ પીયૂષ)

દોહા

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીપતિ પામીને,
મળી મુક્ત અનેક જે થ્યા, વન્દુ તે ધામીધામીને...૧
સાક્ષાત્ શ્રીહરિકૃષ્ણ પોતે, અવતારી પરબ્રહ્મને,
આવ્યા મળિયા સન્તરૂપે, નમું સમર્પી જીવનને...૨
પરોક્ષની તુલના થકી, પ્રત્યક્ષમાં સુખશાન્તિના,
સરવે લાભો પામીએ, આંહી ધામની તેહ મૂર્તિનાં...૩
ધામ અક્ષરબ્રહ્મ અને, ગોલોક વૈકુંઠ આદિ જે,
પ્રત્યક્ષના છે સર્વ તે આ પ્રભુ પૃથિવી માંહી જે...૪

ચોપાઈ

વાસુદેવાદિ એથી પ્રગટાય રે, અવતારો તેમાં લીન થાય રે,
સર્વે સૃષ્ટુનો ઉપજાવે એહ રે, સૃષ્ટિમાંહી આવી વસે તેહ રે...૫
તેણે ધાર્યા અસંખ્ય સ્વરૂપ રે, જે છે ધામધામીઓના ભૂપ રે,
જેની આજ્ઞામાં કાળ કર્મ માયા રે, શક્તિ સામર્થ્ય ઈશાદિ સમાયા રે...૬
દિવ્ય સ્વામી તો મુક્તો સેવ્યા રે, ઈશ્વરોએ દેવોએ વિનવ્યા રે,
મનુષ્યોએ ભક્તિ તેની કીધી રે, તેથી આપણી જેવી તનુ લીધી રે...૭
સર્વેરીતે રમે રમે જમે ભેળા રે, સુખ આનંદ આપે બહુ વેળા રે,
ક્યારેક જણાવે સામર્થી મોટી રે, શિવ બ્રહ્માની શક્તિ તેથી છોટી રે...૮
દિવ્ય દર્શન આપે પ્રભુ પ્યારે રે, ભક્તો રેણદિને જેવા ધાર્યા રે,
દેશે પરદેશે દુ:ખો ટાળે સ્વામી રે, આવી ઓચિંતા અન્તરજામી રે...૯
એના મહિમાનો નથી પાર રે, ભક્તો વર્ણવે તેનો અપાર રે,
સર્વે રસો ભર્યા હરિ વરમાં રે, સેવી ગ્રહી લિયો નિજ તનમાં રે...૧૦
જોઈ રૂપ છટા સુખદાયી રે, રમા રાધા કરે સેવકાઈ રે,
ઘણા ગોપ ગોપિઓ સેવી તર્યા રે, હરિ પ્રત્યક્ષ સાથમાં વિચર્યા રે...૧૧

વાનર સમૂહો તાર્યા કઈ નાથે રે, લીધા વિમાનમાં નિજ સાથે રે,
સૌરાષ્ટ્રમાં કુટુમ્બ કોટી માથે રે, ગૌલોકમાં મોકલ્યા કૃષ્ણ નાથે રે...૧૨
કુરૂક્ષેત્રમાં કર્યા છે કલ્યાણ રે, ભાવે કભાવે યુદ્ધમાં પ્રયાણ રે,
દ્વારિકા અને માથુરી ક્ષિતિ રે, ત્યાં ત્યાં મોક્ષની કરાવી પ્રાપ્તી રે...૧૩
દત્તાત્રેયે તો દિરનારે તાપી રે, મહારાષ્ટ્રમાં જન કર્યા જપી રે,
કરી કપિલે ધામમાં જાતી રે, ખાડીમાં વસી સાગરી જ્ઞાતિ રે...૧૪
સ્વામીનાથે ભૂમિમાં પધારી રે, મળ્યા જે જે તો લીધા ઉગારી રે,
દઈ વૈષ્ણવી મોજ સુધાર્યા રે, નરસિંહે કોટિ ખાખી તાર્યા રે...૧૫
તેમાં સાધનો બહુવિધે કીધાં રે, ત્યારે પરમપદ માંહી લીધા રે,
પરોક્ષમાં સાધનબળ કાચું રે, પ્રત્યક્ષમાં સેવનબળ સાચું રે...૧૬
વામનજી ગંગાજળ સ્પર્શે રે, પાપો ભાગે દૂરે જન ધરશે રે,
પાપો બાળે ને ધામ નિહાળે રે, સેવી પ્રત્યક્ષ મૂર્તિ સુખ ભાળે રે...૧૭
જયારે પ્રગટ હોય પરમેશ રે, આત્મનિવેદી થવું સર્વે વેષ રે,
પ્રેમ ને વશ પ્રભુનો સંદેશ રે, તેમાં આવરણ નહિં લેશ રે...૧૮
હથેવાળામાં આડું નહિં કાંઈ રે, પ્રભુ પીતિમાં સરવે સમાઈ રે,
ભક્તો પ્રીતિવડે પ્રભુ સેવે રે, સાક્ષાત્ સમ જાતિનું સુખ લેવે રે...૧૯
આજ કૃપા કરી બાહુ નાથે રે, દીધો ડંકો કાળ માયા માથે રે,
સાથે પ્રભુને રાખી જે જે કરશે રે, નહિ બંધાય પાર ઉતરશે રે...૨૦
જમો પ્રભુના મુખમાં મેલી રે, ન્હાઓ પ્રભુ તનો જળ રેલી રે,
સર્વે કામ હરિ હાથે કરવા રે, તેવી રીતે નિર્લેપ સંચરવા રે...૨૧
જુઓ હરિની નજરે નિહાળો રે, સુણો હરિ કાને ધ્વનિ ઢાળો રે,
અડો સ્પર્શે કૃષ્ણ માંહી મેલો રે, ચાખો નાથ જીભે રસ રેલો રે...૨૨
બાથ ભીડો સ્વામીનાથ સાથે રે, પ્રભુ હાથ મેલાવો નિજ માથે રે,
મુખ મુખનો છાતિએ છાતિ રે, પગે પગનો ધારી કરો પ્રીતિ રે...૨૩
જેવી પાસો આનંદની એલી રે, એવી દૂરે નથી તો સહેલી રે,
પ્રભુ સંગ ના વિષયો લોપે રે, પ્રભુ સાથે માયા નહિં ઓપે રે...૨૪
સ્વામી અંતરમાં બેઠા જેહ રે, બાહેર મૂર્તિ બિરાજે છે તોહ રે,
તેની ક્રિયામાં અસંખ્ય જગન રે, તેનો યોગે થાયે બધું બ્રહ્મ રે...૨૫
તીર્થ વ્રત ધર્મ પુણ્ય તેમાં રે, રહે નહિ બાકી પ્રભુજીમાં રે,
પ્રત્યક્ષમાં જેઓ પ્રિય થયા રે, તે તો અક્ષરધામમાં ગયા રે...૨૬

ચિન્તામણિ પારસમણિ ધેનુ રે, કામદુધા કલપતરૂ વેલ્યું રે,
શીતળ ચંદન શશી સન્ત સિદ્ધિ રે, સાક્ષાત્ પ્રભુની સર્વે સમૃદ્ધિ રે...૨૭
તેના લાભ તો પ્રભુજી મળવે રે, આપે પ્રભુ કોઈને ન કળવે રે,
ઉંધે જીવન નજર રાખે તેની રે, ભેળા સોડ્યમાં હોય જેમ ચેની રે...૨૮
સર્વે શરીર મનના આનંદ રે, તેનો આનંદે થાય મહાનંદ રે,
આનંદ છાંટ નાખી જગમાંહિ રે, તે તો તેના આનંદ કણ વાહી રે...૨૯
આવો સેવોને સુખી પૂરણ કામ રે, થાઓ કૃપા કરે તે સુખધામ રે,
એમ દયાસિન્ધુ પૂરે કામ રે, થયા સહેલા શ્રીઘનશ્યામ રે...૩૦
રૂપ અંબાર ન્યારું પૂરી ન્હેર્યું રે, દર્શન કરે તેનો આવે લ્હેર્યું રે,
તેના સુખોના ભોગી મહામુક્તો રે, આંહી માનવ રૂપે લેવે ભક્તો રે...૩૧
બાળકરૂપે પતિરૂપે સ્વામી રે, વૃદ્ધ સ્વરૂપે સખા બહુનામી રે,
સન્ત સ્વરૂપે પંડિત પદ્ધતિ રે, રાજ વ્યાસ આચાર્ય મૂરતિ રે...૩૨
સાદા શાણા અજાણ્યા બહુ વર્તે રે, જ્ઞાની ધ્યાની ધીમન્ત ન વરતે રે,
સ્વયં ચિન્હો ઐશ્વર્ય પ્રતાપે રે, વર્તાય વચનસિદ્ધ થયે આપે રે...૩૩
જેણે તેના સ્નેહે સુખો લિધાં રે, તેણે કાળ માયા પાર કીધાં રે,
દોડે સ્થાવરે તીરથે અજ્ઞાની રે, જેહ પ્રત્યક્ષના નથી જ્ઞાની રે...૩૪
મલ્યે પ્રત્યક્ષ પ્રભુ સર્યું કાજ રે, એમ શ્રીમુખે કહે મહારાજ રે,
ધરો મૂરતિ ઉરપર ધારી રે, જાતિ કુજાતિ કલ્યાણ કારી રે...૩૫
ભક્તો વાળે કહે તેમ વાળ્યા રે, રખે ભુલતા નહિ તેનો ભાળ્યા રે,
અસુર નહિ કદી સુર થાય રે, તેનો દૂર જ છે હરિ રાય રે...૩૬
દ્વેષે દેખે જવાસો સુકાય રે, પ્રેમે દેખે પ્રીતિ પલ્લવ થાય રે,
પ્રેમી તણે ગ્રહે પ્રભુ વસે રે, તજે દ્વેષીનો ભાવે નરસો રે...૩૭
એવી અનાદિ રીતાનો જાણી રે, ભક્તિ કરી લેજો મોજ માણી રે,
કહે જયન્તીલાલ જય ગાવો રે, સ્વામી સેવાનો લિયો મોટો લાવો રે...૩૮

ઈતિ શ્રી પ્રત્યક્ષ શ્રીહરિ શરણાગતિ મહિમા કથને પ્રથમ પીયૂષમ્...૧.

❖❖❖❖❖

(પીયૂષ - ૨ : પ્રત્યક્ષ શ્રીહરિ સર્વાર્પણ યોગે દ્વિતીયં પીયૂષ)

દોહા

શ્રીહરિને વળી બહુ ગણે, નિજરૂપે સ્વામી સુરૂપ,
પણ તે એમ નથી જાણતા, અમો તો વડે છૈયે સુરૂપ...૧
અલંકારો નવ રસ ગુણો, આભૂષણો કુસુમ શણગાર,
શ્રીહરિને લઈ તે બધાં, શોભે છે અપરમ પાર...૨
માયા થઈ રૂપસુંદરી, મેળવી હરિના સુરૂપને,
યુવતી આકર્ષણવતી, લઈ હરિની શક્તિ અનુપને...૩
યુવા અવસ્થા હરિમયી, નિત્ય કિશોરે પરમેશ્વરે,
હરિએ આપી જીવમાત્રને, સંતોષી થવા ભવસાગરે...૪

ચોપાઈ

હરિવાણી પરા સુધી ખાણી રે, શ્રુતિ વેદ આદિકે વખાણી રે,
હરિવર્ણનો રસ તેને આવે રે, પણ રૂચાઓ પાર નવ પાવે રે...૫
બૃહસ્પતિ ને શારદાઓ છન્દ રે, પૂરી ગતિ ના પામે થાય મંદ રે,
જ્ઞાની વિજ્ઞાની નવ લહે સીમા રે, નિજ બુદ્ધિમાં પડે ત્યારે ધીમા રે...૬
સૃષ્ટિ કર્તાઓ નેતાઓ પ્રભુને રે, કાર્ય માટે ઉપાસે રાતદિને રે,
તેઓ રોમાંશ ઘી ત્યાંથી પામી રે, કરે કાર્યને થાય ત્યાં વિરામી રે...૭
દેવો પિતૃ ઋષિ ભક્તિ રીતે રે, ધરી પ્રસાદી તેની જમે પ્રીતે રે,
સૂર્ય ચન્દ્ર તારા ગ્રહો ભાસે રે, તેના આપેલા અંશોથી પ્રકાશે રે...૮
જીવો સૃષ્ટિ સ્વપ્નામાંહી દેખે રે, તે પણ હરિની રચનાથી લેખે રે,
બાળક ગર્ભે રચાએ બહાર આવે રે, તે પણ હરિસહાયે સોહાવે રે...૯
બીમાં વૃક્ષો મોટાં વધ્યે જાય રે, તે પણ અંતરવાસીની સહાય રે,
નાડી પ્રાણ છે હરિને હાથ રે, સમજી પ્રભુથી થાઓ સનાથ રે...૧૦
સ્વામીનાથની પ્રસાદી જમો રે, સ્વામીનાથ સાથે સુખે રમો રે,
સ્વામીનાથના વેણલાં ખમો રે, સ્વામી હૃદામાં રાખી કામે ભમો રે...૧૧
નિજ સ્વામી સંદેશા ચિંતવો રે, પ્રિય સ્વામી ઉચ્છવ કરો નવો રે,
તેહ મૂરતિમાં ધારો લક્ષ રે, બિરાજે છે તો આપણી સમક્ષ રે...૧૨

રમુજ ભર્યું હસવું જોઈ રાખો રે, આનંદ વર્તાશે સાથે ભવ આખો રે,
આંખ્યો મારકણી એની છાજે રે, કોટિ કામ તણા ગર્વો લાજે રે...૧૩
બન્ને ગાલો શશી સમા રાચે રે, લાવો લ્યે તેનો કાલ ના જાંચે રે,
નાભિ ઉદર કૃતિ સુંવાળી રે, જાંધું કદળી થંભથી રૂપાળી રે...૧૪
દીઠી પિણ્ડી ચરણતલ લાંકું રે, કિરણ ભરી વિજળીઓની ચમકું રે,
નખાંગુલીમાં કિરણો ચમકે છે રે, જીણાં રોમ સુવર્ણ રંગે છે રે...૧૫
મૂર્તિ આખી ઉજળી દીસે છે રે, જયા લલિતા લાવો તો લિયે છે રે,
સખીભાવેથી ભઝનાનન્દી રે, પામે અસીમ સુખ પ્રભુનન્દી રે...૧૬
શરીર મર્દના મહતી સેવા રે, પામે નિત્યે હરિરસો મેવા રે,
દેહે દાબીને પ્રસન્નતા લેવે રે, તેનો શ્રીહરિ સાથે વાસ દેવે રે...૧૭
રસિકભક્ત તો હરિરસ પામે રે, થઈ દિવ્ય નો વસે નિજ ધામે રે,
ધર્યા સર્વે તો આનંદ લ્યે છે રે, બંધૂય રાજીપાથી હરિ ઘ છે રે...૧૮
સ્વામી માટે સ્વામિનીની ભક્તિ રે, સ્વામી વિના અન્યત્ર વિરક્તિ રે,
ભક્તો મૂર્તિમાં લગ્ન રહે છે રે, થઈ રસબસા રસોનો લહે છે રે...૧૯
પ્રભુ ઘરે છે મુકુટનો શિર રે, સૂર્ય મણિઓના તેજો જેમાં સ્થિર રે,
ભૂષણ ભાવભરી કંઠે માળા રે, સોના સાંકળી કડાં રૂપાળાં રે...૨૦
દિવ્ય ચળકે છે ઝીણાં અંબર રે, અંગરક્ષક ખેસ કાષામ્બર રે,
ભગવી ધોતી ઝીણી છે સુન્દર રે, કટિસૂત્ર જનોઈ ખંભા પર રે...૨૧
કંઠી તુલસી તણી કંઠે સારી રે, માળા તુલસીની હાથે ધારી રે,
લખવા કલમ લીધી નિત્યે હાથે રે, ગ્રંથો ભક્તો માટે લખ્યા નાથે રે...૨૨
વેદો શાસ્ત્રો પુરાણોથી ભારી રે, પ્રગટપણાની રીતિનો વિચારી રે,
પ્રગટમૂર્તિના પૂજનો થાય રે, ધ્યાન પ્રગટ હરિનું કરાય રે...૨૩
કેસર ચંદન કંકુ ફૂલ હાર રે, અર્પી ભક્તો પ્રસાદીથી ન્યાલ રે,
ચરણ ધોઈને જળ પીયે શ્વાસે રે, તેના જન્મ મરણ રોગ નાસે રે...૨૪
સ્વામ પૂજન રજ માથે ધારે રે, તેના સર્વે બંધન તો સંહારે રે,
નમે બો હાથ જોડી દંવડતો રે, તો તો મોક્ષ જાયે કરે ફતો રે...૨૫
પુષ્પ પાંખડી પ્રસાદી ખાય રે, તેના કુસંગ દોષો દૂર થાય રે,
દૂરે પાસેથી કરે દર્શન રે, તેનો પ્રભુજી થાયે પ્રસન્ન રે...૨૬
જીરણદુર્ગે બિરાજે છે સ્વામી રે, તીર્થે બિરાજે તેહ અન્તર્જામી રે,
ભક્તો સાથે છે દશ્ય મુનરાજ રે, કર્મફલદ જીવોના મહારાજ છે...૨૭

પૂજા સમે બધાનો નિહાળે રે, પ્રેમીભક્તો તે મૂરતિમાં ભાળે રે,
મહોત્સવોના પ્રેરનારા સ્વામી રે, કર્યા મોટા ઉત્સવો નહિ ખામી રે...૨૮
મુક્તો દેવો ઈશો દર્શે આવે રે, ભેટે આજ્ઞાઓ લઈ પાછા જાવે રે,
પ્રજાપતિઓ તે પ્રજાને પાળે રે, તે પણ તેની આજ્ઞાને સંભાળે રે...૨૯
એનો વિદ્વાનોએ ખોળી કાઢ્યા રે, પછી ભક્તોને ઐશ્વર્યે લાધ્યા રે,
વિપ્રો જયોતિર્વિદો રેખાવેત્તા રે, થયા ચિન્હોથી જાણીતા કહેતા રે...૩૦
સેવી મુક્તિમાં જીવો દર્શન કરી રે, જાયે તેની વાણી પ્રમાણ ધરી રે,
સૃષ્ટિ દૃષ્ટિમાં જેનો વ્યાસો ગાવે રે, શ્વેતાયન તે વિપ્રોને ભાવે રે...૩૧
મોટા મોટા આચાર્યોએ ગાયા રે, ભારત દેશીય ગ્રન્થોમાં લખાય રે,
તેના શક્તિ સામર્થ્યો વર્ણવ્યા રે, સર્વજ્ઞતાદિ ગુણો દિવ્ય ગણ્યા રે...૩૨
ધર્મ જ્ઞાન વૈરાગ્ય નો ભક્તિ રે, તો મૂર્તિમાં વસે છે સંપત્તિ રે,
સર્વે લઈને પધાર્યા મુરારિ રે, લાડ લડાવ્યા ભક્તોનો તો ભારી રે...૩૩
મુક્તો ઘણાં ભૂમિમાં પધાર્યા રે, લીધાં સુખો તેમણે મનધાર્યાં રે,
કરવા સત્યુગ કેરા વિકાસ રે, પોતે કર્યા તે તો રૂપે વાસ રે...૩૪
આવાં ઐશ્વર્ય કોઈ ન પ્રેખે રે, તેઓ પોતાના કર્તાપણાં લેખે રે,
પ્રગટ પ્રભુનો સરવે પ્રતાપે રે, વ્યાપ્યો સત્યુગ ભૌતિકે અમાપે રે...૩૫
હજુ સંકલ્પ સિદ્ધિઓ છે પાંસે રે, ઈશ્વર સિદ્ધિઓ માનવોમાં થાશે રે,
આ તો પ્રભુએ વાળ્યો આડો આંક રે, કર્યો અણધાર્યો સત્યનો દિનાંક રે...૩૬
નાથે સત્યનો શક પ્રવર્તાવ્યો રે, સાચો આપનો યોગ તે અપાવ્યો રે,
સદા સાથે રહી રક્ષા કરજો રે, ભવસાગર પાર ઉતારજો રે...૩૭
આપે આનંદની કરી એલી રે, પ્રભુ મૂર્તિમાં પ્રજા થઈ છે ઘેલી રે,
કૃપા પ્રસન્નતા સેવા પ્રીતિ રે, ભક્તિ દાસપણાની આપો રતિ રે...૩૮
જગત વારી ફેરીને દીધું તમને રે, કૃષ્ણ સ્વામીને વર્યાં સાચે મને રે,
સાથે રાખો ને પારે પહોંચાડો રે, માગે જયન્તીલાલ રાતદહાડો રે...૩૯

ઈતિ શ્રી પ્રત્યક્ષ શ્રીહરિ સર્વાર્પણ યોગે દ્વિતીયં પીયૂષમ્...૨



(પીયૂષ - ૩ : પ્રત્યક્ષ શ્રીહરિદર્શનબળ કથને તૃતીયં પીયૂષ)

દોહા

શ્રીહરિ નિજ સૌરાષ્ટ્રમાં, ફર્યા ચારો પાસ ઘણી વાર,
જે જે જીવ તહાં ભેટીયા, તેને કીધા પાવન જગધાર...૧
કોઈ શરણમાં આવી ગયા, પડ્યા શરણે મસ્તક દાન,
તેને તુરત પાવન કર્યા, શિરે ચરણ દઈ ભગવાન...૨
ઘણાં ગામોમાંહી વિચર્યા, ગયા દેશ વિદેશ મહારાજ,
દર્શન દઈ કોટિ જીવને, ધામે મોકલ્યા રાજ અધિરાજ...૩
આપ્યા ઉપદેશ અતિ ઘણાં, સભા પ્રસંગોમાં બહુ વાર,
કથા પારાયણમાં ઘણાં કર્યા, જન ઉધારિયા આણીવાર...૪

ચોપાઈ

બાળપણમાં અતિ રૂડા કૃષ્ણ રે, મનમોહન સૌમ્ય હરિકૃષ્ણ રે,
ગાયો ચારતા ભણતા ખાંતો રે, માતા પિતાનો રાજીપો નીરાંતો રે...૫
કિશોર અવસ્થામાં સન્તો સાથે રે, ફર્યા તીર્થોમાં ગયા જગન્નાથે રે,
કાશી મથુરા રામેશ્વરે બાગે રે, હરિદ્વાર ને દ્વારિકા પ્રયાગે રે...૬
કાંચી અયોધ્યાય સિદ્ધપુરે ગયા રે, રૈવતગિરિ જઈને સ્થિર થયા રે,
દીક્ષા લીધી દીધી તાર્યા જન રે, સર્વે તો કરે હરિનું ભજન રે...૭
શાસ્ત્રો ભાષ્યો કીધાં બહુ સારા રે, તત્ત્વ જ્ઞાને ને ભક્તિનાં પ્યારા રે,
ભજયા ભજાવ્યા શ્રી ભગવાન રે, પોતે પરસ્વરૂપે નિર્માન રે...૮
જે જે કરે દર્શન આપ તણાં રે, તેને ભાસે શ્રીહરિ ધામ તણાં રે,
વિના ઉપદેશે તો નિજ વેષે રે, સ્વામી સ્વયં નારાયણ દીસે રે...૯
જે જે શરણો ગયા છે સુજાણ રે, તે તો પામિયા બ્રહ્મ નિર્વાણ રે,
ભક્તો માટે ચમત્કારો કીધા રે, દિવ્ય દર્શનો ધન્ય ભાગ્ય દીધા રે...૧૦
હેતે સંભારે જન હંમેશ રે, સ્વામીનાથનો દેશ પરદેશ રે,
નારી નરો થયા સુખી તેથી રે, સુખી વધારે થાય તેને લેખી રે...૧૧
આ છે પ્રભુઓના પ્રભુ પોતે રે, એવું જણાય ગુણ રૂપ જોતે રે,
એના ઐશ્વર્ય સામર્થ્ય ને જોતે રે, દૂધ બનાવ્યાં જેણે તે આ પોતે રે...૧૨

પૃથુ રાજાએ પૃથ્વીનો દોહી રે, ચારે ખાણો દૂધની કરી જોઈ રે,
તેમાં જીવન મેલ્યું જેહ નાથે રે, તો છે આવિયા આપણે હાથે રે...૧૩
આકર્ષણો જે વીજળીમાં મેલ્યાં રે, મોટાં બ્રહ્માંડો વાયુમાં છે ઠેલ્યાં રે,
જળે તૃપ્તિ મેલી દીનાનાથે રે, ભૂમિ ભોજય બનાવી પ્રજા સાથે રે...૧૪
આખી સૃષ્ટિના સૂક્ષ્મ અંજીનો રે, રોમે રોમે અણુમાં રચી દિનો રે,
જેણે સાજાતિમાંથી વિજાતીય રે, કર્યાં રહ્યા ત્યાં ગૃહ સ્વીય રે...૧૫
બધું ઘડ્યું તો તોવે જ પ્રવાહે રે, થાતું જાય છે તેમની વરાંહે રે,
આકાશ અવકાશ રૂપે છે કર્યો રે, છેડો જેનો ન લેવે કોઈ ફર્યો રે...૧૬
જે છે બ્રહ્મ તો અનેરું રાખ્યું રે, સર્વે બ્રહ્મ છે એમ તેણે ભાખ્યું રે,
બ્રહ્મપ્રકાશ અનન્ત અપરા રે, પરબ્રહ્મ આ તેના રચનાર રે...૧૭
સૂર્ય ચન્દ્ર બે તેની મોટી આંખ્યો રે, બધી સૃષ્ટિની આંખ્યો તેની ઝાંખ્યો રે,
તોવા તોજ પ્રભા પ્રકાશોમાં રે, પ્રતિબિમ્બો ધરે આભાસોમાં રે...૧૮
બિમ્બો સર્વે સગુણ સાકાર રે, પ્રભુ બ્રહ્મમાં વસો શુભાકાર રે,
બ્રહ્મ બ્રહ્મની સૃષ્ટિ સહિતા રે, ઈશ્વર જીવાદિ સૃષ્ટિ નિહિતા રે...૧૯
જે કાંઈ ઝીણું મોટું સર્વ તેમાં રે, પરબ્રહ્મમાં વસો સંક્ષેપમાં રે,
જે આ હું તું તમે બધું તેથી રે, અન્વિતપણે છે વસ્યું એકથી રે...૨૦
હું છું બ્રહ્મ નો બધુંયે બ્રહ્મ રે, બ્રહ્મરૂપે ભજો પરબ્રહ્મ રે,
તો આ અનાદિ કૃષ્ણનારાયણ રે, આપે ભેગા છે ભવતારણ રે...૨૧
તેને ભજો પૂજો સર્વે રીતે રે, ધ્યાનો જીવમાં ધારો પૂરી પ્રીતે રે,
આ છે અવતારોના અવતારી રે, સર્વે થકી છે મૂરતિ ન્યારી રે...૨૨
તેઓ દેખાણા દેખાશે ખાંતે રે, કરો સેવા તેવી રૂડી ભાંતે રે,
મનુષ્ય દેહનો લાવો તેથી લેવો રે, તેવા પ્રેમ પ્રીતિભાવે સેવો રે...૨૩
તત્ત્વજ્ઞાની તેનો જોવા ઈચ્છે રે, ઉંડા ઊતરે, પ્રત્યક્ષ ના પ્રીછે રે,
છેવટે ભક્તિ વિના ના દેખાય રે, ત્યારે જ્ઞાની નિરાકારે જાય રે...૨૪
સામે હાજર પાત્રતા વિના રે, આંખ્યે દેખાય નહિ ભાવવિના રે,
રૂપે રૂપે પ્રતિરૂપે તો છે રે, તેની કૃપાએ જનો દૃગે લ્યે છે રે...૨૫
તેની મરજીએ આંખ્યો હૃદે માંય રે, જયારે ઉઘડે ત્યારે ભળાય રે,
કરો અભ્યાસી મૂરતી ઉપર રે, હૃદયમાંહી નો જીવમાં અંદર રે...૨૬
આ હું મનો દેખું તોમાં બ્રહ્મ રે, તોમાં દેખું પરબ્રહ્મ રે,
તેવો અભ્યાસ નિત્ય પાકો થાય રે, તેણે દેખાશે એકમાં સદાય રે...૨૭

અનેક સિદ્ધિ શક્તિઓ તામ્માં રે, પ્રગટ થાશે ત્યારે નહિ સીમા રે,
પુરુષોત્તમ યોગે આ પુરુષ રે, થાયે ચારે મુક્તિએ સદશ રે...૨૮
જયારે દેહ મેલી ચાલે તોહ રે, તોજ ક્ષણે બાનો દિવ્ય દેહ રે,
ભક્ત આતમા પ્રભુનો વિમાને રે, આંહી થકી જ બેસે તેનો વાને રે...૨૯
પલકમાત્રમાં ધામમાં પહોંચાડે રે, નથી દૂરે પ્રભુજી નો પ્હાડે રે,
દેખે લોક અલોક બ્રહ્મલોકે રે, તુરત સર્વદર્શી તો વિલોકે રે...૩૦
આવી આ જન્મે ભક્તિ કરી લેવી રે, સિદ્ધિ મુક્તિની બીજાને પણ કહેવી રે,
સર્વે દાનોમાં નિજ દાન મોટું રે, ન ઘો પ્રેમ વિના ખોટી દોટું રે...૩૧
ભક્તિ જ્ઞાન સેવ સાથે દાની રે, આપે પોતાને સ્વામીનો સન્માની રે,
ત્યારે શ્રીપતિ સાથે પ્રીતિ પામે રે, તોહ વિના તો રહે દૂર વામે છે...૩૨
આવો પ્રગટ પ્રભુનો પ્રતાપ રે, નિવારે છે માયાના ત્રણ તાપ રે,
સ્વામી સચ્ચિદાનંદે ભર્યું ધન રે, બધું આપી કરે છે જતન રે...૩૩
પાલે પળાવે રમે રમાડે રે, પાયે પિયે નો જમે જમાડે રે,
તેનો આસ્વાદ ધામમાં જે છે રે, તે તો આ ભક્ત અરથે કરે છે રે...૩૪
નારી હોમાય પતિમાંહી પૂરી રે, ભક્ત હોમાય પ્રભુમાં થઈ ચુરી રે,
હોમાએલાનો બીજી ન મજૂરી રે, શોભા સમ્પત્તિ રહે ન અધુરી રે...૩૫
આપ કૃપાએ મુક્તો જગમાંહે રે, આજ્ઞા પ્રમાણે કરે કામો ચાહે રે,
અનેક જીવોનો ઉદ્ધારી જાય રે, ફરી આજ્ઞાઓ માટે તલખાય રે...૩૬
એવા આપ પુરુષોત્તમ તણાં રે, અંશો કલાઓ આવે જાયે ઘણાં રે,
માર્ગ મોક્ષનો સોંસરવો સાંધે રે, નજર તમારી સાથે એક બાંધે રે...૩૭
એવા મુક્તોની પૂજાઓ ઈશો રે, કરે દેવો મુનિઓ પ્રજેશો રે,
સર્વે સતીઓ અંશોને લઈને રે, થાયે શક્તિઓ બ્રહ્મરૂપે રઈને રે...૩૮
જે જે થયા થાશે સતી શક્તિ રે, તેતો કરે છે પ્રગટની ભક્તિ રે,
પ્રગટ પ્રમાણે હોય જહાં શ્યામ રે, તેની સેવાએ શમે તેના કામ રે...૩૯
ધન્ય ધન્ય એવા સતી જતિ રે, જેણે સેવ્યા પ્રગટ બ્રહ્મપતિ રે,
પરબ્રહ્મ વિના જે જે ઓરું રે, તે છે ફરવાનું જગમાં પાંખોરુ રે...૪૦
તેઓ નાથને જાજે ભાવે પામે રે, માટે ભજવા પ્રગટને બહુ હામે રે,
પ્રગટ વડે સરે છે સર્વે કાજ રે, ન થાય બીજાની સેવાયે તો સાજ રે...૪૧
રાગ દ્વેષ નો ઈર્ષ્યા સખી રે, પ્રગટ ભજવામાં જાય તો ભરખી રે,
સામાવડિયા થઈ જેઓ બેસે રે, તેનો કાળ માયા કર્મ લેશે રે...૪૨

થાયે દાસના દાસ પ્રભુ પાસ રે, જીતે તો કાળ માયા કર્મ પાશ રે,
રાજા રાજય રાણી તણું રાજય રે, પ્રભુ રાજય ભક્તોનું સામ્રાજય રે...૪૩
તેવા ભક્તોના પ્રભુ છે દીવાન રે, સર્વે ભક્તના તો તાન રે,
આવું સમજીને ભજો સાક્ષાત્ રે, કહે જયન્તી પ્રભુ છે પ્રખ્યાત રે...૪૪

ઈતિ શ્રી પ્રત્યક્ષ શ્રીહરિદર્શનબળ કથને તૃતીયં પીયૂષમ્...૩

❖❖❖❖❖

(પીયૂષ - ૪ : સાક્ષાત્ શ્રીહરિ મહાબળ કથને ચતુર્થ પીયૂષ)

દોહા

ઘનશ્યામની શુભ વાણીથી, શાસ્ત્રો પ્રણાલી સાંભળી,
તે સંભારી હરિચરિત્રો, ગાવા અગમની તક મળી...૧
જેણે રચ્યું છે આ વિશ્વને, એક રૂપમાં બબેની શાખ,
માયા પ્રભુ માતા પિતા થયા, તેના કુટુમ્બો ચોરાશી લાખ...૨
માતા પિતા નિજ બાળમાં, હોય રૂપ ગુણે કરી ભાવ,
હેતે રહે હરિ નિજ કુળે, તેનો ચલાવવાનો પ્રભાવ...૩
પ્રવાહમાંહી જ અવતરી, કરે રમત ગમત અનુપ,
કહ્યાગરાને સુખ આપવું, એહ મુદ્દો પ્રત્યક્ષ સ્વરૂપ...૪

છંદ

અનાદિ શ્રીકૃષ્ણનારાયણે અક્ષરના પ્રતિ,
દૃષ્ટિ વિશ્વની સૃષ્ટિ માટે દિધી બ્રહ્મનો સમ્મતિ,
બ્રહ્મ અક્ષર તો સમે નિજ સ્વામીની મરજી લહી,
પ્રકૃતિના સ્વામિ મુક્ત પુરુષનો આજ્ઞા કહી...૫
મહામાયા મુળપુરૂષથી સચેતના તો થઈ જહાં,
તો પામતી ગઈ સ્થૂળતાને તાત્ત્વસૃષ્ટિ થઈ તહાં,
તેમાં થયા પ્રધાન પુરુષો અસંખ્યાતો સુસ્થિરો,
મહાવિષ્ણુ હિરણ્યગર્ભ તથા વૈરાજ ઈશ્વરો...૬

મહત્તાત્વં અહંકારઃ ચિત્તા માનસા શક્તિઓ,
ત્રામ તાન્માત્રાાદિ ભૂતો વિષય ચંચળ ઈન્દ્રિયો,
અપરવાસુદેવ તેના અનિરૂદ્ધ ઉપજયો કરે,
પ્રદ્યુમન્, પાલના કરે અન્તો સંકર્ષણ સંહરે...૭
ભૂમાદિ ઈશો વિષ્ણુ શંભુ અજ સુરેશ મહર્ષિઓ,
પિતૃઓ દેવો માનવો દાનવોનો તાલવર્ષિઓ,
પક્ષીઓ પશુઓ તરુઓ જન્તુ સ્થાવર જંગમો,
રચીનો શ્રીકૃષ્ણનારાયણ વસ્યા તેમાં તમો...૮
અસંખ્યાતો અવતારો ત્યાં ઘરો ધર્મસુરક્ષણે,
સન્ત સતીઓ સાંચવો છો સર્વદા નિજ વીક્ષણે,
અન્વયે જડ ચેતનોમાં રહો છો રસ આપતા,
સન્ત રાજ દ્વિજ કુલોમાં ભક્તાની પ્રીત માપતા...૯
તે તમો બહુધા થાય છો થાઓ છો પણ આ સમે,
જ્ઞાનરસ આનંદઘના છો તેજ પિંડ મુનિ જનો,
શું રૂપાળા કહું વિશાળા સ્વર્ણવાળા તાનુ દિસો,
સુધા સાગર મૂર્તિ મીઠી નાખશિખા સુખ વીલસો...૧૦
હેતભાવે પારખે જે ધામધામી ઓળખે,
તેને દિયો છો ભક્તિ મુક્તિ આપ અરથે વીલખે,
પૂરા કરો છો કોડ તેના હોડ સારવે વીરમે,
એવા દયાળુ કાન્ત કૃષ્ણ કાન્તિમાં કમળા રમે...૧૧
આધાર છો ઘરબારીના પરિવાર છો જી અનાથના,
સુખદાની છો નિરમાનીના સનમાની છો સત્-સાથના,
શુભ સન્ત છો સુવિનીતના ઉરધારી છો હૃદયાર્થિના,
વળી દૂર છો દૂર શીરિના કિરતાર છો શરણાર્થિના...૧૨
હૃદયે ઉમંગ વહે અતિ મૂરતિ તમારી ભાલીનો,
સુરતા સદા તમમાં રહે છે કામ ઉદ્યમશાલિનો,
ઉંઘમાં મનમાં તમો દેખાવ છો દિન દાયકા,
સાચા થયા શરણે જવાથી મને આ લોક વાયકા...૧૩

અતિ સ્નેહે જાગ્રતીમાં જળજળી આંખ્યે તમે,
હાજર થયા છો આવીને ક્યા પુણ્ય મારા આ સમે,
શ્રીહરિ શરણાગતિના ભક્તમંડળને ગમે,
સાક્ષાત્ તમે તો શ્રીહરિ છો સેવકો ચરણે નમે...૧૪
ભૂમિમાં વિચરી તમે બહુ પંડિતોને તારિયાં,
તીર્થમાં વિચરી તમોએ શરણાગત ઉદ્ધારિયા,
બાળપણથી આપ નિજનું બિરૂદ ખોલી બોધિયા,
પગે પડિયો જીવ જે જે તેને ધામગ નોંધિયા...૧૫
જે જે પરોક્ષોના જનો તે તેની ઘુંચમાં જઈ રહ્યા,
સાક્ષાત્ પ્રભુને પરહરી નિજ મનમાં ડુબતા રહ્યા,
નહિ ભજયા પ્રત્યક્ષને અંતે વલખતા મુક્તિને,
સાક્ષાત્ મળ્યેથી કોઈ કાળે પામશે પર મુક્તિને...૧૬
એમ સમજી લોક સરવે ભક્તિ કરજો આ સમે,
પ્રત્યક્ષ આ મહારાજની મૂરતિ વિષે દિલ ગમગમે,
પ્રત્યક્ષનો પરતાપ સાધન સર્વે સાધનમાં બળી,
અડ્યા બોલ્યા મલ્યા તેની રેખ અક્ષરમાં ભળી...૧૭
ફર્યા સાથે કરી સેવા ધર્યા હૃદયે ચરણને,
પ્રત્યક્ષ શ્રીમહારાજના તો પામ્યા તેના ચરણને,
અંગ ચાંપ્યાં રંગ લાગ્યા રમઝમે નિજ આગળે,
સાક્ષાત્ હરિ નિજ નાથજી સૌભાગ્ય તેના ઝળમળે...૧૮
ગોપાળલાલ વિશાળભાલ રસાલગાલ હરિ વર્યા,
પ્રત્યક્ષ કૃષ્ણકૃપાળને સેવીને શ્યામ ધણી ધર્યા,
સાક્ષાત્ સખાના રસિક ખાણાં ખાઈને રસબસ રમ્યા,
રસિયા હરિના રાસમાં આનંદ ભોજન બહુ જમ્યા...૧૯
એવા પ્રસાદી ભાગીદારો અમર આસન પામિયા,
સ્વામી તણા બગિયા વિહારો માંહી રસઘર જામિયા,
એવા અમો હરિના ખરીદ્યા પ્રગટ મહેલ મહાલિયા,
આજ આ અઢળક ઢળ્યા વરમાળ ગળમાં ડાલિયા...૨૦

ખામી અધૂરી ના રહી ઉદ્વાહ હરિવરથી થયા,
બન્ને ખલકના નથ અમને મલકમાંથી લઈ ગયા,
ખૂબ દીધાં કિધાં કરી લટકાં ભરી ચટકા શ્યામળા,
દીલદગડા નહિ થાશો કહે જયન્તી હૃદંગળા...૨૧

ઈતિ શ્રી સાક્ષાત્ શ્રીહરિ મહાબળ કથને ચતુર્થં પીયૂષમ્ ...૪

❖❖❖❖❖

(પીયૂષ - ૫ : પ્રત્યક્ષ સન્ત સ્વામિભાવ કથન નામે પંચમં પીયુષ)

દોહા

પ્રભુજી કહે નિજ સન્તને, સુણો મારા હેતની વાત,
તમો જે જે દીક્ષિત થયા, તે કરજો દીક્ષિત નાત...૧
આપું હું તમને સામ્રથી, જ્ઞાન બળ પ્રત્યક્ષ ઉપદેશની,
પ્રસાદિ અમ્બર રાખજો, નિર્મલ સુમતિ સન્દેશની...૨
આપણે સન્ત છીએ સદા, એમ કેફમાં વર્તવું વ્હાલથી,
હરિને ખોળે બેસીયા, તેની સ્થિતિ છે બ્રહ્મ મહાલથી...૩
હરિકૃષ્ણ મળેલ ને જે મળે, તેણે વર્તવું સન્ત સમા વ્રતી,
તમ યોગે જે આવશે તેનો મળશે સુખ મારવતી...૪

ચોપાઈ

સેવો પ્રત્યક્ષ પ્રભુજીનો જેમ રે, સેવો તેમના સન્તોનો તેમ રે,
ફેર તેમાં ના માનવો રતિ રે, મારા સન્ત છે મારી મૂરતિ રે...૫
મારા મંત્રો જેણે ત્રણે લીધા રે, તેના સર્વે મનોરથો સીધા રે,
સન્ત સ્વરૂપે તેમાં રહું છું રે, આશ્રય કારીની ઈચ્છા પૂરું છું રે...૬
સન્ત આતમા મારો આતમા રે, તેનો પ્રેમ છે મારી વાતમાં રે,
સન્તો માંહી હું સાક્ષી વસું છું રે, આશીર્વાદોને સફળ કરું છું રે...૭
સન્ત બુદ્ધિમાં બુદ્ધિ છે મારી રે, પ્રકાશ દેવામાં નથી અણુ ન્યારી રે,
કરે સન્ત જેમાં અહંભાવ રે, તેમાં મનો છે મારો વરતાવ રે...૮

કીધું ચિંતન મનન જે સન્તો રે, તે છે ચિન્તવ્યું માન્યું મારી ખન્તો રે,
સન્તો નિહાળ્યું તે મેં નિહાળ્યું રે, સન્તો સંભાળ્યું તે મેં સંભાળ્યું રે...૯
સન્તો સાંભળે સાંભળે સ્વામી રે, રહ્યો છું હું તેમાં અન્તરજામી રે,
સન્ત નેત્રોમાં નેત્રો છે મારાં રે, સન્તવાણીમાં મારી વાણી ધારા રે...૧૦
સન્તમુખમાં બોલનારો હું છું રે, આજ્ઞા યથા યોગ્ય હું દેઉં છું રે,
સન્ત નોણે વસો મારા નોણ રે, સાધુ કેણે વસો મારા કેણ રે...૧૧
સાધુશ્રવણે મારા બે શ્રવણ રે, મારી મૂરતિ અનન્ત શ્રવણ રે,
સન્તો સુંધે સૌરભ હું સુંઘું રે, સાધુનિદ્રામાં જરા તારા ઊંધુ રે...૧૨
સાધુશ્વાસમાં છે શ્વાસ મારો રે, હૃદયમાંથી હું પ્રેરું એકધારો રે,
આખું જીવન જીવું છું હું તેમાં રે, સાધુ સન્તો રહે વસે જેમાં રે...૧૩
સાધુજીભમાં જીભ છે મારી રે, ચાખે તો જેમાં ચાખે મુરારિ રે,
હોઠે હોઠ છે ગાલોમાં છે ગાલ રે, તેના ભાલમાં છે મારું ભાલ રે...૧૪
સન્ત હાસ્યમાં મારું સુન્દર હાસ્ય રે, સન્ત દાસ્યમાં મારું વસે દાસ્ય રે,
જુઓ સન્તનું રૂપ નિહાળી રે, મુખે પ્રભુના મુખનો સંભાળી રે...૧૫
સાધુ મસ્તકે તોજો મંડળ રે, તો છે મારા તોજોનું મંડળ રે,
સન્તો મુખે જે રહ્યું આકર્ષણ રે, મારા મુખનું છે તો પ્રવર્ષણ રે...૧૬
સાધુ મૂછની રેખા રૂપાળી રે, મારી સોનેરી રેખા તહીં ભાળી રે,
સન્તો હોઠ છે લાલ જગારા રે, મારા પ્રેમરસોની ત્યાં ધારા રે...૧૭
સાધુચિબુક શોભતી સારી રે, જહાં વસો પ્રભુ બિન્દી ન્યારી રે,
પાપણ પલક નાસિકા ધમણી રે, કૃષ્ણપલક કૃષ્ણનાસા નમણી રે...૧૮
દન્ત શ્વેત સાધુઓના કહ્યા રે, નારાયણના તો છે દન્તો રહ્યા રે,
ભોજન સન્તો હરિનો જમાડે રે, નિર્ગુણ ભાવનો તેઓ પમાડે છે...૧૯
પીયે દૂધ વારિ ઈક્ષુ રસ રે, મહારાજ તો પિયે છે સરસ છે,
ચુમ્બન હરિનું વસો સન્તમાં રે, સાક્ષાત્ રાજી હરિ તો ખંતમાં રે...૨૦
કાનો ગુચ્છ શિરે ધરી પાગ રે, તોરા કલ્ગિ હરિના બેય ભાગ રે,
કંઠે માલાઓ ફૂલ ભાષા કેરી રે, સાક્ષાત્ શ્રીહરિએ છે તો પહેરી રે...૨૧
ગળું વાંસો ભુજા બેઉ હાથ રે, છે તે હરિના હાથથી સનાથ રે,
પોંચા અંગુઠાં કાંડા આંગળી રે, ધર્યાં શ્રી ભગવાને સ્વયં ભળી રે...૨૨
કોણી કાંઠલી છાતી સાધુવાંસો રે, હરિએ ધાર્યાં તે નિજ ઉલ્લાસો રે,
પડખાં પાંસળાં ફેફસાં નાળી રે, છે તે શ્રીજીની સઘળી સંભાળી રે...૨૩

વીંટી અંગુઠી સોનાના સાંકળાં રે, ભક્તે ધાર્યા તે શ્રીજીમૂર્તિ કળા રે,
સંતો જનોઈ ખંભે ધારી છે રે, હરિએ સ્વખંભે તો બેસા-રી છે રે...૨૪
અંગરખું ને કંબળ ચાદર રે, સંતો ધાર્યાં તો હરિના અંબર રે,
કલમ પોથી લોટા દોરી જોળી રે, સાધુ પાંસો તે હરિની રંગોળી રે...૨૫
તુમ્બી વાટકી કળશી થાળી રે, તે પણ હરિની જાણજો રસાલી રે,
સાધુ ઉદર નાભિ કટિતટ રે, તો પર પટ તો હરિના ઘરવટ રે...૨૬
કચ્છ જઘન મૂળનો સાથળ રે, સંતો કેરાં તો હરિના નિર્મલ રે,
વાંસો બરડો ને રંધા ધોરી નસો રે, સંતો કેરામાં હરિનો છે વાંસો રે...૨૭
ગ્રન્થિ ગોઠણ રોમ શીલ ખેલ રે, તે છે સંતમાં હરિના દીધેલ રે,
જાગૃત સ્વપ્ન અવસ્થા સુષુપતિ રે, સ્વામી કેરી છે સાધુમાં દીપતિ રે...૨૮
પિણ્ડી ઘુંટી કાંડા પોંચા પાની રે, સર્વે સંતોમાં હરિની સંધાની રે,
લાંકું અંગુઠા આંગળિ ચરણ રે, સંતોમાં છે પ્રભુનું ધરણ રે...૨૯
સંત ક્રિયામાં હરિજીની ક્રિયા રે, સંત મૂરતિમાં હરિ રિયા રે,
આખી મૂરતિ સંત તે તો હું છું રે, સેવો સંત સુમૂરતિ કહું છું રે...૩૦
જેણે સેવ્યા સંતો સેવ્યા સ્વામી રે, તેને રહે નહિ કોઈ ખામી રે,
સંત વિરહીનો હું વિરહી રે, આ મેં મારી હકિકતો કહી રે...૩૧
હરિ મોજડી જેણે ઉપાડી રે, તેણે માયા ગાંઠડી પછાડી રે,
જેણે હરિના ચરણો બે જોયા રે, તેઓ જગમાં નહિ ક્યાંઈ મોહ્યા રે...૩૨
જેણે હથેળી હરિની પેખી રે, તેણે ધામ સમૃદ્ધિ બધી દેખી રે,
જેઓ કરાવે હરિનો સુસ્નાન રે, તેણે કીધું ચરણરસ પાન રે...૩૩
જેણે હરિનું પંચામૃત પીધું રે, તેણે જીવનું ભાતું સાધે લીધું રે,
જેઓ ફળ જળ દળની પ્રસાદિ રે, લેવે તેની ગતિ ધામે આદિ રે...૩૪
જેણે ચાંપ્યા પ્રભુનાં ચરણ રે, તેના ભવના તો દુઃખ હરણ રે,
જેઓ હૃદયે હરિને ધારે રે, તે તો પ્રતાપી બીજાનો તારે રે...૩૫
નારાયણના કેશ નખ દન્ત રે, રાખ્યા જેણે તે સાચા શ્રીમન્ત રે,
જેણે પીધાં પ્રસાદિ દૂધ પાણી રે, તે છે ધામે ધામોના નિર્વાણી રે...૩૬
ખાંધાં ચાખ્યાં સાકર શરબાત રે, તેનાં ફળો ઉધર્યાં એક શત રે,
લીધાં દુઃખણાં જોડ્યા જેણે હાથ રે, નમ્યા પ્રણમ્યા તે છે હરિ સાથ રે...૩૭
રચી અંજલિ હરિને માટે રે, તે તો બેઠા છે ધામની ખાટચે રે,
સાકર ખાંડ ઘી ગોળની પ્રસાદી રે, ચાખી જેણે લીધી તેની ગાદી રે...૩૮

ખોળે બેઠા પાંસે વસ્યા પ્રીતે રે, સેવ્યા પ્રત્યક્ષ મુક્તિ તેની રીતે રે
દેવો ઈશો તાલખે છે બધા રસો રે, પ્રભુ પ્રસાદિ લેવાનો વારસો રે,...૩૯
જેને આત્મનિવેદિતા નોય રે, ક્યાંથી પામે અભાગી કણ તોય રે
દેવી દેવો તો કર્મના ભોગે રે, સ્વર્ગે છે પણ હરિમાનવ યોગે રે,...૪૦
આવી સેવે હરિમાનવ રૂપે રે, મોક્ષ ભાગી તો થાયે સ્વરૂપ રે
સાથે બેઠા ઉઠ્યા જમ્યા રમ્યા રે, ન્હાયા નવરાવ્યા સાથમાં ગમ્યા રે,...૪૧
ભમ્યા દમ્યા ચોળ્યા તોલ્યાં રેલ્યા રે, સાક્ષાત્ પ્રભુને જીત્યા ધામે મેલ્યા રે
ગાયા ધાયા દોડ્યા મોડ્યા નાથ રે, તે તો સેવાએ થયા છે સનાથ રે,...૪૨
આ તો પ્રત્યક્ષ જોઈનો પદ્ધતિ રે, કૃપા પ્રભુની બધામાં વર્ધતિ રે
નાનો પ્રાણી શરણે નાથે લીધો રે, તેને ધામનો મહામુક્ત કીધો રે,...૪૩
આવા દયાળુ જીવોના ઉદ્ધાર રે, કરવા સદા વર્તે છે બ્રહ્મપાર રે
સંતો સંતપતિ છે તો એક રે, મુક્તો ભક્તપતિ છે, એકમેક રે,...૪૪
સર્વેપતિ સ્વપતિ પરપતિ રે, રતિદ્યુપતિ વસો આજે ધરતી રે
જેની કારીગરી છે અકળ રે, સરવે કળાના સ્થળ નીરમળ રે,...૪૫
તેણે ખોળી લીધા ખોબો તાલ રે, જેણે ઓળખ્યા હરિ અવિકળ રે
મૂઠી તાલોએ પૂરેપુરા જાણ્યા રે, બીજા તાલોએ અધુરા તો માણ્યા રે,...૪૬
તે તાો વિયોગે કરશે ગતિ રે, યોગે નથી ઊંચી જેની મતિ રે
એ પણ કામ કરે ઘણું ઘણું રે, આકર્ષણ કરે ઈન્દ્રામણું રે,...૪૭
ભૂલ્યા ભટક્યા ભેળા થયા થાશે રે, પૂરા પ્રત્યક્ષના ગુણ ગાશે રે
જે દિ ધ્યાનમાં આંખ્યો ઉઘડશે રે, તેની મૂર્તિ હૃદયમાંહી જડશે રે,...૪૮
ત્યારે પડશે પ્રભુજીનો શરણે રે, પૂરેપૂરા થાશે તો દિ વરણે રે
પછી પામશે પ્રભુ સખા સાથ રે, જેઓ સાક્ષાત્ હાલ છે સનાત રે,...૪૯
આ તો શ્રીમુખે વદી વાત જાણી રે, કહી જયન્તીએ લેજો વિણી રે

ઈતિ શ્રી પ્રત્યક્ષ સન્ત સ્વામિભાવ કથન નામે પંચમં પીયુષમ્...૫

❖❖❖❖❖

(પીયૂષ - ૬ : સાક્ષાત્ ભગવત અનન્ત ભાવના નામે ષષ્ઠં પીયૂષ)

દોહા

પ્રગટ પ્રતાપ ઘણો ઘણો, જગમાંહી છે વાપર્યો નાથ,
ઝીણી રીતિ વરતાવી છે, જ્ઞાન પ્રદીપ આપ્યો છે હાથ...૧
શાસ્ત્રી જન સઘળા જગે, જાણી વાંચી લેશે હૃદે માંય,
પ્રતાપ શ્રી મહારાજનો, પ્રગટ્યા તે સુરાષ્ટ્ર છે જ્યાંય...૨
વિશ્વમાં વિખ્યાતિ ઘણી, છેડે સાગર પાર ઉતાર,
પ્રગટ કીર્તિ સરસ્વતી ગુણ, ગાય છે અપરમ પાર...૩
તે તે જોવા સાક્ષાત્ પ્રભુને હૈયે ધરે છે બહુ હામ,
ક્યાંથી મળે શ્વેત મુરતિ, જેમાં શારદા રાજે તમામ...૪
દેશે દેશોના અભિનંદનો, પ્રભુ પ્રત્યે છે પાઠવે પંડિતો,
ઋષિ મુનિ દિવ્ય દૃષ્ટિઓ, કરી નિશ્ચય પ્રભુનો અખંડિતો...૫
નામો વિવિધ લખિયા ગુણો, ધુરન્ધરોએ સમજી વિવેકથી.
જુએ સુણે જેહ ચિન્તવે તે, જાયે ધામે નિજ ટેકથી...૬

ચોપાઈ

પરબ્રહ્મનો બ્રહ્મ કહે છે રે, કોઈ કૃષ્ણ કહે છે રે,
પરનારાયણ નારાયણ રે, કહે પુરુષોત્તમ પરાયણ રે...૭
અનાદિ શ્રીકૃષ્ણનારાયણ રે, વદે વ્હાલપો સ્વામિનારાયણ રે,
હરિકૃષ્ણ પરમપુરુષ રે, ધામધામી સ્વયં નિરંકુશ રે...૮
સર્વે અવતારોના અવતારી રે, રાધા રમાદિ શક્તિઓ ધારી રે,
મુક્ત મુક્તેશ ઈશાનો ઈશ રે, માયા કાલ પુરુષ પરમેશ રે...૯
અન્તર્યામી પતિ સતી સ્વામી રે, વાસુદેવ પરમધામ ધામી રે,
કર્તા હર્તા પ્રહર્તા સર્વાત્મા રે, રક્ષક પોષક તેહ પરમાત્મા રે...૧૦
ઈશ્વર કૃષ્ણદ્વૈપાયન એ છે રે, કોઈ શ્વેતાયન વ્યાસ કહે છે રે,
કોઈ સુબુદ્ધિ કવિરાજ બોલે રે, વિદ્વદ્વર્ય છે તીર્થરાજ તોલે રે...૧૧
ન્યાય નીતિજ્ઞ ભર્યા કવિ બોધે રે, દેશો તણાં માણેકરત્ન શોધે રે,
સાર્વભૌમ ને સમ્રાટ સ્વામી રે, પરમ પુરુષ સત્યવ્રતા ધામી રે...૧૨

વ્યાસો અનેક આમાં સમાયા રે, વિશ્વામિત્રાદિ ઋષિ એ છે આવ્યા રે,
કાર્યો અપૌરુષેયના નિર્વાહ્યા રે, પુરુષરત્ન વિભૂતિનાથ કહાવ્યા રે...૧૩
કૃષ્ણસમ્પ્રદાયે કૃષ્ણાચાર્ય રે, ધુરન્ધરં મૂર્ધન્ય વેદાચાર્ય રે,
સરસ્વતી વરદ સુત બોધી રે, સત્ત્વ વિજ્ઞાન જયોતિ છે સંબોધી રે...૧૪
મહાપુરુષ ભારતના મહર્ષિ રે, એ છે પ્રત્યક્ષ હરિ દિવ્યદર્શી રે,
ઈશ્વરશક્તિ નારદકલ્પ જે છે રે, જ્ઞાનપ્રદાતા અવતાર એ છે રે...૧૫
અસંખ્ય શ્રિઓથી વિભૂષિત પ્યારા રે, મહાન્ તત્ત્વચિન્તક શ્રીદુલારા રે,
સર્વોપરિ અધ્યાત્મ ચિન્તક રે, ભારત પ્રજાનો ખ્યાતિ સમર્પક રે...૧૬
ભારતરત્ન છે ભારતભૂષણ રે, ભારતીયોના કલ્યાણ વર્ષણ રે,
પંડિતકુલભૂષણ મહારત્ન રે, સ્વામી એક અદ્વિતીય પ્રત્ન રે...૧૭
તપોનિષ્ઠ બ્રહ્મનિષ્ઠ શ્રુત રે, બહુવિદ્યાવાળા સેતુકૃત રે,
ભારતસામ્રાજય ભૂષણાયમાન રે, વલ્લભ ઉદયનાદિ વિદ્વન્માન રે...૧૮
વિશ્વદેવતા વાચસ્પતિ તો છે રે, એવા દેવગતિના કહે છે રે,
ગુર્જરતિલક ખલકના ધાતા રે, ભવ્યવિભૂતિ અવતાર પાતા રે...૧૯
પદે વાક્યે પ્રમાણે અલંકારે રે, કાવ્યે પ્રવચનો ધારાધારે રે,
દર્શન શાસ્ત્રાવતાર કો વદે છે રે, ભારત ન્યાયસાગર કોઈ કે છે રે...૨૦
કવિતાર્કિકચક્રવર્તી સ્વામી રે, જાણે આ આવ્યા કાર્તિકસ્વામી રે,
અક્ષરમક્ત સ્વયં ત્યાંના વ્યાસ રે, એમ વર્ણવી પામે છે ઉલ્લાસ રે...૨૧
વિદ્યાવાચસ્પતિ ધુરન્ધર રે, ગૌતમ શંકર છે આ બોલે સુર રે,
વિદ્વત્સામન્ત કહી કોઈ ગાય રે, સર્વતંત્રા સ્વતંત્રા પંકાય રે...૨૨
સ્યમન્તકમણિ ચિન્તામણિ રે, કર્તા શિવાંશ આચાર્ય ધણી રે,
મહાવ્યાસોના છે વ્યાસ પોતે રે, કહે વિદ્વાનો દિગ્ગજ જોતે રે...૨૩
બુદ્ધિ વ્યાસગુરુ વ્યાસ બોલો રે, વિદ્વત ભારતના પિતા તોલો રે,
દિવ્યપુરુષ વિષ્ણુ યોગી મૂર્તિ રે, એમાં વસી છે સૃષ્ટિઓની શક્તિ રે...૨૪
લક્ષ્મીનારાયણ આ મૂરતિ રે, આત્મા સાક્ષાતકારી દિવ્ય સ્થિતિ રે,
પરમેશ્વર કે આંશિક અવતાર રે, એમ ગાય છે કોઈ તારનાર રે...૨૫
અવતારી છે પરમપુરુષ રે, બ્રહ્મસાક્ષી છે આત્મસંજુષ રે,
સગુણબ્રહ્મ સ્વયં વાલ્મિક રે, ભારત પોતો છે આ સંયમિક રે...૨૬
રામાનુજ શંકર વલ્લભ રે, મધ્વ નિમ્બાર્ક થયા છે સુલભ રે,
એમ ગાયે કૃષ્ણદ્વૈપાયન રે, શ્વેતાયન આ આદિ વ્યાસાયન રે...૨૭

કૃષ્ણકાન્ત હરિકૃષ્ણ જે છે રે, મહાપ્રભુ શ્રીમહારાજ એ છે રે,
મુક્તાશક્તિ શ્રિયોના શ્રીપતિ રે, કોઈ કહે શ્રીઆચાર્ય સુમતિ રે...૨૮
રાધાકાન્ત જગન્નાથ સ્વામી રે, શ્રીવલ્લભ પ્રભુજી બહુનામી રે,
શ્રીકંભરાતનુજ નન્દનન્દ રે, કહે તેનો ગોપાળબાળ વૃન્દ રે...૨૯
ગોપીપતિ શ્રીબાળકૃષ્ણ રામ રે, તેનો વર્ણવે કોઈ સત્યકામ રે,
એવા અનેકવિધ ગતિવાળા રે, ભજે પૂજે વન્દે છે વિશાળા રે...૩૦
બદરીપતિ શ્વેતપતિ સ્વામી રે, અવ્યાકૃતપતિ ધામધામી રે,
કોઈ અમૃતપતિ કૈલાસ રે, વન્દે સાકેત વૃન્દાવનવાસી રે...૩૧
ગાવે વૈકુંઠ ગોલોક નિવાસી રે, સિદ્ધશિલાના એ છે સંન્યાસી રે,
બોલે બ્રહ્મપ્રકાશી પોતે આ છે રે, દિવ્યજયોતિના કરતલ તે છે રે...૩૨
શબળ કેવળ શિવબ્રહ્મ પારે રે, તેનો ઉપજાવનારા તો ધારે રે,
અલખપુરુષ નિરંકારી માને રે, લીલે આકાશે વસ્યા નિજ ભાને રે...૩૩
અગ્નિ સૂર્ય ચન્દ્રના કરનારા રે, સર્વે અવતારોના આ ભંડારા રે,
સાંઈ ગોંસાઈ અપ્પાસાંઈ લિંગી રે, તેઓ રમે છે આમાં નવરંગી રે...૩૪
તોયે આ છે અપાર ન પાર રે, સૃષ્ટિ કરતાર પારોના પાર રે,
ધાર્યા વિધાર્યા આવે હેતો પાંસો રે, આપ જેવા થઈને હુલ્લાસો રે...૩૫
શરણે આવ્યા તે ફાવ્યા આ વારે રે, આકાશ લેખિયા અટક્યા અંધારે રે,
દીનાનાથની દયા બહુ ભારી રે, નારી નરોનો લીધાં ઉગારી રે...૩૬
બાળ વૃદ્ધોને અપંગ અનાથી રે, તેને કીધા છે પોતાના સાથી રે,
જુઓ મહેર મહારાજ કેરી રે, ગરીબોનો બનાવ્યા છે લ્હેરી રે...૩૭
નાણાંવાળા માનમાં મલકાતા રે, જુએ વાટ ન મળે સુખદાતા રે,
જે જે મળ્યા ત્યાં લુંટાણાં લાતે રે, ઊંઘે એવાને એવા પરભાતે રે...૩૮
દૂતો જમના બેય કોરે ભેળા રે, જાણે લાગ્યા છે માયાના મેળા રે,
જો કે નારાયણ હરિ કહેશે રે, તોથી યમદૂતો દૂર રહેશે રે...૩૯
પણ પ્રત્યક્ષ વખોડી કાઢે રે, પરોક્ષના રસોડાં જે રાન્ધે રે,
તેનો બન્નેનો લાભ ન તાત્ક્ષણે રે, કર્યું સાધ્યું ન લાગે ભક્ષણે રે...૪૦
આ છે આદિથી સંત અવતારી રે, ગરીબ તાલેવાનોને સારાસારી રે,
લેવે આશરો પામે લાભ મોટો રે, દાઢે તેને ઉદ્યમ બધો ખોટો રે...૪૧
માટે તેવો સંતોને પેટ ભરી રે, થાઓ કૃષ્ણને વ્હાલા ભાવ ભરી રે,
જેવી સ્થિતિ તેવા સેવો હરિ રે, સાક્ષાત્ મળશે માન પરહરી રે...૪૨

આછી મોટી ભારે ચીજે કરી રે, આજે રાજી થાશે પોતો હરિ રે,
જે જે વ્હાલું તે આપો નામીનો રે, સમે સેવો ન રાખો ખામીને રે...૪૩
સાધુ સમ્પત્તિ સર્વેની સૈયારી રે, એવી રાખી છે હરિએ આજ ધારી રે,
આવે કલવે રમુજે કરી રે, માનો અમાનો ગણે નહિ જરી રે...૪૪
તોયે નાથ તો ખુશી ખુશી થાયે રે, શરણે આવ્યાને રાજીપો વરસાયે રે,
જે જે ભાવે જનો જે તેડાવે રે, તેને ત્યાં જઈ કામ ભીડાવે રે...૪૫
ખેતર વાડીએ બગીચે બીડે રે, ફરવા ગાડે તો લઈ જાય હેડચે રે,
ચાલી પધારે પ્રાણોના નાથ રે, જમે ઓળા ચોળે ન્હાય હાથ રે...૪૬
ઘરે ભવનો પધરામણી રે, ચોરે ચોટે બીરાજે વાર ઘણી રે,
દઈ દર્શે શિક્ષણ વાતવાતો રે, જાણ્યા અજાણ્યાને ગમે ગાતો રે...૪૭
સભા મંદિર મેડી મહોલ મોટા રે, તેમાં પધારે સાથે મોટા છોટા રે,
સર્વે આનંદલહરી ઝીલે છે રે, સ્વામી શ્રીહરિ જેનો રેલે છે રે...૪૮
આવે લાભે અભાગિયા ભાગે રે, ગીગે ફૂલ ફોરમ નવ લાગે રે,
કહે જયન્તીલાલ લિયો સાધી રે, સાક્ષાત્ હરિના મેલની સમાધિ રે...૪૯

ઈતિ શ્રી સાક્ષાત્ ભગવત અનન્ત ભાવના નામે ષષ્ઠં પીયૂષમ્...૬

❖❖❖❖❖

(પીયૂષ - ૭ : પરબ્રહ્મના એક સાથે પ્રાકટ્ય જયન્તી કથન નામે સપ્તમં પીયૂષ)

દોહા

પ્રભુજી નિજતંત્રે સદા, વરતે છે સ્થળ એક માંહી,
વ્યતિરેક આંહી દેખિયા, તે ધામમાં પણ વૃન્દમાંહી...૧
મુક્તમંડલિયો, ત્યાં વસે, હરિસમીપે ચિદાકાશ જ્યાંય,
તેવી રીતે આંહી ભૂમિમાં, નિજ ભવને હરિવર રાય...૨
કલા કરે બહુ ધામમાં, એક એક મુક્તે હરિ એક,
તેવી કળા કરે ભૂમિમાં, પ્રતિભક્તે મૂરતિ દિયે એક...૩
મૂરતિમાં નહિ ભિન્નતા, સુખ થાવા સેવકને પાલવે,
બોલતા ચાલતા આવે તો જન, ઉદ્યમ કરી શકે નહિ લવે...૪

ચોપાઈ

ધામે મૂરતિ રીત છે ન્યારી રે, સેવક સ્વામીની રીતિ એક જ સારી રે,
જહાં ઉદ્યમ નહિ બીજો કોઈ રે, સેવા એક જ હરિની છે સોઈ રે...૫
તિયાં તરસ ભૂખ નથી થાતાં રે, સત્યસંકલ્પ તણાં ફળ ખાતાં રે,
નિત્યે તૃપ્ત છે ભક્તનો ભગવાનો રે, જમે આનંદ હરિસુધાપાન રે...૬
ધારે તો તો બનો છે થાય છે રે, તેથી ભેળા નો ભેળા જાયે છે રે,
જે જે જોઈએ ધારે થાય ત્યારે રે, સત્યકામના સિદ્ધિ તો મોજાર રે...૭
માટે ધામમાં નિત્ય અનો આંય રે, એક જ મૂર્તિએ બન્નો ગણાય રે,
એવું સમજીનો શરણાગતો રે, મૂર્તિ સેવવી નિજની વિગતો રે...૮
મૂર્તિ સિંહાસનમાં પધરાવે રે, સાથે ખીસામાં પણ લઈ જાવે રે,
પોટી પટારે રાખો તહાં રહે રે, માગે નહિ ના મુંઝવણ લહે રે...૯
મુસાફરીમાં રાખી પેટી માંઈ રે, ખોલો રાવ ના કરે પોતો કાંઈ રે,
મૌનો સાકર પ્રસાદિ જમે રે, પાણી પીયે પેટીમાં ભાર ખમે રે...૧૦
તમે અર્પ્યું તો પોતો દેખે છે રે, સ્વીકાર કરી પ્રસાદિ લેખે છે રે,
મોટા ડેરાઓમાં તેવે રૂપે રે, વસો વ્હાલો તો સ્થિર સ્વરુપે રે...૧૧
ભક્ત અપરાધ તો નથી માનતા રે, જરુર પડ્યે માગે સગવડતા રે,
આવા સ્વામી છે સરવેનો માટે રે, શરણે આવેતો પૂરે પૂરાં ખાટે રે...૧૨
થોડે યતનો બહુ લાભ મોટા રે, બ્રહ્મધામમાં આનંદ સમોટા રે,
બાળકપણે માતાનો ઉપાધિ રે, યુવાનપણે તો સેવકનો વ્યાધિ રે...૧૩
વૃધ્ધત્વમાં તો આશ્રિતોનો ચિંતા રે, મૂર્તિમાંહી તો સરવે ના ચિંતા રે,
એવું કર્યું પ્રભુએ ભક્ત માટે રે, જે કોઈ બીજો ના કરે તેવી વાટે રે...૧૪
કરવા જાય તો ટાણે ના પમાય રે, તહાં ખોટ્ય તો મોટી દેખાય રે,
સમર્થનો તો સહેલું જ છેય રે, અનેક સ્વરુપે ધારેલું તો દેય રે...૧૫
માટે પ્રભુનું ભગવાનપણું રે, ભક્તો માટે સહેલું સોયામણું રે,
રે મૂરતિ તેથી થાય રાજી રે, ના હોય તેથી ના થાય કુરાજી રે...૧૬
મહિનો મૂરતિ ઘરમાં મેલી રે, બંધ તાળે મેમાન થાય સેલી રે,
આવે પાછા પૂજા કરે પ્રીતો રે, તોયે પ્રભુ છે રાજીપાની રીતો રે...૧૭
ના દે ઠપકો નહિ તો રીંસાવે રે, એવા સ્વામી આ દયાનો વરસાવે રે,
માટે સમજીનો ભજો આજ ભવે રે, નહિ તો ખોટ્ય પડી છે ધ્રૂજવે રે...૧૮

પૂજા માનસી માનશે મૂર્તિમાં રે, હેતે સામગ્રીની જ્યાં ના સીમા રે,
બધું જાણે છે અંતરમાં રહ્યા રે, જે છે મુરતિ રૂપે સંચર્યા રે...૧૯
જે છે દેખતા થકા આંધળા રે, તેણે ના જાણી આ પ્રભુકળા રે,
પછી અજ્ઞાને થાય ઉતાવળા રે, પછી રહે છેવટે ભાંભળા રે...૨૦
આવ્યા ના આવ્યા માનવમાં તોહરે, અકળ ગયું ના મળી સુ ફતેહ રે,
પરમ પ્રભુની શરણાગતિ રે, લઈને મેળવો હરિમાંથી રતિ રે...૨૧
આવો લાવો ફરીથી નહિ આવે રે, માનવ જીવને ભગવાન ભાવે રે,
ગયા પછીની વાત ના થાય સાધી રે, હયાતીમાં જે મોટી ખોટ્ય ખાધી રે...૨૨
અલ્પ જીવો ભજી તજે તાન રે, કરે વાસ તો અક્ષરભવન રે,
આજે આડસ નથી કાંઈ રાખી રે, નિરખી જાશે ધામે સુખ ચાખી રે...૨૩
પગે પડે તો ધામમાં જાય રે, ચરણ રજ લ્યે, અક્ષરે સમાય રે,
મહારાજના અંગોનાં અંબર રે, દર્શન કરશે તો ધામે ચિદંબર રે...૨૪
દેશે પ્રદેશ સાંભારશે હેતે રે, જાશે ધામ તો કુટુમ્બ સમેતે રે,
પહેરી મોજડી ચાંખડી શ્યામે રે, રાખે પૂજે તો પણ જાશે ધામ રે...૨૫
ચિન્હો પ્રભુના ચિન્તવશે પ્રેમે રે, તે તો જઈ ધામમાં વિરમે રે,
અંગો અંગ નિહાળ્યા છે ખાંતે રે, ધામે જાશે દઈ ડંકો દાંતે રે...૨૬
હરિપ્રસાદ જળ જેણે પીધાં રે, તેણે ધામમાં બંગલા કીધા રે,
મહાપ્રભુની સેવા કીધી જેણે રે, શ્રીજી બંગલી નિજ કીધી તેણે રે...૨૭
ગોલોક વૈકુંઠ અવ્યાકૃત ધામ રે, શ્વેતદ્વીપ નો સાકેતાદિ નામ રે,
અમૃતધામ નો બદરીશધામ રે, ધ્રુવ વૈકુંઠ ક્ષીરનિધિ નામ રે...૨૮
વિષ્ણુનારાયણના જે સ્થાન રે, માતા લક્ષ્મી શિવા સતી ગામ રે,
શક્તિ સ્વામીના નિત્યસ્વર્ગોમાં રે, જહાં તે તેના ભક્તો છે વર્ગોમાં રે...૨૯
પાતાલોમાં ભૂમધ્યે વૃત્યમાં રે, ભુવન મહર જન સત્યમાં રે,
વસ્યા જ્યાં જ્યાં તે સર્વે તાલખે રે, પૂરણ બ્રહ્મમાં જાવ વલખે છે રે...૩૦
તેને પહોંચાડવા નિજ ચરણે રે, અક્ષર નિવાસી કરવા નિજ શરણે રે,
દેવા સુખનો અપરમ પાર રે, આજે મહારાજે કર્યો નિરધાર રે...૩૧
તેને દેવા ઉપાસનાના ફળ રે, ઉપાસ્યા જે તે જાણ્યા પરમકળ રે,
ત્યાં ત્યાં જઈને જોયું ધામે ગામે રે, ત્યારે ભાન થયું અક્ષર ધામે રે...૩૨
અન્તે જાવાનું પરમેશ પાંસે રે, તેની જિજ્ઞાસા ઊગી શ્વાસે શ્વાસે રે,
બધા ધામોના ધામીઓ જ્યાં જાશે રે, તેના શરણે જવા તો હુલાસે રે...૩૩

તેના કરવા પૂરા મનોરથો રે, પરમમુક્તિ બ્રહ્મમાં અન્તો મથો રે,
ત્યાંની તિવ્રતા જેને જેને જાગી રે, ક્યારે મળશે શ્રીહરિ બડભાગી રે...૩૪
જાવું જલદી જરૂર તેહ પાંસે રે, પોતાને ધામે રહે ઉદાસ રે,
એને પ્રકૃતિપુરુષની સૃષ્ટિ રે, ખબર મોકલ્યા પરબ્રહ્મ દૃષ્ટિ રે...૩૫
સૃષ્ટિ સૃષ્ટિએ ગોલેક વૈકુંઠ રે, ધામે ધામેબ્રહ્માંડે ઈશ પીઠે રે,
આવરણોમાં ઈશોમાં સ્વર્ગોમાં રે, સૂર્યે ચન્દ્રે ધ્રુવે એ વર્ગોમાં રે...૩૬
લોકાલોકે અલોકે સ્વર્ણલોકે રે, જયાં જયાં વસતિ પ્રભુની સાંલોકે રે,
એકી સાથે એકી ક્ષણે નાથે રે, અક્ષરધામેથી અસંખ્યાત પાથે રે...૩૭
કર્યું પ્રાકટ્ય નિજ તણું ભારી રે, જયાં જયાં દેખે ત્યાં મુરતિ પરબારી રે,
દીધી દેખાડી આવે યુગે થોકે રે, ત્યાં તો વાસી પ્રગટ વિલોકે રે...૩૮
એકી ટાણેં અસંખ્ય અવતારો રે, પ્રગટ પ્રભુજી મળિયા ધારો રે,
સર્વે લોકોની ચોવીસો મૂરતિયો રે, પરબ્રહ્મ ત્યાં પામી રમતીયો રે...૩૯
પ્રકૃતિ વિશ્વ અસંખ્ય ઠેકાણે રે, પ્રધાનોના વિષ્ણુના તેહ ટાણે રે,
વૈરાજોના બ્રહ્માના ધર્મોના રે, દેવો ઋષિઓના પિતૃઓના રે...૪૦
સ્વર્ગો મર્ત્યોના પાતાલો વાસીના રે, લોકે અલોકે આવર્ણ વાસીના રે,
સ્થલે ગૃહે સામ્રાજ્યે ભૂપોના પ્રગટ હરિને તે સ્પર્શે રે, પ્રગટ જયન્તીઓના તોપોના રે...૪૧
વાદ્ય નર્તન ગાવણાં ગીતિના રે જૈકાર હર્ષે ભરેલા પ્રીતિના રે,
અપ્સરાઓ રાણીઓ કન્યાના રે, સૂત માગધ બન્દી સેવિકાના રે...૪૨
ઉત્સવ મહોત્સવો થયા તેના રે, જેવી સામૃદ્ધિ પદસત્તા જેના રે,
જીવ સૃષ્ટિમાં ઈશ સૃષ્ટિમાં રે, બ્રહ્મ સૃષ્ટિમાં તાત્વસૃષ્ટિમાં રે...૪૩
મુક્ત સૃષ્ટિમાં ભક્તાવસાતિમાં રે, તીર્થે ક્ષેત્રે ધામે પૂરી શ્રીમાં રે,
જયાં જયાં રાધા રમાને લલિતા રે, જયાં રુક્મિણી સતીઓ સાવિતા રે...૪૪
પતિવ્રતાઓ શક્તિઓ સિધ્ધિઓ રે, રુચા પરી વિદ્યાઓ રુદ્ધિઓ રે,
સરસ્વતીઓ માતાઓ કાલીઓ રે, પદ્મા પાર્વતી સાવિત્રી મ્હાલીઓ રે...૪૫
ગીતા સિતા વિનતા વેદણિયો રે, ઉત્સવ સામગ્રી બજારું આપણિયો રે,
થયા ગજ પર્વતો વસ્તુનાં રે, રમવા જયન્તિ હરિના વાસ્તુમાં રે...૪૬
વેષા ભૂષા નો શણગાર ઘાટા રે, તેણે બ્રહ્માંડો કરે ચળકાટા રે,
ધ્વનિ જયજયના તો બ્રહ્માંડે, સર્વે સમાજે મંડપોના કાંડે રે...૪૭
થાય પૂજાઓ પરબ્રહ્મ કેરી રે, સંતો વિપ્રો ગુરુઓ ભેટ કેરી રે,
વાજાં વાજે આરતીઓ થાય રે, સુગંધ શણગારે લીના થવાય રે...૪૮

મૂર્તિ બાળકિશોર અને યુવા રે, જેવા ધામે ગામે પ્રભુ તેવા રે,
તેવે રુપે સ્વરુપે રુપાળી રે, પ્રજા વધારે શોભે વનમાળી રે...૪૯
એવા મહોત્સવમાં યોગે આવ્યા રે, તેને ભક્તિએ ધામમાં વહાવ્યા રે,
જયાં જયાં જેવી આયુ અને રીતિ રે, ત્યાં ત્યાં તેવી હરિએ ગ્રહી નીતિ રે...૫૦
આજે બિરાજે સર્વે સૃષ્ટિમાં રે, ધામે ધામે જે નિજ દૃષ્ટિમાં રે,
સાહુને પ્રત્યક્ષ અતિ વલ્લભ રે, પ્રિયપાતિ મળ્યા છે સુલભ રે...૫૧
બાળ બાપુજી ભાય કાકા મામા રે, રાજાધિરાજ ગુરુ સખા શ્યામા રે,
થયા સર્વેને હળતા મળતા રે, સર્વે સેવે ધામને વાંછતા રે...૫૨
જાઓ જહાં ગતિ પડે તાહાં રે, ભિન્ને ભિન્ને વિરાજે આ તાહાં રે,
આ છે એક તો અનેક સ્વરુપે રે, સર્વોપાસ્ય વર્તે છે ભિન્ન રુપે રે...૫૩
સર્વે ઠેકાણે ભગવાન હોય રે, એમ કહે છે વેદો મુનિ દોય રે,
નથી સૃષ્ટિમાં આજે કહિ ખાલી રે, પ્રભુ થયા સરલ સંત મ્હાલી રે...૫૪
એક જ પણે છે સાધુ સ્વરુપે રે, આ છે સંત પરાર્ધ પર રુપે રે,
સોંઘા સર્વેને ભાવ પૂરા કરે રે, જેવો ભક્ત તેવો તે વેષ ધરે રે...૫૫
શરણાગતિએ ચઢચા ઊંચે ધામે રે, નાના મોટા દેવેશ્વરો ધામે રે,
સતી સન્તોવિરક્તો વિવાહી રે, પ્રગટ તાણાં થયાં છે, પ્રવાહી રે...૫૬
આ છે અવતારી સ્વયં આવ્યા રે, દીધી ડુબકી અસંખ્યા રુપ ફાવ્યા રે,
આવું પૂર્વે થયું નહિ થાશે રે, અવતારીએ ધાર્યું એક પાશે રે...૫૭
તમો સૂક્ષ્મ મતિએ વિચારો રે, પામો આ અવતારીને ધારો રે,
ધ્યાને ધારો સેવો સુખ માણો રે, સ્હેલા સ્વામીને નિજેષ્ટ પરમાણો રે...૫૮
રાજીપાની છે વાત આ ન્યારી રે, વ્યાજવટો નથી જયાં સંસારી રે,
આ તો અઢળ ઢળ્યા છે સ્વામી રે, નાના મોટા ઉપરે બહુનામી રે...૫૯
કરો પોતાના શિર માટે ધણી રે, આ તક વિના મૂલ્યે મેં તો ગણી રે,
કહે જયન્તી ઉજવો જયન્તી રે, સર્વે વિશ્વોમાં જેની છે જયન્તી રે...૬૦

ઈતિ શ્રી પરબ્રહ્મના એક સાથે પ્રાકટ્ય જયન્તી કથન નામે સપ્તમં પીયૂષમ્...૭

❖❖❖❖❖

(પીયૂષ - ૮ : પ્રગટ પુરુષોત્તમની સહેલી પ્રાપ્તિ નામે અષ્ટમં પીયૂષ)

દોહા

ભક્તિ છે ભાતભાતી, તે શરણાગતિ જેવી નહિ,
આયેથી વાહવાહ ભક્તિ, રીતિ રિવાજ તણી સહી...૧
સાંચવો પર ગોઠવણી તો, બધી સમ્પોત્રો ખપે,
નિજનો લાભ મળે નહિ, બીજું બીજું સાચવવા ધપે...૨
શરણાગતિ પ્રત્યક્ષની, જેમાં બીજી નહિ કો આડ,
પ્રસન્ન વર્તો જેમ હરિ, તેમ કરો હરિમાં લાડ...૩
દ્રૌપદી શરણે થયા, વળી ગજતો જલની માંહી,
વિભીષણ શરણે થયા, તે તર્યા પ્રગટ પદ માંહી...૪

ચોપાઈ

તર્યા જયા લલિતા ઉત્તમ રે, તર્યા કુબજા ગણિકા ગીધ ભૂમ રે,
તર્યા સુદામા નૃગ ભીલડી રે, તર્યા પ્રગટ ચરણોમાં પડી રે...૫
તારી વિપ્રવધૂઓ થાળ આપી રે, તર્યા વિદુર ભાજી સમર્પી રે,
તર્યા લાખ સિદ્ધો નવલખે રે, પ્રગટ દર્શન પામી ક્ષણ પખે રે...૬
અબ્જો વેલી વૃક્ષો તૃણ હર્ષે રે, તર્યા પ્રગટ હરિનો તો સ્પર્શે રે,
જેનો નજરે નિહાળ્યા પ્રભુએ રે, તેઓ ધામનો અધિકાર લિયે રે...૭
આ અવતારે શ્રીહરિજી નિત્ય રે, દર્શન બાર ખુલ્લાં કરી પ્રીત રે,
ટાણે કટાણે ઉંઘ લેખમાં રે, માળા જપમાં સભામાં દેખમાં રે...૮
નાના મોટા અજાણ્યા કે જાણ્યા રે, દર્શન થાયે મોજ માણ્યા રે,
સદા પ્રસન્ન વ્હાલો વ્હાલ ભાવે રે, જુએ બોલાવે જય સ્વામી કહાવે રે...૯
સાકર પ્રસાદિ ફૂલહાર આપે રે, તેના જન્મ મરણ દુઃખ કાપે રે,
દેશી વિદેશી નીમ લીધાં તેઓ રે, કરી દર્શન જમે પ્રસાદ મેવો રે...૧૦
અગડ પુરી તેની ત્યારે થાય રે, સર્વે સિદ્ધિઓ મનોરથો થાય રે,
રોગી રોગથી મુકાવે જલદી રે, જેઓ ઓચિંતા સંભારે હૃદિ રે...૧૧
આપત્ ભાગે પ્રભુની માનતાએ રે, સુખી થાય છે ક્ષણે વિનીતતાએ રે,
દેશે પરદેશે પડ્યા ઝીલ્યા ઘણાં રે, જાણે હાજર હોયે નાણ થાણા રે...૧૨

સુણી સાંભળી કરે આશ્રય રે, તેનો પરચા પૂરે છે નિશ્ચય રે,
થયા અનેક ભવ શરણાગત રે, ભૂલી ગયા તો તાજા આગત રે...૧૩
શરણ મંત્રો નારાયણથી રમા રે, લીધા દીધા રમાએ શરણગમા રે,
પરમ્પરાએ ઋષિ મુનિ સંતો રે, જપે આપે ગાવે તો મહાન્તો રે...૧૪
પોતે પ્રભુજી પ્રગટ પધારી રે, આપે તોજ મનુઓ શરણ ધારી રે,
કરી દર્શન સેવા મંત્રધારી રે, લ્યે છે બ્રહ્મનો આનંદ સંભારી રે...૧૫
મૂર્તિ નાથનું મુખ નિહાળી રે, તાજા મુક્ત થયા ભાગ્યશાળી રે,
તળાં હાથનાં બધાં ચિન્હ સાથે રે, દેખી શરણે થયા સ્વામિનાથે રે...૧૬
ચરણતળામાં બધાં જોઈ અંક રે, થયા મોક્ષ ભાગી નિધડક રે,
પૂરણ મૂરતિના ચિન્હ જોયે રે, રતિ પ્રીતિએ ધામ માટે મોહ્યા રે...૧૭
સ્વામી મૂર્તિમાં ખેંચાણા મન રે, અક્ષર સુખના યોગી થયા જન રે,
જગના જીવન સહુના જીવન રે, ભક્તો તણાં છે જીવના જીવન રે...૧૮
સુતાં જાગતાં ન્હાતાં ઊને નીરે રે, ખાતાં પીતાં પહેરતાં અમ્બરે રે,
જેણે સેવ્યા કર્યા છે દર્શન રે, હરિધામ જાશે તેહ જન રે...૧૯
કથા પાટચે પવન વિઝોવ્યો રે, તેઓ તે રીતે ધામમાં જોયા રે,
જેણે બ્રહ્મ આનંદ લેવા સેવ્યા રે, તેણે લીધા તે આનંદના મેવા રે...૨૦
જેણે હરિના અંગે રસો માણ્યા રે, તે તો ધામ માટે જ પરમાણ્યા રે,
જેણે જમાડ્યા ફલ ફૂલ મેવા રે, કરી અંગોમાં ઉરે ધરી સેવા રે...૨૧
પામ્યા સમાધિ પ્રભુનો સેવી રે, અંતર વૃત્તિ તાનુમાં ઠેરવી રે,
મંચે ખુરસી ગાદીએ ઓઠિંગે રે, બેઠા ગાદલે દાબ્યા હાથે પગે રે...૨૨
ઉત્તમ ગાલીચે સાદે પાથરણે રે, બેઠા સૂતા સેવ્યા હેતે ઘણે રે,
તૃપ્તિ પામ્યા ન સુખની સીમા રે, ધામે મૂર્તિની સેવા નવીના રે...૨૩
ફુલેકામાં ગજે અશ્વે રથે રે, બેઠા વધાવ્યા ચોખા ફૂલ ગ્રંથે રે,
તે તે ધામમાં જવા લેખે લાગ્યાં રે, પ્રભુ સાથે રહેવાના ભાગ્ય જાગ્યાં રે...૨૪
શરણાગતિ નો આત્મા નિવેદી રે, ધનો મનો તનો નહિ ભેદી રે,
પોતે માન્યું પોતાનું જે બાનું રે, સર્વે સ્વામીને તો છે આપવાનું રે...૨૫
તે તો આપીશ તમોને તે પાછું રે, અનન્ત ગણું કરીને ઉલ્લાસુ રે,
સુખે ભોગવો ભોગ મારી સાથે રે, મારા ધામમાં મારી સંઘાથે રે...૨૬
મારા મુક્તોની ધામમાં મંડળી રે, બાંધી આપી મેં હેતે અંજળી રે,
મધ્યે મુક્યોની વચ્ચે હું રમું રે, મુક્તો વિરમે હું પણ વિરમું રે...૨૭

લાવે ભેટ્યો મુને ભેટવાનો રે, સંસાર દુઃખો સઘળાં મેટવાનો રે,
લઉં છું દઉં છું ને તે તેના સન્માનો રે, મારા ગણું છું જે છે મહેમાનો રે...૨૮
લાખો માણસો સભામાં નિહાળે રે, મોટે સમૈયે મને ઘણું ભાળે રે,
તેને નથી ભુલાતો હું કેદી રે, તેને મેં તો મારી દીક્ષા દીધી રે...૨૯
કર્યા ધામના મેં અધિકારી રે, જે જે જુએ મને હૃદે ધારી રે,
દેહો નર નારીના મુકાવું રે, ધામે મારાં તે સ્વરુપો બનાવું રે...૩૦
તેની મરજી પ્રમાણે રચાવું રે, સોવે સુખેથી તેમજ નિરખાવું રે,
હૈયે હાર હજારી ફૂલમાળા રે, કાંડે કડાં નો ગજરા રુપાળા રે...૩૧
બાંધ્યા પ્રેમે ભક્તોએ જોયા હંસ્યા રે, તેના ભાગ્ય સાથે રહેવા લસ્યા રે,
અપાર અમાપ નિજ સુખ દેવા રે, ભક્તો માગે તેને તત્પર દેવા રે...૩૨
મૂરતિ ઝળઝળતી છે રુપાળી રે, તેજે રસો આનંદે ભાર વાળી રે,
જોઈએ તેટલા લિયોને આનંદ રે, સ્વામી નાથ ના દીધાં પરાનંદ રે...૩૩
હાસ્ય વિલસે હરિ તાપ ટાળે રે, પ્રેમે ભક્તોને રાજીપે નિહાળે રે,
પ્રભુએ નિજ એકાન્તિક ધર્મ રે, સ્થાપ્યો શરણાગતિનો તે મર્મ રે...૩૪
પગે લાગતા પૂજતા અડ્યા રે, તે પણ ધામની સીડીએ ચડ્યા રે,
પ્રગટ પ્રભુની રીતિ છે ન્યારી રે, જમે પ્રસાદિ ધામની તૈયારી રે...૩૫
પ્રભુ હોઠનો જીભનો સ્પર્શે રે, એવી પ્રસાદી ધામ નિર્દેશ રે,
આવા ભક્તને અનન્ય છે ખાસે રે, ધામ માટે પ્રભુએ લીધા પાસે રે...૩૬
કૃષ્ણ પાળે પળાવે જે નિમ રે, રાખે હેતથી રસિયા શું દીને રે,
સર્વે ધાર્યા તો હરિના ધર્મ રે, એકાન્તિકો, જાણે છે એ મર્મ રે...૩૭
બીજા ધણીની આડી મોટી ખાઈ રે, તેમાં મોહી રહ્યાપડ્યા ધાઈ રે,
પ્રગટ ભેટ ના તેને લેખે લાગી રે, ઉગરવાની આશા તેણે ત્યાગી રે...૩૮
ખોટાં ઈન્દ્રામણાં શું રોગ ટાળે રે, પ્રગટ પ્રભુની મોજુંને નો ભાળે રે,
જે જે લ્યે છે તે બીજાની ઓટ રે, તેને પ્રગટ સાથે મોટી ખોટ્ય રે...૩૯
જે બાળકૃષ્ણના નામને જાપે રે, સ્વામી રાખે પડખે નિજ માપે રે,
આંહી ઉજળાં હરિને નિહાળે રે, તેને ધામમાં હરિ નિત્ય ભાળે રે...૪૦
પ્રિયા-પતિની રસબસ રીતિ રે, સર્વે વેદ પુરાણો ગાય ગીતિ રે,
પ્રીતિ અનન્તગણી વરસાતી રે, લેખે સાખી સખા ભાવે અતિ રે...૪૧
પ્રભુ ભક્તોની રીતની પ્રીતિ રે, પુરી કરવા ગ્રહે તેની રીતિ રે,
તેની તેની જાતિમાં ઝબકારા રે, તેવા વર્તીને સુખ આપે ન્યારા રે...૪૨

સર્વે જીવોનો વરતો સદાય રે, રક્ષા લાભે શરણ માટે જાય રે,
હરિ થાય છે સર્વેમાં મોટા રે, બળે પ્રતાપે સામર્થ્ય ના જોટા રે...૪૩
તે તે જાતિના જીવો તેને વળગે રે, રાજી થઈને સેવે રંગે અળગે રે,
પ્રભુ પૂરે તેનો આશે રે, જે જે આવે તલખતા પાંસો રે...૪૪
એવા અનન્ત જીવ ઉદ્ધારે રે, પ્રગટ તેવું ધરી રુપ ભારે રે,
અસંખ્ય ભક્તોમાં અસંખ્ય સ્વરુપે રે, વખત લઈને વિચરે તે રુપે રે...૪૫
કરે હેત એકાંતના નાથે રે, તૃપ્ત થઈનો મૂર્તિ ઘરે બાથે રે,
હૃદે રાખીને જાયે બ્રહ્મમહોલે રે, ખેલે ખેલ ત્યાં સુખિયા અતોલે રે...૪૬
આવા જીવનો મળવાનો કાજ રે, સાધુરૂપે વિચરે મહારાજ રે,
સંતો પ્રતીતિ સર્વે આવે રે,નથી ભય જયાં શરણે જાવે રે...૪૭
લૌકિક મર્યાદા રખાવે સાથે રે, દિવ્યતાએ ભજાવે બહુ ભાતે રે,
કર્તા થકા અકર્તા દેખાવે રે, કોઈ કળિઓ અકળનો ના પાવે રે...૪૮
મૂર્તિ મળે કે ન મળે જયારે રે, છબીમાંથી લ્યે ભક્ત સુખ ત્યારે રે,
આવે દયાળુ આનંદના દાતા રે, જેનો ઘેરે ભક્તો નથી માતા રે...૪૯
જાજાં ટોળાં વિટોળાંનો મેલી રે, પ્રેમી દાસદાસીની રીત ઘેલી રે,
આવે પ્રભુજી મદમાં માતા રે, પ્રેમી તાણાં તો પ્રેમનો ખાતા રે...૫૦
આવી અચરજ પમાડે જોતે રે, ધરી ભક્તાનો છાતિએ પોતે રે,
આપી સુખ અદૃશ્ય થઈ જાય રે, અભક્તાનો નથી તો ગમ કાંય રે...૫૧
જગત્ ભજે છે પ્રભુજીને પ્યારું રે, હરિ માટે જગત્ મેલે ન્યારું રે,
કુટુમ્બ કુલનો પરીવાર પરાં રે, મેલી કરે પ્રભુમાં સંઘરાં રે...૫૨
આવા શરણાગતિ નરનારી રે, ખાટી ગયા છે હરિપ્રીતિ ભારી રે,
નથી કરવું તેનો કાંઈ બીજું રે, જેણે પ્રભુજીનું મન રીઝ્યું રે...૫૩
રીઝ્યા નાથ સાતે સરવે દેવી રે, રીઝ્યા મુનિ ગુરુ સંત સેવી રે,
દેવો રીઝ્યા નો નાથને સાથે રે, હરિ આવિયા છે જેની બાથે રે...૫૪
માટે હરિરીતિ અલૌકિક રે, વાટ જોશોમાં મળે સારીતક રે,
સ્પર્શ દર્શ વિલાસ વરતાવે રે, ભક્તો પ્રભુજીનો ખોળે જાવે રે...૫૫
આ તો વાળ્યો છે ભવ કેરો ફેરો રે, કૃપા વડે જગત્જીવ કેરો રે,
માયા મેલીને થયા જે ભગત રે, તેની અક્ષર ધામે થઈ ગત રે...૫૬
જેવી તેવી નથી જો આ ગતિ રે, પ્રભુ સાથેની મોટી છે ભગતિ રે,
તૃષ્ણા આશાઓ તેઓ પૂરશે રે, રમી જમી જમાડી ધામ ધરશે રે...૫૭

પાસો દૂર રે દેશ વિદેશે રે, લિયો શરણાગતિ તો ઝુબેશે રે,
લોકે રહીનો ભાવના પ્રમાણે રે, માયા પારે જાઓ પ્રભુ થાણે રે...૫૮
આ છે દેખી કરી વીતિ બહુ રે, જીવો જાણજયો કરી પ્રીતિ બહુ રે,
શરણે જાઓ શ્રી ઘનશ્યામ કેરે રે, કહે જયન્તી પ્હોંચો પ્રભુ ડેરે રે...૫૯

ઈતિ શ્રી પ્રગટ પુરુષોત્તમની સહેલી પ્રાપ્તિ નામે અષ્ટમં પીયૂષમ્....૮

❖❖❖❖❖

(પીયૂષ - ૯ : પ્રગટ શ્રીહરિએ તમામને ઉદ્ધર્યા એ નામે નવમં પીયૂષ)

દોહા

મન્દિર હોય તો મૂરતિને, આધારે જન પૂજન કરે,
ધરે થાળ ફળ જળ માળાઓ, સાકર મિષ્ટ અર્પણ કરે...૧
અગરબત્તી ધૂપ દીપ નો, અત્તર દઈ સૌરભ કરે,
વાળે લીપે ધૂન્ય આરતી તે, સમયે સમયે આચેર...૨
જળે ન્હાવા રે અભિષેક દૂધ દહીં, પંચામૃત અરપણ કરે,
પ્રસાદ ચરણામૃત લઈનો, આત્મકલ્યાણ સહુ કરે...૩
તેહ અરથે મૂરતિને, પધરાવી ભક્તોએ મળી,
તીરથ ઉત્તમ કીધલું, ભૂમિ પ્રગટની જનતા મળી...૪

ચોપાઈ

તીર્થે જાય તો શ્રીફળ ધરે રે, સાકર ખાંડ ધરાખ થાળ કરે રે,
કાજુ મેવો મધુરો મધુરો બહુ ભાતો રે, ભક્તજનો ધરે કરી ખાંતે રે...૫
ચોખાં ભજન હરિનો આપે રે, તેની પ્રસાદી જમે તો પ્રતાપે રે,
જે જે જમશે કણિકો નાથનો રે, તેણે મારગ માણ્યો સનાથનો રે...૬
તહાં ધૂન્ય ભજન કરનારા રે, બ્રહ્મહોલે વાસા લેનારા રે,
દિવાબત્તી સાવરણી કાઢે રે, તેઓ માયાના બંધનો વાઢે રે...૭
હેતો હરિનો વેષ પહેરાવે રે, લઈ પ્રસાદિ નિજનો તારે રે,
ચારેકોરે પ્રદક્ષિણા ફરે રે, સંસાર સાગર પાર ઉતરે રે...૮

દંડવત્ નામના અંજલિ બાંધે રે, તોનો ધામનો અધિકાર લાધે રે,
જનમભૂમિનાં ચરણો સેવે રે, તો ખૂબ રાજીપો ધામ સુખ લેવે રે...૯
ચિત્રો છાપેલ છબી ફોટો પૂજે રે, રાખે તોની રક્ષા થાય સહેજે રે,
ઘરે બારે કોટે વાડી વંડે રે, દુકાન કોઢચે ઝુંપડે ચોકી ખંડે રે...૧૦
જહાં જહાં તો મૂરતિ રહેશે રે, તોનો અંતો અક્ષરધામ દેશે રે,
આ છે પ્રગટ પ્રભુનો પ્રતાપ રે, બ્હાનો નિજનો થાય ના સંતાપ રે...૧૧
જહાં જહાં છે પ્રભુજીના ચરણો રે, સર્વે ચિન્હો સહિત દુઃખ હરણો રે,
ચિન્હો ફળો જે શાસ્ત્રોમાં લખ્યાં રે, સર્વે પામશે જીવમાંહી ઝંખ્યા રે...૧૨
મૂર્તિ ચિન્હોનો વાંચશે ધારશે રે, મૂર્તિ તોનો વશે સદા ઠરશે રે,
હુકમ પામવા પ્રભુજીનો ભક્તો રે, કરવી સેવાઓ અતિ મન સક્તો રે...૧૩
દેસો પ્રદેશે વિશ્વમાં વિદ્વાનો રે, મૂર્તિ વર્ણવે ગુણ વિદ્યાનો રે,
તોઓ સર્વજ્ઞ કર્તાનો ઉપાસો રે, લખેલ ગ્રંથોમાં બીજ તપાસો રે...૧૪
ત્યારે હાથ આવે છે પ્રભુ તોનો રે, તોઓ પ્રશંસા કરે છે વદનો રે,
કલ્મે શ્લોકે વન્દનો લેખવે રે, પ્રભુ પ્રગટ ઉપાસો દેખવે રે...૧૫
જેઓ સારસ્વતીના દુલ્હારારે, તોનો વિદ્યા બનાવે પ્રભુ પ્યારા રે,
ધારા ધ્યાન ચિન્તાનની તોનો રે, નિત્યે થાયે સ્ફુરે હિર એનો રે...૧૬
દર્શના દિવ્ય પ્રભુના પમાય રે, વિશ્વ સામસ્તનો લાભ થાય રે,
આ છે અગણિત કળાઓના નિધિ રે, જેનો ઉદ્ધારે છે અનેક વિધિ રે...૧૭
ભક્તો જયાં જયાં વસે રચે રાસ રે, ત્યાં ત્યાં પરબ્રહ્મનો નિવાસ રે,
ભજો પ્રગટ પરબ્રહ્મ જાણી રે, સત્ય કહું છું આ દિવ્ય વાણી રે...૧૮
માટે થાઓ પ્રભુજીના દાણી રે, જાઓ ગાઓ હરિનો વખાણી રે,
પ્રભુ પ્રસાદિ વાપરેલી રાખો રે, ઘરે મોક્ષ માટે તો પારખો રે...૧૯
પોતે પ્રસાદિ રૂપે હરિ સેવી રે, બીજા પાવન થાયે તમનો સેવી રે,
એવા પ્રગટ તણે પરતાપે રે, તમો સમ્રથ મોક્ષ દેવા આપે રે...૨૦
નાથે કીર્તનો કાવ્ય કરાવ્યાં રે, સુણી જનો તો મોક્ષનો ભાવ્યાં રે,
ગમ્યા નાથ કથા દ્વારા આપે રે, જાયે સાંભળી ધામ અમાપે રે...૨૧
પ્રભુજીની છે અતિ મીઠી વાણી રે, નહિ જગમાં તેવી કેની જાણી રે,
રાધારમાએ લીધી મિઠાશ તાણી રે, પ્રભુ વાણીની અંશતા જાણી રે...૨૨
રૂપસુંદરતા ત્યાંથી લીધાં રે, જગત્વન્ધ સુંદરપણાં કીધાં રે,
બીજી સુંદરતા એની આગે રે, પાણી ભરે પ્રભુના રુપ-ભાગે રે...૨૩

રાધા રમા જયાના સૌરભ રે, છે તો મૂરતિમાંથી અંશે શુભ રે,
તોયે વિશ્વનારીઓ તેની આગ રે, લાગે રૂપમાં નીચાં પૂરે ભાગ રે...૨૪
આ છે અલાકિક પ્યારા સ્વામી રે, જેમાં વિશ્વની રીતિ રોમે સામી રે,
એણે ધાર્યું તો ધર્મ તમારો રે, જીવો લેખે તો તેનાથી બારો રે...૨૫
તે છે સમૂહે સુખી રહેવાનો રે, આ છે ધામમાં સુખી થવાનો રે,
માટે ધાર્યું આ વારે સંત પ્યારા રે, આની જોડ્યે ન બીજું આ વારે રે...૨૬
વેદો શાસ્ત્રો ઊભા રે એક બાજુ રે, પ્રગટ હુકમ ઊંચું તરાજું રે,
સ્વામી ગમતી જેણે જેણે કીધી રે, અક્ષર ધામની વાટ તેની સીધી રે...૨૭
ભલા ભેટ્યાં છે હરિ જેને આંહી રે, શું કામ શોક કરે તે મન માંહી રે,
ટળ્યાં અજ્ઞાન અડિંગા ફડિંગા રે, ગીંગા ભગાડ્યાં પ્રગટ ધડિંગા રે...૨૮
ડેંડા ફેંડા તે ઉડાડ્યા ભગાડ્યા રે, પ્રગટ પામીને મોજુમાં વળગાડ્યા રે,
કરિયા દરિયા સમૈયા પ્રેમભરિયા રે, સ્વામી કૃષ્ણે સુવલ્લભતા ધરિયા રે...૨૯
સ્વામી ભક્તો છે એવા બળવાળા રે, ભરે કોટિના ધામમાં ઉચાળા રે,
ધરે નાથપતિના ચરણોમાં રે, સતી સોવે અખંડ શરણોમાં રે...૩૦
મુક્તો સેવો વધારે નાથ બાથે રે, મૂર્તિ સુખો પિયો ને સનાથે રે,
મલ્યો લાવો તો કરો શાશ્વત રે, હથેવાલો ઘડી લ્યો સમ્મત રે...૩૧
પ્રગટ પામીને તેઓ થાઓ સુખાધાર રે, કરો સવીને ભવ તણો પાર રે,
કમળફૂલ ચડાવો જગપતિ રે, લિયો રસ સુગન્ધ યતિપતિ રે...૩૨
સાકર કાંકર દિયો જીભ માથે રે, પ્રભુજીની પ્રસાદિ ગ્રહો હાથે રે,
પાણી દાણી ધાણી ખાઓ ખાંતે રે, ખારેક ખજુર ચૂરણો બહુ ભાતે રે...૩૩
રહો સામે વાસે મુખવાસે રે, તમ્બોલ અમૃત પામો હુલ્લાસે રે,
આ તો પ્રાણપ્યારાની છે વાત રે, પ્યાર વિનાના સુકાનો છે ઘાત રે...૩૪
હરિ અરથે નથી જેનું કૈયું રે, તેનું સોજું ફુટ્યું જાણો હૈયું રે,
જે જે હરિ પ્રત્યે સામે ટાણે રે, હાજર રહે તો તેની મોજું માણે રે...૩૫
લોકે પરલોકે અને બ્રહ્મલોકે રે, જયાં જયાં હરિ મળ્યા તે દિવ્ય લોક રે,
નથી મળ્યા પ્રગટ હરિ જેને રે, રહ્યા અંધારા લોક અલોક તેને રે...૩૬
જુઓ પ્રગટ પ્રભુ મળ્યા જહાં રે, ત્યાં છે ઉજાળા બીજે અંધ ગૃહા રે,
માટે ઉજાળા કરો આતમાનાં રે, તજો અંધારા માયાનાં તમન્ના રે...૩૭

મારું તારું તો પ્રભુમાં ધરો રે, બધું ધરી અક્ષરે વાસ કરો રે,
જે દિ તો દિ કરશો આ વાત રે, ત્યારે પ્રગટ મળશે સાક્ષાત્ રે...૩૮
વચ્ચે વલખાં નકામાં શુ મારો રે, ગુમાવો છો ધાર્યાનો આ વારો રે,
જયારે પ્રભુજી પોતે આવકારે રે, ત્યારે અભાગિયા તેનો વારે રે...૩૯
ધારી પોતાનું સાચું મોહ-મીંડુ રે, તેનો કળશે ચઢાવે નહિ ઈંડું રે,
બોડો અંબોડો તેનો તો રહેંશે રે, પ્રગટ હરિનું નામ જે ના લેશે રે...૪૦
પ્હેરી કુંચલી ઉંચલી સુમેલી રે, જેની માથે હરિની હથેળી રે,
સાડી બાડી અનાડી તો કહાવે રે, જેનો સ્પર્શ હરિનો ના થાવે રે...૪૧
પોરણ બોરણ તેના છે વેરાણ રે, જેનો ના અડ્યા હરિ ધીરાણ રે,
વાંસો ફાંસો છે ગલપટ્ટો કટ્ટો રે, હરિ શરણે ગયો ના કાન ફટ્ટો રે...૪૨
ખંભો ખાંભો છે તેનો તે કઢંગો રે, પ્રભુહાથ બાથમાં નહિ દંગો રે,
છાતી કચરાની ખાતી છે દેની રે, મળ્યા હરિનો હૈયે નહિ તેની રે...૪૩
ઉદર ઉંદરવાડું નાભિ ધાડું રે, પ્રભુ ઉદર જેનો ના સાંપડ્યું રે,
કટિ જટી છે બાવળોની કાંટી રે, જેને હરિની મૂરતિ ના આંટી રે...૪૪
સાથળ કથળેલા તેના છે ધાણાં રે, પ્રગટ માટે ના જેઓ રચાણાં રે,
પિંડી ખંડી છે નળધરી ખાણી રે, પ્રગટ માટે જે નહિ પીછાણી રે...૪૫
પગાં ભગાં છે ભૂંડણાં કેરા રે, જે ના પ્રભુ માટે થયા લ્હેરાં રે,
શરીર મડદું છે ફડદું પોતાનું રે, હરિ માટે જે નહિ થયું તાનું રે...૪૬
મોઢું કોઢ્યું છે ગર્દભ કેરી રે, જેનો મળી ના હરિની લ્હેરી રે,
હાથ હથેળી કાંટાળો શિળો રે, નથી જેનો પ્રભુનો હાથ મેળો રે...૪૭
તેની બીજી શું વાતો વખાણું રે, પ્રભુ પ્રાપ્તિ વિના છે બોખાણું રે,
ટાણે ભગત ભાવથી ભજે છે રે, બ્રહ્મમહોલના સુખો ભોગવે છે...૪૮
ફર્યા ધર્યા જે ટાણે પ્રભુમાં રે, તો તે મોક્ષના દ્વાર બ્રહ્મભુમાં રે,
દીધાં લીધાં સંચર્યા જે કેદી રે, તે તાો વસી રહ્યા છે હરિવેદી રે...૪૯
આ છે હરિને બળે મોટી વાત રે, ધારો વિચારો જાઓ શરણ કાંત રે,
શરણાગતિનો સીમાડો નથી રે, પ્રભુ પોતે કહે છે હેતથી રે...૫૦
નાત જાત ના ગણી મહારાજે રે, ચંડાળ પાપી ઘાતિ હિંસક કાજે રે,
આજે સોંઘા થયા છે નિજ-ઈચ્છા રે, આવે તેને વચ્ચે નથી પ્રીછા રે...૫૧
કેદી સીદીને સિંધિયા મિયાં રે, શરણે આવે તો મેલે ધામ જીયાં રે,
દાસી પારશી પોપ ને આલવારા રે, શરણે પડ્યા તે ગયા માયા બારા રે...૫૨

કાળા ગોરા ને પિંગળા જાતે રે, આવ્યા શરણે તે ગયા ધામ ગાતે રે,
રાશી અમરી વિલાયતી ચિની રે, આવ્યા શરણે તે પામ્યા કૃપા ભીની રે...૫૩
બર્મી વર્મી અધર્મી અનાડી રે, મોટા દરિયાની મચ્છીમારી ખાડી રે,
ટાપુ ડાકુ ને ધાડુ ધીંગાણાં રે, શરણે પડ્યા તો ધામ પરમાણાં રે...૫૪
રીંગા ધીંગા ધડિંગા ખડિંગા રે, શરણે પડ્યાના ધામમાં અડિંગા રે,
જોષી શોષી ને ઘાતકી કંટાળા રે, પડ્યા પગમાં તે મુક્તિમાં વીંટાળા રે...૫૫
ચોરો ડફેરો બારવટાં ખેલી રે, જે કોઈ આડે ઘાલે ઘર મેલી રે,
તેઓ કલ્યાણ કાજે શરણ ધાયા રે, સર્વે ધામના અધિકાર પાયા રે...૫૬
સીદાં દાઢાં તો ટકા મૂંડમૂંડા રે, જટા જોગણી નાગા કરણઘંટા રે,
બાંધે ટોકરા અઘોર અડબંગા રે, થયા શરણે તો ગયા બ્રહ્મદંગા રે...૫૭
ગણીકડીને તારકડી ભાંડા રે, ભવાઈ બહુરૂપ નપુંસક રાંડા રે,
શરણે આવ્યા તો ફાવ્યા આ વારે રે, પ્રગટ પાપીને પહેલા ઉદ્ધારે રે...૫૮
આ તો અનેરી વરતાવી રીતિ રે, જેમાં જમને બહુ લાગી ભીતિ રે,
પ્રીતિ કરીને ગયા બ્રહ્મલોકે રે, કહે જયન્તી દિવ્ય આંખ્યે લોકે રે...૫૯

ઈતિ શ્રી પ્રગટ શ્રીહરિએ તમામને ઉદ્ધર્યા એ નામે નવમં પીયૂષમ્ ...૯

❖❖❖❖❖

(પીયૂષ - ૧૦ : સંત પ્રગટ બળ કથન નામે દશમં પીયૂષ)

દોહા

ધન્ય તે યોગમાં આવિયા, બસ મોટર રીક્સા બલૂન,
ગાડી ડબા રેલ રેંકડી, ઘોડા ગાડી ને રાજ-સલૂન...૧
રથ વેલડી જળહોડકી, મહાબોટ મહાસેતુ કોટ,
જહાં જેમાં પ્રભુ સંચર્યા, તેહ થયા અક્ષર બ્રહ્મ જોટ...૨
ગિરિ અરણ્ય સરોવરો, નદ નદી સડક રાજપન્થ,
જહાં પ્રભુજી પધારિયા, તેહ થયા છે મોક્ષના પન્થ...૩
રણ વેરાણ વિકટી સ્થળી, ભૂત પલિત ભૈરવની સ્થળી,
કરી પાવન તે બધી પ્રભુએ, નિજના ધામ સમી ઉજળી...૪

ચોપાઈ

કુબા સુબા ને વાંસોના ખલંગા રે, ખડ ખપાટ બરુ ગરીબ-દંગા રે,
જંગલ ગોપા ને ગોવાળોના ઘોપા રે, રોપા ભારાડીઓના ખીણ ખોપા રે...૫
મીનાર તૂપ ખડક શ્રૃંગ ધારુ રે, પારે ઉતરવાનું જયાં જયાં બારું રે,
સંગમ જંગમ પ્રભુજી વિચરિયા રે, કર્યા પાવન વેળા વારિ દરિયા રે...૬
ભૂમિ નકામી કરી છે સકામી રે, મોક્ષકામના વાળા ને બહુદામી રે,
હરિસ્પર્શી ભૂમિમાં જે જાશે રે, તેનાં અંતર તાહાં શુદ્ધ થાશે રે...૭
પ્રભુ સાંભરે વાંભરે જો નામ રે, ધામે જાશે તો થઈ પૂરણ કામ રે,
સિયા સુફી ને લિંગી લાલ છેડા રે, પ્રભુ પામીને થાશે બ્રહ્મા તેડા રે...૮
જહાં ચરણ પ્રભુજીનાં સ્પર્શ્યા રે, વાટે ઘાટે ફલાટે જયાં વસ્યાં રે,
ઘસ્યા બીડ વીડીનો જે શેઢે રે, કાંટ્યું કોતરો થયા અક્ષર વેઢે રે...૯
પવન હરિના જેહ દિશે ગયા રે, તે તે ભૂતો પાવન કારી થયા રે,
નદી નાળે પ્રભુના પગ વારી રે, પીયે થાયે ધામના અધિકારી રે...૧૦
આ તો બહુધા ગતિ થાય સારી રે, એવી પંક્તિઓ પ્રભુએ ધારી રે,
જયાં જયાં સાધુતાએ પ્રભુ જાય રે, રાજાધિરાજ પણે જયાં પૂજાય રે...૧૧
સગાસમ્બન્ધી રૂપે પ્રભુ પામે રે, સર્વે જાયે પ્રભુજીનો ધામે રે,
સૃષ્ટિ આખીની લેવાનો સંભાળ રે, આજે વર્તે છે વિશ્વમાં દયાળ રે...૧૨
જહાં જહાં હરિના પગ સ્પર્શે રે, રજૂ ધુલી તે જન મોક્ષ કરશે રે,
હરિવર્ષ દ્વાદશ જન્મભૂમિ રે, પંચવર્ષ જયંત જીર્ણ સામી રે...૧૩
અષ્ટાદશથી સાડત્રીશ સુધી રે, કાશી છપૈયા યાત્રા ભારત કીધી રે,
વિદ્યાભ્યાસ અંગે રહ્યા તાહાં રે, વચ્ચે આવે પારાયણે જહાં રે...૧૪
વર્ષો સાડત્રીશો પ્રભુ આવ્યા રે, દેશે સોરઠ હાલારે ફાવ્યા રે,
અઢાર વર્ષો તો પંચાવન પૂરાં રે, રહ્યા જામનગર સ્વામી શુરા રે...૧૫
જામનગ્રે સુમન્દિર સુધાર્યું રે, રાજકોટે બો વર્ષે વધાર્યું રે,
લક્ષ્મીનારાયણાદિ પધરાવ્યા રે, જુનાગઢે પધારી તાન તાવ્યાં રે...૧૬
દેશે સોરઠે આરંભી બાર વર્ષો રે, ફર્યા દેશોમાં તે તે ક્રમે હર્ષો રે,
પછી જાર્ણગઢે સ્વામી ઠરિયા રે, સડસઠ વર્ષેથી ચમત્કાર ધરિયા રે...૧૭
વચ્ચે તીર્થે વનસ્થળી આદિ રે, મૂર્તિ પ્રતિષ્ઠા કરી છે અનાદિ રે,
જીર્ણદુર્ગે મંડપ મહાન રચિયો રે, ભારત પ્રજાના હૃદેમાંહી જંચિયો રે...૧૮

વસે સ્થિર રીતે નાથ તહાં રે, દિયે દર્શન દિવ્યતાએ જહાં રે,
દેશે વિદેશ જન રાજી થાવે રે, પામી હરિ પ્રસાદિ નો લાવે રે...૧૯
તોંતેર વર્ષોમાં બિરાજે છે વ્હાલો રે, સહુને કહે છે અક્ષરધામ ચાલો રે,
કર્યા કામો સાહિત્યોનાં પૂર્યાં રે, મંદિર શરણાગતિના તેજ ભર્યાં રે...૨૦
રીતિ જ્ઞાનની વિસ્તારી છે વ્હાલે રે, વિશ્વંભરે જે વિશ્વભર ચાલે રે,
સોરઠ દેશનો પ્રથમથી મારો રે, જહાં સેવકો વસે છે હજારો રે...૨૧
તેના વંશોના સુખ માટે મારે રે, આવી વસવું પડ્યું આણી વારે રે,
જૂનાગઢ નો ગઢપુર વચ્ચે રે, ભૂમિ શુરા સેવકોની જંચે રે...૨૨
તહાં જરૂર રહેવું જોઈએ મારે રે, બન્ને વચ્ચે તીરથ પ્રગટ તારે રે,
સર્વે જીવોને મધ્યમાં સમ ભાગે રે, લોમશ તીર્થ મેં સ્વીકાર્યું છે જાગ્યે રે...૨૩
તહાં પ્રગટી મહાગુજરાતો રે, પૂરો સૌરષ્ટ્ર ફર્યા નીરાંતે રે,
ધામધામી હું ધારું તો થાય રે, તેનો મહિમા શેષ આદિ ગાય રે...૨૪
ફરી સૌરાષ્ટ્ર ભાગ્યશાળી કીધાં રે, ચાલુ રાખવા બ્રહ્મમહોલ સીધા રે,
જયારે જયારે જરૂર પડે મને રે, આનર્તમાં પ્રગટ થાઉં તને રે...૨૫
આ છે સંતોની ગીરનારી ભૂમિ રે, શત્રુંજિતા ભદ્રાવતી સમી રે,
સિંહારણ્યને સુદામાની પુરી રે, મધ્યે ઉત્તમ ગાંદળી બ્રહ્મપુરી રે...૨૬
જહાં પ્રત્યક્ષ પ્રગટ વિચરુ છું રે, ચારે ખાણ્યોની મુક્તિ કરું છું રે,
સૌરાષ્ટ્રમાં આવું ત્યારે નાખું રે, મૂઠી ભરીને તલ-મુક્તો પાંખુ રે...૨૭
તેઓ મારી આરાધના કરશે રે, અનેક જીવોને યોગ મારો દેશ રે,
સર્વે ઉતરશે તો ભવ પાર રે, કૃષ્ણ ભૂમિ આ મણિથી થઈ ત્યાર રે...૨૮
જેમાં અરુણાચળ ઉર્જાચલ રે, મંદ્રાચળ ત્રણે મળ્યા સ્થળ રે,
તેહ પર્વત ગિરનાર દિસે રે, જેમાં ભગવાનો આવી આવી વસે રે...૨૯
સિધ્ધેશ્વર ભવેશ્વર શંભુ રે, હાટકેશ્વર ઈન્દ્રેશ્વર પ્રભુ રે,
વસે જહાં સ્વયંભુ બ્રહ્માજી રે, દામોદર ત્રિકમ વસ્યા રાજી રે...૩૦
વસ્યા દેવો યોગિનીઓ યોગી રે, ભોગી જીવો ત્યાં વસે થઈ જોગી રે,
લાખો કાર્તિકે માઘે તો નીરાંતે રે, લીલી પ્રદક્ષિણા નો શિવરાતે રે...૩૧
આવે જાવે જે પ્રભુનો દર્શને રે, ધામે મોકલે રાજી હરિ તેને રે,
આવી ગમ વિનાનાં તમ રે, ટાળ્યાં ના ટળે મેળાનો જનાત રે...૩૨
પ્રભુ પધાર્યા જયારથી ભૂમિએ રે, ભાગ્યો ઉઘડ્યાં ભારતી જમિએ રે,
સ્વર્ગી રાજાધિરાજ પ્રજા થઈ રે, કમી કોઈ સિદ્ધિની નવ રઈ રે...૩૩

તેને સમજીને ભજે પ્રગટ સ્વામી રે, તેઓ વતની થાય અક્ષરધામી રે,
સમય પ્રમાણે કલિકાળે સન્ત રે, પ્રગટ બળે મંત્રા બળે તર્ત રે...૩૪
વાતે કથાએ નામનો સમ્બન્ધે રે, શરણે પામ્યા તો થાયે નિર્બન્ધે રે,
પોતે સંત વંશમાં વસે છે રે, તેજ વંશ હરિનો દીસે છે રે...૩૫
ખોળે બેઠા તે નિજ મહિમાને રે, જાણે પ્રગટ બળને નીજમાં રે,
તેથી પ્રગટ પેઠે નિજ દીઠે રે, જીવો જાયે બ્રહ્મમહોલ પીઠે રે...૩૬
ધર્મ પાળે પ્રગટ બળ રાખે રે, પ્રગટ ચિન્હ અંબર રુડું રાખે રે,
પતિ પત્ની તો મુક્ત પાવન રે, પ્રગટ પ્રતાપે ધામનું જીવન રે...૩૭
બીજા પ્રગટ મંત્રા નો પામે રે, એવા સંતો મોક્ષમાં મોકલાવે રે,
આજ્ઞા અમારી ભાગવત ધર્મ રે, એ તો સમજો પ્રગટનો મર્મ રે...૩૮
મટે ઝંખના નારી ધન તણી રે, એવા સંતો છે આજ શિરોમણિ રે,
પાળે વ્રત મર્યાદાઓ રઈને રે, પ્રગટ જ્ઞાન મહિમાદિ કઈને રે...૩૯
એ છે સંત પ્રગટ ભગવંત રે, મારે માટે મનાણાં પરતંત્રા રે,
પરમ ધામના બેલી છે તેઓ રે, જ્યાં જ્યાં હોય ત્યાં લાવો તેનો લેવો રે...૪૦
એને સેવતાં મારી સેવા થાય રે, નૈષ્ટિક મળે એ મોટો ઉપાય રે,
આવું સમઝે બાઈ ભાઈ મન્ન રે, તેના વાસા સો બ્રહ્મ સદન્ન રે...૪૧
મારી સન્તાની સેવા છે એક રે, જમો જમાડો રમાડો વિશેક રે,
રાજી કરો આવિકરાળ કાળે રે, કીર્તના નૈવેદ્ય પરિચર્યા ભાળે રે...૪૨
સર્વે કામો થયાં સિદ્ધ તેનાં રે, મારે પ્રતાપે ધામ સુખ એનાં રે,
એવી વધારો સાધુસંત ભક્તિ રે, પરમ ભાગવતી રીતો મુક્તિ રે...૪૩
કરો ઉત્સાવ સમૈયા સુંદર રે, જમો જમાડો પૂજો ભાવ ભર રે,
સેવો લાવો લેવો તેનો મનો રે, રાજી સંત તો પ્રગટ ભજનો રે...૪૪
દેહ રીતિની ભીતિ નથી શરણે રે, મને ધારીને ધર્મ ભક્તિ કરણે રે,
એવું પ્રગટ પ્રભુએ બળ આપ્યું રે, કહે જયન્તી બળ આ અમાપ્યું રે...૪૫

ઈતિ શ્રી સંત પ્રગટ બળ કથન નામે દશમં પીયૂષમ્ ...૧૦



(પીયૂષ - ૧૧ : સ્વામીની ધન્યતા એ ધન્યતારૂપ પ્રદર્શન નામે એકાદશં પીયૂષ)

દોહા

હરિના ચરણોં દાબતાં, નિજ ઉપદેશો કૃપા વળે,
મળ્યા જે જે તે આ કહ્યા, નથી કરી કલ્પના મતિ વડે...૧
શરણાગતિના સંતમાં, નિજ સમ કલપના નહિ ધરો,
શિર ધરો તેના ચરણાં, હરિધારી તેનો આશ્રય કરો...૨
લિયો મંત્ર કંઠી જળ વડે, ગ્રહો અંબર હરિના રંગનું,
તેજ આવશે તો ક્ષણે બધું, હરિના અંગો અંગનું...૩
વધશે પ્રભુની ઉપાસના, વળી યુગ થશે નવ રંગિલો,
પરમ વૈષ્ણવી ભૂમિ આ, અતિ દીપશે પ્રતિજન સમ્મિલો...૪

ચોપાઈ

સંત અંગો અંગે મારા અંગ રે, મારી મૂરતિ વસે ત્યાં અભંગ રે,
શરણાગતિના સાક્ષાત્ દાતા રે, પ્રગટ હરિનો બળે સુખ પાતા રે...૫
સમાનરૂપે ધન સામે રે, દેહે ભાનો સ્વભાવે એક ભામે રે,
એનો રાજી કરે તો ધામ વાસી રે, થાશે મારા બધાં આનંદ રાશી રે...૬
કરે જીવ જીવોનું હિત સારું રે, પણ આ લોકનું તો અધવારું રે,
સંત હિત કરે માયા પારું રે, તેથી જીવો પામે છે બ્રહ્મબારું રે...૭
પરબ્રહ્મ હું પ્રગટ આપણો રે, તહાં એકે નથી ખોટો દાણોં રે,
વાણોં ગુંથાણો મારામાં શ્રીનો રે, સંતો દ્વારા તે મારી મુક્તિનો રે...૮
શરણાગતિ છે મુક્તિમાં ગતિ રે, બીજા જેવી એ નથી ભમ્મતિ રે,
મને પામ્યાં તે મારાં સુખ લેવા રે, સેવી જમો આનંદ મીઠાં મેવા રે...૯
કલ્યાણ અસંખ્ય ઘડ્યાં ઋષિ રાજ રે, શરણ આ તો મુકુટ કલ્કિ રાજે રે,
સ્વામી સતીપતિ પ્રગટ મળ્યા રે, તેના બધા તો પુરુષાર્થ ફળ્યા રે...૧૦
સર્વે ભાવના ધામ તણી લીલા રે, પ્રગટ મારી જે નરનારી ઝીલ્યા રે,
નથી ખામી ત્યાં સેવા સેવક તણી રે, તમો ધારો તે પામો તહાં ઘણી રે...૧૧
પ્રગટ સેવીનો બ્રહ્મસુખ લિયો રે, સંતો સેવી અભયદાન લિયો રે,
આવું કલ્યાણ સ્વામી સુખ ભારી રે, સંત પ્રતાપે લિયો પ્રગટ ધારી રે...૧૨

વારમવારે મહિમા ગાઓ આવો રે, પ્રગટ પ્રમાણી રીઝશે બહુ માવો રે,
બ્રહ્મ મહોલે હરિપદ પાઓ રે, બીજા જીવોને તહાં લઈ જાઓ રે...૧૩
સૂરજ ઊગે ને અંધારાં ભાગે રે, પ્રગટ ઉદયે માયા તમ ભાગે રે,
સર્ગ અધર્મનો જે જે કહાવે રે, પ્રગટ મૂરતિ બળે આડો નાવે રે...૧૪
ગૃહી ત્યાગીના યુગની રીતિ રે, ધર્મો યુગના શ્વેતાયન સ્મૃતિ રે,
કહ્યા પાળે પળાવે આ વારેરે, તે તો આપત્તિ દુઃખને નિવારે રે...૧૫
સ્વામી કૃષ્ણનારાયણ નામે રે, જાવે ડંકો દઈને બ્રહ્મ ધામે રે,
મારાં નામ છે અપાર નિર્ધાર્યાં રે, શાસ્ત્રે વેદે પુરાણે ઉચ્ચાર્યા રે...૧૬
પ્રભુ ભક્તોને નિજ હાથ ધરી રે, કલમ લખે પ્રસન્નતા ભરી રે,
પત્રો અસંખ્ય જીવનના તે તો રે, વાંચે રાખે પૂજે સ્વરૂપ છે તો રે...૧૭
ધન્ય ધન્ય છે નાથને આ ટાણે રે, ધન્ય સંતોને તેને પરમાણે રે,
ધન્ય ભક્તો પ્રગટને જે ભજે રે, ધન્ય સતીઓને સેવા સાજે રે...૧૮
ધન્ય શરણાગતિના પિતા રે, ધન્ય અક્ષરપતિ પરમિતા રે,
ધન્ય આપનો ભાગવત ધર્મ રે, ધન્ય જે જાણે તેને એનો મર્મ રે...૧૯
ધન્ય ધરણિએ ધામધામી રે, આવી વસ્યા છે જે અંતરજામી રે,
જય જડચેતનના શરીરી રે, ધન્ય બ્રહ્મના પરમેશ્વરી રે...૨૦
ધન્ય ધન્ય દીનોના દયાળ રે, ધન્ય ગરીબોના બેલી લાલ રે,
ધન્ય મોક્ષ મારગ ચાલુ રાખો રે, ધન્ય માયા બંધન ટાળી દયાળ રે...૨૧
ધન્ય અજવાળાં ઉરે આપો રે, ધન્ય મૂર્તિ હૃદયમાં સ્થાપો રે,
ધન્ય ધન્ય નાના મોટા ધણી રે, તમો ધરણિ પોતાની ગણી રહે...૨૨
જય જય પરબ્રહ્મ આપ રે, જય પામો છો બ્રહ્મ અમાપ રે,
જય ધામોના ધામી અન્તર્જામી રે, જય ઈશ્વર માયા કાળ સ્વામી રે...૨૩
જય પામો વાસુદેવો તાણે રે, અવતારોના અવતારી પણે રે,
જય જય જગના જીવન રે, જય પામો સર્વેના અવન રે...૨૪
જય માતા પિતા ગુરુ ગરવા રે, આવ્યા શરણાગતોના મન ભરવા રે,
જય કૃષ્ણશ્રીનારાયણ નાથ રે, જય પામો કરો છો સનાથ રે...૨૫
જય સ્પર્શ દર્શન દાન દાતા રે, ધન્ય સેવાથી સર્વે અર્પતા રે,
ધન્ય ધન્ય સેવ્યા મુનિ દેવે રે, સ્વર્ગ દેવોએ સેવ્યા નિજ ખેવે રે...૨૬
ધન્ય સ્વર્ગ મૃત્યુ ને પાતાળ રે, સેવા ભાગી થયા જે જે કાળે રે,
સર્વે ધન્ય ને જયના ભાગી રે, પ્રગટ કૃપાએ ધામના સંભાગી રે...૨૭

ધન્ય નાથે સ્વનયનો જોયા રે, નાથ મૂર્તિમાં વળી દેખી મોયા રે,
ધોયા માયાના પડલનો તેણે રે, કૃષ્ણનારાયણનો બોલ્યા વેણે રે...૨૮
દેખ્યા ચાખ્યા પ્રભુના પ્રસાદ રે, તેના જન્મના મટિયા વિષાદ રે,
દીધા આનંદના ભર્યા દરિયા રે, પોતા પાંસો ન ખૂટે તેવા ભરિયા રે...૨૯
અમૃત પાયાં છે અતિશે ઉલ્લાસ રે, કૃપા વડે આનંદ સુખ શ્વાસે રે,
હળી મળીને હેતે હૈર્યા શ્રિત રે, લીધી વધાવી તેઓની બહુ પ્રીત રે...૩૦
આડે અંતર માયાનું નવ રાખ્યું રે, મારે શરણે તરો એમ ભાખ્યું રે,
નારી નરો તર્યા બેહદ સ્હેલે રે, કરવી ન પડી તપસા તબોલે રે...૩૧
પૂરણબ્રહ્મે ઉજાળા અંતરાળે રે, દીધાં રીઝવી સોવી મરમાળે રે,
બ્રહ્મપ્રકાશ પરબારો દીધો રે, માયા મેલ જીવેથી તાણી લીધો રે...૩૨
અહો આપ ચેતનજડ સ્વામી રે, આ અવતારે ન રહેવા દીધી ખામી રે,
તમો પૂરણપરમેશ નામી રે, છો તો અવતારી ધામોના ધામી રે...૩૩
નાના રૂપે સ્વરૂપે ભેટો છો રે, જન્મમરણ ખાતાં સમેટો છો રે,
આપો અગણિત હેતનો આનંદ રે, સ્વામી ઐશ્વર્ય વાપરી સ્વછંદ રે...૩૪
પ્રીતો પ્રભુની એકતા જાણે રે, ભક્ત ત્યારે આનંદ રસ માણે રે,
નથી સહેલું વસાવું સાથે રે, તોવું બિરુદ રાખ્યું પ્રભુ માથે રે...૩૫
અન્ન લુણ વિનાનું નહિ સાચું રે, પ્રભુ પ્રેમ વિનાનું બધું કાચું રે,
ધન્ય ભાગ્ય છે જય છે તેના રે, પ્રીતો સેવ્યા કૃષ્ણ જેનો એના રે...૩૬
મીન ચાતક સતી નો મયૂર રે, ભ્રમર દર્દુર ઈષ્ટમાં મશહૂર રે,
અગ્નિ પામીને ઘૃત જાય ગળી રે, પ્રગટ મળ્યેથી ભક્ત જાય ભળી રે...૩૭
સર્વે ક્રિયામાં કાન હરિ આગે રે, હેતે હરિ શું આવરણો ભાગે રે,
લાજ સાજ સમાજ પરહરિ રે, ભક્ત ભેટે હરિનો બાથ ભરી રે...૩૮
ચોખો આત્મા થવા યોગ સાધે રે, કરે તપ સુકાવે દેહ બાંધે રે,
રાખે ત્યાગ પહાડે વાસ રચે રે, જપે અસંખ્ય જાપો મન ઊંચે રે...૩૯
સંયમ નિયમ શીલ કૃચ્છ સાધે રે, માયા દુર્ગુણ તજે શુદ્ધિ લાધે રે,
દેહી વિદેહી થઈ ન્યારા વર્તે રે, વચન પાળે મસ્તક મેલે ગર્તે રે...૪૦
વિચાર ચર્ચામાં જાયે જીવના રે, ઈચ્છા રુન્ધવા કરે છે જતના રે,
મેલી રાજયરિદ્ધિ લ્યે સંન્યાસ રે, બધું તાજીનો ગ્રહે વનવાસ રે...૪૧
આ છે સાધન મોંઘા ધન જેવાં રે, કોઈખ તાકે લુંટાઈ જાય તેવાં રે,
પ્રીતિ જગત તણી દેહે જાગે રે, તેથી સંયમો કોરે મોરે ભાગે રે...૪૨

પડે પ્રાવતીયો પરતંત્રા રે, મચે માવદીયાનું ખળતંત્રા રે,
આવો ભય ના થાય એવું એક રે, પ્રીતિ શ્રીકૃષ્ણ મૂરતિમાં છેક રે...૪૩
દેહે ઇન્દ્રિયે મને ચિત્તે ધરો રે, સર્વે રીતે નિર્ગુણ પ્રીતિ કરો રે,
બીજાં બધાં સાધન શુદ્ધિમાંના રે, હેતે પ્રેમે જે શુદ્ધિ તેની નાના રે...૪૪
સ્નેહે ચેતન જડ નદી નાળાં રે, કૃષ્ણે હરિરૂપે તો સ્થિર તાળાં રે,
જાગ્રત સ્વપ્નમાં ફફડાટ ભારી રે, સ્નેહે પ્રભુમાં ઝબકે નરનારી રે...૪૫
હેતે હરિમાં રસબસ રસિયા રે, થયા ના રહ્યા બીજે પરવસિયા રે,
પ્રીતિ પ્રભુજી દેખાડે સ્વામી રે, રમે રમાડે રાખે નહિ ખામી રે...૪૬
આ તો અલૌકિક સ્નેહ ધારો રે, કૃષ્ણ ભવનો કરજો ઉતારો રે,
ક્ષણે વિયોગ વ્હાલો તો રડાવે રે, સ્પર્શ વિનાની ક્ષણે તફડાવે રે...૪૭
ખાણાં પીણાં માયાના જાય ભાગી રે, નારાયણમાં પ્રીતિ ગંગા લાગી રે,
નવા પતિને વધૂટી નિહાળે રે, સર્વે વસ્તુમાં સ્નેહે તેને ભાળે રે...૪૮
બધો સ્વારથ પતિમાં છે તેથી રે, એવો કર્યા હરિમાં તેહ સ્થિતિ રે,
વેલી બેલીમાં વિંટાણી ફરતી રે, વૃત્તિ વ્હાલામાં વિંટાણી પાર કરતી રે...૪૯
તેનું વ્હાલો છે ઠરવાનું ઠામ રે, ભજે તો ગામ નામ ઠામ ધામ રે,
સર્વે કામના વ્હાલામાં વસાવી રે, વિલય થયો વ્હાલામાં ખૂબ ફાવી રે...૫૦
અમૃત રસમાં ભેટે છે ભૂધર રે, તન્મય વળગીને થાવું ત્યાં અમર રે,
જીવન પોષાણું હરિનો આનંદ રે, તો બીજાને ના રહેવા દેવે ફંદે રે...૫૧
અભાવ સ્નેહીના સુખના ન થાવે રે, વ્હાલા પ્રીતિમાં રસો વરસાવે રે,
આવા ટાણે જીવન જાય આઘા રે, ત્યારે રસિક વાંસે થાય ઘાંઘા રે...૫૨
પિયા થયા જે એકાન્તો કાન્ત રે, તજે ભક્તાનો નહિ કોઈ ખાંત રે,
રાખે પ્રીતિમાં પરવેશ તેનો રે, તો તે થાયે છે પરવશ એનો રે...૫૩
ભૂલી જવાય વ્હાલો રાત જાણો રે, ભૂલાય નહિ તે દિવસ પ્રમાણો રે,
વ્હાલો આનંદ આપે તે એકાંત રે, છાનાં વરતે છે ત્યારે ભલી ભાંત રે...૫૪
છપરા વરતે છે ત્યારે પંચાત રે, વાટું પ્રીતની જોવાની રહે વાત રે,
ધામે ધામે કૃષ્ણને વળગ્યા છે રે, મુક્તો હેતે આનંદે બધી જગ્યા રે...૫૫
એવા ધામમાં આપણે જાશું રે, આંહી સુખ માણી ત્યાં પણ લેશું રે,
જોશું વ્હાલાના બંગલા રંભા રે, ત્યારે મળશું પુરા ખંભે ખંભા રે...૫૬
ખરું હેત હરિમાં છડેચોકે રે, ખાબકશું શ્રીહરિમાં શુભ મોકે રે,
લાડ લડે લડાવે ભાન ભૂલે રે, કૃષ્ણમૂર્તિનો પકડીનો ઝુલે રે...૫૭

આતમપંખીને પતિમાં ઉડાડો રે, ઝંખી રહો તે માળે રાત દહાડો રે,
સ્વામી પધારે તહાં ભેળા ધાવો રે, પૂરા બ્રહ્માનંદમાં ધામે ફાવો રે...૫૮
ફેરા ફરીને થાશે કૃષ્ણકાન્તા રે, તેની પ્રગટ પ્રભુને છે ચિન્તા રે,
પરાં મેલશે નહિ પ્રાણપતિ રે, તેણે પ્રવર્તાવી છે એહ રીતિ રે...૫૯
બધાં આ અવતારે પૂરાં થયાં રે, સર્વે કલ્પતરુઓ ફળી ગયા રે,
મારા આનંદ ચિન્તામણિ પ્યારા રે, કહે જયન્તી તે આ પ્રગટ ધાર્યા રે...૬૦

ઈતિ શ્રી સ્વામીની ધન્યતા એ ધન્યતારૂપ પ્રદર્શન નામે એકાદશં પીયૂષમ્...૧૧

❖❖❖❖❖

(પીયૂષ - ૧૨ : શરણાગતિ ભક્તોના અવિયોગ નામે દ્વાદશં પીયૂષ)

દોહા

લાવે ખબર મહારાજની, દેશી દેશે જઈને પરદેશમાં,
પ્રગટ કૃષ્ણની વારતા, જાણી ભક્તો તાયે નિરદેશમાં ...૧
શ્રીહરિએ શું કરાવીયું, તેના વચનો સાંભળી પ્રીતમાં,
શરણાગતિઓ સુખ લેવે, વારી જાય છે વ્હાલાની રીતમાં ...૨
સાથે આવે પ્રસાદી રંગરેલની,
ભલી ભાંતેથી ભક્તસુ મોકલી કણી કણી દલ જામે સહુ,
પ્રાણપતિની હેત રીતને કળી ...૩
આવે પત્રો સહ ફૂલ દળ, સ્થળ કમળ પાંખડી રંગભરી,
હરિની પ્રીતિ ચળકે ઝળકે, કહેશે સંદેશ બહુ હેત કરી ...૪

ચોપાઈ

આવી ઉમંગ રંગી પાંખડી રે, કહેવા તત્પર થાય તેહ ઘડી રે,
ભક્તો મુખે હેતે તેને ચુમ્બો રે, સજીવનની રીતે તો ઝુમ્બો રે ...૫
ખાવે પ્રસાદિ હરિની મૂરતિ રે, ગુલાબ દળમાં બેઠી કરી રતિ રે,
આવાં ભાગ્યો રમા શ્રીનાં ન્હોતાં રે, ભાગ્યો શરણાગતિના આ જોતાં રે ...૬

કેવા સમુદ્રપારે ભગવાન રે, રાખે સંભાળ કરે ધનવાન રે,
સાચું ધન તો તમો છો નાથ રે, અમને તાર્યાં છે ભરી નિજ બાથ રે...૭
હવે રંકોને રાજ આપી દીધાં રે, આપે સુખ દઈને સુખી કીધાં રે,
અવળાઈ અમારી તમે ન ગણકારી રે, કૃપા વરસાવી તોયે અતિ ભારી રે...૮
હવે વખાણ્યા તમોને તો બહુ રે, કવખાણીને પેટ ભર્યા સહુ રે,
આ તો લોઢાનાં સોનાં બનાવ્યાં રે, કાળા કાંકરા મણિમાં ખપાવ્યાં રે...૯
કાંટા થોરને બાળી પાપ ઘોર રે, કૃપા કીધી છે ગોપાળ કિશોર રે,
કાદવ કચરા પગે પડ્યા બંદા રે, કાપ્યાં કર્મ ને છોડાવ્યા છે ફંદા રે...૧૦
આવે જાવે જે પ્રભુજીના પ્યારા રે, લાવે દેવે સંદેશા અણધાર્યા રે,
નીરાંત થાએ ને ટળે વલેપાતો રે, પ્રગટ કૃપાળુજીની છે એ વાતો રે...૧૧
પ્રેમે હેતેથી પરસ્પર દાસો રે, મળે પ્રભુનો રાખી ભાગ ખાસો રે,
કરે ધૂન્ય ભોજન મહોત્સવ રે, દેખે સામરે પૂજે હરિધવ રે...૧૨
વારે વારે પ્રભુનો બોલાવે રે, કાગળ પત્રો ગુરુભાયો આવે રે,
શુક્રે ત્હેવારે જહાં મળે રજા રે, ત્યાં લેવે પ્રભુજીની મજા રે...૧૩
ઉદ્ધવજીની વધારે સુખ પામે રે, ભેગા સર્વે પ્રકારે જેમ ધામે રે,
આજે રેલાવી અમૃતોની નદિયું રે, સર્વે ભક્તોમાં બધે પ્રેમ હૃદિયું રે...૧૪
વ્હાલા પાસે શરણાગત આવે રે, વ્હાલો કેમ છે ઉમળકી બોલાવે રે,
ક્યાંથી કેદિ રવાના છો થિયા રે, બધા ભક્તોની કહો વાત ઈંયા રે...૧૫
પ્રગટ પ્રભુના ભક્તો બધા સુખી રે, અકેલા ત્યાં નથી ને કોઈ દુઃખી રે,
ટેપ રેકર્ડે મને સાંભળે છે રે, શું શું હેત ઉછાળા ઠાલવે છે રે...૧૬
ભક્તિ નિયમ સર્વે પાળે છે રે, બને તોટલી શુદ્ધિ સાંભાળે છે રે,
પરસ્પર મળે છે સમાચારો રે, સેવક સ્વામીના સારા વિસ્તારો રે...૧૭
ક્યારેક ભક્તો રૂવે હેતે કરી રે, આંખો ઝળહળે તે પ્રીત ધરી રે,
હૃદય છલકે છે હેત ઉમળકે રે, પ્રિય સ્વામીની વાતોને ઝળકે રે...૧૮
મહારાજ પૂછે બધાની શું સ્થિતિ રે, સાજા નરવાની ધર્મ સાથે પ્રીતિ રે,
પ્રગટ બળે રહેજો કેફ સાથે રે, વિઘ્નો ના આવે તમારે માથે રે...૧૯
સાથે નાથની મૂર્તિ સાંચવજો રે, અર્પી જળ ફળ અન્નાદિ જમજો રે,
બધું માફી છે પ્રગટ હરિચરણે રે, સદા રહ્યો છો જેથી મારે શરણે રે...૨૦
ખબર લ્યે છે તમારી કૃપા નાથે રે, તમો શરણાગતિ છો બધા સાથે રે,
ટેકો એકબીજાને દેતા રહેજયો રે, મારા રાજીપા માટે કષ્ટ સહેજયો રે...૨૧

જે જે આપ્યું તે તમોને તમારું રે, તે તો સુખદ થાય તે સંભારું રે,
ઘણાં શિષ્યો થાય છે કામસરા રે, બાંધે કાંઠીનો પછે થાય પરા રે...૨૨
જેનો ગુરુનું માહાત્મ્ય નથી રે, તેનો પ્રગટ ભાવ થાય ક્યાંથી રે,
તે તો કસ્તુરીમાંથી થયા કચરા રે, ન થાય ઠેકાણું ભલે ખરા નખરાં રે...૨૩
કૃષ્ણ છે કૃષ્ણ નથી મટવાના રે, જેનો ન ગમ્યા તે છે ભટકવાના રે,
અંતર ધ્યાને ધરો તો ગમ આવે રે, શુદ્ધે આત્મસ્વરૂપે છે જે ભાવે રે...૨૪
આ તો અનાદિ પોતે આવ્યા ભાવ્યા રે, રખડ પાટોએ મળ્યા તે ગુમાવ્યા રે,
મફત મોજું કરવાને મેલા ઘેલા રે, પોલ્યું દેખીને પેસી ગ્યા સાંબેલાં રે...૨૫
જેનો લાગે લમણે કેડે જોડે રે, તોને તોડે જીવના ઘરફોડે રે,
એવા દ્વેષિલા પ્રભુને સાંબેલે રે, દોડે મારવા ગુંડાગિરિ રેલે રે...૨૬
કઈક મરાણા માર્યા ગયા સાથે રે, જેનો કાલ કરમ છે માથે રે,
પ્રભુ જેનાં છે તેને નથી આંચ રે, પોતે ભક્તની રાખે છે તો જાંચ રે...૨૭
માટે દેશે પરદેશે પક્કા રહેજો રે, પ્રાણ સ્વામીને ધારી કષ્ટ સહેજ્યો રે,
કાંટા કુડાને વળગશો નહિ રે, જૂઠા ઠુંઠાની છાયાં લેશો નહિ રે...૨૮
દ્વેષી રાશીથી આઘા ઊંચા રહેજો રે, દંભી દગડાથી પરાપાર વ્હેજો રે.
શાસ્ત્રે કીધા પ્રભુનો વળગજો રે. તેથી મોક્ષના સુખમાં ભળજો રે...૨૯
કપિલ રામની રીતિ છે ન્યારી રે, સાધુ સન્તની રીતિ એકધારી રે,
મોક્ષ અપાતી રીતિમાં રહેજો રે, પ્રગટ પ્રાપ્તિને ભાવે ભરી સહેજો રે...૩૦
ઉત્તમ વિભૂતિ હરિમાં ઉત્તમ રે, મધ્યમ સંભૂતિ હરિમાં મધ્યમ રે,
નાની ભભૂતિ હરિમાં છે નાની રે, જેવો શરણે છે તેવી દેવાની રે...૩૧
આવા ભક્તોને ભેદે દીસે ભેદો રે, પ્રભુ મૂર્તિ છે એક આનંદ મેંદો રે,
જીવો વિશ્વમાં જુજવા જાણો રે, રાજસ તામસ ભાવના પ્રમાણો રે...૩૨
તેના વેગો છે તેવા પિંડ માંહી રે, તેથી સત્વમાં પ્રીતિ પામે નાંહિ રે,
ગીંગો ભ્રમર કાળે રંગે એક રે, તે પણ નાસાએ રાખે છે વિવેક રે...૩૩
બારી ઢુંસા ફોતરાં છીલકાં રે, કીટ ધનેંડા ગધઈનાં જીવકાં રે,
ગજ ગણેશ ગુરુ દેવતા રે, તે તો અમૃતરસનો સેવતા રે...૩૪
માટે પીયુષ પ્રભુ મળ્યા આજે રે, રખે ભૂલો ન વાસી થતો ખાજે રે,
આ છે ખોવી ખોળીને દેવી શરણા રે, અભાગિયાને તો ભૂતોના વરણા રે...૩૫
પહેરે કાચ મોંઘા રત્નો મેલી રે, તેને મળે ન બ્રહ્મસુખ એલી રે,
ધતુરાને સંગે ફરે મેધા રે, સાકર દૂધે આનંદ દેવે સુધા રે...૩૬

અર્ક આંબાનો ફળનો પારખી રે, લિયો પ્રભુ આનંદરસ લખી રે,
પ્રેમે અર્પાઓ અલબેલા અંગે રે, ભૂલા ના પડો ભમરિયે દંગે રે...૩૭
આ છે તન ધન દીધાં જેહ સ્વામી રે, પ્રગટ હરિ ધણી છે બહુનામી રે,
નામે નામે તો જશો તેને ધામે રે, સદા પડખે કાં વસો સ્વામી સામે રે...૩૮
વાટ વાલમ સંદેશાની જોઈએ રે, નાવે ત્યારે હતાશ ઘણાં થઈએ રે,
લોહી હોઠ સુકાય મોઢું પડે રે, વ્હાલા પત્રા ના કેમ આવ્યા રડે રે...૩૯
ઘાંઘા બાંધા ને થાઈ માન ભંગા રે, જયારે દેખાય ન થાય અક્ષર ગંગા રે,
માટે અમો ન જીવિએ જાણો રે, ન હોય તમારા પત્રાનો જો તાણો રે...૪૦
આ તો વિરહે વાતું સાંભળજો રે, અસંખ્ય કાને અમારામાં ભળજયો રે,
મહારાજ અનાથુનાથ શું શું કહિએ રે, કૃપા કરજો સુજીવન ગૂજરિએ રે...૪૧
તજે સ્વારથે સરવે સંસારી રે, નાથ ના કરશો લેજો ઉગારી રે,
અમારે તમ આનંદનો લોભ રે, ન મળે તો હૃદામાં રહે ક્ષોભ રે...૪૨
અમારે માટે પ્રભુ પરવડ્યા રે, દીધાં સુખ તો દાડીનાં સાંપડ્યા રે,
લોકે આપના કર્યા અપમાનો રે, વિશ્વંભરે પી લીધાં સાવધાનો રે...૪૩
મેલી અળગાને રહ્યા નિજ ઘેરે રે, જહાં ભજે ના ભજે ઝેર વેરે રે,
તોયે ભક્તોને ભવનો વસો છો રે, દીલે ભક્તોના જીવે દર્શો છો રે...૪૪
તમને અસંખ્ય રૂપો ધારી લેવાં રે, તે તો ભક્તાર્થે છે બહુ સ્હેલા રે,
માટે કરજો, અમારી સહાય રે, દેશે વિદેશે જહાં લય અવાય રે...૪૫
વ્રતો વારે વનો રજે રોખી રે, મેલ્યાં તેનો તમે તો પરોખી રે,
કીધાં કીધાં લીધાં અભય પીણાં રે, એમાં ન પોંચી કોઈની વીણા રે...૪૬
બહુત ઉગાર્યા ભવભય તાર્યા રે, વાર્યા દુઃખને બ્રહ્મમાં બેસાર્યા રે,
આ છે સેવકોની સ્તુતિ વાણી રે, ગણજો ખાસી પોતાની નિરવાણી રે...૪૭
આ તો ધામના ધણીને દાખી રે, આંહી અધીરતાએ બધી ભાખી રે,
બીજું પ્રભુજી સ્વારથેથી ન્યારું રે, જે તે કાંઈ ગાવું તે લાગે ના સારું રે...૪૮
તેથી ગાયું ગતિમાં કાન્ત ભાતે રે, લેજો સંભાળ શ્યામ દિન રાતે રે,
આંહી મેલ્યા સુઆશિષો આપી રે, તેમાં ભવની વેદનાઓ કાપી રે...૪૯
બધું તમારે માટે તો અમારું રે, સ્વામી વાપરજો પ્રેમે પ્યારું રે,
સતી દાસીના અંગો આગે રંગો રે, નાવે ભલે ખેલે બીજા જંગો રે...૫૦
સોંપ્યા આપને ઘરબાર મારા રે, આ તો જંગલે કર્યા છે ઉતારા રે,
વ્હાલા વાલપ્ય વધારે વાપરજો રે, આવી આવીને લ્હેર્યું ભારે કરજો રે...૫૧

આ તો પાર ન આવે પ્રીતિ તણો રે, બોલી બોલીને થાકિયે તે ઘણોં રે,
નેણે નીરનો હૃદયમાં ધીર રે, સંભાળ્ય લેવી તમારે પરમ વીર રે...૫૨
દયા કરીને દર્શન દેજો રે, કહેવું ઘટે અધુરું હોય કહેજો રે,
સાથે કામે કાજે ઊંધે રેજયો રે, દેહે આનંદે બધાં સુખ દેજયો રે...૫૩
શરણાગતિ સુશોભે આપ ભણી રે, એવી અમારી સદા છે માગણી રે,
ભક્તો પ્રતિ તમારી લાગણી રે, કહે જયન્તી ઇચ્છિએ બહુ ગણી રે...૫૪

ઈતિ શ્રી શરણાગતિ ભક્તોના અવિયોગ નામે દ્વાદશં પીયૂષમ્..૧૨

❖❖❖❖❖

(પીયૂષ - ૧૩ : આજ્ઞાંકિતને અલભ્ય લાભ એ નામે ત્રયોદશં પીયૂષ)

દોહા

શું કહું વાત વિવેકની, વળી વ્હાલાના બળને કારણે,
ભક્ત જનના ભાવ જોઈ તે, સર્વેને જાઉં હું વારણે...૧
પ્રભુજીએ સત્ મેલિયું, નિજ શરણાગતિના ભક્તમાં,
પ્રભુ વિના ન રહી શકે, તેને બીજો આંટે કોણ જકતમાં...૨
હરિની મૂર્તિની ગણાય જે, તેને સેવિએ પ્રભુજીની પહેર,
શરણાગતે રસબસ રહે, તેનો જાણો મૂર્તિની મ્હેર...૩
સ્વરૂપોમાં હરિ છે વશ્યા, હરિમાંહી વસ્યા છે તે ભક્ત,
ન માનો ભૌતિક દેહને, માનો હરિ છે ભક્ત સમસ્ત...૪

ચોપાઈ

હરિ હેતેથી જેનો જેનો મળ્યા રે, તેના સર્વે સંતાપો છે ટળિયા રે,
ભેટ્યું મોકલી પ્રભુજીનો કાજે રે, લીધી હેતેથી દીધી જે સમાજે રે...૫
દિવ્ય સન્ત મૂર્તિ છે સારી રે, લાગે બધાનો ગુરુરૂપો પ્યારી રે,
સ્વામી સર્વેના અમારા સ્વામી રે, સેવી લેવે તેની ભાંગે ખામી રે...૬
ભક્તો ભાવેથી કહેવરાવે વેણ રે, તેના પ્રભુજીએ માન્યા દેણ રે,
હેતે હૈયાના હાર થયા હરિ રે, પાછા મોકલે નવા વેણ ફરી રે...૭

વેણે નેણે તો મૂરતિ એક રે, કાગળ પત્રામાં આવી પડે છેક રે,
સાક્ષાતપણામાં નથી કાંઈ ખામી રે, બધા વધાવે વેણોં શિર નામી રે...૮
હેતે જે જે હરિ માટે થાયે રે, કરજો સેવાઓ માની નિજ કાયે રે,
ભક્તો ભક્તોને બદલામાં વ્હાલા રે, દેખો હરિને આપો ફૂલમાળા રે...૯
દંડવત્ ચંદન ચાંપો ચરણો રે, સેવો સાંભારી પ્રેમ ગુરુ તણો રે,
લવિંગ તજ સોપાઈ એલચી રે, કેસર અત્તર કાજુ જેમાં રૂચિ રે...૧૦
બદામ જાવંત્રી જાયફળ મેવા રે, ભક્તો મોકલે પ્રભુજીનો દેવા રે,
પ્રીતે ગ્રહે છે પૂછે બહુ પ્યારે રે, સુખી શાન્તિના સારા સમાચાર રે...૧૧
કહ્યા વતીની કરે મેમાન સેવા રે, તરત સાંભારે ખૂબ દિલ દેવા રે,
પ્રેમી ભક્તોની ધીરજ ધરી રે, વારે વારે તેમય થાય હરિ રે...૧૨
ભક્ત સારભરા રૂડી કરે રે, સન્તો સાધુઓ પાર્ષદો ઘરે રે,
જમે નીરાંતે વસે વાસ માંહી રે, ભજન ભક્તિ સેવાએ રહે ત્યાંહી રે...૧૩
પ્રેમી ભક્તોની પ્રેમ ગંગા પૂરે રે, વહે પોતે હરિ સેવક શૂરે રે,
ના હું લુખાનો વશ કદી થાઉં રે, પ્રેમે તેના હૃદામાં રહી જાઉં રે...૧૪
બીજું ના સાંભરે પ્રીતિ ભક્તિ રે, કરે જે તે સાંભારે તેમાં મતિ રે,
હું છું તેમાં અને તે મારામાં રે, એમ જ શરણે આવ્યાના વારામાં રે...૧૫
સાધન મેલો તમામ દૂર વારી રે, મારી પ્રીતિને પ્રેમે સ્નેહ ધારી રે,
શરણ વરણ નક્કી હેત વંતા રે, જાઓ ધામમાં સોવી દઈ ડંકા રે...૧૬
ભજે પ્રેમ સખી મીરાં દેવી રે, તેમાં હેતની સીમા હોઈ કેવી રે,
ભજી ગોપિયું રાસમંડળે રે, તેવો ઢાળો બીજાનો ના ઢળે રે...૧૭
એ તો વાતું છે તનમન કેરી રે, વાતું ધનની નથી ઢંઢેરી રે,
સ્નેહી ચબરખી મોટું ભારત રે, નાનું ગણાએ સ્નેહ આગે ખત રે...૧૮
સ્નેહે વ્હાલાના વચનો ઝીલાય રે, વચન પ્રમાણે સેવામાં સ્હેલાય રે,
પ્રભુ આજ્ઞામાં વૈરાજ વસ્યો છે રે, ધ્રુવ સ્થિર આજ્ઞામાં રહ્યો છે રે...૧૯
પ્રકાશ દાતાઓ નિયમે પ્રકાશે રે, પ્રભુ આજ્ઞાએ ઋતુઓ વિકાસે રે,
મેઘ સાગર ખગણો રહ્યા છે રે, કૃષ્ણ આજ્ઞાએ કામે તો કરે છે રે...૨૦
વચન માગીને પાળવું પ્યારે રે, સર્વે સિદ્ધિઓ થાય તે આધારે રે,
ધણી ધારે તો વચનો થાય રે, સુખી શરણાગતિએ સદાય રે...૨૧
સર્વાર્પણ કરો નાથ કહે રે, જગતપતિનો વેણે સાંભાળ લહે રે,
પૂછો પાળો તો જેમ કહે તેમ રે, બધું પરમેશનો છે હેમખેમ રે...૨૨

બેસો કહે તો બેસવું જાગ્યે રે, જાઓ કહે તો જાવું અનુરાગે રે,
વ્હાલે સુખી કર્યા છે આજ્ઞાએ રે, ભક્તો સુખી થયા છે તે મનાયે રે...૨૩
હરિઆજ્ઞામાં લિયો સર્વે સુખ રે, પુણ્ય વ્રત તપ છે હરિ મુખ રે,
વિમુખ વેણે જે જાશે વહીનો રે, તેનો તાડશે યમ ગ્રહીનો રે...૨૪
પાપી દરિદ્રિ દુઃખી નિન્દક થાય રે, રોગી રખડુનો બાવરો વેડફાય રે,
કરે અપરાધ વિમુખો તે ઘણાં રે, અધોગતિમાં નહિ તેનો મણાં રે...૨૫
ભક્તો ભક્તપણું ખૂબ સ્હેવું રે, કષ્ટ પ્રભુ કરે તો શીર લેવું રે,
ક્યારે ન કરો હરિથી અવળાઈ રે, વિરોધ વર્તાવ્યે સુખી ન થવાઈ રે...૨૬
ભક્તો તણાં જયાં અપમાન જાગે રે, ધરે પોતાને વ્હાલો થવા આગે રે,
સેવક હું સાચો બીજા છે ખોટા રે, આગળ દોટું રે સ્વારથી ફોટા રે...૨૭
એવું સમજે ને હઠિલાઈ હાંકે રે, રીસાંય ચટકે ને વિરોધે જઈ ટાંકે રે,
પછી સ્વામીના હિણાંમાં જાયે રે, અન્તે હિણુ તો તેનું ઘણું થાય રે...૨૮
જીવો તામસ ભાવ દ્વેષે ક્રોધે રે, માને ઈર્ષ્યાએ બડાઈ બહુ બોધે રે,
મોટે ઠેકાણે મળશે મોટાઈ રે, તેનો અન્તે નડે તે ખોટાઈ રે...૨૯
શ્રેયો માર્ગથી પડેલો છે જ રે, વળી વધારે અધોગતિ લ્યે જ રે,
તરવા ઠેકાણે શત્રુભાવે ભાખે રે, તેનો તારણહાર નહિ રાખે રે...૩૦
સંતો ગુરુઓ ગુરુભાઈઓ રે, સતી સાધ્વીઓ શરણે જાઈઓ રે,
તે સહુ પ્રગટ પ્રતાપે સ્વચ્છ અતિ રે, કરે કલ્યાણ વિનીતોનાં યતિ રે...૩૧
જંજાળમાં છે ભર્યાં દુઃખ ભારી રે, થાયે સુખી ન રહે સંસારી રે,
સાધુ થાવું તો સુખનું સદન કરે, બ્રહ્મધામનું વન નન્દન કરે...૩૨
પરબ્રહ્મને સેવીને સદાય રે, થાયે સુખિયો બ્રહ્માનંદ માંય રે,
સત્સંગ બધો છે ફળ્યો ફાલ્યો તહાં રે, ગોવિંદ આનંદ દરિયા જહાં રે...૩૩
મહારાજ વરિયા મુક્તિના પતિ રે, બાન્ધવ કીધા શરણાગત યતિ રે,
સાધુસન્તમાં કર્યો વાસ સાચો રે, તેનો અક્ષર ધામે વાસ રાચ્યો રે...૩૪
ક્રિયા દ્રોહી, વચન દ્રોહી ગંદા રે, ફરે ભેગાને ગોઠવે ફંદા રે,
આજ્ઞા પ્રભુની ભાંગે જેમ દાસો રે, તેવો વરતાવે કોયડો ખાસો રે...૩૫
ભાંગે ભવને તરવાનો પાથ રે, અભાવ ભરેલી સાંભળાવે ગાથ રે,
સાંભળનારો કાચો પોચો હાથે રે, આવ્યો ભાતું લ્યે રખડવાનું સાથે રે...૩૬
અવળાં વેણો વડે તે ચેતી લેવો રે, તેવો પ્રસંગ છેટેથી તજવો રે,
સૃષ્ટિ ન ખૂટે તેવાની તોથી રે, ખોળો સાધુ પ્રભુનો સામેથી રે...૩૭

ભક્તે સ્થાન પોતાનું સાંચવવું રે, પ્રગટ પ્રભુનું સ્થળ તે સમજવું રે,
જે છે સર્વેના સ્વામી દુઃખ વામી રે, સર્વે ધામોના પરમેશ ધામી રે...૩૮
તેમાં પતિવ્રતાસેવન સાચું રે, બાકી ડોળણ બધું છે કાચું રે,
ખાવા કમાવા લેશે આશરા રે, કામ સાધીને મેલે ગુરુ પરા રે...૩૯
એવા આન્તરે મેલા તો ઘેલા રે, જાણો ચેતનને ખોટાં બોલાં રે,
છેલાં પટાયાં ફરે નાથ વિના રે, ભૂતાવલિઓના અધિકાર લિના રે...૪૦
લૂંટી લાલાને તરકડા જાલે રે, પછી ચઢવાનો જરૂર જમ ભાલે રે,
સમજી વિચારી દૈવી જીવો જોવું રે, અક્ષરધામે જવાનું ધન હોવું રે...૪૧
આ તો સાર શોધિને તમને દીધું રે, મેં પણ ગુરૂકૃપાએ ગોતી લીધું રે,
આજ્ઞા રાજિપો સ્નેહ સેવા ભક્તિ રે, સર્વે સારની પ્રીતિ ભરી રીતિ રે...૪૨
અનાવરણ સેવા સાર બીજો રે, નથી ઉત્તમ સાચું કહી જો રે,
સ્નેહે થાય અનો પ્રીત વધે રે, પ્રસન્નતા પ્રભુની ફળસીધે રે...૪૩
રાજીપાથી સમૃદ્ધિ માગે વધે રે, તે તો સ્નેહમાં ફાડ્ય નાખી કંધે રે,
માગો સેવા ન લોભાઓ ક્યારે રે, જાહો જલાલી બાળે દીલ ભારે રે...૪૪
ભગત ફંસે પ્રભુને ફંસાવે રે, ગરીબ જનની સેવાને નસાવે રે,
વારો રેવા ન દે અનાથ તણો રે, ખરી ખોટ્યનો ખાડો તેનો ગણો રે...૪૫
ફાંસી સમૃદ્ધિ મેલો પરહરિ રે, લિયો લાવો સેવાનો હૃદે ધરી રે,
રંજન મંજનો હરિ સુખ માણો રે, રાગે પ્રીતે પ્રભુમાં લ્હેર આણો રે...૪૬
આનંદ મૂર્તિમાં ગરકાવ બોળો રે, પોતે પૂરણ સુખમાં ઝબોળો રે,
સાથે દિલમાં રમાનાથ તોળો રે, તેના વિના તે બીજું નવ ખોળો રે...૪૭
ધારો ઉર પર પ્રાણ આધાર રે, અક્ષય આનંદ લિયો અન્નાધાર રે,
વાલમ વર્તાવે તેમ વર્તો હેતે રે, તમને ગમે તો વિલસાવો પ્રીતે રે...૪૮
પોતે ભૂલીને નિજનું ભાન રે, થાઓ હરિરસોમાં ગુલતાન રે,
તનમન નામ રૂપો બધાં જૂઠાં રે, જો તે ન આવે પ્રભુ અર્થે ઠુંઠાં રે...૪૯
શોભા સ્વામીની લઈ ઘણી ઘણી રે, રાધા રમાને થાઓ બહેન પણી રે,
આ તો પ્રભુ કરવા છે આપણા રે, તેને અરથે થાઓ સોહામણા રે...૫૦
ઘણાં મન્વુઓ યુગો વીતિ ગયા રે, તોયે હજુ પ્રભુના ન થયા રે,
હવે થશો કે દિ દીનાનાથે રે, અર્પી સર્વસ રહેવા બ્રહ્મ સાથે રે...૫૧
ન્હાયા ગંગજીમાં વારિ પીધાં રે, લીધા પ્રસાદ તપ તિરથ કિધાં રે,
સમય વિતાવ્યો ખોટ્યના ફેરામાં રે, ક્યાંઈ ટક્યો ના હરિના ડેરામાં રે...૫૨

જોયો જાણ્યો ના રૂકમણિ રંગ રે, આઘોપાછો ફર્યો રંગ ભંગ રે,
અંગે સૌભાગ્ય ચિન્હ ના ધાર્યું રે, હૃદે શ્રીવત્સ અંક ના બેસાર્યું રે...૫૩
મુખે કૃષ્ણ તામ્બોલ નહિ પીધો રે, પ્રેમામૃતનો સ્વાદ ના લીધો રે,
રહ્યો અભાગિયો ભાગ્ય ભાંગ્યાં રે, ભરી ફાંટ ફોતરી ચોખા ત્યાગ્યા રે...૫૪
ધારો શ્રીજીનો ભાગવતા થઈ રે, સર્વાર્પણેથી હરિમાં રઈ રે,
એની મરજી તે ભાગવતી ગીતા રે, એના આનન્દે સાગર સરિતા રે...૫૫
પ્રાણ પ્યારા છે જીવનો અતિ રે, તેથી વધારે હરિની પ્રાપતિ રે,
સર્વે પ્રકાશો હરિજીના પામ્યા રે, વળી બ્રહ્મ ઉજાળામાં જામ્યો રે...૫૬
તેઓ અન્યનો ઉજાળા આપે રે, બ્રહ્મ લોકનો દેખે તો અમાપે રે,
પ્રભુ મળે કાં મળે પ્રભુ ભક્ત રે, જે છે શરણે મગ્ન વિરક્ત રે...૫૭
સન્તાનો પ્રભુજીનો વ્હાલા અતિ રે, પ્રભુ સન્તાનો પણ છેલ્લી ગતિ રે,
એવા સન્તાનો હરિમાં હેત રે, પાડો પાર કુટુમ્બ સમેત રે...૫૮
એક જ રૂપ છે સન્તો નો હરિ રે, લાવો લ્યો જુઓ અંતરે ઠરી રે,
તેથી આવશે સંસારનો પાર રે, ભેટો હરિનો સન્તાના આધાર રે...૫૯
જોતા નથી તો કરણી કોઈની રે, જુએ શરણાગતિનો સોઈની રે,
દ્વિભુજ વિચરે તમારા ભેળા રે, શ્વેતાયન શ્રીકૃષ્ણ રંગરેલા રે...૬૦
નારાયણ તો વાસુદેવ એ છે રે, પુરુષોત્તમ જે પરમ ધામે છે રે,
સ્નેહે હેતો પ્રીતો જે નામે છે રે, શરણાગતોનો આંહી સામે છે રે...૬૧
ખરા ખપવાળાને નહિ અળગા રે, જેનાં તન મન ધન જીવ વળગ્યા રે,
આ તો કલ્યાણ કોટિ કોટિ આપે રે, બધાં આનંદ આપે છે અમાપે રે...૬૨
ઝીલો ઝીલાય તેટલાં સુખ રે, વાલો વરસાવે આવી સન્મુખ રે,
મુક્તો સુક્તાની લાવો જે લહે છે રે, લિયો તે લાવો જયન્તી કહે છે રે...૬૩

ઈતિ શ્રી આજ્ઞાંકિતને અલભ્ય લાભ એ નામે ત્રયોદશં પીયૂષમ્...૧૩



(પીયૂષ - ૧૪ : માયાબળ નાશક ભગવતબળ કથન નામે ચતુર્દશ પીયૂષ)

દોહા

મળે પ્રભુ આ જગતમાં, સોંઘા શ્યામ થયા છે સહુને
કરો ઉપાય તો મળવાનો,
તાજો વિધન કરતા સામૂહનો...૧
બીજી આશા બધી પરહરી, જગ તૃષ્ણાને તત્કાળ તજી,
સન્ત ભક્ત બતાવે સાચા, વળગો તેને લિયો ભજી...૨
પાત્ર તમને બનાવશે. નિજ પ્રીતમ થઈ પરમેશજી,
પ્યાર કરતાં આવડે તો, પગમાં રાખે પરમેશજી...૩
બીજું કરતાં બહુ દુઃખી થયા, ઘણાં ઘણાં પામવા નાથને,
શરણ લઈ કઈ સુખી થયા, મળ્યા ઓચિંતા તેની બાથને...૪

ચોપાઈ

પત્રા વાંચીને મન મલકાય રે, સાક્ષાત્ પતિનું સુખ ન પમાય રે,
છેટી ભક્તિ તે કાગળો જેવી રે, ચરણ ભક્તિ તે ભેટ્યો ભેટ લેવી રે...૫
સ્પર્શ મર્દન સંઘ રંગ લેવો રે, નિત્યે સેવાનો રસ માણી લેવો રે,
પ્રગટ મળ્યાની ભક્તને એ નીતિ રે, સાક્ષાત્ સેવા તે બ્રહ્મ ધામ રીતિ રે...૬
યુદ્ધે અર્જુને કૃષ્ણ રાજી કર્યા રે, વાનર સમૂહે રામ પ્રસન્ન કર્યા રે,
કાઠી પાર્ષદે સ્વામી રાજી કીધા રે, આનન્દ પ્રભુએ દીધા અને લીધા રે...૭
વ્હાલા સાથે તો વશ થઈ રહેવું રે, જે જે ધારે તે સરવે સહેવું રે,
જેમ ધારે તે હાથે પગે કરવું રે, તેમજ સ્વામીના અંગ થઈ ફરવું રે...૮
આંખ્યો પોતાની સેવિકા મોટી રે, શરણભક્તે થાવું હરિ ગોતી રે,
પ્રભુ બોલે ચેતવે વળે ભક્ત રે, તેણે જીતી લીધું છે આ જગત રે...૯
તેણે વીજળીએ મોતી પ્રોવ્યું રે, તાકે નાથ રાજીપો જે કર્યું રે,
આવે નટવર ચાંદલો કરવા રે, અભાગ તાકે જાયે મોઢું ધોવા રે...૧૦
ઈચ્છે પ્રભુ જે ભક્તથી કાજ રે, ન થાય અલ્પભાગીથી તો સાજ રે,
પ્રગટ હાજર હરિનો મૂકી રે, જાયે અભાગી અન્યમાં ઝુકી રે...૧૧
ઝાંપે જઈને ભરાણો ખાંપે રે, તેણે જાણવું ભરાણો પાયે રે,
સેજે સ્વામી પ્રભુજીનો દાબે રે, તેનાં સંધાણા બધા અર્થો તાબે રે...૧૨

દૂરે વખાણ કરે બહુ મોટા રે, પાસે તેના તો હોય સર્વે ખોટા રે,
એ તો છેતરે પ્રભુનો બહુ કળે રે, તે તો પોતે નવાણો કાજળે રે...૧૩
માનવ માને છે મળે પ્રભુ સ્હેલે રે, મળે ત્યારે તો માથું નવ મેલે રે,
ઝાલે નાડું તે પોતાના જેવા માને રે, સાક્ષાત્ મળ્યાને ખોટા માયાવાને રે...૧૪
જાણ્યું વખાણ્યું મોઘું નરરતન રે, પરાં મેલ્યાં ભૂલ્યો ભગવન રે,
કરવું પહેલું તે મેલી દીધું આઘે રે, દોડ્યો હિમે લેવા હરિ માઘે રે...૧૫
હૃદય માંહે ન જીવેશને જીલ્યા રે, મેલી મહારાજ રણ પન્થે રેલ્યા રે,
આવા અવળા જીવોને ક્યાંથી રે, મળી જાયે શ્રીહરિ રગમાંથી રે...૧૬
કૃપા કરીને મળે તોય હિનો રે, ન લ્યે લાભ પ્રત્યક્ષ સેવાનો રે,
રખડે બીજે તો હામ ધરીને રે, પ્રગટ પ્રાપતિ વ્યર્થ કરીને રે...૧૭
નથી સેવતા થોડે પુણ્યે સ્વામી રે, શરણે આવતાં નડી જાય ખામી રે,
બીજે સ્વારથે શરણે જાય રે, માયા મેલડી ચરણે ધાય રે...૧૮
કરે કાલાવાલાં તો કામ સાધે રે, ન જાય મોક્ષનાં સુખ જહાં લાધે રે,
બધી કમાણી પચીસેની નાખે રે, મલિન માયાના સુખ માટે ઝંખે રે...૧૯
ઊગે આથમે રોજ પોતે સાથે રે, બેઠો લઈ ઉપાધિ ગંદી માથે રે,
નથી શોચતો ભવમાં ભરાણો રે, કર્મો વડે માયામાં ફરસાણો રે...૨૦
માયા ન મેલે જાળથી ન્યારો રે, તેનો ઉપકાર કરો તો છે ખારો રે,
આ તો મલિને જન્મ્યો ને મરિયો રે, ફેરા ફર્યો તે રમવાનો ગરિયો રે...૨૧
ચૂસ્યો ચૂસાયો રાગનો માર્યો રે, વધુ વધુ તો રાખોડામાં ભાર્યો રે,
સળગ્યો અંદર અગ્નિની ઝાળે રે, આંખ્યો આંધળી હરિને ન ભાળે રે...૨૨
મોંઘો માનવનો અવતાર રે, રોળ્યો ભેંસાના માંદણામાં સાર રે,
અર્થ સાર્યો ન કર્યા માનવ લાભ રે, માથે લીધો ડાહ્યો આખો આભ રે...૨૩
કાગો ઉડાડ્યા સારી ચિન્તામણિએ રે, હેલા લીધા ઊંટોના ઘરધણીએ રે,
વિષય વલખાને તલખે તણાણો રે, વિદ્યા કળા સત્તાએ લૂંટાણો રે...૨૪
જે જે કમાવા આવ્યો તો આ વારે રે, તે તો ન કર્યું ભર્યું બારોબારે રે,
આશ્રય વિનાનો ભટકાણો ભાંઠે રે, માગણીઆતોએ દબાવીઓ ઠાંઠે રે...૨૫
આવી ભેગા થયા જે લેણિઆતો રે, લૂટ્યો તેમણે રહ્યો પસ્તાતો રે,
ચાવી મોક્ષની હાથમાં ન આવી રે, જે જે મળ્યા તેણે ખાધો ચાવી રે...૨૬
હરિદાસોમાં હેત નવ કીધું કે, વલેપાતોનું જાળું માને લીધું રે,
તેથી ભજાય નહિ ભગવાન રે, ભલે આવલાં મારે દઈ ધ્યાન રે...૨૭

ભટકણ ટળે ન વિના નાથશરણ રે, શરણં વિનાના બીજાં છે ઘરણ રે,
આ તો અલબેલો વિના મૂલ્યે મળિયા રે, આશ્રય લેવાથી પુણ્ય સર્વે ફળિયા રે...૨૮
જીવો ક્ષણિક આનંદમાં હળિયા રે, ભૂલા પડ્યા તે હરિને ન કળિયા રે,
ભળિયા ભારાડી કઢંગી સ્થળિયાં રે, ઠૂંઠા બૂડનાં બીડે જોડ્યાં હળિયાં રે...૨૯
નથી મોલ ત્યાં વરસાદે મળવાનો રે, હશે ફાયદો તે બીજ ગુમાવવાનો રે,
ભૂલ્યો ભોળો તે દીધે રાખે દેણાં રે, દેતાં દેતાં પણ ખૂટે નહિ લેણાં રે...૩૦
શરીર વનિતા બાળ બચ્ચાં કુળ રે, સગાં સમ્બન્ધી કાંધે નાખ્યાં શૂલ રે,
પાડોશ વસવાયાં ગોર ગુરુ રાજા રે, સ્વભાવ વ્યસન ફેલ ફંદા ઝાઝા રે...૩૧
રોગો ભોગો ને જુગટાના જોગો રે, એમાં વળઘીને થઈ ગયો ગોગો રે,
એ છે આ લોક માગણા વાળા રે, કમાતાનો કરી દે પગપાળા રે...૩૨
આપ્યું ભગવાને ઘરબાર નાણું રે, તોયે ન રાખ્યું તેનું એંધાણું રે,
વળી આપશે ઝાઝું ઝાઝું શાણું રે, ઘેલો થાશે તે નહિ રહે ઠેકાણું રે...૩૩
છાની મદિરાનો છે કેફ એવો રે, જાણે મળિઓ નવરંગી મેવો રે,
પિયે અનહદ ચડે મદ તેનો રે, પછી રહે તો શરણમાં શેનો રે...૩૪
આ તો અગમ ગમ થયા સ્વામી રે, શરણે રહેવાથી ટળે બધી ખામી રે,
સાગર મધ્યે છે વ્હાણનો ટેકો રે, એવો રાખવો હરિજીનો નેકો રે...૩૫
જનક કરવાથી રાજયનો માલિક રે, પ્રભુ વરવાથી ધામનો ધનિક રે,
રાજય રાજા રાણી કુમારોનું રે, સમાન સત્તાએ થયું તે વીરોનું રે...૩૬
બીજાં બાનો તોટલાં રાખવા રે, ઝાઝાં પ્રીતિ રતિ પ્રેમ સેવા રે,
શરણ ભક્તિ ગતિને વારણાં રે, અસીમ રાખો ન રહે કાંઈ મણાં રે...૩૭
દેવું લેવું તો પ્રભુમાં રાખો રે, અક્ષય અમૃત ધામે ફળ ચાખો રે,
આંહી મુક્તા મણિ હાર પ્હેરો રે, વાલેરાની વ્હાલપ દિલે ફેરો રે...૩૮
લાલચ બીજા તે ધામોની મેલો રે, હૃદે નારાયણ પતિને સમ્મેલો રે,
જીવન હરિ માટે જીવી જાણો રે, કરી કમાણી સ્વામી સેવા માણો રે...૩૯
બધાં અસંખ્ય સ્વરૂપોમાં એકે રે, પ્રગટ સ્વામી છે મુખ્ય વિવેકે રે,
અર્પણ થાઓ વરોનો હેત ધરો રે, કરો અખૂટ પ્રેમનો સંઘરો રે...૪૦
જગત રીતિનાં જોડલાં ખોટાં રે, સાચા સર્વપતિના સૌથી મોટાં રે,
સ્વર્ગ મૃત્યુ નો સત્ય ઈશ લોકે રે, સાચી જોડી પ્રભુજીમાં દેખે રે...૪૧
તેઓ વિચારી ઇચ્છે જન્મભૂમિ રે, શરણાગતિનો લેવા રહ્યા રમી રે,
છતાં ચશ્મા ચડાવ્યાં કાળાં લીલાં રે, પ્રભુ સન્ત ન ઓળખ્યા, ન ચીલા રે...૪૨

વળગ્યું અંધારું દેહ ગેહ તણું રે, તેમાં અવરાણો તજ્યું ભગતણું રે,
કાચું ટીપેલું ઠામ ફૂટી જાશે રે, ખોખું તમારું ચિતા ઘેર જાશે રે...૪૩
પોતે કર્મનો ગાડે જાશે ફંદે રે, પહોંચાડશે જયાં છે યમ બંદે રે,
તેવું ના થાય સુખેથી જવાઈ રે, પ્રભુધામે તો કરી લ્યો કમાઈ રે...૪૪
કાંડું સમર્પી કંઠી હાર પ્હેરી રે, ભક્તિ મંત્ર પ્રીતિની લ્યો લ્હેરી રે,
જે જે ભક્તો આવ્યા છે તેડમાં રે, તેનો ધણી ઉપાડે કેડ્યમાં રે...૪૫
પોતે પોતાનો વિમાનો બેસારે રે, બ્રહ્મમોલે રેવાનું બીડું સારે રે,
હેતો જમાડે બહુ જ રમાડે રે, સ્વામી મૂર્તિમાં આનન્દ પમાડે રે...૪૬
એના સુખની સીમાઓ નથી રે, બીજાં ખોટાંનો તાજો દૂરથી રે,
રાખો કૃષ્ણપતિનું બળ મોટું રે, સૃષ્ટિ તેની તો સેવાનું સમોતું રે...૪૭
પ્રગટ હરિ શરણ તારે તારે રે, સાથે રહીને કરે ભવ પારે રે,
સાક્ષાત્ સ્વામીનો આશરો મોટો રે, વિજય શોભાવે સાથોસાથ જોટો રે...૪૮
હોયે અકેલી ઝાંખી લાગે રાણી રે, રાજા સાથે હો રાજાજી મનાણી રે,
રાજા થવાય નહિ કોઈ ટાણે રે, સાથે રાજાની રાજયે મોજું માણે રે...૪૯
રાજા આપે જે જે અધિકારો રે, રાજા રૂપે તો રાણીનો વારો રે,
હયાત રાજાએ રાણી રાજય કરે રે, આત્મા સમર્પી રાજા આગે ધરે રે...૫૦
પ્રગટ પ્રભુ પ્રતાપે થાય પ્રભુ રે, તે તો સ્વામીને રાજીપે સૂલભુ રે,
કામે સકામે વળી નિષ્કામે રે, સેવો પ્રગટ પ્રભુનો બહુ હામે રે...૫૧
વાળે વ્હાલોજી વળો વેલેસર રે, કરો વ્હાલાનો ધામે નિજ ઘર રે,
અચળ આસન જમાવો પ્રાણ સોંપો રે, પ્યારા કૃષ્ણમાં મહાદાન રોપો રે...૫૨
પોષણ સાચું લ્યો પ્રભુ છે આપણાં રે, અમર જીવનમાં રહે નહિ મણા રે,
સંબંધ હરિ પ્રગટ તણો લહ્યો રે, તેને ધામે મહોલ પાકો કહ્યો રે...૫૩
આ તો પ્રગટ હાથે હાથ દીધો રે, ધેર્યે માંડવે તેણે ઝાલી લીધો રે,
સન્તે બતાવી મનુ સુણાવિયો રે, પ્રીતે જીવનો સાથે વળાવિયો રે...૫૪
મીંઢોળ કંઠીને માથે મોડ લીધો રે, મુગડ ધારીનો પ્યાર ઝીલી લીધો રે,
માયા કરમ કાળે આશા મેલી રે, જાણી વ્હાલો થ્યા આના સહેલી રે...૫૫
લીધી ભગવી ચૂંદડી ચોળી રે, કોટ ફુડતું જોળી રંગે ધોળી રે,
કીધો ચાંદલો કાન કુંકુમ કેરો રે, હોતે ફરી લીધો છેલ્લો ફેરો રે...૫૬
વીંટી વ્હાલાની માળા ધરી લીધી રે, ભોજન પ્રસાદી આપી મુખે દીધી રે,
અંચળ છેડો બંધાણો પ્રભુ સાથે રે, આશીર્વાદોના હાથ લીધા માથે રે...૫૭

સિન્દૂર સ્વામીનો ભાલે સેંથે ચળકે રે, આનંદ ઉભરાણો કળ્યો ન જાય ઝળકે રે,
અખંડ સૌભાગ્ય વ્હાલાજીએ કીધું રે, પ્રીતે પ્રીતમે વિના મૂલ્યે દીધું રે...૫૮
અસંખ્ય ભક્તોની જાળવે ભક્તિને રે, સેવો એવા તે સંતના પતિને રે,
પત્ની પાલના પતિદેવ કરે રે, શરણાગતાનું પાલના હરિ કરે રે...૫૯
દેવે દિવ્ય અંબર ડહાપણ રે, ભગાડી મેલે માયાનું આપણ રે,
અસુર કોટીને એક બાણે ઘાતે રે, એવા બલિયાને ભજી લ્યો નીરાંતે રે...૬૦
સ્વર્ગ મર્ત્યને પાતાલે ઉત્પાતે રે, ભક્તો ઉડાડે સ્વામી બળની વાતો રે,
ઘાત્યો ન આવે કોઈ સ્વામી પ્રેમે રે, બલિયો ભક્ત ઉડાડે પ્રભુ રહેમે રે...૬૧
અજા-ખજાનો ગયો ગાથાં ખાતો રે, ભલે કર્મોનો કાળ મકલાતો રે,
સન્તો પ્રભુના કાળને પણ ચાવે રે, એવા બલિયા તે માયાને નચાવે રે...૬૨
માયા અમાયા કરી જાણે જીવે રે, સેવે પ્રભુને માયા આપી દેવે રે,
એવા બલિયા શરણાગતિ ભક્તો રે, પ્રભુ વિના અન્યમાં વિરક્તો રે...૬૩
અવિદ્યાને તો ઉડાડી તે ઘડિયે રે, લીધી કઠીને હરિશરણ પડિયે રે,
એવા બળિયા ભક્તો છે હરિ તણા રે, તેના સ્વામીને છ ઐશ્વર્યપણા રે...૬૪
પ્રગટ પ્રભુની પૂજાને કળી રે, અસુર સાંઘો તો મરે છે બલી રે,
સ્વામી નામની કીર્તિને સુણે રે, દૈત્યો દાનવો હૃદયગ્નિએ દુણે રે...૬૫
દેખે સદ્‌ગુણો પ્રભુજીનાં આંખે રે, કપાઈ મરે અસુરો નિજ પાંખે રે,
સારો દેખી પ્રભુનો વિસ્તાર રે, દ્વેષી તામસી દાઢે ઘરબાર રે...૬૬
નથી વળવાનું તેમાં કાંઈ તેનું રે, સમજી ભજન કરો શ્રીપ્રભુનું રે,
છેવટ સમો તો લેવો સુધારી રે, પ્રગટ હોય ત્યાં શરણે પધારી રે...૬૭
આરાધવા હરિને તો વારે રે, કરે આવીને સાંસારનો પારે રે,
મહારાજ ગુન્હા સામું નવ જોશો રે, કૃપાવડે મને શરણ લેશો રે...૬૮
દયા આણીને દીનના દયાળ રે, લઈ જાઓ જ્યાં મુક્તો છે વિશાળ રે,
આપ પ્રભુ છો ખલકના રાજા રે, હું છું કંગાળ નાનીસુની પ્રજા રે...૬૯
પાંખે બેસારી પાર પમાડો રે, ગરૂડગામી સ્વધામ પહોંચાડો રે,
વસ્મી ક્ષણોમાં વિશ્વાસુ થયો છું રે, સ્વાર્થી વરીને સન્યાસી ભયો છું રે...૭૦
કૃપણ ભક્તને અર્ધો ખોટો ગણી રે, શરણે આવ્યાને આપો પગતણી રે,
થોડી ઉદ્ધાર કરે એવી રજ દેજો રે, સ્પર્શેલ પામી પિવારીને લેજો રે...૭૧
ખોળે બેસારી માથે હાથ આપી રહે, મારા અસંખ્ય ભવકર્મ કાપી રે,
જીવનપ્રાણ પૂનિત કરી મને રે, અમૃત વરસાવો જડ ચેતન તને રે...૭૨

માતાપિતા ગુરુજી મારી કરણી રે, સામું ન જોશો માયાની ભરણી રે,
ખરી વેળાએ તજી જાશો નહિ રે, સ્વામી ન મેલી જાશો મને આંહી રે...૭૩
અંગે અંગોના દેવતાઓ ભાગે રે, દણડા પ્રાણોની જુવાની જાગે રે,
વ્યાધિ ત્રિદોષ તાણ અસુખ ફોજું રે, ઘેરે મહારથી મનમોજું રે...૭૪
ધીરજ ધ્યાન સ્મરણ વ્યોમે ઉડે રે, નગરી નાડીના કોઠા કાળ ઢુંઢે રે,
નિર્ભય રખોપો ભાગ્યો ચીસ નાખી રે, મૃત્યુ વનરાજે મોટી ચઢાઈ દાખી રે...૭૫
મોટા કોઠા મોઢું ન આંખ્ય ઝુક્યા રે, બન્ધન કર્મો તે કાણામાં ભભુક્યા રે,
પરવશ ઘવાણો, તકે કાળ દુતિ રે, મૃત્યુ કુમારી બેઠી દેહે ખુંતી રે...૭૬
સુનું ભવન થયું ભૂતાવલિયું રે, ત્યારે પકડજો સ્વામી આંગળિયું રે,
સાક્ષી વસ્યા જે આતમા માંહી રે, શરણાગતનો ધરજો કર બાંહી રે...૭૭
છું હું તમારો ઉગારજો બાપા રે, ત્યારે ન થાવા દેશો સંતાપા રે,
વિનીત દાસનોપકડીનો શ્યામાં રે, કરી પવિત્રા પોંચાડજો ધામાં રે...૭૮
શરણાગતને રક્ષિતા કરજો રે, બિરૂદ પાળીને મુક્તિ મોજ ભરજો રે,
તોડી જજો તમારે યોગ્ય કરી રે, આતમ સ્વરૂપે સોવામાં ધરી રે...૭૯
સ્વામી કૃષ્ણ દયાળુ હરિકૃષ્ણ રે, આપો દિવ્યવિધિના ત્યાં દુષ્ણ રે,
માગે જયન્તી મોજ મફથ થાતી રે, કાલાવાલામાં છે જે દેવાતી રે...૮૦

ઈતિ શ્રી માયાબળ નાશક ભગવતબળ કથન નામે ચતુર્દશ પીયૂષમ્...૧૪

❖❖❖❖❖

(પીયૂષ - ૧૫ : શરણાગતભક્ત આતુરતા નામે પચદશં પીયૂષ)

દોહા

સ્વયં પ્રકાશિત શ્રીહરિ, તેનો પ્રકાશ છે વળી બ્રહ્મ,
બ્રહ્મના સર્વે પ્રકાશ છે, સૂર્ય ચન્દ્ર તારાનો અગન...૧
આતમા જ્ઞાન પ્રકાશ છે, જેને હૃદયે હરિનો પ્રકાશ,
તેણે જોયું હરિ ધામને, જેની આંખમાં હરિ આંખ વાસ...૨
સન્ત દેખે હરિકૃષ્ણને, નિજ સાથે હૃદયની મોજાર,
જાગરણે એવું સ્વપ્નમાં, સમાધિમાં જે અન્તે રેનાર...૩
પ્રભુના નેત્ર તે સંત છે, તેઓ મુક્ત સ્થિતિએ વરતે સદા,
દેખે હરિની સૃષ્ટિને, ઈશસૃષ્ટિ જીવની સમ્પદા...૪

ચોપાઈ

પ્રભુ પોતે છે સર્વેની આંખ્ય રે, તેથી દેખે છે બધા સાક્ષાત્ રે,
હરિ વિના છે અંધ તામસા રે, માયા લોક તો છે કાળા મસ રે...૫
ચેતના સર્વેમાં હરિના કિરણ રે, તેથી અણુની પણ લ્યે ધરણ રે,
વ્યાપે સર્વેમાં અક્ષરધામ રે, તેમાં વ્યાપેલા છે આનંદધામ રે...૬
આત્મા ઈશ્વર બ્રહ્મ પરબ્રહ્મ રે, બધા આ દેહે મળે કરો શ્રમ રે,
ઉદ્યમ કર્યાનું ફળ આપે વ્હાલો રે, ભક્ત માટે ખજાનો કરે ઠાલો રે...૭
આ છે સર્વસ્વ ભક્તને આપનારા રે, બીજા આના જેવા નથી પ્યારા રે,
ભક્ત ભાવેથી સેવામાં વર્તો રે, જે કાંઈ રાજીપે અર્પે લેવે પ્રીતે રે...૮
ઈશો ઋષિ પિતૃઓ સુર નરો રે, કુટુમ્બ કબિલા વાડી વાહન ઘરો રે,
માન્યું પોતાનું હરિ આગે ધરો રે, ટળશે કાળ માયાનો ઉભરો રે...૯
સર્વે અંધારા આશરી જાશે રે, પ્રભુ ઉજાળા હૃદે ભાસાશે રે,
સતીપતિનો પરવશે જીતી રે, સર્વે સમૃદ્ધિ હરિ નિજ કીધી રે...૧૦
તેનું ધામ નો ગામ છે ઠામ રે, વામ દામ નો કુટુંબ તામામ રે,
પૂર્વે પશ્ચિમ મધ્ય દિશા તેની રે, ઉગે આથમે સર્વે છે હરિની રે...૧૧
પોષણ શોષણ હરિ કર્યા થાય રે, અવકાશ આકાશે પ્રકાશ પમાય રે,
કુટુમ્બ સંબંધિ દેહના સ્વારથી રે, દેહી લશ્કર કહેવું શું કથી રે...૧૨

તેણે બથાવી લીધું બધું હાથે રે, ધણી વળાવ્યો કર્મ જોડ્યા સાથે રે,
આગળ અંધારે કડે ગગડાવ્યો રે, મહા માયાના અંધારે દગડાવ્યો રે...૧૩
દીવો દેખવા મળ્યો નહિ બારો રે, આવ્યો ખાઈમાં પડવાનો વારો રે,
ઉછી પ્રકાશે સરે નહિ કામ રે, વાદળ ઘેરાણે તેની નહિ હામ રે...૧૪
આતમ પ્રકાશે ઉજાળા થાય રે, તેમાં દીવો છે હરિવર રાય રે,
તેને જગવો સેવા ભક્તિ દ્વારા રે, ભાગે દૂરેથી માયાના અંધારા રે...૧૫
સુવો જાગો ન્હાવો પૂજા કરો રે, સ્વામીનાથને સાથે રાખી તરો રે,
ઉદ્યમ ભોજન ભુષા વેષ ખ્હેરો રે, જીવન પતિને ધરી કરો લ્હેરો રે...૧૬
ક્રિયા કર્મ ને શર્મ સંભારો રે, ગાથા ગોષ્ટિમાં હરિ હૃદે ધારો રે,
ધર્મ વર્મ ને હથિયારે હાથે રે, દીનાનાથ શુરાનો રાખો સાથે રે...૧૭
જગન મગન મામેરે માંડવે રે, પ્રાણેશ ધણીનો ધારો તાંડવે રે,
લાભે ગાભે ખળે ને દુકાને રે, કૃષ્ણ સાંભળો સંભળાવો કાને રે...૧૮
નવું કૃષ્ણ હરિનો સત્સંગે રે, દેખાય દેખાડો બીજાનો ઉમંગે રે,
પ્રકાશ દેવાથી મળશે પ્રકાશો રે, જે કાંઈ અર્પાશે થાશે તે વિકાસો રે...૧૯
ધરા ધામ બગીચા ફૂલવાડી રે, આપો નાથને માટે ચંદન ઝાડી રે,
કુન્દન ઝભકિલા કેસરિયા વાઘા રે, મુગટ કડાં કુંડળ વેષ મોંઘા રે...૨૦
ધોતી ફાળિયું ચાદર ગલીચા રે, આપો પ્રભુજીનો કોમળ લીસા રે,
ભવન હવન હામ ઠામ આપો રે, મુક્તિ માટે પ્રસન્ન થાય બાપો રે...૨૧
એવા શંગારો નાથને ધરાવો રે, પુનર્જન્મમાં નામાં વિસરાવો રે,
પ્રભુ પ્રતાપે અધરમ સર્ગ રે, કૃષ્ણ સેવીનો કરો ધર્મસર્ગ રે...૨૨
સદા નાથની ભક્તિ વધારજો રે, જેમ જેમ જણાય સ્નેહ કરજો રે,
માગે નાથ તે ભેટ આપી દેજો રે, સ્વામી પ્રસન્નતાનો લાભ લેજો રે...૨૩
પૂજા દયાને બેસીને નિહાળજો રે, ઝાંખી પ્રગટ તણીમાં મ્હાલજો રે,
જે જે જેટલું આકર્ષણ દેવે રે, તો તો તાકે વધાવી લેવું સેવે રે...૨૪
હરિ ખોળે બેસારે બેસી જાવું રે, કીર્તન ગવરાવે રૂડી રીતે ગાવું રે,
ફરવા પધારે સાથે હેતે જાવું રે, ફળફૂલ, જમાડે પ્રસાદિ તો ખાવું રે...૨૫
જયાં જેમ, સુખની ન્હેરો વિકસાવે રે, આનંદ વેલ્યો, દેવે ને વરસાવે રે,
સુગન્ધ શીતળ; પ્રીતમજીને છે પ્યારા રે, આપો સ્વામીશ્રીને હરિના દુલારા રે...૨૬
રૂપે રસે, સૌરસે સ્પર્શે નોનાદે રે, મીઠે મીઠે, આનન્દે રતિ,
પ્રીતે સ્વાદે રે, પરમ હેતસ્વી તે છે પરમાનન્દ રે, રાખે ધીરજ તો તે પાવે બ્રહ્માનંદ રે...૨૭

દરદ ટાળે, દિલનાં અને જીવનાં રે, ગાળે બંધન, માયા ને તેના સચીવના રે,
મોળું પડવું, નહિં કઠિન દેશકાળે રે, હરિ ઇચ્છા, વડે ઘેરાય ક્યાંઈ જાળે રે...૨૮
જાળાં ઉડાડનારાં તો રાખ્યા છે સાથે રે, નજર તેની, સદા વર્તે છે દાસ માથે રે,
શરણ ભક્ત, દાસની વૃત્તિમાં છે હરિ રે, જ્યાં જ્યાં વૃત્તિ, જાયે ત્યાં થાય સુખ ભરી રે...૨૯
પછી વાળી, ને જહાં થાય સ્થિર રે, ભાસે તહાં તુરન્ત સન્તોના વીર રે,
સન્તોને લલાટે ભાસે ભગવાન રે, બ્રહ્મ રન્ધ્રે દેવા છે મોક્ષનું દાન રે...૩૦
મેધા, ભરી છે સ્વામીની લહરિયે રે, સુધા, પ્રભુની તાળવે પંજરિએ રે,
વેણે નેણે, મુખે છે શ્રીનન્દ લાલો રે, રૂદે ઉદરે, ધર્યો લાલો રે...૩૧
ગોપાળ બાલ, વર્તે છે આખી મૂરતિમાં રે, પગે પિંડી, જંધાએ રાખો સમર્પિતમાં રે,
આવે અલબેલો હેતે શું બાહેર રે, દાસ ભક્તિ, લેવાને કાજે જાહેર રે...૩૨
સ્વીકાર, સેવાનો કરી અદશ્ય થાય રે, આ છે, પ્રભુની દિવ્ય તે લીલાય રે,
ભક્તો માથે, માયા તો ખીજે છે અતિ રે, જેણે તજી છે માયા સાથે પ્રીતિ રે...૩૩
અપમાન, પામેલો મૃત્યુ મહા કાલ રે, જીવને, જકડવા પાથરે છે જાળ રે,
ધર્મ કર્મો, છેટે મેલાવીને ઘેરે રે, દેવા જન્મમરણ દુઃખ કેરે ફેરે રે...૩૪
ભૂખ્યો સ્વભાવ, જીવ જીવન માથે રૂઠ્યો રે, બીજા ગર્ભવાસો ને માટે પણ ઉઠ્યો રે,
અહંકાર ના સંકેલે બાજી રે, લેવા, ઝપાટે ચિન્તા કરે જાજી રે...૩૫
તત્વો, બધાં અસુરો પણ વસે રે, ભૂલ્યે, ન ભાગે આઘા નવ ખસે રે,
આ છે, અંદરના છાનાં ગોઠિયા રે, બાહેર, લૂંટારા જમના જોટિયા રે...૩૬
બન્ને મળીને જાવા નવ દિયે રે, ઘેરી નાખે, જીવને માયા ના દિયે રે,
તેનો ત્યાંથી ઉપાડે સાચા સન્ત રે, જેણે રાખ્યા સાથે ભગવંત રે...૩૭
માટે, આશરો સન્તનો મોટો રે, પ્રભુ, કૃપાએ ટાળે સંસાર ગોટો રે,
સન્તો, કાં તો સ્વયં ભગવંત રે, રક્ષા, દાસની કરે વિના તંત રે...૩૮
આવી આપણી ખેપ કરો સાચી રે, નથી રહેવા દેવી હવે કાચી રે,
આ તો સ્વામી છે ધામોના ધામી રે, મળ્યા બ્રહ્મના સ્વામી નથી ખામી રે...૩૯
હયાત હૈયે બેસાર્યા નાથનો રે, તો માનો છે સેવકની ગાથનો રે,
ધૈર્ય રાખીનો ધીર્યા ધર્મસ્વામી રે, સર્વે વેદોના આરંપાર ગામી રે...૪૦
પાણી ઝાંઝવાનાં ખોટાં જેવા રે, સ્વામી વિનાના સુખ ખોખાં એવા રે,
પ્રહ્લાદ ધ્રુવ ને અમ્બરીષ રાજ રે, મેલ્યો ભય, કર્યું તાન મહારાજે રે...૪૧
વાવો હેતના બીજ પ્રભુ પેખી રે, અમૃત ફળનો પામો ધામ લેખી રે,
કસો છાનો છતરાયે હરિ વેષે રે, ખરો ભક્ત તો ફનામકા દેશે રે...૪૨

જમીન જોરૂ ઝરૂખા જાન માલા રે, પ્રભુ લખે છે જેના સત્તાવાલા રે,
સર્વે શ્રીજીનો માટે વાપરે છે રે, તેના રંગમહલ ગોલોક પરે રે...૪૩
વાલમ વાલપ્યના ઉછરંગો રે, દિલે ના સામે દેવે ભક્ત અંગો રે,
કષ્ટ દેનારો ધણી સાચો ધણી રે, સતી ના તજે રાખે ખબર ધણી રે...૪૪
એ તો અરસપરસની છે વાતો રે, ઘણી સતીનો લઈનો મકલાતો રે,
સતી તણી ખબર રાખે પૂરી રે, પત્નીવ્રતી ના હરિથી અધુરી રે...૪૫
સ્વામી સ્વામીનીનાં અંગો એક રે, સેવક સ્વામીમાં રહે લીન છેક રે,
જગત જીવનથી થયું જેને લીન રે, પોતે કૃષ્ણમાં વરતે છે પ્રવીણ રે...૪૬
કરો ત્રાટક મૂરતિમાં એવું રે, થાયે પ્રગટ આવે હરિ એવું રે,
આંખ્યે આંખ્યુંમાં તેને પ્રીતિ રેડો રે, બેઠા હૃદે તે આવે આગે તેડો રે...૪૭
બીજી ટેકોથી ટેક મોરી ધારી રે, નિજ સ્વામીમાં નવ જાયે હારિ રે,
પડઘે અવાજે પ્રભુનો બોલતા રે, જુએ સાંભળે હૃદય ખોલતા રે...૪૮
બોર ઉડાડ્યા અવકાશે લેજો રે, હજાર હાથાળા મારી રક્ષા કરજો રે,
બધાં તુરત જ ભક્તિનો ભુખ્યે રે, ઝીલ્યાં પાતળિયે વ્યોમ સુખે રે...૪૯
ભિલ્લી હતી સ્વભાવે જેવી બિલ્લી રે, થઈ ગઈ ધામની રાણી રસીલી રે,
આવી ધણીની અઢળક પ્રીતિ રે, દાબી દબાણી રહે ના, ઉછળથી રે...૫૦
ઘણાં ઉન્મત્ત વર્ત્યા નામ લેખે રે, જહાં જુએ ત્યાં ધણીને દેખે રે,
વ્યાસે ગાયા તે શુકે સમઝાવ્યા રે, નિર્લેપ ભક્તોના લેપમાં ન આવ્યા રે...૫૧
જેવા આપણા શિરતાજ વર્સો રે, તેવું આપણે થાવું અતિ હર્ષો રે,
ભક્તો બ્રાહ્મણ બ્રહ્મવેત્તા થાઓ રે, ડંકો વગાડી અક્ષરધામ જાઓ રે...૫૨
બાળો ત્રાસના પ્રભુને પ્રતાપે રે, પછી કોઈ ના તમને સંતાપે રે,
સેવા વડે ભર્યે હાથે જાઓ રે, શ્રીજી આશિષે મુક્તતા કમાઓ...૫૩
સાક્ષાત્ મળ્યાથી પાર ઉતરિયા રે, હેતે પ્રીતિ નિત્યે સુખી કરિયા રે,
અગમ રાજીપો ગમતો કીધો રે, ધામે જાવાનો લાભ મોટો દીધો રે...૫૪
મહારાજ આપણે માટે છે તત્પર રે, શરણાગતિનું સત્સંગનું ઘર રે,
જહાં મહારાજ તહાં અક્ષરધામ રે, શરણાગતો ને ધામે ત્યાં વિરામ રે...૫૫
સન્ત સ્વરૂપે મળ્યા ભગવાન રે, ચમત્કારો ને ચિન્હો વિદ્યાવાન રે,
સાથે લાવ્યા છે મુક્તો અનેક રે, ભારતવર્ષ ને બીજે પણ છેક રે...૫૬
સ્વામીનાથના તાન મન ધનો રે, સેવક વચન કર્મ નો ભવનો રે,
સર્વે બ્રહ્માંડ શ્રીહરિ માંહી રે, કળા સૃષ્ટિએ રોમે રોમે જયાંહી રે...૫૭

આંહી જે છે તે બ્રહ્મધામે મુર્તિ રે, એક જ સ્વરુપે ફેર નથી રતિ રે,
ધામો ધામમાં સર્વ બ્રહ્માંડે રે, આજે સર્વત્રા મળે છે આ કાંડે રે...૫૮
આવા અસંખ્ય એક પોતે બધે રે, થયા હવે ન થાશે ઈચ્છા વધે રે,
જયન્તી પ્રગટથી સાંભળે લી રે, લેજો વધાવી વેદોની આવેલી રે...૫૯

ઈતિ શ્રી શરણાગતભક્ત આતુરતા નામે પચદશં પીયૂષમ્...૧૫

❖❖❖❖❖

(પીયૂષ - ૧૬ : પ્રગટનાં ભક્તમાં ધ્યાન સ્મરણ નામે પોડ્શં પીયૂષ)

દોહા

પ્રભુની મૂરતિ ચિન્તવી, કરી ધ્યાન સમાધિ તેહમાં,
મૂરતિમાં રસબસ થવું, અન્ય રસ ન રહે ગેહ દેહમાં...૧
સમગ્ર મૂર્તિ ચિન્તવવી, વળી ધારવી અંગે અંગ,
જેટલી ઓળખાણ્ય દેહની, તે બધી પોતામાં અભંગ...૨
નખશિખામાં હરિ મૂરતિ, તમો ઉતારો પોતાના દેહમાં,
પધરાવો ઈષ્ટ દેવને, તેને તને વરતો નિજ સ્નેહમાં...૩
પોતામાં હરિ પધરાવિયા, જીવ કરણ તનુ માત્રાદિમાં,
રોમે રોમે અણુ અણુ વસ્યા, પ્રાણપતિ પ્રિય ગાત્રાદિમાં...૪

ચોપાઈ

મૂર્તિ નિહાળો મહારાજ કેરી રે, બધી ચિન્તવો એકમેક ઠેરી રે,
પહેલે વ્હાલામાં વ્હાલું મુખ જુઓ રે, પછી ઉર ઉદર હાથ છુઓ રે...૫
નાભિ જઘન બળ સાથળ મૂળ રે, જાંઘુ ગોઠણ પિણ્ડી કાંડાં સ્થૂળ રે,
તળાં ચરણ કરના ચિન્તવો રે, કટિ પૃષ્ઠ નો ખંભો ઓડચ જુઓ રે...૬
રૂડી ચોટલી મૂછરેખા દન્તો રે, જીવ્હા કોણી અંગુલી પોંચા પન્તો રે,
આખી મૂરતી આરપાર દેખો રે, રૂદે રાખીને ધ્યાન માંહી લેખો રે...૭
ઉજજવલ કિરણો ફૂટે એવાં સ્થળો રે, ધોળાં રૂપાળાં લીસાં ગૌર કળો રે,
કપાળ નેણ નાસા ચિબુક દેખો રે, કુક્ષિ નાભિ પુરુષ બળ પેખો રે...૮

કંબુ કંઠ હૃદય સ્તના દ્વય રે, ભુજા કોણી નાળા, ઘૂંટી ત્રાય રે,
પેની ઢાંકણી કટિ સાંધ ગાદી રે, પિણ્ડે બ્રહ્માંડે સ્થૂળાણુ બીજ બાંધી રે...૯
સ્વર્ણ રોમોની અણિયો ચળકતી રે, સ્થાને સ્થાને ભમરિયો ઝળકતી રે,
પ્રકાશ સ્થળીઓ તો મૂર્તિની જોવી રે, આત્મચૈતન્ય તેમાં પરોવી રે...૧૦
આપ શિખામાં પ્રભુજીની શિખા રે, પ્રભુ લલાટે ચંદ્ર કેરી લેખા રે,
બીજી ગએલી આરપાર રેખા રે, મધ્યે તિલક ચંદ્રક સરીખા રે...૧૧
વિશાળ ભાલ ને ચમકિલા ગાલ રે, કાને રોમોની શોભાના તાલ રે,
નિરખો નેત્રકમળના કોણા રે, ટસર્યું લાલનો સાથે ભર્યાં ટોણાં રે...૧૨
મેઘા પિણ્ડો ઉપડતા વિશાળો રે, જેમાં નસો રેખાનો થર બ્હોળો રે,
નેત્રો લાંબા છે કાન તરફ જાતાં રે, પટ્ટી સાંકડી નેણો છે તો નમતા રે...૧૩
રૂડી પાપણ્ય પુણ્યપ્રદા અતિ રે, ગોલક કીકી પ્રકાશે શોભતી રે,
આંખ્યો કમળદલ શોભાવાળી રે, છાજલિયું શોભે ઝીણી રેખા શાલી રે...૧૪
નાસા શોભા તે તલ ખૂલ્યાં ફૂલો રે, નમણી નાસાએ કીર શોભા ભૂલો રે,
નાસા બાજુમાં રેખા બેઉ લાંબી રે, પહોંચી હોઠોના ખુણાઓને આંબી રે...૧૫
ઓષ્ઠો ચમકે છે, લાલ ઘોલાં રંગ રે, હાસ્ય ધવળ દન્ત કાન્તિ સંગે રે,
સદા પ્રેમના ભર્યાં સૌમ્ય પણાં રે, રમુજ પ્રીતિ વડે તો સોહામણાં રે...૧૬
જમે પિયે કે ઉંઘે મહારાજ રે, કરે દર્શન તેના સાધ્યાં કાજ રે,
કૌસ્તુભ વૈજયન્તી ફૂલમાળા રે, સ્વર્ણ ચમ્પો કદમ્બ કુન્દ માળા રે...૧૭
મોટા હારને ગજરા તોરા લટકે રે, ભક્તો ઉતાર્યા હૃદયમાં મટકે રે,
કલ્ગિ પાઘ મુગુટ ખેસ જામા રે, ધ્યાને લેવે તો સિદ્ધે મોક્ષ નામા રે...૧૮
ધોતી પોતી ને કોપીન ગાતડિયું રે, ખંભે ખેસ જનોઈ ચાંખડિયું રે,
ધોળી મોજડી પાવલાં સારાં રે, જોયાં પૂજયાં તે ધામમાં જનારાં રે...૧૯
ઝાંઝર કડાં સ્વસ્તિક ભુજ ભુષા રે, કેડે કન્દોરો નેવાશી આભૂષા રે,
અઢાર હથિયારો છપ્પન ભોગ મીઠા રે, પૂજા ઉપચારો એક સો એક દીઠા રે...૨૦
ઘંટા ટોકરી આરતી નવ ભાંડા રે, યંત્રો તંત્રો શૃંગારો સોળ માંડ્યા રે,
દાસી દાસો પાર્ષદો સતી પદ્મા રે, રાધા રૂક્મણી રાણી વૃન્દા રમા રે...૨૧
પંચાયતનો શયતાયતનો જોયા રે, તેઓ સર્વ અક્ષરધામ ગયા રે,
વિમાન હાથી ગરૂડ વૃષ અશ્વ રે, જોયાં હેતે તો ગયા બ્હાર વિશ્વ રે...૨૨
આસન પલંગ તકિયા ગલીચા રે, દર્શી ધામે ગ્યા, તજી લોક નીચા રે,
કાગળ કલમ દિવા ટેબલ તાળી રે, કુંચી સ્પર્શે હરિની હથેળી રે...૨૩

તેને હરિની સાથે જુએ હૃદિયે રે, બેસે ધામમાં જઈ ગાદીતકિયે રે,
સાથો સાથે દર્શન ફળ એવા રે, મળે ધામે શ્રીહરિ સેવા-મેવા રે...૨૪
જેવાં ચિન્હો તેવાં આ ઉપચિન્હો રે, ધ્યાતા ભક્તને તેણે મોક્ષ દિન્હો રે,
પિંડે બ્રહ્માંડે છે એકમેકે રે, સૃષ્ટિ સર્જન છે મૂર્તિનો ટેકે રે...૨૫
મૂર્તિ પ્રભુની જે જે ધારી રઈ છે રે, તેની કુદરતે સૃષ્ટિ આ થઈ છે રે,
મૂર્તિ અણુ અણુને વિકસાવે રે, અબ્જો યોજનોમાં તે વિલસાવે રે...૨૬
અણુ અણુ અંશોની છે સૃષ્ટિ રે, હરિ શરીર રૂપે છે સમષ્ટિ રે,
વ્યષ્ટિ રીતે જોનારાને જોવે રે, તેઓ સ્વામી મૂર્તિનું ભાન લેવે રે...૨૭
કંઠે શંખનો ગર્ત નિહાળે રે, તેના નેત્રો ધામનો રંગ ભાળે રે,
તિલૌ ચિન્હોને ત્રાંજવાં તપાસે રે, તે તો મોક્ષ સંભાળે હુલ્લાસે રે...૨૮
છાતી સ્તનો ને હાંસડીમાં વૃત્તિ રે, રાખે ધારે ને ધ્યાન લિયે કૃત્તિ રે,
કાળજ રૂંવાડી નાભિ નળ સાંધા રે, કટિ રંધા ને મૂળ ચંતન બાંધા રે...૨૯
ગ્રન્થિ ચક્રો ને નાભિ કુંડલી રે, લાંકું નાળી ને પ્રફુલ્લિત સ્થળી રે,
રેખા ઝુંડ ને વાંસાના પાંસળા રે, રૂપે ભરેલા ચર્મ ભાગો કળા રે...૩૦
પડખાં ધોતિના વળ ગોળ કટિ રે, મસ્તક મૂછો શ્રીવત્સ થળી જટી રે,
તિલો ચિન્હો સર્પિણી કુંડલી રે, ઈડા પિંગલા, સુષુમ્ણા સુરસ્થળી રે...૩૧
દેવાલયો ને શક્તિઓ કુક્ષિઓ રે, ગર્તી ગહવરો ધોરી નાસોલિયો રે,
નાસો કુર્ચા અસ્થિઓ રજજુ શાખા રે, ત્વચા રોંમાંક ગુટિકાના વાંસા રે...૩૨
અનેક તિલો ને ચિન્હો છે શોભાળા રે, સ્થળે ચર્મોમાં અંજવાળા રે,
તાતન્તુ ખાંપા ને જાંપા ખોળ્યા ખાલી રે, લોહિત સ્નાયુ પલ્લ મજજા ચાલી રે...૩૩
જાગ્રત્સ્વપ્ન ને નિદ્રાના ભાવો રે, પ્રાણન જીવન સુષુપ્તિનો લાવો રે,
ઊભા આડા આરામે બેસતા રે, ફરતા ધ્યાને લે હરિનો ધામ ગતા રે...૩૪
ગાદી ગાદલે પલંગે બાજોઠે રે, પાટચે ખુરશી ટેબલે ઘર કોઠે રે,
જયાં જયાં બેઠા વિચરતા ધ્યાને લેશે રે, તેને હરિ સ્વધામ વાસ દેશે રે...૩૫
ધનુષ ત્રિશુળ તીર રજજુ ધ્વજ રે, સ્વસ્તિક આયુવિદ્યા વેઢા કંજ રે,
પદ્મ જવ ને મીન ખીજાનાની રે, રેખા કાંડા બંગલા વિજય પ્રદાની રે...૩૬
દેખી પેખી લેખીને રાખી દિલમાંહી રે, તેને હરિ આનંદ આવે જીવમાંહી રે,
જાગ્રત સ્વપ્ન સુષુપ્ત વિકલ્પની સૃષ્ટિ રે, તે તે ભક્તો તણી છે બ્રહ્મમાં ગરિષ્ટિ રે...૩૭
ધારો વિચારો જુઓ હાથે યષ્ટિ રે, માળા રૂમાલ પાઘ સુન્દર દૃષ્ટિ રે,
વેણે નોણે ને સાને ગતિ ભાને રે, દિલે બેસારે જીવમાંહી ધ્યાને રે...૩૮

કરો માનસી પૂજા સામી પૂજા રે, પ્રીતિપૂજા રમુજો રમત કુંજા રે,
પગે પગ હરિના હાથે હાથ રે, કડચે કડચે પ્રભુની છાતી બાથ રે...૩૯
પોતે સંતોને પોતામાં ધારો રે, તેમાં શ્રીહરિજીનો નિરધારો રે,
સ્વામી સર્વેમાં રહ્યા છે પ્યારા રે, જે છે સર્વે સૃષ્ટિના દુલ્હારા રે...૪૦
પોતે પોતામાં પ્રભુને વસાવો રે, કામે નિરાંતે હરિજીનો ભાવો રે,
સાથે સાથે શ્રીહરિ ભેળા જાઓ રે, તેને મેલીને ક્યાંઈ ન વહાવો રે...૪૧
લિયો નિજ મૂર્તિમાં હરિ લાવો રે, જેવા અક્ષરધામમાં તે ભાવો રે,
નથી કઠણ સહેલું તેને હેતે રે, કહે છે જયન્તી ભાવના સમે તે રે...૪૨

ઈતિ શ્રી પ્રગટનાં ભક્તમાં ધ્યાન સ્મરણ નામે પોડ્શં પીયૂષમ્...૧૬

❖❖❖❖❖

(પીયૂષ - ૧૭ : હરિ પ્રાર્થના સર્વસ્વ નામે સપ્તદશં પીયૂષ)

દોહા

ચિન્હો નિહાળ્યા જે ભાવથી, નિજ ચિત્તમાં રાખી ધારિયાં,
જીવમાં મેલ્યાં નિરખવા, આતમ ચેતનમાં બેસારિયાં ...૧
તેના ધ્યાન વડે ફળ પ્રબળ છે, આને આ પરદેહે તથા,
મળ્યા છે મહારાજ આજે આંહી, સોંઘા થયા તે નાહિં કરો વૃથા ...૨
પોતે વસ્યા ભક્તોમાં બહુ હેતથી, નિજ શરણાગતોમાં હુલ્લાસથી,
ત્યાં ત્યાં છે સત્યસંકલ્પતા, સત્ય કામના સિદ્ધિયું વાસથી ...૩
આ તો અગમ્ય સુગમ થયું, મુક્ત ઈશ રૂષિ સુર હરિ ઘરે,
સાથે સાથે આવે સહુ આપણામાં, જુઓ કાંઈ બાકી ન હરિસંચરે ...૪

ચોપાઈ

મૂર્તિ દર્શન ફળ તેનાં મોટાં રે, માયા કાળ ને કર્મ થાય ખોટાં રે,
કિશોર સ્વરૂપ ચિન્તવે એનો રે, ચરણસેવા મળે ધામે તેનો રે...૫
મૂર્તિ યુવા જે ધ્યાનમાં ધારે રે, તે તો સર્વે સંકલ્પો સુધારે રે,
મૂર્તિ પ્રૌઢ ને મોટેરી પ્રેખે રે, તે તો સન્માન બધે સ્થળે દેખે રે...૬

સ્વામી સભાના દર્શન જે કરે રે, તેનાં બધી સભાઓ માન ઘરે રે,
ગુરુ હોયે પ્રવચનો જયારે રે, ધ્યાનો સુર ગુરુ સદા આવકારે રે...૭
પ્રભુ સુતા બેઠા દાબ્યા સેવે રે, દેખે સિદ્ધિઓ તેનો સાં સેવે રે,
સ્વર્ણ ઉજજવલ હાર પેરે જુએ રે, તેનો સોનારૂપાના લોક દેવે રે...૮
ન્હાતાં નિહાળે ચોળે ને નવરાવે રે, અમૃતધામમાં તે તો સુખ પાવે રે,
ડેરે આરતિ પૂજાતા વિલોકે રે, પૂજે રાજાધિરાજો તેનો મોકે રે...૯
શ્રીજી હથેળીઓ સેવે લાખે રે, સ્વામી હથેળીમાંહી તેનો રાખે રે,
ત્રિશૂળ ચિન્હના દર્શન કીધાં રે, મહાકાળનો ઈસ્તિફા દીધા રે...૧૦
ધનુષ દર્શન દોરી બાણ સુધા રે, થયેલાનો વિજય ધામ બધાં રે,
ધજા નિહાળી તેનો ધ્વજ ફરકે રે, વિશ્વે બ્રહ્માંડે ઈશ્વરોનો પરકે રે...૧૧
સ્વસ્તિક તણો તે લાવો જેણે લીધો રે, તેણે સ્વસ્તિપણાનો ભાનુ સીંધ્યો રે,
ચક્રો આંગળી અંગુઠે આઠ દેખી રે, સ્વર્ગ ચક્રવર્તિતા તેણે લેખી રે...૧૨
મૂર્તિ ઈંચો ઈંચમાં લ્યો નિહાળી રે, અક્ષર ધામની મૂર્તિ તે ભાળી રે,
આ છે આપણા જેવા થયા નાથ રે, આપ્યો આ લોકે બ્રહ્મ તણો સાથ રે...૧૩
જયારે રાજીપે શ્રીહરિ હંસે છે રે, માયા ખસે ને મુક્તિ વસે છે રે,
ક્યારેય ખીજાતા હરિને ન દેખ્યા રે, પૂરા કૃપા દયાભર્યા લેખ્યા રે...૧૪
જોકે ભૂલ્યો ભરેલા છે દાસો રે, તોયે હરિ કરે છે હુલ્લાસો રે,
આખી સૃષ્ટિ જીવે નો મરે છે રે, ક્ષણે ક્ષણે જાત્રાઉં કરે છે રે...૧૫
સાજુ માંદુ ને મરે ફૂટે તૂટે રે, ઓછું થાયે તો ભાગ્ય જેનું ખૂટે રે,
એમાં અફસોસ શાનો નાથ કરે રે, બીજું થયા કરે છે સ્થાન પૂરે રે...૧૬
ન થાય તોપણ નથી ત્યાં અધુરું રે, ગયું ઉપાધિ લઈને તો પૂરું રે,
આવી અકળ કળા છે યોગિની રે, નથી તે થાતી ક્યારેય ભોગિની રે...૧૭
મુંઝાય નાથ ને ચિન્તવે તે વારે રે, બધાં દુ:ખો શરણનાં પરવારે રે,
ચરણ સ્પર્શીને પડે પાય લાગે રે, તેનાં દારિદ્રા દુ:ખ ત્યાંથી ભાગે રે...૧૮
માથે પ્રભુના હાથ બે મેલાવે રે, આલોક પરલોકે આનંદ રેલાવે રે,
છાતી ભીડીને મળે બાથ બાંધી રે, તેણે મુક્તિમાં જવા વિધિ સાંધી રે...૧૯
ચરણ છાતીમાં લીધાં શીરે દીધાં રે, તેના ભાગ્યે અમૃતદૂધ પિધાં રે,
અંગૂઠાની ગદાઓ દેખી પ્યાર રે, તેની રક્ષાઓ થાય વારે વારે રે...૨૦
આંગળીઓના સુચક્રો ગદા જોયાં રે, તેના કુટુંબે મોક્ષ રોપ બોયા રે,
ત્રણ ત્રણ આંગળી અંગુઠાના અગ્રે રે, ચક્રો કમળ પુષ્પ નાલ સંધ્રે રે...૨૧

સન્ધિ રેખા શોભાઓ જવ સરખી રે, તેણે મોક્ષ આનંદ લીધો હરખી રે,
ઉર્ધ્વરેખા બે ચર્ણ તળે ભાળી રે, મત્સ્યો પછી તળે બે શાખા વાળી રે...૨૨
પાનીની બે બાજુએ ઠેઠ લાંબી રે, દર્શન વૃત્તિ તે ધામ ભવન આંબી રે,
જમણે ચરણ અંગુઠાની નીચે રે, કળશ ચિન્તવે તેનો કળશ ઊંચે રે...૨૩
અંગુલી નીચે તુલસી મંજરી રે, નીચે પંજાની સીમારેખા સરી રે,
દર્શન કરે તે તરે વિશ્વ સીમા રે, કમળ તે નીચે પોંચાડે હરિમાં રે...૨૪
વજ્ર રેખા, નાની અંગુલીથી નીચી રે, સીમારેખા,ટનીચે છે કલ્પલતા સૂચી રે,
બન્ને દર્શન, ગોલેક વૈકુંઠ પરે રે, પોંચાડે તે, ભક્તોને બ્રહ્મને શિખરે રે...૨૫
લોકોમાં છે, જંબુને છત્રના ચિન્હો રે, દેખી તેણે, પ્રભુપદોનો લાભ લિન્હો રે,
ઉર્ધ્વરેખા, શાખા બે વચ્ચે છે ત્રિકોણ રે, જીત્યા દેખે, માયા કર્મને કાલ દ્રોણ રે...૨૬
એડી રેખા, અંદર સ્વસ્તિનું ચિન્હ રે, એડી મધ્યે, યજ્ઞના કુંડનું સુચિન્હ રે,
સ્વસ્તિને કુંડ, પહોંચાડે ધામને બંગલે રે, સેવે સ્વામી, નાથને ફૂલહારે ગળે રે...૨૭
નાની અંગુલીની નીચે છે અંકુશ રે, મધ્યા અંગુલી નીચે ત્રિપત જુષ રે,
અંકુશ દર્શન, યમેશ અંકૂશ ટાળે રે, ત્રિપત દ્રુક, ત્રિલોકિ બહાર ધામ ભાળે રે...૨૮
લાંકે ધજા, વાંકે ત્રિશૂળ શોભે છે રે, દર્શન કરે ધામમાં જઈ શોભે છે રે,
પાનીમધ્યે, અષ્ટકોણોની પૂર્ણ રેખા રે, કદમ્બ ફૂલો, ખીલ્યાં ખુણે ખુણે લેખા રે...૨૯
દર્શન તેના, બ્રહ્મના આઠ ગુણો આપે રે, હરિ તેને, નિજની સેવામાં સ્થાપે રે,
જમણે ભાગે, નમણી સેવા દાસ લેવે રે, તેને સ્વામી, સદા અનન્ત સુખ દેવે રે...૩૦
બાંયે ચરણ, અંગુઠા નીચે સૂર્યચિન્હ રે, સૂર્ય જેવો, પ્રકાશે જેણે દર્શન કિન્હ રે,
મધ્યાંગુલીન, નિચાણે શંખ ચિન્હ ઓપે રે, દેખ્યું જેણે, તે ક્ષણે ત્રણ ગુણો લોપે રે...૩૧
બીજી અંગુલીની નીચાણે નાગવલ્લી રે, દેખી તેણે, જીતી ઈશોની લોકપલ્લી રે,
અંદર લાંકે છડી સોનેરી રંગ શોભે રે, દર્શન કરી, પહોંચે ધામોને તે મોભે રે...૩૨
વળાંકે છે, સચક્ર અષ્ટકોણ સ્પષ્ટિ રે, દર્શન કીધાં તે દેખે ધામો દિવ્યદૃષ્ટિ રે,
ગોપદ પડખે, ગદા છે લાંબી સોહાળી રે, તારે સૃષ્ટિ વૈતરણી જેણે સુખે ભાળી રે...૩૩
ખાલી ભાગે, વ્યોમનું ગોળ ચિન્હ ઝળકે રે, ચિદાકાશે, પહોંચાડે દેખે તને તબકે રે,
આઠે પુષ્પો, મધ્યે તે પદ્મની શોભા રે, દેખ્યું કમળ, બે રેખા મધ્યે લાક ભૂમાં રે...૩૪
પ્રગટ સાક્ષાત્ પ્રભુનો રાજીપો દેતું રે, સ્મૃદ્ધિ સર્વે, અક્ષર તણી સમર્પતું રે,
વક્ર અંકુશ, ચિન્હની નીચે એડી નૌકા રે, દેખ્યાં તેને, પીયૂષ પાન ધામે ડંકા રે...૩૫
અર્ધ ચન્દ્ર કંબુ પિપ્પલ પાન પ્યારા રે, નાની કળશી, બંગલા શિખર ચિન્હ સારાં રે,
એના દર્શન, કરીને વાસુદેવ વસતિ રે, પ્રાપ્ત કરી, બ્રહ્મ ધામમાં સમસ્તિ રે...૩૬

વીજળિયોની, પ્રભાઓ ઉપજે છે ચરણે રે, એવી સુન્દર બીજાની ઉપમા ન ભરણે રે,
પંજા ઉપર, રોમાવળિયો જોઈને રે, ધામે જાવે, માયામંડળી ખોઈને રે...૩૭
જેવા સ્વામી, અનન્ત પ્રકાશે છે યુક્ત રે, ધામે નિજે, તેથી થોડા ઓછા બીજે રે,
તેથી ઓછા, ઈશ્વરોના લોક માંહી રે, અતિ ઓછા, ઉજળા ઉજળા ઋષિ પિતૃ માંહી રે...૩૮
જેથી આછા, ઉજાળે મૂરતિને રૂપે રે, દેવો દેવી, લોકોને તે તે સ્વરૂપે રે,
એથી ઉણાં, સૂર્ય, ચન્દ્રને અંજવાળે રે, તેવા દેખાય, માનવો તેને આંખ્યે ભાળે રે...૩૯
સર્વે માનવ, આંખ્યેથી જુએ તેવા લાગે રે, તોપણ તેથી, વધારે આકર્ષણ જાગે રે,
એવા પોતે, રૂપાળા વરતે છે સ્વામી રે, જેમાં નથી, તેજો ગુણોની કોઈ ખામી રે...૪૦
આવા ઈશ્વર, તણાં તે ઈશ્વરો સોતા રે, તે છે પોતે, પરમેશ્વર બ્રહ્મ સોતા રે,
તેને ભક્તિ, શક્તિ પ્રમાણે નિત્ય દેખે રે, સેવે પૂજે, કરે જનમ નિજ લેખે રે...૪૧
ધામે જેવા, એવાને એવા આંહી વસે રે, જેવી ભૂમિ, તેવાને ભાવે તેમ લસે રે,
આ તો કૃપા, કીધી આપણી સાર લીધી રે, સર્વે સૃષ્ટિ વારામાં મોજ મળી સિધી રે...૪૨
સેવા, જગન દાનના જગના રે, તપો જગન યોગના જગના રે,
સાંખ્ય, જ્ઞાન, જગન્ હવન્ મખ રે, કર્યા, ઘણાં તે મળી આ પારુખ રે...૪૩
જ્ઞાનો, ધ્યાનો ઐશ્વર્યે પરચે રે, શાસ્ત્રે, ચિન્હે ચમત્કારે સાચે રે,
આકર્ષણે લીલાએ બ્રહ્મશીલે રે, ઉર્ધ્વ, રેતા નો ભાવે સત્ય દિલે રે...૪૪
વચન, સિધ્ધેનો સંકલ્પ સિધ્ધે રે, બાધા, માનતા પ્રાર્થના કીધે રે,
રોગે, મસ્તકે કરદાનો છાનો રે, શ્રીજી, રક્ષાએ જલદાનો પાનો રે...૪૫
પુષ્પ, શર્કરા ફલ કાજુ દાને રે, અમ્બર, પ્રસાદી આપી ને જન માને રે,
પૂરી, આશ્રિતોની તે કામનાઓ રે, દીધાં દર્શન દિવ્ય ભાવનાઓ રે...૪૬
રક્ષા કીધી છે. અકસ્માત ટાણે રે, જીવો, સુખી કર્યા છે બહુ દાણે રે,
દેશે, પ્રદેશે હાજરો હાજર રે, સ્વામી, શ્રીહરિ સંભાળે નિજ પર રે...૪૭
આ તો પ્રગટ દાખલા છે તાજા રે, કૃષ્ણ, નારાયણના બધા સાજા રે,
રાજાધિરાજ છતાં સાધુ રૂપે રે, વિનય, વિવેકે છે સ્હેલે રૂપે રે...૪૮
શાસ્ત્રો, ઉપલી સાંખ્યો પૂરે છે રે, ભજો, પ્રગટ સદા ભેગા રહે છે રે,
ઘણાં, મોકલ્યા ધામમાં આપે રે, તે તો, શરણાગતિને પ્રતાપે રે...૪૯
જૈશ્રી, અનાદિ કૃષ્ણનારાયણ રે, ગાશે, ચિન્તશે તો પરાયણ રે,
થાશે, તન્મય જાશે ધામમાં રે, બોલે, જયન્તિ પ્રભુના વ્હાલમાં રે...૫૦
અહો પ્રભુ તમો વશ્યા વિનીત ભક્ત સંઘમાં,
કીધા પવિત્રા સંગમાં સુભક્તિધર્મ રંગમાં...૫૧

આશ્રયે જના તારિયા સંભારિયા નિજ વ્હાલમાં,
દીધા રસિલા લાલજી આનંદ આપ મહાલમાં...૫૨
રાખ્યા ના પડદા ગર્વના સુખ શાન્તિ આપ્યા મર્મનાં,
સાગર વહાવ્યા શર્મના ઉત્સવ કરાવ્યા પર્વના...૫૩
સાક્ષાત્ તમો મૂર્તિ તમારી ચરણપદ્મ સમક્ષમાં,
ગુણવાના પુસ્તક માના મંત્રા જયન્તિ વન્દે લક્ષણાં...૫૪
જયતુ જીવના જીવન પ્રાણના પ્રાણ ધર્તા,
જયતુ જગ સજીવન ભક્તનાં ત્રાણ કર્તા...૫૫
જયતુ શરણ તારણ ધામમાં દિવ્યભર્તા,
જયતુ વદે જયન્તિ ગ્રન્થ પૂર્ણ પ્રવર્તા...૫૬
નૌવ નૌવ પતિતુલ્ય વિધાતા, નૌવ નૌવ સતી તુલ્ય સુમાતા,
નૌવ નૌવ કૃતિ તુલ્ય પ્રકાશા, સ્વામિતુલ્ય ના જયન્તિ વિકાસા...૫૭
નમોઽસ્તુ કૃષ્ણાય સુવલ્લભાય, નમોઽસ્ત્વનાદીષ્ટનારાયણાય,
નમઃ શરણ્યાય જગધ્ધરાય, વરાય વિશ્વસ્ય નમો નમસ્તો...૫૮
નમો તમોનો ધવલાકૃતિનો, સદંડવત્ ત્વાં પ્રણમું યતિનો,
શ્વેતાયના વ્યાસા બૃહસ્પતિનો, નમો બૃહધ્ધામ તણા પતિનો...૫૯
શરણપતિ ભક્તપતિ જયન્તી, પતિ પ્રભુ મુક્તિપતિ તમો છો,
છો બ્રહ્મલક્ષ્મીપતિ સત્પતિ છો, ધામે ગતિ આત્મપતિ પ્રભુ છો...૬૦
માગું રતિપ્રીતિ સુભક્તિ રીતિ, સેવા સમસ્તિ રસમૂર્તિ ગીતિ,
જયન્તી માગે ભગવત્-જયન્તી-મહોત્સવે આવી કરો જયન્તી...૬૧
જમો જમાડો પડખે પમાડો, ઉરે રમાડો રસમાં ભમાડો,
આનંદમાં નાથ સમા સમાડો, જયન્તીની તૃપ્તિ પુરાન્ત પાડો...૬૨
આનંદ આપો ઘરનન્દ થાપો, હૃદે તણાં પ્રેમ અમાપ માપો,
અમો તમારા ભુવનો જનારા, દેખે જયન્તી શરણં સહારા...૬૩
શરણં ભક્તિના જે છે, ગતિના શરણં જ તો છે,
શરણં શરણાર્થિના છે, જયન્તી શરણં લસો છે...૬૪
તવ કૃપા એ પૂર્ણ કામો, જયન્તી જયશાલી છે,
જય સ્વામિન્ મૂર્તિમાં હું, વિરમામિ રમામિ ચ...૬૫

ઈતિ શ્રી હરિ પ્રાર્થના સર્વસ્વ નામે સપ્તદશં પીયૂષમ્...૧૭

